॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧


અનુવાદ શ્રેણી સર્જક -

મુનિ દીપરત્નસાગર

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આચાર-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૧ માં છે...

૦ "આચાર" – અંગસૂત્ર-૧-ના...

-૦- શ્રુતસ્કંધ-૧-ના...

– અધ્યયન-૧-થી

આરંભીને

– અધ્યયન-૫-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંકયા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફસ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

*नमो नमो निम्मलदंसणस्स*

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગરગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૧ :-

# (૧) આચારાંગ-સૂત્ર/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

**● ભૂમિકા :-**

''આચાર'' સૂત્રનો ક્રમ પહેલો છે. બાર અંગસૂત્રોમાં પણ ''આચાર'' એ પહેલું ''અંગ'' સૂત્ર છે. પ્રાકૃતમાં તે ''આયાર'' નામે પ્રસિદ્ધ છે. સંસ્કૃતમાં ''આચાર''નામે ઓળખાય છે અને વ્યવહારમાં આ આગમ ''આચારાંગ'' સૂત્રના નામે પ્રસિદ્ધ છે. આ અંગસૂત્રના બે શ્રુતસ્કંધ છે. જેમાં પહેલું શ્રુતસ્કંધ ''બ્રહ્મચર્ય (આચાર)'' અને બીજું શ્રુતસ્કંધ ''આચારાગ્ર'' નામે પણ ઓળખાય છે. પહેલા શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો છે. - જેમાં સાતમું અધ્યયન ઘણાં કાળથી વિચ્છેદ પામેલ છે. બીજા શ્રુતસ્કંધમાં હાલ ચાર ચૂડા અર્થાત્ ચૂલિકાઓ છે. આ ચૂલિકાઓમાં પણ બીજા અધ્યયનો છે.

'આચારાંગ' સૂત્રનો મુખ્ય વિષય ''આચાર'' છે. જેમાં મુનિવરોના આચારોનું વર્ણન મુખ્યતાએ જોવા મળે છે. મોક્ષમાર્ગની આરાધના માટે આચરણની મુખ્યતા છે. આ આચાર વિષયક જ્ઞાન આ આગમસૂત્રમાં નિરૂપીત થયેલ છે. મુનિ કોને કહેવાય ? તેની વ્યાખ્યા દ્વારા ''આચાર'' સૂત્રમાં જીવ અસ્તિત્વ, પૃથ્વીકાયાદિ છ કાયોનું નિરૂપણ, સંસારનું કારણ, અપ્રમાદનો ઉપદેશ, મોક્ષપ્રાપ્તિ, મોક્ષાભિલાષીનું સ્વરૂપ, સંયમમાર્ગ, આત્મનિગ્રહ, કષાયવમન, અપ્રમત્વ, સાવદ્યકર્મત્યાગ ઇત્યાદિ અનેક વિષયોનો અહીં સમાવેશ છે.

આ આગમના મૂળ સૂત્રનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે. વિવેચન માટે અમે ''ટીકાનુસારી વિવેચન'' શબ્દ એટલે પસંદ કર્યો છે - કે વિવેચનમાં અમે નિર્યુક્તિ, ચૂર્ણિ અને વૃત્તિ ત્રણેનો આધાર લીધો છે. અહીં માત્ર વૃત્તિનો અનુવાદ નથી, પરંતુ ચૂર્ણિ આદિના અંશો પણ છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુ છોડી પણ દીધેલ છે, તો વળી ઉપયોગી એવા સંદર્ભોની પણ નોંધ કરી છે.

અનેક આધુનિક વિદ્વાનોએ ભૂમિકામાં વિદ્વતાપૂર્ણ ઉલ્લેખો અભિનવકાળે નોંધ્યા છે, પણ અમે આ વિષયમાં મૌન રહેવાનું જ ઉચિત માનીએ છીએ.





## 卐 શ્રુતસ્કંધ-૧ 卐

**● વિવેચન -** *(જેઓને સૂત્રોની જ ટીકા જોવી હોય તેઓએ સીધું જ પેજ....૧૫ જોવું)*

વીતરાગ પરમાત્માને નમસ્કાર, સર્વજ્ઞ ભગવંતને નમસ્કાર.

તીર્થ અર્થાત્ જૈનશાસન જયવંતુ વર્તે છે. કેમકે - (૧) આ તીર્થ થકી બધી વસ્તુ તથા તેના પર્યાયના વિચારો દર્શાવીને અન્યતીર્થીઓના મંતવ્યોને નિવાર્યા છે. (૨) આ તીર્થ પ્રત્યેક તીર્થના નયવાદના સમૂહને કારણે પ્રતિષ્ઠા પામેલું છે, (૩) આ તીર્થે બહુ પ્રકારે ભંગી દર્શાવીને જે સિદ્ધાંતો સિદ્ધ કર્યા છે તેના વડે કુમાર્ગની કાળાશને ધોઈ નાંખેલ છે, (૪) આ તીર્થ અનાદિ અનંત-શાશ્વત છે, અનુપમ છે તેમજ (૫) જિનેશ્વરોએ ઉપદેશ આપતાં પહેલાં આ તીર્થને નમસ્કાર કર્યો છે.

વૃત્તિના આરંભે વૃત્તિકાર કહે છે કે - (૧) જે રીતે ભગવંત મહાવીરે જગત્ના જીવોના હિતને માટે ''આચારશાસ્ત્ર''ને વર્ણવ્યુ છે, તેવી જ રીતે વિનયભાવથી કહેવાયેલ મારી આ વાણીને બુદ્ધિમાન લોકો (અધ્યયનાદિ થકી) પવિત્ર કરો, (૨) ગંધહસ્તિ આચાર્યએ કરેલ ''શસ્ત્રપરિજ્ઞા''નું વિવરણ બહુ મહેનતે પણ સમજવું દુષ્કર હતું, તેથી સહેલાઈથી તેનો બોધ થઈ શકે માટે તેનો સાર માત્ર ગ્રહણ કરું છું.

રાગ દ્વેષ મોહ આદિથી હારેલા સર્વે સંસારી જીવો કે જે શરીર અને મન સંબંધી અનેક અતિ કડવા દુઃખ-સમૂહથી પીડાયેલા છે, તે દૂર કરવા માટે હેય-ઉપાદેયનું જ્ઞાન મેળવવા તેમણે નિશ્ચયથી પ્રયત્ન કરવો જોઈએ. આવો પ્રયત્ન વિશિષ્ટ વિવેક વિના ન થાય. આવો વિવેક સર્વ સમૂહોનો અતિશય પ્રાપ્ત કરેલ આપ્ત પુરુષના ઉપદેશ વિના પ્રાપ્ત થતો નથી. આવા આપ્ત પુરુષ રાગ, દ્વેષ, મોહ આદિ દોષોનો સર્વથા ક્ષય કરવાથી થાય છે. આવા આપ્ત પુરુષ અરિહંતો જ છે, તેથી અમે અરિહંતના વચનનો અનુયોગ (અર્થકથન) કરીએ છીએ.

આવો અનુયોગ ચાર પ્રકારે છે - (૧) ધર્મકથાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) દ્રવ્યાનુયોગ, (૪) ચરણકરણાનુયોગ. તેમાં ઉત્તરાધ્યયન આદિ ધર્મકથાનુયોગ છે, સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ ગણિતાનુયોગ છે, ચૌદ પૂર્વ તથા સંમતિ આદિ ગ્રંથો દ્રવ્યાનુયોગ છે અને ''આચાર'' વગેરે સૂત્રો ચરણકરણાનુયોગ છે. આ ચોથો અનુયોગ બધામાં મુખ્ય છે કારણ કે બાકીના ત્રણમાં તેનો અર્થ બતાવેલ છે. કહ્યું છે કે - ''ચારિત્રના સ્વીકારને માટે બાકીના ત્રણ અનુયોગો છે, વળી ચારિત્રના સ્વીકારના કારણો ધર્મકથા, કાળ અને દિક્ષાદિક છે. દ્રવ્યાનુયોગથી દર્શન શુદ્ધિ થાય છે અને દર્શનશુદ્ધિથી ચારિત્ર ગ્રહણ થાય છે. ગણધરોએ પણ તેથી જ તેનું પહેલું વિવેચન કર્યું છે. તેથી તે પ્રમાણે આચારાંગનો પહેલો અનુયોગ કરીએ છીએ.''

આ અનુયોગ મોક્ષ દેનારો હોવાથી તેમાં વિઘ્નનો સંભવ છે. કહ્યું છે કે - સારા કાર્યોમાં મોટાઓને પણ વિઘ્નો આવે છે, પણ અકલ્યાણમાં પ્રર્વતનારાઓને કોઈ વિઘ્ન આવતું નથી, તેથી સર્વ વિઘ્નોના ઉપશમન માટે ''મંગલ'' કહેવું જોઈએ. આ મંગલ આદિ મધ્ય અને અંત એવા ત્રણ ભેદે છે. તેમાં (૧) આદિ મંગલ છે

''सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं'' કેમકે તે ભગવંતના વચનનો અનુવાદ છે. અથવા ''सुयं'' એટલે શ્રુતજ્ઞાન, તે નંદીસૂત્રમાં હોવાથી મંગલ છે. આ મંગલ નિર્વિઘ્ને શાસ્ત્રના અર્થને પાર પહોંચાડવાનું કારણ છે. (૨) **મધ્યમંગલ** - ''લોકસાર'' નામક અધ્યયન-૫-ના ઉદ્દેશક-૫-નું સૂત્ર-૧૭૩- ''से जहा केवि हरए०'' છે. અહીં દ્રહના ગુણો વડે આચાર્યના ગુણોનું કીર્તન છે, અને આચાર્યો પંચ પરમેષ્ઠીમાં હોવાથી મંગલ છે. આ ભણેલા ઇચ્છિત શાસ્ત્રાર્થને સ્થિર કરવા માટે છે. (૩) **અંત્યમંગલ** - નવમાં અધ્યયનનું છેલ્લું સૂત્ર છે. ''अभिनिव्वुडे अमाई आवकहाए०'' અહીં અભિનિવૃત્તનું ગ્રહણ ''સંસાર મહાતરૂકંદ''ને છેદીને નિશ્ચયથી ધ્યાન કરવાનું હોવાથી મંગલ છે. આ અંત્ય મંગલ શિષ્ય પ્રશિષ્ય પરિવાર કાયમ રહે તે માટે છે **- આ રીતે જોતા -**

*(૧) આદિ મંગલ - શાસ્ત્રની નિર્વિઘ્ને સમાપ્તિ માટે છે.*

*(૨) મધ્ય મંગલ - શાસ્ત્રાર્થના સ્થિરીકરણને માટે છે.*

*(૩) અંત્ય મંગલ - શિષ્યાદિ પરિવારમાં ગ્રંથાર્થનો પ્રવાહ વહેતો રહે, તે માટે છે.*

અધ્યયના સૂત્રો મંગલરૂપ કહેવાથી અધ્યયનોનું મંગલપણું પણ સમજી લેવું. તેથી, વિશેષ કહેતા નથી અથવા આ આખું શાસ્ત્ર જ જ્ઞાનરૂપ હોવાથી મંગલ છે અને જ્ઞાનથી કર્મનિર્જરા થાય છે, નિર્જરામાં તેની ચોક્કસ ખાત્રી છે. કહ્યું છે કે - ઘણાં કરોડો વર્ષે અજ્ઞાની જે કર્મ ખપાવે, તે કર્મો ત્રણ ગુપ્તિનો ધારક જ્ઞાની શ્વાસોચ્છ્વાસ માત્રમાં ખપાવે છે.

મંગલ શબ્દનો નિરુક્ત-અર્થ કહે છે - ''મને ભવથી-સંસારથી નિવારે તે મંગલ.'' અથવા મને 'ગલ' એટલે વિઘ્ન ન થાઓ અથવા મને શાસ્ત્રનો નાશ ન થાઓ. અર્થાત્ મારું ભણેલું સ્થિર થાઓ તે મંગલ. *(વિશેષ શંકા-સમાધાન ગ્રંથાંતરથી જાણવા.)*

ચૂર્ણિકાર મહર્ષિ-મંગલના ચાર ભેદો જણાવે છે. નામ મંગલ, સ્થાપના મંગલ, દ્રવ્ય મંગલ અને ભાવ મંગલ. (જેમાં અહીં ''ભાવ મંગલ'' અધિકાર છે.

હવે 'આચાર'નો અનુયોગ કહે છે. અનુયોગ એટલે ''અર્થનું કથન'' અથવા સૂત્રની પછી અર્થને જણાવવો તે. અહીં આચારનો અનુયોગ એટલે આચારના સૂત્રનું કથન અને પછી અર્થનું કથન કરવું તે અથવા નાના સૂત્રનો વિશાળ અર્થ કહેવો તે અનુયોગ. જે હવે પછી કહેવાનાર આ દ્વારો વડે જાણવું તે આ પ્રમાણે—

(૧) નિક્ષેપ, (૨) એકાર્થક, (૩) નિરુક્તિ, (૪) વિધિ, (૫) પ્રવૃત્તિ, (૬) કોના વડે, (૭) કોનું, (૮) તેના દ્વાર ભેદ, (૯) લક્ષણ, (૧૦) તેના યોગ્ય પર્ષદા, (૧૧) સૂત્રાર્થ.

(૧) **નિક્ષેપ** - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, વચન અને ભાવ એ સાત ભેદે છે. જેમાં નામ અને સ્થાપના એ બંને નિક્ષેપ સુગમ છે. દ્રવ્ય અનુયોગ બે પ્રકારે છે - (૧) આગમથી, (૨) નો આગમથી. (૧) આગમથી - જ્ઞાતા છે પણ ઉપયોગ રાખતો નથી, (૨) નો આગમથી - જ્ઞ શરીર, ભવ્ય શરીર અને તેનાથી જુદો એમ



અનેક પ્રકારે છે. તેમાં દ્રવ્ય વડે અર્થાત્ 'સેટિકા' એટલે ચપટી વગાડવાથી અથવા આત્મા, પરમાણુ આદિનો અનુયોગ અથવા દ્રવ્યમાં એટલે નિષધા વગેરેમાં અનુયોગ થાય તે દ્રવ્યાનુયોગ.

ક્ષેત્ર-અનુયોગમાં - ક્ષેત્ર વડે, ક્ષેત્રનો કે ક્ષેત્રમાં જે અનુયોગ થાય તે.

કાળ અનુયોગ - કાળ વડે, કાળનો કે કાળમાં જે અનુયોગ થાય તે.

વચન અનુયોગ - એક વચન, દ્વિવચન, બહુ વચન વડે થાય તે.

હવે ભાવ અનુયોગનું વર્ણન કરે છે - ભાવાનુયોગ બે ભેદે છે - આગમથી અને નોઆગમથી. આગમથી - જ્ઞાતા અને ઉપયોગવંત હોય. નોઆગમથી ઔપશમિક આદિ ભાવો વડે તેઓના અર્થનું કથન તે ભાવાનુયોગ.

**બાકીના દ્વારોનું કથન આવશ્યક સૂત્રથી જાણવું.** કેમકે અહીં તો માત્ર 'અનુયોગ'નો વિષય છે. આ અનુયોગ આચાર્યને આધીન હોવાથી ''કોના વડે'' તે દ્વાર ને વર્ણવે છે. આ દ્વારમાં ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય એ ચાર છે. તે ઘણાં જ ઉપયોગી હોવાથી તેનું કથન કરેલ છે.

''કોના વડે ?'' કેવા આચાર્ય અનુયોગ કરે તે જણાવે છે -

(૧) દેશ - આર્યદેશમાં ઉત્પન્ન થયેલ, તે બધાને સહેલાઈથી બોધ આપે છે.

(૨) કુળ - પિતાનું કુળ, ઇક્ષ્વાકુ આદિ અને જ્ઞાતકુળ. માથે આવેલા ભારને તેઓ ઉપાડતા થાકતા નથી.

(૩) જાતિ - 'માતાની જાતિ' તે ઉત્તમ હોય તો વિનયાદિ ગુણોવાળો થાય.

(૪) રૂપ - 'જ્યાં સુંદર આકૃતિ ત્યાં ગુણો રહે છે' માટે અહીં રૂપ લીધું.

(૫) સંઘયણ અને ધીરજ-થી યુક્ત હોય તો ઉપદેશાદિમાં ખેદ ન પામે.

(૬) આશંસા રહિત - હોય તો શ્રોતા પાસેથી વસ્ત્રાદિ ન માંગે.

(૭) અવિકત્થન - હોવાથી હિતકારી અને મિતભાષી હોય.

(૮) અમાયી - કપટી ન હોવાથી સર્વત્ર વિશ્વાસ્ય હોય છે.

(૯) સ્થિર પરિપાટી - ભણેલા ગ્રંથો અને સૂત્રાર્થને ભૂલતો નથી.

(૧૦) ગ્રાહ્ય વાક્ય - હોવાથી તેની આજ્ઞાનો ક્યાય ભંગ થતો નથી.

(૧૧) જિતપર્ષદ્ - રાજા આદિની મોટી સભામાં હાર પામતો નથી.

(૧૨) જિતનિદ્ર - અપ્રમત્તપણે નિદ્રા-પ્રમાદી શિષ્યોને સહેલાઈથી જગાડે.

(૧૩) મધ્યસ્થ - બધાં શિષ્યોમાં સમાન વૃત્તિ રાખે.

(૧૪) દેશકાળભાવજ્ઞ-સુખેથી ગુણવાન્ દેશ આદિમાં વિચરે છે.

(૧૫) આસન્નલબ્ધ પ્રતિભા - વડે પરવાદીને શીઘ્ર ઉત્તર આપવામાં સમર્થ.

(૧૬) નાનાવિધ દેશ ભાષા વિધિજ્ઞ-વિવિધ દેશોમાં જન્મેલ શિષ્યોને બોધ આપે.

(૧૭) જ્ઞાનાદિ પંચાચાર યુક્ત - હોવાથી તેમનું વચન શ્રદ્ધાયુક્ત બને છે.

(૧૮) સૂત્ર - અર્થ અને તદુભય વિધિના જ્ઞાતા-ઉત્સર્ગ, અપવાદને બતાવે.

(૧૯) હેતૂ, ઉદાહરણ, નિમિત્ત, નયના વિસ્તારના જ્ઞાતા - વ્યાકુળતા રહિતપણે હેતુ વગેરેને બરાબર વર્ણવી શકે.

(૨૦) ગ્રાહણાકુશળ - ઘણી યુક્તિઓપૂર્વક શિષ્યોને બોધ આપી શકે.

(૨૧) સ્વ-પર સિદ્ધાંત જ્ઞાતા-હોવાથી સહેલાઈથી મત સ્થાપના અને ખંડન કરે.

(૨૨) ગંભીર - ખેદને સહેલાઈથી સહન કરે.

(૨૩) દીપ્તિમાન - બીજાથી ન અંજાય.

(૨૪) શિવ - તે જ્યાં વિચરે તે દેશમાં મરકી આદિ રોગોની શાંતિ થાય.

(૨૫) સૌમ્ય - સર્વે લોકોની આંખો તેને જોઈને આનંદ પામે.

(૨૬) સેંકડો ગુણોથી યુક્ત - પ્રશ્રય (ભક્તિ) આદિ ગુણોવાળા હોય.

— આ પ્રમાણેના આચાર્ય પ્રવચન કથનમાં યોગ્ય જાણવા.

— આવા અનુયોગના મહાનગરના પ્રવેશ સમાન ચાર અનુયોગ દ્વારો - વ્યાખ્યાના અંગો છે. તે આ પ્રમાણે - ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય.

**(૧) ઉપક્રમ** - જેના વડે કે જેનો કે જેમાં ઉપક્રમ કરીએ તે ઉપક્રમણને ઉપક્રમ કહે છે. ઉપક્રમ એટલે વ્યાખ્યા કરાનાર શાસ્ત્ર પરત્વે શિષ્યનું લક્ષ ખેંચવું તે. આ ઉપક્રમ બે પ્રકારે છે - શાસ્ત્રસંબંધી અને લોકસંબંધી. તેમાં શાસ્ત્રસંબંધી ઉપક્રમ છ પ્રકારે છે — આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા, અર્થાધિકાર અને સમવતાર. લોકસંબંધી ઉપક્રમ પણ છ પ્રકારે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ.

**(૨) નિક્ષેપ** - નિક્ષેપણ - વર્ગીકરણ કરવું તે નિક્ષેપ કહેવાય. જેના વડે. જેનાથી કે જેમાં થાય તે નિક્ષેપ છે. ઉપક્રમ દ્વારા નિકટ આવેલ શિષ્ય પાસે - જે શાસ્ત્રની વ્યાખ્યા કરવી હોય તે શાસ્ત્રનો નામ, સ્થાપના આદિના માધ્યમથી પરિચય કરવો. તેના ત્રણ ભેદ છે—

(૨-૧) ઓઘનિષ્પન્ન - અંગ અધ્યયનાદિનું સામાન્ય નામ સ્થાપવું તે.

(૨-૨) નામનિષ્પન્ન - આચાર, શસ્ત્રપરિજ્ઞા આદિ વિશેષ નામાદિ સ્થાપવા.

(૨-૩) સૂત્રાલાપક નિષ્પન્ન - સૂત્રના આલાવાનું નામાદિ સ્થાપન કરવું.

**(૩) અનુગમ** - જેના વડે, જેનાથી અથવા જેનામાં અનુગમન થાય તે અનુગમ કહેવાય. અનુગમ એટલે ''અર્થનું કથન.'' આ અનુગમના બે ભેદ છે - સૂત્રાનુગમ અને નિર્યુક્તિ-અનુગમ. તેમાં નિર્યુક્તિઅનુગમના ત્રણ ભેદ છે - નિક્ષેપનિર્યુક્તિ, ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અને સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ.

(૧) નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ - એટલે ''નિક્ષેપ'' પોતે છે. તેના સામાન્ય અને વિશેષ કથનરૂપ ઓઘનિષ્પન્ન અને નામનિષ્પન્ન એ બે ભેદે સૂત્રની અપેક્ષાએ કહેલ છે અને આ નિક્ષેપાનું લક્ષણ હવે પછી કહેવાશે.

(૨) ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ - અહીં બે ગાથા વડે જણાવેલ છે. તે આ પ્રમાણે છે -

ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાળ, પુરુષ, કારણ, પ્રત્યય, લક્ષણ, નય, સમવતાર, અનુમત, શું ?, કેટલા પ્રકારે ? કોનું ? ક્યાં ?, કોનામાં ?, કેવી રીતે ? કેટલો કાળ ? કેટલું ? સાંતર, નિરંતર, ભવાકર્ષ, સ્પર્શન અને નિરુક્તિ.



*(આ ભેદોનો વિસ્તાર ''અનુયોગ'' સૂત્રથી જાણવો)*

(૩) સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ - સૂત્રોના અવયવ અર્થાત્ એક-એક પદોનું નયના માધ્યમથી શંકા-સમાધાનરૂપ અર્થકથન કરવું તે. જે સૂત્ર હોય ત્યારે જ થાય છે. આવો સૂત્રાનુગમ સૂત્રોચ્ચારણરૂપ અને પદચ્છેદરૂપ કહેવાયેલ છે.

**(૪) નય** - ચોથો અનુયોગ દ્વાર છે. નય એટલે અનંત ધર્મો વડે યુક્ત વસ્તુના કોઈ એક ધર્મને મુખ્ય કરીને કહેવું - સમજવું - જાણવું તે. તેના સાત ભેદ છે — નૈગમ, વ્યવહાર, શબ્દ, એવંભૂત, સંગ્રહ, ઋજુસૂત્ર, સમભિરૂઢ. *(તેનો અર્થ-વિસ્તાર અનુયોગદ્વારથી જાણવો.)*

હવે આચારાંગ સૂત્રના ઉપક્રમ આદિ અનુયોગ દ્વારોને યથાર્થરૂપે કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકાર મહર્ષિ સર્વ વિઘ્નોના ઉપશમનને માટે, મંગલને માટે, વિદ્વાનોની પ્રવૃત્તિને માટે સંબંધ, અભિધેય, પ્રયોજનને કહેનારી પહેલી નિર્યુક્તિ ગાથા કહે છે—

[નિ.-૧] સર્વે અરિહંતો, સિદ્ધો અને અનુયોગદાતા આચાર્યોને વંદન કરીને પૂજ્ય એવા ''આચાર'' સૂત્રની નિર્યુક્તિને હું કહું છું.

અહીં ''અરિહંતો અને સર્વસિદ્ધોને વાંદીને'' એ મંગલવચન છે, ''અનુયોગદાયકોને'' એ સંબંધ વચન છે, ''આચાર સૂત્રની'' એ અભિધેય વચન છે. ''નિર્યુક્તિ કરીશ'' એ પ્રયોજન છે. એ પ્રમાણે તાત્પર્યાર્થ જાણવો.

અવયવાર્થ આ પ્રમાણે - ''વંદિતુ''માં ''વદ્'' ધાતુ નમસ્કાર અને સ્તુતિ અર્થમાં છે. તેમાં નમસ્કાર કાયા વડે, સ્તુતિ વાણી વડે અને બંનેનો ભાવ મન વડે થાય છે, તેથી મન, વચન, કાયા એ ત્રણે વડે નમસ્કાર કર્યો છે.

સિદ્ધ એટલે જેમણે સર્વે કર્મોને બાળી નાંખેલ છે તે. બધાં સિદ્ધોમાં સિદ્ધના બધાં ભેદો જેવા કે તીર્થ, અતીર્થ, અનંતર, પરંપર આદિ પંદરે ભેદોને જાણવા. આ બધા સિદ્ધોને વંદીને એ પ્રમાણે સંબંધ છે. આ સંબંધ બધે જ જોડવો.

જિન એટલે જે રાગ-દ્વેષને જીતે તે. તે જ તીર્થંકર છે. સર્વે અતીત, અનાગત અને વર્તમાનકાળના અને સર્વક્ષેત્રમાં રહેલા. તેમને પણ નમસ્કાર કર્યો.

અનુયોગ દાતા - સુધર્માસ્વામીથી લઈને આ પૂજ્ય નિર્યુક્તિકારશ્રી ભદ્રબાહુ સ્વામીને, ચૌદ પૂર્વધર આચાર્ય હોવાથી તે સર્વેને નમસ્કાર.

આ પ્રમાણેના આમ્નાય કથનથી ''પોતાની બુદ્ધિથી કહ્યું નથી'' તેમ જાણવું.

''वन्दित्वा''માં રહેલ क्त्वा પ્રત્યયથી પૂર્વ અને ઉત્તરક્રિયાનો સંબંધ બતાવે છે - એટલે નમસ્કાર કરીને યથાર્થ નામવાળા ભગવત્ (પૂજ્ય) આચારની નિર્યુક્તિ કરશે. અહીં 'ભગવત્' શબ્દથી ભણનારને અર્થ, ધર્મ, પ્રયત્ન અને ગુણની પ્રાપ્તિ થશે તેમ જાણવું.

''નિર્યુક્તિ'' એટલે નિશ્ચય અર્થ બતાવનારી યુક્તિ, તેને કહીશ. એટલે અંદર રહેલ નિર્યુક્તિને બાહ્યરૂપે પ્રત્યક્ષ જણાવીશ એમ સમજવું.

હવે પ્રતિજ્ઞા કથન મુજબ નિક્ષેપ યોગ્ય પદોને એકઠા કરીને કહે છે—

[નિ.૨] આચાર, અંગ, શ્રુત-સ્કંધ, બ્રહ્મ-ચરણ, શસ્ત્ર-પરિજ્ઞા, સંજ્ઞા, દિશા

એ શબ્દોનો નિક્ષેપ કરવો જોઈએ. તેમાં આચાર, બ્રહ્મ-ચરણ, શસ્ત્ર-પરિજ્ઞા શબ્દો નામનિષ્પન્ન નિક્ષેપો જાણવા; અંગ અને શ્રુત-સ્કંધ શબ્દો ઓઘ નિષ્પન્ન નિક્ષેપા જાણવા; સંજ્ઞા અને દિશા શબ્દ સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપા જાણવા. આ દરેકના કેટલા નિક્ષેપા થાય છે તે જણાવે છે —

**[નિ. ૩]** અહીં 'ચરણ' શબ્દનો છ પ્રકારે અને 'દિશા' શબ્દનો સાત પ્રકારે નિક્ષેપ જાણવો. આ બે શબ્દો સિવાયના બધા શબ્દોનો ચાર પ્રકારનો નિક્ષેપ છે. અહીં ક્ષેત્ર, કાળ વગેરે જેમ સંભવ હોય તેમ ગોઠવવા. નામાદિ ચાર નિક્ષેપ બધામાં છે, તે આ રીતે —

**[નિ. ૪]** જ્યાં જ્યાં ચારથી અધિક નિક્ષેપ કહ્યા છે ત્યાં ત્યાં તે સર્વે નિક્ષેપો વડે પદોનો અર્થ સ્પષ્ટ કરવો. જેમ કે - ચરણ અને દિશા શબ્દની આદિમાં જે ક્ષેત્ર, કાળ આદિ સંબંધે જાણે ત્યાં તેનો સંપૂર્ણ અર્થ કહે. જ્યાં સંપૂર્ણ ન જાણે ત્યાં આચારાંગ આદિમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર નિક્ષેપા કરે - એ પ્રમાણે ઉપદેશ છે.

પ્રદેશ અંતરના પ્રસિદ્ધ અર્થની લાઘવતા ઇચ્છતા નિર્યુક્તિકાર હવે કહે છે —

**[નિ. ૫]** દશવૈકાલિક અધ્યયન-૩ ''ક્ષુલ્લિકાચાર''માં આચારનો પૂર્વે કહેલો નિક્ષેપ છે, 'અંગ'નો નિક્ષેપ ઉત્તરાધ્યયન અધ્યયન-૩ ''ચતુરંગ''માં છે. હવે જે કંઈ વિશેષ છે તે અહીં કહીએ છીએ.

ભાવાચારનો અહીં વિષય છે. તે પ્રતિજ્ઞાનુસાર કહે છે—

**[નિ.૬]** તે ભાવાચારના એકાર્થક-પર્યાય શબ્દો કહેવા, ભાવાચારની પ્રવૃત્તિ - પ્રવર્તન કયા પ્રકારે થયું તે કહેવું, આ પહેલું અંગ (સૂત્ર) છે તે કહેવું, ગણિ-આચાર્યનું કેટલા પ્રકારનું આ સ્થાન છે તે કહેવું, પરિમાણનું કથન કરવું, તેમાં શું ક્યાં સમાવાયું છે તે કહેવું, તેમજ સાર કહેવો. આ દ્વારો વડે પહેલા ભાવઆચારથી એનો ભેદ જાણવો. આ સમુદાય અર્થ છે. તેનો અવયવાર્થ નિર્યુક્તિકાર જ કહે છે—

**[નિ.૭]** આચાર, આચાલ, આગાલ, આકર, આશ્વાસ, આદર્શ, અંગ, આચીર્ણ, આજાતિ, આમોક્ષ એ સર્વે એકાર્થક-પર્યાયવાચી છે.

**૦ આચાર :-** જે વર્તનમાં મૂકાય કે જેનું સેવન થઈ શકે તે આચાર. તે નામ આદિ ચાર પ્રકારે છે. (નામ, સ્થાપના સુગમ છે.) દ્રવ્ય આચાર ત્રણ ભેદે છે - જ્ઞ શરીર, ભવ્ય શરીર, તદ્વ્યતિરિક્ત (તે બંનેથી જુદો), જેનો અર્થ આ ગાથા વડે જાણવો—

— નામન (નમવું), ધોવણ (ધોવું), વાસન (સુવાસિત કરવું,) શિક્ષણ (શિખવવું), સુકરણ (સત્કાર્ય કરવું), અવિરોધી દ્રવ્યો તે લોકમાં દ્રવ્યાચાર જાણવો.

— ભાવઆચાર બે પ્રકારે છે - લૌકિક અને લોકોત્તર. તેમાં લૌકિક ભાવાચાર તે - પાખંડી વગેરે અન્યદર્શનીઓ પંચરાત્રિ વગેરેનો કરે છે તે જાણવો. લોકોત્તર ભાવાચાર તે - જ્ઞાન, દર્શન આદિ પાંચ પ્રકારે જાણવો. *(જેનો વિસ્તાર દશવૈકાલિક ટીકાથી જાણવો).*



— તેમાં **જ્ઞાનાચાર** આઠ પ્રકારે છે - કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવ, વ્યંજન, અર્થ, તદુભય એ આઠ જ્ઞાનાચાર છે.

— **દર્શનાચાર** પણ આઠ પ્રકારે છે - નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના.

— **ચારિત્રાચાર** પણ આઠ પ્રકારે છે — મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-નિક્ષેપસમિતિ, પારિષ્ઠાપનિકા-સમિતિ. આ આઠ પ્રવચન માતા કહેવાય છે. તેમાં રહેલો ચારિત્ર સંપન્ન છે.

— **તપાચાર** બાર પ્રકારે છે — અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાય કલેશ અને સંલીનતા એ છ ભેદે બાહ્યતપ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ એ છ ભેદે અભ્યંતરતપ છે.

— **વીર્યાચાર** અનેક પ્રકારે છે. ઉક્ત જ્ઞાનાદિ આચારોને વિશે જે બાહ્ય-અભ્યંતર સામર્થ્યને ગોપવ્યા વિના પરાક્રમ કરે છે અને તેના પાલનમાં યથાશક્તિ પોતાના આત્માને જોડી રાખે છે તેવા આચારવાનનો આચાર તે વીર્યાચાર જાણવો.

*૦ (આ પાંચે આચારોનું વિસ્તૃત વર્ણન દશવૈકાલિક નિર્યુક્તિ ૧૮૨ થી ૧૮૮માં જોવું)*

આ પાંચ પ્રકારનો આચાર છે. તેને પ્રતિપાદન કરનાર આ ગ્રંથ વિશેષ જ ભાવાચાર છે - એ પ્રમાણે સર્વ સ્થાને જાણવું. હવે 'आचाल' ની વ્યાખ્યા કહે છે.

**૦ આચાલ** - એટલે જેના વડે અતિગાઢ કર્મો પણ ચલાયમાન - નષ્ટ થાય છે તે. તેનો નિક્ષેપ પણ ચાર પ્રકારે છે. તેમાં તદ્વ્યતિરિક્ત આચાલ તે વાયુ છે કેમકે વાયુ બધાને ચલાયમાન કરે છે - કંપાવે છે. ભાવઆચાલમાં ઉક્ત પંચાચાર જાણવો.

**૦ આગાલ** - આગાલન અર્થાત્ સમપ્રદેશમાં રહેવું તે આગાલ. તેના પણ ચાર નિક્ષેપા છે. તેમાં તદ્વ્યતિરિક્ત દ્રવ્યાચાલ તે પાણી વગેરેનું નિચાણમાં રહેવું તે છે. ભાવાગાલ તે જ્ઞાનાદિ પાંચ આચાર જ છે. જે રાગાદિ રહિત આત્મામાં રહે છે.

**૦ આકર** - અંદર આવીને કરે તે આકર અથવા આકર એટલે ખાણ કે નિધિ. આકરના ચાર પ્રકારે નિક્ષેપ છે. તેમાં તદ્વ્યતિરિક્ત દ્રવ્યાકરનું દૃષ્ટાંત ચાંદિ આદિની ખાણો છે. ભાવાકર તે જ્ઞાનાદિ પંચવિધ આચાર જ છે. તેનું પ્રતિપાદન કરનાર આ જ ગ્રંથ છે. તેમાંથી આત્માના નિર્જરાદિ રત્નોરૂપ ગુણ મળે છે.

**૦ આશ્વાસ** - આશ્વાસન, જેમાં આશ્વાસ લેવાય તે આશ્વાસ કહેવાય. તેના ચાર નિક્ષેપા છે. જેમાં તદ્દ્રવ્ય વ્યતિરિક્ત દ્રવ્યાશ્વાસમાં યાનપાત્ર દ્વીપાદિ છે કેમકે વહાણ અને દ્વીપ ડૂબતાને આધારભૂત છે. ભાવાશ્વાસ જ્ઞાનાદિ જ છે.

**૦ આદર્શ** - જેમાં દેખાય તે આદર્શ. તેના નામાદિ ચાર નિક્ષેપ છે. તદ્ દ્રવ્ય વ્યતિરિક્તનું દૃષ્ટાંત દર્પણ છે અને ભાવાદર્શ તે જ્ઞાનાદિ આચાર જ છે. કેમકે તેમાં કર્તવ્યતા દેખાય છે. (આત્માનું પ્રતિબિંબ દેખાય છે.)

**૦ અંગ** - જેનામાં પ્રગટ કરાય તે અંગ. તદ્ વ્યતિરિક્ત દ્રવ્યાંગમાં મસ્તક,

બાહુ આદિ શરીરના અંગો લેવા. ભાવઅંગ આ આચાર સૂત્ર જ છે.

૦ **આચીર્ણ** - એટલે આસેવન. તે નામાદિ છ ભેદે છે. તેમાં તદ્દ્રવ્ય વ્યતિરિક્ત દ્રવ્યાચીર્ણમાં સિંહ આદિનું ઘાસ ખાવાનું છોડીને માંસનું ભક્ષણ છે. ક્ષેત્રાચીર્ણનું દૃષ્ટાંત છે - વાલ્હિક દેશમાં સાથવો ખાય છે; કોંકણમાં પેયા ખાય છે. કાલાચીર્ણ આ પ્રમાણે છે - ઉનાળામાં રસવાળો ચંદનનો લેપ લગાવે છે, ગંધ કાષાયિકી લગાવે છે. પાટલ, સિરીશ, મલ્લિકા ફૂલો સારા લાગે છે. ભાવાચીર્ણ તો જ્ઞાનાદિ પંચાચાર જ છે. તેનો પ્રતિપાદક આચાર ગ્રંથ છે.

૦ **આજાતિ** - જેમાંથી સંપૂર્ણ જન્મ પામે તે 'આજાતિ'. તેના પણ ચાર નિક્ષેપા છે. તેમાં તદ્દ્રવ્યવ્યતિરિક્ત દ્રવ્યાજાતિમાં મનુષ્ય વગેરેની જાતિ લેવી અને ભાવઆજાતિમાં જ્ઞાનાદિ આચારને જન્મ આપનાર આ જ ગ્રંથ છે.

૦ **આમોક્ષ** - જેમાં સર્વથા મુકાય તે આમોક્ષણને આમોક્ષ કહે છે. આમોક્ષના નામ આદિ ચાર નિક્ષેપ છે. બેડીમાંથી પગ છૂટો કરવો તેને તદ્દ્રવ્ય વ્યતિરિક્ત દ્રવ્યામોક્ષ કહે છે. ભાવ આમોક્ષ તે આઠકર્મને જળમૂળમાંથી કાઢનાર આ ''આચાર'' શાસ્ત્ર છે.

અહીં બતાવેલ આચાર આદિ દશ શબ્દો કિંચિત્ વિશેષતા બતાવનારા પણ એકાર્થક જ છે. કેમકે ઇન્દ્રના પર્યાયવાચી શબ્દો શક્ર, પુરંદર વગેરે છે. તેમજ એક અર્થને કહેનારા છંદ, ચિતિ, બંધ, અનુલોમી વગેરે પ્રતિપત્તિના અર્થને જણાવે છે. કહ્યું છે કે - બંધ, અનુલોમતા, લાઘવ, અસંમોહ, સદ્ગુણ, દીપન એ શાસ્ત્રમાં નિશ્ચયપૂર્વક એકાર્થના ગુણો છે. (જુદા જુદા દેશના શિષ્યોને આ પર્યાયોથી સમજવું સરળ બને છે.)

*(આવશ્યક ચૂર્ણિમાં આ દશે શબ્દોની વ્યાખ્યા કિંચિત્ ભિન્ન છે, તદ્વ્યતિરિક્તના દૃષ્ટાંતો પણ ભિન્ન છે. તેમજ થોડો અર્થ વિસ્તાર પણ છે. જે ખરેખર જાણવા જેવો છે.)*

હવે **પ્રવર્તના દ્વાર** કહે છે. ભગવંતે ક્યારે ફરીથી ''આચાર'' શાસ્ત્ર કહ્યું તે જણાવે છે—

**[નિ.૮]** સર્વે તીર્થંકરો તીર્થ પ્રવર્તાવે ત્યારે સર્વ પ્રથમ ''આચાર'' સૂત્રનો અર્થ કહે છે. આ પ્રમાણે પૂર્વે પણ હતું, આ જે પણ છે અને ભાવિમાં પણ થશે. ત્યાર પછી જ બીજા અગિયાર અંગોનો અર્થ કહે છે. ગણધરો પણ આ જ પરિપાટી-ક્રમથી ''આચાર'' આદિ સૂત્રોને સૂત્રરૂપે ગુંથે છે. (સૂત્ર રચના કરે છે.) હવે તેના પ્રથમપણાનો હેતુ કહે છે—

**[નિ.૯]** આ ''આચાર'' શાસ્ત્ર બાર અંગોમાં પહેલું અંગસૂત્ર છે, તેનું કારણ કહે છે - અહીં મોક્ષનો ઉપાય એવા ચરણકરણને બતાવે છે - અને આ પ્રવચનનો સાર છે કેમકે તે મોક્ષનો પ્રધાન હેતુ છે એમ સ્વીકાર્યું છે અને અહીં રહેલા બીજા અંગોનું અધ્યયન કરવાને યોગ્ય છે, તેથી તેને પહેલું બતાવેલ છે. [સંક્ષેપ સારાંશ એ કે - પંચાચાર જ મોક્ષનો ઉપાય છે અને આ આચારાંગ સૂત્ર ચરણ-કરણ પ્રતિપાદક છે. જે સાધુ પંચાચાર સ્થિત હોય તે જ બાકીના અગિયાર અંગસૂત્રો ભણવાને લાયક છે. માટે દ્વાદશાંગીમાં 'આચાર' સૂત્રને પ્રથમ કહ્યું છે.]



હવે **ગણિદ્વારને** કહે છે. સાધુ વર્ગ કે ગુણોનો સમૂહ જેને હોય તે ગણી. ગણિપણું આચારને આધીન છે તે બતાવે છે.

**[નિ.૧૦]** ''આચાર'' શાસ્ત્રના અધ્યયનથી ક્ષાંતિ આદિ દશ પ્રકારનો અથવા ચરણકરણાત્મક શ્રમણધર્મ પરિજ્ઞાત થાય છે. તેથી ગણિપણાના સર્વે કારણોમાં ''આચારધર''પણું એ પહેલું અથવા પ્રધાન ગણિસ્થાન છે (આચારમાં સ્થિત એવા જ ગણિપણું ધારણ કરી શકે). હવે અધ્યયન અને પદથી **પરિમાણ** બતાવે છે.

**[નિ.૧૧]** અધ્યયનથી આ સૂત્રમાં ''બ્રહ્મચર્ય'' નામક નવ અધ્યયનરૂપ છે, પદથી અઢાર હજાર પદ-પ્રમાણ છે. ''આચાર'' સૂત્રને ''વેદ'' કહેલ છે. જેના વડે હેય-ઉપાદેયનું સ્વરૂપ જાણે તેને વેદ કહે છે. ક્ષાયોપશમિક ભાવમાં વર્તવું તે આ ''આચાર'' છે. આ સૂત્ર સાથે પાંચ ચૂડા (ચૂલિકા) છે. તેથી તે પાંચ ચૂડાયુક્ત કહેવાય છે. સૂત્રમાં ન કહેલ બાકી અર્થ જેમાં કહેવાય તેને ચૂડા કહે છે, તે ચૂડા આ પ્રમાણે છે—

પહેલી ચૂડામાં સાત અધ્યયનો છે - (૧) પિંડૈષણા, (૨) શય્યા, (૩) ઇર્યા, (૪) ભાષા, (૫) વસ્ત્ર, (૬) પાત્ર, (૭) અવગ્રહપ્રતિમા. બીજી ચૂડા ''સપ્તસપ્તતિકા'' નામે છે. ત્રીજી ચૂડા ''ભાવના'' નામક છે. ચોથી ચૂડા ''વિમુક્તિ'' છે. પાંચમી ''નિશીથ-અધ્યયન'' છે. પહેલા શ્રુતસ્કંધમાં આ ચાર ચૂડા (ચૂલિકા)રૂપ બીજો શ્રુતસ્કંધ ઉમેરવાથી ''બહુ'' અને ''નિશીથ'' નામક પાંચમી ચૂડા ઉમેરવાથી ''બહુતર'' અને અનંતગમ પર્યાયરૂપે બહુતમ છે. તે પદ-પરિમાણ વડે થાય છે. (જેનું વિવરણ આગળ કરાશે.)

હવે ઉપક્રમ અંતર્ગત્ ''**સમવતાર**'' દ્વાર કહે છે. આ ચૂડાઓ નવ બ્રહ્મચર્ય અધ્યયનમાં સમાવેશ પામે છે. તે હવે દર્શાવે છે—

**[નિ.૧૨ થી ૧૪]** આચારાગ્ર (બીજા શ્રુતસ્કંધ)નો અર્થ બ્રહ્મચર્યમાં અવતરે છે, અને તે પણ શસ્ત્રપરિજ્ઞામાં સમુદાય અર્થમાં સમાય છે.

શસ્ત્ર પરિજ્ઞાનો અર્થ છે તે છ કાયમાં સમાય છે અને છ જીવનિકાયનો અર્થ છે તે પાંચ મહાવ્રતમાં સમાવિષ્ટ થાય છે.

પાંચ મહાવ્રત છે તે સર્વ દ્રવ્યોમાં સમાય છે અને સર્વે પર્યાયોના અનંત ભાગમાં તે દ્રવ્યનો સમાવેશ થાય છે.

૦ અહીં ''આચારાગ્ર'' એટલે ચૂલિકાઓ. દ્રવ્યો એટલે ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ, જીવ અને કાળ તે છ દ્રવ્યો. પર્યાયો અગુરુલઘુ વગેરે છે. તેના અનંતમાં ભાગે વ્રતોનો અવતાર થાય.

મહાવ્રતોનો બધાં દ્રવ્યમાં અવતાર કઈ રીતે થાય ? તે કહે છે.

**[નિ.૧૫]** પહેલા મહાવ્રતમાં છ જીવનિકાય, બીજા અને પાંચમાં મહાવ્રતમાં બધાં દ્રવ્યો અને ત્રીજા તથા ચોથા મહાવ્રતનો સમવતાર આ બધા દ્રવ્યોના એક ભાગમાં થાય છે.

(શિષ્ય) મહાવ્રતોનો સમાવેશ બધાં દ્રવ્યોમાં કહ્યો પણ બધા પર્યાયોમાં કેમ નહીં ?

આ પ્રશ્નનો ઉત્તર જે અભિપ્રાય વડે પ્રેરણા કરી તે બતાવીને કહે છે —

અહીં ચાર ગાથા દ્વારા વૃત્તિકાર તેનો અર્થ ટૂંકમાં બતાવતા કહે છે કે — ગાથામાં જે 'ननु' શબ્દ કહ્યો તે અસૂયા અર્થમાં છે. સંયમ સ્થાનો અસંખ્યાત છે. તેઓમાં જે જઘન્ય છે, તેને વિભાગ ન થાય એટલું નાનું આપણે કલ્પીએ, તે પર્યાયો વડે ખંડિએ તો અનંત અવિભાગ પલિચ્છેદ રૂપ છે. હવે આ પર્યાય સંખ્યા વડે નિર્દિષ્ટ કરીએ તો બધા આકાશ પ્રદેશની સંખ્યાથી અનંતગણું છે. એટલે આકાશના જેટલા પ્રદેશો છે તેનો વર્ગ કરીએ તેટલું છે. ત્યાર પછી બીજા, ત્રીજા આદિ સ્થાનો વડે અસંખ્યાત ગચ્છમાં જવા દ્વારા અનંત ભાગ આદિ વૃદ્ધિ થકી છ સ્થાનમાં રહેનારી અસંખ્યેય સ્થાનગત શ્રેણી થાય છે.

— આ પ્રમાણે એક પણ સ્થાન સર્વ પર્યાયો યુક્ત હોય તે પણ જો ગણતરીમાં ગણી ન શકાય તો બધાની ગણતરી કઈ રીતે થઈ શકે ?

હવે બીજા કયા પર્યાયો છે ? જેઓના અનંતમાં ભાગે વ્રતો રહે છે. જે પર્યાયો બુદ્ધિમાં પહોંચે તે લેવા બાકીના કેવળી ગમ્ય છે અર્થાત્ કેવળી જાણે પણ ન કહેવાય તેવા પર્યાયોને પણ તેમાં ઉમેરવાથી બહુપણું થાય. એ જ પ્રમાણે જ્ઞાન અને જ્ઞેય એ બંનેના તુલ્યપણાથી બંને તુલ્ય જ રહે તેથી અનંતગુણા ન થાય. તેથી અહીં આચાર્ય કહે છે - જે આ સંયમસ્થાન શ્રેણી કહી તે બધા ચારિત્ર પર્યાયો તથા જ્ઞાનદર્શન પર્યાય સહિત લઈએ તો પરિપૂર્ણ થાય, સર્વ આકાશપ્રદેશથી તે પર્યાયો અનંતગુણા થાય. અહીં આ ચારિત્ર માત્ર ઉપયોગીપણાથી પર્યાયોનો અનંતભાગ વર્તે છે, તેમ કહ્યું છે તેથી તમે કહેલ દોષ લાગતો નથી.

હવે **સારદ્વાર** કહે છે. કોનો કયો સાર છે તે જણાવે છે—

**[નિ.૧૬-૧૭]** અંગોનો (દ્વાદશાંગીનો) સાર શું છે ? - આચાર. (તો પછી) આચારનો સાર શું ? - અનુયોગ. અનુયોગનો સાર શું ? - પ્રરૂપણા, પ્રરૂપણાનો સાર શું ?- ચારિત્ર. ચારિત્રનો સાર શું ? - નિર્વાણ. નિર્વાણનો સાર શું ? અવ્યાબાધ સુખ. આ બધું કથન જિનેશ્વર પરમાત્માએ કરેલ છે.

— ગાથાર્થ સરળ છે. તેથી વૃત્તિકારે વૃત્તિ કરી નથી. ''અનુયોગઅર્થ'' એટલે વ્યાખ્યાન વિષય. તેની પ્રરૂપણા એટલે પોતાની પાસે છે તે બીજાને સમજાવવું.

હવે શ્રુતસ્કંધ અને પદના નામાદિ નિક્ષેપા વગેરે પહેલાની માફક કહેવા. અહીં ભાવનિક્ષેપાનો અધિકાર છે. ભાવશ્રુતસ્કંધ બ્રહ્મચર્યરૂપ છે. તેથી હવે બ્રહ્મ અને ચરણ એ બે શબ્દોના નિક્ષેપાને કહે છે.

**[નિ.૧૮]** ''બ્રહ્મ'' પદના ચાર નિક્ષેપા છે. તેમાં ''નામબ્રહ્મ'' તે કોઈનું નામ હોય. ''સ્થાપનાબ્રહ્મ'' અસદ્‌ભાવ સ્થાપનામાં ''અક્ષ'' આદિ જાણવા. સદ્‌ભાવ સ્થાપનામાં બ્રાહ્મણે જનોઈ પહેરી હોય તેવી આકૃતિવાળી માટી વગેરે દ્રવ્યની મૂર્તિ હોય. અથવા સ્થાપનામાં વ્યાખ્યાન કરતા બ્રાહ્મણની ઉત્પત્તિ કેમ થઈ તે કહેવું.



અહીં પ્રસંગોપાત સાત વર્ણ અને નવ વર્ણાંતરની ઉત્પત્તિને જણાવે છે—

**[નિ.૧૯]** જ્યાં સુધી ભગવંત ઋષભદેવ રાજ્યગાદીએ બેઠા ન હતા, ત્યાં સુધી મનુષ્યની એક જ જાતિ હતી. ત્યાર પછી રાજ્યની ઉત્પત્તિ થઈ. (ભગવંત રાજા થયા) પછી જેઓ ભગવંતને આશ્રીને રહ્યા તે ક્ષત્રિયો કહેવાયા, બાકીના શોચ કરવાથી અને રૂદન કરવાથી શુદ્ર કહેવાયા. પછી અગ્નિની ઉત્પત્તિ થતાં તેમાંથી લુહાર આદિના શિલ્પ તથા વાણિજ્ય વૃત્તિથી ગુજરાન ચલાવતા તેઓ વૈશ્યો કહેવાયા. ભગવંતને કેવળજ્ઞાન થયું પછી તેમના પુત્ર ભરતચક્રીએ કાકણીરત્ન વડે લાંછન કરવાથી તે શ્રાવકો જ બ્રાહ્મણો કહેવાયા. *(આવશ્યક ચૂર્ણિ પૃષ્ઠ ૪ અને ૫ ઉપર આ જ ચાર વર્ણોનું કથન થોડું જુદી રીતે છે. તેમાં બ્રાહ્મણની ઉત્પત્તિ નોંધપાત્ર છે.)* ભગવંતની કેવળ જ્ઞાનોત્પત્તિ બાદ જેઓ શ્રાવક થયા, તેઓ ઋજુસ્વભાવી અને ધર્મપ્રિય હતા. જે કોઈને હણતા જુએ તો તેમને નિવારતા અને કહેતા કે - અરે मा हण मा हण (હણો નહીં-હણો નહીં). લોકોમાં આવી ધર્મવૃત્તિ કરવાથી તેઓ માહણા અર્થાત્ બ્રાહ્મણો કહેવાયા.

આ રીતે અહીં ત્રણ શુદ્ધ જાતિ કહી. આ અને બીજી જાતિઓ ગાથા-૨૧માં કહે છે.

હવે વર્ણ અને વર્ણાન્તરથી નિષ્પન્ન સંખ્યાને જણાવે છે—

**[નિ.૨૦]** સંયોગ વડે સોળ વર્ણો ઉત્પન્ન થયા. તેમાં સાત વર્ણો અને નવ વર્ણાન્તરો જાણવા. આ વર્ણ અને વર્ણાન્તર સ્થાપના બ્રહ્મ જાણવા. હવે પૂર્વે કહેલા ત્રણ વર્ણને અથવા પૂર્વે સૂચિત સાત વર્ણોને જણાવે છે.

**[નિ.૨૧]** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર મૂળ જાતિ છે. આ ચારમાંથી એકબીજાના સંયોગ વડે પ્રત્યેકથી ત્રણ ત્રણ જાતિ ઉત્પન્ન થઈ. જેમકે બ્રાહ્મણ પુરુષ અને ક્ષત્રિય સ્ત્રીથી ઉત્પન્ન પુત્રને પ્રધાન ક્ષત્રિય કે સંકર ક્ષત્રિય કહેવાય. એ પ્રમાણે ક્ષત્રિય પુરુષથી વૈશ્ય સ્ત્રી સાથે જાણવું. વૈશ્ય પુરુષ અને શુદ્ર સ્ત્રી હોય તો તે મુજબ દરેકમાં પ્રધાન અને સંકર ભેદ જાણવા. આ પ્રમાણે સાત વર્ણો થાય છે. અનંતરા થયા તે આનંતરા કહેવાય. આ યોગોમાં ચરમ વર્ણનો વ્યપદેશ થાય છે. જેમકે - બ્રાહ્મણ પુરુષ અને ક્ષત્રિય સ્ત્રીથી ઉત્પન્નને ક્ષત્રિય કહેવાય ઇત્યાદિ. તે સ્વસ્થાને પ્રધાન થાય છે. હવે નવ વર્ણાન્તરો કહે છે—

**[નિ.૨૨]** અંબષ્ટ, ઉગ્ર, નિશાદ, અયોગવ, માગધ, સૂત, ક્ષત્તા, વિદેહ, ચાંડાલ. એ નવ વર્ણાન્તરો છે. એ કેવી રીતે થાય તે હવે બતાવે છે—

**[નિ.૨૩ થી ૨૫]** આ ત્રણે ગાથાનો અર્થ આ પ્રમાણે જાણવો—

(૧) બ્રહ્મ પુરુષ + વૈશ્ય સ્ત્રી = અંબષ્ટ

(૨) ક્ષત્રિય પુરુષ + શુદ્ર સ્ત્રી = ઉગ્ર

(૩) બ્રહ્મ પુરુષ + શુદ્ર સ્ત્રી = નિષાદ/પારાસર

(૪) શુદ્ર પુરુષ + વૈશ્ય સ્ત્રી = અયોગવ

(૫) વૈશ્ય પુરુષ + ક્ષત્રિય સ્ત્રી = માગધ

(૬) ક્ષત્રિય પુરુષ + બ્રહ્મ સ્ત્રી = સૂત

(૭) શુદ્ર પુરુષ + ક્ષત્રિય સ્ત્રી = ક્ષત્તા

(૮) વૈશ્ય પુરુષ + બ્રહ્મ સ્ત્રી = વૈદેહ

(૯) શુદ્ર પુરુષ + બ્રહ્મ સ્ત્રી = ચાંડાલ — આ પ્રમાણે નવ વર્ણાન્તરો જાણવા.

હવે વર્ણાન્તરના સંયોગથી કોની ઉત્પત્તિ થઈ તે કહે છે—

[નિ.૨૬,૨૭] આ બંને ગાથાઓનો અર્થ નીચેના કોષ્ટકથી જાણવો—

(૧) ઉગ્રપુરુષ + ક્ષત્તા સ્ત્રી = શ્વપાક (૨) વિદેહ પુરુષ + ક્ષત્તા સ્ત્રી = વૈણવ

(૩) નિષાદ પુરુષ + અંબષ્ટી અથવા શુદ્ર સ્ત્રી = બુક્કસ

(૪) શુદ્ર પુરુષ + નિષાદ સ્ત્રી = કુક્કુરક

અહીં સ્થાપનાબ્રહ્મનું કથન પૂર્ણ થયું. હવે દ્રવ્ય બ્રહ્મ બતાવે છે.

[નિ.૨૮] જ્ઞ શરીર (બ્રાહ્મણનું મૃત શરીર), ભવ્ય શરીર (બ્રાહ્મણ થનાર બાળક) તદ્વ્યતિરિક્ત દ્રવ્ય બ્રહ્મ એટલે (૧) મિથ્યા જ્ઞાનવાળા શાક્ય-પરિવ્રાજક આદિ સંન્યાસીની બસ્તિનિરોધ ક્રિયા (બોધ વિનાનું બ્રહ્મચર્ય).

(૨) વિધવા અને દેશાંતર ગયેલ પતિવાળી સ્ત્રીઓનું કુળ વ્યવસ્થાને માટે કરાયેલ કે અનુમિત સ્વરૂપનું બ્રહ્મચર્ય.

ભાવ બ્રહ્મ એટલે સાધુઓનો બસ્તિનિરોધ અર્થાત્ અઢાર ભેદે જે સંયમ (બ્રહ્મચર્ય પાલન) તે અને સત્તર પ્રકારે જે સંયમ, તેને ઘણે અંશે મળતું આવે છે તે. જેમાં અઢાર પ્રકારે સંયમ એટલે (૧) દેવ સંબંધી, (૨) ઔદારિક સંબંધી એવા બંને કામરતિ સુખનો ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ કરવો તે. આ રીતે દેવ, મનુષ્ય અને તિર્યંચ એ ત્રણે સાથે સર્વથા અબ્રહ્મનો ત્યાગ.

— હવે ચરણના નિક્ષેપા કહે છે—

[નિ.૨૯] ચરણના નામ આદિ છ નિક્ષેપા છે. જેમાં વ્યતિરિક્ત દ્રવ્ય ચરણના ત્રણ ભેદો છે — ગતિ, ભક્ષણ અને ગુણ. તેમાં ગતિચરણ તે ગમન જાણવું, લાડુ વગેરે ખાવા તે આહાર (ભક્ષણ) ચરણ છે અને ગુણચરણના બે ભેદ છે — (૧) લૌકિક ગુણ ચરણદ્રવ્યને માટે હાથી વગેરેને કેળવવા અથવા વૈદક આદિનું શિક્ષણ. (૨) લોકોત્તર ગુણ ચરણ એટલે સાધુઓ ઉપયોગ વિના કે માયાવૃત્તિથી ચારિત્ર પાળે તે. જેમ ઉદાયી રાજાને મારવા માટે વિનયરત્ન એ ચારિત્ર પાળ્યુ તે.

ક્ષેત્ર ચરણ - જે ક્ષેત્રે વિહાર, આહાર કરે કે જ્યાં વ્યાખ્યાન કરે તે, તેમજ શાલિ ક્ષેત્ર આદિમાં જવું તે ક્ષેત્રચરણ છે.

કાળ ચરણ - જે કાળે વિહાર, આહાર, વ્યાખ્યાન કરે તે.

[નિ.૩૦] ભાવ ચરણ-પણ ત્રણ પ્રકારે છે — (૧) ગતિ, (૨) આહાર, (૩) ગુણ. તેમાં સાધુ ઉપયોગ પૂર્વક યુગમાત્ર દૃષ્ટિ રાખીને ચાલે તે ગતિભાવ ચરણ. શુદ્ધ (દોષરહિત) આહાર વાપરે તે ભક્ષણ ભાવ ચરણ. ગુણચરણ બે પ્રકારે છે — (૧) અપ્રશસ્ત ગુણ ભાવચરણ એટલે મિથ્યાદૃષ્ટિઓનો આચાર અને સમ્યગ્ દૃષ્ટિઓ દ્વારા નિયાણાપૂર્વકનું આચારપાલન, (૨) પ્રશસ્ત ગુણ ભાવચરણ - એટલે કેવળ



આઠ કર્મોને છેદવાને માટે મૂળગુણ અને ઉત્તરગુણના સમૂહયુક્ત જે ચારિત્ર પાળે તે.

અહીં આ પ્રશસ્તગુણ ભાવચરણનો જ અધિકાર છે, તેથી આ સૂત્રના મૂળ અને ઉત્તર ગુણોના પ્રતિપાદક નવે અધ્યયનોનું પરિશીલન કર્મનિર્જરાર્થે કરવું.

હવે નવ અધ્યયોના અનુકૂળ અર્થવાળા નામોને જણાવે છે—

[નિ.૩૧,૩૨] ૧-શસ્ત્ર પરિજ્ઞા, ૨-લોકવિજય, ૩-શીતોષ્ણીય, ૪-સમ્યક્ત્વ, ૫-લોકસાર, ૬-ધુત, ૭-મહાપરિજ્ઞા, ૮-વિમોક્ષ, ૯-ઉપધાન શ્રુત. આ પ્રમાણે પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયન સ્વરૂપ “આચાર” સૂત્ર છે, બાકી જે બીજા શ્રુતસ્કંધના અધ્યયન છે તે “આચારાગ્ર” કહેવાય છે. (જે ‘આચાર’ના સહાયક છે.)

ઉપક્રમમાં રહેલ અર્થ અધિકાર બે પ્રકારે છે. (૧) અધ્યયન અર્થાધિકાર અને (૨) ઉદ્દેશ અર્થાધિકાર. તેમાં અધ્યયન અર્થાધિકારને જણાવે છે—

[નિ.૩૩,૩૪] હવે શસ્ત્ર પરિજ્ઞા આદિ નવ અધ્યયનનો અર્થાધિકાર કહે છે.

(૧) શસ્ત્ર પરિજ્ઞાનો અર્થાધિકાર - “જીવ સંયમ” એટલે જીવોને દુઃખ ન દેવું, તેમની હિંસા ન કરવી. આ વાત જીવોનું અસ્તિત્વ સમજાય પછી જ શક્ય બને. તેથી આ અધ્યયનમાં “જીવોનું અસ્તિતત્વ” અને “પાપથી વિરતિ”નું પ્રતિપાદન કર્યું છે.

(૨) લોકવિજય અધ્યયનમાં - લોક અર્થાત્ જીવ, જે પ્રકારે આઠ કર્મોને બાંધે છે અને આઠ કર્મોથી મુક્ત થાય છે; આ સર્વ કથન મોહને જીતીને સંયમમાં રહેલ સાધુ સારી રીતે જાણે તેનો અર્થાધિકાર કહેલ છે.

(૩) શીતોષ્ણીય નામક ત્રીજા અધ્યયનમાં - સંયમમાં રહેલ સાધુએ કષાયોને જીતીને અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો આવે ત્યારે સુખ અને દુઃખમાં મધ્યસ્થ ભાવ રાખીને આ પરીષહોને સહન કરવા.

(૪) સમ્યકત્વ નામક ચોથું અધ્યયન - પહેલા ત્રણે અધ્યયનના વિષયના જ્ઞાત સાધુએ - તાપસ આદિના કષ્ટ અને તપના સેવનથી તેઓને આઠ ગુણવાળું ઐશ્વર્ય (અષ્ટસિદ્ધિ) પ્રાપ્ત થાય - તેને જોઈને પણ સ્ખલના ન પામતા દૃઢ સમકિતી રહેવું.

(૫) લોકસાર નામક પાંચમું અધ્યયન - પહેલા ચાર અધ્યયનના અર્થમાં સ્થિત સાધુ સાંસારિક અસાર ઋદ્ધિનો ત્યાગ કરીને લોકમાં સારરૂપ એવા દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ત્રણ રત્નો માટે સદા ઉધમવંત રહે.

(૬) અધ્યયન છટ્ઠુ - “ધુત” - પૂર્વે કહેલા ગુણવાળા સાધુ સંગરહિત અને પ્રતિબદ્ધતા અર્થાત્ આસક્તિ રહિત થાય.

(૭) અધ્યયન સાતમું - “મહાપરિજ્ઞા” - સંયમાદિ ગુણયુક્ત સાધુને કદાચિત્ મોહ ઉત્પન્ન કરનારા પરિષહ કે ઉપસર્ગ થાય તો સમ્યક્ પ્રકારે સહન કરે.

(૮) અધ્યયન આઠમું - “વિમોક્ષ” - આમાં નિર્વાણ અર્થાત્ અંતક્રિયા છે તે સર્વગુણયુક્ત સાધુએ સારી રીતે કરવી.

(૯) અધ્યયન નવ - “ઉપધાન શ્રુત” - પૂર્વોક્ત આઠ અધ્યયનમાં કહેલ

અર્થ શ્રી વર્દ્ધમાન સ્વામીએ સમ્યક્ રીતે પાળેલ છે. બીજા સાધુઓ તે ઉત્સાહથી પાળે તે માટે બતાવેલ છે – કહ્યું છે કે - જ્યારે ચાર જ્ઞાનવાળા, દેવતા વડે પૂજિત, નિશ્ચિતરૂપે મોક્ષપદને પામનાર તીર્થંકર પણ છદ્મસ્થ અવસ્થામાં સર્વ શક્તિ અને પુરુષાર્થ સહ મોક્ષ માટે ઉધમ કરે છે - તો પછી અન્ય સુવિહિત પુરુષ મનુષ્ય જન્મમાં દુઃખના ક્ષયના કારણભૂત ચારિત્રધર્મમાં પોતાની સર્વશક્તિથી ઉધમ કેમ ન કરે ? અર્થાત્ જરૂર કરવો જોઈએ.

- હવે શસ્ત્રપરિજ્ઞાનો ઉદ્દેશ અર્થાધિકાર કહે છે–

## અધ્યયન-૧-શસ્ત્રપરિજ્ઞા

*(હવે પહેલા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનનો અહીંથી આરંભ થાય છે. આ અધ્યયનનું નામ "શસ્ત્રપરિજ્ઞા" છે. તેના અર્થની સ્પષ્ટતા આગળ નિર્યુક્તિ-૩૫ થી ૩૭માં કરેલ છે. આ અધ્યયનમાં સાત ઉદ્દેશકો છે. તેનું વિવરણ નિર્યુક્તિ-૩૫માં છે.)*

[નિ.૩૫] શસ્ત્ર પરિજ્ઞાના પહેલા ઉદ્દેશામાં સામાન્યથી "જીવનું અસ્તિત્વ" બતાવેલ છે. બાકીના બીજા છ ઉદ્દેશામાં વિશેષથી પૃથ્વીકાય વગેરે (છ કાયનું) અસ્તિત્વ બતાવે છે. આ છ-કાયમાં બધાને અંતે કર્મબંધ અને વિરતિનું કથન છે. પહેલા ઉદ્દેશોમાં જીવનું વર્ણન તેના વધથી કર્મબંધ, તેનાથી વિરમવું - એ કથન છે.

અહીં શસ્ત્ર પરિજ્ઞા એ નામમાં બે પદ છે. તેમાં "શસ્ત્ર" પદનો નિક્ષેપ કહે છે–

[નિ.૩૬] "શસ્ત્ર" પદના નામ આદિ ચાર નિક્ષેપા છે. તેમાં તલવાર આદિ, અગ્નિ, વિષ, ઘી-તેલ આદિ, અમ્બ ક્ષાર, લવણ વગેરે વ્યતિરિક્ત દ્રવ્ય શસ્ત્ર છે.

ભાવશસ્ત્ર - દુષ્ટ પ્રયુક્ત અંતઃકરણ (ભાવ), તથા વચન અને કાયાની અવિરતિ છે. કેમકે મન, વચન, કાયાની દુષ્ટપ્રવૃત્તિથી જીવોની હિંસા થાય છે, માટે તેને ભાવશસ્ત્ર કહે છે – હવે પરિજ્ઞાના ચાર નિક્ષેપા કહે છે.

[નિ.૩૭] દ્રવ્ય પરિજ્ઞા બે ભેદે છે. જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જ્ઞ પરિજ્ઞાના બે ભેદ છે. આગમથી અને નોઆગમથી. આગમથી - જ્ઞાતા પણ તેનો ઉપયોગ ન હોય. નો આગમથી જ્ઞ પરિજ્ઞાના ત્રણ ભેદ છે - જ્ઞ શરીર, ભવ્ય શરીર અને તદ્વ્યતિરિક્ત. જે કંઈ દ્રવ્યને જાણે તેમાં સચિત્ત આદિનું જ્ઞાન થાય. તે પરિચ્છેધ દ્રવ્યના પ્રધાનપણાથી વ્યતિરિક્ત દ્રવ્ય પરિજ્ઞા છે.

પ્રત્યાખ્યાન પરિજ્ઞા પણ ચાર ભેદે છે. તેમાં દેહ, ઉપકરણ આદિનું જ્ઞાન થવું તે વ્યતિરિક્ત દ્રવ્ય પ્રત્યાખ્યાન પરિજ્ઞા કહેવાય. અહીં ઉપકરણમાં રજોહરણ આદિ લેવા. કેમકે તે સાધકતમપણે છે.

ભાવ પરિજ્ઞાના પણ બે ભેદ છે - જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા. તેમાં આગમથી જ્ઞ પરિજ્ઞા એટલે જ્ઞાતા હોય અને તે ઉપયોગવાળો હોય. નો આગમથી જ્ઞ પરિજ્ઞા એટલે આ જ્ઞાન-ક્રિયારૂપ અધ્યયન. કેમકે નો શબ્દ (જ્ઞાન-ક્રિયા) મિશ્રત્વનો વાચક છે. આ જ પ્રમાણે પ્રત્યાખ્યાન ભાવપરિજ્ઞા જાણવી. તે આગમથી



પૂર્વવત્ છે પણ નો આગમથી પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ છે. તે મન, વચન, કાયાથી કરવું, કરાવવું અનુમોદવું એ નવ ભેદે હિંસાથી અટકવા રૂપ જાણવી.

આ રીતે નામ નિષ્પન્ન નિક્ષેપ પૂરો થયો. હવે આચાર આદિ આપનારના અને તે સહેલાઈથી સમજાય તે માટેના દૃષ્ટાંતને બતાવીને તેની વિધિ કહે છે–

જેમ કોઈ રાજાએ નવું નગર સ્થાપવાની ઇચ્છાથી જમીનના સમાન ભાગો કરીને પ્રજાજનને આપ્યા. તેમજ કચરો અને શલ્યો દૂર કરવા, જમીન સરખી કરવા, પાકી ઇંટોના ચોતરાવાળો મહેલ બનાવવા, રત્નાદિ ગ્રહણ કરવા ઉપદેશ આપ્યો. તે પ્રજાજનો એ રાજાના ઉપદેશાનુસાર કાર્ય કરી રાજકૃપાથી ઇચ્છિત ભોગો ભોગવ્યા.

આ દૃષ્ટાંતનો ઉપનય - રાજા સમાન આચાર્યે પ્રજા સમાન શિષ્યોને ભૂખંડરૂપ સંયમ સમજાવી મિથ્યાત્વરૂપ કચરો દૂર કર્યો. સર્વ પ્રકારે વિશુદ્ધ સંયમ આરોપ્યો. તેમને સામાયિક સંયમમાં સ્થિર કરીને પાકી ઇંટોના ચોતરા સમાન વ્રતોને આપવા તેના પર મહેલ સમાન આચાર જણાવવો. તેમાં રહેલ મુમુક્ષુ બધાં શાસ્ત્રોરૂપ રત્નોને પ્રાપ્ત કરીને મોક્ષના ભાગી બને છે.

હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણ લક્ષણવાળું સૂત્ર ઉચ્ચારવું - તેનું લક્ષણ આ પ્રમાણે છે – "થોડા શબ્દોમાં મોટો અર્થ હોય. બત્રીશ દોષથી રહિત હોય. સૂત્રના લક્ષણથી યુક્ત હોય. આઠ ગુણોવાળું હોય" - તે સૂત્ર આ પ્રમાણે છે :-

## –: ઉદ્દેશક-૧-"જીવ અસ્તિત્વ" :-

*(અહીંથી "આચાર" સૂત્રના પહેલા શ્રુતસ્કંધના અધ્યયન-૧નો ઉદ્દેશક-૧-શરૂ થાય છે. આ ઉદ્દેશામાં મુખ્યત્વે જીવના અસ્તિત્વની વાત, તે ક્યાંથી આવ્યો અને ક્યાં જવાનો છે ? કર્મ સમારંભ શું છે ? મુનિ કોને કહેવાય ? આદિ કથન છે.)*

● **સૂત્ર-૧ :-**

***હે આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે કે તે ભગવંત મહાવીરે આમ કહ્યું હતું. સંસારમાં કેટલાક જીવોને આ સંજ્ઞા (જ્ઞાન) હોતું નથી (કે–)***

**વિવેચન :-** *(આ પહેલા સૂત્રમાં વૃત્તિકાર અને ચૂર્ણિકાર જુદા પડે છે. વૃત્તિકારે ઉપર કહ્યા મુજબ સૂત્ર નોંધેલ છે. ચૂર્ણિકારે બીજા પેરેગ્રાફ વાળો સૂત્રાર્થ સૂત્ર-૨માં નોંધ્યો છે. અહીં ટીકાનુસારી વિવેચનની મુખ્યતા હોવાથી અમે વૃત્તિકારને અનુસર્યા છીએ.)*

હવે આ સૂત્રની સંહિતાદિ ક્રમથી વ્યાખ્યા કરીએ છીએ. (૧) સંહિતા એટલે આખા સૂત્રનો શુદ્ધ ઉચ્ચાર કરવો. (૨) પદચ્છેદ આ પ્રમાણે છે – "श्रुतं मया आयुष्मन् ! तेन भगवता एवं आख्यातम्, इह एकेषां नोसंज्ञा भवति." આમાં છેવટનું પદ ક્રિયાપદ છે, બાકીના નામ આદિ પદો છે. એ રીતે પદચ્છેદ સૂત્ર-અનુગમ કહ્યો.

હવે સૂત્રના પદાર્થ કહીએ છીએ – મૂળ સૂત્ર કર્તા પૂજ્ય સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂને આ પ્રમાણે કહે છે – *(પ્રત્યેક ગણધર પોતાના શિષ્ય આ પ્રમાણે જ કહે છે.)*

શ્રુતમ્-સાંભળેલ છે, જાણેલ છે, અવધારેલ છે – આમ કહીને જણાવે છે કે

સર્વજ્ઞ ભગવંત મહાવીરે જે કહ્યું તે કહું છું, મારી પોતાની બુદ્ધિથી કંઈ કહેતો નથી.

મયા-મેં પ્રભુ પાસે સાક્ષાત્ સાંભળેલ છે, પરંપરાથી સાંભળેલ નથી.

आयुष्यमन् - દીર્ઘાયુવાળા, ઉત્તમ જાતિ, કુળ આદિ હોવા સાથે લાંબુ આયુ પણ જરૂરી છે. શિષ્ય જો દીર્ઘાયુ હોય તો નિરંતર પોતાના શિષ્યોને ઉપદેશ આપે.

तेन અહીં આ ''આચાર'' સૂત્ર કહેવાની ઇચ્છાથી તેનો અર્થ તીર્થંકરે કહેલ હોવાથી तेन શબ્દ વડે આયુષ્યમાન્ વિશેષણ તીર્થંકરને પણ લાગુ પડે. અથવા 'तेन' એટલે તે તીર્થંકરે કહેલ છે. અથવા આમૃશતા એટલે ભગવંતના ચરણકમળની સેવા કરતા મેં સાંભળ્યુ એમ કહીને વિનય બતાવે છે. અથવા આવસતા શબ્દથી-ગુરુ પાસે રહી મેં સાંભળ્યુ તેમ તમારે પણ ગુરૂકુલવાસ સેવવો, એમ સૂચવ્યું. આ રીતે અહીં आउसंतेण ના आमुसंतेण અને आवसंतेण એ બે પાઠાંતર જાણવા.

भगवता - ઐશ્વર્ય આદિ છ ગુણો જેની પાસે છે તે ભગવાન્ છે.

एवम् - આ પ્રમાણે શબ્દ કઈ વિધિએ કહ્યું છે, તે જણાવે છે. आख्यात શબ્દથી કર્તાપણાનો નિષેધ કરીને આગમના અર્થના નિત્યપણાને જણાવે છે.

इह - એટલે આ ક્ષેત્રમાં, પ્રવચનમાં, આચાર સૂત્રમાં, શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં કહ્યું છે એ પ્રમાણે ક્રિયાપદનો સંબંધ જાણવો - અથવા-

इह - એટલે સંસારમાં. एकेषां - જ્ઞાનાવરણીય આદિ કર્મોથી યુક્ત જીવોને, સંજ્ઞા હોતી નથી. સંજ્ઞા, સ્મૃતિ, અવબોધ આદિ પર્યાયવાચી શબ્દો છે. અહીં સુધી પદાર્થો બતાવ્યા. હવે ''પદ વિગ્રહ'' તેમાં સમાસ ન હોવાથી બતાવેલ નથી.

હવે ''ચાલના'' અર્થાત્ શંકા રજૂ કરે છે - (શિષ્ય) 'અ'કાર આદિ પ્રતિષેધક લઘુશબ્દ હોવા છતાં નિષેધને માટે 'નો' શબ્દ કેમ મુક્યો ? તેનું સમાધાન કરે છે—

તમારો પ્રશ્ન યોગ્ય છે. અહીં 'નો' શબ્દ વિશેષ હેતુ બતાવે છે. 'અ'કાર વડે નિષેધ કરે તો સર્વથા નિષેધ થાય. જેમકે ઘટ નહીં તે ''અઘટ''. એમ કહેવાથી ઘડાનો સર્વથા અભાવ થઈ જશે. આવો અર્થ ઇષ્ટ નથી. કેમકે પ્રજ્ઞાપના સૂત્રમાં સર્વે પ્રાણિઓની દશ સંજ્ઞા કહેલી છે. *(જુઓ પ્રજ્ઞાપના સૂત્ર-૩૫૪, પદ-આઠમું)* જો 'અ'કાર મુકે તો આ દશે સંજ્ઞાનો નિષેધ થઈ જાય. તેથી 'નો' શબ્દ અહીં સૂત્રમાં ''દેશ નિષેધ''ને માટે મૂકેલ છે.

**સંજ્ઞા**-હે ભગવન્ ! સંજ્ઞાઓ કેટલી કહી છે ? હે ગૌતમ સંજ્ઞા દશ કહી છે. તે આ પ્રમાણે — આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોક સંજ્ઞા. *(સ્થાનાંગ, સ્થાન-૧૦, સૂત્ર-૯૬૫માં પણ આ દશ સંજ્ઞા બતાવેલ છે.)* આ દશ સંજ્ઞાના સર્વથા નિષેધનો દોષ ન આવે માટે ''નો'' મૂક્યું. કેમકે 'નો' શબ્દ સર્વથી અને દેશથી નિષેધવાચી છે. જેમકે 'નોઘટ' કહેવાથી ઘડાનો સર્વથા અભાવ જણાશે. કહ્યું છે કે ''નો'' શબ્દ પ્રસ્તુત અર્થનો સર્વથા નિષેધ કરે છે અને તેના કેટલાક અવયવ કે અન્યધર્મોનો સદ્ભાવ પણ બતાવે છે. તેમ અહીં 'નો' શબ્દ વિશિષ્ટ સંજ્ઞાનો અભાવ બતાવે છે, સર્વ સંજ્ઞાનો નહીં. જેમકે આત્મા આદિ પદાર્થોનું સ્વરૂપ અને ગતિ-આગતિ આદિ જ્ઞાન થાય તેવી સંજ્ઞાનો અહીં





નિષેધ કર્યો છે.

હવે નિર્યુક્તિકાર સૂત્રના અવયવોના નિક્ષેપાનો અર્થ બતાવે છે—

[નિ.૩૮] સંજ્ઞા નામ આદિ ચાર ભેદે છે. તેમાં નામ અને સ્થાપના નિક્ષેપ સુગમ છે. દ્રવ્ય નિક્ષેપમાં જ્ઞ શરીર, ભવ્ય શરીર સુગમ છે. વ્યતિરિક્ત દ્રવ્ય નિક્ષેપ સચિત્ત, અચિત્ત, મિશ્ર એમ ત્રણ ભેદે છે. હાથ આદિના સંકેતથી પાન, ભોજન આદિની સંજ્ઞા કરવી તે સચિત્ત, ધ્વજાથી મંદિરનો સંકેત તે અચિત્ત. દીવા વગેરેથી જે બોધ થાય તે મિશ્ર.

ભાવ સંજ્ઞાના બે ભેદ છે - અનુભવ અને જ્ઞાન. તેમાં અલ્પ વ્યાખ્યાવાળી જ્ઞાન સંજ્ઞા પહેલા કહે છે. મનન કરવું તે મતિ, અર્થાત્ અવબોધ. તે મતિજ્ઞાનાદિ પાંચ ભેદે છે. જેમાં કેવળજ્ઞાન સંજ્ઞા ક્ષાયિક ભાવમાં છે અને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ એ ચાર સંજ્ઞા ક્ષાયોપશમિક ભાવે છે. અનુભવસંજ્ઞા એટલે પોતે કરેલા કર્મોના ઉદયથી જીવને થતો બોધ. તેના સોળ ભેદ છે.

[નિ.૩૯] **અનુભવ સંજ્ઞા**ના સોળ ભેદ આ પ્રમાણે છે—

(૧) **આહારસંજ્ઞા** - એટલે આહારની ઇચ્છા. આ સંજ્ઞા તૈજસશરીર નામના કર્મના ઉદયથી અને અસાતાવેદનીયના ઉદયથી ઉદ્ભવે.

(૨) **ભયસંજ્ઞા** - ત્રાસરૂપ જાણવી.

(૩) **પરિગ્રહસંજ્ઞા** - મૂર્છારૂપ છે.

(૪) **મૈથુનસંજ્ઞા** - વેદરૂપ છે, મોહનીયથી ઉદ્ભવે

(૫) **સુખસંજ્ઞા** - સાતા અનુભવરૂપ છે. સુખ-દુઃખ સંજ્ઞા વેદનીય કર્મથી ઉદ્ભવે.

(૬) **દુઃખસંજ્ઞા** - અસાતા અનુભવરૂપ છે.

(૭) **મોહસંજ્ઞા** - મિથ્યાદર્શનરૂપ મોહથી ઉદ્ભવે.

(૮) **વિચિકિત્સાસંજ્ઞા** - ચિત્તની ભ્રમણારૂપ છે. મોહનીય અને જ્ઞાનાવરણના ઉદયથી થાય.

(૯) **ક્રોધસંજ્ઞા** - અપ્રીતિરૂપ છે.

(૧૦) **માનસંજ્ઞા** - ગર્વરૂપ છે.

(૧૧) **માયાસંજ્ઞા** - વક્રતારૂપ છે.

(૧૨) **લોભસંજ્ઞા** - ગૃદ્ધિ-આસક્તિરૂપ છે.

(૧૩) **શોકસંજ્ઞા** - વિપ્રલાપ અને વૈમનસ્યરૂપ છે. ક્રોધાદિ પાંચે સંજ્ઞા મોહનીય કર્મોદયે થાય છે.

(૧૪) **લોકસંજ્ઞા** - સ્વચ્છંદરૂપે મનોકલ્પિત વિકલ્પરૂપે થતું લોકાચરણ - જેમકે પુત્ર વિનાનાને સ્વર્ગ ન મળે. કુતરો યક્ષ છે. બ્રાહ્મણો જ દેવ છે. કાગડા દાદાઓ છે. પક્ષીના પીંછાના વાયુથી ગર્ભ રહે છે વગેરે. આ સંજ્ઞા જ્ઞાનાવરણના ક્ષયોપશમ અને મોહનીયના ઉદયે ઉદ્ભવે છે.

(૧૫) **ધર્મસંજ્ઞા** - ક્ષમા આદિના આસેવનરૂપ છે. મોહનીયના ક્ષયોપશમથી

થાય છે, આ સંજ્ઞા સામાન્યપણે લેવાથી પંચેન્દ્રિય સમ્યગ્ દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિને પણ થાય છે.

**(૧૬) ઓઘસંજ્ઞા** - અવ્યક્ત ઉપયોગરૂપ છે. જેમકે વેલનું વૃક્ષ પર ચડવું. તે જ્ઞાનાવરણીયથી થાય.

''આચાર'' સૂત્રમાં અહીં ''જ્ઞાન સંજ્ઞા''નો જ અધિકાર છે. તેથી સૂત્રમાં તેનો જ નિષેધ કર્યો છે - કે કેટલાંક જીવોને આ જ્ઞાન-બોધ હોતો નથી.

નિષેધ જ્ઞાન સંજ્ઞાના વિશેષ બોધને હવે સૂત્ર થકી જણાવે છે—

● **સૂત્ર-૨**

***તે આ પ્રમાણે - (સંસારમાં દરેક જીવોને એ જ્ઞાન હોતું નથી કે -) હું પૂર્વદિશાથી આવ્યો છું કે હું દક્ષિણ દિશાથી આવ્યો છું. કે હું પશ્ચિમ દિશાથી આવ્યો છું કે હું ઉત્તરદિશાથી આવ્યો છું કે હું ઉર્ધ્વ દિશાથી આવ્યો છું કે હું અધોદિશાથી આવ્યો છું અથવા કોઈ અન્ય દિશા કે વિદિશાથી આવેલ છું.***

***એ જ પ્રમાણે તે જીવોને એ જ્ઞાન નથી હોતું કે—***

● **વિવેચન :-**

*(અહીં કૌંસમાં બતાવેલ લખાણ ચૂર્ણિમાં છે, વૃત્તિમાં તે પહેલા સૂત્રમાં આવેલ છે.)*

અહીં 'पुरत्थिमाउ' વગેરે પ્રાકૃત શૈલિથી માગધ દેશીભાષાનું અનુવૃત્તિ છે. જે પૂર્વ દિશાદિ સૂચવે છે. 'वा' શબ્દ વિકલ્પ અર્થમાં છે. જેમકે લોકમાં ખાવું અથવા સૂવું કહે છે તેમ અહીં પૂર્વમાંથી કે દક્ષિણમાંથી આદિ સમજવું 'दिसा' એટલે જે દેખાડે તે દિશા. તે દ્રવ્ય અથવા દ્રવ્યના ભાગનો વ્યપદેશ કરે છે - દેખાડે છે.

હવે નિર્યુક્તિકાર દિશા શબ્દના નિક્ષેપને જણાવે છે—

[નિ.૪૦] નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, તાપ, પ્રજ્ઞાપક અને ભાવ એ પ્રમાણે સાત રૂપે દિશાનો નિક્ષેપ જાણવો.

— **નામદિશા** - સચિત્ત આદિ કોઈ વસ્તુનું દિશા એવું નામ તે નામદિશા.

— **સ્થાપનાદિશા** - ચિત્રમાં આલેખિત જંબૂદ્વીપ આદિના દિશા વિભાગની સ્થાપના.

— હવે દ્રવ્યદિશાનો નિક્ષેપ નિર્યુક્તિ-૪૧માં જણાવે છે—

[નિ.૪૧] દ્રવ્ય દિશા આગમથી અને નો આગમથી એમ બે ભેદે છે. તેમાં આગમથી દ્રવ્ય દિશા એટલે તેને જાણે પણ ઉપયોગ ન રાખે. નો આગમથી જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત એ ત્રણ ભેદ છે. તેમાં તેર પ્રદેશવાળા દ્રવ્યને આશ્રીને જ આ તદ્વ્યતિરિક્ત દ્રવ્ય દિશા જાણવી. કેટલાકે દશપ્રદેશિક દિશા કહી છે, તેનું અહીં ગ્રહણ ન કરવું.

પ્રદેશ એટલે પરમાણુ વડે ઉત્પન્ન થયેલ કાર્યદ્રવ્ય, જેટલા ક્ષેત્રપ્રદેશોને અવગાહીને રહે છે તે, જઘન્ય દ્રવ્યને આશ્રીને દશદિશાવિભાગની કલ્પનાથી દ્રવ્યદિશા જાણવી.

— હવે ક્ષેત્ર દિશાનો નિક્ષેપ કહે છે—



[નિ.૪૨] તિર્છાલોક મધ્યે રત્નપ્રભા પૃથ્વીની ઉપર બહુમધ્યભાગમાં મેરૂ પર્વતના અંતરમાં બે સૌથી નાના પ્રતર છે. તેના ઉપરના પ્રતરમાં ગાયના આચળના આકારે ચાર પ્રદેશ અને નીચેના પ્રતરમાં પણ એ જ રીતે ઉલટા ચાર પ્રદેશ છે. એ પ્રમાણે આઠ પ્રદેશનો ચોખુણો રૂચક નામનો ભાગ છે. ત્યાંથી દિશા-વિદિશાની ઉત્પત્તિ થયેલી છે. તેના નામ નિર્યુક્તિ-૪૩માં જણાવે છે.

[નિ.૪૩] પૂર્વ દિશા, અગ્નિ ખૂણો, દક્ષિણ દિશા, નૈઋત્ય ખૂણો, પશ્ચિમ દિશા, વાયવ્ય ખૂણો, ઉત્તર દિશા, ઈશાન ખૂણો, ઉર્ધ્વ દિશા, અધો દિશા, તેમાં ઇન્દ્રના વિજયદ્વાર મુજબ પૂર્વ દિશા જાણવી. બાકીની પ્રદક્ષિણા ક્રમે જાણવી. એક એક દિશા ઉપર-નીચે જાણવી.

આ દિશાઓનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું—

[નિ.૪૪] ચાર મહાદિશાઓ બે પ્રદેશવાળી છે અને બબ્બે પ્રદેશની વૃદ્ધિવાળી છે. ચાર વિદિશાઓ એક-એક પ્રદેશવાળી છે, તેમાં વૃદ્ધિ નથી. ઉર્ધ્વ અધો બંને દિશા ચાર પ્રદેશની રચનાવાળી છે, તેમાં પણ વૃદ્ધિ નથી.

[નિ.૪૫] આ બધી દિશા અંદરથી જોતા રુચકથી લઈને સાદિક છે, બહારથી જોતા તે અલોકને આશ્રીને અપર્યવસિત-અનંત છે. દશે દિશા અનંત પ્રદેશવાળી છે. બધી દિશાઓના પ્રદેશોને ચાર વડે ભાગતા તે ચાર-ચાર શેષવાળા છે. આ બધા પ્રદેશરૂપ દિશાઓ આગમની સંજ્ઞાએ ''कडजुम्मा-'' ''કૃતયુગ્મ'' શબ્દથી ઓળખાય છે.

આગમ પાઠ - હે ભગવન્ ! યુગ્મ કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! યુગ્મો ચાર કહ્યા છે - કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ. *(જુઓ ભગવતીજી-શતક-૧૮, સૂત્ર-૭૩૪)*

આમ કયા કારણથી કહ્યું ? હે ગૌતમ ! જે રાશીને ચાર સંખ્યાથી ભાગતા ચાર પ્રદેશ શેષ રહે તે કૃતયુગ્મ, ત્રણ પ્રદેશ વધે તો ત્ર્યોજ, બે પ્રદેશ વધે તો દ્વાપર અને એક વધે તો કલ્યોજ એમ જાણવું — હવે તેઓનું સંસ્થાન કહે છે—

[નિ.૪૬] પૂર્વ આદિ ચાર મહાદિશા ગાડાની ઉધના આકારવાળા છે. વિદિશાઓ મોતીની માળાના આકારની છે. ઉર્ધ્વ-અધો દિશા રૂચક આકારે છે. હવે તાપ દિશા—

[નિ.૪૭,૪૮] જે દિશામાં સૂર્ય ઉદય થઈને તાપ આપે, તે પૂર્વદિશા કે તાપદિશા જાણવી. જ્યાં સૂર્ય આથમે તે પશ્ચિમ દિશા. જમણી બાજુની દક્ષિણ દિશા અને ડાબી બાજુની ઉત્તર દિશા જાણવી. આ ચાર દિશા તાપક્ષેત્ર કહેવાય છે — અહીં તાપનો અર્થ સૂર્ય કરેલ છે. ડાબા-જમણાપણું પૂર્વાભિમુખને આશ્રીને કહ્યું છે.

તાપદિશાને આશ્રીને બીજા વ્યપદેશ પણ થાય છે, તે હવે જણાવે છે—

[નિ.૪૯,૫૦] મેરુ પર્વત બધા ક્ષેત્રના લોકોને ઉત્તરદિશામાં જ માનવામાં આવેલ છે, એ કથન તાપદિશાને આશ્રીને જાણવું. પરંતુ મેરૂ પર્વતના પૂર્વથી જે મનુષ્યો ક્ષેત્રદિશાને અંગીકાર કરે છે, તે રૂચકની અપેક્ષાએ જાણવું. તેઓના ઉત્તરમાં મેરૂ અને દક્ષિણમાં લવણ સમુદ્ર જાણવો. પણ તાપ દિશાને આશ્રીને તો બધાંને મેરૂ

ઉત્તરમાં, લવણસમુદ્ર દક્ષિણમાં, સૂર્યનો ઉદય પૂર્વમાં અને સૂર્યાસ્ત પશ્ચિમ દિશામાં થશે.

હવે પ્રજ્ઞાપક દિશા કહે છે—

[નિ.૫૧] પ્રજ્ઞાપક ક્યાંય પણ ઉભો રહીને દિશાના બળથી કોઈપણ નિમિત્ત કહે તે જે દિશા સન્મુખ હોય તે પૂર્વ દિશા અને પાછળની પશ્ચિમ દિશા જાણવી. નિમિત્ત કથનના ઉપલક્ષણથી બીજા પણ વ્યાખ્યાતા માટે આ વાત સમજી લેવી.

હવે બીજી દિશાઓને જાણવા માટે કહે છે કે—

[નિ.૫૨ થી ૫૮] અહીં સાત ગાથાઓ સાથે લીધી છે. તેનો અર્થ આ પ્રમાણે —

— પૂર્વ દિશા સન્મુખ ઉભા રહીએ તો જમણે હાથે દક્ષિણ દિશા અને ડાબે હાથે ઉત્તર દિશા જાણવી. આ દિશાઓની વચ્ચે ચાર વિદિશાઓ જાણવી.

— આ આઠ (દિશા-વિદિશા)ના આંતરમાં બીજી આઠ દિશાઓ છે. આ રીતે સોળ દિશાઓ છે. શરીરની ઊંચાઈ અને પહોળાઈ પ્રમાણ સર્વે તિર્છી દિશાઓ જાણવી.

— બે પગના તળીયાની નીચે અધો દિશા જાણવી, મસ્તકની ઉપર ઉર્ધ્વ દિશા છે. આ અઢાર દિશાઓને પ્રજ્ઞાપના દિશાઓ જાણવી.

— આ રીતે કલ્પિત એવી અઢાર દિશાઓના નામો અનુક્રમે કહું છું—

— પૂર્વ, પૂર્વ-દક્ષિણ, દક્ષિણ, દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ, પશ્ચિમ-ઉત્તર, ઉત્તર, ઉત્તર-પૂર્વ, સામુત્થાણી, કપિલા, ખેલિજ્જા, અહિધર્મા, પર્યાયધર્મા, સાવિત્રી, પ્રજ્ઞાવિત્રી, નરકની નીચે અધો દિશા અને દેવલોકની ઉપર ઉર્ધ્વ દિશા છે - આ પ્રજ્ઞાપના દિશાના નામો છે, હવે તે દિશાઓના આકાર (સંસ્થાન)ને બતાવે છે—

[નિ.૫૯] સોળે તિર્યક્ દિશા ગાડાની ઉદ્ધના આકારે જાણવી. તે પ્રજ્ઞાપકના પ્રદેશમાં સાંકડી અને બહાર પહોળી છે. ઉર્ધ્વ અને અધો દિશા સરવલાના આકારે છે. કેમકે તે મસ્તક અને પગના મૂળમાં નાની હોવાથી મલ્લક અને બુધ્નાકારે જતા વિશાળ થાય છે. આ બધાના તાત્પર્યને જાણવા યંત્ર જોવું તેમ વૃત્તિકારે નોંધેલ છે.

હવે ભાવ દિશાનું નિરૂપણ કરે છે—

[નિ.૬૦] મનુષ્ય, તિર્યંચ, કાય અને વનસ્પતિ એ ચારેના ચાર-ચાર ભેદ છે. તેથી ૪ x ૪ = ૧૬ ભેદ. તથા દેવ અને નારક ઉમેરતા અઢાર ભાવ દિશા થાય છે.

૦ મનુષ્યના ચાર ભેદ - સંમૂર્છનજ, કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વિપજ.

૦ તિર્યંચના ચાર ભેદ - બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.

૦ કાયાના ચાર ભેદ - પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય.

૦ વનસ્પતિના ચાર ભેદ - અગ્રબીજ, મૂળબીજ, સ્કંધબીજ, પર્વબીજ.

— અહીં સામાન્યથી દિશાનું ગ્રહણ કરેલ છે, છતાં જે દિશામાં જીવોની અટક્યા વિના ગતિ-આગતિ સ્પષ્ટ કરી તે સર્વત્ર સંભવે છે. તે દિશાનો જ અહીં અધિકાર છે. તેથી તેને નિર્યુક્તિકાર સાક્ષાત્ દર્શાવે છે. ભાવદિશાની સાથે જ રહેનારી હોવાથી તેનો વિચાર કરેલ છે. તેથી હવે બીજી દિશાઓને વિચારીએ છીએ.

[નિ.૬૧,૬૨] પ્રજ્ઞાપકની અપેક્ષાએ દિશાના અઢાર ભેદ છે. અહીં ભાવ દિશા



પણ પ્રત્યેક તે જ પ્રમાણે સંભવે છે. તેથી એક-એક પ્રજ્ઞાપક દિશાને ભાવ દિશાના અઢાર અંક વડે ગુણતા ૧૮ x ૧૮ = ૩૨૪ થશે. તેની ઉપલક્ષણથી તાપદિશા વગેરેમાં પણ યથાસંભવ યોજના કરવી. ક્ષેત્ર દિશામાં તો ચાર મહાદિશાઓનો જ સંભવ છે, વિદિશા આદિનો સંભવ નથી. કેમકે વિદિશા ફક્ત એક પ્રદેશની હોય છે.

— આ દિશા સંયોગનો સમૂહ પૂર્વે ''अण्णयरीओ दिसाओ आगओ अहमंसि'' કહેલ વચનથી ગ્રહણ કરેલ છે.

— સૂત્રનો અવયવાર્થ - અહીં દિશા શબ્દથી પ્રજ્ઞાપક દિશા પૂર્વ આદિ ચાર તથા ઉર્ધ્વ અને અધો મળીને છ ગ્રહણ કરી છે. ભાવ દિશા અઢાર જ છે. ''અનુદિક્'' શબ્દથી પ્રજ્ઞાપકની બાર વિદિશા જાણવી. તેમાં અસંજ્ઞીને એવો બોધ નથી, સંજ્ઞીઓમાં પણ કેટલાકને હોય અને કેટલાંકને આ બોધ ન હોય કે હું અમુક દિશાથી આવ્યો છું.

હવે ઉપસંહાર કરતા કહે છે કે - કેટલાક જીવો જાણતા નથી કે કઈ પ્રતિવિશિષ્ટ દિશા અથવા વિદિશામાંથી મારે આવવાનું થયું છે. આ જ વાત નિર્યુક્તિ દ્વારા જણાવે છે—

[નિ.૬૩] કેટલાંક જીવોને જ્ઞાનાવરણીય કર્મના વધુ ક્ષયોપશમથી તે જ્ઞાનસંજ્ઞા છે અને કેટલાંક જીવોને જ્ઞાનાવરણ કર્મના આવરણથી તે જ્ઞાનસંજ્ઞા હોતી નથી. જે જ્ઞાનસંજ્ઞા નથી તે બતાવે છે - કે હું પૂર્વજન્મમાં મનુષ્યાદિ કઈ ગતિમાં હતો ? આ પ્રશ્નથી ભાવદિશા ગ્રહણ કરી અથવા કઇ દિશાથી હું આવ્યો ? એ પ્રશ્નથી પ્રજ્ઞાપક દિશા ગ્રહણ કરી - જેમ કોઈ દારૂના નશાથી ચકચૂર હોય, તેનું મન અવ્યક્ત વિજ્ઞાનવાળુ હોય, તે ભૂલીને શેરીમાં પડી જાય. કુતરા આવીને તેનું મોઢું ચાટે, તે સ્થિતિમાં કોઈ તેને ઘેર લઈ આવે, તેના નશો ઉતરી જાય તો પણ ''હું ક્યાંથી આવ્યો'' તેનું તેને જ્ઞાન હોતું નથી, એ જ રીતે બીજી ગતિમાંથી આવેલ મનુષ્ય આદિ પણ કંઈ જાણતા નથી.

માત્ર આ સંજ્ઞા જ નહીં પણ બીજી પણ સંજ્ઞાના અભાવને સૂત્રકારે જણાવે છે—

● **સૂત્ર-૩ :-**

*(કેટલાંક જીવોને એ જ્ઞાન હોતું નથી કે—)* ***મારો આત્મા પુનર્જન્મ ધારણ કરનાર છે ? અથવા મારો આત્મા પુનર્જન્મ ધારણ કરનાર નથી ? પૂનર્જન્મમાં હું કોણ હતો ? અથવા અહીંથી ચ્યવીને-મૃત્યુ પામીને પરલોકમાં શું થઈશ ?***

● **વિવેચન :-**

'अस्ति' એટલે વિધમાન છે. 'मम' શબ્દથી શરીરનો નિર્દેશ કરેલ છે. શરીરનો માલિક એટલે અંદર રહેલો આત્મા. તે નિરંતર ગતિપ્રવૃત્ત છે. તે આત્મા એટલે જીવ. આ જીવ કેવો છે ? ઓપપાતિક છે. એક જન્મમાંથી બીજા જન્મમાં ફરી ફરી જવું એટલે ઉપપાત. તેમાં થવું તે ઔપપાતિક. આ સૂત્ર વડે સંસારનું સ્વરૂપ બતાવે છે. ''મારો આત્મા આવો ઔપપાતિક છે કે નહીં ?'' તે જ્ઞાન કેટલાંક અજ્ઞાની જીવોને હોતું નથી.

હું કોણ છું ? પૂર્વજન્મમાં નારક, તિર્યંચ, મનુષ્ય કે દેવ હતો ? ત્યાંથી આ મનુષ્ય જન્મમાં આવેલ છું અને મરણ પછી હું ક્યાં ઉત્પન્ન થઈશ ? એ જ્ઞાન હોતું નથી.

જો કે અહીં સર્વત્ર ભાવદિશા અને પ્રજ્ઞાપક દિશાનો અધિકાર છે, તો પણ પૂર્વસૂત્રમાં સાક્ષાત્ પ્રજ્ઞાપક દિશા લીધી છે અને અહીં ભાવદિશા છે, તેમ જાણવું.

શંકા :- અહીં સંસારી જીવોને દિશા-વિદિશામાંથી આવવા વગેરેની વિશિષ્ટ સંજ્ઞાનો નિષેધ થાય છે પણ સામાન્ય સંજ્ઞાનો નહીં. આ વાત સંજ્ઞી, જે ધર્મી આત્મા છે તેને સિદ્ધ કર્યા પછી થાય છે. કહ્યું છે કે - ''ધર્મી સિદ્ધ થાય તો ધર્મનું ચિંતવન થાય છે.'' હવે તમારો માનેલો આત્મા પ્રત્યક્ષ આદિ પ્રમાણથી દૂર હોવાથી તેની સિદ્ધિ નહીં થાય, તેથી આત્મા પ્રત્યક્ષથી નજરોનજર દેખાતો નથી, કેમકે આત્મા અતીન્દ્રિય છે. આ અતીન્દ્રિયત્વ સ્વભાવના વિપ્રકૃષ્ટ હોવાના કારણે મનાયેલ છે. વળી આત્માના સાહજિક કાર્યાદિના ચિન્હનો સંબંધ ગ્રહણ ન થતો હોવાથી પણ તેનું અતીન્દ્રિયત્વ કહેલું છે. અનુમાન પ્રમાણથી પણ આત્મા સિદ્ધ થતો નથી. કેમકે આત્મા ઇન્દ્રિયોને પ્રત્યક્ષ ન હોવાના કારણે આત્માને સામાન્યથી પણ ગ્રહણ કરવો અસંભવ છે.

– વળી ઉપમાન પ્રમાણથી પણ આત્મા ગ્રહણ થઈ શકતો નથી અને આગમ પ્રમાણની દૃષ્ટિએ કહીએ તો પણ અનુમાનના અંતર્ગત્ હોવા સિવાય બાહ્ય વસ્તુમાં સંબંધ નહીં હોવાથી પ્રમાણનો અભાવ માનેલો છે. અથવા પ્રમાણને માને તો પણ આગમ વચનોમાં પરસ્પર વિરોધ જણાય છે. આગમ સિવાય પણ સકલ વસ્તુની ઉત્પત્તિ અર્થાપત્તિથી સિદ્ધ થતી નથી. આ પ્રમાણે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ અને અર્થાપત્તિ આ પાંચ પ્રમાણથી છઠ્ઠા પ્રમાણનો વિષય હોવાથી આત્માનો અભાવ જ માનવામાં આવશે.

– પ્રયોગ આ પ્રમાણે છે – (૧) આત્મા નથી, (૨) કારણ કે તે પાંચ પ્રમાણના વિષયથી દૂર છે, (૩) જેમકે - ગધેડાના શીંગડા. આ પ્રમાણે આત્માનો અભાવ સિદ્ધ થવાથી વિશિષ્ટ સંજ્ઞાનો જ નિષેધ થઈ જશે અને તેમ થતા સૂત્રની ઉત્પત્તિ જ નહીં રહે – હવે આ શંકાનું સમાધાન કરે છે –

**સમાધાન** – આ બધી શંકા ગુરુની સેવા નહીં કરનારાઓની છે. (સત્ય એ છે કે) (૧) આત્મા પ્રત્યક્ષ જ છે, (૨) આત્માનો જ્ઞાનગુણ સ્વયંને અનુભવસિદ્ધ છે. (૩) જેમકે - વિષયોની સ્થિતિ સ્વસંવેદનસિદ્ધ હોય છે. તેથી ઘટ, પટ વગેરેને પણ રૂપાદિ ગુણ પ્રત્યક્ષપણે આંખની સામે જ છે. મરણના અભાવના પ્રસંગથી ભૂતોનો ગુણ ચૈતન્ય છે એવી શંકા ન કરવી. કેમકે તેઓનો તેની સાથે હંમેશા સંનિધાનનો સંભવ છે. ત્યાજ્ય વસ્તુનો ત્યાગ અને ઉપાદેય વસ્તુના ગ્રહણ. એ બધાની પ્રવૃત્તિના અનુમાન વડે આત્માની સિદ્ધિ થાય છે. એ જ પ્રમાણે દિશા-ઉપમાનાદિ પણ પોતાની બુદ્ધિ વડે પોતાના વિષયમાં યથાસંભવ યોજવા (સમજવા).

– કેવળ જિનેશ્વરના આ આગમ વડે જ વિશિષ્ટ સંજ્ઞા નિષેધના દ્વાર વડે



હું છું એમ આત્માના ઉલ્લેખ વડે આત્માનો સદ્‌ભાવ સિદ્ધ કર્યો છે. જૈન આગમ સિવાયના બીજા આગમો અનાપ્ત પુરુષના બનાવેલા હોઈ અપ્રમાણ જ છે. અહીં ''આત્મા છે'' એમ માનનાર ક્રિયાવાદીના બધા ભેદો સમાવિષ્ટ થયા. ''આત્મા નથી'' એમ માનનાર અક્રિયાવાદીના બધા ભેદો સમાવિષ્ટ છે. અજ્ઞાની તથા વૈનયિકના બધા ભેદો તેમાં સમાતા હોવાથી તેનું પણ ગ્રહણ કર્યું છે.

– આ ૩૬૩ પાખંડીના ભેદો આ પ્રમાણે છે - ક્રિયાવાદીના-૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના-૬૭ અને વિનયવાદીઓના-૩૨ ભેદો છે.

– ક્રિયાવાદીના-૧૮૦ ભેદ આ પ્રમાણે - જીવ, અજીવ, આશ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ નામે નવ પદાર્થો છે, તે સ્વ અને પર બે ભેદથી, નિત્ય અને અનિત્ય બે વિકલ્પો વડે તથા કાળ, નિયતિ, સ્વભાવ, ઇશ્વર અને આત્મા એ પાંચ એ બધાંનો ગુણાકાર કરતા ૯ x ૨ x ૨ x ૫ = ૧૮૦ ભેદો છે. આનું અસ્તિત્વ માનનારા કહે છે–

(૧) જીવ સ્વથી અને કાળથી નિત્ય છે. (૨) જીવ સ્વથી અને કાળથી અનિત્ય છે. (૩) જીવ પરથી અને કાળથી નિત્ય છે. (૪) જીવ પરથી અને કાળથી અનિત્ય છે. આ પ્રમાણે કાળના ચાર ભેદ થયા, આ પ્રમાણે નિયતિ, સ્વભાવ, ઇશ્વર, આત્માના ચાર-ચાર વિકલ્પ થાય. એ રીતે ૫ x ૪ = ૨૦ ભેદ. આ તો જીવના ભેદ થયા. આ પ્રમાણે અજીવ આદિ આઠના ભેદો ગણતા ૨૦ x ૯ = ૧૮૦ ભેદ થાય.

તેમાં સ્વથી એટલે પોતાના જ રૂપ વડે જીવ છે, પણ પરની ઉપાધિ વડે હ્રસ્વ કે દીર્ઘપણાની માફક નથી. તે નિત્ય અને શાશ્વત છે, પણ ક્ષણિક નથી. પૂર્વકાળ અને ઉત્તરકાળમાં રહેનાર છે. અહીં કાળથી એટલે કાળ જ આ વિશ્વની સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલયનું કારણ છે. કહ્યું છે કે - કાળ જ ભૂતોને પરિપક્વ કરે છે, કાળ જ પ્રજાનો નાશ કરે છે. બધાં સુતા હોય તો પણ કાળ જાગે છે. કાળ દુરતિક્રમ છે. આ કાળ અતીન્દ્રિય છે. તે એક સાથે થતી, ઘણા કાળે થતી, ક્રિયાઓથી જણાય છે.

વિકલ્પ-૧-કાળ ઠંડી, ગરમી, વર્ષાની વ્યવસ્થાનો હેતુ છે. ક્ષણ, લવ, મુહૂર્ત, પ્રહર, અહોરાત્ર, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, કલ્પ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્‌ગલ પરાવર્ત, અતીત, અનાગત, વર્તમાન, સર્વ અદ્ધાદિના વ્યવહારરૂપ છે.

વિકલ્પ-૨-કાળથી જ આત્માનું અસ્તિત્વ છે. પણ કાળ અનિત્ય છે.

વિકલ્પ-૩-પર આત્માથી જ સ્વ આત્માની સિદ્ધિ સ્વીકારેલ છે. પણ આત્માનું અસ્તિત્વ પર અપેક્ષાએ કઈ રીતે સ્વીકારી શકાય ?

ખરેખર એ તો પ્રસિદ્ધ જ છે કે - સર્વે પદાર્થો પરપદાર્થના સ્વરૂપની અપેક્ષા એ પોતાના રૂપનો પરિચ્છેદક છે. જેમકે દીર્ઘની અપેક્ષાએ હ્રસ્વપણાનું અને હ્રસ્વ અપેક્ષાએ દીર્ઘપણાનું જ્ઞાન થાય છે. એ પ્રમાણે આત્મા સિવાયના સ્તંભ, કુંભ આદિ જોઈને તેનાથી ભિન્ન એવા પદાર્થમાં આત્મપણાની બુદ્ધિ પ્રવર્તે છે. તેથી આત્માના સ્વરૂપનો નિશ્ચય પરથી જ થાય છે, પોતાની મેળે નહીં.

વિકલ્પ-૪-પણ પૂર્વેની માફક જ સમજી લેવો.

કેટલાક લોકો નિયતિથી જ આત્માનું સ્વરૂપ સ્વીકારે છે. આ **નિયતિ** શું છે ?

પદાર્થોનો અવશ્યપણે થનારો જે ભાવ, તે ભાવને યોજનાર નિયતિ છે. કહ્યું છે—

“નિયતિના બળના આશ્રયથી જે પદાર્થનો સંયોગ થવાનો હોય તે ભલે શુભ હોય કે અશુભ હોય પણ તે મનુષ્યને અવશ્ય મળે છે. હવે તે અટકાવવા કે ફેરફાર કરવા માણસો પ્રયત્ન કરે તો પણ ભાવીનો નાશ અને અભાવ્યની પ્રાપ્તિ ન થાય.” આ મત પ્રાયઃ મસ્કરી નામક પરિવ્રાજકના મતને અનુસરનારો છે.

બીજા કેટલાંક **સ્વભાવ**ને જ સંસારની વ્યવસ્થામાં જોડે છે. સ્વભાવ શું છે ?

વસ્તુને પોતાનો જ તેવો પરિણતિ ભાવ તે સ્વભાવ છે, કહ્યું છે કે—

કાંટાઓને કોણ તીક્ષ્ણ બનાવે છે ? મૃગ અને પક્ષીઓમાં વિચિત્ર ભાવ કોણ કરે છે ? આ બધી પ્રવૃત્તિ સ્વભાવથી જ થાય છે. તેમાં કોઈ મહેનત લેતું નથી. તો પ્રયત્ન ક્યાં થયો ?

સ્વભાવથી જ પ્રવૃત્ત અને સ્વભાવથી જ નિવૃત્ત એવા પ્રાણીઓનું હું કંઈ પણ કરનારો નથી એમ જે માને છે તે જ દેખતો છે.

મૃગલીઓની આંખો કોણ આંજવા ગયું છે. મોરના પીછામાં કોણ શોભા કરે છે ? કમળની પાંખડીઓને સુંદર રીતે કોણ ગોઠવે છે ? કુળવાન્ પુરુષના હૃદયમાં વિનય કોણ મુકે છે ? (કોઈ નહીં. આ બધું સ્વભાવથી જ થાય છે, તેમ સ્વભાવવાદી માને છે.)

બીજા કોઈ કહે છે કે – આ બધું જીવ આદિ જે કંઈ છે, તે ઇશ્વરથી જ ઉત્પન્ન થયું છે, અને તેથી જ સ્વરૂપમાં રહે છે, તો પછી આ **ઇશ્વર** કોણ છે ?

અણિમા આદિ ઐશ્વર્ય યોગથી તે ઇશ્વર છે. અજ્ઞજંતુ આત્માના સુખદુઃખના કારણમાં અસમર્થ છે. પણ ઇશ્વરનો પ્રેરાયેલો સ્વર્ગ કે નર્કમાં જાય છે.

કેટલાક કહે છે કે - જીવ આદિ પદાર્થ કાળ આદિથી સ્વરૂપને બનાવતા નથી, પણ આત્માથી જ બધા પદાર્થ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તો આ **આત્મા** કોણ છે ?

અદ્વૈતવાદીઓ કહે છે - આ આત્મા જ વિશ્વપરિણામ સ્વરૂપ છે. કહ્યું છે કે—

નિશ્ચયથી એક જ ભૂતાત્મા સર્વે ભૂતોમાં રહેલો છે. તે એકલો હોવા છતાં, જેમ ચંદ્ર પાણીમાં જુદો જુદો દેખાય છે, તેમ તે આત્મા અનેકમાં દેખાય છે. વળી કહ્યું છે કે—

જે આ જગત્માં બધું થયું છે અને થવાનું છે તે સર્વે એક પુરુષ જ છે. વગેરે...

આ પ્રમાણે અજીવ પણ પોતાથી અને કાળથી નિત્ય છે. ઇત્યાદિ બધું જાણી લેવું.

આ પ્રમાણે **અક્રિયાવાદીઓના પણ ભેદ છે**. તે નાસ્તિત્વવાદી છે. તેઓમાં પણ જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત પદાર્થો છે. તે



સ્વ અને પર બે ભેદ વડે તથા કાળ, યદૅચ્છા, નિયતિ, સ્વભાવ, ઇશ્વર અને આત્મા એ છ ભેદો વડે તેના (૭ x ૨ x ૬ = ૮૪) ચોર્યાશી ભેદો થાય છે. તે આ પ્રમાણે—

જીવ પોતાથી અને કાળથી તથા પરથી અને કાળથી સિદ્ધ થતો નથી. આ પ્રમાણે કાળ સાથે ગણતા તેના બે ભેદ થયા. આ જ પ્રમાણે યદૅચ્છા, નિયતિ આદિ છ સાથે ગણતા તેના બાર ભેદ થયા. જીવની માફક અજીવાદિ સાતે પદાર્થો ગણતા ૮૪ ભેદ થયા.

૧-તાત્પર્ય એ છે કે જીવ પોતાના **કાળથી** નથી. અહીં પદાર્થોના લક્ષણ વડે તેનું હોવું નિશ્ચિત કરાય છે કે કાર્યથી ? આત્માનું તેવુંકોઈ લક્ષણ નથી કે જેના વડે અમે તેની સત્તા સ્વીકારીએ. પર્વત આદિ અણુઓનું કાર્ય હોય, તે સંભવ નથી. જો લક્ષણ અને કાર્ય વડે વસ્તુ ન મેળવીએ તો તે વિદ્યમાન નથી. જેમ આકાશમાં કમળ વિદ્યમાન નથી. માટે આત્મા નથી.

વિકલ્પ-૨-આકાશ કુસુમની જેમ જે આત્મા પોતાથી જ નથી, તે આત્મા બીજાથી પણ નથી અથવા સર્વે પદાર્થોનો ‘પર’-બીજો ભાગ દેખાતો નથી. તેમજ આગળના ભાગના સૂક્ષ્મપણાથી ઉભયભાગની પ્રાપ્તિ થતી નથી. આ રીતે સર્વ અનુપલબ્ધિથી “આત્મા નથી” તેવા ‘नास्तित्व’ ને અમે સ્વીકારીએ છીએ.

યદૅચ્છાથી આત્માનું અસ્તિત્વ નથી. તો આ **યદૅચ્છા** શું છે ?

અનાયાસે અર્થની પ્રાપ્તિ થાય તે યદૅચ્છા છે. કહ્યું છે કે—

વણ વિચાર્યુ આ માણસોનું સુખદુઃખ ઉત્પન્ન થયું જ છે. જેમ કાગડાના બેસવાથી ડાળનું પડવું ન્યાય છે તે જેમ કાગડાએ પાડેલ નથી, તેમ જગત્માં જે કંઈ થાય છે, તે બુદ્ધિપૂર્વક નથી, તેમાં લોકોનું ખોટું અભિમાન જ છે કે આ મેં કર્યુ.

અમે વનના પિશાચો છીએ તે ખરું, અમે હાથથી ભેરીને અડતા નથી તો પણ યદૅચ્છાએ લોકો એકઠા થાય છે અને કહે છે કે પિશાચો ભેરી વગાડે છે. આ જ પ્રમાણે “અજા-કૃપાણી”, “આતુર-ભેષજ”, અંધ-કંટક આદિ દૅષ્ટાંતો જાણી લેવા. આ પ્રમાણે બધાં પ્રાણીઓના જન્મ, જરા, મરણ વગેરે લોકમાં જે કંઈ થાય તે બધું કાક-તાલીય ન્યાય માફક જાણવું. આ જ રીતે નિયતિ, સ્વભાવ, ઇશ્વર, આત્માથી પણ આત્મા અસિદ્ધ જાણવો.

હવે **અજ્ઞાનીના ૬૭ ભેદ બતાવે છે**—તે આ પ્રમાણે—

પૂર્વે જીવ આદિ નવ પદાર્થો કહ્યા તે, તેમજ દશમો ભેદ ઉત્પત્તિ લેવો. તે દશેને-સત્, અસત્, સદસત્, અવક્તવ્ય, સદ્ વક્તવ્ય, અસદ્વક્તવ્ય, સદસદ્વક્તવ્ય આ સાત ભેદ વડે જાણવાને શક્તિમાન નથી, તેમજ જાણવાનું પ્રયોજન પણ નથી.

તેની વિચારણા આ પ્રમાણે-જીવ વિદ્યમાન છે તે કોણ જાણે છે ? તે જાણવાનું પ્રયોજન શું ? જીવ અવિદ્યમાન છે તે કોણ જાણે છે ?, તે જાણવાનું પ્રયોજન શું ? આ પ્રમાણે અજીવાદિ આઠમાં પણ પ્રત્યેકના સાત ભેદ ગણતા કુલ (૯ x ૭ =) ૬૩ ભેદ થયા. ભાવની ઉત્પત્તિ કોણ જાણે છે ? અથવા જાણવાથી શું પ્રયોજન ? આદિ ૪ વિકલ્પ ઉમેરતા-૬૭ ભેદ થયા. ઉત્પત્તિના બીજા ત્રણ વિકલ્પો ભાવિમાં જ

થવાના હોય તેને અહીં ગ્રહણ કરેલ નથી.

અહીં જીવ 'સત્' છે તે કોણ જાણે છે ? તેનો અર્થ આ પ્રમાણે છે—

કોઈને વિશિષ્ટ જ્ઞાન નથી કે જે અતીન્દ્રિય જીવાદિ પદાર્થોને જાણી શકે. તે જાણવાનું કંઈ ફળ પણ નથી. જેમકે જીવ નિત્ય-સર્વગત-મૂર્તજ્ઞાનાદિ ગુણોપેત કે આ ગુણોથી અલગ છે તે જાણી ન શકે. વળી તે જાણવાથી કશું સિદ્ધ પણ ન થાય. તેથી અજ્ઞાન જ શ્રેય છે. વળી તુલ્ય અપરાધમાં અજ્ઞાનતાથી કરવામાં લોકમાં સ્વલ્પ દોષ છે તેમજ લોકોત્તરમાં પણ મનથી, અનાભોગથી, સહસાકારથી વગેરે કાર્ય થાય તેમાં નાના સાધુ તથા સ્થવિર, ઉપાધ્યાય, આચાર્યને અનુક્રમે વધુ-વધુ પ્રાયશ્ચિત્ત છે. આ પ્રમાણે બીજા વિકલ્પોમાં પણ જાણવું.

હવે **વિનયવાદીના બત્રીશભેદ** કહે છે—

દેવ, રાજા, યતિ, જ્ઞાતિ, સ્થવિર, અધમ, માતા, પિતા એ આઠેનો મન, વચન, કાયા અને (આહારાદિના) પ્રદાન એ ચાર પ્રકારે વિનય કરવો. તે આ પ્રમાણે-આ દેવતાઓનો મનથી, વચનથી, કાયાથી અને દેશ-કાળની ઉત્પત્તિ પ્રમાણે દાન દેવા વડે વિનય કરવો. આવા વિનયથી જ સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે એમ તેઓ માને છે. તેમના મતે નીચે નમવું અને નમ્રતા બતાવવી તે વિનય છે. સર્વત્ર આવો વિનયી સ્વર્ગ, મોક્ષ પામે છે.

કહ્યું છે કે — વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ અને મોક્ષથી અવ્યાબાધ સુખ છે.

અહીં આ ક્રિયાવાદીઓમાં અસ્તિત્વ છે. છતાં તેમાં પણ કેટલાકમાં આત્માને નિત્ય, અનિત્ય, કર્તા, અકર્તા, મૂર્ત, અમૂર્ત, શ્યામાકતંદુલ પ્રમાણ, અંગુઠાના પર્વ જેટલો, દીપશિખા સમાન અને હૃદયસ્થ ઇત્યાદિ માને છે. તેમજ આત્માને ઔપપાતિક માને છે.

— અક્રિયાવાદીઓ આત્માનું અસ્તિત્વ જ માનતા નથી, તો ઉપપાત કેમ સિદ્ધ થાય ?

— અજ્ઞાનીઓ આત્માને તો માને છે, પણ તેઓ જ્ઞાનને નકામું માને છે.

— વિનયવાદી પણ આત્માને માને છે, પણ વિનય જ માત્ર મોક્ષનું સાધન છે તેમ કહે છે.

— આ પ્રમાણે સામાન્યથી આત્માના અસ્તિતત્વને સ્વીકારવાથી અક્રિયાવાદીઓના મતને ખોટો ઠેરવ્યો. હવે આત્માના અસ્તિત્વના અસ્વીકારના દોષોને જણાવે છે—

શાસક, શાસ્ત્ર, શિષ્ય, પ્રયોજન, વચન, હેતુ અને દૃષ્ટાંત તે બધાં બોલનારથી શૂન્ય નથી. આત્માનું અસ્તિત્વ સ્વીકારે તો જ બધાં પ્રમાણ છે, આત્મ અભાવે અપ્રમાણ છે. પ્રતિષેધક અને પ્રતિષેધ બંને જો શૂન્ય હોય તો આ બધું કઈ રીતે થાય ? અને પ્રતિષેધકના અભાવમાં પ્રતિસિદ્ધ એવા જગત્‌ના પદાર્થો સિદ્ધ થાય.

આ પ્રમાણે બાકીના મતવાળાઓનું યથાસંભવ નિરાકરણ સ્વયં સમજી લેવું.



હવે પ્રસ્તુત વિષય જણાવે છે — અહીં કેટલાકને એવી સમજ હોતી નથી કે — હું ક્યાંથી આવ્યો છું, આમ કહેવાથી કેટલાકને આવી સમજ હોય પણ છે તેમ સમજવું. તેમાં સામાન્ય સંજ્ઞાનું દરેક પ્રાણીમાં સિદ્ધપણું હોવાથી અને તેનું કારણ જાણવાથી સામાન્ય સંજ્ઞાનું વિશેષ પ્રયોજન નથી. પણ વિશિષ્ટ સંજ્ઞાનું પ્રયોજન છે, કેમકે તે કેટલાકને જ હોય છે, વળી તેમાં ઉપપાત આત્માનો સ્વીકાર છે. તેથી સૂત્રકાર સ્વયં આ વિશિષ્ટ સંજ્ઞાના કારણોને જણાવે છે અને સામાન્ય સંજ્ઞાનું પ્રતિપાદન છોડી દે છે.

● **સૂત્ર-૪ :-**

***કોઈ જીવ પોતાના જાતિસ્મરણ જ્ઞાનથી, તીર્થંકર આદિના વચનથી કે અન્ય વિશિષ્ટ જ્ઞાનીની પાસેથી સાંભળીને જાણી શકે છે કે, હું પૂર્વદિશાથી આવ્યો છું - યાવત્ - અન્ય દિશા કે વિદિશાથી આવેલો છું. એ જ રીતે કેટલાક જીવોને એવું જ્ઞાન હોય છે કે મારો આત્મા પુનર્ભવ કરવાવાળો છે, જે આ દિશા-વિદિશામાં વારંવાર આવાગમન કરે છે. જે સર્વે દિશા અને વિદિશામાં આવાગમન કરે છે તે હું જ છું.***

● **વિવેચન :-**

'स' એટલે પૂર્વે કહેલ જ્ઞાતા કે જેને વિશિષ્ટ ક્ષયોપશમ હોય તે વિચારે છે કે પૂર્વોક્ત દિશા-વિદિશાથી મારું આગમન થયું છે. તથા પૂર્વજન્મમાં હું દેવ, નારક, તિર્યંચ કે મનુષ્ય કોણ હતો ? સ્ત્રી, પુરુષ કે નપુંસક હતો ? હું આ મનુષ્યજન્મમાંથી મરીને દેવ-આદિ શું થઈશ ? એમ વિચારે અને જાણે. આથી એમ સમજવું કે અનાદિ સંસારમાં ભ્રમણ કરતા કેટલાક પ્રાણી દિશામાંથી આગમને ન જાણે, પણ વિશિષ્ટ સંજ્ઞાવાળો હોય તે જાણે. જે જાણે તે પોતાની સન્મતિથી જાણે છે. અહીં સૂત્રમાં "सह सम्मइयाए" કહ્યું છે - 'सह' શબ્દ સંબંધવાચી છે, सद् શબ્દ પ્રશંસા અર્થમાં છે, મતિ એ જ્ઞાન છે તેનો અર્થ છે - આત્માની સાથે જે સદા સન્મતિ રહેલી છે, તે સન્મતિ વડે કેટલાંક જાણે છે. આ વાક્ય દ્વારા વૈશેષિક મતનું ખંડન કરેલ છે. *(જેની વાદ ચર્ચા અત્રે નોંધી નથી, તે મૂળ વૃત્તિમાં જોવી.)*

આ સ્વમતિ કે સન્મતિના ચાર ભેદ જાણવા - અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન અને જાતિસ્મરણજ્ઞાન, તેમાં અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનનું સ્વરૂપ અન્યત્ર વિસ્તારથી કહ્યું છે. જાતિસ્મરણજ્ઞાન એ મતિજ્ઞાનના જ વિશેષ બોધરૂપ છે. આ રીતે ચાર પ્રકારની આત્માની મતિથી કોઈક જીવો વિશિષ્ટ દિશાની ગતિ-આગતિને જાણે છે.

कश्चित् એટલે તીર્થંકૃત્ સર્વજ્ઞ. પરમાર્થથી તેમને જ પર શબ્દનું વાચ્યપણું હોવાથી પરપણું છે. તેમના ઉપદેશ વડે પ્રાણીઓ જીવોને અને જીવોના પૃથ્વીકાય આદિ ભેદોને તથા તેમની ગતિ-આગતિને જાણે છે. તથા તીર્થંકર સિવાયના અન્ય અતિશય જ્ઞાનીઓની પાસે સાંભળીને પણ જાણે છે. જે જાણે છે તે હવે સૂત્ર-અવયવ વડે કહે છે—

હું પૂર્વદિશાથી આવ્યો છું કે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઉર્ધ્વ, અધો કે બીજી કોઈ દિશા-વિદિશાથી આવ્યો છું. એમ વિશિષ્ટ ક્ષયોપશમ આદિ વાળાને તીર્થંકર તથા અન્ય અતિશય જ્ઞાની વડે બોધિતોને આ જ્ઞાન હોય છે. તથા પ્રતિવિશિષ્ટ દિશામાંથી આગમનના પરિજ્ઞાન સિવાય બીજું પણ આવું જ્ઞાન તેને થાય છે. જેમકે - મારા આ શરીરનો અધિષ્ઠાતા જ્ઞાન-દર્શન ઉપયોગ લક્ષણ આત્મા છે, તે ભવાંતરમાં જનાર છે. તે અસર્વગત ભોક્તા, મૂર્તિરહિત, અવિનાશી, શરીર માત્ર વ્યાપી આદિ ગુણવાળો છે. આ આત્માના આઠ ભેદ છે — દ્રવ્ય, કષાય, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય. તેમાં અહીં મુખ્યત્વે ઉપયોગ આત્માનો અધિકાર છે. બાકીના ભેદો તેના અંશ તરીકે ઉપયોગમાં લેવાય છે તેથી કહ્યા છે.

આ પ્રમાણે ''મારો આત્મા છે''. જે અમુક દિશા-વિદિશામાંથી ગતિ પ્રાયોગ્ય કર્મના ઉપાદાનથી તેને અનુસાર ચાલે છે. જો 'अणुसंचरइ' ને બદલે ''अणुसंसरइ' પાઠ લઈએ તો તેનો અર્થ છે - દિશાવિદિશાઓનું ગમન અને ભાવદિશામાંથી આગમનનું સ્મરણ કરે છે.

હવે ઉપસંહાર કરતા કહે છે કે- બધી દિશા-અનુદિશામાંથી જે આવેલો છે અને અનુસંચરે છે કે અનુસરે છે, તેવો હું - એવા ઉલ્લેખથી ''આત્મા'' સિદ્ધ થયો. પૂર્વાદિ પ્રજ્ઞાપક દિશા અને ભાવ દિશા પણ લીધી. હવે નિર્યુક્તિકાર આ જ અર્થને કહે છે—

**[નિ.૬૪,૬૫,૬૬]** કોઈ પ્રાણી સંસારભ્રમણ કરતો અવધિજ્ઞાન આદિ ચાર પ્રકારની સ્વમતિ વડે જાણે છે — x — x — અથવા અતિશયજ્ઞાની પાસેથી સાંભળીને જાણે છે અથવા તીર્થંકરના ઉપદેશથી જાણે છે કે જીવ અને પૃથ્વીકાયાદિ જીવનિકાય છે. અહીં જીવ શબ્દથી પહેલો ઉદ્દેસો અને પૃથ્વીકાયાદિ શબ્દથી છ ઉદ્દેશાના અધિકારને અનુક્રમે કહે છે.

અહીં 'सहसम्मइअ' પદ સૂત્રમાં છે, તેમાં 'जाणण' પદ વડે જ્ઞાનનો ઉપાત્ત જાણવો. मन् ક્રિયાપદ 'જાણવા'ના અર્થમાં છે. કેમકે ''મનન કરવું એટલે મતિ.'' આ જ્ઞાન અવધિ, મનઃપર્યવ, કેવળ અને જાતિસ્મરણ વાળુ છે. તેમાં મનઃપર્યવજ્ઞાની અને અવધિજ્ઞાની બંને સંખ્યાતા અને અસંખ્યાતા ભવને જાણે છે, જ્યારે કેવળી નિયમથી અનંતા ભવોને જાણે છે જ્યારે જાતિસ્મરણજ્ઞાની નિયમથી (ઉત્કૃષ્ટે) સંખ્યાતા ભવોને જાણે છે.

'पर वइ वागरण' એટલે જિનેશ્વરનો ઉપદેશ. જિનેશ્વરથી શ્રેષ્ઠ બીજો કોઈ નથી. બીજાઓ પાસેથી સાંભળીને (પણ જ્ઞાન થાય), પણ જિનેશ્વર સદેશ કોઈ બોધ દાતા નથી.

અહીં 'सहसम्मइअ' શબ્દના પરિજ્ઞાનને માટે સુખેથી સમજવા ત્રણ દૃષ્ટાંતો કહ્યા છે — (૧) ધર્મરુચિ (૨) ગૌતમ સ્વામી, (૩) ભગવંત મલ્લિનાથના છ મિત્રો. *(આ દૃષ્ટાંત વૃત્તિ મુજબના છે - આવશ્યક ચૂર્ણિમાં અન્ય પાત્રોના દૃષ્ટાંત અપાયેલા છે - તે પણ જોવાં)*



**(૧) ધર્મરુચિનું દૃષ્ટાંત** - વસંતપુર નગરે જિતશત્રુ રાજા, ધારિણી મહારાણી હતા, તેને ધર્મરૂચી નામે પુત્ર હતો. કોઈ દિવસે રાજા તાપસવ્રત લેવાની ઇચ્છાથી ધર્મરૂચિને રાજ્ય સોંપવાને ઉધત થયો. ધર્મરૂચિએ માતાને પૂછયું કે મારા પિતા રાજ્યત્યાગ કેમ કરે છે ? માતાએ કહ્યું, પુત્ર ! નારકી આદિ સર્વ દુઃખના હેતુભૂત, સ્વર્ગ અને મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત તથા અવશ્ય દુઃખદાયી લક્ષ્મીનું શું પ્રયોજન ? પરમાર્થથી તે આ લોકમાં માત્ર અભિમાન વધારે છે, તેથી તેને છોડીને સર્વ સુખના સાધનરૂપ ધર્મને માટે તારા પિતા તૈયાર થયા છે. ધર્મરુચિએ કહ્યું કે શું મારા પિતાને હું અપ્રિય છું કે જેથી સકલ દોષથી યુક્ત એ લક્ષ્મી મને સોંપે છે અને સકલ કલ્યાણના હેતુરૂપ ધર્મથી મને દૂર કરે છે. એમ કહી પિતાની આજ્ઞા લઈને પિતા સાથે તે પણ તાપસના આશ્રમમાં ગયો.

ત્યાં બધી તાપસસંબંધી ક્રિયા યથાયોગ્ય કરી અને રહ્યો. કોઈ વખતે અમાવાસ્યાના પહેલા એક દિવસે કોઈ તાપસે ઉદ્‌ઘોષણા કરી કે હે તાપસો ! આવતીકાલે અનાકુટ્ટિ છે. તેથી આજે જ સમિધ, ફૂલ, કુશ, કંદ, ફળ, મૂળ વગેરે હમણાં જ લઈ આવો. આ સાંભળીને ધર્મરૂચિએ પોતાના પિતાને પૂછ્યું હે તાત ! આ અનાકુટ્ટી શું છે ? તેણે કહ્યું કંદમૂળ આદિ છેદવા એ સાવધક્રિયા હોવાથી અમાસે ન કરાય. એ સાંભળીને ધર્મરૂચિને થયું કે રોજ અનાકુટ્ટી થાય તો કેવું સારું. તેટલામાં ત્યાંથી જતા સાધુને જોઈને તેણે પૂછ્યું - આજે તમારે અનાકુટ્ટી નથી ? તેઓએ કહ્યું, અમારે તો જીવનપર્યન્ત અનાકુટ્ટી છે. ધર્મરૂચિને આ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવે લીધેલ દીક્ષા યાદ આવી. **પ્રત્યેકબુદ્ધ થયા.** આ રીતે જાતિસ્મરણ જ્ઞાન વડે વિશિષ્ટ દિશાથી આગમન જાણ્યું.

આ પ્રમાણે વલ્કલચીરી, શ્રેયાંસકુમાર આદિના દૃષ્ટાંતો પણ અહીં જાણવા.

હવે પરવ્યાકરણનું દૃષ્ટાંત કહે છે - ગૌતમસ્વામીએ ભગવંત મહાવીરને પૂછ્યું કે, મને કેવળજ્ઞાન કેમ થતું નથી ? ભગવંતે કહ્યું તમને મારા પર ઘણો સ્નેહ છે. પૂર્વમાં ઘણા ભવથી તારે અને મારે આવો સંબંધ હતો, ઇત્યાદિ તીર્થંકર પાસેથી આ સાંભળીને વિશિષ્ટ દિશાનું આગમન વગેરે જ્ઞાન થયું.

હવે અવધિજ્ઞાન વડે બોધનું દૃષ્ટાંત કહે છે - મલ્લિકુંવરીને છ રાજપુત્રો પરણવાને આવેલા. પોતાના અવધિજ્ઞાન વડે આ છ ને બોધ પમાડવા પૂર્વભવ કહ્યો. છ એ મિત્રો લઘુકર્મી હોવાથી બોધ પામ્યા. વિશિષ્ટ દિશાના આગમનનું તેમને જ્ઞાન થયું.

હવે પ્રસ્તુત વિષયમાં કહે છે, 'હું' આ પદ વડે, અહંકાર જ્ઞાન વડે, આત્મોલ્લેખથી પૂર્વાદિ દિશાથી આવેલો અને જરાપણ રોકાયા વિના ભવભ્રમણમાં પડેલો દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છું - એમ જે જાણે છે તે જ ખરી રીતે આત્મવાદી છે.

**● સૂત્ર-૫ :-**

***(સૂત્ર-૪-ની વૃત્તિમાં કહેલ આત્માને જે જાણે છે) તે જ જીવ આત્મવાદી,***

***લોકવાદી, કર્મવાદી અને ક્રિયાવાદી છે.***

● **વિવેચન :-** 'स' એટલે જે પૂર્વે નારક, તિર્યંચ, મનુષ્ય, દેવતા આદિ ભાવદિશામાં અને પૂર્વ દિશાદિ પ્રજ્ઞાપક દિશામાં ભમેલો છે. એવા તે અક્ષણિક, અમૂર્ત આદિ લક્ષણવાળો પોતાને જાણે છે, તે **આત્મવાદી** છે. જે આવા આત્માને ન સ્વીકારે તે અનાત્મવાદી જાણવા જેઓ આત્માને સર્વવ્યાપી, નિત્ય કે ક્ષણિક માને છે તે પણ અનાત્મવાદી છે. કેમકે સર્વવ્યાપી આત્માને નિષ્ક્રિયપણું હોવાથી બીજા ભવમાં સંક્રાંતિ ન થાય, વળી અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર અને એક સ્વભાવ એ નિત્યનું લક્ષણ હોવાથી આત્માને જો નિત્ય માને તો મરણનો અભાવ થાય અને ભવાંતર ગમન પણ ન થાય. જો સર્વથા ક્ષણિક માનવામાં આવે તો આત્માના નિર્મૂળ વિનાશથી, ''તે જ હું'' આવું પૂર્વ-ઉત્તર અનુસંધાન ન થાય.

જે આત્મવાદી છે, તે જ પરમાર્થથી **લોકવાદી** છે. કેમકે ''જે જુએ તે લોક''. લોક એટલે પ્રાણિગણ. લોકને કહે તે લોકવાદી. આ વચન વડે અદ્વૈતવાદનું ખંડન કરીને આત્મા અનેક છે, તે વાત સિદ્ધ કરી. જો ''લોકાપાતી'' શબ્દ લઈએ તો લોક એટલે ચૌદરાજલોક ક્ષેત્ર કે તેમાં રહેલ પ્રાણીગણ. આમ કહી વિશિષ્ટ આકાશખંડને લોક કહ્યો. તેમાં જીવાસ્તિકાય હોવાથી, લોકમાં જીવોનું ગમનાગમન સૂચવાય છે. તે જ જીવ દિશા વગેરેમાં જવાના જ્ઞાન વડે આત્મવાદી અને લોકવાદી યુક્ત છે.

તે અસુમાન (પ્રાણ ધારણ કર્તા) **કર્મવાદી** છે. જે જ્ઞાનાવરણીયાદિ કર્મ છે તેને કહેવાના સ્વભાવવાળા કર્મવાદી છે. કેમકે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગોથી પહેલા પ્રાણીઓ ગતિ-આગતિના કર્મને ગ્રહણ કરે છે, પછી વિરૂપ રૂપવાળી યોનિઓમાં ઉત્પન્ન થાય છે. આ કર્મ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ અને પ્રદેશરૂપ છે. આ વચનથી કાળ યદચ્છા, નિયતિ, ઇશ્વર, આત્મવાદી જે એકાંતવાદી છે, તેમનું ખંડન કરેલ છે.

જે કર્મવાદી છે તે જ **ક્રિયાવાદી** છે. કેમકે યોગ નિમિત્તે કર્મ બંધાય છે. યોગ એટલે વ્યાપાર અને વ્યાપાર ક્રિયારૂપ છે. તેથી કાર્યરૂપ કર્મને કહેવાથી તેના કારણભૂત ક્રિયાનું પણ વાસ્તવમાં કથન કરનાર હોવાથી તે ક્રિયાવાદી છે. ક્રિયાનું કર્મ નિમિત્તપણું આગમમાં પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે—

— જીવ સદા સમિત વધે છે કે વધારે વધે છે, ચાલે છે, ફરકે છે, સંઘટ્ટિત થાય છે કે ગતિ કરે છે, તે તે ભાવને જ્યાં સુધી પરિણમે છે ત્યાં સુધી તે આઠ પ્રકારનો, સાત પ્રકારનો, છ પ્રકારનો કે એક પ્રકારનો કર્મબંધ કરે છે અને બંધ વિનાનો પણ થાય છે આ પ્રમાણે કહેવાથી એ સિદ્ધ થાય છે કે જે કર્મવાદી છે તે જ ક્રિયાવાદી છે. એમ કહેવાથી સાંખ્યમતવાળા જે આત્માને અક્રિય માને છે, તેમનું ખંડન કર્યું છે.

હવે પૂર્વોક્ત આત્મપરિણતરૂપ ક્રિયાને વિશિષ્ટ કાળને કહેનારા 'अहं' પદથી નિર્દિષ્ટ આત્માને તે જ ભવમાં અવધિ, મનઃપર્યવ, કેવળ, જાતિસ્મરણ જ્ઞાન એ ચાર વિશિષ્ટ સંજ્ઞા સિવાય પણ ત્રણે કાળમાં સ્પર્શનાર મતિજ્ઞાન વડે સદ્ ભાવનું જાણપણું



બતાવવાને માટે સૂત્રકાર કહે છે—

● **સૂત્ર-૬ :-**

***મેં કર્યું છે, હું કરાવું છું અને અન્ય કરનારને અનુમોદન આપીશ.***

● **વિવેચન :-**

અહીં ભૂત, વર્તમાન, ભવિષ્યકાળની અપેક્ષાએ કરવું, કરાવવું અને અનુમોદવું એમ નવ વિકલ્પો થાય છે. તે આ પ્રમાણે - (૧) મેં કર્યું, (૨) મેં કરાવ્યું, (૩) કર્તાનું અનુમોદન કર્યું, (૪) હું કરું છું, (૫) હું કરાવું છું, (૬) કરનારને અનુમોદુ છું, (૭) હું કરીશ, (૮) હું કરાવીશ, (૯) કરનારને અનુમોદીશ. તેમાં પહેલો અને છેલ્લો બે ભેદ સૂત્રમાં લીધા જ છે. તેથી કરીને બાકીના ભેદ તેની મધ્યે આવી ગયા સમજી નવ ભેદોનું ગ્રહણ થયું છે. આ જ અર્થને પ્રગટ કરવા સૂત્રમાં બીજા વિકલ્પનો નિર્દેશ ''હું કરાવીશ'' એ સૂત્ર વડે લીધો છે.

આ નવે ભેદો માટે સૂત્રમાં બે ''च'' કાર અને ''अवि'' શબ્દના ગ્રહણથી તે નવ ભેદો સાથે મન, વચન, કાયાથી વિચારતા કુલ ૨૭ ભેદો થશે. તે આ પ્રમાણે - 'મેં કર્યું' અહીં 'હું' શબ્દ વડે આત્માનો ઉલ્લેખ કરી, વિશિષ્ટ ક્રિયાના પરિણામરૂપ આત્મા બતાવ્યો છે. તેનો ભાવાર્થ એ છે કે, તે જ હું કે જેના વડે મેં આ દેહાદિની પહેલા યુવાવસ્થામાં ઇન્દ્રિયને વશ પડેલા વિષયરૂપ વિષ વડે મોહિત થયેલા અંધ ચિત્ત વડે તે તે અકાર્યના અનુષ્ઠાનમાં તત્પર થઈને મને ગમ્યું તેવું અનુકૂળ કાર્ય કે ક્રિયા કરી. કહ્યું છે કે—

વૈભવના મદથી પ્રેરિત મેં યૌવનના અભિમાનથી જે જે કૃત્યો કર્યા છે, તે બધા વૃદ્ધાવસ્થામાં યાદ આવીને હૃદયમાં શલ્ય માફક ખટકે છે.

તથા ''મેં કરાવ્યું'' એ વાક્યથી - અકાર્ય મેં પ્રવર્તતા બીજાને જોઈને મેં પ્રવૃત્તિ કરાવી તથા કરનારની મેં અનુમોદના કરી, આ રીતે ભૂતકાળ સંબંધી ત્રણ વિકલ્પો થયા.

'હું કરું છું' ઇત્યાદિ વચનત્રિકથી વર્તમાનકાળ સૂચવ્યો તથા કરીશ, કરાવીશ, કરનારને અનુમોદીશ એ વચન વડે ભવિષ્યકાળ સૂચવ્યો.

આ ત્રણ કાળને સ્પર્શનારા વચન વડે શરીર, ઇન્દ્રિયથી ભિન્ન આત્મા ભૂત-વર્તમાન-ભવિષ્ય સંબંધી કાળ પરિણામરૂપે આત્માના અસ્તિત્વનું જાણપણું સૂચવે છે. આ જાણપણું એકાંત ક્ષણિકવાદી કે નિત્યવાદીને ન સંભવે તેથી આ સૂત્ર વડે તેમનું ખંડન કર્યું છે.

આત્માનું ક્રિયાના પરિણામ વડે પરિણામપણું સ્વીકાર્યું છે તેથી ક્ષણિકવાદી આદિના મત ખંડન થયા અને તે મુજબ સંભવ અનુમાનથી અતીત, અનાગત ભાવોમાં પણ આત્માનું અસ્તિત્વ જાણવું અથવા આ ક્રિયા ભેદોના પ્રતિપાદનથી કર્મના ઉપાદાનરૂપ એવી ક્રિયાઓનું સ્વરૂપ બતાવેલું જાણવું.

હવે ''ક્રિયા આટલી જ છે કે બીજી પણ ક્રિયા છે ?'' તેનો ઉત્તર સૂત્રકારશ્રી કહે છે—

● સૂત્ર-૭ :-

***લોકમાં આ સર્વે કર્મસમારંભ [કર્મબંધના હેતુભૂત ક્રિયાના ભેદો] જાણવા જોઈએ.***

● વિવેચન :-

આટલી જ વિશિષ્ટ ક્રિયાઓ જે પૂર્વે કહેલી છે, તે સર્વ પ્રાણીઓમાં કર્મનો સમારંભ છે. આ ક્રિયા ભૂત, ભાવિ, વર્તમાન ભેદે કર્યું, કરાવ્યું, અનુમોદ્યુ રૂપ છે, જે સર્વ ક્રિયાને અનુસરનાર ''करोति''કરે છે શબ્દ વડે બધી ક્રિયાઓનો સંગ્રહ થાય છે. આટલી જ ક્રિયાઓ જાણવી, બીજી નહીં.

પરિજ્ઞા બે પ્રકારે છે - જ્ઞ પરિજ્ઞા, પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જ્ઞ પરિજ્ઞા વડે આત્મા અને કર્મબંધનું અસ્તિત્વ આ સર્વે કર્મ-ક્રિયાઓથી જણાય છે. પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પાપના હેતુરૂપ સર્વે કર્મ-ક્રિયાઓનો ત્યાગ થાય છે. આટલા સામાન્ય વચન વડે જીવનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. હવે તે આત્માને દિશા આદિમાં ભટકવાના હેતુ દર્શાવવાની સાથે અપાયોને બતાવવા કહે છે - જે આત્મા તથા કર્મવાદી છે, તે દિશાઓના ભ્રમણથી છુટશે અને જેઓ આત્મા અને કર્મવાદી નથી તેઓ કેવા વિપાક ભોગવશે તે સૂત્રકારશ્રી સ્વયં કહે છે—

● સૂત્ર-૮ :-

***કર્મ અને કર્મબંધના સ્વરૂપને નહીં જાણનાર પુરૂષ (આત્મા) જ આ દિશા-વિદિશામાં વારંવાર આવાગમન કરે છે. સર્વે દિશા અને વિદિશાને પ્રાપ્ત કરે છે.***

● વિવેચન :-

જે પુરુષ (પુરિ અર્થાત્ શરીરમાં રહે તે) અથવા સુખ દુઃખોથી પૂર્ણ તે કોઈપણ જંતુ કે માણસ કહેવાય છે. અહીં પુરુષના પ્રધાનપણાથી 'પુરુષ' શબ્દ મૂક્યો છે. પણ ઉપલક્ષણથી ચારે ગતિમાં ફરનાર પ્રાણી. તે દિશા-વિદિશામાં ગમનાગમન કરે છે.

તે કર્મના સ્વરૂપને જાણતો નથી, તેથી 'અપરિજ્ઞાત કર્મા' કહેવાય છે. આ અપરિજ્ઞાતકર્મા જ નિશ્ચે દિશા આદિમાં ભમે છે, કર્મનો જ્ઞાતા ભમતો નથી. ઉપલક્ષણથી અપરિજ્ઞાત આત્મા અને અપરિજ્ઞાત ક્રિયાવાળો બંને જાણવા ''અપરિજ્ઞાતકર્મા'' દરેક દિશા-વિદિશામાં પોતાના કરેલા કર્મો સાથે બીજી ગતિમાં જાય છે.

મૂળ સૂત્રમાં ''सव्व''શબ્દ છે તેનાથી બધી પ્રજ્ઞાપક, બધી ભાવ દિશાને ગ્રહણ કરી છે.

તે આત્મા અને કર્મને ન જાણનારો જે કંઈ ફળ પામે તે સૂત્ર દ્વારા બતાવે છે—

● સૂત્ર-૯ :-

***(તે આત્મા) અનેક પ્રકારની યોનિઓ સાથે સંબંધ જોડે છે, વિરૂપ એવો સ્પર્શો (સુખ અને દુઃખ)નું વેદન કરે છે.***

● વિવેચન :-

અનેક સંકટ વિકટરૂપ યોનિયોમાં ઉત્પન્ન થાય છે. અહીં ''યોનિ'' શબ્દનો





અર્થ કર્યો— જેમાં ઔદારિક શરીર વર્ગણાના પુદ્‌ગલો સાથે જીવ પોતે જોડાય છે તે. યોનિ એટલે પ્રાણિનું ઉત્પત્તિ સ્થાન. આ યોનિઓ સંવૃત્ત, વિવૃત્ત, મિશ્ર, શીત, ઉષ્ણ, શીતોષ્ણ આદિ અનેક ભેદે કહેલી છે. અથવા યોનિના ચોર્યાશી લાખ ભેદો આ પ્રમાણે છે—

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ પ્રત્યેકની સાત-સાત લાખ યોનિઓ છે. પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયની અનુક્રમે ચૌદ અને દશ લાખ યોનિઓ છે, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય જીવોની પ્રત્યેકની બબ્બે લાખ અને તિર્યંચ પંચેન્દ્રિય નારક તથા દેવોની પ્રત્યેકની ચાર-ચાર લાખ યોનિઓ છે. મનુષ્યની ચૌદ લાખ યોનિઓ છે.

હવે શુભ-અશુભપણે યોનિઓના અનેકરૂપપણાંને જણાવે છે-

શીતાદિ ભેદે ચોર્યાશી લાખ યોનિઓ છે, તેના શુભ-અશુભ બે ભેદો છે.

શુભ યોનિઓ આ છે— (૧) અસંખ્ય આયુવાળા મનુષ્યો, (૨) સંખ્યાત આયુવાળા રાજેશ્વર (૩) તીર્થંકર નામ ગોત્રવાળા જીવ-તેમને બધું શુભ હોય છે. તેમાં જાતિસ્મરણ જ્ઞાનવાળા વગેરે શુભ હોય છે અને બાકીના અશુભ જાણવા. (૪) દેવ યોનિમાં કિલ્બિષિક સિવાયના બીજા બધાં દેવોની યોનિ શુભ જાણવી. (૫) પંચેન્દ્રિય તિર્યંચોમાં ચક્રવર્તીના રત્નોરૂપ હાથી, ઘોડા વગેરે શુભ યોનિવાળા જાણવા બાકીના અશુભ યોનિ જાણવા. (૬) એકેન્દ્રિય આદિમાં શુભ વર્ણાદિવાળા જીવોની યોનિઓ શુભ જાણવી.

આ સંસારમાં સર્વે જીવોએ દેવેન્દ્ર, ચક્રવર્તી, તીર્થંકર-ભાવ, ભાવિત અણગારપણું એ છોડીને બાકી બધા પ્રકારના જન્મ અનંતવાર પ્રાપ્ત કર્યા છે.

દિશા-વિદિશામાં ભમતો અને કર્મને ન જાણનારો આત્મા આ અનેકરૂપવાળી યોનિઓમાં વારંવાર જોડાય છે-ઉત્પન્ન થાય છે. તે યોનિના સંધાનથી બિભત્સ અને અમનોજ્ઞરૂપ સ્પર્શો જે દુઃખ દેનારા છે, તે સ્પર્શની વેદના અનુભવે છે. ઉપલક્ષણથી મન સંબંધી દુઃખો પણ અનુભવે છે. આ રીતે શારીરિક માનસિક બંને દુઃખ અનુભવે છે.

અહીં સ્પર્શ ગ્રહણ કરવાથી સ્પર્શ વડે સર્વે સંસારી જીવોને ગ્રહણ કર્યા કેમકે સર્વે સંસારી જીવોને સ્પર્શન-ઇન્દ્રિય હોય જ છે. તેથી સર્વે સંસારી જીવ સમૂહ દુઃખ ભોગવે છે. એમ સમજવું. વળી અશુભ એવા રૂપ, રસ, ગંધ અને શબ્દને પણ અનુભવે છે.

વિચિત્ર પ્રકારના કર્મોના ઉદયથી વિરૂપ સ્પર્શાદિ હોય છે. તેથી વિચિત્ર કર્મોના ઉદયથી અપરિજ્ઞાતકર્તા - જીવ તે તે યોનિઓમાં વિરૂપ સ્પર્શાદિ વેદના પામે છે.

તે કર્મોથી જીવ પરવશ થઈને સંસાર ચક્રને પામે છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ભેદવાળા પુદ્‌ગલ પરાવર્તો સુધી ભટકે છે.

નરક, દેવ, તિર્યંચ અને મનુષ્ય યોનિમાં ઘટી યંત્રની માફક નવા નવા શરીર

ધારણ કરીને આત્મા ભ્રમણ કરે છે.

સતત બાંધેલા પૂર્વોક્ત તીવ્ર પરિણામવાળા નરકના દુઃખો ભોગવે છે. તિર્યંચ યોનિમાં ભય, ભુખ, તરસ, વધ, માર વગેરે ઘણાં દુઃખો અને થોડાં સુખો ભોગવે છે.

મનુષ્યના સુખ દુઃખમાં મન અને શરીરને આશ્રીને ઘણાં વિકલ્પો છે. દેવોને સુખ તો છે પણ તેમને મન સંબંધી થોડું દુઃખ પણ છે.

કર્મના પ્રભાવથી દુઃખી આત્મા મોહરૂપ અંધકારથી અતિશય ગહન આ સંસારવનના કઠિન માર્ગમાં અંધની માફક ભટકતો જ રહે છે.

મોહથી ઘેરાયેલો આ જીવ દુઃખને નિવારવા અને સુખની ઇચ્છાથી ફરીને પણ પ્રાણિવધ આદિ અનેક દોષોનું સેવન કરે છે. એ રીતે જીવ ઘણા પ્રકારના કર્મોને બાંધે છે. તે કર્મોથી ફરી અગ્નિમાં જ પ્રવેશ કરે છે. એ પ્રમાણે જીવ ફરી ફરીને કર્મોને બાંધતો અને ભોગવતો સુખની ઇચ્છામાં ઘણા દુઃખવાળા સંસારમાં ભમે છે.

આ પ્રમાણે સંસારસાગરમાં ભમતા દુર્લભ મનુષ્યપણું પામે. પછી વિશાળ સંસારમાં વિઘ્નરૂપ અધાર્મિકત્વ અને દુષ્કર્મની બહુલતાવાળો હોય છે. (પછી) આર્યદેશ, ઉત્તમકુળ, સારું રૂપ, સમૃદ્ધિ, દીર્ઘ આયુ, આરોગ્ય તથા સાધુઓનો સમાગમ, શ્રદ્ધા, ધર્મશ્રવણ, તિક્ષ્ણ મતિ આદિ પામવા દુર્લભ છે. તે પ્રાપ્ત થાય તો પણ દૃઢ મોહનીય કર્મથી કુપથમાં પડેલા જીવોને આ જગત્‌માં જીનેશ્વરે કહેલો સન્માર્ગ પામવો ઘણો મુશ્કેલ છે.

અથવા જે પુરુષ બધી દિશા-વિદિશામાં અનુસંચરે છે. અનેક રૂપવાળી યોનિઓમાં દોડે છે અને વિરૂપ રૂપોના સ્પર્શો અનુભવે છે તે મનુષ્ય કર્મબંધની ક્રિયાથી અજ્ઞાત હોવાથી મન, વચન, કાયા વડે કર્મ કરે છે. તે જાણતો નથી કે કરેલા, કરાતા અને કરાનારા કર્મો જીવોને દુઃખ દેવા રૂપ અને સાવધ છે, બંધનના હેતુ છે, તેથી અજ્ઞાનદશામાં જ તે જીવોને પીડા કરનારા કૃત્યોમાં પ્રવર્તે છે અને તેનાથી આઠ પ્રકારના કર્મોનો બંધ કરે છે. તેના ઉદયથી અનેક રૂપવાળી યોનિમાં અનુક્રમે અવતરે છે અને વિરૂપ રૂપવાળા સ્પર્શો અનુભવે છે.

જો આમ જ છે તો શું કરવું ? તે સૂત્રકાર કહે છે—

● **સૂત્ર-૧૦ :-**

***આ કર્મ સમારંભના વિષયમાં ભગવંતે 'પરિજ્ઞા' કહી છે.***

● **વિવેચન :-**

ઉપરોક્ત વ્યાપારને મેં કર્યો છે, કરું છું અને કરીશ એવી જે આત્મ પરિણતિ છે, તે સ્વભાવથી મન, વચન, કાયા, સ્વરૂપ કાર્યોમાં પરિજ્ઞાન તે પરિજ્ઞા છે અને તે પ્રકર્ષથી પ્રશસ્ત છે એમ વીર વર્દ્ધમાન સ્વામીએ કહ્યું છે. એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે. આ પરિજ્ઞા બે પ્રકારની છે - જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા.

જ્ઞ પરિજ્ઞા - એટલે સાવધ વ્યાપારથી કર્મબંધ થાય છે, એમ જાણવું તે.

પ્રત્યાખ્યાન પરિજ્ઞા - એટલે કર્મબંધના હેતુભૂત સાવધ યોગોનો ત્યાગ કરવો.



[નિ.૬૭] તેમાં એટલે ક્રિયાથી બંધાતા કર્મમાં શું થયું તે કહે છે - નિર્યુક્તિમાં "કર્યુ અને કરીશ" પદોથી ભૂતકાળ અને ભવિષ્યકાળ લીધો. તેથી મધ્યમાં રહેલ વર્તમાનકાળ પણ આવી જાય છે. તેમજ કરવા સાથે કરાવવું અને અનુમોદવુંનો સંગ્રહ થતા નવ ભેદો થયા તે રૂપ આત્મપરિણામથી યોગ સ્વરૂપ માનેલ છે. અહીં આત્મ પરિણામ સ્વરૂપ આ નવ ક્રિયાઓ વડે કર્મબંધનો વિચાર કરેલ છે. કહ્યું છે કે, "યોગ નિમિત્તે કર્મબંધ થાય છે." આ વાત અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન કે જાતિસ્મરણ જ્ઞાનરૂપ સન્મતિ કે સ્વમતિથી કોઈક જીવ પ્રત્યક્ષ જાણે છે અને કોઈક જીવ પક્ષ, ધર્મ, અન્વય અને વ્યતિરેક લક્ષણવાળા હેતુઓની યુક્તિથી અનુમાન-પ્રમાણ દ્વારા જાણે છે.

હવે અજ્ઞાની જીવ શા માટે આવા કટુ વિપાકવાળા કર્માશ્રવ હેતુરૂપ ક્રિયામાં પ્રવર્તે ? તે કહે છે—

● **સૂત્ર-૧૧ :-**

***આ જીવનના માટે, વંદન-સન્માન અને પૂજનને માટે તથા જન્મ અને મરણથી છુટવાને માટે અને દુઃખોના વિનાશને માટે (અનેક મનુષ્યો કર્મ સમારંભમાં પ્રવર્તે છે.)***

● **વિવેચન :-**

જીવિત એટલે "આયુષ્ય કર્મના ઉદયથી જીવવું અર્થાત્ પ્રાણ ધારણ કરવા તે. અને આ જીવન બધાં જીવોને સ્વસંવેદનથી પ્રત્યક્ષ જ છે. અહીં "इमस्स" શબ્દ નિકટતાનો નિર્દેશ કરે છે 'च'શબ્દ હવે પછી કહેવાનાર જાતિ વગેરેનો સમુચ્ચય જણાવે છે. 'एव' પદ નિશ્ચય વાચક છે. હવે કહે છે કે આ જીવિત તદ્દન સાર વિનાનું છે, વિજળી જેવું ચંચળ છે, બહુ કષ્ટદાયી છે. આવા જીવિતના લાંબા સુખને માટે (સમારંભ) ક્રિયામાં પ્રવર્તે છે તે આ પ્રમાણે—

હું રોગ વિના જીવીશ, સુખે ભોગો ભોગવીશ, તે માટે માંસ, મદિરાના ભક્ષણમાં પ્રવર્તે છે તથા અલ્પ સુખ માટે અભિમાન વડે આકુળ ચિત્ત થઈ ઘણા આરંભ, પરિગ્રહ વડે બહુ અશુભ કર્મો ઉપાર્જન કરે છે. કહ્યું છે કે, સુંદર વસ્ત્રો, યુવાન સ્ત્રી, સુખદ સુંદર શય્યા, આસન, હાથી, ઘોડા અને રથવાળા રાજાને પણ કાળ આવે ત્યારે વૈદ્યે કહેલા નિયમથી નિયત થયેલા ખાનપાન સિવાય બીજું બધું પારકા જેવું જ થઈ જાય છે એમ જાણવું.

ભયરહિત અને શાંતિના સુખમાં પ્રીતિવાળા સાધુને ભિક્ષામાં જે આનંદ મળે છે, તેવો આનંદ નોકરચાકરના ત્રાસથી પીડાયેલો રાજા પોતાની પુષ્ટિને માટે જે અન્ન ખાય છે, તેને તે આનંદ અને સ્વાદ રાજનું અન્ન આપતું નથી.

નોકરો, પ્રધાનો, મનોરમ્ય પુત્રો અને સુંદર નયનવાળી પોતાની સ્ત્રીઓમાં પણ રાજા કદી વિશ્વાસ રાખી શકતો નથી, આવા સર્વાભિશંકીને સુખ ક્યાંથી હોય ? પણ આ પ્રમાણે ન જાણતો એવો - તરૂણ કોમળ ખાખરાના ફૂલ જેવા ચંચળ જીવિતમાં રત જીવોને હણવાદિ કૃત્યોમાં આનંદ માનતો તેમાં પ્રવર્તે છે. તે બધું

જીવિતના સંસ્તવ, પ્રશંસા, માન, પૂજનને માટે કરે છે. તે માટે (તે જીવ વિચારે છે કે-) મોર આદિના માંસના ભક્ષણથી હું બળવાન, તેજથી દેદીપ્યમાન્ દેવકુમારની જેમ લોકમાં પ્રશંસા પાત્ર થઈશ.

''માનન'' એટલે ઉભા થવું, આસન આપવું, હાથ જોડવા આદિમાં યોગ્ય થઈશ. એવી ઇચ્છાથી તેના માટે પ્રવૃત્તિ કરીને કર્મો એકઠાં કરે છે તથા પૂજન-ધન, વસ્ત્ર, અન્ન, પાન, સત્કાર, પ્રણામ સેવાદિ રૂપ છે, તેને માટે ક્રિયાઓમાં કર્માશ્રવો વડે આત્માને દોરે છે તેમજ ''વીર ભોગ્યા વસુંધરા'' માનીને લડાઈ કરે છે, 'દંડના ભયથી પ્રજા ડરે' માનીને દંડ રાખે છે.

જેમ પ્રશંસા, માન, પૂજન ભુખ્યા રાજા અધર્મ કરે છે, તેમ બીજા જીવો માટે પણ જાણી લેવું. એટલે જીવિતના પરિવંદન, માન, પૂજનને માટે કર્માશ્રવમાં અજ્ઞાની સંસારી જીવો પ્રવર્તે છે એવો સમુદાય અર્થ કહ્યો. પરિવંદન સિવાયના હેતુથી પણ કર્મ બાંધે છે તે કહે છે—

જન્મ, મરણથી છુટવાને માટે ક્રૌંચારિવંદનાદિ ક્રિયાઓ કરે છે, અન્ય જન્મમાં ઇચ્છિત મનોજ્ઞ વૈષયિક સુખ સમૃદ્ધિ માટે તે મનુષ્ય, બ્રાહ્મણાદિને ઇચ્છિત દાન કરે છે, ''મનુ'' એ પણ કહ્યું છે કે, જળદાનથી તૃપ્તિ પામે, અન્નદાનથી અક્ષયસુખ પામે, તલના દાનથી ઇષ્ટ પ્રજાને પ્રાપ્ત કરે અને અભયદાનથી દીર્ઘાયુ પામે. આ પ્રમાણે મરણથી છુટવા માટે પણ પિતૃપિંડદાન આદિ ક્રિયા કરે છે. અથવા આને મારા સંબંધીને મારી નાંખેલ છે એવું યાદ કરીને વૈર વાળવા વધ, બંધનાદિમાં પ્રવૃત્ત થાય છે. પોતાના મરણથી નિવૃત્ત થવા દુર્ગા આદિ દેવીને બકરાનો ભોગ આપે છે અથવા યશોધર્મ રાજાની માફક લોટનો કુકડો બનાવીને ધરે છે.

અજ્ઞાનથી ઘેરાયેલા ચિત્તવાળા મોક્ષને માટે પ્રાણીઓને દુઃખદાયી એવા પંચાગ્નિ તપ કરીને કર્મો બાંધે છે. અથવા જન્મ, મરણથી મુક્ત થવા હિંસાદિ ક્રિયાઓ કરે છે અહીં પાઠાંતરમાં ''जाइ मरण भोयणाए''એવો પણ પાઠ છે. તે મુજબ ભોજનને માટે ખેતી આદિ કરતો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયોવાળા જીવોને મારવા ઉધમવાન્ થાય છે. દુઃખને દૂર કરવા માટે આરંભો કરે છે. જેમકે રોગપીડિતો માંસમદિરાનું ભક્ષણ કરે છે, વનસ્પતિના મૂળ, છાલ, પાંદડા, રસ આદિથી સિદ્ધ થયેલા શતપાક વગેરે તેલ માટે અગ્નિ આદિનો સમારંભ કરે છે, કરાવે છે, કરનારની અનુમોદના કરે છે. આ પ્રમાણે ભૂત-ભાવિ કાળમાં પણ મન, વચન, કાયાના યોગે કર્મનું ગ્રહણ કરે છે તથા દુઃખનાશ અને સુખ પ્રાપ્તિ માટે સ્ત્રી, પુત્ર, ઘરનું રાચરચીલું વગેરે ગ્રહણ કરે છે. તેને મેળવવા તથા રક્ષણ કરવાની ક્રિયામાં પ્રવર્તેલો તે પાપ કર્મને સેવે છે - કહ્યું છે કે—

ગૃહસ્થો પહેલા પ્રતિષ્ઠા મેળવવા પ્રયાસ કરે છે, ત્યારપછી પત્ની મેળવવા, પછી પુત્ર માટે, પછી તે પુત્રના ગુણપ્રકર્ષ માટે અને છેલ્લે ઉચ્ચ પદવી માટે પ્રયાસ કરે છે.

આ પ્રકારે ક્રિયાવિશેષથી કર્મોપાર્જન કરીને જુદી જુદી દિશામાં સંચરે છે અને



અનેકરૂપવાળી યોનિઓમાં જન્મે છે. વિરૂપ રૂપવાળા સ્પર્શોને વેદે છે. આવું સમજીને ક્રિયા વિશેષની નિવૃત્તિ કરવી. હવે ક્રિયાવિશેષ આટલી જ છે તે બતાવે છે—

● **સૂત્ર-૧૨ :-**

***લોકમાં આટલા સર્વે કર્મસમારંભો જાણવા યોગ્ય છે.***

● **વિવેચન :-**

સંપૂર્ણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય યુક્ત આકાશ ખંડમાં આટલા જ ક્રિયા વિશેષ છે જે પૂર્વે ૨૭ ભેદે કહ્યા છે, તેનાથી અધિક કોઈ ક્રિયા નથી. એ પ્રમાણે જાણવું. સૂત્રમાં જે 'सव्वावंति' પદ છે તેનો ભાવાર્થ એ છે કે - સ્વ માટે, પર માટે, બંને માટે આ લોક અને પરલોકના અતીત, અનાગત, વર્તમાનકાળમાં કર્યું, કરાવ્યું, અનુમોધુ વડે આરંભો થાય છે. તે બધાને પૂર્વે ગ્રહણ કરેલા છે. તે જ્યાં જ્યાં લાગુ પડે ત્યાં ત્યાં સમજી લેવા.

આ પ્રમાણે સામાન્યથી જીવના અસ્તિત્વને સિદ્ધ કરી, તેને દુઃખ દેનારી વિશિષ્ટ ક્રિયાઓનું બંધ હેતુપણું બતાવી, તેના ઉપસંહાર દ્વાર વડે વિરતિને કહે છે—

● **સૂત્ર-૧૩ :-**

***લોકમાં જેણે આ કર્મ સમારંભોને જાણ્યા છે, તે નિશ્ચયથી પરિજ્ઞાતકર્મા વિવેકી મુનિ છે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

સમસ્ત વસ્તુના જાણનારા ભગવંત કેવળજ્ઞાન વડે સાક્ષાત્ જાણીને આ પ્રમાણે કહે છે — જે મુમુક્ષુ પૂર્વે કહેલા ક્રિયા વિશેષ અથવા જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના ઉપાદાન હેતુરૂપ ક્રિયા વિશેષને સારી રીતે કર્મબંધના હેતુપણે જાણેલા છે અને જગત્માં ત્રણે કાળની અવસ્થાને માને છે તે જ મુનિ છે.

તે જ મુનિ જ્ઞપરિજ્ઞા વડે કર્મના જાણનાર અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે સર્વ મન, વચન, કાયાના વ્યાપારરૂપ કર્મબંધના હેતુઓને ત્યાગે છે. આ વડે મોક્ષના અંગભૂત જ્ઞાન-ક્રિયાને ગ્રહણ કરે. કહ્યું છે કે, ''જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ થાય'' તેથી જ્ઞાન, ક્રિયા વિના મોક્ષ નથી. આટલો આ આત્મ પદાર્થનો અને કર્મબંધ હેતુનો વિચાર છે તે સંપૂર્ણ ઉદ્દેશા વડે સમાપ્ત કર્યો તે બતાવનાર છે. અથવા 'इति'શબ્દથી આ જે હું કહું છું, પૂર્વે કહેલું અને હવે પછી કહીશ તે બધું સાક્ષાત્ ભગવંત પાસેથી સાંભળીને કહું છું.

**અધ્યયન-૧-શસ્ત્રપરિજ્ઞાના ઉદ્દેશક-૧-જીવઅસ્તિત્વનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x -x - x - x -

## ૐ અધ્યયન-૧ ઉદ્દેશો-૨ "પૃથ્વીકાય" ૐ

● ભૂમિકા :-

પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો ઉદ્દેશો કહે છે. તે બંનેનો સંબંધ આ પ્રમાણે છે. ઉદ્દેશક-૧માં સામાન્યથી જીવનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. હવે તે જીવના એકેન્દ્રિયાદિ પૃથ્વી આદિનું અસ્તિત્વ પ્રતિપાદિત કરવા કહે છે. અથવા પૂર્વે પરિજ્ઞાત કર્મત્વને મુનિપણાનું કારણ બતાવ્યું. પણ જે અપરિજ્ઞાતકર્મપણાથી મુનિ ન બને, વિરતિ ન લે, તે જીવ પૃથ્વી આદિ યોનિમાં ભમે છે. હવે આ પૃથ્વી વગેરે શું છે ? તેના વિશેષ અસ્તિત્વને જણાવવા આ બીજો ઉદ્દેશક કહે છે.

આ બીજા ઉદ્દેશકના ચાર અનુયોગદ્વારોમાં કહેલા નામ નિષ્પન્ન નિક્ષેપામાં "પૃથ્વી" એ ઉદ્દેશો છે. તેના નિક્ષેપા અન્યત્ર કહ્યા હોવાથી અહીં બતાવતા નથી. પૃથ્વીના જે નિક્ષેપા આદિ સંભવે છે તે નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૬૮] પૃથ્વી નિક્ષેપ, પ્રરૂપણા, લક્ષણ, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર, વેદના, વધ, નિવૃત્તિ. જીવના ઉદ્દેશકમાં જીવની પ્રરૂપણા કેમ ન કરી ? એવી શંકા ન કરવી. કેમકે જીવ સામાન્યનો આધાર જીવ વિશેષ છે અને તે પૃથ્વી આદિ સ્વરૂપ છે અને જીવ સામાન્યનો ઉપભોગ આદિ અસંભવ હોવાથી પૃથ્વી આદિની ચર્ચાથી જીવની ચિંતવના કરી છે. તેમાં પૃથ્વીનો નામ આદિ નિક્ષેપ કહેવો. તેના સૂક્ષ્મ-બાદર આદિ ભેદ કહેવા. સાકાર-અનાકાર ઉપયોગ લક્ષણ અને કાયયોગ આદિ કહેવા. લોકના પ્રતરના અસંખ્યેય ભાગ માત્ર પરિમાણ છે. શયન, આસન, ચંક્રમણરૂપ ઉપયોગ છે. સ્નેહ, આમ્લ, ક્ષારાદિ શસ્ત્ર, સ્વ શરીરમાં અવ્યક્ત ચેતનારૂપ સુખદુઃખનો સ્વભાવ એ વેદના જાણવી. કર્યુ, કરાવ્યુ, અનુમોદ્યુ વડે જીવોનું ઉપમર્દનરૂપ વેદના અને મન, વચન, કાય, ગુપ્તિથી અપ્રમત્ત સાધુ જે જીવોને દુઃખ ન દેવું તે નિવૃત્તિ.

શબ્દોના આ ટૂંકા અર્થ છે, વિશેષ તો નિર્યુક્તિકાર અનુક્રમે કહે છે—

[નિ.૬૯] નામ પૃથ્વી, સ્થાપના પૃથ્વી, દ્રવ્ય પૃથ્વી, ભાવ પૃથ્વી એ પ્રમાણે પૃથ્વીના ચાર નિક્ષેપા છે. નામ, સ્થાપના સુગમ હોવાથી હવે દ્રવ્ય પૃથ્વી નિક્ષેપ કહે છે—

[નિ.૭૦] દ્રવ્ય પૃથ્વી આગમથી અને નો આગમથી બે ભેદે છે. આગમથી જ્ઞાતા પણ તેમાં ઉપયોગ ન હોય. નો આગમથી ત્રણ ભેદ — (૧) જ્ઞ શરીર - પૃથ્વી પદાર્થને જાણનારનું મૃત શરીર, (૨) ભવ્ય શરીર - પૃથ્વીને ભવિષ્યમાં જાણનાર તે બાળક, (૩) તદ્વ્યતિરિક્ત તેના ત્રણ ભેદ છે - એકભવિક, બદ્ધઆયુષ્ક અને અભિમુખ નામગોત્રવાળો જીવ. ભાવ પૃથ્વી જીવ - જે પૃથ્વી નામાદિ કર્મના ઉદયને વેદે છે તે.

નિક્ષેપ દ્વાર પૂર્ણ થયું. હવે પ્રરૂપણા દ્વાર કહે છે—

[નિ.૭૧] લોકમાં પૃથ્વીકાયના બે ભેદ છે. સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ અને બાદર નામકર્મના ઉદયથી બાદર. વ્યવહારમાં બોર અને આમળાનું



પરસ્પર અપેક્ષાએ નાના મોટાપણું છે તે નહીં, પણ કર્મોના ઉદયથી સૂક્ષ્મ-બાદરપણું જાણવું.

જેમ દાબડામાં ભરેલ ગંધના અવયવો ફેંકતા તેમાંથી સુગંધ ઉડે પણ દેખાય નહીં તેમ સૂક્ષ્મ પૃથ્વીકાય સર્વલોકવ્યાપી છે. બાદર પૃથ્વીકાયના મૂળથી બે ભેદ છે.

[નિ.૭૨] સંક્ષેપમાં બાદર પૃથ્વીકાયના બે ભેદ છે - શ્લક્ષ્ણ અને ખર. તેમાં શ્લક્ષ્ણ બાદર પૃથ્વી કાળી, લીલી, લાલ, પીળી અને સફેદ ભેદે પાંચ પ્રકારે છે. અહીં ગુણના ભેદથી ગુણીનો ભેદ જાણવો. હવે ખરબાદર પૃથ્વીના ૩૬ ભેદ બતાવે છે.

[નિ.૭૩ થી ૭૬] ગાથા-૭૩માં ચૌદ ભેદ કહ્યા છે, ગાથા-૭૪માં આઠ, ગાથા-૭૫માં દશ અને ગાથા-૭૬માં ચાર ભેદ એ રીતે કુલ ૩૬ ભેદ કહ્યા છે. તે આ પ્રમાણે—

પૃથ્વી, શર્કરા, વાલુકા, ઉપલ, શીલા, લુણ, ઉસ, લોઢુ, તાંબુ, તરવું, સીસુ, રૂપુ, સોનું અને વજ. (તથા) હરતાલ, હિંગલોક, મણશીલ, સાસક, સુરમો, પરવાળો, અભ્રકના પતરા, અભ્રકની રેતી એ બાવીશ બાદરકાયના ભેદો છે. હવે મણિના ભેદો કહે છે.

ગોમેદ, રૂચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસાર્ગલ, ભુજ મોચક અને ઇન્દ્રનીલ (તથા) ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત અને સૂર્યકાંત એમ ખર બાદર પૃથ્વીના ૩૬ ભેદો જાણવા. આ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર પૃથ્વીના ભેદો કહ્યા. હવે વર્ણાદિ ભેદ કહે છે—

[નિ.૭૭] વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિભાગથી સંખ્યાત યોનિઓ થાય છે અને એક એક વિભાગમાં પુનઃ અનેક સહસ્ર યોનિઓ થાય છે. તેમાં—

સફેદ આદિ પાંચ વર્ણ, તિક્ત આદિ પાંચ રસ, સુરભી-દુરભી બે ગંધ, મૃદુ-કર્કશ આદિ આઠ સ્પર્શ. આ એક-એક વર્ણાદિમાં પણ સંખ્યાત યોનિઓ છે. પણ સંખ્યાતના અનેક પ્રકારો થાય છે. તેથી તેની ભિન્ન ભિન્ન સંખ્યાને કહે છે. એક એક વર્ણાદિના અનેક હજાર ભેદો થાય છે. કેમકે આ ભેદો યોનિ અને ગુણોથી થાય છે. તે બધી મળીને સાત લાખ યોનિ પ્રમાણ છે. પ્રજ્ઞાપના સૂત્ર પદ-૧ માં પણ કહ્યું છે કે—

"તેમાં જે પર્યાપ્તા છે, તે પોતાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ભેદથી હજારો ભેદો છે. લાખો યોનિઓ છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા જીવો ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્ત હોય ત્યાં અસંખ્યાત અપર્યાપ્ત પૃથ્વીજીવો નિયમા હોય છે. આ પ્રમાણે ખર બાદર પૃથ્વીકાય જાણવા." અહીં સંવૃત્ત યોનિવાળા પૃથ્વીકાયિક કહ્યા. તે સચિત્ત, અચિત, મિશ્ર તથા શીત, ઉષ્ણ, શીતોષ્ણ ભેદે જાણવા નિર્યુક્તિકાર વિશેષથી કહે છે—

[નિ.૭૮] વર્ણાદિ એક એક ભેદમાં હજારો ભેદે જુદા જુદાપણું જાણવું. જેમકે સામાન્યથી કાળો વર્ણ છે. પણ તેમાં ભમરો, કોલસો, કોયલ, કાજળ આદિમાં ઓછી-વત્તી કાળાશરૂપ ભેદ છે, કોઈ કાળુ, કોઈ વધુ કાળુ વગેરે. એ પ્રમાણે લીલા

વગેરે બધા વર્ણમાં જાણવું. તે પ્રમાણે રસ, ગંધ અને સ્પર્શમાં પણ જાણવું. વર્ણ આદિના પરસ્પર સંયોગથી ધૂસર, કેશરી, કર્બુર આદિ બીજા વર્ણોની ઉત્પત્તિ થાય છે. એ પ્રમાણે વિચારતા વર્ણ આદિના પ્રત્યેકમાં પ્રકર્ષ, અપ્રકર્ષથી પરસ્પર તુલના વડે અનેક પૃથ્વી ભેદો જાણવા.

હવે પૃથ્વીકાયના બીજા પણ પર્યાપ્તક આદિ ભેદોને કહે છે–

**[નિ.૭૯]** બાદર પૃથ્વીકાયના પર્યાપ્ત, અપર્યાપ્તા બે ભેદ છે. સૂક્ષ્મ પૃથ્વીકાયના પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા બે ભેદો છે.

બાદર પૃથ્વીકાયના ભેદો બતાવ્યા તે જેટલા પર્યાપ્તાના છે તેટલા જ અપર્યાપ્તાના છે. આ તુલ્યતા ભેદને આશ્રીને જાણવી. જીવોને આશ્રીને નહીં. કેમકે એક પર્યાપ્તાને આશ્રીને અસંખ્યાત અપર્યાપ્તા હોય છે. સૂક્ષ્મ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે ભેદે જાણવા. પણ તેમાં એક અપર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાત પર્યાપ્તા નિશ્ચયથી જાણવા.

આહાર, શરીર, ઇન્દ્રિયો, શ્વાસોચ્છ્વાસ, વચન અને મનનું નિર્માણ કરનાર છ પર્યાપ્તિ જાણવી. જન્માંતરથી આવીને ઉત્પન્ન થનાર જીવ સર્વ પ્રથમ પુદ્‌ગલોનું ગ્રહણ કરવાથી ''કરણ'' બને છે અને તે કરણથી જ આહાર લઈને ખલરસ આદિ રૂપ પરિણામ ઉત્પન્ન કરે છે. આ કરણ વિશેષને 'આહાર પર્યાપ્તિ' કહે છે. આ પ્રમાણે બીજી પાંચ પર્યાપ્તિ જાણવી.

તેમાં એકેન્દ્રિય જીવોને આહાર, શરીર, ઇન્દ્રિય અને ઉચ્છ્વાસ નામની ચાર પર્યાપ્તિઓ છે. આ ચાર પર્યાપ્તિઓને જીવ અંતર્મુહૂર્તમાં ગ્રહણ કરે છે. જે ચારે પર્યાપ્તિને પૂર્ણ કરે છે તે જીવ પર્યાપ્તક કહેવાય છે અને જે પૂર્ણ નથી કરતા તે અપર્યાપ્તક જીવ છે. પૃથ્વીકાયનો વિગ્રહ – ''પૃથ્વી જ જેની કાય છે તે.''

જે રીતે સૂક્ષ્મ, બાદર ભેદો સિદ્ધ થાય છે, તથા પ્રસિદ્ધ ભેદો દૃષ્ટાંતથી કહે છે–

**[નિ.૮૦]** જે પ્રકારે વૃક્ષ, ગુલ્મ, લતા, વલ્લી, વલય આદિમાં જુદાજુદાપણું દેખાય છે, એ જ રીતે પૃથ્વીકાયમાં પણ વિવિધતા જાણવી.

તેમાં આંબો આદિ વૃક્ષ છે, વેંગણ, શલ્લકી, કપાસ આદિ ગુચ્છ છે, નવમલ્લિકા, કોરંટક વગેરે ગુલ્મ છે, પુન્નાગ, અશોકલતા આદિ લતા છે. તુરીયા, વાલોર, કોશાતકી વગેરે વલ્લી છે. કેતકી, કેળ વગેરે વલય છે.

ફરી પણ વનસ્પતિના ભેદના દૃષ્ટાંતથી પૃથ્વીના ભેદો કહે છે.

**[નિ.૮૧]** જેમ વનસ્પતિના ઔષધિ વગેરે ભેદ છે, તેમ પૃથ્વીકાયના પણ જાણવા, તેમાં શાલિ આદિ ઔષધિ, દર્ભ આદિ તૃણ, પાણિ ઉપરના મેલ રૂપ શેવાળ, લાકડા આદિ પરની લીલ, ફુગ તે પનક જે પંચવર્ણીની હોય છે, સૂરણકંદ આદિ કંદ, ઉશીર આદિ મૂળ. આ બધાં સૂક્ષ્મ હોવાથી તેના એક, બે વગેરે ભેદ થતા નથી. (દેખાતા નથી)

હવે જેની સંખ્યા થઈ શકે તે બતાવે છે - (જે દેખાય છે તે કહે છે.)



**[નિ.૮૨]** એક, બે, ત્રણ યાવત્ સંખ્યાત જીવો જ્યાં એક સાથે એક એક શરીરમાં રહેતા હોવા છતાં દેખાતા નથી, પણ જ્યાં પૃથ્વીકાયના અસંખ્ય જીવ એકઠાં થાય છે, ત્યારે જે ચર્મચક્ષુવાળા પ્રાણી તેને જોઈ શકે છે. પણ આ પૃથ્વીકાયમાં પણ જીવ છે, એવું કઈ રીતે જાણવું ? તેનો ઉત્તર આપે છે કે - પૃથ્વીકાયમાં રહેલ શરીરની ઉપલબ્ધિથી તે શરીરમાં રહેનાર આત્માની પ્રતીતિ થાય છે. જેમ ગાય, ઘોડા વગેરેની પ્રતીતિ થાય છે તેમ અહીં પણ જાણવું. આ વાતને હવે જણાવે છે–

**[નિ.૮૩]** અસંખ્ય પૃથ્વી, કંકર આદિ બાદરશરીરવાળા પૃથ્વીકાય જીવ શરીરના દ્વારા જ પ્રત્યક્ષ થાય છે. બાકીના સૂક્ષ્મશરીરવાળા પૃથ્વીકાય જીવો જગત્‌માં છે, પણ તે માત્ર જિનવચનથી જ ગ્રાહ્ય થાય છે, કેમકે તે ચક્ષુ વડે દેખાતા નથી. અહીં નિર્યુક્તિમાં જે 'फास' શબ્દ છે તેનો અર્થ ચક્ષુનો ''વિષય'' કરવો.

પ્રરૂપણા દ્વાર પૂરું થયું. હવે લક્ષણ દ્વાર કહે છે–

**[નિ.૮૪]** ઉપયોગ, યોગ, અધ્યવસાય, મતિ અને શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, આઠ કર્મોનો ઉદય, લેશ્યા, સંજ્ઞા, ઉચ્છ્વાસ અને કષાય પૃથ્વીકાયમાં હોય છે. તેમાં–

(૧) ઉપયોગ - પૃથ્વીકાયાદિ જીવોમાં સ્ત્યાનર્ધિનિદ્રાના ઉદયથી જ્ઞાન-દર્શન સ્વરૂપ અવ્યક્ત ઉપયોગ શક્તિ હોય છે. એ જ રૂપે ઉપયોગ લક્ષણ છે.

(૨) યોગ - માત્ર કાયયોગ છે. ઔદારિક, ઔદારિક મિશ્ર તથા કાર્મણરૂપ કાયયોગ છે, જે કર્મવાળા જીવને વૃદ્ધ માણસની લાકડી સમાન આલંબનરૂપ છે.

(૩) અધ્યવસાય - આત્માનો સૂક્ષ્મ પરિણામ છે. તે જ લક્ષણ છે. જે મૂર્છિત મનુષ્યના મનમાં થનારા ચિંતન સ્વરૂપ છે, પરંતુ તેને છદ્મસ્થ જીવો જાણી શકતા નથી.

(૪) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન - પૃથ્વીકાયિક જીવોને સાકાર ઉપયોગ સ્વરૂપ હોય.

(૫) અચક્ષુદર્શન - સ્પર્શ ઇન્દ્રિય વડે અચક્ષુદર્શન પામેલા જાણવા.

(૬) આઠકર્મો - આઠે પ્રકારના કર્મોના ઉદયની અને બંધની ભજના હોય.

(૭) લેશ્યા - અધ્યવસાય સ્વરૂપ કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ્ લેશ્યા તેમને હોય.

(૮) સંજ્ઞા - આહારાદિ દશ સંજ્ઞા અને

(૯) સૂક્ષ્મ શ્વાસોચ્છવાસ હોય છે.

– કહ્યું છે કે, હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો શ્વાસ વગેરે લે છે ? હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો અટક્યા વિના સતત શ્વાસ, નિઃશ્વાસ આદિ લે છે.

(૧૦) કષાય - પૃથ્વીકાયિક જીવોને સૂક્ષ્મ ક્રોધાદિ કષાયો પણ હોય છે.

આ પ્રમાણે પૃથ્વીકાયિક જીવોમાં જીવલક્ષણરૂપ ઉપયોગાદિ બધાં ભાવ હોય છે અને તે જીવ લક્ષણ સમૂહયુક્ત હોવાથી મનુષ્ય માફક પૃથ્વીકાય પણ સચિત્ત છે.

પ્રશ્ન - આ તમે અસિદ્ધ વડે જ અસિદ્ધને સિદ્ધ કર્યું. કેમકે ઉપયોગ આદિ લક્ષણ પૃથ્વીકાયમાં પ્રગટ દેખાતા નથી. (ઉત્તર) સત્ય છે. પણ પૃથ્વીકાયમાં આ લક્ષણો અવ્યક્ત હોય છે જેમકે - કોઈ માણસ ઘણો જ નસો ચડે તેવું મદિરા પાન કરે, તેનું ચિત્ત વ્યાકુળ થતાં પ્રગટ ભાન ન રહે પણ અવ્યક્ત ચેતના હોય જ. તેથી

તેને અચિત્ત ન ગણાય. તે જ પ્રમાણે પૃથ્વીકાયમાં પણ અવ્યક્ત ચેતનાની સંભાવના માનવી જોઈએ.

પ્રશ્ન - અહીં દારુ પીધેલામાં શ્વાસોચ્છ્‌વાસ વગેરે અવ્યક્ત ચેતનાનું ચિન્હ છે, પણ પૃથ્વીકાયમાં તો તેવું ચિન્હ દેખાતું નથી. (સમાધાન)ના તેમ નથી. પૃથ્વીકાયમાં પણ મસાની માફક સમાન જાતિવાળા લતાના ઉદ્‌ભેદોથી ચેતનાનું ચિન્હ છે. જે પ્રકારે અવ્યક્ત ચેતનાવાળી વનસ્પતિમાં ચેતનાના ચિન્હ જોવા મળે છે, તે જ પ્રમાણે અહીં પૃથ્વીકાયમાં પણ ચેતનાના ચિન્હનો સ્વીકાર કરવો જોઈએ. વનસ્પતિમાં તો વિશિષ્ટ ઋતુઓમાં પુષ્પ, ફળ ઉત્પન્ન થવાથી સ્પષ્ટ ચૈતન્ય જોવાય છે. એ રીતે અવ્યક્ત ઉપયોગાદિ લક્ષણના સદ્‌ભાવથી પૃથ્વી પણ સચિત્ત છે.

શંકા - પત્થરની પાટ વગેરે કઠણ પુદ્‌ગલવાળાને ચેતના ક્યાંથી હોય ?

[નિ.૮૫] જેમ શરીરમાં રહેલ હાડકું કઠણ છે, પણ સચેતન છે તે રીતે કઠણ પૃથ્વીના શરીરમાં પણ જીવ છે. હવે પરિણામ દ્વારને જણાવે છે —

[નિ.૮૬] પૃથ્વીકાય ચાર પ્રકારે છે - બાદર પર્યાપ્ત, બાદર અપર્યાપ્ત, સૂક્ષ્મ અપર્યાપ્ત, સૂક્ષ્મપર્યાપ્ત. તેમાં બાદરપર્યાપ્ત સંવર્તિત લોકપ્રતરના અસંખ્યેય ભાગના પ્રદેશ રાશિ પ્રમાણ છે. બાકીની ત્રણ રાશીઓ પ્રત્યેક છે તે અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે અને નિર્દિષ્ટક્રમે તે ઉત્તરોત્તર અધિક હોય છે.

બાદર પૃથ્વીકાય પર્યાપ્તા સૌથી થોડાં છે, તેના કરતાં બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, તેના કરતા સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા પૃથ્વીકાય (અ)સંખ્યાતગુણા છે.

હવે બીજી રીતે ત્રણ રાશિનું પરિમાણ કહે છે—

[નિ.૮૭] જે પ્રકારે 'પ્રસ્થ'થી કોઈ મનુષ્ય બધા ધાન્યને માપે, એ પ્રમાણે અસદ્‌ભાવ પ્રજ્ઞાપના સ્વીકારીને આ લોકને 'કુડવ'રૂપ કરીને મધ્યમ અવગાહનાવાળા પૃથ્વીકાય જીવોની જો કોઈ સ્થાપના કરે તો અસંખ્યલોક પૃથ્વીકાયથી ભરાઈ જાય.

હવે બીજા પ્રકારે પરિમાણને બતાવે છે-

[નિ.૮૮] લોકાકાશના પ્રદેશમાં એક એક પૃથ્વીકાયનો જીવ સ્થાપીએ તો અસંખ્યાત લોક ભરાઈ જાય.

હવે કાળથી પરિમાણ બતાવતા ક્ષેત્ર અને કાળનું સૂક્ષ્મ-બાદરપણું-

[નિ.૮૯] સમયરૂપ કાળ અત્યંત સૂક્ષ્મ છે. તેનાથી ક્ષેત્ર ઘણું જ સૂક્ષ્મ છે. કેમકે એક આંગળ શ્રેણી માત્ર પણ ક્ષેત્રના પ્રદેશોને એક એક સમયે ખસેડીએ તો અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીઓ ચાલી જાય. તેથી કાળથી પણ ક્ષેત્ર સૂક્ષ્મતર છે.

હવે કાળથી પૃથ્વીકાયનું પરિમાણ બતાવે છે-

[નિ.૯૦] પૃથ્વી જીવોને પૃથ્વીકાયમાં પ્રતિસમયે પ્રવેશ અને નિર્ગમન થયા કરે છે. એક સમયમાં કેટલાનો પ્રવેશ અને નિષ્ક્રમણ થાય છે ? આ પ્રમાણે કાળથી કહેવાય છે.

એક સમયે અસંખ્યાત લોકાકાશ પ્રદેશના પરિમાણવાળા જીવો ઉત્પન્ન થાય



છે અને નાશ પામે છે. અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પ્રમાણો પૃથ્વીપણે પરિણામ પામેલા છે અને કાયસ્થિતિ પણ છે. મરી મરીને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પરિમાણ કાળ ત્યાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ક્ષેત્ર અને કાળથી પરિમાણ કહીને તેનો પરસ્પર અવગાહ કહે છે—

[નિ.૯૧] બાદરપૃથ્વીકાય પર્યાપ્તો જીવ જે આકાશખંડમાં રહ્યો છે, તે જ આકાશખંડમાં બીજા બાદરપૃથ્વીકાયનું શરીર પર રહેલ છે. બાકીના અપર્યાપ્તા જીવો પર્યાપ્તાને આશ્રીને અંતરરહિત પ્રક્રિયા વડે ઉત્પન્ન થાય છે. તે પર્યાપ્તાના અવગાઢ આકાશ પ્રદેશમાં સાથે રહે છે અને જે સૂક્ષ્મ જીવો છે, તે તો બધા લોકમાં રહેલા છે. હવે ઉપભોગ દ્વાર કહે છે—

[નિ.૯૨,૯૩] પૃથ્વીકાયનો ઉપભોગ મનુષ્ય આ પ્રમાણે કરે છે - ચાલવું, ઉભા રહેવું, નીચે બેસવું, સુવું, પુતળા બનાવવા, ઉચ્ચાર, પેશાબ, ઉપકરણ મૂકવા, લીંપવું, ઓજાર-દાગીના લેવા-વેચવા, ખેતી કરવી, વાસણ બનાવવા વગેરે, જો એમ છે તો શું કરવું ?

[નિ.૯૪] આ ચાલવા વગેરે કારણોથી પૃથ્વીજીવોની હિંસા કરે છે. શા માટે ? તે કહે છે — જે જીવો પોતાના સુખને ઇચ્છે છે અને બીજાનું દુઃખ ભૂલે છે, કેટલાક દિવસ રમણીય ભોગની આશાથી ઇન્દ્રિયોના વિકારથી વિમૂઢ ચિત્તવાળા લોકો પૃથ્વી જીવોને દુઃખ આપે છે અને પૃથ્વીકાય આશ્રિત જીવોની અશાતા સ્વરૂપ દુઃખોની ઉદીરણા કરે છે. આ રીતે ભૂમિના દાનથી શુભફળની પ્રાપ્તિ લોકમાં માન્ય હશે, પણ લોકોત્તર ધર્મથી તો તે વિરાધના જ છે.

હવે શસ્ત્ર દ્વાર કહે છે - જેના વડે ક્રિયા થાય છે તે શસ્ત્ર. તે બે ભેદે છે. દ્રવ્યશસ્ત્ર અને ભાવશસ્ત્ર. દ્રવ્ય શસ્ત્રના બે ભેદ - સમાસ અને વિભાગ. તેમાં 'સમાસ'ને કહે છે—

[નિ.૯૫] હળ, કોષ, ઝેર, કોદાળો, આલિત્રક, મૃગશૃંગ, લાકડું, અગ્નિ, વિષ્ટા, મૂત્ર. આ બધા સંક્ષેપથી દ્રવ્યશસ્ત્ર છે. હવે વિભાગથી દ્રવ્યશસ્ત્ર કહે છે.

[નિ.૯૬] વિભાગ દ્રવ્યશસ્ત્રના મુખ્ય ત્રણ ભેદ છે સ્વકાય, પરકાય, ઉભયકાય. ૧. સ્વકાય શસ્ત્ર - કંઈક અંશે પૃથ્વીનું શસ્ત્ર પૃથ્વી જ બને, ૨. પરકાયશસ્ત્ર - પાણી વગેરેથી પૃથ્વીકાય હણાય. ૩. ઉભયકાયશસ્ત્ર - પાણીથી ભીંજાયેલ પૃથ્વી બીજી પૃથ્વીને હણે.

આ બધા દ્રવ્યશસ્ત્ર છે. દુષ્પ્રયુક્ત મન, વચન, કાયા રૂપ અસંયમ એ ભાવશસ્ત્ર છે. હવે વેદના દ્વારને જણાવે છે—

[નિ.૯૭] જેમ પગ વગેરે અંગ-ઉપાંગના છેદન ભેદનથી માણસને દુઃખ થાય છે, તેમ પૃથ્વીકાયને પણ તે રીતે વેદના જાણવી. જો કે પૃથ્વીકાયને પગ, માથું, ગરદન વગેરે અંગો નથી. પણ તેમને શરીરના છેદનરૂપ વેદના તો છે જ. તે બતાવે છે—

[નિ.૯૮] પૃથ્વીકાયનો આરંભ કરનારા કેટલાંક પુરુષો તે જીવોની વેદના

ઉદીરે છે અને કેટલાંકના તો પ્રાણ પણ જાય છે. ભગવતી સૂત્રમાં તેનું દૃષ્ટાંત છે—

કોઈ ચાતુરંત ચક્વર્તીની સુગંધીચૂર્ણ પીસનારી બલવતી યૌવના સ્ત્રી આમળા પ્રમાણ સચિત્ત પૃથ્વીના ગોળાને ગંધપટ્ટક ઉપર પત્થર વડે એકવીશ વખત પીસે, તો પણ કેટલાંક પૃથ્વી જીવોને ફક્ત સંઘટ્ટન થાય, કેટલાક પરિતાપ પામે અને કેટલાક મરે જ્યારે કેટલાંક જીવોને શિલાપટ્ટકનો સ્પર્શ પણ થતો નથી.

- હવે વધદ્વાર કહે છે—

[નિ.૯૯] આ જગત્‌માં કેટલાક કુમતવાળા સાધુવેશ લઈને કહે છે કે - અમે સાધુ છીએ. પણ તેઓ નિરવધ અનુષ્ઠાનમાં પ્રવર્તતા નથી. તેઓ સાધુના ગુણોમાં કઈ રીતે વર્તતા નથી તે જણાવે છે - તેઓ હંમેશા હાથ, પગ, મળદ્વાર આદિને ધોવાની ક્રિયા દ્વારા પૃથ્વી જીવોને દુઃખ દેનારા દેખાય છે. આવી શુદ્ધિ અને દુર્ગંધ દૂર કરવાનું બીજી રીતે પણ શક્ય છે.

આ રીતે સાધુગુણથી રહિતને બોલવા માત્રથી પણ યુક્તિ વિના સાધુપણું મળતું નથી. આ રીતે ગાથાના પૂર્વાર્ધમાં પ્રતિજ્ઞા કહી, હવે ઉત્તરાર્ધમાં હેતુ અને સાધર્મ્ય દૃષ્ટાંતને કહે છે - પોતાને સાધુ માનનાર કુતીર્થિકો સાધુગુણમાં પ્રવર્તતા નથી, પણ પૃથ્વીકાયની હિંસામાં પ્રવર્તે છે અને જેઓ પૃથ્વીની હિંસામાં ગૃહસ્થની જેમ પ્રવર્તે છે, તેઓ સાધુના ગુણોમાં પ્રવર્તતા નથી. હવે દૃષ્ટાંત ગર્ભિત નિગમન કહે છે—

[નિ.૧૦૦] અમે સાધુ છીએ એમ બોલીને પૃથ્વીકાયની હિંસા કરનારા સાધુઓ ગૃહસ્થ જેવા જ છે. સમુચ્ચય અર્થ કહે છે - ''પૃથ્વી સચિત્ત'' એવું જ્ઞાન ન હોવાથી તેના સમારંભમાં વર્તતા તેઓ દોષિત હોવા છતાં પોતાને નિર્દોષ માને અને પોતાના દોષને જોતા નથી. મલીન હૃદયવાળા તેઓ પોતાની ધૃષ્ટતાથી સાધુજનના નિરવધ અનુષ્ઠાનરૂપ વિરતિની નિંદા કરે છે. આવી સાધુ નિંદાથી અનંત સંસારમાં પરિભ્રમણ કરનારા થાય છે.

ઉક્ત બંને ગાથા સૂત્રના અર્થને અનુસરનારી છે, છતાં વધદ્વારના અવસરે નિર્યુક્તિકારે કહી છે. તેની વ્યાખ્યા સ્વયં કરી તે યુક્ત જ છે. કેમકે હવે પછીના સૂત્ર-૧૫માં આ વાતનો નિર્દેશ છે જ. આ 'વધ' કરવો - કરાવવો - અનુમોદવો એ ત્રણ પ્રકાર હવે કહે છે—

[નિ.૧૦૧] કેટલાક પૃથ્વીકાયનો વધ સ્વયં કરે છે, કેટલાક બીજા પાસે કરાવે છે અને કેટલાક વધ કરનારને અનુમોદે છે. તેના આશ્રિત જીવોનો પણ વધ થાય છે. તે કહે છે -

[નિ.૧૦૨] જે પૃથ્વીકાયને હણે છે, તે તેના આશ્રયે રહેલા અપ્‌કાય, બેઇન્દ્રિય આદિ ઘણાં જીવોને હણે છે. જેમકે ઉદુંબર તથા વડના ફળને જે ખાય તે ફળમાં રહેલા બીજા જીવોને પણ ખાય છે. સકારણ કે અકારણ, સંકલ્પપૂર્વક કે સંકલ્પરહિત પૃથ્વીજીવોને જે હણે છે તે દેખાતા એવા દેડકા આદિને અને ન દેખાતા એવા 'પનક' આદિ જીવોને પણ હણે છે.

આ જ વાત વધારે સ્પષ્ટ કરે છે—



[નિ.૧૦૩] પૃથ્વીકાયનો સમારંભ કરતા તેને આશ્રીને રહેલા સૂક્ષ્મ, બાદર-પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા અનેક જીવોને તે હણે છે. અહીં ખરેખર સૂક્ષ્મોનો વધ થતો નથી, પણ પરિણામની અશુદ્ધિથી તેની નિવૃત્તિના અભાવે દોષ લાગે.

હવે વિરતિદ્વાર—

[નિ.૧૦૪] ઉક્ત પ્રકારે પૃથ્વીના જીવોને તથા તેના વધ, બંધને જાણીને પૃથ્વી જીવોના સમારંભથી અટકે છે - તે હવે પછીના ગાથામાં કહેવાતા અણગાર થાય છે - તેઓ મન, વચન, કાયા વડે પૃથ્વીના જીવોને કદી હણે નહીં, હણાવે નહીં, અનુમોદે નહીં, સમગ્ર જીવનમાં આવું વ્રત પાળનાર સાધુ કહેવાય.

હવે સાધુના બીજા લક્ષણો કહે છે —

[નિ.૧૦૫] મન, વચન, કાયા એ ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ઇર્યા આદિ પાંચે સમિતિથી સમિત, સમ્યક્ રીતે ઉઠવું, સુવું, ચાલવું આદિ ક્રિયામાં સર્વત્ર પ્રયત્ન કરનારા, જેઓ સમ્યક્ દર્શન આદિ અનુષ્ઠાનથી યુક્ત છે ઇત્યાદિ ગુણવાળા સાધુ હોય છે. પણ પૂર્વે કહેલા પૃથ્વીકાય-વિરાધક શાક્યાદિ મતના સાધુ અહીં ન લેવા.

નામનિષ્પન્ન નિક્ષેપ પુરો થયો. હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર ઉચ્ચારાય છે. આ સૂત્ર આ પ્રમાણે છે—

● **સૂત્ર-૧૪ :-**

***વિષયકષાયથી 'પીડિત', જ્ઞાનાદિ ભાવોથી 'હીન', મુશ્કેલીથી 'બોધ' પ્રાપ્ત કરનાર અજ્ઞાની જીવ આ લોકમાં ઘણાં જ વ્યથિત છે. કામ, ભોગાદિ માટે આતુર થયેલા તેઓ સ્થાને સ્થાને પૃથ્વીકાયિક જીવોને પરિતાપ-કષ્ટ આપે છે.***

● **વિવેચન :-**

પૂર્વનો સંબંધ કહે છે. સૂત્ર-૧૩માં પરિજ્ઞાતકર્મા મુનિ હોય છે, તેમ કહ્યું. જે અપરિજ્ઞાતકર્મા હોય છે, તે ભાવ-પીડિત હોય છે. આ વાત સૂત્ર-૧ સાથે સંબંધિત છે.

સુધર્માસ્વામી કહે છે - હે જંબૂ ! મેં સાંભળ્યું. શું સાંભળ્યું ? પૂર્વ ઉદ્દેશામાં કહ્યું તે અને આ પણ સાંભળ્યું છે કે, 'આર્ત્ત' ઇત્યાદિ. તે જીવોને કઈ રીતે સંજ્ઞા નથી હોતી તે બતાવે છે. કેમકે તે જીવો પીડાયેલા છે. આ 'આર્ત્ત' ના નામાદિ ચાર નિક્ષેપા છે. નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યાર્ત્તના જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્‌વ્યતિરિક્ત ત્રણ ભેદો છે. તેમાં ગાડા આદિ ચક્રોના ઉદ્ધીમૂળમાં જે લોઢાનો પાટો ચડાવે છે, તે દ્રવ્ય આર્ત્ત.

ભાવ-આર્ત્ત બે પ્રકારે છે. આગમથી, નો આગમથી. તેમાં આગમથી આર્ત્તપદના અર્થને જાણનારો અને ઉપયોગવંત. નોઆગમથી ઔદયિકભાવમાં વર્તનારો, રાગદ્વેષયુક્ત અંતર આત્મા વાળો, પ્રિયના વિયોગાદિ દુઃખમાં ડૂબેલો ભાવાર્ત્ત કહેવાય. અથવા વિષવિપાક તુલ્ય શબ્દાદિ વિષયમાં આકાંક્ષા હોવાથી હિત-અહિતના વિચારમાં શૂન્ય મનવાળો હોવાથી ભાવાર્ત્ત છે. તે કર્મોનો સંચય કરે છે. કહ્યું છે કે—

હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયવશવર્તી જીવ શું બાંધે ? શું એકઠું કરે ? શું ઉપચય કરે ? હે ગૌતમ ! આઠ કર્મની પ્રકૃતિઓ શિથિલ બંધવાળી હોય તેને ગાઢ બંધવાળી

કરે છે. તે અનાદિકાળથી ભમતો અને અનંતકાળના લાંબા પથવાળા ચતુર્ગતિ સંસારવનમાં ભ્રમણ કરશે. આ પ્રમાણે સ્પર્શન આદિ ચારે ઇન્દ્રિયોમાં પણ સમજવું.

આ જ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ, દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય આદિથી ભાવ-આર્ત્ત સંસારી જીવો પણ ચાર ગતિમાં ભ્રમણ કરશે. કહ્યું છે કે—

‘‘રાગ, દ્વેષ, કષાય, પાંચે ઇન્દ્રિયો, બે પ્રકારના મોહનીયથી સંસારી જીવ આર્ત્ત છે.’’

અથવા જ્ઞાનાવરણીય આદિ શુભાશુભ જે આઠ પ્રકારના કર્મથી પીડાયેલ કોણ છે ? તે કહે છે - ‘‘અવલોકે તે લોક’’. એક બે ત્રણ ચાર પાંચ ઇન્દ્રિયવાળો જીવ સમૂહ તે લોક જાણવો. આ લોક શબ્દના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ અને પર્યાય એ આઠ નિક્ષેપા કહીને અપ્રશસ્ત ભાવ-ઉદયવાળા જીવોનો અધિકાર અહીં જાણવો. જેટલા પણ જીવ પીડિત છે, તે સર્વે ક્ષીણ અને અસાર છે. કેમકે આ બધાં જીવ ઔપશમિક આદિ પ્રશસ્ત ભાવરહિત છે અથવા મોક્ષના સાધનરૂપ રત્નત્રયી રહિત છે.

‘પરિધુન’ અર્થાત્ ક્ષીણતાના બે પ્રકાર છે. દ્રવ્ય પરિધુન, ભાવ પરિધુન, તેમાં દ્રવ્ય પરિધુનના બે ભેદ — (૧) સચિત્ત દ્રવ્યપરિધુન - જીર્ણશરીરી વૃદ્ધ કે જીર્ણ વૃક્ષ. (૨) અચિત પરિધુન - જીર્ણ વસ્ત્રાદિ. ભાવપરિધુન તે ઔદયિકભાવના ઉદયથી પ્રશસ્ત જ્ઞાનાદિ ભાવથી હીન. આ હીનતા અનંત ગુણોની પરિહાણીથી થાય છે. પાંચ, ચાર, ત્રણ, બે, એક ઇન્દ્રિયવાળા જીવો ક્રમથી જ્ઞાનહીન છે. તેમાં સૌથી ઓછા જ્ઞાનવાળા સૂક્ષ્મનિગોદના અપર્યાપ્તા જીવો જે પ્રથમ સમયે ઉત્પન્ન થયેલા હોય તે જાણવા.

કહ્યું છે કે, ‘‘સૌથી ઓછા જ્ઞાનવાળા જીવનો ઉપયોગ ભગવંત મહાવીરે સૂક્ષ્મ અપર્યાપ્તા નિગોદ જીવનો કહ્યો છે, તેમ જાણવું.’’ ત્યારપછી ક્રમશઃ અધિક અધિક જ્ઞાનની વૃદ્ધિ, લબ્ધિ નિમિત્તક કરણ સ્વરૂપ શરીર, ઇન્દ્રિયો, વાણી અને મનોયોગવાળા જીવોને હોય છે હવે પ્રશસ્તજ્ઞાનધુન જીવ વિષય-કષાયોથી પીડિત થઈને કેવો થાય તે બતાવે છે - મેતાર્ય મુનિની માફક તે જીવ ઘણી મુશ્કેલીએ ધર્માચરણનો સ્વીકાર કરે છે, કેમકે તે ‘‘દુઃસંબોધ’’ હોય છે અથવા બ્રહ્મદત્તચક્રીની માફક તેને બોધ આપવો મુશ્કેલ હોય છે કેમકે આવા જીવો વિશિષ્ટ જ્ઞાન-બોધથી હીન હોય છે.

આવા જીવો શું કરે છે ? તે જણાવે છે - આ પૃથ્વીકાય જીવને અતિશય વ્યથા આપે છે. તેના પ્રયોજન માટે ખોદવા વગેરેથી કષ્ટ પહોંચાડે છે, તે માટે વિવિધ શસ્ત્રો વડે જીવોને ભય પમાડી ખેતી, ખાણખોદવી, ઘર બનાવવું આદિ કાર્યો માટે તે જીવોને પીડા કરે છે. હે શિષ્ય ! જુઓ, આ જગત્‌માં વિષય અને કષાયોથી વ્યાકુળ જીવ પૃથ્વીકાયને અનેક પ્રકારે દુઃખ આપે છે.

અહીં વૃત્તિકારે ‘વ્યથિત’ શબ્દના બે અર્થ લીધા-પીડા કરવી, ભય પમાડવો.

‘આતુર’ શબ્દથી એમ સૂચવે છે કે - વિષય, કષાયથી પીડાયેલા જીવો પૃથ્વીકાય જીવોને વારંવાર પીડે છે. બહુવચન નિર્દેશથી આરંભ કરનારા ઘણા છે તેમ



જાણવું અથવા લોક અર્થાત્ જીવસમૂહનો સંબંધ પ્રત્યેક સાથે જોડવો તે આ રીતે—

કોઈ જીવ વિષય કષાયથી પીડિત છે, કોઈ જીવ વૃદ્ધત્વથી પીડિત છે, કોઈ જીવ દુઃખે કરીને બોધ પામે છે, કોઈ જીવ વિશિષ્ટ જ્ઞાનથી રહિત છે. આ બધાએ દુઃખી જીવો પોતાની ઇચ્છાઓ પૂર્ણ કરવા તથા સુખ મેળવવા આ પૃથ્વીકાયના જીવોને અનેક પ્રકારના ઉપાયો વડે પરિતાપ ઉપજાવે છે - પીડા કરે છે.

‘‘પૃથ્વી જીવ સ્વરૂપ છે, તે માની શકાય, પણ તે અસંખ્યજીવોના પિંડ સ્વરૂપ છે એ માનવું શક્ય નથી. આ શંકાનો ઉત્તર સૂત્રકાર સ્વયં આપે છે—

● **સૂત્ર-૧૫ :-**

***— પૃથ્વીકાયિક જીવો પૃથક્ પૃથક્ શરીરમાં રહે છે અર્થાત્ તે પ્રત્યેક શરીરી છે.***

***— તેથી જ સંયમી જીવો પૃથ્વીકાય જીવોની હિંસા કરવામાં લજ્જા અનુભવે છે. (અર્થાત્ પ્રાણીઓને પીડા આપ્યા વિના જીવન નિર્વાહ કરે છે) તેને હે શિષ્ય તું જો.***

***— કેટલાક ભિક્ષુઓ કહે છે ‘‘અમે સાધુ છીએ.’’ આવું કહેનારા અનેક પ્રકારના શસ્ત્રોથી પૃથ્વીકાય સંબંધી હિંસા કરે છે. તેમજ પૃથ્વી આશ્રિત અન્ય અનેક જીવોની હિંસા કરે છે.***

● **વિવેચન :-**

જીવો જુદો જુદા ભાવે અંગુલના અસંખ્યેય ભાગ સ્વદેહની અવગાહના વડે પૃથ્વીકાયને આશ્રીને રહ્યા છે. શાસ્ત્રકાર કહે છે કે પૃથ્વી એક જ દેવતારૂપ નથી, પણ પૃથ્વીકાય એક શરીરમાં એક જીવ હોવાથી તે ‘પ્રત્યેક’ કહેવાય છે. અનેક જીવોના શરીર એકઠા થઈને જ તે દેખાય છે. સચેતન એવી આ પૃથ્વી અનેક પૃથ્વી જીવોનો પિંડ છે.

આ પ્રમાણે જાણીને તેના આરંભથી નિવૃત્ત થનારને બતાવવા કહે છે—

લજ્જા બે પ્રકારે છે - લૌકિક અને લોકોત્તર. વહુને સસરાની લજ્જા, સુભટને સંગ્રામની લજ્જા એ લૌકિક લજ્જા છે. લોકોત્તર લજ્જા એ સત્તર પ્રકારનો સંયમ છે. કહ્યું છે કે લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્ય આદિ એકાર્થક શબ્દો છે.

લજ્જા એટલે સંયમ અનુષ્ઠાન રત અથવા પૃથ્વીકાયના સમારંભરૂપ અસંયમ અનુષ્ઠાનથી લજ્જા પામતા. (એવા) પ્રત્યક્ષજ્ઞાની અને પરોક્ષજ્ઞાની. તેમને લજ્જા પામતા તું જો - આમ કહીને શિષ્યને કુશલ અનુષ્ઠાન પ્રવૃત્તિ વિષય બતાવ્યો છે. કુતીર્થિઓ બોલે છે જુદું અને કરે છે જુદુ - તે બતાવાતા કહે છે—

કુતીર્થીકો કહે છે - અમે ગૃહરહિત હોવાથી ‘અણગાર’ એટલે સાધુ છીએ. આવા શાક્યમત આદિના સાધુઓ જાણવા. તે કહે છે - અમે જ જીવરક્ષામાં તત્પર છીએ. અમે કષાયરૂપ અંધકારને દૂર કર્યો છે. ઇત્યાદિ પ્રતિજ્ઞા માત્ર બોલે છે. પણ વ્યર્થ જ બોલે છે. જેમ કોઈ ચોસઠ પ્રકારની માટીથી સ્નાન કરનાર શુચિવાદી કહે કે અમે અત્યંત પવિત્ર છીએ. પણ તેઓ ગાયના મૃત કલેવરને અપવિત્ર કહી ત્યાગ

કર્યા પછી નોકર દ્વારા તે પશુના ચામડા, હાડકા, માંસ, સ્નાયુ આદિનો પોતાના ઉપયોગ માટે સંગ્રહ કરાવે છે. આ પ્રમાણે પવિત્રતાનું અભિમાન કરવા છતાં શું ત્યાગ્યું ?

આ પ્રમાણે શાક્ય આદિ મતવાળા સાધુઓ અણગારવાદનું વહન કરે છે, પણ અનગારના ગુણોમાં લેશમાત્ર વર્તતા નથી. ગૃહસ્થચર્યાનો જરાપણ ત્યાગ કરતા નથી. પણ વિભિન્ન પ્રકારના હળ, કોદાળી, કોશ, ત્રિકમ આદિ શસ્ત્રોથી પૃથ્વીકાય જીવોનો વધ કરે છે. આ પ્રમાણે વિવિધ શસ્ત્રો દ્વારા પૃથ્વીકાયના આરંભ-સમારંભ સ્વરૂપ વધ કરનારા લોકો પૃથ્વીકાયના આશ્રિત જલ, વનસ્પતિ આદિ જીવોની પણ હિંસા કરે છે. આ પ્રમાણે પૃથ્વીકાય જીવોના શત્રુ એવા શાક્ય આદિઓનું અસાધુપણું બતાવીને હવે વિષયસુખોની અભિલાષાથી મન, વચન, કાયાથી કરણ, કરાવણ, અનુમોદન સ્વરૂપ હિંસાનું સ્વરૂપ કહે છે—

● સૂત્ર-૧૬ :-

***પૃથ્વીકાયના આરંભ વિષયમાં ભગવંતે પરિજ્ઞા બતાવી છે કે - આ જીવિતનો વંદન-માનન અને પૂજનને માટે, જન્મ-મરણથી છૂટવા માટે, દુઃખોનો નાશ કરવાને માટે તેઓ સ્વયં જ પૃથ્વીશસ્ત્રોનો સમારંભ કરે છે, બીજા પાસે પૃથ્વીશસ્ત્રનો સમારંભ કરાવે છે, પૃથ્વીશસ્ત્રનો આરંભ કરનારની અનુમોદના કરે છે.***

● વિવેચન :-

પૃથ્વીકાયના સમારંભ-હિંસાના વિષયમાં શ્રી વર્ધમાનસ્વામી આ પરિજ્ઞા કહે છે. હવે પછી કહેવાતા કારણો વડે સુખના ઇચ્છુકો કરવા, કરાવવા, અનુમોદવા વડે પૃથ્વીકાયનો સમારંભ કરે છે, તે કારણો આ પ્રમાણે છે —

નાશવંત એવા આ જીવનના વંદન, સન્માન અને પૂજનને માટે, જન્મ-મરણથી છુટવાને માટે તથા દુઃખોને દૂર કરવા માટે પોતે સુખનો અભિલાષી અને દુઃખનો દ્વેષી બની પોતે પોતાના વડે જ પૃથ્વીશસ્ત્રનો સમારંભ કરે છે. બીજા પાસે પૃથ્વીશસ્ત્રનો સમારંભ કરાવે છે, પૃથ્વીશસ્ત્રનો સમારંભ કરનાર અન્યને અનુમોદે છે. વર્તમાનકાળ માફક ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ મન, વચન, કાયાની ક્રિયા વડે યોજવું.

આવી હિંસક જેની મતિ છે, તેનું શું થાય છે, તે બતાવે છે—

● સૂત્ર-૧૭ :-

***પૃથ્વીકાયનો સમારંભ - હિંસા તે હિંસક જીવોને અહિતને માટે થાય છે, અબોધિને માટે થાય છે. જે સાધુ આ વાતને સારી રીતે સમજે છે, તે સંયમ સાધનામાં તત્પર થઈ જાય છે. ભગવંત અને શ્રમણના મુખેથી ધર્મશ્રવણ કરીને કેટલાક મનુષ્યો એવું જાણે છે કે - આ પૃથ્વીકાયની હિંસા ગ્રંથિ છે, આ મોહ છે, આ મૃત્યુ છે અને આ જ નરક છે. છતાં પણ જીવ પોતાના કાર્યોમાં આસક્ત થઈને અનેક પ્રકારના શસ્ત્રો દ્વારા પૃથ્વીકર્મ સમારંભથી પૃથ્વીકાયના***





***જીવોની તેમજ પૃથ્વીને આશ્રિત અન્ય અનેક પ્રકારના જીવોની હિંસા કરે છે.***

***હવે જે હું કહું છું તે સાંભળો - જેમ કોઈક જન્મથી અંધ આદિ મનુષ્યને-***

***— કોઈ ભેદે, કોઈ છેદે, પગને કોઈ ભેદે, કોઈ છેદે, ઘૂંટણને કોઈ ભેદે, કોઈ છેદે, જાંઘને કોઈ ભેદે, કોઈ છેદે, જાનુને કોઈ ભેદે, કોઈ છેદે, સાથળને કોઈ ભેદે, કોઈ છેદે, કમરને કોઈ ભેદે, કોઈ છેદે, નાભિને કોઈ ભેદે, કોઈ છેદે, ઉદરને કોઈ ભેદે, કોઈ છેદે, પડખાને કોઈ ભેદે, કોઈ છેદે; આ જ પ્રમાણે પીઠ, છાતી, હૃદય, સ્તન, ખભા, ભુજા, હાથ, આંગળી, નખ, ગર્દન, દાઢી, હોઠ, દાંત, જીભ, તાળવું, ગાલ, ગંડસ્થળ, કાન, નાક, આંખ, ભ્રૂકુટી, લલાટ અને મસ્તકને કોઈ મનુષ્ય ભેદે, કોઈ છેદે, કોઈ મૂર્છિત કરે યાવત્ પ્રાણનો નાશ કરી દે. ત્યારે તેને જેવી વેદના થાય છે—***

***તેવી જ રીતે પૃથ્વીકાયના જીવ પણ અવ્યક્તરૂપથી વેદનાનો અનુભવ કરે છે પણ તેને પ્રગટ કરી શકતા નથી.***

***આ પ્રકારે પૃથ્વીશસ્ત્રનો સમારંભ કરનાર અજ્ઞાની જીવે આ આરંભ સારીરીતે જાણેલ, સમજેલ નથી. (તેનો અપરિજ્ઞાતા હોય છે.)***

● વિવેચન :-

પૃથ્વીકાયના સમારંભ રૂપ હિંસા કરવા, કરાવવા, અનુમોદવાથી તેને ભવિષ્યકાળમાં અહિતને માટે થશે તેમજ અબોધિ માટે થશે (બોધિલાભ થશે નહીં). કેમકે પ્રાણિગણના ઉપમર્દનમાં પ્રવર્તેલાને થોડો પણ હિતદાયી લાભ ન થાય.

જે કોઈ તીર્થંકર ભગવંતો પાસે કે તેમના શિષ્ય સાધુઓ પાસે પૃથ્વીકાયના સમારંભને પાપરૂપ જાણીને આ પ્રમાણે સમજે છે - માને છે કે, ‘‘આ પૃથ્વીકાય સચેતન-સજીવ છે.’’ તે પરમાર્થને જાણનારો સાધુ પૃથ્વીકાયનો વધ અહિતકારી છે તે સારી રીતે જાણે. જાણીને સમ્યગ્ દર્શન આદિ ગ્રહણ કરીને વિચરે. *(आदानीय શબ્દનો અર્થ વૃત્તિકાર સમ્યગ્ દર્શનાદિ કરે છે જ્યારે ચૂર્ણિકાર તેનો અર્થ ‘‘સંયમ અને વિનય’’ કરે છે. જુઓ आचा.चूर्णि-पृ.२२.)*

કેવા પ્રયત્નથી તે માને ? તે બતાવે છે - સાક્ષાત્ ભગવંત કે સાધુ પાસેથી સાંભળીને - અવધારીને માને છે. મનુષ્યજન્મમાં તત્ત્વનો પ્રતિબોધ પામેલા સાધુઓએ આ જાણ્યું છે કે, આ પૃથ્વીકાયનો શસ્ત્ર સમારંભ નિશ્ચે આઠ પ્રકારના કર્મના બંધ સ્વરૂપ છે. અહીં કાર્યમાં કારણનો ઉપચાર કર્યો છે તે આ રીતે - જેમ ગંદુ પાણી પગને રોગી બનાવતું હોવાથી પગ રોગ તરીકે જાણીતું છે, એ ન્યાય મુજબ પૃથ્વીકાયનો સમારંભ મોહનો હેતુ હોવાથી મોહનીય કર્મના બંધરૂપ છે આ મોહનીય કર્મ દર્શન, ચારિત્ર ભેદથી અઠ્ઠાવીશ પ્રકારની કર્મ પ્રકૃતિ રૂપ છે.

*સૂત્રમાં ગંથે શબ્દ છે. ગ્રંથનો અર્થ વૃત્તિકારે આઠ પ્રકારનો કર્મબંધ કર્યો છે. ચૂર્ણિકારે પણ આ અર્થ કર્યો છે. બૃહત્કલ્પના ઉદ્દેશક-૧ની ભાષ્ય ગાથા-૧૦ થી ૧૪માં ગ્રંથના દ્રવ્ય અને ભાવથી કુલ ૨૪ ભેદો કહ્યા છે. ‘ગંથ’ એ જૈન પારિભાષિક શબ્દ છે.)*

આ જ પ્રમાણે પૃથ્વીકાયનો સમારંભ મરણના હેતુરૂપ છે જે આયુષ્યકર્મના ક્ષયસ્વરૂપ છે. તે સીમંતક આદિ નરકભૂમિમાં ઉત્પન્ન થવાનું કારણ હોવાથી નરકરૂપ છે, નરકનું કારણ કહ્યું હોવાથી તે અસાતા વેદનીય કર્મનો પણ નિર્દેશ કરે છે.

શંકા - એક જીવનો વધ કરવાથી આઠ કર્મોનો બંધ કઈ રીતે થાય ?

સમાધાન, મરાતા જીવના જ્ઞાનના અવરોધથી જ્ઞાનવરણીય કર્મ બંધાય, આ રીતે આઠે કર્મોમાં આ વાત સમજી લેવી. તેથી આઠ કર્મો બંધાય.

આ સિવાય તે (જૈન) સાધુઓ એ પણ જાણે છે કે, આહાર, આભુષણ તથા ઉપકરણ માટે; વંદન, સન્માન તથા પૂજનને માટે; દુઃખના વિનાશને માટે પ્રાણિગણ ઘેલો બનેલો છે. આ પ્રમાણે અતિ પાપના સમૂહના વિપાકરૂપ ફળ એવા પૃથ્વીકાયના સમારંભમાં અજ્ઞાનને વશ થઈ મૂર્છિત થયેલો આવા કાર્યો કરે છે - જેમકે - પૃથ્વીકાય જીવોને વિરૂપ શસ્ત્રો વડે સમારંભ કરતો પૃથ્વી જીવોને હણે છે. પૃથ્વી શસ્ત્ર વડે પૃથ્વીનું નિકંદન કાઢે છે અથવા હળ, કોદાળા વગેરેથી અનેક પ્રકારે સમારંભ કરે છે. પૃથ્વીને હણતા તેને આશ્રીને રહેલા બેઇન્દ્રિયાદિ જીવોને હણે છે. (અહીં વાદી શંકા કરે છે) આ તો હદ થઈ ગઈ—

જે જીવ ન જુએ, ન સાંભળે, ન સુંઘે, ન ચાલે તે કઈ રીતે વેદના અનુભવે ?

સમાધાન :- વાદીને દૃષ્ટાંતથી સમજાવે છે - જેમ કોઈ જન્મથી અંધ, બહેરો, મુંગો, કુષ્ઠી, પંગુ, હાથ-પગ વગેરે અવયવથી શિથીલ (વિપાક સૂત્રમાં કહેલ) મૃગાપુત્રની જેમ પૂર્વકૃત્ અશુભ કર્મ ઉદયમાં આવતા હિત-અહિત, પ્રાપ્તિ-ત્યાગથી વિમુખ સર્વ પ્રકારે દુઃખી જોતાં આપણને તેના ઉપર અતિ કરૂણા આવે, તે જ પ્રમાણે અંધ આદિ ક્ષતિગુણ યુક્ત દુઃખીને કોઈ ભાલાની અણી વડે ભેદે કે છેદે ત્યારે તે ઘણી પીડા ભોગવે છે. તે જોતો નથી, સાંભળતો નથી, મુંગો હોવાથી રોઈ શકતો પણ નથી તો શું તેને વેદના થતી નથી તેમ માનીશું ? અથવા તેનામાં જીવનો અભાવ માનીશું ? આ જ પ્રમાણે પૃથ્વીજીવો અવ્યક્ત ચેતનાવાળા જન્માંધ, બહેરા, મુંગા, પંગુ વગેરે ગુણવાળા પુરુષ માફક જાણવા.

— અથવા જેમ પંચેન્દ્રિય જીવો જે સ્પષ્ટ ચેતનાવાળા છે, તેમના કોઈપણ પગને ભેદે-છેદે, એ પ્રમાણે ઘુંટણ, જંઘા આદિ (સૂત્રાર્થમાં બતાવ્યા મુજબ) મસ્તક વગેરે અવયવને છેદન, ભેદન આદિ થતાં વેદના ઉત્પન્ન થતી દેખાય છે, તે જ પ્રમાણે અતિશય મોહ અને અજ્ઞાનયુક્ત સ્ત્યાનર્ધિનિદ્રાના ઉદયથી અવ્યક્ત ચેતનાવાળા પ્રાણીઓને અવ્યક્ત વેદના થાય છે એમ જાણવું.

અહીં બીજું દૃષ્ટાંત કહે છે - જેમ કોઈ મનુષ્ય બીજાને બેભાન કર્યા પછી તેને મારે અને જીવરહિત કરે તો તેની વેદના પ્રગટ દેખાતી નથી પણ તેને અપ્રગટ વેદના છે જ, એવું આપણે જાણીએ છીએ, એ પ્રમાણે પૃથ્વીકાય જીવોને પણ વેદના-પીડા થાય છે તેમ જાણવું.

પૃથ્વીકાયમાં જીવત્વ સિદ્ધ કરીને તથા વિવિધ શસ્ત્રોથી તેને થતી વેદના બતાવીને તે પૃથ્વીકાયના વધથી થતા કર્મબંધને સૂત્રકારશ્રી જણાવે છે—



● **સૂત્ર-૧૮ :-**

***જે પૃથ્વીકાય જીવો પર શસ્ત્રનો સમારંભ કરતા નથી, તે (જ) આ આરંભોનો પરિજ્ઞાતા છે. આ (પૃથ્વીકાયનો સમારંભ) જાણીને બુદ્ધિમાન મનુષ્ય (સાધુ) સ્વયં પૃથ્વીકાય શસ્ત્રનો સમારંભ કરે નહીં, બીજા દ્વારા પૃથ્વીકાયશસ્ત્રનો સમારંભ કરાવે નહીં અને પૃથ્વીકાય શસ્ત્રનો સમારંભ કરનારની અનુમોદના કરે નહીં.***

***જેણે આ પૃથ્વીકર્મ સમારંભ જાણી લીધો છે, તે જ 'પરિજ્ઞાતકર્મા' મુનિ છે, એમ હું કહું છું.***

● **વિવેચન :-**

અહીં પૃથ્વીકાયમાં બે શસ્ત્રો છે — (૧) દ્રવ્યશસ્ત્ર, (૨) ભાવશસ્ત્ર. તેમાં દ્રવ્યશસ્ત્રના ત્રણ ભેદ છે — સ્વકાય, પરકાય, ઉભયકાય. ભાવશસ્ત્ર તે મન, વચન, કાયાના ખરાબ પ્રયોગ કે પ્રવૃત્તિરૂપ અસંયમ છે. આ બંને પ્રકારના શસ્ત્રોથી ખોદવું, ખેતી કરવી વગેરે સમારંભના કામો બંધ હેતુપણે ન જાણનાર 'અપરિજ્ઞાતા' છે અને જેમણે જાણ્યા છે, તે પરિજ્ઞાતા' છે. આ વાતને જણાવવા માટે કહે છે કે—

અહીં પૃથ્વીકાયમાં બંને પ્રકારનું શસ્ત્ર ન ચલાવનાર પૂર્વોક્ત સમારંભને પાપરૂપ જાણીને, તેનો જે ત્યાગ કરે તે સાધુને 'પરિજ્ઞાત' જાણવા. આ વચનથી વિરતિ અધિકાર કહ્યો. તે વિરતિને સ્પષ્ટ કરવા સૂત્રકારે કહ્યું છે કે, પૃથ્વીકાયના સમારંભમાં કર્મબંધને જાણીને મેધાવી (મુનિ) દ્રવ્ય-ભાવ ભેદવાળા આ પૃથ્વીશસ્ત્ર થકી સમારંભ પોતે કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારને અનુમોદે નહીં. આ પ્રમાણે મન, વચન, કાયા વડે ભૂતકાળ, (વર્તમાનકાળ) અને ભવિષ્યકાળ ત્રણેના પચ્ચક્ખાણ કરે.

આ પ્રમાણે (પૃથ્વીકાયના જીવોના વધથી) નિવૃત્ત થનાર જ મુનિ છે. એમ જાણવું. પણ (નિવૃત્ત ન થનાર એવા) બીજા કોઈ મુનિ નથી. એ પ્રમાણે વિષયનો ઉપસંહાર કરતા કહે છે - જેઓએ પૃથ્વી જીવની વેદનાનું સ્વરૂપ જાણ્યું છે તથા પૃથ્વી ખોદવી, ખેતી કરવી આદિ પૃથ્વી વિષય સમારંભથી કર્મબંધ જાણ્યો છે. તે રીતે જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેને ત્યાગે તે જ મુનિ છે. આમ બંને પરિજ્ઞા વડે જાણે અને ત્યાગે તે સાવદ્ય અનુષ્ઠાન કે કર્મબંધને જાણવાથી 'પરિજ્ઞાતકર્મા' છે, શાક્યાદિમુનિ પરિજ્ઞાતા નથી.

'तिबेमि' પદનો અર્થ પૂર્વવત્ જાણવો.

**અધ્યયન-૧ શસ્ત્રપરિજ્ઞાનો ઉદ્દેશક-૨ પૃથ્વીકાયનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -

## ૠ અધ્યયન-૧ ઉદ્દેશો-૩ ''અપ્‌કાય'' ૠ

● **ભૂમિકા :-**

પૃથ્વીકાયનો ઉદ્દેશક પૂરો થયો. હવે ''અપ્‌કાય''નો ઉદ્દેશક કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે. ગત ઉદ્દેશામાં પૃથ્વીકાયના જીવ સિદ્ધ કર્યા. તેના વધમાં કર્મબંધ બતાવ્યો. તેથી પૃથ્વીકાયવધથી વિરત થવા કહ્યું. તે જ રીતે હવે ક્રમથી આવેલ અપ્‌કાયનું જીવત્વ, તેના વધમાં કર્મબંધ, તેની વિરતિ બતાવે છે. આ બંનેનો સંબંધ છે.

બીજા ઉદ્દેશાના ચાર અનુયોગદ્વાર કહેવા. તેમાં નામનિષ્પન્ન નિક્ષેપામાં અપ્‌કાયનો ઉદ્દેશો છે. પૃથ્વીકાયમાં જીવનું સ્વરૂપ બતાવવા નિક્ષેપાદિ નવ દ્વારો કહેલા, તે અહીં સમાનપણે હોવાથી, જે વિશેષ છે તે જ વાતને નિર્યુક્તિકાર કહે છે.

**[નિ.૧૦૬]** પૃથ્વીકાયમાં કહેલા નવ દ્વારો જ અપ્‌કાયમાં છે. વિશેષ એ કે વિધાન, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર અને લક્ષણમાં થોડો ભેદ છે. એ સિવાય કોઈ તફાવત નથી. હવે વિધાન એટલે પ્રરૂપણા. તે સંબંધી જુદાપણું બતાવે છે.

**[નિ.૧૦૭]** અપ્‌કાયના જીવો લોકમાં સૂક્ષ્મ અને બાદર બે ભેદે છે. તેમાં સૂક્ષ્મ સર્વલોકમાં છે, પણ બાદરના પાંચ ભેદ છે, તેની પ્રરૂપણા કરે છે—

**[નિ.૧૦૮]** શુદ્ધ જળ, ઓસ, હિમ, મહિકા અને હરતનુ પાંચ ભેદ આ પ્રમાણે છે—

(૧) શુદ્ધ જળ - તળાવ, નદી, સમુદ્ર, કુંડ, ખાબોચીયા આદિનું જળ.

(૨) ઓસ - રાત્રિના જે ઠાર કે ઝાકળ પડે તે.

(૩) હીમ - શિયાળામાં શીતપુદ્‌ગલના સંપર્કથી જળ જે કઠિનતા પ્રાપ્ત કરે તે.

(૪) મહીકા - ગર્ભમાસ આદિમાં સાંજ-સવાર જે ધુમ્મસ થાય તે.

(૫) હરતનુ - વર્ષા અને શરદ્‌કાળમાં લીલી વનસ્પતિ ઉપર પાણીના બિંદુ પડે છે, તે

જમીનની સ્નિગ્ધતાથી ઉત્પન્ન થાય છે, તેને હરતનુ કહે છે.

**શંકા** - પન્નવણાસૂત્રમાં બાદર અપ્‌કાયના ઘણાં ભેદો કહ્યા છે. જેમકે કરા, શીતજળ, ઉષ્ણજળ, ક્ષાર, ક્ષત્ર, કટુ, અમ્લ, લવણ, વરૂણ, કાલોદ, ઉષ્કર, ક્ષીર, ઘૃત, ઇક્ષુ આદિ રસ. તો આ બધા ભેદનો સંગ્રહ કઈ રીતે કર્યો છે ?

**સમાધાન** - કરા કઠણ હોવાથી હિમમાં તેનો સમાવેશ થાય છે. બાકીનામાં સ્પર્શ, રસ, સ્થાન, વર્ણ માત્રથી ભિન્નપણું છે, પણ તે શુદ્ધોદક રૂપ જ છે.

**શંકા** - જો એમજ છે, તો પન્નવણા સૂત્રમાં બીજા ભેદોનો પાઠ કેમ આપ્યો ?

**સમાધાન** - સ્ત્રી, બાળ, મંદબુદ્ધિનાને સહેલાઈથી સમજાય તે માટે ભેદ પાડેલ છે.

**શંકા** - અહીં આચારાંગમાં તે હેતુથી કેમ પાઠ ન આપ્યા ?



**સમાધાન** - પ્રજ્ઞાપના એ ઉપાંગ સૂત્ર છે. ત્યાં સ્ત્રી આદિના અનુગ્રહ માટે બધા ભેદોનું કથનયુક્ત છે. નિર્યુક્તિ સૂત્રના અર્થ સાથે જોડાયેલી છે, માટે તેમાં દોષ નથી.

ઉક્ત બાદર અપ્‌કાય સંક્ષેપથી બે ભેદે છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા તે વર્ણાદિને ન પામેલા અને પર્યાપ્તા તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના આદેશો વડે લાખો ભેદવાળા છે. આ બધાની સંવૃત્ત યોનિ જાણવી. તે યોનિ સચિત્ત, અચિત્ત, મિશ્ર તથા શીત, ઉષ્ણ, મિશ્ર એમ ત્રણ-ત્રણ ભેદે છે. અપ્‌કાયની એ રીતે સાત લાખ યોનિઓ થાય છે. એમ પ્રરૂપણા દ્વાર કહ્યું, હવે પરિમાણ દ્વાર કહે છે—

**[નિ.૧૦૯]** પર્યાપ્ત બાદર અપ્‌કાય સંવર્તિત લોકાકાશના પ્રતરના અસંખ્યેય ભાગ પ્રદેશના રાશિ પ્રમાણ છે. બાકીના ત્રણ પૃથક્ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ રાશિ પ્રમાણ જાણવા પણ તેમાં વિશેષ એ કે બાદર પૃથ્વીકાય પર્યાપ્તાથી બાદર અપ્‌કાય પર્યાપ્તા અસંખ્યાતગુણા છે અને બાદર પૃથ્વીકાય અપર્યાપ્તાથી બાદર અપ્‌કાય અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તાથી સૂક્ષ્મ અપ્‌કાય અપર્યાપ્તા વિશેષાધિક છે. સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તાથી સૂક્ષ્મ અપ્‌કાય પર્યાપ્તા વિશેષાધિક છે.

આ રીતે પરિમાણદ્વાર કહ્યું. હવે લક્ષણ દ્વાર કહે છે.

**[નિ.૧૧૦]** શંકા - અપ્‌કાય જીવ નથી, કેમકે તેનું લક્ષણ જણાતું નથી. મુત્ર આદિ માફક પાણી અજીવ છે. **સમાધાન** - જેમ હાથણીના પેટમાં ગર્ભ રહે ત્યારે તે દ્રવરૂપ છે, છતાં ચેતન છે, તેમ અપ્‌કાય જીવ છે. અથવા પક્ષીના તુરંતના ઉત્પન્ન થયેલા ઇંડામાં કઠણ ભાગ, ચાંચ વગેરે બંધાયા ન હોય ત્યાં સુધી ઘણું પાણી હોય છતાં તે સચિત્ત છે, તેમ અપ્‌કાય પણ ચેતનયુક્ત છે. ''હાથણીનો ગર્ભ અને ઇંડાનુ પાણી'' બંને જલ્દી સમજાય તેવા દૃષ્ટાંતો છે.

હવે અપ્‌કાયની સચેતનતાનું અનુમાન કરે છે - શસ્ત્રથી ન હણાયુ હોય ત્યાં સુધી દ્રવપણું હોવાથી હાથણીના ગર્ભકલલની માફક ચેતન છે. અહીં સચેતન વિશેષણ લેવાથી પ્રસ્રવણ વગેરેનો નિષેધ જાણવો. હવે બીજું અનુમાન પ્રયોગથી જણાવે છે—

ઇંડામાં રહેલા કલલની માફક પાણીનું દ્રવપણું નાશ નથી થતું તેથી તે પાણી સચેતન છે. તથા પાણી અપ્‌કાય જીવોનું શરીર છે, કેમકે તે છેદી શકાય છે, ભેદી શકાય છે, ફેંકી શકાય છે, પી શકાય છે, ભોગવાય છે, સુંઘાય છે, સ્વાદ લેવાય છે, સ્પર્શાય છે, જોવાય છે અને દ્રવ્યપણે છે, આ બધાં શરીરના ધર્મો પાણીમાં છે, માટે તે ચેતન છે, આકાશને વર્જીને ભૂતોના જે ધર્મ તે રૂપ આકાર વગેરે પણ લેવા.

**શંકા** - રૂપપણું, આકારપણું આદિ ધર્મો પરમાણુઓમાં પણ છે, તેથી તમારો હેતુ અનેકાંત દોષવાળો છે.

**સમાધાન** - ના એમ નથી. કેમકે અપ્‌કાયમાં છેદન યોગ્યતા આદિ હેતુ બતાવ્યા છે તે બધાં ઇન્દ્રિયના વ્યવહારમાં જણાય છે. પરમાણુંમાં જણાતા નથી. આ રીતે આ પ્રકરણમાં અતીન્દ્રિય પરમાણુંનું ગ્રહણ કરેલ નથી અથવા આ વિપક્ષ જ

નથી કેમકે સર્વ પુદ્‌ગલ દ્રવ્યો, દ્રવ્યશરીરના રૂપથી તો સ્વીકારેલ જ છે. વિશેષ એ જ કે જીવસહિત શરીર અને જીવરહિત શરીર. કહ્યું છે કે—

અણુ અભ્ર વગેરે વિકારવાળા મૂર્ત જાતિપણાથી પૃથ્વી, અપ્, તેઉ, વાયુ ચારેના શરીર શસ્ત્રથી હણાયેલા તે નિર્જીવ છે, શસ્ત્રથી ન હણાયેલા તે સજીવ છે.

આ પ્રમાણે શરીરની સિદ્ધિ થતા હવે અનુમાન પ્રમાણ બતાવે છે.

હિમ આદિ અપ્‌કાય હોવાથી બીજા જળની માફક સચિત છે તથા કોઈ સ્થાને ભૂમિ ખોદતા દેડકાની માફક પાણી પણ ઉછળી આવે છે માટે સચેતન છે અથવા આકાશમાં સ્વાભાવિક ઉત્પન્ન થતું પાણી માછલા માફક ઉછળીને પડે છે, માટે તે સચેતન છે. આ બધાં લક્ષણો અપ્‌કાયને મળતા આવે છે માટે અપ્‌કાય સજીવ છે.

હવે ઉપભોગ દ્વાર કહે છે—

**[નિ.૧૧૧]** નહાવું, પીવું, ધોવું, રાંધવું, સીંચવું, નાવાદિ દ્વારા જવું-આવવું તેમાં પાણી ઉપભોગમાં આવે છે તેથી ભોગાભિલાષી જીવો આ કારણે અપ્‌કાયના વધમાં પ્રવર્તે છે.

**[નિ.૧૧૨]** સ્નાન, અવગાહના આદિ કારણે ઇન્દ્રિયોના વિષયના વિષમાં મોહિત થયેલા જીવો નિર્દયપણે અપ્‌કાયના જીવોને હણે છે. કેમકે - પોતાના સુખને માટે અને બીજાના હિતાહિતનો વિચાર ન કરતા હોવાથી તથા વિવેકી લોકોના પરિચયના અભાવમાં અવિવેકી હોવાના કારણે થોડા દિવસ રહેનારા સુંદર યૌવનના અભિમાનથી ઉન્મત્ત ચિત્તવાળા તે સંસારી જીવો અપ્‌કાયના જીવોને દુઃખની ઉદીરણા કરે છે.

કહ્યું છે કે - સહજ વિવેક એક ચક્ષુ છે અને વિવેકીજનોનો સંગ એ બીજુ ચક્ષુ છે. તે બંનેથી રહિત છે, તે આંખવાળો હોવા છતાં અંધ જ છે. તે બિચારો ખરાબ માર્ગે ચાલે તો તેમાં તેનો શો ગુનો છે ? હવે શસ્ત્ર દ્વાર કહે છે—

**[નિ.૧૧૩]** શસ્ત્રના દ્રવ્ય અને ભાવ બે ભેદ છે. દ્રવ્યશસ્ત્રના સમાસ અને વિભાગ બે ભેદ છે. સમાસદ્રવ્યશસ્ત્ર આ પ્રમાણે - કુવામાંથી કોશ આદિ વડે પાણી ઊંચે ચડાવવું તે ઉર્ધ્વસિંચન. ઘટ્ટ કોમળ વસ્ત્રથી ગાળવું તથા વસ્ત્રાદિ ઉપકરણ ચર્મ, કોશ, કડાયુ આદિ ધોવા વગેરેમાં આ પ્રમાણે અનેક રીતે બાદર અપ્‌કાયના શસ્ત્રો જાણવા, ગાથામાં 'તુ' શબ્દ વિભાગની અપેક્ષાએ વિશેષાર્થે છે - હવે વિભાગદ્રવ્યશસ્ત્ર જણાવે છે—

**[નિ.૧૧૪]** કિંચિત્ સ્વકાયશસ્ત્ર - તે તળાવનું પાણી નદીના પાણીને દુઃખ દે. કિંચિત્ પરકાયશસ્ત્ર - તે માટી, સ્નેહ, ખાર આદિ પાણીના જીવોને હણે. કિંચિત્ ઉભયકાય - તે માટી વગેરે પાણી યુક્ત બીજા પાણીના જીવોને હણે. પ્રમાદી, દુર્ધ્યાનવાળાનો મન, વચન, કાયાએ પાળેલો અસંયમ તે ભાવશસ્ત્ર છે. બાકીના દ્વારો પૃથ્વીકાય માફક જાણવા.

**[નિ.૧૧૫]** નિક્ષેપ, વેદના, વધ અને નિવૃત્તિ જેમ પૃથ્વીકાયમાં બતાવ્યા તેમ અપ્‌કાય ઉદ્દેશામાં પણ નિશ્ચયથી જાણવા. હવે સૂત્રાનુગમમાં પૂર્વવત્ સૂત્રને કહે છે—



● **સૂત્ર-૧૯ :-**

***હું કહું છું - સરળ આચરણવાળા, મોક્ષમાર્ગને પ્રાપ્ત અને કપટરહિત હોય તેને અણગાર અર્થાત્ સાધુ કહે છે.***

● **વિવેચન :-**

પૂર્વ સૂત્ર સાથે આ રીતે સંબંધ છે - ઉદ્દેશા-૨ના છેલ્લા સૂત્રમાં કહેલ કે પૃથ્વીકાયનો સમારંભ ત્યાગે તે મુનિ. પણ તેટલા માત્રથી મુનિ ન થવાય, તે દર્શાવે છે - સુધર્માસ્વામી કહે છે કે, ''મેં ભગવંત પાસે પૂર્વે સાંભળ્યુ તેમાં આ પણ જાણવું.'' આ રીતે પૂર્વસૂત્ર સાથે સંબંધ જોડાયો. 'સે'અર્થાત્ 'તે' એટલે પૃથ્વીકાયનો સમારંભ ત્યાગે અને તેની સાથે બીજું શું ત્યાગે ? તે જણાવી 'અણગાર' સ્વરૂપ બતાવે છે—

જેમને ઘર નથી તે 'અણગાર' છે, અહીં 'અણગાર' શબ્દ લેવાનું કારણ એ છે કે - 'ગૃહનો ત્યાગ' એ મુનિપણાનું પ્રથમ લક્ષણ છે. કેમકે ઘરના આશ્રયથી ઘરસંબંધી પાપકૃત્યો કરવા પડે છે જ્યારે મુનિ તો નિર્દોષ અનુષ્ઠાનવાળા છે તે બતાવે છે - ઋજુ એટલે સરળ. મન, વચન, કાયાના દુષ્પ્રણિધાનને રોકીને સર્વ પ્રાણીના રક્ષણ માટેની પ્રવૃત્તિરૂપ દયા એ સંયમ છે સર્વત્ર તેમની સરળ ગતિ છે. અથવા મોક્ષ સ્થાને ગમન કરવારૂપ ઋજુ શ્રેણી. સર્વથા સંયમપાલનથી મોક્ષ મળે.

અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરીને સરળ સાધુમાર્ગ એવા સત્તર પ્રકારના સંયમને આરાધે તે ઋજુકારી છે, એમ સૂચવે છે કે સંપૂર્ણ સંયમ અનુષ્ઠાન કરનાર સંપૂર્ણ અનગાર છે. આવા મુનિ શું ફળ પામે ? તે કહે છે - નિયાગ અર્થાત્ મોક્ષમાર્ગ. સંગત અર્થથી સમ્યગ્ જ્ઞાનદર્શન ચારિત્ર લીધા. આવા સમ્યગ્ દર્શનજ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગને સ્વીકારનાર તે નિયાગપ્રતિપન્ન છે.

*(અહીં ચૂર્ણિમાં 'નિયાગ' ને બદલે निकाय પાઠ છે. જુઓ ચૂર્ણિ પૃષ્ઠ-૨૫)* આ પાઠાંતરનો અર્થ - ઔદારિક વગેરે શરીર જેનાથી અથવા જેમાં છે તે નિકાય અર્થાત્ મોક્ષ તેને પામેલ. મોક્ષનું કારણ - સમ્યગ્દર્શનાદિનું સ્વશક્તિ મુજબ અનુષ્ઠાન છે. આવું સ્વશક્તિ અનુષ્ઠાન અમાયાવીને હોય છે તે બતાવે છે—

અહીં માયા એટલે સર્વત્ર સ્વવીર્યને ઉપયોગમાં ન લેવું તે. આવી માયા ન કરતો અર્થાત્ બળ અને વીર્યને ગોપવ્યા વિના સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરે તે અણગાર. આ વચનથી તેના સંબંધપણે બધા કષાયોને પણ દૂર કરે એમ જાણવું.

(ઉત્તરાધ્યયન સૂત્રમાં) કહ્યું છે કે, ઋજુ આત્માની શુદ્ધિ થાય છે. શુદ્ધ હૃદયમાં ધર્મ રહે છે. તો આ બધી માયા વેલડીને દૂર કરી શું કરે ? તે કહે છે—

● **સૂત્ર-૨૦ :-**

***જે શ્રદ્ધાથી નીકળેલા છે (સંયમ અંગીકાર કરેલ છે.) તેમાં કોઈપણ પ્રકારની શંકા નહીં કરતા યાવજ્જીવન તે શ્રદ્ધાથી સંયમનું પાલન કરે.***

● **વિવેચન :-**

વધતા સંયમસ્થાન કંડક રૂપવાળી શ્રદ્ધા વડે દીક્ષા લીધેલી છે, તે જ શ્રદ્ધાને

જીવનપર્યન્ત સુરક્ષિત રાખે કેમકે પ્રાયઃ દીક્ષા સમયે સારા વર્ધમાન પરિણામ હોય છે. પછી સંયમ ગુણ શ્રેણિને પામ્યા બાદ તેના પરિણામ વધે, ઘટે કે અવસ્થિત રહે. તેમાં વૃદ્ધિકાળ કે હાનિકાળ એક સમયથી લઈને ઉત્કર્ષથી અંતર્મૂહૂર્ત જાણવો તેથી વધારે કાળ સંકલેશ કે વિશુદ્ધિ હોતી નથી. કહ્યું છે કે—

આ જગત્‌માં જીવોનો સંક્લેશ કાળ અંતર્મુહૂર્તથી અધિક હોતો નથી અને વિશુદ્ધિકાળ પણ અંતર્મુહૂર્તથી અધિક હોતો નથી. આ આત્માનો પ્રત્યક્ષ અર્થ છે.

બે ઉપયોગની પરિવૃત્તિ તે સ્વભાવથી જ હેતુરહિત છે, કેમકે સ્વભાવ તે આત્માથી જ પ્રત્યક્ષ છે અને ત્યાં હેતુ બતાવવા જ વ્યર્થ છે.

વૃદ્ધિ - હાનિ સ્વરૂપ સંકલેશ અને વિશુદ્ધિના યવમધ્ય કે વજમધ્યની વચ્ચે અવસ્થિતકાળ આઠ સમયનો હોય છે. પછી અવશ્ય ફેરફાર થાય છે. આ વૃદ્ધિ, હાનિ, અવસ્થિતરૂપનું પરિણામ નિશ્ચયથી કેવલી જાણે, પણ છદ્મસ્થો ન જાણે. જો કે પ્રવ્રજ્યા લીધા પછીના કાળમાં સિદ્ધાંત સાગરને અવગાહન કરતો સંવેગ-વૈરાગ્ય ભાવના ભાવિક અંતર આત્માવાળા કોઈ મુનિ વધતા પરિણામવાળા હોય જ છે. કહ્યું છે—

મુનિ જેમ-જેમ શ્રુતને અવગાહે, તેમ તેમ અતિશય રસના પ્રસરથી સંયુત અપૂર્વ આનંદને નવા નવા સંવેગની શ્રદ્ધા વડે પામે છે. તો પણ વૃદ્ધિ પરિણામવાળા જીવ થોડા અને પતીતપરિણામી જીવો વધુ હોય છે. તેથી કહીએ છીએ કે તે શ્રદ્ધાની પાલના કરે. તે પાલના શંકારહિતપણે કરે. શંકા બે પ્રકારે છે - સર્વશંકા, દેશશંકા, જિનેશ્વરનો માર્ગ છે કે નહીં ? તે સર્વશંકા છે, અપ્‌કાયાદિમાં જીવો છે કે નહીં તે દેશશંકા. કેમકે તેમાં સ્પષ્ટ ચેતના સ્વરૂપ લક્ષણ દેખાતું નથી. ઇત્યાદિ શંકાને છોડીને સંપૂર્ણ પ્રકારે સાધુઓના ગુણોને સુરક્ષિત રાખે.

અથવા વિસ્રોત બે પ્રકારે છે. નદી આદિના પ્રવાહમાં સામે જવું તે દ્રવ્યવિસ્રોત અને મોક્ષમાર્ગ સ્વરૂપ સમ્યગ્‌દર્શનથી વિપરીત ગમન તે ભાવ વિસ્રોત. તેને છોડીને સંપૂર્ણ અણગારના ગુણોને ભજનારો થાય, અથવા શ્રદ્ધાનું અનુપાલન કરે.

*(અહીં સૂત્રમાં બે પાઠાંતર છે - વિજહિત્ત વિસોત્તિયં ને બદલે (૧) વિજહિત્ત પુવ્વસંજોગં (૨) ચૂર્ણિમાં પાઠ છે- તણ્ણો હુસિ વિસોત્તિયં)* અહીં પૂર્વસંયોગ એટલે માતાપિતા સાથે અને પાછલો સંબંધ તે સસરા આદિ સાથે. આ બંને સંયોગ છોડીને શ્રદ્ધાની અનુપાલના કરે. આવું અપૂર્વ અનુષ્ઠાન ફક્ત તમે જ કરો, એમ નહીં પૂર્વે અનેક મહાસત્ત્વશાળી જીવોએ પણ આ અનુષ્ઠાન પાલન કરેલ છે, તે બતાવે છે—

**● સૂત્ર-૨૧ :-**

***વીર પુરુષો મહાપથ-મોક્ષમાર્ગ પ્રતિ પુરુષાર્થ કરી ચૂક્યા છે.***

**● વિવેચન :-**

પરીષહ, ઉપસર્ગ, કષાયની સેનાના વિજયથી ''વીર'' અને સમ્યગ્ દર્શનાદિ રૂપ મહાન્ પથ - મોક્ષમાર્ગ જે જિનેશ્વર આદિ સત્પુરુષો વિચર્યા છે તે માર્ગે વિનયી શિષ્યો સંયમ અનુષ્ઠાનમાં પ્રવર્તે. ઉપદેશ આપીને કહે છે કે લોક વગેરે છે. તમારી



બુદ્ધિ અપ્‌કાયના જીવ વગેરે વિષયોમાં અસંસ્કારી હોવાથી ન પહોંચે તો પણ ભગવંતની આજ્ઞા છે, તેથી માનવું જોઈએ, તે સૂત્રમાં કહે છે—

**● સૂત્ર-૨૨ :-**

***ભગવંતની આજ્ઞાથી અપ્‌કાયના જીવોને જાણીને તેઓને ભયરહિત કરે.***

**● વિવેચન :-**

અહીં 'લોક' શબ્દથી અપ્‌કાયને જ લેવા. અપ્‌કાયલોકને અને 'ચ' શબ્દથી અન્ય પદાર્થોને 'આજ્ઞા' વડે અર્થાત્ જિનવચનથી સારી રીતે જાણે કે આ 'અપ્‌કાય' આદિ જીવો છે. એમ માનીને તેમને કોઈ પ્રકારે ભય ન થાય એવો સંયમ પાળવો અથવા અકુતોભય એટલે અપ્‌કાય જીવનો સમૂહ છે તે કોઈથી ભય ન વાંછે કેમકે તેમને પણ મરણની બીક લાગે છે. માટે ભગવાનની આજ્ઞાથી તેની રક્ષા કરવી. તેમની રક્ષા કરવા માટે શું કરવું તે કહે છે—

**● સૂત્ર-૨૩ :-**

***તે હું તને કહું છું - મુનિ સ્વયં અપ્‌કાય જીવોના અસ્તિત્વનો નિષેધ ન કરે એ રીતે આત્માના અસ્તિત્વનો પણ નિષેધ ન કરે. જે અપ્‌કાયનો અપ્‌લાપ કરે છે, તે આત્માનો અપ્‌લાપ કરે છે, જે આત્માનો અપ્‌લાપ કરે છે તે અપ્‌કાયનો અપ્‌લાપ કરે છે.***

**● વિવેચન :-**

'સે' એટલે 'તે' હું અથવા 'તને' કહું છું - તમે સ્વયં અપ્‌કાય જીવોનો અપલાપ ન કરો. 'અભ્યાખ્યાન' એટલે અસત્ આરોપ.' જેમકે અચોરને ચોર કહેવો. અપ્‌કાય જીવ નથી તેમ કહે, તે ઘી, તેલ આદિ માફક માત્ર ઉપકરણ છે. આ અસત્ આરોપ છે. કેમકે તેથી હાથી વગેરે જીવો પણ ઉપકરણ થઈ જશે.

**શંકા** - આ રીતે તમે અજીવોને જીવપણું આપો છો એ જ અભ્યાખ્યાન છે.

**સમાધાન** - અમે પૂર્વે પાણીમાં સચેતનતા સિદ્ધ કરી જ છે. જેમ આ શરીરનો 'હું' વગેરે હેતુ સહિત આત્મા અધિષ્ઠિત છે એમ પૂર્વે સિદ્ધ કર્યું છે, તેમ અપ્‌કાયને પણ પૂર્વે અવ્યક્ત ચેતન વડે સચેતન સિદ્ધ કર્યો છે. સિદ્ધ કરેલાને અભ્યાખ્યાન કહેવું તે ન્યાય નથી. તેથી શરીરમાં રહેલ, 'હું' પદથી સિદ્ધ અને જ્ઞાનગુણથી યુક્ત આત્માનો અપ્‌લાપ ન કરવો.

**શંકા** - શરીરનો અધિષ્ઠાતા આત્મા છે તેવું કેમ માનવું ?

**સમાધાન** - તમે ભૂલી જાઓ છો કે આ વાત અમે પહેલા પણ કહી છે, સાંભળો—

આ શરીર કફ લોહી અંગ અને ઉપાંગ આદિની અભિસંધિ સાથે પરિણમનથી કોઈ જીવે પણ અન્ન આદિ માફક બનાવેલ છે તથા આ શરીરનું અન્ન અને મળની માફક વિસર્જન પણ કોઈક જીવ કરે છે. જ્ઞાનની ઉપલબ્ધિપૂર્વકનું સ્પંદન પણ ભ્રાંતિરૂપ નથી. કેમકે પરિસ્પંદ થવાથી તમારા વચનની જેમ તે બદલાય છે. તથા શરીરમાં રહેલા અધિષ્ઠાતાના વ્યાપારવાળી ઇન્દ્રિયો દાંતરડાની જેમ ક્રિયાશીલ હોય

છે. આ રીતે જીવને શરીરમાં રહેલો સિદ્ધ કર્યો.

આ જ પ્રમાણે સ્યાદ્વાદરૂપી કુહાડા વડે કુતર્કોની સાંકળ છેદવી જોઈએ. આ પ્રમાણે આત્માને જાણ્યા બાદ શુભાશુભ કર્મના ભોક્તા આત્માનો અપ્‌લાપ ન કરવો. છતાં જો કોઈ અજ્ઞાની - કુતર્કરૂપ તિમિરથી નષ્ઠ જ્ઞાન ચક્ષુવાળો જીવ અપ્‌કાય જીવોનો અપલાપ કરે છે, તે સર્વ પ્રમાણથી સિદ્ધ એવા આત્માનો પણ અપ્‌લાપ કરે છે. એ રીતે જેઓ ''હું નથી'' એમ આત્માને ન માને તે અપ્‌કાય જીવોને પણ માનતો નથી. કેમકે જે હાથ, પગ આદિ યુક્ત શરીરમાં રહેલા આત્માનો અપલાપ કરે છે, તે અવ્યક્ત ચેતનાવાળા અપ્‌કાયને કઈ રીતે માને ?

આ પ્રમાણે અનેક દોષનો સંભવ જાણી 'અપ્‌કાય જીવ નથી' તેમ અસત્ય ન બોલવું. આ વાત સમજીને સાધુઓએ અપ્‌કાયનો આરંભ ન કરવો પણ શાક્યાદિ મતવાળા તેનાથી ઉલટા છે તે સૂત્રમાં દર્શાવે છે—

● **સૂત્ર-૨૪ :-**

***(હે શિષ્ય !) લજ્જા પામતા એવા આ શાક્યાદિ સાધુઓને તું જો ! કે જેઓ ''અમે અણગાર છીએ'' એમ કહીને અપ્‌કાયના જીવોનો અનેક પ્રકારના શસ્ત્રો દ્વારા સમારંભ કરતા બીજા જીવોની પણ હિંસા કરે છે. આ વિષયમાં ભગવંતે પરિજ્ઞા કહી છે. આ ક્ષણિક જીવિતના વંદન, માનન, પૂજનને માટે; જન્મ તથા મરણથી છૂટવા માટે અને દુઃખના વિનાશ માટે તેઓ સ્વયં જ જળના શસ્ત્રનો સમારંભ કરે છે, બીજા દ્વારા જળના શસ્ત્રોનો સમારંભ કરાવે છે, જળનો સમારંભ કરતા અન્યોનું અનુમોદન કરે છે. આ સમારંભ તેમના અહિત માટે અને બોધિદુર્લભતા માટે થાય છે.***

***આ વાતને જાણીને સંયમનો સ્વીકાર કરીને ભગવંત કે તેમના સાધુ પાસે ધર્મ સાંભળીને આ વાત જાણે છે કે આ (અપ્‌કાય સમારંભ) નિશ્ચયથી ગ્રંથિ છે, મોહ છે, સાક્ષાત્ મૃત્યુ છે અને નરક છે.***

***(—તો પણ) તેમાં આસક્ત થઈને મનુષ્ય વિવિધ શસ્ત્રો દ્વારા અપ્‌કાયની હિંસામાં સંલગ્ન થઈને અપ્‌કાય જીવોની તથા તેના આશ્રિત અન્ય અનેક જીવોની હિંસા કરે છે.***

***તે હું કહું છું કે પાણીના આશ્રયે અન્ય અનેક જીવો રહેલા છે.***

*(આવા જ પ્રકારનું સૂત્ર પૃથ્વીકાય સમારંભનું પણ છે. જુઓ સૂત્ર-૧૬ અને ૧૭)*

પોતાની પ્રવ્રજ્યાનો દેખાવ કરતા એવા અથવા સાવધ અનુષ્ઠાનથી લજ્જિત થનારા. એવા શાક્ય, ઉલૂક, કણભુક્, કપિલ આદિના શિષ્યો તેમને તું જો એવું (જૈનાચાર્યો) શિષ્યને કહે છે. અહીં અવિવક્ષિત કર્મ છે તે આ પ્રમાણે - 'જો, મૃગ દોડે છે' અહીં દ્વિતીયાના અર્થમાં પ્રથમાનો પ્રત્યય છે. તેનો આ અર્થ છે - શાક્યાદિ સાધુઓ દીક્ષા લીધી છે છતાં સાવધ અનુષ્ઠાન કરે છે તેઓ પોતાને સાધુ કહે છે, એ વાત વ્યર્થ છે. કેમકે તેઓ ઉત્સિંચન, અગ્નિ, વિધાપન આદિ શસ્ત્રોથી સ્વકાય અને પરકાય શસ્ત્રો વડે ઉદકકર્મનો સમારંભ કરે છે. આવા ઉદકકર્મના સમારંભ

«



વડે અથવા ઉદકશસ્ત્ર વડે વનસ્પતિ તથા બેઇન્દ્રિયાદિ વિવિધ જીવોને હણે છે. અહીં નિશ્ચયથી ભગવંતે પરિજ્ઞા કહી છે—

જેમ આ જીવિતવ્યના જ પરિવંદન, માનન, પૂજન, જન્મ-મરણથી મૂકાવાને માટે તથા દુઃખનો નાશ કરવા પોતે પાણીના જીવોનો સમારંભ કરે છે, બીજાઓ પાસે સમારંભ કરાવે છે અને સમારંભ કરનારાને અનુમોદે છે.

આવો ત્રિવિધ ઉદક સમારંભ તે જીવને અહિતને માટે તથા અબોધિના લાભને માટે થાય છે. આ બધું સમજનારો પુરુષ ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્‌દર્શનાદિ સારી રીતે ભગવંત કે તેના સાધુ પાસે સાંભળીને જાણે છે કે-આ અપ્‌કાયને દુઃખ દેવું તે પાપસમૂહ એકઠો થવા રૂપ ગ્રંથ, મોહ, મરણ અને નર્કને માટે છે. છતાં - આ અર્થમાં આસક્ત થયેલો લોક અપ્‌કાયના જીવને દુઃખ દેનારા વિરૂપ શસ્ત્રો વડે પાણીના જીવની સાથે તેના આશ્રયે રહેલા બીજા પણ અનેક જીવોને વિવિધ રીતે હણે છે - ઇત્યાદિ જાણવું.

ફરી (સુધર્માસ્વામી) કહે છે - આ અપ્‌કાય સંબંધી તત્ત્વનું વૃતાંત મેં પૂર્વે સાંભળેલ છે. તે પાણીમાં પોરા, મત્સ્ય વગેરે જે જીવો છે તેને પણ પાણીનો સમારંભ કરનારો હણે છે અથવા અપ્‌કાયશસ્ત્ર સમારંભ તો બીજા અનેક જીવોને અનેક રીતે હણે છે. એ કેવી રીતે જાણવું ? તે પૂર્વે સૂત્ર-૧૭ની વૃત્તિમાં કહ્યું છે. આવા જીવો અસંખ્યેય છે.

અહીં આ જીવોનું ફરી ગ્રહણ 'પાણી'માં અનેક જીવ રહેલા છે, તે જણાવવા કર્યું છે આ પ્રમાણે અપ્‌કાયજીવનો સમારંભ કરતા તે પુરુષો પાણીને તથા પાણીને આશ્રીને રહેલા ઘણાં જીવોને મારનારા થાય છે, તેમ જાણવું.

શાક્ય આદિઓ ઉદક આશ્રિત જીવોને માને છે, ઉદકને જીવ માનતા નથી તે કહે છે—

● **સૂત્ર-૨૫ :-**

***અહીં જિનપ્રવચનમાં નિશ્ચયથી હે શિષ્ય ! સાધુઓને અપ્‌કાય જીવોની 'જીવરૂપ' ઓળખ કરાવાઈ છે. અપ્‌કાયના જે શસ્ત્રો છે, તેના વિશે ચિંતન કરીને જો.***

● **વિવેચન :-**

અહીં આ જ્ઞાતપુત્રના પ્રવચન અર્થાત્ જિનપ્રવચનરૂપ દ્વાદશાંગી ગણિપિટકમાં સાધુઓને બતાવેલ છે કે ઉદક (પાણી)રૂપ જીવ છે. 'ચ' શબ્દથી તેને આશ્રીને પોરા, છેદનક, લોદ્રણક, ભમરા, માછલા વગેરે અનેક જીવો છે. બીજાઓએ પાણીના જીવો સિદ્ધ કરેલા નથી. શંકા - જો પાણી પોતે જીવ છે, તો તેનો પરિભોગ કરતા સાધુઓ પણ હિંસક છે ?

**સમાધાન** - ના એમ નથી. અમે અપ્‌કાયના સચિત્ત, અચિત્ત, મિશ્ર ત્રણ ભેદ કહ્યા છે. અચિત્ત અપ્‌કાયનો ઉપયોગ થાય તે વિધિ છે અન્ય પાણી સાધુ ન વાપરે.

**શંકા** - આ પાણી સ્વભાવથી અચિત્ત થાય કે શસ્ત્રના સંબંધથી ?

**સમાધાન** - બંને પ્રકારે. જે અપ્‌કાય સ્વાભાવથી અચિત્ત છે. તેને જો બાહ્ય શસ્ત્રનો સંપર્ક ન થાય, તો તેને અચિત્ત જાણવા છતાં કેવલી, મનઃપર્યાય-અવધિ કે શ્રુતજ્ઞાની પણ તેનો ઉપયોગ ન કરે. કેમકે તેથી મર્યાદા તુટવાની બીક રહે છે. અમે સાંભળેલ છે કે-ભગવંત વર્ધમાનસ્વામીએ પૂર્ણ નિર્મળ પાણીથી ઉલ્લસિત તરંગવાળો તથા શેવાળ સમૂહ ત્રસાદિ જીવરહિત અને જેમાં બધા પાણીના જીવો અચિત્ત થયેલા છે એવો અચિત્ત પાણીથી ભરેલો મોટો કુંડ જોઈને પણ ઘણી જ તરસથી પીડાતા પોતાના શિષ્યોને તે પાણી પીવાની આજ્ઞા ન આપી. અચિત્ત તલને ખાવાની અનુજ્ઞા ન આપી. કેમકે તેમ કરવાથી ખોટી પરંપરારૂપ અનવસ્થા દોષનો સંભવ છે. વળી શ્રુતજ્ઞાનનું પ્રમાણપણું બતાવવા માટે ભગવંતે અચિત્ત એવા જળ અને તલનો ઉપભોગ કરવાની આજ્ઞા ન આપી.

સામાન્ય શ્રુતજ્ઞાની બાહ્ય ઇંધણના સંપર્કથી ગરમ થયેલને જ અચિત્ત જળ માને છે. પણ ઇંધણના સંપર્ક વિના પાણી આપમેળે અચિત્ત ન જ થાય એમ વ્યવહાર છે, તેથી બાહ્ય સંપર્કથી જુદા પરિણામને પામેલ-વર્ણાદિ બદલાય - તે પાણી અચિત્ત છે, તે જ સાધુને વાપરવું કલ્પે. “તે શસ્ત્ર કયા છે ?” તે બતાવે છે - જેનાથી જીવોની હિંસા થાય તે શસ્ત્ર કહેવાય. તે ઊંચે ચડાવવું, ગાળવું, ઉપકરણ ધોવા ઇત્યાદિ સ્વકાય, પરકાય અને ઉભયકાય શસ્ત્રો છે. જેનાથી પૂર્વાવસ્થાથી વિલક્ષણ વર્ણાદિ ઉદ્‌ભવે છે.

— જેમકે અગ્નિના પુદ્‌ગલોના સંપર્કથી સફેદ જળ વર્ણથી કંઈક પીળું થાય છે, સ્પર્શથી શીતજળ ઉષ્ણ બને છે, ગંધથી ધૂમ્રગંધી થાય છે, રસથી વિરસ બને છે. આ પ્રમાણે ત્રણ વખત ઉભરો આવેલો હોય તે જળ અચિત્ત થાય છે, આવું અચિત્ત જળ જ સાધુને કલ્પે છે. મિશ્ર કે સચિત્ત જળ કલ્પતુ નથી.

— કચરો, છાણ, ગોમૂત્ર, ક્ષાર આદિ ઇંધણના સંપર્કથી જળ અચિત્ત થાય છે. તેના સ્તોક, મધ્યમ અને ઘણાં એ ત્રણ ભેદથી અનેક ભેદો થાય છે. જેમાં થોડા જળમાં થોડો કચરો, થોડા જળમાં ઘણો કચરો આદિ ચતુર્ભંગી કરી લેવી. આ પ્રમાણે ત્રણ પ્રકારે શસ્ત્ર છે. તેમાંથી કોઈપણ પ્રકારે અચિત્ત બનેલ જળ સાધુ ગ્રહણ કરે.

આ પ્રમાણે હે શિષ્ય ! તું જો. આ અપ્‌કાયના વિષયમાં વિચારીને જ અમે આ એનું શસ્ત્ર છે, તે જ બતાવ્યું. હવે સૂત્રકાર મહર્ષિ આગળ કહે છે—

● **સૂત્ર-૨૬ :-**

***અપ્‌કાયના વિવિધ પ્રકારના શસ્ત્રો કહ્યા છે.***

● **વિવેચન :-**

ભગવંતે અપ્‌કાયના ઉત્સેચનાદિ વિવિધ પ્રકારના શસ્ત્રો કહેલ છે. અથવા પાઠાંતરથી ‘पुढोऽपासंपवेदितं’ વિવિધ પ્રકારના શસ્ત્રો દ્વારા પરિણત જળનો ઉપભોગ કર્મબંધનનું કારણ થતું નથી. અહીં ‘अपास’નો અર્થ ‘અબંધન’ કર્યો છે. આ પ્રમાણે સાધુઓએ સચિત્ત અને મિશ્ર અપ્‌કાયને છોડીને અચિત્ત પાણીનો ઉપભોગ કરવાનું કહ્યું છે. શાક્ય આદિઓ જે અપ્‌કાયના ઉપભોગમાં પ્રવૃત્ત છે, તે નિયમથી અપ્‌કાયની



હિંસા કરે છે. પાણીને આશ્રયે રહેલ અન્ય જીવોની પણ હિંસા કરે છે.

તેઓને પ્રાણાતિપાત સિવાય બીજો દોષ પણ લાગે છે—

● **સૂત્ર-૨૭ :-**

***અપ્‌કાયની હિંસા માત્ર હિંસા નહીં અદત્તાદાન-ચોરી પણ છે.***

● **વિવેચન :-**

‘अदुवा’ શબ્દથી-જણાવે છે કે - શસ્ત્રથી ન હણાયેલ પાણી વાપરવાથી માત્ર ‘હિંસા’ દોષ નથી લાગતો પણ સાથે ‘ચોરી’નો દોષ પણ લાગે છે. કેમકે અપ્‌કાયના જીવોએ જે શરીર મેળવ્યા છે, તેઓએ તેને વાપરવાની આજ્ઞા આપી નથી. જેમ કોઈ પુરુષ શાક્યાદિના શરીરમાંથી ટુકડો છેદી લેતા લેનારને ‘અદત્ત’નો દોષ લાગે છે કેમકે તે પારકી વસ્તુ છે. જેમ કોઈ પારકી ગાય ચોરે તો ચોર કહેવાય તેમ અપ્‌કાય ગૃહિત શરીર બીજા લે તો અદત્તાદાનનો દોષ અવશ્ય લાગે. કેમકે સ્વામીએ તેની આજ્ઞા આપી નથી.

**શંકા** - જેનો કુવો કે તળાવ હોય તેની એક વખત અનુમતિ લીધી છે, તેથી ચોરીનો દોષ ન લાગે. જેમ પશુના માલિકની આજ્ઞાથી પશુના ઘાતમાં દોષ નથી.

**સમાધાન** - ના આ પ્રમાણે અપાયેલ અનુજ્ઞા, અનુજ્ઞા નથી. કેમકે પશુ પણ શરીર અર્પણ કરવાથી વિમુખ જ છે. આર્યમર્યાદા ભેદનારાઓ મોટેથી બરાડા પાડતા પશુઓને મારે તો ‘અદત્ત-આદાન’ કેમ ન થાય ? કેમકે પરમાર્થથી જોતા કોઈ કોઈનો સ્વામી નથી.

**શંકા** - જો એમ જ હોય તો લોક પ્રસિદ્ધ ગાયના દાનનો વ્યવહાર તુટે.

**સમાધાન** - ભલે આવા પાપસંબંધો તુટી જાય, પણ તેથી તે પશુ આદિ, દાસી તથા બળદ માફક દુઃખી તો નહીં થાય. હળ, તલવાર માફક બીજાને દુઃખોત્પત્તિનું કારણ પણ નહીં થાય. તેનાથી વ્યતિરિક્ત અને લેનાર-દેનાર બંનેને એકાંત ઉપકારી એવી આપવા લાયક બીજી વસ્તુ જિનમતવાળા બતાવે છે—

“જે પોતે દુઃખી ન થાય અને બીજાને દુઃખ દેવામાં નિમિત્ત ન બને અને કેવળ ઉપકાર કરનારી વસ્તુ હોય તે જ ધર્મને માટે આપવી જોઈએ.” આ ઉપરથી એ સિદ્ધ થયું કે પશુ આદિનું દાન આપવું તે અદત્તાદાન જ છે.

હવે સૂત્રકાર પોતે જ વાદીની શંકાને નિવારવા માટે કહે છે—

● **સૂત્ર-૨૮ :-**

***અમને લોકોને પીવા માટે અથવા વિભૂષા માટે પાણી કલ્પે છે.***

● **વિવેચન :-**

સચિત્ત જળનો ઉપભોગ કરનારાને જ્યારે સચિત્ત જળ ન લેવા સમજાવે છે ત્યારે તેઓ કહે છે કે, અમે અમારી બુદ્ધિથી સમારંભ નથી કરતા, પણ અમારા આગમમાં જળને નિર્જીવ માનીને તેનો નિષેધ કરાયેલ નથી તેથી અમને પીવા અને વાપરવાનું કલ્પે છે. ‘‘कप्पइ ने’’પદ બે વખત છે તેનો અર્થ છે - વિવિધ પ્રયોજનમાં ઉપભોગ કરવાની અમને અનુજ્ઞા છે. જેમકે આજીવિક તથા ભસ્મસ્નાયી આદિ કહે

છે કે અમને પાણી પીવાનું કલ્પે, ન્હાવાનું ન કલ્પે. શાક્ય, પરિવ્રાજક આદિ કહે છે - સ્નાન, પાન, અવગાહન આદિ બધામાં અમોને સચિત્ત જળ કલ્પે છે.

આ જ વાત તેઓ પોતાના નામથી કહે છે - અમારા સિદ્ધાંતમાં પાણી અમારા શરીરની વિભૂષા માટે બતાવેલ છે. વિભૂષા એટલે હાથ, પગ, મળદ્વાર, મુખ આદિ ધોવા તથા વસ્ત્ર, વાસણ આદિ ધોવા. આ પ્રમાણે સ્નાનાદિ અનુષ્ઠાન કરનારને કંઈપણ દોષ નથી. - આ પ્રમાણે વ્યર્થ વચન બોલનારા પરિવ્રાજક આદિ પોતાના સિદ્ધાંતથી મુગ્ધ બુદ્ધિવાળાને મોહ પમાડી શું કરે છે ? તે સૂત્રમાં કહે છે—

● **સૂત્ર-૨૯ :-**

***તેઓ વિવિધ પ્રકારના શસ્ત્રો વડે અપ્કાયજીવોની હિંસા કરે છે.***

● **વિવેચન :-**

સાધુના આભાસને ધારણ કરનારા તેઓ ઉત્સેચન આદિ વિવિધ પ્રકારના શસ્ત્રો દ્વારા અપ્કાયજીવોની હિંસા કરે છે અથવા વિવિધ પ્રકારના શસ્ત્રો દ્વારા અપ્કાયજીવોનું છેદન-ભેદન કરે છે, હવે શાક્યાદિના શાસ્ત્રોની અસારતા બતાવે છે—

● **સૂત્ર-૩૦ :-**

***અહીં તેમના શાસ્ત્રોમાં પણ કોઈ નિશ્ચય થઈ શકતો નથી.***

● **વિવેચન :-**

પ્રસ્તુત વિષયમાં તે કુમતવાદીના મત મુજબ સૂત્ર-૨૯ મુજબ તેઓ અપ્કાય ઉપભોગમાં પ્રવૃત્ત થયા છે, તે વાત સ્યાદ્વાદયુક્તિ વડે ખંડન કરાયેલ છે. તેથી તેમની યુક્તિ કે તેમના શાસ્ત્રો અપ્કાયના ઉપભોગનો નિશ્ચય કરવા સમર્થ નથી.

**શંકા** - તેમના આગમો કઈ રીતે નિશ્ચય કરવાને સમર્થ નથી ?

**સમાધાન** - તેમને પૂછો કે - તમે અપ્કાયનો આરંભ જેના આદેશ વડે કરે છે તે આગમ કયા છે ? ત્યારે તેઓ કહે છે કે - વિશિષ્ટ અનુક્રમથી લખાયેલ અક્ષર, પદ, વાક્યનો સમૂહ જ અમારા આપ્ત પ્રણીત આગમ છે અથવા તે નિત્ય અને અકર્તૃક છે. તેમનો ઉત્તર આ પ્રમાણે છે - તમારો માનેલ આપ્તપુરુષ જ વાસ્તવમાં અનાપ્ત છે. કેમકે તેને અપ્કાયના જીવોનું જ્ઞાન નથી અથવા જળના ઉપભોગનો આદેશ દેતા હોવાથી તે પણ તમારી જેમ અનાપ્ત જ છે. કેમકે અમે અપ્કાયમાં જીવપણું પહેલા જ સિદ્ધ કરેલ છે. તેથી તેમના કહેલા સિદ્ધાંતો પણ સદ્ધર્મની પ્રેરણામાં અપ્રમાણ થશે અને શેરીમાં ફરતા પુરુષની માફક આ વાક્યો અનાપ્તના હોઈ અપ્રમાણ થશે.

હવે જે એમ કહે છે કે - અમારા આગમ નિત્ય અકર્તૃક જ છે. તો તે નિત્ય સિદ્ધ નહીં થાય. કેમકે તમારા આગમ વર્ણ, પદ, વાક્યવાળા હોવાથી સકર્તૃક જ છે. વિધિ અને પ્રતિષેધરૂપ છે. ઉભય સંમત સકર્તૃક ગ્રંથ માફક સ્વીકારવા યોગ્ય છે. આકાશ માફક તમારા ગ્રંથને તમારું નિત્ય માનવું પણ અપ્રમાણ છે. તમારા સિદ્ધાંતમાં પ્રત્યક્ષ માફક ફેરફાર દેખાય છે માટે તે નિત્ય નથી.

વળી જેઓ વિભૂષા સૂત્ર બતાવે છે, તેના અવયવમાં પણ પ્રશ્ન પૂછતાં ઉત્તર



દેવાને તેઓ અસમર્થ છે. કેમકે કામવિકારનું અંગ હોવાથી અલંકાર માફક સ્નાન પણ સાધુને ઉચિત નથી. સ્નાન કામ વિકારનું કારણ છે તે બધાં જાણે છે કહ્યું છે કે - સ્નાન મદ અને દર્પને કરનારું છે, તે કામનું પ્રથમ અંગ છે તેથી “કામ ત્યાગી” ઇન્દ્રિયદમનારા સ્નાન નથી કરતા. પાણી ફક્ત બાહ્યમલ દૂર કરતું હોવાથી શૌચને માટે પર્યાપ્ત નથી. કર્મરૂપી અંદરનો મેલ નિવારવા શરીર, વાચા, મનની અકુશળ વર્તણૂંક રોકવારૂપ ભાવશૌચ જ કર્મક્ષય માટે સમર્થ છે. પાણીથી તે હેતુ સિદ્ધ થઈ શકતો નથી.

પાણીમાં રહેનારા માછલા આદિ સદા પાણીમાં સ્નાન કરતા હોવા છતાં તેમનું માછલાપણું દૂર થતું નથી અને સ્નાન ન કરનારા મહર્ષિ પણ વિવિધ તપ વડે કર્મનો ક્ષય કરે છે. તેથી તેમનો સિદ્ધાંત નિશ્ચય કરવાને સમર્થ નથી એ સિદ્ધ થાય છે. આ પ્રમાણે નિર્દોષરૂપે અપ્કાયનું જીવપણું સિદ્ધ કરી અપ્કાયના વિષયમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ બે વિકલ્પોના ફળ દેખાડવાના માધ્યમથી સૂત્રકારશ્રી આ ત્રીજા ઉદ્દેશાનો ઉપસંહાર કરે છે—

● **સૂત્ર-૩૧ :-**

***અહીં શસ્ત્ર સમારંભકર્તા મનુષ્ય આરંભના ફળથી અજ્ઞાત છે.***

***જે શસ્ત્રનો સમારંભ નથી કરતા એવા મુનિ આરંભોના ફળના જ્ઞાતા છે.***

***તેના જ્ઞાતા મેધાવીમુનિ અપ્કાય શસ્ત્રનો સમારંભ જાતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી કે કરનારની અનુમોદના કરતા નથી.***

***જે મુનિએ આ બધાં અપ્કાયશસ્ત્ર સમારંભને જાણેલા છે, તે જ મુનિ પરિજ્ઞાતકર્મા છે. એમ હું કહું છું.***

● **વિવેચન :-**

આ અપ્ જીવોમાં દ્રવ્ય અને ભાવશસ્ત્રનો સમારંભ કરનારે આ બધાં સમારંભ કર્મબંધનું કારણ છે તેમ જાણેલ નથી અને આ અપ્કાયમાં શસ્ત્રનો સમારંભ ન કરનારા મુનિએ આ સમારંભોને જ્ઞપરિજ્ઞાથી જાણ્યા છે અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી તે સમારંભનો ત્યાગ કર્યો છે. આ પ્રત્યાખ્યાનપરિજ્ઞાને વિશેષથી જ્ઞ-પરિજ્ઞા વડે કહે છે—

અપ્કાયનો આરંભ કર્મબંધનું કારણ છે, એવું જાણીને મર્યાદામાં રહેલા મેધાવી મુનિ ઉદકનો નાશ કરનાર શસ્ત્ર સ્વયં ચલાવે નહીં, બીજા પાસે ચલાવડાવે નહીં અને ચલાવનારની અનુમોદના ન કરે.

જે મુનિએ ઉદકશસ્ત્ર સમારંભને બંને પ્રકારે જાણેલા છે, તે જ મુનિ પરિજ્ઞાતકર્મા છે. એમ હું સુધર્માસ્વામી તને-જંબૂસ્વામીને કહું છું.

**અધ્યયન-૧ શસ્ત્રપરિજ્ઞાનો ઉદ્દેશક-૩ અપ્કાયનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -

## ૐ અધ્યયન-૧ ઉદ્દેશો-૪ ''અગ્નિકાય'' ૐ

● ભૂમિકા :-

ત્રીજો ઉદ્દેશો કહ્યા બાદ હવે ચોથો ઉદ્દેશો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે - ત્રીજા ઉદ્દેશામાં મુનિપણાના સ્વીકાર માટે અપ્કાયનું જીવત્વ કહ્યું, હવે તે જ હેતુથી ક્રમાનુસાર તેજસ્કાય અર્થાત્ અગ્નિકાયનો ઉદ્દેશો કહે છે. તેના ઉપક્રમ વગેરે ચાર અનુયોગદ્વાર કહેવા. તેમાં નામનિક્ષેપે (તેજસ્) અગ્નિ ઉદ્દેશો એવું નામ છે. તેમાં 'તેજસ્' શબ્દના નિક્ષેપા વગેરે દ્વારો કહેવા. તેમાં પૃથ્વીકાય માફક જ નિક્ષેપ આદિ દ્વાર છે, પણ જ્યાં જૂદાપણું છે તે હવે નિર્યુક્તિ ગાથા વડે બતાવે છે–

[નિ.૧૧૬] 'અગ્નિ'ના દ્વારો 'પૃથ્વી'માં બતાવ્યા મુજબ જ છે. માત્ર વિધાન, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર અને લક્ષણ દ્વારમાં ભિન્નતા છે, તે નિર્યુક્તિકાર કહે છે–

[નિ.૧૧૭] અગ્નિકાયના જીવો સૂક્ષ્મ અને બાદર બે ભેદે છે. તેમાં સૂક્ષ્મ અગ્નિકાય સર્વલોકમાં છે અને બાદર અગ્નિકાયના પાંચ ભેદો બતાવે છે–

[નિ.૧૧૮] બાદર અગ્નિકાયના પાંચ ભેદ છે – (૧) અંગાર-ધુમાડો તથા જ્વાળા વિનાનું બળેલું લાકડું, (૨) અગ્નિ - ઇંધણમાં રહેલ, જલનક્રિયારૂપ, વીજળી, ઉલ્કા તથા અશનિના સંઘર્ષથી ઉત્પન્ન થનાર અને સૂર્યકાંતમણિના સંસૃતથી ઉત્પન્ન થયેલ, (૩) અર્ચિ - ઇંધનની સાથે રહેલ જ્વાલારૂપ, (૪) જ્વાલા - અંગારાથી જુદા પડેલ ભડકા, (૫) મુર્મુર - અગ્નિના કણ અને ઉડતી ભસ્મ.

આ બાદર અગ્નિ જીવ અઢી દ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ મનુષ્ય ક્ષેત્રમાં વ્યાઘાતના અભાવમાં પંદર કર્મભૂમિમાં અને વ્યાઘાતમાં ફક્ત પાંચ મહાવિદેહમાં હોય છે. તે સિવાય અન્યત્ર બાદર અગ્નિ ન હોય. ઉપપાતની દૃષ્ટિએ બાદર અગ્નિકાય લોકના અસંખ્યેય ભાગ પ્રમાણ ક્ષેત્રમાં જ ઉત્પન્ન થાય છે. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે–

અઢીદ્વીપ બે સમુદ્ર પર્યન્ત પહોળા, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત લાંબા, ઉર્ધ્વ-અધોલોક પ્રમાણ કપાટવાળા ક્ષેત્રમાં બાદર અગ્નિમાં ઉત્પન્ન થનારા જીવ તથા તિર્છાલોક પ્રમાણ થાળીના આકારમાં રહેલ બાદર અગ્નિમાં ઉત્પન્ન થનારા જીવ જ બાદર અગ્નિકાય કહેવાય.

અન્ય આચાર્ય કહે છે, ''તિર્છાલોકમાં રહેલ અગ્નિકાયમાં ઉત્પન્ન થનાર જીવને બાદર અગ્નિકાય કહે છે''– આ વ્યાખ્યામાં કપાટ એટલે ઉર્ધ્વ અને અધોલોકના મધ્યમાં...ઇત્યાદિ. વૃત્તિકાર પોતે લખે છે કે આ વ્યાખ્યાનો અભિપ્રાય અમે સમજી શકતા નથી. 'કપાટ' સ્થાપના આ પ્રમાણે છે - સમુદ્ઘાત દ્વારા સર્વલોકવર્તી છે અને તે પૃથ્વીકાય આદિ જીવ મરણસમુદ્ઘાત દ્વારા જ્યારે બાદર અગ્નિકાયમાં ઉત્પન્ન થઈ રહ્યા હોય ત્યારે તે બાદર અગ્નિકાય કહેવાય. આ રીતે તે સર્વલોકવ્યાપી છે.

જ્યાં પર્યાપ્તા બાદર અગ્નિકાય હોય છે ત્યાં જ અપર્યાપ્તા બાદર અગ્નિકાય જીવ પણ તેની સાથે ઉત્પન્ન થાય છે.





આ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તા બબ્બે ભેદે છે અને તે વર્ણ, રસ, ગંધ, સ્પર્શના આદેશ વડે હજારો પ્રકારના ભેદે સંખ્યેય યોનિ પ્રમુખ લાખ ભેદના પરિમાણવાળા છે. તેની સંવૃત્ત અને ઉષ્ણ યોનિ છે, તે સચિત્ત, અચિત્ત અને મિશ્રભેદવાળી છે. અગ્નિકાયની કુલ સાત લાખ યોનિ છે.

હવે નિર્યુક્તિમાં રહેલ 'च'શબ્દથી લક્ષણદ્વાર જણાવે છે.

[નિ.૧૧૯] જે પ્રમાણે રાત્રિના આગીયાનું શરીર જીવના પ્રયોગવિશેષથી ઉત્પન્ન થયેલ શક્તિને કારણે ચમકે છે, એ જ પ્રમાણે અંગારા આદિ અગ્નિકાય જીવોના શરીરમાં પણ પ્રકાશ-તેજ સ્વરૂપ શક્તિનું અનુમાન થઈ શકે છે. અથવા જે પ્રકારે તાવવાળા મનુષ્યના શરીરમાં ગરમી દેખાય છે તે પણ જીવની શક્તિ વિશેષ માની છે. આ જ પ્રમાણે અગ્નિકાયજીવોના શરીરમાં ઉષ્ણતા હોય છે. કોઈ મૃત મનુષ્યના કલેવરમાં તાવ હોતો નથી. આ પ્રમાણે અન્વય વ્યતિરેક વડે અગ્નિનું સચિત્તપણું છે એમ શાસ્ત્ર વચનથી સ્પષ્ટ પ્રતીત થાય છે.

હવે અનુમાન-પ્રયોગથી અગ્નિકાયજીવોની સિદ્ધિ કરે છે - જેમ 'સાસ્ના', 'વિષાણ' આદિ ભેદાય છે તેમ અંગારા આદિ પણ ભેદાતા હોવાથી અગ્નિ જીવ શરીર છે. આગીયાના શરીર પરિણામ માફક શરીરમાં રહેલ પ્રકાશ પરિણામ અંગારા આદિ અગ્નિકાયમાં જીવના પ્રયત્ન વિશેષથી પ્રગટ થાય છે. તાવની ગરમીની માફક અંગારા આદિની ગરમી જીવના પ્રયોગ વિશેષથી માનેલી છે. સૂર્ય આદિમાં રહેલ ઉષ્ણતાથી આ સિદ્ધાંત દોષ યુક્ત નથી. કેમકે બધાં જીવોના શરીરમાં આત્માના પ્રયોગ વિશેષથી ઉષ્ણતા પરિણામ ઉત્પન્ન થાય છે, તેથી આ સિદ્ધાંત સત્ય છે. પુરુષની માફક પોતાને યોગ્ય આહાર ગ્રહણ કરવાના કારણથી વૃદ્ધિ અને વિકારને પ્રાપ્ત અગ્નિ સચેતન જ છે. આવા લક્ષણોથી અગ્નિ જીવો નિશ્ચયથી માનવા.

લક્ષણ દ્વાર પૂરુ થયું, હવે પરિમાણ દ્વાર કહે છે–

[નિ.૧૨૦] બાદર પર્યાપ્ત અગ્નિકાયના જીવોની સંખ્યા ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યેય ભાગમાત્રમાં થનારા પ્રદેશોની રાશિની સંખ્યા પ્રમાણ જ છે. પણ તે બાદર પર્યાપ્ત પૃથ્વીકાયજીવોથી અસંખ્યગુણહીન છે. બાકીની ત્રણ રાશિઓની સંખ્યા પૃથ્વીકાય મુજબ સમજી લેવી. પણ બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયથી બાદર અપર્યાપ્ત અગ્નિકાયજીવ અસંખ્યેય ગુણહીન છે. સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાયથી સૂક્ષ્મ અપર્યાપ્ત અગ્નિકાય જીવ વિશેષ હીન છે. સૂક્ષ્મ પર્યાપ્ત પૃથ્વીકાયથી સૂક્ષ્મ પર્યાપ્ત અગ્નિકાય વિશેષહીન છે.

હવે ઉપભોગદ્વાર કહે છે–

[નિ.૧૨૧] (૧) દહન - મૃત શરીરાદિના અવયવો બાળવા. (૨) પ્રતાપન - ઠંડી દૂર કરવા અગ્નિ પાસે બેસી તાપવું. (૩) પ્રકાશકરણ - દીવો વગેરે બાળી પ્રકાશ કરવો. (૪) ભોજન કરણ - ચોખા વગેરે રાંધવા. (૫) સ્વેદ - તાવ, વિશૂચિકા આદિ વેદના દૂર કરવા વગેરે અનેક કામોમાં અગ્નિનો ઉપભોગ થાય છે. આવા પ્રકારે ઉપસ્થિત પ્રયોજનોથી નિરંતર આરંભમાં રહેલા ગૃહસ્થો કે સુખાભિલાષી જીવો યતિપણાનો ડોળ કરીને અગ્નિકાયના જીવોને હણે છે - તે બતાવે છે–

[નિ.૧૨૨] ઉક્ત દહન આદિ કારણોથી પોતાના સુખની કામનાથી બાદર અગ્નિકાય જીવોનું સંઘટ્ટન, પરિતાપન અને અપદ્રાવણ કરી દુઃખ આપે છે.

હવે શસ્ત્રદ્વાર કહે છે - તેના દ્રવ્ય અને ભાવથી બે ભેદ છે. દ્રવ્યશસ્ત્રના સમાસ અને વિભાગ બે ભેદો છે. તેમાં સમાસદ્રવ્યશસ્ત્રને હવે કહે છે—

[નિ.૧૨૩] ધૂળ, પાણી, લીલી વનસ્પતિ, ત્રસજીવો એ બાદર અગ્નિકાયના સામાન્ય શસ્ત્રો છે. હવે વિભાગદ્રવ્યશસ્ત્ર કહે છે—

[નિ.૧૨૪] કોઈક સ્વકાય જ શસ્ત્રરૂપ છે. અગ્નિકાય જ બીજા અગ્નિનું શસ્ત્ર બને જેમકે તૃણનો અગ્નિ પાંદડાના અગ્નિ માટે શસ્ત્ર છે. કોઈ પરકાય શસ્ત્ર છે. જેમ પાણી અગ્નિ જીવોને હણે છે. ઉભયશસ્ત્ર તે તુષ, છાણા વગેરે યુક્ત અગ્નિ બીજા અગ્નિ માટે શસ્ત્રરૂપ છે. આ બધાં દ્રવ્યશસ્ત્ર છે. હવે ભાવશસ્ત્ર કહે છે—

મન, વચન, કાયાના દુષ્ટ ધ્યાનરૂપ અસંયમ જ ભાવશસ્ત્ર છે.

ઉક્ત દ્વાર સિવાયના દ્વારને ઉપસંહાર માટે નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૧૨૫] બાકીના દ્વારો પૃથ્વીકાયમાં જણાવ્યા મુજબ અગ્નિકાયમાં પણ સમજવા. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૨ :-**

***તે હું કહું છું - સ્વયં કદી લોક-અગ્નિકાયનો અપલાપ ન કરે અને આત્માનો પણ અપલાપ ન કરે. જે અગ્નિકાયનો અપલાપ કરે છે, તે આત્માનો અપલાપ કરે છે. જે આત્માનો અપલાપ કરે છે તે અગ્નિકાય-લોકનો અપલાપ કરે છે.***

● **વિવેચન :-**

આ સૂત્રનો સંબંધ પૂર્વ માફક છે, જેવી રીતે મેં સામાન્યથી જીવ, પૃથ્વીકાય અપ્કાયનું સ્વરૂપ વર્ણવ્યુ છે તેમ અહીં - જીવોના સ્વરૂપની ઉપલબ્ધિથી ઉત્પન્ન થયેલ હર્ષવાળો અને અવિચ્છિન્ન જ્ઞાન પ્રવાહવાળો - હું અગ્નિકાયનું સ્વરૂપ કહું છું.

અહીં લોક શબ્દથી 'અગ્નિકાય'રૂપ લોક અર્થ જાણવો. આ અગ્નિકાયના જીવપણાનો કદી સ્વયં અપલાપ ન કરે, કેમકે અગ્નિકાયને જીવ ન માનવાથી આત્માનો પણ અપલાપ થઈ જાય છે જ્યારે આત્માની સિદ્ધિ તો અમે પહેલા કરી જ છે. તેથી આત્માનો નિષેધ કરવો યોગ્ય નથી. આ જ પ્રમાણે અગ્નિકાયની પણ સિદ્ધિ થયા બાદ તેનો અપલાપ કરવો ઉચિત નથી. જો યુક્તિ અને આગમ પ્રમાણથી સિદ્ધ અગ્નિકાયનો અપલાપ કરશો તો 'હું' પદથી અનુભવગમ્ય આત્માનો અપલાપ થશે. છતાં જો આપ કહેશો કે, 'ભલે તેમ જ થાય' પણ અમે કહીએ છીએ કે 'એમ ન થાય.'

શરીરમાં રહેલ જ્ઞાનગુણવાળા અને દરેકને અનુભવગમ્ય એવા આત્માનો અપલાપ ન કરી શકાય કેમકે - આત્મા આ શરીરમાં રહીને શરીરનું નિર્માણ કરે છે, આ શરીરને બનાવનાર આત્માને આ શરીર પ્રત્યક્ષ જ છે. ઇત્યાદિ હેતુથી આત્માની સિદ્ધિ પૂર્વે પૃથ્વીકાયના અધિકારમાં કરી છે તેથી સિદ્ધ વાતનું પુનઃકથન વિદ્વાનોને ઇષ્ટ હોતું નથી.



આ પ્રમાણે આત્માની માફક સિદ્ધ અગ્નિજીવોનો જ મૂર્ખ અપલાપ કરે છે, તે આત્માનો પણ અપલાપ કરે છે, જે આત્માને અપલાપે છે તે અગ્નિજીવનો પણ અપલાપ કરે છે. વળી વિશેષ સદૈવ સામાન્યપૂર્વક જ હોય છે. તેથી સામાન્ય સ્વરૂપવાળા આત્માના હોવાથી વિશેષ એવા પૃથ્વીકાય વગેરેનું જીવત્વ સિદ્ધ થાય જ છે. કેમકે સામાન્ય વ્યાપક હોય છે અને વિશેષ વ્યાપ્ય હોય છે. જો વ્યાપક ન હોય તો વ્યાપ્યની પણ અવશ્ય નિવૃત્તિ થઈ જ જવાની. આ પ્રમાણે સામાન્યસ્વરૂપ આત્માની માફક વિશેષ સ્વરૂપ અગ્નિકાય જીવોનો પણ અપલાપ ન કરવો જોઈએ.

અગ્નિકાયનું જીવત્વ સિદ્ધ કરીને હવે સૂત્રકાર તેના સમારંભથી થતા કડવા ફળોના ત્યાગને સૂત્ર દ્વારા જણાવે છે—

● **સૂત્ર-૩૩ :-**

***જે દીર્ઘલોક (વનસ્પતિ)ના શસ્ત્ર અર્થાત્ અગ્નિને જાણે છે, તે અશસ્ત્ર (સંયમ)ના સ્વરૂપને પણ જાણે છે. જે સંયમને જાણે છે તે દીર્ઘલોકશસ્ત્રને જાણે છે.***

● **વિવેચન :-**

જે મુમુક્ષુ છે તે જાણે છે કે - દીર્ઘલોક અર્થાત્ વનસ્પતિ. (કેમકે ) તે કાય સ્થિતિ વડે, પરિમાણ વડે તથા શરીરની ઊંચાઈ વડે બધા એકેન્દ્રિય જીવો કરતા દીર્ઘ છે તેથી 'દીર્ઘલોક' કહેવાય છે. કાયસ્થિતિ માટે સૂત્રપાઠ કહે છે—

હે ભગવન્ ! વનસ્પતિકાયની સ્વકાય સ્થિતિ કેટલી છે ? - હે ગૌતમ ! અનંતકાળ - અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ, ક્ષેત્રથી અનંતલોક, અસંખ્ય પુદ્ગલપરાવર્ત તે પુદ્ગલપરાવર્ત આવલિકાના અસંખ્યેય ભાગ જાણવો અને પરિણામથી હે ભગવન્ ! વર્તમાનકાળમાં વનસ્પતિકાયના જીવોનો અભાવ કેટલો કાળ હોઈ શકે ? - હે ગૌતમ ! વર્તમાનકાળમાં વનસ્પતિકાયનો અભાવ કદી થતો નથી.

હવે શરીરની ઉંચાઈથી વનસ્પતિ દીર્ઘ છે તે કહે છે - હે ભગવન્ ! વનસ્પતિકાયની શરીરની ઊંચાઈ કેટલી કહી છે ? હે ગૌતમ ! ૧૦૦૦ યોજનથી કંઈક અધિક શરીરની ઊંચાઈ હોય છે. આટલી ઊંચાઈ અન્ય એકેન્દ્રિય જીવોની હોતી નથી. આ રીતે વનસ્પતિ સર્વ પ્રકારે દીર્ઘ છે. *(ઉક્ત પાઠ પન્નવણા સૂત્રનો છે.)*

વનસ્પતિનું શસ્ત્ર અગ્નિ છે. મોટી જ્વાળાના સમૂહવાળું અગ્નિશસ્ત્ર સર્વે વૃક્ષ સમૂહનો નાશ કરે છે, તેથી અગ્નિ વનસ્પતિનું શસ્ત્ર છે.

**પ્રશ્ન** - સર્વલોક પ્રસિદ્ધ એવું અગ્નિ નામ ન આપી દીર્ઘલોકશસ્ત્ર કેમ કહ્યું ?

**સમાધાન** - વિચારણાપૂર્વક કહ્યું છે, અભિપ્રાય વિના આમ નથી કહ્યું, કેમકે ઉત્પન્ન થયેલ, સળગાવેલ અગ્નિ બધાં જીવોનો વિનાશક છે. વનસ્પતિના દાહમાં પ્રવર્તેલા છતાં બીજા અનેક પ્રકારના જીવોનો ઘાત કરનારો છે. કેમકે વનસ્પતિમાં કૃમિ, કીડી, ભમરા, કબૂતર, શ્વાપદ વગેરેનો સંભવ છે, વૃક્ષના પોલાણમાં પૃથ્વીકાય પણ હોય છે. ઝાકળ સ્વરૂપ પાણી હોય છે, કોમળ કુંપણને કંપિત કરનાર ચંચળ

સ્વભાવી વાયુ પણ સંભવે છે. તેથી અગ્નિકાયના સમારંભમાં પ્રવૃત્ત ઉક્ત સર્વે જીવોનો નાશ કરે છે. આ વિશાળ અર્થ સૂચવવા 'દીર્ઘલોકશસ્ત્ર' કહેલ છે.

*દશવૈકાલિક સૂત્ર અધ્યયન-૬, ગાથા-૩૩ થી ૩૫માં કહ્યું છે કે—*

સાધુપુરુષ દેદીપ્યમાન અગ્નિને બાળવા ઇચ્છતા નથી કેમકે તે સર્વ રીતે દુઃખ આપનાર તીક્ષ્ણ શસ્ત્ર છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર-નીચે તથા ખૂણાઓમાં અગ્નિ જીવનો ઘાતક છે, તેથી સાધુ પ્રકાશ કે રાંધવા માટે કંઈપણ આરંભ ન કરે અથવા બાદર પર્યાપ્ત અગ્નિકાય જીવો થોડા છે, બાકી પૃથ્વીકાય આદિ જીવો ઘણાં છે. અગ્નિની ભવસ્થિતિ પણ ત્રણ અહોરાત્ર છે. તેથી અલ્પ છે. જ્યારે પૃથ્વીની ૨૨૦૦૦, પાણીની ૭,૦૦૦, વાયુની ૩,૦૦૦ અને વનસ્પતિની ૧૦,૦૦૦ વર્ષ છે, તેથી દીર્ઘ છે. તેથી "દીર્ઘલોક" તે પૃથ્વી આદિ, તેનું શસ્ત્ર અગ્નિ છે.

ક્ષેત્રજ્ઞ અર્થાત્ નિપુણ છે તે અગ્નિકાયને વર્ણાદિથી જાણે છે - અથવા -

ખેદજ્ઞ અર્થાત્ ખેદને જાણનાર. ખેદ એટલે અગ્નિનો સર્વ પ્રાણીઓને ખેદ પમાડવાનો વ્યાપાર હોવાથી સાધુઓએ તેનો આરંભ ન કરવો - આ રીતે -

જે દીર્ઘલોકશસ્ત્ર-અગ્નિનો ખેદજ્ઞ છે તે જ ૧૭ ભેદે સંયમનો ખેદજ્ઞ છે. તે સંયમ કોઈ જીવને ન મારે તેથી અશસ્ત્ર છે. આ રીતે સર્વ જીવોને અભય દેનાર સંયમના આદરવાથી અગ્નિજીવ સંબંધી આરંભ તજવો સહેલો છે. એ રીતે પૃથ્વીકાયાદિ સમારંભ પણ તજવો. એમ કરનાર સાધુ સંયમમાં નિપુણ મતિવાળો છે. તે પરમાર્થને જાણીને અગ્નિ સમારંભ છોડીને સંયમ અનુષ્ઠાનમાં પ્રવર્તે છે.

હવે ગત-પ્રત્યાગત લક્ષણથી અવિનાભાવિત્વ બતાવવા માટે વિપરીત ક્રમથી સૂત્રના અવયવોનું પર્યાલોચન કરે છે, જે મુનિ સંયમમાં નિપુણમતિ છે તે જ અગ્નિના ક્ષેત્રજ્ઞ છે અથવા સંયમપૂર્વક અગ્નિના ખેદજ્ઞ છે. કેમકે અગ્નિની ખેદજ્ઞતાવાળુ જ સંયમાનુષ્ઠાન છે જો તેમ ન હોય તો સંયમાનુષ્ઠાન અસંભવ છે - x - x - x - આ રીતે સંયમાનુષ્ઠાનની સિદ્ધિ કરી છે.

આવું સંયમાનુષ્ઠાન કોણે પ્રાપ્ત કર્યું ? તે જણાવે છે—

● **સૂત્ર-૩૪ :-**

***સદા સંયત, અપ્રમત્ત અને યતનાવાત્ એવા વીરપુરુષોએ ઘનઘાતિકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન દ્વારા આ સંયમનું સ્વરૂપ જોયું છે.***

● **વિવેચન :-**

ઘનઘાતી કર્મસમૂહના ક્ષયથી પ્રાપ્ત કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીથી વિશેષ પ્રકારે રાજે છે તેથી તે વીર કહેવાય છે. આ વીર-તીર્થંકરોએ આ અર્થથી કહ્યું છે, જે ગણધરોએ સૂત્રથી અગ્નિને શસ્ત્ર અને સંયમને અશસ્ત્રરૂપે કહેલ છે.

પ્રશ્ન - તેઓએ આ કઈ રીતે પ્રાપ્ત કર્યું ?

પરાજય કરીને. આ પરાજય (અભિભવ) ચાર પ્રકારે છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. શત્રુની સેના પરાજય કે સૂર્યપ્રકાશથી ચંદ્ર આદિનું તેજ ઢંકાઈ જાય તે દ્રવ્ય અભિભવ. ભાવ અભિભવ એટલે પરિષહ ઉપસર્ગરૂપ શત્રુ અને જ્ઞાનાવરણ,



દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મોનો નાશ કરવો તે. પરિષહ-ઉપસર્ગાદિ સેનાના વિજયથી નિર્મળચારિત્ર મળે અને ચરણશુદ્ધિથી જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય થાય. તેનાથી નિરાવરણ, અપ્રતિહત, સર્વગ્રાહી કેવળજ્ઞાન થાય છે. સારાંશ એ કે પરીષહ આદિ...જીતીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તેઓએ જાણ્યું કે આ અગ્નિકાય પણ જીવ છે ઇત્યાદિ.

તેઓ પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત થઈ સમ્યક્ પ્રકારે વર્તે માટે સંયત છે. સર્વદા મૂળ ગુણ-ઉત્તર ગુણ રૂપ ચારિત્રની પ્રાપ્તિમાં નિરતિચાર ઉદ્યમવંત છે. મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા એ પાંચ ભેદે પ્રમાદને સર્વકાળ છોડેલ છે તેથી અપ્રમત્ત છે. એવા મહાવીરોએ કેવળજ્ઞાન ચક્ષુ વડે અગ્નિકાય તે શસ્ત્ર અને અશસ્ત્ર તે સંયમ એમ જોયું છે.

અહીં "યત્ન" શબ્દ વડે ઇર્યાસમિતિ આદિ ગુણો લેવા અને અપ્રમાદના ગ્રહણથી મદ્ય આદિની નિવૃત્તિ જાણવી. આ રીતે શ્રેષ્ઠપુરુષોએ કહેલ અગ્નિકાય શસ્ત્ર અપાયનું કારણ છે માટે અપ્રમત્ત સાધુઓએ તેને છોડવું જોઈએ. આ રીતે અનેક દોષવાળા અગ્નિ શસ્ત્રને જેઓ ઉપભોગના લોભથી કે પ્રમાદવશ ન છોડે તેમને મળતા કટુ ફળને દર્શાવે છે—

● **સૂત્ર-૩૫ :-**

***જે પ્રમાદી છે, રાંધવુ-પકાવવું આદિ ગુણના અર્થી છે, તે જ 'દંડ' કહેવાય છે.***

● **વિવેચન :-**

જે મદ્ય વિષય આદિ પ્રમાદથી અસંયત છે અને રાંધવુ, પકાવવું, પ્રકાશ કરવો, આતાપના લેવી આદિ ગુણોના પ્રયોજનવાળા છે, તે દુષ્ટ મન, વચન, કાયાવાળા છે. અગ્નિશસ્ત્રના સમારંભ વડે પ્રાણીઓને દંડ દેવાથી પોતે જ 'દંડ'રૂપ છે. એમ પ્રકર્ષથી કહેવાય છે. જેમ ઘી વગેરે આયુષ્ય છે તેમ અહીં કાર્યનો કારણમાં ઉપચાર કરાય છે. તેથી—

● **સૂત્ર-૩૬ :-**

***તે 'દંડ'ને જાણીને મેધાવી સાધુ સંકલ્પ કરે કે મેં જે પ્રમાદને વશ થઈને પહેલા કરેલ છે તે (હિંસા) હું હવે કરીશ નહીં.***

● **વિવેચન :-**

તે અગ્નિકાયના સમારંભના દંડરૂપ ફળને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે છોડે. મર્યાદામાં રહેલાં મેધાવી સાધુ આત્મામાં કઈ રીતે વિવેક કરે તે કહે છે—વિષય-પ્રમાદ વડે આકુળ અંતઃકરણવાળો બનીને જે અગ્નિસમારંભ મેં કર્યો, તેને જિનવચનથી અગ્નિસમારંભ દંડત્વરૂપે મેં જાણ્યું છે તેથી હવે નહીં કરું.

બીજા મતવાળા બીજી રીતે બોલનારા જે ઉલ્ટું કરે છે તે બતાવે છે—

● **સૂત્ર-૩૭ :-**

***હે શિષ્ય ! લજ્જા પામતા એવા આ શાક્યાદિને તું જો. તેઓ પોતાને***

*અણગાર માને છે છતાં પણ તેઓ અનેક પ્રકારના શસ્ત્રોથી અગ્નિકાયના સમારંભ દ્વારા અગ્નિકાય જીવોની તથા અન્ય અનેક પ્રકારના જીવોની હિંસા કરે છે.*

*આ વિષયમાં ભગવંતે પરિજ્ઞા કહી છે કે - કેટલાંક મનુષ્યો આ જીવનને માટે પ્રશંસા, સન્માન અને પૂજનને માટે; જન્મ-મરણથી મુક્ત થવા માટે, દુઃખોના પ્રતિકાર માટે અગ્નિકાયનો સમારંભ જાતે કરે છે, બીજા પાસે કરાવે છે, કરનારને અનુમોદે છે.*

*આ સમારંભ તેમના અહિતને માટે, અબોધિના લાભને માટે થાય છે. તે સાધક આ સમારંભને સારી રીતે સમજીને સંયમ સાધના માટે તત્પર બને.*

*ભગવંત કે તેમના સાધુ પાસથી ધર્મ સાંભળીને કેટલાંકને એ જ્ઞાત થાય છે કે આ જીવહિંસા ગ્રંથિ છે, મોહ છે, મૃત્યુ છે, નરક છે, તો પણ મનુષ્ય વિષયભોગમાં આસક્ત થઈને વિવિધ પ્રકારના શસ્ત્રો વડે અગ્નિકાયનો સમારંભ કરતા અન્ય અનેક પ્રકારના જીવોની હિંસા કરે છે.*

● વિવેચન :-

પૂર્વના સૂત્રોમાં કહેવાઈ ગયું હોવાથી અહીં બાકીનો થોડો અર્થ કહે છે—

પોતાના આગમમાં કહેલ કે સાવધ અનુષ્ઠાન કરવાથી લજ્જા પામેલા શાક્ય આદિ મતવાળા સાધુ કેવા છે ? તે તું જો. શિષ્યને સંયમમાં સ્થિર કરવા આમ કહે છે. પોતાને 'અણગાર' કહેનારા કેવું વિપરીત આચરણ કરે છે તે કહે છે— જે આ વિરૂપરૂપ શસ્ત્રો વડે અગ્નિકર્મ આચરવાથી અગ્નિશસ્ત્રનો સમારંભ કરતા બીજા અનેક જીવોને હણે છે.

આ વિષયમાં જિનેશ્વરે પરિજ્ઞા-વિવેક બતાવેલ છે. વ્યર્થ જીવનના સન્માન, પૂજન, વંદન માટે, જન્મ-મરણથી છુટવાને, દુઃખને દૂર કરવાને તેના અર્થીઓ અગ્નિને પોતે બાળે છે, બીજા પાસે બળાવે છે, બાળનારને અનુમોદે છે આ શસ્ત્ર સમારંભ સુખની ઇચ્છાથી કરવા છતાં આ લોક-પરલોકમાં તેના અહિતને માટે તથા બોધિદુર્લભતાને માટે થાય છે. તેમનું આ અસદ્ આચરણ બતાવ્યું.

સારો શિષ્ય અગ્નિસમારંભ કર્મબંધને માટે છે તેમ જાણીને સમ્યગ્દર્શનાદિ ગ્રહણ કરીને, તીર્થંકર કે તેના સાધુ પાસે ધર્મ સાંભળીને એમ જાણે કે આ અગ્નિ સમારંભ ગ્રંથ છે, મોહ છે, મરણ છે, નરકનો હેતુ છે. છતાં અર્થમાં આસક્ત લોકો જે વિવિધ શસ્ત્રોથી અગ્નિકાય સમારંભ કરે છે, તે અગ્નિની હિંસા કરતા સાથે અનેક જીવોની હિંસા કરે છે.

હવે તે અનેક પ્રાણીને કઈ રીતે હણે છે ? તે કહે છે—

● સૂત્ર-૩૮ :-

*તે હું તમને કહું છું કે — પૃથ્વી, તૃણ, પત્ર, લાકડું, છાણ અને કચરો એ સર્વેને આશ્રીને જીવો હોય છે, ઉડનારા જીવો પણ અગ્નિમાં પડે છે, આ જીવો અગ્નિના સ્પર્શથી સંઘાત પામે છે. સંઘાત થતા મૂર્છા પામે છે. મૂર્છા પામેલા*



*તે મૃત્યુ પામે છે.*

● વિવેચન :-

તે હું કહું છું કે - અગ્નિકાયના સમારંભથી જુદા જુદા જીવોની હિંસા થાય છે તે આ પ્રમાણે - પૃથ્વીકાયપણે પરિણમેલા પૃથ્વીજીવો અને તેના આશ્રિત કૃમિ, કુંથુઆ, કીડી, ગંડોલા, સાપ, વિંછી, કરચલા આદિ તથા વૃક્ષ, છોડ, લતા આદિ તથા ઘાસ, પાંદડા આદિના આશ્રય રહેલા પતંગીયા, ઇયળો વગેરે તથા લાકડામાં રહેલા ધુણ, ઉધઈ, કીડીઓ તથા તેના ઇંડા વગેરે અને છાણ વગેરેમાં રહેલા કુંથુઆ, પત્રક આદિ તથા કચરો એટલે પાંદડા, ઘાસ, ધૂળનો સમૂહ તેને આશરે રહેલા કૃમિ, કીડા, પતંગીયા વગેરે; આ સિવાય ઉડીને પડતા કે જતા-આવતા એવા સંપાતિક — ભમરા, માખી, પતંગ, મચ્છર, પક્ષી, વાયુ વગેરે જીવો-તેઓ જાતે જ અગ્નિમાં પડે છે.

આ રીતે પૃથ્વી વગેરેના આશ્રયે રહેલ જીવોને પણ અગ્નિકાયના સમારંભથી પીડા અને મરણ પ્રાપ્ત થાય છે. રાંધવુ, પકાવવું, તાપવું આદિ અગ્નિના ઉપભોગની ઇચ્છાવાળા અવશ્ય અગ્નિ સમારંભ કરશે જ. આ સમારંભમાં પૃથ્વી આદિ આશ્રિત જીવો હવે કહીશું તેવી મરણ અવસ્થાને પામે છે તે આ પ્રમાણે—

અગ્નિનો સ્પર્શ થતા કેટલાંક જીવો મોરના પીંછા માફક શરીરનો સંકોચ પામે છે અગ્નિમાં પડતાં જ પતંગીયા આદિ શરીર સંકોચને પામે છે. અગ્નિમાં પડતાં જ આ જીવો મૂર્છા પામે છે અને મૂર્છિત થયેલા કૃમિ, કીડી, ભમરા, નોળીયા આદિ જીવો મરણ પામે છે આ રીતે અગ્નિના સમારંભમાં માત્ર અગ્નિ જીવોની જ હિંસા નથી થતી પરંતુ પૃથ્વી, ઘાસ, પાંદડા, લાકડા, છાણા, કચરામાં રહેલા તથા ઉડીને પડનારા જીવો પણ અવશ્ય નાશ પામે છે. તેથી જ ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે કે—

બે સમાન વયના પુરુષો સાથે અગ્નિકાયનો આરંભ કરે તેમાં એક અગ્નિને બાળે અને બીજો તેને બુઝાવે તો વધુ કર્મબંધન કોને ? ઓછું કોને ?

હે ગૌતમ ! જે બાળે તે વધુ કર્મ બાંધે, બુઝાવે તે ઓછું કર્મ બાંધે.

આ રીતે અગ્નિકાયનો આરંભ ઘણા જીવોને ઉપદ્રવકારી છે, એમ જાણીને મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું રૂપે અગ્નિકર્મ છોડવું - તે કહે છે—

● સૂત્ર-૩૯ :-

*અગ્નિકાયમાં શસ્ત્રનો સમારંભ ન કરનારો આ બધા આરંભનો જ્ઞાતા હોય છે. આ આરંભને જાણીને મેધાવી સાધુ અગ્નિશસ્ત્ર સમારંભ જાતે કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારની અનુમોદના કરે નહીં.*

*જેણે આ બધા અગ્નિકર્મ સમારંભ જાણ્યા છે તે જ મુનિ "પરિજ્ઞાતકર્મા" છે આ પ્રમાણે હું (તમને) કહું છું.*

● વિવેચન :-

આ અગ્નિકાયના સ્વકાય અને પરકાય ભેદવાળા શસ્ત્રના આરંભ કરનારને રાંધવુ-રંધાવવું આદિ બંધ હેતુ છે એવું જ્ઞાન નથી. પણ આ જ અગ્નિકાયના

શસ્ત્રનો આરંભ કરવામાં દોષ છે, એવું જેમને જ્ઞાન છે એટલે કે જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેનો ત્યાગ કરે છે તે જ મુનિ પરમાર્થથી પરિજ્ઞાત કર્મા છે. એમ હું તને કહું છું.

*(નોંધ :- વૃત્તિનું આરંભ વાક્ય સૂચવે છે કે આ સૂત્ર-૩૯માં આરંભે ઉદ્દેશા-૨ અને ૩ના અંતિમ સૂત્ર માફક ''एत्थ सत्थं समारंभमाणस्स०'' વાળું વાક્ય હોવું જોઈએ.)*

અધ્યયન-૧ ''શસ્ત્રપરિજ્ઞા''ના ઉદ્દેશક-૪ અગ્નિકાયનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 અધ્યયન-૧ ઉદ્દેશક-૫ ''વનસ્પતિકાય'' 卐

● ભૂમિકા :-

ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો શરૂ કરીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશામાં 'અગ્નિકાય' કહ્યો. હવે સંપૂર્ણ સાધુગુણના સ્વીકાર માટે ક્રમે આવેલ વાયુકાયને બદલે વનસ્પતિકાય જીવનું સ્વરૂપ બતાવીએ છીએ. આ ક્રમના ઉલ્લંઘનનું કારણ કહે છે - વાયુ આંખે ન દેખાતો હોવાથી, તેની શ્રદ્ધા થવી મુશ્કેલ છે. તેથી પૃથ્વી આદિ બધાં એકેન્દ્રિય જીવોને જાણનાર શિષ્ય પછી વાયુ જીવના સ્વરૂપને સરળતાથી માનશે. અનુક્રમ તે જ કહેવાય જેનાથી જીવાદિ તત્ત્વો માનવામાં શિષ્યો ઉત્સાહીત થાય. વનસ્પતિકાય બધા લોકને પ્રગટ ચિન્હથી પ્રત્યક્ષ છે. તેથી તેનું ગ્રહણ પહેલા કરેલ છે.

આ વનસ્પતિકાયના ચાર અનુયોગદ્વાર કહેવા, તે નામ નિષ્પન્ન નિક્ષેપામાં વનસ્પતિ ઉદ્દેશકના કથન સુધી કહેવું. હવે વનસ્પતિકાયના ભેદ-પ્રભેદને જણાવવા માટે પૂર્વે કહેલ સિદ્ધ અર્થોના માધ્યમથી નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૧૨૬] પૃથ્વીકાયને જાણવા માટે કહેલા દ્વારો જ અહીં વનસ્પતિકાયમાં જાણવા. તેમાં પ્રરૂપણા, પરિમાણ, ઉપભોગ, શસ્ત્રો અને લક્ષણમાં જુદાપણું જાણવું.

તેમાં પ્રથમ 'પ્રરૂપણા'ના સ્વરૂપને નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૧૨૭] વનસ્પતિ સૂક્ષ્મ અને બાદર બે ભેદે છે. તે સર્વ લોકમાં વ્યાપ્ત અને એકાકાર હોવાથી ચક્ષુથી ગ્રહણ થતી નથી. બાદરના બે ભેદ છે તે કહે છે—

[નિ.૧૨૮] સંક્ષેપથી બાદર વનસ્પતિકાયના પ્રત્યેક અને સાધારણ બે ભેદ છે. તેમાં પાંદડા, ફૂલ, ફળ, મૂળ, સ્કંધ આદિ દરેક શરીરમાં એક-એક જીવ જે વનસ્પતિમાં હોય તે પ્રત્યેક વનસ્પતિ જીવ જાણવા. એકબીજાને જોડાયેલા અનંત જીવોનો સમૂહ એક શરીરમાં સાથે રહેલો હોય તે સાધારણ વનસ્પતિ જીવ.

પ્રત્યેક શરીરના બાર ભેદો છે, સાધારણના અનેક ભેદો છે પણ તે સંક્ષેપથી છ પ્રકારે જાણવા. તેમાં પહેલા પ્રત્યેક વનસ્પતિના બાર ભેદો કહે છે—

[નિ.૧૨૯] વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લી, પર્વગ, તૃણાદિ બાર આ પ્રમાણે—

(૧) વૃક્ષ - છેદાય તે વૃક્ષ. તેના બે ભેદ - એકબીજ અને બહુબીજ. તેમાં



લીમડો, આંબો, કોશંબ, સાલ, અંકોલ, પીલુ, શલ્લકી આદિ એકબીજક છે. ઉમરો, કોઠું, અગથી, ટીમરૂ, બીલુ, આમળુ, ફણસ, દાડમ, બીજોરૂ આદિ બહુબીજક છે.

(૨) ગુચ્છ - રીંગણા, કપાસ, જપો, આઢકી, તુલસી, કુસુંભરી, પીપળી આદિ.

(૩) ગુલ્મ - નવમાલિકા, સેરિયક, કોરંટક, બંધુજીવક, બાણ, કરવીર, સિંદુવાર, વિચલિક, જાઈ, યુથિક વગેરે.

(૪) લતા - પદ્મ, નાગ, અશોક, ચંપો, આંબો, વાસંતિ, અતિમુક્તક, કુંદલતા આદિ.

(૫) વેલા - કુષ્માંડી, કાલિંગી, ત્રપુષી, તુંબી, વાલુંકી, એલા, લુકી, પટોળી આદિ.

(૬) પર્વગ - શેરડી, વાળો, સુંઠ, શર, વેત્ર, શતાવરી, વાંસ, નળ, વેણુક આદિ.

(૭) તૃણ - શ્વેતિકા, કુશ, દર્ભ, પર્વક, અર્જુન, સુરભિ, કુરુવિંદ આદિ.

(૮) વલય - તાડ, તમાલ, તક્કલી, શાલ, સરલા, કેતકી, કેળ, કંદલી આદિ.

(૯) હરિત - તાંદળજો, ધુયારૂહ, વસ્તુલ, બદરક, માર્જાર, પાદિકા, ચિલ્લી આદિ.

(૧૦) ઔષધિ - શાલી, વ્રીહી, ઘઉં, જવ, કલમ, મસૂર, તલ, મગ, અડદ, ચોળા, કુલથી, અળસી, કુસુંભ, કોદરા, કાંગ આદિ.

(૧૧) જલરૂહ - ઉદક, અવક, પનક, શેવાળ, કલુંબક, પાવક, કશેરૂક, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, પુંડરીક આદિ.

(૧૨) કુહુણ - ભૂમિફોડાનામક - આય, કાય, કુહુણ, ઉંડુક, ઉદ્દેહલી, સર્પ, છત્રાદિ.

આ પ્રત્યેક જીવવાળા વૃક્ષના - મૂળ, સ્કંદ, છાલ, શાખ, પ્રવાલ વગેરેમાં અસંખ્યાતા પ્રત્યેક જીવો જાણવા અને પાંદડા, ફૂલ એક જીવવાળા માનવા.

સાધારણ વનસ્પતિના પણ અનેક ભેદ જાણવા. જેમકે લોહી, નિહુ, સ્તુભાયિકા, અશ્વકર્ણી, સિંહકર્ણી, શ્રૃંગબેર, માલુકા, મૂળા, કૃષ્ણકંદ, સુરણ, કાકોલી, ક્ષીરકાકોલી વગેરે. આ બધી વનસ્પતિના સંક્ષેપથી છ ભેદ બતાવે છે—

[નિ.૧૩૦] તેમાં - (૧) કોરંટક આદિ અગ્રબીજ છે, (૨) કેળ વગેરે મૂળબીજ છે, (૩) નિહુ, શલ્લકિ, અરણી આદિ સ્કંધબીજ છે, (૪) શેરડી, વાંસ, નેતર આદિ પર્વબીજ છે (૫) શાલિ, વ્રીહિ આદિ બીજરુહ છે, (૬) પદ્મિની, શૃંગારક, સેવાલ આદિ સંમૂર્છનજ છે. આ પ્રમાણે સંક્ષેપથી છ ભેદ કહ્યા. તેથી અધિક ભેદ નથી.

હવે પ્રત્યેક વનસ્પતિના લક્ષણો બતાવે છે.

[નિ.૧૩૧] જેમ અનેક સરસવનો પિંડ બનાવવાથી તે બધાં સરસવ જુદા હોવા છતાં પણ એક હોય તેવા લાગે છે, કદાચ ચૂર્ણ થાય ત્યારે અન્યોન્ય ભેળા થાય છે. તેથી આખા સરસવનું ગ્રહણ કર્યું છે. એ જ રીતે પ્રત્યેક વનસ્પતિના શરીરનો સમૂહ રહે છે. સરસવ માફક વનસ્પતિના જીવો રહ્યા છે. જેમ રસથી મિશ્રિત સરસવ છે. તેમ રાગદ્વેષ વડે એકઠા કરેલા કર્મપુદ્ગલના ઉદયથી મિશ્રિત જીવો

જાણવા. એ પ્રમાણે દૃષ્ટાંતથી જણાવ્યું. હવે બીજું દૃષ્ટાંત કહે છે—

[નિ.૧૩૨] જેમ તલપાપળી - તલ પ્રધાન પોળી ઘણાં તલ વડે બનાવેલી હોય છે. તે રીતે પ્રત્યેક શરીરવાળા વૃક્ષોના શરીર હોય છે એમ જાણવું.

હવે પ્રત્યેક શરીરી જીવોનું એક અને અનેક અધિષ્ઠિત્વ જણાવે છે—

[નિ.૧૩૩] વિવિધ પ્રકારના આકારના પાંદડા એક જીવથી અધિષ્ઠિત હોય છે તથા તાલ, સરલ, નાળીયેર આદિ વૃક્ષોમાં પણ એક જીવ અધિષ્ઠિત હોય છે તેમાં અનેક જીવોનું અધિષ્ઠિત્વ સંભવતુ નથી. બાકીનામાં અનેકજીવાધિષ્ઠિતપણું જાણવું. હવે પ્રત્યેક તરૂનું જીવરાશી પ્રમાણ બતાવે છે—

[નિ.૧૩૪] પ્રત્યેક તરૂ જીવો પર્યાપ્તા હોય, તે સંવર્તિત ચોખુણો કરેલી લોકની શ્રેણીના અસંખ્યેય ભાગવર્તી આકાશપ્રદેશની રાશી સમાન જાણવા. તે બાદર પર્યાપ્તા અગ્નિકાયની રાશિથી અસંખ્યાતગુણા જાણવા. અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિજીવ અસંખ્યાતલોકના પ્રદેશ જેટલા જાણવા. બાદર અપર્યાપ્તા અગ્નિકાયની જીવરાશીથી અસંખ્યાત ગુણા છે. સૂક્ષ્મ વનસ્પતિ પર્યાપ્તા, અપર્યાપ્તા કે સૂક્ષ્મ હોતા નથી, તે કેવલ બાદર જ હોય છે.

સાધારણ વનસ્પતિ જીવો સામાન્યથી અનંત છે. તે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા ભેદે છે. તે અનંતલોકાકાશના પ્રદેશોની સંખ્યા પ્રમાણ અનંતજીવ છે. સાધારણ બાદર પર્યાપ્તાથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. બાદર અપર્યાપ્તાથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યેયગુણા છે. તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. હવે વનસ્પતિમાં જીવત્વ ઇચ્છતા નથી તેમને જીવપણું બતાવે છે—

[નિ.૧૩૫] પૂર્વે બતાવેલા તરૂ શરીર વડે પ્રત્યક્ષ પ્રમાણ વિષયોથી સાક્ષાત્ વનસ્પતિ જીવો સિદ્ધ કર્યા છે. તેનું આ પ્રમાણે અનુમાન કરવું—

(૧) આ શરીરો જીવવ્યાપાર વિના આવા આકારવાળા ન થાય. (૨) હાથ, પગ આદિના સમૂહની માફક તથા ઇન્દ્રિય આદિની ઉપલબ્ધિના કારણે વૃક્ષજીવનું શરીર છે. (૩) હાથ, પગ આદિના સમૂહ માફક તથા જીવનું શરીર હોવાથી વૃક્ષ સચિત્ત હોય છે. (૪) સુતેલા પુરુષ માફક અને અસ્પષ્ટ ચેતનાવાળા હોવાના કારણે વૃક્ષ મંદ વિજ્ઞાન સુખ આદિવાળા હોય છે - કહ્યું છે કે—

ઇન્દ્રિય આદિની પ્રાપ્તિને કારણે તથા હાથ-પગ આદિના સમૂહ માફક વૃક્ષ આદિ વનસ્પતિ, જીવોના જ શરીર છે તથા શરીરી હોવાથી સુતેલા મનુષ્યાદિ માફક અલ્પજ્ઞાન અને અલ્પ સુખવાળા વનસ્પતિ સજીવ જ છે.

હવે જે સૂક્ષ્મ વનસ્પતિકાય છે, તે આંખોથી દેખાતા નથી, તે કેવળ જિનવચનથી જ મનાય છે તથા રાગદ્વેષ રહિત સર્વજ્ઞ વચનને જ આજ્ઞા કહેલી છે.

હવે સાધારણ વનસ્પતિકાયનું લક્ષણ કહે છે—

[નિ.૧૩૬] એક શરીરમાં સાથે રહીને આહાર આદિ એક સાથે લે તે સાધારણ વનસ્પતિ કે અનંતકાય જીવો કહેવાય. તેઓ એક સાથે આહાર અને શ્વાસોચ્છ્વાસ લે છે તે સાધારણ લક્ષણ છે. કહ્યું છે કે એક જીવ આહાર કે શ્વાસ-



નિઃશ્વાસ લે ત્યારે અનંતા જીવો આહાર કે શ્વાસ-નિઃશ્વાસ લે છે. હવે આ જ અર્થને વધુ સ્પષ્ટ કરે છે.

[નિ.૧૩૭] એક જીવ જે શ્વાસોચ્છ્વાસને યોગ્ય પુદ્ગલ લે તે ઘણા સાધારણ જીવોના ઉપયોગમાં આવે અને જે ઘણા જીવો લે તે એક જીવને પણ કામ લાગે છે.

બીજથી ઉગતી વનસ્પતિ કઈ રીતે પ્રગટ થાય તે હવે બતાવે છે—

[નિ.૧૩૮] નિર્યુક્તિમાં ભૂત શબ્દ 'અવસ્થા'સૂચક છે. યોનિ અવસ્થાવાળા બીજમાં યોનિ પરિણામ ન છોડે ત્યાં સુધી બીજરૂપે છે. કેમકે બીજની બે અવસ્થા છે - યોનિ અને અયોનિ. જીવ બીજને છોડે નહીં ત્યાં સુધી યોનિ અવસ્થા છે. - 'યોનિ' એટલે જીવનું ઉત્પત્તિ સ્થાન નાશ પામ્યું નથી તે. આવી યોનિવાળા બીજમાં જીવ આવીને ઉત્પન્ન થાય છે. તે જીવ પૂર્વના બીજનો કે અન્યજીવ પણ હોઈ શકે. ભાવાર્થ એ કે જીવ જ્યારે આયુક્ષયે બીજનો ત્યાગ કરે ત્યારે તે બીજને માટી, પાણી આદિનો સંયોગ થતા કોઈ વખતે પૂર્વનો જીવ ફરી પરિણમે છે અને કોઈ વખત બીજો જીવ પણ આવે છે. જે જીવ મૂળપણે પરિણમે તે જ પ્રથમ પત્રપણે પણ પરિણમે છે. પૃથ્વી, જળ, કાળની અપેક્ષાવાળી આ બીજની ઉત્પત્તિ છે. આ વાત નિયમ સૂચક છે. પણ બાકીના કિશલય આદિ મૂળ જીવપરિણામથી પ્રગટ થયેલા નથી. કહ્યું છે કે, સર્વે કુંપળો ઉત્પન્ન થતી વખતે અનંતકાય છે.

હવે સાધારણ વનસ્પતિનું લક્ષણ કહે છે—

[નિ.૧૩૯] જે મૂળ, કંદ, છાલ, પત્ર, પુષ્પ, ફળ આદિના તોડતા ચક્રાકાર સમાન ટૂકડા થાય, તથા જેને ગાંઠ, પર્વ કે ભંગસ્થાન રજથી વ્યાપ્ત છે અથવા જે વનસ્પતિ તોડતા પૃથ્વી સમાન ભેદથી ક્યારા ઉપરની સૂકી તરી માફક પુટભેદે ભેદાય તે અનંતકાય જાણવું.

હવે તેના બીજા લક્ષણો કહે છે—

[નિ.૧૪૦] જેને ક્ષીર સહિત કે ક્ષીરરહિત ગૂઢ સીરાવાળા પાંદડા હોય, જેના સાંધા દેખાતા ન હોય તે અનંતકાય જાણવા. આ પ્રમાણે સાધારણ જીવોને લક્ષણથી કહી હવે અનંતકાય વનસ્પતિના નામો જણાવે છે—

[નિ.૧૪૧] સેવાલ, કત્થ, ભાણિક, અવક, પન્નક, કિણ્વ, હઠ વગેરે અનંતજીવો અનેક પ્રકારના કહ્યા છે એમ બીજા પણ જાણવા. હવે પ્રત્યેક શરીરવાળાના એક વગેરે જીવનું ગ્રહણ કરેલું શરીર બતાવવા કહે છે.

[નિ.૧૪૨] એક જીવે ગ્રહણ કરેલ શરીર તાડ, સરલ, નાળીયેર આદિના સ્કંધ છે તથા તે ચક્ષુગ્રાહ્ય છે. તથા બિસ, મૃણાલ, કર્ણિકા, કુણક, કટાહ આદિ પણ એક જીવના શરીર છે અને ચક્ષુગ્રાહ્ય છે. બે, ત્રણ, સંખ્યેય, અસંખ્યેય જીવોનું ગ્રહણ કરેલું શરીર પણ ચક્ષુગ્રાહ્ય જાણવું.

હવે અનંતકાય આવા નથી, તે વાતને જણાવે છે—

[નિ.૧૪૩] એક, બે થી લઈને અસંખ્ય જીવોનું અનંતકાયનું શરીર આંખોથી દેખાતું નથી. અનંતકાયનું શરીર એક, બે આદિ અસંખ્ય જીવોનું શરીર હોતું જ

નથી, પણ અનંત જીવોનું જ શરીર હોય છે. તો કેવી રીતે જીવોને શરીરવાળા જાણવા ?

બાદર નિગોદ - અનંતકાયના શરીર આંખોથી દેખાય છે. સૂક્ષ્મ નિગોદના શરીરો દેખાતા નથી કારણ કે અનંત જીવોનું શરીર સમૂહરૂપે હોવા છતાં અતિ સૂક્ષ્મ છે અને નિગોદ છે તે નિયમથી અનંત જીવોનો સમૂહ છે. કહ્યું છે કે—

અસંખ્યાતા નિગોદના ગોળા છે, એકએક ગોળામાં અસંખ્યાત નિગોદ છે અને પ્રત્યેક નિગોદમાં અનંતા જીવો છે. એ પ્રમાણે વનસ્પતિના પ્રત્યેક વગેરે ભેદોથી તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ભેદથી હજારો ભેદ અને લાખો યોનિ સંખ્યા છે. વનસ્પતિની યોનિ સંવૃત્ત છે. તે સચિત્ત, અચિત્ત, મિશ્ર તથા શીત, ઉષ્ણ, મિશ્ર ભેદે છે. એ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિકાયની યોનિના દશ લાખ ભેદ અને સાધારણ વનસ્પતિના ચૌદ લાખ ભેદ છે અને બંનેની કુલ કોટી પચીશ કરોડ લાખ જાણવી.

હવે પરિમાણ દ્વાર કહે છે - તેમાં સૂક્ષ્મ અનંત જીવોનું પરિણામ બતાવે છે—

**[નિ.૧૪૪]** પ્રસ્થ કે કુડવથી બધા ધાન્યને માપીને એકઠા કરીએ તે રીતે સાધારણ વનસ્પતિના જીવોને લોકરૂપ કુડવથી માપીએ તો અનંતા લોક ભરાઈ જાય.

હવે બાદર નિગોદનું પરિમાણ બતાવે છે —

**[નિ.૧૪૫]** પર્યાપ્તા બાદર નિગોદ ઘનીકૃત સંપૂર્ણ લોકના પ્રતરના અસંખ્યેય ભાગવર્તી પ્રદેશ રાશી પ્રમાણ જાણવા. તે પ્રત્યેક શરીર બાદર પર્યાપ્તા વનસ્પતિ જીવોથી અસંખ્યાતગુણા છે. અપર્યાપ્તા બાદર નિગોદ, અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ, પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ ત્રણે રાશી પ્રત્યેક અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પરિમાણવાળા છે, પણ ત્રણે ક્રમથી સંખ્યામાં એક એકથી અધિક જાણવા. પરંતુ સાધારણ જીવો સંખ્યામાં તેનાથી અનંતગુણા છે આ જીવનું પરિમાણ છે, પણ પૂર્વે ચાર રાશી કહી તે નિગોદનું પરિમાણ જાણવું - હવે ઉપભોગ દ્વાર કહે છે—

**[નિ.૧૪૬]** આહાર, ઉપકરણ, શયન, આસન, યાન, યુગ્યાદિમાં ઉપભોગ જાણવો.

(૧) આહાર - ફળ, પાન, કુંપણ, મૂળ, કંદ, છાલ આદિથી બનેલ, (૨) ઉપકરણ - પંખા, કડાં, કવલ, અર્ગલ આદિ. (૩) શયન-ખાટ, પાટલા આદિ, (૪) આસન-ખુરશી આદિ. (૫) યાન-પાલખી આદિ. (૬) યુગ્ય-ગાડા આદિ, (૭) આવરણ - પાટીયા, દરવાજા આદિ. (૮) પ્રહરણ - લાકળી, ધોકા આદિ. (૯) શસ્ત્ર - બાણ, દાંતરડા, તલવાર, છરી આદિ.

આ પ્રમાણે વનસ્પતિના બીજા ઉપયોગ પણ બતાવે છે —

**[નિ.૧૪૭]** આતોદ્ય, કાષ્ઠકર્મ, ગંધાંગ, વસ્ત્ર, માલા, ધ્માપન આદિમાં ઉપભોગ જાણવો.

(૧) આતોદ્ય - ઢોલ, ભેરી, વાંસળી, વીણા, ઝલ્લરી આદિ વાજિંત્રો, (૨) કાષ્ઠકર્મ-પ્રતિમા, થાંભલા, બારશાખ આદિ, (૩) ગંધાંગ-વાળાકુંચી, પ્રિયંગુ, પત્રક, દમનક, કંદન, ત્વક્, ઉશીર, દેવદારૂ આદિ, (૪) વસ્ત્ર - વલ્કલ, કપાસ, રૂ આદિ



(૫) માલા - નવમાલિકા, બકુલ, ચંપક, પુન્નાગ, અશોક, માલતી, મોગરો આદિ. (૬) ધ્માપન - લાકડાં બાળવા, (૭) વિતાપન - ઠંડી દૂર કરવા તાપ કરવો. (૭) તેલ-તલ, અળસી, સર્સવ, ઇંગુદી, જ્યોતીષમતી, કરંજ આદિ. (૮) ઉદ્યોત-વાટ, ઘાસ, બોયા, મસાલ આદિમાં વનસ્પતિનો ઉપભોગ છે.

**[નિ.૧૪૮]** ઉક્ત બે ગાથામાં કહેલ હેતુથી સાતા સુખને માટે મનુષ્યો પ્રત્યેક તથા સાધારણ વનસ્પતિકાયના ઘણા જીવોની હિંસા કરીને વનસ્પતિ આદિ જીવોને દુઃખ આપે છે. હવે શસ્ત્રદ્વાર કહે છે. તે દ્રવ્ય-ભાવ બે ભેદે છે. દ્રવ્ય શસ્ત્રના સમાસ અને વિભાગ બે ભેદો છે તેમાં સમાસ શસ્ત્ર બતાવે છે—

**[નિ.૧૪૯]** ૧-જેનાથી વનસ્પતિ છેદાય તે 'કલ્પની', ૨. કુહાડી, ૩. અસિયગ-દાત્ર, દાંતરડુ, ૪. દાત્રિકા-દાતરડી, ૫. કુદ્દાલક-કુહાડો, ૬. વાંસલો, ૭. ફરસી. આ બધાં વનસ્પતિના શસ્ત્રો છે તથા હાથ, પગ, મુખ, અગ્નિ આદિ સામાન્ય શસ્ત્રો છે.

હવે વિભાગ શસ્ત્રોને જણાવે છે—

**[નિ.૧૫૦]** લાકડી આદિ સ્વકાયશસ્ત્ર છે, પાષાણ, અગ્નિ આદિ પરકાય શસ્ત્ર છે, દાતરડી, કુહાડો આદિ ઉભયકાય શસ્ત્ર છે. આ દ્રવ્યશસ્ત્ર જાણવા.

મન, વચન, કાયાથી ખરાબ વર્તનરૂપ અસંયમ એ ભાવશસ્ત્ર છે.

હવે ઉપસંહાર કરે છે—

**[નિ.૧૫૧]** બાકીના દ્વારો પૃથ્વીકાય મુજબ જાણવા. એ રીતે નિર્યુક્તિ બતાવી.

હવે સૂત્રાનુગમમાં અસ્ખલિત ગુણોવાળા સૂત્રને કહે છે—

● **સૂત્ર-૪૦ :-**

***હું સંયમ અંગીકાર કરીને વનસ્પતિની હિંસા કરીશ નહીં. બુદ્ધિમાન સાધુ-''પ્રત્યેક જીવ 'અભય' ઇચ્છે છે'' - એ જાણીને હિંસા ન કરે. તે જ વિરત છે. જિનમતમાં જે પરમાર્થથી વિરત છે, તે જ અણગાર કહેવાય છે.***

● **વિવેચન :-**

આ સૂત્રનો અનંતર-પરંપર સૂત્ર સાથે સંબંધ પૂર્વવત્ કહેવો. સુખવાંછી જીવો વનસ્પતિજીવોને નિશ્ચે દુઃખ દે છે અને દુઃખવાળા સંસારમાં ભમે છે. આવા કટુફળને જાણનારો સર્વ વનસ્પતિ જીવોને દુઃખ દેવાના આરંભથી સર્વથા નિવૃત્ત થવાનું આત્મામાં ઇચ્છે છે - વનસ્પતિજીવોને થતી પીડાને જાણીને હવેથી હું દુઃખ નહીં આપું અથવા દુઃખ થવાના કારણરૂપ છેદન, ભેદન મન, વચન, કાયાથી કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદુ નહીં. તે કઈ રીતે ?

સર્વજ્ઞએ બતાવેલા માર્ગને અનુસરીને સમ્યક્ દીક્ષા માર્ગને સ્વીકારીને સર્વ પાપારંભોનો ત્યાગ કરવા દ્વારા વનસ્પતિને દુઃખ થાય તેવો આરંભ કરીશ નહીં. આથી સંયમક્રિયા બતાવી. મોક્ષ માટે માત્ર ક્રિયા જ નહીં, જ્ઞાન પણ જરૂરી છે. કહ્યું છે કે, ''ક્રિયારહિત જ્ઞાન કે જ્ઞાનરહિત ક્રિયા બંને એકલા જન્મ-મરણના દુઃખોને છેદવા સમર્થ નથી.'' (બંને સાથે જોઈએ) તેથી મોક્ષ મેળવવમાં વિશિષ્ટ કારણભૂત જ્ઞાનને બતાવતા કહે છે કે - હે બુદ્ધિમાન્ શિષ્ય ! દીક્ષા લઈને જીવ-આદિ પદાર્થોને

જાણીને મતિમાન્ સાધુ મોક્ષ પામે છે. કેમકે સમ્યગ્જ્ઞાન પૂર્વક કરેલી ક્રિયા જ મોક્ષને આપનારી છે વળી—

જ્યાં ભય નથી એવા સત્તર પ્રકારના સંયમરૂપ અભયથી જ સર્વે જીવોની રક્ષા થાય છે. સંસાર સમુદ્રથી પાર પમાય છે. એમ જાણીને વનસ્પતિકાયના આરંભથી નિવૃત્ત થવું જોઈએ. જે પરમાર્થ તત્ત્વને જાણે છે, તેણે વનસ્પતિના આરંભને કટુ ફળ આપનાર જાણીને ન કરવો. કારણ કે જે આરંભ ન કરે, તેને જ પ્રતિવિશિષ્ટ ઇષ્ટ ફળ - મોક્ષની પ્રાપ્તિ છે. અંધ અને મૂઢની જેમ વર્તનારને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. કેમકે ઇચ્છેલા સર્વોત્તમ સ્થાને પહોંચવામાં પ્રવૃત્ત અંધની ક્રિયા વ્યાઘાતવાળી માનવી, તેવી રીતે માત્ર જ્ઞાન પણ ક્રિયા વિના મોક્ષ ન આપે. જેમ એક ઘરમાં આગ લાગી ત્યારે કોઈ પંગુ તે જાણે છે પણ પાંગળાપણાને લીધે નીકળી શકતો નથી. આ પ્રમાણે જાણીને મુનિ આરંભનો ત્યાગ કરે.

આ પ્રમાણે સમ્યગ્ જ્ઞાનપૂર્વક જે નિવૃત્તિ કરે તે જ સમસ્ત આરંભથી નિવૃત્ત થયેલ છે. ''તે જ સર્વ વનસ્પતિ આરંભથી નિવૃત્ત છે, જે બરાબર જાણીને આરંભ ન કરે.'' હવે આવા નિવૃત્તિવાળા શાક્યાદિ છે કે નહીં તે જણાવે છે- આ જિનમતમાં જ પરમાર્થથી છે, બીજે જીવદયાનું આવું સ્વરૂપ બતાવેલ નથી. કેમકે પ્રતિજ્ઞાનુસાર નિર્વદ્ય અનુષ્ઠાન કરવાથી નિવૃત્તિ માર્ગ સાધનવાળા ગણાય પણ આવુ બોલે છતાં ન પાળે તે શાક્યાદિ સાધુ ન કહેવાય.

આ પ્રમાણે પૂર્વોક્ત સૂત્રાર્થ મુજબ ચાલનાર તથા ઘર વિનાનો જ ઉત્કૃષ્ટથી અણગાર કહેવાય. ઉત્કૃષ્ટ એટલે જે 'અણગાર' નામને યોગ્ય ગુણોના સમૂહને આદરે તે તે જ અણગાર કહેવાય, બીજા નહીં. જેઓ આ પરમાર્થ સાધક અણગાર ગુણોને છોડીને શબ્દાદિ વિષયોમાં પ્રવર્તે છે અને વનસ્પતિ જીવોની રક્ષાને ભૂલે છે, તે સાધુ નથી. શબ્દાદિ વિષયના સાધનો વનસ્પતિથી બને છે, તેથી તેમાં જ રાચનારા રાગદ્વેષરૂપ વિષયવિષના નશાથી ઘેરાયેલા રસિક જીવોને નરકાદિ ચાર ગતિમાં ભ્રમણ કરનારા જાણવા. જેને તે નરકાદિમાં ભ્રમણ કરવું હોય તે જ શબ્દ આદિમાં રસીક બને. આ જ વાતને સમજવા સૂત્રકારશ્રી કહે છે—

**● સૂત્ર-૪૧ :-**

***જે શબ્દાદિ ગુણ છે તે જ આવર્ત છે, આવર્ત છે તે જ ગુણ છે.***

**● વિવેચન :-**

જે શબ્દ આદિ ગુણ છે તે જ જીવો જેમાં પરિભ્રમણ કરે છે તે આવર્ત અર્થાત્ સંસાર છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે. જેમકે ગંદુ પાણી એ જ પગનો રોગ છે. એ જ પ્રમાણે શબ્દ આદિ ગુણો આવર્ત છે. કેમકે તે સંસારનું કારણ છે. અહીં એકવચન પ્રયોગથી એવું સૂચવે છે કે, જે પુરુષ શબ્દાદિ ગુણોમાં પ્રવર્તે છે તે આવર્તમાં પડે છે અને જે આવર્તમાં પડે છે તે જ શબ્દાદિમાં પ્રવર્તે છે. અહીં 'વાચાલ' પૂછે છે—

જે શબ્દાદિ ગુણોમાં પ્રવર્તે છે તે આવર્ત-સંસારમાં પડે છે પણ આવર્તમાં વર્તે



તે શબ્દાદિમાં વર્તે જ એવો કોઈ નિયમ નથી કેમકે સાધુ આવર્તમાં છે પણ શબ્દાદિ ગુણોમાં તે પ્રવર્તતા નથી. તેનું શું ? — આચાર્ય તેનો ઉત્તર આપતા કહે છે—

તમારી વાત સત્ય છે. સાધુ સંસાર-આવર્તમાં રહે છે પણ શબ્દાદિમાં વર્તતા નથી. પરંતુ અહીં રાગ-દ્વેષાદિ સાથે શબ્દાદિગુણોમાં પ્રવર્તવાનો અધિકાર છે. પણ સાધુઓને આ પ્રવૃત્તિ હોતી નથી. રાગદ્વેષના અભાવે તેમને સંસારરૂપ આવર્ત દુઃખ ન હોય. પણ સામાન્યથી સંસારમાં પડવું અને સામાન્ય શબ્દાદિ ગુણો પ્રાપ્ત થવા સંભવે છે. તેથી ઉપલબ્ધિનો નિષેધ નથી પણ રાગદ્વેષરૂપ પરિણામનો નિષેધ છે.

કહ્યું છે કે - કાનને સુખ આપનાર શબ્દોમાં સાધુ રાગ ન કરે. ચક્ષુ આગળ આવેલું રૂપ ન જોવાય તે શક્ય નથી. પણ પ્રાજ્ઞ પુરુષ તેમાં રાગ-દ્વેષ ન કરે.

વનસ્પતિમાં શબ્દાદિ ગુણો ઘણાં હોય છે તે બતાવે છે - વેણુ, વીણા, પટહ, મુકુંદ આદિ વાજિંત્રો વનસ્પતિથી ઉત્પન્ન થાય છે. તેમાં મનોહર **શબ્દો** ઉત્પન્ન થાય છે. તેમાં વનસ્પતિની મુખ્યતા છે કેમકે તેમાં તંત્રી, ચર્મ, પાણીના સંયોગથી જ શબ્દ ઉત્પન્ન થાય છે. **રૂપમાં** લાકડાની પૂતળી, તોરણ, વેદિકા, સ્તંભ આદિ આંખને રમણીય લાગે છે. **ગંધમાં** કપુર, પાટલા, લવલી, લવીંગ, કેતકી, સરસ, ચંદન, અગરુ, એલચી, જાયફળ, તેજંતુરી, કેશર, ઇત્યાદિની સુગંધ નાકને આનંદ આપે છે. બિસ, મૃણાલ, મૂળ, કંદ, પુષ્પ, ફળ, પત્ર, કંટક, મંજરી, છાલ, અંકુર, કુંપળ, કમળ વગેરેનો **રસ** જીતીને બહુ આનંદ આપે છે. પદ્મિનીપત્ર, કમળદળ, મૃણાલ, વલ્કલ, દુકુલ, શાટક વગેરે કોમળ હોય તે શરીરને **સ્પર્શ**માં સુખ આપે છે. આ રીતે વનસ્પતિથી બનેલ વસ્તુના શબ્દાદિ ગુણોમાં જે વર્તે તે સંસારમાં ભમે અને જે આવર્તમાં વર્તે તે રાગદ્વેષપણે વર્તતા શબ્દાદિ ગુણોમાં વર્તે છે એમ જાણવું.

આ આવર્ત નામ, સ્થાપનાદિ ચાર ભેદે છે. નામ, સ્થાપના સુગમ છે - દ્રવ્ય આવર્ત સ્વામિત્વ, કરણ અને અધિકરણના વિભાગથી ત્રણ પ્રકારે છે.

(૧) સ્વામિત્વ - નદી આદિમાં કોઈ સ્થાને જળનું પરિભ્રમણ તે દ્રવ્યાવર્ત કે હંસ, કારંડ, ચક્રવાક આદિ આકાશમાં ક્રીડા કરતા ચક્રાકાર ફરે તે દ્રવ્યાવર્ત્ત.

(૨) કરણ - ચક્રાકાર ભમતા જળથી જે તૃણ, કલિંચ વગેરે ભમે તે દ્રવ્યાવર્ત્ત. કે તાંબુ, સીસુ, ચાંદી, સોનુ આદિ ગાળતા તે વાસણમાં ગોળાકાર ભમે તે.

(૩) અધિકરણ - એક જળદ્રવ્યમાં આવર્ત કે અનેક ચાંદી, સોના, પીતળ, કાંસા, કલાઈ, સીસા આદિ એકત્ર કરેલા ઘણાં દ્રવ્યોમાં જે આવર્ત થાય તે.

ભાવ આવર્ત - પરસ્પર ભાવોનું સંક્રમણ અથવા ઔદયિક ભાવના ઉદયથી નરકાદિ ચારે ગતિમાં જીવ ભમે છે તે. આ સૂત્રમાં ભાવાવર્તનો જ અધિકાર છે. સંસારમાં પરિભ્રમણના કારણરૂપ વનસ્પતિથી ઉત્પન્ન થયેલ શબ્દાદિ ગુણ શું કોઈ એક નિયત દિશામાં રહેલ છે કે બધી દિશાઓમાં ? - તે જણાવે છે—

**● સૂત્ર-૪૨ :-**

***ઉર્ધ્વ, અધો, તિર્છું, સામે જોનાર રૂપોને જુએ છે, સાંભળનારો શબ્દોને***

*સાંભળે છે. મૂર્છા પામતો રૂપમાં મૂર્ચ્છા પામે છે અને શબ્દમાં પણ મૂર્છિત થાય છે.*

**● વિવેચન :-**

કહેનારની દિશાથી ઊંચે મહેલ અને હવેલીની ઉપર રહેલા રૂપને જુએ છે. પહાડના શિખર કે મહેલ ઉપર ચડેલો નીચે રહેલા રૂપને જુએ છે તિર્યક્ શબ્દથી ચાર દિશા, ચાર વિદિશા લીધી. તે મુજબ ઘરની દિવાલ આદિમાં રહેલ રૂપને જુએ છે. આ રીતે પૂર્વ આદિ બધી દિશામાં આંખોથી જોઈ શકાય તેવા રૂપને મનુષ્ય જુએ છે. એ પ્રમાણે આ બધી દિશામાં રહેલ શબ્દને કાનથી સાંભળે છે. અહીં માત્ર રૂપ કે શબ્દની પ્રાપ્તિ જણાવી. પણ જોવા કે સાંભળવા માત્રથી સંસારભ્રમણ થતું નથી. પણ જીવ તે શબ્દાદિમાં મૂર્છિત થાય તો જ તેને કર્મબંધ થાય છે.

સૂત્રમાં ફરી 'ઉર્ધ્વ' શબ્દ લેવાનું કારણ એ છે કે ત્યાં સારું રૂપ જોઈને રાગી બને છે. એ પ્રમાણે શબ્દાદિ વિષયોમાં પણ મૂર્છિત થાય તેમ સમજવું. સૂત્રમાં 'अपि' શબ્દનું ગ્રહણ સંભાવના કે સમુચ્ચય અર્થમાં છે. 'રૂપ' શબ્દના ગ્રહણથી બાકીના ગંધ, રસ, સ્પર્શનું પણ ગ્રહણ થઈ જાય છે કેમકે એકના ગ્રહણથી તેની જાતિના બધાનું ગ્રહણ થાય છે અથવા આદિ-અંતના ગ્રહણથી તેની મધ્યના બધાનું ગ્રહણ થાય છે. આ પ્રમાણે વિષયલોકને કહ્યો—

**● સૂત્ર-૪૩ :-**

*આ પ્રમાણે (શબ્દાદિ વિષય) લોક કહ્યો. આ શબ્દાદિ વિષયોમાં જે અગુપ્ત છે,તે આજ્ઞામાં નથી.*

**● વિવેચન :-**

'एष' એટલે રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, વિષય નામનો લોક કહ્યો. 'લોક' એટલે જેનાથી જોવાય કે જણાય તે. જે આ શબ્દાદિ ગુણ લોકમાં મન, વચન, કાયાથી અગુપ્ત હોય અર્થાત્ મનથી રાગ કે દ્વેષ કરે, વચનથી શબ્દાદિ માટે પ્રાર્થના કરે કે કાયા વડે શબ્દાદિ વિષયમાં જાય, આ પ્રમાણે જે ગુપ્ત નથી તે જિનેશ્વરના વચનાનુસાર આજ્ઞામાં નથી. હવે ગુણ વિશે કહે છે—

**● સૂત્ર-૪૪ :-**

*વારંવાર શબ્દાદિ વિષય ગુણોનો આસ્વાદ કરનાર અસંયમ આચરે છે.*

**● વિવેચન :-**

વારંવાર શબ્દાદિ ગુણનો રાગી બનેલ જીવ પોતાના આત્માને શબ્દાદિ વિષયની ગૃદ્ધિથી દૂર કરવા સમર્થ થતો નથી. આવો અનિવૃત્ત જીવ ફરી ફરી તે ક્રિયા કરતો શબ્દાદિ ગુણોનો આસ્વાદ લે છે. તેના પરીણામે તે 'વક્ર' અર્થાત્ કુટીલ કે અસંયમી બનીને અસંયમી આચરણ દ્વારા નરકાદિ ગતિમાં ભટકે છે. શબ્દાદિ વિષયોનો અભિલાષી જીવ બીજા જીવોને દુઃખ દેનારો હોવાથી તેને 'વક્ર સમાચાર' જાણવો.

શબ્દાદિ વિષયસુખના અંશના સ્વાદમાં આસક્ત એવો આ સંસારીજીવ અપથ્ય આમ્રફળ ખાનાર રાજાની માફક પોતાને વિષયોને રોકી ન શકવાથી તત્કાળ વિનાશને





પામે છે. આ પ્રમાણે શબ્દાદિ વિષયના આસ્વાદનથી પરાજિત આ જીવ 'ખંત-પુત્ર'ની માફક જે કરે છે તે હવે સૂત્રમાં કહે છે—

**● સૂત્ર-૪૫ :-**

*તે પ્રમાદી બની ગૃહસ્થની જેમ ગૃહવાસી જ છે.*

**● વિવેચન :-**

વિષય વિષથી મૂર્છિત તે પ્રમાદી, ઘરમાં નિવાસ કરે છે. જે સાધુલિંગને રાખે અને શબ્દાદિ વિષયમાં આસક્ત હોય, તે વિરતિરૂપ ભાવલિંગથી રહિત હોવાથી ગૃહસ્થ જ છે. અન્યતીર્થીઓમાં હંમેશા બોલવાનું જુદુ અને કરવાનું જુદુ છે તે વાતને હવે બતાવે છે—

**● સૂત્ર-૪૬ :-**

*લજ્જાતા એવા તેમને તું જો. અમે અણગાર છીએ તેમ કહેતા તેઓ વિવિધ પ્રકારના શસ્ત્રોથી વનસ્પતિ કર્મ સમારંભથી વનસ્પતિ જીવોની હિંસા કરતા બીજા પણ અનેક જીવોની હિંસા કરે છે.*

*આ વિષયમાં ભગવંતે પરિજ્ઞા-વિવેક કહ્યો છે. આ જીવનને માટે પ્રશંસા સન્માન અને પૂજાને માટે, જન્મ-મરણથી મુક્ત થવા, દુઃખોના નિવારણાર્થે તેઓ વનસ્પતિ જીવોની હિંસા સ્વયં કરે છે, બીજા પાસે કરાવે છે. કરનારને અનુમોદે છે.*

*આ હિંસા તેમના અહિત અને અબોધિને માટે થાય છે.*

*આ વાત સમજીને સાધક સંયમમાં સ્થિર બને. ભગવંત કે તેના સાધુ પાસે ધર્મ સાંભળીને આ પ્રમાણે જાણે કે - આ હિંસા ગ્રંથિ છે, મોહ છે, મરણ છે, નરક છે. છતાં પણ જીવ તેમાં આસક્ત થઈ વિવિધ પ્રકારના શસ્ત્રોથી વનસ્પતિકાયની હિંસા કરતા તેના આશ્રિત અનેક જીવોની હિંસા કરે છે.*

**● વિવેચન :-**

આ સૂત્રનું વિવેચન પૃથ્વીકાયાદિના આલાપક માફક જાણવું. વિશેષ એ કે અહીં 'વનસ્પતિકાય' કહેવું. હવે વનસ્પતિમાં જીવપણાંને જણાવે છે—

**● સૂત્ર-૪૭ :-**

*તે હું તમને કહું છું - (માનવ શરીર સાથે વનસ્પતિ કાયની સમાનતા દર્શાવતા કહે છે—) જે રીતે માનવ શરીર જન્મ લે છે, વૃદ્ધિ પામે છે, ચેતનવંત છે, છેદાતા કરમાય છે, આહાર લે છે, અનિત્ય છે, અશાશ્વત છે, વધે-ઘટે છે અને વિકારને પામે છે એ જ રીતે વનસ્પતિ પણ ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે, ચેતના યુક્ત છે, છેદાતા કરમાય છે, આહાર લે છે, અનિત્ય છે, અશાશ્વત છે, વધે-ઘટે છે અને વિકારને પામે છે. (આ રીતે વનસ્પતિ પણ સચિત્ત જ છે.)*

**● વિવેચન :-**

તે હું જિનેશ્વર પાસે તત્ત્વ જાણીને કહું છું અથવા વનસ્પતિનું ચૈતન્ય પ્રત્યક્ષ પ્રમાણથી જાણીને કહું છું. પ્રતિજ્ઞાનુસાર બતાવે છે - અહીં ઉપદેશ યોગ્ય સૂત્ર

આરંભે છે - તેને કહેવા યોગ્ય પુરુષ હોય છે. જે પ્રમાણે આ શરીર ઉત્પત્તિ ધર્મવાળું છે, તે પ્રમાણે વનસ્પતિ શરીર પણ ઉત્પત્તિ ધર્મવાળું છે, જે પ્રમાણે આ મનુષ્ય શરીર બાળ, કુમાર, યુવાન અને વૃદ્ધત્વ પરિણામી હોવાથી સચેતન જણાય છે, તેમ વનસ્પતિ શરીર પણ સચેતન છે. જેમકે કેતકી વૃક્ષ બાલ, યુવાન અને વૃદ્ધ થાય છે. તેથી બંનેમાં સમાનતા હોવાથી વનસ્પતિ શરીર પણ ઉત્પત્તિ ધર્મવાળુ છે.

**પ્રશ્ન** - ઉત્પત્તિ ધર્મવાળું હોવા છતાં પણ મનુષ્ય શરીર જેવું સચેતન છે, તેવું વનસ્પતિ શરીર નથી. કેમકે વાળ, નખ, દાંત આદિમાં પણ ઉત્પત્તિ ધર્મ છે, લક્ષણ નિર્દોષ હોવું જોઈએ તેથી ઉત્પત્તિધર્મ જ જીવનું ચિન્હ કહેવું ઠીક નથી.

**ઉત્તર** - ઉત્પત્તિ માત્ર કહીએ ત્યારે તમારી વાત સત્ય છે. પણ મનુષ્ય શરીરમાં પ્રસિદ્ધ એવી બાલ, કુમારાદિ અવસ્થાનો વાળ આદિમાં સંભવ નથી. માટે તમારું કહેવું અયોગ્ય છે. વળી વાળ, નખ સેચનત શરીરમાં જ ઉત્પન્ન થાય છે કે વધે છે હવે તમે તો વનસ્પતિને સચેતન માનતા નથી, તમારા મતે પૃથ્વી આદિ અચેતન હોવાથી તેમ થવું અયુક્ત છે અથવા સૂત્રમાં કહેલ ઉત્પત્તિ ધર્મ આદિનો એક જ હેતુ છે. બીજા હેતુ જરૂરી નથી અને વાળ આદિમાં સમુદાય હેતુ નથી તેથી દોષ નથી. તથા જે પ્રમાણે આ મનુષ્ય શરીર સદા બાલ, કુમારાદિ અવસ્થાથી વધે છે, તે પ્રમાણે વનસ્પતિ શરીર પણ અંકુર, કુંપણ, શાખા, પ્રશાખાથી આદિથી વધે છે અને જે રીતે મનુષ્ય શરીર સચેતન છે, તે રીતે વનસ્પતિ શરીર પણ સચેતન છે.

**કઈ રીતે ?** તે બતાવે છે જેમાં ચેતના હોય તે ચિત્ત-જ્ઞાન. વનસ્પતિ શરીર પણ મનુષ્ય શરીર માફક જ્ઞાનવાળું છે. કેમકે ધાત્રી, લજામણી આદિને ઉંઘવા તથા જાગવાનો સ્વભાવ છે. ભૂમિમાં રહેલ ધનને પોતાના મૂળીયાથી છૂપાવે છે. વર્ષાના મેઘના અવાજ તથા ઠંડા પવનના સ્પર્શથી અંકુરાનું ઉત્પન્ન થવું, મદ મદન સંગથી સ્ખલાયમાન ગતિવાળી ચપળ લોચના સ્ત્રી ઝાંઝર યુક્ત કોમળ પગે તાડન કરે તો અશોક વૃક્ષમાં પલ્લવ અને ફૂલ ઉત્પન્ન થાય છે. સુગંધી દારુની પીચકારીથી બકુલ અંકુરિત થાય છે. લજામણી સ્પર્શથી સંકોચાય છે. આ બધી વનસ્પતિ સંબંધી વર્તણૂક જ્ઞાન વિના શક્ય નથી. તેથી વનસ્પતિનું સચિતપણું સિદ્ધ થાય છે.

જે પ્રમાણે મનુષ્ય શરીર છેદાતા સુકાય છે, તેમ વનસ્પતિ પણ પત્ર, ફુલાદિ છેદાતા સુકાય છે અને અચેતનમાં આવું કદી ન થાય. જેમ મનુષ્ય શરીર સ્તનપાન, શાક, ભાત આદિ આહાર કરે છે તેમ વનસ્પતિ પણ જમીનના પાણી આદિનો આહાર કરે છે અને અચેતનોને આહારપણું ન હોય. તેથી વનસ્પતિ સચેતન છે. વનસ્પતિ શરીર પણ માનવશરીર માફક અનિત્ય છે. સદા રહેનારું નથી. વનસ્પતિનું ઉત્કૃષ્ટ આયુ ૧૦,૦૦૦ વર્ષ છે. જેમ મનુષ્ય શરીર પ્રતિ ક્ષણે આવીચીમરણ વડે અશાશ્વત છે, તેમ વનસ્પતિ શરીર પણ છે. જેમ મનુષ્ય શરીર ઇષ્ટ-અનિષ્ટ આહારાદિથી જાડું-પાતળું થાય છે, તેમ વનસ્પતિનું પણ છે.

જે રીતે મનુષ્ય શરીર વિવિધ રોગથી પાંડુત્વ, જલોદર, સોજો, કૃશત્વ આદિને તથા બાલ આદિ રૂપને પામે છે, રસાયણ-સ્નેહ આદિના ઉપયોગથી વિશિષ્ટ કાંતિ,



બળ આદિ વિશેષ પરિણામવાળું થાય છે તે જ પ્રમાણે વનસ્પતિ શરીર પણ વિવિધ રોગથી પુષ્પ, ફળ, છાલાદિથી વિકૃત થાય છે. તથા વિશિષ્ટ દોહદ પુરવાથી પુષ્પ, ફળ આદિનો ઉપચય પણ પામે છે.

આ પ્રમાણે કહેવાયેલ લક્ષણોથી વનસ્પતિ સચિત્ત જ છે. એમ જાણવું. આ પ્રમાણે વનસ્પતિને સચિત્ત બતાવીને તેના આરંભમાં બંધ થાય અને આરંભત્યાગરૂપ વનસ્પતિના સેવનથી મુનિપણું દેખાડી ઉપસંહાર કરે છે—

● **સૂત્ર-૪૮ :-**

***વનસ્પતિકાયનો સમારંભ કરનાર તેના આરંભના પરિણામોથી અજાણ હોય છે, અને વનસ્પતિશસ્ત્રનો સમારંભ ન કરનાર આ હિંસાજન્ય વિપાકોનો પરિજ્ઞાતા હોય છે. આવું જાણી મેધાવી પુરુષ વનસ્પતિકાયની હિંસા સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારને અનુમોદે નહીં. જે આ વનસ્પતિકાયની હિંસાના અશુભ પરિણામનો જ્ઞાતા છે,તે જ મુનિ 'પરિજ્ઞાતકર્મા' છે તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

આ વનસ્પતિ કાયમાં દ્રવ્ય તથા ભાવ બંને ભેદે શસ્ત્રનો આરંભકર્તાને આ બધાં આરંભોની પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન કર્યા નથી અને જે આરંભ નથી કરતા તેઓને આરંભમાં પાપ છે તેમ ખબર હોવાથી તેનો ત્યાગ કરે છે. તે જ મુનિ પરિજ્ઞાત કર્મા છે ઇત્યાદિ બધું પૂર્વવત્ જાણવું.

**અધ્યયન-૧ "શસ્ત્રપરિજ્ઞા"ના ઉદ્દેશક-૫ વનસ્પતિકાયનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ꖦ અધ્યયન-૧ ઉદ્દેશક-૬ "ત્રસકાય" ꖦ

પાંચમો ઉદ્દેશક કહ્યો, હવે છઠ્ઠા ઉદ્દેશાનો આરંભ કરે છે, તેનો સંબંધ આ પ્રમાણે - પાંચમાં ઉદ્દેશામાં વનસ્પતિકાયનું વર્ણન કર્યું. આગમોમાં તેના પછી ત્રસકાયનું કથન હોવાથી ત્રસકાયના સ્વરૂપના બોધને માટે આ ઉદ્દેશાનો આરંભ કરાય છે તેનાં ઉપક્રમાદિ ચાર અનુયોગ દ્વારો છે. તે પૂર્વ માફક કહેવા. તે નામ નિક્ષેપા પર્યન્ત કહેવું. ત્રસકાયનાં પૂર્વે કહેલા દ્વારોથી કંઈક જુદા લક્ષણવાળા દ્વારોનું નિર્યુક્તિકાર શ્રી કથન કરે છે.

[નિ.૧૫૨] જે ત્રાસ પામે તે ત્રસ. તેની કાયા તે ત્રસકાય. તેના દ્વારો પૃથ્વીકાય મુજબ જ છે. પણ વિધાન, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર અને લક્ષણ દ્વારોમાં થોડો તફાવત છે. તેમાં પ્રથમ વિધાન દ્વાર કહે છે—

[નિ.૧૫૩] જે હાલે-ચાલે તે ત્રસ તે પ્રાણ ધારણ કરે છે માટે જીવ છે. આ ત્રસજીવના લબ્ધિત્રસ અને ગતિત્રસ બે ભેદ છે. લબ્ધિત્રસના તેઉકાય અને વાયુકાય એમ બે ભેદ છે. લબ્ધિ એટલે શક્તિ માત્ર, તેઉકાય ત્રસનું વર્ણન પૂર્વે કર્યું, વાયુકાય આગળ કહેવાશે. લબ્ધિત્રસનો અત્રે અધિકાર નથી. તેથી ગતિત્રસનું

વર્ણન અહીં કરે છે—

[નિ.૧૫૪] ગતિ ચાર પ્રકારે છે - નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

રત્નપ્રભાથી મહાતમસ્ પૃથ્વી પર્યન્ત નારકના સાત ભેદો છે. તિર્યંચના પણ બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયથી ચાર ભેદો છે. મનુષ્યના ગર્ભજ અને સમૂર્છિમજ બે ભેદ છે. દેવોના ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક ચાર ભેદ છે. આ પ્રમાણે ગતિત્રસ જીવોના ચાર ભેદ છે. ગતિનામકર્મના ઉદયથી જેમને નરકાદિ ગતિની પ્રાપ્તિ થઈ છે, તે ગતિત્રસ કહેવાય છે.

આ નારકાદિ જીવો પર્યાપ્ત-અપર્યાપ્ત બે પ્રકારે છે. તેમાં પર્યાપ્તિ છ પ્રકારે છે, તે પૂર્વે કહેવાયેલ છે, તે મુજબ યથાયોગ્ય તૈયાર થયેલા તે પર્યાપ્તા અને તેનાથી વિપરીત તે અપર્યાપ્તા. તેઓ અંતર્મુહૂર્ત કાળ પર્યન્ત અપર્યાપ્તા જાણવા.

હવે બીજા ઉત્તરભેદો કહે છે.

[નિ.૧૫૫] અહીં શીત, ઉષ્ણ, શીતોષ્ણ, સચિત્ત, અચિત્ત, મિશ્ર, સંવૃત્ત, વિવૃત્ત, મિશ્ર તેમજ સ્ત્રી, પુરુષ, નપુંસક એમ ત્રણ-ત્રણ ભેદથી ત્રણ-ત્રણ યોનિના ઘણાં જોડકા છે. તે બધાંનો સંગ્રહ કરવા ગાથામાં બે વખત 'तिविहा' લીધું છે. તેમાં નારકોની પહેલી ત્રણ ભૂમિમાં શીત યોનિ છે, ચોથીમાં ઉપર શીત નીચે ઉષ્ણ છે. પછીની ત્રણ ભૂમિમાં ઉષ્ણ યોનિ છે. અન્ય યોનિ હોતી નથી.

ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોની તથા દેવોની શીતોષ્ણ યોનિ છે. બે, ત્રણ, ચાર, ઇન્દ્રિય જીવો અને સંમૂર્છનજ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની શીત, ઉષ્ણ, શીતોષ્ણ ત્રણે યોનિ છે. નારક અને દેવોને માત્ર અચિત્ત યોનિ છે. બેઇન્દ્રિયથી સંમૂર્છજન જ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની માત્ર વિવૃત્ત યોનિ છે. ગર્ભજતિર્યંચ અને મનુષ્યોની માત્ર સંવૃત્તવિવૃત્ત યોનિ હોય છે. નારકોની માત્ર નપુંસક યોનિ હોય છે. તિર્યંચો અને મનુષ્યોમાં સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણે યોનિઓ હોય છે. દેવોની સ્ત્રી-પુરુષ બે યોનિ છે.

મનુષ્યયોનિના બીજા પણ ત્રણ પ્રકાર છે - (૧) કૂર્મોન્નતા - તેમાં અરિહંત, ચક્રવર્તી આદિ ઉત્તમપુરુષો જ ઉત્પન્ન થાય છે. (૨) શંખાવર્તા - તે ચક્રવર્તીના સ્ત્રીરત્નને જ હોય, તેમાં જીવોની ઉત્પત્તિ થાય પણ નિષ્પત્તિ ન થાય. (૩) વંશીપત્રા- તેમાં સાધારણ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે.

યોનિના બીજા પણ ત્રણ ભેદ છે (૧) અંડજ-પક્ષી આદિની, (૨) પોતજ-વલ્ગુલી, હાથીનું બચ્ચુ આદિની, (૪) જરાયુજ - ગાય, ભેંસ, મનુષ્ય આદિની.

આ રીતે યોનિ આદિના ભેદે ત્રસ જીવોના ભેદો કહ્યા. હવે તે દરેક યોનિનો સંગ્રહ આ ગાથાઓમાં કર્યો છે, તે બતાવે છે—

પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ ચારે કાયની સાત-સાત લાખ, પ્રત્યેક વનસ્પતિની દશ લાખ અને સાધારણ વનસ્પતિકાયની ચૌદ લાખ યોનિઓ છે. વિકલેન્દ્રિયની બે-બે લાખ અને દેવ-નારકની ચાર-ચાર લાખ યોનિ છે. તિર્યંચ પંચેન્દ્રિયની પણ ચાર લાખ અને મનુષ્યોની ચૌદ લાખ યોનિઓ છે. એ રીતે કુલ ચોર્યાશી લાખ યોનિ



જીવોની છે. હવે કુલના પરિમાણ કહે છે.

એકેન્દ્રિયની બત્રીશ લાખ કુલ કોટિ, બેઇન્દ્રિયોની આઠ, તેઇન્દ્રિયની સાત લાખ કુલ કોટિ, ચઉરિન્દ્રિયની નવ, હરિતકાયની પચીશ, જલચરની સાડાબાર, ખેચરની બાર, ચતુષ્પદ અને ઉરઃપરિસર્પની દશ-દશ, ભુજપરિસર્પની નવ, નારકની પચીશ, દેવોની છવ્વીસ અને મનુષ્યોની બાર લાખ કુલ કોટિ છે. આ પ્રમાણે બધા મળીને ૧૯,૭૫,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ અંક થાય છે. આ રીતે પ્રરૂપણા દ્વાર પુરું થયું હવે લક્ષણ દ્વાર કહે છે—

[નિ.૧૫૬,૧૫૭] દર્શન સામાન્ય ઉપલબ્ધિરૂપ છે, તેના ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ ચાર ભેદ છે. જ્ઞાનાવરણના દૂર થવાથી સ્પષ્ટ તત્ત્વ બોધરૂપ તેમજ સ્વ-પરનો પરિચ્છેદ કરનાર જીવના પરિણામ સ્વરૂપ જ્ઞાનના મતિ આદિ પાંચ ભેદ છે. ચારિત્રના પાંચ ભેદ છે - સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત. ચારિત્રાચારિત્ર અર્થાત્ દેશવિરતિ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ રૂપ શ્રાવકના બાર વ્રત છે તથા દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, શ્રોત્ર, ચક્ષુ, નાક, જીભ, સ્પર્શન દશ લબ્ધિ છે.

જીવદ્રવ્યની સાથે સદા રહેનાર તે જીવનું લક્ષણ છે. ઉપયોગના બે ભેદ છે- (૧) આઠ પ્રકારે સાકારોપયોગ, (૨) ચાર પ્રકારે નિરાકારોપયોગ. યોગ, મન, વચન, કાયા ત્રણ ભેદે છે. મન પરિણામથી ઉત્પન્ન સૂક્ષ્મ અધ્યવસાયો ઘણાં પ્રકારે છે. વિવિધ પ્રકારે ઔદયિક લબ્ધિ — ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ આદિ છે આ લબ્ધિઓ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોની સ્વશક્તિના પરિણામ રૂપ છે, લેશ્યાઓ અશુભ અને શુભરૂપે કૃષ્ણાદિ છ ભેદે છે તે કષાય અને યોગના પરિણામથી ઉત્પન્ન થાય છે. સંજ્ઞા આહાર, ભય, પરિગ્રહ, મૈથુન ચાર ભેદે છે અથવા પૂર્વે કહેલ દશ ભેદે છે અથવા ક્રોધાદિ ચાર ભેદ તથા ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા. શ્વાસોચ્છ્વાસ તે પ્રાણ અને અપાન છે. કષાય એટલે જે સંસારની પ્રાપ્તિ કરાવે તે - તે અનંતાનુબંધી ક્રોધાદિ ભેદે સોળ પ્રકારે છે.

આ બે ગાથામાં કહેલ બેઇન્દ્રિયાદિ જીવોના લક્ષણ યથાસંભવ જાણવા. આવો લક્ષણ સમુદાય ઘડાદિમાં નથી. તેથી વિદ્વાનો ઘટાદિમાં અચૈતન્યપણું સ્વીકારે છે. હવે ઉપસંહાર કરવા અને પરિણામ દ્વાર જણાવવા કહે છે—

[નિ.૧૫૮] બેઇન્દ્રિયાદિ જીવોનું લક્ષણ જે દર્શન આદિ કહ્યા તે પરિપૂર્ણ છે, તેથી અધિક કોઈ લક્ષણ નથી. હવે ક્ષેત્ર-પરિમાણ કહે છે- ત્રસકાય પર્યાપ્તા જીવો સંવર્તિત લોક પ્રતરના અસંખ્યેય ભાગમાં રહેલા પ્રદેશ રાશિ પ્રમાણ છે. તે પર્યાપ્ત બાદર તેઉકાયથી અસંખ્યગુણા છે. ત્રસકાય પર્યાપ્તાથી ત્રસકાય અપર્યાપ્તા અસંખ્યગુણા છે.

કાળથી-ઉત્પન્ન થતા ત્રસકાય જીવો જઘન્યથી બે થી નવ લાખ સાગરોપમ સુધી સમય રાશિ પરિમાણ છે. ઉત્કૃષ્ટથી પણ આ જ સંખ્યા છે. કહ્યું છે કે—

હે ભગવન્ ! વર્તમાનકાળમાં રહેલા ત્રસકાયજીવ કેટલા કાળમાં ખાલી થાય ?

જઘન્યથી અને ઉત્કૃષ્ટથી બે થી નવ લાખ સાગરોપમ જાણવા.

હવે નિષ્ક્રમણ અને પ્રવેશ કહે છે - જઘન્યથી એક, બે ત્રણ અથવા ઉત્કૃષ્ટ પરિમાણથી પ્રતરના અસંખ્યેય ભાગ પરિમાણવાળા છે.

હવે નિરંતર પ્રવેશ અને નિર્ગમ સંખ્યા—

**[નિ.૧૫૯]** જઘન્ય પરિમાણથી નિરંતરપણે ત્રસકાયમાં ઉત્પત્તિ અને નિષ્ક્રમણ એક સમયે બે કે ત્રણ થાય. ઉત્કૃષ્ટથી આવલીકાનો અસંખ્યેય ભાગ માત્ર કાળ સુધી નિરંતર નિષ્ક્રમ-પ્રવેશ હોય. એક જીવની અપેક્ષાએ ત્રસકાયમાં નિરંતર રહેવાનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્તકાળ અર્થાત્ અંતર્મુહૂર્ત રહીને પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટથી ૨૦૦૦ સાગરોપમકાળ ત્રસ ભાવે નિરંતર રહે છે.

પ્રમાણ દ્વાર પૂરું.

હવે ઉપભોગ, શસ્ત્ર અને વેદના એ ત્રણ દ્વારો કહે છે—

**[નિ.૧૬૦]** માંસ, ચામડી, વાળ, રોમ, નખ, પીછાં, નાડી, હાડકાં, શીંગડા આદિમાં ત્રસકાયના અંગોનો ઉપભોગ થાય છે. ખડ્ગ, તોમર, છરી, પાણી, અગ્નિ આદિ ત્રસકાયના શસ્ત્ર છે તે અનેક પ્રકારે છે. તે સ્વકાય, પરકાય, મિશ્ર તથા દ્રવ્ય, ભાવ ભેદથી અનેક પ્રકારે છે. પ્રસંગોપાત્ તેની વેદના જણાવે છે - વેદના બે પ્રકારે - શરીરથી અને મનથી.

શરીરની વેદના શલ્ય, સળી વગેરે વાગવાથી થાય. મનની વેદના પ્રિયનો વિયોગ અને પ્રતિકૂળ સંયોગ આદિથી થાય. અનેક પ્રકારના તાવ, અતિસાર, ખાંસી, શ્વાસ, ભગંદર, માથાનો રોગ, શૂલ, મસા વગેરેથી ઉત્પન્ન થયેલી તીવ્ર હોય.

હવે વિસ્તારથી ઉપભોગનું સ્વરૂપ કહે છે—

**[નિ.૧૬૧,૧૬૨]** માંસને માટે હરણ, સૂઅર આદિ મરાય છે, ચામડી માટે ચિત્રક આદિ, વાળ માટે ઉંદર આદિ, પીંછા માટે મોર, ગીધ, કપિંચુર આદિ, પુચ્છને માટે ચમરી ગાય આદિ અને દાંતને માટે હાથી, વરાહ આદિનો વધ થાય છે. અહીં કેટલાક પૂર્વે કહેલા પ્રયોજનથી હણે છે અને કેટલાંક પ્રયોજન વિના માત્ર ક્રીડાર્થે હણે છે. કેટલાક પ્રસંગ દોષથી હણાય છે. જેમકે મૃગને તાકીને મારેલા બાણથી વચ્ચે આવેલા કપોત, કપિંજલ, પોપટ, કોયલ, મેના વગેરેને હણે છે તથા કર્મ તે ખેતી વગેરે અનેક પ્રકારના છે. તેમાં પ્રવૃત્ત કે આસક્ત ઘણાં ત્રસકાયને હણે છે. જેમકે દોરડાથી મારે, ચાબુક તથા લાકડીથી તાડન કરે, તેનો જીવથી વિયોગ કરાવે ઇત્યાદિ. આ પ્રમાણે દ્વારોને કહીને હવે ઉપસંહાર માટે કહે છે—

**[નિ.૧૬૩]** જે દ્વારો કહ્યા તે સિવાયના બાકીના દ્વારો પૃથ્વીકાય જેવાં જ સમજવા. પૃથ્વીકાયના સ્વરૂપને જણાવવા કહેલ ગાથા ત્રસકાયના ઉદ્દેશામાં જાણવી.

હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્રને કહે છે—

● **સૂત્ર-૪૯ :-**

***હું કહું છું - આ બધા ત્રસ પ્રાણી છે. જેમકે - અંડજ, પોતજ, જરાયુજ,***



***રસજ, સંસ્વેદજ, સંમૂર્છિમ, ઉદ્ભિજ્જ અને ઔપપાતિક. આ (ત્રસજીવોનું ક્ષેત્ર જ) સંસાર કહેવાય.***

● **વિવેચન :-**

આનો અનંતર-પરંપર સંબંધ પૂર્વવત્ જાણવો. જે મેં ભગવંતના મુખકમળમાંથી નીકળેલ વાણી અવધારેલી છે. તેનાથી પ્રાપ્ત થયેલ તત્ત્વ તમને કહું છું. બેઇન્દ્રિયાદિ ત્રસ જીવો છે. તેના કેટલા ભેદો કયા પ્રકારે છે - તે ભગવંતે કહ્યા મુજબ કહું છું-

૧. **અંડજ** - જે ઇંડામાંથી ઉત્પન્ન થાય તે. પક્ષી, ગીરોળી વગેરે.

૨. **પોતજ** - પોત સાથે જન્મે તે, હાથી, ગીદડ, જળો વગેરે.

૩. **જરાયુજ** - જરાયુથી વીંટાયેલા હોય તે, ગાય, ભેંસ, બકરા, મનુષ્ય વગેરે.

૪. **રસજ** - ઓસામણ, કાંજી દૂધ, દહીં આદિમાં રસથી જે ઉત્પન્ન થાય તે. પાયુકૃમિ આકૃતિવાળા અત્યંત સૂક્ષ્મ જીવો રસજ છે.

૫. **સંસ્વેદજ** - પરસેવાથી ઉત્પન્ન થાય તે. માંકડ, જુ, શતપદિકા વગેરે. ૬. **સંમૂર્છનજ** - પતંગીયા, કીડી, માખી વગેરે.

૭. **ઉદ્ભિજ્જ** - ઉદ્ભેદનથી ઉત્પન્ન થાય તે. પતંગીયા, ખંજરી, પારીપ્લવ વગેરે.

૮. **ઔપપાતિક** - ઉપપાતથી ઉત્પન્ન થનારા નારક અને દેવ.

આ પ્રમાણે સંસારી જીવોના આઠ જ ભેદ છે. આ આઠ જ પ્રકારે સંસારી જીવોનો જન્મ થાય છે. તત્ત્વાર્થ સૂત્રના અધ્યાય-૨, સૂત્ર-૩૨ માં પણ કહ્યું છે. (૧) સંમૂર્છનજ - રસજ, સ્વેદજ, ઉદ્ભેદજ. (૨) ગર્ભજ - અંડજ, પોતજ, જરાયુજ, (૩) ઉપપાતજ - દેવ, નારક આ ત્રણ જ પ્રકારે જન્મ કહ્યો છે. અહીં તેના ઉત્તરભેદ સહિત કથન છે.

આ આઠ પ્રકારમાં સર્વે સંસારી ત્રસ જીવો સમાય છે. તેના સિવાય કોઈ અન્ય નથી. આ ત્રસ જીવો આઠ પ્રકારની યોનિ પામે છે. જે બાળક, સ્ત્રી આદિને પ્રત્યક્ષ જ છે. 'सन्ति च'શબ્દથી ત્રસ જીવોનું ત્રણે કાળમાં અસ્તિત્વ સિદ્ધ થાય છે. સંસાર-જગત્ ક્યારેય ત્રસજીવથી રહિત ન હોય. આ અંડજ આદિ પ્રાણિનો સમૂહ જ સંસાર છે. એમ કહીને ત્રસકાયોનો ઉત્પત્તિ પ્રકાર આ સિવાય બીજો કોઈ નથી તેમ બતાવ્યું.

હવે આ આઠ પ્રકારના ત્રસ જીવોમાં કોણ કોણ જીવ ઉત્પન્ન થાય તે કહે છે—

● **સૂત્ર-૫૦ :-**

***મંદ અને અજ્ઞાની જીવને આ સંસાર હોય છે.***

● **વિવેચન :-**

મંદના બે ભેદ છે - (૧) દ્રવ્યમંદ - અતિ સ્થૂળ કે અતિ દુર્બળ. (૨) ભાવમંદ - મંદ બુદ્ધિવાળો બાલ અને કુશાસ્ત્ર વાસિત બુદ્ધિવાળો, આ પણ સદ્બુદ્ધિના અભાવે બાલ જ છે. અહીં ભાવ-મંદનો અધિકાર છે. હિત-અહિતને ન જાણનારો, વિશેષ સમજના અભાવે તે બાલ છે. આવા બાલજીવને જ સંસારમાં પરિભ્રમણ રહે

છે. તેથી સૂત્રમાં કહે છે—

● **સૂત્ર-૫૧ :-**

***હું સારી રીતે ચિંતવીને અને જોઈને કહું છું - પ્રત્યેક પ્રાણી પોત-પોતાનું સુખ ભોગવે છે. બધાં પ્રાણી, બધાં ભૂત, બધાં જીવ, બધાં સત્વને અશાતા અને અશાંતિ મહાભયંકર અને દુઃખદાયી છે. તેમ હું કહું છું, આ પ્રાણી દિશા-વિદિશાથી ભયભીત રહે છે.***

● **વિવેચન :-**

આ પ્રમાણે બાલ-સ્ત્રી આદિમાં પ્રસિદ્ધ ત્રસકાય જીવોને બરાબર ચિંતવીને કહું છું - પહેલા મનથી આલોચીને પછી તેનું પ્રત્યુપ્રેક્ષણ થાય છે. તે મુજબ બધાં જીવો પોત-પોતાના સુખના ભોક્તા છે. કોઈનું સુખ કોઈ ભોગવતા નથી. આ બધાં પ્રાણીનો ધર્મ છે.

બધાં પ્રાણી એટલે બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોવાળા. બધાં ભૂતો એટલે પ્રત્યેક, સાધારણ, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા વનસ્પતિકાય. બધાં જીવો એટલે ગર્ભજ, સંમૂર્છન જ અને ઔપપાતિક જીવો. બધાં સત્ત્વ તે પૃથ્વી આદિ એકેન્દ્રિયો. જો કે પરમાર્થથી પ્રાણીભૂત આદિ બધાં જીવો જ છે તો પણ અહીં ભેદો કહ્યા.

કહ્યું છે કે - બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળાને પ્રાણી કહ્યા. વનસ્પતિકાયને ભૂત કહ્યા, પંચેન્દ્રિયને જીવ અને બાકીનાને સત્વ કહેલા છે. અથવા શબ્દની વ્યુત્પત્તિ દ્વારથી સમભિરૂઢ નય મતે આ ભેદ જાણવા. તે આ પ્રમાણે છે-

સતત પ્રાણ ધારણ કરવાથી પ્રાણી છે, ત્રણે કાળમાં રહેતા હોવાથી તે ભૂત છે. ત્રણે કાળમાં જીવવાથી તે જીવ છે અને હંમેશા હોવાપણાથી સત્ત્વ છે.

આ પ્રમાણે વિચારીને અને જોઈને જેમ પ્રત્યેક જીવને સુખ છે તેમ પ્રત્યેકને અસાતા મહાભય અને દુઃખ છે. તેમાં હું દુઃખને કહું છું - જે દુઃખ પમાડે તે દુઃખ. વિશેષ એ કે - કષ્ટથી વેદાય એવા કર્માશના પરિણામ તથા જે સુખ ન હોય તે અપરિનિર્વાણ. તે ચારે બાજુથી શરીર અને મનને પીડા કરે છે તથા સૌથી મોટો ભય કરે છે. આ પ્રમાણે આ વિશ્વમાં બધાં સંસારી જીવ શારીરિક માનસિક દુઃખોથી પીડિત છે. તે પ્રમાણે પરમાત્મા પાસેથી સમ્યક્ પ્રકારે તત્ત્વને જાણીને હું તમને કહું છું.

આ પ્રકારે અસાતાદિ વિશેષણયુક્ત દુઃખથી પરાભવ પામેલા પ્રાણો ત્રાસ પામે છે. તે જ પ્રાણીઓ છે. તેઓ દિશા, વિદિશાથી ત્રાસ પામે છે. તથા પૂર્વાદિ દિશામાં જઈને ત્રાસ પામે છે. આ બધી દિશા પ્રજ્ઞાપકની અપેક્ષાએ જાણવી. એવી કોઈ દિશા કે વિદિશા નથી કે જેમાં ત્રસ જીવ ન હોય કે જ્યાં રહીને ત્રાસ ન પામતા હોય. જેમ કોશેટાનો કીડો ચારે તરફથી ભય પામીને પોતાના સંરક્ષણને માટે જાળ બનાવી શરીરને વીંટે છે.

એવી કોઈ ભાવદિશા નથી કે જેમાં રહેલ ત્રસકાયો ત્રાસ ન પામે. નરકાદિ ચારે ગતિમાં રહેલ જીવ શારીરિક-માનસિક દુઃખોથી હણાય છે. તેથી હંમેશા તેઓના મનમાં ત્રાસ રહે છે. આ રીતે બધી દિશા-વિદિશામાં ત્રસકાયના જીવો દુઃખ પામે છે.



કેમકે ત્રસકાયનો આરંભ કરનારા મનુષ્યો ત્રસકાયનો વધ કરે છે. કેમકે—

● **સૂત્ર-૫૨ :-**

***તું જો, વિષય સુખાભિલાષી મનુષ્ય સ્થાને-સ્થાને આ જીવોને પરિતાપ આપે છે. ત્રસકાયિક પ્રાણી જુદા જુદા શરીરોને આશ્રીને રહે છે.***

● **વિવેચન :-**

અર્ચા, ચર્મ, લોહી આદિ વિવિધ પ્રયોજનથી હે શિષ્ય ! જો, માંસ ભક્ષણ આદિમાં આસક્ત, અસ્વસ્થ મનવાળા આરંભશીલ મનુષ્યો વિવિધ વેદના કરીને ત્રસજીવોને સંતાપે છે. પૃથ્વીને આશ્રીને એક, બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયવાળા ઘણાં પ્રાણી રહે છે એમ જાણીને મનુષ્યે નિર્દોષ અનુષ્ઠાન કરવું જોઈએ. જે અન્યમતવાળા બોલે છે જુદુ અને કરે છે જુદુ તેમને બતાવે છે—

● **સૂત્ર-૫૩ :-**

***લજ્જાતા એવા તેમને તું જો. 'અમે અણગાર છીએ' એમ કહેનારાઓ વિવિધ પ્રકારના શસ્ત્રોથી ત્રસકાયના સમારંભ દ્વારા ત્રસકાય જીવોની હિંસા કરતા તેઓ બીજા અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.***

***આ વિષયમાં નિશ્ચયથી ભગવંતે 'પરિજ્ઞા' કહી છે. આ જીવનના નિર્વાહ અર્થે - પ્રશંસા, સન્માન, પૂજન માટે; જન્મ-જરાથી છુટવા માટે, દુઃખના નાશને માટે તેઓ ત્રસકાય જીવોની હિંસા સ્વયં કરે છે, બીજા પાસે કરાવે છે તથા હિંસા કરનારની અનુમોદના કરે છે. પણ તે તેમના અહિત, અબોધિ માટે થાય છે.***

***આ સમારંભને જાણનારા સંયમી બની, તીર્થંકર કે શ્રમણો પાસે ધર્મ સાંભળીને એમ જાણે છે કે, આ સમારંભ નિશ્ચયથી ગ્રંથ છે, મોહ છે, મરણ છે અને નરક છે. આ સમારંભમાં આસક્ત લોકો વિવિધ પ્રકારના શસ્ત્રોથી ત્રસકાયના સમારંભ દ્વારા ત્રસકાયજીવની હિંસા કરતા અન્ય અનેક પ્રકારના પ્રાણીઓની પણ હિંસા કરે છે.***

● **વિવેચન :-**

આ સૂત્રની વ્યાખ્યા પૂર્વવત્ જાણવી.

હવે કોઈપણ ગમે તે કારણે ત્રસકાય હિંસા કરે છે તે બતાવે છે—

● **સૂત્ર-૫૪ :-**

***હું કહું છું કે, કેટલાક લોકો પૂજાને માટે ત્રસકાય જીવોને હણે છે, કોઈ ચર્મને માટે, કોઈ માંસ માટે, કોઈ લોહી માટે, એ પ્રમાણે હૃદય, પિત્ત, ચરબી, પિંછા, પુચ્છ, વાળ, શીંગડુ, વિષાણ, દાંત, દાઢા, નખ, સ્નાયુ, અસ્થિ, અસ્થિમિંજ માટે ત્રસકાયની હિંસા કરે છે. કોઈ સકારણ કે અકારણ હિંસા કરે છે. કોઈ મને માર્યો કે મને મારે છે કે મારશે એમ વિચારીને હિંસા કરે છે.***

● **વિવેચન :-**

જેને માટે ત્રસકાયના આરંભમાં પ્રવર્તેલા તેની હિંસા કરે છે તે હું કહું છું - અર્ચા એટલે આહાર, અલંકારાદિથી જેની પૂજા કરાય તે અર્થાત્ દેહ. તે દેહને માટે

હણે છે. ખોડખાપણ વિનાના બત્રીશલક્ષણા પુરુષને મારીને તેના જ શરીર વડે કોઈ વિદ્યા-મંત્રની સિદ્ધિને માટે કે દુર્ગાદિ દેવી જે માંગે તે આપે - એમ માનીને હણે છે. અથવા જેણે ઝેર ખાધુ હોય તે ઝેર ઉતારવા હાથીને મારીને તેના શરીરમાં રાખે છે જેથી ઝેર ઉતરી જાય. તથા ચામડાને માટે ચિત્તા, વાઘ આદિને મારે છે. એ પ્રમાણે માંસ આદિ માટે ત્રસ જીવોને હણે છે તે આ પ્રમાણે—

માંસને માટે ભૂંડ આદિને મારે છે, ત્રિશૂળ આલેખવા લોહી લે છે, સાધકો હૃદય લઈને વલોવે છે, પિત્ત માટે મોર આદિ, ચરબી માટે વાઘ, મગર, વરાહ આદિ પીંછા માટે મોર, ગીધડ આદિ પૂછ માટે રોઝ આદિ, વાળ માટે ચમરી આદિ, શીંગડા માટે હરણ-ગેંડા આદિને કેમકે યાજ્ઞિકો તેને પવિત્ર માને છે, વિષાણ માટે હાથીને, દાંત માટે શ્રૃંગાલ આદિને કેમકે તેમના દાંત અંધકારાદિનો નાશ કરે છે, દાઢા માટે વરાહ આદિ, નખ માટે વાઘ આદિ, સ્નાયુ માટે ગાય-ભેંસ આદિ, અસ્થિ માટે શંખ શુક્તિ આદિ, અસ્થિમિંજ માટે પાડો-વરાહ આદિનો વધ કરે છે.

આ રીતે કેટલાંક ઉક્ત પ્રયોજનથી હણે છે અને કેટલાંક પ્રયોજન સિવાય કાંચીડા, ગરોળી આદિને હણે છે. વળી કોઈ વિચારે છે કે આ સિંહે, સાપે, શત્રુએ મારા સ્વજનને કે મને પીડ્યા છે, પીડે છે કે પીડશે માટે તેમને હણે છે. આ રીતે અનેક પ્રયોજનથી ત્રસ વિષયક હિંસા બતાવી ઉદ્દેશાને પૂર્ણ કરવા કહે છે—

● **સૂત્ર-૫૫ :-**

***આ ત્રસકાય હિંસામાં પરિણતને તેના કટુ વિપાકોનું જ્ઞાન હોતું નથી.***

***ત્રસકાયની હિંસા ન કરનારને હિંસા કર્મબંધનું કારણ છે તે જ્ઞાત હોય છે. આવું જાણીને મેધાવી મુનિ ત્રસકાય જીવોની હિંસા સ્વયં કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારની અનુમોદના ન કરે.***

***જે આ ત્રસકાય સમારંભનો પરિજ્ઞાતા છે તે જ મુનિ પરિજ્ઞાતકર્મા છે એ પ્રમાણે હું કહું છું.***

● **વિવેચન :-**

આ સૂત્રનું વિવેચન પૂર્વવત્ જાણવું. તે જ મુનિ ત્રસકાયના સમારંભથી વિરત હોવાથી પાપકર્મની પરિજ્ઞા કરીને પ્રત્યાખ્યાન કરે છે. આ વાત કેવળજ્ઞાનથી જેને સકલ ત્રિભુવનનું સ્વરૂપ સાક્ષાત્ થયું છે એવા ત્રિલોકબંધુ ભગવંતના મુખેથી સાંભળીને હું તમને કહું છું.

**અધ્યયન-૧ ''શસ્ત્રપરિજ્ઞા''ના ઉદ્દેશક-૬ ત્રસકાયનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -



## 卐 અધ્યયન-૧ ઉદ્દેશક-૭ ''વાયુકાય'' 卐

**ભૂમિકા :-**

છટ્ઠો ઉદ્દેશો કહ્યો. હવે સાતમો શરૂ કરે છે - તેનો સંબંધ આ રીતે છે - નવો ધર્મ પામનારને મુશ્કેલીથી શ્રદ્ધા થાય છે. વાયુનું પરિભોગપણું અલ્પ છે તેથી ઉત્ક્રમે આવેલ 'વાયુ' વિશે જે કંઈ અલ્પ કથન કરવાનું છે, તે સ્વરૂપ નિરૂપણાર્થે આ ઉદ્દેશાનો ઉપક્રમ કરે છે. આ ઉદ્દેશાના ઉપક્રમ આદિ ચાર દ્વારો કહેવા. નામ નિક્ષેપામાં ''વાયુ ઉદ્દેશક'' કહેવો. વાયુકાયનું સ્વરૂપ નિરૂપણ કરવા માટે કેટલાંક દ્વારોનો અતિદેશ કરવા નિર્યુક્તિકાર જણાવે છે કે—

[નિ.૧૬૪] જે વાય તે વાયુ. પૃથ્વીકાયમાં કહેલા બધાં દ્વારો વાયુકાયમાં કહેવા. પણ વિધાન, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર, લક્ષણમાં વિશેષતા છે.

તેમાં વિધાન દ્વારના પ્રતિપાદન અર્થે કહે છે—

[નિ.૧૬૫] વાયુ એ જ જીવ તે વાયુજીવ. તેના બે ભેદ છે - સૂક્ષ્મ અને બાદર. તેવા નામકર્મના ઉદયથી સૂક્ષ્મ કે બાદર કહે છે. બધાં જાળી, બારણાદિ બંધ કર્યા પછી જેમ ઘરમાં ધુમાડો રહે છે તેમ સૂક્ષ્મ વાયુકાય સર્વ લોકમાં વ્યાપીને રહે છે. બાદર વાયુકાયના પાંચ ભેદ હવેની ગાથામાં કહે છે—

[નિ.૧૬૬] ઉત્કલિક, મંડલિક, ગુંજા, ઘન અને શુદ્ધ એ પાંચ ભેદ છે.

(૧) ઉત્કલિક વાયુ - રહી રહીને મોજા માફક જે વાય તે. (૨) મંડલિક વાયુ વંટોળીયાનો વાયુ. (૩) ગુંજા વાયુ - ભંભાની જેમ ગુંજે તે. (૪) ઘનવાયુ - અતિ ઘન, પૃથ્વી આદિના આધારરૂપે રહેલ, બરફના જથ્થા જેવો. (૫) શુદ્ધવાયુ - શીત કાળમાં જે મંદ મંદ વાયુ વાય તે. તથા ''પન્નવણા'' સૂત્ર-૩૨માં કહેલ પૂર્વાદિ વાયુનો સમાવેશ આમાં જ થઈ જાય છે તેમ જાણવું. આ પ્રમાણે બાદર વાયુકાયના પાંચ ભેદો કહ્યા. હવે લક્ષણ દ્વાર કહે છે—

[નિ.૧૬૭] જેમ દેવનું શરીર આંખોથી દેખાતું ન હોવા છતાં છે અને સચેતન છે. દેવો પોતાની શક્તિ વડે આંખોથી ન જોઈ શકાય તેવું રૂપ પણ કરી શકે છે. તેથી આપણે એમ ન કહી શકીએ કે દેવ નથી કે અચેતન છે. તે રીતે વાયુ પણ ચક્ષુનો વિષય થતો નથી, તો પણ વાયુકાય છે અને સચેતન છે.

જેમ લોપ થવાના વિદ્યા મંત્રથી તથા અંજનથી મનુષ્ય અદૃશ્ય થાય છે, પણ તેથી મનુષ્ય નથી કે અચેતન છે તેમ ન કહેવાય. તેમ વાયુ માટે પણ સમજવું. અહીં 'असत्' શબ્દથી વાયુનું રૂપ ચક્ષુગ્રાહ્ય નથી. તેમ સમજવું. કેમકે તે પરમાણું માફક સૂક્ષ્મ પરિમાણવાળો છે. વાયુ સ્પર્શ, રસ અને રૂપવાળો હોય છે. જ્યારે બીજા મતવાળા વાયુને માત્ર સ્પર્શવાળો જ માને છે.

પ્રયોગ માટે અહીં એક ગાથા કહે છે - પ્રયોગ - વાયુ ચેતનાવાળો છે, કેમકે ગાય, ઘોડા આદિની જેમ બીજાની પ્રેરણાથી તિર્છી અને અનિયમિત ગતિવાળો છે. -x-x-x- તેથી ઘનવાત, શુદ્ધ વાયુ આદિ ભેદવાળો વાયુ જ્યાં સુધી શસ્ત્રથી હણાયેલ ન હોય ત્યાં સુધી વાયુકાય સચેતન છે - હવે પરિમાણ દ્વાર કહે છે—

[નિ.૧૬૮] બાદર પર્યાપ્ત વાયુ સંવર્તિત લોક પ્રતરના અસંખ્યેય ભાગે રહેનાર પ્રદેશ રાશિ પરિમાણવાળો છે અને બાકીની ત્રણ રાશિ અલગ અલગ અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ હોય છે. વિશેષ એ કે - પર્યાપ્ત બાદર અપ્‌કાયથી પર્યાપ્ત બાદર વાયુકાય અસંખ્યગુણ અધિક છે. અપર્યાપ્ત બાદર અપ્‌કાયથી અપર્યાપ્ત બાદર વાયુકાય અસંખ્યગુણ અધિક છે. અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્‌કાયથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય વિશેષાધિક છે. પર્યાપ્ત સૂક્ષ્મ અપ્‌કાયથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય વિશેષાધિક છે - હવે ઉપભોગ દ્વાર—

[નિ.૧૬૯] પંખાથી પવન નાંખવો, ધમણથી ફુંકવું, વાયુ ધારણ કરીને શરીરમાં પ્રાણ-અપાનરૂપે રાખવો વગેરે બાદર વાયુકાયનો ઉપભોગ છે.

હવે શસ્ત્ર દ્વાર કહે છે. તેના દ્રવ્ય-ભાવ બે ભેદ છે. દ્રવ્યશસ્ત્ર કહે છે—

[નિ.૧૭૦] પંખો, તાડના પાન, સૂપડું, ચામર, પાંદડા, વસ્ત્રનો છેડો આદિ વાયુના દ્રવ્યશસ્ત્ર છે. પવનમાર્ગે રૂવાના છીદ્રોમાંથી બહાર આવે છે તે પરસેવો તે શસ્ત્ર છે. ગંધો તે ચંદન, વાળો આદિ તથા અગ્નિજ્વાળા તથા ઠંડો-ઉનો વાયુ આ પ્રતિપક્ષવાયુ સ્વકાયશસ્ત્ર છે. પંખો વગેરે પરકાય શસ્ત્ર છે.

ભાવશસ્ત્ર તે દુષ્ટ મન, વચન, કાયાની ચેષ્ટારૂપ અસંયમ છે.

હવે બધી નિર્યુક્તિનો ઉપસંહાર કરતા કહે છે—

[નિ.૧૭૧] બાકીના દ્વાર પૃથ્વીકાયના ઉદ્દેશામાં કહ્યા મુજબ અહીં સમજવા પૂર્વે કહેલ નિર્યુક્તિ વાયુકાય ઉદ્દેશામાં પણ જાણવી. નામ નિષ્પન્ન નિક્ષેપો પૂરો થયો. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું. તે આ પ્રમાણે છે - पहु एजस्स० છઠ્ઠા ઉદ્દેશાને અંતે સૂત્રમાં ત્રસકાયનું પરિજ્ઞાન અને તેના આરંભનો ત્યાગ મુનિપણાનું કારણ કહ્યું તેમ અહીં વાયુકાયના વિષયમાં પણ મુનિપણાનું આ જ કારણ કહ્યું. તથા પરંપર સૂત્ર સંબંધ આ છે—

''અહીં કેટલાંકને એ વાતની જાણ નથી.'' શું જાણ નથી ? पहु एजस्स० તથા सूयं मे आउसंतेणं० નો સંબંધ જાણવો.

● *સૂત્ર-૫૬ :-*

***વાયુકાય જીવોની હિંસાની દુગંછા કરવામાં અર્થાત્ નિવૃત્તીમાં સમર્થ છે.***

● વિવેચન :-

દુગંછા એટલે જુગુપ્સા. પ્રભુ એટલે સમર્થ. દુગંછા કરવામાં સમર્થ.

પ્રશ્ન - કઈ વસ્તુની દુગંછામાં સમર્થ ? તેનો ઉત્તર આપે છે. 'एज्' એટલે કંપન. કંપનશીલ હોવાથી વાયુને 'एज्' કહે છે. આ વાયુની જુગુપ્સા કરવામાં અર્થાત્ વાયુના આ સેવનનો ત્યાગ કરવામાં આ મુનિ સમર્થ થાય છે. અથવા પાઠાંતરથી 'एज्'ને બદલે 'एग' લેતાં વાયુ અધિક હોવાથી કેવલ એક જ સ્પર્શનેન્દ્રિયથી ઓળખી શકાય છે તેથી સંયમી મુનિ વાયુની જુગુપ્સા કરવામાં સમર્થ બને છે અર્થાત્ વાયુકાય જીવ છે એમ શ્રદ્ધા કરીને તેના સમારંભની નિવૃત્તિમાં સમર્થ થાય છે.

વાયુકાયના સમારંભની નિવૃત્તિમાં સમર્થનું સ્વરૂપ હવે કહે છે—



● સૂત્ર-૫૭ :-

***આંતકને જોનાર મુનિ વાયુકાય-સમારંભને અહિતકર જાણીને જે આત્માને અંદરથી જુએ છે તે બહાર પણ જુએ છે અને જે બાહ્યને જાણે છે, તે આત્માના અંદરના સ્વરૂપને પણ જાણે છે. આ તુલનાનું અન્વેષણ-ચિંતન કર.***

● વિવેચન :-

આતંક એટલે કષ્ટવાળું જીવન. આ આતંક બે પ્રકારે – શારીરિક અને માનસિક, તેમાં કાંટા, ક્ષાર, શસ્ત્ર, ગંડલૂતા આદિથી ઉત્પન્ન થાય તે શારીરિક આતંક અને પ્રિયનો વિયોગ, અપ્રિયનો સંયોગ, ઇચ્છિતની અપ્રાપ્તિ, દારિદ્ર અને માનસિક વિકારોની પીડા તે માનસિક આતંક છે. આ બંને આતંક જ છે તેને જોનાર મુનિ 'આતંકદર્શી' કહેવાય; અર્થાત્ જો હું વાયુકાયના સમારંભથી નિવૃત્ત નહીં થાઉં તો અવશ્ય આ બંને આતંક-દુઃખ મારા પર આવી પડશે. તેથી આ વાયુકાયનો સમારંભ આતંકના હેતુભૂત કહ્યો છે, એમ જાણીને તેનાથી નિવૃત્ત થવામાં સમર્થ થાય છે આતંક દ્રવ્ય, ભાવથી બે ભેદે છે. તેમાં દ્રવ્યાતંક જણાવે છે—

જંબૂદ્વીપ નામક દ્વીપના ભરત ક્ષેત્રમાં નગરના ગુણથી સમૃદ્ધ અને સુપ્રસિદ્ધ એવું રાજગૃહ નામે નગર હતું. તે નગરમાં ગર્વિષ્ઠ, શત્રુમર્દક, ચોતરફ ફેલાયેલ યશવાળો અને જીવ-અજીવાદિ તત્ત્વનો જ્ઞાતા જિતશત્રુ નામે રાજા હતો. નિરંતર મહાન સંવેગ રસથી ભાવિત અંતઃકરણવાળા આ રાજાએ ધર્મઘોષ આચાર્ય સમીપે એક પ્રમાદી સાધુને જોયા. તે શિષ્યને વારંવાર અપરાધ બદલ ઠપકો આપવા છતાં તેને વારંવાર પ્રમાદ કરતા જોઈને, તે સાધુના હિતને માટે તથા બીજા સાધુ પ્રમાદી ન બને તે માટે રાજાએ આચાર્યશ્રીની અનુજ્ઞા લઈ તે સાધુને પોતા પાસે બોલાવ્યા. તથા ઉત્કટ અને તીવ્ર વસ્તુઓ મેળવીને ક્ષાર તૈયાર કરાવ્યો.

આ ક્ષાર એટલો જલદ હતો કે જેમાં નાંખેલો માણસ ગોદોહ માત્ર સમયમાં માંસ, લોહી વિનાનો ફક્ત હાડકાં માત્ર રહે. પૂર્વ સંકેત મુજબ રાજા એ બે મડદાં તૈયાર રખાવ્યા. એકને ગૃહસ્થનો, બીજાને પાખંડીનો વેશ પહેરાવેલ. પૂર્વે શિખવેલા માણસને રાજાએ પૂછ્યું કે આ બંનેનો અપરાધ શો છે ? તેઓએ કહ્યું કે એક આજ્ઞાભંજક છે. બીજો પાખંડી પોતાના શાસ્ત્રોક્ત આચાર પાળતો નથી. રાજાએ તેમને ગોદોહ માત્ર કાળ ક્ષારમાં નાંખવાનું કહ્યું. તે બંનેના હાડકાં જ માત્ર રહ્યા ત્યારે ખોટો ક્રોધ કરી રાજાએ આચાર્યને કહ્યું - તમારામાં કોઈ પ્રમાદી હોય તો કહો, હું તેને શિક્ષા કરું. ગુરુએ કહ્યું કોઈ પ્રમાદી નથી, કોઈ થશે તો હું કહીશ.

રાજા ગયો ત્યારે પે'લા શિષ્યએ કહ્યું - હવે હું પ્રમાદી નહીં થાઉં, હું તમારા શરણે સંપૂર્ણ આવેલો છું. જો ફરી મને પ્રમાદ થાય, તો ગુણો વડે સુવિહિત એવા આપ મને તે પ્રમાદ રાક્ષસથી બચાવજો. આતંક અને ભયથી ઉદ્વિગ્ન તે નિરંતર પોતાના ધર્મ આચરણમાં જાગૃત થયા; સુબુદ્ધિવાળો થયા. રાજાઓ સમય આવ્યે સત્ય વાત કરી તે સાધુની ક્ષમા માંગી.

સારાંશ એ કે - દ્રવ્ય આતંકને જોનારો મનુષ્ય પોતાના આત્માને પાપારંભથી

નિવૃત્ત કરે, જેરીતે ધર્મઘોષસૂરિના શિષ્ય નિવૃત્ત થયા.

ભાવ આતંકદર્શી નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ જન્મમાં થનાર પ્રિયનો વિયોગ આદિ શારીરિક, માનસિક આતંકના ભયથી વાયુકાયના આરંભમાં ન પ્રવર્તે, પણ આ વાયુકાય સમારંભને અહિતકર માનીને તેનો ત્યાગ કરે. તેથી વિમળ વિવેકભાવથી આંતકદર્શી હોય તે વાયુકાયના સમારંભની જુગુપ્સા કરવામાં સમર્થ છે. હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગવાળા અનુષ્ઠાનમાં અન્ય મુનિ માફક આ મુનિ પણ સમર્થ થાય. હવે વાયુકાય સમારંભની નિવૃત્તિના કારણ કહે છે—

જે મુનિ આત્માના સુખ-દુઃખને જાણે છે તે બહારના વાયુકાય આદિ પ્રાણીને પણ જાણે છે. જેમ મારો આત્મા સુખનો અભિલાષી છે અને દુઃખથી ખેદ પામે છે તેમ વાયુકાયાદિને પણ છે. વળી અશાતા વેદનીયકર્મથી આવતા દુઃખ અને શાતાવેદનીય કર્મથી આવતા સુખ તે પોતાને અનુભવ સિદ્ધ છે. આ રીતે જે સુખ-દુઃખને જાણે છે તે જ ખરો અધ્યાત્મ વેદી છે. જે અધ્યાત્મ વેદી છે તે આત્માથી બાહ્ય એવા વાયુકાયાદિ પ્રાણિગણને વિવિધ ઉપક્રમથી ઉત્પન્ન, પોતાથી અને પારકાથી ઉત્પન્ન સુખ-દુઃખોને જાણે છે. સ્વપ્રત્યક્ષપણાથી પારકાનું પણ અનુમાન કરે છે.

જેમને પોતાના આત્મામાં જ આવી સુબુદ્ધિ નથી, તેમને બાહ્ય એવા વાયુકાય આદિની અપેક્ષા ક્યાંથી હોય ? કેમકે બાહ્ય અને અધ્યાત્મ પરસ્પર સમાન છે. પરના આત્માના જ્ઞાનથી હવે શું કરવુ તે કહે છે—

આ તુલનાને ઉપર કહેલા લક્ષણોથી શોધ. જેમ તારા આત્માને સર્વથા સુખના અભિલાષપણાથી રક્ષે છે તેમ બીજાને પણ તું બચાવ. જેમ બીજાને સુરક્ષિત રાખે છે તેમ તને પણ બચાવ. આ પ્રમાણે સ્વ-પરના સુખદુઃખ જાણવા.

વળી લાકડા કે કાંટાથી પગમાં લાગતાં જેમ તને વેદના થાય છે, તેમ તું બીજા જીવોમાં પણ જાણ. 'મરીશ' એટલું સાંભળતા તને જે દુઃખ થાય છે, તે અનુમાનથી બીજાને દુઃખ થાય તે જાણ. આ પ્રમાણે તુલના કરી સ્વ-પરને સમજનારા મનુષ્ય સ્થાવર અને ત્રસ જીવોના સમૂહના રક્ષણ માટે પ્રવર્તે. કઈરીતે પ્રવર્તે તે—

**● સૂત્ર-૫૮ :-**

**આ જૈનશાસનમાં આવેલ, શાંતિને પ્રાપ્ત થયેલ સંયમી મુનિ વાયુકાયની હિંસા કરી જીવવાની ઇચ્છા ન કરે.**

**● વિવેચન :-**

આ દયા-રસવાળા જિનપ્રવચનમાં શમભાવી સાધુ રાગ-દ્વેષથી મુક્ત છે.

'संति' એટલે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય લક્ષણવાળું સમ્યક્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રનો સમૂહ. તે નિરાબાધ મોક્ષરૂપ શાંતિની પ્રાપ્તિનું કારણ છે. એવી શાંતિને પ્રાપ્ત થયેલ કે શાંતિમાં રહેલને ''શાંતિગત'' જીવો કહ્યા.

'दविया' એટલે રાગદ્વેષથી મૂકાયેલા. દ્રવ્ય એટલે સંયમ, તે સત્તર પ્રકારે છે. તે કઠિન કર્મનો વિનાશક હોવાથી તેને 'દ્રવિક' કહ્યો છે.

नावकंखंति એટલે તેઓ વાયુકાયની હિંસા કરીને જીવવા ઇચ્છતા નથી. તે



પ્રમાણે પૃથ્વીકાય આદિની પણ અમે પૂર્વે કહ્યા મુજબ રક્ષા કરીશું.

સારાંશ એ કે - આ જિનશાસનમાં સંયમમાં રહેલા, રાગદ્વેષથી મુક્ત અને બીજા જીવોને દુઃખ દઈ સુખથી જીવવાની ઇચ્છાથી રહિત જ સાધુ હોય છે. પણ અન્યત્ર નથી કેમકે આવી ક્રિયાના બોધનો બીજે અભાવ છે. તેથી—

**● સૂત્ર-૫૯ :-**

***લજ્જાતા એવા તેને તું જો, ''અમે અણગાર છીએ'' એમ કહેનારા જે આ વિવિધ પ્રકારના શસ્ત્રો વડે વાયુકાયનો સમારંભ કરતા વાયુજીવોની હિંસા કરવા વડે તેના આશ્રિત અન્ય અનેક જીવોની હિંસા કરે છે.***

***આ વિષયમાં ભગવંતે 'પરિજ્ઞા' બતાવી છે. આ જીવિતમાં વંદન-સન્માન-પૂજા માટે, જન્મ-મરણથી છૂટવા માટે, દુઃખના વિનાશ માટે તેઓ વાયુકાયની હિંસા જાતે કરે છે, બીજા પાસે કરાવે છે, કરનારને અનુમોદે છે. તે તેમને અહિતકર, અબોધિકર થાય છે.***

***આ પ્રમાણે બોધ પામેલા સંયમ અંગીકાર કરીને ભગવંત કે શ્રમણ પાસે ધર્મ સાંભળીને જાણે છે કે, આ હિંસા એ ગ્રંથિ છે, મોહ છે, મરણ છે, નરક છે. છતાં તેમાં આસક્ત થઈને લોકો વિવિધ શસ્ત્રો વડે વાયુકાયનો સમારંભ કરતા વાયુકાયની હિંસા કરવા વડે અન્ય અનેક જીવોની પણ હિંસા કરે છે.***

**● વિવેચન :-**

પૂર્વેના સૂત્રો અનુસાર જાણવું.

**● સૂત્ર-૬૦ :-**

***તે હું કહું છું - જે ઉડતા જીવ છે તે વાયુકાય સાથે એકઠા થઈને પીડા પામે છે. જેઓ આવા સંઘાતને પામે છે તે જીવો પરિતાપ પામે છે અને મૃત્યુ પામે છે. વાયુકાયશસ્ત્ર સમારંભ કરનારે આ બધી હિંસાને જાણી નથી. જેમણે આ શસ્ત્ર સમારંભનો ત્યાગ કર્યો છે. તેઓ વાયુકાય હિંસાના પરિજ્ઞાતા છે.***

***આ પ્રમાણે પરિજ્ઞા કરીને મેધાવી મુનિ વાયુજીવોની હિંસા સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે અને હિંસા કરનારને અનુમોદે નહીં. જેમણે આ વાયુશસ્ત્રના સમારંભને પરિજ્ઞાત કરેલ છે તે જ મુનિ ''પરિજ્ઞાત કર્મા'' છે, તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

આ સૂત્રનું વિવેચન પૂર્વસૂત્ર મુજબ જાણવું. હવે છ જીવનિકાયનો વધ કરનારને અપાય-દુઃખ દેખાડીને જે વધ નથી કરતા તેમનામાં સંપૂર્ણ મુનિપણું છે. તે વાતને હવે પછીના સૂત્ર-૬૧, ૬૨મા કહે છે—

**● સૂત્ર-૬૧ :-**

***આ વાયુકાય તથા બીજા કાયોની હિંસા કરનારને જાણો. જે આચારમાં રહેતા નથી તેવા શાક્યાદિ આરંભને જ વિનય કહે છે. આવા સ્વચ્છંદાચારી, વિષયાસક્ત અને આરંભ રક્ત જીવો કર્મબંધનો સંગ કરે છે. (કર્મ બાંધે છે.)***

● વિવેચન :-

આ વાયુકાય તથા પૃથ્વીકાયાદિમાં જેઓ આરંભ કરે છે, તે કર્મો બાંધે છે.

પ્રશ્ન - એક જીવનિકાયના વધમાં બીજા નિકાયનો કર્મબંધ કેમ થાય ?

ઉત્તર - એક જીવનિકાયનો આરંભ બીજા જીવનિકાયના વધ વિના ન થઈ શકે. તે તું સમજ. આ કથન દ્વારા શ્રોતાને વિચારવા કહ્યું. તેમને બીજા જીવનિકાયને મારવાની ઇચ્છા ન હોવા છતાં એક ને હણતાં બીજા હણાઈ જાય છે અને પાપકર્મબંધ થાય છે.

પ્રશ્ન - પૃથ્વીકાયના આરંભથી બીજા કાર્યોના આરંભના કર્મ કોણ બાંધે છે ?

ઉત્તર - જેઓ આચારમાં રહેતા નથી. પરમાર્થ જાણ્યા વિના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યરૂપ પાંચ આચારમાં સ્થિરતા કરતા નથી, તે અધૃતિથી પૃથ્વીકાયાદિના આરંભી બને છે. તેઓને બીજી કાયની હિંસાના પાપ બાંધનારા પણ જાણ.

પ્રશ્ન - કયા લોકો આચારમાં રમતા નથી ? - શા માટે ?

ઉત્તર - શાક્ય, દિગંબર, પાસત્થા આચારમાં રહેતા નથી. આરંભ કરવા છતાં પોતાને સંયમી માને છે. વિનયને સંયમ કહે છે. તેઓ કહે છે - અમે વિનયમાં જ રહેલા છીએ. પણ તેઓ પૃથ્વી આદિના સ્વરૂપને જાણતા નથી. કદાચ માને તો પણ તેનો આરંભ કરવાથી જ્ઞાનાદિ આચારના વિકલ્પપણાથી આચારરહિત છે.

પ્રશ્ન - આચારરહિત દુષ્ટ શીલવાળા હોવા છતાં પોતાને સંયમી કેમ માને છે ?

ઉત્તર - પોતાના અભિપ્રાય મુજબ પૂર્વા-પર વિચાર્યા વિના અથવા વિષયાભિલાષથી આરંભ માર્ગમાં રહીને અવિનીત છતાં પોતાને વિનયી કહે છે. આરંભમાં લીન, વિષયપરિભોગમાં એકચિત્ત બનેલા તેઓ જીવોને દુઃખ દેવાના કર્મો કરે છે. આ પ્રમાણે વિષયાસક્ત ચિત્તવાળા તેઓ અતિશય સાવધાનુષ્ઠાન કરે છે. તેના દ્વારા આઠ પ્રકારના કર્મોનો સંગ કરે છે. અથવા આરંભી વિષયસંગ કરે છે. વિષયસંગથી સંસાર છે. જેવા ઉન્મત્ત ભાવે કરે તેવા કર્મો બાંધી દુઃખો ભોગવે છે. હવે આરંભ ત્યાગી કેવા હોય તે કહે છે—

● સૂત્ર-૬૨ :-

***તે સંયમરૂપી ધનથી યુક્ત છે, જે સર્વ-પ્રકારે બોધ અને જ્ઞાનયુક્ત આત્મા ન કરવા યોગ્ય પાપકર્મ ન કરે. આ પાપકર્મને જાણીને મેધાવી સાધુ છ જીવનિકાયની હિંસા સ્વયં કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારને અનુમોદે નહીં.***

***જેણે આ બધા છ જીવનિકાયશસ્ત્ર સમારંભ જાણ્યા છે, તે જ ''પરિજ્ઞાતકર્મા'' મુનિ છે. એમ હું કહું છું.***

● વિવેચન :-

પૃથ્વીકાયાદિ ઉદ્દેશામાં કહેલ નિવૃત્તિ ગુણવાળા અર્થાત્ છ જીવનિકાય વધના ત્યાગી જ વસુમાન્-ધની છે. વસુના દ્રવ્ય અને ભાવ બે ભેદ છે. દ્રવ્ય વસુ તે મરકત, ઇન્દ્રનીલ, વજ્રાદિ અને ભાવવસુ તે સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર, અહીં ભાવ વસુમાન્ લેવા. સર્વ પ્રકારના જ્ઞાન વિશેષથી સર્વ દ્રવ્ય અને પર્યાયને જાણનારા, સામાન્ય-





વિશેષ લક્ષણવાળા બધાં પદાર્થોના યથાર્થ જ્ઞાનવાળો આત્મા જ 'સર્વસમન્વાગત-પ્રજ્ઞાન' છે.

અથવા શુભ કે અશુભ ફળના પરિજ્ઞાનથી નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને મોક્ષસુખના સ્વરૂપના પરિજ્ઞાનથી અનિત્યાદિ ગુણવાળા સંસાર સુખથી વિરક્ત અને માત્ર મોક્ષપદ-અનુષ્ઠાતા આત્મા જ સર્વસમન્વાગતપ્રજ્ઞાન કહેવાય છે. તેથી આવો આત્મા આલોક-પરલોક વિરુદ્ધ આચરણ ન કરે.

અધઃપતનના કારણ રૂપ ૧૮ પાપકર્મો કહે છે—

આ પાપો પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ અરતિ, માયામૃષાવાદ અને મિથ્યાત્વ શલ્ય એમ અઢાર છે. આ પાપો સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારને અનુમોદે નહીં. આ અઢાર પાપને સંપૂર્ણ જાણીને તે સાધુ સ્વ-પર-ઉભયકાયરૂપ શસ્ત્રથી છ જીવનિકાયનો આરંભ સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારને અનુમોદે નહીં.

આ પ્રમાણે તે પરીક્ષક સાધુ પાપકર્મોને જ્ઞ પરિજ્ઞાથી જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે. તે સાધુ પ્રત્યાખ્યાન પાપકર્મા છે. અહીં 'इति' પદ અધ્યયનની સમાપ્તિ સૂચક છે, 'ब्रवीमि' પદથી સુધર્માસ્વામી જણાવે છે કે - આ બધું મારી બુદ્ધિથી નહીં પણ ઘનઘાતિ કર્મના ક્ષયથી પ્રગટ કેવલજ્ઞાની ભગવંતે કહેલું તમને કહું છું. તે વર્ધમાન સ્વામી ભગવંતને ઇન્દ્રો પણ નમે છે, તેઓ ચોત્રીશ અતિશયથી યુક્ત છે.

અહીં વૃત્તિકાર કહે છે કે - સૂત્રનો અનુગમ, નિક્ષેપ, સ્પર્શ નિર્યુક્તિ બધું કહ્યું.

**અધ્યયન-૧ શસ્ત્રપરિજ્ઞાનો ઉદ્દેશક-૭ ''વાયુકાય''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

હવે નૈગમાદિ સાત નયો કહે છે. અન્યત્ર વિસ્તારથી કહ્યા છે. સંક્ષેપથી નયના બે ભેદ છે - જ્ઞાનનય અને ચરણનય. જ્ઞાનનય કહે છે - જ્ઞાન જ હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગમાં સમર્થ છે, સકલ દુઃખોનો નાશક છે માટે જ્ઞાન જ મોક્ષનું મુખ્ય સાધન છે.

ચરણનય કહે છે - મોક્ષનું મુખ્ય સાધન ચારિત્ર જ છે. કેમકે બધાં પદાર્થોનો અન્વય વ્યતિરેકના સમધિગમ્યપણાથી તે પ્રધાન છે. સકલ વસ્તુને જાણવા છતાં ચારિત્ર વિના ભવધારણીય કર્મોના ઉચ્છેદ ન થાય. કર્મ છેદ વિના મોક્ષ ન થાય. તેથી જ્ઞાન પ્રધાન નથી. વળી મૂળ-ઉત્તરગુણ યુક્ત ચારિત્રથી જ ઘાતિકર્મનો છેદ થાય છે. તેથી કેવળજ્ઞાન થાય છે. પછી યથાખ્યાતચારિત્રથી સર્વકર્મ ક્ષય પામે છે. સર્વકર્મ ક્ષયથી અવ્યાબાધસુખ લક્ષણ મોક્ષ પ્રાપ્તિ થાય. તેથી ચારિત્ર જ મુખ્ય છે.

અહીં આચાર્ય કહે છે - આ બંને મિથ્યાદર્શન છે. કેમકે ક્રિયા વિના જ્ઞાન

કે જ્ઞાનરહિત ક્રિયા વ્યર્થ છે. જેમ આગમાં પાંગળો અને અંધ બંને બળી મર્યા. તેથી એકમેકથી નિરપેક્ષ નયો મિથ્યાત્વરૂપ છે. પણ પરસ્પર અપેક્ષા યુક્ત નયને જ સમ્યક્ત્વ માનેલ છે. - x - x - x - તેમ અહીં જ્ઞાન અને ચરણ બંને મળીને જ મોક્ષ પ્રાપ્તિમાં સમર્થ બને છે એકલું જ્ઞાન કે એકલું ચારિત્ર નહીં. આ જ નિર્દોષ પક્ષ છે.

હવે બંને નયની પ્રધાનતા દર્શાવે છે. *(જે અમે સંક્ષેપમાં નોંધીએ છીએ-)*

ચારિત્ર અને જ્ઞાનગુણમાં રહેલ સાધુ બધાં નયોનો મત સાંભળી સાપેક્ષ ભાવે જ્ઞાનનય અને ચરણનયનો આશ્રય લે છે. આત્મા ગુણી છે, જ્ઞાન ગુણ છે. તે બંનેનો કદી વિયોગ થતો નથી. તેથી તે સહભાવિક છે. આ પ્રમાણે ઘણાં પ્રકારે નયમાર્ગનું સ્વરૂપ સમજીને સંક્ષેપથી જ્ઞાન અને ચારિત્રમાં જ રહેવું આ વિદ્વાનોનો નિશ્ચય છે. અહીં આંધળા અને લંગડાના દૃષ્ટાંતથી જ્ઞાન અને ચારિત્રના સમન્વયે મોક્ષ જાણવો.

આ પ્રમાણે આચારાંગ સૂત્રના સારરૂપ છ જીવનિકાય સ્વરૂપ અને રક્ષણના ઉપાયને કહેનારા તથા આદિ, મધ્ય, અંતમાં એકાંત હિતકારી દયા-રસવાળું પહેલું અધ્યયન સાધુ જ્યારે સૂત્ર-અર્થથી ભણે, શ્રદ્ધા-સંવેગ સાથે આત્મસાત્ કરે ત્યારે તે સાધુને નિશીથ આદિ છેદ સૂત્રોમાં કહ્યા મુજબ પરીક્ષા કરીને યથાવિધિ મહાવ્રત આરોપવા.

આવી ઉપસ્થાપના શુભ તિથિ, કરણ, નક્ષત્ર, મુહૂર્ત, દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ જોઈને જિન પ્રતિમા સન્મુખ પ્રવર્ધમાન સ્તુતિથી વંદના કરી આચાર્ય શિષ્ય સાથે મહાવ્રત આરોપણા સંબંધી કાયોત્સર્ગ કરી. એક-એક મહાવ્રતનો ત્રણ ત્રણ વખત પાઠ બોલે. યાવત્ રાત્રિ ભોજન વિરમણ વ્રતનો પાઠ બોલી इच्चेइयाई० પાઠ બોલે. - x - x - x - શિષ્ય હિતશિક્ષા માંગે. આચાર્ય હિતશિક્ષા આપી, શિષ્યના મસ્તકે વાસ ક્ષેપ કરે. - x - x - x - શિષ્યને તેના ગણ, કુળ, શાખા, આચાર્ય, ઉપાધ્યાય આદિના નામ કહી આયંબિલ, નીવિ કે ગચ્છ પરંપરા મુજબના તપનું પ્રત્યાખ્યાન કરાવે.

આ પ્રમાણે આ અધ્યયન આદિ, મધ્ય, અંતમાં કલ્યાણ સમૂહને દેનારા, ભવ્ય જીવોના મનનું સમાધાન કરનારા, પ્રિય-વિયોગાદિ દુઃખોના આવર્ત તથા અનેક કષાય સ્વરૂપ જલચર આદિથી વ્યાપ્ત હોવાથી વિષમ આ સંસાર સમુદ્રને તારવામાં સમર્થ અને નિર્મલ દયારસવાળુ આ અધ્યયન વારંવાર મુમુક્ષુએ ભણવું.

**આચારાંગ સૂત્ર-શ્રુતસ્કંધ-૧ના અધ્યયન-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**



卐 શ્રુતસ્કંધ-૧ 卐

## અધ્યયન-૨ લોકવિજય

આત્માના ઉત્તમ ગુણ (પર્યાય) વડે નિરંતર વધેલ, આચારનો વિસ્તાર કરનાર, સંસારી પ્રપંચથી મુક્ત, ત્રાણરૂપ વર્ધમાન સ્વામીને નમસ્કાર.

અતિ ગહન એવું શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનું વિવરણ શ્રેષ્ઠ આચાર્ય ગંધહસ્તીએ પૂર્વે કહેલ તેમાં હું કંઈક અવશિષ્ટ ખુલાસો કરું છું.

પ્રથમ અધ્યયન કહેવાયું, હવે બીજું કહીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે - આ સંસારમાં મિથ્યાત્વના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમથી પ્રાપ્ત સમ્યગ્દર્શન, જ્ઞાન કાર્યના આત્યંતિક એકાંત બાધારહિત પરમાનંદ રૂપ સ્વત્વનું સુખ જે કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયેલાને મોક્ષનું જ કારણ બને છે. તે આશ્રવના નિરોધ અને નિર્જરારૂપ તથા મૂળગુણ-ઉત્તરગુણરૂપ એવું ચારિત્ર છે. નિર્વિઘ્ને બધા પ્રાણીને સંઘટ્ટનાદિ દુઃખ ન દેવારૂપ જે સર્વોત્તમ ચારિત્ર છે, તે ચારિત્રની સિદ્ધિ માટે આ અધ્યયન છે.

- x - x - અહીં બૃહસ્પતિના નાસ્તિક મતનું ખંડન છે. અહીં સામાન્યથી જીવનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. વિશેષથી જીવનો મોક્ષ બતાવવાથી બૌદ્ધ મતનું ખંડન કર્યું. પછી એકેન્દ્રિય પૃથ્વી આદિ ભેદવાળા જીવોને બતાવી અનુક્રમે પૃથ્વીકાયાદિની ઉત્પત્તિ બતાવી છે - જેમ હરસ, મસા એ માંસના અંકુરા છે તેમ પત્થર, શીલાદિ પૃથ્વીકાયની ઉત્પત્તિ છે.

પડતર જમીન ખોદતા જેમ દેડકા નીકળે તેમ પાણીની ઉત્પત્તિ છે વિશિષ્ટ આહારથી શરીરની હાનિ-વૃદ્ધિ સાથે અગ્નિની તુલના છે, બીજાથી પ્રેરિત ગાય, ઘોડાની ગતિ માફક વાયુકાય કહ્યો. એ જ રીતે વનસ્પતિકાય ઓળખાવેલ છે. - x - x - એ જ રીતે સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય તથા પંચેન્દ્રિય સંજ્ઞી-અસંજ્ઞી પર્યાપ્તા-અપર્યાપ્તાદિ જીવોના ભેદો બતાવી, તેમના સ્વકાય-પરકાય શસ્ત્રો બતાવી, તેના વધમાં કર્મબંધ અને કર્મથી છુટવા વિરતિ બતાવી. તે જ ચારિત્ર છે. - x - x - ઇત્યાદિ. પહેલા અધ્યયનમાં બતાવ્યું.

(આ બીજા અધ્યયનમાં બતાવે છે કે—) શસ્ત્રપરિજ્ઞા અધ્યયનને સૂત્રાર્થથી ભણેલા સાધુને ત્યાં બતાવેલા પૃથ્વીકાયાદિ જીવોના ભેદને માનતો તેની રક્ષાના પરિણામવાળો સર્વ ઉપાધિથી શુદ્ધ, તેના ઉત્તમગુણથી રંજિત થઈ, ગુરુએ પંચમહાવ્રત અર્પણ કરેલ સાધુ જેમ જેમ રાગાદિકષાયરૂપ લોક કે શબ્દાદિ વિષયલોકનો વિજય કરે તેને લોકવિજય કહેવાય તે વાત આ બીજા અધ્યયનમાં કહી છે—

વૃત્તિકાર કહે છે - નિર્યુક્તિકારે પૂર્વે શસ્ત્રપરિજ્ઞામાં અધ્યયન અર્થાધિકાર આ જ પ્રમાણે કહ્યો છે. જેમ હું નિર્દેશ કરું છું. પ્રથમ સૂત્ર દ્વારા અત્રે નિર્દેશે છે કે - જે રીતે લોક બંધાય છે તેમ સાધુએ ન બંધાતાં બંધના કારણને છોડવા જોઈએ. આ રીતે અધ્યયન સંબંધ જોડ્યો. આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં

સૂત્રાર્થનું કથન તે અનુયોગ છે. તેનાં દ્વારોને ઉપાયો, વ્યાખ્યાંગ કહેવા. આ ચાર દ્વારો ઉપક્રમ, નિક્ષેપ અનુગમ, નય છે.

તેમાં ઉપક્રમ બે છે - શાસ્ત્રીય અને લૌકિક. નિક્ષેપા ત્રણ છે - ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન. અનુગમ બે છે - સૂત્રાનુગમ, નિર્યુક્તિઅનુગમ. નયો-નૈગમ આદિ સાત છે. શાસ્ત્રીય ઉપક્રમમાં અર્થાધિકાર બે છે - અધ્યયનનો અને ઉદ્દેશાનો. તેમાં અધ્યયન અર્થાધિકાર શસ્ત્રપરિજ્ઞામાં કહ્યો છે. ઉદ્દેશ અર્થાધિકાર અહીં બતાવે છે.

[નિ.૧૬૩] પહેલા ઉદ્દેશાના અર્થાધિકારમાં માતા-પિતાદિમાં રાગ ન કરવો તેમ બતાવ્યું જે માટે આગળ સૂત્ર છે - माया मे० આદિ. બીજા ઉદ્દેશામાં સંયમમાં અદૃઢતા ન કરવાનું અને વિષય-કષાયાદિમાં અદૃઢપણું કરવાનું કહ્યું જે 'अरई आउट्टे०' સૂત્રમાં પણ છે. ત્રીજા ઉદ્દેશામાં 'માન એ અર્થસાર નથી' તેમ બતાવે છે કેમકે જાતિ વગેરેથી ઉત્તમ સાધુએ - x - x - મદના સ્થાને માન ન કરવું. કહ્યું છે કે के गोआवादी વગેરે.

ચોથા ઉદ્દેશામાં કહ્યું, ભોગમાં પ્રેમ ન રાખવો. સૂત્રમાં ભોગના વિપાક કહ્યા છે. જેમકે 'थीहिं लोए पव्वहिए.' પાંચમાં ઉદ્દેશામાં 'લોકનિશ્રા' અધિકાર છે. સાધુએ સંયમાર્થે દેહના પ્રતિપાલન માટે લોકોએ પોતાના માટે આરંભ કરેલ વસ્તુ લેવી જોઈએ. સૂત્રમાં તે માટે કહ્યું છે - समुट्ठिए अणगारे० ઉદ્દેશા-૬માં 'લોકમમત્ત્વ ત્યાગ' કહ્યો. પૂર્વ કે પછીના પરિચીત લોકોમાં મમત્ત્વ ન કરવું. કમળની જેમ નિર્લેપ રહેવું. સૂત્રમાં પણ જે ममाईयमइं० આદિ કહ્યું છે. આ અધ્યયનનું નામ લોકવિજય છે.

નામ નિક્ષેપાથી લોક અને વિજય એમ બે પદનો નિક્ષેપ કરવો. તેમાં સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપામાં નિક્ષેપ યોગ્ય સૂત્ર પદોના નિક્ષેપા કરવા. સૂત્રમાં મૂળ 'લોક' શબ્દનો અર્થ કષાય કર્યો છે. તેથી કષાયના નિક્ષેપા કહેવા. તે પ્રમાણે નામ નિષ્પન્ન ભવિષ્યના સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપા આદિ સંબંધે - x - x - નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૧૬૪] લોક, વિજય, ગુણ, મૂળ, સ્થાન એ પાંચનો નિક્ષેપો કરવો જોઈએ અને જે મૂળ છે તે સંસાર છે, તેથી તેનો નિક્ષેપો કરવો જોઈએ. આ સંસારનું મૂળ કષાય છે. કેમકે નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગતિરૂપ સંસાર જ સ્કંધ છે; ગર્ભ, નિષેક, કલલ, અર્બુદ, માંસપેશી, જન્મ, જરા, મરણ આદિ તેની શાખા છે, દારિદ્ર્યાદિ અનેક દુઃખ નિષ્પન્ન પાંદડા છે, વળી પ્રિયવિયોગ, અપ્રિયસંયોગ, અર્થનાશ, રોગ વગેરે સેંકડો ફુલોનો સમૂહ છે. શારીરિક માનસિક દુઃખસમૂહ તેના ફળ છે. આવા સંસારવૃક્ષના મૂળ કષાયો છે.

આ પ્રમાણે નામ અને સૂત્રાલાપક નિક્ષેપામાં સંભવિત પદોને નિર્યુક્તિમાં કહેશે.

[નિ.૧૬૫] લોક, વિજય, અધ્યયન, લક્ષણ, ગુણ, મૂળ, સ્થાન તથા સૂત્રાલાપક નિષ્પન્ન આદિ ટૂંકમાં કહ્યું. તેમાંથી લોક અને વિજયનો નિક્ષેપ હવે કહે છે—

[નિ.૧૬૬] લોકનો નિક્ષેપ આઠ પ્રકારે અને વિજયનો છ પ્રકારે છે. ભાવમાં કષાયલોકનો અધિકાર છે અને તેનો વિજય કરવાનો છે.



જે દેખાય તે લોક. આ લોક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયથી વ્યાપ્ત, બાકીના દ્રવ્યોના આધારભૂત, વૈશાખ સ્થાન - કમરની બંને બાજુએ બન્ને હાથ રાખી, પગ પહોળા કરી ઉભા રહેલા પુરુષની માફક રોકાયેલ આકાશ ખંડ લેવો. અથવા પાંચ અસ્તિકાયાત્મક લોક જાણવો. આ લોકનો આઠ પ્રકારે નિક્ષેપ છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ અને પર્યવ.

'વિજય' શબ્દના અભિભવ, પરાભવ, પરાજય એ પર્યાયો છે. તેનો નિક્ષેપ છ ભેદે કહીશું. અહીં લોકના આઠ ભેદમાંથી ભાવલોકનો અધિકાર હોવાથી ભાવિનક્ષેપો લીધો. આ ભાવ ઔદયિકાદિ છ ભેદે છે. તેમાં પણ ઔદયિક ભાવ કષાયનો અધિકાર છે કેમકે તે સંસારનું મૂળ છે. ઔદયિક ભાવ કષાયલોકનો વિજય કરવા આ બધું કહ્યું.

'લોક' શબ્દનો નિક્ષેપો કહીને હવે વિજયના છ ભેદે નિક્ષેપ કહે છે—

[નિ.૧૬૭] તેમાં 'લોક' શબ્દ આવશ્યકમાં ચતુર્વિંશતિ સ્તવમાં વિસ્તારથી કહ્યો છે. - x - x - તેનો અહીં શું સંબંધ છે ? - તે કહે છે—

અપૂર્વકરણથી ક્ષપક શ્રેણિ એ ચઢનાર પુરુષ લાકડાં જેમ અગ્નિને બાળે તેમ કર્મરૂપી લાકડાને ધ્યાનરૂપી અગ્નિ વડે બાળે છે. તેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થતા તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે. તેનાથી ચોત્રીશ અતિશય યુક્ત એવા શ્રી વર્ધમાનસ્વામીએ હેય-ઉપાદેય પદાર્થને જણાવવા દેવ અને મનુષ્યની પર્ષદામાં 'આચાર' સૂત્રનો અર્થ કહ્યો. તેને મહામતિ અને અચિંત્ય શક્તિવાળા ગૌતમાદિ ગણધરોએ સર્વે જીવોના ઉપકારને માટે તેને આચારાંગ સૂત્રરૂપે ગુંથ્યું—

— જ્યારે આવશ્યક સૂત્ર અંતર્ગત્ ચતુર્વિંશતિસ્તવની નિર્યુક્તિ ત્યારપછી થયેલા કાળમાં થયેલ ભદ્રબાહુ સ્વામીએ કહી છે તેથી, તે અયુક્ત છે. કેમકે પૂર્વકાળમાં બનેલ આચારાંગનું વ્યાખ્યાન કરતા પછીથી થયેલ ચતુર્વિંશતિ સ્તવનો હવાલો દેવો યોગ્ય છે ? - આ પ્રમાણે કોઈ કોમળ બુદ્ધિવાળા શિષ્યને શંકા થઈ.

આચાર્ય કહે છે - આમાં કોઈ દોષ નથી. કેમકે આ નિર્યુક્તિનો વિષય છે. ભદ્રબાહુસ્વામીએ પહેલા આવશ્યક નિર્યુક્તિ રચી, પછી આચારાંગ નિર્યુક્તિ રચી માટે દોષ નથી. કહ્યું છે કે - આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન અને આચારાંગાદિ...નિર્યુક્તિ રચી.

'વિજય' શબ્દના નામ અને સ્થાપના નિક્ષેપ સુગમ છે. તેથી દ્રવ્યાદિ નિક્ષેપ કહે છે - દ્રવ્ય વિજયમાં 'જ્ઞ' અને 'ભવ્ય' છોડીને વ્યતિરિક્તમાં - દ્રવ્ય વડે, દ્રવ્યથી કે દ્રવ્યમાં વિજય - જેમકે - કડવો તીખો કસાયેલો આદિ ઔષધથી સળેખમ આદિ રોગનો વિજય અથવા રાજા કે મલ્લનો જે વિજય થવો તે ક્ષેત્રવિજય - છ ખંડ ભરતને જીતવું કે જે ક્ષેત્રમાં વિજય થાય તે. કાળ વડે વિજય તે કાળ વિજય. જેમકે ભરતે ૬૦,૦૦૦ વર્ષે ભરતખંડ જીત્યો. અહીં કાળની પ્રધાનતા છે. અથવા ભૃતક કર્મમાં એણે માસ જીત્યો. અથવા જે કાળમાં વિજય થાય તે. ઔદયિકાદિ એક ભાવનું ભાવાંતરથી ઔપશમિકાદિ ભાવે થતો વિજય.

આ પ્રમાણે વિજયનું સ્વરૂપ બતાવી વચ્ચે ઉપયોગી વાત કહે છે—

અહીં ''ભવલોક''થી ''ભાવલોક'' જ કહ્યો છે. છંદ ભંગ ન થાય તે માટે ભાવનું હ્રસ્વ ભવ લીધું. તથા પૂર્વે કહ્યું છે - ભાવમાં કષાય લોકનો અધિકાર છે. તે ઔદયિક ભાવ કષાય લોકનો ઔપશમિક આદિ ભાવલોકથી વિજય કરવો.

આઠ પ્રકારનો લોક અને છ પ્રકારનો વિજય એ બંનેનું સ્વરૂપ પૂર્વે કહ્યું. તેમાં ભાવલોક અને ભાવવિજયનું જ અહીં પ્રયોજન છે. આઠ પ્રકારના કર્મ વડે લોક-પ્રાણિગણ બંધાય છે અને ધર્મથી મુક્ત થાય છે. તે આ અધ્યયનમાં બતાવેલ છે. તે ભાવલોકવિજયથી થતા ફળને કહે છે—

**[નિ.૧૬૮]** જેણે કષાયલોકનો વિજય કર્યો તે સંસારથી જલ્દી મૂકાય છે. તેથી કષાયથી દૂર રહેવું તે જ કલ્યાણકારી છે. અહીં ''કષાયલોકથી દૂર રહે તે જ સંસારથી મૂકાય છે.'' તે કેમ કહ્યું ? બીજા કોઈ પાપના હેતુઓ છે, જે દૂર કરતા મોક્ષ મળે ? (ઉત્તર) 'કામ' - વિષયાસક્તિના નિવારણથી પણ મોક્ષ મળે.

## 卐 અધ્યયન-૨ ઉદ્દેશક-૧ ''સ્વજન'' 卐

નામ નિષ્પન્ન નિક્ષેપો પૂરો થયો. હવે સૂત્ર આલાપક નિક્ષેપાને કહે છે. તે માટે સૂત્ર જોઈએ. સૂત્રાનુગમમાં તે સૂત્ર નિર્દોષ ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે - जे गुणे से मुलट्ठाणे० આદિ. આ સૂત્રના નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ વડે દરેક પદે નિક્ષેપ કરાય છે. તેમાં ગુણનો પંદર ભેદે નિક્ષેપ છે. તે આ પ્રમાણે—

**[નિ.૧૬૯]** નામગુણ, સ્થાપના ગુણ, દ્રવ્યગુણ, ક્ષેત્રગુણ, કાલગુણ, ફલગુણ, પર્યવગુણ, ગણનાગુણ, કરણગુણ, અભ્યાસગુણ, ગુણઅગુણ, અગુણગુણ, ભવગુણ, શીલગુણ, ભાવગુણ એ પંદર ભેદ છે. હવે સૂત્રાનુગમ વડે સૂત્ર ઉચ્ચારતા નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ વડે તેના અવયવનો નિક્ષેપો કરતા ઉપોદ્ઘાત નિર્યુક્તિનો અવસર છે. તે ઉદ્દેશા આદિના દ્વારની બે ગાથા વડે જાણવા. હવે સૂત્રસ્પર્શ નિર્યુક્તિનો અવસર છે. નામ સ્થાપના છોડીને દ્રવ્યાદિ કહે છે—

**[નિ.૧૭૦]** દ્રવ્યગુણ તે દ્રવ્ય જ છે. કેમકે ગુણોનો ગુણ પદાર્થમાં તાદાત્મ્ય સંભવે છે. **[શંકા-]** દ્રવ્ય અને ગુણમાં લક્ષણ અને વિધાન ભેદે ભેદ છે. **[ઉત્તર]** તે કહે છે - દ્રવ્ય લક્ષણ ગુણપર્યાયવાળું દ્રવ્ય છે. વિધાન પણ ધર્મ, અધર્મ, આકાશ, જીવ, પુદ્ગલ આદિ છે. દ્રવ્યને આશ્રીને સાથે રહેનારા ગુણો છે. વિધાન પણ જ્ઞાન, ઇચ્છા, દ્વેષ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ છે. તે પોતાનામાં રહેલા ભેદે જુદા છે. તેથી આમાં કોઈ દોષ નથી. કેમકે દ્રવ્ય સચિત્ત, અચિત, મિશ્ર ભેદે જુદા છે. તેમાં ગુણ તાદાત્મ્યથી રહેલ છે. તેમાં અચિત્તદ્રવ્ય અરૂપી, રૂપી બે ભેદે છે. અરૂપી દ્રવ્યમાં ધર્મ, અધર્મ, આકાશ ત્રણ ભેદ છે. તેના લક્ષણ ગતિ, સ્થિતિ અને અવગાહ આપવાનું છે. તેનો ગુણ પણ અમૂર્ત છે. તે અગુરુલઘુ પર્યાય લક્ષણ છે. તેમાં ત્રણેનું અમૂર્તત્વ છે. તે અમૂર્તપણામાં ભેદ નથી. અગુરુલઘુ પર્યાય પણ તેના પર્યાયપણાથી જ છે.



જેમકે માટીનો પીંડ. તેમાંથી જુદા જુદા આકારના વાસણો થાય છે. પણ મૂળરૂપી દ્રવ્ય માટી જ છે.

તે જ પ્રમાણે રૂપી દ્રવ્ય પણ સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ ભેદે છે. તેના રૂપ આદિ ગુણો છે. તે અભેદપણે રહેલ છે - ભેદ વડે પ્રાપ્તિ થતી નથી. કેમકે તેમાં સંયોગ વિભાગનો સ્વ આત્મા માફક અભાવ છે. આ જ પ્રમાણે સચિત્ત જીવ દ્રવ્ય ઉપયોગ લક્ષણવાળું છે. તેનાથી જ્ઞાનાદિ ગુણો જુદા નથી. કેમકે જ્ઞાનાદિ ગુણ જુદા માને તો જીવને અચેતનપણાનો પ્રસંગ આવે.

**શંકા** - જો તે સંબંધ માનીએ તો જીવને અજીવપણું થશે ને ?

**ઉત્તર** - આ વચન ગુરૂની ઉપાસનારહિતનું છે. કેમકે પોતામાં શક્તિ ન હોય તો બીજાની કરેલી કેમ થાય ? જેમ સેંકડો દીવાથી પણ અંધ રૂપ જોઈ ન શકે. સચિત્ત, અચિત્ત માફક મિશ્ર દ્રવ્ય વિશે સ્વબુદ્ધિથી જાણવું.

**પ્રશ્ન** - શું દ્રવ્ય અને ગુણમાં જરા પણ ભેદ નથી જ ?

**ઉત્તર** - દ્રવ્ય, ગુણ એકાંત અભેદ નથી. સર્વથા અભેદ માનતા એક ઇન્દ્રિય વડે બીજા ગુણોની પ્રાપ્તિ થઈ જાય, બીજી ઇન્દ્રિયો નકામી થાય. જેમ કેરીનું રૂપ ચક્ષુ વડે જોવાય છે. જો દ્રવ્ય-ગુણ એક જ માનો તો આંખથી જ ખાટો-મીઠો રસ પરખાવો જોઈએ. પણ સર્વથા અભેદપણું ન હોવાથી રસ જીભથી જ પરખાશે. ઘટ અને પટના ભેદ માફક કંઈક અંશે ગુણ આત્માથી જુદા છે.

**પ્રશ્ન** - ભેદ-અભેદ બંને સાંભળી પૂછે છે કે બંને કઈ રીતે માનવું ?

**ઉત્તર** - દરેકમાં કિંચિત્ ભેદ, કિંચિત્ અભેદપણું છે. તેમાં અભેદ પક્ષે દ્રવ્ય જ ગુણ છે. ભેદ પક્ષે ભાવગુણ જુદો છે. આ રીતે ગુણ-ગુણી, પર્યાયપર્યાયી, સામાન્ય-વિશેષ, અવયવ-અવયવીના ભેદ-અભેદની વ્યવસ્થાથી જ આત્મભાવનો સદ્ભાવ થાય છે. કહ્યું છે કે, ''દ્રવ્ય પર્યાયથી જુદું છે અને દ્રવ્યથી પર્યાય જુદા છે ''તેમ નથી પણ'' ઉત્પાદ, સ્થિતિ, નાશ એવા પર્યાયો વાળું દ્રવ્ય લક્ષણ જાણવું.'

હે ભગવંત ! આપના નયો સ્યાત્ પદે શોભે છે. જેમ રસથી સોનુ બનેલ લોહધાતુ ઇચ્છિત ફળ આપે છે. તેથી હિત વાંછક ઉત્તમપુરુષો આપને નમેલાં રહે છે. આચાર્યોએ સ્યાદ્વાદનું સ્વરૂપ ઘણું વિસ્તારથી કહ્યું છે. માટે અહીં વધુ કહેતા નથી. - x - x - જીવ દ્રવ્ય ગુણ ભેદે છે તે કહે છે—

**[નિ.૧૭૧]** જીવ સયોગિ વીર્યવાળો છે, છતાં દ્રવ્યપણે પ્રદેશ સંહાર વિસર્ગ વડે આધારના વશથી દીવાની માફક સંકોચ-વિકાસ પામે છે. આ જીવનો આત્મભૂત ગુણ છે. - x - x - તે જ ભવમાં સાત સમુદ્ઘાતના વશથી આત્મા સંકોચ-વિકાસ પામે છે. સમ્યક્ રીતે ચોતરફ જોરથી હણવું અને આત્મપ્રદેશોનું આમતેમ ફેંકવું તે સમુદ્ઘાત છે. તેના સાત ભેદો છે - કષાય, વેદના, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલિ.

(૧) કષાય સમુદ્ઘાત - અનંતાનુબંધી ક્રોધાદિથી હણાયેલ ચિત્તવાળા દ્વારા પોતાના આત્મ પ્રદેશોને આમતેમ ફેંકવા તે. (૨) વેદના સમુદ્ઘાત - તીવ્રતર વેદનાથી

હણાયેલ દ્વારા તેમ કરવું. (૩) મારણાંતિક સમુદ્‌ઘાત - મૃત્યુ સમયે જીવ પછી ઉત્પન્ન થવાના પ્રદેશમાં લોકાંત સુધી આત્મપ્રદેશોને વારંવાર ફેંકે અને સંકોચે તે.

(૪) વૈક્રિય સમુદ્‌ઘાત - વૈક્રિય લબ્ધિવાળા વૈક્રિય શરીર બનાવવા આત્મપ્રદેશોને બહાર કાઢે. (૫) તૈજસ સમુદ્‌ઘાત- તેજસ શરીર બનાવવા તથા તેજોલેશ્યા લબ્ધિવાળા તેજોલેશ્યા ફેંકવા માટે તેમ કરે. (૬) આહારક સમુદ્‌ઘાત - આહારક લબ્ધિવાળા ચૌદપૂર્વી આહારક શરીર બનાવી કોઈ સંદેહ દૂર કરવા બાહ્ય આત્મપ્રદેશોનો પ્રક્ષેપ કરે. (૭) કેવલિ સમુદ્‌ઘાત - સમસ્ત લોક વ્યાપી છે તેમાં બધાં જ સમુદ્‌ઘાત અંતર્વ્યાપી છે. નિર્યુક્તિકાર પણ કહે છે કે, તે ચૌદરાજ લોક પ્રમાણ આકાશ ખંડ વ્યાપી છે - x - કેવળજ્ઞાન થયા બાદ આયુષ્યની અલ્પતા જાણીને વેદનીયના પ્રાચુર્યને લીધે દંડાદિ ક્રમથી લોકપ્રમાણ આત્મપ્રદેશ વડે લોકને આપૂર્ણ કરે છે. તે દંડ, કપાટ, મંથનથી આંતરા પુરે તેમ કહ્યું છે

- હવે ક્ષેત્ર ગુણ વગેરે કહે છે —

[નિ.૧૭૨] ક્ષેત્ર ગુણ તે દેવકુરુ વગેરે યુગલીક ક્ષેત્ર. કાળગુણ - સુષમસુષમાદિ કાળ. ફળગુણ તે સિદ્ધિ ગતિ, પર્યવગુણ તેમાં નિશ્ચિત ભેદ છે. ગણના ગુણમાં બે, ત્રણ આદિ ગણના, કરણગુણમાં કળા કૌશલ્ય, અભ્યાસગુણમાં ભોજનાદિ, ગુણઅગુણમાં સરળતા, અગુણગુણમાં વક્રતા, ભવગુણ તે જીવના નારકાદિ ભવો, શીલગુણ તે જીવના ક્ષાંતિ આદિ ગુણ, ભાવગુણ જીવ-અજીવનો જાણવો.

હવે આ ગુણ વિશેષથી કહે છે—

(૧) ક્ષેત્રગુણ-દેવકુરુ, ઉત્તરકુરુ, હરિવર્ષ, રમ્યક્, હૈમવત, હૈરણ્યવત, છપ્પન્ન અંતર્દ્વીપ, એ અકર્મભૂમિનામક ગુણ છે ત્યાં જન્મેલા મનુષ્યો દેવકુમાર જેવા, નિત્ય યૌવનવંતા, નિરુપક્રમ આયુષ્યવાળા, મનોજ્ઞ શબ્દાદિ વિષય ભોગવનારા, સ્વભાવથી જ સરળ, કોમળ, પ્રકૃતિથી ભદ્રક ગુણવાળા, દેવલોકમાં જનારા હોય છે.

(૨) કાલગુણ - ભરત, ઐરવત આ બે ક્ષેત્રોમાં પ્રથમના ત્રણ આરામાં એકાંત સુખવાળા વખતમાં યુગલિકોની સ્થિતિ સદા અવસ્થિત યૌવનવાળી હોય છે.

(૩) ફળગુણ - ફલ એ જ ગુણ. આ ફળ ક્રિયાને આશ્રીને છે. આવી ક્રિયા સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર વિના આ લોક પરલોકના માટે કરાય ત્યારે તે એકાંત અનંત સુખને આપનારી હોવાથી ફળગુણ મળવા છતાં અગુણ જેવી છે. પરંતુ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર યુક્ત ક્રિયા એકાંત, અનંત, અવ્યાબાધ સુખ એવા મોક્ષફળ દેનારી છે. તેથી જ કહ્યું છે કે, “સમ્યગ્દર્શનાદિ ક્રિયા જ મોક્ષફળરૂપ ફળગુણ આપે છે. તે સિવાયની ક્રિયા સાંસારીક સુખફળના આભાસ રૂપ જ છે, માટે તે નિષ્ફળ છે.

(૪) પર્યાયગુણ - પર્યાય એ જ ગુણ. ગુણ અને પર્યાય એ બંનેને નયવાદના અંતરપણાથી અભેદ સ્વીકાર્યો છે. તે નિર્ભર્જનારૂપ છે. નિર્ભર્જના એટલે નિશ્ચિત ભાગ. જેમકે - સ્કંધ દ્રવ્ય છે, તેને દેશપ્રદેશ વડે ભેદ પાડતાં પરમાણું સુધી ભેદો છે. પરમાણું પણ એક ગુણ કાળો, બે ગુણ કાળા આદિ મેળવતાં અનંત ભેદવાળો



થાય છે.

(૫) ગણના ગુણ - બે વગેરે, ઘણી મોટી રાશિ હોય, તે ગણના ગુણ વડે નિશ્ચય કરાય છે કે આટલું તેનું પ્રમાણ છે.

(૬) કરણગુણ - એટલે કળા કૌશલ્ય. તે પાણી વગેરેમાં નહાવા, તરવા વગેરેની ક્રિયા કરાય છે. તે રૂપ કળા.

(૭) અભ્યાસગુણ - ભોજનાદિ સંબંધી છે. કેમકે તાજો જન્મેલ બાળક પણ ભવાંતરના અભ્યાસથી સ્તનાદિને મુખમાં લે છે; અને રોતો બંધ થાય છે. અભ્યાસથી અંધારું હોવા છતાં કોળીયો મુખમાં મૂકાય છે. આકુળચિત્તવાળો દુઃખને સ્થાને જ પંપાળે છે.

(૮) ગુણઅગુણ - ગુણ જ કોઈને અગુણરૂપે પરિણમે છે જેમકે કોઈનો સરળગુણ કપટીને અવગુણ કરનારો થાય છે. જેમકે શાઠ્યં લજ્જામતિ ગણાય છે. વ્રતરુચિ-દંભરૂપ પવિત્રતા-મજાક રૂપ, સરળતા-ઘેલાપણું, પ્રિયભાષણ-દિનતારૂપ, તેજસ્વીતા-અહંકારરૂપ આદિ... ગણાય છે. કહે છે કે, વિદ્વાનોનો એવો કયો ગુણ છે, જેને દુર્જનો કલંકિત ન બનાવે ? હિતકારી વચન પણ નિર્ભાગ્યને અગુણરૂપ થાય છે.

(૯) અગુણગુણ - કોઈને અગુણ વચન પણ ગુણકારી થાય. જેમકે જેને કિણસ્કંધન થયો હોય તેવો ગળીયો બળદ સુખેથી જીવે છે.

(૧૦) ભવગુણ - નારકાદિ ભવવાળો જીવ તે તે સ્થાનમાં ઉત્પન્ન થાય, ત્યાં તેને તેવાં તેવા ગુણ મળે. તે જીવનો વિષય છે. જેમકે નારકી જીવને તીવ્રતર વેદના, દુઃસહ્ય પીડા તીવ્ર શરીર કષ્ટ થાય છે તથા અવધિ કે વિભંગ જ્ઞાન હોય છે, તે તેનો ભાવગુણ છે. તિર્યંચમાં ઉત્પન્ન થયેલાને ભવગુણ મુજબ સત્ અસત્ વિવેક નથી, છતાં આકાશગમન ગુણ હોય પણ છે. ગાય આદિને ઘાસ વગેરે શુભભાવે મળે છે. મનુષ્યના ભવગુણ મુજબ સર્વ કર્મક્ષયરૂપ મોક્ષ મળી શકે છે દેવોને સર્વ શુભાનુભવ હોય છે.

(૧૧) શીલગુણ - બીજાએ આક્રોશ કરવા છતાં સ્વભાવથી શાંત રહી જે ક્રોધ ન કરે, સારા કે માઠાં શબ્દાદિ વિષય પ્રાપ્ત થાય ત્યારે તત્ત્વજ્ઞ હોવાથી માધ્યસ્થ ભાવ રાખે તેને શીલગુણ કહેવાય.

(૧૨) ભાવગુણ - ઔદયિક આદિ ભાવનો ગુણ તે ભાવગુણ. તે જીવ, અજીવનો વિષય છે. જીવને આશ્રીને ઔદયિકાદિ છ ભાવ છે. તેમાં (૧) ઔદયિકના બે ભેદ-તીર્થંકર અને આહારક સંબંધી પ્રશસ્ત અને શબ્દાદિ વિષયોપભોગ, હાસ્ય-રતિ આદિ અપ્રશસ્ત છે. (૨) ઔપશમિક - ઉપશમ શ્રેણિ અંતર્ગત્ આયુષ્યક્ષયે અનુત્તર વિમાન પ્રાપ્તિ અને સત્કર્મ અનુદય લક્ષણરૂપ છે. (૩) ક્ષાયિક ભાવગુણ ચાર પ્રકારે-ક્ષીણ સાત મોહનીય કર્મ પછી ફરી મિથ્યાત્વ ન આવવું, ક્ષીણ મોહનીય કર્મવાળાનાં અવશ્ય શેષ ઘાતીકર્મક્ષય, ક્ષીણ ઘાતીકર્મકના જ્ઞાન-દર્શન પ્રગટ થવા, સર્વે ઘાતી-અઘાતિ કર્મો દૂર થતાં પુનર્જન્મનો અભાવ અને મોક્ષ પ્રાપ્તિ.

(૪) ક્ષાયોપશમિકભાવ ગુણમાં ક્ષાયોપશમિક દર્શનાદિની પ્રાપ્તિ. (૫) પારિણામિક ભાવગુણ તે ભવ્ય-અભવ્યાદિ. (૬) સંનિપાતિક ભાવગુણને ઔદયિક આદિ પાંચભાવોનું સમકાળે મળવું. જેમકે - મનુષ્યગતિનો ઉદય તે ઔદયિકભાવ, સંપૂર્ણ પંચેન્દ્રિયની પ્રાપ્તિ તે ક્ષાયોપશમિક ભાવ, દર્શનસપ્તકનો ક્ષય તે ક્ષાયિક, ચારિત્ર મોહનીયનો ઉપશમ તે ઔપશમિક અને ભવ્યત્વ તે પારિણામિક.

એ રીતે જીવનો ભાવગુણ કહ્યો, હવે અજીવ ભાવગુણ કહે છે–

અજીવને ઔદયિક અને પારિણામિકનો સંભવ છે, બીજાનો નથી. અજીવ આશ્રિત ઔદયિક એટલે - કેટલીક પ્રકૃતિ પુદ્‌ગલ વિપાકી જ હોય જેમકે ઔદારિક આદિ પાંચ શરીર, છ સંસ્થાન, ત્રણ અંગોપાંગ, છ સંહનન, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, અગુરુલઘુનામ, ઉપઘાતનામ, પરાઘાત નામ, ઉદ્યોત નામ, આતપનામ, નિર્માણનામ, પ્રત્યેકનામ, સાધારણનામ, સ્થિરનામ, અસ્થિરનામ, શુભનામ, અશુભનામ આ બધી પ્રકૃત્તિ પુદ્‌ગલ વિપાકી છે. જીવનો સંબંધ હોવા છતાં આ પુદ્‌ગલનો વિપાક છે. અજીવનો પારિણામિક ભાવગુણ બે ભેદે છે-અનાદિ પારિણામિક અને સાદિ પારિણામિક. અનાદિ પરિણામમાં ધર્મ-અધર્મ-આકાશ છે જે ગતિ, સ્થિતિ, અવગાહ લક્ષણ છે. આદિ પારિણામિક તે ઇન્દ્રધનુષ્ આદિનો દેખાવ છે તથા પરમાણુનું વર્ણાદિ ગુણાન્તર છે.

આ પ્રમાણે ગુણના નિક્ષેપા કહીને હવે મૂળના નિક્ષેપાને કહે છે–

**[નિ.૧૭૩]** ‘મૂળ’ના છ નિક્ષેપા છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. નામ, સ્થાપના જાણીતા છે. દ્રવ્યમૂળના ત્રણ ભેદ છે. - જ્ઞ શરીર, ભવ્ય શરીર, તદ્‌વ્યતિરિક્ત. આ વ્યતિરિક્તના ત્રણ ભેદ છે - (૧) વૃક્ષોના મૂળરૂપે પરિણત - તે ઔદયિકદ્રવ્યમૂળ. (૨) વૈદ્ય રોગીને રોગ દૂર કરવા જે મૂળ ઉપદેશે તે ઉપદેશદ્રવ્ય મૂળ. જેમકે પિપરીમૂળ. (૩) વૃક્ષોના મૂળ ઉત્પત્તિનું કારણ તે આદિમૂળ. જેમકે મૂળનો નિર્વાહ કરનાર પુદ્‌ગલોના ઉદયથી કાર્મણ શરીર ઔદારિક શરીરપણે પરિણમતાં તે પહેલું કારણ છે.

ક્ષેત્રમૂળ - જે ક્ષેત્રમાં મૂળ ઉત્પન્ન થાય કે મૂળનું વર્ણન થાય તે.

કાળમૂળ - જે કાળમાં મૂળ ઉત્પન્ન થાય કે મૂળનું વર્ણન થાય તે.

ભાવમૂળ - ત્રણ પ્રકારે છે, તે હવે નિર્યુક્તિ ગાથામાં જણાવે છે–

**[નિ.૧૭૪]** ઔદયિક ભાવમૂળ - તે વનસ્પતિકાયનું મૂળપણું અનુભવતો મૂળ જીવ. ઉપદેશભાવ મૂળ - તે ઉપદેશક આચાર્યો. આદિ મૂળ તે - જે કર્મથી પ્રાણી મૂળરૂપે ઉત્પન્ન થાય છે તેનો મોક્ષ કે સંસાર તે આદિભાવ મૂળ - x - x - મોક્ષનું આદિ કારણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ઔપચારિક એ પાંચ પ્રકારનો વિનય છે. તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે, ‘‘વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ, મોક્ષથી બાધારહિત સુખ થાય છે.’’

‘‘વિનયનું ફળ ગુરુ સેવા છે, સેવાનું ફળ શ્રુતજ્ઞાન, જ્ઞાનનું ફળ વિરતિ, વિરતિનું ફળ આશ્રવ નિરોધ, તેથી સંવર, તેથી તપ, તપથી નિર્જરા, તેથી ક્રિયાનિવૃત્તિ, તેથી અયોગીપણું યોગ નિરોધથી ભવસંતતિ ક્ષય, તેના વડે મોક્ષ થાય છે. બધાં કલ્યાણોનું મૂળ વિનય છે. સંસારનું મૂળ વિષય-કસાય છે.



આ રીતે મૂળનું વર્ણન કર્યું, હવે સ્થાનના પંદર ભેદે નિક્ષેપા કહે છે–

**[નિ.૧૭૫]** નામ, સ્થાપના સુગમ છે. (૩) દ્રવ્યના જ્ઞ શરીર, ભવ્ય શરીર, વ્યતિરિક્ત ત્રણ ભેદ છે. વ્યતિરિક્ત દ્રવ્યમાં સચિત્ત, અચિત્ત, મિશ્ર સ્થાન લેવું. (૪) ક્ષેત્ર સ્થાનમાં ભરતાદિ ક્ષેત્ર કે ઉર્ધ્વ અધો તિર્છો લોક લેવો અથવા જે ક્ષેત્રમાં સ્થાનનું વ્યાખ્યાન થાય તે લેવું. (૫) અદ્ધા એટલે કાળ - તેનું સ્થાન બે પ્રકારે છે - ૧. કાયસ્થિતિ તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુનો અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ અને વનસ્પતિનો અનંતકાળ છે. (૫-૨) ભવસ્થિતિ - તે આ પ્રમાણે છે–

પૃથ્વીની ૨૨,૦૦૦ વર્ષ, પાણીની ૭,૦૦૦, વાયુની ૩,૦૦૦, વનસ્પતિની ૧૦,૦૦૦ વર્ષ, અગ્નિકાયની ત્રણ રાત્રિદિવસ, બેઇન્દ્રિયની ૧૨ વર્ષ, તેઇન્દ્રિયની ૪૯ દિવસ, ચઉરિન્દ્રિયની છ માસ, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યની ત્રણ પલ્યોપમ, દેવ-નારકની ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ ભવ સ્થિતિ છે. દેવ-નારકની કાયસ્થિતિ નથી. જઘન્યથી બધાંની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. દેવ-નારકની ૧૦,૦૦૦ વર્ષ છે.

અદ્ધા સ્થાનનો બીજો અર્થ સમય, આવલિકા, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્‌ગલ પરાવર્ત, અતીત, અનાગત આદિ કાળ જાણવો.

(૬) ઉર્ધ્વસ્થાન - તે કાયોત્સર્ગાદિ. ઉપલક્ષણથી બેસવું પણ લેવું.

(૭) ઉપરતિસ્થાન - તે વિરતિ. તેનું સ્થાન તે શ્રાવક, સાધુપણું જાણવું.

(૮) વસતિસ્થાન - તે જે સ્થાનમાં ઘર વગેરેમાં રહેવાનું થાય તે.

(૯) સંયમસ્થાન - સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ પાંચ, તે દરેકના સ્થાન અસંખ્યાત છે, આ અસંખ્યાતપણાને કહે છે - તે અતીન્દ્રિય હોવાથી માત્ર ઉપમા વડે જણાવે છે. એક સમયમાં સૂક્ષ્મ અગ્નિકાયના જીવો અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પ્રમાણ ઉત્પન્ન થાય છે. તેનાથી અસંખ્યેય ગુણ અગ્નિકાયપણે પરિણમેલ છે. તેનાથી તેની કાયસ્થિતિ અસંખ્યેયગણી છે. તેનાથી અનુભાગ બંધ અધ્યવસાય સ્થાન અસંખ્યેયગુણ છે. આટલા સંયમસ્થાન સામાન્યથી કહ્યા. વિશેષથી - સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ એ પ્રત્યેકના અસંખ્યેય લોકાકાશ પ્રદેશ તુલ્ય સંયમસ્થાન છે. સૂક્ષ્મ સંપરાયની અંતર મુહૂર્ત્તપણાની સ્થિતિ હોવાથી અંતમુહૂર્ત સમય તુલ્ય અસંખ્યેય સંયમ સ્થાન છે. યથાખ્યાત ચારિત્રનું જઘન્યોત્કૃષ્ટ સિવાય એક જ સંયમ સ્થાન છે. અથવા સંયમ શ્રેણી અંતર્ગત્ સંયમ સ્થાનોને લેવા. તે આ ક્રમે છે–

અનંત ચારિત્ર પર્યાયથી બનેલું એક સંયમ સ્થાન છે. અસંખ્યેય સંયમ સ્થાનનું બનેલું કંડક છે. અસંખ્યાત કંડકનું એક ‘ષટ્‌સ્થાનક’ છે. તે અસંખ્યેય સ્થાનરૂપ શ્રેણિ છે.

(૧૦) પ્રગ્રહસ્થાન - પ્રકર્ષથી જેનું વચન ગ્રાહ્ય થાય તે પ્રગ્રહ. તે પ્રગ્રહ

વાક્યવાળો નેતા જાણવો. તેના બે ભેદ છે - (૧) લૌકિક - પ્રગ્રહસ્થાન પાંચ ભેદે છે - રાજા, યુવરાજ, મહત્તર, અમાત્ય અને રાજકુમાર. (૨) લોકોત્તર પ્રગ્રહસ્થાન પાંચ ભેદે - આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક.

(૧૧) યોધસ્થાન - પાંચ છે - આલીઢ, પ્રત્યાલીઢ, વૈશાખ, મંડલ, સમપાદ.

(૧૨) અચળસ્થાન ચાર ભેદે. ૧. સાદિ સપર્યવસાન - પરમાણુ આદિ દ્રવ્યનો એક પ્રદેશથી અવસ્થાન જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યેય કાળ, ૨. સાદિ અપર્યવસાન - સિદ્ધોનું ભવિષ્યકાળ રૂપ. ૩. અનાદિ સપર્યવસાન અતીત અદ્ધારૂપ શૈલેશી અવસ્થાના અંત સમયે ભવ્ય જીવોના કાર્મણ, તૈજસ શરીરને આશ્રીને. ૪. અનાદિ અપર્યવસાન - ધર્મ, અધર્મ, આકાશ સંબંધી.

(૧૩) ગણનાસ્થાન - એક, બે થી શીર્ષ પ્રહેલિકા સુધીની ગણના.

(૧૪-૧૫) સંધાનસ્થાન - બે ભેદે છે. (૧) દ્રવ્યથી; (૨) ભાવથી. દ્રવ્ય સંધાનના બે ભેદ ૧-છિન્ન, કંચુક આદિનું સાંધવું, ૨-અછિન્ન-કપડામાં તાણા-વાણા જોડાય તે. ભાવ સંધાનના બે ભેદ ૧-પ્રશસ્ત અછિન્ન ભાવ સંધાન ઉપશમ ક્ષપક શ્રેણિએ ચઢતા મનુષ્યને અપૂર્વ સંયમસ્થાન અછિન્ન જ હોય અથવા શ્રેણિ સિવાય પ્રવર્ધમાન કંડકના લેવા. છિન્ન પ્રશસ્ત ભાવ સંધાન-ભાવથી ઔદયિક આદિ બીજા ભાવમાં જઈને પાછા શુદ્ધ પરિણામવાળા થઈને ત્યાં આવતા થાય છે.

અપ્રશસ્ત અછિન્ન ભાવ સંધાન ઉપશમ શ્રેણિથી પડતાં અવિશુદ્ધમાન પરિણામવાળા મનુષ્યને અનંતાનુબંધી મિથ્યાત્વના ઉદય સુધી જાણવું અથવા ઉપશમ શ્રેણિ સિવાય કષાયના વશથી બંધ અધ્યવસાય સ્થાનોને ચઢતા અવગાહમાન કરનારાને હોય છે. અપ્રશસ્ત છિન્ન ભાવ સંધાન ઔદયિક ભાવથી ઔપશમિકાદિ ભાવાંતર સંક્રાન્તિ કરી પુનઃ તે જ ભાવમાં ગમન.

**અહીં સંધાન અને ભાવસ્થાનનું** જોડકું સાથે જ કહ્યું. તેમાં સંધાનસ્થાન દ્રવ્ય વિષયનું અને બીજું ભાવવિષયનું છે અથવા ભાવસ્થાન જે કષાયોનું સ્થાન છે તે અહીં લેવું કારણ કે તેઓને જ જીતવાપણાનો અધિકાર છે. તે શબ્દાદિ વિષયને આશ્રીને થાય છે, તે બતાવે છે—

**[નિ.૧૭૬]** કામ એટલે ઇચ્છા અનંગરૂપ. તેના ગુણોને આશ્રીને ચિત્તનો વિકાર છે તે દર્શાવે છે - તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ છે. તે પાંચ વ્યસ્ત કે સમસ્ત વિષય સંબંધી જે જીવનું વિષય સુખ ઇચ્છાથી અપરમાર્થદર્શીનું સંસારપ્રેમી જીવને રાગ દ્વેષરૂપ તિમિરથી મનોજ્ઞ-અમનોજ્ઞ વિષય પ્રાપ્ત થતાં કષાયો ઉદ્‌ભવે છે, તે મૂળનું વૃક્ષ તે સંસારનો ઉદ્‌ભવ. તેથી શબ્દાદિ વિષયોથી ઉત્પન્ન કષાયો સંસારવિષયનું મૂળ સ્થાન છે. આ પ્રમાણે કહેવાય છે કે—

“રાગાદિ ડામાડોળ થયેલ ચિત્તવાળો જીવ પરમાર્થને ન જાણવાથી આત્માને તેની સાથે કંઈ સંબંધ નથી છતાં વિષયને આત્મરૂપ માની આંધળાથી પણ વધુ અંધ બની કામી જીવ રમણીય વિષયો જોઈને આનંદ પામે છે.” તેથી કહ્યું છે—

“અંધ જગતમાં દૃશ્ય વસ્તુ જોતો નથી. પણ રાગાંધ આત્મા આત્મભાવને



છોડીને અનાત્મભાવને જુએ છે. કામી પુરુષ પ્રિય સ્ત્રીના શરીરને ફુલ, કમળ, પૂર્ણ ચંદ્ર, કળશ... આદિ ગંદકીના ઢગલાની ઉપમા આપી, તેમાં આનંદ માને છે અથવા કર્કશ શબ્દ સાંભળી તેમાં દ્વેષ કરે છે. તેથી મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દાદિ વિષયો કષાયોનું મૂળ સ્થાન છે. તે કષાયો સંસારોનું મૂળ છે.

જો શબ્દાદિ વિષયો કષાય છે તો તેનાથી સંસાર કઈ રીતે છે ?

કર્મ સ્થિતિનું મૂળ કષાય છે. કર્મસ્થિતિ એ સંસારનું મૂળ છે. સંસારીને અવશ્ય કષાયો હોય છે, તે હવે નિર્યુક્તિ ગાથામાં કહે છે—

**[નિ.૧૭૭]** જેમ સર્વ વૃક્ષોના મૂળો પૃથ્વીમાં રહેલા છે, તેમ કર્મવૃક્ષના કષાયરૂપ મૂળો સંસારમાં રહેલા છે. **પ્રશ્ન** - કર્મનુ મૂળ કષાય છે, તે કેમ મનાય ? તે કહે છે - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ એ બંધના હેતુ છે, કહ્યું છે કે—

“હે ભગવન્ ! જીવ કેટલાં સ્થાન વડે જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? - હે ગૌતમ ! રાગ અને દ્વેષ બે સ્થાન વડે બાંધે. રાગ બે પ્રકારે છે - માયા અને લોભ, દ્વેષ બે ભેદે છે - ક્રોધ અને માન. આ ચાર સ્થાનો વડે વીર્યના જોડવાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે. આ પ્રમાણે આઠે કર્મોમાં જાણવું. તે કષાયો મોહનીયના અંતર્વર્તી છે અને આઠ પ્રકારના કર્મોનું મૂળ છે. હવે કામગુણોનું મોહનીયપણું દર્શાવે છે.

**[નિ.૧૭૮]** પૂર્વે કહેલ કર્મવૃક્ષના પ્રકારો કેટલા છે ?, કયા કારણવાળા છે ?

આઠ પ્રકારના કર્મવૃક્ષો છે. તે બધાનું મૂળ મોહનીય છે. માત્ર કષાયો જ નહીં, કામગુણો પણ મોહનીય મૂળવાળા છે, જે ‘વેદ’ના ઉદયથી ‘કામ’થાય છે. ‘વેદ’ મોહનીય કર્મની ઉત્તર પ્રકૃત્તિ જ છે. મોહનીય સંસારનું મૂળ કારણ છે. આ પ્રમાણે પરંપરાથી સંસાર, કષાય, કામોનું કારણ હોવાથી મોહનીય પ્રધાનભાવે છે. મોહનીયનો (સર્વથા) ક્ષય થવાથી સર્વે કર્મો અવશ્ય ક્ષય પામે છે. તેથી કહ્યું છે કે, “જેમ તાડના ઝાડના મસ્તકે રહેલ સૂઇનો નાશ થવાથી તાલવૃક્ષ નાશ પામે છે, તેમ મોહનીય કર્મ નાશ પામતાં બીજા સર્વે કર્મો નાશ પામે છે - હવે મોહનીય કર્મોના બે ભેદો બતાવે છે—

**[નિ.૧૭૯]** મોહનીય કર્મના બે ભેદ છે - દર્શનમોહનીય, ચારિત્ર મોહનીય અને બંધના હેતુનું બે પ્રકારપણું છે. તે બતાવે છે—

અરિહંત, સિદ્ધ, ચૈત્ય, તપ, શ્રુત, ગુરુ, સાધુ, સંઘના પ્રત્યનીકતા (શત્રુપણા)થી દર્શન મોહનીયકર્મ બંધાય છે, જેના વડે જીવ અનંતસંસાર સમુદ્રમાં પડે છે.

તીવ્ર કષાય, બહુ રાગ-દ્વેષ મોહથી અભિભૂત થઈને દેશ વિરતિ-સર્વવિરતિને હણનારો ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે.

દર્શન મોહનીયના મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ એ ત્રણ ભેદો છે.

ચારિત્ર મોહનીય ૧૬-કષાય અને ૯-નોકષાય એ ૨૫-ભેદે છે. તેમાં ‘કામ’ એ શબ્દ વગેરે પાંચ વિષયો ચારિત્ર મોહ જાણવા. તેનો અહીં સૂત્રમાં અધિકાર છે. અહીં ચાલુ વિષયમાં કષાયોનું સ્થાન છે તે શબ્દાદિ પાંચ ગુણરૂપ છે.

ચારિત્રમોહનીયની ઉત્તર પ્રકૃત્તિ સ્ત્રી, પુરુષ, નપુંસક વેદ અને હાસ્ય, રતિ,

લોભથી આશ્રિત કામ આશ્રયવાળા કષાયો સંસારનું મૂળ અને કર્મનું પ્રધાન કારણ છે - તે બતાવવા કહે છે—

**[નિ.૧૮૦-પૂર્વાર્ધ]** સંસાર - નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ ગતિરૂપ ભ્રમણ-તેનું મૂળ કારણ આઠ પ્રકારના કર્મો છે. તે કર્મનું મૂળ કષાયો ક્રોધાદિ નિમિત્ત છે અને તે શબ્દાદિ સ્થાનોનું પ્રચુર સ્થાનપણું બતાવવા કહે છે—

**[નિ.૧૮૦-ઉત્તરાર્ધ]** પહેલા અને પછી પરિચયવાળાં માતા, પિતા, સાસુ, સસરાદિ સ્વજનો, નોકર આદિ પ્રેષ્ય, ધન-ધાન્ય, કુપ્ય, વાસ્તુ, રત્ન ભેદરૂપ અર્થ. આ સ્વજન, પ્રેષ્ય, અર્થ અંગે કષાયો વિષયપણે રહ્યા છે. આત્મામાં પ્રસન્ન ચંદ્ર માફક વિષયીપણે છે, તેમ એકેન્દ્રિયાદિને પણ કષાયો છે. આ પ્રમાણે કષાય સ્થાન બતાવવા વડે 'સૂત્રપદ' લીધું છે. હવે જીતવા યોગ્ય વિષયવાળા કષાય નિક્ષેપો કહે છે—

**[નિ.૧૮૧]** નામકષાય-સત્ય અર્થથી નિરપેક્ષ અભિધાન માત્ર. સ્થાપના કષાય-સદ્ભાવ કે અસદ્ભાવ રૂપ પ્રતિકૃતિ - જેમકે - ભયંકર ભ્રૂકુટિ ક્રોધથી ચઢાવી કપાળમાં ત્રણ સળ પાડી ત્રીશૂળ સાથે મોઢું તથા આંખ લાલ કરી હોઠ દાંત પીસતો પરસેવાના પાણી વગેરેથી સંપૂર્ણ ક્રોધનું ચિત્ર પુસ્તક કે અક્ષ વરાટકાદિમાં હોવું. દ્રવ્યકષાયમાં જ્ઞ શરીર, ભવ્યશરીરથી વ્યતિરિક્તના બે ભેદ કહે છે—

(૧) કર્મદ્રવ્યકષાય - પ્રથમ જે અનુદીર્ણ કે ઉદીર્ણ પુદ્ગલો દ્રવ્યના પ્રધાનત્વથી કર્મદ્રવ્ય કષાયો જાણવા. (૨) નોકર્મદ્રવ્યકષાય - બિભિતક આદિ. તથા ઉત્પત્તિ કષાયો શરીર, ઉપધિ, ક્ષેત્ર, વાસ્તુ, સ્થાણુ વગેરે - જેને આશ્રીને કષાયોની ઉત્પત્તિ થાય છે તે ઉત્પત્તિ કષાય. તેથી કહ્યું છે કે—

કોઈને ઠુંઠું - કાંટો આદિ વાગે ત્યારે મૂઢ માણસ પોતાના પ્રમાદનો દોષ ન જોતાં તે જ ઠુંઠા આદિ પર ક્રોધ કરે છે. તેથી વધુ કષ્ટદાયી બીજું શું છે ?

પ્રત્યયકષાય - કષાયોના જે બંધનાં કારણો છે - તે અહીં મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દાદિ લેવા. કેમકે તેનાથી જ ઉત્પત્તિ-પ્રત્યયના કાર્ય-કારણ ભેદો છે.

આદેશકષાય - કૃત્રિમ રીતે ભ્રમર આદિ ચઢાવવા તે.

રસકષાય - કડવો, તીખો વગેરે પાંચ પ્રકારના રસને ગ્રહણ કરવા.

ભાવકષાય - શરીર, ઉપધિ, ક્ષેત્ર, વાસ્તુ, સ્વજન, પ્રેષ્ય, અર્ચા વગેરે નિમિત્તે પ્રગટ થયેલા જે શબ્દાદિ કામગુણ કારણ-કાર્યભૂત કષાય કર્મોદયરૂપ આત્મપરિણામ વિશેષ તે ક્રોધ, માન, માયા, લોભ જે એક-એક અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ તથા સંજ્વલન ભેદથી ગણતાં સોળ ભેદે ભાવકષાય છે. તેનું સ્વરૂપ તથા અનુબંધ ફળ ગાથાઓ વડે કહે છે—

પાણી, રેતી, પૃથ્વી, પર્વતની ફાટ જેવો ચાર પ્રકારનો ક્રોધ છે. તિનિશલતા, લાકડું, હાડકું, અસ્થિસ્થંભની ઉપમાવાળું માન છે. અવલેખી, ગોમુત્રિકા, ઘેટાનું શીંગડું, વાંસના મૂળ સમાન માયા છે અને હળદર, કર્દમ, ખંજન, કૃમિરાગ જેવો લોભ છે. સંજ્વલન આદિ કષાયની સ્થિતિ અનુક્રમે પક્ષ, ચાર માસ, વર્ષ અને જાવજ્જીવની છે. તેમની ગતિ અનુક્રમે દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક છે.



કષાયના નામાદિ આઠ નિક્ષેપ કહ્યા. હવે નય દૃષ્ટિ જણાવે છે—

(૧) નૈગમનય - સામાન્ય - વિશેષ રૂપત્વથી અને એકગમપણાના અભાવે તેના અભિપ્રાયથી બધાં નય માને છે, (૨) સંગ્રહ અને વ્યવહારનય - કષાય સંબંધના અભાવથી આદેશ, સમુત્પત્તિ નિક્ષેપ નથી ઇચ્છતા, (૩) ઋજુસૂત્રનય વર્તમાન અર્થમાં હોય આદેશ, સમુત્પત્તિ, સ્થાપના નિક્ષેપો ઇચ્છતો નથી. (૪) શબ્દનય - નામ, ભાવ નિક્ષેપો ઇચ્છે છે. આ રીતે કષાયો કર્મના કારણરૂપે કહ્યા.

હવે સંસાર કેટલા પ્રકારે છે તે બતાવે છે—

**[નિ.૧૮૨]** સંસારના પાંચ ભેદ છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ.

**દ્રવ્યસંસાર**માં તદ્વ્યતિરિક્ત દ્રવ્ય સંસારરૂપ સંસરણ લીધું. **ક્ષેત્રસંસાર** - તે જે ક્ષેત્રોમાં દ્રવ્ય સંસરે તે. **કાળસંસાર** - જે કાળે સંસરે, તે. **ભવસંસાર** - નરક આદિ ચાર ગતિના ઉદયરૂપ ભવાંતર ગમન. **ભાવસંસાર** - સંસરણ સ્વભાવ, તે ઔદયિક આદિ ભાવ પરિણતિરૂપ છે. તેમાં પ્રકૃતિ, સ્થિત, અનુભાગ, પ્રદેશ એમ ચાર પ્રકારના કર્મબંધના વિપાકનો અનુભાવ છે. એમ દ્રવ્યાદિ પાંચ ભેદે સંસાર છે.

અથવા સંસાર દ્રવ્યાદિ ચાર ભેદે છે. તે આ પ્રમાણે - અશ્વથી હાથી, ગામથી નગર, વસંતથી ગ્રીષ્મ અને ઔદયિકથી ઔપશમિક. આવા સંસારમાં કર્મવશ જીવો આમ તેમ ભમે છે - તેથી કર્મનું સ્વરૂપ બતાવે છે—

**[નિ.૧૮૩,૧૮૪ પૂર્વાર્ધ]** નામકર્મ એ કર્મ વિષયથી શૂન્ય એવું 'નામ' માત્ર છે. સ્થાપનાકર્મ પુસ્તક કે પત્ર વગેરેમાં કર્મ વર્ગણાની સદ્ભાવ - અસદ્ભાવ સ્થાપના રૂપે છે. દ્રવ્યકર્મમાં જ્ઞ શરીર, ભવ્ય શરીર સિવાયનું બે પ્રકારે છે (૧) દ્રવ્યકર્મ - કર્મ વર્ગણામાંના બંધ યોગ્ય, બંધાતા, બાંધેલા અને અનુદીર્ણ કર્મો. (૨) નોદ્રવ્યકર્મ - ખેડૂત આદિના કર્મો જાણવા. હવે કર્મવર્ગણાનું સ્વરૂપ જણાવે છે—

સામાન્યથી આ **વર્ગણા** ચાર પ્રકારે છે — (૧) દ્રવ્યથી - એક, બે, સંખ્યાત, અસંખ્યાત અનંત પ્રદેશિકા છે. (૨) ક્ષેત્રથી - દ્રવ્યના એક, બે થી અસંખ્યેય પ્રદેશ રૂપ ક્ષેત્ર પ્રદેશો જેમાં રહેલા હોય તે. (૩) કાળથી - એક, બે થી અસંખ્યાત સમય સ્થિતિક વર્ગણા લેવી. (૪) ભાવથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ તથા તેના પેટા ભેદો રૂપ ભાવ વર્ગણા જાણવી. આ વર્ણન સામાન્યથી કર્યું. હવે વિશેષથી કહે છે—

પરમાણુઓની એક વર્ગણા છે. એ પ્રમાણે એક-એક પરમાણુની વૃદ્ધિથી સંખ્યેયપ્રદેશિક પ્રદેશિક સ્કંધોની સંખ્યેય અને અસંખ્યાત્મક પ્રદેશિક અસંખ્યેય વર્ગણા જાણવી. આ વર્ગણા ઔદારિકાદિ પરિણામ ગ્રહણ માટે અયોગ્ય છે. અનંતપ્રદેશાત્મક અનંત વર્ગણા પણ ગ્રહણ યોગ્ય નથી. ઔદારિક ગ્રહણ યોગ્ય તો અનંતાનંત પ્રદેશિકા અનંત વર્ગણા જ છે. પૂર્વોક્ત અયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એક-એકની વૃદ્ધિ કરવાથી ઔદારિક શરીર ગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણાઓ થાય. ફરી એક-એક પ્રદેશ વધારતા ઔદારિક યોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા જ્યાં સુધી અનંતી થાય ત્યાં સુધી લેવી.

જઘન્ય અને ઉત્કૃષ્ટમાં વિશેષ શું છે ? જઘન્યથી ઉત્કૃષ્ટ વર્ગણા વિશેષાધિક

છે વિશેષ એ છે કે - ઔદારિક જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ છે, તેના અનંતા પરમાણુપણાથી એક એક પ્રદેશના ઉપચયથી થયેલી ઔદારિક યોગ્ય વર્ગણાનો જઘન્યોત્કૃષ્ટ મધ્યવર્તીનું અનંતપણું છે. તેમાં ઔદારિક યોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એક રૂપ ઉમેરવાથી અયોગ્ય વર્ગણા જઘન્ય થાય છે. એ પ્રમાણે એક એક પ્રદેશ વધતાં ઉત્કૃષ્ટ અનંતવાળી અનંતી થાય છે.

જઘન્ય - ઉત્કૃષ્ટ વર્ગણામાં શું વિશેષ છે ? જઘન્યથી અસંખ્યેયગણી ઉત્કૃષ્ટા છે અને તે બહુ પ્રદેશત્વથી અને અતિ સૂક્ષ્મ પરિણામત્વથી ઔદારિકની અનંત વર્ગણા અગ્રહણ યોગ્ય છે. અલ્પ પ્રદેશત્વ અને બાદર પરિણામત્વથી વૈક્રિયશરીર માટે પણ અયોગ્ય છે. આ પ્રમાણે જેમ જેમ પ્રદેશની વૃદ્ધિ થાય તેમ તેમ વિશ્રસા પરિણામ વશ વર્ગણાઓનું અતિ સૂક્ષ્મપણું જાણવું. તે જ ઉત્કૃષ્ટ ઉપર એકરૂપ પ્રક્ષેપથી યોગ્ય-અયોગ્ય આદિ વૈક્રિય શરીર વર્ગણાનું જઘન્યોત્કૃષ્ટ વિશેષ લક્ષણ જાણવું તથા વૈક્રિય-આહારક એ બંને મધ્યે રહેલ અયોગ્ય વર્ગણાઓનું જઘન્ય-ઉત્કૃષ્ટ વિશેષ અસંખ્યેયગુણપણું છે. વળી અયોગ્ય વર્ગણા ઉપર એકના પ્રક્ષેપથી જઘન્ય આહારક શરીર યોગ્ય વર્ગણા થાય છે. તે પ્રદેશવૃદ્ધિથી વધતાં ઉત્કૃષ્ટ અનંત સુધી થાય છે.

*[જઘન્યથી ઉત્કૃષ્ટનું અંતર, ઇત્યાદિ કેટલીક વિગતો વૃત્તિમાં છે. જેની નોંધ ચૂર્ણિકારે લીધી નથી. વૃત્તિમાં પણ વૃત્તિકારશ્રીએ છેલ્લે તો એ જ સૂચના આપી છે કે, “વર્ગણા સંક્ષેપથી કહી-વિશેષથી જાણવા‘કર્મપ્રકૃતિ’ ગ્રંથ જોવો]*

વર્ગણા વિષયક સામાન્ય નોંધ કરી, હવે **‘પ્રયોગકર્મ’** કહે છે—

પ્રયોગ એટલે - વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ થયેલ વીર્ય આત્માથી પ્રકર્ષે કરીને યોજાય તે. તે મન, વચન, કાયાના લક્ષણથી પંદર ભેદે છે—

મનોયોગ સત્ય, અસત્ય, મિશ્ર, અસત્યાસત્ય એમ ચાર ભેદે છે. વચનયોગ પણ આ ચાર ભેદે છે. કાય યોગ સાત પ્રકારે છે ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્મણકાયયોગ.

તેમાં મનોયોગ મનઃપર્યાપ્તિથી પર્યાપ્ત મનુષ્યાદિને છે. વચનયોગ બેઇન્દ્રિયાદિ જીવોને છે. ઔદારિકયોગ તિર્યંચ તથા મનુષ્યને શરીર પર્યાપ્તિ પછીથી છે તે પૂર્વે મિશ્ર જાણવો અથવા તે કેવલીને સમુદ્દ્ઘાત અવસ્થામાં બીજા, છટ્ઠા, સાતમા સમયે હોય છે. વૈક્રિય કાયયોગ દેવ, નારક, બાદર વાયુકાયને છે અથવા વૈક્રિય લબ્ધિધરને છે. તેનો મિશ્ર યોગ દેવ-નારકને ઉત્પત્તિ સમયે છે અથવા નવું વૈક્રિય શરીર બનાવનારને હોય છે. આહારકયોગ ચૌદપૂર્વી સાધુને આહારકશરીરમાં સ્થિત હોય ત્યારે છે નિર્વર્તન કાળે મિશ્ર યોગ છે.

કાર્મણયોગ વિગ્રહગતિમાં કે કેવલી સમુદ્દ્ઘાતમાં ત્રીજા, ચોથા, પાંચમાં સમયે છે. આ પ્રમાણે પંદર પ્રકારના યોગ વડે આત્મા આઠ પ્રદેશોને છોડીને સર્વ આત્મપ્રદેશો વડે આત્મપ્રદેશથી વ્યાપ્ત આકાશ ભાગમાં રહેલ કાર્મણ શરીર યોગ્ય જે કર્મદલિકને બાંધે છે, તેને પ્રયોગકર્મ કહે છે. કહ્યું છે કે, “જ્યાં સુધી આ જીવ હાલે છે, ચાલે





છે, ફરકે છે, ત્યાં સુધી આઠ કે સાત કે છ કે એક પ્રકારના કર્મનો બંધક હોય છે. પણ તે અબંધક હોતો જ નથી.

**સમુદાન કર્મ** - પ્રયોગ કર્મ વડે એક રૂપપણે ગ્રહણ કરેલી કર્મ વર્ગણાઓની સમ્યગ્ મૂળ-ઉત્તર એવી, જે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ અને પ્રદેશ બંધભેદ વડે મર્યાદાપૂર્વક દેશ-સર્વ ઉપઘાતી રૂપ વડે તેમજ સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિત એવી ત્રણ અવસ્થા વડે જે સ્વીકાર કરવો તે જ સમુદાન. તે કર્મ સમુદાનકર્મ.

તેમાં મૂળ પ્રકૃતિનો બંધ જ્ઞાનાવરણીય આદિ છે. ઉત્તર પ્રકૃતિ બંધ—

જ્ઞાનાવરણીય પાંચ પ્રકારે - મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલનું આવરણ. તેમાં કેવલજ્ઞાનનું આવરણ સર્વઘાતી છે. બાકીના દેશ-સર્વઘાતી છે.

દર્શનાવરણીય કર્મ નવ પ્રકારે - પાંચ પ્રકારની નિદ્રા, ચાર પ્રકારે દર્શન. તેમાં નિદ્રાપંચક પ્રાપ્ત દર્શન લબ્ધિ અને ઉપયોગને ઉપઘાતકારી છે અને દર્શન ચતુષ્ટય તે દર્શનલબ્ધિની પ્રાપ્તિને આવરે છે. અહીં પણ કેવલ દર્શનાવરણ સર્વઘાતિ છે અને બાકીના દેશઘાતિ છે.

વેદનીય કર્મ સાતા-અસાતા એવા બે ભેદે છે.

મોહનીય કર્મ દર્શન - ચારિત્ર બે ભેદે છે. તેમાં દર્શન મોહનીય મિથ્યાત્વ આદિ ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં બંધ એક પ્રકારે છે. ચારિત્ર મોહનીય સોળ કષાય અને નવ નોકષાય એમ પચ્ચીશ પ્રકારે છે. અહીં પણ મિથ્યાત્વ અને સંજ્વલનકષાય છોડીને બાર કષાયો સર્વઘાતી છે, બાકીના દેશઘાતી છે.

આયુષ્યકર્મ નારક આદિ ચાર ભેદથી છે.

નામકર્મ ગતિ આદિ ૪૨-ભેદે છે. ઉત્તર પ્રકૃતિ ભેદથી તેના ૯૩-ભેદ છે. તેમાં ગતિ-નારકાદિ ચાર છે, જાતિ એકેન્દ્રિયાદિ પાંચ છે, શરીર ઔદારિકાદિ પાંચ છે. ઔદારિક, વૈક્રિય, આહારક એમ ત્રણ ભેદે અંગોપાંગ છે, નિર્માણ નામ એક ભેદે છે. બંધન નામ ઔદારિકાદિ કર્મ વર્ગણાનું એકપણું કરનાર પાંચ પ્રકારે છે. સંઘાત નામ પાંચ પ્રકારે છે. - તે ઔદારિકાદિ કર્મવર્ગણાની રચના વિશેષ કરી સ્થાપે છે. સંસ્થાનનામ સમચતુરસ્રાદિ છ પ્રકારે છે. સંહનનનામ વજ્રઋષભનારાચાદિ છ ભેદે છે. સ્પર્શના આઠ, રસના પાંચ, ગંધના બે, વર્ણના પાંચ ભેદ છે.

વિહાયોગતિ પ્રશસ્ત-અપ્રશસ્ત બે ભેદે છે. અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, પ્રત્યેક, સાધારણ, ત્રસ, સ્થાવર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તક, અપર્યાપ્તક, સ્થિર, અસ્થિર, આદેય, અનાદેય, યશકીર્તિ, અયશકીર્તિ, તીર્થંકરનામ આ બધી પ્રકૃતિ એક જ પ્રકારની કહી છે.

ગોત્રકર્મ ઉંચ અને નીચ એમ બે ભેદે છે.

અંતરાયકર્મ દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય એમ પાંચ ભેદે છે.

આ પ્રમાણે પ્રકૃતિ બંધ કહ્યો. હવે તેના કારણો બતાવે છે—

૧. તેનું શત્રુપણું, અંતરાય, ઉપઘાત, પ્રદ્વેષ, નિન્હવપણું અને આશાતના

કરવાથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મ બંધાય છે.

૨. જીવોની દયા, વ્રત-યોગમાં ઉધમ, ક્ષમા, દાન, ગુરુ ભક્તિથી સાતા વેદનીય કર્મ બંધાય. તેનાથી વિપરીત વર્તતા અસાતા વેદનીય બંધાય.

૩. અરહંત, સિદ્ધ, ચૈત્ય, તપ, શ્રુત, ગુરુ, સાધુ, સંઘના શત્રુપણાથી દર્શન મોહનીય કર્મ બાંધે. તેનાથી અનંત સંસારી થાય.

૪. તીવ્ર કષાયી, બહુ મોહવાળો, રાગ-દ્વેષ યુક્ત જીવ ચારિત્ર ગુણના ઘાતક એવા બંને પ્રકારના ચારિત્રમોહને બાંધે છે.

૫. મિથ્યાદૅષ્ટિ, મહા આરંભ-પરિગ્રહી, ઘણો લોભી, શીલ વગરનો જીવ-પાપમતિ અને રૌદ્ર પરિણામી હોવાથી નરકનું આયુષ્ય બાંધે છે.

૬. ઉન્માર્ગ દેશક, માર્ગનાશક, ગૂઢ હૃદયી, કપટી, શઠતા કરનાર, શલ્યવાળો જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે.

૭. સ્વભાવથી પાતળા કષાયવાળો, દાન રક્ત, શીલ-સંયમમાં અલ્પતા, મધ્યમ ગુણયુક્ત જીવ મનુષ્યાયુ બાંધે.

૮. અણુવ્રતી-મહાવ્રતી, બાળતપસી, અકામ નિર્જરાવાળો, સમ્યગ્ દૅષ્ટિ જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે.

૯. મન, વચન, કાયાથી વક્ર, અહંકાર યુક્ત, માયાવી અશુભ નામકર્મ બાંધે તેનાથી વિપરીત સરળ આદિ ગુણવાન્ શુભનામકર્મ બાંધે.

૧૦. અરિહંત આદિનો ભક્ત, સૂત્ર-રૂચિ, અલ્પમાની, ગુણદૅષ્ટિ જીવ ઉંચ ગોત્ર બાંધે, તેનાથી ઉલટા ગુણવાળો નીચ ગોત્ર બાંધે.

૧૧. પ્રાણવધાદિમાં રક્ત, જિનપૂજા અને મોક્ષ માર્ગમાં વિઘ્ન કર્તા જીવ અંતરાય કર્મ બાંધે. જેનાથી તે ઇચ્છિત વસ્તુને મેળવતો નથી.

હવે **સ્થિતિબંધ** કહે છે— તે જઘન્ય અને ઉત્કૃષ્ટ બે ભેદે છે-

મૂળ પ્રકૃતિમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ અને નામ તથા ગોત્રની ૨૦ કોડાકોડી સાગરોપમ છે. જેની જેટલી કોડાકોડી સ્થિતિ હોય, તેની તેટલા સેંકડો વર્ષની અબાધા જાણવી. પછી પ્રદેશથી કે વિપાકથી કર્મ ભોગવવું પડે. આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ છે. તેમાં પૂર્વ કોડીનો ત્રીજો ભાગ અબાધાકાળ છે.

હવે જઘન્ય સ્થિતિ કહે છે - જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય એ ચારની અંતર્મુહૂર્ત, નામ-ગોત્રની આઠ મુહૂર્ત, વેદનીયની બાર મુહૂર્ત, આયુષ્યની ક્ષુલ્લક ભવ - શ્વાસોચ્છવાસના ૧૭માં ભાગે છે.

હવે ઉત્તર પ્રકૃત્તિને આશ્રીને ઉત્કૃષ્ટ-જઘન્ય બંધને જણાવે છે—

મતિ, શ્રુત, અવધિ, મનપર્યવ, કેવલ-આવરક, નિદ્રા પંચક અને ચક્ષુદર્શન ચતુષ્ક, અસાતા વેદનીય, દાનાદિ પાંચ અંતરાય આ વીશ ઉત્તરપ્રકૃત્તિની સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. સ્ત્રીવેદ, સાતાવેદનીય, મનુષ્ય ગતિ અને અનુપૂર્વી એ



ચારની ૧૫ કોડાકોડી સાગરોપમ છે. મિથ્યાત્વ મોહનીયની ૭૦ અને ૧૬ કષાયની ૪૦ કોડાકોડી સાગરોપમ છે.

નપુંસક વેદ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, નરકગતિ, તિર્યંચ ગતિ, એકેન્દ્રિય, જાતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક-વૈક્રિય શરીર, બંનેના અંગોપાંગ, તૈજસ, કાર્મણ, હુંડક સંસ્થાન, છેલ્લું સંહનન, વર્ણ-ગંધ, રસ, સ્પર્શ, નરક-તિર્યંચ અનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉધોગ, અપ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, સ્થાવર, બાદર, પર્યાપ્તક, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશકીર્તિ, નિર્માણ, નીચગોત્ર એ ૪૩ ઉત્તર પ્રકૃત્તિની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે.

પુરુષ વેદ, હાસ્ય, રતિ, દેવગતિ-આનુપૂર્વી બે, પહેલું સંસ્થાન-સંહનન, પ્રશસ્ત વિહાયોગતિ, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશકીર્તિ, ઉંચગોત્ર એ પંદર ઉત્તર પ્રકૃત્તિની ઉત્કષ્ટ સ્થિતિ ૧૦-કોડાકોડી સાગરોપમ છે.

ત્રીજું સંસ્થાન અને નારાચ સંહનનની ૧૪ - કુબ્જ સંસ્થાન અને અર્ધ નારાચ સંહનનની ૧૬ - કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

વામન સંસ્થાન, કીલિકા સંહનન, બે, ત્રણ, ચાર ઇન્દ્રિયની જાતિ, સૂક્ષ્મ, અપર્યાપ્તક, સાધારણ એ આઠની ૧૮ કોડાકોડી સાગરોપમ સ્થિતિ.

આહારક શરીર-અંગોપાંગ, તીર્થંકર નામ એ ત્રણની એક કોડાકોડી છે.

આ બધાનો અબાધાકાળ ભિન્ન અંતર્મુહૂર્ત છે. દેવ, નારકીનું આયુ ૩૩-સાગરોપમ અને તિર્યંચ, મનુષ્યાયુ ત્રણ પલ્યોપમ છે. પૂર્વકોડીનો ત્રીજો ભાગ અબાધાકાળ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કહ્યો. હવે જઘન્ય કહે છે—

મતિ આદિ પાંચ, ચક્ષુદર્શનાવરણાદિ ચાર, સંજ્વલન લોભ, દાનાદિ પાંચ અંતરાય એ પંદરનો સ્થિતિબંધ અને અબાધા બંને અંતર્મુહૂર્ત છે. નિદ્રા પંચક, અસાતા વેદનીયની ત્રણ સપ્તમાંશ સાગરોપમથી પલ્યોપમનો અસંખ્યેય ભાગ ઓછો એટલી જઘન્ય સ્થિતિ છે. સાતા વેદનીયનો કાળ ૧૨ મુહૂર્ત અને અબાધા અંતર્મુહૂર્તની છે. મિથ્યાત્વની સ્થિતિ પલ્યોપમનો અસંખ્યેય ભાગ ન્યૂન એક સાગરોપમ છે. પહેલા બાર કષાયની સ્થિતિ પલ્યોપમનો અસંખ્યેય ભાગ ન્યૂન ચાર સપ્તમાંશ સાગરોપમ છે. સંજ્વલન ક્રોધની બે માસ, માનની એક માસ, માયાની ૧૫-દિન, પુંવેદ આઠ વર્ષ, અબાધા અંતર્મુહૂર્ત.

બાકીના કષાયો, મનુષ્ય-તિર્યંચ ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર અંગોપાંગ, તૈજસ-કાર્મણ, છ સંસ્થાન, સંહનન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તિર્યંચ, મનુષ્ય આનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉધોત, પ્રશસ્ત, અપ્રશસ્ત વિહાયોગતિ, યશોકીર્તિ સિવાયની ત્રસાદિ ૨૦ પ્રકૃતિ, નિર્માણ, નીચ ગોત્ર, દેવગતિ-આનુપૂર્વી, નરકગતિ-આનુપૂર્વી, વૈક્રિયશરીર અંગોપાંગ એમ ૬૮ ઉત્તર પ્રકૃત્તિની સ્થિતિ પલ્યોપમનો અસંખ્યેય ભાગ ન્યૂન બે-તૃતીયાંશ સાગરોપમ અને અબાધાકાળ અંતમુહૂર્ત છે.

વૈક્રિયષટ્કની પલ્યોપમનો અસંખ્યેય ભાગ ન્યૂન ૨,૦૦૦ સાગરોપમના બે સપ્તમાંશ ભાગ છે અંતર્મુહૂર્ત અબાધા છે. આહારક શરીર - અંગોપાંગ. તીર્થંકર નામની સાગરોપમ કોડાકોડી સ્થિતિ છે. ભિન્ન અંતર્મુહૂર્ત અબાધાકાળ છે.

ઉત્કૃષ્ટ સાથે જઘન્યનો ભેદ જણાવતા કહે છે- જઘન્ય ઉત્કૃષ્ટથી સંખ્યેય ગુણહીન છે યશકીર્તિ, ઉંચગોત્ર બંનેની સ્થિતિ આઠ મુહૂર્ત અને અંતર્મુહૂર્ત અબાધા છે. દેવ-નારકીનું આયુ ૧૦,૦૦૦ વર્ષ છે. અંતર્મુહૂર્ત અબાધા છે. તિર્યંચ, મનુષ્યના આયુની સ્થિતિ ક્ષુલ્લક ભવ અને અંતર્મુહૂર્ત અબાધા છે. બંધન, સંઘાતનો ઉત્કૃષ્ટ જઘન્ય ભેદ ઔદારિક મધ્યે જાણવો.

હવે **અનુભાવ બંધ** કહે છે-શુભ-અશુભ કર્મથી ઉત્પન્ન પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશરૂપ કર્મનું જે તીવ્ર-મંદ વેદન તે અનુભાવ [રસ] જાણવો. આ રસ એક, બે, ત્રણ, ચાર સ્થાન ભેદ વડે જાણવો. તેમાં અશુભ પ્રકૃતિનું અતિ કડવા રસ જેવું જાણવું. તેનો અડધો, ત્રીજો ભાગ, ચોથો ભાગ કડવાપણું - એ પ્રમાણે તીવ્ર અનુભાવ અનુક્રમે જાણવો. મંદ રસનો અનુભાવ તે જાઈ ફૂલના રસમાં એક, બે, ત્રણ, ચારગણું પાણી વધુ નાખવાથી થતો ભેદ જાણવો.

શુભ પ્રકૃતિનો રસ દૂધ, શેરડીરસના દૃષ્ટાંતે જાણવો. અહીં પણ અશુભ પ્રકૃત્તિ માફક ભેદો સમજી લેવા. બંનેમાં એક-એક બિંદુ પાણી નાંખવાના દૃષ્ટાંતે અનંત ભેદો જાણવા. અહીં આયુષ્યમાં ચાર પ્રકૃત્તિ ભવ વિપાકીનિ અને ચાર પ્રકૃત્તિ ક્ષેત્ર વિપાકીનિ છે.

શરીર, સંસ્થાન, અંગોપાંગ, સંઘાત, સંહનન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉદ્યોત, આતપ, નિર્માણ, પ્રત્યેક, સાધારણ, સ્થિર, અસ્થિર, શુભ તથા અશુભ રૂપવાળી છે. તે બધી પુદ્ગલ વિપાકીનિ છે. બાકીની જ્ઞાનાવરણાદિ જીવ વિપાકીનિ છે.

હવે **પ્રદેશ બંધ** કહે છે— તે એક પ્રકાર વગેરે બંધકની અપેક્ષાએ થાય છે. જો એક પ્રકારનું કર્મ બાંધે તો પ્રયોગ કર્મ વડે એક સમયમાં ગ્રહણ કરેલ પુદ્ગલો સાતાવેદનીયના ભાવ વડે પરિણમે છે. જો છ પ્રકારનું કર્મ બાંધે તો આયુ અને મોહનીય કર્મ છોડીને બાકીના બાંધે. જો સાત પ્રકારે કર્મ બાંધે તો આયુકર્મ સિવાયના સાત કર્મો બાંધે. આઠ પ્રકારના કર્મ બાંધનાર આઠે બાંધે. તેમાં પ્રથમ સમયે ગ્રહણ કરેલ પુદ્ગલો સમુદાન વડે, બીજા વગેરે સમયમાં અલ્પ બહુપ્રદેશપણે આ ક્રમે સ્થાપે. તેમાં આયુષ્યના પુદ્ગલો થોડાં, તેથી વિશેષાધિક નામ અને ગોત્રના પણ પરસ્પર તુલ્ય કર્મ બાંધે. તેથી વિશેષાધિક જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયના બાંધે તેથી વિશેષાધિક મોહનીય કર્મના બાંધે. તેથી અધિક વેદનીય બાંધે.

*(અહીં વૃત્તિમાં “પંચમી વિભક્તિ”ને બદલે ષષ્ઠી કે સપ્તમી કેમ નહીં ? તેવા પ્રકારનો પ્રશ્ન અને તેનું સમાધાન છે. જે અહીં નોંધેલ નથી.)*

હવે **ઇર્યાપથિક** કહે છે — 'ઈર્' ધાતુનો અર્થ ગતિ અને પ્રેરણા છે. તેને ભાવમાં ય પ્રત્યય લાગી સ્ત્રીલિંગે 'ઈર્યા' શબ્દ બન્યો. તેનો પથ તે 'ઇર્યાપથ' તેને આશ્રીને ઇર્યાપથિક બન્યું. આ ઇર્યાપથ ઉભા રહેનારને પણ થાય. તે ઉપશાંત ક્ષીણ મોહ અને સયોગી કેવળીને હોય છે. કેમકે સયોગી કેવળી પણ નિશ્ચયથી સૂક્ષ્મ ગાત્રના સંચારવાળા હોય છે. કહ્યું છે કે—



હે ભગવન્ ! જે સમયે કેવલી જે આકાશપ્રદેશમાં હાથ કે પગ મૂકે, તે જ પ્રદેશથી તે રીતે પાછો લઈ લેવા સમર્થ છે ?

આ અર્થ સમર્થ નથી. કેમકે કેવલીના શરીરના ભાગો ચલાયમાન હોય છે. ત્યાંથી પાછો લેતા સહેજ પણ ચલાયમાન થઈ જતાં થોડો (પ્રદેશ) ફેર થઈ જાય. આ રીતે સૂક્ષ્મતર શરીર સંસારરૂપ યોગથી જે કર્મ બંધાય તે ઇર્યાપથિક કે ઇર્યા હેતુક કહેવાય. તે બે સમયનું છે. પહેલા સમયે બાંધે, બીજા સમયે વેદે. તે કર્મની અપેક્ષાએ ત્રીજા સમયે અકર્મતા થાય છે. કઈ રીતે ?

પ્રકૃત્તિથી તે સાતાવેદનીય કર્મ છે. કષાયરહિત છે. સ્થિતિનો અભાવ છે. બંધાતા જ ખરી પડે છે. અનુભાવથી અનુત્તરે ઉત્પન્ન દેવ અતિ સુખ ભોગવે છે. પ્રદેશથી તે સ્થૂળ, રૂક્ષ, શુકલાદિ બહુ પ્રદેશવાળા છે. કહ્યું છે—

સ્થિતિથી અલ્પ, પરિણામથી બાદર, અનુભાવથી મૃદુ, પ્રદેશથી બહુ, સ્પર્શ થકી રુક્ષ, વર્ણથી શુક્લ, લેપથી મંદ છે. કરકરી ભૂકી મુઠી ભરીને પોલીસ કરેલ ભીંત પર નાંખતા અલ્પ માત્ર લેપ થાય, તે એક સમયમાં બધું જ દૂર થાય છે. સાતા વેદનીયના બહુપણાથી અનુત્તરોપપાતિકના સુખનું અતિશયપણું છે.

હવે **આધાકર્મ** કહે છે— જે નિમિત્તને આશ્રીને પૂર્વોક્ત આઠ પ્રકારના કર્મ બંધાય તે આધાકર્મ છે. તે શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધાત્મક છે. જેમ શબ્દાદિ કામગુણ વિષયમાં આસક્ત, સુખની ઇચ્છાથી મોહ વડે હણાયેલ ચેતનાવાળો, પરમાર્થથી સુખ નથી તેમાં સુખ માનીને ભોગવે છે. કહ્યું છે—

દુઃખરૂપ વિષયોમાં સુખનું માન કરીને સુખરૂપ નિયમાદિમાં જેની દુઃખરૂપ બુદ્ધિ છે. તે કોતરેલા અક્ષર પદ શ્રેણિ માફક અન્યરૂપે છતાં તે રૂપવાળી વિપરીત ગતિના પ્રયોગથી તેને ખરાપણે માને છે - આ રીતે કર્મ નિમિત્તભૂત અમનોજ્ઞ શબ્દાદિ જ આધાકર્મ છે.

હવે **તપોકર્મ** કહે છે — આઠ પ્રકારના કર્મની બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચીત અવસ્થા છતાં નિર્જરાના હેતુભૂત બાર ભેદે તપોકર્મ છે.

હવે **કૃતિકર્મ** કહે છે — તે જ આઠ પ્રકારના કર્મોને દૂર કરનાર અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સંબંધી નમસ્કાર રૂપ તે કૃતિકર્મ.

હવે **ભાવકર્મ** કહે છે — અબાધાને ઉલ્લંઘીને પોતાના ઉદયથી કે ઉદયકરણ વડે ઉદીર્ણ પુદ્ગલો પ્રદેશ તથા વિપાક વડે ભવ, ક્ષેત્ર, પુદ્ગલ, જીવોમાં અનુભાવ કરાવે, તે ભાવકર્મ શબ્દ નામે ઓળખાય છે. આ રીતે નામાદિ દશભેદે કર્મનો નિક્ષેપ કર્યો. સમુદાનકર્મથી ગૃહિત અધિકાર કહે છે —

**[નિ.૧૮૪-ઉત્તરાર્ધ]** આઠ પ્રકારના કર્મથી અહીં અધિકાર છે - x - x - હવે સૂત્રાનુગમમાં મૂળ સૂત્રને જણાવે છે—

● સૂત્ર-૬૩ :-

*જે મૂળ [શબ્દાદિ વિષય] છે તે ગુણસ્થાન [સંસારનું કારણ] છે. જે મૂળસ્થાન છે, તે ગુણ છે. આ રીતે તે વિષયાર્થી અતિ પરિતાપથી પ્રમત્ત થઈને જીવન વિતાવે છે. તે આ પ્રમાણે - મારી માતા, મારા પિતા, મારો ભાઈ, મારી બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, સખા, સ્વજન, સંબંધી છે. મારા વિવિધ કે પ્રચૂર ઉપકરણો, પરિવર્તન, ભોજન, વસ્ત્ર છે. આ પ્રમાણે મમત્ત્વમાં આસક્ત થઈને પ્રમત્ત થઈને તેની સાથે નિવાસ કરે છે.*

*તે પુરુષ રાત-દિવસ ચિંતાદિથી આકુળ થઈ કાળે કે અકાળે પ્રયત્નશીલ રહે છે. તે સંયોગાર્થી, અર્થલોભી થઈ લુંટારો, દુઃસાહસી, વિનિવિષ્ટ ચિત્ત થઈ વારંવાર શસ્ત્રપ્રયોગ કરે [હિંસા] છે.*

*આ લોકમાં મનુષ્યનું આયુ ઘણું અલ્પ છે જેમકે —*

● વિવેચન :-

આ સૂત્રનો પરંપર અને અનંતર સૂત્ર સંબંધ જાણવો. તે આ પ્રમાણે—

અનંતર સંબંધ - તે મુનિ પરિજ્ઞાત કર્મા છે. જેને આ મૂળ ગુણાદિ મળેલ છે. પરસ્પર સૂત્ર સંબંધ - જે પોતાની બુદ્ધિ કે તીર્થંકર કે આચાર્યના ઉપદેશથી સાંભળીને જે જાણે અને વિચારે તે જે ગુણ છે, તે મૂળ સ્થાન છે. તેનો પહેલા સૂત્ર સાથે આ સંબંધ છે - सुयं मे आउसंतेण ઇત્યાદિ.

મેં શું સાંભળ્યું ? जे गुणे से૦ અહીં 'जे' સર્વનામ છે. 'गुण' એટલે જેના વડે દ્રવ્ય ગુણાય, ભેદાય કે વિશેષિત થાય તે. અહીં તે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ છે. 'से' સર્વનામ છે 'मूल' એટલે નિમિત્ત, કારણ. પ્રત્યય તે પર્યાયો છે. તે જેમાં રહે તે 'ठाण' છે. મૂળનું સ્થાન તે મૂલસ્થાન તે વાક્યનું વિવેચન કરનાર છે. એ ન્યાયે શબ્દાદિક કામગુણ એ નારકાદિ ગતિમાં સંસરણરૂપ સંસાર છે તેનું મૂળ કારણ કષાયો છે. તે તેઓનું સ્થાન છે. તેથી અમનોજ્ઞ શબ્દાદિની પ્રાપ્તિથી કષાયનો ઉદય થાય છે અને તેથી જ સંસાર છે અથવા 'मूल' એટલે કારણ. તે આઠ પ્રકારના કર્મો જાણવા. તેનું સ્થાન તે કામગુણ છે.

— અથવા 'મૂળ' તે મોહનીય કર્મ. તેનો ભેદ કામ છે, તેનું સ્થાન શબ્દાદિ વિષય ગુણ છે. અથવા 'मूल' તે શબ્દાદિ વિષયગુણ. તેનું 'ठाण' ઇષ્ટ અનિષ્ટ વિષય ગુણના ભેદ વડે વ્યવસ્થામાં રહેલો ગુણરૂપ સંસાર જ છે. અથવા આત્મા પોતે શબ્દાદિ ઉપયોગથી એકપણે હોવાથી તે 'गुण' છે. અને - x - x - શબ્દાદિ વિષય તથા કષાયથી પરિણત આત્મા સંસારનું મૂલ છે. - x - x - આમ સર્વ રીતે સિદ્ધ થાય છે કે જે ગુણ છે તે જ મૂળસ્થાન છે.

**પ્રશ્ન** - વર્તન ક્રિયાને સૂત્રમાં નથી લીધી, તો પ્રક્ષેપ કેમ કરો છો ?

**ઉત્તર** - જ્યાં કોઈ વિશેષ ક્રિયા ન લીધી હોય ત્યાં પણ સામાન્ય ક્રિયા હોય છે. તેથી પહેલાની ક્રિયા લઈને વાક્ય સમાપ્ત કરાય છે - x - x - અથવા મૂલ તે આદ્ય કે પ્રધાન છે અને 'ठाण' તે કારણ છે. અહીં મૂલ અને કારણ નો કર્મધારય



સમાસ કરતા એવો અર્થ થાય કે - જે શબ્દાદિ ગુણ છે, તે જ મૂળ સ્થાન સંસારનું પ્રધાન કારણ છે બાકી પૂર્વવત્ જાણવું.

- x - x - ગુણ અને મૂલ સ્થાનનો કાર્ય-કારણ ભાવ સૂત્ર વડે જ બતાવે છે. સંસારનું મૂળ કે કર્મનું મૂળ કે કષાયોનું સ્થાન તે શબ્દાદિ ગુણ પણ આ જ છે. અથવા કષાય મૂળ શબ્દાદિનું જે સ્થાન છે, તે કર્મ સંસાર છે અને તે તે સ્વભાવની પ્રાપ્તિથી ગુણ પણ તે જ છે. અથવા શબ્દાદિ કષાય પરિણામ મૂળ જે સંસાર અથવા કર્મનું જે સ્થાન મોહનીય કર્મ છે, તે શબ્દાદિ કષાય પરિણત આત્મા છે, તેના ગુણની પ્રાપ્તિથી ગુણ પણ તે જ છે - x - x - x - આ રીતે જે ગુણ કે ગુણોમાં વર્તે છે તે મૂળ સ્થાન કે મૂળ સ્થાનોમાં વર્તે છે. જે મૂળ સ્થાન આદિમાં વર્તે છે, તે જ ગુણોમાં વર્તે છે.

જે જીવ પૂર્વ વર્ણિત શબ્દાદિ ગુણોમાં વર્તે, તે જ સંસાર મૂળ કષાયાદિ સ્થાન વગેરેમાં વર્તે છે - x - x - વળી આ પણ જાણો કે - જે ગુણ છે, તે જ મૂલ છે અને તે જ સ્થાન છે. જે મૂલ છે તે જ ગુણ અને સ્થાન પણ છે. જે સ્થાન છે તે જ ગુણ અને મૂળ પણ છે. આ પ્રમાણે બીજા વિકલ્પોમાં પણ યોજવું.

વિષય નિર્દેશમાં વિષયી પણ કહી દીધો. જે ગુણમાં વર્તે છે, તે જ મૂળ સ્થાનમાં વર્તે છે. આ પ્રમાણે બધે જાણવું. હવે સૂત્રના અનંત અર્થપણાને કહે છે—

અહીં કષાયાદિને મૂળ બતાવ્યું. કષાયો ક્રોધાદિ ચાર છે. અનંતાનુબંધી આદિ ચાર ભેદે ક્રોધ છે. અનંતાનુબંધીના અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પ્રમાણ બંધના અધ્યવસાય સ્થાન જાણવા. તેના પર્યાય પણ અનંતા છે. તેથી પ્રત્યેકને સ્થાન ગુણના નિરૂપણ વડે સૂત્રનું અનંત અર્થપણું થાય છે. - x - x - અહીં થોડામાં દિગ્દર્શન રૂપે બતાવ્યું છે - x - તિક્ષ્ણ બુદ્ધિવાળાએ ગુણ સ્થાનોના પરસ્પર કાર્ય-કારણ ભાવની સંયોજના કરવી. - x - x -

હવે સૂત્રમાં 'इति' શબ્દ છે. તે હેતુના અર્થમાં છે. એટલે જે શબ્દાદિ ગુણથી વ્યાપ્ત આત્મા, તે કષાયના મૂલ સ્થાનમાં વર્તે છે. 'गुणट्ठी' બધાં પ્રાણીઓ ગુણના પ્રયોજનવાળા છે. ગુણાનુરાગી છે. તેથી ગુણની અપ્રાપ્તિ કે પ્રાપ્તનો નાશ થતાં ઇચ્છા અને શોક વડે તે પ્રાણી ઘણાં પરિતાપ વડે શરીર-મનના સંબંધી દુઃખોથી અભિભૂત થાય છે. થઈને વારંવાર તે-તે સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પ્રમત્ત બને છે. આ પ્રમાદ રાગ-દ્વેષ રૂપ છે. રાગ વિના પ્રાયઃ દ્વેષ ન થાય. રાગ પણ ઉત્પત્તિથી માંડીને અનાદિના અભ્યાસથી માતા-પિતાદિમાં થાય.

[તેથી સૂત્રમાં કહે છે] - માતા સંબંધી રાગ. સંસારના સ્વભાવથી ઉપકાર કરવાથી માતાનો રાગ થાય છે. તેથી 'મારી માતા ભૂખ, તરસથી ન પીડાઓ' માની પુત્ર ખેતી, વેપાર, નોકરી થકી પ્રાણિહિંસારૂપ ક્રિયા કરે છે. તે ઉપઘાતકારી ક્રિયામાં વર્તતા કે માતાને અકાર્યમાં પ્રવર્તતા જાણી દ્વેષ કરે છે. જેમ - અનંતવીર્ય પ્રત્યે આસક્ત રેણુકા પ્રત્યે પરસુરામને દ્વેષ થયો.

એ જ પ્રમાણે પિતા નિમિત્તે રાગ-દ્વેષ થાય. જેમ પરસુરામે પિતાના રાગથી તેને

હણનાર પ્રત્યે દ્વેષ લાવીને સાત વાર ક્ષત્રિયોને મારી નાખ્યા. તેના કારણે સુભૂમ ચક્રવર્તીએ એકવીસ વાર બ્રાહ્મણોને મારી નાંખ્યા.

કોઈ બહેનના નિમિત્તે ક્લેશ પામે છે. જેમ ચાણક્યે બેન બનેવીથી અપમાનીત પત્નીની પ્રેરણાથી નંદરાજા પાસે દ્રવ્યાર્થે જતાં કોપથી નંદકુળનો ક્ષય કર્યો. કોઈ ''પુત્ર જીવતા નથી'' માનીને આરંભ કરે છે. કોઈ ''મારી દીકરી દુઃખી છે'' માની રાગદ્વેષથી મૂઢ બની પરમાર્થને ન જાણતો એવા કૃત્યો કરે છે, જેનાથી આલોક પરલોકમાં નવા દુઃખોને ભોગવે છે. જેમ જરાસંઘે જમાઈ કંસના મરણથી પોતાના લશ્કરના અહંકાર વડે વાસુદેવ કૃષ્ણ પર કોપ કર્યો, તો પોતાના વાહન અને સેના સહિત વિનાશ પામ્યો. કોઈ પુત્રવધૂ અર્થે આરંભ કરે.

કોઈ મિત્ર, સ્વજન, પરિચિત, પિતરાઈ, પૂર્વ સ્વજન માતા-પિતાદિ, પછીના સ્વજન શ્વસૂરાદિ. હાલ દુઃખી છે માનીને શોક કરે.

વિવિત્ત - *[ચૂર્ણિમાં વિચિત્ત પાઠ પણ છે]* જુદા જુદા - શોભન કે પ્રચુર એવા હાથી, ઘોડા, રથ, આસન, પલંગાદિ ઉપકરણો. તેનાથી બમણાં, ત્રણ ગણાં રાખીને બદલે તે 'પરિવર્તન.' તથા ભોજન, આચ્છાદન આદિ નષ્ટ થશે માનીને રાગદ્વેષ કરે. આ પ્રમાણે અર્થમાં આસક્ત લોક તે માતા, પિતા આદિના રાગાદિ નિમિત્ત સ્થાનોમાં આમરણ પ્રમત્ત બની આ મારા કે હું તેમનો સ્વામી કે પોષક છું માનીને મોહિત મનવાળો થઈને રહે છે. કહ્યું છે કે—

મારા પુત્રો, મારા ભાઈ, મારા સ્વજન, મારા ઘર-સ્ત્રી વર્ગ છે. એમ પશુની માફક મે-મે બોલતા માણસને મૃત્યુ હરી જાય છે. પુત્ર, પત્નીના પરિગ્રહ-મમત્ત્વથી માણસ નાશ પામે છે. જેમ કોશેટો બનાવનાર કીડો કોશેટાના પરિગ્રહથી દુઃખને-મરણને પામે છે. નિર્યુક્તિકાર આ વાતને કહે છે—

**[નિર્યુક્તિ-૧૮૫,૧૮૬]** નારકાદિ ચતુર્ગતિ સંસાર કે માતા પિતા પત્નીના સ્નેહ લક્ષણ રૂપ સંસાર મૂળથી છેદવા ઇચ્છનાર આઠ પ્રકારના કર્મોને મૂળથી ઉખેડી નાંખે છે. તે ઉખેડવા માટે તેના કારણભૂત કષાયોનો છેદ કરવો. કષાય છેદ માટે માતા-પિતાનો સ્નેહ ત્યાગે. જો તેમ ન કરે તો - x - x - જન્મ, જરા, મરણાદિના દુઃખ ભોગવે છે. આ રીતે કષાય, ઇન્દ્રિયાદિમાં પ્રમત્ત માતા-પિતાદિ માટે ધન મેળવવા અને તેનું રક્ષણ કરવા ફક્ત દુઃખ જ ભોગવે છે. આ જ વાત સૂત્રકારશ્રી એ પણ આ સૂત્રમાં કહી છે. કહ્યું છે—

આ સાર્થ ક્યારે જશે ? માલ શું છે ? ક્યાં જવું છે ? ક્રય-વિક્રયનો કયો કાળ છે ? ક્યાં, કોના વડે કાર્ય સિદ્ધ થશે ? ઇત્યાદિ ચિંતામાં બળતો રહે છે.

કાળ-કર્તવ્ય અવસર, અકાળ-અયોગ્ય સમય. કાળનું કામ અકાળે કરે, અકાળનું કામ કાળે કરે, બંનેમાં કામ કરે કે ન કરે. એ રીતે અન્યમનસ્ક બની કાળ-અકાળના વિવેક વગરનો રહે. જેમ ચંડપ્રદ્યોત રાજાએ વિધવા બનેલ મૃગાવતીના કહેવાથી મોહીત બની જે કાળે કીલ્લો લેવાનો હતો તે કાળે ન લેતાં કિલ્લાને નવો કરાવ્યો, પછી તે જીતી ન શક્યો. પણ જે યોગ્ય કાળે ક્રિયા કરે છે તે બાધા



રહિતપણે સર્વ ક્રિયા કરે છે.

આઠ માસમાં તથા આયુષ્યની પૂર્વ વયમાં મનુષ્યે તે કર્તવ્ય કરી લેવું જોઈએ કે જેથી અંતે - પશ્ચાત્ કાળમાં સુખને પામે.

મૃત્યુની માફક ધર્માનુષ્ઠાનમાં કોઈ અકાળ હોતો નથી. તો પછી શા માટે કાળ-અકાળનો સમુત્થાયી થાય છે. તેથી કહે છે - જેને પ્રયોજન છે, તે તેને માટે [સંજોગોને માટે] કરે છે. તેમાં ધન, ધાન્ય, સોનું, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય, સ્ત્રી આદિ જે સંયોગ. તે માટે અથવા શબ્દાદિ વિષય સંયોગ કે માતાપિતાદિ સંયોગને લીધે, તેના અર્થી કાળ-અકાળ સમુત્થાયી થાય છે.

અટ્ટાલોભી - અર્થ એટલે રત્નકુપ્યાદિ. તેમાં અત્યંત લોભ જેને હોય તે મમ્મણ વણિગ્ માફક કાલ-અકાલ સમુત્થાયી થાય છે. આ વણિક અતિ ધન હોવા છતાં યૌવનવયમાં સુખનો ભોગ છોડીને, દેશ-વિદેશમાં વેપાર કર્યો. ભર ચોમાસે મૂશળધાર વરસાદમાં પણ પુરમાં તણાઈને આવેલા લાકડાં લેવા ગયો. ધનનો ઉપભોગ ન કર્યો. શુભ પરિણામ છોડી ફક્ત ધન ઉપાર્જન રત જ રહ્યો. કહ્યું છે કે, ''ધન લોભી ખનન, ઉત્ખનન, હિંસા કરે છે. રાત્રે સુવે નહીં દિવસે સાશંક રહે છે. કર્મથી લેપાય છે, પડી રહે છે. લજ્જાસ્પદ કૃત્ય કરે છે. ખાવા કહે તો પણ વ્યાપારથી નિર્વૃત્ત થયા પહેલો ખાતો નથી, નહાતો નથી, ઘેર રહેતો નથી, ''બહુ કામ છે હજી'' તેમ બોલે છે. લોભીના અશુભ વેપાર—

આલુંપ - લોભથી હણાયેલા અંતઃકરણ વાળો, કર્તવ્ય-અકર્તવ્ય વિવેક રહિત, અર્થ-લોભમાં જ દૃષ્ટિવાળો, આ લોક પરલોકમાં દુઃખ આપનારી ગળા કાપવા આદિ ક્રિયા કરનાર એવો લોભી હોય છે.

સહસક્કાર - પૂર્વા પર દોષ વિચાર્યા વિના એકદમ કાર્ય કરનારો. જેમકે લોભાંધકારથી આચ્છાદિત દૃષ્ટિવાળો, ધનમાં જ વૃત્તિવાળો, 'શકુંત' પક્ષી માફક લોભી માત્ર ધનમાં લુબ્ધ મનવાળો હોય છે, પણ વિપાકને જોતો નથી.

વિણિવિટ્ઠચિત્ત - અનેક પ્રકારે અર્થ ઉપાર્જનમાં જ જેનું ચિત્ત છે તે. જેનું ચિત્ત માતાપિતાના રાગમાં કે શબ્દાદિ વિષયોપભોગમાં છે તે તથા જો ચિત્ત નું ચિટ્ઠ પાઠાંતર લઈએ તો વિશેષે કરીને કાય, વચન, મનના ચંચળત્વથી ધન પેદા કરવામાં જ રાતદિવસ ચિત્ત રાખનાર.

આવો સંયોગાર્થી, અર્થલોભી, આલુંપ, સહસાકાર, વિનિવિષ્ટ ચિત્તવાળો હવે પછીથી શું શું કરે ? - અહીં માતા-પિતાદિમાં કે શબ્દાદિ વિષય સંયોગમાં વિનિવિષ્ટ ચિત્તવાળો પૃથ્વીકાયાદિ જંતુની હિંસામાં પુનઃ પુનઃ પ્રવર્તે છે અને વારંવાર શસ્ત્રમાં પ્રવૃત્તિ કરે છે. આ શસ્ત્ર સ્વકાય-પરકાય ભેદે છે.

એત્થ સત્થે નું એત્થ સત્તે પાઠાંતર છે. તે મુજબ - માતા, પિતા, શબ્દાદિ સંયોગમાં લોભાર્થી થઈ, ગૃદ્ધ બનીને વારંવાર તેમાં એકચિત્ત થઈને ધર્મકર્મ લોપીને, વિચાર્યા વિના, કાળ-અકાળને ન જોતો પાપમાં પ્રવર્તે છે.

જો હાલના જીવોને અજરામરત્વ કે દીર્ઘાયું હોય, પણ તે બંને નથી તેથી કહે

છે - अप्प એટલે થોડું, च - અધિક વચન છે, खलु - નિશ્ચયાર્થે છે, आयु એટલે ભવસ્થિતિ હેતુ કર્મ પુદ્‌ગલો 'इह' એટલે સંસાર કે મનુષ્યભવમાં, एगेहिं એટલે કોઈક, 'माणवाणं' એટલે મનુષ્યોના. હવે વાક્યાર્થ—

આ સંસારમાં કેટલાંક મનુષ્યનું અંતમુહૂર્ત માત્ર આયુ છે, તે ત્રણ પલ્યોપમ સુધી પણ હોય. તેમાં સાધુપણું અલ્પકાળ છે. તથા અંતમુહૂર્તથી કિંચિત્ ન્યૂન કરોડ પૂર્વનું આયુષ્ય છે. જેમાં સાધુપણું ઉદયમાં આવે છે - x - x - કહ્યું છે કે, ઉત્કૃષ્ટ યોગમાં બંધ અધ્યવસાય સ્થાનમાં આયુષ્યનો જે બંધ કાળ છે, તે ઉત્કૃષ્ટ કાળ બાંધીને, જે દેવ-કુરુ આદિમાં જન્મે, તે જલ્દી બધુ આયુ છોડીને તિર્યંચ અને મનુષ્યમાં અપવર્તન થાય છે. તે અપર્યાપ્ત અંતર્મુહૂર્તનું અંતર જાણવું, ત્યારપછી અપવર્તન થાય છે.

સામાન્યથી સોપક્રમવાળાને સોપક્રમ અને નિરૂપમક્રમવાળાને નિરૂપમક્રમ આયુષ્ય હોય છે જ્યારે જીવને પોતાનું આયુષ્ય ત્રીજે ભાગે કે ત્રીજાના ત્રીજા ભાગે બાકી રહે. અથવા જઘન્યથી એક, બે કે ઉત્કૃષ્ટથી સાત, આઠ વર્ષે કે અંતકાળે અંતર્મુહૂર્ત કાળ પ્રમાણથી પોતાના આત્મપ્રદેશોને નાડિકાના અંતરમાં રહેલા આયુષ્ય કર્મ વર્ગણાના પુદ્‌ગલોને પ્રયત્ન વિશેષથી રચના કરે છે. તે વખતે નિરૂપક્રમ આયુષ્યવાળો થાય છે અન્યદા સોપક્રમ આયુષ્ય થાય.

ઉપક્રમ ઉપક્રમના કારણથી થાય. તે આ પ્રમાણે - દંડ, કસ, શાસ્ત્ર, દોરી, અગ્નિ, પાણી, પડવું, ઝેર, સાપ, શીત, ઉષ્ણ, અરતિ, ભય, ભુખ, તરસ, રોગ, મૂત્ર-મળ નિરોધ, જીર્ણ-અજીર્ણમાં ઘણું ભોજન, ઘર્ષણ, ઘોલણ, પીડન આ બધાં આયુષ્યના ઉપક્રમના કારણો છે. કહ્યું છે કે—

મનુષ્યો સ્વ-પરથી આમતેમ દોડતી આવતી આપત્તિવાળા છે. તેમાં તેમની નિપુણતા જુઓ કે ક્ષણ માત્ર અહીં જે જીવે છે. મોઢામાં કૃળ છે, ઘણી ભૂખ છે, સ-રસ અને થોડું ભોજન છે. તે કેટલો કાળ ચવાઇને દાંતમાં રહેશે ? ઉચ્છ્‌વાસની મર્યાદાવાળા પ્રાણ છે. તે ઉચ્છ્‌વાસ પોતે પવન છે. પવનથી વધુ કોઈ ચંચળ નથી, તો પણ ક્ષણિક આયુમાં મોહ કરે છે.

વળી જેઓ દીર્ઘાયુ છે. તેઓ પણ ઉપક્રમના કારણાભાવે આયુ ભોગવે છે. મરણથી અધિક પીડાદાયી વૃદ્ધત્વથી પીડાયેલા જઘન્યતમ અવસ્થાને અનુભવે છે. તે હવે સૂત્રકારશ્રી બતાવે છે —

**● સૂત્ર-૬૪ :-**

***શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસ અને સ્પર્શના પ્રજ્ઞાનના પરિહીન [સર્વથા દુર્બળ] થતાં, યૌવનને જલ્દીથી જતું જોઈને તે એકદા મૂઢભાવ પામે છે.***

**● વિવેચન :-**

ભાષારૂપે પરિણમેલા પુદ્‌ગલોને સાંભળે તે શ્રોત્ર એટલે કાન, દ્રવ્યથી તે કદંબ પુષ્પાકાર છે. ભાવથી ભાષા દ્રવ્ય ગ્રહણ લબ્ધિ ઉપયોગ સ્વભાવ જાણવો. આ કાન વડે ચોતરફથી થતું શબ્દાદિ જ્ઞાન તે પરિજ્ઞાન. આ પરિજ્ઞાનમાં વૃદ્ધત્વ કે રોગ-



ઉદયથી શ્રવણ શક્તિ હીન થતાં મૂઢતા પામે છે. કર્તવ્ય-અકર્તવ્યનું અજ્ઞાનપણું ઇન્દ્રિયશક્તિ-ક્ષતિથી આવે છે. હિતા-હિતનો વિવેક નાશ પામે છે. - x - x - જે કાનના વિષયમાં કહ્યું તે ચક્ષુ આદિમાં પણ સમજવું.

પ્રશ્ન - આત્મા સાથે કાનની જેમ આંખનો પણ સંબંધ છે. તો કાનથી કેમ દેખાતું નથી ? - ઉત્તર - તેમ થવું અશક્ય છે. તેના વિનાશમાં તેની સ્મૃતિનો અભાવ થાય છે અને એવું દેખાય પણ છે કે ઇન્દ્રિયના ઉપઘાતમાં પણ તેના ઉપલબ્ધ અર્થનું સ્મરણ થાય છે. જેમકે બારીમાંથી દેખાયેલો પદાર્થ કોઈ બારી બંધ કરે પછી પણ જોયેલ પદાર્થ યાદ આવે છે. તેમ કાન કે આંખ વડે મંદ અર્થની ઉપલબ્ધિ રહે છે. તેથી આત્મા સાથે દરેક ઇન્દ્રિયનો સંબંધ છે.

પ્રશ્ન - જો એમ છે તો બીજી ઇન્દ્રિયો કેમ ન લીધી ? જેમકે - x - x - જીભ, હાથ, પગ, મળદ્વાર, મૂત્રદ્વાર, મન આ છ ઇન્દ્રિયો કેમ ન લીધી ? આ છ ઇન્દ્રિયો પણ આત્માને ઉપકાર કરે છે. તો તમે અગિયાર ઇન્દ્રિયોને બદલે સ્પર્શાદિ પાંચ ઇન્દ્રિયો જ કેમ બતાવો છો ?

ઉત્તર - આચાર્ય કહે છે એમાં કંઈ દોષ નથી. કેમકે આત્માના વિજ્ઞાનની ઉત્પત્તિમાં વિશેષ ઉપકારકને જ કરણપણે લેવાથી પાંચ જ ઇન્દ્રિયો છે. - x - x - જો કંઈપણ ક્રિયાનું ઉપકારપણું જ કરણ માનીએ તો પાંપણ, પેટ વગેરે પણ લેવા પડે. વળી ઇન્દ્રિયો પોતાના વિષયમાં નિયત હોવાથી એકનું કામ બીજી કરવાને શક્તિમાન નથી. જેમ રૂપ જોવા આઁખ કામ લાગે. આંખના અભાવે કાન વગેરે કામ ન લાગે. જે રસ વગેરે પ્રાપ્ત થતા ઠંડો વગેરે સ્પર્શનો લાભ થાય છે ત્યાં સ્પર્શનું સર્વવ્યાપિત્વ છે. ત્યાં શંકા ન કરવી કે જીભ, જીભ સિવાય સ્પર્શ ઇન્દ્રિયનું પણ કામ કરે છે. હાથ વડે વસ્તુ લેવાય છે. તે હાથ કપાય જાય તો દાંત વડે પણ વસ્તુ લેવાય, ત્યાં એમ ન કહેવાય કે દાંત હાથનું કામ કરે છે. મનનું સર્વ ઇન્દ્રિય પર ઉપકારપણું અમે પણ માનીએ છીએ. - x - x - માત્ર તેને જુદું નથી લીધું. કેમકે જે ઇન્દ્રિય સાથે મન જોડાય છે, તે જ પોતાનો વિષયગુણ ગ્રહણ કરવા માટે વર્તે છે.

પ્રશ્ન - તલપાપડી ખાવામાં પાંચે ઇન્દ્રિયોનો જ્ઞાનાનુભાવ થાય તે કેમ ?

ઉત્તર - તેમ નથી. કેમકે કેવલીને પણ બે ઉપયોગ સાથે ન હોય. તો પછી અલ્પજ્ઞાનીને પાંચ ઉપયોગ કઈ રીતે હોય ? જે સાથે અનુભવનો આભાસ થાય છે, તે મનના જલ્દી દોડવાનું વૃત્તિપણું છે. કહ્યું છે કે—

આત્મા મન સાથે, મન ઇન્દ્રિય સાથે અને ઇન્દ્રિય ઇચ્છિત પદાર્થમાં જાય છે. તે ક્રમ શીઘ્ર બને છે. શું આ મનનો યોગ અજાણ્યો છે કે જેમાં મન જાય છે, ત્યાં આત્મા ગયેલો જ છે ? અહીં આ આત્મા ઇન્દ્રિયોની લબ્ધિવાળો જન્મોત્પત્તિ સ્થાને આરંભે એક સમયમાં આહાર પર્યાપ્તિ નિપજાવે છે. પછી અંતર્ મુહૂર્તમાં શરીર, ઇન્દ્રિયાદિ પર્યાપ્તિ નીપજાવે છે. તે પાંચ ઇન્દ્રિય તે સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર. તેના પણ દ્રવ્ય, ભાવ બે ભેદ. દ્રવ્યેન્દ્રિયના નિર્વૃત્તિ અને ઉપકરણ બે ભેદ, નિર્વૃત્તિના અંતર્ અને બાહ્ય બે ભેદ છે.

- x - x - ઉત્સેધ અંગુલના અસંખ્યેય ભાગ જેટલા શુદ્ધ આત્મપ્રદેશના પ્રતિનિયત ચક્ષુ આદિ ઇન્દ્રિયોના સંસ્થાન વડે અંદર રહેલ વૃત્તિ તે અંતર્ નિર્વૃત્તિ અને - x - x - નિર્માણનામકર્મ જન્ય બાહ્ય વિભાગ તે બાહ્ય નિર્વૃત્તિ. આ બંને નિર્વૃત્તિ ઇન્દ્રિય વડે જેના ઉપર ઉપકાર કરાય તે ઉપકરણ છે, તે ઇન્દ્રિયોના કાર્યોમાં સમર્થ છે. વળી - x - x - નિર્વૃત્તિ ઇન્દ્રિયમાં ઉપઘાત થાય અંદર આત્માની શક્તિ છતાં તેની જોવા વગેરેની ક્રિયા થતી નથી.

ઉપકરણ ઇન્દ્રિય પણ નિર્વૃત્તિ માફક બે પ્રકારે છે. તેમાં આંખની અંદરનું કાળુ, ધોળું, મંડલ છે અને બહાર પાંદડા આકારે પાંપણ આદિ છે આ પ્રમાણે બીજી ઇન્દ્રિયોમાં પણ જાણી લેવું.

ભાવેન્દ્રિય પણ લબ્ધિ-ઉપયોગ બે ભેદે છે. લબ્ધિ એ જ્ઞાન-દર્શન આવરણીય કર્મના ક્ષયોપશમરૂપ છે. જેના સંનિધાનથી આત્મા દ્રવ્યેન્દ્રિય નિવૃત્તિ તરફ જાય છે. તે નિમિત્તે આત્મા મન વડે પદાર્થ ગ્રહણ કરે છે જે ઉપયોગ કહેવાય. - x - x - હવે બધી ઇન્દ્રિયોના આકાર જણાવે છે —

આકારથી કાન કદંબપુષ્પ જેવા, આંખ મશુર જેવી, નાક કલંબુકા પુષ્પ જેવું. જીભ ક્ષુરપ્ર જેવી અને સ્પર્શનેન્દ્રિયનો આકાર વિવિધ પ્રકારનો છે.

વિષય પરિમાણ - કાન બાર યોજનથી આવેલા શબ્દને ગ્રહણ કરે, આંખ ૨૧-લાખ યોજનથી કંઈક દૂરની વસ્તુ ને જુએ, પ્રકાશક વસ્તુ સાતિરેક એક લાખ યોજન હોય તો તેવા રૂપને ગ્રહણ કરે. બાકીની ઇન્દ્રિયો નવ યોજન દૂરના વિષયને ગ્રહણ કરે. જઘન્યથી તો બધી ઇન્દ્રિયનો વિષય અંગુલનો અસંખ્યેય ભાગ માત્ર છે.

મૂળ સૂત્રમાં શ્રોત્ર (કાન)ના પરિજ્ઞાનની હાનિ થતાં શું ? તે બતાવેલ છે. તેનો પરમાર્થ એ છે કે - અહીં સંજ્ઞી પંચેન્દ્રિય જીવને ઉપદેશ-દાનનો અધિકાર છે. જે કાનનો વિષય છે. તેથી તેની પર્યાપ્તિમાં બધી ઇન્દ્રિયોની પર્યાપ્તિ સૂચવી છે. શ્રોત્ર આદિનું વિજ્ઞાન ઉંમર વધતા ઘટે છે. તેથી સૂત્રમાં अभिक्कंतं च આદિ કહ્યું છે—

પ્રાણીઓની કાળકૃત શરીરાવસ્થા યૌવન આદિ વય છે. તે વૃદ્ધાવસ્થા કે મૃત્યુ સામે જતાં ઘટે છે. શરીરની ચાર અવસ્થા છે - કુમાર, યૌવન, મધ્યમ, વૃદ્ધત્વ. કહ્યું છે કે, પહેલી વયમાં વિદ્યા ન ભણ્યો, બીજીમાં ધન ન મેળવ્યું, ત્રીજીમાં તપ ન કર્યો તે વૃદ્ધત્વ-ચોથીમાં શું કરશે ? પહેલી બે અવસ્થા જતાં વૃદ્ધાવસ્થા પ્રતિ વય જાય છે. અથવા અવસ્થા બીજી ત્રણ રીતે છે - કુમાર, યૌવન, વૃદ્ધત્વ. કહ્યું છે—

કુમાર વયમાં પિતા રક્ષા કરે છે, યૌવનમાં પતિ અને વૃદ્ધત્વમાં પુત્રો રક્ષા કરે છે. પણ સ્ત્રી કોઈ અવસ્થામાં સ્વાતંત્ર્ય યોગ્ય નથી.

અથવા બીજી રીતે ત્રણ અવસ્થા છે. બાળ, મધ્ય, વૃદ્ધત્વ. કહ્યું છે કે, દૂધ અને અન્ન ખાનારને સોળ વર્ષ સુધી બાળક કહેવો. સીતેર વર્ષ સુધી મધ્ય અને પછી વૃદ્ધ કહેવો. આ બધી અવસ્થામાં પણ ઉપચયવાળી અવસ્થામાં પણ ઉપચયવાળી અવસ્થા છોડીને આગળ વધેલો અતિક્રાંત વયવાળો જાણવો.



અહીં માત્ર શ્રોત્ર આદિ પાંચના જ્ઞાનની વાત ન લેવી. પણ તેની સાથે શરીરની બીજી શક્તિઓ પણ નાશ થતાં મૂઢત્વ આવે છે. તેથી વય ઓળંગતા તે પ્રાણી નિશ્ચયથી વધુ મૂઢપણું પામે છે. તેથી ઇન્દ્રિયોના જ્ઞાનની હાનિ કે વય વધતા પ્રાણી મૂઢતા-આત્મવિવેક અભાવ પામે છે, આ પ્રમાણે વૃદ્ધત્વમાં મૂઢ ભાવ પામી, પ્રાયઃ લોકમાં તીરસ્કાર યોગ્ય બને છે તે વાત સૂત્રમાં કહે છે—

● સૂત્ર-૬૫ :-

***તે જેમની સાથે રહે છે, તે સ્વજન આદિ તેને અપમાનજનક વચનો કહે છે. પછી તે પણ સ્વજનોની નિંદા કરે છે. તેઓ તારી રક્ષા કરવા કે શરણ આપવા સમર્થ નથી. તું પણ તેની રક્ષા કરવા કે શરણ આપવા અસમર્થ છે.***

***તે વૃદ્ધ હાસ્ય, ક્રિડા, રતિ કે શ્રૃંગારને યોગ્ય રહેતો નથી.***

● વિવેચન :-

બીજા લોકો તો ઠીક, પણ જેની સાથે ઘરમાં રહે છે તે પોતાના સ્ત્રી, પુત્રાદિ પણ વૃદ્ધાવસ્થામાં કે જેને પોતે સમર્થ હતો ત્યારે પોષ્યા હતા, તે તેની અવજ્ઞા કરે છે. કહે છે કે, આ મરતો નથી અને માંચો મુકતો નથી અથવા પરાભવ કરે કે ‘‘હવે આ ડોસો શું કામનો છે ?’’ તેમ કહે. એટલું જ નહીં, પોતે પણ પોતાને નિંદવા યોગ્ય થાય છે તે બતાવે છે - કડચલી પડી છે, હાડકાં જ રહ્યા છે, ઢીલાં પડેલા સ્નાયુ ધારણ કર્યા છે. તે જોઈને પોતે જ પોતાના શરીરની જુગુપ્સા કરે છે, તો સુંદર શરીરવાળી સ્ત્રી નિંદા કરે તેમાં શું નવાઈ ?

- x - x - આ વાત દૃષ્ટાંતથી બતાવે છે - કૌસાંબી નગરીમાં ધનવાન્ અને ઘણાં પુત્રોવાળો ધન સાર્થવાહ હતો. એકલાએ સ્વપ્રયત્નથી ઘણું ધન મેળવેલું. તેના દુઃખી એવા બધાં સ્વજનાદિ માટે તે ધનનો ઉપયોગ કરેલો. ઉંમર વધતાં તે શેઠ વૃદ્ધ થયા. હોશીયાર પુત્રોને બધો કાર્યભાર સોંપી દીધો. પુત્રો પણ તેમનો ઉપકાર માનતા કુળ અનુરૂપ સજ્જનતા ધારણ કરીને રહ્યા. તેમની પત્નીઓ પણ તે વૃદ્ધ શેઠને તેલમર્દન, સ્નાન, ભોજનાદિથી યોગ્ય કાર્ય સંતોષ પમાડતી હતી. કેટલાક કાળ પછી ઘરમાં પુત્ર-પરિવાર, માલ-મિલ્કત વધતાં સ્ત્રીઓ ઘમંડી બની ત્યાં સુધીમાં ધન શેઠ વૃદ્ધ અને પરવશ થઈ ગયો, તેનુ શરીર કંપવા લાગ્યું, બધાં દ્વારો ગળવા લાગ્યા. ઘરની સ્ત્રીઓ ઉપચારમાં પ્રમાદી બની.

આ ડોશો પણ સેવાને ઓછી થતી જોઈ ક્રમશઃ દુઃખમાં ડૂબીને પુત્રવધૂની ફરિયાદ પુત્રોને કરવા લાગ્યો. તેણી બધી પણ પતિના ઠપકાથી ખેદવાળી બનીને થોડી પણ સેવા કરતી બંધ થઈ. બધી ભેગી મળીને પોત-પોતાના પતિને કહેવા લાગી કે આ બુડ્ઢાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે, તેને અમારી સેવાની કદર નથી, જેના પર વિશ્વાસ હોય તેને આ કામ સોંપી દો. - x - x - કાળ ક્રમે પુત્રો પણ ઉપેક્ષા કરવા લાગ્યા. બીજા પાસે ડોશાની નિંદા કરતા થયા. પુત્ર-પુત્રવધૂથી પરાજિત, નોકરોથી અપમાનીત અને અનાદર પામેલો તે દુઃખી દુઃખી થઈ ગયો.

આ પ્રમાણે વૃદ્ધાવસ્થાથી અશક્ત થયેલ શરીરવાળા બીજા પણ અસમર્થ થઈ

લોકોમાં પરાભવ પામે છે. કહ્યું છે કે, શરીર સંકોચાવુ, પગ લથળે, દાંત પડી જાય, આંખો તેજહીન બને, લાળો પડવા લાગે, કોઈ કંઈ માને નહીં, પત્ની કે બંધુ પણ સાંભળે નહીં, આ વૃદ્ધાવસ્થાને ખરેખર ! ધિક્કાર થાઓ.

આ રીતે વૃદ્ધત્વથી હારેલાને સ્વજનો નિંદે છે, તે પણ ગભરાયેલો બનીને બીજા પાસે ઘરનાને નિંદે છે. સૂત્રમાં પણ 'सो वा' શબ્દથી નિર્દેશ કર્યો છે કે સ્વજનો તેની નિંદા કરે છે અથવા વૃદ્ધ દુઃખી થઈને પોતાના સ્વજનોને નિંદે છે અથવા પોતે ખેદયુક્ત થઈને સ્વજનોનું અપમાન કરે છે. કદાચ કોઈ પૂર્વકૃત્ ધર્મી તેનું અપમાન ન કરે, તો પણ તેનું દુઃખ દૂર કરવાને સમર્થ થતા નથી. સૂત્રમાં પણ કહ્યું કે તારા પુત્ર, સ્ત્રી આદિ તારું રક્ષણ કરવા કે શરણ આપવા સમર્થ નથી.

ત્રાણ એટલે આપત્તિમાં તારવાને સમર્થ. જેમ પાણીના પૂરમાં નાવિકના ભરોસે પાર ઉતરીએ તે ત્રાણ કહેવાય. શરણ એટલે જેનો આધાર લઈ નિર્ભય રહેવાય તે. જેમકે કિલ્લો, પર્વત આદિ. કહ્યું છે કે, જન્મ, જરા, મરણના ભયથી પીડાયેલા અને રોગવેદના ગ્રસ્ત પુરુષને જિનવચનથી બીજું કંઈ શરણ લોકમાં નથી.

તે વૃદ્ધ પણ કોઈની હાંસી કરી શકતો નથી, તે પોતે જ હાંસીપાત્ર થયો હોવાથી બીજાની હાંસી કરી હર્ષ પામતો નથી. તે પ્રત્યક્ષ કે પરોક્ષ લોકો વડે હાંસીપાત્ર બને છે. તે કુદવા, તાળી પાળવા આદિ ક્રિડાને યોગ્ય પણ રહેતો નથી. રતિસુખ પણ માણી નથી શકતો. તેનું રૂપ સ્ત્રીઓને ગમતું નથી, ઉલટું તેની નિંદા કરતા સ્ત્રીઓ કહે છે - શરમાતો નથી, તારી જાતને જો - માથે ધોળા આવ્યા, તારી દિકરી જેવી મને પકડવા ઇચ્છે છે આવા વચનો સાંભળી તેને રતિ થતી નથી. તે વિભૂષા યોગ્ય પણ રહેતો નથી કેમકે વળી ગયેલ ચામળીવાળો તે શ્રૃંગાર શોભા પામતો નથી. કહ્યું છે—

તેને શ્રૃંગાર યોગ્ય નથી, હર્ષ નથી, સ્ત્રીને ખુશ કરવાની ચેષ્ટા હોય જ ક્યાંથી ? છતાં તેમ કરવા જાય તો નિશ્ચે અપમાનને પામે છે. યુવાની જતાં જે કંઈ કરે તે શોભતું નથી. ધર્મ છોડીને સ્ત્રીને ખુશ કરવા જે કંઈ કરે તે બધું નિરર્થક છે.

અપ્રશસ્ત મૂલઠાણ કહ્યું, હવે પ્રશસ્ત મૂલસ્થાન કહે છે—

**• સૂત્ર-૬૬ :-**

***આ પ્રકારે ચિંતન કરતો મનુષ્ય સંયમ પાલનમાં ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરે આ જીવનને અવસર સમજી ધીરપુરુષ ઉદ્યમ કરે. કેમકે વય અને યૌવન [બાલ્ય વય પણ] વીતી રહી છે.***

**• વિવેચન :-**

અથવા જે કારણથી તે સ્નેહીઓ રક્ષણ કરવા કે શરણ આપવા સમર્થ નથી. એવું શાસ્ત્રોપદેશથી સમજાય તેણે શું કરવું તે કહે છે—

અપ્રશસ્ત મૂળ ગુણસ્થાનમાં વર્તતા જીવને વૃદ્ધત્વથી પરાજિત થઈને હાસ્ય, ક્રીડા, રતિ અને વિભૂષા માટે યોગ્યતા નથી. તેથી સુખ-દુઃખ એ પ્રાણીને શુભાશુભ કર્મનું ફળ છે, તેમ જાણીને ''શસ્ત્રપરિજ્ઞા'' અધ્યયનમાં કહેલ મહાવ્રતોમાં સ્થિર



રહી વિચારે કે - શાસ્ત્રમાં કહેલ સંયમ અનુષ્ઠાનમાં યોગ્ય રીતે વિહરવામાં તત્પર બની પ્રમાદ ન કરે તથા વિચારે કે - આર્યક્ષેત્ર, ઉત્તમ કુળમાં ઉત્પત્તિ, બોધિ લાભ અને સર્વવિરતિનો અવસર મને મળેલ છે. તેથી તપ, સંયમમાં જરા પણ ખેદ ન પામતાં, ઉક્ત આર્યક્ષેત્રાદિ પ્રાપ્તિથી હર્ષિત થઈ સમજે કે આ યોગ્ય અવસર છે. અનાદિ સંસારમાં ભ્રમણ કરતા ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તેથી 'ધીર' થઈને એક મુહૂર્ત પણ પ્રમાદ ન કરે - x - એક ક્ષણ પણ પ્રમાદ ન કરે. કહ્યું છે કે—

''મનુષ્યપણું પામી, સંસારની અસારતા સમજીને, પ્રમાદથી કેમ બચતો નથી અને શાંતિના માટે કેમ પ્રયત્ન કરતો નથી ?'' તું જોતો નથી કે આ અતિદુર્લભ સંસાર સમુદ્રમાં ભ્રષ્ટ થયેલ મનુષ્યને સંસારી સુખ વિજળી જેવું છે.

પ્રમાદ શા માટે ન કરવો ? તે કહે છે - ઉંમર વીતતી જાય છે, જુવાની જઈ રહી છે. જો કે વય અને યૌવન એક છે, છતાં યૌવનની પ્રધાનતા જણાવવા જુદું કહ્યું, યૌવનમાં ધર્મ, અર્થ, કામ ત્રણે સધાય છે. તે જલ્દી વીતી જાય છે. કહ્યું છે—

જીવિત નદીના વેગ સમાન ચપળ છે. યૌવન પુષ્પ જેવું છે. સુખ અનિત્ય છે. તેથી આ ત્રણે શીઘ્ર ભોગવવા. [નહીં તો ત્રણે વીતી જશે] એમ માનીને સંયમ વિહાર કરવો એ જ શ્રેય છે. પણ જે સંસારના રાગી, અસંયમી જીવનને સુખકારી માને છે, તેમની દશા શું થાય ? તે સૂત્રકાર કહે છે—

**• સૂત્ર-૬૭ :-**

***જે આ જીવન પ્રતિ પ્રમત્ત છે, તે હનન, છેદન, ભેદન, લુંટ, ધાડ, ઉપદ્રવ, ત્રાસ આપવો આદિ કરતો એમ માને છે કે, કોઈએ ન કર્યું હોય તેવું કામ કરીશ. જે સ્વજનાદિ સાથે વસે છે તેઓએ પૂર્વે મારું પોષણ કરેલ. પછી તું તારા સ્વજનોને પોષે છે. તો પણ તે સ્વજનો તને ત્રાણ કે શરણ થતાં નથી. તેમજ તું પણ તેને ત્રાણ કે શરણ દેવા સમર્થ નથી.***

**• વિવેચન :-**

જેઓ પોતાની વય વીતે છે, તેને જાણતા નથી તેઓ વિષય-કષાયમાં પ્રમાદી થાય છે. રાત-દિવસ ક્લેશ પામતા કાળ-અકાળમાં ઉદ્યમ કરી જીવોને ઉપઘાત કરનારી ક્રિયા કરે છે. અપ્રમત્તગુણ મૂલ સ્થાનમાં રહીને વિષય અભિલાષે પ્રમાદી થઈ સ્થાવર-જંગમ જીવોના ઘાતક બને છે. - x - કાન, નાક આદિને છેદનારા, માથું, આંખ, પેટને ભેદનારા, ગાંઠ વગેરે છોડી ચોરી કરનારા, ગ્રામઘાત આદિ વડે તથા વિષ-શસ્ત્રાદિથી પ્રાણ લેનારા, ઢેખાળાદિ મારીને ત્રાસ દેનાર હોય છે. હવે આવી પીડા બીજાને કેમ આપે છે ? તે જણાવે છે—

જે બીજા નથી કરી શકતા તે હું કરી શકું છું એવા અભિમાનથી ધનપ્રાપ્તિ માટે હનન આદિમાં પ્રવર્તે છે. આવા અતિ ક્રૂર કર્મો કરનારો તે સમુદ્ર ઓળંગવાની ક્રિયા કરતો પાપના ઉદયે સર્વસ્વ ગુમાવે છે. - x - જે માતા પિતા આદિ સાથે તે રહે છે - x - જેનું તેણે પૂર્વે પોષણ કર્યું છે - x - તેઓ આપત્તિમાં આવી પડેલ તેને રક્ષણ આપતા નથી, શરણરૂપ થતાં નથી.

આ રીતે સ્વજનો આપત્તિમાં રક્ષણ કરવા કે નિર્ભયસ્થિતિ આપવા સમર્થ નથી એમ સિદ્ધ કર્યું. મેળવેલ ધન પણ રક્ષણ આપતું નથી તે કહે છે–

• સૂત્ર-૬૮ :-

*[મનુષ્ય] ઉપભોગ પછી બચેલી કે સંચિત કરી રાખેલી વસ્તુ બીજાને ઉપયોગી થશે તેમ માની રાખી મૂકે છે. પછી કોઈ વખતે તેને રોગની પીડા ઉત્પન્ન થાય છે, ત્યારે જે સ્વજનાદિ સાથે તે વસે છે. તેઓ જ તેને પહેલા છોડી દે છે. પછી તે પણ પોતાના સ્વજન-સ્નેહીઓને છોડી દે છે, ન તો તે તારી રક્ષા કરવા કે શરણ આપવા સમર્થ છે. ન તું તેની રક્ષા કે શરણ માટે સમર્થ છે.*

• વિવેચન :-

ઉવાઈય એટલે ઉપભુક્ત-ખાધું, ઘણું ખાધુ, થોડું બાકી છે, જે નથી ભોગવ્યું તેનો તું સંચય કરે છે અથવા ઉપભોગને માટે સારી રીતે કે પ્રચુર સુખ માટે દ્રવ્યનો સંચય કરે છે. તે આ સંસારમાં અસંયત કે વેશધારી માત્રના ઉપભોગ માટે જ દ્રવ્યસંચય કરે છે. પરંતુ અંતરાયનો ઉદય થતાં તારી સંપત્તિ તને સહાયક થતી નથી અથવા - x - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના નિમિત્તથી અસાતા વેદનીય કર્મોદયથી રોગ આવતા તું તાવ આદિથી પીડાય છે, ત્યારે [તે ધન કે સ્નેહી તને કંઈ કામ આવતા નથી.]

તે પાપી જ્યારે પાપના ઉદયથી કોઢ, ક્ષય આદિથી પીડાય, નાક, ઝરે, હાથપગ લથળે, હાંફવા લાગે ત્યારે જે માતા, પિતાદિ સાથે તે વસે છે તેઓ જ તેને રોગ ઉત્પન્ન થાય ત્યારે છોડી દે છે. અથવા તેમની ઉપેક્ષાથી પરાભવ પામી તે જ માતા, પિતાદિને છોડી દે છે. કદાચ રોગોત્પત્તિ કાળે તે સ્વજનો તેનો ત્યાગ કરે કે ન કરે, તો પણ તેને રોગથી બચાવવા કે શરણ આપવા સમર્થ થતા નથી. ત્યારે તે રોગીએ શું કરવું ? તે સૂત્રકારશ્રી જણાવે છે–

• સૂત્ર-૬૯ :-

*પ્રત્યેક પ્રાણીના સુખ, દુઃખ પોતાના છે તેમ જાણીને...*

• વિવેચન :-

પ્રત્યેક પ્રાણીના સુખ કે દુઃખ જાણીને અદીન મનથી જ્વર આદિ વેદના ઉત્પત્તિ કાળે એમ વિચારે કે પોતાના કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે માટે હાયહોય કરવી નહીં. કહ્યું છે કે, “હે શરીર ! તું દુઃખનો વિચાર ન કર. સ્વવશતા પણ ફરી તને દુર્લભ છે, જો તું હાય-હોય કરીશ તો પરભવે ઘણાં દુઃખ ભોગવવા પડશે. ત્યાં પરવશતાથી તને વિશેષ લાભ નથી. તેથી જ્યાં સુધી કાન વગેરેની શક્તિ ન હણાય, વૃદ્ધત્વને સ્વજનો નિંદે નહીં, દયા ખાઈને તારું પોષણ કરવાનો વખત ન આવે, રોગી થવાથી ઘરમાંથી કાઢી ન મૂકે ત્યાં સુધી તારો આત્માર્થ સાધી લે - આ વાત બતાવે છે–

• સૂત્ર-૭૦ :-

*વીતી ગઈ નથી તેવી ઉંમરને જોઈને [યુવાનીમાં] આત્મહિત કર.*

• વિવેચન :-

સૂત્રમાં ‘च’ શબ્દ વિશેષપણા માટે છે खलु શબ્દ ‘पुनः’ અર્થમાં છે. વીતતી





જતી ઉંમરને જોઈને સંસારી જીવ મૂઢ ભાવ ધારણ કરે છે એમ સિદ્ધ કર્યું. તેથી યુવાનીમાં આત્મહિત સાધવું જોઈએ. માત્ર યુવાનીમાં જ આત્મહિત સાધવું તેમ નહીં, જ્યારે અવસર મળે ત્યારે આત્મહિત સાધવું તે બતાવે છે–

• સૂત્ર-૭૧ :-

*હે પંડિત ! [હે જીવ !] તું ક્ષણને [અવસરને] ઓળખ.*

• વિવેચન :-

ક્ષણ એટલે ધર્માનુષ્ઠાનનો અવસર. તે આર્યક્ષેત્ર, ઉત્તમ કુલ આદિ છે. તિરસ્કાર, પોષણ અને પરિહાર દોષથી દુષ્ટ એવા વૃદ્ધત્વ, બાલભાવ કે રોગ ન હોય ત્યારે હે આત્મજ્ઞ ! તું ક્ષણ ને ઓળખ અથવા ખેદ પામતા શિષ્યને કહે, હે અનતિક્રાન્ત યૌવન ! પરિવાદાદિ ત્રણ દોષથી મુક્ત, હે આત્મજ્ઞ ! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવભેદથી ભિન્ન અવસરને તું જાણ, બોધ પામ.

**દ્રવ્ય ક્ષણ** - એટલે તું જંગમપણું, પંચેન્દ્રિયત્વ, વિશિષ્ટ જાતિ-કુળ-રૂપ-બળ-આરોગ્ય - આયુ આદિ પામ્યો છે. આવો ઉત્તમ મનુષ્યભવ પામીને સંસારથી પાર ઉતારનાર સમર્થ ચારિત્ર પ્રાપ્તિ યોગ્ય અવસર મળ્યો છે. અનાદિસંસારમાં ભમતા જીવને આ અવસર મળવો દુર્લભ છે. બીજે આ ચારિત્ર મળતું નથી. દેવ, નારક ભવમાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક જ છે. કોઈક તિર્યંચ દેશવિરતિ પામે છે.

**ક્ષેત્રક્ષણ** - જે ક્ષેત્રમાં ચારિત્ર મળે તે, સર્વવિરતિ અધોલોકના ગામો અને તિર્છાલોકમાં જ છે. તિર્છાલોકમાં પણ અઢીદ્વીપમાં પંદર કર્મભૂમિમાં અને ભરતક્ષેત્રની અપેક્ષાએ સાડાપચીશ જનપદમાં જ છે. આ રીતે ક્ષેત્રરૂપ અવસર જાણવો. બીજા ક્ષેત્રોમાં પહેલા બે સામાયિક જ છે.

**કાલક્ષણ** - કાળરૂપ અવસર. આ અવસર્પિણીમાં સુષમદુષમ, દુષમસુષમ, દુઃષમ એ ત્રણ આરા અને ઉત્સર્પિણીમાં ત્રીજા, ચોથા આરામાં સર્વવિરતિ સામાયિકની પ્રાપ્તિ થાય છે. આ નવો ધર્મ પામતા જીવને આશ્રીને કહ્યું. પૂર્વે ધર્મ પામેલા તો તિર્યક્, ઉર્ધ્વ, અધો લોકમાં તથા બધા આરામાં જાણવા.

**ભાવક્ષણ** - બે પ્રકારે - કર્મભાવક્ષણ, નોકર્મભાવ ક્ષણ. કર્મભાવક્ષણ તે કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયમાંથી કોઈપણ પ્રાપ્ત અવસર. તેમાં ઉપશમ શ્રેણીમાં ચારિત્ર મોહનીય ઉપશમ થતા અંતર્મુહૂર્ત કાળ ઔપશમીક ચારિત્ર ક્ષણ છે, તેનો ક્ષય થતાં અંતર્મુહૂર્તની જ છદ્મસ્થ યથાખ્યાત ચારિત્ર ક્ષણ થાય. તેના ક્ષયોપશમ વડે ક્ષાયોપશમિક ચારિત્ર અવસર જાણવો કે જે ઉત્કૃષ્ટથી કિંચિત્ ન્યૂન પૂર્વકોટિવર્ષ છે.

સમ્યક્ત્વ ક્ષણ અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતા આયુવાળાને છે. બીજા કર્મોનું પલ્યોપમના અસંખ્યેયભાગ ન્યૂન સાગરોપમ કોડાકોડિ સ્થિતિવાળા જીવને છે. તેનો ક્રમ આ પ્રમાણે છે–

ગ્રંથિવાળા અભવ્ય જીવોથી અનંતગુણ શુદ્ધિથી શુદ્ધ થયેલ મતિ, શ્રુત વિભંગમાંના કોઈ જ્ઞાનમાંથી કોઈપણ સાકાર ઉપયોગવાળા, ત્રણમાંની કોઈ શુભ લેશ્યાવાળા અશુભ કર્મ પ્રકૃતિના ચાર ઠાણીયા રસને બે ઠાણીઓ કરીને અને

શુભપ્રકૃતિના બે ઠાણીયા રસને ચાર ઠાણીઓ કરી બાંધતો તથા ધ્રુવ પ્રકૃત્તિને પરિવર્તમાન કરતો ભાવપ્રાયોગ્ય બાંધતો જીવ જાણવો.

હવે ધ્રુવકર્મ પ્રકૃત્તિ બતાવે છે - પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, મિથ્યાત્વ, સોળ કષાય, ભય, જુગુપ્સા, તૈજસ-કાર્મણ શરીરો, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ, ઉપઘાત, નિર્માણ, પાંચ અંતરાય; આ ૪૭ પ્રકૃત્તિ હંમેશા બંધાતી હોવાથી તે ધ્રુવ પ્રકૃતિ છે.

મનુષ્ય કે તિર્યંચ પ્રથમ સમ્યકત્વ મેળવે ત્યારે આ ૨૧ પરિવર્તમાન પ્રકૃતિ બાંધે છે - દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિય શરીર - અંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્‌વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, પ્રશસ્ત ત્રસદશક, શાતા વેદનીય, ઉચ્ચગોત્ર. દેવ અને નારક જીવ મનુષ્ય ગતિ - આનુપૂર્વી, ઔદારિક શરીર - અંગોપાંગ, પહેલું સંઘયણ સહિત શુભ પ્રકૃતિ બાંધે. તમસ્તમા નારકી તિર્યંચગતિ - આનુપૂર્વી તથા નીચગોત્ર સહિત પ્રકૃતિ બાંધે છે.

આ અધ્યવસાય ઉત્પન્ન થતા આયુષ્ય ન બાંધતો યથાપ્રવૃત્તકરણ વડે ગ્રંથિને મેળવીને અપૂર્વકરણ વડે મિથ્યાત્વને ભેદીને અંતરકરણ કરીને અનિવૃત્તિકરણ વડે સમ્યકત્વ પામે છે. પછી ઉર્ધ્વ ક્રમથી કર્મ ક્ષીણ થતા વૃદ્ધિ પામતા શુદ્ધ કંડકમાં દેશવિરતિ અને સર્વવિરતિનો અવસર આવે છે.

નોકર્મભાવક્ષણ તે આળસ, મોહ, અવર્ણવાદ, માન આદિના અભાવે સમ્યક્ત્વ આદિ પ્રાપ્તિનો અવસર છે. કેમકે આળસ આદિથી હણાયેલો સંસારથી છુટવા સક્ષમ મનુષ્યભવ પામીને પણ બોધિ આદિ ન પામે.

આળસ, મોહ, અવર્ણ, સ્તંભ, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિક્ષેપ, કુતુહલ, રમણ આ તેર કારણે સુદુર્લભ મનુષ્યપણું પામવા છતાં સંસાર પાર ઉતારનાર હિતકર વાણીને જીવ પામતો નથી.

આ રીતે ચાર પ્રકારે ‘ક્ષણ’ કહી. તેમાં દ્રવ્યક્ષણમાં જંગમત્વ આદિ વિશિષ્ટ મનુષ્ય જન્મ, ક્ષેત્ર ક્ષણમાં આર્યક્ષેત્ર, કાળક્ષણમાં ધર્મચરણકાળ અને ભાવ ક્ષણ ક્ષયોપશમાદિરૂપ છે. આ પ્રમાણે અવસર પામી ધર્મ આરાધવો.

● સૂત્ર-૭૨ :-

***જ્યાં સુધી શ્રોત્ર, નેત્ર, ઘ્રાણ, જીભ, સ્પર્શ [પાંચે] પરિજ્ઞાન પરિપૂર્ણ છે [ત્યાં સુધી] આ વિવિધ પરિજ્ઞાન પરિપૂર્ણ હોય ત્યાં સુધીમાં આત્મહિતને માટે સમ્યક્ પ્રકારે પ્રયત્નશીલ બન - તેમ હું કહું છું.***

● વિવેચન :-

જ્યાં સુધી નાશશીલ, જુગુપ્સનીય કાયાનું શ્રોત્રવિજ્ઞાન વૃદ્ધત્વ કે રોગને કારણે ઓછું ન થાય, આંખ, કાન, જીભ, સ્પર્શ વિજ્ઞાન વિષયગ્રહણમાં મંદતા ન પામે [ત્યાં સુધી ધર્મ કરી લેવો] આવા ઇષ્ટ-અનિષ્ટરૂપ વિવિધરૂપ વડે પ્રકૃષ્ટ જ્ઞાન ક્ષીણતા ન પામે ત્યાં સુધીમાં આત્માર્થ કે જે જ્ઞાન, દર્શન, ચારિત્રાત્મક છે તે સાધી લેવું. બાકી બધું અર્થહીન જ છે અથવા આત્મા માટેનું પ્રયોજન આત્માર્થ છે, તે ચારિત્ર અનુષ્ઠાન



જ છે અથવા ‘આયત’ તે અપર્યવસાનતાથી મોક્ષ જ છે. આ મોક્ષરૂપ અર્થને સાધી લે. અથવા મોક્ષ જ જેનું પ્રયોજન છે એવા દર્શનાદિ ત્રણમાં નિવાસ કર અર્થાત આ અનુષ્ઠાનને આરાધી લે. પછી યૌવન વીત્યુ નથી જાણીને અવસર પામીને શ્રોત્રાદિ વિજ્ઞાન ઓછું થતું જાણી આત્માર્થને આત્મામાં ધારણ કરજે અથવા આત્માર્થ વડે - જ્ઞાનાદિ આત્માને રંજીત કરજે.

આયતાર્થ જે મોક્ષ છે, તે સંસારમાં ફરી આવવું ન પડે તે માટે શાસ્ત્રોક્ત વિધિએ અનુષ્ઠાન વડે આત્માને સ્થાપજે. આ પ્રમાણે સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે જે મેં ભગવંત વર્ધમાન સ્વામી પાસે અર્થથી સાંભળેલ છે, તે જ હું સૂત્રરચના વડે કહું છું.

**અધ્યયન-૨ લોકવિજયના ઉદ્દેશક-૧ ‘‘સ્વજન’’નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ૐ અધ્યયન-૨ ઉદ્દેશક-૨ ''અદૃઢતા'' ૐ

● ભૂમિકા :-

પહેલો ઉદ્દેશો કહ્યો, હવે બીજાની વ્યાખ્યા કરે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે - આ વિષય, કષાય, માતા, પિતા રૂપ લોકના વિજય વડે મોક્ષ પ્રાપ્તિના હેતુભૂત ચારિત્રને જેમ સંપૂર્ણભાવ અનુભવે છે તે રૂપ આ અધ્યયનનો અર્થાધિકાર પૂર્વે કહ્યો છે. તેમાં માતાપિતાદિ લોકનો વિજય કરવાથી રોગ અને વૃદ્ધત્વથી જ્યાં સુધી અશક્ત ન થાય તે પૂર્વે સંયમ-આત્માર્થ આરાધવો. એમ પહેલા ઉદ્દેશામાં કહ્યું. અહીં તે સંયમમાં વર્તતા જીવને કદાચ મોહનીયના ઉદયથી અરતિ થાય કે અજ્ઞાન કર્મ અથવા લોભના ઉદયથી પૂર્વકર્મના દોષને કારણે સંયમમાં દૃઢતા ન રહે તો અરતિ આદિને દૂર કરીને સંયમમાં દૃઢતા થાય તેમ કરવું. તે આ ઉદ્દેશામાં બતાવ્યું છે. અથવા આઠ પ્રકારના કર્મ જેમ દૂર થાય તેમ આ અધ્યયનના અર્થાધિકારમાં કહ્યું છે. તે કર્મ કઈ રીતે ક્ષય પામે તે બતાવે છે—

● સૂત્ર-૭૩ :-

***અરતિથી નિવૃત્ત થયેલ બુદ્ધિમાન સાધક ક્ષણભરમાં મુક્ત થાય છે.***

● વિવેચન :-

પૂર્વસૂત્ર સાથેનો સંબંધ આ પ્રમાણે - આત્માર્થે સંયમને સારી રીતે પાળે. તેમાં જો અરતિ થાય તો અરતિ ન કરે. પરંપર સૂત્ર સંબંધ આ પ્રમાણે - ચારિત્રનો અવસર પામી અરતિ ન કરે તથા પ્રથમ સૂત્ર સાથે આ સંબંધ છે - सुअं मे० ઇત્યાદિ. - x - રમણં એટલે રતિ. તેનો અભાવ તે 'અરતિ'. તે પાંચ પ્રકારના આચારમાં મોહના ઉદયથી કષાય તથા માતાપિતાદિની આસક્તિથી થાય છે. તે સમયે સંસારનો સ્વભાવ જાણેલા બુદ્ધિમાને તે મોહને દૂર કરવો. જો તેમ કરે તો સંયમી થાય. તેમ ન કરે તો કંડરીકની માફક નરકે જાય. જો વિષયાસક્તિમાં રતિ દૂર કરીને દશવિધ ચક્રવાલ સામાચારીમાં રતિ પામે તો પુંડરીકની માફક સંયમમાં રતિ થાય. તેથી કહ્યું—

સંયમમાં રતિ કરવી જેથી કોઈ પ્રકારે બાધા ન આવે તથા આ સિવાય બીજું કોઈ સુખ છે તેવું મનમાં પણ ન લાવે. કહ્યું છે કે, પૃથ્વીતલે શયન, ભીક્ષાનું ભોજન, સહજ અપમાન કે નીચ પુરુષોના દુર્ભાવ છતાં ઉત્તમ સાધુ મોક્ષ માટે નિત્ય ઉદ્યમ કરે તેને મનમાં કે શરીરમાં કોઈ દુઃખ ઉત્પન્ન ન થાય. તૃણ સંથારે રહેલો મુનિ જેણે રાગ, મદ, મોહ ત્યજ્યા છે, તે જે મુક્તિસુખ પામે તે સુખ ચક્રવર્તી ન પામે.

અહીં ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી ચારિત્ર પામનારને ફરી મોહના ઉદયે પાછો જવાની ઇચ્છા થાય તેને આ સૂત્ર વડે ઉપદેશ આપે છે. જે કારણથી સંયમથી પાછો ફરવા ઇચ્છે તેને નિર્યુક્તિકાર અહીં કહે છે—

[નિર્યુક્તિ-૧૯૭] ઉદ્દેશા-૧માં નિર્યુક્તિની ઘણી ગાથા કહી, અહીં એક જ કહી છે. તેથી મંદબુદ્ધિના શિષ્યને શંકા થાય કે આ ગાથા પણ ઉદ્દેશા-૧ ની હશે. તેમ ન થાય માટે ગાથામાં ''ઉદ્દેશક-૨'' શબ્દ મુક્યો. કોઈ કંડરીક જેવા સાધુને



૧૭ ભેદે સંયમમાં મોહનીયના ઉદયથી અરતિ થાય, તેથી સંયમમાં શિથિલતા આવે છે. આ મોહનીયનો ઉદય અજ્ઞાન, લોભ આદિ અંદરના દોષોથી થાય છે. અહીં 'આદિ' શબ્દથી ઇચ્છા, મદન, કામ આદિ લેવા - x - અહીં શિષ્ય શંકા કરે છે કે—

અરતિવાળા બુદ્ધિમાનને આ સૂત્રમાં ઉપદેશ આપ્યો કે સંયમમાં અરતિ ન કરવી. પરંતુ ''સંસારના સ્વભાવથી જ્ઞાત'' એમ કહો તેને અરતિ થાય નહીં. અરતિવાળો થાય તો તે બુદ્ધિમાન ન કહેવાય. એક સ્થાને છાયા અને તાપ જેવો આ વિરોધ કેમ ? કહ્યું છે કે, જેના ઉદયથી રાગસમૂહ ઉત્પન્ન થાય તે જ્ઞાન જ નથી. કેમકે જ્યાં સૂર્યના કિરણો પ્રકાશિત હોય ત્યાં અંધકાર કેમ રહે ? જે અજ્ઞાની મોહથી હણાયેલ ચિત્ત હોય તે વિષયરાગથી સંયમના સર્વે દ્વન્દ્વ શત્રુઓમાં રતિ કરે છે. કહ્યું છે કે, અજ્ઞાનથી અંધ થયેલ, સુંદર સ્ત્રીઓના ઉપાંગોથી વિક્ષિપ્ત કામમાં પ્રીતિ કરે છે અથવા વૈભવનો વિસ્તાર ઇચ્છે છે પણ વિદ્વાનોનું ચિત્ત મોક્ષ માર્ગે લીન રહે છે. કેમકે શ્રેષ્ઠ હાથી પાતળા થડવાળા ઝાડની સાથે પોતાનું શરીર ઘસતો નથી.

સમાધાન - અમે તેને જુઠું કહેતા નથી કેમકે ચારિત્ર પામેલાને આ ઉપદેશ છે. જ્ઞાન વિના ચારિત્ર નથી. કારણ જ્ઞાન છે, કાર્ય ચારિત્ર છે. જ્ઞાનનો વિરોધ અરતિ નથી પણ રતિનો વિરોધ અરતિ છે. તેથી સંયમમાં રતિવાળાને અરતિ બાધારૂપ છે. જ્ઞાનીને પણ ચારિત્ર મોહનીયના ઉદયથી સંયમમાં અરતિ થાય છે. કેમકે જ્ઞાન પણ અજ્ઞાનનું જ બાધક છે, સંયમની અરતિનું બાધક નથી. કહ્યું છે કે—

યથાવસ્તુ વિષયક જ્ઞાન અજ્ઞાનનું બાધક છે. રાગનો શત્રુ 'શમ' માટે બીજા હેતુને સ્વયં જોડતો નથી. જેમ દીવો પોતે અંધારામાં રૂપને પ્રગટ કરે જ છે - આદિ - x - તમે આ સાંભળ્યુ નથી કે ઇન્દ્રિય સમૂહ બળવાન્ છે તેમાં પંડિતો પણ મુંઝાય છે - x - x - આ ઉપદેશ સંયમ વિષયમાં બુદ્ધિમાનને કહેવાય છે કે સંયમમાં અરતિ ન કરવી. સંયમમાં અરતિ દૂર કરનાર ''खणं सि मुक्के'' કહ્યું.

બારીક કાળને ક્ષણ કહે છે - x - તે અતિ સૂક્ષ્મ છે. આઠ પ્રકારના કર્મ કે સંસાર બંધનથી ભરતની જેમ વિષય, રતિ, સ્નેહાદિથી મુક્ત થઈ મોક્ષ પામે છે અને જે ઉપદેશ ન માને તે કંડરીક માફક ચાર ગતિરૂપ સંસારમાં દુઃખી થાય છે. તે કહે છે—

● સૂત્ર-૭૪ :-

***આજ્ઞારહિત આચરણ કર્તા સંયમથી નિવૃત્ત થાય છે. તે મંદબુદ્ધિ મોહથી આવૃત્ત રહે છે. ''અમે અપરિગ્રહી થઈશું'' એમ કહેવા છતાં પ્રાપ્ત થતાં કામભોગોને સેવે છે અને આજ્ઞાથી વિપરીત વર્તી મુનિવેશ લજવે છે આવા મોહની પુનઃ પુનઃ સંજ્ઞાથી તે આ પાર કે પેલે પાર જઈ શકતા નથી.***

● વિવેચન :-

હિતનું ગ્રહણ અને અહિતનો ત્યાગ તે જિનાજ્ઞા છે. તેનાથી વિરુદ્ધ તે અનાજ્ઞા છે. જેઓ આજ્ઞા બહાર થઈને પરીષહ અને ઉપસર્ગથી કંટાળીને અથવા મોહનીયના ઉદયથી કંડરીક આદિની જેમ સંયમથી ભ્રષ્ટ થાય છે, તે જડ પુરુષો કે

જે કર્તવ્ય-અકર્તવ્ય વિવેકથી રહિત છે તેઓ મિથ્યાત્વ કે અજ્ઞાનથી ઘેરાયેલા છે. કહ્યું છે કે, ખરેખર ! ક્રોધાદિ સર્વ પાપોથી પણ અજ્ઞાન મોટું કષ્ટ છે. તેનાથી ઘેરાયેલો પોતાના હિત-અહિતને જાણતો નથી. એ રીતે ચારિત્ર પામ્યા છતાં કર્મના ઉદયથી પરિષહના ઉદયે અંગીકૃત ચારિત્રનો ત્યાગ કરવા ઇચ્છે છે. બીજા સંયમીઓ પોતાની રૂચી પ્રમાણે વૃત્તિ કરીને વિવિધ ઉપાયો વડે લોકો પાસેથી ધન ગ્રહણ કરવા છતાં કહે છે કે અમે સંસારથી ખેદ પામ્યા છીએ. મોક્ષના ઇચ્છુક છીએ તો પણ આરંભ અને વિષયમાં વર્તે છે—

પરિગ્રહ એટલે મન, વચન, કાયાના કર્મ વડે ઘેરાયેલા. તે પરિગ્રહ જેમનામાં નથી તે અપરિગ્રહી અમે થઈશું. એવું શાક્યાદિ મતવાળા માને છે અથવા સ્વમતવાળા પણ સાધુવેશ પહેરી પ્રાપ્ત ભોગોને ભોગવે છે. અહીં પરિગ્રહ ત્યાગની સાથે બીજા મહાવ્રતો પણ ગ્રહણ કરવા. - x - આ રીતે ઠગની માફક જુદું બોલતા પણ જુદુ કરતા એવા કામને અર્થે જ તે-તે પ્રવ્રજ્યા વિશેષને ધારણ કરે છે કહ્યું છે કે—

પોતાની ઇચ્છા મુજબ શાસ્ત્રથી પ્રવ્રજ્યા વેશધારી ક્ષુદ્રો વિવિધ ઉપાયોથી લોકને લુંટે છે. આ વેશધારી સાધુઓ મેળવેલા ભોગ ભોગવે છે અને તેના લાભને માટે તેના ઉપાયોમાં પ્રવર્તે છે. તે કહે છે - આજ્ઞા વિરુદ્ધ સ્વબુદ્ધિએ મુનિવેશને લજાવનારા કામભોગના ઉપાયમાં વારંવાર આરંભમાં પ્રવર્તે છે. કાદવમાં ખુંચેલા હાથીની માફક પોતાને તેમાંથી બહાર કાઢી શકતા નથી. જેમ મહાનદીના પૂર મધ્યે ડૂબેલો આ પાર કે પેલે પાર જવા સમર્થ નથી તેમ ઘર, સ્ત્રી... આદિ છોડી આકિંચન્ય ધારણ કરેલો, ગૃહવાસ ત્યાગી - x - x - ફરી સંસારમાં જવા ઇચ્છે ત્યારે સંયમ કે ગૃહવાસ એકે પામતો નથી. મુક્તોલી માફક ઉભયથી ભ્રષ્ટ થાય છે. કહ્યું છે કે, જેણે ઇન્દ્રિયો ગોપવી નથી, ઇચ્છાનુસાર વિષયસુખ પામ્યો નથી તેણે દુર્લભ મનુષ્યત્વ પામીને પણ કંઈ ભોગવ્યુ નહીં કે કંઈ ત્યજ્યુ નહીં. હવે અપ્રશસ્ત રતિથી નિવૃત્ત, પ્રશસ્ત રતિવાળાને બતાવે છે—

**● સૂત્ર-૭૫ :-**

***જે મનુષ્ય 'પારગામી' છે તે જ ખરેખર 'વિમુક્ત' છે.***

***અલોભથી લોભને પરાજિત કરનારો કામભોગ પ્રાપ્ત થાય તો પણ ન સેવે.***

**● વિવેચન :-**

વિવિધ એટલે અનેક પ્રકાર. દ્રવ્યથી ધન, સ્વજનના પ્રેમથી મુકાયેલા અને ભાવથી - વિષયકષાયથી પ્રત્યેક સમયે મૂકાતા - x - આવા વિમુક્ત પુરુષો સર્વ પ્રાણીને સમાનભાવે ગણી નિર્મમત્વ બની પારગામી બને છે.

'પાર' એટલે મોક્ષ. સંસાર સમુદ્રતટે જવાની વૃત્તિના કારણો જ્ઞાન, દર્શન ચારિત્ર પણ 'પાર' કહેવાય છે. જેમ સારો વરસાદ ચોખાનો વરસાદ કહેવાય છે તેમ જ્ઞાન, દર્શન, ચારિત્રને પાર જવાનો જેમનો આચાર છે તેઓ પૂર્વસંબંધથી મુક્ત થાય છે તેઓ કેવી રીતે સંપૂર્ણ પારગામી થાય ? તે કહે છે—

જો કે આ લોકમાં લોભ બધાને તજવો દુર્લભ છે. જેમ ક્ષપક શ્રેણિમાં શેષ



કષાયો દૂર થયા પછી ઓછો થતા થતા જરા પણ લોભ રહે છે. આવા લોભને અલોભ વડે નિંદતો - પરિહરતો ઇચ્છિત કામભોગ પ્રાપ્ત થાય તો પણ તેને સેવે નહીં. જે પોતાના શરીરમાં પણ મમત્વરહિત છે, તે કામરાગમાં લુબ્ધ ન થાય. અહીં બ્રહ્મદત્ત આમંત્રિત ચિત્રમુનિનું દૃષ્ટાંત જાણવું.

પ્રધાન અંત્ય લોભના ત્યાગથી બીજું પણ ત્યાગેલું જાણવું. તે આ પ્રમાણે - ક્ષમાથી ક્રોધને, માર્દવતાથી માનને, આર્જવતાથી માયાને નિંદીને ત્યાગે છે. સૂત્રમાં 'લોભ'નું ગ્રહણ સર્વ કષાયોમાં તેની મુખ્યતા બતાવે છે તે લોભમાં પ્રવૃત્ત સાધ્ય-અસાધ્યના વિવેકથી શૂન્ય અને કાર્ય-અકાર્યના વિચારથી રહિત થઈ ધનમાં જ દૃષ્ટિ રાખનારો પાપના મૂળમાં રહી સર્વ ક્રિયાઓ કરે છે. કહ્યું છે—

"ધનલોભી પહાડ ચડે, સમુદ્ર તરે, પહાડની ઝાડીમાં ભમે, બંધુને પણ મારે. તે ઘણું ભટકે, ઘણો ભાર વહે, ભૂખ સહે, પાપ આચરે, કુળ-શીલ-જાતિ-વિશ્વાસ-ધૃતિને લોભથી પીડાયેલો ત્યજે છે." તેથી કોઈ નિમિત્ત પ્રાપ્ત થતા લાલચ થાય તો પણ લોભનો ત્યાગ કરવો. બીજા લોભ વિના પણ દીક્ષા લે તે કહે છે—

**● સૂત્ર-૭૬ :-**

***જે લોભથી નિવૃત્ત થઈ પ્રવ્રજ્યા લે છે, તે કર્મરહિત થઈ બધું જાણે છે, જુએ છે. જે "પ્રતિલેખના" કરી, આકાંક્ષા કરતા નથી, તે અણગાર કહેવાય છે.***

***લોભી રાતદિન દુઃખ પામતો, કાળ-અકાળમાં [ધન માટે] ઉધમ કરતો સંજોગાર્થી, અર્થલોભી, લુંટારો, સહસાકાર્ય કરનાર, વ્યાકુળ ચિત્ત થઈ પુનઃ પુનઃ શસ્ત્ર પ્રયોગ કરે છે.***

***તે આત્મબળ, જ્ઞાતિબળ, મિત્રબળ, પ્રેત્યબળ, દેવબળ, રાજબળ, ચોરબળ, અતિથિબળ, કૃપણબળ, શ્રમણબળના સંગ્રહ માટે વિવિધ કાર્યો દ્વારા અપેક્ષાથી, ભયથી, પાપમુક્તિની ભાવનાથી કે લાલસાથી દંડ પ્રયોગ કરે છે.***

**● વિવેચન :-**

*[ચૂર્ણિમાં સૂત્રમાં कोयि पुण विणा वि लोभेण निक्खमइ जहा भरहो राया એવો વિશેષ પાઠ છે.]* ભરત ચક્રી આદિ કોઈ લોભના કારણ વિના પણ દીક્ષા લઈને અથવા સંજ્વલન લોભને મૂળથી દૂર કરીને ઘાતીકર્મ ચતુષ્ટયને દૂર કરીને આવરણરહિત જ્ઞાન પામી વિશેષથી જાણે છે, સામાન્યથી જુએ છે. કહ્યું છે કે, આવો લોભ છે, તેનો ક્ષય થતાં મોહનીયકર્મ ક્ષય પામતાં અવશ્ય ઘાતીકર્મ ક્ષય થાય છે. તેથી નિર્મળ જ્ઞાન પ્રગટે છે. તેથી ભવોપગ્રાહી કર્મ પણ દૂર થાય છે. આ રીતે લોભ દૂર થતા 'અકર્મા'' થાય તેમ કહ્યું.

આ રીતે લોભ ત્યાગ દુર્લભ છે. તેના ત્યાગથી અવશ્ય કર્મક્ષય થાય છે. તેથી પ્રત્યુપ્રેક્ષણ અર્થાત્ ગુણ-દોષના વિચારથી અથવા લોભનો વિપાક વિચારી તેના અભાવમાં ગુણને ચાહીને લોભનો ત્યાગ કરે. જે અજ્ઞાનથી મનમાં મુંઝાયેલ છે તે અપ્રશસ્ત મૂળગુણ સ્થાનમાં રહી વિષય-કષાયાદિથી દુઃખ પામે છે. એ બધું સારા સાધુ યાદ કરે કે - x - x - લોભ ગૃદ્ધ સકર્મા કંઈ જાણતો કે જોતો નથી. ન જોવાથી

વિવેકરહિત બનીને ભોગોની ઇચ્છા કરે છે અને ઉદ્દેશા-૧માં "અપ્રશસ્ત મૂલગુણ સ્થાનમાં બતાવ્યું, તે અહીં જાણવું.

[ઉત્તમ સાધુ વિચારે કે-] લોભી રાત-દિન દુઃખ પામતો, અકાળે ઉઠતો, ભોગ વાંછુક, અર્થલોભી, લુંટારો, વિચાર વગરનો, વ્યાકુળ બની, પૃથ્વી વગેરે જીવોનો ઉપઘાત કરી વારંવાર આરંભમાં વર્તે છે. વળી તે શરીર શક્તિ વધારવા વિવિધ ઉપાયો વડે આલોક-પરલોકના સુખની નાશક ક્રિયા કરે છે. તે માટે - માંસથી માંસ પોષાય એમ કરી પંચેન્દ્રિય જીવોને હણે છે. ચોરી આદિ કરે છે. એ જ પ્રમાણે સગા અને મિત્રોને પુષ્ટ કરે છે જેથી તે આપત્તિમાં હોય તો તેઓ કામ લાગે. પ્રેત્યબળ વધારવા ઘેટાને હણે છે. દેવબળ માટે નૈવેદ્ય કરે છે. રાજબળ માટે રાજાને સેવે છે. ચોર ગામે વસતિ કે ચોર ભાગ માટે ચોરને પોષે છે. અતિથિબળ વધારવા તેને ચાહે છે. જો કે અતિથિ નિસ્પૃહ કહેવાય છે. કહ્યું છે—

જે મહાત્માએ તિથિપર્વોત્સવો તજ્યા છે, તે અતિથિ કહેવાય. બાકીના બધાં અભ્યાગત જાણવા. તેને માટે પણ પ્રાણીને દંડ ન આપવો. એ પ્રમાણે કૃપણ શ્રમણ આદિ માટે પણ જાણવું. આ રીતે પૂર્વોક્ત વિવિધ પિંડદાનાદિ કાર્યો વડે જીવોને દુઃખ આપે છે. તેને અલ્પલાભને બદલે મહાદુઃખ જાણીને મારે તે પાપ ન કરવું જોઈએ. છતાં અજ્ઞાન કે ભયથી તેવા પાપો કરે છે.

આ પ્રમાણે આ ભવને આશ્રીને દંડસમાદાનના કારણો કહ્યા. હવે ભાવિને માટે પરમાર્થ ન જાણતો કેવા દંડ સમાદાન કરે તે બતાવે છે - પાપના મોક્ષ માટે દંડસમાદાનમાં પ્રવર્તતો તે છકાય જીવના ઘાતક શસ્ત્ર એવા અગ્નિમાં પીપળા આદિના લાકડાને હોમે છે. વિવિધ ઉપાયોથી પ્રાણિઘાત કરતા પાપ નાશ થાય તેમ માને છે. વળી પિતા આદિના શ્રાદ્ધને માટે ઘેટા વગેરેનું માંસ રાંધીને બ્રાહ્મણો જમાડી વધેલું પોતે ખાય છે. આ પ્રમાણે અજ્ઞાનથી હણાયેલ બુદ્ધિવાળો તે વિવિધ ઉપાયો વડે પાપથી છુટવાના બહાને દંડ ઉપાદાન રૂપ પ્રાણીઓને દુઃખ આપનારી તે-તે ક્રિયાઓ કરે છે અને અનેક શત કરોડ ભવે ન છુટાય તેવા ઘોર પાપ કરી નવા પાપ બાંધે છે અથવા અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી દંડ સમાદાન-પ્રાણિ હિંસા કરે છે. તે આ પ્રમાણે—

આ મને પરલોકમાં કે આલોકમાં પછીથી કંઈક ઉચ્ચ પદ અપાવશે એવી ઇચ્છાથી પાપકાર્યમાં પ્રવર્તે છે. અથવા ધનની આશાથી રાજાને સેવે છે. કહ્યું છે કે, રાજાને ખુશ કરી પછી ધન મેળવશું જેથી સતત સુખ ભોગવીએ. આવી આશાથી ધનમાં મોહિત માનસથી આખી જીંદગીનો કાળ વીતી જાય છે. ધનના અર્થીઓ 'સૌનું પડે અને મન જડે'' એ આશાએ ક્રીડા કરે છે.

આ પ્રમાણે જાણીને [ઉત્તમ સાધુએ] શું કરવું તે કહે છે—

● **સૂત્ર-૭૭ :-**

***આ જાણીને મેધાવી પુરુષ સ્વયં હિંસા કરે નહીં, બીજા પાસે હિંસા કરાવે નહીં, હિંસા કરતા બીજાને અનુમોદે નહીં. આ માર્ગ આર્યપુરુષોએ બતાવ્યો છે,***



***તેથી કુશળ પુરુષો દંડ સમારંભ-હિંસામાં લેપાય નહીં. તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

અધ્યયન-૧ "શસ્ત્રપરિજ્ઞામાં સ્વકાય-પરકાયાદિ ભેદથી શસ્ત્ર કહ્યા છે. આ અથવા વિષય, કષાય, માતા, પિતાદિ અપ્રશસ્તગુણ મૂલસ્થાન કહ્યા તે તથા કાળ-અકાળ સમુત્થાન ક્ષણ પરિજ્ઞાન શ્રોત્રાદિ વિજ્ઞાન જાણીને, તેમજ આત્મબળ આદિને અર્થે પાપનો બંધ જ્ઞ પરિજ્ઞા વડે જાણીને મેધાવી-મર્યાદાવર્તી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે. હેય-ઉપાદેય જાણીને શું કરે તે કહે છે—

પોતે જાતે શરીર શક્તિ વધારવાનાં કે બીજા કૃત્યો ઉપસ્થિત થાય તો જીવોને દુઃખ ન આપે. બીજા પાસે પણ હિંસા, જૂઠ આદિ પાપ કૃત્યો ન કરાવે, હિંસા કરતા અન્યને પણ મન, વચન, કાયાથી અનુમોદે નહીં.

આવો ઉપદેશ તીર્થંકરો એ આપ્યો છે, તેમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે તે દર્શાવે છે. જ્ઞાનાદિયુક્ત ભાવમાર્ગ જાણી જેનાથી કોઈપણ દંડ કે પાપ લાગે તેને ત્રણ યોગ અને ત્રણ કરણથી ત્યાગ કરે. સર્વે હેય [પાપ] ધર્મો છોડે તે આર્ય. તેઓ સંસાર સમુદ્રથી કિનારે પહોંચેલા અને ઘાતીકર્મોને સર્વથા ક્ષીણ કરનારા, સંસારમાં રહેલા સર્વે ભાવોને જાણનારા તીર્થંકરોએ દેવ-મનુષ્યની પર્ષદામાં બધાં સમજે તેવી અને સર્વેના સંશયોને છેદનારી વાણી વડે આ માર્ગ કહ્યો છે.

આ માર્ગને જાણીને ઉત્તમ પુરુષ ઉક્ત હિંસા કાર્યોને છોડી દેવા જોઈએ. તત્ત્વના જાણકારે પોતાનો આત્મા પાપમાં ન લેપાય તેમ કરવું - x - તેમ હું કહું છું.

**અધ્યયન-૨ "લોકવિજય"ના ઉદ્દેશક-૨ "અદૃઢતા"નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -

## 卐 અધ્યયન-૨ ઉદ્દેશક-૩ ''મદનિષેધ'' 卐

• **ભૂમિકા :-**

બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજાનો આરંભ કરે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે. ગયા ઉદ્દેશામાં કહ્યું કે, સંયમમાં દૃઢતા કરવી અને અસંયમમાં ઉપેક્ષા કરવી. તે બંને કષાયો દૂર કરવાથી થાય. તેમાં પણ માન ઉત્પત્તિના આરંભથી ઉચ્ચ ગોત્રનો ઉત્થાપક થાય. તેથી તેને દૂર કરવા આ કહે છે. અનંતર સૂત્રનો સંબંધ આ રીતે - નિપુણ સાધુ ઉચ્ચ ગોત્રના અભિમાનમાં આત્મા ન લેપાય તેમ માનીને મદ ન કરે. તે જણાવે છે—

• **સૂત્ર-૭૮ :-**

***આ આત્મા અનેકવાર ઉચ્ચગોત્ર અને નીચગોત્રને પ્રાપ્ત થયો છે. તેથી કોઈ નીચ નથી કે ઉચ્ચ નથી. એ જાણીને ઉચ્ચગોત્રની સ્પૃહા ન કરે.***

***આ જાણીને કોણ ગોત્રવાદી થશે ? કોણ માનવાદી થશે ? કોણ કોઈ એક ગોત્રમાં આસક્ત થશે ? તેથી બુદ્ધિમાને હર્ષ કે રોષ ન કરવો.***

***પ્રત્યેક જીવને સુખ પ્રિય છે તે તું જાણ.***

• **વિવેચન :-**

સંસારી જીવ અનેકવાર માન સત્કાર યોગ્ય ઉંચ ગોત્રમાં ઉત્પન્ન થયો. અનેક વાર લોક નિંદિત નીચ ગોત્રમાં જન્મ્યો. નીચ ગોત્રકર્મના ઉદયથી અનંતકાળ તિર્યંચ ગતિમાં રહ્યો. તેમાં ભમતો જીવ નામકર્મની ૯૨ ઉત્તર પ્રકૃતિરૂપ સત્કર્મા થઈ તેવા અધ્યવસાયે ઉત્પન્ન થયેલો આહારક શરીર, તેનું સંઘાત, બંધન, અંગોપાંગ, દેવગતિ તથા આનુપૂર્વી, નરકગતિ અને આનુપૂર્વી, વૈક્રિય ચતુષ્ક એ બાર પ્રકૃત્તિને દૂર કરીને બાકીની ૮૦ પ્રકૃતિવાળો બની તેઉ અને વાયુકાયમાં ઉત્પન્ન થઈ મનુષ્યગતિ અને આનુપૂર્વીને દૂર કરીને ઉંચ ગોત્રને પલ્યોપમના અસંખ્યેય ભાગ વડે ઉદ્‌વલ કરે છે. એથી તેજસ વાયુકાયનો પહેલો ભાંગો થયો. તે આ પ્રમાણે- નીચગોત્રનો બંધ, ઉદય અને તે જ કર્મની સકર્મતા છે.

ત્યાંથી નીકળીને બીજી કાયના એકેન્દ્રિયમાં આવીને ઉપજે. તે જ ભાંગો થયો. ત્રસકાયમાં પણ અપર્યાપ્ત અવસ્થામાં પણ તે જ ભાંગો થયો. ઇત્યાદિ *[અહીં કર્મપ્રકૃતિ આશ્રિત વિવરણ છે. તે ટીકામાં જોઈ શકો છો. પણ તેને સમજવા માટે માત્ર અનુવાદ અપર્યાપ્ત છે. તે કર્મપ્રકૃતિ ગ્રંથ વડે જ સમજવું. આ ઉપરાંત પુદ્‌ગલ પરાવર્ત અને તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચાર ભેદે પણ ટીકામાં વિવરણ છે. તે પણ કોઈ વિદ્વાન્ પાસે જ સમજી શકાય તેવું છે તેથી અમે તેના અનુવાદ અહીં આપેલો નથી. ટીકાનો સાર એ છે કે—]*

આ પ્રમાણે ઉંચ ગોત્રમાં રહેલા જીવે અહંકાર ન કરવો અને નીચગોત્રમાં રહેલા જીવે દીનતા ન કરવી. ઉંચ અને નીચ બંને ગોત્રનો બંધ અધ્યવસાય સ્થાનના કંડકો સમાન છે તે બતાવે છે - જેટલા ઉંચ ગોત્રના અનુભાવ બંધના અધ્યવસાય સ્થાન કંડક છે, તેટલાં જ નીચ ગોત્રના છે તે સર્વે અનાદિ સંસારમાં આ જીવે વારંવાર અનુભવેલા છે. તેથી ઉંચ કે નીચ ગોત્રના કંડકના અર્થપણે જીવ હીન પણ નથી, તેમ વિશેષ પણ નથી. - x - x - ઉંચ ગોત્ર કંડકવાળો એક ભવિક કે અનેક



ભવિકથી નીચ ગોત્રના કંડકો ઓછા કે વધારે નથી. એમ સમજીને અહંકાર કે દીનતા ન કરવી.

ઉચ કે નીચ સ્થાનમાં કર્મના વશથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે બળ, રૂપ, લાભ આદિ મદ સ્થાનોની અસ્થિરતા સમજીને [સાધુએ] જાતિ વગેરે કોઈ મદ ન કરવો કે તેવી ઈચ્છા પણ ન કરવી. કેમકે ઉંચ-નીચ સ્થાનમાં આ જીવ ઘણી વખત ઉત્પન્ન થયો. - x - એવું સમજીને કોણ ગોત્રનો કે માનનો અભિલાષી થાય ? મારું ઉંચ ગોત્ર બધાં લોકોને માનનીય છે, તેવું બીજાનું નથી એવું કયો બુદ્ધિમાન માને ?

મેં અને બીજા જીવોએ ઉંચ-નીચ બધાં સ્થાનોને પૂર્વે અનેકવાર અનુભવ્યા છે. તે જ પ્રમાણે ગોત્રના નિમિત્તે માનવાદી કોણ થાય ? અર્થાત્ સંસારના સ્વરૂપને સારી રીતે જાણે છે, તે અહંકારી ન થાય. વળી તે સ્થાનો પૂર્વે અનેક વાર અનુભવેલો જીવ એકાદ ઉંચ ગોત્ર આદિ અસ્થિર સ્થાનકમાં આવતાં રાગ આદિના વિરહથી ગીતાર્થ થયેલ કોણ મમત્વ કરે ? અર્થાત્ કર્મના પરિણામનો જાણકાર મુનિ જો તેણે પૂર્વે આ સ્થાન પ્રાપ્ત ન કર્યું હોય તો જ તેમાં ગૃદ્ધ થાય. - x - x - ઘણી વખત ઉંચ ગોત્રાદિ મેળવેલ તેમાં અહંકાર કે દીનતા ન કરે. - x - કહ્યું છે કે, ''આ સંસારમાં ભમતાં મેં બધાં સુખો મેળવ્યા છે. ઉંચ સ્થાન પણ પામ્યો. તેથી હવે મને તેમાં કોઈ આશ્ચર્ય નથી. જો કે નિર્જરા માટે ઉંચગોત્ર મદનો નિષેધ કર્યો છે, તો પણ માનનું મથન કરનારા સાધુએ પ્રયત્ન વડે બીજાં મદસ્થાનો પણ ત્યજી દેવા.

તે જ પ્રમાણે નિંદનીય સ્થાનમાં ઉત્પન્ન થઈને દીનતા ન કરવી. સૂત્રમાં પણ તે માટે નો કુપ્પે કહ્યું. કદાચ લોકમાં અસંમત જાતિ, કુળ, રૂપ આદિમાં ઓછાપણું પામીને સાધુએ ક્રોધ ન કરવો પણ વિચારવું કે, મારે નીચ સ્થાન કે બીજાના હલકા શબ્દો સાંભળી દુઃખી ન થવું કે ઉદ્વેગ ન પામવો. કહ્યું છે - ''અપમાન, નીચદશા, વધ, બંધ કે ધનક્ષયથી ખેદ ન કરવો કેમકે પૂર્વે આ જીવે રોગ, શોક આદિ જુદી જુદી જાતિમાં સેંકડો વાર ભોગવ્યા છે. પંડિતજને પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં આશ્ચર્ય ન માનવું. વૃક્ષની માફક હૃદય સ્થિર કરી સુખદુઃખને સહેવા. ચક્રવર્તી કે પૃથ્વીપતિ નિર્મળ શ્વેત છત્રધારી થઈને તે જ નામ ભોગવી અનાથશાળામાં પણ રહેનારો બને છે. એક જન્મમાં પણ કર્મવશ ઉચ્ચ-નીચ અવસ્થા પામે છે.

તેથી ઉચ્ચ-નીચ ગોત્રની કલ્પના મનમાંથી દૂર કરીને, બીજા પણ વિકલ્પો છોડી દઈને શું કરવું તે કહે છે - જીવોને આ સંસારમાં ઉચ્ચ-નીચ પદ થયા છે, થાય છે અને થવાના છે. એમ વિચારી કુશાગ્ર બુદ્ધિથી તું જાણ કે સુખ અને દુઃખ આવે અને જાય છે, તેના કારણો તું જાણ. વળી પ્રાણીઓ સતત સુખને ઇચ્છે છે - x - અને દુઃખને ધિક્કારે છે. શુભ પ્રકૃત્તિના ઉદયે સુખ મળે છે.

બધાં પ્રાણી શુભ નામ, ગોત્ર, આયુ આદિને ઇચ્છે છે અને અશુભને નિંદે છે. આ પ્રમાણે છે તો શું કરવું તે સૂત્રકાર બતાવે છે—

• **સૂત્ર-૭૯ :-**

***આ તું સમ્યક્ પ્રકારે જો કે - અંધત્વ, બધિરત્વ, મૂકત્વ, કાણત્વ, લુલાપણું,***

***કુબડાપણું, કાળાપણું, કુષ્ટાદિ રોગત્વ આદિ પોતાના પ્રમાદથી જ પ્રાપ્ત થાય છે. પ્રમાદથી જ વિવિધ પ્રકારની યોનિમાં જાય છે અને વિવિધ વેદના અનુભવે છે.***

● **વિવેચન :-**

અથવા જીવોમાં શુભ-અશુભરૂપ કર્મો જોઈને તે જીવોને અપ્રિય હોય તેવું કૃત્ય ન કરવું. ‘‘નાગાર્જુનીયા’’ પણ કહે છે - જીવ દુઃખને કાઢવા અને સુખને મેળવવા ઇચ્છે છે. અહીં ‘શસ્ત્રપરિજ્ઞા’ અધ્યયનમાં કહ્યા મુજબ જીવની પ્રરૂપણા કરવી. આ જીવો દુઃખને છોડવા અને સુખને મેળવવા ઇચ્છે છે. પોતાના આત્મા જેવા આ જીવોને જાણીને તે જીવોના ઉપમર્દનરૂપ હિંસાદિ સ્થાનોને પરિહરતો આત્મા પોતાને પંચ મહાવ્રતમાં સ્થાપે. તેના પાલન માટે ઉત્તરગુણોને પણ પાળવા જોઈએ. કહે છે—

પાંચ સમિતિથી સમિત થયેલો હવે કહેવાનાર શુભાશુભ કર્મોને જાણીને અંધત્વ આદિ કર્મના જ ફળ છે તે જીવોમાં સાક્ષાત્ જોઈ પોતે સમજે. આ સમિતિ પાંચ પ્રકારે કહેલી છે - ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગ. તેમાં ઇર્યાસમિતિ-અહિંસા વ્રતના પાલન માટે છે, ભાષા સમિતિ અસત્ અભિધાન નિયમને માટે છે. એષણા સમિતિ અસ્તેય વ્રતના પાલનને માટે છે. બાકીની બે સમિતિઓ સમસ્ત વ્રતમાં પ્રકૃષ્ટ એવા અહિંસા વ્રતની સિદ્ધિને માટે છે. આ પ્રમાણે પાંચ મહાવ્રતો સહિત પાંચ સમિતિ પાળતા સાધુને બીજા જીવોનું સુખ વગેરે દેખાય છે. તે કહે છે—

સંસારમાં ભમતા પ્રાણી અંધત્વ આદિ અવસ્થા ઘણીવાર ભોગવે છે. આ અંધત્વ દ્રવ્યથી અને ભાવથી છે - તેમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય એ દ્રવ્યભાવ અંધ છે. ચઉરિન્દ્રિય આદિ મિથ્યાદૃષ્ટિ ભાવઅંધ છે. કહ્યું છે કે, નિર્મળ ચક્ષુ સમાન સ્વાભાવિક વિવેક છે. વિવેક સહ બીજું નેત્ર છે. આ બંને ચક્ષુ જેમને નથી તે તત્ત્વતઃ અંધ કુમાર્ગે જાય તો ખરેખર શો અપરાધ છે ?

જે સમ્યગ્ દૃષ્ટિ પણ નેત્રથી હીન છે તે દ્રવ્ય અંધ છે. જે દ્રવ્યથી પણ અંધ નથી અને ભાવથી પણ અંધ નથી તે જ ખરેખર દેખતા કહેવાય. દ્રવ્યથી અને ભાવથી બંને પ્રકારે અંધત્વ છે તે એકાંતે દુઃખ આપનારું છે. કહ્યું છે કે, જીવતા જ મરેલા જેવો આંખથી અંધ છે કેમકે તે બધી ક્રિયામાં પરતંત્ર છે. ચક્ષુ વિનાનાને સૂર્ય સદા અસ્ત છે અને પોતે અંધકાર સમુદ્રમાં ડૂબેલો છે.

બંને લોકમાં દુઃખાગ્નિથી બળતા અંગવાળા તથા પારકી લાકડીથી દોરાતા દુઃખી અંધને જોઈને કોણ ખેદ ન પામે ? ભયોત્પાદક ઉગ્ર કાળા સાપને જોઈને જેવો ભય લાગે તેમ અંધત્વની ગર્ત્તા જોઈને કોને ભય ન લાગે ? આ પ્રમાણે બહેરાપણાનું દુઃખ પણ જાણવું. સારા-માઠાંના વિવેકના ભાનથી રહિત જીવ આલોક-પરલોકના સારા ફળને આપનારી ક્રિયા કરવાને અશક્ત છે. કહ્યું છે કે, ‘‘ધર્મશ્રુતિના શ્રવણ મંગળથી વર્જિત, લોકશ્રુતિ શ્રવણ વ્યવહારથી બાહ્ય આ દુનિયામાં કેમ જીવે છે ? કે જેને શબ્દો સ્વપ્નમાં મળેલા ધનની જેમ નિષ્ફળ જાય છે.

પોતાની સ્ત્રી તથા બાળપુત્રનાં મધુર વચન શ્રવણથી વિમુખ બહેરાનું જીવન જીવતા છતાં મરેલાની જેમ નકામું છે. હવે મુંગાનું દુઃખ કહે છે - દુઃખકર, અકીર્તિકર,



સર્વલોકમાં નિંદાપાત્ર મુંગાપણું છે. મૂઢો આ કૃતકર્મ ફળ કેમ જોતા નથી ?

કાણાનું દુઃખ કહે છે - વિષમસ્થાને ડૂબેલો, એકદૃષ્ટિક, વૈરાગ્યોત્પાદનમાં સમર્થ અને જન્મદુઃખી, પોતે કોઈને પણ વહાલો લાગતો નથી. આલેખવા યોગ કર્મથી લખાયો છતાં જે બીજાને વહાલો લાગતો નથી, તેના સ્વરૂપનું શું મહત્ત્વ ? આ પ્રમાણે વાંકાં હાથ-પગ, ઠીંગણાપણું, ખુંધાપણું, કાળો વર્ણ, શબલપણું આવા સ્વાભાવિક કદરૂપાં શરીરવાળો કે પછીથી કર્મવશ થયેલ ઘણો દુઃખી થાય છે.

વળી વિષયક્રીડાના કારણે ધર્મમાં પ્રમાદ કરવાથી સંકટ, વિકટ, શીત, ઉષ્ણ આદિ યોનીઓમાં ભમે છે. અથવા ચોર્યાશી લાખ યોનીઓમાં ભ્રમણ કરે છે. નવા નવા આયુષ્ય બાંધીને તેમાં જાય છે. તે યોનીઓમાં વિવિધ દુઃખોને અનુભવે છે. તે જ પ્રમાણે ઉંચગોત્રના અહંકારથી હણાયેલ ચિત્તવાળો તથા નીચગોત્રના કારણે દીન બનેલો અથવા અંધ-બહેરો થવા છતાં અજ્ઞાની જીવ પોતાનું કર્તવ્ય નથી જાણતો તેમજ આ પોતાના કર્મનો વિપાક છે તે જાણતો નથી. સંસારની બુરી દશાને ભૂલી જાય છે. હિતાહિતને અવગણે છે. ઔચિત્યને અવગણતો, તત્ત્વને ભૂલેલો, મૂઢ બનેલો જ ઉંચગોત્રાદિમાં અહંકાર કરે છે.

● **સૂત્ર-૮૦ :-**

***તે બોધ ન પામેલ જીવ રોગાદિથી પીડિત થઈ જન્મ-મરણના ચક્રમાં વારંવાર ભટકે છે. ક્ષેત્ર-વાસ્તુ આદિમાં મમત્વ રાખનારને અસંયત જીવન જ પ્રિય લાગે છે. તે રંગ-બેરંગી મણિ, કુંડલ, સોનું, ચાંદી, સ્ત્રીઓમાં અનુરક્ત રહે છે. તેનામાં તપ, ઇન્દ્રિય દમન કે નિયમ દેખાતા નથી. તે અજ્ઞાની જીવો અસંયમી જીવનની કામના કરનાર, ભોગ લાલસાથી વિપરીત પ્રવૃત્તિને પ્રાપ્ત કરે છે.***

● **વિવેચન :-**

ઉચ્ચ ગોત્રના અભિમાની અથવા અંધ, બહેરાં આદિ દુઃખ ભોગવતો કર્મવિપાક ન જાણતો હત-ઉપહત થાય છે. વિવિધ રોગથી શરીરે પીડાતો ‘હત’ અને સમસ્ત લોકમાં પરાભવ પામવાથી ઉપહત થાય અથવા ઉંચગોત્રના ગર્વથી ઉચિત કાર્યને છોડવાથી વિદ્વાનોના મુખે તેનો અપયશ થતા ‘હત’ અને અભિમાનથી અનેક ભવમાં અશુભકર્મ બાંધીને નીચગોત્રના ઉદયથી ઉપહત થાય. તે દુઃખથી મૂઢ બને.

તે જ પ્રમાણે જન્મ અને મરણ બંનેને પાણી કાઢવાની રેંટના ન્યાયે પુનઃ જન્મ-મરણના દુઃખ સંસારમાં રહીને અથવા ક્ષણે ક્ષણે ક્ષયરૂપ આવીચીમરણથી જન્મ અને વિનાશને અનુભવતો દુઃખસાગરમાં ડૂબેલો, નાશવંતને નિત્ય માનીને, હિતને અહિત માનીને વિમુખ થાય છે. કહે છે કે, આયુષ્ય નિત્ય માનવું કે અસંયમ જીવિત દરેક પ્રાણીને વધુ વહાલું છે. તેથી આ સંસારમાં અજ્ઞાનથી હણાયેલા ચિત્તવાળા મનુષ્ય તથા બીજા પ્રાણીઓ દીર્ઘજીવન માટે રસાયણ ક્રિયા કરે છે, જે બીજા જીવોને દુઃખ આપનારી છે તથા ખેતર, ઘર આદિને આ મારા છે તેમ માનીને તેના પર વધુ પ્રેમ રાખે છે.

વળી થોડા કે વધુ રંગેલા વસ્ત્રો તથા રત્નો, કુંડલ, સોના સહિત સ્ત્રીને મેળવીને તે ક્ષેત્ર-ઘર આદિ સર્વેમાં ગૃદ્ધ થયેલા તે મૂઢપુરુષો દુઃખ આવતા ગભરાય

છે અને બોલે છે કે, ‘‘આ અનશનાદિ તપ, ઇન્દ્રિયાદિ ઉપશમન અને અહિંસા વ્રત લક્ષણાદિ નિયમનું કોઈ ફળ દેખાતું નથી. તપ નિયમ ધારણ કરેલાને કાયક્લેશ અને ભોગોથી દૂર રહેવા સિવાય કોઈ ફળ મળતું નથી. વળી જન્માંતરે ફળશે એ પણ ગુરુએ કહેલો ભ્રમ છે. કેમકે છતું ભોગવવું નથી અને નહીં જોયેલા સુખની કલ્પના કરવી છે.’’ આવું માનતા અને વર્તમાન સુખમાં જ લક્ષવાળા, કેવળ ભોગસંગમાં જ પુરુષાર્થની બુદ્ધિવાળા, અવસાર પ્રાપ્ત ભોગો ભોગવતા અજ્ઞાની જીવો દીર્ઘઆયુષ્યની લાલસાથી ભોગોને માટે અતિ લવારો કરી વચનદંડ કરે છે.

અહીં તપ, દમન, નિયમ ફળતા નથી એમ બોલનારો મૂઢ, તત્ત્વને ન જાણતો હત-ઉપહત થઈ નવા નવા જન્મ મરણ કરતો જીવિત, ક્ષેત્ર, સ્ત્રી આદિમાં લોલુપ બની, તત્ત્વમાં અતત્ત્વ અને અતત્ત્વમાં તત્ત્વ માનીને હિતાહિતમાં સર્વત્ર વિપરીત ચાલે છે. કહ્યું છે - સ્ત્રી અપમાનને કરનારી, બંધુજન બંધન સમાન તથા વિષયો વિષ સમાન છે. છતાં માણસને આ કેવો મોહ છે ? શત્રુ પાસે મૈત્રીની આશા રાખે છે. જેઓ શુભ કર્મ ઉપાર્જન કરી મોક્ષની ઇચ્છાવાળા છે તે કેવા છે ? તે કહે છે—

● સૂત્ર-૮૧, ૮૨ :-

*જે પુરુષ ધ્રુવચારી-મોક્ષ પ્રતિ ગતિશીલ છે. તે આવા અસંયમી જીવનની ઇચ્છા કરતા નથી. જન્મ-મરણના સ્વરૂપને જાણીને ચારિત્રમાં દૃઢ થઈને વિચરે છે.*

*મૃત્યુ માટે કોઈ અકાળ નથી, સર્વે પ્રાણીને આયુષ્ય પ્રિય છે, સુખ ગમે છે, દુઃખ પ્રતિકૂળ લાગે છે, બધાંને જીવન પ્રિય છે. સૌ જીવવા ઇચ્છે છે.*

*પરિગ્રહમાં આસક્ત પ્રાણી દ્વિપદ, ચતુષ્પદને કામમાં જોડીને ધન સંચય કરે છે. પોતાના, બીજાના, ઉભયના માટે તેમાં મત્ત બની અલ્પ કે ઘણું ધન ભેગું કરી તેમાં ગૃદ્ધ થઈને રહે છે. વિવિધ ભોગ બાદ બચેલ સંપત્તિથી તે મહાન્ ઉપકરણવાળો બને છે. પછી એક વખત તે સંપત્તિને સ્વજનો વહેંચી લે છે, ચોરો ચોરી લે છે કે રાજા લૂંટી લે છે. અથવા તે નાશ-વિનાશ પામે છે, આગ લાગવાથી બળી જાય છે.*

*આ રીતે તે અજ્ઞાની બીજાને માટે ક્રૂર કર્મો કરતો તે દુઃખથી મૂઢ બનીને વિપર્યાસને પામે છે. સર્વજ્ઞોએ આ પ્રમાણે બતાવેલ છે. આવો મનુષ્ય સંસાર તરવાને સમર્થ નથી, પાર પહોંચતો નથી, કિનારે પહોંચતો નથી. સત્ય માર્ગને પામીને પણ તે માર્ગે સ્થિર થતો નથી. મિથ્યા ઉપદેશ પામીને અસંયમમાં રહે છે.*

● વિવેચન :-

જેઓ ધ્રુવચારિ અર્થાત્ મોક્ષનું કારણ જ્ઞાનાદિ છે, તેને આચરવાના સ્વભાવવાળા છે, તેઓ પૂર્વોક્ત જીવિત, ક્ષેત્ર, ધન, સ્ત્રી વગેરેને ચાહતા નથી. અથવા ધૂત તે ચારિત્ર. તેમાં રમણતા કરનારા છે. તેઓ જન્મમરણના દુઃખને જાણીને તેવા પુરુષે સંક્રમણ [ચારિત્ર] માં રમણતા કરવી. વિશ્રોતસિકારહિત અથવા પરીષહ ઉપસર્ગમાં ચલિત ન થવું. અથવા શંકારહિત મનવાળા થઈ સંયમમાં રહે એટલે શિષ્યે તપ, દમ, નિયમની નિષ્ફળતાની આશંકારહિત આસ્થા રાખે અને તપ-નિયમાદિમાં પ્રવર્તે. તેના



પ્રભાવથી જ રાજા-મહારાજાની પૂજા-પ્રશંસાને યોગ્ય થાય છે. તે તપસ્વીએ બધા દ્વન્દ્વોને દૂર કરીને અહીં જે સમભાવ મેળવ્યો છે - ‘‘ઔપશમિક સુખ’’ ફળ મેળવેલ છે, તેવા પુરુષને કદાચ પરલોક ન હોય તો પણ કંઈ બગડતું નથી. કહ્યું છે કે—

પરલોક છે કે નહીં ? એવી શંકાવાળા લોકમાં પંડિતજને પાપને છોડવું જ જોઈએ. પરલોક જો નથી તો તેનું શું બગડવાનું ? છે તો પણ શું બગડવાનું ? એથી પરલોક ન માનનારો નાસ્તિક હણાયો. તેથી તમારે સ્વાયત્ત સંયમસુખમાં દૃઢ રહેવું. પણ એમ ન વિચારવું કે, વૃદ્ધાવસ્થામાં કે પછીથી ધર્મ કરીશ. કારણ કે મૃત્યુનું આવવું અનિશ્ચિત છે. સોપક્રમ આયુષ્વાળાને એવી કોઈ અવસ્થા નથી કે અગ્નિમાં પડનારા લાખના ગોળા માફક જીવ પીગળી ન જાય. કહ્યું છે—

‘‘બાળક-જુવાન, કઠોર-કોમળ, મૂર્ખ-પંડિત, ધીર-અધીર, માની-અમાની, ગુણરહિત, ઘણાં ગુણવાળો, સાધુ-અસાધુ, પ્રકાશવાળો-તિમિરવાળો, અચેતન-સચેતન આ બધાં દિવસે કે રાત્રે, સંધ્યાકાળે કે ગમે ત્યારે નાશ પામે છે. તેથી મૃત્યુને અવધારીને અહિંસાદિમાં સાવધાન થવું જોઈએ.

સૂત્રમાં કહ્યું કે, બધાં જીવોને પોતાનું આયુષ્ય પ્રિય છે. અહીં ‘पाण’ શબ્દ વાપર્યો છે તેથી પ્રાણ ધારણ કર્તા સંસારી જીવ જ લેવા. અહીં ‘पियाउया’ ને બદલે ચૂર્ણિમાં ‘पियायगा’ અને વૃત્તિમાં पियायया પાઠાંતર પણ છે. અહીં ‘આયષ્’ને બદલે ‘આયત’ શબ્દ છે. તેનો અર્થ આત્મા છે. તે અનાદિ અનંત છે, બધાંને પોતાનો આત્મા પ્રિય છે. આ પ્રિયાત્મતા સુખની પ્રાપ્તિ અને દુઃખના પરિહારથી થાય છે. કહ્યું છે કે, ‘‘આનંદરૂપ સુખનો આસ્વાદ - સુખ ભોગી કે સુખને ઇચ્છતા અને અસાતા તે દુઃખ તેના દ્વેષી જાણવા.’’ તથા કોઈ પોતાનો ઘાત કરે તો પોતે તેને અપ્રિય માને છે અને અસંયમી જીવિતને પ્રિય માને છે. તેથી દીર્ઘાયુને ઇચ્છે છે. તે કારણે દુઃખમાં પીડાઈને પણ અન્ત્યદશામાં જીવવા ઇચ્છે છે—

કહ્યું છે કે, વૈભવવાળો વિશેષ વૈભવ ઇચ્છે છે, અલ્પ સ્થિતિવાળો વિસ્તારને ઇચ્છે છે, નિર્ધન શરીરને સંભાળે છે, રોગી પણ જીવિતમાં કૃતાર્થ માને છે. આ રીતે બધાં પ્રાણી સુખજીવિતના અભિલાષી છે. સંસાર નિર્વાહ આરંભ વિના થતો નથી. આરંભ પ્રાણિ ઉપઘાતકારી છે. પ્રાણીને જીવિત અતિ પ્રિય છે. તેથી વારંવાર ઉપદેશ આપતા કહે છે—

બધાંને અસંયમજીવિત પ્રિય છે તેથી અસંયમી જીવિતને આશ્રીને બે પગવાળા દાસ-દાસી અને ચાર પગવાળા ગાય-ઘોડા આદિને ઉપભોગમાં લઈને વ્યાપાર દ્વારા ધનસંચય કરે છે. તે યોગ અને કરણ ત્રિક વડે જીવનને પરમાર્થમાં ગુજારવાને બદલે આરંભમાં રોકીને વ્યર્થ કરે છે. - x - તે વખતે અર્થમાં ગૃદ્ધ થયેલો પોતાના ક્લેશને ગણતો નથી, ધનના રક્ષણના પરિશ્રમને વિચારતો નથી, ધનની ચંચળતાને ધ્યાનમાં લેતો નથી. કહ્યું છે કે, ‘‘કૃમિ સમૂહથી વ્યાપ્ત અને લાળથી ભરેલ, દુર્ગંધી, નિંદનીય એવું માંસ રહિત હાડકું ચુસતો, અધિક સ્વાદ માનતો કુતરો પાસે ઉભેલા ઇન્દ્રને પણ શંકાથી જુએ છે. આ રીતે ક્ષુદ્ર પ્રાણી પરિગ્રહની અસારતાને જાણતો નથી.

તે ધનને શા માટે ચાહે છે. તે કહે છે—ઉપભોગને માટે તેવી તેવી ક્રિયામાં વર્તે છે. બીજાનો આશરો લેવા વગેરે ક્રિયા કરે છે. તેમાં લાભાંતરાય કર્મના ક્ષયોપશમમાં જુદી જુદી જાતનું મળેલું અને વાપરતાં બચેલું સાચવવા - x - મહાન્ ઉપકરણ ભેગાં કરે છે અર્થાત્ દ્રવ્યસંચય કરે છે તે કદાચિત્ લાભના ઉદયે થાય છે. તે પણ અંતરાયના ઉદયે તેના ઉપભોગમાં આવતું નથી.

ધનની ઇચ્છાએ તે સમુદ્ર ઓળંગે, પહાડ ચડે, ખાણ ખોદે, ગુફામાં પ્રવેશે, રસ વડે સુવર્ણ સિદ્ધિ કરે, રાજાનો આશ્રય લે, ખેતી કરે. આ બધામાં પોતાને અને બીજાને દુઃખ આપી પોતાના સુખ માટે મેળવેલ ધન કષ્ટથી પ્રાપ્ત કર્યું હોય તો પણ ભાગ્ય ક્ષય થતાં પીતરાઈઓ તેમાં ભાગ પડાવે છે કે લઈ લે છે, ચોરો ચોરે છે, રાજા લઈ લે છે, તે જાતે ભયથી નાસી જાય છે, ધન વિનાશ પામે છે, ઘર બળી જાય છે. અર્થ નાશના કેટલા કારણો કહેવા, તેથી ઉપદેશ આપે છે—

અર્થ-ધન પ્રાપ્તિ માટે બીજાના ગળા કાપવાદિ કર્મ કરતો તે અજ્ઞાની કર્મના વિપાકના ઉદયથી અસાતા ઉદય થતા મૂઢ બનીને વિવેકરહિત થઈ કાર્ય-અકાર્યને માનતો નથી તે તેની વિરૂપતા છે. કહ્યું છે કે, “રાગદ્વેષથી અભિભૂત થવાથી કાર્ય-અકાર્યથી પરાંગમુખ, વિપરીત કાર્ય કરનારને મૂઢ જાણવો.

આ રીતે મૂઢતાના અંધકારથી છવાયેલો, આલોકના માર્ગના જ્ઞાનથી રહિત સુખના અર્થી દુઃખને પામે છે એમ જાણીને સર્વજ્ઞ વચનરૂપ દીવાથી બધાં પદાર્થનું ખરું સ્વરૂપ બતાવનાર જાણીને ગુરૂ કહે છે, હે મુનિઓ ! તમે તેનો આશ્રય લો. સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે, મેં મારી બુદ્ધિથી નથી કહ્યું. તો કોણે કહ્યું ?

મુનિ એટલે ત્રણે કાળમાં જગત્ વિધમાન છે એવું જે માને તે. તે ત્રણે કાળનું જ્ઞાન જેને છે તે તીર્થંકર. તેમણે કહ્યું છે. અનેકવાર ઉચ્ચ ગોત્ર મેળવેલ, પ્રકર્ષથી કે પહેલેથી બધા પોતાની ભાષામાં સમજે તેવી વાણીથી તેમણે ઉપદેશ કર્યો છે ને કહે છે, ઓઘ બે પ્રકારે છે - દ્રવ્ય ઓઘ તે નદીનું પૂર વગેરે. ભાવ ઓઘ તે આઠ પ્રકારનું કર્મ કે સંસાર. તે કર્મોથી પ્રાણી અનંત કાળ ભમે છે. તે ઓઘને જ્ઞાનદર્શન ચારિત્ર બોધિવાળા તરે છે. જે નથી તરતા તે અનોઘંતરા છે. જે કુતીર્થિકો કે પાર્શ્વસ્થાદિ જ્ઞાનાદિ યાનરહિત છે, તેઓ પણ તરવાનો ઉધમ તો કરે છે, પણ સમ્યક્ ઉપાયના અભાવે તેઓ તરી શકતા નથી.

અતીરંગમા - તીર એટલે સંસારનો પાર, તેની પાસે જવું તે તીરંગમ, જે તીરંગમ નથી તે અતીરંગમ. કુતીર્થિકાદી અતીરંગમ છે. તીર ગમનનો ઉધમ કરવા છતાં સર્વજ્ઞના કહેલા સન્માર્ગથી દૂર હોવાથી કિનારો પામતા નથી.

અપારંગમા-પાર એટલે સામેનો તટ. ત્યાં જાય તે પારંગમ અને ‘પારંગમ’ નથી તે અપારંગમ. પારંગતના ઉપદેશના અભાવે તે અપારંગત જાણવા. - x - x - તેઓ અનંતકાળ પણ સંસારમાં રહે છે. જો કે તેઓ પાર જવા પ્રયત્ન કરે છે, પણ સર્વજ્ઞ ઉપદેશરહિત અને સ્વરુચિથી વિરચિત શાસ્ત્ર પ્રવૃત્તિથી સંસારને પાર જવામાં સફળ થતા નથી. હવે તીર અને પાર માં શું ભેદ ?—





તીર એટલે મોહનીય કર્મ ક્ષય. પાર એટલે શેષ ઘાતીકર્મ ક્ષય અથવા તીર એટલે ઘાતીકર્મનો ક્ષય અને પાર એટલે ભવોપગ્રાહીકર્મ ક્ષય.

કુતીર્થિક અને વેશધારી કેમ મોક્ષમાં ન જાય ? જેનાથી સર્વે ભાવો ગ્રહણ થાય તે આદાનીય અર્થાત્ શ્રુત. શ્રુતમાં કહેલા સંયમ સ્થાને ન રહે તે અથવા ભોગના અંગ એવા દ્વિપદ, ચતુષ્પદ, ધન, ધાન્યાદિને ગ્રહણ કરે તે અથવા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગથી કર્મો ગ્રહણ કરે તે. તેઓ જ્ઞાનાદિમય મોક્ષમાર્ગમાં સમ્યગ્ ઉપદેશે કે પ્રશસ્ત ગુણ સ્થાને આત્માને રાખતા નથી. વળી તેઓ - x - વિપરીત અનુષ્ઠાનકર્તા હોય છે તે કહે છે—

વિતથ અર્થાત્ અસત્ વચન કે જે દુર્ગતિનો હેતુ છે, તે ઉપદેશ પામીને અકુશળ-ખેદજ્ઞ અસંયમ સ્થાનમાં વર્તે છે. - x - તે જ અસંયમસ્થાનમાં આસક્ત થાય છે. જ્યારે વિતથ એટલે ભોગ સ્થાન વ્યતિરિક્ત સંયમ સ્થાનને પામીને ખેદજ્ઞ-નિપુણ તે સ્થાને ‘આદાનીય’ને હણીને રહે છે. સર્વજ્ઞની આજ્ઞામાં આત્માને સ્થાપે છે. આ ઉપદેશ તત્ત્વને ન જાણનાર શિષ્યને સુમાર્ગમાં વર્તવા અપાય છે. હેય ઉપાદેયના જ્ઞાનથી તે મેધાવી અવસર મુજબ યોગ્ય રીતે વર્તે. તે કહે છે—

● **સૂત્ર-૮૩ :-**

***દૃષ્ટા [સત્યદર્શી] માટે ઉપદેશની જરૂર નથી. પણ અજ્ઞાની જે સ્નેહ અને કામમાં આસક્ત છે, અસમિત છે. તે દુઃખી થઈ દુઃખના આવર્ત્તમાં ભ્રમણ કરે છે [તેને ઉપદેશની જરૂર છે] તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

ઉદ્દેશ એટલે ઉપદેશ, સત્-અસત્ કર્તવ્ય આદેશ. તેને જાણે તે પશ્યક—દૃષ્ટા છે. તે પોતે જ્ઞાતા હોવાથી તેને ઉપદેશની જરૂર નથી. અથવા પશ્યક એટલે સર્વજ્ઞ કે તેના ઉપદેશ પ્રમાણે ચાલનાર. જે કહેવાય તે ઉદ્દેશો-નારક આદિ ગતિ, ઉચ્ચ-નીચ ગોત્રાદિનો ઉપદેશ તેમના માટે નથી. કેમકે તે જલ્દી મોક્ષે જનાર છે. તેથી ઉપદેશની આવશ્યકતા કોને છે ? તે કહે છે—

જે રાગાદિથી મોહિત છે, કષાયો-કર્મો, પરીષહ ઉપસર્ગો વડે હણાયેલ છે તેવા અજ્ઞાનીને જેનાથી સ્નેહ થાય તેવો સ્નેહી કે રાગી જાણવો. તે મનોજ્ઞ કામભોગની ઇચ્છાવાળો કે સ્નેહના અનુબંધથી કામને સેવતો - x - વિષયની ઇચ્છા શાંત ન પડવાથી તેના દુઃખથી દુઃખી બનેલો શારીરિક-માનસિક દુઃખોથી પીડાતો રહે છે. કાંટા, શસ્ત્ર, ગુમડું આદિથી શારીરિક દુઃખ ભોગવે છે. પ્રિયવિયોગ, અપ્રિયસંયોગ, ઇચ્છિતનો અલાભ, દારિદ્ર, દૌર્ભાગ્ય, દૌર્મનસ્ય આદિ માનસિક પીડા ભોગવે છે. આવા દુઃખોથી દુઃખી થઈ - x - વારંવાર દુઃખના આવર્ત્તમાં ભમે છે. [જે તેમ ન કરે તે મોક્ષે જાય છે.] તેમ હું કહું છું.

**અધ્યયન-૨ ‘લોકવિજય’ના ઉદ્દેશા-૩ ‘મદનિષેધ’નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૨ ઉદ્દેશો-૪ "ભોગાસક્તિ" 卐

● **ભૂમિકા :-**

ત્રીજો ઉદ્દેશો કહ્યો, હવે ચોથા ઉદ્દેશની વ્યાખ્યા કરે છે. આ ઉદ્દેશામાં - ભોગોમાં આસક્ત ન થવા કહે છે. તે માટે ભોગીને થતાં દુઃખોને વર્ણવે છે. પૂર્વે પણ તે જ કહ્યું છે. તે અહીં સૂત્રમાં કહે છે—

● **સૂત્ર-૮૪ :-**

***પછી તેને કોઈ વખતે રોગ ઉત્પન્ન થાય છે. જેની સાથે તે રહે છે તે જ સ્વજન કોઈ વખતે તેનો તિરસ્કાર - નિંદા કરે છે. પછી તે પણ તેઓનો તિરસ્કાર-નિંદા કરે છે. [હે પુરુષ !] તે તને શરણ આપવા કે રક્ષણ કરવા સમર્થ નથી. તું પણ તેને શરણ આપવા કે રક્ષણ કરવા સમર્થ નથી. સુખ-દુઃખ પ્રત્યેકના પોતાના જાણીને [ઇન્દ્રિય વિજય કર] કેટલાંક મનુષ્યો, જે ઇન્દ્રિય વિજય નથી કરી શકતા તે વારંવાર ભોગોના વિષયમાં જ વિચરતા રહે છે.***

● **વિવેચન :-**

પૂર્વે કહ્યું છે કે, સંસારમાં વિષયી જીવ પરિભ્રમણ કરે છે. તે જીવ આ દુઃખોને પણ ભોગવે છે. આ પ્રમાણે અનંતર સૂત્ર સંબંધ છે. પરસ્પર સૂત્ર સંબંધ આ પ્રમાણે - બાળ જીવ સ્નેહમાં પડી કામ ભોગ કરે છે, તે કામ જ દુઃખરૂપ છે. તેમાં આસક્ત જીવને વીર્યક્ષય, ભગંદર આદિ રોગો થાય છે. તેથી કહે છે, કામાસક્તિથી અશુભ કર્મ બાંધી, મૃત્યુ પામી, નરકે જાય છે. નરકેથી નીકળી કલલ-અર્બુદ, પેશીરૂપ ગર્ભપ્રસવાદિ દુઃખ ભોગવે છે. તેને પછી અશાતા વેદનીયના વિપાકથી માથું-પેટ આદિ શૂળ ઉત્પન્ન થાય છે. રોગને કારણે એકદા તેના સગા તેની અવજ્ઞા કરે છે, પછી તે તેના સગાને અવગણે છે. તેઓ તારા ત્રાણ કે શરણ થતા નથી, તું પણ તેને ત્રાણ કે શરણ થતો નથી.

આ પ્રમાણે જાણીને જે કંઈ સુખ-દુઃખ છે તે પ્રાણીના પોતાનાં જ કર્મોનું ફળ છે, તેમ માની રોગ ઉત્પત્તિમાં દીનતા ન લાવવી. ભોગોને યાદ ન કરવા. સૂત્રમાં પણ કહ્યું કે, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શના વિષયની અભિલાષા ન કરવી. - x - x - પૂર્વે યુવાનીમાં તેનો આનંદ ન લીધો, તે યાદ ન કરવું, જો કે આવા અધ્યવસાયો કોઈકને જ થાય તે કહે છે - સંસારમાં વિષયરસના કડવાં ફળ જાણ્યા નથી તેવા બ્રહ્મદત્ત આદિને ભોગની ઇચ્છા થાય, પણ સનત્કુમાર આદિ જેવાને ન થાય.

તેથી - બ્રહ્મદત્ત મારણાંતિક રોગ વેદનાથી અભિભૂત, સંતાપના અતિશયથી પ્રિય સ્ત્રીને સ્પર્શ કરવા માફક વિશ્વાસ ભૂમિમાં મૂર્છાને પામેલો તેને બહુમાનતો - x - વિષમતાથી વિષયી બનેલો, ગ્લાની યુક્ત, દુઃખથી ઘવાયેલો, કાળથી પીડિત, નિયતિએ દુર્દશામાં મૂકેલો, દૈવે ભાગ્યહીન બનાવેલો, છેવટના શ્વાસમાં પહોંચેલ, - x - વાચાથી વિહ્વળ, શરીરમાં નિર્બળ, પ્રચૂર પ્રલાપ કરતો ઇત્યાદિ અવસ્થા અનુભવતો મહા મોહોદયથી ભોગનો ઇચ્છુક થઈ પાસે બેઠેલી પત્ની કે જે પતિના દુઃખે દુઃખી



થયેલી છે તેને કુરુમતી ! કુરુમતી ! પોકારતો તેણીના દેખતા સાતમી નરકે ગયો.

ત્યાં પણ અતીશય વેદના ભોગવતો છતાં વેદનાને ન ગણકારતો કુરૂમતિને બોલાવે છે. આ પ્રમાણે ભોગાસક્તિ ત્યાગ કેટલાકને દુષ્કર છે. ઉદાર સત્ત્વશાળી મહાપુરુષોને તે દુષ્કર નથી કે જેમણે આત્માથી શરીરને જુદુ જાણેલ છે. જેમ- સનત્કુમાર આદિએ ભયંકર રોગના ઉદયમાં પણ એમ વિચાર્યું કે આ મારા જ પૂર્વકૃત્ કર્મોનું ફળ છે. એવા નિશ્ચયપૂર્વક કર્મ સમૂહને છેદવા ઉદ્યત થયેલાને મનમાં જરા પણ પીડા થતી નથી. કહ્યું છે કે—

[ઉત્તમપુરુષો પોતાના આત્માને સમજાવે છે—] જે મોહરૂપી પાણીવાળો અને અશુભ જન્મરૂપી 'આલવાલ'વાળો છે, રાગ-દ્વેષ, કષાયરૂપી સંતતિ વડે નિર્વિઘ્નપણે મોટું બીજ તેં રોપ્યું છે, તે રોગ વડે અંકુરિત થયું છે, વિપદા તેના ફૂલો છે. એવું કર્મરૂપી વૃક્ષ તે કર્યુ છે. હવે જો તેને સારી રીતે સહન નહીં કરે તો અધોગતિના દુઃખવાળા ફળોને પામીશ. આ દુઃખો ફરીથી પણ તારે ભોગવવા પડશે. કેમકે સંચિત કર્મોનો નાશ નિશ્ચે થતો નથી. આ સમજીને જે દુઃખ આવે તે સહન કર. તે જ વિવેક છે. બીજો કોઈ વિવેક નથી.

ભોગોના મુખ્ય કારણરૂપ ધનને સૂત્રકાર જણાવે છે—

● **સૂત્ર-૮૫ :-**

***ત્રણ પ્રકારે [સ્વ, પર કે ઉભય] તેની પાસે થોડી કે ઘણી મિલ્કત થાય છે. તેમાં ભોગી આસક્ત બનીને રહે છે. એ રીતે કોઈ વખતે તેની પાસે ભોગવ્યા પછી બચેલી સંપત્તિ એકઠી થાય છે. તેને પણ કોઈ વખતે સ્વજનો વહેંચી લે છે, ચોરો ચોરી લે છે, રાજા લુંટી લે છે, નાશ કે વિનાશ પામે છે. આગ લાગવાથી તે બળી જાય છે.***

***તે અજ્ઞાની બીજાને માટે ક્રૂર કર્મો કરતો મૂઢ થઈ વિપરીત ભાવ પામે છે [અથવા દુઃખથી મૂઢ બની વિપરીત પ્રવૃત્તિ કરે છે.]***

● **વિવેચન :-**

ત્રણ પ્રકારે તેની પાસે થોડી કે ઘણી ધનસંપત્તિ થાય છે. તે તેમાં જ આસક્ત થઈને રહે છે. તે માને છે કે આ ધન ભવિષ્યમાં ભોગવી શકાશે. તે કોઈ વખતે તે માટે મોટા ઉપકરણો રાખે છે. તો પણ તે ધન નાશ પામે છે. સ્વજનો વહેંચી લે, ચોરો હરી લે, રાજા લુંટી લે, નાશ પામે કે ઘર બળી જાય. આ ધનને માટે ક્રુર કર્મ કરતો અજ્ઞાની જીવ તેના દુઃખ વડે મૂઢ બને છે. એ બધું પૂર્વે વ્યાખ્યા કર્યા મુજબ સમજી લેવું. આ પ્રમાણે દુઃખવિપાકી ભોગોને જાણીને શું કરવું ? તે કહે છે—

● **સૂત્ર-૮૬ :-**

***હે ધીર પુરુષ ! તું ભોગની આશા અને સંકલ્પ છોડી દે - આ ભોગશલ્યનું સર્જન તેં જ કર્યું છે. જે ભોગથી સુખ છે, તેનાથી જ દુઃખ પણ છે. આ વાત મોહથી આવૃત્ત મનુષ્ય સમજી શકતો નથી.***

***આ સંસાર સ્ત્રીઓ દ્વારા પરાજિત છે. હે પુરુષ ! તે લોકો કહે છે કે આ***

***સ્ત્રીઓ ભોગની સામગ્રી છે, આ કથન દુઃખ, મોહ, મૃત્યુ, નરક તથા નરક અને તિર્યંચગતિને માટે થાય છે. સતત મૂઢ જીવ ધર્મને જાણતો નથી.***

***ભગવંત મહાવીરે કહ્યું છે, મહામોહથી અપ્રમત્ત રહેવું. બુદ્ધિમાને પ્રમાદથી બચવું જોઈએ. શાંતિ-મરણને અને નાશવંત શરીરને જોઈને પ્રમાદ ન કરવો. વિષયભોગથી તૃપ્તિ થતી નથી. [તેથી તેમાં આસક્તિ ન કરે.]***

**● વિવેચન :-**

તું ભોગની આશા અને અભિલાષને છોડ. જે બુદ્ધિ વડે શોભે તે ધીર. હે ધીર ! ભોગમાં દુઃખ જ છે, તેમાં સુખ પ્રાપ્તિ નથી. આ પ્રમાણે શિષ્યને ગુરૂ ઉપદેશ આપે છે અથવા આત્માને સમજાવે છે - તું ભોગની આશા આદિ શલ્યોને છોડી પરમ શુભ સંયમનું સેવન કર. જે ધન વગેરે ઉપાયોથી ભોગોપભોગ થાય છે, તે ધન આદિ વડે ભોગાદિ નથી પણ મળતા. તે માટે જ સૂત્રમાં જેણ સિઆ૦ આદિ કહ્યું. જેના વડે ભોગો મળે તે જ ધન વગેરેથી કર્મની વિચિત્ર પરિણતિથી ભોગ ન પણ મળે અથવા જેના વડે કર્મબંધ થાય તે કૃત્ય ન કરવું જોઈએ. અથવા જેના વડે રાજનો ઉપભોગ આદિ કર્મબંધ છે. તે ન કરવું, જેનાથી મોક્ષ મળે તે સાધુપણું પણ ભોગના પરિણામથી સંસાર વધારે છે.

આ પ્રમાણે અનુભવથી નિશ્ચય કરેલું છતાં મોહથી હારેલા જીવો સત્યને સમજતા નથી. આ જ હેતુ વૈચિત્ર્ય છે કે, જે પુરુષો તીર્થંકરના ઉપદેશથી રહિત છે, તેઓનું મોહ, અજ્ઞાન કે મિથ્યાત્વ ઉદયથી તત્ત્વ સંબંધી જ્ઞાન ઢંકાયેલું છે. મોહનીય કર્મોદયથી મૂઢ બનેલા તેઓને સ્ત્રી ભોગનું મુખ્ય કારણ છે તે બતાવે છે —

સ્ત્રીઓના નેત્ર કટાક્ષાદિથી આ લોક આશા, અભિલાષથી હારેલા જીવો ક્રૂર કર્મો કરી નરક વિપાકરૂપ શલ્ય મેળવીને તેના ફળને ભૂલીને મોહથી છાદિત અંતર્આત્માવાળો પ્રકર્ષથી વ્યથિત થઈ પરાજિત બને છે. તેઓ જાતે જ વિનાશ પામતા નથી, પણ બીજાઓને પણ વારંવાર ખોટો ઉપદેશ આપીને દુર્ગતિમાં લઈ જાય છે-તે કહે છે, સ્ત્રીઓ વગેરે ઉપભોગને માટે છે. તેમના વિના શરીરની સ્થિતિ જ ન થાય. તે ઉપદેશ તેઓના દુઃખ માટે થાય છે - શરીર અને મનના દુઃખો ભોગવવા પડે છે અથવા અજ્ઞાનથી મોહનીય કર્મ બંધાય છે. મરીને નરકમાં જાય છે. નરકમાંથી તિર્યંચ ગતિમાં જાય છે. આ બધાનું મૂળ કારણ સ્ત્રીનો મોહ છે.

આ પ્રમાણે સ્ત્રીના હાવભાવથી તેના અંગ જોવામાં આસક્ત બનેલો ઉક્ત યોનિમાં ભટકવા છતાં આત્મહિતને જાણતો નથી. નિરંતર દુઃખથી અભિભૂત બનેલો તે મૂઢ ક્ષમાદિ લક્ષણ સાધુધર્મને જાણતો નથી. તે ધર્મ દુર્ગતિને રોકનાર છે, તે જાણતો નથી. આ કથન તીર્થંકરનું છે તે વાત જણાવે છે - સંસારનો ભય વિસારનાર વીર પ્રભુ કહે છે—

હે શિષ્યો ! તમારે સ્ત્રીમાં આસક્ત ન થવું કેમકે તે મહામોહનું કારણ છે, તેથી તે વિષયમાં પ્રમાદ ન કરવો. નિપુણ બુદ્ધિવાળા શિષ્ય માટે આટલું વચન બસ છે. મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા એ પાંચ પ્રકારનો પ્રમાદ દુઃખ આપનાર છે



માટે તેનાથી દૂર રહેવું.

શું આધાર લઈને પ્રમાદ છોડવો ? શાંતિ આદિ. શમન એટલે શાંતિ. બધા કર્મનો નાશ થવાથી મોક્ષ જ શાંતિ છે. પ્રાણીઓ વારંવાર ચાર ગતિરૂપ સંસારમાં જેના વડે મરણ પામે છે તે સંસાર. આ સંસાર અને મરણને વિચારીને પ્રમાદ છોડવો. પ્રમાદીને જન્મમરણનું દુઃખ છે, અપ્રમાદીને તેના પરિત્યાગથી મોક્ષ છે, એમ વિચારી કુશળ શિષ્યે વિષય, કષાય, પ્રમાદ ન કરવો અથવા ઉપશમ વડે મરણ સુધી જે ફલ થાય છે, તે વિચારી પ્રમાદ ન કરવો.

વળી વિષય-કષાય આસક્તિરૂપ જે પ્રમાદ છે, તે શરીરમાં રહેલો છે. તે શરીર નાશ પામનારું છે, તે નાશવંતપણાને વિચારીને પ્રમાદ ન કરવો. આ ભોગો ભોગવવા છતાં તૃપ્તિ થતી નથી. ભોગ અભિલાષ પણ શાંત થઈ શકતો નથી. તેથી હે શિષ્ય ! આ પ્રમાદમય દુઃખ કારણ સ્વભાવ વિષયના ઉપભોગ વડે વારંવાર ભોગવવા છતાં ઉપશમ થતો નથી.

કહ્યું છે કે, આ લોકમાં ઘઉં, જવ, સોનું, પશુ, સ્ત્રીઓ વગેરે બધું એક માણસની તૃપ્તિ માટે સમર્થ નથી, એમ સમજી તેનો મોહ છોડ. ઉપભોગના ઉપાયમાં તત્પર થઈ જે વિષય-તૃષ્ણા શાંત કરવા ઇચ્છે છે, તો ફરી તે તૃષ્ણા આક્રમણ કરે છે. તેથી ભોગ લાલચુને તેની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં દુઃખ જ મળે છે, તે સૂત્ર દ્વારા બતાવે છે—

**● સૂત્ર-૮૭ :-**

***હે મુનિ ! આ ભોગોને મહાભયરૂપ સમજ. કોઈના પ્રાણની હિંસા ન કરો, જે સંયમથી ઉદ્વેગ ન પામે તે વીર પ્રશંસાને પામે છે. કોઈ કંઈ ન આપે તો કોપ ન કરે, અલ્પ પ્રાપ્ત થાય તો નિંદા ન કરે, ગૃહસ્થ ના પાડે ત્યારે ત્યાંથી પાછા ફરી જવું જોઈએ. મુનિ આ મુનિધર્મનું સમ્યક્ પાલન કરે. તેમ કહું છું.***

**● વિવેચન :-**

હે મુનિ ! ભોગની આશારૂપ તાપથી ઘેરાયેલ કામદશા અવસ્થાના મહા ભયને તું પ્રત્યક્ષ જો. દુઃખ જ મહાભય છે. મરણનું કારણ હોવાથી તે મહા કહેવાય છે. તેથી આ લોક અને પરલોકમાં ભય આપનાર ભોગોને તું જાણ. તે માટે શું કરવું ? તે જણાવે છે - x - કોઈ જીવને દુઃખ ન આપીશ. એ રીતે પાંચે પાપને છોડજે. ભોગોને છોડીને પ્રાણાતિપાત આદિ વ્રત-આરૂઢને કયા ગુણો પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે - તે ભોગની આશા-તૃષ્ણાનો ત્યાગ કરનાર અપ્રમત્ત પંચ મહાવ્રતના ભારથી નમેલ સ્કંધવાળો વીર કર્મ વિદારણ કરવાથી ઇન્દ્રાદિ વડે સ્તવાય છે. કોણ આ વીર છે ? જેની સ્તુતિ કરાય છે ? તે કહે છે - x - x -

જે આત્મા ગ્રાહ્ય તત્ત્વને ગ્રહણ કરે છે એટલે બધાં આવરક કર્મો ક્ષય થતાં સમસ્ત વસ્તુગ્રાહી જ્ઞાનથી અવ્યાબાધ સુખ મળે છે. જેના મુખ્ય કારણરૂપ સંયમાનુષ્ઠાનની તે જુગુપ્સા કરતો નથી અથવા રેતીના કોળીયા ખાવા જેવા મુશ્કેલ સંયમ પાળતા આહારાદિ ન મળે તો ખેદ પામતો નથી આ ગૃહસ્થ પાસે વસ્તુ છે છતાં

ન આપે તો તેના પર કોપ કરતો નથી, પણ મારા આ અલાભકર્મનો ઉદય છે, તેમ માની ન મળવાથી મને તપનો લાભ થશે તેમ વિચારે. કોઈ થોડું આપે કે તુચ્છ અન્ન આપે તો પણ તેને ન નિંદે. - x - કોઈ ના પાડે તો પણ રીસાયા વિના ત્યાંથી ખસી જાય, ક્ષણ માત્ર ત્યાં ન રહે, ન દીનતા લાવે, ન દાતાને કટુ વચન કહે.

કહ્યું છે કે, "હે ઉદારમતિ સ્ત્રી ! તને જોઈ, તારો અનુભવ કર્યો, તારું જ પાણી પીધું, તારું નામ સારું, પણ દર્શન નહીં સારું." આવું ન બોલે.

ભિક્ષાદિ પ્રાપ્ત થાય તો ચાલતા થવું, પણ ત્યાં રહી ઉંચા-નીચા વચન વડે સ્તુતિ-નિંદા ન કરે. ભાટની જેમ તેની ભાટાઈ ન કરે.

ઉપસંહાર કરતા કહે છે - પ્રવ્રજ્યાના નિર્વેદરૂપ અદાનથી કોપે નહીં, થોડું આપે તો નિંદે નહીં, ના પાડે તો રોકાય નહીં - તે મોક્ષાર્થી સાધુનું આચરણ છે. તું પણ અનેક ભવ કોટિએ મુશ્કેલીથી પ્રાપ્ત સંયમને પામીને સારી રીતે પાળજે. આ પ્રમાણે ગુરૂ શિષ્યને કહે અથવા આત્માને સમજાવે. - x -

**અધ્યયન-૨ 'લોકવિજય'ના ઉદ્દેશા-૪ 'ભોગાસક્તિ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -



## 卐 અધ્યયન-૨ ઉદ્દેશો-૫ "લોકનિશ્રા" 卐

● **ભૂમિકા :-**

ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમાંની વ્યાખ્યા કહે છે. તેનો સંબંધ આ રીતે છે - આ ભોગોનો ત્યાગ કરી 'લોકનિશ્રા'એ સંયમદેહ પાળવાને માટે વિહરવું યુક્ત છે. તે આ ઉદ્દેશામાં બતાવે છે. આ લોકમાં સંસારથી ખેદ પામેલા, ભોગનો અભિલાષ તજેલા મુમુક્ષોએ ગૃહિત પાંચ મહાવ્રતભાર વડે નિરવદ્ય અનુષ્ઠાન કરનારે દીર્ઘસંયમ યાત્રાર્થે દેહપરિપાલન માટે લોકનિશ્રા વડે વિહરવું જોઈએ. કેમકે આશ્રય વિના દેહસાધના ન થાય. દેહ વિના ધર્મ ન થાય.

ધર્મમાં વિચરતા સાધુને લોકમાં પાંચ નિશ્રા પદો છે. રાજા, ગૃહસ્થ, છકાય, સાધુગણ અને શરીર, વસ્ત્ર, પાત્ર, અન્ન, આસન, શયનાદિ સાધનો છે. તેમાં પણ પ્રાયઃ નિરંતર આહારનો મુખ્ય ઉપયોગ છે. તે લોકમાંથી જ શોધવાનો છે. લોકો વિવિધ ઉપાયોથી પોતાના પુત્ર, સ્ત્રી આદિ માટે આરંભમાં પ્રવર્તેલા છે. તેમને ત્યાં સાધુએ સંયમ દેહના નિર્વાહ માટે આજીવિકા શોધવી જોઈએ. તે—

● **સૂત્ર-૮૮ :-**

***ગૃહસ્થો જે આ વિવિધ શસ્ત્રો વડે લોકમાં કર્મ સમારંભ કરે છે. તે આ પ્રમાણે - તે પોતાના પુત્રો, પુત્રી, પુત્રવધૂ, કુંટુબી, ધાઈ, રાજા, દાસ, દાસી, કર્મચારી, કર્મચારીણી, મહેમાન આદિને માટે, વિવિધ લોકોને દેવા માટે, સાંજ-સવારના ભોજન માટે - આ પ્રકારે સંનિધિ અને સંનિચય કરે છે.***

● **વિવેચન :-**

તત્ત્વને ન જાણનારે સુખ પ્રાપ્તિ અને દુઃખ છોડવા માટે વિવિધ પ્રકારના શસ્ત્રો વડે પ્રાણીને દુઃખ આપનારા બે પ્રકારના શસ્ત્રો બતાવ્યા છે. તે દ્રવ્ય અને ભાવ બે ભેદે છે. તેના વડે પોતાના શરીર, પુત્ર, પુત્રી, પુત્રવધૂ આદિને માટે કર્મો - આરંભ સમારંભો કરે છે તે કહે છે—

સુખ મેળવવું, દુઃખ છોડવું, તે માટે કાયિક, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાત રૂપ ક્રિયા અથવા કૃષિ, વાણિજ્યાદિરૂપ સંરંભ, સમારંભ અને આરંભ કરે છે. તેમાં સંરંભ એટલે ઇષ્ટ પ્રાપ્તિ અને અનિષ્ટ ત્યાગ માટે પ્રાણાતિપાતાદિ સંકલ્પનો આવેશ જાણવો.

સમારંભ એટલે સંકલ્પના સાધનો ભેગા કરવા માટે કાયા અને વાણીના વ્યાપાર જનિત પરિતાપનાદિ લક્ષણ પ્રવૃત્તિ. આરંભ એટલે ત્રણ દંડના વ્યાપારથી મેળવેલ તથા ઉપયોગમાં લીધેલ પ્રાણાતિપાતાદિ ક્રિયા. અથવા આઠ પ્રકારના કર્મનો સમારંભ એટલે વસ્તુ મેળવવાના ઉપાયો કરવા.

સૂત્રમાં કહેલ 'લોક' કયો છે ? જેના માટે આરંભાદિ કરાય છે તે કહે છે— तं जहा अप्पणो० આદિ. જે હેતુથી લોક વિવિધ શસ્ત્ર વડે કર્મસમારંભ કરે છે, તે લોકમાં સાધુ આજીવિકા મેળવે. - x - આત્મા એટલે શરીર તેને માટે રાંધવું વગેરે

કર્મ સમારંભ કરે છે. - x - પરમાર્થથી જ્ઞાનદર્શન ચારિત્રરૂપ આત્મ તત્ત્વને છોડીને બાકીનું શરીર પારકું જ છે. તેથી કહ્યું છે - બહારના પુદ્‌ગલનું બનેલું અચેતનરૂપ કર્મના વિપાકરૂપ પાંચ શરીરો છે. તેથી શરીર કે આત્મા શબ્દ 'લોક' શબ્દ વડે કહ્યો છે તેથી કોઈ શરીર માટે પાપક્રિયા કરે છે બીજા કોઈ પુત્ર, પુત્રાદિ...માટે કર્મ સમારંભ કરે છે. [જે સૂત્રાર્થમાં બતાવેલ છે] કોઈ રાત્રિમાં કે સવારે ખાવા માટે રાંધતા સમારંભ કરે છે.

વિશેષાર્થે કહે છે - 'સંનિધિ' વિનાશી દ્રવ્ય એવા દહીં, ભાત વગેરે સ્થાપી રાખે તથા ઘણો કાળ રહી શકે તેવા સાકર, દ્રાક્ષ વગેરેનો સંચય કરે તે 'સંનિચય' આ સંનિધિ, સંનિચય પરિગ્રહ સંજ્ઞાને કારણે કે આજીવિકા અભ્યાસથી કરે છે અથવા ધન, ધાન્ય, સોનુ આદિ સંગ્રહ કરે છે. આ બધું આ લોકમાં પરમાર્થ બુદ્ધિવાળા મનુષ્યોના ઉપભોગ માટે કરે છે. કોઈ સ્વાર્થ માટે, કોઈ પુત્રાદિ અર્થે વિવિધ શસ્ત્રો વડે કર્મ સમારંભમાં પ્રવૃત્ત લોક રાત્રિમાં કે પ્રભાતમાં ભોજન માટે કરે છે. આ રીતે આ લોક સંનિધિ અને સંનિચય માટે ઉધત હોય ત્યારે સાધુએ શું કરવું ? તે કહે છે—

● સૂત્ર-૮૯ :-

***સંયમમાં ઉધત, આર્ય, આર્યપ્રજ્ઞ, આર્યદર્શી અણગાર અવસરજ્ઞ, તત્ત્વજ્ઞ સદોષ આહાર ગ્રહણ કરે નહીં, કરાવે નહીં, અનુમોદે નહીં તે સર્વે પ્રકારના દૂષણો રહિત નિર્દોષપણે સંયમ પાળે-ભિક્ષાચરી કરે.***

● વિવેચન :-

સમુદ્ઘિત એટલે સમ્યક્ રીતે સતત કે સંગત સંયમ અનુષ્ઠાને પ્રવૃત્ત, વિવિધ શસ્ત્ર કર્મ સમારંભથી મુક્ત. અગાર એટલે ઘર વગરના - પુત્ર, પુત્રી, પુત્રવધૂ, જ્ઞાતિજન, ધાત્રિ આદિ રહિતને અણગાર કહે છે.

આર્ય એટલે બધાં પાપકર્મોથી દૂર-ચારિત્ર પાલન યોગ્ય. જેની બુદ્ધિ ઉત્તમ છે તે આર્યપ્રજ્ઞ - શ્રુત વિશેષથી ખીલેલ બુદ્ધિવાળો. જે ન્યાયયુક્ત થઈને જુએ છે એવે તે આર્યદર્શી છે. તેથી તે રાત્રિભોજનાદિથી રહિત છે.

અયંસંધિ એટલે પોતાના દરેક કાર્યો યોગ્ય વખતે કરનાર. *[આચારાંગ ચૂર્ણિમાં સંધિના બે અર્થ છે - (૧) ભિક્ષા કાળ, (૨) જ્ઞાનદર્શનચારિત્રરૂપ ભાવસંધિ]* જે કાળનું જે કર્તવ્ય હોય તે - તે કાળે કરે. જેમકે - પડિલેહણ, ઉપયોગ, સ્વાધ્યાય, ભિક્ષાચર્યા, પ્રતિક્રમણાદિ ક્રિયા એકબીજાને બાધા વિના સમયે સમયે કરે. તે જ પરમાર્થને જોનારો જાણવો. આવા ગુણવાળો મુનિ જ અદક્ખુ છે. - x - પૂર્વોક્ત વિશેષણયુક્ત સાધુ કર્તવ્યકાળને જાણે છે, તેથી પરસ્પર બાધારહિત હિતપ્રાપ્તિ, અહિત ત્યાગ વગેરે અવસરને જાણે છે - વર્તે છે તે જ પરમાર્થ જ્ઞાતા છે.

અથવા ભાવસંધિ-જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ. તે શરીર વિના ન થાય. તે શરીર નિર્વાહ આધાર કારણ વિના ન થાય. તેમાં સાવધ ત્યાગ કરવા કહે છે, તે ભિક્ષુ અકલ્પ્ય ન લે. બીજા પાસે લેવડાવે નહીં, કોઈ લેનારને અનુમોદે નહીં. અથવા



ઇંગાલ કે ધુમ્ર દોષ ન લગાડે. બીજા પાસે તેવા દોષો ન લાગવા સર્વ આમ-ગંધ અર્થાત્ અશુદ્ધ આહારને છોડે. ગંધ શબ્દથી 'પૂતિ' અર્થ લીધો. - x - અહીં પૂતિ શબ્દથી આધાકર્માદિ અશુદ્ધિ કોટિ બતાવી છે. આ દોષ મોટો હોવાથી તેનું પ્રધાનપણું બતાવવા ફરી કહ્યું છે. તેનો અર્થ આ પ્રમાણે છે. ગંધ શબ્દ લેવાથી—

આધાકર્મ, ઓદ્દેશિક ત્રિક, પૂતિકર્મ, મિશ્રજાત, બાદર પ્રાભૃતિકા, અધ્યવપૂરક, એમ છ ઉદ્‌ગમ દોષ અવિશુદ્ધ કોટિમાં રહેલા છે. બાકીના વિશુદ્ધકોટિમાં છે તે 'આમ' શબ્દ વડે બતાવ્યા છે.

'સર્વ' શબ્દ બધા પ્રકારોને સૂચવે છે. તેથી કોઈ પ્રકારે અપરિશુદ્ધ કે પૂતિ દોષ હોય તે જ્ઞ-પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે નિરામગંધવાળો બને. તેથી જ્ઞાન, દર્શન, ચારિત્ર નામક મોક્ષમાર્ગમાં સારી રીતે વર્તે અને સંયમ અનુષ્ઠાનને પાળે.

'આમ' શબ્દમાં ગ્રહણ કરેલ છતાં અલ્પસત્ત્વવાળા માટે કહે છે—

● સૂત્ર-૯૦ :-

***મુનિ ક્રય-વિક્રયથી દૂર રહે. તે ક્રય-વિક્રય સ્વયં ન કરે, ન કરાવે, કે કરનારને અનુમોદે નહીં. તે ભિક્ષુ કાલજ્ઞ, બલજ્ઞ, માત્રજ્ઞ, ક્ષેત્રજ્ઞ, ક્ષણજ્ઞ, વિનયજ્ઞ, સ્વસમય-પરસમયજ્ઞ અને ભાવજ્ઞ છે. પરિગ્રહનું મમત્ત્વ ન રાખનાર, યથાકાળ અનુષ્ઠાન કરનાર, અપતિજ્ઞ છે.***

● વિવેચન :-

ક્રય-વિક્રય એટલે લેવું-વેચવું. તેનાથી અદૃશ્ય. સાધુના નિમિત્તે થયેલ વસ્તુ ન ભોગવે અથવા ક્રય-વિક્રય ન કરે. તે મુમુક્ષુ ધર્મોપકરણ પણ ન ખરીદે. બીજા પાસે ન ખરીદાવે. ખરીદનારની અનુમોદના ન કરે. અથવા નિરામગંધવાળો બની સાધુપણું પાળે. અહીં આમ શબ્દના ગ્રહણથી હનનકોટિત્રિક અને ગંધ શબ્દ ગ્રહણથી પચનકોટિત્રિક લેવી. ક્રયણકોટિત્રિક પોતાના સ્વરૂપ બતાવનાર શબ્દથી લીધી છે.

એથી નવકોટિ પરિશુદ્ધ આહાર અંગાર, ધૂમદોષ રહિત ભોગવે. આવા ગુણ વિશિષ્ટ સાધુ - (૧) કાલજ્ઞ-કર્તવ્ય સામર્થ્યને જાણે, (૨) બલજ્ઞ-બલનો જ્ઞાતા-આત્મબલ સામર્થ્યને જાણે, યથાશક્તિ અનુષ્ઠાન કરે - બળ વીર્ય ન ગોપવે, (૩) માત્રજ્ઞ-દ્રવ્યની ઉપયોગિતાની માત્રા જાણે, (૪) ખેદજ્ઞ - અભ્યાસ વડે જાણનાર અથવા સંસાર ભ્રમણ જનિત શ્રમને જાણે. કહ્યું છે કે, વૃદ્ધત્વ, મરણ, દુર્ગતિ, રોગ, પીડા તો દૂર રહો, ધીરપુરુષને વારંવાર જન્મ લેવો તે પણ નિંદનીક માને અથવા ખેદજ્ઞ એટલે ક્ષેત્રજ્ઞ - સંસક્ત, વિરુદ્ધ દ્રવ્ય, પરિહાર્ય, કુળ આદિ ક્ષેત્રનો જાણનાર, (૫) ક્ષણજ્ઞ - ભિક્ષાર્થગમન અવસરનો જ્ઞાતા.

(૬) વિનયજ્ઞ - જ્ઞાન, દર્શન, ચારિત્ર, ઉપચારરૂપ વિનયને જાણે, (૭) સ્વ સમય - પરસમયજ્ઞ - જૈન તથા અન્ય સિદ્ધાંતને જાણે - સ્વસમયથી ગૌચરી ગયેલો સુખેથી ભિક્ષાદોષને જાણે. તે આ પ્રમાણે—

સોળ દોષ ઉદ્‌ગમના - આધાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના,

પ્રાભૃતિકા, પ્રકાશકરણ, ક્રીત, ઉધતક, પરિવર્તિત, અભ્યાહત, ઉદ્‌ભિન્ન, માલાપહત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ અને અધ્યવપૂરક.

સોળ દોષ ઉત્પાદના - ધાત્રી, દૂતી, નિમિત્ત, આજીવક, વનીપક, ચિકિત્સા, ક્રોધ, માન, માયા, લોભ, પૂર્વસંસ્તવ, પશ્ચાતસંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણયોગ અને મૂલકર્મ એ સોળ પિંડ.

દશ દોષ એષણાના - શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત અને ઉજ્ઝિત.

આ દોષોમાં ઉદ્‌ગમ દોષો દાતાને કારણે થાય છે, ઉત્પાદન દોષો સાધુને લીધે થાય છે અને એષણા દોષો દાતા અને સાધુ બંનેને લીધે થાય છે.

પર સમયજ્ઞ હોવાથી ઉનાળાના બપોરે તીવ્ર તાપમાં સૂરજના કિરણોથી પરસેવાના બિંદુ ટપકતા સાધુના મેલા શરીરને જોઈને કોઈ અન્ય ગૃહસ્થે પૂછ્યું કે, સર્વજનોએ આચરીત સ્નાન કેમ નથી કરતા ? સાધુએ કહ્યું કે, સર્વે યતીઓને કામના અંગરૂપ જળ સ્નાન નિષેધ છે. આર્ષ વચન છે કે, ''સ્નાન મદદર્પકર છે. કામનું પ્રથમ અંગ છે. તેથી કામને ત્યાગીને, દમનમાં રક્ત બની સ્નાન ન કરે.'' આ રીતે ઉભયજ્ઞ ઉત્તર દેવામાં કુશળ હોય.

(૮) ભાવજ્ઞ - દાતા કે શ્રોતાના ચિત્તના અભિપ્રાયને જાણે તે. (૯) પરિગ્રહ અમમત્વી - સંયમના ઉપકરણ વધુ ન રાખે, ન ઇચ્છા કરે તે. (૧૦) કાલાનુસ્થાયી એટલે આવા ભિક્ષુ કાલજ્ઞ, બલજ્ઞ આદિ હોય તે પરિગ્રહમાં મમત્વ ન કરીને યોગ્ય સમયે યોગ્ય ક્રિયાને કરનારો બને છે. પૂર્વે કાળજ્ઞ શબ્દમાં આ વાત કહી છે પણ ત્યાં 'જ્ઞપરિજ્ઞા' છે. અહીં આસેવના પરિજ્ઞા છે. તે કર્તવ્યકાળે કાર્ય કરવી.

(૧૧) અપ્રતિજ્ઞ - કોઈપણ જાતનું નિયાણું ન કરે અથવા પ્રતિજ્ઞા એટલે અભિગ્રહ અથવા કષાયના ઉદયથી અવિરતિ. *[તે માટે વૃત્તિમાં અપાયેલા દૃષ્ટાંતનો અત્રે સંક્ષેપ રજૂ કરેલ છે.]* ક્રોધના ઉદયથી સ્કંદક આચાર્ય એ ઘાણીમાં પીલાતા શિષ્યોને જોઈને નિયાણુ કરી, દેવ થઈ નગરનો નાશ કર્યો. માનના ઉદયથી બાહુબલીએ પ્રતિજ્ઞા કરી કે કેવળજ્ઞાની નાના ભાઈઓને હું કેમ વંદન કરું ? માયાના ઉદયથી મલ્લિનાથે પૂર્વભવમાં તપ કર્યું. લોભના ઉદયે વેશધારી યતિ માસક્ષમણની પ્રતિજ્ઞા કરી વર્તમાનનો લાભ જુએ છે. અથવા અપ્રતિજ્ઞ એટલે વસુદેવ માફક નિયાણું ન કરે અથવા ગૌચરી ગયેલો એવી પ્રતિજ્ઞા ન કરે કે મને આવી જ ગૌચરી મળે.

અથવા સ્યાદ્વાદની પ્રધાનતાથી જિન આગમમાં એકાંત પક્ષ ગ્રહણ ન કરે તે અપ્રતિજ્ઞ જાણવો. જેમકે - મૈથુન વિષય છોડીને કોઈપણ સ્થાને નિયમવાળી પ્રતિજ્ઞા ન કરે. કહ્યું છે - જિનેશ્વરે કંઈ અકલ્પનીયની આજ્ઞા નથી આપી કે કારણે કોઈપણ નિષેધ નથી કર્યો. - x - x -

જેના વડે દોષો દૂર થાય અને જેના વડે પૂર્વના કર્મો ક્ષય થાય. તે તે મોક્ષના ઉપાયો છે. જેમ રોગમાં ઉચિત ઔષધ એ ઉપાય છે.

જેટલા હેતુ ભવભ્રમણના છે. તેટલા જ હેતુઓ મોક્ષના છે. તે ગણી શકાય



તેવા નથી, પણ બંને પૂર્ણપણે તુલ્ય છે - ઇત્યાદિ.

સૂત્રમાં અયંસંધિ થી શરૂ કરીને અગિયાર પિંડેષણા બતાવી છે. જ્યારે 'અપ્રતિજ્ઞ' શબ્દથી પ્રતિજ્ઞા ન કરવી તેવું સિદ્ધ થાય છે. શાસ્ત્રમાં આવે છે કે જુદા જુદા અભિગ્રહો કરવા તો સાચું શું ? તે સૂત્રમાં બતાવે છે—

● **સૂત્ર-૯૧ :-**

***રાગ-દ્વેષને છેદી મોક્ષમાર્ગે આગળ વધે, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક, અવગ્રહ, શય્યા અને આસનની યાચના કરે.***

● **વિવેચન :-**

રાગ-દ્વેષ વડે થતી પ્રતિજ્ઞાને છેદીને નિશ્ચયથી જે કરે તે નિયાતી એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર નામક મોક્ષમાર્ગ કે સંયમ અનુષ્ઠાન કે ભિક્ષાદિ અર્થે પ્રતિજ્ઞા કરે. રાગદ્વેષ રહિત પ્રતિજ્ઞા ગુણવાળી છે - x - તે આવા ભિક્ષુ - x - વસ્ત્ર, પાત્ર આદિ નિર્દોષ જાણી ગ્રહણ કરે. તે માટે પૂર્વે કહ્યા મુજબ જેઓ પુત્રાદિ માટે આરંભમાં પ્રવૃત્ત છે, સંનિધિ - સંનિચય કરવામાં ઉધત્ છે, ત્યાં જઈ શુદ્ધ-અશુદ્ધપણાની પરીક્ષા કરી શુદ્ધ ગ્રહણ કરે - અશુદ્ધનો ત્યાગ કરે.

સૂત્રમાં 'વસ્ત્ર' શબ્દથી વસ્ત્ર એષણા [શુદ્ધિ] બતાવી. 'પાત્ર' શબ્દથી પાત્રએષણા બતાવી. 'કંબલ' શબ્દથી આવિક - પાત્ર નિયોગ અને કલ્પ બતાવ્યો. 'પાદપ્રોંછનક' શબ્દથી રજોહરણ જાણવું. આ સૂત્ર વડે ઔઘિક, ઔપગ્રહિક ઉપધિ બતાવી છે. તથા વસ્ત્રૈષણા, પાત્રૈષણાનું સૂચન કર્યું છે.

જેની આજ્ઞા લેવાય તે સ્થાન એટલે અવગ્રહ. તે પાંચ પ્રકારે છે - (૧) દેવેન્દ્ર અવગ્રહ, (૨) રાજાનો અવગ્રહ, (૩) ગૃહપતિ-અવગ્રહ, (૪) શય્યાતર-અવગ્રહ, (૫) સાધર્મિક અવગ્રહ. આના વડે અવગ્રહની પ્રતિજ્ઞા કહી છે. તેથી તેનું પણ સમર્થન કર્યું અને અવગ્રહ કલ્પનું વર્ણન કહે છે—

'કટ' શબ્દથી 'સંથારો' લીધો. 'આસન' શબ્દથી આસંદક આદિ આસન જાણવા. જેમાં બેસાય તે 'આસન' તે જ શય્યા છે. તેથી આસનગ્રહણથી શય્યા પણ જાણવી. - x - આ બધાં વસ્ત્રાદિ, આહારાદિના આરંભમાં પ્રવર્તેલને ગૃહસ્થ જાણવા. તેમાં આમગંધ [દોષિત] છોડીને નિર્દોષ જેમ મળે તેમ લેવું. આવી રીતે ગૃહસ્થોને ત્યાં જતા જે પ્રાપ્ત થાય તે ગ્રહણ કરે. તે ગ્રહણ કરવામાં જે નિયમ એટલે મર્યાદા છે તેને સૂત્રમાં કહે છે—

● **સૂત્ર-૯૨ :-**

***આહાર પ્રાપ્તિ સમયે સાધુને પ્રમાણ-માત્રાનું જ્ઞાન હોવું જોઈએ. એમ ભગવંતે ફરમાવેલ છે. આહાર પ્રાપ્ત થતા મદ ન કરે, ન મળે તો શોક ન કરે. અધિક માત્રામાં મળે તો સંગ્રહ ન કરે, પરિગ્રહથી પોતાને દૂર રાખે.***

● **વિવેચન :-**

સાધુને આહાર પ્રાપ્ત થતા, આહારના ઉપલક્ષણથી વસ્ત્ર, ઔષધ આદિ પ્રાપ્ત થતા સાધુ તેના પ્રમાણને જાણે. તે એટલું જ લે જેથી ગૃહસ્થે ફરી આરંભ ન કરવો

પડે, સાધુની પોતાની જરૂરિયાત પૂર્ણ થાય. - x - આ હું મારી બુદ્ધિથી નથી કહેતો, પણ જિનેશ્વરે આ ઉદ્દેશાથી માંડીને કહ્યું છે તે કહે છે, તે જિનેશ્વરે ઐશ્વર્યાદિ ગુણ યુક્ત અર્ધમાગધી ભાષામાં, બધાં પોતાની ભાષામાં સમજે તે રીતે દેવ-માનવની પર્ષદામાં કેવલજ્ઞાનરૂપી ચક્ષુ વડે જોઈને કહ્યું છે, એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે.

વસ્તુ, આહાર મળતા હું લબ્ધિમાન છું તેમ અહંકાર ન કરે, ન મળે તો શોક ન કરે. દીનતાથી એવો ખેદ ન કરે કે, મને ધિક્કાર થાઓ, હું મંદભાગ્ય છું, બધાંને બધી વસ્તુ આપનાર દાતા છે પણ મને નથી મળતું. લાભાલાભમાં માધ્યસ્થતા રાખે. કહ્યું છે - મળે તો સારું, ન મળે તો પણ સારું. ન મળે તો તપો વૃદ્ધિ થશે અને મળે તો પ્રાણ ધારણ થશે.

આ રીતે પિંડ, પાત્ર, વસ્ત્રની એષણા બતાવી છે. હવે સંનિધિ પ્રતિષેધ માટે કહે છે - ઘણું મળે તો સંગ્રહ ન કરે. - x - x - આહારની માફક સંયમ ઉપકરણમાં વસ્ત્ર, પાત્રાદિ પણ વધુ ન લે. - x - ધર્મોપગરણથી વધુ જેટલું લેવું તે પરિગ્રહ છે, માટે તે ન લે. તેમાં મૂર્છા પણ ન કરે - x - x - શંકા કરે છે કે પરિગ્રહ પણ રાગદ્વેષનું કારણ છે તો ધર્મોપગરણને પરિગ્રહ કેમ ન માનવો ? વળી કહ્યું છે કે, આ મારું છે એવો અભિમાનરૂપ દાહ જ્વર જ્યાં સુધી છે. ત્યાં સુધી જમના મુખમાં જવાનું છે તેમ ત્યાં શાંતિ નથી, ઉન્નતિ પણ નથી, માટે યશ અને સુખ વાંછુકોએ અનર્થ જાણી મમતાને દૂર કરવી.

આચાર્ય ઉત્તર આપે છે - આ દોષ નથી. ધર્મોપકરણમાં આ મારું છે એમ સાધુને પરિગ્રહનો આગ્રહ નથી. આગમમાં પણ કહ્યું છે, જે મુનિને પોતાના શરીરમાં મમત્ત્વ નથી, તે બીજામાં મમત્ત્વ કઈ રીતે કરે ? જે કર્મ બંધને માટે લેવાય તે પરીગ્રહ છે, કર્મનિર્જરાર્થે હોય તે પરીગ્રહ નથી.

● સૂત્ર-૯૩ :-

***આ પ્રકારે જોઈને-વિચારીને પરિગ્રહનો ત્યાગ કરે. આ માર્ગ તીર્થંકરોએ બતાવેલ છે. જેથી કુશલપુરુષ પરિગ્રહમાં ન લેપાય. તેમ હું કહું છું.***

● વિવેચન :-

આ પ્રકારે દેખતો બનીને [વિચારીને] પરિગ્રહ છોડે. પરમાર્થને ન જાણતા ગૃહસ્થો પરીગ્રહને સુખના સાધનરૂપે જુએ છે, સાધુ ન જુએ. તેનો આશય આ છે - આ ઉપકરણ આચાર્યનું છે, મારુ નથી. રાગદ્વેષનું મૂળ છે તે પરિગ્રહનો અહીં નિષેધ છે, ધર્મોપકરણનો નિષેધ નથી, તેના વિના સંસાર સમુદ્રથી પાર જવાય નહીં. કહ્યું છે કે, ‘‘કોઈ નાનું કાર્ય ગમે તેમ સાધી લેવાય પણ મોટું કાર્ય તેમ સિદ્ધ ન થાય. ખાબોચીયું કુદી જવાય પણ નાવ વિના સમુદ્ર પાર ન થાય. જો કે પરીગ્રહ વિષયમાં દિગંબર સાથે મતભેદ છે, તેથી સૂત્રમાં કહ્યું કે, આ ‘‘માર્ગ’’ તીર્થંકરે કહ્યો છે - ધર્મોપકરણ પરીગ્રહને માટે નથી.

સર્વ પાપરૂપ ‘હેય’ ધર્મથી જે દૂર છે, તે આર્યો-તીર્થંકરો છે. પણ જેઓ



ધર્મોપકરણને પરીગ્રહ કહે છે, તે પણ કુંડિકા આદિ રાખે જ છે. તેમણે સ્વરૂચિ મુજબ ઉપકરણ રાખવાનો માર્ગ શોધી કાઢેલ છે - x - x - આ જ પ્રમાણે કોઈ ધર્મોપકરણને પરીગ્રહ કહે તો તેને સમજાવવા.

આ પ્રમાણે સ્વસિદ્ધાંતના ગૌરવ માટે તીર્થંકરે પ્રરૂપણા કરી તે યુક્ત જ છે. તેથી ઉત્તમ સાધુએ જિનેશ્વરના માર્ગમાં ઉદ્યમવંત થવું. કર્મભૂમિ પ્રાપ્ત કરીને, મોક્ષવૃક્ષના બીજ સમાન બોધિ તથા સર્વ સંવરરૂપ ચારિત્ર પામીને - x - કર્મમાં જેમ લેપ ન થાય, નવા કર્મ ન બંધાય તેમ ઉત્તમ માર્ગમાં વર્તવું - તે વિદિત વેદ્ય [પંડિત] જાણવો. જો તે માર્ગ ઉલ્લંઘીને યથોક્ત ધર્માનુષ્ઠાન ન કરે તો કર્મબંધ થાય. આ સત્પુરુષોનો માર્ગ છે. તેથી ગૃહિત પ્રતિજ્ઞા અંત સુધી પાળવી જોઈએ. કહ્યું છે કે, ગુણ સમૂહની માતા તથા અત્યંત શુદ્ધ હૃદય બનાવનારી જે લજ્જા છે તેને શ્રેષ્ઠ માતા માની સાધુઓ સુખેથી પોતાના પ્રાણ ત્યજે પણ સત્ય સ્થિતિને ચાહનારા પોતાની પ્રતિજ્ઞા ન ભાંગે.

‘ત્તિબેમિ’ - પૂર્વવત્ જાણવું. પરિગ્રહથી આત્માને દૂર કરવા કહ્યું તે નિદાન-છેદ વિના ન થાય. નિદાન [વાસના] શબ્દાદિ પાંચ ગુણના અનુગામી ‘કામ’ છે. કામભોગનો ત્યાગ મુશ્કેલ છે તે જણાવે છે—

● સૂત્ર-૯૪ :-

***કામભોગોનો ત્યાગ ઘણો મુશ્કેલ છે. જીવનને લંબાવી શકાતુ નથી. આ પુરુષ કામભોગની કામના રાખે છે. પછી તે શોક કરે છે, વિલાપ કરે છે, નિમર્યાદ બનીને અને પરિતાપથી દુઃખી થાય છે.***

● વિવેચન :-

કામના બે ભેદ છે - ઇચ્છાકામ, મદનકામ. હાસ્ય અને રતિમોહનીય કર્મથી ઇચ્છાકામ ઉદ્ભવે છે અને વેદ મોહનીય કર્મોદયથી મદનકામ થાય છે બંને કામનું કારણ મોહનીય છે. તેના સદ્ભાવમાં કામનો ઉચ્છેદ મુશ્કેલ છે માટે તેનો વિનાશ દુઃખે કરી થાય છે. તેથી કહ્યું કે, તેમાં પ્રમાદી થવું નહીં, જીવિતમાં પણ પ્રમાદ ન કરવો. ક્ષણે ક્ષણે ઓછાં થતા આયુની વૃદ્ધિ થવાની નથી. અથવા સંયમ-જીવિતનો સંસારી વાસનામાં પડતા દુઃખે કરીને નિર્વાહ થાય છે અર્થાત્ સંયમ-પાલન મુશ્કેલ થાય છે.

કહ્યું છે કે, આકાશે ગંગા નદીનો પ્રવાહ છે, તેની સામે જઈને તરવું મુશ્કેલ છે અથવા મહાસાગર હાથ વડે તરવો મુશ્કેલ છે. રેતીના કોળીયાની જેમ તથા લોઢાના જવ ચાવવાની જેમ સંયમપાલન મુશ્કેલ છે. ઇત્યાદિ અભિપ્રાય મુજબ ‘કામ’ તજવો મુશ્કેલ છે, તે બતાવ્યું છતાં કહે છે - કામકામી, વિષયલાલચુ જીવ શરીર અને મન સંબંધી ઘણાં દુઃખોને ભોગવે છે, તે બતાવે છે—

તે કામકામી ઇચ્છિત વસ્તુ ન મળતાં કે તેનો વિયોગ થતાં તેનો શોક કરીને કે તાવ ચઢેલા માણસની જેમ પ્રલાપ કરે છે, કહ્યું છે - પ્રેમ બંધન નાશ પામતાં, પ્રણય-બહુમાન ઓછું થતાં, સદ્ભાવ ઓછો થતાં જતો રહેતો પ્રેમ જોઈને કોઈ સ્ત્રી

સખીને કહે છે, તે ગત દિવસોને જ્યારે યાદ કરું છું ત્યારે જાણતી નથી કે કયો હેતુ મને સો પ્રકારે દુઃખ આપે છે ?

તથા હૃદયથી ઝુરે છે - હે હૃદય ! પહેલા એ વિચાર કે તારો પ્રેમી પ્રેમ કરીને દૂર થયો છે. હે હૃત હૃદય ! આશારહિત ! નપુંસક ! કેમ ખેદ કરે છે ? પાણી ગયા પછી પાળ બાંધવી નકામી છે.

तिप्पइ એટલે મર્યાદાથી ભ્રષ્ટ થઈ નિર્મર્યાદ થાય તથા શરીર અને મનના દુઃખોથી પીડાય છે. 'परितप्पइ-परि' એટલે બાહ્ય અને અંદર ચારે તરફથી, તપે છે અર્થાત્ પશ્ચાત્તાપ કરે છે. જેમકે - ઇષ્ટ પુત્ર, પત્ની આદિના ક્રોધથી, નાસી જાય ત્યારે તે મને અનુસરતા નથી એમ પરિતાપ પામે. આ બધાં શોક આદિ વિષય-વિષથી ક્ષોભિત અંતઃકરણની દુઃખ અવસ્થાના સૂચક છે. અથવા શોચત્ત એટલે યૌવન, ધન, મદ, મોહથી ઘેરાયેલા મનવાળો વિરુદ્ધ કૃત્ય કરીને વૃદ્ધાવસ્થામાં મૃત્યુકાલે કે મોહ દૂર થતાં પસ્તાય છે કે મંદભાગ્ય વડે મેં પૂર્વે શ્રેષ્ઠ પુરુષોએ આચરેલો સુગતિગમન અને દુર્ગતિ દ્વાર નિષેધ ધર્મ ન આચર્યો આ પ્રમાણે વિચારે છે. કહ્યું છે કે—

નિશ્ચયથી જીવો ભાવિ અવસ્થા વિચાર્યા વિના મેં યુવાનીમાં જે જે અશુદ્ધ કૃત્યો કર્યા છે તે. પરલોકગમન વખતે બુઢાપાથી જીર્ણ થયેલ શરીરવાળા પુરુષને ખેદ પમાડે છે. તથા जूरति આદિ સ્વબુદ્ધિએ યોજવા. કહ્યું છે કે, ગુણવાળું કે અવગુણવાળું કાર્ય કરતા પહેલા પંડિતે પ્રયત્નથી વિચારવું કે એનું પરિણામ શું આવશે. ઉતાવળે કરેલ કાર્યનું ફળ ભોગવતાં હૃદયને બાળનારો શલ્ય સમાન પશ્ચાત્તાપ વિપત્તિને માટે થાય છે.

આવું કોણ ન શોચે [વિચારે] તે સૂત્રમાં કહે છે—

● સૂત્ર-૯૫ :-

***દીર્ઘદર્શી લોકદર્શી હોય છે. તે લોકના અધોભાગને, ઉર્ધ્વભાગને, તિર્છાભાગને જાણે છે. વિષયાસક્ત લોક સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે. જે 'સંધિ'ને જાણીને વિષયોથી દૂર રહે તે વીર છે, પ્રશંસનીય છે. જે બદ્ધને મુક્ત કરે છે. જેવું અંદર છે તેવું બહાર છે, જેવું બહાર છે તેવું અંદર છે આ શરીરની અંદર-અંદર અશુદ્ધિ ભરી છે તે જુઓ. આ શરીરમાંથી નીકળતી અશુચિને જોઈને બુદ્ધિમાન શરીરના યથાર્થ સ્વરૂપને સમજે.***

● વિવેચન :-

આયત એટલે દીર્ઘ, આ લોક પરલોકના દુઃખ જોનાર, ચક્ષુ એટલે જ્ઞાન. આવો દીર્ઘદર્શી એકાંત અનર્થક જાણીને ત્યાગ કરે અને ''શમ-સુખ''ને અનુભવે છે. સંસારી લોકો જે વિષયરસમાં પડીને અતિ દુઃખી છે તથા 'કામ'ને છોડીને પ્રશમ સુખને પામે છે. - x - એ રીતે જોનાર 'લોકવિદર્શી' છે. અથવા લોકના ઉર્ધ્વ, અધો, તિર્છાભાગની ગતિ, કારણ, આયુ, સુખ-દુઃખ વિશેષને જુએ છે, તે બતાવે છે—

લોકના-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયથી વ્યાપ્ત આકાશખંડના અધોભાગના સ્વરૂપને જાણે છે અર્થાત્ જીવો જે કર્મો વડે ત્યાં ઉત્પન્ન થાય છે તથા ત્યાં સુખદુઃખના



વિપાક કેવો છે તેને જાણે છે. આ પ્રમાણે ઉર્ધ્વ અને તિર્છા ભાગ વિશે પણ જાણવું અથવા લોકવિદર્શી એટલે 'કામ' અર્થે ધન મેળવવામાં પ્રસક્ત ગૃદ્ધ બનેલા લોકને જુએ છે. આ જ બતાવવા કહે છે—

જે કામાસક્તિ કે તેના ઉપાયમાં અનુવર્તે છે તેને વારંવાર તે જ આચરણ કે તદ્ જનિત કર્મો વડે સંસાર ચક્રમાં ભમતા જોઈને 'દીર્ઘદર્શી' કામના અભિલાષથી દૂર થવા કેમ સમર્થ ન થાય ? સંસારના ભોગોમાં રાચતા અને તેથી દુઃખી થતાં જીવોને તું જો. એવો ઉપદેશ છે.

વળી આ મનુષ્યલોકમાં જે જ્ઞાનાદિ ભાવસંધિ છે, તે મનુષ્યલોકમાં જ સંપૂર્ણ પ્રાપ્ત થાય છે તેથી તેને જાણીને જે વિષયકષાયોને ત્યાગે છે, તે જ વીર છે - તે દર્શાવે છે - જે આયતચક્ષુ, યથાવસ્થિતલોક વિભાગ સ્વભાવદર્શી, ભાવસંધિ જ્ઞાતા, વિષય તૃષ્ણા ત્યાગી કર્મને વિદારવાથી 'વીર' છે. તત્ત્વજ્ઞાતા પુરુષથી પ્રશંસા પામેલ છે.

આ પ્રમાણે તત્ત્વજ્ઞ બની તે દ્રવ્ય-ભાવ બંધનથી બદ્ધને પોતે મુક્ત બની તેમને પણ મુક્ત કરાવે છે - x - x - જેમ અંદરના ભાવબંધનરૂપ આઠ પ્રકારની કર્મ-કેદથી છોડાવે છે, તેમ પુત્ર-પત્ની આદિ બાહ્ય બંધનથી પણ છોડાવે છે. જેમ તે બાહ્ય બંધુ-બંધનથી છોડાવે છે તેમ મોક્ષ ગમનમાં વિઘ્નકર્તા કારણોથી પણ છોડાવે છે. તે પોતાના વિશાળ જ્ઞાન વડે તત્ત્વનો પ્રકાશ કરી બોધ આપવા વડે છોડાવે છે - x - x -

બોધ આપતા તે કહે છે, આ કાયા વિષ્ટા, મૂત્ર, માંસ, લોહી, પરૂ આદિ અશુચિથી ભરેલ અસાર છે, બાહ્યથી પણ અસાર છે - x - એ જ રીતે જેવી બાહ્ય અસારતા છે તેવી અંદર પણ છે. વળી જેમ શરીરની અંદર-અંદર તપાસે તેમ વિશેષ અશુચિ-માંસ, લોહી, મેદ આદિ જણાય છે. - x - તથા કોઢ, રક્તપિત આદિ રોગો બહાર આવતા અશુચિ પ્રત્યક્ષ દેખાય છે.

અથવા શરીરના નવે દ્વારોથી ઝરતી અશુચિ છે. કાન, આંખનો મેલ, બળખો, લાળ, મૂત્ર, મળ આદિ તથા બીજી વ્યાધિ વિશેષથી પરૂ આદિની અશુચિ પણ છે. આ પ્રમાણે જોઈને પંડિત પુરુષ યથાવસ્થિત તેના સ્વરૂપને જાણે. કહ્યું છે કે, માંસ, હાડકાં, લોહી, સ્નાયુથી બદ્ધ અને મલિન મેદ મજ્જા આદિથી વ્યાપ્ત અને અસુચિથી બિભત્સ એવા દુર્ગંધીવાળા ચામડાના કોથળારૂપ કાયામાં તથા મળ-મૂત્ર ઝરનારા યંત્રવાળા પરસેવાથી ભરેલા શરીરમાં જ્યાં અશુચિનો હેતુ છે, તેમાં રાગનું કારણ કઈ રીતે થાય ?

આ રીતે દેહની અશુચિ જોઈને શું કરવું જોઈએ તે કહે છે—

● સૂત્ર-૯૬ :-

***તે મતિમાન ઉક્ત વિષય જાણીને વમન કરેલા ભોગોને પુનઃ ન સેવે. પોતાને તિર્છા [વિપરીત] માર્ગમાં ન ફસાવે. આવો કામાસક્ત પુરુષ મેં કર્યું, હું કરીશ એવા વિચારોથી ઘણી માયા કરીને મૂઢ બને છે. પછી તે લોભ કરીને પોતાના વૈર વધારે છે, તેથી એમ કહેવાય છે કે ભોગાસક્ત પુરુષ ક્ષણભંગુર***

***શરીરને પુષ્ટ બનાવવા પ્રયત્ન કરે છે, જાણે કે તે અજર-અમર હોય તેવી શ્રદ્ધા રાખે છે. તું જો કે, “તે પીડિત-દુઃખી છે. અજ્ઞાનતાથી તે રૂદન કરે છે.”***

**● વિવેચન :-**

પૂર્વોક્ત બુદ્ધિમાન્ સાધુ જેની શ્રુત વડે સંસ્કારિત બુદ્ધિ થઈ છે તે દેહ અને કામના સ્વરૂપને બે પ્રકારની પ્રતિજ્ઞા વડે જાણીને શું કરે ? કહે છે—

હે સાધુ ! તું લાળ ઝરતા બળખાવાળા મોઢાનો અભિલાષી ન થઈશ. જેમ બાળક પોતાની પડતી લાળને વિવેકના અભાવે ચાટે છે, તેમ તું વમેલા ભોગોનો પાછો અભિલાષ ન કરીશ. વળી સંસારભ્રમણ કરાવનાર અજ્ઞાન, અવિરતિ, મિથ્યાદર્શન વગેરે તિરછી ગતિ કે પ્રતિકૂળ ઉપાય વડે ઉલંઘી જા. નિર્વાણના શ્રોતરૂપ જ્ઞાનાદિની અનુકૂળતા કર. આત્માને ડુબાડીશ નહીં. જ્ઞાનાદિકાર્યમાં પ્રતિકૂળતા ન કરીશ. તેને અપ્રમત્ત થઈ સાધજે. પ્રમાદીને શાંતિ મળતી નથી.

જે જ્ઞાનાદિથી વિમુખ થઈ ભોગનો અભિલાષી બને તે પુરુષ હંમેશા શું કરવું તે વિચારે આકુળ બની મેં આ કર્યું, હું આ કરીશ એવી ભોગાભિલાષ તૃષ્ણામાં વ્યાકુળ બની ચિત્ત શાંતિ ન અનુભવે. - x - x - કહ્યું છે કે—

“આ હમણાં કરું છું, બીજું સવારમાં કરીશ એમ કાર્યોને વિચારતા તેને પરલોક માટે કંઈ ધર્મકૃત્ય સૂઝતું નથી.” અહીં દહીંના ઘડાવાળા ગરીબના દૃષ્ટાંતનો સંક્ષેપ રજૂ કરેલ છે - કોઈ ગરીબ માણસને ક્યાંક દહીં મળતા વિચાર્યું કે આનું ઘી કરીશ, ધન કમાઈ લગ્ન કરીશ, પુત્ર થશે, તેને પ્રહાર કરીશ. તેમ કરતા ઘડો ફૂટી ગયો બધાં તરંગો દૂર થઈ ગયા. ન ખાધું - ન પુન્ય થયું.

આ પ્રમાણે બીજા પણ કર્તવ્યમૂઢ બનીને આરંભ નિષ્ફળ કરે છે અથવા જેમાં કષાય તે કાસ-સંસાર છે, તેની સન્મુખ જાય. તે જ્ઞાનાદિમાં પ્રમાદવાન્ છે, તે કહે છે, સંસાર ભ્રમણ કષાયથી છે. માયાના ગ્રહણથી તેનું પણ ગ્રહણ થાય છે, તેથી બહુમાયી તે ક્રોધી, માની, લોભી પણ જાણવો. તે અશુભકૃત્યથી મૂઢ બનેલો સુખની ઇચ્છામાં દુઃખ ભોગવે છે. કહ્યું છે કે—

“ચંચળ માણસ શયનકાળે સુવાનું, સ્નાન કાલે ન્હાવાનું, ભોજન કાળે જમવાનું કાર્ય કરી શકતો નથી.” અહીં મમ્મણ શેઠનું દૃષ્ટાંત જાણવું. તેના જેવા ‘કાસંકષ’ બહુમાયાથી મૂઢ જે કરે તેનાથી વૈરનો પ્રસંગ થાય છે. માયાવી કપટબુદ્ધિથી જે લોભાનુષ્ઠાન કરે તેનાથી વૈર વધે છે. અથવા લોભથી કર્મ બાંધીને સેંકડો નવા ભવના વૈર વધારે છે. કહ્યું છે-

“દુઃખથી પીડાયેલો કામ ભોગને સેવે છે અને પરિણામે તે દુઃખ આપે છે. તેથી તને જો દુઃખ પ્રિય ન હોય તો તે ભોગોનો સ્વાદને તું છોડ.”

જીવ કઈ રીતે વૈર વધારે છે ? આ નાશવંત શરીરની પુષ્ટિ માટે જીવહિંસાદિ કરે છે. તેથી ઉપહત પ્રાણી ફરી સેંકડો વાર હણાય, તેથી મરેલ જીવ સાથે વૈર બંધાય છે - x - બહુ કપટથી વૈર વધે છે, તેથી જ [ગુરુ કહે છે કે] હું વારંવાર ઉપદેશ એટલા માટે જ આપું છું કે સંસારમાં વૈર વધે છે, તેથી સંયમની જ પુષ્ટિ





કરવી તે સારું છે.

હવે બીજું કહે છે, જે દેવ નહીં છતાં દેવ માફક દ્રવ્ય-યૌવન, સ્વામીપણું, રૂપ વગેરેથી યુક્ત હોય, અમર માફક રહે તે અમરાય. તે મહાશ્રદ્ધી જેને ભોગ અને તેના ઉપાયોમાં ઘણી લાલસા હોય તે. અહીં વૃત્તિકારે મગધસેના ગણિકા અને ધનસાર્થવાહનું દૃષ્ટાંત આપેલ છે. દૃષ્ટાંતનો સાર એ છે કે, ભોગોની ઇચ્છા ન કરવી. - x - x - ફરી ભોગમાં શ્રદ્ધાળુનું સ્વરૂપ કહે છે - કામનું સ્વરૂપ કે તેના વિપાકને ન જાણીને તેમાં જ એક ચિત્ત કામ સ્વરૂપની અજ્ઞાનતાથી ભોગ પ્રાપ્ત ન થાય કે નાશ પામે ત્યારે શોકને અનુભવે છે. કહ્યું છે—

નાશ પામે તો ચિંતા થાય, પાસે હોય તો ગભરામણ થાય, ત્યાગે તો ઇચ્છા થાય, ભોગવતાં અતૃપ્તિ થાય. પત્ની બીજાને વશ વર્તે તો દ્વેષથી બળવા લાગે તેથી સ્ત્રીને પતિથી કદી સુખ પ્રાપ્તિ ન થાય. ઇત્યાદિ.

આ રીતે કામના અનેક વિપાક બતાવી સારાંશ કહે છે—

**● સૂત્ર-૯૭ :-**

***તું તેને જાણ, જે હું કહું છું. પોતાને ચિકિત્સા પંડિત બતાવતા અનેક જીવોનું હનન, છેદન, ભેદન, લુંપન, વિલુંપન અને પ્રાણવધ કરે છે. જે પૂર્વે કોઈએ નથી કર્યું એવું હું કરીશ એવું માનીને [જીવ-વધ કરે છે.] તે જેની ચિકિત્સા કરે છે [તે પણ જીવ વધમાં સહભાગી થાય છે.] તેથી આવા અજ્ઞાની અને ચિકિત્સકની સંગતિથી શો લાભ ? જે ચિકિત્સા કરાવે તે પણ બાલઅજ્ઞાની છે. અણગાર આવી ચિકિત્સા ન કરાવે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

જેથી કામના અભિલાષો દુઃખના જ હેતુઓ છે. તેથી તે જાણો જે હું કહું છું અર્થાત્ કામત્યાગ વિષયનો મારો ઉપદેશ કાને ધરો.

અહીં ‘કામનિગ્રહ’ કહ્યો તે બીજાના ઉપદેશથી પણ સિદ્ધ થાત - એ શંકા નિવારવા ‘तेइच्छं’ કહ્યું. કામ ચિકિત્સામાં પંડિત-અભિમાની પોતે તેવા વચન બોલતો, વ્યાધિની ચિકિત્સાનો ઉપદેશ કરતો અન્યતીર્થિક જીવ વધમાં વર્તે છે, તેથી ‘से हंता’ આદિ કહ્યું. અવિદિતતત્ત્વ કામચિકિત્સા ઉપદેશક પ્રાણીને હણનાર, દંડ આદિથી છેદનાર, કાન વગેરે ભેદનાર, શૂળ આદિથી લુંપનકર્તા, ગ્રંથિ છેદાદિથી લુંટનાર - x - પ્રાણ વધ કરે છે.

કારણ કામ ચિકિત્સા કે વ્યાધિ ચિકિત્સા જીવ હિંસા સિવાય ન થાય. વળી કોઈ માને છે કે જે કામ કે વ્યાધિ ચિકિત્સા જે બીજાએ ન કરી તે હું કરીશ. એમ માની હણવા આદિ ક્રિયા કરે છે, તેથી કર્મબંધ થાય છે. તેથી જે આવો ઉપદેશ આપે, જે ઉપદેશ લે તે બંને પાપક્રિયાના ભાગી છે. જે ચિકિત્સા કરે છે કે કરાવે છે તે બંને જીવ હત્યાદિ ક્રિયા કરે છે. તેથી આવા અજ્ઞાની સાથે કર્મબંધના હેતુભૂત ક્રિયાથી દૂર રહેવું સારું. - x -

સંસારના સ્વભાવથી જ્ઞાત સાધુએ આવી પ્રાણી-હત્યારૂપ ચિકિત્સા ઉપદેશ કે

પ્રવૃત્તિ ન કરવી જોઈએ. જે કામ કે વ્યાધિ ચિકિત્સા જીવહત્યા વડે સિદ્ધ કરે છે તે તત્ત્વ જ્ઞાનથી રહિત છે. તેનું વચન સાધુએ સાંભળવું નહીં. એ પ્રમાણે હું કહું છું.

અધ્યયન-૨ 'લોકવિજય'ના ઉદ્દેશા-૫ 'લોકનિશ્રા'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 અધ્યયન-૨ ઉદ્દેશો-૬ ''અમમત્ત્વ'' 卐

● **ભૂમિકા :-**

પાંચમો ઉદ્દેશો કહ્યો. હવે છટ્ઠો આરંભ કરે છે. તેનો સંબંધ આ પ્રમાણે - સંયમ દેહ યાત્રાર્થે લોકમાં જતા સાધુએ લોકમાં મમત્ત્વ ન કરવું. તે આ ઉદ્દેશાનો અર્થાધિકાર છે. તે હવે પ્રતિપાદિત કરે છે - આનો અનંતર સૂત્ર સંબંધ કહે છે - 'અણગારને આ ન કલ્પે' તે અહીં સિદ્ધ કરે છે—

● **સૂત્ર-૯૮ :-**

***તે [સાધક પૂર્વોક્ત વિષયને] સમ્યક્ પ્રકારે જાણીને જ્ઞાનાદિ સાધનામાં સમુદ્યત થઈ સ્વયં પાપકર્મ ન કરે, બીજા પાસે ન કરાવે.***

● **વિવેચન :-**

જેને પૂર્વોક્ત ચિકિત્સાદિ ન હોય તે અણગાર. તે જીવઘાતક ચિકિત્સા ઉપદેશ દાન કે પ્રવૃત્તિને પાપ છે તેમ સમજે, જ્ઞપરિજ્ઞા વડે જાણીને તેને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પરિહરે અને આદાનીય જે પરમાર્થથી જ્ઞાન, દર્શન, ચારિત્ર છે તેને ગ્રહણ કરે અથવા તે અણગાર જ્ઞાન આદિ મોક્ષનું સાચું કારણ છે એમ જાણીને સમ્યક્ સંયમ અનુષ્ઠાનમાં સાવધ થઈને સર્વ સાવધ કૃત્યો મારે ન કરવા એવી પ્રતિજ્ઞારૂપ પર્વત પર ચડીને—

આ સાવધ આરંભની નિવૃત્તિરૂપ સંયમ લીધો છે. તેથી પાપહેતુ રૂપ કર્મની ક્રિયા ન કરે, મનથી પણ ન ઈચ્છે - ન અનુમોદે. બીજા પાસે પણ ન કરાવે અર્થાત્ નોકર આદિને પાપસમારંભ કરવા ન પ્રેરે.

પ્રાણાતિપાત, મૃષાવાદ આદિ જે અઢાર પ્રકારના મન, વચન, કાયાથી પાપકર્મો પોતે કરે નહીં, બીજા પાસે કરાવે નહીં, કરનારની પ્રશંસા ન કરે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે એક પાપ કરે ત્યારે બીજા પાપ લાગે કે નહીં ? કહે છે—

● **સૂત્ર-૯૯ :-**

***કદાચ કોઈ એકનો સમારંભ કરે તો છ એ કાયના જીવોનો સમારંભ કરે છે. સુખનો અર્થી સુખ માટે દોડધામ કરતો જીવ સ્વકૃત્ દુઃખથી મૂઢ બની વિશેષ દુઃખી થાય છે. તે પોતાના પ્રમાદને કારણે વ્રતોનો ભંગ કરે છે. જે દશામાં પ્રાણી અત્યંત દુઃખી થાય છે. એ જાણીને તેના સંકલ્પનો ત્યાગ કરે. આ જ પરિજ્ઞા/વિવેક કહેવાય છે. તેનાથી જ કર્મો શાંત થાય છે.***



● **વિવેચન :-**

કોઈ પાપારંભમાં પૃથ્વીકાય આદિનો સમારંભ કરે છે અથવા કોઈ એક આશ્રવ દ્વાર આરંભે છે, તે છ એ કાયના આરંભમાં વર્તે છે - x - અર્થાત્ કોઈ એકને હણવાની પ્રવૃત્તિમાં સંબંધથી સર્વેનો ઘાત થાય છે.

પ્રશ્ન - એક કાયને હણવા આરંભ કરે ત્યારે છ એનો આરંભ કેમ ?

ઉત્તર - કુંભારની શાળામાં પાણી પાવાના દૃષ્ટાંતથી જાણવું કે એક કાયનો સમારંભક બીજા કાયોનો સમારંભક થાય છે અથવા પ્રાણાતિપાત આશ્રવદ્વારમાં વર્તવાથી એક જીવની હિંસા કે એક કાયના આરંભથી બીજા જીવોનો ઘાત પણ જાણવો. પ્રતિજ્ઞા લોપથી જૂઠનું પાપ બાંધે છે. જીવહિંસાની આજ્ઞા તીર્થંકરે કે તે જીવે આપી નથી તેથી ચોરીનું પાપ લાગે. સાવધના ગ્રહણથી પરિગ્રહવાળો પણ થાય. પરિગ્રહથી મૈથુન અને રાત્રિભોજન પણ ગ્રહણ કર્યું કેમકે પરિગ્રહ વિના સ્ત્રી ન ભોગવાય. એમ એકના આરંભે બધાંનો આરંભ થાય. અથવા ચાર આશ્રવદ્વાર રોક્યા વિના ચોથું-છઠ્ઠું વ્રત કેમ ટકે ?

આ રીતે એક કાયારંભમાં પ્રવર્તતા બધાંમાં પ્રવૃત્ત થાય અથવા એક પાપનો આરંભ કરનાર બીજા છ એ ના આરંભને યોગ્ય થાય છે અથવા જે એક પણ પાપારંભ કરે છે તે આઠે પ્રકારના કર્મો ગ્રહણ કરી અન્ય છ એ કાય સમારંભમાં વારંવાર પ્રવર્તે છે આવા પાપકર્મો શા માટે કરે ?

સુખનો અર્થી વારંવાર અયુક્ત બોલે છે, કાયાથી દોડવા-કુદવાની ક્રિયા કરે છે, મનથી તેના સાધનોના ઉપાયો વિચારે છે. ખેતી આદિ કરીને પૃથ્વીનો આરંભ કરે છે, સ્નાન માટે પાણી, તાપ માટે અગ્નિ, ગરમી દૂર કરવા વાયુ, આહાર માટે વનસ્પતિ કે ત્રસકાયનો આરંભ કરે છે. આવો અસંયત કે સંયત રસને માટે સચિત્ત વનસ્પતિ આદિ ગ્રહણ કરે છે તથા બીજી વસ્તુ પણ વાપરે છે તે સમજી લેવું.

આવો લોલુપ જીવ બીજા નવા જન્મના દુઃખરૂપ વૃક્ષને વાવે છે, તે કારણ-વૃક્ષનું કાર્ય અહીં પોતે કરે છે, પછી સ્વકૃત્ કર્મોના ઉદયથી તે મૂઢ પરમાર્થને ન જાણવાથી સુખને માટે જીવ ઘાતક કૃત્યો કરે છે. પછી સુખને બદલે દુઃખ પામે છે. કહ્યું છે કે, ''દુઃખનો દ્વેષી, સુખનો ચાહક, મોહથી અંધ થવાથી ગુણ દોષને ન જાણનારો જે - જે ચેષ્ટા કરે તેથી દુઃખ પામે છે.''

અથવા તે મૂઢ-હિતપ્રાપ્તિ અહિતત્યાગરહિત ઉલટો ચાલે છે. હિતને અહિત તથા અહિતને હિત માને છે. કાર્યને અકાર્ય, પથ્યને અપથ્ય, વાચ્યને અવાચ્ય આદિ સમજે છે. તેથી મોહ તે અજ્ઞાન કે મોહનીયનો ભેદ છે. તે બંને પ્રકારે મોહથી મૂઢ બનેલો અલ્પ સુખ માટે તે - તે આરંભ કરે છે, જેથી શરીર અને મનના દુઃખ પામીને અનંતકાળ સંસાર પાત્રતાને પામે છે.

વળી મૂઢની બીજી અનર્થ પરંપરા બતાવે છે - સ્વકૃત્ પ્રમાદ વડે - મદ્ય, વિષય, કષાય, વિકથા, નિદ્રા વડે - વિવિધ પાપ કરે છે અથવા વય એટલે સંસાર જેમાં સ્વકર્મથી જીવો ભ્રમણ કરે છે. એક-એક કાયમાં દીર્ઘકાળ રહે છે. અથવા

કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો પોતાના વિવિધ પ્રમાદથી બંધાયેલા કર્મો વડે અવસ્થા વિશેષને ભોગવે છે. જેમકે-એકેન્દ્રિયાદિ, કલલ આદિથી જન્મેલા બાળક પર્યન્તની. તેમાં વ્યાધિ, દારિદ્ર, દૌભાર્ગ્ય આદિને ભોગવે છે.

તે સંસારમાં કે ઉક્ત અવસ્થામાં પ્રાણીઓ પીડાય છે તે કહે છે - પોતાના કરેલ પ્રમાદથી જનિત કર્મો વડે ચારગતિ-સંસારમાં એકેન્દ્રિયાદિ અવસ્થામાં પ્રાણીઓ પીડાય છે. સુખને માટે આરંભમાં પ્રવૃત્ત થઈ મોહથી ધર્મને બદલે અધર્મ કરીને ગૃહસ્થ, પાખંડી કે વેશધારી પીડાય છે.

આ રીતે પાપથી પીડાતા પ્રાણીને જોઈને શું કરવું ? આ સંસાર ભ્રમણમાં સ્વકૃત કર્મફળ ભોગવતા, ગૃહસ્થ વડે કે પરસ્પર પીડા આપતા-કર્મનાં ફળ ભોગવતા પ્રાણીને જોઈને પંડિત સાધુએ નિશ્ચયથી તેનો ત્યાગ કરવો અર્થાત્ નિશ્ચયથી પ્રાણીને જુદા જુદા દુઃખોની અવસ્થા જેમાં થાય તે નિકરણ અને તે જ અશુભકર્મ શરીર-મનના દુઃખનું ઉત્પાદક છે, તે કર્મને સાધુ ન કરે - જેથી પ્રાણીને પીડા થાય. તેથી શું થાય ? - કહે છે—

આ જે સાવધ વેપારની નિવૃત્તિરૂપ-પરિજ્ઞા છે તે જ પ્રકર્ષથી પરિજ્ઞાન છે. પણ 'શૈલુષ'ની માફક મોક્ષફળ રહિત જ્ઞાન નથી. આ પ્રમાણે 'જ્ઞ' અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પ્રાણી હિંસા ત્યાગ વડે સાધુને કર્મો ઉપશાંત થાય, સંસારવૃક્ષના બીજરૂપ રાગ-દ્વેષ નાશ પામે. જે જીવ હિંસા ક્રિયાની નિવૃત્તિથી થાય છે. હવે કર્મક્ષયમાં વિઘ્નરૂપ - x - મમત્ત્વ દૂર કરવા કહે છે—

**● સૂત્ર-૧૦૦,૧૦૧ :-**

***જે મમત્ત્વ બુદ્ધિનો ત્યાગ કરે છે, તે મમત્ત્વનો ત્યાગ કરે છે. તે જ મોક્ષમાર્ગને જોનાર મુનિ છે, જેને મમત્ત્વ નથી. એવું જાણીને મેધાવી લોકસ્વરૂપને જાણે, લોકસંજ્ઞા ત્યાગ કરી સંયમમાં પુરુષાર્થ કરે - એમ હું કહું છું.***

***વીર સાધક અરતીને સહન કરતો નથી. રતિને પણ સહન કરતો નથી. તે વીર બંનેમાં અવિમનસ્ક-સ્થિર થઈ રતિ-અરતિમાં રાગ ન કરે.***

**● વિવેચન :-**

પરિગ્રહના વિપાકનો જ્ઞાતા સાધુ મારાપણાં-'મમત્ત્વ'ની મતિને છોડે છે. આ પરિગ્રહના દ્રવ્યથી, ભાવથી બે ભેદ છે. પરિગ્રહની બુદ્ધિ છોડવાથી ભાવ પરિગ્રહનો નિષેધ કર્યો. પરિગ્રહબુદ્ધિ વિષયના પ્રતિષેધથી બાહ્ય દ્રવ્યપરિગ્રહ પણ ત્યાગ થયો અથવા પરિગ્રહના વિચારનું મલિન જ્ઞાન છોડે, તે જ પરમાર્થથી બાહ્ય અભ્યંતર પરિગ્રહ છોડે છે.

અહીં ભાવ એવો છે કે, જેમ સાધુ નગરમાં રહે કે પૃથ્વી પર બેસે છતાં જિનકલ્પીકને નિષ્પરિગ્રહતા જ છે. જો એમ હોય તો શું ? તે કહે છે, જે મુનિ જાણે છે કે, મોક્ષમાં વિઘ્નનો હેતુ અને સંસારભ્રમણનું કારણ હોવાથી પરિગ્રહ-મમત્ત્વથી છુટવાના અધ્યવસાયવાળા મુનિ જ દેખતા છે. તેણે જ જ્ઞાનાદિ મોક્ષપથ જોયો છે તે 'દૃષ્ટપથ' છે.



અથવા 'દૃષ્ટભય' લઈએ તો શરીરાદિના મમત્ત્વથી જે સાત પ્રકારનો ભય સાક્ષાત્ દેખાય છે અથવા વિચારતા પરંપરાએ જણાય છે તેથી પરિગ્રહ ત્યાગથી 'જ્ઞાતભયત્વ' થાય છે. આ વાત સ્પષ્ટ કરતા કહે છે, જેને પરિગ્રહ મમત્ત્વ નથી તે દૃષ્ટભાવ મુનિ છે. આ પરિગ્રહને બંને પરિજ્ઞાથી જાણીને મેધાવી મુનિ પરિગ્રહ-આગ્રહી એકેન્દ્રિયાદિ જીવ લોકને દુઃખી જાણીને પ્રાણીગણની દશ પ્રકારની સંજ્ઞાને ત્યાગે. તે મુનિ સત્-અસત્ વિવેકજ્ઞ છે. તેને ગુરુ કહે છે - તું સંયમ અનુષ્ઠાનમાં યોગ્ય ઉદ્યમ કર.

અથવા આઠ પ્રકારના કર્મના મૂળ રાગદ્વેષાદિ છ શત્રુ વર્ગને કે વિષયકષાયને જીતવા પરાક્રમ કર. એવું હું કહું છું.

તે મુનિ સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરનારો, પરિગ્રહ આગ્રહને છોડનાર મુનિ કેવો થાય છે ? તે કહે છે - તે ઘર, સ્ત્રી, ધન, સોનુ આદિ પરિગ્રહ છોડનાર સંયમ અનુષ્ઠાન કરતા સાધુ કદાચિત્ મોહનીય ઉદયથી અરતિ થાય, તો પણ સંયમ સંબંધી અરતિને ન સહે. વધુ વૈરાગ્યથી આઠ પ્રકારના કર્મશત્રુને પ્રેરીને શક્તિમાન બનેલ વીર અસંયમમાં કે વિષયપરિગ્રહમાં રતિ ન કરે. સંયમમાં અરતિ કે વિષયમાં રતિથી 'વિ-મન થઈ શબ્દાદિમાં રાગ ન કરે. તેથી રતિ-અરતિના ત્યાગથી ખેદવાળો ન થાય તેમ તેમાં રાગ પણ ન કરે તે બતાવે છે—

જેણે રતિ-અરતિમાં મન ન લગાડ્યું તે વીર છે. જે વીર છે તે શબ્દાદિ ઇન્દ્રિય વિષયમાં આસક્તિ ન કરે. તો શું કરે ? કહે છે—

**● સૂત્ર-૧૦૨,૧૦૩ :-**

***મુનિ શબ્દ (યાવત્) સ્પર્શને સહન કરે છે. આ અસંયમ જીવિતના આનંદથી વિરત થાય છે. મુનિ મૌનને ગ્રહણ કરી કર્મ શરીરને દૂર કરે.***

***તે સમત્વદર્શી વીર સાધક લુખા-સુકા આહારનું સેવન કરે. તે સમદર્શી મુનિ તીર્ણ, મુક્ત, વિરત કહેવાય છે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

જેથી સાધુ રતિ અરતિને ત્યાગી મનોજ્ઞ શબ્દાદિમાં રાગ ન કરે, અમનોજ્ઞમાં દ્વેષ ન કરે. તેથી મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દ, સ્પર્શને સમ્યક્ રીતે સહન કરે - x - શબ્દ અને સ્પર્શના ગ્રહણથી રૂપ, રસ, ગંધ પણ ગ્રહણ કરવા. કહ્યું છે કે, પ્રિય અપ્રિય શબ્દો સાંભળી સાધુ ખુશ કે નાખુશ ન થવું. - x - શબ્દાદિ વિષયમાં મધ્યસ્થતા રાખનાર શું કરે ? વિનેય-શિષ્યને કે મુમુક્ષુને આ ઉપદેશ છે.

ઐશ્વર્ય, વૈભવથી થતી મનો પ્રસન્નતા દૂર કર. આ લોકમાં અસંયમ જીવિતને ત્યજી દે. મને આવી ઉત્તમ સમૃદ્ધિ મળી છે - મળશે એવા વિકલ્પ જનિત આનંદને નિંદ. પાપના કારણરૂપ અસ્થિર સમૃદ્ધિથી શું લાભ ? કહ્યું છે કે વૈભવનો મદ શા માટે ? વૈભવ જતાં ખેદ કેમ ? રિદ્ધિ તો હાથમાં રમવાના દડા માફક પડે અને ઉછળે. રૂપમદમાં સનત્કુમારને જાણ.

અથવા પાંચ અતિચારને નિંદ-રોક-અટકાવ. મુનિ ત્રિકાળ-વેદી છે. મુનિનું

મૌન તે સંયમ છે. અથવા મુનિનો ભાવ તે મૌન અને વચનનો સંયમ છે અને તે પ્રમાણે કાયા અને મનનું પણ જાણવું. સર્વથા સંયમને આદરીને કર્મશરીર કે ઔદારિક શરીરને આત્માથી જુદું કર-મમત્ત્વ છોડ. તે મમત્ત્વ કેવી રીતે મૂકાય ? રસ રહિત તથા ઘી આદિ રહિત લુખ્ખું ભોજન કર. દ્રવ્ય અને ભાવથી - પ્રાંત એટલે 'ધુમ'રહિત, રૂક્ષ એટલે 'અંગાર'રહિત વીર સાધુઓ ગૌચરી કરે છે.

તે સાધુઓ રાગદ્વેષરહિત કે સમ્યક્ત્વદર્શી-પરમાર્થ દૃષ્ટિવાળા છે તેઓ જાણે છે કે, આ શરીર કૃતઘ્ન, નિરૂપકારી છે. એના માટે પ્રાણીઓ આલોક-પરલોકમાં ક્લેશ પામે છે. - x - તેથી પ્રાંત રૂક્ષ આહાર સેવનથી સમત્વદર્શી કર્માદિ શરીર છોડીને ભાવથી ભવસમુદ્ર તરે છે અથવા ઉત્તમ ક્રિયાથી ભવ સમુદ્રને તરે છે. જે બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત છે તે મુક્ત છે. જે ભાવથી શબ્દાદિ વિષયનો રાગ તજે તે પરિગ્રહમુક્ત છે. જે મુક્તતા, વિરતતાથી વિખ્યાત છે તે જ મુનિ ભવસમુદ્રને તરે છે તીર્ણ છે. તેમ હું કહું છું.

જે મુક્તત્વ-વિરતતાથી વિખ્યાત ન થયો તે કેવો થાય ?

● **સૂત્ર-૧૦૪ :-**

***જિન આજ્ઞા ન માનનાર મુનિ 'દુર્વસુ' છે. તે ધર્મકથનમાં ગ્લાનિ પામે છે કેમકે તે તુચ્છ છે. જ્યારે તે 'વીર' પ્રશસ્ય છે જે લોક સંજોગનો ત્યાગ કરે છે. તીર્થંકર દ્વારા પ્રરૂપિત આ જ ન્યાચ્ય માર્ગ છે.***

● **વિવેચન :-**

વસુ-દ્રવ્ય છે. ભવ્ય અર્થમાં ઉત્પન્ન થયું છે. ભવ્ય એટલે મુક્તિગમન યોગ્ય. આ ભવ્યદ્રવ્ય તે વસુ. દુર્વસુ એટલે મોક્ષગમન અયોગ્ય. તે તીર્થંકરના ઉપદેશથી રહિત કે સ્વેચ્છાચારથી દુર્વસુ થાય છે તે સ્વચ્છંદી કેમ બને છે ? - x - મિથ્યાત્વ મોહિત લોકમાં બોધ દુષ્કર છે. વ્રતોમાં આત્માને રોકવો, રતિઅરતિ નિગ્રહ, શબ્દાદિ વિષયમાં મધ્યસ્થતા, પ્રાંત-રૂક્ષ ભોજન. એવી તીર્થંકર આજ્ઞા તલવારની ધાર પર ચાલવાની જેમ દુષ્કર છે. અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો સહેવા કઠણ છે. સ્વભાવથી દુઃખમાં બીકણ, સુખનો પ્રિય અને અતીતકાળ સુખની ભાવનાથી વીતરાગ આજ્ઞામાં વસવું મુશ્કેલ છે.

આજ્ઞામાં ન વસવાથી તુચ્છ-દ્રવ્યથી નિર્ધન, જલરહિત અને ભાવથી જ્ઞાનાદિ રહિત થાય. તેથી કોઈ પૂછે ત્યારે બોલવામાં ગ્લાની પામે અથવા જ્ઞાનવાળો પણ ચારિત્રભ્રષ્ટ હોય તો - x - ગ્લાનિ પામે. ઇત્યાદિ - x -

જે કષાયરૂપી મહાવિષ ટાળનાર, ભગવદ્ આજ્ઞા પાલક છે તે 'સુવસુ' મુનિ છે. તે યથાવસ્થિત વસ્તુના પરિજ્ઞાન અને અનુષ્ઠાનથી બોલવામાં ગ્લાની ન પામે, રિક્ત્ પણ ન હોય. સુવસુ મુનિ જ્ઞાનાદિથી ભરેલ અને યોગ્ય માર્ગ પ્રરૂપક છે, કર્મ વિદારવાથી વીર છે. વિદ્વાન્ દ્વારા પ્રશંસિત છે. વળી ભગવંતની આજ્ઞાને અનુસરનારો વીરપુરુષ અસંયત લોકથી થતા મમત્વને ત્યજે છે. તે લોક બે પ્રકારે છે - (૧) બાહ્ય - ધન, સુવર્ણ, માતા-પિતાદિ (૨) અંતરરાગદ્વેષાદિ અથવા તેનાથી બંધાતા આઠ પ્રકારના કર્મ. તે બંનેનું મમત્ત્વ-તેના સંયોગને ઉલ્લંઘે છે. અર્થાત્ મમત્ત્વ ત્યાગે છે.



આ લોક મમત્ત્વનું ઉલ્લંઘન તે સન્માર્ગ છે - મુમુક્ષુનો આચાર છે અથવા જે લોકનો સંયોગ ત્યજે છે, તે જ શ્રેષ્ઠ આત્માનો મોક્ષનો ન્યાય છે - સદુપદેશથી મોક્ષ મેળવનાર કહેવાય છે - હવે તે ઉપદેશ કેવો છે તે કહે છે—

● **સૂત્ર-૧૦૫ :-**

***અહીં મનુષ્યોના જે દુઃખો બતાવ્યા છે. કુશળ પુરુષો આ દુઃખોની પરિજ્ઞા-વિવેક બતાવે છે. આ કર્મોને જાણીને સર્વ પ્રકારે [નિવૃત્તિ કરવી.]***

***જે અનન્યને જુએ છે, તે અનન્યમાં રમણ કરે છે, જે અનન્યમાં રમણ કરે છે તે અનન્યને જુએ છે.***

***જેમ પુણ્યવાન્‌ને ઉપદેશ કહે છે, તેમ તુચ્છને પણ કહે છે અને જેમ તુચ્છને ઉપદેશ કરે છે, તેમ પુણ્યવાન્‌ને પણ કરે છે.***

● **વિવેચન :-**

જે દુઃખ, દુઃખનું કારણ કે લોકમમત્ત્વથી બંધાતુ કર્મ છે, તે તીર્થંકરોએ બતાવેલ છે. આ સંસારમાં જીવોને આવાં દુઃખો છે. આ અસાતાલક્ષણ કર્મને ધર્મકથા લબ્ધિસંપન્ન, સ્વસમય-પરસમયના જાણ, ઉદ્યુક્ત વિહારી, બોલે તેવું પાળનારા, જિતનિદ્ર, જિતેન્દ્રિય, દેશકાલાદિ ક્રમજ્ઞ એવા સાધુઓ આવી પરિજ્ઞા બતાવે છે કે - દુઃખોનું કારણ અને તેને રોકવાના કારણઓ જાણીને જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પાપને ત્યાગે. વળી મનુષ્યોનું જે દુઃખ કહ્યું, જે દુઃખની પરિજ્ઞા કુશલપુરુષોએ બતાવી. તે દુઃખ કર્મકૃત્ છે. તે કર્મો જાણીને તેના આશ્રવદ્વારો જાણવા—

તે આશ્રવદ્વાર આ પ્રમાણે - જ્ઞાન પ્રત્યનીકતાથી જ્ઞાનાવરણીય આદિ. પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તે પાપને ત્યાગવા. તે આશ્રવોમાં યોગત્રિક અને કરણત્રિકથી ન પ્રવર્તવું. અથવા સર્વથા પરિજ્ઞાન તે કેવલી, ગણધર અને ચૌદપૂર્વીને હોય છે. અથવા 'સર્વથા'થી આક્ષેપણિ આદિ ચાર ધર્મકથા લેવી.

જૈન સિવાયના તત્વને માને તે અન્યદર્શી. યથાવસ્થિત પદાર્થનો દ્રષ્ટા તે અનન્યદર્શી. તે સમ્યગ્દૃષ્ટિ જિન પ્રવચનના તત્ત્વાર્થને જ માને છે. આવો અનન્ય દૃષ્ટિ મોક્ષમાર્ગ સિવાય બીજે રમણતા ન કરે. - x - જે ભગવત્‌ના ઉપદેશથી અન્યત્ર ન રમે તે અનન્યદર્શી અને જે અનન્યદર્શી તે બીજે રમે નહીં.

કહ્યું છે કે, વૈશેષિક તથા બૌદ્ધોના રચેલા કુશાસ્ત્રોનું ભલું થાઓ કેમકે તેમનામાં વિસંવાદ જોઈને જિનવચનમાં અમારું મન રંજિત થાય છે.

આ પ્રમાણે સમ્યક્ત્વ સ્વરૂપ કહ્યું છે તે કહેનાર રાગદ્વેષ દૂર કરનારો થાય છે તે બતાવે છે - તીર્થંકર, ગણધર, આચાર્યાદિ જે પ્રકારે ઇન્દ્ર, ચક્રવર્તી, માંડલિકાદિને ઉપદેશ આપે છે, તે જ રીતે કઠીયારાદિ તુચ્છને પણ આપે છે. અથવા જાતિ-કુળથી પુણ્યવંત કે તુચ્છ છે, વિજ્ઞાનવાળો પૂર્ણ અને અન્ય તુચ્છ છે. તે દરેકને સમાનભાવે ઉપદેશ આપે છે.

કહ્યું છે કે, જ્ઞાન, ઐશ્વર્ય, ધનવાળો, જાતિ-વંશબલી, તેજસ્વી-મતિમાન્ ખ્યાત એ બધાં પૂર્ણ છે અને તેથી વિપરીત તે તુચ્છ છે. પરમાર્થ એ કે જેમ તુચ્છને

અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ કરે છે તેમ ચક્રવર્તી આદિને પણ ઉપદેશ કરે છે અથવા ચક્રવર્તી માફક તુચ્છને પણ ઉપદેશ કરે છે - x - જો કે એવો નિયમ નથી કે બધાંને સમાન રીતે કહેવું, જેને જેમ બોધ થાય તેમ તેને કહેવું. બુદ્ધિમાન્‌ને સૂક્ષ્મ વાત કહેવી અન્યને સ્થૂળ વાત કહેવી.

રાજાને ઉપદેશ આપે તો તે રાજા અન્યદર્શીની, મધ્યસ્થ બુદ્ધિ કે સંશયવાન્ આદિ કેવો છે તે જાણીને કહેવું. - x - x - તેને સાંભળીને ક્રોધ થાય તેવી રીતે ઉપદેશ ન આપવો. વળી તેની ભક્તિ રુદ્ર વગેરે દેવતા પરત્વે હોય, તે દેવનું ચરિત્ર સાંભળતા તે દ્વેષી થાય તો તે શું કરે ? તે કહે છે—

● **સૂત્ર-૧૦૬ :-**

***અનાદર થવાથી (શ્રોતા) મારવા લાગે, તેથી એ જાણે કે અહીં ધર્મકથા કરવી શ્રેય નથી. [પહેલા એ જાણવું જોઈએ કે-] શ્રોતા કોણ છે ? કોને માને છે ?***

***તે 'વીર' પ્રશંસા યોગ્ય છે જે [ધર્મકથા વડે] બદ્ધ મનુષ્યોને મુક્ત કરાવે. તે સાધક ઉર્ધ્વ-અધો-તિર્છીદિશામાં સર્વ પ્રકારે સમગ્ર પરિજ્ઞા સાથે ચાલે છે અને હિંસા સ્થાનથી લિપ્ત થતા નથી. તે મેધાવી છે જે અનુદ્‌ઘાત-અહિંસાના સ્વરૂપને જાણે છે, બંધનથી મુક્ત થવાની અન્વેષણા કરે છે.***

***કુશળ પુરુષો બદ્ધ કે મુક્ત હોતા નથી.***

● **વિવેચન :-**

[ક્રોધિત થયેલ રાજા] વાણીથી અપમાન કરે, અનાદર થવાથી મારવા લાગે. લાકડી કે ચાબુકથી મારે. કહ્યું છે - ''કુદ્ધ થયેલ પકડે, બાંધે, કાઢી મૂકે, સેના પાસે મરાવે, પ્રવેશ નિષેધ કરે, સંઘને દુઃખ આપે.'' તથા બુદ્ધ ઉપાસક નંદબળની કથાથી, શીવ ઉપાસક સત્યકીની કથાથી આદિ - દ્વેષ પામે છે અથવા ભીખારી, ખોડવાળો તેને ઉદ્દેશીને કથા કહેતા દ્વેષ પામે છે. આ રીતે અવિધિથી કહેતા આવી બાધા થાય છે. તથા પરલોકમાં તેનો કંઈ લાભ નથી.

જો કે મુમુક્ષુને પરહિતને માટે ધર્મકથા કહેતાં પુન્ય છે, પણ કહેનાર જો સભાને ન ઓળખે તો દ્વેષનું કારણ બને. અથવા રાજાનું અપમાન થતાં ધર્મકથા કહેનારને હણે. જો તે પશુવધ યજ્ઞાદિને ધર્મ માનતો હોય ત્યારે સાધુ, ''તેમાં ધર્મ નથી'' કહે તો પણ રાજા તેને હણશે. અવિધિએ કહેવામાં પણ શ્રેય નથી. જેમકે - સાક્ષરો મધ્યે પક્ષ-હેતુ છોડી પ્રાકૃતમાં કહેવું, તે પણ અવિધિ છે. આ રીતે પ્રવચનની હીલના જ છે અને કેવળ કર્મબંધ થાય છે. પણ કલ્યાણ થતું નથી. વિધિ ન જાણનારને મૌન જ શ્રેય છે.

કહ્યું છે કે, ''સાવધ-નિરવધ વચનથી અજાણને બોલવાનો પણ અધિકાર નથી, તો ઉપદેશ અધિકાર ક્યાંથી હોય ?''

તેથી ધર્મકથા કઈ રીતે કરવી ? તે હવે કહે છે - જેને ઇન્દ્રિયો વશ વર્તે છે, વિષયથી પરાંગમુખ છે, સંસારથી ઉદ્વેગ મનવાળો છે, વૈરાગ્ય હૃદયી છે તેવો ધર્મ



પૂછે, ત્યારે ધર્મકથી વિચારે કે આ પુરુષ કેવો છે ? મિથ્યા દૃષ્ટિ કે ભદ્રક ? કેવા હેતુથી પૂછે છે, તેના ઇષ્ટ દેવ કોણ છે ?, કયા મતને માને છે ? વગેરે વિચારી યોગ્ય કાળે યોગ્ય ઉત્તર આપવો. તેનો સાર એ કે - x - ધર્મકથા વિધિજ્ઞ - x - દ્રવ્ય - x - ક્ષેત્ર - x - કાળ - x - ભાવ - x - વગેરે વિચારીને જે રીતે તે બોધ પામે તે રીતે ધર્મકથા કરવી. ઉક્ત ગુણવાળો ધર્મકથાને યોગ્ય છે, બીજાને અધિકાર નથી. કહ્યું છે કે—

''જે હેતુવાદ પક્ષમાં હેતુને અને આગમમાં આગમને બતાવનાર છે. તે સ્વ સિદ્ધાંતનો પ્રજ્ઞાપક છે, બીજો સિદ્ધાંત વિરાધક છે.'' - જે આ પ્રમાણે ધર્મકથાનો વિધિજ્ઞ છે તે જ પ્રશસ્ત છે. તથા જે પુન્યવાન્ અને પુન્યહીનને ધર્મકથામાં સમદૃષ્ટિ વિધિએ જાણે છે, શ્રોતૃ વિવેચક છે, તેવા ગુણવાળો કર્મવિદારક સાધુ ઉત્તમ પુરુષોથી પ્રશંસિત છે.

જે આઠ પ્રકારના કર્મ કે સ્નેહથી બદ્ધ પ્રાણીને ધર્મકથાદિ વડે મૂકાવે છે, તે તીર્થંકર, ગણધર, આચાર્યાદિ યથોક્ત ધર્મકથા વિધિજ્ઞ છે. તેઓ ઉર્ધ્વ દિશાના જ્યોતિષ્કાદિને, અધોદિશાના ભવનપતિ આદિને તથા તિર્છી દિશામાં મનુષ્યાદિને [કર્મથી] મૂકાવે છે. બીજાને મૂકાવનાર તે 'વીર' હંમેશા બંને પરિજ્ઞા આચરે છે, વિશિષ્ટ જ્ઞાને અથવા સર્વ સંવર-ચારિત્ર યુક્ત હોય છે. તે કયા ગુણોને મેળવે છે તે કહે છે—

તે પ્રાણી હિંસાથી લેપાતો નથી. તે વીર છે, મેધાવી છે, જેના વડે જીવો ચારગતિમાં ભમે તે કર્મ. તેનો ઘાત કરે; તે ખેદને જાણનાર મુનિ છે. એટલે તે કર્મનો ક્ષય કરવાને ઉધત મુમુક્ષુના કર્મક્ષયનો વિધિજ્ઞ એવો તે મેધાવી, કુશળ, વીરમુનિ છે. તથા જે પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ એમ ચાર પ્રકારના બંધનોથી મોક્ષ કરાવે કે તેનો ઉપાય બતાવે તે અન્વેષી [શોધક] પણ છે. જે આવો છે તે મેધાવી આદિ છે.

જે જીવહત્યાના ખેદને જાણે, તે મૂળ-ઉત્તર પ્રકૃત્તિ ભેદો વડે ભિન્ન તથા યોગ નિમિત્તે આવતી કષાયની સ્થિતિવાળી કર્મની બદ્ધ-સ્પૃષ્ટ-નિધત્ત-નિકાચિત રૂપ અવસ્થાને દૂર કરવાનો ઉપાય જાણે છે. - x - x - જે ઉક્ત ગુણવાળા છે તે સાધુ છદ્મસ્થ હોય કે કેવલી ?

કેવળીને ઉક્ત વિશેષણ ન ઘટે, માટે છદ્મસ્થ લેવા. કેવળીની તો વાત જ શું કરવી ? તે કહે છે, કુશળ - એટલે ઘાતિકર્મનો સંપૂર્ણ ક્ષય કરનાર તીર્થંકર કે સામાન્ય કેવલી. જ્યારે છદ્મસ્થ ઘાતિકર્મથી બદ્ધ મોક્ષાર્થી છે - તેના ઉપાયને શોધનારો છે. પરંતુ કેવલી ઘાતિકર્મ ક્ષય થવાથી બદ્ધ નથી અને ભવોપગ્રાહી કર્મના સદ્‌ભાવથી મુક્ત પણ નથી.

અથવા તેને છદ્મસ્થ જ કહીએ તો 'કુશલ' એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રાપ્ત કરનાર, મિથ્યાત્વ અને બાર કષાયોનો ઉપશમ કર્યો હોવાથી - તેનો ઉદય ન હોવાથી તે બદ્ધ નથી, કર્મોના સદ્‌ભાવથી મુક્ત પણ નથી. આવા ગુણવાન્ કુશળ હોય છે, પછી તે કેવલી હોય કે છદ્મસ્થ. - x - બીજા પણ મોક્ષાભિલાષીએ તેમ વર્તવું તે બતાવે છે—

● સૂત્ર-૧૦૭ :-

***તે કુશલ સાધક જે આરંભ કરે અને જે આરંભ ન કરે. અનાચીર્ણનો આરંભ ન કરે. હિંસા અને હિંસાના કારણો જાણી લોકસંજ્ઞા સર્વથા ત્યાગે.***

● વિવેચન :-

કુશલ જે સંયમ અનુષ્ઠાનને સંપૂર્ણ ક્ષય માટે આદરે તે મિથ્યાત્વ અવિરતિ આદિ સંસારના કારણોને ન આરંભે. એટલે સાધુપણું આરાધે અને સંસારીપણું છોડે. સંસારના કારણરૂપ - x - અઢાર પ્રકારના પાપોને એકાંતે દૂર કરે. તે છોડીને સંયમ અનુષ્ઠાનના સામર્થ્યથી મોક્ષ પામે. તેમજ કેવલી કે વિશિષ્ટ મુનિએ જેને અનાચીર્ણ કહ્યું છે, તે ન કરે. પણ મોક્ષ અનુષ્ઠાનને આચરે.

ભગવંતે જે ત્યાગવા કહ્યું છે - તે હિંસા છે. તે હિંસાના કારણોને જાણીને - જ્ઞ પરિજ્ઞા એ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગે.

જો 'क्षण' નો અર્થ હિંસાને બદલે 'અવસર' લઈએ તો જ્ઞ પરિજ્ઞા વડે અવસરને જાણીને આસેવન પરિજ્ઞા વડે આચરે.

લોકસંજ્ઞા - લોક એટલે ગૃહસ્થ, સંજ્ઞા એટલે વિષયસુખની ઇચ્છા કે પરિગ્રહ સંજ્ઞા. આવી સંજ્ઞા જાણીને નિયમ વડે ત્યાગે. આવો ત્યાગ યોગત્રિક-કરણત્રિકથી સર્વથા કરે. આવા ઉક્ત ગુણવાળો, ધર્મકથા વિધિજ્ઞ, બદ્ધપ્રતિમોચક, કર્મછેદન કુશળ, બંધમોક્ષાન્વેષી સુમાર્ગે ચાલનાર, કુમાર્ગ રોકનાર, લોકસંજ્ઞા જ્ઞાતને શું થાય ?

● સૂત્ર-૧૦૮ :-

**દ્રષ્ટાને માટે કોઈ ઉદ્દેશ નથી. અજ્ઞાની વારંવાર વિષયોમાં સ્નેહ કરે છે. તેથી તે દુઃખોનું શમન કરી શકતો નથી. દુઃખોથી દુઃખી બનેલો તે દુઃખોના આવર્તમાં જ પરિભ્રમણ કરે છે. તેમ હું કહું છું.**

● વિવેચન :-

જેનાથી નારકાદિ ગતિ થાય તે ઉદ્દેશ છે. જે પરમાર્થ દ્રષ્ટા છે તેને ત્રીજા ઉદ્દેશાથી લઈને આ ઉદ્દેશાના અંત સુધી જે વ્યાખ્યા કરી તે જ અર્થને જાણવો. તથા આ બાળ, સંસારપ્રેમી, સ્નેહ કરીને કામની ઈચ્છાથી દુઃખોનું શમન ન કરીને દુઃખી થઈ દુઃખના આવર્ત્તમાં વારંવાર ભમે છે. 'તેમ હું કહું છું' આદિ પૂર્વવત્.

**અધ્યયન-૨ 'લોકવિજય'ના ઉદ્દેશા-૬ ''અમમત્વ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

સૂત્ર અનુગમ તથા સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપો સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ સહિત પૂરો થયો. નૈગમાદિનય વર્ણન અન્યત્ર કહ્યું છે. અહીં સંક્ષેપમાં જ્ઞાન-ક્રિયાનયનું પ્રધાનપણું જાણવું. એકાંત જ્ઞાન કે એકાંત ક્રિયા ગ્રહણ તે મિથ્યાત્વ છે. બંનેને અપેક્ષાપૂર્વક સમજી બંનેને આરાધવા.

**આચારાંગ સૂત્ર-શ્રુતસ્કંધ-૧ના અધ્યયન-૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



卐 શ્રુતસ્કંધ-૧ 卐

# અધ્યયન-3 શીતોષ્ણીય

● ભૂમિકા :-

બીજું અધ્યયન કહ્યું. હવે ત્રીજું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - 'શસ્ત્રપરિજ્ઞા'માં આ અધ્યયનનો અર્થાધિકાર કહ્યો - શીત અને ઉષ્ણનો અનુકૂળ-પ્રતિકૂળ પરિષહ સહન કરવો. તે હવે કહે છે—

અધ્યયન સંબંધ-શસ્ત્રપરિજ્ઞામાં કહેલ મહાવ્રતસંપન્ન અને લોકવિજય અધ્યયન પ્રસિદ્ધ સંયમપાલક કષાયાદિ વિજેતા મુમુક્ષને જો અનુકૂળ-પ્રતિકૂળ પરિષહ આવે તો મન નિર્મળ રાખીને સમભાવે સહે. એ પ્રમાણે સંબંધથી આ અધ્યયન છે. એના ઉપક્રમાદિ ચાર અનુયોગદ્વાર છે. તેમાં ઉપક્રમમાં અર્થાધિકાર બે ભેદે છે. તેમાં અર્થાધિકાર પૂર્વે કહ્યો. ઉદ્દેશાનો અર્થાધિકાર બતાવવા નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૧૯૮,૧૯૯] પહેલા ઉદ્દેશામાં કહે છે - ભાવનિદ્રામાં સુતેલા સમ્યક્ વિવેકરહિત છે, તે ગૃહસ્થો છે. તે ભાવસુપ્તના દોષો કહે છે, જાગતાંના ગુણો કહે છે. તે આ પ્રમાણે - जरामच्चु० સૂત્ર-૧૧૨માં જુઓ.

બીજા ઉદ્દેશામાં તે ગૃહસ્થો ભાવનિદ્રા સંપન્ન દુઃખ અનુભવે છે તે કહે છે. તે આ પ્રમાણે कामेसु गिद्धा० સૂત્ર-૧૧૬માં જુઓ.

ત્રીજામાં ફક્ત દુઃખ સહન કરવાથી સંયમાનુષ્ઠાન વિના શ્રમણ ન કહેવાય. તે સૂત્ર-૧૩૩માં सहिए दुक्ख० થી જણાવેલ છે.

ચોથા-ઉદ્દેશામાં કષાયોનું વમન કરવું, પાપકર્મથી વિરતિ તે પંડિત સાધુનો સંયમ છે તે બતાવ્યું. ક્ષપકશ્રેણિ ક્રમથી કેવળજ્ઞાન, ભવોપગ્રાહી કર્મક્ષયથી મોક્ષ થાય છે. હવે નામનિષ્પન્ન નિક્ષેપામાં શીતોષ્ણીય અધ્યયન છે માટે શીત અને ઉષ્ણ બંનેના નિક્ષેપાને કહે છે—

[નિ.૨૦૦] નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એમ ચાર પ્રકારે શીત અને ઉષ્ણના નિક્ષેપા છે. નામ-સ્થાપના ગૌણ હોવાથી દ્રવ્ય શીત-ઉષ્ણને કહે છે.

[નિ.૨૦૧] જ્ઞ શરીર, ભવ્ય શરીર છોડી વ્યતિરિક્તમાં ગુણ ગુણીના અભેદપણાથી અથવા શીતકારણથી જે દ્રવ્ય દ્રવ્ય પ્રાધાન્યથી શીતલદ્રવ્ય જ દ્રવ્યશીત છે - હિમ, તુષાર, કરા વગેરે. એ જ પ્રમાણે દ્રવ્ય ઉષ્ણ જાણવું.

ભાવથી બે ભેદ છે - પુદ્ગલાશ્રિત, જીવાશ્રિત. તેમાં પુદ્ગલનો શીતગુણ ગુણની પ્રધાન વિવક્ષાથી ભાવશીત છે. એ પ્રમાણે ભાવઉષ્ણ જાણવું.

જીવને આશ્રીને શીત-ઉષ્ણરૂપ અનેકવિધ ગુણ છે. જેમકે ઔદયિક આદિ છ ભાવો. તેમાં ઔદયિક તે કર્મના ઉદયથી પ્રગટ નારકાદિ ભવમાં કષાય ઉત્પત્તિ રૂપ ઉષ્ણ ભાવ છે. ઔપશમિક તે કર્મના ઉપશમથી પ્રાપ્ત સમ્યકત્વ વિરતિ રૂપ શીત ભાવ છે. ક્ષાયિક પણ શીતભાવ છે. કેમકે તે ક્ષાયિક સમ્યક્ત્વ ચારિત્રરૂપ છે અથવા

બધાં કર્મનો દાહ તે સિવાય ઉત્પન્ન ન થાય માટે ઉષ્ણભાવ છે. બીજા ભાવો પણ બંને રૂપે છે.

જીવના ભાવગુણનું શીત-ઉષ્ણરૂપ નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૨૦૨] ભાવશીત અહીં જીવ-પરિણામરૂપે ગ્રહણ કરે છે. તે આ પરિણામ છે - માર્ગમાંથી ન પડતા સાધુએ નિર્જરા માટે પરીષહો સહવા. કાર્ય શિથિલતા-વિહારમાં પ્રમાદ ન કરે. મોહનીયનો ઉપશમ કરે - તે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ લક્ષણ અથવા ઉપશમ શ્રેણિ આશ્રિત કે તેના ક્ષય રૂપ છે. પ્રાણાતિપાતાદિથી અટકવું તે વિરતિ છે. જે ૧૭ પ્રકારના સંયમરૂપ છે. સાતાવેદનીયનો વિપાક તે સુખ છે.

આ પરીષહાદિ બધુ શીત-ઉષ્ણ છે. પરિષહ પૂર્વે કહ્યો. યથાશક્તિ બાર પ્રકારે તપ કરવો. ક્રોધાદિ કષાયો છે. ઇષ્ટ અપ્રાપ્તિ કે નાશ તે શોક છે. સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણ વેદ છે. મોહનીય વિપાકથી ચિત્તમાં મલિનતા તે અરતિ છે. અસાતા વેદનીય ઉદય આદિ દુઃખ છે. આ પરિષહ આદિ પીડાકારી હોવાથી ઉષ્ણ છે. તેમ ટૂંકમાં કહ્યું. વિસ્તારથી નિર્યુક્તિકાર પોતે કહે છે. તેમાં પરિષહ શીત-ઉષ્ણ બંને છે, જેનો મંદબુદ્ધિ માટે ખુલાસો કરે છે—

[નિ.૨૦૩] સ્ત્રી અને સત્કાર પરીષહ શીત છે કેમકે ભાવમનને તે ગમે છે. બાકીના વીશ પરીષહો મનને પ્રતિકૂળ હોઈ ઉષ્ણ જાણવા - અથવા -

[નિ.૨૦૪] જેમાં દુઃસહ પરિણામ છે તે પરીષહો ઉષ્ણ છે. મંદ પરિણામા તે શીત છે. કહે છે કે, શરીરમાં દુઃખ ઉત્પન્ન કરનારા અને સહેલાઈથી સહન ન થાય તેવા તીવ્ર પરિણામવાળા હોવાથી ઉષ્ણ છે. જે ફક્ત શારીરિક દુઃખ આપે પણ સત્ત્વશાળીને મનોદુઃખ ન આપે તે મંદ પરિણામા છે. અથવા ઘણાં જોરમાં આવે તે ઉષ્ણ, જે મંદ પરિણામા છે તે શીત જાણવા.

પરિષહ પછી લીધેલ પ્રમાદપદ અને તપોદ્યમની શીતોષ્ણતા કહે છે—

[નિ.૨૦૫] શ્રમણધર્મમાં જે પ્રમાદ કરે અથવા ધન ધાન્ય હિરણ્યાદિ માટે જે ઉપાય કરે તે શીત કહેવાય છે. સંયમમાં ઉદ્યમ તે ઉષ્ણ કહેવાય છે.

હવે ઉપશમ પદની વ્યાખ્યા કરે છે—

[નિ.૨૦૬] ક્રોધાદિ ઉદયનો અભાવ તે ઉપશમ. તેથી કષાય અગ્નિ ઠંડો પડે માટે શીત છે. ક્રોધાદિ જ્વાળા બુઝે ત્યારે તે પરિનિવૃત્ત થાય છે. રાગ, દ્વેષ, અગ્નિના ઉપશમથી ઉપશાંત છે. તથા ક્રોધાદિ પરિતાપ દૂર થતા આત્મા સુખી થાય છે. કેમકે જેના કષાયો શાંત છે તે જ સુખી છે. તેથી ઉપશાંત કષાય શીત છે - x - x - x - હવે વિરતિ પદ કહે છે.

[નિ.૨૦૭] જીવોને અભય દેવું તે શીત-સુખ છે. સત્તર ભેદે સંયમ તે શીત છે. કેમકે તેમાં બધાં દુઃખના હેતુરૂપ દ્વન્દ્વ દૂર થાય છે. તેથી ઉલટો અસંયમ તે ઉષ્ણ છે. આ શીત-ઉષ્ણ લક્ષણ સંયમ-અસંયમનો અન્ય પર્યાય સુખ-દુઃખ વિવક્ષાથી થાય છે. હવે 'સુખપદ' કહે છે.



[નિ.૨૦૮] સુખ શીત છે. તે રાગ-દ્વેષના દૂર થવાથી આત્યંતિક, એકાંત બાધારહિત લક્ષણવાળું, નિરૂપાધિક, પરમાર્થથી મોક્ષ સુખ જ છે, બીજું કોઈ સુખ નથી. તે સર્વે કર્મોના તાપના અભાવથી શીત છે. નિર્વાણ - બધાં કર્મોના ક્ષયથી પ્રાપ્ત સિદ્ધિ સ્થાન. ત્યાં જે સુખ તે નિર્વાણ સુખ. અહીં સાતા, શીતીભૂત, અનાબાધપદ એ ત્રણેનો અર્થ નિર્વાણ સુખ છે. આ સંસારમાં સાતા વેદનીય વિપાકથી ઉત્પન્ન સુખ મનને આનંદ આપવાથી શીત છે, તેનાથી ઉલટું તે દુઃખ તે ઉષ્ણ છે. હવે કષાય પદ કહે છે—

[નિ.૨૦૯] ઘણાં પ્રમાણવાળા વિપાક અનુભવ રૂપ કષાયો જેને ઉદયમાં આવે તે બળે છે. કેવલ કષાય અગ્નિવાળો જીવ જ નથી બળતો પણ ઇષ્ટવિયોગ જનિત શોકથી મૂઢ બની શુભ વ્યાપારને ભૂલનાર પણ બળે છે. તથા વેદના ઉદયવાળો સ્ત્રીને ઇચ્છે છે, સ્ત્રી પુરુષને અને નપુંસક બંનેને ઇચ્છે છે, તે પ્રાપ્ત ન થતા અરતિના દાહથી બળે છે અને શબ્દાદિ ઇચ્છાકામ પ્રાપ્ત ન થતાં અરતિના દાહથી બળે છે. આ પ્રમાણે કષાયો, શોક અને વેદોદય બાળનાર હોવાથી ઉષ્ણ છે. સર્વે મોહનીય કે આઠે પ્રકારનું કર્મ ઉષ્ણ છે. તેથી પણ વધુ દાહકતાથી તપ ઉષ્ણતર કહ્યું, કેમકે તપ ઉષ્ણકષાયને પણ તપાવે છે. કષાયની જેમ શોક અને વેદને પણ તપ બાળે છે.

હવે પરિષહ, પ્રમાદ, ઉદ્યમના શીતોષ્ણપણાનો અભિપ્રાય કહે છે.

[નિ.૨૧૦] શીત અને ઉષ્ણ બંને સ્પર્શને સહે. શીત-ઉષ્ણ સ્પર્શજનિત વેદના અનુભવતો આર્તધ્યાન ન કરે. શરીર-મનને અનુકૂળ તે સુખ તેથી ઉલટું તે દુઃખ તથા પરીષહ, શોક, કષાય, વેદ જે શીત-ઉષ્ણ રૂપ છે તેને સહે. સાધુ આ રીતે શીત-ઉષ્ણને સહેવામાં તથા તપ-સંયમ ઉપશમમાં ઉદ્યમ કરે.

હવે ઉપસંહાર કરતા "શીત-ઉષ્ણને ઘણાં સહેવા" તે બતાવે છે.

[નિ.૨૧૧] પરીષહ, પ્રમાદ, ઉપશમ, વિરતિ સુખરૂપ પદો શીત કહ્યા તથા પરીષહ, તપ, ઉદ્યમ, કષાય, શોક, વેદ, અરતિ ઉષ્ણ કહ્યા. તે બધાંને મુમુક્ષુએ સહેવા જોઈએ. સુખમાં હર્ષ કે દુઃખમાં શોક ન કરવો. કામ પરિત્યાગી સમ્યક્દૃષ્ટિ જીવ તેને સહન કરી શકે છે. માટે કામોનું સેવન ન કરવું.

## 卐 અધ્યયન-૩ 'શીતોષ્ણીય' ઉદ્દેશો-૧ "ભાવસુપ્ત" 卐

અધ્યયન-૩નો નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો. હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણવાળું નિર્દોષ વચન કહેવું. તે આ પ્રમાણે—

- **સૂત્ર-૧૦૯ :-**

***અમુનિ [અજ્ઞાની] સદા સુતેલા છે. મુનિ [જ્ઞાની] સદા જાગે છે.***

- **વિવેચન :-**

પૂર્વસૂત્ર સાથે આનો સંબંધ આ પ્રમાણે-દુઃખોના ચકરાવામાં જે ભમે તે દુઃખી છે. એટલે આ લોકમાં ભાવસુપ્ત, અજ્ઞાની જીવો દુઃખોના ચકરાવામાં ભમતા હોઈ દુઃખી છે. કહ્યું છે કે, "આ જગત્‌માં અજ્ઞાનરૂપી મહારોગ સર્વે જીવોને દુઃખે કરીને

દૂર થાય તેવો અસાધ્ય છે. તેનાથી બીજું દુઃખનું કારણ હું માનતો નથી. અહીં સુતેલા બે પ્રકારે છે - દ્રવ્યથી, ભાવથી. તેમાં નિદ્રા-પ્રમાદવાળા દ્રવ્યથી સુતેલા છે, મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપ નિદ્રાથી મૂઢ બનેલા મિથ્યાદૅષ્ટિ-અમુનિ સમ્યક્જ્ઞાન-ક્રિયારહિત નિરંતર ભાવથી સુતેલા છે. નિદ્રામાં પડેલા મિથ્યાદૅષ્ટિ કે સમ્યક્દૅષ્ટિ પણ હોય.

મુનિઓ - સદ્બોધ યુક્ત છે અને મોક્ષમાર્ગથી ચલિત થતાં નથી. તેઓ સતત હિતપ્રાપ્તિ, અહિત ત્યાગ માટે જાગૃત રહે છે. દ્રવ્યનિદ્રા પ્રાપ્ત થાય તો પણ તેઓ બીજી પૌરુસિમાં સતત જાગે છે. તે સંબંધે નિર્યુક્તિમાં કહે છે—

**[નિ.૨૧૨]** સુતેલા બે ભેદે છે - દ્રવ્યથી, ભાવથી. તેમાં નિદ્રાથી દ્રવ્યસુપ્ત ગાથાને અંતે કહેશે. ભાવસુપ્ત જે અમુનિ-ગૃહસ્થ મિથ્યાત્વ, અજ્ઞાનથી આવૃત્ત અને હિંસાદિ આશ્રવદ્વારમાં સદા પ્રવૃત્ત છે. મુનિઓ મિથ્યાત્વાદિ નિદ્રા દૂર થવાથી સમ્યક્ત્વાદિ બોધ પામીને ભાવથી જાગતા જ હોય છે.

જો કે આચાર્યની આજ્ઞાથી મુનિ બીજી પોરિસિ આદિમાં દીર્ઘસંયમ માટે શરીર આધારરૂપ હોવાથી સુવે, તો પણ સદા જાગતા જ રહે છે. આ પ્રમાણે ધર્મીને આશ્રીને સુતા-જાગતા બતાવ્યા. દ્રવ્યનિદ્રા સુપ્તને ધર્મ હોય કે ન પણ હોય. જે ભાવથી જાગે છે તે નિદ્રાવશને પણ ધર્મ છે જ. જો ભાવથી જાગતો હોય પણ નિદ્રા-પ્રમાદમાં તેનું ધ્યાન હોય તેને ધર્મ ન હોય. જે દ્રવ્યભાવ બંનેથી સુતા હોય તેને ધર્મ ન જ હોય. તે 'ભજના'નો અર્થ છે.

દ્રવ્યસુપ્તને ધર્મ કેમ ન હોય ? કહે છે. દ્રવ્યસુપ્તને જ નિદ્રા હોય છે. તે દુઃખેથી દૂર થાય છે. કેમકે થીણદ્ધિત્રિકના ઉદયમાં ભવસિદ્ધિક જીવોને પણ સમ્યકત્વ પ્રાપ્તિ થતી નથી. તેનો બંધ મિથ્યાદૅષ્ટિ અને સાસ્વાદનની સાથે અનંતાનુબંધી બંધ સહિત હોય છે. તેનો ક્ષય અનિવૃત્તિ બાદર ગુણસ્થાન કાળના સંખ્યેય ભાગના કેટલાક ભાગ જાય ત્યાં સુધી હોય, તે જ પ્રમાણે નિદ્રા અને પ્રચલાના ઉદયમાં પૂર્વવત્ છે.

બંધનો ઉપરમ અપૂર્વકરણ કાળના અસંખ્યેય ભાગને અંતે થાય અને ક્ષય ક્ષીણકષાયના દ્વીચરમ સમયમાં થાય છે અને ઉદય ઉપશમક અને ઉપશાંત મોહવાળા મુનિને હોય માટે નિદ્રા પ્રમાદને દુરંત કહ્યો.

દ્રવ્યસુપ્ત માફક ભાવસુપ્ત પણ દુઃખ પામે છે- તે કહે છે—

**[નિ.૨૧૩]** નિદ્રામાં સુતેલો, દારુ વડે ઉન્મત્ત, ગાઢ મર્મપ્રહારથી મૂર્છિત અને વાયુ આદિ દોષોથી ચકરી આવતાં પરવશ થયેલો બહુ દુઃખ પામે છતાં તેનો પ્રતિકાર કરી ન શકે. તે રીતે ભાવસુપ્ત અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયાદિમાં રહેલો જીવસમૂહ નરકાદિ ભવના દુઃખો ભોગવે છે. હવે બીજી રીતે ઉલટા દૅષ્ટાંતથી ઉપદેશ દેવા કહે છે—

**[નિ.૨૧૪]** ઉક્ત ઉપદેશ જે વિવેક-અવિવેક જનિત છે. જેમ બુદ્ધિમાન વિવેકી આગ લાગતા ત્યાંથી નીકળીને સુખી થાય છે. વિઘ્નયુક્ત કે રહિત માર્ગનું જેને જ્ઞાન છે તે સુખે પાર પહોંચે છે. ચોર આદિના ભયમાં વિવેકી સુખેથી તે વિઘ્ન



દૂર કરી સુખી થાય. એ પ્રમાણે સાધુ પણ ભાવથી સદા વિવેકી હોવાથી જાગૃત અવસ્થામાં રહી બધાં કલ્યાણને પામે છે.

અહીં સુતા-જાગતા સંબંધી ગાથા કહે છે, જાગતા માણસની બુદ્ધિ વધે છે માટે હે માણસો ! જાગો. સુનાર ધન્ય નથી, જાગે છે તે ધન્ય છે. ઘણું સુતા પ્રમાદીને શ્રુત શંકિત કે સ્ખલિત થાય છે. અપ્રમાદી જાગતાને શ્રુત સ્થિરપરિચિત્ત થાય. આળસુને સુખ ન હોય, નિદ્રા સાથે વિદ્યા ન હોય, પ્રમાદ સાથે વૈરાગ્ય ન હોય, આરંભીને દયા ન હોય. ધર્મીનું જાગવું સારું અધર્મીનું સુવું સારું તેમ ભગવંતે જયંતિ શ્રાવિકાને કહેલું. અજગરની માફક સુનારનું અમૃતરૂપ શ્રુત નાશ પામે અને ગળિયા બળદ માફક અપમાન પામે.

આ રીતે દર્શનાવરણીય કર્મોદયથી સુતો હોય તો પણ સંવિગ્ન અને જયણાવંત સાધુ દર્શનમોહનીય રૂપ નિદ્રા દૂર કરવાથી જાગતો જ છે. સુતેલા અજ્ઞાનના ઉદયવાળા થાય છે. અજ્ઞાન મહાદુઃખ છે. આ દુઃખ પ્રાણીના અહિતને માટે થાય છે. તે બતાવે છે —

● **સૂત્ર-૧૧૦ :-**

***લોકમાં અજ્ઞાન-દુઃખ અહિતને માટે થાય છે. લોકના આ આચારને જાણીને હિંસાદિ શસ્ત્રોથી દૂર રહેવું. જેણે આ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને યથાર્થપણે જાણી લીધા છે. [તે..... જુઓ સૂત્ર-૧૧૧]***

● **વિવેચન :-**

છ જીવનિકાય સંબંધી દુઃખને તું જાણ. તે દુઃખ, અજ્ઞાન કે મોહનીય તેને નરકાદિ ભવ દુઃખ આપનાર છે. અથવા તેને અહીં બંધ, વધ, શારીરિક અને માનસિક પીડાને માટે થાય છે. તે તું જાણ. તે જાણવાનું ફળ આ છે - દ્રવ્ય-ભાવસુપ્તને અજ્ઞાન રૂપ દુઃખ છે માટે તેનાથી દૂર રહેવું.

વળી 'સમય' એટલે આચારનું અનુષ્ઠાન તેને અને જીવસમૂહને જાણીને શસ્ત્રથી વિરમવું. આ પ્રમાણે સૂત્ર સંબંધ છે. સંસારી જીવો ભોગની ઇચ્છાથી જીવહિંસાદિ કષાયહેતુક કર્મો બાંધીને નરકાદિ પીડા સ્થાને ઉત્પન્ન થાય છે. ત્યાંથી ક્યારેક નીકળીને બધાં દુઃખોનું નાશક અને ધર્મના કારણરૂપ આર્યક્ષેત્રાદિમાં મનુષ્ય જન્મ પામે. વળી ત્યાં પણ મહામોહની મતિથી અધોગતિમાં જાય તેવા-તેવા આરંભ કરે છે. સંસારથી પાર પામતા નથી.

આ લોકાચારને જાણીને અથવા સમભાવને જાણીને શત્રુ-મિત્રમાં, સ્વ-પરમાં સમતા રાખે. અથવા એકેન્દ્રિયાદિ બધા જીવો સ્વ ઉત્પત્તિ સ્થાનમાં રમણની ઇચ્છાવાળા છે, મરણથી ડરે છે, સુખના ચાહક, દુઃખના દ્વેષી છે. આવા સમભાવને જાણીને સાધુ આ છ કાય લોકમાં દ્રવ્ય-ભાવ શસ્ત્રથી દૂર રહી ધર્મજાગરણથી જાગે. અથવા જે જે સંયમશસ્ત્ર છે તે હિંસાદિ આસ્રવદ્વાર અથવા શબ્દાદિ પાંચ કામગુણોનો રાગ છે. તેનાથી જે દૂર રહે તે મુનિ.

સૂત્રકાર કહે છે, જે મુનિને સ્વઆત્મા વેદિત બધાં પ્રાણીની પ્રવૃત્તિના વિષયભૂત

મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દાદિ છે તે સામે આવતા અનુકૂળ-પ્રતિકૂળ લાગે છે; તેવું જે મુનિ જાણે તે લોકને જાણે છે, તેથી કહે છે કે ઇષ્ટ વિષયમાં રાગ ન કરે, અનિષ્ટમાં દ્વેષ ન કરે. તે જ તેનું ખરી રીતે જાણવાપણું છે, પણ બીજું નથી. અથવા આ લોકમાં જ શબ્દાદિ દુઃખને માટે થાય છે, તો પરલોકનું તો શું કહેવું ? કહ્યું છે કે—

હરણ શબ્દમાં રક્ત થઈને, હાથી સ્પર્શમાં, માછલું રસમાં, પતંગીયું રૂપમાં, સાપ સુગંધમાં રક્ત થઈને ખરેખર નાશ પામ્યા છે. આ રીતે પાંચમાંથી એકમાં રક્ત થયેલ પરમાર્થથી અજાણ તે પાંચે નાશ પામ્યા છે. તેમ મૂર્ખ એકલો પાંચેમાં રક્ત બની નાશ પામે છે અથવા શબ્દમાં ભદ્રા, રૂપમાં અર્જુન ચોર, ગંધમાં ગંધપ્રિયકુમાર, રસમાં સૌદાસ અને સ્પર્શમાં સત્યકી આદિ નાશ પામ્યા. પરભવમાં નારકાદિ યાતના ભય રહે છે.

આ પ્રમાણે શબ્દાદિ વિષયને દુઃખદાયી સમજી તજી કેવા ગુણ પામે ?

**● સૂત્ર-૧૧૧ :-**

***તે આત્મવાન્, જ્ઞાનવાન્, વેદવાન્, ધર્મવાન્, બ્રહ્મવાન્ પ્રજ્ઞા વડે લોકને જાણે છે; તે મુનિ કહેવાય છે. તે ધર્મવિદ્, ઋજુ હોય છે. સંગને આવર્ત્ત શ્રોતરૂપે જાણી લે છે.***

**● વિવેચન :-**

જે મુનિ મોહનિદ્રામાં સુતેલા લોકમાં દુઃખ-અહિતને જાણે તે લોક સમયદર્શી છે. તે શસ્ત્રથી દૂર રહી શબ્દાદિ કામગુણોને દુઃખના હેતુરૂપે જ્ઞ પરિજ્ઞા વડે જાણે પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગે. તે મુમુક્ષુ આત્મવાન્ છે. જ્ઞાનાદિકવાળો આત્મવાન્ છે. શબ્દાદિ ત્યાગથી આત્મા રક્ષિત થાય છે. અન્યથા નારકાદિમાં ઉત્પન્ન થતાં આત્મા મોક્ષ કાર્ય ન કરીને આત્મા કઈ રીતે ગણાય ? પાઠાંતરથી તેને જ જ્ઞાનવાન્ જાણવો.

આત્માને નરકાદિમાં પડતા અટકાવે તે આત્મવિદ્. યથાવસ્થિત પદાર્થને જાણે તે જ્ઞાનવિદ્. જીવાદિ સ્વરૂપ જેના વડે જાણે તે વેદ-આગમ જાણે તે વેદવિદ્. સ્વર્ગ-મોક્ષમાર્ગ ધર્મને જાણે તે ધર્મવિદ્. કર્મરૂપ મળથી રહિત યોગીના સુખને જાણે તે બ્રહ્મવિદ્ છે. - x - આ પ્રમાણે પ્રકર્ષથી જ્ઞેય પદાર્થો જાણે તે 'પ્રજ્ઞાન' છે. તે મતિ આદિ છે જેના વડે યથાવસ્થિત જીવલોક કે તેના આધારરૂપ ક્ષેત્રને જાણે છે. તે જ શબ્દાદિ વિષય સંગનો પરિહર્તા યથાવસ્થિત લોક સ્વરૂપનો જ્ઞાતા છે.

મુનિ એટલે ઉક્ત આત્મવાન્ આદિ ગુણવાળો. જગતની ત્રણે કાળની અવસ્થાને માને કે જાણે તે મુનિ. 'ધર્મ' એટલે ચેતન-અચેતન દ્રવ્યના સ્વભાવરૂપ અથવા શ્રુત-ચારિત્રરૂપ. તેને જાણે તે ધર્મવિદ્.

જ્ઞાનાદિ મોક્ષમાર્ગના અનુષ્ઠાનથી અકુટિલ તે ઋજુ અથવા યથાવસ્થિત પદાર્થ સ્વરૂપ જ્ઞાનથી ઋજુ છે. - x - ધર્મવિદ્ ઋજુ મુનિ જન્મ, જરા, મરણ, રોગ, શોકવાળા સંસાર રૂપ ભાવાવર્ત્ત જાણીને ત્યાગે. કહ્યું છે, રાગ-દ્વેષ વશ મિથ્યાદર્શનથી જગત્ દુસ્તર અને જન્માવર્તે ક્ષિપ્ત છે. પ્રમાદથી તેમાં જીવો ઘણું ભમ્યા છે. ભાવશ્રોત-





શબ્દાદિનો અભિલાષ છે.

ઉક્ત આવર્ત્ત-શ્રોતમાં રાગદ્વેષથી સંબંધ થાય છે તેને જાણીને - x - x - ત્યાગે. તે જ આવર્ત્ત શ્રોતના સંગનો ખરો જાણનાર છે. - x -

**● સૂત્ર-૧૧૨ :-**

***તે નિર્ગ્રન્થ શીત-ઉષ્ણ [સુખ-દુઃખ] ના ત્યાગી છે, અરતિ-રતિ સહન કરે છે. 'સ્પર્શ'ને વેદતા નથી. જાગૃત અને વૈરથી ઉપરત છે. હે વીર ! એ રીતે દુઃખથી મુક્તિ પામીશ. વૃદ્ધત્વ અને મૃત્યુ વશ મનુષ્ય સતત મૂઢ રહે છે તે ધર્મને જાણી શકતો નથી.***

**● વિવેચન :-**

તે બાહ્ય-અંતર્ ગ્રંથરહિત થઈ શીત-ઉષ્ણ ત્યાગી સુખ-દુઃખને ન ગણનાર શીત-ઉષ્ણરૂપ પરીષહને સમભાવે સહેતો સંયમમાં રતિ અસંયમમાં અરતિયુક્ત થઈ પરીષહ-ઉપસર્ગોની કઠોર પીડા સહે અથવા કર્મ ખપાવવા ઉદ્યત બની તે પીડાને અવગણે. જો સંયમ કે તપથી શરીર પીડાથી કઠોરતા આવે અથવા કર્મલેપ દૂર થતાં સંસારથી ઉદ્વેગ પામી મુમુક્ષુ નિરાબાધ સુખનો ચાહક બની સંયમ-તપનો ખેદ સહે.

અસંયમ નિદ્રા દૂર થતાં જાગે છે. અભિમાનથી થતી અદેખાઈ, બીજાનું બગાડવાનો વિચાર તે વૈર છે તે વૈરથી દૂર હોવાથી જાગર અને વૈર ઉપરત ગુણવાળો વીર બને છે તે કર્મશત્રુ દૂર કરવાની શક્તિવાળો છે. હે વીર ! તું આવો બની પોતાને કે બીજાને દુઃખ-દુઃખના કારણોથી બચાવીશ.

ઉક્ત ગુણરહિત દુઃખના પ્રવાહમાં સંગ કરીને ઉંઘતો રહીને જરામૃત્યુને વશ થઈને - x - મૂઢ બની સ્વર્ગ-મોક્ષદાયી ધર્મને જાણતો નથી. સંસારમાં જીવને એવું કોઈ સ્થાન નથી જ્યાં જરા-મૃત્યુ ન હોય. દેવતામાં પણ જરાનો સદ્ભાવ છે. આગમમાં પણ કહ્યું છે કે દેવો સમાન રૂપવાળા નથી. - x - x - માળા કરમાવી આદિ - x - દેવની જરાના લક્ષણો છે.

બધાં જીવો જરા-મૃત્યુવશ છે, તે જાણી પંડિત મુનિ શું કરે ?

**● સૂત્ર-૧૧૩ :-**

***મનુષ્યને દુઃખથી આતુર જોઈને અપ્રમત્ત થઈ વિચરે. હે મતિમાન્ ! મનન કરી તું દુઃખીને જો. આ દુઃખ હિંસા જનિત છે. માયી-પ્રમાદી વારંવાર જન્મ લે છે. શબ્દ-રૂપની ઉપેક્ષા કરનાર ઋજુ અને 'મારાભિશંકી' મૃત્યુથી મુક્ત થાય છે. જે કામ પ્રત્યે અપ્રમત છે, પાપકર્મોથી દૂર છે, તે વીર, આત્મગુપ્ત અને ખેદજ્ઞ છે. જે પર્યાયનિમિત્ત શસ્ત્રના ખેદને જાણે છે, જે અશસ્ત્ર-સંયમનો ખેદજ્ઞ છે, તે અસંયમનો ખેદજ્ઞ છે. કર્મમુક્તને કોઈ વ્યવહાર હોતો નથી કર્મોથી ઉપાધિ થાય છે. તે કર્મોનું સારી રીતે પ્રતિલેખન કર.***

**● વિવેચન :-**

તે ભાવ જાગૃત મુનિ ભાવનિદ્રા જનિત શરીર-મનના દુઃખોથી આતુર

કિંકર્તવ્યમૂઢ, દુઃખ સાગરમાં ડુબેલા પ્રાણીને જોઈને અપ્રમત્ત બની સંયમ અનુષ્ઠાનને આદરે. હે બુદ્ધિમાન ! સશ્રુતિક ! તું ભાવસુપ્ત દુઃખીને જો. જાગતાના ગુણ અને સુતાના દોષ જાણીને સુવાની મતિ ન કર. વળી પાપ ક્રિયા અનુષ્ઠાન, તેના આરંભ જ દુઃખ કે દુઃખના કારણ કર્મો તું પ્રત્યક્ષ જો. સર્વ કર્મના આરંભમાં પ્રવૃત્ત જીવોને થતી શિક્ષાને જો. તે જાણીને આરંભરહિત બની આત્મહિતમાં જાગૃત થા.

પણ જે વિષયકષાયથી મલીન ચિત્તવાળો અને પ્રમાદી છે. તે શું મેળવે ? તે ક્રોધાદિ કષાયવાળો મધ આદિ પ્રમાદવાળો નારકીના દુઃખ અનુભવીને પાછો તિર્યંચમાં જાય છે. પણ જે અકષાયી અને પ્રમાદરહિત છે તે કેવા થાય ? શબ્દરૂપાદિમાં જે રાગદ્વેષ તેને ન કરતો ઋજુ-યતિ થાય છે. પરમાર્થથી યતિ ઋજુ હોય અને ગૃહસ્થ સ્ત્રી આદિ પદાર્થ ગ્રહણ કરવાથી વક્ર બને છે.

વળી તે સરળ સાધુ શબ્દાદિની ઉપેક્ષા કરતો મૃત્યુ વિશે સતર્ક રહીને પોતે મરણથી બચે છે. કામભોગમાં અપ્રમાદી રહે છે. જે કામ ચેષ્ટાના પાપોથી દૂર રહે છે, તે જ મન, વચન, કાયાના પાપથી બચેલો છે. તે વીર છે ગુપ્ત આત્મા છે અને ખેદજ્ઞ છે. તે ખેદજ્ઞ સાધુ શબ્દાદિ વિષયોના પર્યાયો તે નિમિત્તના શસ્ત્ર તે ''પર્યવજાત શસ્ત્ર.'' અર્થાત્ પ્રાણિ ઉપઘાતકારિ અનુષ્ઠાન તેમાં લીન ન થતા 'ખેદજ્ઞ' સાધુ નિરવધ અનુષ્ઠાનરૂપ સંયમ આદરે. જે સંયમનો ખેદજ્ઞ છે તે પર્યવજાતશસ્ત્રનો ખેદજ્ઞ છે અર્થાત્ સાધુ ઇષ્ટ-અનિષ્ટ શબ્દાદિ પર્યાયોની પ્રાપ્તિ કે ત્યાગ બીજા જીવોને દુઃખરૂપ છે તેમ જાણે છે. આવો [મધ્યસ્થ ભાવ] અપીડાકર હોવાથી જે અશસ્ત્રરૂપ-સંયમ છે તે પોતાને અને બીજાને ઉપકાર કરનારો છે, એવું જાણે છે.

આ પ્રમાણે જાણીને શસ્ત્રને છોડે અને અશસ્ત્રને ગ્રહણ કરે એ જ્ઞાનનું ફળ છે. અથવા શબ્દાદિ પર્યાય કે તદ્જનિત રાગદ્વેષ પર્યાયથી જે જ્ઞાનાવરણીય કર્મ બંધાય તેને બાળનાર હોવાથી તપ તે શસ્ત્ર છે. તે તપના ખેદને જાણનાર તેના જ્ઞાન-અનુષ્ઠાનથી અશસ્ત્ર-સંયમનો પણ ખેદજ્ઞ છે અને અશસ્ત્ર-સંયમનો ખેદજ્ઞ તે પર્યવજાત-શસ્ત્રનો પણ ખેદજ્ઞ છે અને તે સંયમ-તપ ખેદજ્ઞ આશ્રવનિરોધાદિથી પૂર્વ ભવના સંચિત કર્મનો ક્ષય કરે છે. કર્મક્ષયથી જે થાય છે તેને હવે જણાવે છે—

अकम्म - આઠમાંથી એક પણ કર્મ જેને નથી તે. તેને નારક આદિ કોઈ ગતિમાં ભ્રમણ કરવાનો વ્યવહાર નથી. પર્યાપ્ત-અપર્યાપ્ત કે બાલકુમારાદિ અવસ્થા નથી. જે સકર્મ છે તેને નારકાદિ વ્યપદેશ હોય છે. તથા તે કર્મની ઉપાધી વડે-જ્ઞાનાવરણીયાદિ વડે જે પામે તે કહે છે—

તે (૧) મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય જ્ઞાનવાળો, મંદબુદ્ધિ, તીક્ષ્ણબુદ્ધિ આદિ, (૨) ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, નિદ્રાળુ આદિ, (૩) સુખી-દુઃખી, (૪) મિથ્યા દૃષ્ટિ-મિશ્રદૃષ્ટિ, સ્ત્રી-પુરુષ-નપુંસક, કષાયી આદિ, (૫) સોપક્રમ-નિરૂપક્રમ-અલ્પાયુ આદિ, (૬) નારક, તિર્યંચયોનિક એકેન્દ્રિય બેઇન્દ્રિય પર્યાપ્તક-અપર્યાપ્તક આદિ,



સુભગ-દુર્ભગ આદિ, (૭) ઉંચ-નીચ ગોત્રવાળો, (૮) કૃપણ-ત્યાગી નિરૂપભોગ, નિર્વિર્ય આ પ્રમાણે આઠ કર્મને લીધે સંસારી જીવ ઓળખાય છે.

તેથી જ્ઞાનાવરણીયાદિને વિચારીને કે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશરૂપે તેના બંધની આલોચના કરીને તેની સતા અને વિપાકને પામેલા પ્રાણીઓ જે રીતે ભાવનિદ્રામાં સુએ છે તે જાણીને કર્મ દૂર કરવા ભાવ જાગરણમાં સાધુએ ઉદ્યમ કરવો. તે કર્મનો અભાવ આ રીતે થાય —

આઠ કર્મવાળો અપૂર્વ આદિ કરણ વડે ક્ષપક શ્રેણિથી મોહનીયક્ષય કરી સાત કર્મોવાળો થઈ બાકીના ત્રણ ઘાતિકર્મોનો ક્ષય કરી ભવોપગ્રાહી ચાર કર્મોવાળો થાય. તે ક્ષય કરી શૈલીશીકરણ કરી અકર્મા બને.

હવે ઉત્તર પ્રકૃત્તિનું હોવાપણું - ન હોવાપણું બતાવે છે - *[આ વિષય કર્મગ્રંથના જ્ઞાનથી સમજાય તેવો છે, માટે અહીં વૃત્તિનો સંક્ષેપમાં અર્થ જ રજૂ કરીએ છીએ—]* જ્ઞાનાવરણીય અને અંતરાયની પાંચ-પાંચ પ્રકૃત્તિ બારમાં ગુણસ્થાન સુધી હોય છે, દર્શનાવરણીય કર્મનું હોવાપણું ત્રણ સ્થાનમાં છે - ૧. નિદ્રાદિ નવે પ્રકૃત્તિ અનિવૃત્તિ બાદરકાળના સંખ્યેય ભાગ સુધી, ૨. સંખ્યેયભાગના અંતે થીણદ્ધિ નિદ્રાત્રિક ક્ષય થતા છ કર્મવાળું સ્થાન, ૩. ક્ષીણકષાયના અંત સમયમાં નિદ્રા-પ્રચલાના ક્ષયથી ચારકર્મવાળું સ્થાન. વેદનીયકર્મના સતાસ્થાન બે છે. સાતા અને અસાતા.

મોહનીય કર્મના સતા સ્થાન પંદર છે. *[જે કર્મગ્રંથના સત્તા પ્રકરણથી જાણવા-સમજવા]* આયુષ્યના સામાન્યથી બે સતા સ્થાન છે. નામકર્મની પ્રકૃત્તિના બાર સતા સ્થાન છે. તે આ પ્રમાણે — (૧) ૯૩, (૨) ૯૨, (૩) ૯૧, (૪) ૮૮, (૫) ૮૬, (૬) ૮૦, (૭) ૭૯, (૮) ૭૮, (૯) ૭૬, (૧૦) ૭૫, (૧૧) ૯, (૧૨) ૮. આ સંખ્યા મુજબના ક્રમમાં નામકર્મની ઉત્તરપ્રકૃત્તિની સતા હોય છે. *[તેના વિવેચન અને સમજ માટે કર્મગ્રંથમાં સતા પ્રકરણ જોવું.]* અહીં માત્ર ૯૩ ઉત્તરપ્રકૃત્તિનો નામ નિર્દેશ કરેલ છે. જેમકે—

૪-ગતિ, ૫-જાતિ, ૫-શરીર, ૫-સંઘાત, ૫-બંધન, ૬-સંસ્થાન, ૩-અંગોપાંગ, ૬-સંહનન, ૫-વર્ણ, ૨-ગંધ, ૫-રસ, ૮-સ્પર્શ, ૪-આનુપૂર્વી, ૬-અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, ૨-વિહાયોગતિ, ૧૦-શુભ-પ્રત્યેકશરીર ત્રસ શુભ સુભગ સુસ્વર સૂક્ષ્મ પર્યાપ્ત સ્થિર આદેય અને યશ, ૧૦-અશુભ-પ્રત્યેક આદિથી વિપરીત, ૧-નિર્માણ, ૧-તીર્થંકર એમ કુલ ૯૩ પ્રકૃતિ કહી છે.

ગોત્રકર્મના સામાન્યથી બે સતા સ્થાન છે...

આ પ્રમાણે કર્મોની સતા જાણીને સાધુએ તે દૂર કરવા પ્રયત્ન કરવો. વળી [આ વાત બીજી રીતે કહે છે—]

● **સૂત્ર-૧૧૪ :-**

***કર્મનું મૂળ જાણીને હિંસાનું નિરીક્ષણ કરી સર્વ [ઉપદેશ] ગ્રહણ કરીને રાગ-દ્વેષરૂપ બે છેડાથી દૂર રહે. મેધાવી તે [રાગ-દ્વેષને] જાણીને લોકને જાણે અને લોકસંજ્ઞા ત્યાગ કરી સંયમમાં પરાક્રમ કરે - તેમ કહું છું.***

● વિવેચન :-

કર્મનું મૂળ-કારણ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ છે. તેને સમજીને જે 'ક્ષણ' અર્થાત્ જે પ્રાણિ-હિંસા તેને કર્મનું મૂળ સમજીને છોડે. પાઠાંતરમાં कम्ममूलं ને સ્થાને कम्ममाहूय છે. તેનો અર્થ છે - જે આ કર્મની ઉપાદાન ક્ષણ છે તે ક્ષણ 'કર્મ' છે. તે ક્ષણથી નિવૃત્તિ કરે. તેનો અર્થ એ છે કે - અજ્ઞાન, પ્રમાદાદિથી જે ક્ષણે કર્મના હેતુરૂપ ક્રિયા કરે તે જ ક્ષણે ચિત્ત સ્થિર કરી તેના ઉપાદાન હેતુથી નિર્વૃત થાય.

ફરી ઉપદેશ આપતા કહે છે - પૂર્વોક્ત કર્મો સમજીને તથા કર્મનાશનો ઉપદેશ ગ્રહણ કરીને રાગ-દ્વેષથી દૂર રહીને અથવા તેનો સંબંધ છોડીને તે કર્મના ઉપાદાનના કારણ રાગાદિને જ્ઞ પરિજ્ઞા વડે જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તજે. રાગાદિથી મોહિત કે વિષયકષાય રૂપ લોકને જાણીને વિષયતૃષ્ણા કે ધનના આગ્રહરૂપ લોકસંજ્ઞાને છોડીને તે મેધાવી સંયમ અનુષ્ઠાનમાં ઉધત બને, ષડ્ રિપુવર્ગ કે આઠ પ્રકારના કર્મોને આવતા અટકાવે - તેમ હું કહું છું.

અધ્યયન-૩ 'શીતોષ્ણીય'ના ઉદ્દેશા-૧ 'ભાવસુપ્ત'નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવદા પૂર્ણ

## 卐 અધ્યયન-૩ ઉદ્દેશો-૨ ''દુઃખાનુભવ'' 卐

● ભૂમિકા :-

પહેલો ઉદ્દેશો કહ્યો, હવે બીજો શરૂ કરે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશામાં 'ભાવસુખ' બતાવ્યા. અહીં તેમના સુવાપણાથી અસાતારૂપ જે ફળ છે તે કહે છે. તે સંબંધમાં હવે સૂત્ર કહે છે—

● સૂત્ર-૧૧૫ :-

***હે આર્ય ! આ સંસારમાં તું જન્મ અને વૃદ્ધિને જો. તું પ્રાણીને જાણ, તેની સાથે તારા સુખનું પર્યાલોચન કર. આ રીતે કલ્યાણકારી મોક્ષના માર્ગને જાણીને સમત્વદર્શી પાપકર્મને કરતા નથી.***

● વિવેચન :-

'जाइ' એટલે પ્રસૂતિ. વૃદ્ધિ એટલે જન્મથી લઈ બાલ, કુમાર, યૌવન, વૃદ્ધત્વ. મનુષ્ય લોક કે સંસારમાં હમણાં જ જાતિ, વૃદ્ધિને જો અર્થાત્ જન્મતા અને વૃદ્ધ અવસ્થામાં જે શરીર અને મનના દુઃખ ઉત્પન્ન થાય છે, તેને વિવેક ચક્ષુથી તું જો. કહ્યું છે કે, જન્મતા અને મરતા પ્રાણીને જે દુઃખ છે, તે દુઃખથી અને સંતાપથી પોતાની પૂર્વ જાતિને વીસરી જાય છે.

ગર્ભમાં બાળક ઘણો વિરસ આહાર કરે છે. પછી જન્મતી વખતે યોનિમુખમાંથી નીકળે ત્યારે માતાને અને પોતાને ઘણી પીડા થાય છે.

વૃદ્ધાવસ્થામાં નિર્બળ-ખોખરો અવાજ, દુર્બળ મુખ, વિપરીત વિકલ્પો, દુર્બલ-



દુઃખી અવસ્થામાં રહેવું આદિ પ્રાપ્ત થાય છે. ઇત્યાદિ.

અથવા ભગવંત, હે આર્ય ! કહી ગૌતમસ્વામીને બોલાવી કહે છે - જાતિ, વૃદ્ધિ અને તેનું મૂળ કારણ કર્મ છે. તથા કાર્ય દુઃખ છે તે તું જો. જોઈને બોધ પામ. તેવું જન્મ આદિ દુઃખ તને ન આવે એવું સંયમ આચર.

વળી ચૌદ પ્રકારના ભૂતગ્રામ છે તેની સાથે તારા સુખને સરખાવીને જાણ કે જેમ તને સુખ પ્રિય છે તેમ બધાંને છે, તને દુઃખ ગમતું નથી તેમ બીજાને પણ ગમતું નથી. એમ જાણીને બીજાને દુઃખ ન આપ જેથી તને જન્મ આદિ દુઃખ પ્રાપ્ત ન થાય. કહ્યું છે - તને જેમ ઇષ્ટ વિષયમાં સુખ અને અનિષ્ટમાં દુઃખ છે તેમ બીજા માટે પણ જાણીને લોકોને અપ્રિય કૃત્ય ન કરતો.

તો શું કરવું ? જાતિ, વૃદ્ધિ, સુખ, દુઃખ જોઈને તત્ત્વ બતાવનારી શ્રેષ્ઠ વિધાને તું જાણ. *[ચૂર્ણિમાં અહીં* तिविज्जो *પાઠ છે. ત્રણ વિધાને તું જાણ]* તે જ્ઞાનાદિ કે મોક્ષ અને તેના માર્ગને જાણીને સમ્યકત્વદર્શી બનીને પાપ ન કરે, સાવધ અનુષ્ઠાન ન આચરે.

પાપનું મૂળ સ્નેહપાશ છે, તે છોડવા માટે કહે છે—

● સૂત્ર-૧૧૬ :-

***આ મનુષ્યલોકમાં મનુષ્યો સાથેની સ્નેહજાળથી દૂર રહેવું. કેમકે તેઓ આરંભજીવી અને ઉભયલોકમાં [કામભોગોને] દેખતા રહે છે. કામભોગોમાં ગૃદ્ધ બની કર્મ સંચય કરે છે. તેમ કરીને વારંવાર જન્મ લે છે.***

● વિવેચન :-

ચાર કષાય અને વિષય વિમોક્ષમાં સમર્થ આધારરૂપ મનુષ્ય. લોકમાં [સંસારી] મનુષ્યો સાથે દ્રવ્ય-ભાવ ભેદવાળા સ્નેહ પાશને સર્વથા છોડ. કારણ કે તેઓ કામભોગ લાલસા માટે હિંસાદિ પાપો આરંભે છે. તેથી સૂત્રકાર કહે છે કે, તે આરંભથી જીવનાર અને મહા આરંભ પરિગ્રહથી કલ્પિત જીવવાના ઉપાય યોજે છે. તથા ઉભય શરીર તથા મન સંબંધી આ લોક-પરલોકના [ભોગાકાંક્ષી] છે. વળી તે કામભોગમાં આસક્ત થઈ કર્મો સંચિત કરે છે. તે કામ ઉપાદાન જનિત કર્મનો સંચય કરી એક ગર્ભથી બીજા ગર્ભમાં ઉત્પન્ન થાય છે. સંસારચક્રમાં - x - ભમે છે.

વળી તે 'અનિભૃત' આત્મા કેવો થાય છે, તે કહે છે—

● સૂત્ર-૧૧૭ :-

***તે હાસ્ય, વિનોદ માટે જીવ વધ કરીને આનંદ મનાવે છે. એવા અજ્ઞાનીના સંગથી બચવું, તેનાથી પોતા સાથે તે જીવોનું વેર વધે છે.***

● વિવેચન :-

લજ્જા, ભય આદિ નિમિત્તથી ચિત્તનું હાસ્ય મેળવીને કામગૃદ્ધ બની, જીવોને હણી આનંદ માને છે અને મહામોહથી ઘેરાયેલો, અશુભ વિચારવાળો તે બોલે છે - આ પશુઓ શિકાર માટે સર્જાયા છે. શિકાર સુખી જનની ક્રીડા માટે છે. આ રીતે જૂઠ અને ચોરીમાં પણ જાણવું.

જો આમ છે તો સાધુએ શું કરવું ? જે હિંસાદિમાં રક્ત છે, વિષયકષાયાદિ યુક્ત છે તેવા અજ્ઞાની જીવો સાથે હાસ્યાદિ સંગ ન કરવો. સંગ કરે તો પરસ્પર લડાઈ થતાં - x - વૈર વધે છે. જેમ ગુણસેને કરેલા હાસ્યને કારણે અગ્નિશર્મા સુધી વૈર ચાલ્યું - x - જો આમ છે તો શું કરવું ?

● સૂત્ર-૧૧૮ :-

***તેથી ઉત્તમજ્ઞાની મોક્ષ પદને જાણીને, આતંક જોઈને પાપ ન કરે. હે ધીર ! તું અગ્ર અને મૂલકર્મને દૂર કર. કર્મો તોડીને નિષ્કર્મદર્શી બન.***

● વિવેચન :-

અજ્ઞાનીના સંગથી વૈર વધે છે. તેથી ગીતાર્થ મોક્ષપદ કે સર્વ વિરતિ કે સમ્યગ્ જ્ઞાન-દર્શનને જાણીને આયંકદંસી - નરકાદિ દુઃખને જોનાર પાપાનુબંધી કર્મ ન કરે - ન કરાવે, ન અનુમોદે. તેમજ અગ્ગ ભવોપગ્રાહી કર્મ અને મૂલ ઘાતીકર્મ અથવા મૂલ તે મોહનીય, બાકીના અગ્ગ અથવા મૂલ - મિથ્યાત્વ, અગ્ગ શેષ પ્રકૃતિ. એ બધાંને દૂર કર.

આ સૂત્રથી સૂચવે છે કે કર્મપુદ્ગલોનો આત્યંતિક ક્ષય ન થાય પણ આત્માથી પૃથક્-દૂર થઈ શકે.

મોહનીય કે મિથ્યાત્વને 'મૂલ' કહ્યું કેમકે તેનાથી બાકી બધા કર્મનો બંધ પડે છે. કહ્યું છે કે, મોહ વિના કર્મબંધ નથી, મોહ અનેકવિધ બંધન છે, પ્રકૃતિનો મહાન્ વિભવ છે, અનાદિ ભવનો હેતુ છે. તે વારંવાર બંધાય છે, એવી કર્મોની કુટિલ ગતિ પ્રભો ! આપે બતાવી છે.

આગમમાં કહ્યું છે, "હે ભગવન્ ! જીવો આઠ કર્મ કઈ રીતે બાંધે છે ? હે ગૌતમ ! જ્ઞાનાવરણીયના ઉદયથી દર્શનાવરણીય કર્મ બાંધે છે, દર્શનાવરણીયથી દર્શનમોહનીય, તેનાથી મિથ્યાત્વ, મિથ્યાત્વથી જીવ આઠે કર્મપ્રકૃતિ બાંધે. તે રીતે મોહનીયકર્મના ક્ષયથી ક્ષય પામે.

કહ્યું છે કે, નાયક હણાતા જેમ સેના નાશ પામે તેમ મોહનીયકર્મ ક્ષય થવાથી બીજા સાત કર્મો નાશ પામે છે.

અથવા મૂલ તે અસંયમ કે કર્મ છે. અગ્ગ તે સંયમ, તપ કે મોક્ષ છે. તે મૂળ-અગ્રમાં તું ધીર થા. - x - વિવેકથી દુઃખ-સુખના કારણપણે માન. તપ-સંયમ વડે રાગાદિ બંધન કે તેના કાર્યરૂપ કર્મને છેદીને તું કર્મરહિત બન. એટલે - x - નિષ્કર્મત્વથી-કર્મ આવરણ દૂર થતાં સર્વદર્શી સર્વજ્ઞાની થાય છે.

જે નિષ્કર્મદર્શી થાય છે તે બીજું શું મેળવે ? તે કહે છે—

● સૂત્ર-૧૧૯ :-

***તે નિષ્કર્મદર્શી મરણથી મુક્ત થાય છે, તે જ મુનિ સંસારના ભયથી લોકમાં મોક્ષનો દૃષ્ટા બને છે; રાગદ્વેષ રહિત જીવન વિતાવે છે. તે ઉપશાંત, સમિત, સહિત, સદાસંયત, કાલકાંક્ષી બની વિચરણ કરે છે.***

***આ જીવે પૂર્વે ઘણાં પાપકર્મોનો બંધ કર્યો છે.***



● વિવેચન :-

પૂર્વોક્ત સાધુ મૂલ અને અગ્રકર્મ તોડનાર બનીને નિષ્કર્મદર્શી થતા મરણથી મૂકાય છે. કેમકે આયુષ્યનો બંધ પડતો નથી. અથવા વારંવાર કે ક્ષણ ક્ષણના મરણથી મૂકાતા મરણયુક્ત આ સંસારથી મુકાય છે. તે મુનિ સંસારના ભય કે સાત પ્રકારના ભયને દેખે છે તે દૃષ્ટભય કહેવાય છે. વળી દ્રવ્યના આધારરૂપ લોક કે ચૌદ જીવસ્થાનક રૂપ લોકમાં પરમ જે મોક્ષ છે અથવા તેનું કારણ જે સંયમ છે તેને દેખવાના સ્વભાવવાળો પરમદર્શી છે.

તથા વિવિક્ત-દ્રવ્યથી સ્ત્રી, પશુ, નપુંસક યુક્ત વસતિરહિત સ્થાને રહે છે. તથા રાગદ્વેષરહિત નિર્મળચિત્ત રાખવાથી ભાવથી વિવિક્ત છે. આવો વિવિક્ત જીવી મુનિ ઇન્દ્રિય અને મનને શાંત રાખવાથી ઉપશાંત છે, પાંચ સમિતિથી અથવા સમ્યગ્ મોક્ષમાર્ગે જવાથી સમિત છે જ્ઞાનાદિથી યુક્ત અને અપ્રમાદી છે. આખી જીંદગી આવા ઉત્તમ ગુણવાળો રહે તે - x - x - કાલઆકાંક્ષી કહેવાય અને એ પ્રમાણે પંડિત મરણની આકાંક્ષાવાળો - x - x - સંયમ અનુષ્ઠાનમાં રહે. આવું શા માટે કરે તે કહે છે—

મૂળ-ઉત્તર પ્રકૃતિ ભેદ ભિન્ન પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશ-બંધવાળું બંધ, ઉદય, સત્તાની વ્યવસ્થાવાળું, બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિતરૂપ જે કર્મ તે થોડા કાળમાં ક્ષય થાય તેવું નથી તેથી કાલકાંક્ષી કહ્યું.

તેમાં બંધ સ્થાન અપેક્ષાએ મૂળ-ઉત્તર પ્રકૃતિનું બહુત્વ બતાવે છે — *[આ પૂર્વે સૂત્ર-૧૧૩ના વિવેચનમાં જેમ કર્મના સત્તા પ્રકરણની વાત હતી તેમ અહીં કર્મના બંધ પ્રકરણની વાત છે. આ વિષય કર્મગ્રંથના જ્ઞાન થકી જ સમજવો સરળ છે, તેથી સૂત્ર-૧૧૩ની માફક અહીં પણ સંક્ષેપમાં જ વૃત્તિનો સાર રજૂ કરેલ છે. વિશેષથી જાણવા માટે વૃત્તિને જ જોવી-સમજવી.]*

બધી મૂળ પ્રકૃત્તિ અંતર્મુહૂર્ત સુધી સાથે બાંધે તો આઠ પ્રકારનો કર્મબંધ છે અને આયુષ્ય ન બાંધે તો સાત પ્રકારનો કર્મબંધ છે. મોહનીયકર્મ દૂર થતાં આયુના બંધના અભાવે છ પ્રકારે કર્મબંધ છે. છાદ્મસ્થીક કર્મો દૂર થતાં ફક્ત સાતા વેદનીય કર્મનો બંધ થાય છે.

ઉત્તર પ્રકૃત્તિમાં જ્ઞાનાવરણ અને અંતરાયની પાંચે-પાંચ પ્રકૃત્તિનું એક બંધસ્થાન છે, દર્શનાવરણીયના ત્રણ બંધસ્થાન છે. વેદનીયનું એક બંધ સ્થાન છે, મોહનીયકર્મના દશ બંધસ્થાન છે આયુકર્મનો બંધ એક પ્રકારે છે, નામકર્મના આઠ બંધ સ્થાન છે. ગોત્રકર્મનો એક બંધ છે.

આ કર્મબંધનોને દૂર કરવા શું કરવું ? તે કહે છે—

● સૂત્ર-૧૨૦ :-

***[એ કર્મો નષ્ટ કરવા] તું સત્યમાં ધૃતિ કર. તેમાં સ્થિર રહેનાર મેધાવી સર્વ પાપકર્મોનો ક્ષય કરી દે છે.***

● વિવેચન :-

સજ્જનને હિતકારી તે સત્ય અર્થાત્ સંયમ. તેમાં ધૈર્ય રાખ અથવા યથાવસ્થિત

વસ્તુ સ્વરૂપ કહેનાર જિન-આગમ સત્ય છે. તેમાં જિનાજ્ઞાનુસાર કુમાર્ગના ત્યાગ કરીને ધૃતિ કર. તે જિનવચનમાં રક્ત બનીને મેધાવી સાધુ સંસારના ભ્રમણરૂપ પાપકર્મોનો ક્ષય કરે છે.

આ રીતે અપ્રમાદ કહ્યો. તેનો શત્રુ તે પ્રમાદ. પ્રમાદી કેવો થાય ?

**● સૂત્ર-૧૨૧ :-**

***તે અસંયમી પુરુષ અનેક ચિત્તવાળો છે. તે ચાળણી કે સમુદ્ર ભરવા ઇચ્છે છે. તે બીજાના વધ, પરિતાપ, પરિગ્રહ, જનપદ વધ, જનપદ પરિતાપ, જનપદ પરિગ્રહને માટે [પ્રવૃત્તિ કરે છે.]***

**● વિવેચન :-**

अणेगचित्त એટલે ખેતી, વેપાર, મજૂરી આદિ કાર્યમાં જેનું ચિત્ત છે તે. તે સંસારસુખના અભિલાષથી અનેક ચિત્ત [ચંચળ] છે. अयंपुरुष એટલે સંસારી જીવ. - x - આ અનેક ચિત્તવાળો શું કરે ? તે કહે છે—

केयण દ્રવ્ય કેતન એટલે ચાલણી, પરિપૂર્ણક-સમુદ્ર. ભાવ કેતન તે લોભેચ્છા. આ ચંચળ પુરુષ - x - તેને ભરવા ઇચ્છે છે. અર્થાત્ પૈસાના લોભમાં શક્ય-અશક્યના વિચાર વિના અશક્ય અનુષ્ઠાનમાં વર્તે છે અને લોભની ઇચ્છા પૂર્ણ કરવામાં વ્યાકુળ મતિવાળો બનીને તે—

લોભપૂરણે પ્રવૃત્ત થઈ બીજા પ્રાણીનો વધ કરે છે, બીજાને શરીર-મનના પરિતાપ આપે છે, બીજા દ્વિપદ-ચતુષ્પદાદિનો સંગ્રહ કરે છે. તથા જનપદમાં થયેલ કાળપ્રષ્ટ કે રાજા આદિના વધને માટે, લોકોની નિંદા માટે - આ ચોર છે ઇત્યાદિ કહે છે કે બીજાના છિદ્રો ઉઘાડા પાડે છે. જનપદનો પરિગ્રહ કરવા પ્રવર્તે છે. આવા લોભી વધાદિ ક્રિયા સિવાય બીજું શું કરે ? તે કહે છે—

**● સૂત્ર-૧૨૨ :-**

***વધ-પરિતાપ આદિનું આસેવન કરીને કેટલાયે પ્રાણી સંયમમાર્ગમાં ઉધમવંત થયા છે. તેથી તેઓ બીજા મૃષાવાદ અસંયમને સેવતા નથી.***

***હે જ્ઞાની ! વિષયોને નિસ્સાર જાણ, દેવોના પણ ઉપપાત-ચ્યવન જાણીને હે માહણ ! તું અનન્ય મોક્ષમાર્ગમાં વિચર.***

***તે [અનન્ય સેવી] પ્રાણીઓની હિંસા ન કરે, ન કરાવે, ન અનુમોદે.***

***વિષયભોગ જનિત આનંદની જુગુપ્સા કર, સ્ત્રીમાં રાગરહિત થા.***

***'અણવમદર્શી' પાપકર્મોથી ઉદાસીન રહે છે.***

**● વિવેચન :-**

ઉક્ત વધ, પરિગ્રહ, પરિતાપનાદિ સેવીને લોભેચ્છા પૂર્ણ કરીને ભરત રાજાદિ મનુષ્યો મન, વચન, કાયાથી શુભ વ્યાપારમાં અર્થાત્ સંયમ અનુષ્ઠાનમાં યત્ન કરે છે, તે જ ભવે મોક્ષમાં જાય છે. સંયમ અનુષ્ઠાનમાં વર્તીને કામભોગ, હિંસાદિ આશ્રવો તજીને શું કરવુ ંતે કહે છે—

જેણે ભોગ તજ્યા છે તે પ્રતિજ્ઞા કરીને ભોગ લાલચુતાથી મૃષાવાદ કે અસંયમને



સેવતા નથી, જે વિષયાર્થે અસંયમને સેવે છે, તે વિષયો નિસ્સાર છે. કારણ કે સાર વસ્તુ મેળવવાથી તૃપ્તિ થાય છે, પણ જે વસ્તુથી તૃષ્ણા વધે તે નિસ્સાર છે એવું જોઈને તત્ત્વજ્ઞ સાધુ વિષયેચ્છા ન કરે. માત્ર મનુષ્યોના જ નહીં દેવોનું વિષયસુખ પણ અનિત્ય છે અને જીવિત અનિત્ય છે તે બતાવે છે - ઉપપાત એટલે જન્મ, ચ્યવન એટલે નાશ. તે જાણીને વિષય સંગનો ત્યાગ કરજે કેમકે વિષયસમૂહ કે બધો સંસાર કે સર્વે સ્થાન અશાશ્વત છે, તેથી શું કરવું તે કહે છે—

મોક્ષમાર્ગથી અન્ય અસંયમ છે તે અન્યને છોડીને અનન્ય જ્ઞાનાદિને સેવ. माहण એટલે મુનિ. આ અનન્યસેવી મુનિ પ્રાણિને હણે નહીં. બીજા પાસે હણાવે નહીં. હણનારની અનુમોદના ન કરે.

ચતુર્થવ્રતની સિદ્ધિ માટે કહે છે - વિષયજનિત આનંદની તું જુગુપ્સા કર. સ્ત્રીથી રાહરહિત થઈ ભાવના કર કે - આ વિષયો કિંપાક ફળ જેવા અને - x - કડવા ફળ આપનારા છે. તે જાણીને વિષયસુખ પરિગ્રહને ત્યાગી દે. હવે ઉત્તમ ધર્મ પાળવા માટે કહે છે - अवम - મિથ્યાદર્શન, અવિરતિ આદિ, अवनम એટલે સંયમ આદિ. તેને દેખનાર તે अणोमदंसी - સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રવાન્. આવા થઈને સ્ત્રીસંગની બુદ્ધિને દૂર કર. વિષયોની નિંદા કર. જે અનવમદર્શી છે તે પાપકર્મોથી દૂર રહે છે.

**● સૂત્ર-૧૨૩-૧૨૪ :-**

***વીર પુરુષ ક્રોધ અને માનને મારે, લોભને મહાન્ નરકરૂપે જુએ લઘુભૂત બનવાનો અભિલાષી વીર હિંસાથી વિરત થઈ સ્રોતને છેદે.***

***હે ધીર ! ગ્રંથ-પરિગ્રહને જાણીને આજે જ છોડ, સ્રોત-વિષયોને જાણીને ઇન્દ્રિયનું દમન કર. આ માનવજન્મમાં 'ઉન્મજ્જન'નો અવસર મળેલ છે, તો પ્રાણીઓના પ્રાણનો સંહાર ન કર. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

ક્રોધ જેની આદિમાં છે તે ક્રોધાદિ. જેના વડે મપાય તે માન. તે અનંતાનુબંધી આદિ ચાર ભેદે છે. - x - માન એટલે ગર્વ. જે ક્રોધનું કારણ છે તેને હણે તે વીર છે. જેમ દ્વેષરૂપ ક્રોધ-માનને હણે તેમ રાગ દૂર કરવા અનંતાનુબંધી આદિ ચાર ભેદવાળા લોભની સ્થિતિ અને વિપાકને જો. તેની સ્થિતિ દશમા ગુણઠાણા સુધી છે અને વિપાક અપ્રતિષ્ઠાન મહાનરકની પ્રાપ્તિ સુધી છે. આગમમાં કહ્યું છે - માછલા, મનુષ્યો મરીને સાતમી નારકી સુધી જાય. તે મુજબ મહા લોભી મરીને સાતમી નારકી પણ પામે.

તો શું કરવું ? જે લોભથી પ્રાણિવધ આદિ પ્રવૃત્તિથી મહાનરકને પામે છે, તેથી વીરપુરુષ લોભના હેતુરૂપ હિંસાથી વિરત થાય. વળી શોક અથવા ભાવશ્રોતને દૂર કરે. તે માટે મોક્ષ કે સંયમ તરફ જનારો લઘુભૂતગામી થાય અથવા લઘુભૂત થવાની ઇચ્છાવાળો બને.

આગળ કહે છે - બાહ્ય અભ્યંતર બે પ્રકારની ગાંઠને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને

હમણાં જ પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે છોડ. તથા વિષયઅભિલાષ તે સંસાર પ્રવાહ છે તેને જાણીને ઇન્દ્રિય અને મનનું દમન કરીને સંયમ પાળ. તે માટે આ મિથ્યાત્વ આદિ શેવાળથી આચ્છાદિત સંસાર દ્રહમાં તું જીવરૂપી કાચબો બનીને શ્રુતિ, શ્રદ્ધા, સંયમ, વીર્યરૂપ ઉન્મજ્જન પામીને તું તરી જા. મનુષ્યભવમાં બીજી રીતે સંપૂર્ણ મોક્ષમાર્ગને પામવો અસંભવ છે.

તું પ્રાણીની હિંસાના કૃત્યો ન કરતો. પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ એ દશ પ્રાણને ધારણ કરનાર પ્રાણીની હત્યા ન કર, તેના ઉપઘાતના કાર્ય-અનુષ્ઠાન ન કર - તેમ હું કહું છું.

**અધ્યયન-૩ 'શીતોષ્ણીય'ના ઉદ્દેશા-૨ 'દુઃખાનુભવ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૩ ઉદ્દેશો-૩ ''અક્રિયા'' 卐

**● ભૂમિકા :-**

બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજાનો આરંભ કરે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશામાં દુઃખ અને તેને સહન કરવાનું કહ્યું તે દુઃખ સહન કરવા માત્રથી સાધુપણું નથી. સંયમ અનુષ્ઠાન કરે તથા પાપ કર્મ ન કરે તો શ્રમણ થાય છે. તે આ ઉદ્દેશામાં બતાવે છે. આ સંબંધ વડે આવેલા આ ઉદ્દેશામાં સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું—

**● સૂત્ર-૧૨૫ :-**

***સાધક સુઅવસર જાણીને પ્રમાદ ન કરે. પોતાના સમાન જ અન્ય જીવોને જુએ. તેથી જીવ હિંસા સ્વયં ન કરે, ન કરાવે.***

***જો એકબીજાની શરમ કે ભયનો વિચાર કરી પાપકર્મ કરતો નથી તે શું મુનિ કહેવાય ?***

**● વિવેચન :-**

સંધિ બે પ્રકારે છે - ભીતમાં પડેલ ફાટ દ્રવ્યસંધિ છે. ભાવસંધિ કર્મ વિવર છે. અર્થાત્ ઉદયમાં આવેલ દર્શનમોહનીય ક્ષય પામ્યુ, બીજું ઉપશાંત છે, તે સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ ભાવસંધિ છે. અથવા જ્ઞાનાવરણીય વિશિષ્ટ ક્ષાયોપશમિક ભાવને પામેલ તે સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ રૂપ ભાવસંધિ છે આદિ - x - તે જાણીને પ્રમાદ કરવો સારો નથી.

જેમ લોકમાં સૈન્યથી ઘેરાયેલાને ભીંત કે બેડીમાં છિદ્ર જાણીને પ્રમાદ કરવો સારો નથી તેમ મુમુક્ષુએ કર્મ વિવર મેળવીને ક્ષણવાર પણ સ્ત્રી, પુત્ર, સંસાર સુખનો વ્યામોહ કરવો સારો નથી. અથવા સાંધો તે જ સંધિ છે. તે ભાવસંધિ જ્ઞાન, દર્શન, ચારિત્ર અધ્યવસાયમાં કર્મના ઉદયથી પડેલ ફાટ છે, તેને કુભાવ દૂર કરી ફરી સાંધી દેવી.



આ ક્ષાયોપશમિક આદિ ભાવલોકને આશ્રીને છે અથવા જ્ઞાનદર્શન, ચારિત્રને યોગ્ય લોકમાં ભાવસંધિ જાણીને સંપૂર્ણ પાલન કરે અથવા સંધિ એટલે ધર્માનુષ્ઠાન અવસર, તે જાણીને લોક-જીવસમૂહને દુઃખ દેવાનું કૃત્ય ન કરે. વળી કહે છે—

હે સાધુ ! જેમ આત્માને [તને] સુખ ઇષ્ટ છે, તેમ બીજા જીવને પણ ઇષ્ટ છે. તથા બીજા જીવોને પણ સુખ પ્રિય છે - દુઃખ અપ્રિય છે. તે તું જો. બધાં પ્રાણીને આત્મા સમાન જાણીને - x - x - તેઓને હણનારો ન થઈશ. તથા બીજા દ્વારા વિવિધ ઉપાયો વડે તે પ્રાણીનો ઘાત ન કરાવીશ.

જો કે બીજા મતવાળા કોઈક સ્થૂળ જીવોને મારતા નથી, તો પણ ઔદ્દેશિક, સંનિધિ આદિના પરિભોગથી બીજા દ્વારા તે જીવ વધ કરે છે. જો કે માત્ર પાપકર્મ ન કરવાથી જ શ્રમણ ન કહેવાય. પણ જેમાં પાપકર્મ ન કરવાનું કારણ છે તે બતાવે છે - અન્યોન્ય જે શંકા, લજ્જા, ભયથી પાપના ઉપાદાનરૂપ જે કર્મનું અનુષ્ઠાન છે, તે સાધુ ન કરે.

પાપકર્મ ન કરવાથી તો શું તે મુનિ કહેવાય ? - x - x - ??

ના, તેટલાથી મુનિ ન કહેવાય. અદ્રોહનો અધ્યવસાય જ મુનિભાવનું કારણ છે બીજી ઉપાધિના વશથી તે નિર્મળ ભાવવાળો ન હોય તો મુનિ ન કહેવાય. [મુનિપણાના ભાવથી મુનિ કહેવાય.]

કોઈ સાધુ પરસ્પર આશંકાથી આધાકર્માદિ તજે તો તે મુનિ ભાવસાધુ કહેવાય કે નહીં ? આચાર્ય કહે છે, સાંભળ, બીજાની ઉપાધિ જે પાપ વ્યાપારરૂપ છે, તેનો ત્યાગ ભાવમુનિપણું છે. તેથી શુભ અંતઃકરણથી - x - સાધુ ક્રિયા કરે તે જ મુનિ ભાવ છે, બીજા નહીં. વ્યવહારનયથી તો જે સમ્યગ્દૃષ્ટિ છે, પંચ મહાવ્રતનો ભાર વહે. પ્રમાદ, લજ્જા, ભય, ગૌરવથી આધાકર્માદિ છોડી પડિલેહણાદિ ક્રિયા કરે - x - તપ, આતાપના કરે તેમાં તેનો મુનિભાવ જ કારણ છે. કેમકે આવી ધર્મક્રિયાથી પરંપરાએ શુભ ભાવની ઉત્પત્તિ થશે. આ પ્રમાણે શુભ અંતઃકરણ વ્યાપાર રહિત સાધુપણામાં સત્-અસત્ ભાવ કહ્યો નિશ્ચયથી મુનિભાવ કહે છે—

**● સૂત્ર-૧૨૬-૧૨૭ :-**

***સમતાનો વિચાર કરી આત્માને પ્રસન્ન રાખે. જ્ઞાની મુનિ સંયમમાં કદાપિ પ્રમાદ ન કરે. સદા આત્મગુપ્ત, વીર બનીને દેહને સંયમ યાત્રાનું સાધન માની તેનો નિર્વાહ કરે. નાના મોટા રૂપો પ્રતિ વિરક્ત રહે.***

***જીવોની ગતિ-આગતિ જાણીને જે રાગ-દ્વેષથી દૂર રહે છે તે સર્વ લોકમાં કોઈથી છેદાતા, ભેદાતા, બળાતા અને મરાતા નથી.***

**● વિવેચન :-**

સમભાવ તે સમતા તેને વિચારીને સમતામાં રહેલો સાધુ કોઈપણ પ્રકારે અનેષણીયને પરિહરે, લજ્જાદિથી ઉપવાસાદિ કરે તે બધું મુનિપણાના ભાવનું કારણ છે. અથવા સમય એટલે આગમ. તેમાં કહેલ વિધિ મુજબ સંયમ અનુષ્ઠાન કરે તે બધું મુનિભાવનું કારણ છે. તેથી આગમ મુજબ અથવા સમતા ધારણ કરીને આત્માને

પ્રસન્ન રાખે અથવા આગમના પર્યાલોચન વડે કે સમતા દૃષ્ટિથી વિવિધ ઉપાયો વડે ઇન્દ્રિય પ્રણિધાન અને અપ્રમાદાદિથી આત્માને પ્રસન્ન કરે.

આત્મપ્રસન્નતા સંયમસ્થને હોય છે, તેમાં અપ્રમાદીપણું ભાવવું તે જ સૂત્રમાં કહે છે - જેનાથી બીજું કંઇ પ્રધાન નથી તે અનન્ય પરમસંયમ છે, તેને પરમાર્થ જાણનાર-જ્ઞાની તેમાં કદાપિ પ્રમાદ ન કરે. હવે જેમ અપ્રમાદી થવાય તે બતાવે છે - आयगुत्त - ઇન્દ્રિય - મનથી આત્માને ગોપવે તથા સર્વકાલની યાત્રા તે સંયમ યાત્રા તેમાં જે માત્રા તે યાત્રામાત્રા. માત્રા એટલે અતિ આહાર ન લે ઇત્યાદિ, એટલે વિષયની ઉદીરણા ન થાય અને દીર્ઘકાલ સંયમના આધારરૂપ દેહનું પાલન થાય તે રીતે આત્માને આહાર આદિથી પાળે. કહ્યું છે કે—

‘‘આહાર માટે અનિંદ્ય કર્મ કરે કેમકે આહાર પ્રાણને ધારણ કરવા માટે છે. પ્રાણ તત્ત્વજિજ્ઞાસા માટે ધારવા. તત્ત્વ જ્ઞાનથી જન્મ લેવો ન પડે.’’ તે આત્મગુપ્તતા કઈ રીતે થાય ? ‘વિરાગ’ એટલે મનોજ્ઞ રૂપ આંખ સામે આવે તો તેમાં આસક્ત ન થાય. રૂપ તુરંત મનને ખેંચે છે માટે તેને લીધું. અન્યથા પાંચે વિષયમાં વિરાગી થવું તથા દિવ્યભાવના ક્ષુલ્લક મનુષ્ય રૂપમાં સર્વત્ર વિરાગ કરવો. અથવા મોટા-નાના રૂપમાં રાગ ન કરે. નાગાર્જુનીયા પણ કહે છે - પાંચે વિષયોમાં - x - x - ન લેપાવું.

તેમાં શું આલંબન લેવાથી રાગ-દ્વેષ ન થાય ? ગતિ-આગતિને જાણે-જેમકે - તિર્યંચ-મનુષ્યની ચાર, દેવ-નારકની બે, મનુષ્યને પાંચ ગતિ છે કેમકે તેમાં મોક્ષનો સદ્ભાવ છે. આ રીતે ગતિ-આગતિને જાણીને, સંસારચક્રમાં ભ્રમણ સમજીને, મનુષ્યપણામાં મોક્ષ મળે છે તે સમજી રાગ-દ્વેષને દૂર કરે - x - તે આગતિ-ગતિ પરિજ્ઞાતા રાગ-દ્વેષ દૂર કરીને તલવારથી છેદાતો નથી, ભાલાથી ભેદાતો નથી, અગ્નિથી બળતો નથી - x - અથવા રાગદ્વેષના અભાવે તે સિદ્ધિ પામે છે - x - x - x -

આ પ્રમાણે ગતિ-આગતિના જ્ઞાનથી રાગદ્વેષનો ત્યાગ થાય છે અને તેના અભાવે છેદનાદિ સંસાર દુઃખનો અભાવ થાય છે. તેવું મુનિ જાણે છે. પરંતુ વર્તમાન સુખને જોનારા અમે ક્યાંથી આવ્યા ? ક્યાં જઈશું ? ત્યાં શું મળશે ? એવો વિચાર નથી કરતા. તેથી સંસાર ભ્રમણા પાત્રતાને અનુભવે છે - એવું સૂત્રકાર બતાવે છે—

● સૂત્ર-૧૨૮-૧૨૯ :-

***કેટલાક મૂઢ ભૂત-ભાવિના બનાવોને યાદ કરતા નથી કે આ જીવ પહેલા કેવો હતો ? ભાવિમાં શું થનાર છે ? કેટલાંક એવું કહે છે જેવો તે ભૂતકાળમાં હતો તેવો ભવિષ્યકાળમાં થશે.***

***પરંતુ ‘તથાગત’ અતીત કે અનાગતના અર્થનું સ્મરણ કરતા નથી. ‘વિધુતકલ્પી’ આ દર્શનને જોનારા છે. તેથી નિરવધ પ્રવૃત્તિવાળા મહર્ષિ આ સત્યને જાણી કર્મનો ક્ષય કરે.***

● વિવેચન :-

મોહ-અજ્ઞાનાવૃત્ત બુદ્ધિવાળા કેટલાક અન્યતીર્થિ ભાવિકાળની સાથે પૂર્વે વ્યતિત કાળનું સ્મરણ કરતા નથી અર્થાત્ આ જીવને નરકઆદિ ભવથી ઉત્પન્ન થયેલ કે



બાળ-કુમાર વયમાં એકઠું થયેલ પૂર્વનું દુઃખ આદિ કેવી રીતે આવેલું છે ? અથવા ભાવિમાં શું થશે ? આ સુખાભિલાષી - દુઃખદ્વેષીનું ભાવિ શું થશે ? જો તેઓને ભૂત-ભાવિની વિચારણા હોત તો સંસારમાં રતિ ન થાત. કહ્યું છે કે, ‘‘મારી અહીં ઉત્પત્તિ કેમ થઈ ? અહીંથી મારે ક્યાં જવું છે ? જો આટલું ચિંતવે તો સંસારથી વૈરાગ્ય કેમ ન થાય ?’’

કેટલાંક મહામિથ્યાજ્ઞાની કહે છે — આ સંસાર કે મનુષ્યલોકમાં હાલ જે અવસ્થામાં છે, તે જ રીતે ભૂતકાળમાં સ્ત્રી, પુરુષ, સૌભાગ્ય, દુર્ભાગ્ય આદિ ભેદો ભોગવતા હતા, ભાવિમાં પણ તે જ થવાનું છે અથવા જેનાથી બીજું શ્રેષ્ઠ નથી એવાં સંયમથી વાસિત ચિત્ત થઈ પૂર્વે ભોગવેલ વિષયસુખભોગ યાદ કરતા નથી. કેટલાંક રાગદ્વેષથી મૂકાયેલા ભાવિમાં દેવસંબંધી ભોગોની આકાંક્ષા રાખતા નથી. કેટલાકને ભૂતકાળના કે ભવિષ્યકાળના સુખ-દુઃખ લક્ષ્યમાં રહેતાં નથી. કેટલો કાળ ગયો તે પણ ધ્યાન નથી.

લોકોત્તર પુરુષો જે રાગદ્વેષ રહિત છે તેવા કેવલિ કે ચૌદ પૂર્વીઓ સંસારી જીવને અનાદિ અનંતકાળ સુધી દરેક કાળમાં સુખ વગેરે કેટલા હતા કે આવશે તે કહી ન શકે. બીજા આચાર્યો કહે છે કે, પૂર્વજન્મ સાથે બીજા જન્મનો સંબંધ જાણતા નથી. પૂર્વે કઈ રીતે સુખ-દુઃખ હતા અને ભવિષ્યમાં કઈ રીતે સુખ-દુઃખ થશે તે જાણતા નથી. વળી કેટલાંક કહે છે - તેમાં શું જાણવાનું ? પોત-પોતાના કર્મો અનુસાર જીવે સુખ-દુઃખ ભોગવ્યા અને ભોગવશે.

અથવા પ્રમાદ, વિષય, કષાયાદિથી કર્મો એકઠા થવાથી ઇષ્ટ-અનિષ્ટ વિષયોને અનુભવતા જીવો સર્વજ્ઞની વાણીને ન જાણનારા ભૂતકાળની જેમ ભવિષ્યમાં પણ સુખ-દુઃખ અનુભવશે. પણ જેઓ સંસાર સમુદ્રથી તરવાવાળા છે તેઓ કર્મનું ફળ જાણે છે, તે બતાવે છે—

જે જીવોને સંસારમાં ફરી આવવું નથી તેઓ સિદ્ધ છે અથવા જે સર્વજ્ઞ છે તેઓ અતીત પદાર્થને અનાગતરૂપે કે અનાગત પદાર્થને અતીતરૂપે માનતા નથી કેમકે પરિણતિની વિચિત્રતા છે, સૂત્રમાં અર્થ શબ્દનું ગ્રહણ પર્યાયના બદલાવાપણાને સૂચવે છે. દ્રવ્યાર્થથી તો જીવ એક જ છે.

અથવા અતીત એટલે ભોગવેલા વિષયભોગ અને અનાગત એટલે ભાવિમાં ભોગવવાના દિવ્ય ભોગ. રાગદ્વેષના અભાવવાળા તેને યાદ કરતા નથી, મોહના ઉદયે કેટલાંક પૂર્વના કે ભાવિના ભોગોને ઇચ્છે, પણ સર્વજ્ઞો તેને ઇચ્છતા નથી. તેના માર્ગે ચાલનારા પણ એવા જ હોય છે. તે કહે છે—

विहूयकप्प - અનેક પ્રકારે આઠ પ્રકારના કર્મને ધોનાર તે વિધૂત છે कल्प એટલે આચાર. વિધૂતકલ્પી સાધુ જ સર્વજ્ઞના અનુદર્શી છે. તે વિષય સુખના અભિલાષી ન હોય. આ અનુદર્શી પૂર્વે બાંધેલા કર્મોનો નાશ કરનારો છે અથવા ભવિષ્યમાં નાશ કરનારો થશે. કર્મક્ષય કરવા ઉધત મુનિ અને ધર્મ કે શુક્લ ધ્યાની મહાયોગીશ્વરને સંસારના સુખ-દુઃખનો નાશ કરવાથી હવે શું થશે ? તે દર્શાવે છે—

● **સૂત્ર-૧૩૦ :-**

***તેને અરતિ શું ? અને આનંદ શું ? તે તેમાં આગ્રહરહિત થઈ વિચરે. સર્વ હાસ્યાદિ ત્યાગ કરે, 'આલીન ગુપ્ત' થઈ વિચરે.***

***હે જીવ ! તું સ્વયં જ તારો મિત્ર છે, બહારના મિત્રને કેમ ઇચ્છે છે ?***

● **વિવેચન :-**

ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિ કે નાશ થતાં મનમાં જે વિકાર થાય તે અરતિ અને ઇચ્છિત અર્થની પ્રાપ્તિમાં આનંદ; એ યોગીના ચિત્તમાં ન હોય કેમકે ધર્મ કે શુક્લધ્યાનમાં ચિત્ત રોકાવાથી તેને સંસારી વસ્તુની અરતિ કે આનંદ ઉત્પન્ન થવાના કારણોનો અભાવ છે. તેથી સૂત્રમાં કહ્યું કે, "અરતિ અને આનંદ શું ?" સંસારીજીવની માફક તેમને તે વિકલ્પ જ નથી.

જો આમ હોય તો અસંયમે અરતિ અને સંયમે આનંદ કેમ કહ્યું ?

આચાર્ય કહે છે - તેવું નથી, તમે અમારો અભિપ્રાય સમજ્યા નથી. કેમકે અહીં અરતિ-રતિ વિકલ્પ અધ્યવસાયનો નિષેધ કર્યો તો બીજા પ્રસંગે પણ અરતિ-રતિ ન હોય. તેથી જ સૂત્રમાં કહ્યું કે, - x - x - શુક્લ ધ્યાન સિવાય બીજે કંઈ અરતિ કે આનંદના નિમિત્ત આવે તો પણ તેના આગ્રહરહિત બને - મધ્યસ્થ રહે. ફરી ઉપદેશ આપતા કહે છે કે—

સર્વ હાસ્ય કે તેના કારણો તજે અને મર્યાદામાં રહી ઇન્દ્રિય નિરોધમાં લીન બને. 'आलीनगुत्त' મન, વચન, કાયાની ક્રિયાથી અથવા કાચબાની જેમ અંગો સંકોચીને ગુપ્ત રહે જેથી કોઈ જીવને પીડા ન થાય. એ રીતે તે સંયમ અનુષ્ઠાયી બને.

તે મુમુક્ષુને આત્મબળથી સંયમાનુષ્ઠાન ફળદાયી થાય છે પણ પારકાના આગ્રહથી નહીં તે બતાવે છે - હે પુરુષ ! જો તે ઘર, પુત્ર, સ્ત્રી, ધન, ધાન્યાદિ રહિત, તૃણ-મણિ કે સોનું-ઢેફું માં સમાન દૃષ્ટિ રાખનાર મુમુક્ષુને કદાચ ઉપસર્ગ આવતાં મિત્ર આદિની આકાંક્ષા થાય તો તે દૂર કરે. તે કહે છે, 'પુરુષ' એટલે સુખદુઃખથી પૂર્ણ કે શરીરમાં રહેવાથી પુરુષ-જીવ છે. 'પુરુષ' આમંત્રણથી પુરુષ જ ઉપદેશને યોગ્ય અને અનુષ્ઠાન સામર્થ્યવાળો જાણવો અથવા કોઈ પુરુષ સંસારથી ખેદ પામેલો કે વિષમ સ્થિતિમાં હોય અને તે પોતાના આત્માને શીખામણ આપે અથવા બીજા સાધુ આદિને ઉપદેશ આપે કે, હે પુરુષ ! [જીવ !] સારા અનુષ્ઠાનથી તું જ તારો મિત્ર છે. વિપરીત અનુષ્ઠાનથી શત્રુ છે. શા માટે તું બહાર મિત્રો શોધે છે ?

ઉપકાર કરે તે મિત્ર. - x - તે આત્મા સિવાય બીજો કોઈ શક્ય નથી. સંસારમાં બીજાને મિત્ર માનવો તે મોહચેષ્ટા છે. આત્મા જ અપ્રમત્તપણાથી મિત્ર છે કેમકે તે એકાંત પરમાર્થ સુખ આપે છે અને પ્રમાદી થાય તો દુઃખ આપે છે. માટે બીજા મિત્રને ન શોધ. બાહ્ય મિત્ર ઔપચારિક છે.

કહ્યું છે કે, કુમાર્ગે ગયેલ આત્મા શત્રુ છે, સુમાર્ગે ચાલનાર આત્મા મિત્ર છે. કેમકે તેથી જ સુખ-દુઃખ પામે છે. આત્મા મિત્ર-અમિત્ર છે.

વળી બળવાન્ શત્રુ એક વાર માટે પણ કુમાર્ગે ગયેલો આત્મા અનંતા જન્મ મરણ આપે. તેથી નિર્વાણ આપનાર સંયમ વ્રત જેણે ઉચ્ચર્યા અને પાળ્યા તે આત્માનો મિત્ર છે. હવે તે આત્મા કઈ રીતે જાણવો ?



● **સૂત્ર-૧૩૧ :-**

***જેને તમે ઉચ્ચ ભૂમિએ સ્થિત સમજો છો, તેનું સ્થાન અતિ દૂર જાણો અને જેને અતિ દૂર જાણો છો તેને ઉચ્ચ ભૂમિએ સ્થિત સમજો.***

***હે પુરુષ ! તું પોતાના આત્માનો નિગ્રહ કર, તું દુઃખ મુક્ત થઈશ.***

***તું સત્યનું સેવન કર. સત્યની આજ્ઞામાં પ્રવર્તિત મેધાવી સંસારને તરી જાય છે. ધર્મનું યથાર્થ પાલન કરીને કલ્યાણ પ્રાપ્ત કરે છે.***

● **વિવેચન :-**

જે પુરુષ વિષયસંગના કર્મો જાણીને છોડનાર હોય તેને તારનાર જાણજે. બધાં પાપકર્મોને જે દૂર રાખે તે દૂરાલય તે મોક્ષ કે મોક્ષમાર્ગ જેને હોય તે દૂરાલયિક છે. હવે - x - સૂત્ર કહે છે —

જે દૂરાલયિકને જાણે તે ઉચ્ચાલયિતાર જાણે અર્થાત્ જે કર્મ તથા આસ્રવ દ્વારને દૂર કરે તે મોક્ષમાર્ગે રહેલ કે મૂક્ત છે. અથવા જે સન્માર્ગે વર્તે તે કર્મ દૂર કરે છે. તે જ આત્માનો મિત્ર છે. હે જીવ ! આત્માને જ ઓળખીને ધર્મધ્યાનથી બહાર વિષયાસક્ત મનને રોકીને આ પ્રકારે દુઃખથી આત્માને મૂકાવજે. એ રીતે કર્મોને દૂર કરી આત્મા આત્માનો મિત્ર બને.

હે પુરુષ ! સત્પુરુષોનું હિત કરનાર સત્ય તે જ સંયમ. તેને બીજા વ્યાપારની નિરપેક્ષ બની તું જાણ. આ સેવન પરિજ્ઞાથી પ્રયત્ન કર. અથવા ગુરુ સાક્ષીએ લીધેલ પ્રતિજ્ઞાનો નિર્વાહ કર એ જ સત્ય. અથવા સત્ય એટલે આગમ. તેનું જ્ઞાન મેળવી મુમુક્ષુએ તેનું પાલન કરવું. કેમકે આગમ આજ્ઞામાં રહીને મેધાવી સંસાર તરે છે.

વળી જ્ઞાનાદિ યુક્ત અથવા હિતસહિત શ્રુત-ચારિત્ર ધર્મ ગ્રહણ કરીને પુણ્ય કે આત્મહિતને બરાબર જુએ. હવે પ્રમાદને કહે છે—

● **સૂત્ર-૧૩૨ :-**

***રાગ, દ્વેષથી કલુષિત જીવ [ક્ષણભંગુર] જીવન માટે કીર્તિ, માન અને પૂજાને માટે હિંસાદિ પાપોમાં પ્રવૃત્ત થાય છે - કોઈ પ્રમાદ કરે છે.***

● **વિવેચન :-**

રાગ-દ્વેષ બે પ્રકારે આત્મા કે પર નિમિત્તે અથવા આલોક-પરલોક માટે અથવા રાગ-દ્વેષથી હણાયેલ તે દ્વિહત અથવા દુર્હત-દુઃખી શું કરે ? - જીવિત કેળના ગર્ભ માફક નિઃસાર છે, વીજળી માફક ચંચળ છે તેના પરિવંદન, માનન, પૂજન માટે હિંસાદિમાં પ્રવર્તે છે.

परिवंदन - પરિસંસ્તવ. માંસના ઉપભોગથી પુષ્ટ, સર્વાંગ સુંદર એવા મારા શરીરને જોઈને લોકો ખુશીથી મને વાંદશે. લોકો બોલશે - લાખો વર્ષો જીવો તે. मानन મારું બળ, પરાક્રમ જોઈ લોકો મને અભ્યુત્થાન, વિનય, આસનદાન, અંજલિ આદિથી મને માન આપશે. તથા पूजन - માટે પ્રવૃત્ત કર્મ આસ્રવ વડે આત્માને બાંધે છે તેથી

વિદ્યા ભણી હું ધનવાન થઈશ, બીજા દાન, માન, સત્કારથી મને પૂજશે. એ રીતે કર્મો બાંધે. વળી વંદનાદિ માટે કેટલાંક રાગ-દ્વેષથી હણાયેલા પ્રમાદ કરે છે પણ તે આત્મહિત સાધતા નથી. એથી વિપરીત કહે છે—

● સૂત્ર-૧૩૩ :-

*જ્ઞાની સાધક દુઃખની માત્રાથી સ્પૃષ્ટ થઈ વ્યાકુળ ન થાય. [આત્મદૃષ્ટા પુરુષ] લોકાલોકના સમસ્ત પ્રપંચોથી મુક્ત થાય છે - તેમ કહું છું.*

● વિવેચન :-

જ્ઞાનાદિ યુક્ત કે હિતયુક્ત ઉપસર્ગજનિત દુઃખ માત્રથી અથવા રોગ વડે પીડાતાં વ્યાકુળ મતિવાળો ન થાય, તે દૂર કરવા પ્રયત્ન ન કરે. ઇષ્ટ વિષય પ્રાપ્તિમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ ન કરે. પણ બંનેને તજે.

पासिम - ઉક્ત આદેશના આ અર્થને સમજીને કર્તવ્ય-અકર્તવ્ય વિવેકથી અવધારે. કોણ ? મુક્તિગમન યોગ્ય સાધુ. આવો વિવેકી કયા ગુણો મેળવે ? જે દેખાય તે આલોક. લોક ચૌદ રાજ પ્રમાણ છે. આ લોકાલોકના પ્રપંચો - પર્યાપ્તક, અપર્યાપ્તક, સુભગ, દુર્ભગાદિ વિકલ્પ - x - ઇત્યાદિ પ્રપંચોથી મુક્ત થાય. - x - x - તેમ હું કહું છું.

અધ્યયન-૩ ‘‘શીતોષ્ણીય’’ ઉદ્દેશો-૩ ‘અક્રિયા’નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 અધ્યયન-૩ ઉદ્દેશો-૪ ‘‘કષાયવમન’’ 卐

● ભૂમિકા :-

ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો આરંભે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશામાં કહ્યું, પાપકર્મ ન કરવાથી કે દુઃખ સહન કરવા માત્રથી સાધુ ન કહેવાય. પણ અવિઘ્નપણે સંયમ અનુષ્ઠાનથી સાધુ થાય. તે બતાવ્યું. આ નિષ્પ્રત્યુહતા કષાય વમનથી થાય છે - x - આ પ્રમાણે સંબંધમાં આવેલા ઉદ્દેશાના સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે—

● સૂત્ર-૧૩૪ :-

*તે [સાધક] ક્રોધ, માન, માયા, લોભનું વમન કરે. આ દર્શન હિંસાથી ઉપરત તથા કર્મોનો અંત કરનાર સર્વજ્ઞ-તીર્થંકરનું છે.*

*જે કર્મના આસ્રવોનું વમન કરીને સ્વકૃત્ કર્મોનો નાશ કરે છે.*

● વિવેચન :-

તે સાધુ જ્ઞાનાદિ સહિત, દુઃખથી ઘેરાયેલ છતાં અવ્યાકુળ મતિ થઈ લોકાલોક પ્રપંચથી મુક્ત જેવો સ્વ-પર અપકારી ક્રોધને વમનારો છે - x - x - જે શાસ્ત્રોક્ત અનુષ્ઠાનને કરે તે જલ્દી ક્રોધને વમશે - x - આત્મીય ઉપઘાતકારી - ક્રોધકર્મ વિપાકના ઉદયથી ક્રોધ, જાતિકુળ આદિથી થતો ગર્વ તે માન, પરવંચન વિચાર તે





માયા, તૃષ્ણા પરિગ્રહ પરિણામ રૂપ લોભ - તે બધાના ક્ષય-ઉપશમ આશ્રયી ક્રોધાદિ ક્રમ છે.

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની તથા સંજ્વલનીના ભેદ બતાવ્યા છે. ચારે ક્રોધની ઉપમા અનુક્રમે પર્વત, પૃથ્વી, રેતી અને જલરાજિ છે. એ જ રીતે માન, માયા, લોભની ઉપમા ગ્રંથાન્તરથી સમજી લેવી. અનંતાનુબંધી આદિ ચારેની સ્થિતિ અનુક્રમે યાવજ્જીવ, સંવત્સર, ચારમાસ અને પક્ષ છે. આ પ્રમાણે ક્રોધાદિના ત્યાગથી જ પરમાર્થથી શ્રમણભાવ છે, પણ ક્રોધાદિના સંભવમાં સાધુપણું નથી. કહ્યું છે—

સાધુપણું પાળતા સાધુને જો કષાયો વધુ પ્રમાણમાં હોય તો શેરડીના ફૂલ માફક તેનું સાધુપણું હું નિષ્ફળ માનું છું. દેશ ઉણ પૂર્વકોડી ચારિત્ર પાળેલો જો કષાય કરે તો તે મુહૂર્તમાં સાધુપણું હારી જાય છે.

આ બધું સ્વબુદ્ધિથી નથી કહ્યું તે બતાવવા ગૌતમસ્વામી કહે છે, આ કષાય વમન ઉપદેશ સર્વદર્શી - પશ્યક તીર્થંકૃત્ વર્ધમાનસ્વામીનો છે. આ તેમનું દર્શન-અભિપ્રાય છે અથવા જેના વડે વસ્તુતત્ત્વ યથાવસ્થિત દેખાડાય તે દર્શન-ઉપદેશ છે આ ‘પશ્યક’નું દર્શન કેવું છે ?

उवरय - દ્રવ્ય-ભાવથી જેનું શસ્ત્ર દૂર થયું છે તે અથવા શસ્ત્રથી પોતે દૂર રહેલા છે. ભાવશસ્ત્ર તે અસંયમ કે કષાયો છે. તેનાથી દૂર થયેલ તેનો ભાવાર્થ છે - તીર્થંકરને પણ કષાય વમ્યા વિના નિરાવરણ - સર્વ પદાર્થગ્રાહી કેવળજ્ઞાન ન થાય, તેના અભાવે મોક્ષસુખનો અભાવ છે. એ રીતે બીજા મુમુક્ષુ જે તેનો ઉપદેશ માને છે, તેના માર્ગે ચાલે છે તેણે કષાયનું વમન કરવું. શસ્ત્ર-ઉપરમ, કાર્ય બતાવવા પુનઃ કહે છે—

पलियंतकर - બધાં કર્મો કે સંસારનો અંત લાવવા જે યત્ન કરે તે પર્યંતકર છે. તેમનું આ દર્શન છે. જેમ તીર્થંકરે સંયમ અપકારી કષાય શસ્ત્ર દૂર કરી કર્મનો અંત કર્યો તેમ તેને અનુસરનાર બીજા સાધુ પણ કરે તે બતાવવા કહે છે—

आयाण - જેના વડે આઠ કર્મો આત્મપ્રદેશ સાથે ચોંટે તે આદાન અથવા હિંસાદિ આશ્રવ કે અઢાર પાપસ્થાનક રૂપ છે, તેની સ્થિતિનું નિમિત્ત કષાયો હોવાથી તે આદાન છે તેને વમીને સ્વકૃત્ કર્મને ભેદનારો બને છે. - x - જે કર્મોના આદાન-બીજરૂપ કષાયોને રોકે તે અપૂર્વકર્મ પ્રતિષિદ્ધ પ્રવેશ - સ્વકૃત્ કર્મનો ભેદનાર થાય છે. તીર્થંકરના ઉપદેશ વડે પણ પરકૃત્ કર્મક્ષય ઉપાયનો અભાવ હોવાથી સ્વકૃત્ લીધું.

‘‘તીર્થંકરે પણ પરકૃત્ કર્મક્ષય ઉપાય જાણ્યો નથી’’ તેવી શંકાનો ઉત્તર. - તેમ નથી. તેમના જ્ઞાનમાં સર્વ પદાર્થોની સત્તા વ્યાપ્ત છે.

શંકા, હેય, ઉપાદેય પદાર્થનો ત્યાગ કે ગ્રહણના ઉપદેશને જાણવાથી તે સર્વજ્ઞ નથી એમ અમે કહીએ છીએ કારણ કે ઉપદેશ માત્રથી પરોપકાર કરવાથી તીર્થંકર ઉત્પત્તિ ઘટતી નથી.

ઉત્તર - યુક્તિના વિકલપણાથી સત્ પુરુષોને આનંદ થતો નથી. કેમકે સમ્યગ્

જ્ઞાન વિના હિતાહિત પ્રાપ્તિ-પરિહાર ઉપદેશ અસંભવ છે. એક પદાર્થનું જ્ઞાન પણ સર્વજ્ઞતા વિના ન ઘટે - તે હવે દર્શાવે છે—

**● સૂત્ર-૧૩૫ :-**

***જે એકને જાણે છે, તે સર્વને જાણે છે, જે સર્વને જાણે છે તે એકને જાણે છે.***

**● વિવેચન :-**

જે કોઈ જ્ઞાની પરમાણુ આદિ એક દ્રવ્યને કે તેના પર્યાય સહિત જાણે અથવા સ્વ-પર પર્યાયને જાણે તે સર્વના સ્વ-પર પર્યાયને જાણે છે. તે અતીત-અનાગત પર્યાયી દ્રવ્ય પરિજ્ઞાનથી સમસ્ત વસ્તુનું જ્ઞાન અવિનાભાવીપણે છે. આ વાત બીજી રીતે કહે છે—

જે સંસાર ઉદરવર્તી સર્વ પદાર્થોને જાણે છે તે ઘટાદિ એક વસ્તુને જાણે છે તે જ જ્ઞાનીને અતીત અનાગત પર્યાય ભેદો વડે તે-તે સ્વભાવની આપત્તિ વડે અનાદિ અનંતકાળપણે સમસ્ત વસ્તુ સ્વભાવમાં જાણપણું થાય છે - x - x - x -સર્વજ્ઞના ઉપદેશ વિશે કહે છે—

**● સૂત્ર-૧૩૬ :-**

***પ્રમત્તને બધી બાજુથી ભય છે અપ્રમત્તને કોઈ ભય નથી. જે એકને નમાવે તે અનેકને નમાવે છે, જે અનેકને નમાવે તે એકને નમાવે છે.***

***લોકના દુઃખ જાણીને લોકસંયોગનો ત્યાગ કરી, ધીર સાધક મહાયાનને પામે છે, તે ઉત્તરોત્તર આગળ વધે છે, તેને અસંયમી જીવનની આકાંક્ષા રહેતી નથી.***

**● વિવેચન :-**

દ્રવ્ય આદિથી સર્વ પ્રકારે જે ભય કરનારું કર્મ ઉપાર્જન કરે, તે ભય, પ્રમાદ વાન્‌ને થાય તે આ રીતે-પ્રમાદી દ્રવ્યથી આત્મપ્રદેશ દ્વારા, ક્ષેત્રથી છ એ દિશા થકી, કાળથી પ્રત્યેક સમયે, ભાવથી હિંસાદિ વડે ભયજનક કર્મ બાંધે છે. અથવા સર્વત્ર એટલે આલોક-પરલોકમાં ભય. પણ અપ્રમાદીને ક્યાંય ભય નથી—

આલોક પરલોકના અપાયોથી આત્મહિતમાં જાગ્રત-અપ્રમાદીને સંસાર કે અશુભકર્મોથી કોઈ ભય નથી. અપ્રમત્તતા કષાયના અભાવથી થાય છે, તેથી સંપૂર્ણ મોહનીયનો અભાવ થાય છે. તેનાથી સર્વ કર્મનો ક્ષય થાય છે. આ રીતે એકના અભાવે ઘણાનો અભાવ થાય. - x - જે પ્રવર્ધમાન શુભ અધ્યવસાયે ચડેલ સાધુ એક અનંતાનુબંધી ક્રોધનો ક્ષય કરે તે ઘણા માનાદિનો ક્ષય કરે છે. - x - અથવા જે ઘણી સ્થિતિવાળાને ખપાવે તે અનંતાનુબંધી એકને અથવા મોહનીય કર્મને ખપાવે છે જેમકે—

૬૯ કોડાકોડી મોહનીય ક્ષય થતાં જ્ઞાનાવરણીયાદિની એક કોડાકોડી ન્યૂન પ્રકૃતિ ક્ષય થતાં મોહનીયકર્મ ક્ષય થવા યોગ્ય થાય છે. - x - x - x - બહુ કે એક કર્મના અભાવ સિવાય મોહનીયના ક્ષય કે ઉપશમનો પણ અભાવ થાય. તેના અભાવમાં પ્રાણીઓને બહુ દુઃખ સંભવે તે કહે છે—



દુઃખ એટલે અસાતા વેદનીય કર્મ કે પીડા. તે જીવોને દુઃખ થતું જ્ઞપરિજ્ઞા વડે જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે જેમ તેનો અભાવ થાય તેમ સાધુએ કરવું. આ અભાવ કેવી રીતે થાય ? તે અભાવથી શું લાભ થાય ? આત્માથી અલગ ધન, પુત્ર, શરીર આદિ છે. તેના મમત્વ સંબંધથી શારીરિક દુઃખ થાય છે, તે દુઃખના કારણ કે કર્મનો ત્યાગ કરવા પ્રયત્ન કરે. કર્મવિદારણસહિષ્ણુ જેના વડે મોક્ષમાં જાય તે ચારિત્ર-યાન - x - મેળવીને પણ અશુભ કર્મોદય કે પ્રમાદથી હારી જાય છે. - x - તેને ચારિત્રનો લાભ થતો નથી. યાન એટલે સમ્યગ્ દર્શનાદિ. મહાયાન એટલે મોક્ષ.

એક ભવ વડે પણ મહાયાન-ચારિત્રથી મોક્ષ મળે, પરંપરાએ પણ મળે. તે આ પ્રમાણે - થોડા કર્મવાળાને યોગ્ય ક્ષેત્ર-કાળ મળતાં તે જ ભવે મુક્તિ મળે છે અને બીજાને પરંપરાએ મોક્ષ થાય છે. તે કહે છે—

જેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યુ છે, તેણે નરક-તિર્યંચગતિ રોકી, જ્ઞાન પ્રાપ્ત કરી, સંયમ પાળી, દેવલોકમાં જાય છે ત્યાંથી ચ્યવીને કર્મભૂમિ આર્ય ક્ષેત્રાદિમાં જન્મ લઈ - x - સંયમ પાળી અનુત્તર વિમાન સુધીના દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ફરી મનુષ્ય જન્મ મેળવી સંયમ લઈ બધાં કર્મોનો ક્ષય કરી મોક્ષમાં જાય છે. તે પરં-પરં.

અથવા પર એટલે સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન, પરં દેશવિરતિ આદિ ગુણસ્થાન અથવા પર એટલે અનંતાનુબંધી ક્ષયથી નિર્મળ ભાવે સાધુ મોહનીય કર્મક્ષય રૂપ પર મેળવે છે. અથવા ઘાતિ-અઘાતિનો ક્ષય કરે છે.

આ પ્રમાણે કર્મ ખપાવવા તૈયાર થયેલ સાધુ દીર્ઘજીવિત્વને ઇચ્છતા નથી. અસંયમજીવિતને વાંછતા નથી. અથવા પર વડે પર એટલે ઉત્તર ઉત્તર તેજોલેશ્યાને મેળવે છે. કહ્યું છે કે—

જે હાલ સાધુઓ સાધુપણામાં વિચરે છે તે કઈ તેજોલેશ્યાને પામે છે ?

હે ગૌતમ ! માસ પર્યાયી શ્રમણ વાણમંતર દેવોની તેજોલેશ્યાને પામે. બે માસે અસુરકુમાર સિવાયના ભવનપતિ દેવોની, ત્રણ માસે અસુરકુમારની એ રીતે એક એક માસ વધતા-અનુક્રમે ગ્રહ નક્ષત્ર તારાની, ચંદ-સૂર્યની, સૌધર્મ-ઇશાનની, સનત્કુમાર-માહેન્દ્રની, બ્રહ્મલોકની, મહાશુક્ર-સહસ્રારની, આનતાદિ ચારની, ગ્રૈવેયકની અને બાર માસ પર્યાયે અનુત્તરની.

ત્યારપછી શુક્લ લેશ્યા પામી, કેવળી થઈને મોક્ષે જશે. હવે જે અનંતાનુબંધી આદિના ક્ષય માટે તૈયાર થાય તે માત્ર ક્ષયમાં જ વર્તે કે નહીં ?

**● સૂત્ર-૧૩૭ :-**

***એકને પૃથક્ કરનાર અન્યને પણ પૃથક્ કરે છે. અન્યને પૃથક્ કરનાર એકને પણ પૃથક્ કરે છે.***

***આજ્ઞામાં શ્રદ્ધા રાખનાર મેધાવી હોય છે. આજ્ઞાથી લોકને જાણીને 'અકુતોભય' થાય છે.***

*શસ્ત્ર એકબીજાથી તેજ અથવા મંદ હોય છે, પણ અશસ્ત્ર [સંયમ] માં આ તરતમતા નથી.*

● **વિવેચન :-**

ક્ષપકશ્રેણિએ ચઢેલ સાધુ એક અનંતાનુબંધી ક્રોધને ખપાવતા બીજા પણ દર્શનાદિને ખપાવે છે. આયુ બાંધેલ પણ દર્શનસપ્તકને ખપાવે. અથવા બીજી ખપાવતા અવશ્ય અનંતાનુબંધી ખપાવે. ક્ષપકશ્રેણિ યોગ્ય કોણ થાય ? - શ્રદ્ધા-મોક્ષમાર્ગ ઉધમ ઇચ્છા જેનામાં હોય તે શ્રધ્ધી. તીર્થંકર પ્રણીત આગમ અનુસાર યથોક્ત અનુષ્ઠાન કરનાર મર્યાદામાં રહેતો અપ્રમત્ત સાધુ જ તે શ્રેણિને યોગ્ય છે, બીજા નહીં. વળી છ જીવનિકાય કે કષાય લોક જિન આગમ ઉપદેશ જાણીને તે જીવોને ભય ન થાય તેમ વર્તે. કષાયના સમૂહને દૂર કરવાથી તે કોઇને ભય ઉપજાતો નથી.

અથવા ચરાચર લોકને આગમની આજ્ઞાથી સમજીને ચાલે તેને આ લોક પરલોકના અપાયને સારી રીતે દેખવાથી ક્યાંય ભય નથી.

આ ભય શસ્ત્રથી થાય છે. તેમાં દ્રવ્યશસ્ત્ર તલવાર આદિ તીક્ષ્ણથી પણ તીક્ષ્ણ છે - x - અથવા શસ્ત્ર એટલે ઉપઘાતકારી, તેથી એક પીડાકારીથી બીજો પીડાકારી ઉત્પન્ન થાય છે. - x - તલવારના ઘાથી ધનુર્વા થાય તેથી મસ્તક પીડા, તેનાથી તાવ છેવટે મૂર્છા આદિ થાય છે.

ભાવશસ્ત્ર - x - સૂત્રકાર પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વાર વડે કહેશે. જે રીતે શસ્ત્રની પ્રકર્ષ ગતિ કે પરંપરા છે તેમ અશસ્ત્રમાં નથી. તે દર્શાવે છે - અશસ્ત્ર તે સંયમ છે તેનાથી પર કંઈ નથી - પ્રકર્ષગતિ નથી. જેમ પૃથ્વી આદિની સમાનતા કરવામાં મંદ-તીવ્ર ભેદો નથી. પૃથ્વી આદિમાં સમભાવપણાંથી સામાયિકની અથવા શૈલેશી અવસ્થામાં સંયમથી પર સંયમ નથી. કેમકે તેનાથી ઉંચુ બીજું ગુણસ્થાન નથી.

ક્રોધ ઉપાદાનથી - x - x - જે કર્મ બંધાય તેના ક્ષયને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે જે જાણે તે સાધુ માન આદિને પણ દેખનાર થાય તે કહે છે—

● **સૂત્ર-૧૩૮ :-**

*જે ક્રોધદર્શી છે તે માનદર્શી છે, જે માનદર્શી છે તે માયાદર્શી છે, જે માયાદર્શી છે તે લોભદર્શી છે, જે લોભદર્શી છે તે રાગદર્શી છે. જે રાગદર્શી છે તે દ્વેષદર્શી છે, જે દ્વેષદર્શી છે તે મોહદર્શી છે, જે મોહદર્શી છે તે ગર્ભદર્શી છે, જે ગર્ભદર્શી છે તે જન્મદર્શી છે, જે જન્મદર્શી છે તે મરણદર્શી છે, જે મરણદર્શી છે તે નરકદર્શી છે, જે નરકદર્શી છે તે તિર્યંચદર્શી છે, જે તિર્યંચદર્શી છે તે દુઃખદર્શી છે.*

*તે મેધાવી ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, ગર્ભ, જન્મ, મૃત્યુ, નરક, તિર્યંચના દુઃખોથી નિવૃત્ત થાય. આ દ્રવ્ય-ભાવ શસ્ત્રથી રહિત, સંસાર પાર પામેલા સર્વજ્ઞનું કથન છે.*

*જે કર્મના આસ્રવોને રોકે છે, તે જ કર્મોને દૂર કરે છે.*

*શું સર્વજ્ઞને કોઈ ઉપાધિ હોય છે ? નથી હોતી. તેમ હું કહું છું.*



● **વિવેચન :-**

જે ક્રોધના સ્વરૂપને જાણે અને અનર્થ પરિત્યાગરૂપ જ્ઞાનથી પરિહરે તે માનને પણ જુએ છે અને તજે છે અથવા જે ક્રોધને જાણે છે અને આચરે છે, તે માનને પણ જુએ છે અને અહંકારી થાય છે. આ પ્રમાણે આગળ પણ સમજી લેવું યાવત્ તે દુઃખદર્શી થાય છે, આદિ સુગમ છે.

હવે ક્રોધાદિનું સાક્ષાત્ નિવર્તન કહે છે - તે મેધાવી ક્રોધથી દુઃખ સુધી નિવૃત્ત થાય. પૂર્વોક્ત ઉદ્દેશાથી આરંભીને આ બધું તીર્થંકરનું કહેલું છે.

તે તીર્થંકરે દ્રવ્યભાવ શસ્ત્રોને દૂર કરેલા છે. આઠે કર્મોનો અંત કર્યો છે. વળી કર્મોના ઉપાદાનનો નિષેધ કરીને પોતાના પૂર્વે બાંધેલા કર્મોનો ભેદનારા થયા છે. તેઓને કેવળજ્ઞાન થવાથી સંસારની કોઈ ઉપાધિ નથી. દ્રવ્યથી હિરણ્ય આદિ અને ભાવથી આઠ પ્રકારના કર્મો નથી. અર્થાત્ તેમને દ્રવ્યથી કે ભાવથી કોઈ જાતની ઉપાધિ નથી.

તેમ હું કહું છું, એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે, મેં ભગવંતના ચરણકમળની ઉપાસના કરતા આ બધું સાંભળેલ છે તેના અનુસારે હું તને કહું છું, મારી મતિ કલ્પનાથી કહેતો નથી. સૂત્રાનુગમ પૂર્ણ.

**અધ્યયન-૩ શીતોષ્ણીય ઉદ્દેશો-૪ ''કષાયવમન''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુાદ પૂર્ણ**

ચોથો ઉદ્દેશો સમાપ્ત થતા અતીત અનાગત નય વિચારને સૂત્રમાં બતાવવાથી શીતોષ્ણીય અધ્યયન પણ સમાપ્ત થયું.

**આચારાંગ સૂત્ર-શ્રુતસ્કંધ-૧ના અધ્યયન-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સટીક અનુવાદ પૂર્ણ**

## 卐 શ્રુતસ્કંધ-૧ 卐

## અધ્યયન-૪ સમ્યક્ત્વ

● **ભૂમિકા :-**

ત્રીજું અધ્યયન કહ્યું. હવે ચોથું કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે - શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં છ જીવનિકાયનું સ્વરૂપમાં જીવ-અજીવ બે પદાર્થ સિદ્ધ કર્યા. જીવના વધમાં બંધ અને ત્યાગમાં વિરતિ કહીને આસ્રવ-સંવર કહ્યા. લોકવિજય અધ્યયનમાં - x - બંધ અને નિર્જરા કહ્યા. શીતોષ્ણીય અધ્યયનમાં પરીષહ સહેવા દ્વારા 'મોક્ષ' બતાવ્યો.

આ રીતે ત્રણ અધ્યયન દ્વારા સાત તત્ત્વો કહ્યા. તત્ત્વ-અર્થની શ્રદ્ધા તે સમ્યકત્વ કહેવાય છે, તે હવે બતાવે છે - આ સંબંધ વડે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર બતાવતા ઉપક્રમમાં અર્થાધિકાર બે ભેદે બતાવ્યો. અધ્યયન અર્થાધિકાર સમ્યક્ત્વ છે, તે શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં પૂર્વે કહ્યો. ઉદ્દેશાનો અર્થાધિકાર બતાવતા નિર્યુક્તિકાર કહે છે—

**[નિ.૨૧૫,૨૧૬]** પહેલા ઉદ્દેશામાં સમ્યગ્વાદ એ અર્થાધિકાર છે. અવિપરીતવાદ તે સમ્યગ્વાદ એટલે યથાવસ્થિત વસ્તુને બતાવવી. બીજો ઉદ્દેશો "ધર્મપ્રવાદિક પરિક્ષા" છે. જેઓ ધર્મનું સ્વરૂપ બતાવે છે તે ધર્મપ્રવાદિક કહેવાય. તેઓનું યુક્તાયુક્ત કથન વિચારવું. ત્રીજો ઉદ્દેશો-અનવદ્ય તપનું વર્ણન છે. અજ્ઞાન તપશ્ચરણથી મોક્ષ નથી. ચોથો ઉદ્દેશો-સંક્ષેપ વચનથી સંયતનું સ્વરૂપ બતાવ્યું.

આ રીતે ઉદ્દેશો-૧. સમ્યગ્દર્શન, ઉદ્દેશો-૨-સમ્યક્જ્ઞાન, ઉદ્દેશો-૩-બાળ તપ નિષેધથી "સમ્યક્તપ" અને ઉદ્દેશો-૪-સમ્યક્ચારિત્ર કહ્યું.

આ ચારે મોક્ષાંગ પૂર્વે કહ્યા. તેથી જ્ઞાન, દર્શન, ચરણ, તપમાં મુમુક્ષુ સાધુએ પ્રયત્ન કરવો, યાવજ્જીવ તેના પ્રતિપાલન માટે યત્ન કરવો.

હવે નામનિષ્પન્ન નિક્ષેપામાં કહેલ સમ્યક્ત્વનો નિક્ષેપ કહે છે—

**[નિ.૨૧૭]** નામ, સ્થાપના સમ્યકત્વનો અર્થ સુગમ છે. દ્રવ્ય અને ભાવ સમ્યક્ત્વ વિશે નિર્યુક્તિકાર હવે બતાવે છે—

**[નિ.૨૧૮]** જ્ઞ શરીર, ભવ્ય શરીર છોડીને વ્યતિરિક્ત દ્રવ્ય સમ્યકત્વ કહે છે - ઇચ્છા એટલે ચિત્તની પ્રવૃત્તિ તેને અનુકૂળ કરવું તે ઐચ્છાનુલોમિક. તેવી તેવી ઇચ્છા અને ભાવને અનુકૂળ દ્રવ્યમાં કૃત આદિ ઉપાધિ છેદે સાત ભેદ છે - (૧) કૃતમ્ - અપૂર્વ રથાદિ બનાવવો. તે યોગ્ય રીતે બનાવવાથી - x - બેસનારના ચિત્તમાં શાંતિ થાય છે. - x - અથવા શોભાયમાન હોઈ કરાવનારને સમાધિનો હેતુ હોવાથી દ્રવ્ય સમ્યકત્વ છે - x -

(૨) તે જ રથ ભાંગી જાય કે જુનો થાય તેને સમરાવતા સમાધિ મળે.

(૩) જે બે દ્રવ્યનો સંયોગ નવા ગુણ માટે થાય ત્યારે ખાનાર કે ભોગવનારના મનની સમાધિ કરે છે. જેમકે દૂધમાં સાકર મેળવવી તે સંયુક્ત દ્રવ્ય સમ્યક્.



(૪) જે પ્રયુક્ત દ્રવ્ય લાભના હેતુથી આત્માને સમાધિ માટે થાય છે તે પ્રયુક્ત દ્રવ્ય સમ્યક્ અથવા પાઠાંતરથી ઉપયોગમાં લીધેલું દ્રવ્ય મનને સમાધિ દાયક થાય છે માટે ઉપયુક્ત દ્રવ્ય સમ્યક્ છે.

(૫) ત્યજેલ ભાર આદિથી ચિત્ત શાંત થાય-તે ત્યક્ત દ્રવ્ય સમ્યક્.

(૬) નસ્તર મૂકી અધિક માંસાદિ છેદવાથી તે છિન્ન દ્રવ્ય સમ્યક્ છે.

(૭) દહીંનું વાસણ ફૂટવાથી કાગડાદિને શાંતિ મળે તે ભિન્ન દ્રવ્ય સમ્યક્.

આ સાતે સમાધિ દાતા હોવાથી દ્રવ્ય સમ્યક્ છે. તેનાથી વિપરીત તે અસમ્યક્ છે. હવે ભાવ સમ્યક્ બતાવે છે—

**[નિ.૨૧૯]** ભાવ સમ્યક્ ત્રણ પ્રકારે છે - દર્શન, જ્ઞાન, ચારિત્ર. તેમાં દર્શન અને ચારિત્ર ત્રણ-ત્રણ ભેદે છે. તે આ પ્રમાણે—

અનાદિ મિથ્યાદૃષ્ટિ ત્રણ પુંજ કર્યા વિનાનો હોય, તેને યથાપ્રવૃત્તકરણ શેષકર્મ ક્ષીણ થવાવાળો હોય - x - તેને અપૂર્વકરણમાં ગ્રંથિ ભેદાતા મિથ્યાત્વનો ઉદય ન હોય તેવું અંતકરણ કરીને અનિવૃત્તિકરણ વડે પ્રથમ સમ્યકત્વ મેળવે તે ઔપશમિક દર્શન. - x - મિથ્યાત્વનો ઉદય ન આવે ત્યારે જીવ ઔપશમિક સમ્યકત્વ પામે. અથવા ઉપશમ શ્રેણિમાં ઔપશમિક સમ્યકત્વ પામે. (૨) સમ્યકત્વ પુદ્ગલ આશ્રયી અધ્યવસાય તે ક્ષાયોપશમિક. (૩) દર્શન મોહનીય ક્ષય થતા ક્ષાયિક.

ચારિત્ર પણ (૧) ઉપશમ શ્રેણિમાં ઔપશમિક, (૨) કષાયના ક્ષયઉપશમથી ક્ષાયોપશમિક, (૩) ચારિત્રમોહનીય ક્ષયથી ક્ષાયિક.

જ્ઞાનમાં બે ભેદ - (૧) ક્ષાયોપશમિક - મતિ આદિ ચાર જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. (૨) ઘાતીકર્મના ક્ષયથી ક્ષાયિકજ્ઞાન થાય.

જો જ્ઞાનાદિ ત્રણેમાં સમ્યગ્વાદ સંભવે તો માત્ર દર્શનમાં સમ્યક્વાદ કેમ રૂઢ છે ? કે જેનું આ અધ્યનમાં વર્ણન છે ?

દર્શનના ભાવભાવિત્વથી જ જ્ઞાન ચારિત્રનો ભાવ છે. જેમકે - મિથ્યાદૃષ્ટિને જ્ઞાન ચારિત્ર ન હોય. અહીં સમ્યકત્વની પ્રધાનતા બતાવતા અંધ અને દેખતા બે રાજકુમારનું દૃષ્ટાંત કહે છે—

*[અહીં ઉદયસેના રાજાના બે પુત્ર વીરસેન-સૂરસેનનું દૃષ્ટાંત છે. એક પુત્ર અંધ છે, બીજો દેખતો છે. કથા વૃત્તિથી જાણવી...અહીં મે નોંધી નથી. તેનો નિષ્કર્ષ આ પ્રમાણે છે—]* જેમ ચક્ષુની ખામીને કારણે પુરુષાર્થ છતાં ઇચ્છિત કાર્ય ન થયું. તેમ સમ્યગ્ દર્શન વિના જ્ઞાન ચારિત્ર કાર્ય સિદ્ધ ન થઈ શકે. તેથી નિર્યુક્તિમાં કહે છે—

**[નિ.૨૨૦]** ક્રિયા કરતો સ્વજન-ધન-ભોગો તજવા છતાં અને દુઃખની સામે જવા છતાં અંધો અંધપણાથી શત્રુ સૈન્યને ન જીતી શક્યો. તે દૃષ્ટાંતથી હવે બોધ આપે છે—

**[નિ.૨૨૧]** અન્યદર્શનીએ કહેલ ક્રિયા-જેમકે યમ, નિયમાદિ પાળે, સ્વજન, ધન, ભોગ, તજે પંચાગ્નિ તપ આદિથી દુઃખ સહે છતાં મિથ્યાદૃષ્ટિ સિદ્ધિ ન પામે. કેમકે દર્શનની ક્ષતિ છે. તેથી કાર્ય સિદ્ધ ન થાય. તો શું કરે ?

[નિ.૨૨૨] સિદ્ધિમાર્ગના મૂળ એવા સમ્યગ્ દર્શન વિના કર્મક્ષય ન થાય, તેથી કર્મશત્રુને જીતવાની ઇચ્છાવાળો સમ્યગ્દર્શનમાં પ્રયત્ન કરે. કેમકે નિશ્ચે સમ્યગ્દર્શનીના તપ, જ્ઞાન, ચારિત્ર સફળ થાય છે. તેથી તેમાં પ્રયત્ન કરવો. બીજી રીતે સમ્યગ્દર્શનના ગુણો કહે છે—

[નિ.૨૨૩,૨૨૪] સમ્યક્ત્વની ઉત્પત્તિ થતાં અસંખ્યેયગુણવાળી શ્રેણિ થાય છે. - x - x - તે આ રીતે - દેશોન કોડાકોડી કર્મસ્થિતિક ગ્રંથિસત્વવાળા મિથ્યાદૃષ્ટિ કર્મનિર્જરાને આશ્રીને સમાન છે, ધર્મ પૃચ્છાથી ઉત્પન્ન થયેલ સંજ્ઞાવાળા તેમનાથી અસંખ્યેય ગુણ નિર્જરાવાળા છે. ત્યારપછી પૂછવાની ઇચ્છાવાળા બની સાધુ સમીપે જવાની ઇચ્છાવાળો અસંખ્યેય ગુણ ઉત્તમ જાણવો. ઇત્યાદિ - x - x - x - - x - સમ્યક્ત્વ ઉત્પત્તિ વર્ણવી. ત્યારપછી શ્રાવક વ્રત સ્વીકારતો વગેરે ઉત્તરોત્તર ગુણ પામેલને અસંખ્યેય ગુણી નિર્જરા જાણવી. એ રીતે સર્વવિરતિમાં જાણવું.

તેનાથી પણ પૂર્વે સર્વવિરતિ લીધેલાની અસંખ્યેય ગણી નિર્જરા જાણવી. - x - x - મોહનીય કર્મ ખપાવવાની ઇચ્છાવાળો અસંખ્યેય ગુણ નિર્જરક જાણવો. તેનાથી ક્ષપક, તેનાથી ક્ષીણ અનંતાનુબંધી કષાય જાણવો. *[ઇત્યાદિ વર્ણન વૃત્તિમાંથી જ જાણવું. કેમકે આ વિષય કિલષ્ટ છે, માત્ર અનુવાદથી સમજી શકાય તેવો નથી. વિષયના તજજ્ઞ પાસેથી પ્રત્યક્ષ જ સમજવો સલાહભર્યો છે.]* આટલી વૃત્તિ દ્વારા સિદ્ધ એ કરે છે કે, સમ્યગ્દર્શનવાળાના તપ, જ્ઞાન, ચરણ સફળ થાય છે. પણ જો કોઈ ઉપાધિ વડે કરે તો સફળ થતા નથી. તે ઉપાધિ કઈ ?

[નિ.૨૨૫] આહાર, ઉપધિ, પૂજા અને આમર્ષ ઔષધ્યાદિ ઋદ્ધિ છે અર્થાત્ તેવી ઋદ્ધિ માટે જ્ઞાન-ચારિત્ર ક્રિયા કરે તથા ત્રણ ગારવમાં આસક્ત જે ક્રિયા કરે તે કૃત્રિમ કહેવાય. જેમ જ્ઞાન-ચારિત્રનું અનુષ્ઠાન આહાર માટે કરે તે કૃત્રિમ હોવાથી મોક્ષ ન આપે. બાર પ્રકારના તપમાં પણ તેમ જાણવું. કૃત્રિમ અનુષ્ઠાતાને શ્રમણ ભાવ ન હોય. અશ્રમણનું અનુષ્ઠાન ગુણવાળું ન થાય. આ રીતે સિદ્ધ થયું કે ઉપધિરહિત દર્શનવાળા સાધુનું તપ, જ્ઞાન, ચરણ સફળ થાય છે. માટે દર્શન માટે પ્રયત્ન કરવો. દર્શન એટલે તત્ત્વાર્થ શ્રદ્ધાન. - આ તત્ત્વ - x - તીર્થંકરે કહ્યું છે.

## 卐 અધ્યયન-૪ 'સમ્યક્ત્વ' ઉદ્દેશો-૧ 'સમ્યક્વાદ' 卐

હવે સૂત્રાનુગમથી આવેલ સૂત્રને બતાવે છે—

**● સૂત્ર-૧૩૯ :-**

***હું કહું છું - ભૂતકાળમાં થયેલા, વર્તમાનમાં છે તે અને ભાવિમાં થશે તે બધા તીર્થંકર ભગવંતો આ પ્રમાણે કહે છે, આવું બોલે છે, આવું પ્રજ્ઞાપન કરે છે, પ્રરૂપણા કરે છે કે સર્વે પ્રાણી, સર્વે ભૂતો, સર્વે જીવો અને સર્વે સત્વોને મારવા નહીં, તેના પર હુકમ ન કરવો, કબ્જામાં ન રાખવા, ન સંતાપ આપવો અને પ્રાણોનો વિનાશ ન કરવો. આ ધર્મ શુદ્ધ છે, નિત્ય છે, શાશ્વત છે. ખેદજ્ઞ અરિહંતો એ લોકને સમ્યક્ રીતે જાણીને કહ્યું છે- જે ધર્માચરણને માટે તત્પર છે કે અતત્પર, ઉપસ્થિત છે કે અનુપસ્થિત દંડથી ઉપરત છે કે અનુપરત, ઉપધિ સહિત છે કે***



***રહિત, સંયોગોમાં રત છે કે સંયોગરત નથી. [તેમને ભગવંતે ઉપદેશ આપેલ છે] તે જ સત્ય છે, તે જ તથ્ય છે, તે આ જિનપ્રવચનમાં સમ્યક્રૂપે કહેલ છે.***

**● વિવેચન :-**

ગૌતમ સ્વામી કહે છે - જે હું કહું છું, તે હું તીર્થંકરના વચનથી તત્ત્વથી જાણીને કહું છું. તેથી તે શ્રદ્ધેય વચન છે અથવા બૌદ્ધમત માન્ય ક્ષણિકત્વ નિવારવા કહ્યું છે - જે મેં પૂર્વે કહ્યું તે હું હાલ પણ કહું છું અથવા જે શ્રદ્ધાનમાં સમ્યક્ત્વ થાય છે, તે તત્ત્વને હું કહું છું.

જેઓ ભૂતકાળમાં થયા, વર્તમાનકાળમાં છે, ભાવિમાં થશે, તે બધા આ રીતે પ્રરૂપણા કરે છે. કાળ અનાદિ હોવાથી પૂર્વે અનંતા તીર્થંકર થયા છે. આગામી કાળ અનંત હોવાથી ભાવિમાં અનંતા તીર્થંકરો થશે. વર્તમાનકાળ આશ્રીને પ્રજ્ઞાપક અપેક્ષાએ નક્કી સંખ્યા ન હોવાથી ઉત્કૃષ્ટ કે જઘન્ય પદે કહેવાય છે તેમાં ઉત્સર્ગથી મનુષ્યક્ષેત્રને આશ્રીને ૧૭૦ તીર્થંકર હોય. તે આ પ્રમાણે - પાંચ મહાવિદેહ, પ્રત્યેકમાં ૩૨ વિજયો મળીને ૧૬૦, ભરતના-૫, ઐરવતના-૫ મળીને ૧૭૦ થાય. જઘન્યથી-૨૦ હોય ૫-મહાવિદેહ - x - દરેકમાં-૪- એ રીતે-૨૦ થાય. ભરત-ઐરવત બંનેમાં તો સુષમ આદિ આરામાં તીર્થંકરનો અભાવ હોય છે. બીજા આચાર્ય મહાવિદેહમાં - x - દશ તીર્થંકર હોવાનું કહે છે.

જેઓ પૂજા સત્કારને યોગ્ય છે, તે અર્હંત કહેવાય. તેઓ ઐશ્વર્યયુક્ત ભગવંતો છે, તેઓ સંખ્યાના સંબંધમાં ઉપર મુજબ કહે છે. - x - x - સામાન્યથી દેવ મનુષ્યની પર્ષદામાં 'અર્ધમાગધી'માં બધા જીવો પોતાની ભાષામાં સમજે તેમ બોલે છે. એ પ્રમાણે પ્રકર્ષથી સંશય નિવારવા સાધુ વગેરેને જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ **એ સાત તત્ત્વોને** બતાવે છે. એ પ્રમાણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષ માર્ગ છે, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ બંધના હેતુઓ છે. ઇત્યાદિ - x - બતાવે છે.

બધાં (૧) પ્રાણી અર્થાત્ પૃથ્વી આદિ એકેન્દ્રિય, બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિય તેમના ઇન્દ્રિય, બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ લક્ષણ પ્રાણ પૂર્વે હતા, હાલ છે અને ભાવિમાં રહેશે. તેથી પ્રાણી કહેવાય છે. (૨) ભૂત-ચૌદ ભૂતગ્રામ. (૩) જીવ-વર્તમાનમાં જીવે છે, જીવશે, પૂર્વે જીવતા હતા - તે નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ એ ચાર ગતિવાળા છે. (૪) સત્ત્વ-સ્વકૃત્ કર્મથી સાતા-અસાતાના ઉદયથી સુખદુઃખ ભોગવે છે તેથી સત્ત્વ છે અથવા આ ચારે શબ્દો એકાર્થક છે. તત્ત્વ-ભેદ-પર્યાય વડે પ્રતિપાદિત કરે છે.

આ જીવોને દંડ આદિથી હણવા નહીં, બળજબરીથી હણાવવા નહીં, મમત્ત્વભાવથી દાસ, દાસી રૂપે સંગ્રહ ન કરવો, શરીર-મનની પીડાથી સંતાપવા નહીં, તથા પ્રાણ દૂર કરવા વડે તેમનો વિનાશ ન કરવો. આવો દુર્ગતિને અટકાવવાનો અને સુગતિ પામવાનો ધર્મ જિનેશ્વરે કહ્યો છે. તે ધર્મના પુરુષાર્થના પ્રધાનપણાથી વિશેષરૂપે બતાવે છે—

તે ધર્મ પાપના અનુબંધરહિત શુદ્ધ છે, - બૌદ્ધાદિ માફક હિંસાની અનુમતિના કલંકરૂપ દોષથી રહિત છે, પાંચ મહાવિદેહને આશ્રીને નિત્ય છે, શાશ્વત ગતિનો હેતુ હોવાથી શાશ્વત છે - x - ત્રણે કાળમાં શાશ્વત છે. જીવસમૂહને દુઃખસાગરમાં ડૂબેલ જાણી તેમાંથી પાર જવા કેવલી ભગવંતે બતાવ્યો છે - x - આ શુદ્ધ ધર્મ જિનેશ્વરનો કહેલો છે તે બતાવે છે—

[નિ.૨૨૬,૨૨૭] જે જિનેશ્વરો થયા, છે કે થશે તે સર્વેએ અહિંસા બતાવી છે. બતાવશે અને બતાવે છે. છ એ જીવનિકાયને હણવા નહીં, હણાવવા નહીં, હણનારને અનુમોદે નહીં. એ સમ્યક્ત્વ નિર્યુક્તિ છે.

તીર્થંકરનો ઉપદેશ એમના સ્વભાવથી પરોપકારીપણે અપેક્ષા વિના સૂર્ય પ્રકાશ માફક પ્રવર્તે છે - x - ધર્મ-ચારિત્ર માટે ઉઠેલા એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રમાં પ્રયત્ન કરનારા કે ન કરનારા બંને માટે સર્વજ્ઞ, ભગવંતે તેવા તેવા નિમિત્તોને ઉદ્દેશીને ધર્મ કહ્યો છે.

અથવા ઉઠેલા કે ન ઉઠેલા અર્થાત્ દ્રવ્યથી બેઠેલા કે ન બેઠેલાને ભગવંતે ધર્મ કહ્યો. તેમાં ૧૧-ગણધરોએ ઉભા ઉભા ધર્મ સાંભળ્યો - x - ધર્મશ્રવણોત્સુક તે ઉપસ્થિત છે અને તેથી વિપરીત તે અનુપસ્થિત.

ભાવથી આવેલ ચિલાતિપુત્ર વગેરેને ધર્મકથા ઉપયોગી છે, પણ ગેરહાજર હોય તેને શું ગુણ કરે ? ગેરહાજર એવા ''ઇન્દ્રનાગ'' વગેરેને - x - ગુણકારી થયેલ જ છે, માટે તમારી શંકા નકામી છે.

પ્રાણી કે આત્માને દંડે તે દંડ. તે મન, વચન, કાયાએ ત્રણ પ્રકારે છે. તેનાથી દૂર થયેલ તે ઉપરતદંડ કહેવાય. તેથી વિપરીત તે અનુપરત દંડ. તે બંનેને ઉપદેશ આપે. દંડત્યાગીને ગુણ સ્થૈર્ય માટે અને અનુપરત દંડવાળા તે દંડનો ત્યાગ કરે માટે દેશના અપાય છે.

જે સંગ્રહ કરાય તે ઉપધિ. દ્રવ્યથી સોનું આદિ અને ભાવથી માયા. તેમાં ઉપધિ સહિત તે સોપધિક છે, બીજા નિરુપધિક છે. સંયોગ એટલે પુત્ર, સ્ત્રી, મિત્ર વગેરે પર પ્રેમ. તેમાં રક્ત તે સંયોગરત, તેથી વિપરીત તે અસંયોગરત. તે બંનેને ભગવંત ઉપદેશ આપે છે.

તેથી તે સત્ય છે, આ ભગવદ્ વચન તથ્ય છે - x - x - આ પ્રમાણે સમ્યગ્દર્શનનું શ્રદ્ધાન્ કરવું. તે શ્રદ્ધાન્ જિન પ્રવચનમાં છે, જે સમ્યક્ મોક્ષમાર્ગને આપનાર છે. - x - હવે સમ્યક્ત્વ પ્રાપ્તિમાં શું કરવું ? તે કહે છે—

● **સૂત્ર-૧૪૦ :-**

***[ધર્મના યથાર્થ સ્વરૂપને જાણી] તેના પર શ્રદ્ધા કરી પ્રમાદી ન થાય, તેનો ત્યાગ ન કરે. ધર્મનું જેવું સ્વરૂપ છે, તેવું જાણીને તેનું આચરણ કરે, રૂપોથી વિરક્તિ પ્રાપ્ત કરે અને લોકૈષણામાં ભટકે નહીં.***

● **વિવેચન :-**

તે તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ ગ્રહણ કરીને, તે કાર્ય ન કરે તો દોષ લાગે માટે



તેને ગોપવે નહીં. તે પ્રમાણે સંસર્ગાદિ નિમિત્તથી મિથ્યાત્વ પ્રાપ્ત થાય તો પણ જીવ સામર્થ્ય ગુણથી સમ્યક્ત્વ ન તજે. અથવા અન્યમતના વ્રતો ગ્રહણ કરીને - x - ગુરુ પાસે પૂર્વ વ્રત સ્થાપન કરી દીક્ષા મૂકી ન દે. તેમજ ગુરુ આદિ પાસે સમ્યક્ત્વનો ત્યાગ ન કરે.

શ્રુત-ચારિત્રરૂપ ધર્મ સમજીને કે વસ્તુ સ્વભાવ જાણીને વિશ્વાસ રાખે. તથા તે ધર્મ જાણીને દેખેલા ઇષ્ટ અનિષ્ટ રૂપોથી નિર્વેદ પામે. તે આ પ્રમાણે - શબ્દ સાંભળી, રસ ચાખી, ગંધ સુંઘી, સ્પર્શ કરી ઇષ્ટ અનિષ્ટમાં રાગ-દ્વેષ ન પામે. વળી પ્રાણીગણની જે એષણા-ઇષ્ટ શબ્દ આદિમાં પ્રવૃત્તિ, અનિષ્ટમાં ત્યાગ બુદ્ધિ. તે ન કરે.

જેને આવી લોકૈષણા નથી તેને બીજી કુબુદ્ધિ પણ નથી તે કહે છે—

● **સૂત્ર-૧૪૧ :-**

***જે સાધકને લોકૈષણા નથી તેનાથી અન્ય સાવધ પ્રવૃત્તિ કેમ થઈ શકે ? આ જે કહ્યું છે તે 'દૃષ્ટ', 'શ્રુત', 'મત' અને 'વિજ્ઞાન' છે.***

***જે સંસારમાં અતિ આસક્ત, વિષયમાં લીન છે તે વારંવાર જન્મ લે છે.***

● **વિવેચન :-**

જે મુમુક્ષુને આ લોકૈષણા બુદ્ધિ નથી, તેને બીજી સાવધ આરંભ પ્રવૃત્તિ ક્યાંથી હોય ? અર્થાત્ જેણે ભોગ વાસના ત્યાગી તેને સાવધ અનુષ્ઠાન પ્રવૃત્તિ ન હોય કેમકે તે ગૃહસ્થને જ હોય. અથવા હમણાં કહેલ જીવોને ન હણવા સંબંધી પ્રત્યક્ષ સમ્યક્ત્વ જ્ઞાતી બતાવી તે દયા જેને ન હોય તેવાને કુમાર્ગ તજવા તથા સાવધ અનુષ્ઠાન છોડવારૂપ વિવેક બુદ્ધિ ક્યાંથી હોય ? [દયા સાથે જ સુબુદ્ધિ હોય.]

હવે શિષ્યની મતિ સ્થિર કરવા કહે છે, જે તને મેં કહ્યું તે સર્વજ્ઞે કેવળજ્ઞાન વડે જોયેલ છે. તે શુશ્રૂષા વડે મેં સાંભળ્યું. તે લઘુકર્મી ભવ્યોને માન્ય છે. જ્ઞાનાવરણીય ક્ષયોપશમ વિશેષથી જાણ્યું તે વિજ્ઞાત. તેથી તમારે પણ સમ્યક્ત્વાદિ મેં કહ્યું તેમાં યત્ન કરવો.

ઉક્ત માર્ગ ન આદરનાર તે જ મનુષ્યાદિ જન્મમાં ગૃદ્ધ બનીને વારંવાર મનોજ્ઞ ઇન્દ્રિયોના વિષયમાં રક્ત થઈ ફરી ફરી એકેન્દ્રિયાદિ જાતિમાં જન્મ લે છે, સંસારને તરી શકતા નથી. જો આ રીતે તત્ત્વજ્ઞાતા વર્તમાનમાં સ્વાદ લે, ઇન્દ્રિય વિષયોમાં લીન થઈ વારંવાર નવો જન્મ આદિને સાધનારા હોય તો તેમણે શું કરવું ?

● **સૂત્ર-૧૪૨ :-**

***રાત-દિવસ મોક્ષમાર્ગમાં પયત્નશીલ, ધીર પ્રમાદીઓને ધર્મથી બહિર્મુખ જાણી, સ્વયં અપ્રમત્ત થઈ પરાક્રમ કરે. તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

દિવસ-રાત મોક્ષમાર્ગમાં જ યત્ન કરતો, પરીષહ-ઉપસર્ગથી ક્ષુભિત ન થઈને સર્વકાળ સત્-અસત્નો વિવેક સ્વીકારેલ જો ગૃહસ્થ કે પરતીર્થિક કે જે ધર્મથી બહાર છે તેને જુએ. તેમની દુર્દશા જોઈને તું અપ્રમાદી થઈને નિદ્રા-વિકથાદિરહિત બની

ક્ષણ માત્રમાં સદા ઉપયુક્ત થઈ કર્મશત્રુ જીતવા કે મોક્ષમાર્ગે જવા પરાક્રમી બનજે.

**અધ્યયન-૪ ‘‘સમ્યક્ત્વ’’ ઉદ્દેશો-૧ ‘‘સમ્યક્વાદ’’નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૐ અધ્યયન-૪ ઉદ્દેશો-૨ ‘‘ધર્મવાદી પરિક્ષા’’ ૐ

**● ભૂમિકા :-**

પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો, તેનો સંબંધ આ - ઉદ્દેશા-૧ માં સમ્યક્વાદ બતાવ્યો. તેનો શત્રુ મિથ્યાવાદ છે. તે દૂર કરતા આત્મલાભ મળે છે. જ્ઞાન વિના તે દૂર ન થાય. વિચારણા વિના પરિજ્ઞાન ન થાય. તેથી મિથ્યાવાદી અન્ય મતની વિચારણા માટે આમ કહે છે. આ રીતે આવેલ ઉદ્દેશાનું આદિ સૂત્ર જે आसवा० છે.

અહીં જે સમ્યકત્વ લીધું તે સાત પદાર્થોની શ્રદ્ધા કરવાનું છે. તેમાં મુમુક્ષુ એ ‘‘શસ્ત્રપરિજ્ઞા’’માં જાણ્યું કે જીવાજીવ પદાર્થથી સંસારમોક્ષ કારણનો નિર્ણય કરવો. તેમાં સંસારનું કારણ આસ્રવ-બંધ છે. મોક્ષનું કારણ નિર્જરા-સંવર છે, કાર્ય મોક્ષ છે - x - તે સમ્યક્ત્વ વિચારણા કહે છે—

**● સૂત્ર-૧૪૩ :-**

***જે આસ્રવના સ્થાન છે, તે પરિસ્રવના અને જે પરિસ્રવના સ્થાન છે તે આસ્રવના છે. જે અનાશ્રવના કારણ છે તે અપરિસ્રવના અને જે અપરિસ્રવના કારણ છે તે અનાશ્રવના છે. આ પદોને સમ્યક્રીતે જાણી જિનાજ્ઞા મુજબ લોકને જાણીને આસ્રવો ન સેવે.***

**● વિવેચન :-**

જે આરંભ વડે આઠ પ્રકારના કર્મનો આશ્રય કરે તે आस्रव. જે અનુષ્ઠાન વિશેષથી ચોતરફથી કર્મ સ્રવે-ગળે તે परिस्रव. જે કર્મબંધના સ્થાનો છે તે જ કર્મનિર્જરાના કારણો છે અર્થાત્ બીજા લોકોથી સેવિત માળા-સ્ત્રી આદિ સુખના કારણ છે તે કર્મબંધનો હેતુ હોવાથી આસ્રવ છે. તે જ તત્ત્વવિદ્‌ને વિષયસુખથી પરાંગમુખ, સંસાર ભ્રમણકારી જાણીને વૈરાગ્યજનક છે તેથી परिस्रव-નિર્જરાના સ્થાનો છે સર્વ વસ્તુની અનેકાંતતા બતાવે છે—

જે परिस्रव - અરિહંત, સાધુ, તપ, ચારિત્ર, સામાચારી, અનુષ્ઠાન આદિ નિર્જરા સ્થાન છે. તે જ અશુભ કર્મોદયથી અશુભ અધ્યવસાયવાળા તથા દુર્ગતિ માર્ગે જતા પ્રાણીને મહાશાતના અને ગારવ યુક્તને આસ્રવ-પાપ-ઉપાદાન કારણ બને છે. તેથી કહ્યું કે જે કર્મનિર્જરા-સંયમના સ્થાનો છે, તેટલાં જ બંધના-અસંયમના સ્થાન છે. કહ્યું છે કે—

‘‘જે પ્રકારે જેટલા સંસાર ભ્રમણના હેતુ છે, તેટલાં જ તેને વિપરીત લેવાથી નિર્વાણ સુખને આપનારા હેતુઓ છે.’’ તથા રાગદ્વેષ મલિન ચિત્ત, વિષય સુખમાં તત્પર, દુષ્ટ આશયથી બધુ સંસાર માટે છે. જેમ લીમડામાં મેળવેલ સાકર કડવી



થાય છે. પણ સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારથી છુટવા વિષયેચ્છા દૂર કરે તેને સર્વે અશુચિ દુ:ખનું કારણ છે. એવું ભાવનારને સંવેગ થતા સંસાર કારણ પણ મોક્ષને માટે થાય છે.

એ જ રીતે - x - x - આસ્રવથી અન્ય અનાસ્રવ તે વ્રત છે. અશુભ કર્મોદયાદિથી - x - તે નિર્જરા માટે થતા નથી. જેમ કોંકણ આર્યને. તેમજ અપરિસ્રવ જે પાપોપાદાન કારણ છતાં કોઈ પણ પ્રવચન ઉપકારાદિ વડે તે અશુભ કૃત્યો અનાસ્રવ એટલે કર્મબંધના કારણ થતાં નથી.

- x - x - અહીં ચઉભંગી છે - મિથ્યાત્વ આદિ વડે જે કર્મના આસ્રવો-બંધકો છે તે જ બીજાના પરિસ્રવો-નિર્જરકા છે. આ પ્રથમ ભંગમાં બધાં સંસારી-ચતુર્ગતિકા છે. તેમને પ્રતિક્ષણ આસ્રવ-નિર્જરા છે. પણ જે આસ્રવ કરે તે પરિસ્રવ ન કરે. આ બીજો ભાંગો શૂન્ય છે કેમકે બંધ જોડે નિર્જરા ચાલુ જ છે. એ રીતે જે અનાસ્રવા છે તે પરિસ્રવા છે તેવા અયોગી કેવલી ત્રીજા ભાંગામાં છે. ચોથા ભંગમાં સિદ્ધો છે - અનાસ્રવા અપરિસ્રવા.

- x - x - x - ઉક્ત કથન સમજી સાધુ વિચારે કે સંસારી જીવો આસ્રવ દ્વાર વડે આવેલાં કર્મથી બંધાય છે તથા તપ-ચારિત્ર વડે કર્મમુક્ત થાય છે. આવું જિનાજ્ઞા મુજબ જે આજ્ઞામાં રહે અને વર્તે તે મુકાય. એમ જાણી કર્મથી છુટવા જુદા બતાવેલ આસ્રવ-પરિસ્રવ સમજી કયો માણસ ધર્મચરણમાં ઉધમ ન કરે ?

તે કેવી રીતે તે બતાવે છે—

આસ્રવ જ્ઞાનપ્રત્યનીકતાથી, જ્ઞાનનિહ્નવ, જ્ઞાનાંતરાય, જ્ઞાનપ્રદ્વેષ, જ્ઞાનાશાતના, જ્ઞાનવિસંવાદથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. એ રીતે દર્શન પ્રત્યનીકતા આદિથી દર્શનાવરણીય કર્મ બંધાય છે. પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વની અનુકંપાથી ઘણાં પ્રાણીને દુ:ખ, શોક, વ્યથા, પીડા, સંતાપ ન આપવાથી સાતા વેદનીય કર્મ બંધાય. તેથી ઉલટું અસાતા બંધાય. તથા અનંતાનુબંધીની ઉત્કટતાથી તીવ્ર દર્શન મોહનીય અને પ્રબળ ચારિત્ર મોહનીયના સદ્‌ભાવથી મોહનીય કર્મ બંધાય.

મહાપરિગ્રહ, મહાઆરંભ, માંસાહાર અને પંચેન્દ્રિયવધથી નરકાયુ બંધાય. માયામૃષાવાદ, ખોટા તોલ-માપથી તિર્યંચાયુ બંધાય. સ્વભાવિક વિનય, સાનુક્રોશ, અમાત્સર્યથી મનુષ્યાયુ બંધાય. સરાગસંયમ, દેશવિરતિ, બાલતપ, અકામનિર્જરાથી દેવાયુ બંધાય. કાય-ભાવ-ભાષાઋજુતા, અવિસંવાદયોગથી શુભનામ બંધાય. તેથી ઉલટુ અશુભનામ બંધાય.

જાતિ આદિ મદ ન કરતા ઉચ્ચ ગોત્ર અને મદ કરતા તથા પરપરિવાદથી નીચ ગોત્ર બંધાય. દાનાદિ પાંચના અંતરાયથી અંતરાયકર્મ બંધાય. આ આસ્રવો છે.

હવે પરિસ્રવો બતાવે છે - અનશનાદિ તપથી નિર્જરા તે પરિસ્રવા છે. આ પ્રમાણે આસ્રવ-નિર્જરક ભેદ સહિત જીવો કહ્યા.

આ પદો તીર્થંકર-ગણધરે લોકોત્તર જ્ઞાનથી જુદા જુદા બતાવ્યા. એ જ રીતે ચૌદપૂર્વી આદિ જીવોના હિત માટે બીજાને ઉપદેશ આપે છે—

● સૂત્ર-૧૪૪ :-

*જ્ઞાની આ વિષયમાં સંસાર સ્થિત, સંબુધ્યમાન, વિજ્ઞાન પ્રાપ્ત મનુષ્યને ઉપદેશ આપે છે-જે આર્ત્ત કે પ્રમત્ત છે, તે પણ ધર્માચરણ કરી શકે છે. આ યથાતથ્ય સત્ય છે. તેમ હું કહું છું. જીવોને મૃત્યુ નહીં આવે એવું તો નથી છતાં ઇચ્છા વશ થઈ વક્રતાના ઘર બની રહે છે. કાળના મુખમાં પડી કર્મસંગ્રહમાં તલ્લીન બની વારંવાર જન્મ પરંપરા વધારે છે.*

● વિવેચન :-

જ્ઞાન સર્વ પદાર્થ બતાવે છે. તે જ્ઞાનયુક્ત જ્ઞાની છે. તે જ્ઞાની પ્રવચનમાં મનુષ્યોને ઉપદેશ કરે છે. - x - સંસાર એટલે ચતુર્ગતિ લક્ષણ. તેમાં પણ જે ધર્મગ્રહણ કરશે તેને - x - ધર્મ કહેવાય છે. જે યથોપદિષ્ટ ધર્મને સમજેલા હોય. - x - કેવા જીવોને કહેવું તે બતાવે છે - હિતની પ્રાપ્તિ - અહિતનો ત્યાગ એ જ્ઞાન જેને હોય તે વિજ્ઞાન પ્રાપ્ત. બધી પર્યાપ્તિથી પર્યાપ્ત તે સંજ્ઞી.

નાગાર્જુનીયા પણ કહે છે - સંસારી, મનુષ્ય ભવસ્થ, આરંભ વિરત, દુઃખ ઉપેક્ષક-સુખવાંછુ પણ જો ધર્મશ્રવણ ઇચ્છે, ગુરુ ઉપાસક, ધર્મ પુછતા વિજ્ઞાન પ્રાપ્તને જ્ઞાની સાધુ ધર્મ બતાવે - તે કહે છે. અટ્ટાવિ આદિ.

વિજ્ઞાનપ્રાપ્તને ધર્મ કહેતા કોઈ નિમિત્તથી આર્ત્તધ્યાનવાળા હોય તો પણ ચિલાતિપુત્ર માફક ધર્મ પામે અથવા વિષયાસક્ત શાલિભદ્રાદિ માફક પ્રમત્ત હોય છતાં તેવા કર્મના ક્ષયોપશમથી ધર્મ સ્વીકારે છે અથવા દુઃખી કે સુખી પણ ધર્મ પામે છે તો બીજાનું શું કહેવું ? અથવા રાગદ્વેષના ઉદયથી આર્ત્ત તથા વિષયોથી પ્રમત્ત છે, તે અન્યતીર્થિ કે ગૃહસ્થ સંસાર વનમાં પ્રવેશેલા - x - રાગદ્વેષ વિષય અભિલાષને ઉખેડવા કેમ સમર્થ ન થાય ? આ વાત બીજી રીતે ન માને તેથી કહે છે—

આ જે મેં કહ્યું અને કહેવાય છે તે સત્ય છે, તેમ હું કહું છું કે સમ્યક્ત્વ કે ચારિત્ર પામીને પ્રમાદ ન કરવો. કેમકે સંસારી જીવ કદી મૃત્યુના મુખમાં ન આવે તેવું નથી. કહ્યું છે - અહીં રોજ સુખના ભોગથી લાડ લડાવેલો, સેંકડો પ્રયત્ને રાખેલ, વ્યથા રહિત આયુવાળો માણસ કોઈ છે ? - નથી. દેવસમૂહ, વિધાસિદ્ધ, અસુર-કિન્નર નાયક કે મનુષ્યમાં પણ એવો કોઈ નથી કે જે પુરુષ જમના જડબામાં ચવાઈ નાશ ન પામે.

વળી મૃત્યુના મુખમાં ગયેલાને બચાવવાનો કોઈ ઉપાય નથી. કહ્યું છે કે, નાશી જાય, નમી પડે, ચાલ્યો જાય, રસાયણ ક્રિયા કરે, મોટા વ્રત કરે, ગુફામાં પેસી જાય, તપ કરે, મંત્રસાધના કરે તો પણ જમના જડબામાં ચીરાય છે. જેઓ વિષય કષાય આસક્તિથી પ્રમત્ત બની ધર્મ જાણતા નથી તેઓ ઇન્દ્રિય મનો વિષય અનુકૂળ પ્રવૃત્તિ ઇચ્છાથી જેમાં કર્મનો બંધ છે તેવા વિષયો સન્મુખ અથવા સંસાર સન્મુખ પ્રકર્ષપણે જાય છે.

આવા ઈચ્છાપ્રણિત વંકની કે અસંયમની જે મર્યાદા છે તેનો આશ્રય લીધેલા 'વંકાનિકેત' છે. તેઓ મૃત્યુ વડે ગ્રહણ કરાયેલ છે - પુનઃ પુનઃ મરણને ભજે છે.



અથવા કાલગ્રહિતનો બીજો અર્થ છે - ધર્મ કે ચારિત્ર ગ્રહણ કરીશું એવી આશાથી બેસી રહે છે - x - અથવા કેટલાંક પાછલી વયે કે પુત્રને પરણાવી સંયમ લઈશું તેમ વિચારી સાવધ આરંભમાં રક્ત બની, ઇચ્છા પ્રમાણે અસંયમમાં રહી ભાવિમાં ધર્મ કરીશું માની વર્તમાનમાં પાપરક્ત બની એકેન્દ્રિયાદિમાં જન્મ-મરણ કરે છે.

પાઠાંતર મુજબ - ઇન્દ્રિયોને અનુકૂળ મોહમાં ડૂબી વારંવાર પાપ કરે છે તેનાથી સંસારની મુક્તિ ન થતા વારંવાર સંસારભ્રમણ કરે છે. તે કહે છે—

● સૂત્ર-૧૪૫ :-

*આ સંસારમાં કેટલાંકને નરકાદિ દુઃખોનો પરિચય છે, તેઓ દુઃખોનું વેદન કરે છે - ભોગવે છે. અત્યંત ક્રૂરકર્મ કરવાથી અતિ ભયંકર દુઃખવાળા સ્થાનમાં ઉત્પન્ન થાય છે અને અતિ ક્રૂરકર્મ ન કરનારાઓને એવા દુઃખમય સ્થાનમાં ઉત્પન્ન થવું પડતું નથી. આ પ્રમાણે જે શ્રુત કેવળી કહે છે તે જ કેવળજ્ઞાની કહે છે, જે કેવળજ્ઞાની કહે છે તે જ શ્રુતકેવળી કહે છે.*

● વિવેચન :-

આ ચૌદ રાજલોક સંસારમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયયુક્તને નરક, તિર્યંચાદિ યાતના સ્થાનમાં વારંવાર જવાથી સંસ્તવ થાય છે. તેઓ ઇચ્છાપ્રણિતતાથી ઇન્દ્રિયવશ થઈ તેને અનુકૂળ આચરી નરકાદિ સ્થાનમાં ગયેલા છતાં અન્યતીર્થિકો ઔદ્દેશિકાદિને નિર્દોષ બતાવી નરકાદિના દુઃખો ભોગવે છે. તે નાસ્તિકો કહે છે—

હે ચારુલોચના ! ખા, પી, જે ગયેલું તે તારું નથી, ગયેલું પાછું આવતું નથી. આ શરીર માત્ર પરમાણુંનું ખોખું છે. વૈશેષિકો પણ સાવધ યોગના આરંભી છે. તેઓ કહે છે - સ્નાન, ઉપવાસ, મંત્રકાળ, યજ્ઞ, દાન ઇત્યાદિ; અન્યો પણ આવા સાવધાનુષ્ઠાન બતાવે છે.

ઇચ્છાપ્રણિત બધાં દુર્ગતિમાં જઈ દુઃખ ભોગવે કે કોઈ ભોગવે ?

બધાં ન ભોગવે. જે અતિ ક્રૂર વધ-બંધનાદિ ક્રિયા વડે નરકની ભયંકર વિરૂપ વેદના - x - x - ભોગવતો નરકમાં વસે છે. જે અત્યંત હિંસાવાળા કર્મો ન કરે તે દુઃખદાયી નરકોમાં ઉત્પન્ન થતો નથી. આવું ચૌદપૂર્વી કહે છે અથવા સકલ પદાર્થો બતાવનાર જ્ઞાન છે, તે જ્ઞાની કહે છે. જે દિવ્યજ્ઞાની કેવળી બોલે તે જ શ્રુતકેવળી બોલે છે. જે શ્રુતકેવળી બોલે છે તે જ કેવળજ્ઞાની બોલે છે અર્થાત્ શ્રુતકેવળી યથાર્થ બોલતા હોવાથી તે એક જ છે - x - તેમને બોલવામાં એક વાક્યતા છે તે કહે છે—

● સૂત્ર-૧૪૬ :-

*આ લોકમાં કોઈ શ્રમણ, બ્રાહ્મણ પૃથક્ પૃથક્ ભાષણો કરી કહે છે - અમે શાસ્ત્ર જોયા છે, સાંભળ્યા છે, માન્યું છે, વિશેષ રૂપે જાણ્યું છે, વળી ઊંચી, નીચી, તીર્છી બધી દિશાનું સમ્યક્ નિરીક્ષણ કર્યું છે કે સર્વે પ્રાણો, જીવો, ભૂતો, સત્વોને મારવામાં, દબાવવામાં, પકડવામાં, પરિતાપવામાં કે પ્રાણરહિત કરવામાં કોઈ દોષ નથી. આ અનાર્ય લોકોનું કથન છે.*

*જે 'આર્ય' છે તે એમ કહે છે, તમારું દેખવું, સાંભળવું, માનવું, નિશ્ચિતરૂપે જાણવું એ સર્વે મિથ્યા છે. તેમજ ઉર્ધ્વ, અધો, તિર્છી દિશામાં પરીક્ષા કરીને તમે જાણો છો તે સર્વે મિથ્યા છે. વળી તમે જે કહો છો-બોલો છો-પ્રરૂપો છો-પ્રજ્ઞાપના કરો છો કે સર્વે પ્રાણો-ભૂતો-જીવો-સત્વોને મારવા ઇત્યાદિમાં કોઈ દોષ નથી તે અનાર્યકથન છે.*

*અમે એમ કહીએ છીએ - બોલીએ છીએ - પ્રરૂપીએ છીએ - પ્રજ્ઞાપના કરીએ છીએ કે કોઈ પ્રાણી આદિને મારવા-દબાવવા-પકડવા-પરિતાપવા કે પ્રાણરહિત કરવા ન જોઈએ-તે દોષરહિત કાર્ય છે. એવું આર્યપુરુષોનું કથન છે.*

*પહેલાં પ્રત્યેક મતવાળાના સિદ્ધાંતને જાણી અમે પૂછીએ છીએ કે, હે વાદીઓ ! તમને દુઃખ પ્રિય છે કે અપ્રિય ? સત્યને સ્વીકારી તેઓ એવું કહેશે કે સર્વે પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વને દુઃખ અપ્રિય છે. મહાભયકારી છે, દુઃખરૂપ છે - એમ હું કહું છું.*

● વિવેચન :-

મનુષ્યલોકમાં જે કેટલાંક પાખંડી કે બ્રાહ્મણો જુદું જુદું વિવાદરૂપે બોલે છે - તે કહે છે - અર્થાત્ - x - પોતાના મંતવ્યરાગથી બીજાનું મંતવ્ય જુઠું ઠરાવવા વિવાદ કરે છે. જેમકે ભાગવતો કહે છે કે પચીશ તત્ત્વના જ્ઞાનથી મોક્ષ થાય છે. આત્મા સર્વવ્યાપી, નિષ્ક્રિય, નિર્ગુણ, ચૈતન્ય લક્ષણવાળો છે - x - વૈશેષિક છ દ્રવ્યના પરિજ્ઞાનથી મોક્ષ કહે છે. સમવાયી જ્ઞાન ગુણ વડે ઇચ્છા, પ્રયત્ન, દ્વેષાદિથી ગુણવાન્ આત્મા છે - x - શાક્યમતી કહે છે પરલોકે જનાર આત્મા નથી, સર્વે વસ્તુ ક્ષણિક છે. ઇત્યાદિ - x - x - x - તે બ્રાહ્મણ શ્રમણ ધર્મ વિરુદ્ધ જે બોલે છે, તે સૂત્ર વડે દર્શાવે છે - x - x -

દિવ્યજ્ઞાન વડે અમે અથવા અમારા શાસ્ત્ર રચનારા ધર્મનાયકોએ સાક્ષાત્ જોયું છે અથવા અમે ગુરુ પરંપરાથી સાંભળેલ છે, અંતેવાસીઓએ એ માન્યું છે, યુક્તિયુક્ત હોવાથી તે માન્ય છે. અમને કે અમારા ધર્મનાયકને તે વિજ્ઞાત છે, તત્ત્વભેદના પર્યાયો વડે અમે કે અમારા ધર્મનાયકે પર ઉપદેશથી નહીં પણ સ્વયં જાણેલું છે, ઉર્ધ્વ-અધો આદિ દશે દિશામાં તથા પ્રત્યક્ષાદિ બધાં પ્રમાણો વડે અને મનના પ્રણિધાનાદિથી અમે તથા અમારા ધર્મનાયકે વિચારી લીધું છે કે—

સર્વે પ્રાણો, સર્વે ભૂતો, સર્વે જીવો, સર્વે સત્વો હણવા, હણાવવા, સંગ્રહ કરવો, સંતાપવા, દુઃખી કરવા તેમાં કોઈ દોષ નથી. એમ ધર્મકાર્યમાં પણ સમજવું કે યજ્ઞ કરવામાં કે દેવતાને બલી આપવા માટે પ્રાણી હત્યામાં પાપનો બંધ નથી. કેટલાક પાખંડી કે ઔદ્દેશિકભોજી બ્રાહ્મણો ધર્મ કે પરલોક વિરુદ્ધ બોલે છે. આ પ્રમાણે તેમનું બોલવું જીવઘાતક પાપાનુબંધી અનાર્ય પ્રણીત છે. પણ જેઓ આવા નથી તેઓ શું કહે છે ? તે બતાવે છે —

જેઓ દેશ, ભાષા, ચારિત્ર વડે આર્ય છે, તે એમ કહે છે કે અન્યમતીએ જે કહ્યું છે, તે તેમણે ખરાબ રીતે દેખેલું છે અર્થાત્ તમે કે તમારા ધર્મનાયકે ખોટું





જોઈને-પ્રજ્ઞાપના કરીને જે કહ્યું તેમાં દોષનો સંભવ છે. તમે યાગ, દેવબલીમાં હિંસાને નિર્દોષ માનો છો. પણ આર્યપુરુષો તેમાં દોષ માનીને હવે આર્યો પોતાના મતને સ્થાપે છે - અમે જે રીતે ધર્મવિરુદ્ધ વાદ ન થાય તે રીતે પ્રજ્ઞાપના કરીએ છીએ. હણવું ઇત્યાદિનો પ્રતિષેધ કરવો, તે અમારા વચનમાં દોષ નથી. - x - x - પ્રાણિ હત્યા પ્રતિષેધથી આ આર્યવચન છે.

આ સાંભળી હિંસાપ્રિય પાખંડી કહે છે - તમારું વચન અનાર્ય છે. - x -

જૈનાચાર્ય કહે છે - પોતાની વાણીરૂપ યંત્ર વડે બંધાયેલા વાદીઓ પોતાની કુવાણીથી પાછા નહીં ફરે. તેવા વાદીને તેમના માનેલા આગમની વ્યવસ્થા કરીને તેનું અનુચિતપણું બતાવવા જૈનાચાર્ય પૂછે છે - x - અથવા પૂર્વે પ્રશ્ન કરનાર વાદીઓને આશ્રીને પ્રશ્ન કરતા કહે છે—

ઓ વાદ કરનારાઓ ! તમને સુખ આનંદ ઉપજાવે છે કે દુઃખ અસાતા આપે છે ? જો તેઓ એમ કહે કે સુખ વહાલું છે તો તમારા આગમને પ્રત્યક્ષ બાધા થશે. કદાચ તેઓ દુઃખ પ્રિય છે તેમ કહે તો - x - x - તેમને કહેવું કે સર્વે પ્રાણી માત્રને દુઃખ પ્રિય નથી પણ અપ્રિય છે, અશાંતિકર છે, મહાભયરૂપ છે. એ પ્રમાણે જાણીને બધાં પ્રાણીને હણવા નહીં. તેને હણવામાં દોષ છે. જે દોષ નથી તેમ કહે તે અનાર્ય વચન છે. इति અધિકાર સમાપ્તિ બતાવે છે. ब्रवीमि – પૂર્વવત્ જાણવું.

આ રીતે વાદીઓને તેમના વચને બાંધીને અનાર્યતા બતાવી. આ માટે રોહગુપ્તમંત્રી કે જેણે આગમ તત્વ સારી રીતે જાણ્યું છે, તેણે માધ્યસ્થ્ય ધારણ કરીને તમામ મતની પરીક્ષા કરી જે નિરાકરણ કર્યું તે કહે છે—

[નિ.૨૨૭] આ ગાથા વડે સંક્ષેપથી ક્ષુલ્લકનું દૃષ્ટાંત કહ્યું છે-

ગાથાના પદ સંક્ષેપ વડે રાજસભામાં બધા વાદીની ધર્મકથા સાંભળી રોહગુપ્ત મંત્રીએ પરીક્ષા કરી. *[આ કથાનો સંક્ષેપ અહીં રજૂ કરેલ છે–]*

ચંપાનગરીમાં સિંહસેન રાજાને રોહગુપ્ત નામે મંત્રી હતો. તે અર્હદ્દર્શન વાસિત ચિત્તથી સત્-અસત્ વાદનો જ્ઞાતા હતો. તેમાં રાજાએ ધર્મ વિચાર કહ્યો. ઘણાંએ તેને સારો કહ્યો. રોહગુપ્તને મૌન જોઈને રાજાએ પૂછ્યું કે તમે કેમ કંઈ ન બોલ્યા ? મંત્રી કહે આપણે પોતાની મેળે જ ધર્મ પરીક્ષા કરીએ. પછી એક પદ બનાવી નગર મધ્યે લટકાવ્યું - ''सकुण्डलं वा वदनं न वा त्ति'' બીજા ત્રણ પદ રાજા પાસે મૂકાવ્યા. પછી ઢંઢેરો પીટાવ્યો કે જે આ ગાથા પૂર્ણ કરશે તેને રાજા ઇચ્છિત દાન આપશે. બધાં વાદી આવ્યા, તેમાં પહેલો પરિવ્રાજક બોલ્યો—

[નિ.૨૨૮] ભિક્ષાર્થે પ્રવેશેલા મેં આજે યુવતીનું મુખ જોયું. કમળ સમાન વિશાળ નેત્ર હતા. વ્યાક્ષિપ્ત ચિત્તે મને તે ખબર ન પડી કે તેણીના કાનમાં કુંડલ હતા કે નહીં. તેમાં વીતરાગતા ન હોઈ તેને કાઢી મૂક્યો.

[નિ.૨૨૯] ફળના ઉદયથી હું ઘરમાં પેઠો, ત્યાં આસને બેઠેલી સ્ત્રી મેં જોઈ, પણ વ્યાક્ષિપ્તતાથી નિર્ણય ન થયો કે તેના કાનમાં કુંડલ છે કે નહીં ? તેમાં પણ વૈરાગ્ય ન હોવાથી રજા આપી.

[નિ.૨૩૦] માલા વિહારમાં મેં ઉપાસિકા જોઈ. સુવર્ણ ભૂષણો ભૂષિત તેણીના કાનમાં કુંડલ છે કે નહીં તે ન જોયું, તેને રજા આપી આ રીતે બધાં મતવાળા જાણવા. પછી મંત્રીએ એક નાના જૈન સાધુને વૈરાગ્ય પરિણત જાણી બોલાવ્યા. તેણે આ રીતે ઉત્તર આપ્યો—

[નિ.૨૩૧] ક્ષાંત, દાંત, જિતેન્દ્રિય, અધ્યાત્મરક્ત એવા મુનિએ શા માટે ચિંતવવું કે તેનું વદન કુંડલ યુક્ત છે કે નહીં ? - x - રાજાને તેમની નિસ્પૃહતાથી ધર્મભાવોલ્લાસ વધ્યો. રાજા એ ધર્મતત્ત્વ પૂછતા બાળ સાધુ માટીનો એક સુકો અને એક ભીનો ગોળો ભીંત તરફ ઉછાળી ચાલાવા માંડ્યુ બાલ સાધુ એ આ રીતે શું ધર્મ કહ્યો તે બે ગાથે વડે જણાવે છે—

[નિ.૨૩૨,૨૩૩] ભીનો અને સુકો બંને માટીના ગોળા છે. ભીંત પર ફેંકતા ભીનો હશે તે ત્યાં ચોંટશે. તેમ અંગ પ્રત્યંગ જોવાથી વિમુખ છે તે સ્ત્રીનું મુખ ન જુએ અન્યથા કામગૃદ્ધિથી આર્દ્ર સ્ત્રીનું મુખ જુએ છે તેનાથી સંસારપંક કે કર્મકાદવ લાગે છે. જેઓ ક્ષમાદિ ગુણયુક્ત છે, સંસારવિમુખ છે. તેવા નિસ્પૃહ મુનિ સુકા ગોળા જેવા હોય ક્યાંય ચોંટતા નથી.

**અધ્યયન-૪ 'સમ્યક્ત્વ' ઉદ્દેશો-૨ ''ધર્મવાદી પરીક્ષા''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૪ ઉદ્દેશો-૩ ''અનવદ્યતપ'' 卐

**• ભૂમિકા :-**

બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો. તેનો સંબંધ આ - પૂર્વ ઉદ્દેશામાં પરમત નિરાસ કરી અવિચલ સમ્યક્ત્વ સાથે જ્ઞાન તથા તેના ફળરૂપ વિરતિ કહી. - x - પૂર્વકૃત્ કર્મનો ક્ષય નિરવદ્ય તપ વિના ન થાય. તેથી હવે તપનું વર્ણન—

**• સૂત્ર-૧૪૭ :-**

***ધર્મથી વિમુખ લોકોની ઉપેક્ષા કરો. આમ કરનાર સમસ્ત લોકમાં વિદ્વાનોમાં અગ્રણી છે. તું વિચારીને જો ! જેણે દંડનો ત્યાગ કર્યો છે, [તે વિદ્વાન્ છે]. જે સત્ત્વશીલ છે, તે જ કર્મનો ક્ષય કરે છે. શરીર સંસ્કારરહિત મનુષ્યો ધર્મવેત્તા હોવાથી સરળ હોય છે.***

***આ દુઃખ આરંભ જ જાણી આવું સમ્યક્ત્વદર્શીએ કહ્યું છે.***

***તે બધા પ્રાવાદિક અને દુઃખ જાણવામાં કુશળ બની કર્મોને સર્વ પ્રકારે જાણી, તેના ત્યાગનો ઉપદેશ આપે છે.***

**• વિવેચન :-**

પૂર્વે કહેલ પાખંડી લોકને ધર્મથી વિમુખ જાણી તેમના અનુષ્ઠાનને સારા ન માન. તેમનો ઉપદેશ ન સાંભળ, પાસે ન જા, પરિચય ન કર. જે પાખંડી લોકનો ઉપેક્ષક છે તે પાખંડી લોક અને અનાર્યવચન જાણી તેની ઉપેક્ષા કરનાર મનુષ્ય



લોકમાં જે વિદ્વાન્ છે તેનાથી અગ્રણી વિદ્વાન્ થશે. લોકમાં જે કેટલાક નિક્ષિપ્ત દંડવાળા છે - મન, વચન, કાયા વડે પ્રાણીને દુઃખ આપનાર દંડનો ત્યાગ કર્યો છે તે વિદ્વાન્ થાય જ, એમ વિચારીને તું તેમને જો.

જેમણે ધર્મ જાણ્યો છે, તે સત્વશાળી દુષ્ટકર્મને ત્યજે છે. તે 'ઉપરતદંડ' થઈને આઠ પ્રકારના કર્મોને હણે છે. તે જ વિદ્વાન્ છે. તેવું વિચારીને તું વિવેકવાળી બુદ્ધિ ધારણ કર. મનુષ્યો જ સર્વકર્મક્ષય કરવાને સમર્થ છે, બીજી ગતિવાળા સમર્થ નથી. મનુષ્યોમાં પણ શરીર સંસ્કાર ત્યાગી મૃત જેવા-શરીર મમત્વરહિત છે તેવા કર્મક્ષય કરે છે.

અથવા અર્ચા એટલે તેજ-ક્રોધાદિ કષાય. તે જેના સર્વથા નષ્ટ થયા છે તેવા અકષાયી. વળી શ્રુત-ચારિત્ર ધર્મને જાણે તે ધર્મવિદ્. ધર્મવિદ્ જ કુટિલતારહિત છે. બીજા સાધુઓ - સાવદ્યક્રિયાનુષ્ઠાન, આરંભથી ઉત્પન્ન દુઃખ જે પ્રત્યક્ષ છે. જેમકે ખેતી, વાણિજ્ય. તેનાથી જે શરીર-મનના દુઃખ ભોગવે છે - x - તે કેવલીએ કહ્યું છે તે અનુભવસિદ્ધ જાણીને મૃતાર્ચા, ધર્મવિદ્, સરળ બને છે.

આ પ્રમાણે કેવળજ્ઞાનીએ કહ્યું છે તે સમત્વદર્શી કે સમ્યકત્વદર્શી કે સમસ્તદર્શી છે. તેઓ સર્વવિદ્ છે. મર્યાદા વડે બોલનારા પ્રાવાદિક છે, તેઓ યથાવસ્થિત પદાર્થને બતાવનારા, દુઃખ કે તેના ઉપાદાન કર્મોને બતાવવામાં નિપુણ-તેને દૂર કરવાના ઉપાયો જાણનાર બનીને તેઓએ જ્ઞ-પરિજ્ઞા વડે જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરેલ છે. આ પ્રમાણે કર્મ બંધ-ઉદય-સતાને જાણીને-

સર્વ પ્રકારે કુશળ બની પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરે અથવા મૂળ-ઉત્તર પ્રકૃતિ બધી જાણીને કે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ, બંધને જાણીને, - x - કે બંધ-સત્તાના કારણો જાણીને તેનો ત્યાગ કરે.

હવે તે કર્મના ઉદયના પ્રકારો બતાવે છે. *[તે માટે વૃત્તિ જોવી અને કર્મગ્રંથના તજ્જ્ઞ પાસે સમજવું. માત્ર અનુવાદથી આ વિષય સમજવો પર્યાપ્ત નથી. પૂર્વે અધ્યયન-૩ સૂત્ર-૧૧૩ અને ૧૧૯ના વિવેચનમાં પણ આવી જ સૂચના આપી છે.]* વૃત્તિમાં આ વિષય વિસ્તારથી છે. ત્યાં બતાવ્યા મુજબ કર્મપ્રકૃત્તિના ઉદય વડે અનેક ભેદો જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તે તોડવા પ્રયત્ન કરે છે.

જો એમ છે તો [નવા સાધુએ] શું કરવું ?

**• સૂત્ર-૧૪૮ :-**

***અહીં આજ્ઞાકાંક્ષી પંડિત રાગરહિત થઈ એક માત્ર આત્માને દેખતો શરીરને કૃશ કરે, પોતાને કૃશ કરે - જીર્ણ કરે. જેમ અગ્નિ જીર્ણ કાષ્ઠને જલ્દી બાળે છે તેમ સમાહિત આત્મા આસક્તિરહિત સાધક સ્થિરતાપૂર્વક ક્રોધરૂપી શત્રુનો નાશ કરે અને કર્મોને જલ્દી નષ્ટ કરી દે છે.***

**• વિવેચન :-**

આ પ્રવચનમાં આજ્ઞા પાળવાની આકાંક્ષા રાખનાર સાધુ જે સર્વજ્ઞના ઉપદેશ મુજબ વર્તનાર પંડિત અસ્નિહ થાય છે. જે આઠ પ્રકારના કર્મો વડે ન લેપાય તે

અસ્નિહ અથવા સ્નેહ કરે તે રાગવાન્, ન કરે તે અસ્નિહ અર્થાત્ રાગ-દ્વેષરહિત. અથવા નિશ્ચયથી ભાવ શત્રુરૂપ ઇન્દ્રિય-કષાય-કર્મ વડે ન હણાય તે અનિહત છે.

આજ્ઞાકાંક્ષી પંડિત ભાવશત્રુથી અનિહત આ પ્રવચનમાં છે, બીજે નથી. જે અનિહત છે તે પરમાર્થથી કર્મનો જ્ઞાતા છે. તે અનિહત કે અસ્નિહ સાધુ એકલા આત્માને ધન, ધાન્ય, સોનું, પુત્ર, સ્ત્રી, શરીર આદિથી જુદું જાણીને તેનો મોહ છોડે. તે માટે સંસાર સ્વભાવ એકત્વ ભાવના આ રીતે ભાવે—

આ સંસાર અનર્થનો સાર છે. અહીં કોણ કોનો સ્વજન કે પારકો છે ? સંસારમાં ભમતા સ્વજન કે પારકા પર કે સ્વ થાય છે. કોઈ ફરી મળતા નથી. આ રીતે વિચારી હું એકલો છું મારે આગળ-પાછળ કોઈ નથી. એ સ્વકર્મથી મારી જ ભ્રાંતિ છે. હું જ પહેલા છું - હું જ પછી છું. હું સદા એકલો છું, મારું કોઈ નથી, હું કોઈનો નથી. હું કોઈનો થાઉં કે કોઈ મારું થાય તેવું કોઈ મને દેખાતું નથી. કર્મ એકલો કરે છે, તેનું ફળ પણ એકલો ભોગવે છે એકલો જ જન્મે-મરે છે. ભવાંતરમાં પણ એકલો જ જાય છે.

પર આત્મા જે શરીર છે તેને તપ અને ચારિત્ર વડે દુર્બળ કર અથવા ક્ષ એટલે કર્મ તોડવામાં હું સમર્થ છું એમ વિચારી યથાશક્તિ યત્ન કર. શરીરને જીર્ણ બનાવ. તપથી શરીરને જીર્ણ જેવું કર. વિગઇ ત્યાગથી આત્માને દુર્બળ બનાવ. સુકા લાકડાને અગ્નિ બાળે તેમ તું કર્મને બાળ. એ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે આત્મા સમાહિત એટલે શુભ વ્યાપારવાળો થાય. - x - x - જે સ્નેહરહિત હોય તે તપ-અગ્નિ વડે કર્મ-કાષ્ઠને બાળે છે. જેમ—

[નિ.૨૩૪] “જેમ સુકા પોલા લાકડાને અગ્નિ જલ્દી બાળે છે. જેમ ચારિત્ર પાળનાર કર્મકાષ્ઠને શીઘ્ર બાળે છે.” - અહીં अस्निह પદ વડે રાગ નિવૃત્તિ કરીને દ્વેષ નિવૃત્તિ માટે અતિ કુર અધ્યવસાય - ક્રોધને તજ. ક્રોધથી શરીર કંપે છે. માટે નિષ્કંપ બન. તે માટે કહે છે—

• સૂત્ર-૧૪૯ :-

***આ મનુષ્યજીવન અલ્પાયુ છે, જાણીને ક્રોધથી ઉત્પન્ન દુઃખોને જાણ અને ભાવિ દુઃખોને જાણ. ક્રોધી જીવ ભિન્ન ભિન્ન દુઃખોનો અનુભવ કરે છે. પ્રાણિલોકને અહીં-તહીં ભાગ દોડ કરતાં જો. જે પાપકર્મોથી નિવૃત્ત છે, તે અનિદાન કહેવાય છે. તેથી હે અતિવિદ્વાન ! તું પ્રજ્વલિત ન થા. તેમ હું કહું છું.***

• વિવેચન :-

આ મનુષ્યત્વ પરિગલિત આયુવાળુ વિચારીને ક્રોધાદિનો ત્યાગ કર. વળી ક્રોધાદિથી બળતાને જે મનોદુઃખ થાય છે, તે જાણ. ક્રોધજનિત કર્મ વિપાકથી ભાવિમાં ઉત્પન્ન થનાર દુઃખ વિચારી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કર. આગામી દુઃખ કેવું છે ? નરકમાં થતી જુદી જુદી શીત-ઉષ્ણ વેદના તથા કુંભીપાક આદિ પીડા સ્થાનોમાં દુઃખ પડશે. ક્રોધથી તે ક્ષણે તથા આગામીકાળે પણ થનાર દુઃખ જોઈને, બીજા લોક પણ દુઃખી થાય. તે કહે છે—



ક્રોધાદિથી કેવળ આત્મા જ દુઃખી નથી થતો, પણ શરીર-મનના દુઃખવાળા લોકો પરવશ બની આમ તેમ ભટકે છે તેને વિવેક ચક્ષુથી જો. જેઓ ક્રોધ નથી કરતા તેઓ તીર્થંકર બોધથી વાસિત નિર્મળ અંતઃકરણવાળા છે, વિષય-કષાય અગ્નિના બુઝાવાથી શાંત થયેલા છે. પાપકર્મમાં નિદાનરહિત તેઓ પરમ સુખના સ્થાનને પામેલા છે અર્થાત્ ઔપશમિક સુખને ભજનારા છે.

જે કારણથી રાગદ્વેષથી ઘેરાયેલો દુઃખી થાય છે, તેથી અતિ વિદ્વાન્ કે જેણે શાસ્ત્રોનો પરમાર્થ જાણ્યો છે તેમણે ક્રોધાગ્નિથી આત્માને ન બાળવો. પણ કષાય ઉપશમ કરવો - તેમ હું કહું છું.

**અધ્યયન-૪ ‘સમ્યક્ત્વ’ ઉદ્દેશો-૩ ‘અનવદ્ય તપ’નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૪ ઉદ્દેશો-૪ “સંક્ષેપ વચન” 卐

• ભૂમિકા :-

ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથા કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશામાં નિરવદ્ય તપ કહ્યો; તે સંપૂર્ણ સત્ સંયમીને હોય છે. સંયમ પ્રતિપાદન માટે ચોથો ઉદ્દેશો કહે છે. આ સંબંધથી આવતું સૂત્ર-

• સૂત્ર-૧૫૦ :-

***મુનિ પૂર્વ સંયોગનો ત્યાગ કરી ઉપશમ કરી ‘આપીડન’, ‘પ્રપીડન’, ‘નિષ્પીડન’ કરે. તે માટે ‘અવિમના’ સ્વારત, સમિત, સહિત, વીર થઈને સંયમન કરે. અનિવૃત્તિગામી વીરોનો માર્ગ દુરઅનુચર હોય છે. માંસ અને લોહીને તપથી ઓછા કરી આ પુરુષ સંયમી, વીર, ગ્રાહ્ય વચનવાળો, મોક્ષને યોગ્ય બને છે. તે બ્રહ્મચર્યમાં રહીને શરીરને કૃશ કરે છે.***

• વિવેચન :-

આવિલએ - અવિકૃષ્ટ તપ વડે શરીરને દુઃખ આપે. દીક્ષા પછી ભણીને પરિણત થાય ત્યારે પ્રકર્ષથી તપ કરી કાયાને પીડે. ફરી વધુ ભણી અંતેવાસી વર્ગ અર્થસાર મેળવી શરીર ત્યાગ માટે માસક્ષમણાદિથી શરીરને પીડે.

જો તે પૂજાદિ લાભ માટે તપ કરે તો તે તપ નિરર્થક જ છે. તે માટે બીજી રીતે કહે છે - કાર્મણ શરીરને પીડે; વધુ પીડે, નિશ્ચયથી પીડે. - x - અથવા કર્મનું આપીડન તે ચોથાથી સાતમા ગુણઠાણા સુધી થોડો તપ કરે, આઠમા-નવમા ગુણઠાણે મોટી તપસ્યા કરે. દશમા ગુણઠાણે માસક્ષમણાદિ કરે. અથવા ઉપશમ શ્રેણીમાં થોડો, ક્ષપક શ્રેણીમાં વધુ, શૈલેશી અવસ્થામાં અતિ તીવ્રતપ કરે. કઈ રીતે કરે ?

તે માટે ધન-ધાન્યાદિ પૂર્વ સંયોગોનો ત્યાગ કરીને અથવા અનાદિ ભવસંબંધ-અસંયમનો ત્યાગ કરી તપ કરે. ઇન્દ્રિય-મનના સંયમ રૂપ ઉપશમ પામીને તપ કરે અર્થાત્ અસંયમ છોડીને સંયમ આદરીને તપ-ચારિત્ર વડે આત્મા કે કર્મને પીડે. -

x - ઉપશમ મેળવ્યા પછી નિશ્ચલ શાંતિ મેળવે તે કહે છે - કર્મક્ષય માટે અસંયમ ત્યાગથી અવશ્ય મળેલ સંયમથી ચિત્તની અશાંતિ ન હોય એટલે ભોગકષાય કે અરતિમાં તેનું મન ન જાય.

તે કર્મવિદારણ સમર્થ હોવાથી વીર છે. સારી રીતે - જીવનમર્યાદા વડે સંયમ અનુષ્ઠાનમાં રત હોય, પાંચ સમિતિએ સમિત, જ્ઞાનાદિ યુક્ત એવો એક વખત લીધેલ સંયમભારની યતના કરે. આ સંયમ અનુષ્ઠાન વીરને પણ દુઃખથી પળાય તેવો છે માટે તેનો વારંવાર ઉપદેશ કરાય છે.

अनिवर्त्त - તે મોક્ષ. તેમાં જવાની ઇચ્છાવાળાને આ સંયમ પાળવો કઠિન છે. તે પાળવા માટે કામવાસના વધારનાર માંસ અને લોહીને વિકૃષ્ટ તપ - અનુષ્ઠાન વડે દૂર કરે - શોષવે. આ વીરોના માર્ગનું અનુચરણ છે. આ રીતે લોહી-માંસને સૂકવનાર તે પુરુષ છે. દ્રવ એટલે સંયમ. તે જેને હોય તે દ્રવિક કે દ્રવ્યભૂત છે. કેમકે તે જ મોક્ષગમન યોગ્ય છે. કર્મશત્રુ જીતવામાં સમર્થ હોવાથી તે વીર છે. - x -

आयाणिज्ज - વીરના માર્ગને પામેલ, માંસ-લોહી દૂર કરનાર મુમુક્ષુ ગ્રાહ્ય એટલે આદેયવચન છે. જે સંયમમાં રહી કામવાસના જીતવામાં પ્રયત્ન કરે, શરીર કે સંચિત કર્મોને તપ-ચરણ વડે કૃશ કરે તે આદાનીય તથા વ્યાખ્યાત છે.

અપ્રમત્ત કહ્યા. હવે પ્રમત્તને કહે છે—

● સૂત્ર-૧૫૧ :-

***નેત્રાદિ ઇન્દ્રિયના વિષયનો ત્યાગ કરીને જે ફરી કર્મના સ્રોતમાં ગૃદ્ધ થાય છે, તે અજ્ઞાની બંધનથી મુક્ત થતો નથી. ધન-ધાન્યાદિ સંયોગથી મુક્ત થતો નથી. મોહ-અંધકારમાં પડેલ આવા અજ્ઞાનીને ભગવંતની આજ્ઞાનો લાભ થતો નથી - તેમ હું કહું છું.***

● વિવેચન :-

જે પદાર્થ તરફ લઈ જાય કે પદાર્થનો નિર્ણય કરવા જે દોરે તે નેત્ર આદિ પાંચ ઇન્દ્રિયો છે - x - તેને વડે સ્વ વિષય ગ્રહણ કરવાથી જે પાપ થાય તે અટકાવીને આદાનીય બની બ્રહ્મચર્યમાં વસવા છતાં ફરી મોહના ઉદયથી આદાનસ્રોતમાં ગૃદ્ધ બની-સાવધ અનુષ્ઠાન વડે સંસાર ભ્રમણના બીજરૂપ કર્મના ઇન્દ્રિય-વિષયરૂપ પ્રવાહ કે મિથ્યાત્વ આદિમાં રક્ત બને. તે અજ્ઞ છે અને મહામોહથી મલિન અંતઃકરણ-વાળો છે.

તે સેંકડો જન્મ-મરણ આપનાર કર્મરૂપ બંધન પામે છે. વળી જેણે સંસાર સંયોગરૂપ ધન, ધાન્ય, હિરણ્ય, પુત્ર આદિ કૃત અસંયમનો સંયોગ છોડ્યો નથી, તે અનભિક્રાંત સંયોગી છે. તેવા કુસાધુને ઇન્દ્રિયોના અનુકૂળ રૂપે અથવા મોહરૂપ અંધકારમાં વર્તતા આત્મહિત કે મોક્ષ ઉપાય ન જાણવાથી તીર્થંકરની આજ્ઞાનો લાભ થતો નથી. તેમ હું કહું છું અથવા આજ્ઞા એટલે સમ્યક્ત્વનો લાભ થવાનો નથી, ભાવિમાં પણ બોધિ દુર્લભ થાય.



● સૂત્ર-૧૫૨ :-

***જેને પૂર્વભવમાં [સમ્યક્ત્વ] નથી, ભાવિમાં તેવી યોગ્યતા નથી તેને વર્તમાનમાં તો તે ક્યાંથી હોય ? જે ભોગાદિથી નિવૃત્ત છે, તે જ પ્રજ્ઞાવાન્, બુદ્ધ અને આરંભથી વિરત છે. આ જ સમ્યક્ છે એવું તું જો - [હિંસાથી] બંધન, વધ, પરિતાપાદિ ભયંકર દુઃખો સહન કરવા પડે છે. તેથી પાપના બાહ્ય-અભ્યંતર કારણો દૂર કરીને આ મૃત્યુલોકમાં નિષ્કર્મદર્શી બનવું જોઈએ. કર્મોનું ફળ અવશ્ય મળે છે એ જાણીને તત્ત્વજ્ઞ પુરુષ કર્મબંધનના કારણોથી સદા દૂર રહે.***

● વિવેચન :-

જે કોઈ બાળ-મૂર્ખ કર્માદાનના સ્રોતમાં ગૃદ્ધ થયેલ છે, બંધનો તોડ્યા નથી, સંયોગ છોડ્યા નથી, અજ્ઞાન અંધકારમાં વર્તે છે. તેને પૂર્વજન્મમાં બોધિલાભ-સમ્યક્ત્વ ન હતુ. ભાવિ જન્મે થશે નહીં, મધ્યજન્મમાં ક્યાંથી હોય ? જેને પૂર્વભવે બોધિલાભ થયો છે કે ભાવિમાં થશે. તેને જ વર્તમાનમાં બોધિલાભ મળે. જેણે સમ્યક્ત્વનો સ્વાદ લીધો છે, તે ફરી મિથ્યાત્વ ઉદય પામે. તો પણ અપાર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં ફરી સમ્યકત્વ પામે. પણ સમ્યકત્વ વમ્યા પછી ફરી ન પામે તેવું નથી જ. અથવા અનિરુદ્ધ ઇન્દ્રિયવાળાને પણ આદાનસ્રોત ગૃદ્ધ જાણવો.

જે સાધુ પ્રમાદી ન થઈ સંસાર સુખ સ્મરણ ન કરતો ભાવિ દિવ્યસુખ ન ઇચ્છે તેને વર્તમાનમાં સુખની ઇચ્છા ક્યાંથી હોય ? તે બતાવે છે - જે ભોગવિપાકવેદીને પૂર્વભોગ સ્મૃતિ નથી, ભાવિ ભોગાશા નથી તેવા સાધુને - x - વર્તમાનમાં ભોગેચ્છા ક્યાંથી થાય ? મોહનીય ઉપશાંત થવાથી ભોગેચ્છા ન હોય. ત્રિકાળ-વિષય ભોગેચ્છા નિવૃત્ત કેવા હોય ?

- x - તે સાધુ - x - જીવ અજીવાદિ તત્ત્વનો જ્ઞાતા 'પ્રજ્ઞાનવાન્' હોય. તત્ત્વ જાણનાર બુદ્ધ હોય, સાવધ અનુષ્ઠાન આરંભથી વિરમેલ હોય. આ આરંભ ઉપરતત્વ શોભન છે તે બતાવે છે - x - તે સમ્યક્ છે, સમ્યક્ત્વનું કાર્ય હોવાથી સમ્યક્ત્વ છે, તેમ જોઈ તું તેને મેળવ. જે કારણે સાવધ આરંભમાં પ્રવર્તેલ છે, તે સાકળનું બંધન છે, ચાબખાનો માર છે, પ્રાણ સંશયરૂપ છે, શરીર-મનનો પરિતાપ છે અસહ્ય દુઃખદાયી છે.

તેથી આરંભ-છોડવા સારા છે. તે માટે ધન, ધાન્યાદિ રૂપ કે હિંસાદિ આશ્રવ દ્વાર રૂપ બાહ્ય અને રાગદ્વેષાત્મક વિષયપિપાસારૂપ અભ્યંતર પાપોપાદાન સ્રોતને દૂર કર. મોક્ષ કે સંવર રૂપ નિષ્કર્મત્વ જો. આ સંસારમાં-મૃત્યુલોકમાં જે નિષ્કર્મદર્શી છે, તે જ બાહ્યાભ્યંતર સ્રોત છેદે છે. આવો બાહ્યાભ્યંતર સંયોગ છેદનાર ક્યો આધાર લઈ નિષ્કર્મદર્શી બને ?

મિથ્યાત્વ આદિથી બંધાય તે જ્ઞાનાવરણીયાદિ કર્મોનું ફળ દેવાપણું જાણે જેમકે જ્ઞાનાવરણીયથી જ્ઞાનનું આવરણ થાય ઇત્યાદિ. અહીં પ્રશ્ન કર્યો છે - x - x - તપ કરવાથી કર્મનો ક્ષય પણ થાય, તો કર્મો સ-ફળ કેમ કહ્યાં ?

ઉત્તર - આ કોઈ દોષ નથી. - x - પ્રત્યેકને આઠ કર્મનો ઉદય છે એમ નહીં,

પણ બધાં જીવ આશ્રયી સામાન્યથી જોતા આઠે કર્મનો સદ્ભાવ છે. તેથી કર્મનું સફલપણું કહ્યું. તેથી કર્મ કે તેના ઉપાદાન કારણ આશ્રવને નિશ્ચયથી છોડે-આશ્રવ થાય તેવું કૃત્ય ન કરે. વેદ અર્થાત્ - x - આગમ. તેને જાણે તે વેદવિદ્ - સર્વજ્ઞ ઉપદેશ વર્તી.

આ મારો જ અભિપ્રાય નથી. બધાં તીર્થંકરોનો આશય છે તે કહે છે—

● **સૂત્ર-૧૫૩ :-**

***હે શિષ્ય ! જે વીર છે, સમિત છે, સહિત છે, સદા યતનાવાન્ છે, શુભાશુભ દર્શી છે, સ્વતઃ ઉપરત છે, લોકને યથાર્થરૂપે જોનાર છે, પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશામાં સત્યમાં સ્થિત છે; તે વીર સમિત, સહિત, યતનાવાન, શુભાશુભદર્શી, સ્વયં ઉપરત, યથાર્થ લોક દૃષ્ટાના જ્ઞાનને હું કહીશ—***

***આવા યથાવસ્થિત સ્વરૂપ જાણનારને કોઈ ઉપાધિ નથી. તેમ કહું છું.***

● **વિવેચન :-**

સમ્યગ્વાદ, નિરવધ તપ, ચારિત્ર કહ્યું. હવે તેનું ફળ કહે છે - જે કોઈ અતીત, અનાગત, વર્તમાન [?] છે. તેઓ કર્મ વિદારણ સમર્થ હોવાથી વીર છે. સમિતિ યુક્ત, જ્ઞાનાદિ સહિત, સત્ સંયમ વડે સદા યતનાવાળા, શુભ અશુભને નિરંતર દેખનાર, પાપકર્મો રૂપ આત્માથી ઉપરત છે. જેવી રીતે લોક ચૌદ રાજ પ્રમાણ છે કે કર્મલોક છે - પૂર્વાદિ બધી દિશામાં રહેલ છે તેને દેખતા સત્ય, સંયમ, તપમાં સ્થિર છે, ત્રિકાળ વિષયતા જોનારા છે.

પૂર્વે અનંતા થયા, વર્તમાનમાં પંદર કર્મભૂમિમાં સંખ્યાતા છે. ભાવિમાં અનંતા સ્થિત રહેશે; તેઓનો ત્રણે કાળનો બોધ છે તે હું તમને કહીશ. તે તમે સાંભળો. તેઓ 'વીર' ઇત્યાદિ વિશેષણ યુક્ત છે. - x - x - [તે બોધ આ પ્રમાણે] - જે કર્મજનિત ઉપાધિ છે તે નારકાદિ ગતિમાં જન્મ, સુખી-દુઃખી, સુભગ-દુર્ભગ, પર્યાપ્તક-અપર્યાપ્તક આદિ મળે કે નહીં તેવી પરમત શંકા છે. તીર્થંકરો સાક્ષાત્ જોઈને કહે છે - મમત્વ છૂટી જવાથી તેવા કેવલીને કર્મજનિત ઉપાધિ નથી. તેમ હું કહું છું.

**અધ્યયન-૪ ''સમ્યક્ત્વ'' ઉદ્દેશો-૪ ''સંક્ષેપવચન''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

સૂત્રાનુગમ કહ્યો. નયવિચારથી તેનો અતિદેશ કર્યો. અધ્યયન પૂરું થયું.

**આચારાંગ સૂત્ર-શ્રુતસ્કંધ-૧ના અધ્યયન-૪નો મુનિદીપરત્નસાગરે કરેલો સટીક અનુવાદ પૂર્ણ**



## શ્રુતસ્કંધ-૧

# અધ્યયન-૫ લોકસાર

● **ભૂમિકા :-**

ચોથું અધ્યયન કહ્યું. હવે પાંચમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ગત અધ્યયનમાં સમ્યક્ત્વ કહ્યું. તેમાં જ્ઞાન રહેલું છે. તે બંનેનું ફળ ચારિત્ર એ મોક્ષનું પ્રધાન અંગ છે, તેથી લોકમાં સારરૂપ હોવાથી તેના પ્રતિપાદન માટે આ અધ્યયન છે. આવા સંબંધથી આવેલા આ અધ્યયનના ઉપક્રમ આદિ ચાર અનુયોગ દ્વારો છે. ઉપક્રમ દ્વારે અર્થાધિકાર બે રીતે છે. અધ્યયન અધિકાર પૂર્વે કહ્યો. ઉદ્દેશ અધિકાર નિર્યુક્તિકાર કહે છે—

**[નિ.૨૩૬ થી ૨૩૮]** હિંસા કરે તે હિંસક. આરંભ કરવો તે આરંભ. વિષયોનો આરંભ કરતો તે વિષયારંભક. - x - હિંસક અને વિષયારંભક સાથે લીધા. જે સાધુ પ્રાણીની હિંસા કરે અને વિષય સુખ માટે સાવધ આરંભ કરે તે મુનિ ન કહેવાય. વિષયસુખ માટે એકલો વિચરે તે એકચર છે. તે પણ મુનિ નથી. પહેલા ઉદ્દેશામાં હિંસક, વિષયારંભક, એકચરનો અધિકાર છે.

બીજા ઉદ્દેશામાં-હિંસાદિ પાપસ્થાનોથી જે દૂર રહે તે વિરત મુનિ, તેનો અધિકાર છે. બોલવાના આચારવાળો તે વાદી, પણ અવિરત વાદી પરિગ્રહવાળો હોય છે. તેનો અર્થાધિકાર છે.

ત્રીજા ઉદ્દેશામાં-આ જ વિરત મુનિ અપરિગ્રહી બને છે અર્થાત્ કામ અને ભોગથી દૂર રહે છે. તેનો અધિકાર છે.

ચોથા ઉદ્દેશામાં - અગીતાર્થને સૂત્રાર્થ વિના દુઃખો ભોગવવા પડે છે.

પાંચમાં ઉદ્દેશામાં દ્રહની ઉપમાથી સાધુને ચિંતવવા. જેમ પાણી ભરેલ અને પાણી ન ઝરે તેવો દ્રહ પ્રશસ્ય છે, તેમ સાધુ પણ જ્ઞાન, દર્શન, ચારિત્રથી ભરેલો હોય અને વિસરી ન જાય તથા તપ, સંયમ, ગુપ્તિથી નિસંગતા રાખે.

છટ્ઠા ઉદ્દેશામાં ઉન્માર્ગ વર્જન અર્થાત્ કુદૃષ્ટિ અને રાગદ્વેષ ત્યાગ છે.

નામ નિષ્પન્ન નિક્ષેપામાં આદાન પદ, ગૌણ બંનેને નિર્યુક્તિમાં કહે છે—

**[નિ.૨૩૯]** પ્રથમ ગ્રહણ કરાય તે આદાન. તેનું પદ તે આદાન પદ. તેના કરણપણાથી આવંતી તે નામ છે. અધ્યયનના આરંભે તે બોલાય છે. - x - ગુણથી નિષ્પન્ન તે ગૌણ. ગૌણનામ તે 'લોકસાર' છે. ચૌદ રાજ પ્રમાણ લોકનો સાર તે લોકસાર, બે પદ વાળું નામ છે. લોક અને સારના ચાર નિક્ષેપા છે. નામલોક-કોઈનું 'લોક' નામ રાખે. સ્થાપના લોક-ચૌદ રાજલોકની સ્થાપના. તેની ત્રણ ગાથા છે. *[તેમાં ગણિત પ્રક્રિયા છે, જે જ્ઞાતા પાસે જ સમજવી.]*

દ્રવ્યલોક - જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ છનો સમૂહ.

ભાવલોક-ઔદયિક આદિ છ ભાવરૂપ કે સર્વ દ્રવ્ય-પર્યાયાત્મક.

'સાર' પણ નામાદિ ચાર ભેદે છે. તેમાં દ્રવ્યસારને કહે છે—

[નિ.૨૪૦] - x - બધામાં ‘ધન’ સાર ભૂત છે. જેમકે - આ કોટિસાર [કરોડપતિ] છે. આ પાંચ કોડીવાળો છે. સ્થૂળમાં એરંડો સાર છે. - x - ગુરૂપણામાં વજ ભારે છે. - x - x - x - દ્વિપદમાં તીર્થંકર સાર છે, અપદમાં કલ્પવૃક્ષ સાર છે. અચિત્તમાં વૈડૂર્યરત્ન સાર છે. - x - x - સ્વામીપણામાં ગોરસનું ઘી સાર છે, અધિકરણમાં પાણીમાં કમળ સાર છે, હવે ‘‘ભાવ સાર’’—

[નિ.૨૪૧] ભાવ-વિષયમાં સાર વિચારતા ફળનું સાધન સાર છે. ફળ એટલે જે માટે ક્રિયા કરીએ તેની પ્રાપ્તિ. ફળ સાધનતા એટલે ફળ માટે આરંભમાં પ્રવર્તવું, પછી ફળની પ્રાપ્તિ તે મુખ્ય છે. ફળે તો પણ તે અનેકાંતિક અને આત્યંતિક રૂપ હોવાથી નિઃસાર છે, તેથી વિપરીત ‘‘સિદ્ધિ’’ એ સાર છે.

આ સિદ્ધિપદ ઉત્તમ સુખ વડે શ્રેષ્ઠ છે. કેમકે તે આત્યંતિક, એકાંતિક, અનાબાધ સુખ હોવાથી ઉત્તમ છે. તેના સાધનો જ્ઞાન, દર્શન, સંયમ, તપ છે. ભાવ-સારરૂપ સિદ્ધિ ફળ મેળવવા જ્ઞાનાદિ ઉપયોગી છે. તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રનો અધિકાર છે. તે જ્ઞાનાદિની ભાવસારતા બતાવે છે—

[નિ.૨૪૨] ગૃહસ્થ લોકમાં કુત્સિત સિદ્ધાંતી કામ પરિગ્રહથી કુત્સિત માર્ગમાં રક્ત બનીને લોકો કામપરિગ્રહ આગ્રહી બની ગૃહસ્થભાવને પ્રશંસે છે અને બોલે છે - ગૃહસ્થાશ્રમ જેવો ધર્મ થયો નથી - થવાનો નથી. શૂરપુરુષો તેનું પાલન કરે છે, કાયરો પાખંડનો આશ્રય લે છે. સર્વે પાખંડી ગૃહસ્થાશ્રમ આધારે રહે છે. આ રીતે મહામોહમોહિત ઇચ્છા મદન કામમાં પ્રવર્તે છે. વેશધારી પણ ઇન્દ્રિયોની કુચેષ્ટા ન રોકીને બે પ્રકારે કામવાસના ઇચ્છે છે. તેના કરતા લોકમાં સારરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ગુણો ઉત્તમ સુખવાળી શ્રેષ્ઠ સિદ્ધિ મેળવવા માટે આદરણીય ‘સાર’ છે.

જો આ જ્ઞાનાદિ ગુણો હિત માટે સાર છે, તો શું કરવું ? તે કહે છે—

[નિ.૨૪૩] ‘શંકાપદ’ છોડી દે. શું મારા આરંભેલ અનુષ્ઠાન નિષ્ફળ છે એવો વિકલ્પ તે શંકા. તેના નિમિત્ત કારણ તે ‘શંકાપદ’. જેમકે અરિહંતે કહેલ અતિ સૂક્ષ્મ અતીન્દ્રિય કેવલ આગમગ્રાહ્ય અર્થોમાં સંદેહ એવા શંકાપદને છોડીને આ જ્ઞાનાદિ સારપદને દૃઢપણે અને પાંખડીના દંભથી ક્ષોભિત થયા વિના ગ્રહણ કરવો. શંકાપદને નિવારવા કહે છે - ‘જીવ છે’. જીવના ગ્રહણથી અજીવાદિ પણ ગ્રહણ કરવા. જીવવાળો જીવે છે કે જીવશે તે શુભાશુભફળ ભોકતા તે જીવ અને તે ‘‘હું પોતે’’ એમ પ્રત્યક્ષ સાધ્ય છે અથવા ઇચ્છા, દ્વેષ, પ્રયત્નાદિ કાર્યાનુમાનથી જીવ સાધ્ય છે.

અજીવો પણ ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ છે, તે ગતિ, સ્થિતિ, અવગાહ અને બે અણુ વગેરે સ્કંધના હેતુરૂપ છે. એ રીતે આશ્રવ, સંવર, બંધ, નિર્જરા પણ વિદ્યમાન છે. આદિ-અંતના ગ્રહણથી મધ્યનું ગ્રહણ થાય તેથી સાક્ષાત્ જીવ પદાર્થનું ગ્રહણ કરીને હવે મોક્ષપદને કહે છે - પરમ-પદ કે મોક્ષ શુદ્ધ પદ વાચી હોવાથી વિદ્યમાન છે. તે બંધનો પ્રતિપક્ષી કે બંધ સાથે અવિનાભાવીપણે છે.

હવે જો મોક્ષ હોય પણ તેની પ્રાપ્તિનો ઉપાય ન હોય તો માણસો શું કરે ? તેથી કહે છે કે રાગદ્વેષ છોડવા યત્ન કરે. રાગ-દ્વેષ ઉપશમથી સંયમ પણ વિદ્યમાન છે. આ રીતે જીવ અને મોક્ષની શંકા નિવારીને જ્ઞાનાદિ સાર પદ દૃઢતાથી ગ્રહણ કરવા. તેથી પણ ‘સાર’ શ્રેષ્ઠ ગતિ બતાવે છે.



[નિ.૨૪૪] ચૌદ રાજ પ્રમાણ લોકનો સાર શું ? તે સારનો સાર શું ? તેના સાર-સારનો સાર જો તમે જાણો છો તો હું પૂછું છું તે કહો —

[નિ.૨૪૫] બધાં લોકનો સાર ધર્મ છે. ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે, સંયમનો સાર નિર્વાણ છે. આ રીતે નામનિક્ષેપ કહ્યો.

## ૐ અધ્યયન-૫ ‘લોકસાર’ ઉદ્દેશો-૧ ‘એકચર’ ૐ

હવે સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે છે—

• **સૂત્ર-૧૫૪ :-**

***આ લોકમાં જે કોઈ પ્રાણી સપ્રયોજન કે નિષ્પ્રયોજન જીવહિંસા કરે છે, તેઓ તે જીવોમાં વિવિધરૂપોમાં ઉત્પન્ન થાય છે. તેમને વિષયભોગ છોડવા કઠિન છે, તેથી તે મૃત્યુની પકડમાં રહે છે. મોક્ષસુખથી દૂર રહે છે. તેઓ વિષયસુખને ભોગવી શકતા નથી કે વિમુખ પણ થઈ શકતા નથી.***

• **વિવેચન :-**

જેટલા જીવો, મનુષ્યો કે બીજા અસંયત છે. તેમાં કેટલાંક ચૌદરાજ લોકમાં કે ગૃહસ્થ-અન્યતીર્થિક લોકમાં છ કાય જીવના આરંભમાં પ્રવર્તીને અનેક પ્રકારે વિષયાભિલાષથી તેમને પીડે છે. - x - દુઃખ દે છે. ધર્મ-અર્થ-કામરૂપ પ્રયોજન માટે પ્રાણીનો ઘાત કરે છે. ધર્મ નિમિત્તે શૌચ માટે પૃથ્વીકાયની હિંસા કરે છે, અર્થ માટે ખેતી આદિ કરે છે, કામાર્થે આભૂષણ બનાવે છે. આ પ્રમાણે બીજા કાયોની હિંસા સંબંધી પણ જાણવું.

વળી અનર્થથી - પ્રયોજન વિના ફક્ત શોખ માટે શિકાર આદિ પ્રાણી ઉપઘાતકારી ક્રિયા કરે છે. એ રીતે અર્થ કે અનર્થથી પ્રાણીઓને હણી - x - એકેન્દ્રિયાદિ પ્રાણીને દુઃખ દે છે - x - પછી તેમાં પોતે જ અનેકવાર ઉત્પન્ન થાય છે અથવા તે જીવોને બાધા કરી બંધાયેલા કર્મ વડે તે-તે કાયમાં ઉત્પન્ન થાય છે. તેવા તેવા પ્રકાર કર્મોને ભોગવે છે. *[અહીં વૃત્તિ અને ચૂર્ણિમાં થોડા ભેદ સહિત નાગાર્જુનીયનો વાચના પાઠ છે.]*

જીવો આવા કર્મો શા માટે કરે છે ? જે અન્યકાયમાં ભોગવવા પડે ?

તત્ત્વને ન જાણનારા તે જીવને શબ્દાદિ કામો દુસ્ત્યાજ્ય છે. અલ્પ સત્ત્વવાળા અને મંદપુણ્ય જીવોને તેનું ઉલ્લંઘન દુષ્કર છે. તેથી તે કાયમાં પ્રવર્તે છે. તેથી પાપ બંધાય છે. તેનાથી - તે જીવને છ કાય જીવોને દુઃખ દેવાથી તથા અધિક કામેચ્છાથી તે મરણને વશ થાય છે. ફરી જન્મ પામે જ છે. ફરી મૃત્યુ, એ પ્રમાણે જન્મ-મરણરૂપ સંસારમાંથી ન - x - છુટે.

બીજું - મૃત્યુ મધ્યે પડેલો તે મોક્ષના ઉપાય એવા જ્ઞાનાદિ કે તેના કાર્ય મોક્ષથી દૂર રહે છે. અથવા સુખનો અર્થી તે કામોને તજતો નથી. તે કારણે તે મૃત્યુ મધ્યે વર્તે છે. તેથી જન્મ, જરા, મરણ, રોગ, શોકથી ઘેરાઈ સુખથી દૂર રહે છે. તે

અધિક કામ લાલસાથી મૃત્યુના મુખમાં પડીને વિષય સુખના કિનારે આવતો જ નથી. કામ અભિલાષ ન ત્યાગતા સંસારથી દૂર થતો નથી. અથવા અધિક કામી કર્મની અંદર વર્તે છે કે બહાર તે કહે છે - x - x - તે જીવ કર્મના મધ્યમાં પણ નથી તેમ દૂર પણ નથી.

એ જ રીતે ચારિત્રની પ્રાપ્તિમાં પણ તે અંદર નથી બહાર પણ નથી. એમ બોલવું શક્ય છે. અથવા આ પ્રાણો લેવારૂપ કર્મ ન કરનાર સંસારની અંદર છે કે બહાર ? તે શંકાનું સમાધાન કરે છે. ઘાતિકર્મ ક્ષય થવાથી તે સંસાર મધ્યે નથી, ચાર અઘાતી કર્મ બાકી છે માટે તે બહાર પણ નથી. જેણે ગ્રંથિ ભેદી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, મોક્ષે જનાર છે તેના ભાવો કેવા હોય ?

● **સૂત્ર-૧૫૫ :-**

***તે [તત્ત્વદર્શી] જાણે છે કે તૃણના અગ્રભાગે રહેલ, અસ્થિર અને વાયુથી કંપિત થઈ નીચે પડતાં જલબિંદુની માફક અજ્ઞાની, અવિવેકી, પરમાર્થને નહીં જાણતા જીવોનું જીવન પણ અસ્થિર છે. છતાં અજ્ઞાની જીવ ક્રૂરકર્મ કરતો, દુઃખથી મૂઢ બની વિપરીત દશા પામે છે. મોહના કારણે ગર્ભ અને મરણ પામે છે. આ મોહથી ફરી ફરી સંસારમાં ભમે છે.***

● **વિવેચન :-**

જેનું મિથ્યાત્વ પટલ દૂર થયું છે, સમ્યક્ત્વ પ્રભાવથી સંસારની અસારતા જાણી છે, તે જાણે છે કે તૃણના અગ્રભાગે રહેલા જલબિંદુ માફક અજ્ઞાનીનું જીવન છે તે જલબિંદુ ઉપર આવતા પાણીના બીજા બિંદુથી પ્રેરિત વાયુ વડે તે જળબિંદુ પડી જાય છે. - x - તે રીતે અજ્ઞાનીનું જીવિત પણ ક્ષણિક છે. તત્ત્વ જાણનાર ડાહ્યો સાધુ તેમાં મોહ ન કરે.

અજ્ઞાનપણાથી બાલ-અજ્ઞ જીવનને બહુ માને છે. તેથી તે બાળ છે. તેથી તે સત્‌અસત્‌ના વિવેકથી શૂન્ય-મંદ છે, બુદ્ધિમંદ હોવાથી પરમાર્થ જાણતો નથી. તેથી જીવિતને બહુ માને છે. પરમાર્થ ન જાણવાથી નિર્દય અનુષ્ઠાનો, હિંસા-જૂઠ આદિ - x - અઢાર પાપસ્થાનો તે અજ્ઞ પ્રકર્ષથી કરે છે. - x - તે ક્રૂરકર્મના વિપાકથી પ્રાપ્ત દુઃખ વડે મૂઢ બને છે.

આવો મૂઢ કયા કાર્યથી મારું આ દુઃખ ઉપશાંત થાય એવી મોહિત મતિથી વિપર્યાસ પામે છે. પ્રાણિ-ઘાતથી પ્રાપ્ત દુઃખને શાંત કરવા તે જ હિંસા ફરી કરે છે. અજ્ઞાન કે મોહ મિથ્યાત્વ-કષાય-વિષય અભિલાષ છે. તે મોહથી મોહિત થઈ નવા કર્મો બાંધે, ગર્ભમાં જાય, પછી જન્મ ફરી બાલ-યૌવન વય, ફરી વિષયકષાયથી કર્મો બાંધી જન્મ-મરણ પામતો નરકાદિ યાતના સ્થાનમાં જાય છે.

ઉક્ત મોહ કાર્ય-જન્મ મરણાદિથી તે ફરી ફરી અનાદિ-અનંત ચતુર્ગતિ સંસારમાં ભમે છે. તેનાથી મુક્ત થતો નથી. પણ જો મિથ્યાત્વ વિષયકષાયના ભાવોથી દૂર રહે તો સંસાર ભ્રમણ ન થાય. મોહના અભાવે વિશિષ્ટ જ્ઞાનોત્પત્તિથી મિથ્યાત્વાદિ દૂર થાય.- x - x -



અર્થના સંશયથી પ્રવૃત્તિ થતી દેખાય છે, તે કહે છે—

● **સૂત્ર-૧૫૬ :-**

***જે સંશયને જાણે છે, તે સંસારના સ્વરૂપને જાણે છે, જે સંશયને નથી જાણતા તે સંસારને પણ નથી જાણતા.***

● **વિવેચન :-**

બંને બાજુના અંશ જેમાં દેખાય તે સંશય. તેના બે ભેદ-અર્થ સંશય, અનર્થ સંશય. અર્થ તે મોક્ષ અને મોક્ષનો ઉપાય. પરમ-પદ એમ સ્વીકાર્યું તેથી મોક્ષમાં સંશય નથી. તેના ઉપાયમાં સંશય હોય તો પણ પ્રવૃત્તિ થાય છે - x - અનર્થ તે સંસાર અને સંસારના કારણો. તેના સંદેહમાં પણ નિવૃત્તિ થાય કેમકે અનર્થ સંશય તે નિવૃત્તિનું અંગ છે. તેથી અર્થ-અનર્થ સંશયને જાણતો હોય તેને હેય-ઉપાદેય પ્રવૃત્તિ થાય છે. તે જ પરમાર્થથી સંસારનું પરિજ્ઞાન છે. તે દર્શાવે છે—

સંશય જ્ઞાતા ચતુર્ગતિક સંસાર અને તેના કારણ મિથ્યાત્વ આદિને જ્ઞ પરિજ્ઞાથી અનર્થરૂપે જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તજે છે. જે સંશય નથી જાણતો તે સંસાર પણ નથી જાણતો. તે કહે છે, સંદેહને ન જાણનારથી હેય-ઉપાદેય પ્રવૃત્તિ ન થાય. તેથી સંસાર અનિત્ય, અશુચિરૂપ, નિઃસાર છે એમ તે જાણતો નથી. - x - સંસાર પરિજ્ઞાન કાર્ય વિરતિની પ્રાપ્તિ છે. તેથી સર્વ વિરતિમાં શ્રેષ્ઠ વિરતિને બતાવવા કહે છે—

● **સૂત્ર-૧૫૭ :-**

***જે કુશળ છે તે મૈથુન સેવે નહીં, જે આવું કરીને છુપાવે છે, તે એ અજ્ઞાનીની બીજી મૂર્ખતા છે. ઉપલબ્ધ કામભોગોનું પર્યાલોચન કરીને, જાણીને કામભોગોનું સેવન ન કરીને, બીજાને પણ તે ઉપદેશ દે. તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

જે નિપુણ છે, પુણ્ય-પાપ જાણ્યા છે, તે મન, વચન, કાયાથી મૈથુન ન સેવે. તે જ સંસાર જાણનાર છે. જો મોહનીય ઉદયથી પાર્શ્વસ્થાદિ સેવે છે, તે સેવીને સાતા ગૌરવના ભયથી એકાંતમાં મૈથુન સેવીને પછી ગુરુ પૂછે ત્યારે જુઠું બોલે. - x - પાપ છૂપાવે છે. અબુદ્ધિમાન કુકર્મ કરે તે પહેલી અજ્ઞાનતા, પછી જૂઠું બોલતા મૃષાવાદ લાગે. - x - નાગાર્જુનીયા કહે છે—

“જે વિષય સેવે, આલોચના ન કરે, બીજા પૂછે તો જૂઠું બોલે તે પોતાના દોષો વડે વધુ લેપાય છે.” તેથી કામો પ્રાપ્ત થાય ત્યારે “ચિત્રક્ષુલ્લકમુનિ” માફક તેના વિપાકને જાણીને તેને ચિત્તની બહાર કાઢે. - x - x - તે શબ્દ આદિના કટુ વિપાકને જાણીને બીજાને તેવા પાપ કરવાની આજ્ઞા પણ ન આપે. પોતે પણ તે છોડે. તેમ હું કહું છું. મેં પૂર્વે કહ્યું તે મેં એક સમાન શ્રેષ્ઠ જ્ઞાનપ્રવાહ મેળવ્યો છે, શબ્દાદિના સ્વરૂપને જાણીને જિનેશ્વરના વચનથી મને આનંદ થયો છે. તેથી હું કહું છું કે—

● **સૂત્ર-૧૫૮ :-**

***વિવિધ કામોભોગોમાં આસક્ત જીવોને જુઓ. જે નરકાદિ યાતના સ્થાનમાં***

*પકાવાઈ રહ્યા છે. આ સંસારમાં તે જ સ્થાનોને વારંવાર સ્પર્શે છે. લોકમાં જેટલા આરંભજીવી છે, તે આ જ કારણે આરંભજીવી છે. અજ્ઞાની સંયમી જીવનમાં પણ વિષયતૃષ્ણાથી આકુળ બની અશરણને જ શરણ માની પાપકર્મોમાં રમણ કરે છે. આ સંસારમાં કેટલાંક સાધુ એકલા વિચરે છે. તેઓ અતિ ક્રોધ-માન-માયા-લોભ-આસક્ત-નટ જેવા-શઠ સંકલ્પો કરે છે. હિંસાદિ આસ્રવામાં ગૃદ્ધ, દુષ્કર્મ યુક્ત, સ્વ પ્રશંસક, મને કોઈ દુષ્કર્મ કરતા જોઈ ન જાય તેમ વિચરે છે. અજ્ઞાન-પ્રમાદ દોષથી સતત મૂઢ બની ધર્મને જાણતા નથી. હે માનવ ! જે પ્રજા પીડિત છે, કર્મબંધનમાં ચતુર છે, અવિદ્યાથી મોક્ષ પ્રાપ્તિ બતાવે છે. તે સંસાર આવર્તમાં જ પરિભ્રમણ કરે છે - તેમ હું કહું છું.*

● વિવેચન :-

હે એકાંત ધર્મરક્ત મનુષ્યો ! તમે જુઓ. નિઃસાર અને કટુ ફળદાયી રૂપ આદિ ઇન્દ્રિય વિષયોમાં ગૃદ્ધ થઈને ઇન્દ્રિયો વડે વિષય કે સંસાર અભિમુખ થઈને નારકાદિ યાતના સ્થાનોમાં ગયેલા પ્રાણીને જુઓ. તે વિષય સ્વાદુઓ ઇન્દ્રિયને વશ થઈ આ સંસારમાં પરવશ થઈ કર્મની પરિણતિરૂપ સ્પર્શોને વારંવાર તે તે સ્થાનોમાં ભોગવે.

પાઠાંતરમાં एत्थ फाशे ને બદલે एत्थमोहे છે. - આ સંસારમાં મોહ અર્થાત્ અજ્ઞાન કે ચારિત્ર મોહમાં વારંવાર મૂઢ બને છે.

જે કોઈ ગૃહસ્થ સાવધ અનુષ્ઠાનમાં રહે છે, તેઓ ફરી ફરી દુઃખોને અનુભવે છે. વળી તે ગૃહસ્થોને આશ્રીને આરંભ કરે છે તેવા પાખંડી પણ તે દુઃખને પામે છે. - x - x - ગૃહસ્થ કે જૈનેતર તો દૂર રહો, પણ જે સંસાર સમુદ્રથી તરવારૂપ સમ્યક્ત્વ રત્ન મેળવીને પણ મોક્ષનું એક કારણ વિરતિ પરિણામ પામીને પણ કર્મના ઉદયથી સાવધ અનુષ્ઠાયી બને છે. તે કહે છે—

આ અર્હત્ પ્રણીત સંયમ મેળવીને રાગદ્વેષથી આકુળ બનેલો અંદરથી તપતો વિષયતૃષ્ણાથી પાપકર્મ વડે રમે છે. સાવધ અનુષ્ઠાનમાં ચિત્ત લગાડે છે. કામાગ્નિ અને પાપકર્મથી બળતો અશરણ એવા સાવધ અનુષ્ઠાનને શરણ માની ભોગેચ્છા, અજ્ઞાન-અંધકારાચ્છાદિત દૃષ્ટિથી વારંવાર વિવિધ વેદનાને અનુભવે છે. પ્રવ્રજ્યા લઈને પણ કેટલાંક દૂરાચાર કરે છે, તે બતાવે છે—

આ મનુષ્યલોકમાં કેટલાક એકલા વિચરે છે. તેના પ્રશસ્ત-અપ્રશસ્ત બે ભેદ છે. તેના પણ દ્રવ્ય-ભાવ ભેદો છે. તેમાં દ્રવ્યથી ગૃહસ્થ, પાખંડી આદિનું વિષય-કષાય નિમિત્તે એકાકી વિચરણ. ભાવથી અપ્રશસ્ત ન હોય - કેમકે તે રાગદ્વેષ અભાવથી હોય છે. દ્રવ્ય પ્રશસ્ત પ્રતિમા પ્રતિપન્ન - ગચ્છથી નીકળેલ અને સ્થવિરકલ્પીને સંઘાદિ કાર્ય નિમિત્તે એકલા જવું પડે તે છે. ભાવપ્રશસ્ત તો રાગદ્વેષના વિરહથી થાય.

તેમાં દ્રવ્ય તથા ભાવથી એકચર્યા તે સંયમ લઈ કેવળજ્ઞાન ન થયું હોય તેવા તીર્થંકરોને હોય છે. બાકીના બધા ચાર ભાંગામાં આવે છે - તેમાં અપ્રશસ્ત દ્રવ્ય



એકચર્યાના દૃષ્ટાંતનો સંક્ષેપ અહીં બતાવેલ છે—

ધાન્યપૂરક સંનિવેશમાં યુવાન રૂપવાન્ તાપસે ગામથી નિર્ગમન રસ્તે છઠનો તપ શરૂ કર્યો. બીજો તાપસ ગુફામાં અઠમ તપ કરી આતાપના લે છે. પહેલા તાપસને ઠંડી-તાપ સહેતો જોઈ તેના સત્કાર-સન્માન કર્યા. ત્યારે તેણે ગુફાવાળા તાપસની સ્તુતિ કરી, લોકોએ બીજા તાપસની પણ પૂજા કરી આ રીતે બંને ભાઈઓએ એકલા રહી પૂજાવા માટે તપ કર્યો, તે અપ્રશસ્ત.

સૂત્રની વ્યાખ્યા મધ્યે સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કહે છે—

[નિ.૨૪૬] ચાર, ચર્યા, ચરણ એ ત્રણ શબ્દો એકાર્થક છે ‘ચાર’ના નિક્ષેપા છ છે. નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યમાં જ્ઞ-શરીર, ભવ્ય-શરીર વ્યતિરિક્ત દ્રવ્યચાર કહે છે - x - લાકડું જલ અને સ્થલમાં - x - અનેક પ્રકારે ચાલે છે. તેમાં લાકડાનો પુલ વગેરે પાણીમાં બને છે, સ્થળમાં ખાડા વગેરે ઓળંગવા લાકડાં ગોઠવે છે. લાકડાની નાવથી જળમાં ચલાય છે, જમીન પર રથાદિથી ચલાય છે. આદિ શબ્દથી લાકડું મહેલ આદિમાં દાદર બનાવવામાં કામ લાગે છે તથા જે જે દ્રવ્ય એક દેશથી બીજા દેશમાં જવા વપરાય તે દ્રવ્ય ચાર છે.

[નિ.૨૪૭] જે ક્ષેત્રમાં ચાર કરાય અથવા જેટલું ક્ષેત્ર ચાલીએ તે ક્ષેત્રચાર કહેવાય. જે કાળમાં કે જેટલો કાળ ચાલીએ તે કાળચાર છે. ભાવ-ચાર કે ચરણ બે ભેદે છે. (૧) પ્રશસ્તચરણ-જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. (૨) અપ્રશસ્ત ચરણ તે ગૃહસ્થ અને અન્યતીર્થિકનું દર્શન છે. આ રીતે દ્રવ્યાદિ ચાર કહ્યો. હવે સાધુનો પ્રશસ્ત ભાવચાર પ્રશ્ન દ્વારથી બતાવે છે.

[નિ.૨૪૮] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ લોકમાં [શ્રમ સહેનાર] શ્રમણ કે યતિનો દ્રવ્યાદિ ચાર કઈ રીતે ચાર પ્રકારે છે ? તેનો ઉત્તર - અહીં ધૃતિનો અધિકાર છે. (૧) દ્રવ્યધૃતિ - અરસ, વિરસ, તુચ્છ, લુખ્ખા આહારમાં ધૃતિ રાખવી. (૨) ક્ષેત્ર ધૃતિ - કુતીર્થિક ભાવિત કે પ્રકૃતિ અભદ્રક લોકો હોય તો સાધુએ ઉદ્વેગ ન કરવો. (૩) કાળધૃતિ - દુષ્કાળ આદિમાં જેવો લાભ મળે તેમાં સંતોષ રાખવો. (૪) ભાવધૃતિ - કોઈ આક્રોશ, હાંસી આદિ કરે તો પણ ક્રોધ ન કરવો. વિશેષથી તો ક્ષેત્ર અને કાળમાં હલકાપણું હોય ત્યાં વધુ ધૈર્ય રાખવું કેમકે પ્રાયઃ દ્રવ્ય અને ભાવમાં તેના નિમિત્તે જ અધૃતિ થાય છે. ફરી સાધુનો ચાર કહે છે—

[નિ.૨૪૯] સાવધ અનુષ્ઠાન હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ રૂપ પાપના હેતુથી દૂર રહે, પરિગ્રહ ન રાખે તે અપરિગ્રહ. એ દ્રવ્ય-ચાર, ક્ષેત્ર-ચાર-ગુરુ સાંનિધ્ય સેવનાર, જાવજ્જીવ ગુરુ-ઉપદેશાદિ સમન્વિત. આ રીતે કાલ-ચાર બતાવ્યો. સર્વકાળ ગુરુ ઉપદેશ મુજબ વર્તવું. ભાવ-ચાર-ઉલટો માર્ગ તે ઉન્માર્ગ અર્થાત્ અકાર્ય આચરણ છોડવું. તથા રાગદ્વેષથી વિરત બનીને તે સાધુ વિચરે-સંયમ અનુષ્ઠાન કરે. એ રીતે નિર્યુક્તિકારે બતાવ્યું.

હવે સૂત્રને આશ્રીને કહે છે - વિષય કષાય નિમિત્તે એકચર્યા કરે તે કેવો થાય ? વિષયગૃદ્ધ બનેલ, ઇન્દ્રિય અનુકૂળ વર્તી એકચર્યામાં વર્તતો પતિત સાધુ કે ગૃહસ્થ

બીજા દ્વારા અપમાનીત થતા બહુ ક્રોધી થાય. તથા વંદન કરે તો બહુમાનવાળો થાય, કુચેષ્ટા કે ખોટી તપશ્ચર્યાથી બહુમાયી થાય. આ બધું આહારાદિના લોભથી કરે તો બહુ લોભી થાય. તેનાથી તે બહુ પાપકર્મ રજવાળો થાય. અથવા આરંભાદિમાં બહુ રક્ત બને તેથી બહુ રત થાય. નટની માફક ભોગ માટે બહુ વેષો ધારણ કરે તે બહુનટ છે. ઘણાં પ્રકારે શઠપણાથી બહુશઠ કહેવાય. સંસારીપણાના ઘણાં વિચારો કરવાથી બહુસંકલ્પી બને. આ પ્રમાણે ચોર વગેરેની પણ એકચર્યા જાણવી.

ઉક્ત સ્થિતિવાળાની કેવી અવસ્થા થાય ? તે કહે છે—

આસવ - હિંસા આદિ. તેમાં સંગ રાખે તે આશ્રવસકત. पलितं - કર્મથી લેપાયેલો. આવો તે બોલે છે - उट्ठिय - હું ધર્મ-ચારિત્ર માટે ઉધમ કરનારો છું. વેશધારી પણ કહે છે કે, હું પણ પ્રવ્રજિત છું, ધર્મ-ચારિત્ર માટે ઉધત છું. એમ બોલતા તે કર્મ વડે લેપાય છે. તે ઉત્થિતવાદી આસ્રવમાં વર્તતો આજીવિકાના ભયથી કઈ રીતે વર્તે ? તે કહે છે, મને કોઈ પાપ કરતા ન જુએ, તેથી તે છાના પાપો કરે છે તે પાપો અજ્ઞાન કે પ્રમાદના દોષથી કરે છે.

વળી નિરંતર મોહનીયના ઉદય કે અજ્ઞાનથી મૂઢ બનેલો શ્રુતચારિત્ર ધર્મને જાણતો નથી. તેવો વિવેક નથી. - x - વિષય કષાયોથી પીડિત થઈ તેઓ આઠ પ્રકારના કર્મ બાંધવામાં કુશળ છે, પણ ધર્માનુષ્ઠાનમાં કુશળ નથી. હે જંતુઓ ! માનવો ! મનુષ્ય જ ઉપદેશ ગ્રહણ યોગ્ય હોય 'માનવ' લીધું. તે તમે જુઓ. કયા મનુષ્યો ધર્મ ન સમજતા કર્મ બાંધવામાં કુશળ છે ?

જે કોઈ પાપ અનુષ્ઠાનથી વિરક્ત ન હોય તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર જે મોક્ષમાર્ગ છે તે રૂપ વિદ્યાથી વિપરીત અવિદ્યા, તે અવિદ્યાથી ઘેરાયેલા છતાં મોક્ષ કહે, તેઓ ધર્મને જાણતા નથી - x - તે કારણે ભાવ આવર્ત-સંસારમાં જન્મ-મરણનું ભ્રમણ કર્યા કરે છે. નરકાદિ ગતિમાં વારંવાર જન્મ લે છે.

**અધ્યયન-૫ ''લોકસાર'' ઉદ્દેશો-૧ ''એકચર''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૫ ઉદ્દેશો-૨ ''વિરતમુનિ'' 卐

● ભૂમિકા :-

પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પહેલા ઉદ્દેશામાં કહ્યું કે એકચર્યા સ્વીકારીને પણ સાવધ અનુષ્ઠાનની વિરતિના અભાવથી મુનિ ન કહેવાય. તેથી વિપરીત જેમ મુનિભાવ કહેવાય તે કહે છે. આ સંબંધથી આવતું સૂત્ર આ પ્રમાણે—

● સૂત્ર-૧૫૯ :-

***આ લોકમાં જેટલા પણ અનારંભજીવી છે, તેઓ આરંભથી રહિત થઈ પાપકર્મનો ક્ષય કરી આ અપૂર્વ અવસર છે એમ વિચારે. આ ઔદારિક શરીર***





***વિગ્રહની આ વર્તમાન ક્ષણ છે, આ પ્રમાણે જે ક્ષણાન્વેષી છે તે અપ્રમત્ત છે. આ માર્ગ આર્યોએ બતાવેલ છે, તે માટે ઉત્થિત થઈ પ્રત્યેક પ્રાણીના સુખ-દુઃખ પોતાના છે તેમ જાણી પ્રમાદ ન કરે. આ સંસારમાં મનુષ્યના અભિપ્રાય અને દુઃખ ભિન્ન-ભિન્ન બતાવેલા છે. માટે જે કોઈ પ્રકારની હિંસા કરતા નથી, અસત્ય બોલતા નથી, પરીષહોને સમ્યક્ પ્રકારે સહન કરે છે. [તે જ પ્રશંસનીય છે.]***

● વિવેચન :-

આ મનુષ્યલોકમાં સાવધ અનુષ્ઠાન કે પ્રમત્તયોગરૂપ જે આરંભ છે. કહ્યું છે કે, વસ્તુ લેવી કે મૂકવી, બોલવું, પરઠવવું, આવવું-જવું આ બધું જો પ્રમાદથી કરે તો તે સાધુને આરંભ દોષ લાગે. પણ જો પ્રમાદ ન કરે તો અનારંભી કહેવાય. સમસ્ત આરંભથી નિવૃત્ત સાધુ છે જે પુત્ર, પત્ની આદિ માટે આરંભ કરતા ગૃહસ્થને આશ્રીને અનારંભી જીવન જીવે છે. કહ્યું છે કે સાવધ અનુષ્ઠાન પ્રવૃત્ત ગૃહસ્થ અનવધ આરંભ જીવી છે. સાધુ કાદવને આધારે રહેલા કમળ જેવા નિર્લેપ હોય છે.

જો એમ છે તો શું ? આ સાવધ આરંભથી - x - દૂર રહે અથવા આર્હત્ ધર્મમાં રહી પાપારંભથી નિવૃત્ત થાય. સાવધાનુષ્ઠાનથી થતા કર્મ ક્ષય કરતો મુનિભાવને ભજે. - x - x -આ પ્રત્યક્ષ દેખાતા આર્યક્ષેત્ર, સુકુલમાં જન્મ, ઇન્દ્રિય નિવૃત્તિ, શ્રદ્ધા સંવેગ લક્ષણ અવસર કે મિથ્યાત્વ ક્ષય-અનુદય લક્ષણ એટલે સમ્યક્ત્વ પ્રાપ્તિ હેતુભૂત કર્મવિવર લક્ષણવાળો અવસર અથવા શુભ અધ્યવસાય જોડાણરૂપ સંધિ તને મળ્યો છે. તેને તારા આત્મામાં સ્થાપન કરેલ તું જો. માટે ક્ષણ માત્ર પ્રમાદ ન કરજે. ન વિષયાદિથી પ્રમાદવશ થજે.

તત્ત્વ પ્રાપ્ત જ્ઞાની - x - x - ઔદારિક શરીર, તેની આ વાર્ત્તમાનિક ક્ષણ સુખ-દુઃખમાં વીતી અને ભાવિમાં પણ વીતશે એ રીતે પ્રત્યેક ક્ષણને શોધવાના સ્વભાવવાળો સદા અપ્રમત્ત રહે છે. આચાર્ય કહે છે - આ હું નથી કહેતો પણ આ માર્ગ આર્યપુરુષે કહેલ છે. આર્ય એટલે સર્વ ત્યાજ્ય ધર્મથી દૂર મોક્ષ કિનારે પહોંચેલા તીર્થંકર કે ગણધર. પૂર્વે કહેલો, હવે કહેવાતો માર્ગ તીર્થંકરોએ કહ્યો છે એટલું જ નહીં પણ—

उट्ठिए - સંધિ [અવસર] મળેલો જાણીને ધર્મ ચરણ માટે તૈયાર થયેલ તું ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કરીશ. બીજું जाणित्तु - પ્રત્યેક પ્રાણીના દુઃખ અને દુઃખના કારણો કે કર્મ તથા મનગમતું સુખ જાણીને તું પ્રમાદી ન થઈશ. પ્રત્યેક જીવના દુઃખ કે કર્મ જ નહીં પણ તેના ઉપાદાનભૂત અધ્યવસાયો પણ જુદા જ છે તે બતાવે છે - x - તેઓના અભિપ્રાય જુદા છે. અર્થાત્ જુદી જુદી જાતનાં બંધ અધ્યવસાય સ્થાનવાળા છે.

તે આ સંસારમાં કે સંજ્ઞીલોકમાં મનુષ્યો છે. ઉપલક્ષણથી અન્ય જીવો પણ લેવા. સંજ્ઞી પ્રાણીના સંકલ્પ જુદા હોવાથી તેના કર્મ પણ જુદા છે. તેના કારણરૂપ દુઃખ પણ જુદા જુદા છે. - x - ફરી પૂર્વોક્ત કથન યાદ કરાવી કહે છે - ઉપાદાન ભેદથી પ્રાણીનું દુઃખ પણ જુદું છે કેમકે બધા પ્રાણીઓ સ્વકૃત્ કર્મ જ ભોગવે છે, અન્યકૃત્ કર્મ ભોગવતા નથી. એવું માનીને શું કરે ? તે કહે છે - તે અનારંભજીવી સાધુ

પ્રત્યેક પ્રાણીના સુખ-દુઃખના અધ્યવસાયને જાણી - x - હિંસા ન કરે, જૂઠ ન બોલે - x - x -

તે પાંચ મહાવ્રતમાં સ્થિર રહીને પ્રતિજ્ઞાનુસાર સંયમ પાલનમાં ઉદ્યત થાય, - x - શીત-ઉષ્ણાદિ સ્પર્શો કે દુઃખ સ્પર્શોને સહન કરતો આકુલ ન થાય પણ વિવિધ ઉપાયોથી સંસાર અસારાદિ ભાવના વડે આત્માને સમ્યક્ પ્રકારે સહેવા અને પોતાને દુઃખી ન માનવા પ્રેરે. જે સમભાવે પરીષહોને સહે તેને શું ગુણો થાય ? તે કહે છે—

● સૂત્ર-૧૬૦ :-

***આવા [પરીષહ સહેનારા] સાધુ 'શમિતા' પર્યાયવાળા કહેવાય છે. જે પાપકર્મોમાં આસક્ત નથી, તેને કદાચ આતંક પીડે ત્યારે તે દુઃખ સ્પર્શોને સહન કરે એવું ભગવંતે કહ્યું છે. આ દુઃખ પહેલા કે પછી મારે જ સહન કરવાનું છે. આ ઔદારિક શરીર છિન્ન-ભિન્ન થનારું, વિધ્વંસન સ્વભાવવાળું, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, વધવા-ઘટવાવાળું અને નાશવંત છે, આ રૂપસંધિ [શરીર સ્વરૂપ] ને તું જો.***

● વિવેચન :-

પૂર્વે કહેલ પરીષહોને સહેનાર, સમ્યક્ કે શમ ભાવવાળો ચારિત્ર ગ્રહણ કરીને સમ્યક્ કે શમિતા પર્યાયવાળો બને. આ રીતે પરીષહ-ઉપસર્ગથી ક્ષોભિત ન થાય તેમ કહીને હવે રોગની સહનશીલતા બતાવે છે - જેણે કામવાસના દૂર કરી, તૃણ કે મણિમાં, ઢેફા કે સોનામાં સમાનભાવ ધારણ કર્યો છે તેવા સમતાને પામેલા પાપકૃત્યોથી - x - દૂર રહેલા છે. કદાચિત્ તેવા સાધુને મૃત્યુ તુલ્ય શૂલાદિ વ્યાધિ વિશેષ થાય ત્યારે તે શું કરે ? કહે છે - x - તેમજ આ કહેનાર કોણ છે ? તે પણ કહે છે—

બુદ્ધિ વડે રાજે તે ધીર. તે તીર્થંકર કે ગણધર છે, તેઓ કહે છે, તેવા જીવલેણ રોગ વડે પીડાતો છતાં તે દુઃખાનુભવ વ્યાધિવિશેષને સમ્યક્ પ્રકારે સહે, સહન કરતા વિચારે કે - x - પૂર્વે પણ મેં અશાતા વેદનીય કર્મથી આવેલ આવું દુઃખ સહન કર્યું છે, પછી પણ મારે સહન કરવાનું છે કેમકે સંસારવર્તી એવો કોઈ જીવ નથી કે જેને અસાતાવેદનીય કર્મના વિપાકજનિત રોગાતંક ન થયા હોય.

વળી કેવલી ભગવંતે પણ મોહનીયાદિ ચાર ઘાતિકર્મ ક્ષય થતાં કેવળજ્ઞાન ઉત્પત્તિ પછી પણ અસાતા વેદનીયના ઉદયનો સંભવ છે. તેથી તીર્થંકરોને પણ આ બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચન અવસ્થારૂપે આવેલ કર્મ અવશ્ય વેદવું પડે, તે સિવાય મોક્ષ ન થાય. તેથી બીજા સાધુ વગેરેએ પણ અસાતા વેદનીયકર્મ ઉદયમાં આવતા સનત્ કુમારના દૃષ્ટાંતથી 'મારે પણ સહન કરવું' એમ વિચારી ખેદ ન કરવો. કહ્યું છે કે, સ્વકૃત દુષ્કૃત્યનો આ વિપાક છે, તે મધ્યસ્થ રહી સહન કરવો, તેમ કરતા શીઘ્ર દુઃખથી છુટકારો થશે, પણ જો ભોગવવામાં સમતા નહીં રાખે તો તે વિપાક નવા સો ભવનો હેતુ થશે.

વળી આ ઔદારિક શરીર ઘણો કાળ રસાયણાદિથી પોષ્યા છતાં માટીના



કાચા ઘડાથી પણ નિઃસાર અને સર્વથા સદા નાશ પામનારું છે, તે બતાવે છે - પૂર્વે કે પછી આ શરીર પોતાની મેળે ભેદાવાના ધર્મવાળું છે. આ ઔદારિક શરીર સારી રીતે પોષવા છતાં વેદનાનો ઉદય થતાં માથું, પેટ, આંખ વગેરેમાં આપમેળે જ ભેદન પામે છે. તથા હાથ, પગ આદિ અવયવો આપમેળે વિધ્વંસ પામનાર છે.

રાત્રિના અંતે થતા સૂર્યોદય માફક ધ્રુવ ન હોવાથી આ શરીર અધ્રુવ છે તથા અપ્રચ્યુત, અનુત્પન્ન - એક સ્થિર સ્વભાવવાળું હોઈ કૂટસ્થ નિત્યત્વ માફક નિત્ય ન હોવાથી અનિત્ય છે એ જ રીતે અશાશ્વત છે. તથા ઇષ્ટ આહારના ઉપભોગથી ધૃતિ, ઉપષ્ટંભ આદિમાં ઔદારિક શરીર વર્ગણાના પરમાણુના ઉપચયથી ચય તથા ઘટવાથી અપચય છે. તેથી તે ચયાપચયિક છે. તેથી જ વિવિધ પરિણામી અને વિપરિણામ ધર્મી છે. આવા શરીર પર કોણ મમત્વ કે મૂર્છા કરે ? તેથી આ શરીર વડે કુશલ અનુષ્ઠાન વિના બીજી રીતે સફળતા નથી. કહે છે—

આ રૂપસંધિ [યોગ્ય અવસર]ને જુઓ-આ શરીર નાશવંત ધર્મથી ઘેરાયેલું છે, પંચેન્દ્રિયની શક્તિના લાભનો અવસર છે, તે દેખીને જુદા જુદા રોગથી ઉત્પન્ન દુઃખોને સહન કરે. આ પ્રમાણે જોનારને શું થાય ?

● સૂત્ર-૧૬૧ :-

***એવા વિચારથી દેહના સ્વરૂપને જોનારા આત્મરમણરૂપ એક આયતનમાં લીન, શરીરાદિમાં અનાસક્ત, ત્યાગી સાધકને સંસાર ભ્રમણ કરવું નહીં પડે - એમ હું કહું છું.***

● વિવેચન :-

સારી રીતે દેખનારને આ શરીર અનિત્યાદિ છે, એવું વિચારતા તેને સંસારભ્રમણ નથી, તેથી આત્માને બધા પાપારંભોથી મર્યાદામાં રખાય અથવા કુશલ અનુષ્ઠાનમાં ઉદ્યમવાળો કરાય. તો તે જ્ઞાન, દર્શન, ચારિત્રમાં એક-અદ્વિતીય એવો એકાયતન છે, તેમાં રમણતા કરે તો એકાયતનરત છે. વળી આ શરીર કે જન્મમાં વિવિધ ઉત્તમ ભાવના વડે શરીરના અનુબંધથી મૂકાય તે વિપ્રમુક્ત છે, તેને નરકાદિ ગતિમાં ભ્રમણ નથી.

વર્તમાનકાળ બતાવવાથી ભાવિમાં પણ ભ્રમણ નથી અથવા તે જ જન્મમાં બધાં કર્મનો ક્ષય થવાથી તેને નરકાદિ માર્ગ નથી. જે હિંસાદિ આશ્રવ દ્વારોથી નિવૃત્ત છે, તેને સંસારભ્રમણ નથી. આ પ્રમાણે સુધર્માસ્વામી કહે છે કે હું મારી મતિ કલ્પનાથી નથી કહેતો પણ જે વર્ધમાનસ્વામીએ દિવ્યજ્ઞાનથી જાણીને વચનથી કહ્યું છે, તે હું તમને કહું છું.

આ પ્રમાણે વિરત તે મુનિ છે તેમ કહ્યું. હવે અવિરતવાદી તે પરિગ્રહવાળો છે એમ પૂર્વે કહેલું તેનું પ્રતિપાદન કરે છે—

● સૂત્ર-૧૬૨ :-

***આ જગત્‌માં જેટલા પણ પરિગ્રહવાળા છે, તે પરિગ્રહ થોડો હોય કે વધુ, સૂક્ષ્મ હોય કે સ્થૂલ, સચિત્ત હોય કે અચિત્ત તે પરિગ્રહધારી ગૃહસ્થ સમાન જ છે.***

*આ પરિગ્રહ નરકાદિ મહાભયનું કારણ છે, આહારાદિ લોકસંજ્ઞા પણ ભયરૂપ છે. તેથી પરિગ્રહ આદિનો સંગ ન કરવો.*

વિવેચન :-

જે કોઈ આ લોકમાં પરિગ્રહયુક્ત છે, તેને આવો પરિગ્રહ હોય છે - પરિગ્રહણ કરાતું દ્રવ્ય કોડી વગેરે થોડું હોય કે ધન, ધાન્ય, હિરણ્યાદિ વધુ હોય; તૃણ-લાકડું વગેરે મૂલ્યથી કે વજ આદિ પ્રમાણમાં નાનું હોય અથવા મૂલ્ય કે પ્રમાણથી હાથી, ઘોડા આદિ સ્થૂળ [મોટું] હોય; આ વસ્તુ સચિત્ત હોય કે અચિત્ત હોય. આ પરિગ્રહ વડે યુક્ત આ પરિગ્રહ રાખનાર ગૃહસ્થી સાથે જ વેશધારી વ્રતી હોય.

અથવા આ છ જીવનિકાયમાં વિષયભૂત થોડા-વધુ આદિ દ્રવ્યોમાં મૂર્છા કરતા પરિગ્રહધારી બને છે. એ પ્રમાણે અવિરત છતાં હું વિરત છું એમ બોલતા પરિગ્રહથી પરિગ્રહધારી બને છે. એ પ્રમાણે બીજા વ્રતોમાં પણ જાણવું. કેમકે આસ્રવો ન નિવારવાથી એકદેશ અપરાધે સર્વ અપરાધ સંભવે.

શંકા - જો અલ્પ પરિગ્રહથી પરિગ્રહત્વ થાય તો હસ્તભોજી દિગંબર, સરજસ્ક બોટિક આદિ અપરિગ્રહી માનવા પડશે.

સમાધાન - તેમ નથી કેમકે તેમને પરિગ્રહનો અભાવ છે તે અસિદ્ધ છે. તેમને પણ અસ્થિ, પીંછી આદિ પરિગ્રહ તથા શરીર-આહાર આદિ અંતર્ પરિગ્રહ તો છે જ. જો તેને ધર્મહેતુક કહેશો તો અમારે પણ તે જ કારણે ધર્મોપકરણ છે. તો દિગંબરપણાનો આગ્રહ શા માટે ?

હવે જે અલ્પાદિ પરિગ્રહધારી અપરિગ્રહતાનું અભિમાન રાખે છે તેમને આહાર, શરીરાદિ મહા અનર્થને માટે થાય છે. આ અલ્પ આદિ પરિગ્રહથી કેટલાંકને તે પરિગ્રહત્વ નરકાદિ ગમન હેતુ કે બધે અવિશ્વાસનું કારણ હોવાથી મહાભયરૂપ થાય છે. કેમકે આ પરિગ્રહની પ્રકૃતિ છે - X - અથવા દિગંબરને શરીરાર્થે આહાર લેવા અન્ય ઉપકરણ ન હોવાથી ગૃહસ્થના ઘેર આહાર કરતાં અવિધિથી અશુદ્ધ આહારાદિ ખાતાં કર્મબંધ જનિત મહાભય છે. શરીર ઢાંકેલ ન હોય બીજાને પણ ભયરૂપ છે.

આ રીતે પરિગ્રહ મહાભય છે તેથી કહે છે - અસંયત લોકનું અલ્પ આદિ વિશેષણવાળું દ્રવ્ય તેમને મહાભય રૂપ છે. જો લોકવિત્તને બદલે લોકવૃત્ત લઈએ તો આહાર, ભય, મૈથુન, પરિગ્રહ રૂપ સંજ્ઞા મહાભયને માટે થાય તે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરવો. આ અલ્પાદિ દ્રવ્ય પરિગ્રહ કે શરીર આહારાદિના સંગને ન કરવાથી તે પરિગ્રહજનિત મહાભય ન થાય. વળી—

● સૂત્ર-૧૬૩ :-

*આ સુપ્રતિબદ્ધ અને સુકથિત છે, તેમ જાણીને, હે પરમચક્ષુ પુરુષ ! તું પરાક્રમ કર. તેનાથી જ બ્રહ્મચર્ય છે. તેમ હું કહું છું.*

*મેં સાંભળ્યું છે, અનુભવ્યું છે કે બંધનથી છૂટકારો પોતાના આત્માથી જ થાય છે, માટે સાધક પરિગ્રહથી મુક્ત થઈ જીવનપર્યંત પરિષહોને સહન કરે, પ્રમાદીને ધર્મથી વિમુખ જોઈ અપ્રમત્ત થઈને સંયમમાં વિચરે. આ મુનિધર્મનું*



*સમ્યક્ પાલન કરે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે પરિગ્રહ છોડનારને સારી રીતે પ્રતિબદ્ધ તથા સારી રીતે ઉપનીત જ્ઞાનાદિ છે. એમ જાણીને કહે છે, હે માનવ ! તું પરમ જ્ઞાન ચક્ષુવાળો બનીને કે મોક્ષ એકદૃષ્ટિ થઈને વિવિધ તપોનુષ્ઠાન વિધિ વડે સંયમ કે કર્મક્ષયમાં પરાક્રમ કર. જેઓ આ પરિગ્રહથી વિરત બનીને પરમ ચક્ષુ થયા છે તેઓમાં જ પરમાર્થથી બ્રહ્મચર્ય છે. બીજામાં નથી. કેમકે બીજામાં બ્રહ્મચર્યની નવ વાડ નથી અથવા આ બ્રહ્મચર્ય નામનો શ્રુતસ્કંધ છે તે પણ 'બ્રહ્મચર્ય' કહેવાય છે. તે પણ અપરિગ્રહીને જ છે.

સુધર્માસ્વામી કહે છે કે જે કહ્યું કે કહીશ તે સર્વજ્ઞ ઉપદેશથી જ છે, તે બતાવે છે - કહેલું કે કહેવાનારું જે શ્રુત મેં તીર્થંકર પાસેથી સાંભળેલ છે આત્મામાં સ્થિર થયેલ છે, ચિત્તમાં પણ તે જ પ્રમાણે છે. બંધથી થતો મોક્ષ બ્રહ્મચર્યમાં વ્યવસ્થિત છે, વળી આ પરિગ્રહ રાખવાથી વિરત જેને ગૃહ નથી તેવા અણગાર છે. તે સાધુ જીવનપર્યંત પરિગ્રહના અભાવથી ભૂખ-તરસ આદિ સહન કરે.

પુનઃ ઉપદેશ દેતા કહે છે, વિષયાદિ તથા પ્રમાદ વડે ધર્મથી વિમુખ થયેલા ગૃહસ્થો અને વેશધારીને તું જો. તેમને જોઈ અપ્રમત્ત બની સંયમઅનુષ્ઠાનમાં યત્ન કર. પૂર્વોક્ત સંયમાનુષ્ઠાન સર્વજ્ઞએ કહેલું છે, તે સારી રીતે પાળવું, આ પ્રમાણે હું કહું છું.

**અધ્યયન-૫ "લોકસાર" ઉદ્દેશો-૨ "વિરતમુનિ"નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૫ ઉદ્દેશો-૩ "અપરિગ્રહ" 卐

બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે - બીજા ઉદ્દેશામાં અવિરતવાદી પરિગ્રહવાળો છે તે કહ્યું. અહીં તેનાથી ઉલટું કહે છે. એ સંબંધથી આવેલ ઉદ્દેશાનું પહેલું સૂત્ર આ પ્રમાણે—

● સૂત્ર-૧૬૪ :-

*આ લોકમાં જે કોઈ અપરિગ્રહી છે, તે આ અલ્પાદિ દ્રવ્યના ત્યાગથી અપરિગ્રહી બને છે. મેધાવી [સાધક] જિનવચન સાંભળીને તથા પંડિતોના વચન વિચારીને અપરિગ્રહી બને. આર્યોએ સમતામાં ધર્મ કહ્યો છે. જે રીતે મેં કર્મોનો ક્ષય કહ્યો છે, તે રીતે બીજા માર્ગમાં કર્મો ક્ષીણ કરવા કઠિન છે. તેથી હું કહું છું કે શક્તિનું ગોપન ન કરતા કર્મોનો ક્ષય કરો.*

● વિવેચન :-

આ લોકમાં જે કોઈ અપરિગ્રહવાળા વિરત સાધુઓ છે, તે બધા આ અલ્પ દ્રવ્યનો ત્યાગ કરી અપરિગ્રહી થયા છે. અથવા છજીવકાયમાં મમત્ત્વભાવ તજવાથી અપરિગ્રહી થયા છે. આ અપરિગ્રહ ભાવ કેવી રીતે બને ? તીર્થંકર આજ્ઞા-આગમરૂપ

વાણી સાંભળીને 'મેધાવી' - મર્યાદામાં રહેલો, શ્રુતજ્ઞાન ભણેલ, હેય-ઉપાદેય પરિહાર-પ્રવૃત્તિજ્ઞ તથા 'પંડિત' ગણધર, આચાર્યાદિના વિધિ-નિયમરૂપ વચનો સાંભળી સચિત્ત-અચિત્ત પરિગ્રહનો ત્યાગ કરી અપરિગ્રહી થાય છે.

કેવલજ્ઞાની તીર્થંકરો ધર્મકથા અવસરે ઉપદેશ આપે છે. તેઓએ કેવો ધર્મ કહ્યો છે ? સમતા ધર્મ, શત્રુ-મિત્રમાં સમભાવ થકી આર્યોએ ધર્મ કહેલો છે. કહ્યું છે - કોઈ બાહુ ઉપર ચંદનનો લેપ કરે કે વાંસલાથી ચામડી છોલે, કોઈ સ્તુતિ કરે કે નિંદા કરે તો પણ મુનિ તેમના પર સમભાવ રાખે અથવા દેશ, ભાષા કે આચરણથી તેઓ આર્ય છે, તે બધામાં સમભાવ રાખી ભગવંતે ઉપદેશ આપેલ છે. તેથી જ કહ્યું છે—

જેમ પુણ્યવાન્‌ને ધર્મ સંભળાવે તેમ દરિદ્રને પણ સંભળાવે. અથવા શમ ના ભાવથી, હેયધર્મત્યાગથી આર્ય બનેલાએ પ્રકર્ષથી આ ધર્મ કહ્યો છે, અથવા ઇન્દ્રિય-મનના ઉપશમથી તીર્થંકરોએ ધર્મ કહ્યો છે. - x - x - આ ધર્મ દેવ, મનુષ્યની પર્ષદામાં કહેતા ભગવંતે કહ્યું, જેમ મેં જ્ઞાનાદિ મોક્ષ અવસર સેવ્યો છે અથવા આ જ્ઞાન, દર્શન, ચારિત્રાત્મક મોક્ષમાર્ગમાં, સમભાવાત્મક, ઇન્દ્રિય-મન ઉપશમરૂપે મેં મુમુક્ષુભાવે - x - જાતે જ આઠ પ્રકારે કર્મસંતતિનો ક્ષય કરી ધર્મ કહ્યો, તે જ મોક્ષમાર્ગ છે, બીજો નહીં. અન્યતીર્થિક કથિત માર્ગમાં કર્મનો ક્ષય દુઃખે કરીને થાય છે, કેમકે તેમાં અસમીચીનતાથી ખરા ઉપાયનો અભાવ છે.

- x - જેમ આ માર્ગમાં જ મેં વિકૃષ્ટ તપથી કર્મ ખપાવ્યું, તે જ રીતે અન્ય મુમુક્ષુ સંયમાદિમાં પોતાની શક્તિને યોજે, પ્રમાદ ન કરે. આ પ્રમાણે સુધર્માસ્વામીએ પોતાના શિષ્યને કહ્યું, પરમ કારુણ્યથી ભીંજાયેલા હૃદયવાળા, પરહિત ઉપદેશ દાતા વર્ધમાનસ્વામીએ કહ્યું છે. હવે કયો માણસ આવી ક્રિયા કરનારો થાય ? તે કહે છે—

● **સૂત્ર-૧૬૫ :-**

***[પ્રવજ્યા લેનાર સાધકના ત્રણ પ્રકાર બતાવે છે—] ૧. પૂર્વે ઉદ્યત હોય છે, અંત સુધી સંયમ પાળે છે. ૨. પૂર્વે ઉદ્યત હોય છે, પછી પતિત થાય છે. ૩. પૂર્વે ઉદ્યત નથી અને પછીથી પતિત થતા નથી.***

***જે સંસારના પદાર્થોને જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડે પછી ફરી તેની ઇચ્છા કરે છે, તે ગૃહસ્થ સમાન જ છે.***

● **વિવેચન :-**

જે કોઈ સંસારનો સ્વભાવ જાણવા વડે ધર્મચરણમાં તત્પર મનવાળો બનીને પ્રથમથી દીક્ષાના અવસરે સંયમ અનુષ્ઠાન માટે ઉદ્યત થયેલ હોય તે 'પૂર્વોત્થાયી' છે. પછીથી શ્રદ્ધા-સંવેગથી વિશેષથી વધતા પરિણામવાળો હોય, તો તે પતિત થતો નથી. અર્થાત્ સિંહની માફક નીકળે છે અને સિંહ માફક દીક્ષા પાળે છે. તે ગણધરાદિ માફક પહેલો ભંગ.

બીજો ભંગ - પહેલા ચારિત્ર લે, તે પૂર્વોત્થાયી. પછી કર્મ પરિણતિની વિચિત્રતા અને તથાવિધ ભવ્યતાથી નંદિષેણ માફક પતીતચારિત્રી થાય કે ગોષ્ઠામાહિલ માફક દર્શનભ્રષ્ટ થાય.



ત્રીજો ભંગ-ન હોવાથી લીધો નથી. જેણે પહેલા દીક્ષા લીધી જ નથી તે પછી પતીત કે અપતીત કેમ કહેવાય ? ધર્મી હોય તો ધર્મ ચિંતા થાય ને ?

ચોથો ભંગ - પૂર્વે દીક્ષા ન લેનાર પછી પડતો નથી તે અવિરત-ગૃહસ્થ જાણવો. તે સમ્યગ્ વિરતિના અભાવે પૂર્વોત્થાયી નથી, દીક્ષા લીધા પછી જ પડે, પણ દીક્ષા લીધા વિના ન પડે તેથી नोपच्छान्निवाती.

શંકા - ગૃહસ્થો ચોથા ભંગમાં છે તેમ કહેવું યોગ્ય છે, તેને સાવધ-અનુષ્ઠાન છે, દીક્ષા ન લેવાથી મહાવ્રત અભાવે પડવાનો સંભવ નથી. પણ શાક્યાદિને દીક્ષાથી પડવાનો સંભવ છે તેનું શું ?

ઉત્તર - શાક્યાદિ સાધુને પંચ મહાવ્રત નથી, સાવધ અનુષ્ઠાનથી તે પૂર્વોત્થાયી નથી, દીક્ષા અભાવે તે પશ્ચાત્‌નિપાતી પણ થતા નથી. તે ગૃહસ્થ સમાન જ છે. - x - અથવા ઉદાયીરાજાના ઘાતક વિનયરત્ન ચોથા ભંગમાં આવે. બીજા પણ સાવધઅનુષ્ઠાયી તેવા જ છે. પાસત્થાદિ વ્રત લઈને રાંધવા રંધાવવા દ્વારા - x - ગૃહસ્થ તુલ્ય છે. હવે કહે છે—

● **સૂત્ર-૧૬૬ :-**

***આ [ઉત્થાન-પતન] ને કેવલજ્ઞાનથી જાણી તીર્થંકરે કહ્યું, મુનિ આજ્ઞામાં રુચિ રાખે, તે પંડિત છે તેથી આસક્તિથી દૂર રહે. રાત્રિના પહેલા અને છેલ્લા ભાગમાં સંયમમાં પ્રયત્નશીલ રહે. સદા શીલનું અનુશીલન કરે. સાંભળીને કામ અને માયા-લોભેચ્છાથી દૂર રહે.***

***આ કર્મ-શરીર સાથે યુદ્ધ કર, બીજા સાથે લડતા શું મળશે ?***

● **વિવેચન :-**

જે ઉત્થાન, નિપાત આદિ પૂર્વે બતાવ્યું તે કેવળજ્ઞાન વડે જાણીને તીર્થંકરને કહેલ છે, બીજું આ જિનપ્રવચનમાં રહેલો તથા તીર્થંકરના ઉપદેશ શ્રવણની ઇચ્છાવાળો તે આજ્ઞાકાંક્ષી-આગમાનુસાર પ્રવૃત્તિક છે. તે સત્-અસત્‌ના વિવેકનો જ્ઞાતા, સ્નેહરહિત, રાગદ્વેષમુક્ત, નિત્ય ગુરુ આજ્ઞામાં પ્રયત્નવાળો થાય છે, રાત્રિના પહેલા-છેલ્લા પ્રહરે સદાચારથી વર્તે. મધ્યવર્તી બે પ્રહરમાં યથોક્ત વિધિએ નિદ્રા લે આદિ. - x -

આ પ્રમાણે રાત્રિની યતના બતાવવાથી દિવસનું પણ સમજી લેવું. વળી સર્વકાળ ૧૮,૦૦૦ ભેદવાળું સંયમ-શીલ પાળે અથવા ચાર પ્રકારે શીલપાળે તે આ રીતે - મહાવ્રતનું સમ્યક્ પાલન, ત્રણ ગુપ્તિ પાલન, પાંચ ઇન્દ્રિયોનું નિયમન અને કષાય નિગ્રહ. આ શીલને વિચારી મોક્ષના અંગપણે પાળે. ક્ષણવાર માટે પ્રમાદવશ ન થાય. શીલ કોણ વિચારે ?

શીલરક્ષણનું ફળ મોક્ષ તથા શીલ-વ્રતરહિતતાથી નરકાદિ ગમનને આગમથી જાણીને ઇચ્છા-મદનકામ રહિત બને તથા માયા કે લોભેચ્છા ન રહે તેવો 'अझंझ' બને. કામ અને ઝંઝાના પ્રતિષેધથી મોહનીયનો ઉદય પ્રતિષેધિત થાય. તેનાથી તે શીલવાન્ બને. સાર એ કે ધર્મ સાંભળી અકામ અને અઝંઝ થઈ મૂળગુણ-ઉત્તરગુણ

યુક્ત બને. - x -

શંકા-'જીવથી શરીર જુદું છે' આવી ભાવના ભાવનાર પોતાનું બળવીર્ય ગોપવ્યા વિના પરાક્રમથી ૧૮,૦૦૦ શીલાંગધર અને આજ્ઞાનુસાર વર્તવા છતાં મારા કર્મો દૂર થયા નથી. તેનું અસાધારણ કારણ કહો; જેથી હું કર્મમલ રહિત થાઉં. આપ કહો તો હું સિંહ સાથે પણ લડું - x - મારે કશું અશક્ય નથી.

સમાધાન :- શરીર-મનયુક્ત ઔદારિક શરીર વડે તું યુદ્ધ કર. વિષય સુખ તૃષ્ણા સામે લડ. સન્માર્ગે ચાલી તેને વશ કર. બાહ્ય યુદ્ધની જરૂર શું છે ? અંતરંગ શત્રુ કે કર્મોના જયથી બધું કાર્ય સિદ્ધ થશે. પણ આ સંયમ સામગ્રી કરોડો ભવે પણ મળવી મુશ્કેલ છે. તે કહે છે—

● **સૂત્ર-૧૬૭ :-**

***ભાવયુદ્ધ યોગ્ય ઔદારિક શરીર દુર્લભ જ છે. તીર્થંકરોએ તેનો પરિજ્ઞા અને વિવેક બતાવેલ છે. ધર્મથી ચ્યુત અજ્ઞાની જીવ ગર્ભાદિમાં ફસાય છે. આ જિન-શાસનમાં એવું કહ્યું છે - જે રૂપાદિમાં આસક્ત થાય તે હિંસામાં પ્રવૃત્ત થાય છે. તે જ સાચા મુનિ છે, જે લોકોને વિપરીત માર્ગે જતા જોઈ તેનું ઉત્પ્રેક્ષણ કરે. આ પ્રમાણે કર્મને સમ્યક્ પ્રકારે જાણીને તે સર્વપ્રકારે હિંસા ન કરે. સંયમનું પાલન કરે અને ધૃષ્ટતા ન કરે.***

***પ્રત્યેક જીવનું સુખ પોત-પોતાનું છે, તેમ વિચારી પ્રશંસાનો અભિલાષી થઈ સમસ્ત લોકમાં કોઈપણ આરંભ ન કરે, કેવલ મોક્ષ તરફ મુખ રાખી ચાલે, અહીં-તહીં ન ભટકે. સ્ત્રીમાં ગૃદ્ધ ન થાય, આરંભોથી દૂર રહે.***

● **વિવેચન :-**

આ ઔદારિક શરીર ભાવયુદ્ધને યોગ્ય છે. ['खलु' નિશ્ચયાર્થે છે.] તે ખરેખર દુર્લભ કે દુષ્પ્રાપ્ય છે. આ અતિ દુર્લભ મનુષ્યપણું અગાધ સમુદ્રમાં પડેલ ખરજવા જેવું કે વીજળીના ઝબકાર જેવું ક્ષણિક છે.

અથવા 'जुद्धारियं च दुल्लहं' એવો પાઠ પણ છે. તેમાં સંગ્રામ-યુદ્ધ અનાર્ય છે, પરિષહાદિ સાથે લડવું તે આર્યયુદ્ધ છે, તેથી તે દુર્લભ છે. માટે તેની સાથે લડ. તેમ કહ્યું. તેથી સર્વ કર્મક્ષય રૂપને જલ્દી પામીશ. તેથી ભાવયુદ્ધ યોગ્ય ઔદારિક શરીર મેળવીને કોઈ મરૂદેવીમાતા માફક તે જ ભવે સર્વ કર્મનો ક્ષય કરે છે. કોઈ સાત કે આઠ ભવે ભરત રાજા માફક મોક્ષ મેળવે છે. કોઈ અર્ધ પુદ્ગલ પરાવર્તમાં મોક્ષે જાય છે અને બીજા-અભવી મોક્ષે જતા નથી. એમ કેમ ? તે કહે છે—

જેમ જે પ્રકારે આ સંસારમાં તીર્થંકરોએ પરિજ્ઞા વિવેક [કહ્યો છે.] કોઈનો કંઈપણ અધ્યવસાય; સંસાર વૈચિત્ર્ય હેતુ બતાવ્યો છે, તે જ બુદ્ધિમાને સ્વીકારવો જોઈએ. તે જ પરિજ્ઞાનનું જુદા-જુદાપણું બતાવે છે—

દુર્લભ મનુષ્યત્વ પામીને તથા મોક્ષગમનના હેતુરૂપ ધર્મ પામીને પણ કર્મના ઉદયથી ધર્મભ્રષ્ટ થઈ અજ્ઞાની જીવ કુમાર-યૌવનાદિ અવસ્થારૂપ ગર્ભાદિમાં ગૃદ્ધ થાય છે. આ અવસ્થા સાથે મારો વિયોગ ન થાઓ એવા વિચારવાળો બને છે. અથવા



ધર્મભ્રષ્ટ થઈ એવા કામ કરે છે જેનાથી ગર્ભાદિ યાતના સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. - x - આ વાત જિનવચનમાં પ્રકર્ષથી કહેલ છે. હવે પછી પણ તે જ કહે છે તે દર્શાવે છે—

'ચક્ષુ' આદિ ઇન્દ્રિય વિષયમાં રાગી બનેલ - x - હિંસા આદિમાં પ્રવર્તે છે. અહીં વિષયોમાં રૂપની પ્રધાનતા જાણી તેનું ગ્રહણ કરેલ છે. આસ્રવ દ્વારોમાં હિંસા પ્રધાન અને પ્રથમ હોવાથી તેને લીધી છે. અજ્ઞાનીરૂપ આદિ નિમિત્તે ધર્મથી ભ્રષ્ટ થઈ ગર્ભાદિના દુઃખ ભોગવે છે. આ પ્રમાણે જિન-માર્ગમાં કહ્યું છે. જે વિષયસંગને ગર્ભાદિગમનનો હેતુ જાણીને ધર્મથી ભ્રષ્ટ ન થાય, હિંસાદિ આશ્રવદ્વારથી નિવર્તે. તે કેવો થાય ?

તે એકલો જ જીતેન્દ્રિય મુનિ - x - તેણે સમ્યગ્ રીતે મોક્ષમાર્ગ જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે સંમુખ કર્યો છે અથવા તે મુનિએ ભયને જાણ્યો છે એટલે જે હિંસાદિ આસ્રવદ્વારથી દૂર રહે તે મુનિ જ 'ક્ષુણ્ણ મોક્ષમાર્ગ' છે. વળી જે વિષયકષાયથી પરાભૂત છે, હિંસાદિમાં રક્ત છે, તેવો ગૃહસ્થ કે પાખંડી લોક રાંધવું-રંધાવવું આદિ ઔદ્દેશિક અને સચિત્ત આહારાદિમાં રક્ત છે, તેની ઉપેક્ષા કરતો કે અશુભ વ્યાપાર છોડીને તે મોક્ષમાર્ગ જ્ઞાતા મુનિ બને છે. લોકને અન્યથા જોઈને શું કરે ? તે કહે છે—

પૂર્વે કહેલા હેતુથી જે કર્મ બાંધ્યુ તેનાં ઉપાદાન કારણો જ્ઞપરિજ્ઞા વડે સમજીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે સર્વથા છોડે. તે કર્મ છોડનાર કાયા, વચન અને મન વડે જીવોની હિંસા ન કરે, ન કરાવે, ન અનુમોદે. વળી પાપ ઉપાદાનમાં પ્રવૃત્ત આત્માને સંયમીત કરે અથવા સત્તર પ્રકારના સંયમમાં આત્માને જોડે ઇત્યાદિ. વળી કદાચ અસંયમમાં પ્રવર્તે તો ધૃષ્ટતા ન કરે. કોઈ અકાર્ય ગુપ્તપણે કરે તો પણ લજ્જા પામે. આ રીતે કહે છે કે મોક્ષમાર્ગ જાણેલો મુનિ ક્રોધ, માન, માયા, લોભ ન કરે. કઈ રીતે ?

બધાં પ્રાણીને મનોનુકૂલ તે સાતા-સુખ છે, બીજાના સુખે પોતે સુખી નથી, બીજાના દુઃખે દુઃખી નથી. તેવું જાણીને પોતે હિંસા ન કરે. દરેક પ્રાણીના સુખને વિચારતો મુનિ શું કરે ? તે કહે છે, પ્રશંસાનો અભિલાષી થઈ લોકમાં કોઈ જાતનો પાપારંભ ન કરે કે યશકીર્તિ માટે તપ પણ ન કરે. પણ પ્રવચન પ્રભાવનાર્થે કરે. આવા આઠ પ્રભાવકો કહ્યા છે - પ્રાવચની, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાસિદ્ધ, મંત્રવિદ્, કવિ.

અથવા રૂપનો અભિલાષી ન બને - ઉદ્વર્તનાદિ ન કરે. સદાચાર કઈ રીતે પાળે ? તે કહે છે - બધાં મલકલંક દૂર થવાથી એક મોક્ષ કે રાગ-દ્વેષના રહિતપણાથી એક તે સંયમ, તેની અભિમુખ તથા મોક્ષ અને તેના ઉપાયમાં એક દૃષ્ટિ રાખી કોઈ પાપારંભ ન કરે. મોક્ષ-સંયમ સન્મુખની દિશા સિવાયની દિશામાં ન જુએ. એ રીતે આરંભરહિત બને. કુમાર્ગ ત્યાગથી તે પાપારંભનો અન્વેષી ન બને. નિર્વિણ્ણચારી બને.

વારંવાર જન્મે તે પ્રજા, તેના આરંભથી નિવૃત્ત હોય કે મમત્ત્વરહિત હોય. શરીરાદિમાં પણ જે મમત્ત્વરહિત હોય તે જ નિર્વિણ્ણચારી હોય છે અથવા સ્ત્રીમાં

અરક્ત હોય તે આરંભમાં પણ નિર્વેદ પામે અને જે પ્રજામાં અરક્ત અને આરંભરહિત છે તે કેવો હોય ?

● **સૂત્ર-૧૬૮ :-**

***એવા સંયમવાન્ સાધુ સર્વ રીતે ઉત્તમ બોધને પ્રાપ્ત કરી ન કરવા યોગ્ય પાપકર્મ તરફ દૃષ્ટિ રાખતા નથી. જે સમ્યક્ત્વ છે તે મુનિધર્મ છે અને જે મુનિધર્મ છે તે સમ્યકત્વ છે એમ જાણો. શિથિલ, સ્નેહ આસક્ત, વિષય આસ્વાદનમાં લોલુપ, કપટી, પ્રમાદી, ગૃહવાસી માટે આ સમ્યકત્વ કે મુનિત્વનું પાલન શક્ય નથી. મુનિધર્મને ધારણ કરી મુનિ શરીરને કૃશ કરે, પ્રાંત અને લુખું ભોજન કરે એવા સમત્વદર્શી વીર સંસાર સમુદ્રથી પાર પામે. સાવધ અનુષ્ઠાનથી વિરત સાધક સંસારથી તરેલ અને મુક્ત કહેવાય છે, તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

વસુ એટલે સંયમ. તે જેને હોય તે નિવૃત્ત આરંભવાળો છે. તે મુનિ વસુમાન્ છે. તેને બધા પદાર્થોનું પ્રકાશક જ્ઞાન સમ્યક્ રીતે મળેલું હોવાથી ન કરવા યોગ્ય પાપકૃત્યને તે ઇચ્છતો નથી. અર્થાત્ પરમાર્થને જાણેલો હોવાથી તે સાવધ અનુષ્ઠાન કરતો નથી. આ પાપકર્મ વર્જન એ જ સમ્યક્ પ્રજ્ઞાન છે - x - સમ્યક્ એટલે સમ્યકત્વ કે સમ્યગ્જ્ઞાન તેનું સાથે હોવું. એકના ગ્રહણથી બીજું ગ્રહણ થાય છે.

આ સમ્યકત્વ કે સમ્યગ્જ્ઞાનને તમે જુઓ. મુનિનો ભાવ તે મૌન-સંયમ અનુષ્ઠાન છે, તેને જુઓ. તથા જે મૌન છે તે સમ્યગ્જ્ઞાન કે નિશ્ચય સમ્યકત્વ છે તે તમે જુઓ. જ્ઞાનનું ફળ વિરતિ અને જ્ઞાન સમ્યકત્વની અભિવ્યક્તિનું કારણ છે તેથી સમ્યકત્વ, જ્ઞાન, ચરણની એકતા વિચારવી. આ જેના-તેનાથી શક્ય નથી માટે કહે છે—

અલ્પ પરિણામથી મંદવીર્ય તથા સંયમ-તપની ધીરજ તથા દૃઢત્વ રહિતને આ સમ્યકત્વાદિ અનુષ્ઠાન શક્ય નથી. વળી પુત્ર, કલત્ર આદિના સ્નેહથી આર્દ્રને પણ સંયમ દુષ્કર છે. જેમને શબ્દાદિનો આસ્વાદ છે, વક્ર સમાચાર-માયાવી છે, વિષય-કષાયાદિ પ્રમત્ત છે, ગૃહમાં રહેનાર છે તેમને પાપકર્મ વર્જન રૂપ મૌન અનુષ્ઠાન શક્ય નથી. તો તે કેવી રીતે શક્ય બને ?

મુનિ - ત્રણ જગત્‌ને માનનાર તેનું મૌન તે મુનિત્વ. તે બધા પાપકર્મના વર્જનરૂપ છે. તે ગ્રહણ કરીને ઔદારિક કે કર્મ શરીર દૂર કરે. તે માટે પ્રાંત-વાલ ચણાદિ અલ્પ આહાર લે. તે પણ રૂક્ષ અને વિગઇ રહિત લે. આવો આહાર કર્મ વિદારવાને સમર્થ 'વીર' પુરુષો લે. વળી તે સમ્યકત્વ કે સમત્વદર્શી હોય છે.

જે તુચ્છ અને લુખો આહાર ખાનાર છે, તેને શું ગુણ થાય ? ઉપર બનાવેલ ગુણવાળા એવા તે મુનિ સંસારને તરે છે - x - તર્યા છે. તે બાહ્ય અભ્યંતર સંગના અભાવથી મુક્ત જેવા જ છે. તેઓ સાવધ અનુષ્ઠાનથી વિરત છે. એમ વ્યાખ્યા કરી.

**અધ્યયન-૫ 'લોકસાર' ઉદ્દેશો-૩ 'અપરિગ્રહ'નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



##卐 અધ્યયન-૫ ઉદ્દેશો-૪ "અવ્યક્ત" 卐

● ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે - તેનો સંબંધ આ રીતે પહેલા ઉદ્દેશામાં હિંસક અને વિષયારંભી 'એક-ચર' હોય તો તેને મુનિત્વનો અભાવ કહ્યો. બીજા અને ત્રીજામાં. હિંસા, વિષયારંભ અને પરિગ્રહ છોડવાથી મુનિપણું છે તે પ્રતિપાદિત કર્યું. આ ઉદ્દેશામાં એકલા ફરનારને મુનિભાવ નથી, તેથી તેના દોષો બતાવતા કારણો કહે છે. આ સંબંધથી આવેલ સૂત્ર આ છે —

● **સૂત્ર-૧૬૯ :-**

***જે ભિક્ષુ 'અવ્યક્ત'-અપરિપક્વ છે; તેનું એકલા ગ્રામાનુગ્રામ વિચરણ 'દુર્યાત્' અને 'દુષ્પરાક્રમ' છે.***

● **વિવેચન :-**

બુદ્ધિ આદિ ગુણોને ગ્રસે તે ગ્રામ [ગામ]. એક ગામથી બીજે ગામ જવું તે ગ્રામાનુગ્રામ છે. 'દૂયમાન' એટલે વિચરતો અર્થાત્ ગામ-ગામ વિચરતા એકલા સાધુને કેવા દોષ લાગે ? 'દુર્યાત' એટલે દુષ્ટ ગમન. એકલો વિચરે તે નિંદનીય છે, તેને અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગના કારણે અરણીક મુનિ માફક તે ગૃહસ્થ બને. - x - એકલ વિહારીને ઉક્ત દોષો સંભવે છે.

'દુષ્પરાક્રાંત' એટલે એકલો સાધુ જ્યાં રહે તેને ચારિત્રભ્રષ્ટ થવાનું કારણ છે. જેમ સ્થૂલભદ્રની ઇર્ષ્યા કરનાર ઉપકોશાને ઘેર સાધુને થયું. અથવા પ્રોષિતભર્તૃકાને ઘેર રહેલા મુનિને મહાસત્ત્વી હોવા છતાં અક્ષોભ હોવા છતાં દુષ્પરાક્રાંત થયું. જો કે બધાને દુર્યાત દુષ્પરાક્રાંત ન થાય તે માટે કહે છે - અવ્યક્ત ભિક્ષુને શ્રુત અને વયથી તે દોષ લાગે છે.

તેમાં શ્રુતઅવ્યક્ત તે આચારપ્રકલ્પ અર્થથી ન ભણ્યો હોય. જો જિનકલ્પી હોય તો નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન જોઈએ. વયથી અવ્યક્ત તે ગચ્છમાં રહેલાને ૧૬ વર્ષ અને જિનકલ્પીને ૩૦ વર્ષ ઉંમર જોઈએ. અહીં ચતુર્ભંગી છે — (૧) શ્રુત અને વયથી અવ્યક્તને એકલવિહાર ન કલ્પે, તેને સંયમ તથા આત્મ વિરાધના સંભવે છે. (૨) શ્રુતથી અવ્યક્ત પણ વયથી વ્યક્તને પણ અગીતાર્થતાથી એકચર્યા નિષેધ છે. (૩) શ્રુતથી વ્યક્ત, વયથી અવ્યક્તને બાળપણાથી સર્વ પરાભવથી તથા ચોર અને કુલિંગી ભયથી એક-ચર્યા ન કલ્પે. (૪) બંને પ્રકારે વ્યક્ત છે તેને કારણે પ્રતિમા કે અન્ય હેતુથી એકલવિહાર કરવો પડે તો, કારણ અભાવે આજ્ઞા નથી. કેમકે તેમાં ઈર્યાસમિતિ, ગુપ્તિ આદિ ઘણાં દોષ છે.

એકાકી વિચરતા જે ઈર્યાપથ શોધે, તે કૂતરા આદિ જોઈ ન શકે. જો કૂતરા આદિને જોવા જાય તો ઇર્યાપથ ન જોઈ શકે. એ રીતે બધી સમિતિમાં જાણવું. વળી અજીર્ણ કે વાતક્ષોભથી રોગ થતા સંયમ-આત્મ વિરાધના અને પ્રવચનહીલના થાય. કદાચ દયાથી ગૃહસ્થો સેવા કરે તો અજ્ઞાનતાથી છકાય વિરાધનાથી સંયમને બાધા થાય. અથવા દવા ન મળે તો આત્મવિરાધના થાય. ઝાડા પેશાબથી દુગંછા થતા

પ્રવચન હીલના થાય. ગામડામાં બ્રાહ્મણ આદિથી તિરસ્કાર થાય તો પરસ્પર વિવાદ કે મારામારી થાય. આ બધું ગચ્છવાસીને ન સંભવે, કેમકે ગુરુ ઉપદેશથી શાંત કરે.

આક્રોશ, વધ, માર, ધર્મભ્રંશાદિ બાળકોને સુલભ છે, છતાં ઉત્તરના દોષોને અભાવે ધીર માણસ તેમાં લાભ માને. આવા ઉપદેશથી ગચ્છવાસી શિષ્યને ગુરુ અનુશાસિત કરે. પણ એકલાને ફક્ત દોષ જ સંભવે છે—

સમુદાયના ઉધત વિહારીને છોડીને એકલા વિચરતા સાધુને રોગવૃદ્ધિ થતાં છકાય વધમાં તે પડે છે. તેને સ્ત્રી, કૂતરા તથા પ્રત્યનીકથી દુઃખ થવા સંભવ છે. ભિક્ષા અશુદ્ધિ તથા મહાવ્રતમાં પણ દોષ લાગે માટે બીજા સાધુ સાથે વિચરવું. ગચ્છમાં રહેનારને ઘણાં ગુણો થાય. તેની નિશ્રાએ બીજા બાળ, વૃદ્ધને ઉધતવિહાર થાય - x - x - ગચ્છમાં ઉધત વિહારી બીજા સીદાતાને પણ વિહાર કરાવે. આ રીતે એકાકીના દોષ અને ગચ્છવાસીના ગુણો જાણી કારણાભાવે વ્યક્તે પણ એકચર્યા ન કરવી. તો અવ્યક્તને એકલ વિહાર ક્યાંથી યોગ્ય છે ?

શંકા - જેનો સંભવ હોય તેનો પ્રતિષેધ થાય, પણ એકાકી વિહારનો સંભવ નથી. કેમકે કયો મૂર્ખ સોબતીને છોડી, એકલ વિહાર પસંદ કરે.

સમાધાન - કર્મ પરિણતિથી કંઈ અશક્ય નથી. સ્વાતંત્ર્ય જે રોગ છે તેને ઔષધતુલ્ય માને, બધાં દુઃખોના પ્રવાહમાં તણાતાને બચવા માટે સેતુ સમાન સંપૂર્ણ કલ્યાણના એક સ્થાનરૂપ શુભ આચારના આધાર એવા ગચ્છમાં રહેનાર સાધુ પ્રમાદથી કોઈ ભૂલ કરે ત્યારે ઠપકો અપાય ત્યારે તે સાધુ તેને અવગણીને સદુપદેશ કે સદ્ધર્મને વિચાર્યા વિના, કષાયના કટુ વિપાકને અવધાર્યા વિના, પરમાર્થને પાછળ રાખીને, ખાનદાની છોડી, વચન પણ સહન ન કરતા કેવળ સુખની ઇચ્છાથી અગણિત આપદા પામવા ગચ્છથી નીકળી જાય છે. તેઓ બંને લોકમાં દુઃખી થાય.

જેમ સાગરના માછલા સમુદ્રનો ક્ષોભ સહન ન કરીને સુખની ઇચ્છાથી બહાર જતા નાશ પામે, તેમ સુખાભિલાષી સાધુ એકલો પડી નાશ પામે. ગચ્છ સમુદ્રમાં રહેતા સાધુ પ્રમાદથી ભૂલ કરે ત્યારે પ્રેરણા કરતા નીકળી જાય તો તે સુખના વાંછક માછલા માફક નાશ પામે. જેમ શકુની પક્ષી પાંજરામાં પૂરેલ હોય તો હિંસા ન કરે, તેમ સારણા, વારણા, પ્રેરણા પામી પાસત્થા પણ ગચ્છમાં હોય તો સુધરી જાય. જેમ પક્ષીનું બચ્ચુ પાંખો ન હોય છતાં માળામાંથી ઉડવા પ્રયત્ન કરે તો બીજા પક્ષી ઉપાડી જાય, તેમ શ્રુત અને વય રૂપ પાંખ વિનાના સાધુને અન્યતીર્થિકો ભ્રષ્ટ કરે. તે બતાવે છે—

**● સૂત્ર-૧૭૦ :-**

***કેટલાક મનુષ્ય વચનમાત્રથી ક્રોધિત થઈ જાય છે. પોતાને ઉન્નત માનતા અભિમાની પુરુષ મહામોહથી મૂઢ બને છે. એવા અજ્ઞાની, અતત્ત્વદર્શી પુરુષને વારંવાર બાધાઓ આવે છે, જેનું ઉલ્લંઘન કરવું તેના માટે કઠિન હોય છે. [હે શિષ્ય !] તને એવું ન થાઓ. આ જિનેશ્વરનું દર્શન છે. તેથી સાધક ગુરુ વચનમાં જ દૃષ્ટિ રાખે, તેમાં જ મુક્તિ માને, તેને જ આગળ રાખે, તેનું જ***



***સંજ્ઞાન-સ્મૃતિ રાખે, તેમના જ સાન્નિધ્યમાં રહે. સદા જયણાપૂર્વક વિચરે, ચિત્તને ગતિમાં એકાગ્ર કરે, માર્ગનું અવલોકન કરે, જીવ-જંતુ જોઈને પગને આગળ વધતા રોકે, માર્ગમાં આવતા પ્રાણીને જોઈને જયણાપૂર્વક વિહાર કરે.***

**● વિવેચન :-**

કોઈ વખત તપ, સંયમ અનુષ્ઠાનથી સીદાતા કે પ્રમાદથી ભૂલ કરે ત્યારે ગુરુ આદિ ધર્મ-વચનથી કંઈ કહે ત્યારે પરમાર્થને ન જાણનારા કેટલાંક સાધુ ક્રોધાયમાન થાય છે અને બોલે છે કે, મને આટલા સાધુ વચ્ચે ઠપકો કેમ આપ્યો ? મેં શું ભૂલ કરી ? અથવા બીજા પણ આ ભૂલો કરે છે. તો મને પણ એટલો અધિકાર છે. મારા જીવિતને ધિક્કાર છે. એમ વિચારતા મહામોહના ઉદયથી ક્રોધ-અંધકારથી આચ્છાદિત દૃષ્ટિવાળા સમુચિત આચાર છોડીને, જ્ઞાન કે વયથી અવ્યક્ત છતાં ગચ્છ સમુદ્રમાંથી નીકળી માછલાની જેમ વિનાશ પામે છે.

અથવા કોઈ વચનથી કહે કે, આ લોચ કરાવેલા, મેલથી ગંધાતા શરીરવાળા સવારમાં આપણે જોવા. આવું સાંભળી કેટલાંક સાધુ ક્રોધથી અંધ બને છે. કોઈનો સ્પર્શ થાય તો પણ કોપે છે. કોપિત થઈ બીજા સાથે લડે છે. એવા અનેક દોષો-અવ્યક્તને એકલા વિહારમાં ગુરુ આદિના નિયમનને અભાવે ઉદ્‌ભવે છે. ગુરુ સાથે હોય તો આવો ઉપદેશ આપે કે, બુદ્ધિમાને ક્રોધ આવે ત્યારે તત્ત્વ શોધવામાં બુદ્ધિ જોડવી. જો કહેનાર સાચો હોય તો કોપ શા માટે ? જો તે જૂઠો હોય તો શા માટે કોપવું ? જો તારે અપકારી ઉપર જ કોપ કરવો હોય તો તે કોપ ઉપર જ કોપ કેમ થતો નથી કેમકે ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારેને વિઘ્નકારી કોપ છે.

પ્રશ્ન - કયા કારણે વચનથી પણ ઠપકો આપતાં આ લોક પરલોકનું બગાડનાર, સ્વપર બાધક ક્રોધને લોકો પકડી રાખે છે ?

ઉત્તર - જેને ઘણું માન છે, પોતાને ઉંચો માને છે તેવો માણસ મહામોહનીય કર્મના ઉદયથી કે અજ્ઞાનથી કાર્ય-અકાર્યના વિચારના વિવેકથી શૂન્ય થાય છે. તેવા મોહમોહિતને કોઈ શિખામણ આપે કે મિથ્યાત્વી વાણીથી તિરસ્કાર કરે ત્યારે જાતિ આદિ મદથી માનરૂપ મેરૂપર્વતે ચઢીને કોપાયમાન થાય છે કે મારા જેવાનો આ તિરસ્કાર કરે છે, મારી જાતિને-પુરુષાર્થને-જ્ઞાનને ધિક્કાર છે. આ રીતે અભિમાનથી ઘેરાયેલો વચનના ઠપકા માત્રથી ગચ્છમાંથી નીકળી જાય છે. અથવા નીકળ્યા પછી બીજા સાથે કલેશ કરી વિડંબણા પામે છે.

અથવા કોઈ અર્ધદગ્ધે તેને ફૂલાવ્યો હોય કે, તમે ઉત્તમ કૂળમાં જન્મેલ, સુંદર આકૃતિવાળા, તીક્ષ્ણબુદ્ધિ, કોમળવચની, શાસ્ત્રવેત્તા, સુભગ, સુખસેવ્ય છો. આવા સાચા-ખોટા વચનોથી ઉંચે ચઢાવેલો અહંકારી બનીને મહા ચારિત્રમોહથી કે સંસાર મોહથી મુંઝાય છે અને તે અહંકારી, મહામોહ મોહિતને કોઈ જરા ઠપકો આપે તો કોપથી ગચ્છ છોડી દે છે. તે ઓછું ભણેલાને ગામે-ગામ એકલા વિચરતા જે દુઃખ પડે છે, તે કહે છે—

તે અવ્યક્તને એકલા વિચરતા ઉપસર્ગ કે વિવિધ રોગ સંબંધી પીડા વારંવાર

થાય. ત્યારે તે સાધુ નિરવધ વિધિથી તેને દૂર કરી શકતો નથી. કેમકે તે સાધુ આ પીડાને સહન કરવાનો ઉપાય જાણતો નથી, સમ્યક્ સહેવાનું ફળ જાણતો નથી, તેથી પીડા સહેવી મુશ્કેલ છે. પછી આતંક-પીડાથી આકૂળ બનેલો એષણા શુદ્ધિને તજી દે છે. પ્રાણી ઉપમર્દન પણ સ્વીકારે છે. વચન-કંટકથી પ્રેરાઈ અંદરથી પણ બળે છે. પણ આવી ઉત્તમ ભાવના ભાવતો નથી કે આ પીડા મારા કર્મના વિપાકથી ઉદયમાં આવી છે, બીજા તો માત્ર નિમિત્ત છે. વળી–

આત્માને દ્રોહ કરનાર અમર્યાદા મૂઢને સુમાર્ગેથી ઘસડીને નરક અગ્નિરૂપ જ્વાળામાં ઇંધન તરીકે નાંખે. આવી ઉત્તમ ભાવના આગમ ન ભણવાથી તેને થતી નથી. આ બતાવી ગુરુ શિષ્યને કહે છે–

આ એકલા વિચરનારને બાધા દૂર કરવી મુશ્કેલ છે. તું તેને જોયા જાણ્યા વિના મારા ઉપદેશથી બહાર ન જતો. પણ આગમ અનુસારીતાથી સદા ગચ્છમાં રહેજે. સુધર્માસ્વામી કહે છે, આ અભિપ્રાય વર્ધમાનસ્વામીનો છે કે એકચર્યામાં દોષ છે અને ગુરુનિશ્રામાં ગુણ છે.

આચાર્ય સમીપવર્તીએ શું કરવું ? આચાર્યની દૃષ્ટિ મુજબ હેય-ઉપાદેયમાં વર્તવું અથવા સંયમમાં કે આગમમાં જે દૃષ્ટિ તે દૃષ્ટિ મુજબ સર્વકાર્યમાં વિહરવું. તેણે કહેલ સર્વસંગથી વિરતી કરી, સંયમમાં સદા યત્ન કરવો. તથા તેમને સર્વે કાર્યોમાં આગળ સ્થાપવા. તે પ્રમાણે આચાર્યના વિષયમાં વર્તવું. આચાર્યની સંજ્ઞા પ્રમાણે સર્વ કાર્ય કરવું પણ સ્વમતિના મુજબ કાર્ય ન કરવું. સદા ગુરુકુળવાસ સેવે. ત્યાં ગુરુકુળવાસમાં વસતો તે કેવો થાય ? તે કહે છે–

યતનાથી વિહાર કરનારો, યતનાથી પ્રાણિ ઉપમર્દન ન કરતો પડિલેહણાદિ ક્રિયા કરે, વળી આચાર્યના અભિપ્રાય મુજબ ક્રિયામાં વર્તે, તે 'ચિત્તનિપાતી' કહેવાય. ગુરુ ક્યાંય ગયા હોય તો તે પંથનું પ્રલોકન કરે. તે 'પંથનિર્ધ્યાયી' કહેવાય. તે ગુરુના સંથારાનો દેખનાર, ગુરુ ભૂખ્યા હોય તો આહાર શોધે એ રીતે ગુરુનો આરાધક થાય. વળી ગુરુનો આગળ-પાછળ અવગ્રહ સાચવે, કાર્ય સિવાય સદા અવગ્રહ બહાર રહે - x - x - ગુરુએ કોઈ કાર્ય માટે મોકલેલ હોય તો પ્રાણિઓને દુઃખ ન થાય તે રીતે યુગમાત્ર ભૂમિ શોધતો યતનાથી ચાલે. - વળી -

● **સૂત્ર-૧૭૧ :-**

***તે સાધુ જતાં-આવતા, અવયવોને સંકોચતા-ફેલાવતા, આરંભથી નિવૃત્ત થતા-પ્રમાર્જનાદિ ક્રિયા કરતા સદા ગુરુ આજ્ઞાપૂર્વક વિચરે.***

***ગુણ સમિત અને યતનાપૂર્વક વર્તનાર મુનિના શરીરના સ્પર્શથી કદાચિત્ કોઈ પ્રાણી ઘાત પામે તો તેને આ જન્મમાં જ વેદન કરવા યોગ્ય કર્મનો બંધ થાય છે. જો કોઈ પાપ જાણીને કર્યું હોય તો તેને જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રાયશ્ચિત દ્વારા દૂર કરવું. અપ્રમાદથી તે કર્મનો ક્ષય થાય છે. એમ આગમવેત્તા કહે છે.***

● **વિવેચન :-**

સદા ગુરુ આજ્ઞા મુજબ વર્તનાર સાધુ જતા કે પાછા ફરતા, હાથ-પગ સંકોચતા



કે હાથ વગેરે અવયવોને ફેલાવતા, સમસ્ત અશુભ વ્યાપારથી પાછો ફરી, સમ્યક્ રીતે હાથ-પગ આદિ અવયવોને તથા તેના સ્થાનોને રજોહરણાદિથી પ્રમાર્જીને ગુરુકુલ વાસમાં વસે. ત્યાં રહેનારની વિધિ-ભૂમિ પર એક ઉરૂ સ્થાપીને, બીજો ઉંચો રાખીને બેસે. તેમ ન બેસાય તેવા સ્થાને ભૂમિનું પડિલેહણ-પ્રમાર્જન કરી કુકડીના દૃષ્ટાંતે સંકોચે કે પ્રસારે. સુવું હોય તો મોરની માફક સુવે. કેમકે મોર બીજા પ્રાણીના ભયથી એક પડખે તથા સચેતન જ સુવે. પડખું પણ નિરીક્ષણ કરી, પુંજીને ફેરવે. એ પ્રમાણે બધી ક્રિયા પૂંજી-પ્રમાર્જીને કરે.

આ પ્રમાણે અપ્રમાદથી ક્રિયા કરવા છતાં કદાચિત્ બનવાકાળ જે થાય તે કહે છે - કદાચ તે ગુણયુક્ત સાધુને અપ્રમત્તપણે સમ્યગ્ અનુષ્ઠાન કરવા છતાં જતા-આવતા, સંકોચતા-ફેલાવતા, પ્રમાર્જન કરતાં કોઈપણ અવસ્થામાં પોતાની કાયાના સંગમાં આવેલા સંપાતિમ જીવોમાં કોઈ પરિતાપ પામે, કોઈ ગ્લાની પામે, કોઈના અવયવ નાશ પામે કે સૂત્રમાં કહ્યા મુજબ કોઈના પ્રાણ જાય તો અહીં કર્મબંધની વિચિત્રતા છે–

શૈલેશી અવસ્થામાં મશક આદિ જીવ કાયાના સ્પર્શથી મરણ પામે તો પણ બંધ ઉપાદાન કારણ યોગના અભાવે બંધ થતો નથી. ઉપશાંત-ક્ષીણ-મોહ-સયોગી કેવલીને સ્થિતિ નિમિત્ત કષાયોના અભાવથી એક સમયનો જ બંધ થાય. અપ્રમત્ત સાધુને જઘન્યથી અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કોડાકોડી સાગરોપમનો બંધ છે. પ્રમત્તને અનાકુટ્ટી આદિ કારણે - x - અપ્રમત્તથી કંઈક વિશેષ બંધ છે. તે એક જ ભવે દૂર થઈ શકે છે–

આ જન્મમાં જ ભોગવવું તે આ લોક વેદન છે. તેના વડે આવી પડેલને ભોગવવું અર્થાત્ પ્રમત્ત સાધુએ પણ જે ઇચ્છાવિના ભૂલ કરી તે કાયસંઘટ્ટનાદિથી આ ભવના અનુબંધરૂપ કર્મબંધ થયો. તે આ ભવે જ ક્ષય કરી શકાય છે. આકુટ્ટીથી કર્મ કર્યું હોય - આગમોક્ત કારણ સિવાય પ્રાણીને દુઃખ આપ્યું હોય તો જ્ઞપરિજ્ઞાએ જાણીને વિવેક પ્રાયશ્ચિત્ત લેવું અથવા કર્મનો અભાવ થાય તેવું કૃત્ય કરે.

કર્મનો અભાવ કઈ રીતે થાય તે કહે છે - હવે કહેવાનાર ઉપાય પ્રમાણે તે સાંપરાયિક કર્મ માટે આગમજ્ઞાતા સાધુ પ્રમાદને દૂર કરીને દશવિધ પ્રાયશ્ચિતમાંના જે યોગ્ય પ્રાયશ્ચિત્ત હોય તે સમ્યગ્ રીતે આદરી અભાવ કરે અથવા તીર્થંકર કે ગણધર કે ચૌદપૂર્વી તેનો અભાવ કરે છે. હવે અપ્રમાદી કેવા હોય ? તે કહે છે–

● **સૂત્ર-૧૭૨ :-**

***તે પ્રભૂતદર્શી, પ્રભૂત પરિજ્ઞાની, ઉપશાંત, સમિત, સહિત, સદા યતનાશીલ મુનિ સ્ત્રીજનને જોઈને પોતે પોતાનું પર્યાલોચન કરે કે, આ સ્ત્રીજન મારું શું કલ્યાણ કરશે ? લોકમાં જે સ્ત્રીઓ છે તે ચિત્તને લોભાવનાર છે. આ પ્રમાણે તીર્થંકરે ફરમાવેલ છે. કદાચિત્ ઇન્દ્રિયોના વિષયોથી પીડિત થાય તો તે નિઃસાર આહાર કરે, ઉણોદરી કરે, ઉર્ધ્વ સ્થાને કાયોત્સર્ગ કરે, ગ્રામાનુગ્રામ વિહાર કરે, છેલ્લે આહાર ત્યાગ કરે પણ સ્ત્રીસંગમાં મનને ક્યારેય ફસાવા ન દે.***

***વિષયસેવનમાં પહેલાં ઘણાં દંડ-પાપ કરે પછી સ્પર્શ-ભોગ મળે. અથવા પહેલા ભોગ ભોગવે પછી દંડ મળે. સ્ત્રીઓ કલહ અને રાગ ઉત્પન્ન કરનારી છે, એ જોઈને જાણીને પોતે પોતાને આજ્ઞા કરે કે સ્ત્રી સંગ ન કરવો જોઈએ. તેમ હું કહું છું. બ્રહ્મચારી કામકથા ન કરે, તેના અંગોપાંગ ન જુએ, સંકેતો ન કરે, મમત્વ ન કરે, સ્ત્રીની સેવા ન કરે, વાતચીતમાં મર્યાદા રાખે, મનને સંવૃત્ત રાખે. સદા પાપનો ત્યાગ કરે. આ પ્રકારે મુનિભાવની સમ્યક્ સાધના કરે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

તે સાધુ પ્રમાદના વિપાક આદિને કે અતીત, અનાગત, વર્તમાનના કર્મવિપાકને જોવાના સ્વભાવવાળો હોવાથી પ્રભૂતદર્શી કહેવાય છે. વર્તમાનનો સ્વાર્થ દેખી કંઈ ન કરે. સત્ત્વરક્ષણ ઉપાય કે સંસારમોક્ષ કારણનું જેને ઘણું જ્ઞાન હોય છે અર્થાત્ યથાવસ્થિત સંસારસ્વરૂપદર્શી હોય. વળી કષાયના અનુદય કે ઇન્દ્રિય અને મનના ઉપશમથી ઉપશાંત, પાંચ સમિતિ વડે સમિત અથવા સમ્યગ્ રીતે મોક્ષમાર્ગે જવાથી સમિત તથા જ્ઞાનાદિ વડે યુક્ત કે હિત વડે યુક્ત, સદા યત્ન કરનાર છે. આ પ્રમાણે અપ્રમત્ત બનીને ગુરુસેવારત, તે પ્રમાદજનિત કર્મોનો અંત કરે છે.

તે સાધુ સ્ત્રી આદિના અનુકૂળ પરિષહ આવતાં શું કરે ? ઉપસર્ગ કરવા આવતી સ્ત્રીને જોઈને વિચારે કે, હું સમ્યગ્દૃષ્ટિ છું, મેં મહાવ્રતનો ભાર લીધો છે. - x - નિર્મળ કુળમાં મેં જન્મ લીધો છે, અકાર્ય ન કરવા જ હું તૈયાર થયો છું. તે સ્ત્રી-જનને જોઈને વિચારે કે આ સ્ત્રીઓથી મારે શું પ્રયોજન છે ? મેં જીવવાની આશા તજી છે, આ લોકનું સુખ સર્વથા તજ્યું છે. તે સ્ત્રી શું ઉપસર્ગ કરવાની ? વિષયસુખ દુઃખરૂપે પરિણમે છે તો આ સ્ત્રી મને શું સુખ આપશે ? પુત્રાદિ પણ કાળ કે રોગથી કેમ બચાવશે ? અથવા આ પ્રમાણે સ્ત્રીના સ્વભાવને ચિંતવે—

આ સ્ત્રીસમૂહ પરમ રમણતા કરાવે છે, માટે પરમારામ છે. તત્ત્વ જાણનાર સાધુને પણ હાસ્ય, વિલાસ, ઉપાંગ, નેત્ર કટાક્ષાદિથી મુંઝવે છે આ લોકમાં જે કોઈ સ્ત્રી સમૂહ છે, તેને મોહરૂપ જાણીને તેનો ત્યાગ કરવો. આ તીર્થંકરે કહેલું છે, તે બતાવે છે - શ્રી વર્ધમાનસ્વામીએ કેવલજ્ઞાનથી કહ્યું છે - સ્ત્રીઓ ભાવબંધનરૂપ છે. - x - x - પ્રબળ મોહોદયથી પીડાયેલ તે ઉદ્બાધ્યમાન છે. ઇન્દ્રિયના સ્વ વિષયમાં પ્રવર્તન વડે ઉદ્બાધ્યમાન જો ગચ્છમાં હોય તો ગુરુ અનુશાસિત કરે. કઈ રીતે ?

નિઃસાર અને અંત-પ્રાંતાદિ દ્રવ્યને ખાનારો બને. અથવા નિર્બળ બનીને ખાય કેમકે બળના અભાવે ઇન્દ્રિયોના વિષયો શાંત થઈ જાય છે. આહાર ઓછો લેતા બળ ઓછું થાય છે, માટે ઉણોદરી કરે. અંતપ્રાંત ખાવા છતાં મોહ શાંત ન થાય તો તેથી પણ અસ્નિગ્ધ વાલ, ચણા આદિ માત્ર ૩૨ કોળીયા ખાય. તેથી પણ શાંત ન થાય તો કાયક્લેશ તપ કરે. તે માટે ઉર્ધ્વસ્થાને રહે. શીત-ઉષ્ણ આદિ સહન કરે. તેથી શાંત ન થાય તો ગામે ગામ વિચરે. મોહ ઉપશમ માટે વિહાર કરે. વધુ શું કહે ?

જે કારણથી વિષયેચ્છા દૂર થાય તે કરે. છેવટે આહાર પણ છોડે, અતિપાત કરે, ફાંસો ખાય પણ સ્ત્રીમાં મન ન કરે. સ્ત્રીમાં પ્રવર્તેલ મનને તજે. તેના ત્યાગથી





કામ પણ તજેલ જાણવો. કહ્યું છે, હે કામ ! તને હું જાણું છું કે તું સંકલ્પથી ઉત્પન્ન થાય છે, પણ હું તારો સંકલ્પ કરવાનો નથી, તેથી મને 'કામ' થશે નહીં. સ્ત્રીમાં મન કેમ ન કરવું ?

સ્ત્રીસંગ પ્રવૃત્ત અપરમાર્થદૃષ્ટિવાળો પહેલેથી જ સ્ત્રીનો સંગ ન છોડવા અર્થ ઉપાર્જન પ્રવૃત્ત થઈ ખેતી, વાણિજ્ય આદિ ક્રિયા કરતો અતિ ભૂખ, તરસ, ઠંડી, તાપ વગેરે પરિષહોના આ લોકમાં જ દુઃખરૂપ દંડો સહે છે. તે સ્ત્રીસંભોગની પહેલા જ કરાય છે. પછી વિષય નિમિત્ત જનિત કર્મના વિપાક વડે નરકાદિ દુઃખો ભોગવવા પડે છે. અથવા સ્ત્રી આદિ અકાર્યમાં પ્રવૃત્તને પૂર્વે દંડ અને પછી હાથ-પગ આદિ છેદાવાનું દુઃખ છે અથવા પૂર્વે તાડના, પછી સ્ત્રી સંબંધ આદિ થાય છે. તે કહે છે — *[વૃત્તિકારે અહીં ઇન્દ્રદત્ત વણિક અને લલિતાંગ કુમારનું દૃષ્ટાંત માત્ર બે લીટીમાં આપેલ છે.]*

વળી આ સ્ત્રી સંબંધો કલહ સંબંધ કરાવે છે અથવા કલહ તે ક્રોધ અને આસંગ તે રાગ. એ રીતે રાગ-દ્વેષ કરાવનારા છે, તેથી આલોક-પરલોક સંબંધી અપાયોના કારણે સ્ત્રીસંગની પ્રત્યુપેક્ષા વડે જાણીને આત્માને આસેવનથી રોકે. તેમ હું તીર્થંકરના વચન અનુસાર કહું છું. સ્ત્રીસંગમાં દુઃખ છે માટે તેનો ત્યાગ કરવો. ફરી તેના ત્યાગનો ઉપાય બતાવે છે—

તે સ્ત્રીસંગ ત્યાગી સ્ત્રીના નેપથ્ય તથા શણગારની કથા ન કરે, એ રીતે તેનો ત્યાગ થાય. સ્ત્રીને નરકમાં લઈ જનારી, સ્વર્ગ-મોક્ષમાં વિઘ્નરૂપ જાણીને તે સ્ત્રીના અંગઉપાંગને ન દેખે. તેનું નિરીક્ષણ મહા અનર્થને માટે થાય છે. કહ્યું છે કે, સન્માર્ગે ઇન્દ્રિયોનું સ્થાપન, લજ્જા કે વિનયમાં પુરુષો ત્યાં સુધી જ સમર્થ થાય છે, જ્યાં સુધી સુંદર સ્ત્રીના કામ-કટાક્ષ બાણો તે પુરુષને લાગ્યા નથી. તે સ્ત્રીઓને નરકને આપનારી જાણીને તેની સાથે વાર્તાલાપ વગેરે પોતાની સગીબહેન હોય તો પણ ન કરવો. કહ્યું છે

પોતાની માતા, બેન કે પુત્રી હોય તો પણ તેની સાથે એકાંતમાં ન બેસે, કેમકે ઇન્દ્રિય વિષયો બળવાન્ છે, જેમાં પંડિત પણ મોહ પામે છે. આવું જાણીને સ્વાર્થમાં તત્પર સ્ત્રીઓમાં મમત્ત્વ ન કરવું. તથા તેને મોહ કરનારી મંડન આદિ ક્રિયા પોતે ન કરે, સ્ત્રીની વૈયાવચ્ચ ન કરે - અર્થાત્ કાયવ્યાપારનો નિષેધ કર્યો તથા અધ્યાત્મ-મનને કબજામાં રાખી સ્ત્રીના ભોગમાં મન પણ ન રાખે. સૂત્રનો અર્થ વિચારવામાં મનને રોકી રાખે. આવો ઉત્તમ સાધુ બીજું શું કરે તે કહે છે—

સર્વથા સર્વકાળ પાપ તથા પાપના ઉપાદાન કારણો છોડે. હવે ઉપસંહાર કરે છે - આ આખા ઉદ્દેશામાં કહેલ મુનિભાવને તું ચિંતવજે.

**અધ્યયન-૫ 'લોકસાર' ઉદ્દેશો-૪ 'અવ્યક્ત'નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૫ ઉદ્દેશો-૫ "હ્રદ-ઉપમા" 卐

● ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહે છે - તેનો સંબંધ આ પ્રમાણે-ચોથા ઉદ્દેશામાં અવ્યક્ત અને એકલા વિચરતા સાધુના દુઃખો કહ્યા. તે દુઃખો દૂર કરવા ઇચ્છનાર સાધુએ સદા આચાર્ય નિશ્રાએ રહેવું જોઈએ. આચાર્યે પણ હ્રદ ઉપમાવાળા થવું. તેમના અંતેવાસીએ પણ તપ-સંયમથી યુક્ત બની નિઃસંગપણે વિચરવું. આ રીતેના સંબંધમાં આવેલ ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર—

● **સૂત્ર-૧૭૩ :-**

***હું કહું છું - જેમ એક જળાશય [હ્રદ] પરિપૂર્ણ છે, સમભૂભાગે સ્થિત છે, તેની રજ ઉપશાંત છે, જળચરોનું સંરક્ષણ કરતું તે જળાશય સ્રોત મધ્યે સ્થિત છે તેવા આચાર્યો હોય છે. લોકમાં અનેક મહર્ષિઓ એવા છે જે જ્ઞાનવાન્, પ્રબુદ્ધ, આરંભવિરત થઈ સમાધિમરણની અભિલાષાથી પુરુષાર્થ કરે છે, તેમના તરફ તું જો - એમ હું કહું છું.***

● **વિવેચન :-**

જેવા ગુણવાળા આચાર્ય હોય, તે હું તીર્થંકરના ઉપદેશ અનુસાર કહું છું. તે આ પ્રમાણે — (૧) એક જળાશય-હ્રદ એક તરફ પાણી ભરાતું હોય અને બીજી તરફ નીકળતું હોય તે સીતા-સીતોદાના પ્રવાહ કુંડ જેવું. (૨) પાણી નીકળે પણ પાછું ન આવે તે પદ્મદ્રહ જેવું. (૩) પાણી નીકળે નહીં પણ આવે ખરું તે લવણસમુદ્ર જેવું. (૪) જેમાં પાણી આવે પણ નહીં, નીકળે પણ નહીં તે મનુષ્યલોકની બહારના સમુદ્ર જેવું.

તે જ પ્રમાણે - (૧) જે આચાર્ય પોતે શ્રુત અંગીકાર કરી બીજાને ભણાવે છે. (૨) સાંપરાયિક કર્મ-અપેક્ષાએ, કષાયના ઉદયના અભાવથી ગ્રહણના અભાવથી તપ-કાયોત્સર્ગાદિથી ક્ષપણ અને ઉપપત્તિનું કારણ છે. (૩) આલોચનાને અંગીકાર કરવી. આલોચનાના અપ્રતિશ્રાવિત્વથી (૪) કુમાર્ગમાં પડેલ કેમકે તેમાં પ્રવેશ-નિર્ગમનો અભાવ છે.

જો ધર્મીના ભેદથી ભંગને યોજીએ તો - (૧) સ્થવીરકલ્પી આચાર્યો, (૨) તીર્થંકર, (૩) અહાલંદિક, તેમને કોઈ વખત અર્થની પ્રાપ્તિ થઈ ન હોય તો આચાર્યાદિ પાસેથી નિર્ણયનો સદ્‌ભાવ છે. (૪) પ્રત્યેક બુદ્ધ - કેમકે તેમને ભણવા-ભણાવવાનો અભાવ છે. એમ ચાર ભંગ છે.

અહીં પહેલા ભંગમાં આવેલાને ભણવા-ભણાવવાનો સદ્‌ભાવ હોવાથી તેનો અધિકાર છે તેવા હ્રદરૂપ આચાર્યનું જ અહીં દૃષ્ટાંત છે તે હ્રદ નિર્મળ જળથી ભરેલ, સર્વઋતુ જ વડે શોભાયમાન, સમભૂભાગે રહેલ પાણીનું આવાગમન નિત્ય જ છે, પણ કોઈ દિ' સુકાતું નથી, તેમાં સુખેથી તરવા-નીકળવાનું બની શકે છે, પાણીને કાળું બનાવનાર રજ આદિથી રહિત છે તથા વિવિધ જળચર જીવસમૂહને બચાવતો કે જળચર જીવો વડે પોતાની રક્ષા કરતો રહેલ છે. આ હ્રદ જેવા આચાર્ય છે, તે દર્શાવે છે—



તે આચાર્ય પહેલા ભેદ સમાન છે. તેઓ પાંચ પ્રકારના આચારથી યુક્ત અને આચાર્યની આઠ પ્રકારની સંપદાથી યુક્ત હોય છે છત્રીશ પ્રકારના ગુણોના સમુદાયના ધારક છે. હ્રદ માફક નિર્મળજ્ઞાનથી પ્રતિપૂર્ણ, સમભૂભાગ માફક સંસક્તાદિ દોષરહિત અથવા સુખ-વિહારનાં ક્ષેત્રમાં મધ્યસ્થ રહે, તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર નામક મોક્ષમાર્ગમાં ઉપશમવાળા રહે છે. કઈ રીતે રહે છે ? મોહનીયકર્મ ઉપશાંત કરીને. કઈ રીતે ?

જીવનિકાયની રક્ષા કરતો બીજાને સારો ઉપદેશ દેતો નરકપાતથી અટકાવે છે. આ રીતે પ્રથમ ભંગથી આવેલ સ્થવિર આચાર્યને કહે છે. તેને શ્રૂત-અર્થના દાન ગ્રહણનો સદ્‌ભાવ છે, તેથી સ્રોતમધ્યગતપણું છે. તે આચાર્ય ક્ષોભાયમાન ન થાય તેવા હ્રદ જેવા હોય છે. ઇન્દ્રિય અને મનને સર્વથા વશ રાખનારા, ગુપ્તિએ ગુપ્ત હોય છે. તેને તું જો. આચાર્ય સિવાય બીજા પણ આવા ઘણાં સાધુઓ સંભવે છે. તે કહે છે—

આ મનુષ્યલોકમાં પૂર્વે કહ્યા મુજબના મહર્ષિ છે, તેને તું જો. આચાર્ય સિવાય બીજા સાધુ પણ હ્રદ જેવા છે - x - પોતાનું તથા પરનું સ્વરૂપ બતાવનાર આગમના જ્ઞાતા છે. તેનું જ્ઞાન છે છતાં મોહના ઉદયથી હેતુ અને દૃષ્ટાંત ન મળે તથા જ્ઞેયના ગહનપણાથી સંશયમાં પડેલ સમ્યગ્ શ્રદ્ધાનને ન માનનારા પણ હોય તેથી કહે છે, પ્રબુદ્ધા અર્થાત તીર્થંકર કહે તેવું જ તત્ત્વ પ્રકર્ષથી સમજેલા હોય. તેમ છતાં ભારે કર્મથી સાવધ અનુષ્ઠાન ન છોડનાર હોય તેથી કહે છે - आरंभोपरताः સાવધ યોગથી અટકેલા છે.

આ મારા ઉપરોધથી ગ્રહણ ન કર, પણ તમારી કુશાગ્ર બુદ્ધિથી વિચારવું. તે કહે છે, આ જે મેં કહ્યું તે મધ્યસ્થતા ધારણ કરી મર્યાદાપૂર્વક તું પણ જો. વળી સમાધિમરણની કાંક્ષા વડે સાધુઓ મોક્ષમાર્ગ - x - ઉદ્યમ કરે. એમ હું કહું છું - x - x - અહીં આચાર્યનો અધિકાર પૂરો થાય છે અને શિષ્યનો અધિકાર ચાલુ થાય છે—

● **સૂત્ર-૧૭૪ :-**

***વિચિકિત્સા પ્રાપ્ત આત્માને સમાધિ પ્રાપ્ત થતી નથી. કોઈ ગૃહસ્થ આચાર્યના વચનને સમજે છે, કોઈ સાધુ પણ આચાર્યના વચનને સમજે છે. પણ સમજનારની સાથે રહીને કોઈ સાધુ ન સમજી શકે તો તેને અવશ્ય ખેદ થાય છે.***

● **વિવેચન :-**

વિચિકિત્સા તે ચિત્તનો વિપ્લવ છે. "આમ પણ છે" આવા પ્રકારના સંકલ્પો ઉત્પન્ન થવાથી મોહોદયથી અર્થમાં મતિવિભ્રમ થાય છે. જેમકે - આ મહાન્ તપનો કલેશ રેતીના કોળીયા ખાવા જેવો નિઃસ્વાદ છે, તેનું ફળ મળશે કે નહીં ? કેમકે ખેતી આદિ કરનારને ફળ મળે અને ન પણ મળે. મિથ્યાત્વાંશના ઉદયથી કે જ્ઞેયની ગહનતાથી આવી મતિ થાય છે.

અર્થ ત્રણ પ્રકારે છે - સુખે સમજાય, દુઃખે સમજાય, ન સમજાય તેવો. આ

ત્રણે ભેદ શ્રોતાને આશ્રીને છે તેમાં સુખાધિગમ - જેમકે ચક્ષુવાળો હોય, ચિત્રકર્મ નિપુણ હોય તેને રૂપસિદ્ધિ સુલભ છે. દુરધિગમ - અનિપુણને રૂપ સિદ્ધિ દુર્લભ છે. અનધિગમ-અંધને અશક્ય છે. તેમાં સુખાધિગમને વિચિકિત્સા ન થાય. દેશકાળ સ્વભાવથી વિપ્રકૃષ્ટને વિચિકિત્સા થાય. તેમાં ધર્મ-અધર્મ-આકાશ આદિમાં વિચિકિત્સા થાય છે.

અથવા વિદ્દગિચ્છતિ એટલે વિદ્વાનની જુગુપ્સા. વિદ્વાન એટલે સાધુ જેમણે સંસારનો સ્વભાવ જાણ્યો છે અને સમસ્ત સંગનો ત્યાગ કર્યો છે. તેઓની જુગુપ્સા કરે છે. કેમકે તેઓ સ્નાન નથી કરતા તેથી પરસેવા વડે ગંધાતા શરીરવાળાને નિંદે છે, તે કહે છે, અચિત્ત પાણીથી સ્નાન કરે તો શું દોષ છે ? આ જુગુપ્સા છે. આ વિચિકિત્સા કે જુગુપ્સાને પ્રાપ્ત આત્મા ચિત્ત સ્વાસ્થ્ય કે જ્ઞાનદર્શન ચારિત્રરૂપ સમાધિ પામતો નથી. વિચિકિત્સાથી મલિન ચિત્તવાળાને આચાર્ય કહે તો પણ સમ્યક્ત્વ-બોધિ ન પામે.

જે બોધિ મેળવે છે તે ગૃહસ્થ કે સાધુ હોય તે બતાવે છે - પુત્ર, સ્ત્રી વગેરેમાં રાગી હોય અથવા લઘુકર્મવાળા સમ્યક્ત્વને પમાડનાર આચાર્યને અનુસરે છે. તે પ્રમાણે ગૃહવાસ છોડેલા સાધુ વિચિકિત્સાથી રહિત બની આચાર્યના માર્ગને અનુસરે છે. તેમના મધ્યે કોઈ કોરડુ જેવા હોય તે પણ ઉત્તમ માર્ગાનુસારીને જોઈને કર્મ ઓછા થતા સમ્યક્ત્વ પામે તે કહે છે—

આચાર્યે કહેલ સમ્યક્ત્વ માનનારા શ્રાવકોથી પરિચયમાં આવતો કે પ્રેરણા કરાતા ન માને તો નિર્વેદ કેમ ન પામે ? અર્થાત્ ખરાબ કૃત્યની મિથ્યાત્વાદિ રૂપ વિચિકિત્સા છોડીને તે પણ સમ્યક્ત્વ પામે અથવા સાધુશ્રાવક આચાર્યનું કહેલું સમજે પણ કોઈ અજ્ઞાનના ઉદયથી મંદબુદ્ધિ સાધુ ઘણા વર્ષનો દીક્ષિત હોય છતાં ન સમજે તો કેમ ખેદ ન પામે ? - x - x - તે આવી ભાવના ભાવે કે, હું ભવ્ય નથી, મને સંયતભાવ પણ નથી. જેથી પ્રગટ સ્વરૂપે કહેલ પણ હું સમજતો નથી. આ પ્રમાણે ખેદ પામતાને આચાર્ય સમાધિ વચન કહે કે, હે સાધુ ! ખેદ ન કર. તું ભવ્ય છે. તને સમ્યક્ત્વ મળેલ છે. તે ગ્રંથિ ભેદ વિના ન હોય, તે ભવ્યત્વ વિના ન હોય કેમકે અભવ્યને ભવ્ય-અભવ્યની શંકા ન હોય.

વળી અવિરતિ પરિણામ બાર કષાયના ક્ષય-ઉપશમ થતાં જ હોય છે. તે વિરતિ તું પામ્યો છે. એ રીતે દર્શનચારિત્ર મોહનીયનો તારે ક્ષયોપશમ થયો છે. નહીં તો દર્શન-ચારિત્રની પ્રાપ્તિ ન હોય. કહેવા છતાં તને બધાં પદાર્થો ન સમજાય, તો જ્ઞાનાવરણીય-ઉદય લક્ષણ જાણવું. તેમાં તારે શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ આલંબન લેવું. તે કહે છે—

**● સૂત્ર-૧૭૫ :-**

***તે નિઃશંક સત્ય છે, જે જિનેશ્વરે કહેલ છે.***

**● વિવેચન :-**

જ્યાં સ્વસમય-પરસમયના જ્ઞાત આચાર્ય ન હોય, સૂક્ષ્મ ગૂઢ બાબતોમાં અને



અતીન્દ્રિય પદાર્થોમાં ઉભય સિદ્ધ દૃષ્ટાંત તથા સમ્યગ્ હેતુના અભાવથી જ્ઞાનાવરણીય ઉદયે સમ્યગ્જ્ઞાન ન હોય ત્યાં પણ શંકા વિચિકિત્સાદિ રહિત થઈ આમ વિચારવું - તે જ એક સત્ય છે, તે જ નિઃશંક છે કે, જિન કથિત અત્યંત સૂક્ષ્મ અતીન્દ્રિય પદાર્થો કેવલ આગમથી જ ગ્રાહ્ય છે. - x - જેને માનવામાં શંકા ન હોય તે નિઃશંકિત છે.

રાગદ્વેષને જિતેલા એવા જિન-તીર્થંકરે ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ આદિ કહેલા છે. માટે તેમનું કહેલું સત્ય જ છે. આવી શ્રદ્ધા કરાવી. સમ્યક્રીતે પદાર્થ ન સમજાય તો પણ વિચિકિત્સા ન કરે. શું સાધુને પણ શંકા થાય ? સંસારમાં રહેલ જીવને મોહના ઉદયથી શું ન થાય ? આગમમાં પણ કહ્યું છે - હે ભગવન્ ! નિર્ગ્રન્થ સાધુ કાંક્ષા મોહનીય વેદે ?

હા. તેવા તેવા જ્ઞાનના કે ચારિત્રના વિષયમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સાવાળા બનીને ભેદોને પામેલા કલેશયુક્ત બની હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મ વેદે. તે સમયે સાધુ ચિંતવે કે, ‘‘તે જ નિઃશંક સત્ય છે જે જિનેશ્વરે કહેલું છે’’ તો તે આરાધક થાય.

વળી સાધુ વિચારે કે, વીતરાગ જ સર્વજ્ઞ છે. તેઓ કદી જુઠું ન બોલે તેથી તેમનું વચન જીવોનું સ્વરૂપ બતાવનારું છે, ઇત્યાદિ. વળી આ વિચિકિત્સા દીક્ષા લેનારને આગમમાં મતિ સ્થિર થયેલી ન હોવાથી થાય છે. તેઓ પણ ઉક્ત રહસ્ય ચિંતવે. તે કહે છે—

**● સૂત્ર-૧૭૬ :-**

***કોઈ શ્રદ્ધાવાન્ તીર્થંકર ભગવંતના વચનોને સત્ય માની પ્રવ્રજ્યા લે અને અંત સુધી સત્ય માને. કેટલાંક દીક્ષા ગ્રહણ કરતા સત્ય માને પણ પછી અસત્ય માનવા લાગે. કેટલાંક પૂર્વે શ્રદ્ધાળુ ન હોય પણ પછી શુદ્ધ શ્રદ્ધાવાન્ બને. કેટલાંક પહેલા અશ્રદ્ધાળુ હોય અને પછી પણ અશ્રદ્ધાળુ રહે છે. જે સાધક કોઈ વસ્તુને સમ્યક્ માને છે, તે સમ્યક્ હોય કે અસમ્યક્ તેની સમ્યક્ ઉત્પ્રેક્ષાને કારણે તે સમ્યક્ જ રહે છે. જે કોઈ વસ્તુને અસમ્યક્ માને છે તે સમ્યક્ હોય કે અસમ્યક્ તેને માટે અસમ્યક્ ઉત્પ્રેક્ષાને કારણે તે અસમ્યક્ જ રહે છે.***

***ઉત્પ્રેક્ષા કરનારો ઉત્પ્રેક્ષા નહીં કરનારને કહે છે કે સમ્યક્ રીતે ઉત્પ્રેક્ષા કરો. આ પ્રમાણે સંયમમાં પ્રવૃત્તિ કરવાથી જ કર્મનો નાશ થાય છે. તમે શ્રદ્ધાળુની તથા શિથિલની ગતિને સારી રીતે જુઓ અને આ અસંયમમાં પોતાના આત્માને સ્થાપિત ન કરો.***

**● વિવેચન :-**

જેને ધર્મની ઇચ્છા છે તે શ્રદ્ધાવાન્ છે. તેને સંવિગ્નવિહારી કે સંવિગ્ન આદિ ગુણોથી દિક્ષા યોગ્ય હોય અને દિક્ષા લેતા શંકા થાય અને જીવાદિ પદાર્થમાં બોધ પામવા અશક્ત હોય તો સમજાવવું કે, જિનેશ્વરે કહેલ છે તે શંકારહિત અને સત્ય છે. આ પ્રમાણે દીક્ષા લેતા બોધ આપવાથી - x - પછીના કાળમાં પણ નિર્મળ ભાવના

વધે; સમ રહે, ઘટે કે ન રહે એવા જીવના વિચિત્ર પરિણામો છે તે બતાવે છે—

(૧) તે શ્રદ્ધાવાન્ - x - દીક્ષા લીધા પછી પણ જિનવચનને શંકારહિત સાચું માને. પછીથી પણ શંકા આદિથી રહિત નિર્મળ સમ્યક્ત્વવાળો થાય અને તીર્થંકર ભાષિતમાં શંકાદિ ઉત્પત્તિ ન થાય.

(૨) કોઈ દીક્ષા લેતા શ્રદ્ધાથી માને છતાં પછી - x - કોઈ એકાંત પક્ષ પકડે - x - પૂર્વાપર વિચાર ન કરે, જ્ઞેય પદાર્થ ગહન હોવાથી મતિ મુંઝાતા મિથ્યાત્વના અંશનો ઉદય થાય તો તે જિનવચનને સમ્યક્ ન માને. અનંત ધર્માત્મક વસ્તુને કોઈ એક નયથી તે સાધુ વિચારે છે જેમકે નિત્ય તે અનિત્ય કેમ થાય ? અનિત્ય તે નિત્ય કેમ થાય ? - x - x - ઇત્યાદિ અસમ્યક્ ભાવને પામે છે. પણ એવું વિચારતો નથી કે વસ્તુ અનંત ધર્મવાળી અને બધા નયના સમૂહથી યુક્ત છે. આ અતિગહન દર્શન હોવાથી મંદબુદ્ધિવાળાને તે માનવું શ્રદ્ધાથી જ શક્ય છે. - x -

કહ્યું છે કે, “નૈગમ, સંગ્રહ આદિ બધા નયો વડે નિયત એક એક અંશથી અન્યતીર્થિક શાસનવાળાએ બતાવેલ જ બહુ પ્રકારના ગમપર્યાયો વડે સંપૂર્ણતા પામેલ તમારું વચન શ્રદ્ધા કરવા યોગ્ય છે. પણ હેતુથી જાણવા યોગ્ય નથી.” જેથી વિચારવું કે હેતુ તો એક નયના અભિપ્રાય પ્રમાણે વર્તે છે તથા એક ધર્મને સાધે છે. પણ બધાં ધર્મને સાધનાર હેતુ અસંભવ છે.

(૩) કોઈ મિથ્યાત્વના અંશથી મુંઝાયેલાને શંકા થાય કે પુદ્ગલથી શબ્દ કેમ બને ? ઇત્યાદિ અસમ્યગ્ માન્યતા હોય - x - પણ આ શંકા ગુરુ ઉપદેશથી દૂર થતાં તે શ્રદ્ધાવાળો થાય છે કે જો શબ્દ પુદ્ગલનો બનેલો ન હોય તો કાન ઉપર તેનો અનુગ્રહ કે ઉપઘાત કેમ થાય ? ઇત્યાદિ - x - સમજીને સમ્યક્ત્વ પામે.

(૪) કોઈને આગમમાં રમણતા ન થવાથી મતિ અપરિણત થતા વિચારે કે એક જ સમયમાં પરમાણુ લોકાંતે કેવી રીતે જાય ? એવું ખોટું માનતા કોઈ સમયે પુરો મિથ્યાત્વી બને છે. તે માને છે કે ચૌદ રાજલોકના એક છેડાથી બીજા છેડે જતાં - x - કાંતો સમયનો ભેદ પડે - x - અથવા પરમાણુ તેટલો મોટો હોય - x - તે મિથ્યા આગ્રહી એમ ન વિચારે કે વિસ્રસા પરિણામથી શીઘ્ર ગતિને લીધે પરમાણુનું એક સમયમાં અસંખ્યેય પ્રદેશગમન થાય છે. - x - x - x -

(૫) હવે આ ભાંગાનો ઉપસંહાર કરતા કહે છે - [જિન વચન] સાચું છે. એવું માનીને શંકા આદિ છોડીને તે વસ્તુ યત્ન વડે તેવા જ રૂપે સમ્યક્ કે અસમ્યક્ પૂર્વે ભાવિ હોય તો પણ સમ્યગ્ પર્યાલોચનાથી શિષ્ય સમ્યગ્ શ્રદ્ધાવાળો થાય. - x -

(૬) હવે તેથી ઉલટું બતાવે છે - કોઈ વસ્તુ ખોટી રીતે માનતા શંકા થાય તે સમયે વસ્તુ ખોટી કે સાચી વિચારી હોય તો પણ - x - ખોટા વિચારને લીધે અશુભ અધ્યવસાય હોવાથી તે મિથ્યાત્વ છે. કારણ કે, “જેવી શંકા કરે તેવો જ ભાવ મેળવે” એવું વચન છે.

અથવા સમ્યક્ માનનારને બીજી રીતે ખુલાસો કરે છે - x - શમિતાને માનનારો શુભ અધ્યવસાયી ઉત્તરકાળે પણ શમિત એટલે ઉપશમવાળો જ રહે છે.



જ્યારે બીજા તો શમિતાને માનવા છતાં કષાયના ઉદયથી અશમિતા થાય છે. આ પ્રમાણે બીજા ભાંગામાં પણ સમ્યક્ શબ્દની યોજના કરવી કે સારું વિચારે તો સારું ફલ મેળવે, આવું વિચારતો બીજાને પણ ઉપદેશ દેવા સમર્થ થાય. કહ્યું છે—

આગમ પરિણત મતિવાળો યથાયોગ્ય પદાર્થનો સ્વભાવ બતાવવાથી આ યોગ્ય છે - આ અયોગ્ય છે એવું વિચારતો વિદ્વાન બીજા નહીં વિચારતાને પણ સમજાવે છે એટલે - x - ગતાનુગતિકતા વડે શંકાથી દોડતાને કહે છે, માધ્યસ્થતા રાખી સમ્યગ્ ભાગથી તું વિચાર કે જિન કથિત જીવાદિ તત્ત્વ યુક્તિ યુક્ત છે કે નહીં ? તે આંખો મિંચીને વિચાર અથવા સંયમને સારી રીતે પાળનાર હોય, તે સંયમ સારી રીતે ન પાળનારને કહે છે, સમ્યગ્ ભાવ પામીને સંયમમાં સારી રીતે ઉધમ કર. - x - એ રીતે કર્મસંતતિને ક્ષય કરનારો થઈશ. જો સંયમ સારી રીતે પાળીશ તો કર્મ ક્ષય થશે અન્ય રીતે નહીં થાય. સારી રીતે સંયમ પાળનારને શું લાભ થાય ?

તે સમ્યક્ રીતે દીક્ષા લેવા તૈયાર થયેલાને શંકારહિત શ્રદ્ધાવાળો થઈ ચારિત્ર લઈ ગુરુકુલે કે ગુરુ આજ્ઞામાં જે ગતિ કે પદવી પ્રાપ્ત થાય તેને હે શિષ્યો તમે સારી રીતે જુઓ. જેમકે - સર્વલોકમાં પ્રશંસા, જ્ઞાનદર્શનમાં સ્થિરતા, ચારિત્રમાં નિષ્પ્રકંપતા, શ્રુતજ્ઞાનની આધારતા થાય છે અથવા સ્વર્ગ કે મોક્ષમાં ગતિ થાય. તે જુઓ. - x - સંયમમાં પ્રયત્ન ન કરનારને વિરૂપ ગતિ થાય તે કહે છે—

જેઓ અસંયમમાં બાલભાવમાં રમેલા છે તે સકલ કલ્યાણના આધારરૂપ સુગતિ ન પામે. તેથી તું દીક્ષા લઈને બાલચેષ્ટા ન કરીશ. તેવો બાલ-આચાર શાક્યાદિ મતવાળા આચરે છે. તેઓ કહે છે કે, આત્મા અમૂર્ત હોવાથી તેના અતિપાત ન થાય. - x - જેમ વૃક્ષ બાળવા કે છેદવાથી આકાશ બળતું નથી, તેમ શરીરના વિકારથી આત્માને કંઈ પણ થતું નથી. કહ્યું છે કે, આત્મા જન્મતો નથી, મરતો નથી - x - જીવને શસ્ત્રો છેદે નહીં, અગ્નિ બાળે નહીં, પાણી ભીંજવે નહીં, પવન શોષવે નહીં. આ આત્મા અચ્છેદ્ય, અભેદ્ય, અવિકારી, નિત્ય, સતત ગમક, અચલ, સનાતન છે. આવા વિચારોથી પ્રાણીને હણવા પ્રવૃત્તનો નિષેધ કરવા કહે છે—

● **સૂત્ર-૧૭૭ :-**

***તું તે જ છે જેને તું હનન યોગ્ય માને છે, તું તે જ છે જેને તું આજ્ઞામાં રાખવા યોગ્ય માને છે, તું તે જ છે જેને તું પરિતાપ દેવા યોગ્ય માને છે - જેને ગ્રહણ કરવા યોગ્ય માને છે - જેને મારવા યોગ્ય માને છે. પણ જ્ઞાની પુરુષ ઋજુ હોય છે. તેથી તે ઘાત કરતા નથી, કરાવતા નથી કરેલા કર્માનુસાર પોતાને તેનું ફળ ભોગવવું પડે છે. તેથી કોઈને હણવાની ઇચ્છા ન કરવી.***

● **વિવેચન :-**

તું જેને હણવાનો વિચાર કરે છે, તે તું જ છે. - x - જેમ તમે માથુ, હાથ, પગ, પડખા, પીઠ, પેટવાળા છો, તેમ જેને તમે હણવા યોગ્ય માનો છો, તે પણ તેવો જ છે. જેમ તમને કોઈ મારવા આવે તો જોઈને દુઃખ થાય છે, તેમ બીજાને પણ થાય. દુઃખ આપવાથી પાપ થાય છે. અર્થાત્ મારવા વડે અંતર્ આત્માની હિંસા નથી પણ

શરીરરૂપ આત્માની હિંસા છે. કેમકે આત્માને આધારરૂપ શરીર છે. તેને સર્વથા દૂર કરવું તે જ હિંસા છે. કહ્યું છે કે, પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસ અને આયુ એ દશ પ્રાણ ભગવંતે કહ્યા છે, તેનો વિયોગ કરવો તે હિંસા છે.

વળી સંસારમાં રહેલા જીવને સર્વથા અમૂર્તપણું નથી. - x - સર્વત્ર પ્રાણીને દુઃખ દેતાં તે આત્મા તુલ્ય છે તેમ વિચારવું એવું હવે પછીના સૂત્રમાં કહ્યું છે. તું પણ તે જ છે કે જેને — (૧) આજ્ઞામાં રાખવામાં, (૨) પરિતાપવામાં, (૩) ગ્રહણ કરવા યોગ્ય, (૪) દુઃખ દેવામાં - માને છે. પણ જેમ તને અનિષ્ટ પ્રાપ્તિથી દુઃખ થાય છે તેમ બીજાને પણ દુઃખ થાય તેમ જાણ અથવા જે કાયને તું હણવા વિચારે છે ત્યાં તું અનેકવાર હતો. આ પ્રમાણે જૂઠ આદિમાં પણ જાણ.

આ પ્રમાણે હણનાર અને હણાનાર બંનેમાં ઐક્ય થાય તો શું ? તે કહે છે - ઋજુ સાધુ એ જ છે જે હંતવ્ય અને ઘાતકના એકપણાના બોધને માને પ્રતિબુદ્ધજીવી સાધુ તે પરિજ્ઞાન વડે જીવે છે. - x - જો આમ છે તો શું તે કહે છે, હણાનાર જીવને પોતાની માફક મહાદુઃખ થાય છે તેથી બીજા જીવને ન હણવો, ન હણાવવો અને હણનારની અનુમોદના ન કરવી. - x - વળી બીજાને મોહના ઉદયે હનન આદિ દુઃખ આપનાર પછી પોતે પણ તે દુઃખ વેદે છે. એમ જાણી કોઈને હણવો નહીં, તેવી ઇચ્છા પણ ન કરવી.

શંકા-આત્માને સાતા કે અસાતારૂપ સંવેદન છે. તેને અન્ય મતવાળા આત્માથી ભિન્ન ગુણભૂત સંવેદનનું એકાર્થપણું માને છે. તેમ તમે પણ માનો છો ? કે આત્મા સાથે એક માનો છો ?

● **સૂત્ર-૧૭૮ :-**

***જે આત્મા છે તે વિજ્ઞાતા છે, જે વિજ્ઞાતા છે તે આત્મા છે. જેના દ્વારા જાણી શકાય છે, તે જ્ઞાન આત્માનો ગુણ છે. તે જ્ઞાનના આશ્રિત જ આત્માની પ્રતીતિ છે. [જે આત્મા અને જ્ઞાનના સંબંધને જાણે છે] તે આત્મવાદી છે. તેનું સંયમાનુષ્ઠાન સમ્યક્ કહેલું છે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

જે આત્મા નિત્ય ઉપયોગલક્ષણ છે તે જ વિજ્ઞાતા છે. તે આત્માથી પદાર્થ સંવેદક જ્ઞાન ભિન્ન નથી. જે વિજ્ઞાતા-પદાર્થનો પરિછેદક ઉપયોગ છે તે પણ આત્મા જ છે. કેમકે જીવનું લક્ષણ ઉપયોગ છે કે જે જ્ઞાન સ્વરૂપ છે. “જ્ઞાન અને આત્મા અભેદપણે માનવાથી એકલું જ્ઞાન જ સિદ્ધ થશે.” - એમ શંકા થાય. પણ તેમ નથી. અમે ભેદનો અભાવ કહ્યો છે - ઐક્ય નહીં - x - જેમ ધોળું વસ્ત્ર તેમાં ધોળું અને વસ્ત્ર બંનેમાં ભેદનો અભાવ છે, પણ ઐક્ય નથી. તેમાં ધોળા પણાના વ્યતિરેકથી અન્ય કોઈ વસ્ત્ર છે જ નહીં તેમ માનવું તે મૂર્ખતા છે. કેમકે તેમ માનતા ધોળાપણાના અભાવે વસ્ત્રનો જ અભાવ થશે.

વળી તેમ માનતા આત્મા વિનષ્ટ થાય તે શંકા પણ ખોટી છે. કેમકે અનંત ધર્માત્મક વસ્તુને મૃદુ આદિ બીજો પણ ધર્મ છે. તેમ ધર્મ વિનાશે પણ અવિનષ્ટ કાયમ



છે એ પ્રમાણે આત્માનો જ્ઞાનગુણ વિનાશ થવા છતાં બીજા અમૂર્તત્વ, અસંખ્યપ્રદેશતા આદિ ધર્મોનો સદ્ભાવ હોવાથી આત્માનો વિનાશ નથી જ. - x -

શંકા-આત્મા છે તે વિજ્ઞાતા છે તે સિદ્ધાંત - x - ખોટો થશે. કેમકે જેના વડે આ જાણે છે તે ભિન્ન પણ હોય. તે કરણ કે ક્રિયા થશે. કરણ માનતા તે ભિન્ન થશે. ક્રિયા માનો તો તે કર્તામાં કે કર્મમાં રહેલ પણ સંભવે. તેમાં ઐક્ય કેમ હોય ? તેનો ઉત્તર આપે છે—

જે જ્ઞાનરૂપ કરણ કે ક્રિયા વડે - x - જાણે છે, તે આત્મા છે. તે આત્માથી ભિન્ન જ્ઞાન નથી. કરણપણે પણ ભેદ નથી - x - જેમ દેવદત્ત આત્માને આત્મા વડે જાણે છે. ક્રિયાના પક્ષમાં પક્ષસંબંધી અભેદ છે એવું તમે પણ સ્વીકારેલ જ છે. - x - જ્ઞાન અને આત્માનું ઐક્ય માનતા શું થાય ? તે કહે છે—

તે જ્ઞાન પરિણામને આશ્રયી આત્મા તે નામે જ વ્યપદેશ કરાય છે. જેમકે - ઇન્દ્રિ ઉપયુક્ત તે ઇન્દ્ર છે. અથવા મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની આદિ. જે જ્ઞાન અને આત્માનું એકપણું સ્વીકારે - x - તે યથાવસ્થિત આત્મવાદી થાય. તેના સમ્યગ્ ભાવ કે ઉપશમપણા વડે સંયમાનુષ્ઠાનરૂપે વ્યાખ્યાયિત કરાયેલ છે.

**અધ્યયન-૫ “લોકસાર” ઉદ્દેશ-૫ “હ્રદ ઉપમા”નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૫ ઉદ્દેશો-૬ “ઉન્માર્ગવર્જન” 卐

● પાંચમો ઉદ્દેશો કહ્યો. હવે છઠ્ઠો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૫-માં હ્રદની ઉપમાથી આચાર્યને વિચારવા કહ્યું. તેવા આચાર્યના સંપર્કથી કુમાર્ગનો પરિત્યાગ અને રાગ-દ્વેષની હાનિ અવશ્ય થાય. તે પ્રતિપાદન સંબંધથી આવેલા ઉદ્દેશાનું પહેલું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૧૭૯ :-**

***કેટલાંક સાધકો અનાજ્ઞામાં ઉદ્યમી હોય છે, કેટલાંક આજ્ઞામાં અનુદ્યમી હોય છે. [હે મુનિ!] આ બંને તારામાં ન થાઓ. આ તીર્થંકરનો અભિપ્રાય છે. સાધક તેમાં જ પોતાની દૃષ્ટિ રાખે, તેમાં જ મુક્તિ માને, સર્વકાર્યોમાં તેને જ આગળ કરે, તેના જ સ્મરણમાં સંલગ્ન રહે. તેમાં જ ચિત્ત સ્થિર કરે. અર્થાત્ ગુરુકુલ નિવાસી રહે.***

● **વિવેચન :-**

તીર્થંકર, ગણધર આદિનો ઉપદેશ માનનારને શિષ્ય કહે છે. અથવા સર્વભાવના સંભવથી ભાવોનું સામાન્ય અભિધાન છે. અનાજ્ઞા એટલે ઉપદેશ વિના પોતાની મેળે આચરે, તે અનાજ્ઞા હોવાથી અનાચાર છે. તેમાં કેટલાંક ઇન્દ્રિયવશ થયેલા અને દુર્ગતિમાં જવાની ઇચ્છાથી સ્વ અભિમાનગ્રસ્ત અને બનાવટી ધર્માચરણમાં ઉદ્યમ કરનારા સોપસ્થાનવાળા છે. [તેઓ કહે છે] અમે પણ પ્રવ્રજિત છીએ. [પણ તેઓ]

સત્-અસત્ ધર્મના વિવેકથી રહિત થઈ સાવધ આરંભમાં પ્રવર્તે છે.

કેટલાંક મિથ્યાત્વી નથી, પણ આળસ, નિંદા આદિથી હણાયેલા બુદ્ધિથી તીર્થંકર કથિત સદાચાર - x - અનુષ્ઠાનથી રહિત છે. આ કુમાર્ગ અનુષ્ઠાયી અને સન્માર્ગથી ખેદ પામેલા બંને દુર્ગતિ પામે છે. તેથી હે શિષ્ય ! તને તેવી દુર્ગતિ ન થાઓ. આવું સુધર્માસ્વામી પોતાની બુદ્ધિથી નથી કહેતા, તે કહે છે કે આ જિનેશ્વરે કહ્યું છે અથવા અનાજ્ઞામાં નિરુપસ્થાનત્વ છે અને આજ્ઞામાં સોપસ્થાનત્વ છે. આવો તીર્થંકરનો અભિપ્રાય છે અથવા હવે પછી કહેવાનાર જિન-મત છે, તે કહે છે—

કુમાર્ગ છોડીને સદા આચાર્યના અંતેવાસી થવું. આચાર્યની દૃષ્ટિમાં રહેવું અથવા તીર્થંકરપ્રણીત આગમમાં દૃષ્ટિ રાખે. તે આચાર્ય કે તીર્થંકરની આજ્ઞાથી મુક્ત થાય છે. તે આચાર્યની - x - અનુમતિથી કાર્ય-ક્રિયા કરે છે. તેમના જ્ઞાનમાં ઉપયુક્ત અને સદા ગુરુકુલવાસી રહે છે. તેવાને શું ગુણ થાય તે કહે છે—

**● સૂત્ર-૧૮૦ :-**

***તે [સાધુ] કર્મો જીતીને તત્ત્વદૃષ્ટા બને છે, જે ઉપસર્ગથી અભિભૂત નથી થતા તે નિરાલંબતા પામવામાં સમર્થ થાય છે. જે લઘુકર્મી છે તેનું મન [સંયમથી] બહાર નથી હોતું. 'પ્રવાદ' થી 'પ્રવાદ'ને જાણવો જોઈએ. જાતિસ્મરણાદિ જ્ઞાન દ્વારા, સર્વજ્ઞના વચન દ્વારા કે અન્ય જ્ઞાની પાસે શ્રવણ કરીને 'પ્રવાદ'ને જાણી શકાય છે.***

**● વિવેચન :-**

પરીષહ-ઉપસર્ગ કે ઘાતિ કર્મોને જીતીને તત્ત્વને જોયું. ઉપસર્ગો કે પરતીર્થિકથી અભિભૂત ન થયો, એવો સમર્થ નિરાલંબનતાને ધારણ કરે. પણ સંસારમાં માતા-પિતાદિનું આલંબન ન ઇચ્છે. તે તીર્થંકરની આજ્ઞા બહાર વર્તવાથી નરકાદિ જવાય એવું ભાવવામાં સમર્થ થાય. - x - x - સુધર્માસ્વામી કે આચાર્યો શિષ્યોને કહે છે કે—

જેણે મોક્ષને લક્ષ્યમાં રાખ્યો છે, તે મહાપુરુષ-લઘુકર્મી મારા મતથી બહાર ન હોય તે અબહિર્મન છે, તે સર્વજ્ઞ ઉપદેશવર્તી છે. તેના ઉપદેશનો નિશ્ચય કઈ રીતે થાય તે કહે છે - પ્રકૃષ્ટ વાદ તે પ્રવાદ. આચાર્યની પરંપરાનો ઉપદેશ. તેના વડે સર્વજ્ઞના ઉપદેશને જાણે અથવા અણિમાં આદિ આઠ ઐશ્વર્ય જોઈને પણ તીર્થંકરના વચનથી બહાર મન ન કરે પણ તેવાને ઠગ જાણીને તેમની ક્રિયા અને વાદને વિચારે—

કઈ રીતે ? - x - સર્વજ્ઞ વચન વડે બીજા તીર્થિકોના પ્રવાદને જાણે.

*[અહીં વૃત્તિકારે જુદા જુદા મત અને તે સંબંધી વાદની ચર્ચા કરી છે. અમે અનુવાદના આરંભે જ કહ્યું છે કે, આ અનુવાદમાં આવા વાદ, ન્યાય આદિ ચર્ચાનો અનુવાદ અમે કર્યો નથી અથવા તેનો સંક્ષેપ કે સારાંશ જ મૂકેલ છે. અહીં પણ આવા વાદને વૃત્તિકારે મૂકેલ છે, તેને કિંચિત્ સારરૂપે જ નોંધીએ છીએ. માટે વૃત્તિ જ જોવી.]*

વૈશેષિકો તનુ ભવન આદિ કરનારને ઈશ્વર માને છે.

આવા પ્રવાદને જિનપ્રવાદ વડે પર્યાલોચિત કરવો જોઈએ.....ઈશ્વરથી પદાર્થો



બને છે એવી કલ્પનાનું નિરસન કરવું.

સાંખ્યમતવાળા જુદો જ મત રજૂ કરે છે - તેઓ આત્માને અકર્તા અને નિર્ગુણ માને છે. તેમના મતે સત્વ, રજ, તમસ્ એ બધાંની સામ્ય અવસ્થા તે પ્રકૃતિ છે....પ્રકૃતિ કરે છે અને પુરુષ ભોગવે છે ઇત્યાદિ. તેમનું માનવું યુક્તિથી રહિત છે. કેમ કે પ્રકૃતિ અચેતન હોવાથી કેવી રીતે આત્માના ઉપકાર માટે ક્રિયાની પ્રવૃત્તિ કરશે ?...પ્રકૃતિ જો નિત્ય હોય તો પ્રવૃત્તિની નિવૃત્તિનો અભાવ થઈ જાય અને જો પુરુષનું કર્તાપણું ન હોય તો સંસારથી ઉદ્વેગ અને મોક્ષની ઉત્કંઠાનો અભાવ થશે. ઇત્યાદિ...સાંખ્ય મતનું નિરસન કરવું.

બૌદ્ધમતવાળા બધું ક્ષણિક માને છે. તેનો ઉત્તર.

તમારું કહેવું ભણ્યા વિનાનું અને અર્થહીન છે. કેમકે જો ઘડો બનતી વખતે જ નાશ પામે તો ઘડાની ક્રિયા કઈ રીતે થઈ ? અને ઉત્પન્ન થતાં જ ભાંગે તો તેમાં નાખેલું પાણી રહી શકે નહીં. ધર્મ અધર્મ કરનારો તુરંત નાશ પામે તો ધર્મ-અધર્મની ક્રિયા સંભવે નહીં અને ધર્મ અધર્મના અભાવમાં પુણ્ય-પાપનો બંધ ન હોય. બંધના અભાવમાં મોક્ષ કોનો થાય ?

બૃહસ્પતિ મતવાળા ફક્ત પાંચ ભૂતોને માને છે. તેથી જીવ, પુણ્ય, પાપ, પરલોકનો અભાવ થતાં નિર્મર્યાદપણે અમાનુષીકૃત્ય કરનારાને કોઈ ઉત્તર ન આપવો તે જ ઠીક છે. ઇત્યાદિ.

આ પ્રમાણે બધા તીર્થોના વાદમાં જિનમતને અનુસરીને વિચારી અસત્યને દૂર કરવું. સર્વજ્ઞનું વચન અને કુમાર્ગનું નિરાકરણ કરીને તીર્થિકોના પ્રવાહોને આ રીતે જાણે - મતિ આદિ જ્ઞાનો વડે પોતે બીજા વાદોની પરીક્ષા કરે અથવા જ્ઞાન વડે જોવા યોગ્ય તથા મિથ્યાત્વ કલંકરહિત નિર્મળ મતિથી બધા વાદોને જાણે. કોઈ વખત પર ઉપદેશથી જાણે અથવા તેમના કહેલ આગમ ભણીને જાણે અથવા આચાર્યાદિ પાસેથી સાંભળી યથાવસ્થિત જાણે. જાણીને શું કરે ? તે કહે છે—

**● સૂત્ર-૧૮૧ :-**

***મેધાવી સાધક નિર્દેશ - [સર્વજ્ઞની આજ્ઞા] નું અતિક્રમણ ન કરે. તે સર્વ પ્રકારે સારી રીતે વિચાર કરીને સંપૂર્ણરૂપે સામ્યને જાણે સંયમને અંગીકાર કરી, જિતેન્દ્રિય બની પ્રવૃત્તિ કરે. મુમુક્ષુ વીર સદા આગમાનુસાર પરાક્રમ કરે.***

***એમ હું કહું છું.***

**● વિવેચન :-**

નિર્દેશ કરાય તે 'નિર્દેશ'. એટલે તીર્થંકર આદિના ઉપદેશનું મર્યાદાવર્તી મેધાવી સાધુ ઉલ્લંઘન ન કરે. શું કરીને ઉલ્લંઘન ન કરે તે કહે છે, સારી રીતે વિચારીને તીર્થિકવાદનું ત્યાજ્યપણું અને સર્વજ્ઞવાદના આદરને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપે તથા સામાન્ય વિશેષરૂપે બધા પદાર્થોને મતિ આદિ ત્રણ જ્ઞાનથી વિચારીને હંમેશા આચાર્યની આજ્ઞાનું પાલન કરીને અન્ય દર્શનોનું નિરાકરણ કરે.

કઈ રીતે કરે ? તે કહે છે, સમ્યક્ રીતે સ્વ-પર મતોને જાણીને, પછી

નિરાકરણ કરે. આ મનુષ્યલોકમાં સંયમમાં રતિ કરે. કેમકે પરમાર્થથી વિચારતાં એકાંત અત્યંત રતિ સંયમમાં છે. તે સંયમને આસેવનપરિજ્ઞા વડે જાણીને તેમાં લીન રહી સંયમ અનુષ્ઠાનમાં વિચરે. કઈ રીતે ? તે કહે છે, નિષ્ઠિત એટલે મોક્ષ. તેનો અર્થી બન. અથવા નિષ્ઠિત એટલે પરિસમાપ્ત. અર્થ એટલે પ્રયોજન. તે પ્રયોજનવાળો વીર તે કર્મને વિદારણ કરવામાં તૈયાર બનીને સર્વજ્ઞે બતાવેલા આચારાદિમાં સર્વકાળ યત્ન કરીને કર્મશત્રુને જીત કે મોક્ષમાર્ગે જા. - x -

આવો ઉપદેશ વારંવાર શા માટે કરે છે ? તે કહે છે—

● **સૂત્ર-૧૮૨ :-**

***ઉપર, નીચે, તીર્છી દિશામાં સર્વત્ર કર્મના આસ્રવો કહ્યા છે. આ આસ્રવો પ્રવાહ સમાન છે, તેથી તેને સ્રોત કહે છે. જ્યાં જ્યાં આસક્તિ છે, ત્યાં ત્યાં કર્મનું બંધન છે, તે તું જો.***

● **વિવેચન :-**

શ્રોત એટલે કર્મને આવવાના આસ્રવદ્વારો. તે દરેક ભવના અભ્યાસથી વિષય અનુબંધાદિથી જીવ ગ્રહણ કરે છે. ઉર્ધ્વશ્રોત તે વૈમાનિક સ્ત્રી કે વૈમાનિક સુખની ઇચ્છા. અધો સુખ તે ભવનપતિના સુખની ઇચ્છા અને તિર્છાશ્રોત તે વ્યંતર-તિર્યંચ-મનુષ્યની વિષયઇચ્છા. અથવા પ્રજ્ઞાપક આશ્રયી ઉર્ધ્વ તે પહાડના શિખર આદિ, અધો તે નદી-કિનારાની ઉંડી ગુફા વગેરે. તીર્છા તે આરામ સભા આદિ સ્થાનો. તે બનાવટી કે સ્વાભાવિક હોય અથવા કર્મપરિણતિના કારણે મળેલા છે. આ બધાં કર્મના આસ્રવ સ્થાનો છે. તેથી શ્રોત કહ્યા છે. આ ત્રણ પ્રકારો તથા બીજા પાપોના ઉપાદાન હેતું વડે પ્રાણીને થતી આસક્તિ કે કર્મના અનુસંગને તું જો. તેમજ - x - તું સદા જૈનાગમ પ્રમાણે ઉધમ કર.

● **સૂત્ર-૧૮૩ :-**

***ભાવાવર્તનું નિરીક્ષણ કરીને આગમવિદ્ તેનાથી વિરત થાય. આસ્રવસ્રોતનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા લઈ આ મહાપુરુષ અ-કર્મા થઈને બધું જુએ અને જાણે. પર્યાલોચના કરી પ્રાણીની આગતિ-ગતિને જાણીને વિષયજનિત સુખની આકાંક્ષા કરતા નથી.***

● **વિવેચન :-**

રાગદ્વેષ વિષય કષાયરૂપ કે કર્મબંધ રૂપ જે ભાવ આવર્ત્ત તેને જોઈને આ વિષયરૂપ ભાવવર્તમાં આગમ જ્ઞાતા બનીને તેનાથી વિરમે. એટલે કે આશ્રવ નિરોધ કરે. પાઠાંતર મુજબ આસ્રવનિરોધ કરીને કર્મનો તે અભાવ કરે. આસ્રવ નિરોધ માટે દીક્ષા લે તે જ પ્રત્યક્ષ પ્રયોજન છે. - x - જે કોઈ મહાપુરુષ ઉત્તમ સંયમના કૃત્યો કરે તે અકર્મા અર્થાત્ ઘાતિકર્મરહિત બને. તેના અભાવે વિશેષથી જાણે અને સામાન્યથી જુએ.

વિશેષ ઉપયુક્ત બધી લબ્ધિ પામે. તેથી તે પૂર્વે જાણે છે પછી જુએ છે. આ રીતે ઉપયોગ-ક્રમ બતાવ્યો. તે ઉત્પન્ન દિવ્યજ્ઞાનથી ત્રણ લોકમાં મુગટ સમાન બને,



સુર-અસુર-નરેન્દ્રથી પૂજ્ય બને, સંસાર સમુદ્ર પારવર્તી અને સર્વજ્ઞ બની તે જ્ઞાતજ્ઞેય સુર-અસુર-મનુષ્યની પૂજા પામીને તેને કૃત્રિમ, અનિત્ય, અસાર તથા સોપાધિક માનીને, ઇન્દ્રિય વિષય સુખની નિસ્પૃહતાથી તેની ઇચ્છા ન કરે. વળી આ મનુષ્યલોકમાં રહ્યા છતાં કેવળજ્ઞાનથી જીવોની આગતિ-ગતિરૂપ સંસાર ભ્રમણ અને તેના કારણોને જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે દૂર કરે. તે દૂર કરવાથી શું થાય ?

● **સૂત્ર-૧૮૪ :-**

***સંસારના આવાગમનને જાણી જન્મમરણના વૃત્ત માર્ગને તે પાર કરી લે છે અને મોક્ષને પ્રાપ્ત કરે છે. તે મુક્તાત્માનું સ્વરૂપ બતાવવા માટે કોઈ શબ્દ સમર્થ નથી. તર્કની ત્યાં ગતિ નથી. બુદ્ધિનો ત્યાં પ્રવેશ નથી તે આત્મા કર્મમળથી રહિત જ્યોતિ સ્વરૂપ છે. ક્ષેત્રજ્ઞ છે.***

***તે આત્મા લાંબો નથી, ટુંકો નથી, ગોળ નથી, ત્રિકોણ નથી, ચોરસ નથી, મંડલાકાર નથી. કાળો, નીલો, લાલ, પીળો કે સફેદ નથી. સુગંધી કે દુર્ગંધી નથી. તે તીખો, કડવો, તુરો, ખાટો, મીઠો નથી. તે કઠોર, કોમળ, ભારે, હલકો, ઠંડો, ગરમ, સ્નિગ્ધ કે રૂક્ષ નથી. તે શરીરધારી કે જન્મધર્મા નથી. તે સંગરહિત છે. તે સ્ત્રી-પુરુષ કે નપુંસક નથી.***

***તે જ્ઞાતા છે, પરિજ્ઞાતા છે, તેના માટે કોઈ ઉપમા નથી. તે અરૂપી સત્તાવાળો છે, તે પદાતીત છે. તેનું વર્ણન કરવા કોઈ શબ્દો નથી.***

● **વિવેચન :-**

જન્મ અને મરણના માર્ગના ઉપાદાન કારણરૂપ કર્મને તે કેવલી અતિક્રમે છે અર્થાત્ બધાં કર્મોનો ક્ષય કરે છે. કર્મક્ષય થવાથી શું ગુણ થાય ? વિવિધ-પ્રધાન પુરુષાર્થપણે રચેલાં શાસ્ત્રાર્થથી તપ અને સંયમ અનુષ્ઠાન વડે મોક્ષ કહ્યો છે. આ મોક્ષ બધાં કર્મના મોક્ષરૂપ કહ્યો છે. અથવા વિશિષ્ટ આકાશ પ્રદેશરૂપ મોક્ષમાં રત છે. ત્યાં તે આત્યંતિક, એકાંતિક, અનાબાધ સુખવાળા અને ક્ષાયિક જ્ઞાન-દર્શનયુક્ત બની અનંતકાળ રહે છે. ત્યાં કેવી રીતે રહે છે ? તે કહે છે—

ત્યાં શબ્દોની પ્રવૃત્તિ નથી, શબ્દોથી કહેવાય તેવી કોઈ અવસ્થા નથી. સંપૂર્ણ સ્વરો ત્યાં નથી, વાચ્ય-વાચક સંબંધ નથી. કેમકે શબ્દો તો રૂપ, રસ, ગંધ, સ્પર્શ સમજવામાં સંકેત કાળે ગ્રહણ કર્યા હોય ત્યારે કે તેની તુલનાએ પ્રવર્તે છે. પણ ત્યાં સિદ્ધોને શબ્દાદિ પ્રવૃત્તિ નથી. તેથી મોક્ષ અવસ્થા શબ્દોથી કહેવાય તેમ નથી. તે ઉત્પ્રેક્ષણીય પણ નથી.

જ્યાં પદાર્થનો સંબંધ હોય ત્યાં તેના અધ્યવસાયના અસ્તિત્વમાં તર્કો થાય. પણ જ્યાં તે નથી ત્યાં શબ્દોની પ્રવૃત્તિ કઈ રીતે થાય ?

મનન કરવું તે મતિ છે. તે મનનો વ્યાપાર છે. વિચારની ચાર ભેદે ઔત્પાતિકી આદિ બુદ્ધિ છે, ત્યાં તેનું પ્રયોજન નથી. મોક્ષાવસ્થામાં બધા વિકલ્પોનો અભાવ છે. મોક્ષે જનારા જીવોને એક પણ કર્મ સાથે હોતું નથી. તે એકલો-સર્વ મલકલંકથી રહિત હોય છે. વળી તેમને ઔદારિક શરીર વગેરેનું કે કર્મનું પ્રતિષ્ઠાન નથી માટે

તેઓ અપ્રતિષ્ઠાન છે. તેઓ મોક્ષના ખેદજ્ઞ છે અથવા અપ્રતિષ્ઠાન નરકની સ્થિતિ આદિ પરિજ્ઞાનથી ખેદજ્ઞ છે. તેમને લોકનાડી પર્યન્ત પરિજ્ઞાન છે. તેના આવેદન વડે બધાં લોકની ખેદજ્ઞતા કહી છે.

સર્વ સ્વરનું નિવર્તન જે અભિપ્રાય વડે કહ્યું છે, તે અભિપ્રાયને પ્રગટ કરે છે. તે - પરમ પદમાં રહેનાર લોકાંતે કોશના છટ્ઠા ભાગ ક્ષેત્રમાં રહે છે, તે અનંત જ્ઞાન-દર્શથી યુક્ત છે. સંસ્થાનને આશ્રીને તે હ્રસ્વ કે દીર્ઘ નથી, ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ કે પરિમંડલ નથી. વર્ણને આશ્રીને કાળો, નીલો, લાલ, પીળો કે સફેદ નથી. ગંધને આશ્રીને સુગંધી કે દુર્ગંધી નથી. રસને આશ્રીને તે કડવો, તીખો, તુરો, ખાટો કે મીઠો નથી. સ્પર્શને આશ્રીને કર્કશ, મૃદુ, લઘુ, ગુરુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ કે રૂક્ષ નથી. તથા કાપોત આદિ લેશ્યા પણ નથી.

અથવા કાયાવાળો નથી. *[અહીં વેદાંતવાદીના મતનું નિરસન કર્યું છે.]* વળી ન રુહ કર્મના બીજના અભાવથી તેમને પુનર્જન્મ નથી. *[અહીં શાક્ય મતનું નિરસન છે.]* કહ્યું છે કે, બળેલું લાકડું જેમ ઉગી ન શકે તેમ કર્મરહિત થઈ મોક્ષે ગયેલાને જન્મ-મરણ ન હોય. - x - x - વળી અમૂર્ત હોવાથી તેને સંગ ન હોય માટે તે અસંગ છે. તે સ્ત્રી-પુરુષ કે નપુંસક નથી. - x - વળી તે સર્વજ્ઞ, સર્વદર્શી છે. અર્થાત્ વિશેષથી જાણે તે પરિજ્ઞ અને સામાન્યથી જુએ તે સંજ્ઞ.

પ્રશ્ન - જો સ્વરૂપથી મુક્તાત્મા ન જણાય તો ઉપમા દ્વાર વડે આદિત્યની ગતિ માફક જણાય છે ?

ઉત્તર - નહીં. ઉપમા સાદૃશ વસ્તુની થાય. પણ તે સિદ્ધ-મુક્ત આત્માની તુલના કે તેમના જ્ઞાન અને સુખની તુલના લોકની વસ્તુ સાથે થતી ન હોવાથી તે અનુપમ છે. કેમકે તે મુક્તાત્માની સત્તા રૂપરહિત છે અને તે અરૂપીપણું દીર્ઘ આદિના નિષેધથી બતાવ્યું છે. વળી તેને કોઈપણ જાતની અવસ્થા ન હોવાથી અપદ છે. તેનું અભિધાન પણ નથી કે જે પદ વડે અર્થ બોલાય કેમકે વાચ્ય પદાર્થનો અભાવ છે. જેમકે — જે કહેવાય છે, તે જ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ વગેરેમાંથી કોઈ પણ એક વિશેષણથી બોલાય છે. તેનો અભાવ છે તે બતાવે છે અથવા દીર્ઘ વગેરે શબ્દોથી રૂપ વગેરેનું વિશેષથી નિરાકરણ કર્યું. તેનું સામાન્યથી નિરાકરણ કરવાને કહે છે—

**● સૂત્ર-૧૮૫ :-**

***તે શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી અને સ્પર્શ નથી. બસ આટલું જ છે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

તે મુક્ત આત્માને શબ્દ, રૂપ, ગંધ, રસ કે સ્પર્શ નથી. આ જ ભેદો મુખ્યત્વે વસ્તુના છે. તેના પ્રતિષેધથી બીજો કોઈ વિશેષ ભેદ સંભવતો નથી કે જેથી અમે બીજું બતાવીએ.

ઇતિ અધિકારની સમાપ્તિ બતાવે છે. બ્રવીમિ - પૂર્વવત્ જાણવું. *[ચૂર્ણિમાં અહીં કિંચિત્ પાઠભેદ અને અર્થભેદ છે.]* સૂત્રાનુગમ કહ્યો. તેની સમાપ્તિથી અપવર્ગને પામેલો ઉદ્દેશો પૂરો થયો. - x -



**અધ્યયન-૫ 'લોકસાર' ઉદ્દેશા-૬ ''ઉન્માર્ગવર્જન''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## અધ્યયન-૫ 'લોકસાર'નો અનુવાદ પૂર્ણ

## આચારાંગ સૂત્ર-સટીકં અનુવાદ ભાગ-૧

**શ્રુતસ્કંધ-૧ના અધ્યયન-૧ થી ૫નો**

**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

**● ભાગ-૧-સમાપ્ત ●**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આચાર-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૨ માં છે...

૦ "આચાર" – અંગસૂત્ર-૧-ના...

-૦- શ્રુતસ્કંધ-૧-ના...

– અધ્યયન-૬ થી ૯

અને

-૦- શ્રુતસ્કંધ-૨-સંપૂર્ણ

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૨ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं
### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामक्कोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ७. आगमसूत्र हिन्दी अनुवाद

### ४७-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પધોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપધ, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- ० चैत्यवन्दन पर्वमाला
- ० चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- ० चैत्यवन्दन चोविसी
- ० ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- ० શત્રુંજય ભક્તિ
- ० शत्रुञ्जय भक्ति
- ० સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- ० વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ० ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- ० શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- ० શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- ० અભિનવ જૈન પંચાંગ
- ० अभिनव जैन पञ्चाङ्ग
- ० અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- ० બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- ० શ્રી જ્ઞાનપદ પૂજા
- ० કાયમી સંપર્ક સ્થળ
- ० ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- ० જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- ० પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

# અનુદાન દાતા

*આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા*

**સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ**
**શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી**
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
**જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત**
**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**
**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.**
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બાટોદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*



**સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી**

**આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક મુનિશ્રી દીપરત્નસાગરજીની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.**

**(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ**
**(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.**

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

**૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજીની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—**

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

**૨- સુવિશાળ પરિવારયુક્તા સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી મ૦ની પ્રેરણાથી ''શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ'' - નવસારી તરફથી.**

**૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજીની પ્રેરણાથી -**

**''શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.**

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.ની પુનિત પ્રેરણાથી
''શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી.''

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી શ્રમણવર્યા મોક્ષનંદિતાશ્રીજી મ૦ની પ્રેરણાથી ''શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્ના શ્રીજીની પ્રેરણાથી- ''શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ,'' વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.ની પ્રેરણાથી - ''શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ,'' ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે ''કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી,'' કરચેલીયા, સુરત.



(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી મ૦ની પ્રેરણાથી
''શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજીની પ્રેરણાથી
સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦ની પ્રેરણાથી - ''શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ, જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ૦ ની પ્રેરણાથી – ''અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી મ૦ની પ્રેરણાથી – ''શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ, ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા સા૦ સૂર્યપ્રભાશ્રીજી મ૦ની પ્રેરણાથી – ''શ્રી ભગવતી નગર ઉપાશ્રયની બહેનો, અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી મ૦ની પ્રેરણાથી. ''શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

**૪૯-પ્રકાશનો**

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, आगमविषयदर्शन, आगमकथानुयोगના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

**૪૭-પ્રકાશનો**

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ ''આગમદીપ'' સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.



## ૩. आगमसुत्ताणि-सटीकं

**૪૬-પ્રકાશનો**

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

**૪-પ્રકાશનો**

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.



## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

**૪૭-પ્રકાશનો**

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

**૬-પ્રકાશનો**

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં ''કથાનુયોગ'' નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ ''આગમ કથાનુયોગ'' કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

**૪૮-પ્રકાશનો**

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોના અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે ''સટીક અનુવાદ'' એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનોને અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશનનું મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

-- x -- x --



## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ ''લઘુપ્રક્રિયા'' પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે ક્રાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [૩]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. ''મન્નહ જિણાણં'' નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-** [૧]

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧૦]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

૦ તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

૦ સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પધો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

૦ સાધુ અંતિમ આરાધના

૦ શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

૦ દીક્ષા-યોગાદિ વિધિ

૦ વિધિ સંગ્રહ ભાગ-૧

૦ સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

૦ આગમ મહાપૂજન વિધિ-જેની નોંધ આગમ વિભાગમાં છે.

૦ પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

૦ ૪૫-આગમ યંત્ર

૦ વિંશતિ સ્થાનક યંત્ર



**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

૦ चैत्यवन्दन पर्वमाला

૦ चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष

૦ चैत्यवन्दन चोविसी

૦ ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

૦ શત્રુંજય ભક્તિ

૦ शत्रुञ्जय भक्ति

૦ સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ

૦ વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય

૦ ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

૦ શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી

૦ શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી

૦ અભિનવ જૈન પંચાંગ

૦ अभिनव जैन पञ्चाङ्ग

૦ અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી

૦ બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો

૦ શ્રી જ્ઞાનપદ પૂજા

૦ કાયમી સંપર્ક સ્થળ

૦ ચોઘડીયા તથા હોરા સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

૦ જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ

૦ પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

–– x –– x ––

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૨ :-

# (૧) આચારાંગ-સૂત્ર/૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ● ભૂમિકા :-

પીસ્તાળીશ આગમોમાં ''આચાર'' એ પહેલું આગમ સૂત્ર છે. વ્યવહારમાં ''આચારાંગ'' નામે ઓળખાતા આ આગમને પ્રાકૃતમાં 'आयार' કહે છે. આ અંગેની ભૂમિકા ભાગ-૧માં નોંધી છે.

આચારાંગ સૂત્ર ભાગ-૧માં પહેલા શ્રુતસ્કંધના અધ્યયન-૧ થી ૫નો ટીકાનુસારી અનુવાદ છે. આ બીજા ભાગમાં શ્રુતસ્કંધ-૧ના અધ્યયન-૬ થી ૯ અને શ્રુતસ્કંધ-૨ નો ટીકાનુસારી અનુવાદ છે. [જો કે શ્રુતસ્કંધ-૧માં અધ્યયન-૭ નો વિચ્છેદ થયેલો છે.] શ્રુતસ્કંધ-૨ માં ચાર ચૂલિકા છે. ચૂલિકા-૧માં સાત અધ્યયનો છે. ચૂલિકા-૨માં સાત અધ્યયનો છે અને ચૂલિકા-૩,૪માં કોઈ અધ્યયન નથી. આ રીતે ચાર ચૂલિકાને બદલે કેટલાંક સોળ અધ્યયનો રૂપે પણ તેને ઓળખાવે છે.

### 卐 શ્રુતસ્કંધ-૧ 卐

*[અધ્યયન-૧ થી ૫ માટે પહેલા ભાગમાં જોવું]*

### ૦ અધ્યયન-૬ ''ધુત'' ૦

પાંચમું અધ્યયન કહ્યું છે. હવે છટ્ઠા અધ્યયનનો આરંભ કરીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે છે - અધ્યયન-૫માં લોકમાં સારભૂત એવા સંયમ અને મોક્ષનું પ્રતિપાદન કર્યું. તે નિઃસંગતા સિવાય અને કર્મને દૂર કર્યા વિના ન થાય. તેથી કર્મ ધોવાનું બતાવવા માટે આ ઉપક્રમ કરાય છે. આ સંબંધથી આવેલ ''ધુત'' નામક અધ્યયનના ચાર અનુયોગ દ્વાર થાય છે. તેમાં પ્રથમ ઉપક્રમમાં અર્થાધિકાર બે ભેદે છે. (૧) અધ્યયન અર્થાધિકાર અને (૨) ઉદ્દેશ અર્થાધિકાર.

અધ્યયનનો અર્થાધિકાર પહેલા અધ્યયનમાં કહેલ છે. ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર કહે છે—





[નિ.૨૫૦] ઉદ્દેશા-૧માં પોતાના સગાના વિધૂનન [મોહત્યાગ] નો અર્થાધિકાર છે, બીજામાં કર્મોના, ત્રીજામાં ઉપકરણ અને શરીરોના, ચોથામાં ત્રણ ગારવોના વિધૂનનનો અધિકાર છે તથા ઉપસર્ગ કે સન્માનનો [ત્યાગ કરવો] સાધુઓએ પૂર્વે જે પ્રમાણે કર્મો ધોયા છે, તે પાંચમાં ઉદ્દેશકમાં બતાવે છે. આ પ્રમાણે અર્થાધિકાર બતાવીને નિક્ષેપ કહે છે.

આ નિક્ષેપ ત્રણ પ્રકારે છે - તેમાં ઓઘ નિષ્પન્નમાં અધ્યયન છે, નામ નિષ્પન્નમાં 'ધૂત' નામ છે. 'ધૂત'ના ચાર નિક્ષેપા છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય અને ભાવ બતાવવા ગાથા કહે છે—

[નિ.૨૫૧] દ્રવ્યધૂત બે ભેદે છે - આગમથી અને નોઆગમથી આગમથી જ્ઞાતા હોય પણ તેમાં ઉપયોગ ન હોય. નો આગમથી જ્ઞ શરીર, ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યધૂત તે વસ્ત્રાદિની ધૂળ દૂર કરવી તે. આદિ શબ્દ વૃક્ષ આદિ ફળ અર્થે છે. ભાવધૂત તે આઠે કર્મોને દૂર કરવા રૂપ છે. ફરી આ જ વિષયને વિશેષ સ્પષ્ટ કરે છે—

[નિ.૨૫૨] દેવતા, મનુષ્ય, તિર્યંચના જે ઉપસર્ગો આવે તેને સારી રીતે સહન કરીને જે સંસાર વૃક્ષના બીજ સમાન કર્મો આવે તેને ધોવા-દૂર કરવા. તેને 'ભાવધૂત' જાણ. ક્રિયા-કારકની અભેદતાથી કર્મધૂનન. એ જ ભાવધૂત જાણ. નામ નિક્ષેપો કહ્યો.

### 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૧ 'સ્વજન વિધૂનન' 卐

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું. તે આ છે—

● સૂત્ર-૧૮૬ :-

***કેવલજ્ઞાની પુરુષ સંસારના સ્વરૂપને જાણીને ઉપદેશ આપે છે. એકેન્દ્રિયાદિ જાતિને સારી રીતે જાણનાર શ્રુતકેવલિ આદિ પણ અનુપમ બોધ આપે છે. જ્ઞાની પુરુષ ત્યાગમાર્ગમાં ઉત્સાહિત થયેલા, હિંસક ક્રિયાથી નિવૃત્ત, બુદ્ધિમાન અને સાવધાન સાધકોને મુક્તિનો માર્ગ બતાવે છે. તેમાં જે મહા-વીર છે, તે જ પરાક્રમ કરે છે. કેટલાક આત્મજ્ઞાનરહિત સંયમમાં વિષાદ પામે છે તે જુઓ.***

***હું કહું છું - જેમ કોઈ કાચબો શેવાળાદિથી આચ્છાદિત તળાવમાં ગૃદ્ધ થઈ બહાર નીકળવાનો માર્ગ મેળવી શકતો નથી. વૃક્ષ પોતાનું સ્થાન છોડી શકતું નથી, તેમ કેટલાંયે વિવિધ કુળમાં ઉત્પન્ન રૂપાદિમાં આસક્ત થઈ કરુણ વિલાપ કરે છે. પણ કર્મોથી છૂટી મોક્ષ પામી શકતા નથી. વળી જુઓ, પોત-પોતાના કર્મોના ફળને ભોગવવા માટે વિવિધ કુળોમાં ઉત્પન્ન થાય છે.***

● વિવેચન :-

સ્વર્ગ, મોક્ષ તથા તેના કારણો, સંસાર તથા તેના કારણો કેવળજ્ઞાન વડે જાણીને આ મૃત્યુલોકમાં મનુષ્યોને ધર્મ સમજાવે તે ભવોપગ્રાહી કર્મ સદ્ભાવથી મનુષ્યભાવમાં રહી ધર્મ કહે છે. પણ શાક્યોની માફક ભીંતમાંથી ધર્મોપદેશ ન પ્રગટે. વૈશેષિક માફક ઉલુક ભાવ વડે પદાર્થ આવિર્ભાવ પણ અમારામાં નથી. કેમકે

ઘાતિકર્મક્ષયથી ઉત્પન્ન કેવળજ્ઞાન પછી મનુષ્યપણામાં રહેલાં જ પોતે કૃતાર્થ થયા છતાં પણ જીવોના હિતને માટે મનુષ્ય અને દેવોની સભામાં ધર્મ કહે છે.

આ ધર્મ તીર્થંકર સિવાય બીજા પણ વિશિષ્ટ જ્ઞાની અને સમ્યક્ પદાર્થ પરિચ્છેદી ધર્મોપદેશ કરે છે. તે કહે છે, જે અતીન્દ્રિયજ્ઞાની કે શ્રુતકેવલી છે. જે અધ્યયન-૧માં કહેલ છે, તે વિશિષ્ટજ્ઞાનીએ આ એકેન્દ્રિય આદિ જાતિને સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્તરૂપે શંકા રહિત જાણી છે. તેવા જ ધર્મ કહે છે, બીજા નહીં તે કહે છે—

તે તીર્થંકર, સામાન્ય કેવળી, અતિશયજ્ઞાનિ કે શ્રુતકેવલિ કહે છે. શું કહે છે ? જેના વડે જીવાદિ પદાર્થો જણાય તે જ્ઞાન પાંચ પ્રકારે છે. તેવું જ્ઞાન બીજે ન હોવાથી અનીદૃશ છે. અથવા સકલ સંશયને દૂર કરવા વડે ધર્મ સંભળાવતા તે જ પોતાનું અનન્ય સદૃશ જ્ઞાન બતાવે છે. તેઓ - તીર્થંકર, ગણધરો યથાવસ્થિત ભાવોને ધર્માચરણ માટે યોગ્ય રીતે જે પુરુષો ઉઠેલા હોય, તેમને કહે છે. અથવા દ્રવ્યથી શરીર વડે અને ભાવથી જ્ઞાનાદિ માટે ઉત્થિતને ધર્મ કહે છે.

સમોસરણમાં સ્ત્રીઓ બંને પ્રકારે ઉત્થિત થઈ સાંભળે. પુરુષો દ્રવ્યથી ઉભા કે બેઠા પણ ભાવથી ઉત્થિત થઈને જ ધર્મ સાંભળે. દેવ, તિર્યંચ અને બીજા જીવો ઉત્થિત થઈ સાંભળે. ફક્ત કૌતુકથી આવેલા સાંભળે તો તેમને પણ ધર્મ કહે છે. હવે ભાવ સમુત્થિતને વિશેષથી કહે છે—

મન, વચન, કાયાથી જીવોને દુઃખ દેવા રૂપ જે દંડ તથા તે દૂર કરવાથી નિક્ષિપ્ત દંડવાળા-સંયમિતને તથા તપ, સંયમમાં ઉદ્યમ કરવાથી શાંત અનન્યમનસ્ક તેમને વિશેષથી ધર્મ કહે છે. તેમજ પ્રકર્ષ જ્ઞાન ધરાવનારને આ મનુષ્યલોકમાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મુક્તિ માર્ગ બતાવે છે. આ રીતે સાક્ષાત્ ધર્મ સંભળાવતા કેટલાંક લઘુકર્મી જીવો તે જ વખતે ચારિત્ર ગ્રહણ કરે છે. પણ બીજા તેમ ચારિત્ર લેતા નથી તે કહે છે - કેટલાક ભવ્ય આત્મા જિનેશ્વર પાસે ધર્મ સાંભળતા જ સંયમ સંગ્રામમાં પરાક્રમ બતાવે છે અને બીજા ઇન્દ્રિય કે કર્મશત્રુ જીતવા પરાક્રમી બને છે.

તેથી ઉલટું કહે છે, તીર્થંકર બધા સંશયને છેદનાર ધર્મ કહે છે, છતાં કેટલાંક પ્રબળ મોહથી સંયમમાં ખેદ પામે છે, તેને તમે જુઓ. આત્માના હિતને માટે જેમની પ્રજ્ઞા કામ કરતી નથી તે અનાત્મપ્રજ્ઞા સંયમમાં ખેદ માને છે. તે વાત દૃષ્ટાંત વડે સમજાવે છે.

*[વૃત્તિમાં અહીં દ્રહમાં કાચબાનું દૃષ્ટાંત છે. તેનો સંક્ષેપ આ પ્રમાણે—]*

કોઈ કાચબો મોટા કુંડમાં ગૃદ્ધ બનેલો હોય તે પાંદડા વડે ઢંકાયેલા ઉપર આવવાના વિવર [છિદ્ર] ને પામતો નથી. એટલે કે ઉન્માર્ગ પામી શકતો નથી. ભાવાર્થ આ પ્રમાણે - એક લાખ યોજનવાળો મોટું દ્રહ છે. તે અતિ શેવાળથી ઢંકાઈ ગયેલ છે. તેમાં અનેક જળચરોનો આશ્રય છે. તેમાં કુદરતી એક ફાટ પડેલી. ભવિતવ્યતાના યોગે કોઈ કાચબાની ગરદન તે ફાટમાંથી બહાર નીકળી. તેણે શરદપૂનમનો ચંદ્ર જોયો. તારા વડે છવાયેલ આકાશ અને શોભાયમાન સરોવર જોયું.



આ બધું જોઈને તે ઘણો ખુશ થયો. પોતાના સ્વજન, સહચર, મિત્રોને આવું અ-પૂર્વ, મનોરમ દૃશ્ય દેખાડવા વિચાર્યું. તે તે બધાને શોધવા ગયો. પછી પાછો આવ્યો પણ ફરી છિદ્ર મેળવી ન શક્યો. તે ઉન્માર્ગ પામ્યા વિના જ મરણ પામ્યો. તેનો સાર આ પ્રમાણે—

સંસાર દ્રહ છે. કાચબો જીવ છે, કર્મ શેવાળ છે. તેમાં છિદ્ર સમાન મનુષ્ય જન્મ છે - આર્યક્ષેત્ર, સુકુલોત્પત્તિ, સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ ચંદ્રવાળુ આકાશતલ મેળવીને મોહના ઉદયથી જ્ઞાતિ કે વિષયભોગ માટે સદનુષ્ઠાન ન કરતાં તે મોક્ષને પામતો નથી. તે રીતે વખત ગુમાવી ફરી આવી ઉત્તમ સામગ્રી કેવી રીતે મેળવી શકે ? માટે હે ભવ્ય ! સેંકડો ભવે પણ દુષ્પ્રાપ્ય એવું કર્મ વિવરરૂપ સમ્યક્ત્વ પામીને એક ક્ષણ પણ પ્રમાદી ન થવું. ફરીથી સંસાર રાગીનું બીજું દૃષ્ટાંત આપે છે—

વૃક્ષો ઠંડી, તાપ, કંપન, છેદન આદિ અનેક ઉપદ્રવો સહે છે, છતાં પોતાના સ્થાનને તેમાં સ્થિર બનીને તે છોડતાં નથી. એ પ્રમાણે કર્મથી ભારે બનેલા મોહાંધ જીવો અનેક ઉચ્ચ-નીચ કુળમાં ઉત્પન્ન થઈને પોતે ચારિત્ર ધર્મને યોગ્ય હોવા છતાં ચક્ષુ ઇન્દ્રિયને અનુકૂળ રૂપમાં અને ઉપલક્ષણથી શબ્દાદિ વિષયમાં ગૃદ્ધ બનીને શરીર-મનના દુઃખે દુઃખી, રાજઉપદ્રવની પીડા, અગ્નિદાહથી સર્વસ્વ દગ્ધ અને અનેક આધિ છતાં બધાં દુઃખોના આવાસરૂપ ગૃહવાસ કર્મ છોડવા સમર્થ થતાં નથી, પણ ઘરમાં રહીને જ તેવા તેવા દુઃખો આવતાં દીન સ્વરે રડે છે. હે બાપ ! હે મા ! આદિ ચીસો પાડે છે - x - તે જ કહ્યું છે - આ અચિંતિત, અસદૃશ, અનિષ્ટ, અનુપમ નારકીના જેવું દુઃખ મને એકદમ ક્યાંથી આવ્યું ?

અથવા રૂપાદિ વિષયાસક્તિથી બાંધેલા કર્મથી નારક આદિ વેદના અનુભવતા કરુણ સ્વરે રડે છે, તો પણ રાંકડો તે દુઃખથી મૂકાતો નથી, તે બતાવે છે - દુઃખનું નિદાન તે ઉપાદાન કર્મ છે, તેને રડવા છતાં પણ દુઃખથી મુક્તિ કે મોક્ષના કારણરૂપ સંયમ અનુષ્ઠાનને પામી શકતો નથી. દુઃખના છુટકારાના અભાવમાં સંસાર-ઉદરમાં વિવિધ વ્યાધિથી ઘેરાયેલ જીવો આમતેમ ભમે છે, તે બતાવે છે. હે શિષ્ય ! તું જો. તે ઉંચ-નીચ કુળોમાં પોતાના કર્મોને ભોગવવા જન્મેલા, કર્મોના ઉદયથી આવી અવસ્થાને ભોગવે છે. તેમને ઉત્પન્ન થતા સોળ રોગોને કહે છે—

● **સૂત્ર-૧૮૭ :-**

***૧. કંઠમાળ, ૨. કોઢ, ૩. ક્ષય, ૪. મૂર્છા, ૫. કાણાપણું, ૬. હાથ-પગમાં શૂન્યતા, ૭. કુણિત્વ તથા ૮. કુબડાપણું...***

● **વિવેચન :-**

કંઠમાળ રોગ વાત, પિત, શ્લેષ્મ, સંનિપાત એ ચાર પ્રકારે થાય છે. આ ગંડ જેને હોય તે ગંડી કહેવાય છે. - x - અથવા રાજાંસી [ક્ષય], અપસ્માર [મૂર્છા] આદિ રોગ થાય. અથવા અઢાર પ્રકારે કોઢ રોગવાળો કોઢીયો થાય. તેમાં સાત મોટા કોઢ છે. તે આ પ્રમાણે - અરુણ, ઉદુંબર, નિશ્ચજિહ્વ, કપાલ, કાકનાદ, પૌંડરીક, દદ્રુ. આ સાતે બધી ધાતુમાં પ્રવેશ થવાથી અસાધ્ય છે. અગિયાર કોઢો ક્ષુદ્ર છે -

સ્થૂળારૂષ્ક, મહાકુષ્ટ, એકકુષ્ટ, ચર્મદળ, પરિસર્પ, વિસર્પ, સિધ્મ, વિચર્ચિકા, કિટિભ, પામા, શતારૂક.

આ રીતે ૧૮ કોઢ છે, તે બધાં સંનિપાતજ છે. છતાં વાત આદિ ઉત્કટ દોષથી ભેદવાળા ગણાય છે. તથા ક્ષય રોગવાળો ક્ષયી છે, જે સંનિપાત જ ચાર કારણે થાય છે. કહ્યું છે - ત્રણ દોષવાળો ક્ષય વીર્યના વેગનો રોધ, વેગ, ક્ષય, સાહસ અને વિષમ ખોરાકથી એ ચાર કારણે થાય છે. અપસ્માર રોગ વાત, પિત્ત, કફ, સંનિપાતથી થાય. તે સારા માઠાના વિવેકથી રહિત હોય તથા ભ્રમ, મૂર્છાદિ અવસ્થાને તે રોગી અનુભવે છે. કહ્યું છે—

ભમરી, મૂર્છા થવી, દ્વેષનો ઉછાળો, સ્મૃતિ ભ્રંશ એમ ચાર ભેદે આ ઘોર અપસ્માર રોગ જાણવો. તે સર્વ નેત્રમાં ભ્રમણ કરે છે. તથા કાણત્વ-અક્ષિરોગના બે ભેદ છે. ગર્ભમાં થાય કે જન્મ્યા પછી થાય. ગર્ભવાળાને દૃષ્ટિ ભાગ અપૂર્ણ હોય છે, તે જાત્યંધ હોય. તે પ્રમાણે એક આંખમાંથી તેજ જતાં કાણો બને. તથા રક્તપણાથી રક્તતા, પિત્તપણાથી પિંગાક્ષ, શ્લેષ્મતાથી શુક્લાક્ષ, વાતપણાથી વિકૃતાક્ષ બને છે. જન્મ્યા પછી જે થાય તે વાતાદિ જનિત આંખમાંથી પાણી ઝરે છે. કહ્યું છે—

વાત, પિત્ત, કફ, રક્ત એ ચારથી અભિષ્યંદ થાય. પ્રાયઃ તેથી જ આંખના બધા રોગોનો ઘોર સમૂહ થાય. તથા જાડ્યતા- સર્વ શરીરનું પરવશપણું છે. ગર્ભાધાનના દોષથી એક પગ ટૂંકો કે હાથ ખોડવાળો હોય તે કુણિ રોગ છે. પીઠ વગેરેમાં કુબડાપણું તે કુબ્જી છે. માતા-પિતાના લોહી-વીર્યના દોષથી કુબ્જ, વામન વગેરે ખોડો શરીરમાં થાય. કહ્યું છે, ગર્ભમાં વાયુપ્રકોપથી કે દોહદ પુરા ન થવાથી કુબડો, કુણી, પંગુ, મુંગો કે મન્મન રોગી થાય. તેમાં મુંગો અને મન્મન એ મુખ દોષ કહે છે—

**● સૂત્ર-૧૮૮ :-**

***૯. ઉંદર રોગ, ૧૦. મૂંગાપણું. ૧૧. સોજા આવવા, ૧૨. ભસ્મક રોગ, ૧૩. કંપવાત, ૧૪. પંગુતા, ૧૫. હાથીપગો, ૧૬. મધુમેહ.....***

**● વિવેચન :-**

વાત, પિતના કારણે ઉત્પન્ન ઉદરરોગ આઠ પ્રકારે છે. તે રોગવાળો ઉદરી છે. તેમાં જલોદર અસાધ્ય છે. બાકીના તુરંત ઉત્પન્ન થયેલા મટી શકે છે. તેના ભેદ આ રીતે - બધા વાયુ વગેરે પૃથક્ કે સમુદાયથી વાતોદર, પિત્તોદર, કફોદર, કષ્ઠોદર, ઉદરરોગ, બદ્ધગુદ, આગંતુક અને જલોદર એ આઠ પેટના રોગ છે. તથા હે શિષ્ય ! તું મુંગા કે બોબડાને જો—

તે ગર્ભદોષથી કે જન્મ્યા પછી થાય. ૬૫ પ્રકારે મુખરોગ સાત સ્થાનમાં થાય છે. તે સ્થાન - બે હોઠ, દાંતનું મૂળ, દાંત, જીભ, તાળવું અને કંઠ છે. તેમાં બે હોઠના આઠ રોગ છે, દંતમૂળના-૧૫, દાંતના-૮, જીભના-૫, તાલુના-૯, કંઠમાં-૧૭, બધાંના સાથે મળીને-૩. એમ કુલ-૬૫ રોગો છે. શૂન્યપણું એટલે સોજાનો રોગ વાત, પિત્ત, કફ, સંનિપાત, રક્ત અને અભિઘાત એ છ પ્રકારે છે. કહ્યું છે - શોફ [સોજો]



નામે ઘોર રોગ છ પ્રકારે થાય છે. વાતાદિ દોષથી તેમાં શરીર ફૂલેલું દેખાય છે, તે લોહીના બગાડથી થાય અને ભસ્મક નામે રોગ વાત, પિતાના ઉત્કટપણાથી અને કફની ન્યૂનતા વડે ઉત્પન્ન થાય છે. 'વેવઈ' વાયુના કંપથી થાય. કહ્યું છે—

જે ઘણો કંપે છે, કંપતો ચાલે છે. તેને સંધિ નિબંધથી મૂકાયેલો 'કલાપખંજ' રોગ જાણવો. તથા ગર્ભના દોષથી જીવ ''પીઢ સર્પિ''પણે ઉત્પન્ન થાય છે. અથવા જન્મ્યા પછી કર્મના દોષથી થાય છે. આ રોગીને હાથમાં પકડેલ લાકડું ખસી જાય છે, પગ વગેરેમાં કઠણપણું હોય છે. તે આ પ્રમાણે - વાત, પિત, કફના પ્રકોપથી છાતીમાં રોગ ઉત્પન્ન થઈ જંઘામાં સ્થિર થઈ કાલાન્તરે પગમાં સોજા ચડે છે.

ઉક્ત 'શ્લીપદ' રોગ જે ભૂમિમાં પાણી ભરાઈ રહેતું હોય, સર્વ ઋતુ શીતલ રહેતી હોય તેવા દેશોમાં વિશેષ થાય છે. માણસોને આ રોગ હાથ-પગમાં થાય છે. કેટલાંક વિદ્વાનોના મતે કાન, નાક, હોઠમાં પણ આ રોગ થાય છે. તથા 'મધુમેહ' તે બસ્તિરોગ છે. તે રોગી મધુમેહી કહેવાય. તેનું મૂત્ર મધ જેવું હોય. તે પ્રમેહના ૨૦ ભેદ છે જે અસાધ્ય ગણાય છે. બધાં પ્રમેહો પ્રાયઃ બધા દોષોથી થાય છે. વાતની ઉત્કટતા વડે ૨૦ ભેદ થાય છે. તેમાં કફથી ૧૦, પિત્તથી ૬, વાયુથી ૪ થાય છે. આ બધા અસાધ્ય અવસ્થામાં મધુમેહથી થાય. કહ્યું છે કે, બધા પ્રમેહ રોગો યોગ્ય સમયમાં પ્રતિકાર ન થવાથી મધુમેહપણું પામે છે ત્યારે તે અસાધ્ય બને છે.

**● સૂત્ર-૧૮૯ :-**

***આ રીતે ક્રમશઃ સોળ મહારોગ કહ્યા છે. આ સિવાય અન્ય શૂલાદિ પીડા અને ઘાવ આદિ ભયંકર દર્દ થાય છે.***

**● વિવેચન :-**

આ પ્રમાણે ઉક્ત સોળ રોગો ક્રમશઃ કહ્યા. આ રોગ સંસારી જીવને થાય છે. 'આતંક' એટલે શીઘ્ર જીવલેણ રોગ. તથા ગાઢ પ્રહાર જનિત દુઃખ દેનારા સ્પર્શો ક્રમથી નિમિત્તથી કે નિમિત્ત વગર પણ આવે. તેને માત્ર આ રોગો જ નથી, બીજા પણ તે સંસારી જીવને દુઃખ છે તે કહે છે—

તે કર્મભારથી ગૃહવાસમાં આસક્ત મનથી અસમંજસ રોગ વડે પીડા થતાં અંતે પ્રાણત્યાગ થાય છે તે વિચારીને અને પાછો તેમનો ઉપપાત તથા ચ્યવન કર્મોદયથી સંચિત થયો જાણી એવું કરવું જોઈએ કે જેથી ઉપરોક્ત ગંડાદિ રોગોનો, મરણ તથા જન્મનો સંપૂર્ણ અભાવ થાય. વળી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગથી મેળવેલ કર્મનો 'અબાધા' કાળની મુદત પછી ઉદય થાય છે. ત્યારે તેનો પરિપાક થાય છે. તે વિચારીને જળ-મૂળથી કાઢવા પ્રયત્ન કરવો.

તે દુઃખી દીન સ્વરે રડે છે વગેરે સૂત્ર વડે ઉપપાત તથા ચ્યવન સુધી બતાવ્યા છતાં ફરી તેનું મોટાપણું બતાવવા જેના વડે પ્રાણીને સંસારમાં નિર્વેદ ઉત્પન્ન થાય તે માટે સૂત્રમાં બતાવે છે.

**● સૂત્ર-૧૯૦ :-**

***તે મનુષ્યોના મૃત્યુનું પર્યાલોચન કર, ઉપપાત અને ચ્યવનને જાણીને***

***કર્મોના વિપાકને સારી રીતે વિચારી તેના ફળને સાંભળો. એવા પણ પ્રાણી છે જે અંધ છે, અંધકારમાં રહે છે, તે પ્રાણી તેને જ એક કે અનેક વાર ભોગવી તીવ્ર અને મંદ સ્પર્શોનું સંવેદન કરે છે. તીર્થંકરોએ આ સત્ય કહેલું છે - એવા પ્રાણી પણ હોય છે. જેમકે - વર્ષજ, રસજ, ઉદક, ઉદકચર, આકાશગામી આદિ પ્રાણી અન્ય પ્રાણીને કષ્ટ આપે છે. તેથી તું લોકમાં આ મહાભયને જાણી હિંસા ન કર.***

● **વિવેચન :-**

તે યથાવસ્થિત કર્મવિપાકને તમે મારી પાસે સાંભળો. જેમકે - દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય એ ચાર ગતિ છે. તેમાં નરકગતિમાં ચાર લાખ યોનિ તથા ૨૫-લાખ કુલ કોટિ છે. ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, ત્યાં પરમાધામીકૃત્, પરસ્પર ઉદીરિત અને સ્વાભાવિક વેદના છે. તે કહેવી શક્ય નથી. થોડામાં કહેવાથી પૂરો વિષય ન કહેવાય. તો પણ કર્મવિપાકના કહેવાથી પ્રાણીઓને વૈરાગ્ય થાય તે માટે વર્ણન કરે છે—

કાન કાપવા, આંખના ડોળા ખેંચવા, હાથ-પગ છેદવા, હૃદય બાળવું, નાક છેદવું, પ્રતિક્ષણ દારુણ અવાજ, કટ વિદહન, તીક્ષ્ણ આપાત, ત્રિશૂળથી ભેદન, બળતા મોઢાવાળા કંક પક્ષીઓથી વારંવાર ભક્ષણ, તીક્ષ્ણ તલવારોથી, વિષમ ભાલા, બીજા અધ ચક્રો વડે, પરસુ, ત્રિશૂળ, મુદ્ગર, તોમર આદિથી દુઃખ દે છે. તાળવું-મસ્તક ભેદે, ભુજા, કાન, હોઠ, છેદે, છાતી, પેટ, આંતરડા ભેદે ઇત્યાદિથી નારકી જીવો પીડાય છે.

નીચે પડે, ઉંચે ઉછળે, વિવિધ ચેષ્ટા કરતા પૃથ્વી પર દીન થઈને રહેલા કર્મ પટલથી અંધ બનેલા નારક જીવોનો કોઈ રક્ષક નથી.

પરસુની તીક્ષ્ણ તલવાર જેવી ધારાથી તે રાંકડા છેદાય છે, હડકાયા કુતરા કરડવા માટે વીંટાયેલા રહી પોકાર કરે છે, કરવત વડે લાકડા જેમ ચીરાય છે, બાહુ છેદાય છે, કુંભીમાં ગરમ તરવું પાય છે, મૂષમાં શરીર બળાય છે, બળતા અગ્નિની જ્વાળા વડે ભુંજાય છે, નીભાળામાં સળગે છે ત્યારે ઉંચા હાથ રાખી આર્ત્ત સ્વરે કન્દન કરે છે. શરણરહિત થઈને બિચારા બધી દિશામાં જુએ છે, પણ કોણ રક્ષણ કરે ?

તિર્યંચ ગતિમાં પૃથ્વીકાયની સાત લાખ યોનિ, બાર લાખ કુલ કોટિ છે. તેઓને સ્વકાય-પરકાય શસ્ત્ર તથા શીત-ઉષ્ણ વેદના છે, અપ્કાય જીવોની ૭-લાખ યોનિ, સાત લાખ કોટિ છે, તેમને જુદી જુદી વેદના છે, અગ્નિકાયની ૭-લાખ યોનિ, ૩ લાખ કુલ કોટિ, પૂર્વવત્ વેદના છે. વાયુકાયની ૭-લાખ યોનિ, ૭-લાખ કુલ કોટિ શીતોષ્ણાદિ વિવિધ વેદના છે. પ્રત્યેક વનસ્પતિની ૧૦-લાખ યોનિ, સાધારણ વનસ્પતિની ૧૪-લાખ યોનિ, બંનેની ૨૮-લાખ કુલ કોટિ છે. અનંતકાળ સુધી છેદન, ભેદન, મોટન આદિ વિવિધ વેદના અનુભવે છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય ત્રણેની બે-બે લાખ યોનિ તથા અનુક્રમે ૭, ૮, ૯ લાખ કુલ કોટિ છે, તેમને થતી ભૂખ, તરસ, ઠંડી આદિ વેદના પ્રત્યક્ષ છે. પંચેન્દ્રિય તીર્યંચની ચાર લાખ યોનિ છે - x - x - તેમની વેદના પ્રત્યક્ષ છે. જેમકે



ભૂખ, તરસ, ઠંડી, તાપ, ભયથી દુઃખી, સદા પીડાયેલા એવા તિર્યંચો અતિ દુઃખી છે. જરા પણ સુખ નથી.

મનુષ્ય ગતિમાં ૧૪-લાખ યોનિ તથા ૧૨-લાખ કુલ કોટિ છે તથા આવી વેદના છે - પહેલું દુઃખ ગર્ભવાસમાં રહેવાનું છે, જન્મ પછી મલીન શરીર આદિ - x - દુઃખ, યુવાનીમાં વિરહનું દુઃખ અને વૃદ્ધાવસ્થા તો અસાર જ છે, મનુષ્યો ! સંસારમાં થોડું પણ સુખ દેખાતું હોય તો બોલો. બાળપણાથી રોગ વડે ડસાયેલો, મૃત્યુપર્યંત શોક, વિયોગ, કુયોગ વડે તથા અનેક દુર્ગત દોષો વડે મૃત્યુ સુધી પરાભવ પામે છે. ભૂખ, તરસ, ઠંડ, તાપ, શીતદાહ, દારિદ્ર, શોક, પ્રિયવિયોગ, દૌર્ભાગ્ય, મૂર્ખતા, નીચજાતિ, દાસપણું, કુરુપત્વ, રોગથી આ મનુષ્યદેહ સદા પરતંત્ર છે.

દેવગતિમાં પણ ચાર લાખ યોનિ, ૨૬-લાખ કુલ કોટિ છે. તેમાં પણ ઇર્ષ્યા, વિષાદ, મત્સર, ચ્યવનભય, શલ્યાદિથી પીડાયેલા મનથી દુઃખનો પ્રસંગ જ છે, સુખનું અભિમાન તો આભાસ માત્ર છે. કહ્યું છે, દેવો ચ્યવન તથા વિયોગથી દુઃખી છે, ક્રોધ, ઇર્ષ્યા, મદ, મદનથી પીડાયેલા છે. હે આર્ય ! અહીં કંઈપણ સુખ વર્ણવવા યોગ્ય હોય, તો વિચારીને કહો.

આ પ્રમાણે ચાર ગતિમાં સંસારી જીવો વિવિધ કર્મવિપાકને ભોગવે છે. તે સૂત્રકાર દર્શાવે છે - પ્રાણી વિદ્યમાન છે. ચક્ષુરહિત તે દ્રવ્ય અંધ છે અને વિવેકરહિત તે ભાવ અંધ છે. તેઓ નરકગતિ આદિના દ્રવ્ય અંધકારમાં તથા મિથ્યાત્વ આદિના કર્મવિપાકથી ભાવ અંધકારમાં રહેલા છે.

વળી તેવી કોઢ વગેરે અધમ અવસ્થામાં કે એકેન્દ્રિય અપર્યાપ્ત અવસ્થાને એકવાર અનુભવીને પાછું કર્મોદયથી તે જ અવસ્થા વારંવાર અનુભવીને ઉચ-નીચ દુઃખ વિશેષને જીવ અનુભવે છે. આ બધું તીર્થંકરે કહેલું તે કહે છે - તીર્થંકરે પ્રકર્ષથી પ્રથમથી કહેલ છે. હવે પછી કહેવાનાર પણ તેમનું જ કહેલું છે. કેટલાંક ભાષા લબ્ધિ પામેલા બેઇન્દ્રિયાદિ જીવો છે, તેમજ કટુ તિક્તાદિ રસને જાણનારા સંજ્ઞી 'રસજ' જીવો છે. આ પ્રમાણે સંસારી જીવોનો કર્મવિપાક વિચારીને મહાભય જાણવો.

ઉદકરૂપ એકેન્દ્રિય જીવો પર્યાપ્ત, અપર્યાપ્ત ભેદે છે. ઉદકમાં ચરનારા પોરા, છેદનક, લોહુણક આદિ ત્રસ જીવો છે. માછલા, કાચબા છે, જળાશ્રિત મહોરગ, પક્ષી આદિ છે. બીજા આકાશગામી પક્ષી છે. આ રીતે બધાં પ્રાણી પ્રાણીઓના આહારાદિ કે મત્સરાદિથી દુઃખ આપે છે. તું જો, કે આ ચૌદ રાજ પ્રમાણ લોકમાં કર્મવિપાકથી વિવિધ ગતિમાં દુઃખ તથા કલેશનાં ફળરૂપ મહાભય છે. કર્મવિપાકથી મહાભય કેમ ? તે કહે છે—

● **સૂત્ર-૧૯૧ :-**

***જીવો બહુ દુઃખી છે, મનુષ્યો કામભોગોમાં આસક્ત છે. આ નિર્બળ અને ક્ષણિક શરીર સુખ માટે જીવ વધની ઇચ્છા કરે છે, વેદનાથી પીડિત તે ઘણું દુઃખ પામે છે. તે અજ્ઞાની જીવ શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થયેલા જોઈને તેની***

***ચિકિત્સામાં જીવોની હિંસા કરે છે. પણ તેમ કરવાથી પણ રોગ મટતો નથી. માટે હે મુનિ ! તું એવી પ્રવૃત્તિ ન કર. આ હિંસાને મહાભયરૂપ સમજીને કોઈપણ પ્રાણીની હિંસા ન કર.***

**● વિવેચન :-**

કર્મના વિપાકથી આવેલાં બહુ દુઃખો જે જીવોને છે, તે જાણીને તમારે તેમાં અપ્રમાદવાળા થવું. આવો ઉપદેશ વારંવાર કેમ કરાય છે તે કહે છે- અનાદિના અભ્યાસથી અગણિત ઉત્તર પરિણામવાળા ઇચ્છા મદનમાં ગૃદ્ધ થયેલા પુરુષો છે, તેથી પુનરૂક્તિ દોષ નથી. કામાસક્ત જીવો બળરહિત નિઃસાર તુષમુષ્ટિ સમાન ઔદારિક શરીર જે જાતે જ ભંગશીલ છે, તેના વડે સુખ મેળવવા કર્મનો ઉપચય કરી અનેક મરણ મેળવે છે. કોણ આવા કટુ વિપાકવાળી સંસાર વાસનામાં રતિ માને ?

મોહના ઉદયથી આર્ત્ત થયેલ, કાર્ય-અકાર્યના વિવેકને ગણતો નથી. તે પ્રાણી બહુ દુઃખ આપનારા કામ વિષયોમાં ગૃદ્ધ થાય છે. અથવા રાગદ્વેષથી આકુળ બનેલ બાળજીવ પ્રાણીઓને કલેશરૂપ કૃત્ય પ્રકર્ષથી કરે છે. તદ્જનિત કર્મવિપાકથી પોતે અનેકવાર વધ પામે છે અથવા પૂર્વે કહેલ રોગો આવતા હવે પછી કહેવાતાં અકૃત્યને અજ્ઞ જીવો કરે છે—

ગંડમાળ, કોઢ આદિ રોગ આવતાં તેની વેદનાથી ગભરાઈને તેને દૂર કરવા બીજા પ્રાણીને સંતાપે છે. - x - જીવવાની આશાએ પ્રાણીઓને મહાદુઃખરૂપ હિંસામાં વર્તે છે; પણ એમ વિચારતા નથી કે પોતાના કરેલ કર્મોના ફળ ઉદયમાં આવે છે. કર્મ શાંત થતાં તે પણ શાંત થાય છે, પણ પ્રાણીને દુઃખરૂપ ચિકિત્સા કરવાથી નવા પાપો જ બંધાય છે. હે શિષ્યો ! વિવેકરૂપ જ્ઞાન ચક્ષુ વડે જુઓ ! કર્મના ઉપશમ માટે ચિકિત્સા વિધિ સમર્થ નથી. જો એમ છે તો શું કરવું ? તે કહે છે—

હે શિષ્ય ! તું વિવેકી છે. તારે પાપ ચિકિત્સાની જરૂર નથી. વળી પ્રાણી હિંસાને હે મુનિ ! તું મહાભયરૂપ જાણ. તું કોઈ પ્રાણીને હણતો નહીં, એક પણ પ્રાણીને હણતાં આઠ પ્રકારના કર્મો બંધાય છે જે સંસારભ્રમણ કરાવે છે માટે મહાભય છે. અથવા ઉક્ત રોગો બહુ પ્રકારે જાણીને કામો પોતે જ રોગરૂપ છે, તે તું જાણ. જેમ કામાતુર જીવ બીજા પ્રાણીને દુઃખ દે છે, તેમ રોગકામાતુરતાથી સાવધ અનુષ્ઠાનમાં પ્રવર્તેલાને ઉપદેશપૂર્વક મહાભય બતાવીને તેની હિંસા ન કરનાર ગુણવાન્‌ના સ્વરૂપને બતાવવા સૂત્રકાર કહે છે—

**● સૂત્ર-૧૯૨ :-**

***હે શિષ્ય ! સાંભળ અને સમજ ! હું 'ધૂતવાદ' બતાવું છું. આ સંસારમાં કેટલાંક જીવ સ્વકૃત્ કર્મોથી તે તે કુળોમાં રજ અને શુક્રથી ઉત્પન્ન થયા, વૃદ્ધિને પ્રાપ્ત થયા, જન્મ્યા, મોટા થયા, પ્રતિબોધ પામી દીક્ષા લીધી અને ક્રમથી મહામુનિ બન્યા.***

**● વિવેચન :-**

હે શિષ્ય ! હું તને જે કહીશ, તે તું જાણ, સાંભળવા ઇચ્છા રાખ કે તારે અહીં



પ્રમાદ ન કરવો. હું ધૂતવાદને કહીશ. ધૂત એટલે આઠ પ્રકારના કર્મોને ધોવા અથવા જ્ઞાતિનો ત્યાગ કરવો. તેનો વાદ એટલે કથન. તેને એક ચિત્તે સાંભળ. નાગાર્જુનીયા કહે છે - કર્મને કે પોતાને ધોવાનો ઉપાય તીર્થંકર આદિ કહે છે - આ સંસારમાં આત્માનો ભાવ તે જીવ અસ્તિત્વ કે સ્વકૃત્ત કર્મ પરિણતિ છે તેનાથી યુક્ત જીવ સમૂહ છે. પણ પૃથ્વી આદિ ભૂતોના કાયાકાર પરિણમવાથી કે પ્રજાપતિથી જીવ બન્યા નથી. તેવા તેવા કુળોમાં પોતાના પૂર્વકૃત્ કર્મ સંચયથી મનુષ્ય ઉત્પત્તિ છે.

સાત દિવસે કલલ થાય, પછીના સપ્તાહે અર્બુદ થાય, અર્બુદની પેશી બને, પછી ઘન થાય તેમાં કલલ થાય ત્યાં સુધી અભિસંભૂત કહેવાય. પેશી થતા અભિસંજાત કહેવાય. પછી સાંગોપાંગ સ્નાયુ, શિર, રોમ વગેરે અનુક્રમે અભિનિવૃત્ત થાય, પછી પ્રસૂતિ થતાં અભિસંવૃદ્ધ થાય. ધર્મકથા વગેરે નિમિત્તથી અભિસંબુદ્ધ થાય. પછી સત્-અસત્‌નો વિવેક જાણનાર અભિનિષ્ક્રાંત થાય. પછી આચારાદિ શાસ્ત્રો ભણી - x - શિક્ષક, ગીતાર્થ, ક્ષપક, પરિહારવિશુદ્ધિ, એકલવિહારી, જિનકલ્પી સુધી ક્રમશઃ આગળ વધે. દીક્ષા લેવા તૈયાર થયેલાને પોતાના સગાં શું કરે ?

**● સૂત્ર-૧૯૩ :-**

***સંયમમાં પરાક્રમ કરતા તેને માતા-પિતાદિ કહે છે - અમે તારી ઇચ્છાનુસાર ચાલનારા, તને આટલો પ્રેમ કરનારા છીએ. તું અમને ન છોડ. એ રીતે આક્રંદન કરતા કહે છે - માતાપિતાને છોડે તે ન મુનિ થઈ શકે કે ન સંસાર તરી શકે. આવા વચનોને જે સ્વીકારતા નથી તે કઈ રીતે સંસારમાં રહે ? આ જ્ઞાન સદા ધ્યાનમાં રાખે. તેમ કહું છું.***

**● વિવેચન :-**

તત્ત્વ જ્ઞાતા, ગૃહવાસથી પરાંગમુખ બનીને મહાપુરુષ સેવિત માર્ગે જવા તૈયાર થયા હોય તેને માતા-પિતાદિ રોતા-રોતા કહે છે તું અમને ન છોડ. - x - અમે તારા અભિપ્રાય મુજબ વર્તનારા છીએ, તારા પર પૂર્ણ વિશ્વાસ છે, તેથી અમને ન છોડ એમ આક્રંદ કરીને તે સગાં રડે છે. વળી કહે છે, જે પાખંડથી ઠગાઈને માતા-પિતાને ત્યજી દીક્ષા લે છે, તે મુનિત્વ પામતો નથી કે સંસાર તરી શકતો નથી. ત્યારે બોધ પામેલો શું કરે તે કહે છે—

આ સગાં મારા રાગી છે, પણ મને અવસરે શરણભૂત થતાં નથી. તે ગૃહવાસ બધા તિરસ્કારને યોગ્ય નરકના પ્રતિનિધિ સમાન અને શુભદ્વારને પરિઘ સમાન છે. તેમાં કોણ રમે ? ગૃહવાસ રાગદ્વેષ રૂપ છે તેમાં મોહરહિત એવો કોણ રતિ કરે ? તેથી પૂર્વોક્ત જ્ઞાન સદા આત્મામાં સ્થાપી રાખવું.

**અધ્યયન-૬ 'ધુત' ઉદ્દેશો-૧ ''સ્વજન વિધૂનન''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૨ "કર્મવિધૂનન" 卐

૦ ઉદ્દેશો-૧-કહ્યો હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના ઉદ્દેશામાં સગાનો મોહ છોડવાનું કહ્યું. જો કર્મનું વિધૂનન થાય તો તે સફળ થાય, તેથી કર્મના વિધૂનન માટે આ ઉદ્દેશો કહે છે - x -

● **સૂત્ર-૧૯૪ :-**

***કેટલાંક વસુ [સાધુ] કે અનુવસુ [શ્રાવક] આ સંસારને દુઃખમય જાણી, પૂર્વસંયોગોને છોડીને, ઉપશમ ભાવ ધારણ કરી, બ્રહ્મચર્ય ધારણ કરીને ધર્મને યથાર્થરૂપે જાણીને પણ કેટલાંક કુશીલો ધર્મપાલન કરતા નથી.***

● **વિવેચન :-**

લોક એટલે માતા, પિતા, પુત્રાદિ સ્નેહ સંબંધનો વિયોગ થતા કે તેમનું કંઈ બગડતા પીડાય છે અથવા સંસારી જીવ કામરાગથી પીડાય છે. તેને જ્ઞાન વડે ગ્રહણ કરીને તથા માતાપિતાદિ સંબંધ છોડીને, ઉપશમ પામી, બ્રહ્મચર્યમાં વસીને તે દ્રવ્યવાળો અર્થાત્ કષાયરૂપ કાળાશ દૂર કરી પોતે વીતરાગ બને છે, તેથી ઉલટો સરાગ બને છે અથવા વસુ એટલે સાધુ અને અનુવસુ તે શ્રાવક છે. કહ્યું છે કે, વીતરાગ તે જિન કે સંયત હોય તેને વસુ જાણવા અને વૃદ્ધ કે શ્રાવકને અનુવસુ જાણવા.

તથા શ્રુત-ચારિત્ર ધર્મ જાણીને, સ્વીકારીને કેટલાંક જીવો મોહોદયથી તેવી ભવિતવ્યતાના યોગે તેવા ધર્મને પાળવા શક્તિમાન થતા નથી. તેઓ કુશીલ છે, ધર્મપાલનમાં અશક્ત હોવાથી તે કુશીલ છે. તેઓ શું કરે છે ?

● **સૂત્ર-૧૯૫ :-**

***તે વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ છોડી અનુક્રમે આવતા દુઃસહ પરીષહોને સહી ન શકવાથી કામભોગમાં મમત્વ કરે છે પણ થોડાં જ સમયમાં આ ક્ષણભંગુર શરીરનો ત્યાગ થાય છે. આ પ્રકારે તે અનેક વિઘ્નો અને દ્વન્દ્વો કે અપૂર્ણતાથી યુક્ત કામભોગોથી અતૃપ્ત જ રહે છે.***

● **વિવેચન :-**

કરોડો ભવે પણ દુષ્પ્રાપ્ય માનવજન્મ પામીને અપૂર્વ, સંસાર સમુદ્રથી પાર ઉતરવા સમર્થ બોધિ મેળવીને મોક્ષવૃક્ષબીજ સમાન સર્વવિરતિ લક્ષણ ચારિત્ર સ્વીકારી ફરી દુર્નિવાર્ય કામથી, મન ઢીલું થતાં ઇન્દ્રિય લાલસાથી મોહનીય કર્મ ઉદયથી, અશુભ વેદનીય પ્રગટ થવાથી - x - ભાવિ હિતને અવગણીને કાર્યાકાર્યને વિચાર્યા વિના મહા દુઃખનો સાગર સ્વીકારી - x - કુલ ક્રમાચાર ત્યજીને ચારિત્ર છોડે છે. તે ત્યાગ ધર્મોપકરણ છોડવાથી થાય છે તે બતાવે છે—

વસ્ત્ર, પાત્ર, કંબલ, પાત્ર નિયોગ, રજોહરણને બેદરકારીથી ત્યજીને કોઈ દેશવિરતિ સ્વીકારે છે, કોઈ સમ્યક્દર્શન રાખે છે, કોઈ તેનાથી પણ ભ્રષ્ટ થાય છે. આવું દુર્લભ ચારિત્ર પામીને કેમ તજે ?

દુસહ્ય પરીષહોને સહન ન કરી શકવાથી, મોહના પરવશપણાથી દુર્ગતિને આગળ કરી મોક્ષમાર્ગને તજે છે. ભોગ માટે ત્યાગ કરવા છતાં પાપના ઉદયથી શું થાય ? તે કહે છે—



વિરૂપ કામોને વહાલા માની સ્વીકારતો, ભોગના અધ્યવસાયવાળો બનવા છતાં અંતરાય કર્મોદયથી તત્ક્ષણ પ્રવ્રજ્યા મૂક્યા પછી કે ભોગ પ્રાપ્તિ પછી અંતર્મૂહૂર્તમાં કે અહોરાત્રમાં અપરિણામથી શરીર ભેદાય છે. એ રીતે આત્મા અને શરીરનો ભેદ થાય છે, અનંતકાળે પણ પંચેન્દ્રિયત્વ પ્રાપ્ત થતું નથી. આ વિષયનો ઉપસંહાર કરતા કહે છે—

આ રીતે તે ભોગાભિલાષી અનેક વિઘ્નોવાળા અંતરાયવાળા કામ ભોગોને ચાહે છે. તે ભોગો આકેવલિક કે અસંપૂર્ણ છે. જેને મેળવવા પાછા સંસારમાં પડે છે અથવા - x - કામભોગો વડે અતૃપ્ત બનીને જ શરીરનો નાશ કરે છે. જ્યારે બીજા નીકટ મોક્ષગામી, ચારિત્ર પરિણામી લઘુકર્મના કારણથી વધતા જતા ભાવવાળા બને છે તે કહે છે—

● **સૂત્ર-૧૯૬ :-**

***કેટલાંક લોકો ધર્મ પ્રાપ્ત કરીને ધર્મોપગરણથી યુક્ત થઈને સર્વજ્ઞ કથિત ધર્મ આચરે છે. લીધેલ પ્રતિજ્ઞામાં દૃઢ રહે છે. સર્વ આસક્તિને દુઃખમય જાણી તેનાથી દૂર રહે તે જ મહામુનિ છે. તે સર્વે પ્રપંચોને છોડી "મારું કોઈ નથી - હું એકલો છું" એમ વિચારી વિરત થઈ, યતના કરતો અણગાર સર્વ પ્રકારે મુંડિત થઈ વિચરે, અચેલક થઈ, સંયમમાં ઉદ્યત બની, ઉણોદરી કરે, કોઈ તેની નિંદા કરે, પ્રહાર કરે, વાળ ખેંચે, પૂર્વે કરેલ કોઈ દુષ્કર્મ યાદ કરાવી અસભ્ય શબ્દો બોલે, દોષારોપણ કરે ત્યારે મુનિ સમ્યક્ ચિંતન દ્વારા સમભાવે સહન કરે. અનુકૂળ-પ્રતિકૂળ, મનોહારી-અનિષ્ટ પરીષહોને સમભાવે સહન કરે.***

● **વિવેચન :-**

ઉક્ત વિશુદ્ધ પરિણામથી નીકટ મોક્ષગામીતાથી સાધુએ શ્રુત ચારિત્રરૂપ ધર્મ પામીને વસ્ત્ર, પાત્રાદિ ધર્મોપકરણ સ્વીકારીને ધર્મકરણીમાં પ્રણિહિત બની પરિષહો સહન કરી સર્વજ્ઞ ઉપદિષ્ટ ધર્મને પાળે અહીં પૂર્વોક્ત પ્રમાદનાં સૂત્રો અપ્રમાદના અભિપ્રાયથી કહેવા. - x - x - તે સાધુઓ કેવા થઈને ધર્માચરણ કરે તે કહે છે—

કામભોગો કે માતાપિતાદિમાં મોહ ન કરે, તપ સંયમાદિ ધર્મ ચરણમાં દૃઢ બની ધર્મ આચરે. વળી બધી ભોગાકાંક્ષાને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગે. એ કામપિપાસાનો પરિત્યાગી પ્રકર્ષથી નમેલો સંયમ કે કર્મ ધોવામાં લીન મહામુનિ બને છે, બીજા કોઈ બનતા નથી. વળી સર્વે પ્રકારે પુત્ર-પત્નીના સંબંધ કે કામાનુસંગ ઉલ્લંઘી શું ભાવના ભાવે ? તે કહે છે—

આ સંસારમાં પડતા મારે આલંબનરૂપ કોઈ નથી, સંસારમાં હું એકલો છું, હું કોઈનો નથી. આ ભાવના ભાવનારો આ જિન પ્રવચનમાં સાવધ અનુષ્ઠાન ત્યાગી દશવિધ સાધુ સામાચારીમાં યત્નવાળો થાય. તેવો કોણ થાય ? અણગાર. તે એકત્વભાવના ભાવતો ઉણોદરી તપ કરે - x - . વળી તે દ્રવ્ય-ભાવથી મુંડ બનીને સંયમાનુષ્ઠાનમાં વર્તે. કેવો બનેલો ? તે કહે છે—

જે અલ્પવસ્ત્રી કે જિનકલ્પી સંયમમાં ઉધત વિહરનારો અંત પ્રાંત ભોજી, ઉણોદરી તપ કરે, ઉણોદરી કરતા કદાચ પ્રત્યનીકતા વડે ગ્રામ કંટકથી પીડાય તો ? તે દર્શાવવા કહે છે - તે મુનિ વાણીથી આકૃષ્ટ, દંડ વડે મરાતો, વાળ ખેંચવાથી દુઃખી થાય ત્યારે પૂર્વકૃત્ કર્મથી જ આ ઉદયમાં આવ્યું છે, તેમ માની સમ્યક્ પ્રકારે સહન કરતો વિચરે તથા આવી ભાવના ભાવે - પૂર્વે જે દુષ્ટકૃત્યોનું આચરણ કર્યુ તેને તપ વડે કે ભોગવીને જ દૂર કરવા પડે, તે સિવાય ન છુટે.

વચન વડે આક્રોશ કઈ રીતે કરે ? તે સાધુએ પૂર્વે વણકર આદિ નીચ કૃત્ય કર્યા હોય તે યાદ કરીને નિંદે. જેમકે - હે કોલિક ! તું મારી સામે બોલે છે ઇત્યાદિ કે ગાળો આપે. જુઠા કલંકના શબ્દોથી તિરસ્કાર કરી 'તું ચોર છે.' 'તું લંપટ છે' તેવું કહે. આવા શબ્દો સાંભળીને કે હાથ-પગ છેદાય. ત્યારે આ મારા જ દુષ્કૃત્યનું ફળ છે તેમ ચિંતવે અને તેને સહન કરતો વિચરે. - x -

પાંચ સ્થાનમાં છદ્મસ્થ સાધુ ઉત્પન્ન ઉપસર્ગોને સહે, ખમે, ક્રોધ ન કરે, શાંતિ રાખે અને વિચારે કે, (૧) આ પુરુષ-યક્ષાવિષ્ટ છે, (૨) ઉન્માદ પ્રાપ્ત છે, (૩) અહંકારી છે, (૪) મારે તે ભવે વેદવાનો કર્મો ઉદીર્ણ થયા છે કે જેથી આ પુરુષે આક્રોશ કરે છે, બાંધે છે, તેપે છે, પીટે છે, સંતાપે છે, (૫) પણ મને તે સારી રીતે સહન કરવાથી એકાંતે કર્મનિર્જરા થશે.

કેવલી ભગવંત આ પાંચ સ્થાને આવેલા પરીષહ ઉપસર્ગ સહન કરે છે. તે રીતે છદ્મસ્થ શ્રમણ નિર્ગ્રન્થો પણ ઉદીર્ણ પરીષહ-ઉપસર્ગોને સહન કરે. આ પરીષહો અનુકૂળ-પ્રતિકૂળ બે રીતે છે - x - તે બંનેમાં રાગદ્વેષ કર્યા વિના શાંતિ રાખી વિચરે. અથવા પરીષહ બે પ્રકારે છે - મનને ઇષ્ટ એવા સત્કાર-પુરસ્કાર પ્રતિકૂળતાથી મનને અનિષ્ટ અથવા લજ્જારૂપ યાચના, અચેલાદિ અને લજ્જારહિત એવા શીત, તાપ વગેરે. આ પરીષહો સમ્યક્ પ્રકારે સહન કરતા વિચરે — વળી —

● સૂત્ર-૧૯૭ :-

***સર્વ વિસ્રોતિકાને છોડીને સમ્યગ્ દર્શની મુનિ દુઃખ સ્પર્શોને સમભાવે સહે. હે મુનિઓ ! જે ગૃહવાસ છોડીને ફરી તેમાં ન જાય તે જ સાચા મુનિ છે. 'આજ્ઞામાં મારો ધર્મ છે.'' એ મનુષ્યો માટે ઉત્તમ વિધાન છે. વિષયોથી ઉપરત સાધક જ સંયમલીન બની કર્મો ખપાવે છે. તે કર્મોના સ્વરૂપને જાણી સાધુપર્યાય દ્વારા કર્મોને દૂર કરે. અહીં કોઈ કોઈ સાધુ એકાકી ચર્યા કરે છે. આવા સાધુ વિભિન્ન કુળોમાંથી શુદ્ધ એષણા દ્વારા નિર્દોષ આહાર લઈ સંયમનું પાલન કરે છે. સુગંધી કે દુર્ગંધી આહાર ગ્રહણ કરે છે. એકાકી અવસ્થામાં જંગલીપશુ દ્વારા થતા ઉપદ્રવને ધૈર્યથી સહન કરે છે, એમ હું કહું છું.***

● વિવેચન :-

બધાં પરીષહોથી થતી વેદના સહન કરી દુઃખ અનુભવવા છતાં શાંતિ રાખે. કેવો બનીને ? - x - સમ્યગ્ દૃષ્ટિ બનીને. તે પરીષહ સહન કરનાર નિષ્કંચન, નિર્ગ્રન્થ, ભાવનગ્ન કહ્યા છે. આ મનુષ્યલોકમાં આગમન ધર્મરહિત છે. ગ્રહણ કરેલ



મહાવ્રતના ભારને વહન કરતા ફરી ઘેર જવાની ઇચ્છા કરતા નથી. પણ જિનવચનને જ ધર્મ માની સમ્યગ્ પાલન કરે. - x - ધર્મ અનુષ્ઠાન કરતા વિચારે કે ધર્મ જ મારે સાર છે, બાકી બધું પારકું છે આ ઉત્કૃષ્ટ વાદ જ મનુષ્યોને કહેલો છે.

વળી આ કર્મ દૂર કરવાના ઉપાયરૂપ સંયમમાં લીન થઈ આઠ પ્રકારના કર્મોને ખપાવતો ધર્મ પાળે. - x - કર્મોને જાણીને મૂળ-ઉત્તર પ્રકૃતિ ભેદથી જાણે. શ્રામણ્ય પર્યાય થકી તેનો ક્ષય કરે. સંપૂર્ણ કર્મ દૂર કરવામાં અસમર્થ જે બાહ્યતપ છે તેને આશ્રીને કહે છે - આ જૈન પ્રવચનમાં લઘુકર્માને એકાકી વિહાર પ્રતિમા છે, તેમાં વિવિધ અભિગ્રહો તપ તથા ચારિત્ર સંબંધી હોય છે - x - તે એકાકી વિચરણમાં સામાન્ય સાધુથી વિશેષપણે અંત પ્રાંત કુલોમાં દશ પ્રકારના એષણા દોષરહિત આહારાદિથી તથા આહારાદિ સંબંધી ઉદ્‌ગમ ઉત્પાદન ગ્રાસૈષણા સંબંધી પરિશુદ્ધ વિધિએ સંયમમાં વર્તે છે. બહુપણામાં એક દેશપણાને કહે છે, તે મેધાવી સંયમમાં વર્તે. વળી તેવા બીજા કુલોમાં આહાર સુગંધી કે દુર્ગંધી હોય તેમાં રાગ-દ્વેષ ન કરે. વળી ત્યાં એકલવિહાર કરતાં શ્મશાનમાં પ્રતિમાએ રહેતા કોઈએ કરેલા શબ્દો ભયકારક લાગે કે બીભત્સ પ્રાણીઓ - x - બીજા જીવોને સંતાપે અને તને પણ સંતાપે તો તેને ધૈર્યથી સહન કર.

**અધ્યયન-૬ ''ધૂત'' ઉદ્દેશક-૨ ''કર્મવિધૂનન''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૩ ''ઉપકરણ-શરીર વિધૂનન'' 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશમાં 'કર્મવિધૂનન' કહ્યું. તે ઉપકરણ શરીરના વિધૂનન વિના ન થાય. તે માટે ઉપકરણાદિના વિધૂનન માટે કહે છે. આ સંબંધથી આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહેવું જોઈએ, તે આ પ્રમાણે છે—

● સૂત્ર-૧૯૮ :-

***સદા સુઆખ્યાત ધર્મવાળા વિધૂતકલ્પી તે મુનિ 'આદાન'નો ત્યાગ કરે. જે મુનિ અચેલક રહે છે, તેને એવી ચિંતા હોતી નથી કે મારું વસ્ત્ર જીર્ણ થયું છે, હું વસ્ત્રની યાચના કરીશ, સીવવા માટે સોય-દોરા લાવીશ. વસ્ત્ર સાંધીશ-સીવીશ, બીજું વસ્ત્ર જોડીશ, આ વસ્ત્રને નાનું કરીશ. પછી પહેરીશ કે શરીર ઢાંકીશ. સંયમમાં પરાક્રમ કરનાર નિર્વસ્ત્ર મુનિને તૃણસ્પર્શનું દુઃખ, ઠંડી-ગરમી, ડાંશ, મસક આદિ દુઃખ પ્રાપ્ત થાય છે. તેને વસ્ત્રરહિત સાધક કર્મોની લાઘવતાનું કારણ જાણી સહન કરે. તો મુનિને તપની પ્રાપ્તિ થાય છે. ભગવંતે જે રીતે ફરમાવેલ છે, તેને સત્ય જાણી સર્વ પ્રકારે અને પૂર્ણરૂપે સમ્યકત્વાનુકૂળ જ આચરણ કરવું જોઈએ. આ રીતે પૂર્વે કેટલાંક મહા-વીર પુરુષોએ લાંબા સમય સુધી, પૂર્વો સુધી સંયમનું પાલન કરી જે પરીષહો સહન કર્યા છે, તેને તું જો.***

● વિવેચન :-

પૂર્વે કહેલ કે હવે પછી કહેવાતું - x - તે કર્મનું ઉપાદાન છે. તેનું કારણ ધર્મોપકરણથી અતિરિક્ત હવે પછી કહેવાતાં વસ્ત્રાદિ છે, તેનો મુનિ ત્યાગ કરે. તે મુનિ કેવા હોય ? તે સદા સ્વાખ્યાત ધર્મવાળો, સંસારભીરુ, આરોપિત વ્રતનો ભારવાહી તથા 'વિધૂત'-સારી રીતે સાધુઆચાર આત્મામાં સ્પર્શેલ છે, તેવા મુનિ 'આદાન' કર્મને ખેરવશે.

— તે વસ્ત્રાદિ આદાન કેવા હોય કે તે દૂર કરવા પડે છે ?

- x - સાધુ અલ્પ વસ્ત્ર રાખનાર સંયમમાં રહેલો છે, તેવા સાધુએ એવું વિચારવું ન કલ્પે કે મારુ વસ્ત્ર જીર્ણ થયું છે, હું અચેલક થઈશ. મને રક્ષક વસ્ત્ર નથી. ઠંડીથી મારું રક્ષણ કેમ થશે ? તેથી કોઈ શ્રાવકને ત્યાં જઈ વસ્ત્ર યાચું, વસ્ત્ર સાંધવાને સોય-દોરો યાચીશ, જીર્ણ વસ્ત્રનાં કાણાને સાંધીશ, ફાટેલાને સીવીશ - x - x - ઇત્યાદિ.

એમ યોગ્ય બનાવીને હું પહેરીશ તથા શરીર ઢાંકીશ આદિ આર્તધ્યાનથી હણાયેલ અંતઃકરણની વૃત્તિ ધર્મમાં એકચિત્ત રાખનાર સાધુને વસ્ત્ર સંબંધી ચિંતા ન થાય. અથવા આ સૂત્ર જિનકલ્પીને આશ્રીને છે. કેમકે તે મુનિઓ અચેલ હોય છે - x - તેઓ પાણિપાત્ર છે. પાણિ એટલે હાથ. હાથમાં ભોજન કરે છે. તેમને પાત્રાદિ સાત પ્રકારનો નિયોગ નથી હોતો. - x - ફક્ત રજોહરણ અને મુખવસ્ત્રિકા હોય છે. તેવા અચેલક ભિક્ષુને વસ્ત્ર સંબંધી આર્તધ્યાન ન હોય - x - x -

જેઓ 'છિદ્રપાણિ' છે તેવા સ્થવિર કલ્પી પાત્ર નિયોગ યુક્ત હોય, વસ્ત્ર કલ્પ પ્રમાણે ત્રણમાંથી એક વસ્ત્ર હોય, તેવા મુનિ પણ વસ્ત્ર જીર્ણ આદિ થાય ત્યારે આર્તધ્યાન ન કરે. તથા અલ્પપરિકર્મી હોય તે સોય-દોરો ન શોધે. તે અચેલ કે અલ્પવસ્ત્રવાળાને તૃણ વગેરે લાગતાં શું કરે તે કહે છે, તેને અચેલપણે રહેતા જીર્ણવસ્ત્રાદિ કૃત્ અપધ્યાન ન થાય. અથવા તે અચેલપણે વર્તતા સાધુ અચેલપણાને કારણે કોઈ ગામડાંમાં શરીરના રક્ષણના અભાવે ઘાસનો સંથારો કરે તેમાં તૃણ આદિ - x - દુઃખદાયી સ્પર્શને - x - દીનતારહિતપણે સહે.

તે જ પ્રમાણે શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, દંશ-મસકસ્પર્શને સહે. તેમાં દંશ-મસકાદિ સ્પર્શ સાથે આવે પણ શીત-ઉષ્ણ પરસ્પર વિરુદ્ધ છે, તે અનુક્રમે આવે. - x - x - વિરૂપ તે મનને દુઃખ દેનાર કે વિવિધ જાતના મંદ વગેરે ભેદના સ્વરૂપવાળા સ્પર્શો છે તેનાથી દુઃખ પડે કે દુઃખ આપનાર તૃણાદિ સ્પર્શને સમ્યક્ રીતે દુર્ધ્યાનરહિત સહન કરે.

કોણ સહે ? ઉપરોક્ત વસ્ત્રરહિત, અલ્પવસ્ત્રવાળો કે પ્રતિમાધારી સમ્યક્ પ્રકારે સહે. શું વિચારીને સહે ? દ્રવ્ય અને ભાવ લાઘવતાને જાણનારો સમતાથી પરીષહો તથા ઉપસર્ગોને સહે. દ્રવ્યથી ઉપકરણ લાઘવતા અને ભાવથી કર્મનું લાઘવપણું જાણવું.

નાગાર્જુનીયા કહે છે, ''એ પ્રમાણે ઉપકરણના લાઘવપણાથી કર્મક્ષય કરનારો તપ નિશ્ચયથી કરે છે.'' એ રીતે ભાવ લાઘવ માટે ઉપકરણ લાઘવનો તપ કરે છે.



ઉપકરણ લાઘવથી કર્મ ઓછાં થાય છે. ઉપકરણ લાઘવતાથી તૃણાદિ સ્પર્શો સહેતા કાયક્લેશરૂપ બાહ્ય તપ થાય છે. માટે સાધુ તે સારી રીતે સહે. ''આ મારું કહેલું નથી'' તે દર્શાવે છે - જે કહ્યું કે કહેવાશે તે વીર વર્ધમાનસ્વામીએ કહેલું છે.

ઉપકરણ લાઘવ કે આહાર લાઘવ જાણીને દ્રવ્યાદિથી લઘુતા રાખે. જેમકે દ્રવ્યથી આહાર-ઉપકરણમાં, ક્ષેત્રથી બધાં ગામ આદિમાં, કાળથી દિવસ કે રાતમાં કે દુકાળમાં અને ભાવથી કૃત્રિમ-મલિન ભાવોમાં લાઘવતા રાખે. 'સમ્યક્ત્વ' એટલે પ્રશસ્ત, શોભન કે એકાંત હિત થાય તેવું તત્ત્વ. કહ્યું છે કે, ''પ્રશસ્ત, શોભન, એક સંગતવાળો જે ભાવ તે સમ્યક્ત્વ છે.'' આવું સમ્યક્ત્વ કે સમત્વ સારી રીતે સમજે, વિચારે કે પોતે અચેલ હોય અને બીજો એક વસ્ત્રાદિ રાખનારો હોય તેને પોતે નિંદે નહીં. કહ્યું છે કે, જે બે વસ્ત્ર, ત્રણ વસ્ત્ર કે એક વસ્ત્ર ધારણ કરે કે અચેલક ફરે તે બધાં જિનાજ્ઞામાં છે, તેથી પરસ્પર ન નિંદે.

જેઓ જુદા જુદા કલ્પવાળા છે, તે સંઘયણ કે ધૈર્યાદિ કારણે છે. તેથી એકબીજાનું અપમાન ન કરે કે ઓછાપણું ન માને. તે બધાં જિનાજ્ઞામાં કર્મક્ષય કરવાને યથાવિધિ રહેલા છે, યોગ્ય વિહાર કરતાં વિચરે છે. એવું નિશ્ચયથી જાણે. અથવા તે જ લાઘવપણાને સમજીને સર્વ પ્રકારે દ્રવ્યાદિ વડે સર્વથા નામાદિ નિક્ષેપે સમ્યક્ત્વને સારી રીતે જાણે. અર્થાત્ તીર્થંકર ગણધર ઉપદેશથી સમ્યક્ ક્રિયા કરે.

આ બધાં અનુષ્ઠાનો તક્ષક નાગનાં મસ્તકે રહેલ જ્વરહર મણિ લાવવા રૂપ અશક્ય ઉપદેશ નથી, પણ બીજા ઘણાંએ ઘણાં કાળ સુધી એવું ઉત્તમ સંયમ પાળેલ છે, તે બતાવે છે - એ રીતે અચેલ રહીને તૃણાદિ સ્પર્શ દુઃખ સહેનાર મહા-વીર પુરુષોએ સકલ લોકને ચમત્કારકારી ઘણો કાળ આજીવન અનુષ્ઠાન કર્યું છે તે વિશેષથી કહે છે.

ઘણાં વર્ષો સંયમ અનુષ્ઠાન પાળતાં વિચર્યા છે. પૂર્વનું પરિમાણ ૭૦ કરોડ લાખ, ૫૬ કરોડ હજાર વર્ષ છે. આ વાત ઋષભદેવથી શીતલનાથ સુધી પૂર્વના આયુષ્ય હતા, તેને આશ્રીને છે. શ્રેયાંસનાથથી વર્ષની સંખ્યાની પ્રવૃત્તિ જાણવી તથા ભવ્ય જીવો જે મુક્તિગમન યોગ્ય છે, તેમને તું જો. - x - x - તૃણાદિક સ્પર્શ સહન કરનારને જે લાભ થાય તે કહે છે—

● સૂત્ર-૧૯૯ :-

***પ્રજ્ઞાવાન્ મુનિઓની ભૂજાઓ પાતળી હોય છે, તેના શરીરમાં માંસ અને લોહી અતિ અલ્પ હોય છે. રાગદ્વેષાદિ રૂપ સંસાર શ્રેણિનો સમભાવથી વિનાશ કરી, સમત્વભાવનાથી જાણી, તે મુનિ તીર્ણ, મુક્ત અને વિરત કહેવાય છે એમ હું કહું છું.***

● વિવેચન :-

જેમણે પ્રજ્ઞાન મેળવેલ છે તેવા ગીતાર્થ સાધુ તપ કરીને તથા પરીષહો સહન કરીને કૃશ બાહુવાળા બને છે અથવા ઉપસર્ગ-પરીષહ વગેરેમાં તેઓ જ્ઞાન મેળવેલા હોવાથી તેમને પીડા ઓછી થાય છે. કેમકે કર્મ ખપાવવા તૈયાર થયેલ સાધુને શરીર

માત્રને પીડાકારી પરીષહ ઉપસર્ગો સહાયકારી માનવાથી તેને મનની પીડા થતી નથી કહ્યું કે—

બીજો માણસ આત્માને પીડા નથી જ આપતો પણ શરીરને દુઃખ આપે છે. હૃદયથી તે દુઃખ પોતાનું માન્યુ છે, તે પારકાનું નથી જ આપેલું. શરીરની પીડા તો થાય છે જ તે બતાવે છે - શરીર સુકાય ત્યારે માંસ અને લોહી સુકાય, તેવા સાધુને લુખા તથા અલ્પ આહારથી પ્રાયઃ ખલપણે આહાર પરિણમે છે, રસપણે નહીં. કારણ અભાવે થોડું જ લોહી શરીરપણે હોવાથી માંસ પણ થોડું જ હોય છે, તેથી મેદ પણ થોડો હોય અથવા પ્રાયઃ લુખુ તે વાયુ કરે છે. વાયુ પ્રધાનને લોહી માંસ ઓછા હોય અચેલતાથી તૃણાદિ સ્પર્શ થતાં શરીરમાં દુઃખ થવાથી પણ માંસ અને લોહી ઓછા હોય છે.

સંસાર શ્રેણિ જે રાગદ્વેષરૂપ કષાયની સંતતિ છે તેને ક્ષાંતિ આદિ ગુણોથી તથા સમત્વ ભાવનાથી જાણીને વિશ્રેણિ [નષ્ટ] કરે. જેમકે જિનકલ્પી કોઈ એક કે કોઈ બે કે કોઈ ત્રણ કલ્પ ધારણ કરે. અથવા સ્થવિર કલ્પી કોઈ માસક્ષમણ કે અર્ધમાસક્ષમણ કરે, કોઈ વિકૃષ્ટ કે અવિકૃષ્ટ તપ કરે, કોઈ કૂરગડૂ માફક નિત્યભોજી હોય. આ બધા જિનવચનાનુસાર પરસ્પર નિંદા ન કરતા સમત્વદર્શી છે. કહ્યું છે કે—

“જે બે, ત્રણ, એક અથવા વસ્ત્રરહિત નિભાવ કરે તે બધા જિનાજ્ઞાવર્તી હોવાથી પરસ્પર નિંદા ન કરે.” તથા જિનકલ્પી કે પ્રતિમાધારી કદાચ છ માસ સુધી ભિક્ષા ન મળે તો પણ - x - નિત્યભોજીને તેં ખાવા માટે જ દીક્ષા લીધી છે એવું ન કહે. આ રીતે સમત્વદૃષ્ટિ પ્રજ્ઞા વડે ઉક્ત મુનિ સંસારસાગર તર્યો છે, તે જ સર્વ સંગથી મુક્ત અને સર્વ સાવધ અનુષ્ઠાનથી વિરત કહ્યો છે. તેમ હું કહું છું.

પ્રશ્ન - તે પ્રમાણે સંસાર શ્રેણીને ત્યાગી સંસારસાગર તરેલાને મુક્ત અને વિરત કહ્યા. તેવા સાધુને અરતિ પરાભવ કરે કે નહીં ?

[ઉત્તર] કર્મના અચિંત્ય સામર્થ્યથી પરાભવ કરે ? - તે કહે છે—

● સૂત્ર-૨૦૦ :-

***અસંયમથી વિરત, અપ્રશસ્ત ભાવોથી નીકળી પ્રશસ્ત ભાવમાં રમણ કરનાર, દીર્ઘકાલના સંયમી મુનિને અરતિ પરાભવ કરે ?***

***તે સમુત્થિત મુનિ શુભ પરિણામોની શ્રેણી ચઢતા જાય છે. જેમ અસંદીન દ્વીપ યાત્રિકોનું આશ્વાસન સ્થાન છે, તેમ તીર્થંકર ઉપદિષ્ટ ધર્મ મુનિને આશ્રય સ્થાન છે. મુનિ ભોગેચ્છા તથા હિંસા ન કરવાના કારણે લોકપ્રિય, મેધાવી અને પંડિત કહેવાય છે.***

***જે પ્રમાણે પક્ષી પોતાના બચ્ચાનું પાલન-પોષણ કરી તેને સમર્થ બનાવે છે, તેમ ધર્મમાં અનુત્થિત શિષ્યને આચાર્ય દિન-રાત સાવધાનીપૂર્વક શિક્ષા આપી ધર્મમાં કુશળ બનાવે છે - એમ હું કહું છું.***

● વિવેચન :-

અસંયમથી બચેલ, ભિક્ષાથી નિર્વાહ કરનાર તથા અપ્રશસ્ત સ્થાનરૂપ અસંયમથી નીકળી, ગુણના ઉત્કર્ષથી ઉપર ઉપરના પ્રશસ્ત ગુણસ્થાનરૂપ સંયમમાં વર્તતા સાધુને





શું સ્ખલાયમાન કરે ? અર્થાત્ તેવા સાધુને શું અરતિ મોક્ષમાં જતા અટકાવી શકે ? હા. દુર્બળ અને અવિનયવાળી ઇન્દ્રિયો છે, તેને અચિંત્ય મોહશક્તિ અને વિચિત્ર કર્મ પરિણતિ શું ન કરે ? કહ્યું છે કે, નિશ્ચે કર્મ ઘણાં ચીકણાં અને વધુ પ્રમાણમાં વજ્રસાર જેવા ભારે હોય તો જ્ઞાનથી ભૂષિત પુરુષને પણ કુમાર્ગે લઈ જાય.

અથવા તેવા ઉત્તમ સાધુને અરતિ કંઈ ન કરી શકે કેમકે તેઓ ક્ષણે ક્ષણે વિશુદ્ધતર ચારિત્ર પરિણામથી મોહના ઉદયને રોકેલા હોવાથી લઘુકર્મી થાય છે. તેથી તેને અરતિ પરાભવ ન કરી શકે - તે કહે છે - ક્ષણે ક્ષણે વિના વિલંબે સંયમ સ્થાનમાં ચડતા ચડતા કંટકને ધારણ કરતો સમ્યગ્ ઉત્થિત અથવા ઉત્તરોત્તર ગુણસ્થાને પહોંચતો યથાખ્યાત ચારિત્ર અભિમુખ જતો હોવાથી અરતિ તેને કઈ રીતે અટકાવે ?

આવા સાધુ ફક્ત પોતાને જ અરતિથી રક્ષે છે, તેમ નહીં પણ તે બીજાને પણ અરતિથી દૂર કરવાથી રક્ષક છે, તે બતાવે છે - દ્વીપ દ્રવ્ય અને ભાવથી બે ભેદે છે. - x - દ્રવ્ય દ્વીપમાં આશ્વાસ લે છે તેથી તે - x - આશ્વાસદ્વીપ છે - x - તેમાં નદી-સમુદ્રના બહુ મધ્યભાગમાં કોઈ કારણે વહાણ ભાંગે ત્યારે ડૂબતા માણસો આશ્રય લે છે. આ દ્વીપ બે પ્રકારે છે. જે પખવાડીયે કે મહિને પાણીથી ભરાય તે સંદીન અને તેથી વિપરીત તે અસંદીન. જેમકે સિંહલદ્વીપ આદિ. વહાણવાળા આ અસંદીનદ્વીપનો આશ્રય લે છે - x - તે જ રીતે ભાવસંધાનને માટે ઉત્થિત સાધુનો પણ બીજા પ્રાણી આશ્રય લે છે.

અથવા દ્વીપને બદલે દીપ લઈએ તો તે પ્રકાશને માટે હોવાથી પ્રકાશદીપ છે. તે આદિત્ય, ચંદ્ર, મણિ આદિ અસંદીન છે અને વિદ્યુત્, ઉલ્કા વગેરે સંદીન છે અથવા પ્રચુર ઇંધનથી વિવક્ષિત કાળમાં સ્થાયી અગ્નિ અસંદીન છે, તેથી વિપરીત ઘાસના ભડકા જેવો સંદીન છે. - x - x - x - તે પ્રમાણે જ્ઞાન મેળવવા ઉદ્યત થયેલ પરીષહ ઉપસર્ગમાં દીનતા ન લાવવાથી અસંદીન છે. તે સાધુ વિશેષ પ્રકારે બોધ આપતા હોવાથી બીજા જીવોને માટે ઉપકારી થાય છે.

બીજા આચાર્યો ભાવદ્વીપ કે ભાવદીપને બીજી રીતે કહે છે, જેમકે ભાવદ્વીપ તે સમ્યક્ત્વ છે. તેમાં પ્રતિપાતિ હોવાથી ઔપશમિક, ક્ષાયોપશમિક એ સંદીન ભાવદ્વીપ છે અને ક્ષાયિક અસંદીન છે. તે પ્રાપ્ત થતા પરીત સંસાર થવાથી પ્રાણિને આશ્વાસન મળે છે. સંદીન ભાવદીપ તે શ્રુતજ્ઞાન છે અને અસંદીન તે કેવલજ્ઞાન છે. તે મેળવીને પ્રાણી અવશ્ય ધૈર્ય પામે છે. અથવા ધર્મને સારી રીતે ધારણ કરી ચારિત્ર પાળતો છતાં અરતિને તે સાધુ વશ થતો નથી એમ કહેતા કોઈ પ્રશ્ન કરે છે કે—

કેવા ધર્મને માટે આ સાધુ ઉત્થિત થયો છે ? આચાર્ય કહે છે—

જેમ અસંદીન દ્વીપ પાણીથી ન ભીંજાયેલો ઘણા જીવોને શરણ આપવાથી વિશ્રાંતિ યોગ્ય છે, તેમ તીર્થંકરપ્રણીત ધર્મ કષ, તાપ, છેદ અને નિર્ઘટિત હોવાથી અસંદીન છે. અથવા કુતર્કથી ગભરાતો નથી, પણ યોગ્ય ઉત્તર આપવાથી પ્રાણીઓના રક્ષણ માટે આશ્વાસ્ય ભૂમિ છે.

તે ધર્મ જિનકથિત હોવાથી શું તે પ્રમાણે વર્તનારા સમ્યગ્ ક્રિયા કરે છે ? હા, કરે છે. તે સાધુઓ ભાવ સંધાનમાં ઉધત, સંયમમાં અરતિને દૂર કરનાર, મોક્ષ સમીપે રહીને ભોગની ઇચ્છા છોડી ધર્મમાં સારી રીતે ઉધમ કરે છે. પ્રાણિને હણતા નથી, બીજા મહાવ્રત પણ પાળે છે તથા કુશલ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત હોઈ સર્વ લોકોના રક્ષક છે. સાધુની મર્યાદામાં રહેલા મેધાવી છે, પાપના કારણોને છોડવાથી સમ્યક્ પદાર્થ જ્ઞાતા પંડિત છે. ધર્મ ચારિત્ર પાળવાને માટે સમુત્થિત છે.

પણ જેઓ તેવું જ્ઞાન ધરાવતા નથી, તેઓ સમ્યગ્ વિવેકના અભાવે હજુ સુધી તેઓ તેવું ચારિત્ર પાળવા તૈયાર નથી. તેવા જ્ઞાનરહિતને જ્યાં સુધી તેઓ વિવેકવાળા થાય ત્યાં સુધી આચાર્યએ સારી રીતે પાળવા જોઈએ તે બતાવે છે - ઉક્ત વિધિએ અસ્થિર મતિવાળા અને ભગવંત મહાવીરના ધર્મમાં સારી રીતે ન જોડાયેલાને સુબોધના ઉપદેશ વડે તેમનું પાલન કરી સ્થિર મતિવાળા બનાવવા.

જેમકે - પક્ષીના બચ્ચાને તેની મા ગર્ભના પ્રસવથી ઇંડુ મુકે ત્યારપછી અનેક અવસ્થા આવે, તે બધામાં બચ્ચુ ઉડવા યોગ્ય થાય ત્યાં સુધી પાળે છે તેમ આચાર્ય નવા શિષ્યને દીક્ષા આપે ત્યારથી સામાચારી ઉપદેશ તથા અધ્યાપન વડે ગીતાર્થ થાય ત્યાં સુધી પાળે. પણ આચાર્યના ઉપદેશને ઓળંગીને સ્વચ્છંદતાથી કોઈપણ ક્રિયા કરે તે ઉજ્જૈનીના રાજપુત્ર માફક વિનાશ પામે છે.

ઉજ્જૈનીમાં જિતશત્રુ રાજાને બે પુત્રો હતા. મોટા પુત્રે ધર્મઘોષ આચાર્ય પાસે દીક્ષા લીધી. 'આચાર' આદિ શાસ્ત્રો ભણી, જિનકલ્પ સ્વીકારવા બીજી સત્ત્વભાવના ભાવે છે. આ ભાવના પાંચ પ્રકારની છે - ઉપાશ્રયે, તેની બહારે, ચાર રસ્તે, શૂન્યગૃહે, શ્મશાને. તેમાં પાંચમી ભાવના ભાવતો હતો. તે સમયે નાનોભાઈ મોટાભાઈના અનુરાગથી આચાર્ય પાસે આવ્યો - x - તેણે દીક્ષા લીધી. - x - તેના ઘણા આગ્રહથી મોટાભાઈને દેખાડ્યા - x - નાનાભાઈને આચાર્યાદિએ - x - ઘણો નિવાર્યો તો પણ મોટાભાઈના મોહથી તે શ્મશાનમાં તેમની માફક રહ્યો.

દેવતાએ આવીને મોટાભાઈ મુનિને વંદન કર્યું. નાનાભાઈ મુનિને ન વાંદ્યા. તેથી અસ્થિર મતિના કારણે તે દેવી ઉપર કોપાયમાન થયો. દેવતાએ પણ તેના અવિધિના કૃત્યથી તેને લાત મારીને તેની બંને આંખોના ડોળા બહાર કાઢી નાંખ્યા. - x - x - x - આ રીતે ઉપદેશથી બહાર વર્તનારને દુઃખ ભોગવવું પડે છે. તેમ વિચારી શિષ્યએ સદા આચાર્યના ઉપદેશમાં [આજ્ઞામાં] રહેવું.

આચાર્યએ પણ સદા પરોપકાર વૃત્તિ રાખીને પોતાના શિષ્યોને યથોક્તવિધિએ પાળવા જોઈએ. પક્ષી પોતાના બચ્ચાને પાળે તેમ આચાર્યએ પણ શિષ્યોને વાચનાદિ દ્વારા સંસાર પાર ઉતારવા સમર્થ બનાવવા જોઈએ. તેમ હું કહું છું.

અધ્યયન-૬ 'ધુત' - ઉદ્દેશો-૩ ઉપકરણ શરીર વિધૂનનનો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ



## 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૪ ''ગૌરવત્રિક વિધૂનન'' 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો. ઉદ્દેશા-૩માં શરીર-ઉપકરણનો મમત્વ ત્યાગ બતાવ્યો. તે ત્રણ ગૌરવ ધારણ કરનારને સંપૂર્ણ ન હોય. તેથી ગૌરવના ત્યાગ માટે આ ઉદ્દેશો કહે છે. આ સંબંધથી આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે—

● **સૂત્ર-૨૦૧ :-**

***આ રીતે મહા-વીર અને પ્રજ્ઞાનવાન્ ગુરુ દિવસ-રાત સતત શિક્ષા આપી શિષ્યને પ્રશિક્ષિત કરે છે. તેમાંથી કેટલાક શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી ઉપશમ ભાવ છોડી કઠોરતા પ્રાપ્ત કરે છે. કેટલાંક બ્રહ્મચર્યમાં નિવાસ કર્યા પછી વડીલોની આજ્ઞાનો અનાદર કરે છે. કેટલાંક શિષ્યો કુશીલના દુષ્પરિણામ જોઈને, જિનભાષિત તત્ત્વને સાંભળી, સમજીને અમે સંયમી જીવન જીવીશું એમ વિચારી દીક્ષા લે છે. પણ મોક્ષમાર્ગમાં ન ચાલીને, કામભોગથી બળતા સુખમાં મૂર્છિત થઈને વિષયોનો વિચાર કરતા સમાધિને પ્રાપ્ત કરતા નથી ઉલટું હિતશિક્ષા આપનાર મુનિને કઠોર વચન કહે છે.***

● **વિવેચન :-**

એ રીતે પક્ષીના બચ્ચાના ઉછેરની જેમ પોતાના હાથે દીક્ષા આપેલ શિષ્યો કે ઉપસંપદાથી આવેલ કે ભણવા આવેલને દિવસ અને રાત્રે ક્રમથી જ ભણાવેલા હોય. તેમાં કાલિક સૂત્ર દિવસની પહેલી અને ચોથી પોરિસિમાં ભણાવાય છે. ઉત્કાલિક સૂત્ર કાળ વેળા છોડીને આખો દિવસ રાત ભણાવાય છે. તે અધ્યાપન આચારાંગના ક્રમે કરાય છે.

'આચાર' સૂત્ર ત્રણ વર્ષના પર્યાયવાળાને ભણાવાય છે. ઇત્યાદિ ક્રમે અધ્યાપિતા ચારિત્ર લીધેલા સાધુઓ હોય છે. યુગમાત્ર દૃષ્ટિએ જવું, કાચબા માફક અંગો સંકોચી રાખવા ઇત્યાદિ શિક્ષા આપી તીર્થંકર, ગણધર, આચાર્યાદિએ તેમને ભણાવેલા છે. તે ભણાવનાર જ્ઞાનીઓ છે. તેમનો કહેલો ઉપદેશ જ અસર કરે છે. શિષ્યો પણ બંને પ્રકારે પ્રેક્ષાપૂર્વકારી છે. તેઓ આચાર્ય પાસે રહીને શ્રુતજ્ઞાન ભણે છે. કેમકે તે શ્રુતજ્ઞાનના પ્રતાપથી જ નવો નવો બોધ થાય છે.

તે બોધથી બહુશ્રુત બની પ્રબળ મોહોદયથી સદુપદેશને ઉત્કટ મદથી દૂર કરીને ઉપશમ છોડીને દુઃખી થાય છે. ઉપશમ દ્રવ્ય-ભાવથી બે ભેદે છે. દ્રવ્ય ઉપશમ તે કતક ચૂર્ણ, તે મલિન જલ નિર્મળ કરે છે અને ભાવ-ઉપશમ તે જ્ઞાનાદિ ત્રણ છે.

(૧) જ્ઞાનોપશમ-જ્ઞાન વડે જે ક્રોધ ન કરે. આક્ષેપણી આદિ ધર્મકથાથી કોઈ જીવ શાંતિ ધારણ કરે.

(૨) દર્શન ઉપશમ-શુદ્ધ સમ્યગ્દર્શન વડે બીજાને શાંતિ પમાડે. જેમકે શ્રેણિકે અશ્રદ્ધાળુ દેવને બોધ પમાડ્યો. દર્શન પ્રભાવકોથી કોઈ જીવ શાંત થાય.

(૩) ચારિત્ર ઉપશમતો ક્રોધાદિનો ઉપશમ છે.

તેમાં કેટલાંક ક્ષુદ્ર સાધુઓ જ્ઞાનસમુદ્રની સપાટીએ જ તરનારા છે. તે ઉપશમનો

ત્યાગ કરી લેશમાત્ર જ્ઞાનથી અહંકારી બની કઠોરતા ગ્રહણ કરે છે. તેઓ પરસ્પર ગુણનિકાય કે મીમાંસામાં એકબીજાને કહે છે જે તેં કહ્યું, તે આ શબ્દનો અર્થ નથી, તેથી તું જાણતો નથી. મારા જેવો શબ્દનો અર્થનિર્ણય કરવામાં કોઈક જ સમર્થ છે. બધા નહીં. કહ્યું છે, ગુરુઓને પૂછેલ અને જાતે પણ નિશ્ચય કરેલ છે - x - વાદી અને મલ્લમાં મુખ્ય મારા જેવો કોઈક જ બીજો હશે. બીજો સાધુ કહે છે—

પણ અમારા આચાર્ય તો આ પ્રમાણે કહે છે, ત્યારે પે'લા ફરી બોલે છે કે, તે આચાર્ય બોલવામાં કુંઠ અને બુદ્ધિહીન શું જાણે ? તું પણ પોપટ માફક ભણાવેલો, વિચાર કર્યા વિનાનો છે. આ પ્રમાણે તે દુષ્ટબુદ્ધિ ગૃહિત અલ્પજ્ઞાની બીજું પણ બોલે છે. મહા ઉપશમનું કારણ જે જ્ઞાન છે, તે તેને વિપરીત પરિણમતા આવું બોલે છે—

બીજાઓએ ઇચ્છાનુસાર રચેલા કોઈપણ અર્થને શ્રમથી જાણીને પોતે સંપૂર્ણ સિદ્ધાંત પારગામી હોય તેમ અહંકારથી બીજાનું અપમાન કરે છે. શ્રીમંતોની ક્રીડા સમાન વસ્તુને કુકડાના લાવક સમાન બનીને શાસ્ત્રોને પણ હાસ્ય કથા બનાવી ક્ષુદ્ર સાધુ લઘુતા પમાડે છે અથવા પાઠાંતર મુજબ-ઉપશમ છોડેલા કેટલાંક બહુશ્રુતો [બધા નહીં] કઠોરતા સ્વીકારે છે, તેમને બોલાવતા કે પૂછતાં મૌન રહે છે કે હુંકાર કરે છે.

વળી કેટલાંક બ્રહ્મચર્ય-સંયમમાં રહીને અથવા બ્રહ્મચર્ય-આચાર સૂત્ર અનુસાર અનુષ્ઠાન કરવા છતાં તેનો તિરસ્કાર કરીને જિનાજ્ઞાને કંઈક માને-કંઈક ન માને પણ સાતા ગૌરવથી શરીર બકુશ થાય છે. અથવા અપવાદને આલંબીને વર્તતા ઉત્સર્ગ માર્ગના ઉપદેશ આપતાં તેઓ એકાંત પકડી કહે છે કે, આ માર્ગ જિનોક્ત નથી. હવે અપવાદ કહે છે, નિરોગી સાધુ ગ્લાનની સમાધિ માટે વૈયાવચ્ચ કરે, કારણે તેને આધાકર્માદિ આહાર પણ લાવી આપે.

કુશીલ સાધુને ઘણી આશાતનાથી દીર્ઘસંસાર થાય તે કેમ ન કહ્યું ? શરીર કુશીલને કટુ વિપાકાદિ બતાવનાર ગુરુ પ્રત્યે જ તેઓ કઠોર વચન કહે છે. તેઓ સમનોજ્ઞ બની માન મેળવી અમે જીવન વીતાવશું એવા હેતુથી સિદ્ધાંતને ભણે છે અથવા આ ઉપાય વડે લોક સંમત થઈ અમે જીવીશું એમ માની દીક્ષા લઈ કુશીલ બને છે. અથવા દીક્ષા લેતા તે વિચારે કે અમે ઉદ્યતવિહારી બનીશું. પણ દીક્ષા લઈને મોહોદયથી બરાબર ચારિત્ર ન પાળે.

તેઓ ગૌરવત્રિકમાંના કોઈ કારણે જ્ઞાનાદિ મોક્ષ માર્ગે સારી રીતે વર્તતા નથી. આજ્ઞામાં ન વર્તતા તે કામગૃદ્ધ ચિત્તથી બળતા અને ગૌરવત્રિકમાં રક્ત બની ઇન્દ્રિય પ્રણિધાનરૂપ તીર્થંકર કથિત મહાવ્રતોને બરાબર ન પાળીને સ્વયં પંડિત માનીને આચાર્યાદિએ શાસ્ત્ર મુજબ પ્રેરણા કર્યા છતાં ગુરુને કઠોર વચન કહે છે. બોલે છે કે આ વિષયમાં આપ કંઈ જાણતા નથી - x - સૂત્રના અર્થાદિને જે રીતે હું જાણું છું તે રીતે બીજો કોણ જાણે ? ધર્મોપદેશકને પણ કડવાં વચન કહે છે. આચાર્ય ઠપકો આપે તો કહે છે કે તીર્થંકર અમારું ગળુ કાપવાથી વિશેષ બીજું શું કહેવાના છે ? ઇત્યાદિ - x -

તેઓ માત્ર આચાર્યને જ નહીં, બીજાને પણ કઠોર વચન કહે છે.



● **સૂત્ર-૨૦૨ :-**

***શીલવાન્, ઉપશાંત અને વિવેકથી વર્તતા મુનિને અશીલવાળા કહે છે, આ તે મૂર્ખની બીજી અજ્ઞાનતા છે.***

● **વિવેચન :-**

શીલ ૧૮,૦૦૦ ભેદવાળું છે અથવા મહાવ્રત પાલન, પાંચ ઇન્દ્રિય જય, કષાયનિગ્રહ, ત્રણ ગુપ્તિએ ગુપ્ત એવું નિર્મળ શીલ પાળે તે શીલવંત છે તથા કષાયના ઉપશમથી ઉપશાંત છે. શીલવાન્‌ના ગ્રહણથી ઉપશાંત આવી જ જાય છતાં કષાય નિગ્રહનું પ્રાધાન્ય જણાવવા તેનું ગ્રહણ કર્યું.

સમ્યક્ રીતે જેના વડે કહેવાય તે સંખ્યા કે પ્રજ્ઞા. તેના વડે સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરનારા હોય તો પણ કોઈ મંદભાગ્યથી તેઓને 'અશીલ' એમ કહી નિંદનાર - x - કે મિથ્યાદૃષ્ટિ આદિ વડે બોલે કે તેઓ કુશીલ છે, એવું કહેનાર પાસત્થા આદિની તે બીજી મૂર્ખતા છે.

એક તો પોતે ચારિત્રરહિત છે. બીજા ઉદ્યુક્ત વિહારીને નિંદે તે બીજી મૂર્ખતા છે. અથવા શીલવંત તે ઉપશાંત છે એવું બીજાએ કહ્યાં છતાં તે કુસાધુ કહે છે - આ ઘણાં ઉપકરણવાળામાં કયા શીલ કે ઉપશાંતતા છે ? એમ બોલતા તે દુરાચારીની બીજી મૂર્ખતા છે. બીજા કેટલાંક વીર્યાંતરાયના ઉદયથી પોતે શીથીલ હોવા છતાં બીજા સાધુને પ્રશંસતા રહીને યથાવસ્થિત આચાર બતાવે છે. તે કહે છે—

● **સૂત્ર-૨૦૩ :-**

***કેટલાંક સંયમથી નિવૃત્ત હોવા છતાં આચાર-ગોચર બરાબર કહે છે. જ્ઞાનથી ભ્રષ્ટ સમ્યગ્દર્શન વિધ્વંસક થઈને.....***

● **વિવેચન :-**

કર્મના ઉદયથી સંયમ કે લિંગ [વેશ] મૂકી દે. અથવા ન મૂકે તો પણ સાધુના જેવા આચાર-ગોચર હોય તે બતાવે. સ્વનિંદા કરતા કહે કે અમે તેવો આચાર પાળવા સમર્થ નથી. આવું કહેનારને બીજી મૂર્ખતા નથી. તેઓ એવું નથી કહેતા કે અમે જે કરીએ છીએ. તેવો જ અમારો આચાર છે. એમ પણ ન કહે કે દુઃષમ કાળમાં બળ ઓછું થવાથી મધ્યમ વર્તન જ કલ્યાણનું કારણ છે. હમણાં ઉત્સર્ગનો અવસર નથી. કહ્યું છે કે,

સારો સારથી ઘોડાને જોરથી કે ધીમે ન હાંકે તથા ઘોડા પણ તેમ મધ્યમ ચાલે તો તે યોગ બધે માનનીય થાય. - x - x -

[કુસાધુ] શા માટે કુશીલનું સમર્થન કરે ? તે કહે છે, સત્ અસત્‌ના વિવેકના જ્ઞાનથી તેઓ ભ્રષ્ટ છે. તથા સમ્યક્‌દર્શન વિધ્વંસક, અસત્ અનુષ્ઠાનથી પોતે નાશ પામેલા છે, બીજાને શંકાશીલ બનાવી સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે. બીજા બાહ્ય ક્રિયા કરવા છતાં આત્માનો નાશ કરે છે. તે—

● **સૂત્ર-૨૦૪ :-**

***કેટલાંક 'નમનાર' હોવા છતાં સંયમ જીવનને દૂષિત કરે છે. કેટલાંક***

***પરીષહોથી ડરી અસંયમિત જીવન માટે સંયમ છોડે છે. તેમની દીક્ષા કુદીક્ષા છે. કેમકે તે સાધારણજન દ્વારા પણ તે નિંદિત થાય છે. પુનઃ પુનઃ જન્મ ધારણ કરે છે. નીચો હોવા છતાં પોતાને વિદ્વાન માને છે, ‘‘જે છું તે હું જ છું’’ તેવો ગર્વ કરે છે. મધ્યસ્થ સાધકને કઠોર વચન કહે છે. તેમના પૂર્વ જીવનનું કથન કરે છે કે જૂઠા આરોપથી નિંદા કરે છે. બુદ્ધિમાન ધર્મને સારી રીતે જાણે.***

**● વિવેચન :-**

તે જ્ઞાનાદિ ભાવવિનય સિવાય માત્ર શ્રુતજ્ઞાનાર્થે આચાર્યાદિને દ્રવ્યથી નમે છે. તેમાંના કેટલાંક, કર્મના ઉદયથી સંયમ જીવનને વિરાધે છે. ઉત્તમ ચારિત્રથી આત્માને દૂર રાખે છે. વળી બીજું શું તે કહે છે—

અસ્થિર મતિવાળા, ત્રણ ગૌરવમાં આસક્ત, પરીષહોથી સ્પર્શાતા તેઓ સંયમ કે સાધુવેશથી દૂર થાય છે - શા માટે ? અસંયમી જીવિતના નિમિત્તથી. અમે સુખેથી જીવીશું એમ વિચારી સાવધ અનુષ્ઠાન કરી સંયમથી દૂર થાય છે તેવા કુસાધુ ઘર છોડવા છતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, મૂળ-ઉત્તર ગુણમાં ઉપઘાત થતાં કુદીક્ષિત થાય છે. અસમ્યગ્ અનુષ્ઠાન થકી દીક્ષા છોડનાર સામાન્યજનથી પણ નિંદાય છે. વળી તેઓ વારંવાર નવા જન્મો ધારણ કરે છે. તેઓ કેવા છે ?

અસંયમ સ્થાનમાં રહેલા કે અવિદ્યાથી કુમાર્ગે વર્તતા છતાં પોતે પોતાને વિદ્વાન્ માનતા લઘુતાથી આત્માને ગર્વ કરાવે છે - આત્મશ્લાઘા કરે છે. થોડું ભણેલ છતાં માનથી ઉન્નત બની રસ-સાતા ગૌરવથી માને કે હું બહુશ્રુત છું, આચાર્ય જે જાણે છે, તે મેં અલ્પકાળમાં જાણી લીધું છે. એમ માની અહંકારી બને. તદુપરાંત ઉત્તમ સાધુને નિંદે છે.

રાગદ્વેષરહિત મધ્યસ્થ સાધુ બહુશ્રુત હોવાથી શાંત હોય છે. સ્ખલિત સાધુને સમજાવે ત્યારે તે કઠોર શબ્દ કહે છે, તમે તો પહેલાં કૃત્ય-અકૃત્યને જાણો પછી અમને કહેજો. - x - x - તે કુસાધુ ગુરુને જેમ તેમ બોલે, અપમાન કરે, તિરસ્કારે [તો પણ મધ્યસ્થ સાધુ શાંત રહે]. - x - મેધાવી સાધુ શ્રુત ચારિત્ર ધર્મને સારી રીતે જાણે.

જે અસભ્યવાદમાં બાળ સાધુ વર્તતો હોય તેને શું કરવું ? કહે છે—

**● સૂત્ર-૨૦૫ :-**

***[પતિત સંયમીને સાચો સંયમી આ પ્રમાણે ઉપદેશ આપે કે] તું અધર્મનો અર્થી છે, અજ્ઞ છે, આરંભાર્થી છે. ‘‘પ્રાણીને મારો’’ એવો ઉપદેશ આપે છે, હિંસાની અનુમોદના કરે છે. જ્ઞાનીઓએ ઘોર ધર્મની પ્રરૂપણા કરી છે, પણ તું તેની આજ્ઞાની ઉપેક્ષા કરી રહ્યો છે. આવા સાધુ કામભોગમાં મૂર્છિત અને હિંસામાં તત્પર કહેવાય છે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

અર્થ જેને હોય તે અર્થી. અધર્મનો અર્થી, તેને શિક્ષા અપાય છે. તે અધર્માર્થી કેમ છે ? કેમકે તે અજ્ઞાન છે. કેમ અજ્ઞાન છે ? કારણ કે તે સાવધ આરંભમાં વર્તે છે. પ્રાણીને દુઃખ દેવારૂપ વાદોને બોલતો તે કહે છે, ‘‘જીવોને હણો’’. બીજા



પાસે હણાવો. હણતાને અનુમોદો. રસાદિ ગૌરવમાં રક્ત, રાંધવા-રંધાવાની ક્રિયામાં પ્રવર્તેલ ગૃહસ્થી પાસે તેમના ભોજનનો ઇચ્છુક બની આ પ્રમાણે કહે છે—

આમાં શું દોષ છે ? શરીર વિના ધર્મ ન થાય. તેથી ધર્મના આધારરૂપ શરીર યત્નાથી પાળવું જોઈએ. કહ્યું છે કે, ‘‘ધર્મથી યુક્ત શરીર પ્રયત્નથી બચાવવું, કેમકે બીજ હોય તો અંકુરો થાય.’’ ત્યારે [આચાર્ય તેને કહે છે-] તું શા માટે આવું બોલે છે ? સાંભળ ! ધર્મ ઘોર છે. સર્વ આશ્રવ નિરોધથી દુરનુચર છે. એવું તીર્થંકરાદિએ કહેલું છે. તું તેવા અધ્યવસાયવાળો બન. તેવા ઉત્તમ અનુષ્ઠાનને અવગણીને તીર્થંકર આદિની આજ્ઞા બહાર સ્વેચ્છાએ વર્તે છે ?

ઉક્ત અધર્માર્થી, અજ્ઞ, આરંભનો અર્થી બની પ્રાણીનો ઘાત કરે, કરાવે, કરનારને અનુમોદીને ધર્મની અવગણના કરનારો; કામભોગ વાંછક, વિવિધ હિંસા કરનારો અથવા સંયમમાં પ્રતિકૂળ છે. એવું સ્વરૂપ તીર્થંકરે કહેલું છે તે હું કહું છું.

તું મેધાવી બની ધર્મને જાણ. આગળ પણ કહું છું કે—

**● સૂત્ર-૨૦૬ :-**

***[કેટલાક સાધક વિચારે છે-] આ સ્વજનોનું હું શું કરીશ ? [મારે શા કામના છે ?] એવું માનતા અને કહેતા કેટલાંક લોકો માતા, પિતા, જ્ઞાતિજન અને પરિગ્રહનો ત્યાગ કરી વીર વૃત્તિથી સમુત્થિત થઈ દીક્ષા લે છે, અહિંસક, સુવ્રતી, દાંત બને છે. છતાં [પાપના ઉદયથી સંયમથી] પતિત થઈ દીન બને છે, તે વિષયોથી પીડિત કાયર મનુષ્ય વ્રતોનો નાશક બને છે. તે તું જો. તેમાંના કેટલાકની શ્લાઘારૂપ કીર્તિ પાપરૂપ થાય છે. લોકો કહે છે જુઓ આ શ્રમણ વિભ્રાન્ત [ભગ્ન શ્રમણ] છે.***

***વળી જુઓ કેટલાંક સાધુ ઉત્કૃષ્ટ આચારવાળા મધ્યે શિથિલાચારી, વિનયવાન્ મધ્યે અવિનયી, વિરત મધ્યે અવિરત, પવિત્ર મધ્યે અપવિત્ર બને છે. આ સર્વે જાણીને પંડિત, બુદ્ધિમાન્, નિષ્ઠિતાર્થ, વીર મુનિ સદા, આગમાનુસાર પરાક્રમ કરે. એમ હું કહું છું.***

**● વિવેચન :-**

કેટલાક તત્ત્વ સમજેલા, વીર માફક વર્તતા, સમ્યગ્ ઉત્થાન વડે ઉત્થિત થઈને ફરી પ્રાણિની હિંસા કરનારા થાય છે. કઈ રીતે ઉત્થિત ?

તે વિચારે છે - પરમાર્થથી અનર્થરૂપ, સ્વાર્થી એવા આ માતા, પિતા, પુત્ર, સ્ત્રી આદિથી મારે શું પ્રયોજન ? તે મારા કોઈપણ કાર્યમાં કે રોગ દૂર કરવામાં સમર્થ નથી. તેના વડે હું શું કરીશ ? એમ જાણીને દીક્ષા લે. અથવા કોઈએ કહ્યું કે, રેતીના કોળીઆ ખાવા સમાન દીક્ષા વડે તું શું કરીશ ? પૂર્વના ભાગ્યે મળેલ ભોજનાદિ ભોગવ. એમ કહેતા વૈરાગ્ય પામેલો તે બોલે કે, હું આ ભોજનાદિથી શું કરીશ ? સંસારમાં ભમતા મેં અનેકવાર ભોગવ્યું તો પણ તૃપ્તિ ન થઈ, તો આ જન્મે શું થશે ?

આ પ્રમાણે વિચારતા સંસાર સ્વભાવ જાણેલા કેટલાંક દીક્ષા લેવા તત્પર થઈને

મા, બાપ, જ્ઞાતિજન, ધન-ધાન્યાદિ પરિગ્રહને છોડવામાં વીર માફક આચરણ કરનારા બનીને સમ્યક્ સંયમાનુષ્ઠાનમાં તત્પર થઈને હિંસા ત્યાગી, શોભન વ્રત ધારણ કરી, ઇન્દ્રિયો દમીને એ રીતે સમુત્થિત થયા હોય છે. નાગાર્જુનીયા પણ કહે છે, અમે અણગાર, અકિંચન, અપુત્ર, અપ્રસૂત, અહિંસક, સુવ્રતી, દાંત, પરદત્તભોજી એવા શ્રમણ થઈશું. પાપકર્મ કરીશું નહીં. એમ જાણીને દીક્ષા લે છે.

આ પ્રમાણએ દીક્ષા લઈને પછી શીયાળપણે વિચરનારા બની તજેલ ભોગોને - x - પાછા ગ્રહણ કરી પતિત થયેલાને તું જો. તેઓ કેમ દીન થાય છે તે કહે છે, ઇન્દ્રિય વિષય, કસાયથી પરવશ થયેલા તે કર્મનો બંધ કરે છે. તે કહે છે, શ્રોત્રેન્દ્રિય વશ જીવ કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? હે ગૌતમ ! આયુને છોડીને સાત. - x - ભગવન્ ! ક્રોધને વશ થઈને કેટલી ? સાત. આ પ્રમાણે માન આદિમાં પણ સમજવું. વળી તેઓ પરીષહ ઉપસર્ગ આવતા કે વિષયલોલુપ થઈ કાતર [બીકણ] બને છે.

તેઓ કોણ છે ? અને શું કરે છે ? તેઓ ભગ્ન બનીને વ્રતોના વિધ્વંસક બને છે. આવું ૧૮,૦૦૦ શીલાંગને કોણ ધારી શકે ? એમ વિચારી દ્રવ્ય કે ભાવ લિંગ તજીને જીવોના વિરાધક બને છે તે લિંગ તજેલાનું પછી શું થાય ? તે કહે છે, કેટલાંક વ્રત લઈને ભાંગે છે - x - તેમને અંતર્મુહૂર્તમાં પણ મરણ આવે છે. કેટલાકની પાપરૂપ નિંદા થાય છે. સ્વ કે પરપક્ષમાં તેની ઘણી અપકીર્તિ થાય છે. જેમકે—

જુઓ, આ મસાણીયો ભોગાભિલાષી દીક્ષા લઈને મૂકી દીધેલ, તેનો વિશ્વાસ ન કરવો. - x - કહ્યું છે કે, "પરલોક વિરુદ્ધ આચરનારને દૂરથી તજવો. જે આત્માને સ્થિર ન રાખે તે બીજાનું શું હિત કરે ?"

અથવા સૂત્ર વડે તેની અશ્લાઘા બતાવે છે - તેઓ સાધુ બનીને વિવિધ રીતે ભમતો સાધુપણાથી ભ્રષ્ટ થયેલો છે. વીપ્સા વડે અત્યંત જુગુપ્સા બતાવે છે. વળી હે શિષ્યો ! તમે કર્મનું સામર્થ્ય જુઓ. કેટલાંક અભાગીયા ઉત્તમ સાધુ સાથે રહેવા છતાં શિથિલ વિહારી બને છે. સંયમાનુષ્ઠાન વડે વિનયી બનેલા સાથે રહીને નિર્ઘૃણતાથી સાવધ અનુષ્ઠાયી બને છે. વિરત મધ્યે અવિરત, દ્રવ્યભૂત મધ્યે અદ્રવ્યભૂત થઈ, પાપ કલંકવાળા થવાથી ઉત્તમ સાધુ સાથે વસવા છતાં સુધરતા નથી. આવા શિથિલ સાધુને જાણીને શું કરવું ?

હે સાધુ ! તું જ્ઞાત જ્ઞેય છે, મર્યાદામાં રહેલ છે, વિષયસુખ તૃષ્ણારહિત છે, તું કર્મ વિદારણ સમર્થ થઈને સર્વજ્ઞ પ્રણીત ઉપદેશ મુજબ સર્વદા સંયમમાં પરાક્રમ કર. તેમ હું કહું છું.

**અધ્યયન-૬ 'ધુત' ઉદ્દેશો-૪ "ગૌરવત્રિક વિધૂનન"નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 અધ્યયન-૬ ઉદ્દેશો-૫ "ઉપસર્ગ સન્માન વિધૂનન" 卐

૦ ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૫-માં કર્મ દૂર કરવા ત્રણ ગૌરવ છોડવાનું બતાવ્યું. તે કર્મ વિધૂનન ઉપસર્ગ વિધૂનન વિના સંપૂર્ણ ન બને. તથા સત્કાર પુરસ્કારરૂપ સન્માન વિધૂનન વિના ગૌરવત્રિક વિધૂનન સંપૂર્ણતા ન પામે. એથી ઉપસર્ગ સન્માનને વિધૂનન કરવા આ ઉદ્દેશો કહે છે. આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે તે અસ્ખલિતાદિ ગુણ વડે ઉચ્ચારવું—

● **સૂત્ર-૨૦૭ :-**

***તે શ્રમણ ઘરોમાં, ગૃહાંતરોમાં, ગામોમાં, ગ્રામાંતરોમાં, નગરોમાં, નગરાંતરોમાં, જનપદોમાં, જનપદાંતરોમાં, ગામ-નગરાંતરોમાં, ગામ-જનપદાંતરોમાં અથવા નગર-જનપદાંતરોમાં [વિચરતા કે કાયોત્સર્ગ સ્થિત મુનિને જોઈને] કેટલાક લોકો લૂસક [હિંસક] બની જાય છે. તેઓ ઉપસર્ગ કરે છે. ત્યારે તેનો સ્પર્શ થવા છતાં ધીર મુનિ તેને સમભાવે સહન કરે. તે સમદૃષ્ટિ હોય. આગમ જ્ઞાતા મુનિ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશામાં સ્થિત જીવોને અનુકંપા બુદ્ધિએ ધર્મોપદેશ આપે.***

***ધર્મના ભેદ-પ્રભેદોને સમજાવે અને ધર્મનો મહિમા બતાવે. તે મુનિ ધર્મશ્રવણની ઇચ્છાવાળા કે સેવાશુશ્રૂષા કરનાર મુનિઓ ગૃહસ્થોને શાંતિ, વિરતિ, ઉપશમ, નિર્વાણ, શૌચ, આર્જવતા, માર્દવતા, લાઘવતાનો યથાર્થ બોધ આપે છે. તે ભિક્ષુ સર્વ પ્રાણી, સર્વ ભૂત, સર્વ સત્વ, સર્વ જીવોને ધર્મનું વ્યાખ્યાન કરે.***

● **વિવેચન :-**

તે પંડિત, મેધાવી, નિષ્ઠિતાર્થ, વીર સાધુ સદા સર્વજ્ઞપ્રણિત ઉપદેશ મુજબ વર્તનારો ત્રણ ગારવથી અપ્રતિબદ્ધ, નિર્મમ, નિષ્કિંચન, આશારહિત, એકાકી વિહારથી ગામ ગામ વિચરતો ક્ષુદ્ર-તિર્યંચ, મનુષ્ય, દેવે કરેલા ઉપસર્ગ પરિષહોથી દુઃખ સ્પર્શોને નિર્જરાર્થી બનીને સમ્યક્ રીતે સહન કરે.

કયા સ્થાને તેને પરીષહો ઉપસર્ગો થાય તે કહે છે, આહારાદિ અર્થે ઉંચ-નીચ ઘરોમાં જતા કે ઘરોની વચ્ચે જતા, ગામ કે ગામાંતરમાં, નગર કે તેના મધ્યે, લોકોને રહેવાના જનપદને અવંતિ આદિ સાધુને વિચરણ યોગ્ય સાડા પચીશ દેશો કે તેના મધ્યે અથવા ગામ-નગરના મધ્યમાં કે ગામ-જનપદના મધ્યમાં કે નગર-જનપદના મધ્યમાં અથવા ઉદ્યાન કે ઉદ્યાનના મધ્યમાં વિચરતા કે જતા-આવતાં અથવા તે ભિક્ષુને ગામ આદિમાં કાયોત્સર્ગ આદિ કરતા કેટલાક મલિનતવાળા હિંસક લોકો તે સાધુને દુઃખ દે છે.

સાધુને નારકી દુઃખ દેવા અશક્ત છે, તિર્યંચ અને દેવોના ઉપસર્ગ કોઈ વાર જ થાય, તેથી મનુષ્યો દ્વારા ઉપસર્ગ થાય તેમ કહ્યું. અથવા જેઓ જન્મે તે જન.

જન શબ્દથી તિર્યંચ, મનુષ્ય, દેવ લીધાં. તે જનો અનુકૂળ, પ્રતિકૂળ કે બંનેમાંનો કોઈ ઉપસર્ગ કરે છે. તેમાં દેવકૃત્ ઉપસર્ગ ચાર પ્રકારે છે - હાસ્યથી, દ્વેષથી, વિમર્શથી અને પૃથક્ વિમાત્રથી. તેમાં કેલીપ્રિય કોઈ વ્યંતર હાસ્યથી વિવિધ ઉપસર્ગો કરે. - x - x - x - દ્વેષથી - જેમકે ભગવંત મહાવીરને - x - વ્યંતરીએ શીત ઉપસર્ગ કર્યો. વિમર્શથી - આ સાધુ ધર્મમાં દૃઢ છે કે નહીં ? તે જોવા - x - ઉપસર્ગો કરે. જેમ કોઈ વ્યંતરીએ સ્ત્રીવેશ ધારણ કરી સાધુને અનુકૂળ ઉપસર્ગથી ચલાયમાન કરવા ધાર્યું. સાધુ નિશ્ચલ રહેતા ભક્તિથી વાંદ્યા, પૃથક્ વિમાત્રા એટલે ઉક્ત ત્રણે કે ત્રણમાંથી કોઈ એક પ્રકારે ઉપસર્ગ કરે. જેમ સંગમે ભગવંત મહાવીરને કર્યા. - x -

મનુષ્ય પણ સાધુને હાસ્ય, દ્વેષ, વિમર્શ અને કુશીલ પ્રતિસેવના એ ચાર ભેદે ઉપસર્ગ કરે. તેમાં હાસ્યથી દેવસેના ગણિકાએ બાળસાધુને ઉપસર્ગ કર્યો. - x - દ્વેષથી સોમભૂતિ સસરાએ ગજસુકુમાલને ઉપસર્ગ કર્યો. વિમર્શથી - ચાણક્યમંત્રીની પ્રેરણાથી ચંદ્રગુપ્તે ધર્મ પરીક્ષાર્થે સાધુને ઉપસર્ગ કરાવેલો - x - કુશીલના પ્રતિસેવન માટે ઉપસર્ગ કરે - કોઈ સાધુ કોઈ શેઠ ઘેર ન હતા ત્યાં રાત રોકાયા ત્યારે સ્ત્રીઓએ ઉપસર્ગ કર્યા.

તિર્યંચ પણ ભય, દ્વેષ, આહાર તથા બચ્ચાના રક્ષણ માટે ઉપસર્ગ કરે તે ચાર પ્રકારે છે, ભય-સાપ વગેરે ચમકીને કરડે, દ્વેષથી ચંડકૌશિકે ભગવંત મહાવીરને ઉપસર્ગ કર્યો. આહાર માટે સિંહ, વાઘ ઉપસર્ગ કરે, બચ્ચાના સંરક્ષણ માટે કાકી વગેરે પીડે.

આ પ્રમાણે ઉપસર્ગથી જનો દુઃખ દેનારા થાય છે. અથવા તે તે ગામ વગેરે સ્થાનમાં જતાં કે રહેતા આત્માને પીડનારા દુઃખો થાય છે તે ચાર પ્રકારે છે — (૧) આંખમાં કણુ વગેરે પડતા ઘટ્ટનતા, (૨) ભ્રમરી કે મૂર્છાદિ વડે પતનતા, (૩) વાયુ આદિથી સ્તંભનતા, (૪) તાળવામાં આંગળી આદિ નાંખવાથી થતી શ્લેષણતા અથવા વાત્ત, પિત્ત, કફ આદિના ક્ષોભથી કટુ સ્પર્શો થાય અથવા નિષ્કિંચનપણાથી તૃણસ્પર્શ, ડાંસ, મચ્છર, શીત-ઉષ્ણાદિ પીડા કોઈ વખત થાય.

તેવા કોઈપણ દુઃખ સ્પર્શો આવે ત્યારે ધીર બનીને સહન કરે. ચિંતવે કે, નારકી વગેરેમાં કર્મોના ઉદયથી પછી પણ ભોગવવાના રહેશે. માટે હમણાં જ ભોગવવા ઠીક છે માનીને સહન કરે અથવા ઉક્ત સાધુ પરીષહો સહીને પોતાનો રક્ષક બને અને ઉપદેશ વડે બીજાનું પણ રક્ષણ કરે. તે બતાવે છે. ઓજઃ એકલો રાગાદિથી રહિત સારી રીતે દર્શન પામેલો તે સમિત દર્શન કે સમ્યગ્ દૃષ્ટિ છે. અથવા શમિત એટલે ઉપશમ પામેલ, દર્શન એટલે દૃષ્ટિ કે જ્ઞાન અર્થાત્ ઉપશાંત અધ્યવસાયવાળો.

અથવા સમતાને પામેલ દર્શનવાળો કે સમદૃષ્ટિ. આવા ગુણવાન્ સાધુ પરીષહોને સહે. અથવા ધર્મને કહે. - x - તે આ રીતે - જીવ માત્ર ઉપર દ્રવ્યથી દયા જાણીને, ક્ષેત્રથી પૂર્વ આદિ બધી દિશાને જોઈને સર્વત્ર દયા કરતો તે સાધુ ધર્મ કહે. કાળથી



જીવનપર્યન્ત, ભાવથી રાગદ્વેષ રહિતપણે ધર્મ કહે - કેવી રીતે કહે ? —

બધા જીવો દુઃખના દ્વેષી અને સુખના ચાહનારા છે, તેમને આત્મવત્ માનવા. કહ્યું છે, જે પોતાને ગમતું નથી તેવા બીજા માટે ન કરવું. એ જ સારરૂપ ધર્મ છે. તે કામનાથી જુદો પ્રવર્તે છે ઇત્યાદિ. તે પ્રમાણે ધર્મ કહેતા પોતે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદો વડે અથવા આક્ષેપણી આદિ કથા વડે પોતે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજનથી દૂર રહી ધર્મ પાળે અથવા આ પુરુષ કોણ છે ?, કયા દેવને માને છે ?, તેનો અભિપ્રાય આદિ વિચારીને વ્રત અનુષ્ઠાનનું ફળ કહે—

આવો ધર્મ કોણ કહે ? આગમ જ્ઞાતા કહે. નાગાર્જુનીયા પણ કહે છે, જે સાધુ નિશ્ચયે બહુશ્રુત, આગમ જ્ઞાતા, હેતુ બતાવવામાં કુશળ, ધર્મકથા લબ્ધિસંપન્ન, ક્ષેત્ર, કાળ, પુરુષને વિચારી આ પુરુષ કોણ છે ? કયા દર્શનને માને છે ? એ પ્રમાણે ગુણ-જાતિએ યુક્ત હોય તે જ ધર્મ કહેવાને સમર્થ છે.

— તે કેવા નિમિત્તોમાં ધર્મ કહે ?

તે આગમજ્ઞાતા સ્વસમય-પરસમયજ્ઞ ભાવથી ઉઠેલા યતિને ધર્મ કહે. 'વા' એટલે પાર્શ્વનાથ શિષ્યોમાં ચાર યામ ધર્મ પાળતા હોય. તેને અને ભગવંત મહાવીરના ગણધરો પંચમહાવ્રત ધર્મને બતાવે છે. અથવા સદા ઉત્થિત એવા પોતાના શિષ્યોને નવું તત્ત્વ જણાવવા ધર્મ કહે. અથવા ધર્મ શ્રવણની ઇચ્છાવાળા, ગુરુ સેવા કરનાર શ્રાવકોને સંસાર પાર ઉતારવા ધર્મ કહે છે — કેવો ધર્મ કહે છે ? —

શમન એટલે શાંતિ - અહિંસા રૂપ ધર્મને કહે તથા વિરતિને કહે. એ રીતે પાંચે મહાવ્રતોને સમજાવે. તથા ક્રોધજયથી ઉપશમ દ્વારા ઉત્તરગુણને કહે તથા નિર્વાણ-મોક્ષનું સ્વરૂપ કહે છે. મૂલગુણ-ઉત્તરગુણ વડે આ ભવ-પરભવનું સુખ અને છેવટે મોક્ષ મળે છે. 'શૌચ' એટલે ઉપાધિરહિત પવિત્ર વ્રત ધારવું. 'આર્જવ' માયારૂપ વક્રતાનો ત્યાગ. 'માર્દવ' માન, અહંકારનો ત્યાગ. લાઘવ એટલે બાહ્ય-અભ્યંતર ગ્રંથનો ત્યાગ. તે કેવી રીતે કહે, તે બતાવે છે—

યથાવસ્થિત વસ્તુ જેમ આગમમાં કહી હોય તેમ ઉલ્લંઘ્યા વિના કહે. કોને કહે ? — દશ પ્રકારના પ્રાણને ધારનારા તે 'પ્રાણી' - સામાન્યથી સંજ્ઞી પંચેન્દ્રિય. મુક્તિગમન યોગ્ય જે ભવ્યપણે રહેલા છે 'ભૂત', સંયમ જીવિત વડે જીવે તે 'જીવ' અને સંસારમાં દુઃખ પામતા રહેતા એવા તિર્યંચ, નર, દેવ તે 'સત્વ'. - x - તે બધાંને ધર્મ કહે છે અથવા પ્રાણી, ભૂત, જીવ, સત્વ એ એકાર્થક શબ્દ છે. તેમને ક્ષાંતિ આદિ દશવિધ ધર્મ - x - કહે છે. - x - તે ધર્મકથા લબ્ધિવાન્ હોય તે કહે છે. હવે ધર્મ જે રીતે કહે છે, તે બતાવે છે—

• **સૂત્ર-૨૦૮ :-**

***વિચાર કરી ધર્મ કહેનાર મુનિ પોતાના આત્માની આશાતના ન કરે, બીજાની આશાતના ન કરે કે અન્ય પ્રાણ, ભૂત, જીવ, સત્વની આશાતના ન કરે. આ રીતે સ્વયં આશાતના ન કરતા કે બીજા પાસે ન કરાવતા તે મુનિ વધ્યમાન પ્રાણી, ભૂત, જીવ, સત્વને માટે અસંદીનદ્વીપની માફક શરણભૂત થાય***

***છે - એ પ્રમાણે તે સંયમમાં ઉત્થિત, સ્થિતાત્મા, અસ્નેહ, અચલ, [વિહાર ચર્યા કરનાર] ચલ, અબહિર્લેશ્ય પરિવ્રજન કરે.***

***જે મુનિ આ પવિત્રધર્મને જાણીને સદનુષ્ઠાન આચરે છે, તે મુક્તિ પામે છે. તે માટે આસક્તિના વિપાકને જુઓ. પરિગ્રહમાં ગૃદ્ધ બનેલ મનુષ્યો કામોથી આક્રાન્ત થાય છે. માટે સંયમથી ગભરાવું ન જોઈએ. જે વિવેકહીન તથા હિંસકવૃત્તિવાળા પાપ કર્મોને કરતાં ભયભીત થતા નથી, જ્ઞાનીજન તે આરંભોનો સર્વથા ત્યાગ કરે. તે ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરીને કર્મબંધનથી મુક્ત થાય છે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

તે ભિક્ષુ મુમુક્ષુ ધર્મનો પૂર્વાપર વિચાર કરીને કે સાંભળનાર પુરુષની પૂર્વાપર સ્થિતિ વિચારી, જેને જેવું કથન યોગ્ય હોય તેને તેવો ધર્મ કહે. મર્યાદા વડે સમ્યગ્ દર્શનાદિ અનુષ્ઠાન વિરુદ્ધ વર્તી આશાતના વડે આત્માને દોષિત ન કરે. અર્થાત્ આશાતના ન થાય તેમ ધર્મ કહે. અથવા આત્માની આશાતના બે પ્રકારે છે - દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી - આહાર, ઉપકરણ વગેરે દ્રવ્યની કાલસંબંધી આશાતના ન થાય તેમ કહે. આહારાદિ દ્રવ્ય આશાતનાથી પોતાના શરીરને પીડા થતા ભાવમલિનતાથી ભાવાશાતના થાય. અથવા કહેતા ગાત્ર-ભંગરૂપ ભાવ આશાતના ન થાય તેમ કહે.

સાંભળનારની નિંદા ન કરે. જેથી તે નિંદા વડે ક્રોધિત થઈ આહાર, ઉપકરણ કે શરીર પીડા કરવા પ્રવૃત્ત ન થાય. તેથી સાંભળનારની આશાતના વર્જીને ધર્મ કહે. અથવા અન્ય પ્રાણી, ભૂત, જીવ, સત્વોને બાધા ન કરે. તે મુનિ પોતાનો અનાશાતક છે, બીજાની આશાતનો કરતો નથી, તથા બીજા આશાતના કરનારની અનુમોદના કરતો નથી. વધ્યમાન પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્વોને પીડા ઉત્પન્ન ન થાય તેમ ધર્મ કહે.

જેમકે - કોઈ લૌકિક, કુપ્રાવચનિક, પાસત્થા વગેરેને દાન આપવાની પ્રશંસા કરે, કુવા-તળાવ બનાવવાની પ્રશંસા કરે તો પૃથ્વીકાય આદિને દુઃખ થાય તો સાધુને દોષ લાગે. નિંદા કરે તો અંતરાય થતા કર્મબંધનથી વિપાક ભોગવવો પડે. કહ્યું છે કે, દાન પ્રશંસાથી પ્રાણિ વધનો દોષ લાગે. દાનની નિંદા કરે તો દાન લેનારની વૃત્તિનો છેદ કરે છે. તેથી તે દાન તથા કુવા આદિ સંબંધે વિધિ-નિષેધ ન કરતાં યથાવસ્થિત શુદ્ધ દાન પ્રરૂપે.

આ પ્રમાણે બોલતો સાધુ ઉભયદોષ ત્યાગી જીવોને આશ્વાસ્ય થાય. આ બાબત દૃષ્ટાંતથી કહે છે, અસંદીનદ્વીપ માફક આ મુનિ જીવને રક્ષણનો ઉપાય બતાવે તેથી વધ્યમાન અને વધકને પાપવિચારથી બચાવી વિશિષ્ટ ગુણસ્થાન મેળવવાથી શરણ લેવા યોગ્ય થાય છે. તે ધર્મકથા કથન દ્વારા કેટલાંકને દીક્ષા અપાવે છે, કેટલાંકને શ્રાવક બનાવે છે, કેટલાંકને સમ્યગ્દર્શનવાળા કરે છે, કેટલાકને ભદ્રક પરિણામી બનાવે છે.

પ્રશ્ન - કેવા ગુણવાળો સાધુ દ્વીપ માફક શરણ યોગ્ય થાય છે ?



ઉત્તર - હવે પછી કહેવાતા ભાવ ઉત્થાન વડે સંયમાનુષ્ઠાન કરતો ઉત્થિત થયેલ તથા જ્ઞાનાદિ મોક્ષ માર્ગે સ્થિત હોય, સ્નેહરહિત હોય, રાગદ્વેષ રહિતતાથી અપ્રતિબદ્ધ હોય, પરિષહ-ઉપસર્ગમાં ચલિત ન થાય, અનિયત વિહારી હોય, સંયમથી જેની લેશ્યા બહાર ન હોય એવો મુનિ બધી રીતે સંયમ અનુષ્ઠાનમાં વર્તે, ક્યાંય આસક્ત ન થાય.

પ્રશ્ન - શા માટે તે સંયમ અનુષ્ઠાનમાં વર્તે ? - તે શોભન ધર્મને વિચારી અવિપરીત દર્શનવાળો થાય કે સદનુષ્ઠાન દૃષ્ટિમાન બને. તે કષાયના ક્ષય કે ઉપશમથી પરિનિવૃત્ત છે, તેવા ગુણવાળો ન હોય તે મિથ્યાદૃષ્ટિ, પેશલ ધર્મને પામતો નથી, તે બતાવે છે—

મિથ્યાદૃષ્ટિવાળો સંગને કારણે મોક્ષમાં ન જાય તેથી તેના માતા, પિતા આદિ જનિત કે ધન ધાન્યાદિ જનિત સંગ વિપાકને તમે જુઓ. વિવેકથી હૃદયમાં અવધારો. સૂત્રમાં કહે છે, તે સંગવાળા મનુષ્ય બાહ્ય અભ્યંતર ગ્રંથથી ગુંથાયેલા, ગ્રંથના સંગથી વિષાદ પામેલા છતાં ઇચ્છા, મદન કામથી આક્રાંત બનેલા મોક્ષમાં જતા નથી.

જો એમ છે તો શું કરવું ? - જે કામથી આસક્ત ચિત્ત થઈને સગાં તથા ધન-ધાન્યાદિમાં મૂર્છિત, કામસંબંધી શરીર-મનના દુઃખોથી પીડાય છે. તેનાથી હે શિષ્ય ! તું સંયમથી ત્રાસ ન પામીશ. સંયમાનુષ્ઠાનથી કંટાળતો નહીં, કેમકે સંયમદુઃખ કરતા અતિ દુઃખ સંસારસંગીને છે.

કયા સાધુને સંયમથી ન ડરવાનો સંભવ છે ? - જે મહામુનિએ સંસાર અને મોક્ષના કારણો જાણ્યા છે, તેને આ સંગરૂપ આરંભો એક સમાનપણે બધા માણસે આચરેલ છે - x - તે આરંભો સર્વે પ્રકારે જાણીતા છે. આ આરંભો કેવા છે ? જેમાં ગ્રંથ ગ્રથિત, વિષાદી, કામ આક્રાંત લોકો હિંસક બની અજ્ઞાન-મોહના ઉદયથી પાપ કરતા ડરતા નથી. પણ ઉક્ત આરંભોને જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગે છે, તેણે જ આરંભોના સુપરિજ્ઞાતા જાણવા. આરંભ પરિજ્ઞાતા બીજું શું કરે ?

તે મહામુનિ - x - ક્રોધાદિ ત્યાગી - x - x - x - મોહનીય કર્મને તોડે. મોહનીય જતાં સંસાર સંતતિથી છૂટે છે. એમ તીર્થંકરે કહેલ છે. એમ સુધર્માસ્વામી કહે છે. અથવા હવે પછી જે કહે છે તે બતાવે છે—

**● સૂત્ર-૨૦૯ :-**

***દેહનાશના ભય પર વિજય પ્રાપ્ત કરવો એ સંગ્રામ શીર્ષ કહેવાય છે. તે જ મુનિ સંસાર પારગામી છે. તે કષ્ટોથી પીડિત થવા છતાં લાકડાના પાટિયાની જેમ અચલ રહે છે. મૃત્યુકાળ આવવા પર જ્યાં સુધી જીવ અને શરીર ભિન્ન ભિન્ન ન થાય ત્યાં સુધી મરણકાળની પ્રતીક્ષા કરે. એમ હું કહું છું.***

**● વિવેચન :-**

ઔદારિક આદિ ત્રણ શરીર કે ઘાતિકર્મનો વિનાશ અથવા કાયાને આયુષ્યના ક્ષય સુધી ઘાત કરનારો બને તે મુનિ સંગ્રામશીર્ષરૂપે વર્ણવેલ છે. જેમ સંગ્રામને મોખરે શત્રુના સૈન્ય સામે તીક્ષ્ણ તલવારની પ્રભાથી ઉગતા સુરજની માફક કે

વિજળીના ચમકારા માફક દેખાવ કરી જોનારની આંખોમાં ચમત્કાર કરાવનાર અને પોતાનું કાર્ય કરવા છતાં પણ કોઈ વખત તે સુભટ ચિત્તનો વિકાર કરે છે. તે જ પ્રમાણે મરણકાળ આવે ત્યારે સ્થિર મનવાળો હોય તો પણ કોઈ વખત સંજોગાધીન તેનો ભાવ બગડે પણ ખરો. તેથી જે મરણકાળે પણ મોહ ન પામે તે જ મુનિ સંસાર પારગામી અથવા કર્મનો કે લીધેલ ભારનો પર્યતયાયી છે.

વળી વિવિધ પરીષહ ઉપસર્ગો વડે હણાયેલો છતાં ન કંટાળતા ઉંચેથી પડીને કે ગાર્ધપૃષ્ઠ કે અન્ય રીતે આપઘાત ન કરે. અથવા હણાવા છતાં બાહ્ય અભ્યંતર તપ તથા પરીષહ ઉપસર્ગ વડે ધૈર્ય રાખી પાટીયા માફક સ્થિર રહે; પણ દીનતા ન લાવે. તે જ રીતે મૃત્યુકાળથી પરવશતા પામેલો બાર વર્ષની સંલેખના વડે આત્માને દુર્બળ કરી પહાડની ગુફા વગેરેમાં નિરવધ સ્થાને પાદપોપગમન, ઇંગિત મરણ કે ભક્તપરિજ્ઞામાંનું કોઈ એક અનશન કરીને મરણકાળ-આયુષ્ય ક્ષય સુધી શરીરથી જીવ જુદો પડે ત્યાં સુધી સ્થિરતા રાખે. આ જ મૃત્યુકાળ કે શરીરનો ભેદ છે તે સિવાય જીવનો કોઈ વિનાશ નથી - તેમ હું કહું છું.

**અધ્યયન-૬ 'ધુત' ઉદ્દેશો-૫ ''ઉપસર્ગ સન્માનવિધૂનનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

**૦ અધ્યયન-૬-નો ટીકા સહિતનો અનુવાદ સમાપ્ત ૦**

- x - x - x - x - x - x - x - x - x - x - x - x - x - x - x -

**卐 *અધ્યયન-૭ ''મહાપરિજ્ઞા'' હાલ ઉપલબ્ધ નથી* 卐**

- x - x - x - x - x - x - x - x - x - x - x - x - x - x - x -



## 卐 અધ્યયન-૮ ''વિમોક્ષ'' 卐

**• ભૂમિકા :-**

છટ્ઠું અધ્યયન કહ્યું. હવે સાતમું-આઠમું અધ્યયન આરંભે છે. હાલ ''મહાપરિજ્ઞા'' નામક સાતમા અધ્યયનનો અવસર છે. તે વિચ્છેદ જવાથી તેને ઓળંગીને આઠમા અધ્યયનનો સંબંધ કહેવો. તે આ પ્રમાણે - અધ્યયન-૬-માં પોતાના કર્મ, શરીર, ઉપકરણ, ગૌરવત્રિક, ઉપસર્ગ, સન્માન વિધૂનન વડે નિઃસંગતા બતાવી, પણ જો અંતકાળે સમ્યગ્ નિર્યાણ થાય તો જ તે સફળતા પામે તેથી સમ્યગ્ નિર્યાણ બતાવવા આ આરંભે છે—

અથવા નિઃસંગ વિહારીએ અનેક પ્રકારના પરીષહ-ઉપસર્ગ સહન કરવા. એમ પૂર્વે બતાવ્યું. તેમાં મારણાંતિક ઉપસર્ગ આવે ત્યારે અદીનમનવાળા બની સમ્યગ્ નિર્યાણ જ કરવું. તે બતાવવા આઠમું અધ્યયન છે. આ સંબંધે આવેલ આ અધ્યયનના ઉપક્રમ આદિ ચાર અનુયોગદ્વાર છે. તેમાં ઉપક્રમ દ્વારમાં આવેલ અર્થાધિકાર બે ભેદે છે. તેમાં અધ્યયનનો અર્થ પૂર્વે કહ્યો. ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર કહે છે.

**[નિ.૨૫૩ થી ૨૫૭-]** પહેલા ઉદ્દેશામાં આ અર્થાધિકાર છે - અસમનુજ્ઞ-[પાસત્થા], અસમનોજ્ઞ [સ્વચ્છંદાચારી] કે ૩૬૩ અન્યવાદીઓનો 'વિમોક્ષ'-પરિત્યાગ કરવો તથા તેમના આહાર, ઉપધિ, શય્યા, અભિપ્રાયને ત્યાગવો. પાર્શ્વસ્થા વગેરે, ચારિત્ર, તપ, વિનયમાં હીન તે અસમનોજ્ઞ અને જ્ઞાનાદિ પાંચ આચારોમાં હીન તે યથાછંદ તેવાની સંગતિ ન કરવી.

બીજા ઉદ્દેશામાં-આધાકર્માદિનો ત્યાગ કરવો અથવા કોઈ આધાકર્મી વડે નિમંત્રણ કરે તો તેને નિષેધ કરવો. નિષેધ કરતા તેને ક્રોધ ચડે તો તેને સિદ્ધાંત સમજાવવો કે આવું દાન તને કે મને ગુણકારી નથી.

ત્રીજા ઉદ્દેશામાં - ગોચરી ગયેલા સાધુને ઠંડી આદિથી અંગ ધ્રુજે ત્યારે ગૃહસ્થને શંકા થાય કે, ઇન્દ્રિયોની ઉન્મતત્તાથી કે શ્રૃંગાર ભાવાવેશથી આ સાધુ ધ્રુજે છે, આવું બોલે કે શંકા કરે, તો શંકા દૂર કરવા યથાવસ્થિત અર્થનું કથન કરવું [તેમને ઉપશાંત કરવા]

બાકીના પાંચ ઉદ્દેશામાં - ઉપકરણ તથા શરીરનો વિમોક્ષ, તે વિષય સંક્ષેપ અને વિસ્તારથી કહે છે, ચોથા ઉદ્દેશામાં વૈહાનસ [ફાંસો ખાવો], ગાર્ધ પૃષ્ઠ-ગીધ આદિથી પોતાનો નાશ કરાવવો. આ બે મરણનું વર્ણન છે.

પાંચમાં ઉદ્દેશામાં ગ્લાનતા અને ભક્તપરિજ્ઞા સમજાવી.

છઠ્ઠામાં એકત્વભાવના તથા ઇંગિત મરણને બતાવ્યું.

સાતમામાં - ભિક્ષુપ્રતિમા અને પાદપોપગમનનું વર્ણન છે.

આઠમામાં - અનુપૂર્વ વિહાર કરનારા, દીર્ઘ સંયમ પાળનારા, શાસ્ત્ર અર્થના ગ્રહણ પછીના કાળે સીદાતા, સંયમ અધ્યયન-અધ્યાપન ક્રિયા કરનાર સાધુઓ તૈયાર થયા પછી બાર વર્ષની સંલેખના દ્વારા દેહ દુર્બળ બનાવી ભક્તપરિજ્ઞા,

ઇંગિતમરણ કે પાદપોપગમન સ્વીકારે.

આ પ્રમાણે સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી તે ઉદ્દેશામાં કહેવાશે. નિક્ષેપ ત્રણ પ્રકારે છે - ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન. ઓઘમાં અધ્યયન છે, નામમાં વિમોક્ષ છે. હવે વિમોક્ષનો નિક્ષેપ કહે છે.

[નિ.૨૫૮] વિમોક્ષના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ નિક્ષેપા છે. એ સંક્ષેપથી કહ્યા. વિસ્તારથી કહેવા નામ અને સ્થાપના સુગમ છે, તેને છોડીને દ્રવ્યાદિ વિમોક્ષ કહે છે—

[નિ.૨૫૯] દ્રવ્ય વિમોક્ષના બે ભેદ - આગમથી, નોઆગમથી. આગમથી જ્ઞાતા, પણ તેમાં ઉપયોગ ન હોય. નો આગમથી જ્ઞ શરીર, ભવ્ય શરીરથી વ્યતિરિક્ત બેડીમાંથી જે છૂટકારો તે દ્રવ્ય વિમોક્ષ. અથવા બેડી વગેરે દ્રવ્યથી છૂટવું તે દ્રવ્ય વિમોક્ષ. - x - દ્રવ્ય વડે કે દ્રવ્યથી સચિત્ત, અચિત, મિશ્ર દ્રવ્યથી મોક્ષ તે દ્રવ્ય વિમોક્ષ, ઇત્યાદિ.

ક્ષેત્ર વિમોક્ષ તે જે ક્ષેત્રમાં ચારકાદિથી પકડાયો હોય તેમાંથી છૂટવું અથવા ક્ષેત્રના દાનથી કે જે ક્ષેત્રમાં મોક્ષ વર્ણન થાય તે ક્ષેત્ર વિમોક્ષ.

કાળ વિમોક્ષ - ચૈત્યમહિમાદિમાં જેટલો કાળ અમારિ ઘોષણા કરાવે અને જેટલો કાળ હિંસાદિ બંધ રહે તે અથવા મોક્ષ વર્ણન કાળ. - x -

[નિ.૨૬૦] ભાવ વિમોક્ષ બે પ્રકારે — (૧) આગમથી જ્ઞાતા અને તેમાં ઉપયોગવાન્. (૨) નો આગમથી બે ભેદ — દેશથી, સર્વથી. તેમાં દેશથી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને અનંતાનુબંધી કષાય ક્ષયોપશમથી તથા દેશવિરતને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમથી, સાધુને સંજ્વલન સિવાયના કષાયના ક્ષયોપશમથી ક્ષપકશ્રેણીમાં જેને જેટલા કષાયો ક્ષીણ થાય, તેને તેટલાનો ક્ષય થવાથી દેશવિમુક્તિ છે, તેથી સાધુ દેશવિમુક્ત છે. ભવસ્થ કેવલી સાધુઓ પણ ભવોપગ્રાહીના સદ્‌ભાવથી દેશવિમુક્ત જ છે, સર્વથા વિમુક્ત તો સિદ્ધ ભગવંતો જ છે. - x - x - બંધપૂર્વક મોક્ષને હવે બતાવે છે—

[નિ.૨૬૧] કર્મવર્ગણા દ્રવ્ય સાથે જે જીવનો સંબંધ છે, તે પ્રકૃતિ સ્થિતિ અનુભાવ અને પ્રદેશરૂપ બદ્ધ સ્પૃષ્ટ નિધત્ત નિકાચિત રૂપ બંધ જાણવો. કેમકે આત્મપ્રદેશ અનંતાનંત કર્મ પુદ્‌ગલો વડે બદ્ધ છે અને અનંતાનંત નવા બંધાઈ રહ્યા છે. બાકીના ગ્રહણ યોગ્ય નથી.

આઠ પ્રકારના કર્મ કેવી રીતે બંધાય છે ? મિથ્યાત્વના ઉદયથી.

કહ્યું છે — પ્રશ્ન - હે ભગવન્ ! જીવો આઠ પ્રકારના કર્મો કેમ બાંધે ?

હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મ બંધાય. દર્શન મોહનીય કર્મના ઉદયથી મિથ્યાત્વ બંધાય. તેથી આઠે કર્મ જીવ નિશ્ચયથી બાંધે. અથવા સ્નેહથી લિપ્ત શરીરને જેમ રેતી ચોંટે તેમ રાગદ્વેષની ચીકાશથી જીવને કર્મો ચોંટે છે. એ આઠ પ્રકારના કર્મના આસ્રવ નિરોધથી કે તપ વડે અપૂર્વકરણ ક્ષપક શ્રેણિના અનુક્રમથી કે શૈલેશી અવસ્થામાં જે કર્મનો વિયોગ થાય છે, તે





ક્ષય જ મોક્ષ છે.

એ પ્રધાન પુરુષાર્થત્વથી પ્રારંભેલ તલવારની ધાર માફક વ્રતઅનુષ્ઠાનનું મુખ્ય ફળ હોવાથી તથા બીજા મતવાળા સાથે તેનો ભેદ હોવાથી યથાવસ્થિત અવ્યભિચારી મોક્ષનું સ્વરૂપ બતાવે છે, અથવા પૂર્વકર્મ વિયોગ ઉદ્દેશ વડે મોક્ષનું સ્વરૂપ બતાવ્યું. હવે જીવ વિયોગના ઉદ્દેશ વડે મોક્ષનું સ્વરૂપ બતાવે છે—

[નિ.૨૬૨] જીવ અસંખ્યપ્રદેશાત્મક છે, તેને આપમેળે જ અનંતજ્ઞાન સ્વભાવથી જ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ પરિણત થવાથી જે કર્મો બંધાય છે, તે પૂર્વબદ્ધ હોવાથી અનાદિકાળની અપેક્ષાએ ચાલુ છે, તે કર્મનો સર્વ અભાવરૂપ વિવેક કરવો. તે જીવને તેટલો જ મોક્ષ છે, પણ બીજા નિર્વાણપ્રદીપ માફક કલ્પેલો મોક્ષ નથી.

ભાવ વિમોક્ષ કહ્યો. જેને તે થાય છે, તેણે મોક્ષ માટે અવશ્ય ભક્તપરિજ્ઞાદિ ત્રણ મરણમાંથી કોઈપણ મરણ સ્વીકારવું. કાર્યમાં કારણના ઉપચારથી તે મરણ જ ભાવ વિમોક્ષ છે, તે બતાવે છે—

[નિ.૨૬૩] ભક્તપરિજ્ઞા એટલે ભોજનનું પ્રત્યાખ્યાન-અનશન. તે ત્રણ કે ચાર આહાર ત્યાગીને શરીરની વૈયાવચ્ચ કરવા દે. તે ધૃતિ સંઘયણવાળો જેમ પોતાને સમાધિ રહે તેમ અણસણ કરે. તથા

ઇંગિત પ્રદેશમાં મરણ તે ઇંગિતમરણ. તે ચાર આહાર નિવૃત્તિરૂપ છે. વિશિષ્ટ સંઘયણવાળા, આપ મેળે પડખું ફેરવવાદિ ક્રિયા કરે તે.

ચારે પ્રકારે આહાર ત્યાગી, બધી ચેષ્ટા છોડીને એકાંતમાં શરીરની વૈયાવચ્ચ વિના ઝાડની માફક સ્થિર રહેવું તે પાદપોપગમન જાણવું. પણ ભવસિદ્ધિક જીવ છેલ્લા અનશનને આશ્રીને મરે છે. ઉત્તમ સાધુ પૂર્વોક્ત ત્રણમાંના એક મરણે મરે, પણ વૈહાસન આદિ બાળમરણથી મરતો નથી. ત્રણે અણસણમાં થોડો ભેદ હોવાથી ભાવમોક્ષ ત્રણ પ્રકારે છે એમ તું જાણ. તે જ મરણ હવે બે ભેદે કહે છે—

[નિ.૨૬૪] પરાક્રમ સહિત તે સપરાક્રમ મરણ, તેથી વિપરીત તે અપરાક્રમ, જંઘાબળ ક્ષીણ થતાં ભક્તપરિજ્ઞાદિ ત્રણ ભેદે અનશન છે. ત્રણે મરણ સપરાક્રમ અપરાક્રમ બે ભેદે છે. તેમાં સિંહ, વાઘ વગેરેથી નાશ થાય તે વ્યાઘાત અને અવ્યાઘાત તે દિક્ષા લઈ સૂત્રાર્થ ગ્રહણ કરી અનુક્રમે આયુષ્ય ક્ષયને અનુભવતો જે છે તે અવ્યાઘાત.

અહીં અનુપૂર્વી શબ્દ છે, તેનો પરમાર્થ બતાવતા ઉપસંહાર કરે છે. વ્યાઘાત વડે અનુક્રમે સપરાક્રમ કે અપરાક્રમ સાધુને મરણ આવે ત્યારે સૂત્રાર્થજ્ઞ કાલજ્ઞતાથી સમાધિ મરણે મરવું. ભક્ત પરિજ્ઞાદિ ત્રણમાંના કોઈ એક મરણ સમાધિ રહે તેમ કરવું, પણ વેહાસનાદિ બાળમરણે ન મરવું.

તેમાં સપરાક્રમ મરણ દૃષ્ટાંત વડે બતાવે છે—

[નિ.૨૬૫] પરાક્રમ સહિત તે સપરાક્રમ, મરણનો આદેશ [દૃષ્ટાંત] આચાર્ય પરંપરામાં સંભળાતો વૃદ્ધવાદ આ પ્રમાણે છે - x - x - આર્ય વજસ્વામીનું મરણ

પાદોપગમન છે, તે સપરાક્રમ મરણ છે, તેનો ભાવાર્થ કથાથી જાણવો. તે કથા પ્રસિદ્ધ જ છે. જેમકે વજસ્વામી કાને રાખેલ સુંઠનો ગાંગડો વાપરવો ભૂલી ગયા. આ પ્રમાદથી મૃત્યુને નજીક જાણીને સપરાક્રમી બની રથાવર્ત્ત પર્વત ઉપર પાદોપગમન અનશન કર્યું. હવે અપરાક્રમ કહે છે—

[નિ.૨૬૬] પરાક્રમ ન હોય તે અપરાક્રમ, તેવું મરણ જેને જંઘાબળ ક્ષીણ થયેલું તેવા - x - આર્ય સમુદ્રનું મરણ છે. તેનો વૃદ્ધવાદ આ પ્રમાણે છે. પાદોપગમન અનશન વડે તેનું મરણ થયેલ છે. - x - તેના ભાવાર્થ કથાથી જાણવો. આર્યસમુદ્ર આચાર્ય સ્વભાવથી જ કૃશ હતા. પછી જંઘાબળ ક્ષીણ થતા શરીરથી બીજો લાભ ન જાણીને તેને તજવાની ઇચ્છાથી પોતાના ગચ્છમાં રહીને ઉપાશ્રયના એક ભાગમાં આહારરહિત પાદોપગમન અનશન કર્યું. હવે વ્યાઘાતિમ અનશન કહે છે—

[નિ.૨૬૭] વિશેષથી આઘાત તે સિંહ આદિએ કરેલ વ્યાઘાત એટલે શરીરનો નાશ. તેના વડે થતું મરણ તે વ્યાઘાતિમ. કોઈ સાધુને સિંહ આદિ કોઈએ ઘેર્યો હોય અને તેનાથી મરણ થાય, તે વ્યાઘાતિમ. તેનો વૃદ્ધવાદ એવો છે કે, તોસલી આચાર્યને ભેંસોએ ઘેર્યા, તેમણે ચાર પ્રકારે આહાર ત્યાગીને અનશન કર્યું તે વ્યાઘાતિમ મરણ. તેનો ભાવાર્થ કથાથી જાણવો - x - x -. હવે અવ્યાઘાતિમ બતાવે છે.

[નિ.૨૬૮] આનૂપૂર્વી [ક્રમ] ને પામે, તે આનુપૂર્વીગ. તેનો વૃદ્ધવાદ આ પ્રમાણે - પહેલા આત્માર્થીએ દીક્ષા લેવી. પછી સૂત્ર, પછી અર્થજ્ઞાન દેવું. બંનેમાં પ્રવીણ થયો હોય, સુપાત્ર હોય, તેને ગુરુ આજ્ઞા આપે તો ત્રણમાંથી કોઈ એક અનશન માટે નીકળે. આહાર, ઉપધિ, શય્યા એ ત્રણેનો ત્યાગ કરે - નિત્ય પરિભોગથી મુક્ત થાય. જો તે આચાર્ય હોય તો શિષ્યોને તૈયાર કરી બીજા આચાર્યને સ્થાપીને પોતે નિવૃત્ત થઈ, બાર વર્ષની સંલેખના વડે સંલિખિત થઈ ગચ્છની અનુજ્ઞા લઈ ગચ્છ છોડે અથવા સ્વસ્થાપિત આચાર્યની સંમતિ લઈ મરણ માટે ઉદ્યત થઈ બીજા આચાર્ય પાસે જાય. તે પ્રમાણે ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક કે સામાન્ય સાધુ આચાર્યની રજા લઈને સંલેખના કરી પરિકર્મ વડે ભક્ત પરિજ્ઞાદિ મરણ સ્વીકારે. તેમાં પણ ભાવ સંલેખના કરે. કેમકે એકલી દ્રવ્ય સંલેખનામાં દોષનો સંભવ છે. તે કહે છે—

[નિ.૨૬૯] આચાર્યએ પ્રેરણા કરેલો તું ફરી સંલેખના કર, એવું કહેતા ક્રુદ્ધ થયેલા શિષ્યને રાજાની આજ્ઞા માફક આચાર્યની આજ્ઞા પહેલા તીક્ષ્ણ લાગે પણ પછી શીતળ થાય છે. વળી નાગરવેલના બાકીના પાન બચાવવા પહેલા સડેલ પાનનો ત્યાગ કરવો પડે તેમ કુશિષ્યને પણ પહેલા કદર્થના કરવી, પછી તે માફી માંગે ત્યારે તેના પર કૃપા કરવી. ભાવાર્થ કથા—

એક સાધુએ બાર વર્ષ સંલેખના કરી, પછી અનશન માટે આચાર્યની રજા માંગી. આચાર્યએ કહ્યું, તું હજી સંલેખના કર. તેથી ક્રુદ્ધ થયેલા શિષ્યે માત્ર ચામડી-હાડકા બચેલ આંગળી ભાંગીને દેખાડી. હજી શું અશુદ્ધ છે ? તેમ પૂછ્યું. આચાર્યએ કહ્યું કે, આ ક્રોધ છે તે જ અશુદ્ધિ છે. તેં વચનની કડવાસથી આંગળી ભાંગી ભાવ અશુદ્ધતા દેખાડી છે. તેથી તેને બોધ કરવા માટે દૃષ્ટાંત કહ્યું,



કોઈ રાજાને બંને આંખે પાણી ઝરતું હતું, રાજવૈદ્યે ઘણી દવા કરી પણ ન મટ્યું. કોઈ પરદેશી વૈદ્ય આવ્યો. તેણે કહ્યું કે, જો તું એક મુહૂર્ત વેદના સહન કરે અને મને ન મરાવે તો તને સાજો કરું. રાજાએ કબૂલ્યું. અંજન વડે તીવ્ર વેદના થતા વૈદ્યને મારવાની આજ્ઞા કરી તે તીક્ષ્ણ આજ્ઞા. પૂર્વે ન મારવાનું વચન આપેલ તે શીતળ આજ્ઞા. મુહૂર્ત પછી વેદના દૂર થઈ જતાં રાજાએ વૈદ્યની પૂજા કરી. એ જ પ્રમાણે આચાર્ય દ્વારા થતી પ્રતિચોદના રૂપ આજ્ઞા તીક્ષ્ણ હોવા છતાં પરમાર્થથી શીતલ છે. તો પણ આમ કહેવા છતાં શિષ્ય શાંત ન થાય તો બીજા શિષ્યોના રક્ષણ માટે સડેલા પાન માફક દૂર કરવો.

જો આચાર્યનો ઉપદેશ શિષ્ય માને તો ગચ્છમાં જ રહેવા દઈને દુર્વચનોથી તેની કદર્થના કરી જોવી. તો પણ તે કોપે નહીં તો તેને શુદ્ધ જાણીને અનશનની આજ્ઞા આપે તથા તેની ખબર રાખી કૃપા કરે. આ પ્રમાણે કેવો અને કેટલો કાળ, કેવી રીતે આત્માને સંલેખે ? કહે છે—

[નિ.૨૭૦ થી ૨૭૩-] સૂત્ર, અર્થ તથા ઉભયથી પોતાના શિષ્યોને તથા ભણવા આવેલાને - x - પ્રયત્નથી તૈયાર કરવા જોઈએ. પછી આચાર્ય બાર વર્ષની સંલેખના કરે. તે આ રીતે - ચાર વર્ષ વિચિત્ર તપ અનુષ્ઠાન કરે — એક, બે, ત્રણ, ચાર, પાંચ આદિ ઉપવાસ કરે પારણે વિગઇ વાપરે કે ન પણ વાપરે. પછી બીજા ચાર વર્ષ તેવો તપ કરી પારણે વિગઈ ન જ વાપરે. નવામા, દશમાં વર્ષે ઉપવાસના પારણે આંબેલ કરે. અગિયારમાં વર્ષે પહેલાં છ માસ અતિ વિકૃષ્ટ તપ ન કરે અથવા એક, બે ઉપવાસ કરીને પરિમિત આંબેલથી પારણું કરે - ઉણોદરી કરે. બીજા છ માસ વિકૃષ્ટ તપ કરે, પારણે ઉણોદરી આંબેલ કરે. બારમાં વર્ષે નિત્ય આંબેલ કરે - x - તેમાં ચાર માસ બાકી રહે ત્યારે તેલના કોગળા, અસ્ખલિત નમસ્કાર શીખવા વાયુ દૂર કરે.

આ પ્રમાણે બાર વર્ષ અનુક્રમે બધું કરી સામર્થ્ય હોય તો ગુરુ આજ્ઞા લઈ પહાડની ગુફામાં જઈને જગ્યા જોઈ પાદોપગમનાદિ કોઈ એક અનશન જેમ સમાધિ રહે તેમ કરે. આ રીતે બાર વર્ષ સંલેખનાથી આહાર ઓછો કરતા આહાર ઇચ્છાનો ઉચ્છેદ થાય.

[નિ.૨૭૪,૨૭૫-] કેવી રીતે એ સાધુ તપ કરવામાં પંડિત થાય ? જે નિત્ય ઉધુક્ત આત્મા બનીને ૩૨ કોળીયા પરિમાણવાળી વૃત્તિ ન રાખે ? જે લઘુવૃત્તિ પરિક્ષેપ ન કરે તે તપકર્મમાં પંડિત કેવી રીતે થાય ? તથા આહાર વડે બે પાંચ ઉપવાસપૂર્વક પારણું કરે તો તે અલ્પાહારી થાય.

તે શા માટે તપ કરે ? અનશન માટે. આ પ્રમાણે ઉપવાસ કરતો તથા પારણે અલ્પાહાર વડે આહાર ઓછો ઓછો કરતા ઉક્ત વિધિએ ભક્ત પ્રત્યાખ્યાન કરે.

નામ નિક્ષેપો કહ્યો.

卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૧ ''અસમનોજ્ઞવિમોક્ષ'' 卐

૦ હવે સૂત્રાનુગમે અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

● સૂત્ર-૨૧૦ :-

*હું કહું છું - સમનોજ્ઞ કે અસમનોજ્ઞ સાધુને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આદરપૂર્વક ન આપે, તે માટે નિમંત્રણ ન કરે, તેમની વૈયાવચ્ચ ન કરે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

જે મેં ભગવંત પાસે જાણ્યું તે હું કહું છું, જે હવે કહીશ. સમનોજ્ઞ કે અસમનોજ્ઞ હોય. સમનોજ્ઞ એટલે દૃષ્ટિ અને લિંગથી સમ, પણ ભોજન આદિથી સમ નહીં, અસમનોજ્ઞ તેથી વિપરીત એવા શાક્યાદિ.

જે ખવાય તે અશન-શાલિ ઓદન આદિ. પીવાય તે પાન - દ્રાક્ષ પાનક આદિ. ખવાય તે ખાદિમ - નાળિયેર આદિ. સ્વાદ કરાય તે સ્વાદિમ કર્પૂર, લવીંગ આદિ તથા વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ પ્રાસુક કે અપ્રાસુક અન્ય કુશીલના ઉપભોગને માટે ન આપે. દાન માટે નિમંત્રણ ન કરે. તેની વૈયાવચ્ચ ન કરે. - x - અતિ આદરવાળો બનીને તેઓને કંઈ પણ ન આપે, ન નિમંત્રે, ન થોડી ઘણી વૈયાવચ્ચ કરે. તેમ હું કહું છું.

● સૂત્ર-૨૧૧ :-

*[કદાચ તે કુશીલ કહે કે, હે મુનિઓ !] તમે નિશ્ચિત સમજો કે, તમને અશન યાવત્ રજોહરણ મળે કે ન મળે, તમે ભોગવ્યું કે ન ભોગવ્યું હોય, માર્ગ સીધો હોય કે વક્ર તો પણ અવશ્ય આવવું. - આ રીતે જુદા ધર્મને પાળનારા આવતા કે જતા કંઈ આપે, આપવા નિમંત્રણ કરે કે, વૈયાવૃત્ય કરે તો મુનિ તે ન સ્વીકારે - તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે શાક્યાદિ કુશીલો અશનાદિ બતાવીને એમ બોલે કે, આ નિશ્ચયે જાણો કે અમારા મઠમાં તમને ભોજન મળશે. આ ભોજન તમને બીજે મળે કે ન મળે, ખાઈને કે ખાધા વિના અમારી ખુશી માટે અવશ્ય આવવું. જો ન મળે તો લેવા અને મળે તો વધુ ખાવા કે વારંવાર ભોજન માટે અને ન ખાધું હોય તો પ્રથમાલિકા [નવકારસી] માટે ગમે ત્યારે આવવું અથવા જ્યારે તમને જે કલ્પે તેવું અમે આપશું.

વળી અમારો મઠ તમારા માર્ગે જ છે. તમે બીજે રસ્તે જતા હો તો પણ થોડો ફેરો ખાઈને આવવું. - x - તેમાં ખેદ ન રાખવો. શાક્યાદિ કેવા હોય ? તે કહે છે, જુદા ધર્મને પાળતા હોય. તેઓ કદાચ ઉપાશ્રયે આવીને કે રસ્તે જતાં નિમંત્રણ કરે કે અશનાદિ આપે. અશનાદિ લેવા આવવા બોલાવે કે ભક્ત માફક વૈયાવચ્ચ કરે; મુનિને તે લેવું ન કલ્પે, તેમની સાથે પરિચય પણ ન કરે. પણ તેમના તરફ અનાદરવાન્ રહે. તો જ દર્શનશુદ્ધિ રહે. અથવા હવે પછી કહે છે—



● સૂત્ર-૨૧૨ :-

*આ મનુષ્યલોકમાં કેટલાક સાધુને આચાર-ગોચરનું યોગ્ય જ્ઞાન હોતું નથી. તેઓ આરંભાર્થી થઈ અન્યમતીયનું અનુકરણ કરી ''પ્રાણીને મારો'' એવું કહી બીજા પાસે હિંસા કરાવે છે, હિંસા કરનારની અનુમોદના કરે છે. અદત્તને ગ્રહણ કરે છે અથવા અનેક પ્રકારના વચનો બોલે છે—*

*જેમકે, ''લોક છે, લોક નથી, લોક નિત્ય છે, લોક અનિત્ય છે, લોક સાદિ છે, લોક અનાદિ છે, લોક અંતવાળો છે, લોક અનંત છે, સારું કર્યું, ખરાબ કર્યું, કલ્યાણરૂપ છે, પાપરૂપ છે, સાધુ છે, અસાધુ છે, સિદ્ધિ છે, સિદ્ધિ નથી, નરક છે, નરક નથી'' આ પ્રમાણે વાદીઓ જે વિવિધ પ્રકારે પરસ્પર વિરોધી વાતો કરે છે. પોત-પોતાના મતને જ સાચો બતાવે છે તેમનું તે કથન નિર્હેતુક છે. આ એકાંતવાદ સુ-આખ્યાત ધર્મ નથી, સુપ્રજ્ઞપ્ત ધર્મ નથી.*

● વિવેચન :-

આ મનુષ્યલોકમાં કેટલાંક પૂર્વે કરેલ અશુભકર્મના વિપાકવાળાને મોક્ષ માટે જે અનુષ્ઠાનરૂપ આચાર છે, તે સારી રીતે પરિચિત્ત થયો નથી. તે અપરિણત આચારવાળા જેવા હોય તે બતાવે છે—

તે આચારનું સ્વરૂપ ન જાણનારા સ્નાનરહિત પરસેવાના મેલથી કંટાળેલા સાધુ છે, તેમને સુખવિહારી શાક્યાદિ વડે પોતાના જેવા વિચારવાળા બનાવેલા છે. તેમના સંગથી સાધુ આ લોકમાં આરંભાર્થી બને છે. અથવા તે શાક્યાદિ કે અન્ય કુશીલો સાવધ આરંભાર્થી છે તથા મઠ, બગીચા, તળાવ, કુવા બનાવવા; ઔદ્દેશિક ભોજનાદિ કરનારા ધર્મને કહેતા બોલે છે કે, પ્રાણીને મારો, એ પ્રમાણે બીજા પાસે હિંસા કરાવતા અને હિંસા કરનારની અનુમોદના કરતા અથવા બીજાનું દ્રવ્ય લેવાથી થતા કટુ ફ્લને વિસરીને જેના શુભ અધ્યવસાયો ઢંકાયેલા છે, તેઓ ચોરીનું દ્રવ્ય લે છે, વળી પહેલા અને ત્રીજા વ્રતમાં અલ્પવક્તવ્યતા હોવાથી તેને પ્રથમ કહીને પછી બહુતર વક્તવ્યતા વાળું બીજું વ્રત કહે છે.

અથવા તે અદત્ત લે છે કે વિવિધ યુક્તિઓ યોજે છે. તે આ રીતે - સ્થાવર જંગમરૂપ લોક છે, તેમાં નવખંડા પૃથ્વી કે સાત દ્વીપવાળી પૃથ્વી છે. બીજા બ્રહ્માના અંડમાં અંતવર્તી માને છે. કોઈ બ્રહ્માના અંડા જેવી પાણીમાં રહેલી કહે છે. તથા જેઓ સ્વકૃત કર્મફળ ભોક્તા છે, પરલોક છે, બંધ-મોક્ષ છે, પાંચ મહાભૂત છે ઇત્યાદિ મતો છે.

ચાર્વાકો કહે છે આ લોક જે દેખાય છે, તે માયા-ઇન્દ્રજાલ-સ્વપ્નવત્ છે. તથા અવિચારીત રમણીપણે ભૂતનો સ્વીકાર કરવા છતાં પરલોકનો અનુયાયી જીવ પણ નથી, શુભાશુભ ફળ નથી પણ જેમ કિણ્વ આદિમાંથી જેમ નસો ઉત્પન્ન થાય છે, તેમ ભૂતમાંથી ચૈતન્ય થાય છે. આ બધું માયાકાર ગંધર્વનગર તુલ્ય છે. પુન્ય-પાપાદિ યુક્તિથી સિદ્ધ થતાં નથી.

વળી કહે છે, જેમ જેમ અર્થો વિચારીએ તેનું વિવેચન કરીએ તેમ તેમ જે

જે અર્થરૂપે ત્યાં આપણે વિચારવાની શું જરૂર ? આ શરીર, વિષય, ઇન્દ્રિયો બધું ભૌતિક છે, તો પણ મંદબુદ્ધિઓ તેને તત્ત્વ કહે છે.

વળી સાંખ્યાદિ કહે છે, લોક નિત્ય છે, કેમકે પ્રગટ કે લય એ જ માત્ર ઉત્પાત-વિનાશ છે. કેમકે નથી તેનો ઉત્પાદ નથી, છે તેનો નાશ નથી. અથવા નદી, સમુદ્ર, પૃથ્વી, પર્વત, આકાશનું નિશ્ચયપણું હોવાથી તે ધ્રુવ છે. શાક્યાદિ કહે છે લોક અનિત્ય છે, કેમકે પ્રતિક્ષણ તેનો સ્વભાવ ક્ષય થવા રૂપ છે. વિનાશના હેતુના અભાવથી અને નિત્ય વસ્તુના અનુક્રમથી બધું અનિત્ય છે અથવા અધ્રુવ તે ચલ છે. જેમ ભૂગોલ કેટલાકના મતે ચલાયમાન છે અને સૂર્ય સ્થિર છે. સૂર્યમંડલ દૂર હોવાથી પૂર્વથી જોનારને સૂર્યનો ઉદય દેખાય, નીચે રહેલાને મધ્યાહ્ન, દૂર રહેલાને અસ્ત દેખાય છે. બીજા કોઈ માને છે કે લોકની આદિ છે—

તેઓ કહે છે, આ બધું પૂર્વે અંધારારૂપ, અજાણ્યુ, લક્ષણહીન, વિચારાય નહીં તેવું, અવિજ્ઞેય, સુતેલા જેવું હતું. તે એક સમુદ્રરૂપ હતું. સ્થાવર-જંગમ તથા દેવ-મનુષ્યો ન હતા. નાગ તથા રાક્ષસ ન હતા. ફક્ત પોલાણરૂપ, મહાભૂતોથી રહિત હતું. તેમાં અચિંત્ય આત્મા પ્રભુ સુતા સુતા તપ કરી રહ્યા હતા. તે ત્યાં સુતેલા પ્રભુની નાભિમાંથી કમળ નીકળ્યું, જે ઉગતા સૂર્યમંડળ જેવું સોનાની કર્ણિકાવાળું હતું.

તે કમળમાંથી ભગવાન દંડ ધારક અને જનોઈયુક્ત બ્રહ્મા ઉત્પન્ન થયા તેણે જગત્‌ની માતાઓ સર્જી. દેવોની માતા અદિતિ છે, અસુરોની દિતિ છે. મનુષ્યોની મનુ, પક્ષીની વિનીતા છે. - x - સરી સૃપની માતા કદ્રુ છે, નાગજાતિની સુલસા, ચતુષ્પદની સુરભિ, સર્વે બીજોની માતા ઇલા છે.

બીજા મતવાળા કોઈ લોકને અનાદિ કહે છે—

જેમકે શાક્યો કહે છે કે, હે ભિક્ષુઓ ! આ સંસાર અનાદિ છે. તેની પૂર્વ કોટી જણાતી નથી. નિરાવરણ સત્વોને અવિદ્યા નથી, સત્વોનો ઉત્પાદ નથી. વળી આ લોક અંતવાળો છે, જગત્‌ના પ્રલયમાં સર્વનો વિનાશ છે. [કોઈ મતે] આ લોક અનંત છે કેમકે વિધમાન વસ્તુનો સર્વથા નાશ અસંભવ છે. તેમાં જેમના મતે આદિ છે તેઓ લોકનો અંત માને છે, જેમના મતે અનાદિ છે તે લોકને અનંત માને છે.

કેટલાક આ બંનેને માને છે - કહ્યું છે કે, લોકમાં પૂર્વે બે પુરુષો જ હતા. ક્ષર અને અક્ષર. ક્ષરમાં સર્વે ભૂતો છે, અક્ષર તે કૂટસ્થ છે.

આ પ્રમાણે પરમાર્થને ન જાણતા 'લોક છે' ઇત્યાદિ વિવાદ કરતા વિવિધ વાણી યોજે છે. તે જ પ્રમાણે આત્માને પણ જુદી જુદી રીતે કહે છે - જેમકે સારુ કર્યું કે સર્વ સંગ ત્યાગીને મહાવ્રત લીધા. બીજા કોઈ કહે છે કે, ખોટું કર્યું કે મુગ્ધ સ્ત્રીને પુત્ર ઉત્પન્ન કર્યા વિના તેં ત્યાગી તથા કોઈ દીક્ષા લેવા તૈયાર થાય તેને કહે છે, આ કલ્યાણ છે. તો બીજા કહે છે કે, પાખંડીના જાળમાં ફસાયેલો આ કાયર છે, ગૃહસ્થાશ્રમ પાળવા અસમર્થ છે. વિના પુત્રે દીક્ષા લેવી તે પાપ છે. આ સાધુ છે - આ અસાધુ છે.

આ રીતે પોતાની મતિ કલ્પના મુજબ બોલે છે. તથા સિદ્ધિ છે — સિદ્ધિ નથી.



નરક છે - નરક નથી. એ પ્રમાણે બીજું પણ પોતાના આગ્રહ મુજબ બોલ્યા કરે છે - તે બતાવે છે. આ પૂર્વે બતાવેલ લોક આદિને આશ્રીને જુદુ જુદુ માનનારા તે વિપ્રતિપન્ન વાદીઓ છે તેમ કહે છે—

સૃષ્ટિના વાદીઓ બધું જ મતિલિંગ અને કૃત્રિમ માને છે. સકલ લોક, માહેશ્વરાદિ સાદિ પર્યન્ત છે. કોઈ નારી તથા ઈશ્વરથી ઉત્પન્ન થયેલ માને છે, કોઈ સોમ-અગ્નિથી ઉત્પન્ન માને છે. કેટલાંક દ્રવ્યગુણ આદિ છ વિકલ્પવાળું જગત્ માને છે. કેટલાંક જગત્‌ને ઈશ્વર પ્રેરિત અને કેટલાંક બ્રહ્માકૃત્ માને છે. કાપિલમતવાળા અવ્યક્ત વિશ્વ માને છે. કોઈ બધુ સ્વાભાવિક માને છે, કોઈ ભૂતોના વિકારથી થયેલું માને છે. કોઈ જગત્‌ને અનેકરૂપવાળું માને છે. આ પ્રમાણે બધાં પોતાના મત કહે છે.

જેમણે સ્યાદ્વાદ સમુદ્ર અવગાહ્યો નથી તેવા એકાંશ ગ્રહણ મતિ ભેદવાળા પરસ્પર દોષિત બતાવે છે. તે કહે છે, લોક, ક્રિયા, આત્મા, તત્ત્વ સંબંધી વિભિન્ન અર્થવાદીઓ બતાવે છે, જેમણે સ્યાદ્વાદથી વિનિશ્ચય કર્યા વિના તત્ત્વવર્ણન કર્યું છે. પણ જેમણે સ્યાદ્વાદ મતનો નિશ્ચય કર્યો છે, તેમણે અસ્તિત્વ-નાસ્તિત્વથી નય અભિપ્રાય મુજબ અર્થ કર્યો હોવાથી વિવાદનો અભાવ જ છે. તેનો વિસ્તાર અત્રે કરેલ નથી. સૂયગડાંગ આદિ સૂત્રમાં તેનો વિસ્તાર છે.

તે બધાં પરસ્પર વિવાદ કરતા પોતાના મતના આગ્રહ કરતા પોતે નાશ પામ્યા છે અને બીજાનો પણ નાશ કરે છે. જેમકે - કેટલાંક સુખથી ધર્મને ઇચ્છે છે, બીજા દુઃખથી તો કોઈ સ્નાનથી ધર્મ માને છે. તથા કહે છે કે, મારો જ ધર્મ મોક્ષ માટે છે, બીજા ધર્મ નામ લેવા જેવા નથી. એમ બોલનારા તુચ્છ ધર્મવાળા પરમાર્થ ન જાણતાને ફસાવે છે. તેનો ઉત્તર [જૈનાચાર્યો] આપે છે. લોક છે કે નથી તે તમે જાણો. - x - x - *[અહીં જે વાદ રજૂ થયો છે, તે અમારું કાર્યક્ષેત્ર નથી, તેથી સંક્ષેપમાં કહેલ છે.]*

દરેક મતમાં કોઈ હેતુ છે, તે ન માનો તો બધું એકાંત થઈ જશે. જેમ 'લોક છે' તેમ માને તો અલોક સિદ્ધ નહીં થાય. અથવા લોક સર્વગત સિદ્ધ થશે. ઇત્યાદિ - x - x - 'લોક નથી' તેમ કહો તો "તમે ક્યાં છો ?" એવા પ્રશ્નો આવશે. આ પ્રમાણે દરેકે વિચારીને એકાંતવાદીનું સમાધાન કરવું. અમારા સ્યાદ્વાદ [જૈન] મતમાં 'કથંચિત્' અંશના સ્વીકારથી ઉક્ત દોષો સંભવતા નથી. કારણ કે સ્વ-પર સત્તાથી વિવક્ષા કરાયેલ હોવાથી જે સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સ્વભાવથી વસ્તુનું અસ્તિપણું છે, તે પર દ્રવ્ય આદિ અપેક્ષાએ નાસ્તિપણું છે - x - x - જો આ રીતે ન માનીએ તો વસ્તુની વ્યવસ્થા રહે નહીં. ઇત્યાદિ. - x - x - x -

આ પ્રમાણે તે એકાંતવાદીઓનો ધર્મ યોગ્ય રીતે કહેવાયો નથી. તેમ શાસ્ત્ર પ્રણયન વડે સારી રીતે પ્રજ્ઞાપિત નથી. - x - જો તે વાદીઓએ કહેલ એકાંત પક્ષ બરોબર નથી તો કેવો ધર્મ સુપ્રજ્ઞાપિત થાય ?

- **સૂત્ર-૨૧૩ :-**

***જે પ્રકારે 'આસુપ્રજ્ઞ' ભગવંત [મહાવીરે] જ્ઞાન-દર્શન ઉપયુક્ત થઈ આ ધર્મ કહ્યો છે, મુનિ તે જ પ્રમાણે નિરૂપણ કરે અથવા મૌન ધારણ કરે. તેમ હું***

***કહું છું. [પૂર્વોક્ત વાદીઓને સાધુ સંક્ષેપથી કહે કે] સર્વત્ર સંમત એવા પાપકર્મને મેં છોડી દીધું છે. આ મારો વિવેક કહ્યો છે.***

***ધર્મ ગામમાં થાય કે અરણ્યમાં ? તે ન ગામમાં થાય, ન અરણ્યમાં. તેને જ ધર્મ જાણો જે મતિમાન મહામાનવ ભગવંતે બતાવેલ છે. તે ભગવંતે ત્રણ યામ [અહિંસા, સત્ય, અપરિગ્રહ] કહેલ છે. આર્યપુરુષ તેને સારી રીતે સમજી તેમાં સદા સાવધાન રહે. જે પાપકર્મોથી નિવૃત્ત છે તેને નિદાનરહિત કહેલા છે.***

● વિવેચન :-

વસ્તુનું આ સ્યાદ્વાદરૂપ લક્ષણ બધાં વ્યવહારને અનુસરનારું કોઈપણ વખત ન હણાનારું ભગવંત મહાવીરે કહેલું છે તથા હવે પછી કહેવાનાર છે. તેઓ કેવા છે ? નિરાવરણ અને સતત ઉપયોગવાળા [કેવળજ્ઞાનથી] તેઓ આશુપ્રજ્ઞ છે. જ્ઞાન ઉપયોગથી 'જાણતા' અને દર્શન ઉપયોગથી 'દેખતા' ભગવંતે આ ધર્મ કહ્યો છે. તેવો ધર્મ એકાંતવાદીઓએ કહ્યો નથી. અથવા ગુપ્તિ તે વાચાની છે - ભાષાસમિતિ છે. ભગવંતે આ ભાષાસમિતિ જાળવવા કહ્યું છે.

અથવા અસ્તિ, નાસ્તિ, ધ્રુવ, અધ્રુવ આદિ બોલનારા વાદીઓ વાદ કરવાને માટે તૈયાર થયેલા ૩૬૩ પ્રાવાદુકો છે. તેમની પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત ઉપન્યાસ દ્વાર વડે ભૂલો બતાવી તેમને સમ્યગ્ ઉત્તર આપવો. અથવા વચનગુપ્તિ રાખવી, તેમ હું કહું છું અને હવે કહીશ. તે વાદીઓ જે વાદ કરવા આવે તેમને આમ કહેવું, તમારામાં બધે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિનો આરંભ કરવો, કરાવવો, અનુમોદવો એમ સંમતિ આપી છે, એથી બધી જગ્યાએ આ પાપ અનુષ્ઠાન છે એમ અમારો મત છે. તેમાં સંમત થઈ શકાય નહીં, તે બતાવવા કહે છે—

આ પાપ અનુષ્ઠાન છોડીને હું રહ્યો છું. એ જ મારો વિવેક છે. તેથી હું બધાથી અપ્રતિસિદ્ધ આસ્રવ દ્વારો વાળા સાથે કેવી રીતે ભાષણ કરું. તેથી વાદ કરવો દૂર રહો. એ પ્રમાણે અસમનુજ્ઞાનો વિવેક કરે છે.

પ્રશ્ન - અન્યતીર્થિકો પાપસંમત, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, ચારિત્રરહિત અને અતપસ્વી છે તેવું કેમ કહો છો ? - કારણ કે તેઓ ન ખેડાયેલ ભૂમિ ઉપરના વનમાં વાસ કરે છે, કંદમૂળ ખાય છે, વૃક્ષને આશરે રહે છે.

ઉત્તર - અરણ્યવાસથી જ ધર્મ નથી. જીવ-અજીવના સંપૂર્ણ જ્ઞાનથી તથા તેવા અનુષ્ઠાનથી ધર્મ છે, તેવો ધર્મ તેમનામાં નથી, તેથી તેઓ અસમનોજ્ઞ છે. વળી સારા-માઠાંનો વિવેક જેમાં હોય તે ધર્મ છે અને તેવો ધર્મ ગામમાં પણ થાય, અરણ્યમાં પણ થાય. ધર્મનું નિમિત્ત કે આધાર ગામ કે અરણ્ય નથી. જેથી ભગવંતે રહેવાસ કે બીજો કોઈ આશ્રય લઈને ધર્મ બતાવ્યો નથી. પણ જીવાદિ તત્ત્વના જ્ઞાન કે સમ્યગ્ અનુષ્ઠાન વડે તું ધર્મને જાણ, એવું ભગવંત મહાવીરે કહ્યું છે.

તે ભગવંત કેવા છે ? મનન-સર્વ પદાર્થ પરિજ્ઞાન તે જ મતિ છે અને તે મતિવાળા અર્થાત્ કેવલી ભગવંતે ત્રણ યામરૂપ ધર્મ કહ્યો છે. યામ એટલે વ્રત વિશેષ - પ્રાણાતિપાત, મૃષાવાદ, પરિગ્રહ એ ત્રણેનો ત્યાગ. અદત્તાદાન અને મૈથુન ત્રણેનો



પરિગ્રહમાં સમાવેશ કર્યો છે. અથવા યામ એટલે વય-અવસ્થા. તે આ પ્રમાણે — (૧) આઠ થી ૩૦ વર્ષ, (૨) ૩૧ થી ૬૦ વર્ષ, (૩) ૬૧ વર્ષથી ઉપર. એ રીતે અતિ બાલ કે વૃદ્ધને નિવાર્યા. અથવા જેના વડે સંસારભ્રમણ દૂર થાય તે યામ, જે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે.

જો આ પ્રમાણે છે તો શું કરવું ? અવસ્થા વિશેષ કે જ્ઞાનાદિમાં આર્ય દેશમાં ઉત્પન્ન કે હેય ધર્મો દૂર કરનારા બોધ પામેલા, સમુત્થિત સાધુઓ કેવા છે ? તે બતાવે છે - જેઓ ક્રોધાદિ દૂર કરી શાંત થયા છે, પાપકર્મમાં નિદાનરહિત છે, તેવા સાધુનું જ અહીં પ્રતિપાદન કરેલ છે.

તેઓ ક્યાં પાપકર્મમાં નિદાનરહિત છે ? તે બતાવે છે—

● સૂત્ર-૨૧૪ :-

***ઊંચી, નીચી, તિર્છી અને સર્વે દિશા-વિદિશાઓમાં પ્રત્યેક જીવમાં કર્મ સમારંભ રહેલો છે. તે જાણીને મેધાવી સાધક સ્વયં છ કાય જીવનો દંડ સમારંભ ન કરે, બીજા પાસે દંડ સમારંભ ન કરાવે, દંડ સમારંભ કરનારની અનુમોદના ન કરે. જેઓ આ છ કાયને દંડ સમારંભ કરે છે, તે જોઈ અમે લજ્જા પામીએ છીએ. એ જાણી મેધાવી મુનિ હિંસા કે અન્ય દંડ ન કરે - દંડ સમારંભ ન કરે. તેમ હું કહું છું.***

● વિવેચન :-

ઉંચે, નીચે, તિર્છી કે જે જે દિશા અને વિદિશા છે, તેમાં એકેન્દ્રિય સૂક્ષ્મ બાદર આદિમાં જે કર્મોનો સમારંભ છે-જીવોને દુઃખ દેવારૂપ જે ક્રિયા સમારંભ છે, તેને જ્ઞ પરિજ્ઞા વડે જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે મર્યાદામાં રહેલ મેધાવી મુનિ ત્યાગ કરે. કેવી રીતે ત્યાગે ? પોતે પોતાના આત્માથી જ ચૌદ ભૂતગ્રામમાં રહેલા પૃથ્વીકાયાદિનો હિંસારૂપ સમારંભ ન કરે, બીજા પાસે ન કરાવે, અન્ય આરંભીને અનુમોદે નહીં.

તે હિંસાના કરનારથી અમે લજ્જા પામીએ છીએ. એવો વિચાર કરીને, તથા તે જીવની હિંસા મહા અનર્થ માટે છે, એમ જાણીને મેધાવી મુનિ હિંસા તથા મૃષાવાદ આદિ દંડથી ડરે. એ રીતે દંડભીરુ થઈ જીવ હિંસાદિ કાર્ય ન કરે. કરણત્રિક યોગત્રિક વડે તેને ત્યાગે. તેમ હું કહું છું.

અધ્યયન-૮ "વિમોક્ષ" ઉદ્દેશો-૧ 'અસમનોજ્ઞવિમોક્ષ'નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૨ "અકલ્પનીય વિમોક્ષ" 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૧ માં પાપરહિત સંયમ પાળવા માટે કુશીલ પરિત્યાગ બતાવ્યો. તે આ અકલ્પનીય પરિત્યાગ વિના સંપૂર્ણતા ન પામે. માટે અકલ્પનીય પરિત્યાગ અર્થે આ ઉદ્દેશો કહે

છે. તે સંબંધનું પહેલું સૂત્ર—

● **સૂત્ર-૨૧૫ :-**

***તે ભિક્ષુ શ્મશાનમાં, શૂન્યગૃહમાં, પર્વત ગુફામાં, વૃક્ષમૂળમાં કે કુંભારના ખાલી ઘરમાં ફરતો હોય, ઉભો હોય, બેઠો હોય, સુતો હોય કે બીજે ક્યાંય વિચરતો હોય તે સમયે કોઈ ગૃહસ્થ તેની પાસે આવીને કહે કે, હે આયુષ્માન્ શ્રમણ ! હું આપના માટે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ, પ્રાણ, ભૂત, જીવ અને સત્વોનો સમારંભ કરી આપને ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને, છીનવીને, બીજાની વસ્તુ તેની આજ્ઞા વિના લાવીને, સન્મુખ લાવીને કે ઘેરથી લાવીને આપને આપું છું અથવા આપના માટે આવાસ બનાવી આપું છું કે, સમારકામ કરાવી આપું છું. તમે તેને ભોગવો-ત્યાં રહો.***

***હે આયુષ્યમાન્ શ્રમણો ! તે સાધુ તે સુમનસ્ અને સુવયસ ગૃહપતિને આ પ્રમાણે કહે કે, હે આયુષ્યમાન્ ગૃહપતિ ! હું આપના વચનનો આદર કે સ્વીકાર કરતો નથી. જે તમે મારા માટે અશનાદિ અને વસ્ત્રાદિને પ્રાણ આદિની હિંસા કરી મને ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને - યાવત્ - ઘેરથી લાવીને મને આપવા ઇચ્છો છો કે મારા માટે આવાસ બનાવવા ઇચ્છો છો. હે આયુષ્યમાન્ ગૃહપતિ ! હું આવા કાર્યોથી દૂર રહેવા જ વિરત-ત્યાગી બન્યો છું. [માટે તે ન સ્વીકારી શકું.]***

● **વિવેચન :-**

સામાયિક ઉચ્ચરેલ સાધુ સર્વ સાવધ ન કરીને પ્રતિજ્ઞારૂપ મેરુ પર્વતે ચડેલ ભિક્ષણશીલ ભિક્ષુ ભિક્ષા કે અન્ય કાર્યોર્થે વિહાર કરે, ધ્યાન વ્યગ્ર થઈ ઉભો રહે, ભણવા-ભણાવવા, સાંભળવા-સંભળાવવા બેસે કે માર્ગમાં થાકતા આડે પડખે થાય. આ બધું ક્યાં કરે ?

મડદાં રહે તે શ્મશાન-મસાણમાં. જો કે ત્યાં સુવાનું ન સંભવે. તેથી યથાયોગ્ય જ્યાં જે ઘટે તે લેવું. આ રીતે ગચ્છવાસીઓને ત્યાં સ્થાન આદિ કલ્પતા નથી. કેમકે ત્યાં પ્રમાદ થતા વ્યંતરાદિ ઉપદ્રવ થાય. તથા જિનકલ્પાર્થે સત્વ ભાવના ભાવનારને પણ મસાણમાં નિવાસ કરવાની અનુજ્ઞા નથી. પણ પ્રતિમાધારી મુનિને તો જ્યાં સૂર્ય અસ્ત થાય તે સ્થાને જ રહેવાનું છે. તેને અને જિનકલ્પીને આશ્રીને શ્મશાનસૂત્ર છે. આ પ્રમાણે બીજે પણ યથાસંભવ યોજવું.

શૂન્યગૃહ કે પર્વતની ગુફામાં અથવા અન્યત્ર ગામની બહાર સાધુ કોઈ સ્થાને વિહાર કરે, તેને ગૃહપતિ ત્યાં જઈને જે બોલે તે બતાવે છે - શ્મશાન આદિમાં પરિક્રમણ ક્રિયા કરતા સાધુ પાસે કોઈ ત્યાં પૂર્વે રહેલ સ્વભાવથી ભદ્રક કે સમ્યક્ત્વધારી ગૃહસ્થ હોય, સાધુના આચારથી તે અજાણ હોય; તે સાધુને ઉદ્દેશીને કહે, આ આપેલો આહાર ખાનારા છે, આરંભ ત્યાગી છે, અનુકંપા યોગ્ય છે, સત્ય શુચિવાળા છે તેને આપેલું અ-ક્ષય છે, માટે હું તેમને દાન આપીશ. એમ વિચારી સાધુ પાસે આવીને કહે, હે આયુષ્યમાન્ શ્રમણ ! હું સંસારસમુદ્ર તરવાની ઇચ્છાવાળો તમારે માટે અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ તથા વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ બનાવી



લાવું. એમ કહીને તે શું કરે ?

શ્વાસોચ્છ્‌વાસ યુક્ત પંચેન્દ્રિય તે પ્રાણી, ત્રણે કાળમાં થયા છે - થાય છે અને થશે તે ભૂત, જીવતા હતા, જીવે છે અને જીવશે તે જીવો તથા સુખ-દુઃખમાં સક્ત છે તે સત્વો. આ પ્રાણી, ભૂત, જીવ, સત્વનો આરંભ કરીને લાવે. તેમાં અશનાદિના આરંભમાં જીવ હિંસા અવશ્ય થાય. તેમાંથી બધું કે થોડું કોઈ સાધુ સ્વીકારી લે, તેથી અવિશુદ્ધિ કોટિ લીધી —

આધાકર્મી — ઔદ્દેશિક, મિશ્ર, બાદર, પ્રાભૃતિક, પૂતિ, અધ્યવપૂરક આ છ ભેદો અવિશુદ્ધિ કોટિ છે. હવે વિશુદ્ધિ કોટિ બતાવે છે - મૂલ્યથી ખરીદેલું, ઉધાર લીધેલું, છીનવી લીધેલું, - x - બીજા સાથે બદલીને લાવેલ આવું દાન કોઈ સાધુને આપવા માટે કરે તથા પોતાની ઘેરથી સામેથી લાવીને આપે તે વિશુદ્ધ કોટી છે. આ પ્રમાણે સાધુને અશનાદિ આપવા માટે કોઈ બોલે તથા હું તમારા માટે ઉપાશ્રય બનાવીશ કે સમરાવીશ. આ પ્રમાણે ગૃહસ્થ હાથ જોડી કે અંજલિ કરીને આહાર આદિ માટે નિમંત્રણા કરે કે આ ભોજન વાપરો, મેં સુધરાવેલ વસતિમાં રહો ત્યારે-

સૂત્રાર્થ વિશારદ સાધુ દીનતા લાવ્યા વિના તેને ના પાડે. [શિષ્યને ગુરુ કહે છે] હે આયુષ્યમાન્ શ્રમણ ભિક્ષુ ! તે ગૃહસ્થ ભદ્રહૃદય કે મિત્ર કે અન્ય કોઈપણ હોય; તેને સાધુએ કહેવું કે, હે આયુષ્યમાન્ ગૃહપતિ ! તમારા એ વચનને હું સ્વીકારતો નથી. - x - તમારા એ વચનને હું આસેવન પરિજ્ઞાનથી અવધારી શકું નહીં. કેમકે તું મારા માટે જીવહિંસા વડે બનાવેલ ભોજન આપે કે ઉપાશ્રય બનાવે; તે મને ન કલ્પે.

હે આયુષ્યમાન્ ગૃહપતિ ! તેવા આરંભ કરાવવા રૂપ અનુષ્ઠાનથી હું મુક્ત થયેલો છું. - x - માટે હું સ્વીકારતો નથી. આ પ્રમાણે ભોજનાદિ સંસ્કારનો સાધુ નિષેધ કરે. પણ જો કોઈ ગૃહસ્થ છાનું જ તેવું ભોજનાદિ કરી સાધુને આપે, તો સાધુ કઈ રીતે તેનો નિષેધ કરે તે કહે છે—

● **સૂત્ર-૨૧૬ :-**

***તે મુનિ શ્મશાનાદિમાં ફરતા હોય અથવા અન્ય ક્યાંય વિચરતા હોય, તેની પાસે આવીને કોઈ ગૃહસ્થ પોતાના આત્મગત ભાવોને પ્રગટ કર્યા વિના મુનિના માટે આરંભ કરી અશન આદિ, વસ્ત્રાદિ આપે કે મકાન બનાવે; એ વાત મુનિ સ્વ બુદ્ધિએ, બીજાના કહેવાથી કે કોઈ પાસે સાંભળીને જાણી લે કે આ ગૃહસ્થે મારા માટે આહાર, વસ્ત્ર યાવત્ મકાન બનાવેલ છે; તો એવું જાણી તે મુનિ ગૃહસ્થને સ્પષ્ટ સૂચના કરે કે હું મારા નિમિત્તે તૈયાર કરેલ આ બધું વાપરી શકતો નથી. તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ કોઈ સ્મશાનાદિમાં વિચરતા હોય અને કોઈ ગૃહસ્થ પાસે આવી, હાથ જોડે, વંદન કરે. તે પ્રકૃતિભદ્ર હોય; તે મનમાં વિચારે કે હું આ સાધુને ગુપ્ત રીતે આરંભ કરીને અશનાદિ આપીશ, રહેવા મકાન આપીશ. કેમકે - x - તે સાધુ

આહારાદિ દોષિત છે તેમ જાણી લે તો ન લે.

તે સાધુ કેવી રીતે જાણે ? પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી, બીજાના કહેવાથી, તીર્થંકરે બતાવેલા ઉપાયોથી, બીજા પાસેથી કે તેના સ્વજનો પાસેથી સાંભળીને જાણી લે કે આ ગૃહસ્થે મારે માટે આરંભ કરીને અશનાદિ કે મકાન બનાવેલ છે - x - ત્યારે તે વાતની ખાત્રી કરીને તે સાધુ કહે કે, આ મને કલ્પતું નથી આ અમારા માટે બનાવેલું છે, માટે હું નહીં લઉં.

જો આવું કરનાર શ્રાવક હોય તો તેને ''પિંડ નિર્યુક્તિ'' બતાવે. જો તે ભદ્રક પ્રકૃતિ હોય તો તેને નિર્દોષ દાનનું ફળ બતાવે તથા તેને યથાશક્તિ ધર્મકથા કહે. તે આ પ્રમાણે – યોગ્ય કાળ દેશમાં શ્રદ્ધાયુક્ત અને શુદ્ધ મને ઉધમવાળા થઈને કલ્પ્ય એવું પ્રાસુક દાન ઉત્તમ સાધુને આપે.

ગુણાધિક સત્પુરુષોને વિનયપૂર્વક આપેલ અલ્પ દાન પણ મોટું ફળ આપે છે. જેમ નાની વડ કણિકા છતાં વડનું ઝાડ સારાં ફળ આપે છે.

પ્રાજ્ઞજન સુપાત્ર દાનથી દુઃખ સમુદ્રને તરે છે. જેમ મગરના નિલયરૂપ મોટા સમુદ્રને વેપારીઓ નાના વહાણ વડે તરી જાય છે.

**● સૂત્ર-૨૧૭ :-**

***કોઈ ગૃહસ્થ સાધુને પૂછીને કે પૂછ્યા વિના ઘણું દ્રવ્ય ખર્ચી આહારાદિ બનાવે. [જ્યારે મુનિ એ ન લે ત્યારે] કદાચ તે ગૃહસ્થ ક્રોધાવેશથી સાધુને મારે અથવા કહે કે, આને મારો, પીટો, હાથ-પગ છેદો, બાળો, પકાવો, લૂંટી લો, બધું છીનવી લો, પ્રાણરહિત કરી દો. અનેક પ્રકારે પીડા પહોંચાડો. આવા કષ્ટોને તે ધીર સાધુ સહે. અથવા તેને આચારગોચર સમજાવે અથવા મૌન રહે. પોતાના આચાર-ગોચરનું સમ્યક્ પ્રકારે પાલન કરે. એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે.***

**● વિવેચન :-**

તે ભિક્ષણશીલ સાધુને કોઈ કહે, હે સાધુ ! હું તમારા માટે ભોજનાદિ કે ઉપાશ્રયાદિ તૈયાર કરાવીશ કે સુધરાવીશ. સાધુએ તેને અનુમતિ ન આપી હોય, તો પણ તે કરાવે અને મીઠા વચનથી કે બળાત્કારે હું સાધુ પાસે ગ્રહણ કરાવીશ એવું માને; બીજા કોઈ સાધુના થોડા આચારને પણ જાણતો હોય, તેને પૂછ્યા વિના છૂપું કાર્ય કરે અને વિચારે કે હું તેમને ભોજનાદિ આપીશ. હવે તે ન ભોગવવાથી, શ્રદ્ધા ભંગથી, સેંકડો મધુર વચનના આગ્રહથી કે રોષના આવેશથી સુખ-દુઃખપણે આલોકને જાણનાર આ સાધુ છે, તેમ જાણીને - રાજાજ્ઞા લઈ ન્યકાર ભાવનાથી દ્વેષને પામેલો તે ગૃહસ્થ 'હનન' આદિ પ્રવૃત્તિ પણ કરે તે બતાવે છે–

- x - જેઓ પૂછીને કે પૂછ્યા વિના ઘણું દ્રવ્ય ખર્ચીને આહારાદિ લાવી સાધુને આપે અને સાધુ ન લે તો ગૃહસ્થ ક્રોધી બનીને પીડા કરે છે.

તે પોતે સાધુને મારે છે, બીજાને પણ મારવા માટે પ્રેરે છે. બોલે છે કે, આ સાધુને દંડા વડે મારો, હાથ-પગ છેદી નાંખો, અગ્નિથી બાળો, તેમના સાથળનું માંસ પકાવો, વસ્ત્રો લૂંટી લો, બધું છીનવી લો, સહસા પ્રહાર વડે કરાવો, જલ્દી મારી



નાંખો, વિવિધ રીતે પીડા કરો. આ રીતે તે સાધુને ઘણું દુઃખ આપે, તો પણ ધીર એવો તે સ્પર્શોને શાંતિથી સહે. તથા બીજા ભૂખ-તરસ આદિ પરીષહો તે પણ સહે. પણ ઉપસર્ગ-પરીષહ વડે પીડાઈને, વિકળ બનીને દોષિત આહારાદિને ન ઈચ્છે.

અથવા મીઠા વચનરૂપ ઉપસર્ગોથી ન લલચાય. જો સામર્થ્ય હોય તો જિનકલ્પી આચાર પાળે અથવા સ્થવીર કલ્પમાં વિવિધ ઉપસર્ગજનિત દુઃખ સહન કરે. અથવા સાધુઓના આચાર અનુષ્ઠાન જે મૂળગુણ-ઉત્તરગુણ ભેદ સંબંધી છે તે સમજાવે. - x - તેમાં પણ મૂલગુણોના સ્થૈર્યાર્થે ઉત્તરગુણોને સમજાવે. પિંડૈષણા શુદ્ધિ સમજાવે. - x - વળી - જેથી પોતે દુઃખી ન થાય. તેમ બીજાના દુઃખમાં નિમિત્તભૂત પણ ન થાય. ફક્ત ધર્મકાર્યમાં સહાયક નિર્દોષ ભોજન જ આપે.

શું બધાં પુરુષોને આ બધું કહેવું ? ના. આવનાર પુરુષની પર્યાલોચના કરવી. જેમકે, આ પુરુષ કોણ છે ? કોને નમે છે ? આગ્રહવાળો કે આગ્રહરહિત છે ? મધ્યસ્થ છે ? ભદ્રિક છે ? એમ બધું વિચારીને યથાયોગ્ય, યથાશક્તિ કહે. - x - x - સ્વપક્ષ સ્થાપના, પરપક્ષનું નિરસન કરે, અનન્ય સદૃશ વચન કહે. પણ સાધુ સામર્થ્યરહિત હોય તો સામેનો માણસ કદાચ રોષ પામે. અથવા કહેવાથી અનુકૂળ પ્રત્યનીક બને, તેથી મૌન રાખવું. એટલે સાધુ સમર્થ હોય તો સાંભળનાર કે દાતારને આચારગોચર કહે. ન હોય તો મૌન રાખી આત્મહિત વિચારી પિંડવિશુદ્ધિ આદિ આચાર વિષયને ઉદ્‌ગમાદિ પ્રશ્નો પૂછી સમ્યગ્ શુદ્ધિ કરે.

કેવો બનીને ? આત્મગુપ્ત થઈને, સતત ઉપયોગવંત બનીને વિચરે. ''આ મેં નથી કહ્યું'' તેમ સુધર્મા સ્વામી કહે છે. તે કલ્પ્યાકલ્પ્યની વિધિ જાણનાર તીર્થંકરે બતાવેલ છે તથા હવે પછી કહે છે–

**● સૂત્ર-૨૧૮ :-**

***તે સમનોજ્ઞ મુનિ આદરપૂર્વક અસમનોજ્ઞને - આહાર આદિ ન આપે, ન નિમંત્રણા કરે, વૈયાવચ્ચ ન કરે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

ગૃહસ્થ કે કુશીલ પાસેથી અકલ્પ્ય જાણીને આહારાદિ ન લે. તે સમનોજ્ઞ સાધુ અસમનોજ્ઞને તે પૂર્વોક્ત અશનાદિ ન આપે. તેમને અતિ આદરથી અશનાદિ માટે નિમંત્રણ ન કરે. બીજી રીતે લલચાવે તો પણ તેમની વૈયાવચ્ચ ન કરે. ત્યારે પોતે કેવો બને ? તે કહે છે–

**● સૂત્ર-૨૧૯ :-**

***મતિમાન્ ભગવંતે જે ધર્મ કહ્યો છે, તે બરાબર સમજો. સમનોજ્ઞ સાધુ સમનોજ્ઞ સાધુને અતિ આદરપૂર્વક અશનાદિ આપે યાવત્ વૈયાવચ્ચ કરે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

તમે કેવલી વર્ધમાનસ્વામીએ કહેલા દાનધર્મને જાણો. જેમ સમનોજ્ઞ સાધુ ઉધુક્તવિહારી હોય, તે બીજા સમનોજ્ઞ ચારિત્રધારી સંવિગ્ન હોય, સમાન સામાચારીમાં

રહી સાથે ગૌચરી કરતો હોય તેવાને અશનાદિ આહાર, વસ્ત્રાદિ દ્રવ્ય આપે, તે માટે નિમંત્રણા કરે કે અંગમર્દનાદિ વૈયાવચ્ચ કરે. પણ તેથી વિપરીત ગૃહસ્થો, કુતીર્થિકો, પાસત્થાદિ, અસંવિગ્ન અસમનોજ્ઞ સાધુને ન આપે.

— પરંતુ સમનોજ્ઞને જ આપે. તથા અતિ આદરપૂર્વક તથા તે વસ્તુ માટે સીદાતો હોય કે ઉત્તપ્ત હોય તો તેની યોગ્ય વૈયાવચ્ચ કરે. આ પ્રમાણે ગૃહસ્થાદિ અને કુશીલાદિનો ત્યાગ કરવાનું કહ્યું. વિશેષ એ કે ગૃહસ્થ પાસે જે કલ્પ્ય હોય તે લે, માત્ર અકલ્પ્યનો નિષેધ કરે. અસમનોજ્ઞ પાસે દાન લેવાનો સર્વથા નિષેધ છે.- x -

અધ્યયન-૮ 'વિમોક્ષ' ઉદ્દેશો-૨ ''અકલ્પનીય વિમોક્ષ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૩ ''અંગચેષ્ટાભાષિત'' 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૨ માં અકલ્પનીય આહારાદિનો નિષેધ કહ્યો. તે નિષેધથી ક્રોધિત થયેલ દાતાને યથાવસ્થિત પિંડદાનની પ્રરૂપણા કરે. તેમ આ ઉદ્દેશામાં આહારદાન નિમિત્તે ઘરમાં પ્રવેશેલ સાધુનું અંગ શીતાદિથી કંપતું જોઈને ગૃહસ્થ ઉલટું સમજે તો તેવા ગૃહસ્થને યથાવસ્થિત સ્વરૂપ બતાવીને ગીતાર્થ સાધુએ તેમની શંકા દૂર કરવી. આ પ્રમાણેના સંબંધથી આવેલા ઉદ્દેશાનું સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૨૦ :-**

***કોઈ મધ્યમ વયમાં પ્રતિબોધ પામી ચારિત્ર ધર્મ માટે ઉત્થિત બને છે. મેધાવી સાધક પંડિતોના વચન સાંભળી તથા સમજીને સમભાવ ધરે. તીર્થંકરોએ સમતામાં ધર્મ કહ્યો છે. સમભાવી સાધુ કામભોગોની ઇચ્છાથી નિવૃત્ત થઈ પ્રાણીની હિંસા ન કરે, પરિગ્રહ ન રાખે, તેથી સમગ્ર લોકમાં અપરિગ્રહી કહેવાય છે. જે પ્રાણીના દંડનો ત્યાગ કરે છે તેથી પાપકર્મ નથી કરતા. તેથી તે મહાન્ નિર્ગ્રન્થ કહેવાય છે. એવા સાધુ દ્યુતિમાન, ક્ષેત્રજ્ઞ બને છે. ઉપપાત અને ચ્યવનને જાણીને [પાપકર્મ વર્જી બને છે.]***

● **વિવેચન :-**

ત્રણ અવસ્થા છે - યુવા, મધ્યમવય અને વૃદ્ધત્વ. તેમાં મધ્યમ વયવાળા પરિપક્વ બુદ્ધિત્વથી ધર્મને યોગ્ય છે, તે પ્રથમ બતાવે છે. કેટલાંક મધ્યમ વયમાં બોધ પામેલા, ચરણધર્મ માટે તૈયાર થયેલા તે સમુત્થિત જાણવા. જો કે પ્રથમ-ચરમ વયમાં દીક્ષા લેનારા હોય છે. છતાં બહુલતાએ પ્રાયઃ મધ્યમ વયમાં ભોગ તથા કુતૂહલ દૂર થયા હોવાથી અવિઘ્નપણે ધર્મના અધિકારી થાય છે. કઈ રીતે બોધ પામેલા તૈયાર થયા છે ? તે કહે છે. ત્રણ પ્રકારના બોધ પામનારા છે. તે આ રીતે—

સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ, બુદ્ધબોધિત. તેમાં અહીં બુદ્ધબોધિતનો અધિકાર



છે, તે કહે છે, મેધાવી-મર્યાદામાં રહેલ, પંડિત-તીર્થંકર આદિનું 'વચન'-હિત પ્રાપ્તિ અહિત ત્યાગને સાંભળીને, વિચારીને સમતા ધારણ કરે. શા માટે ? સમતા-મધ્યસ્થતા વડે તીર્થંકર આદિએ પ્રકર્ષથી શ્રુત ચારિત્રરૂપ ધર્મ કહ્યો છે. મધ્યમ વયમાં ધર્મ સાંભળી બોધ પામી ચારિત્ર લેવા તૈયાર થયેલા શું કરે ? તે કહે છે—

તેઓ દીક્ષા લઈને મોક્ષ પ્રતિ પ્રયાણ કરી કામભોગો ન ઇચ્છીને તથા પ્રાણીને દુઃખ ન આપીને પરિગ્રહને ધારણ ન કરતા વિચરે. આધ-અંતના ગ્રહણથી મધ્યના ત્રણ મૃષાવાદત્યાગ આદિનું પણ ગ્રહણ થશે. એવા બનીને પોતાના દેહમાં પણ મમત્વ ન કરે. સર્વલોકમાં પણ કોઈ પરિગ્રહ ન રાખે. - x - વળી પ્રાણીને દંડે તે દંડ - પરિતાપકારી. તે દંડને પ્રાણી તરફ કે પ્રાણી વિશે નાંખવાથી અઢાર પ્રકારના પાપરૂપ કર્મ બંધાય. તેને ઉત્તમ સાધુ ન આચરે. બાહ્ય અભ્યંતર ગ્રંથને ત્યાગવાથી તેવા સાધુને તીર્થંકર, ગણધરાદિએ નિર્ગ્રન્થ કહ્યા છે.

તે અદ્વિતીય એટલે રાગદ્વેષરહિત છે. સંયમ કે મોક્ષનો ખેદજ્ઞ-નિપુણ દેવલોકમાં પણ ઉપપાત, ચ્યવન છે, તેમ જાણીને વિચારે કે, સર્વ સ્થાન અનિત્ય છે. એવી બુદ્ધિથી પાપકર્મવર્જી થાય. કેટલાંક તો મધ્યમ વયમાં પણ ચારિત્ર લઈ પરિષહ-ઇન્દ્રિયોથી ગ્લાની પામે છે—

● **સૂત્ર-૨૨૧ :-**

***શરીર આહારથી વૃદ્ધિ પામે છે અને પરીષહોથી ક્ષીણ થાય છે. છતાં જુઓ કાયર મનુષ્ય શરીર ગ્લાન થતા સર્વ ઇન્દ્રિયોથી ગ્લાન થાય છે.***

● **વિવેચન :-**

આહારથી ઉપચય [વૃદ્ધિ] પામનાર દેહો [શરીરો] છે. આહારના અભાવે તે મ્લાન બને છે કે નાશ પામે છે. પરીષહો વડે પણ શરીર ભંગાય છે. તેથી આહારથી પુષ્ટ થતા શરીર પણ પરીષહો આવતા કે વાયુના ક્ષોભથી તમે જુઓ કે કેટલાક કાયરો સર્વ ઇન્દ્રિયોથી ગ્લાન થતાં કાયર બની જાય છે. જેમકે ભૂખથી પીડાયેલો દેખતો નથી, સાંભળતો નથી, સુંઘતો નથી આદિ. કેવલી પણ આહાર વિના શરીરે ગ્લાની પામે છે તો બીજા સ્વભાવથી જ ભંગુરશરીરનું શું કહેવું ?

પ્રશ્ન - અકેવલી અકૃતાર્થત્વથી અને ક્ષુધા વેદનીયના સદ્‌ભાવથી આહાર કરે છે અને દયાદી વ્રતો પાળે છે. પણ કેવલી તો નિયમથી મોક્ષે જનાર છે, તે શા માટે શરીર ધારણ કરે છે કે તે માટે ખાય છે ?

ઉત્તર - કેવલીને પણ ચાર કર્મોનો સદ્‌ભાવ છે, તેથી એકાંતથી કૃતાર્થ નથી. તે માટે શરીર ધારે છે. આહાર વિના તેનું ધારણ ન થાય. ક્ષુધા વેદનીયનો પણ તેને સદ્‌ભાવ છે. કેવલીને પણ ૧૧-પરીષહો સંભવે છે. તેથી કેવલી આહાર કરે તે સિદ્ધ છે. આહાર વિના ઇન્દ્રિયો ગ્લાની પામે છે તે કહ્યું.

તત્ત્વજ્ઞાતા પરીષહથી પીડાય તો શું કરે ?—

● **સૂત્ર-૨૨૨ :-**

***તેજસ્વી પુરુષો પરીષહો આવવા છતાં દયા પાળે. જે ભિક્ષુ સંનિધાન***

***શસ્ત્રના ખેદજ્ઞ છે; તે કાલજ્ઞ, બલજ્ઞ, માત્રજ્ઞ, ક્ષણજ્ઞ, વિનયજ્ઞ, સમયજ્ઞ હોય છે. પરિગ્રહની મમતા છોડી યથાસમય ક્રિયા કરતા, અપ્રતિજ્ઞ, રાગદ્વેષનો નાશ કરી સંયમમાં આગળ વધે છે.***

● **વિવેચન :-**

એકલો રાગદ્વેષ રહિત થઈ ભૂખ-તરસ આદિ પરીષહમાં પણ દયા પાળે છે. પરીષહથી પીડાઈને દયા છોડતો નથી. દયા કોણ પાળે ?

જે લઘુકર્મા હોય તે, જેના વડે સમ્યક્ રીતે નારકાદિ ગતિમાં રખાય તે સંનિધાન કર્મ. તેના સ્વરૂપને જણાવનાર શાસ્ત્રમાં નિપૂણ છે અથવા સંનિધાન કર્મનું શસ્ત્ર-સંયમ તેને સારી રીતે જાણનાર, સંયમ વિધિજ્ઞ છે. તે ભિક્ષુ ઉચિતાનુચિત અવસરનો જ્ઞાતા છે. આ બધાંનો અર્થ બીજા અધ્યયનના પાંચમાં ઉદ્દેશામાં કહ્યો છે. તથા બલજ્ઞ આદિ, પરિગ્રહના મમત્વનો ત્યાગી, કાલમાં ઉત્થાયી તથા અપ્રતિજ્ઞ બનીને ઉભયથી છેદનારો એવો સંયમાનુષ્ઠાનમાં નિશ્ચયથી વર્તે.

તેને સંયમ અનુષ્ઠાનમાં વર્તતા શું થાય ? તે કહે છે—

● **સૂત્ર-૨૨૩ :-**

***શીતસ્પર્શથી ધ્રૂજતા મુનિ પાસે જઈને કોઈ ગૃહસ્થ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આપને ઇન્દ્રિયવિષય તો પીડતા નથીને ? ત્યારે ભિક્ષુ કહે, હે આયુષ્યમાન્ ગૃહપતિ ! મને કામ પીડા નથી પણ હું ઠંડી સહન નથી કરી શકતો. અગ્નિ વારંવાર સળગાવીને શરીર વારંવાર તપાવવું કે તેમ બીજાને કહેવું મને કલ્પતું નથી.***

***સાધુની આ વાત સાંભળીને કદાચ તે ગૃહસ્થ અગ્નિ સળગાવી, પ્રજ્વલિત કરી મુનિના શરીરને તપાવવા પ્રયત્ન કરે તો સાધુ તેને કહી દે કે, મારે અગ્નિનું સેવન કલ્પતું નથી. તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

અંત પ્રાંત આહારથી તેજરહિત બનેલા નિષ્કિંચન તથા ભિક્ષાથી નિર્વાહ કરનારા સાધુને ઉષ્માવસ્થ યુવાની જતા ઠંડી રોકવા યોગ્ય વસ્ત્ર જોઈઓ તે ન મળતા ઠંડીથી કંપતા શરીરવાળાને ગૃહસ્થ નજીક આવે ત્યારે શું થાય તે કહે છે—

તે ગૃહસ્થ ઐશ્વર્યની ઉષ્માવાળો છે. કસ્તુરી અને કેસર આદિથી લિપ્ત દેહવાળા છે. યુવાન સુંદરીના સંદોહથી વીંટાયેલો છે, શીત સ્પર્શનો અનુભવ જેને નાશ પામેલ છે તેવો ધનિક કંપતા મુનિને જોઈને વિચારે છે કે, આ મારી રૂપસંપન્ન સુંદરીને જોઈને કંપે છે કે ઠંડીથી ? તે સંશયથી બોલે છે કે, હે શ્રમણ ! - x - આપને શું ઇન્દ્રિય વિષયો દુઃખ દે છે ? આવું પૂછનાર ગૃહસ્થને સાધુએ કહેવું કે—

આ ગૃહસ્થને આત્મીય અનુભવથી ખોટી શંકા થઈ છે. એમ વિચારી સાધુ બોલે કે, હે આયુષ્યમાન્ ગૃહસ્થ ! મને ઇન્દ્રિય વિષયો પીડતા નથી. તમે મારું કંપતું શરીર જોયું તે ફક્ત ઠંડીના કારણે જ છે. મનના વિકારજન્ય નથી. શીતસ્પર્શને સહન કરવા હું સમર્થ નથી.





તે સાંભળી ભક્તિ અને કરુણાસભર ગૃહસ્થ કહે કે, તમે ઠંડીને દૂર કરનારા સુપ્રજ્વલિત અગ્નિને કેમ સેવતા નથી ? ત્યારે મુનિ કહે કે, મને અગ્નિકાય સેવન, અગ્નિ સળગાવવો કે કોઈએ સળગાવેલ હોય ત્યાં થોડો તાપ લેવો પણ કલ્પતો નથી. બીજાના વચનથી પણ તેમ કરવું મને ન કલ્પે. - x - આવું સાંભળી ગૃહસ્થ કદાચ અગ્નિ સળગાવી ભડકો કરી મુનિની કાયાને થોડી-ઘણી તપાવે તો તે જોઈને મુનિ સ્વ બુદ્ધિથી કે તીર્થંકર વચનથી કે બીજા પાસે તત્ત્વ જાણીને તે ગૃહસ્થને સમજાવે કે અગ્નિ સેવવો મને કલ્પતો નથી, પણ તમે ભક્તિ અને અનુકંપાથી પુણ્યનો સમૂહ ઉપાર્જન કર્યો છે, તેમ હું કહું છું.

**અધ્યયન-૮ 'વિમોક્ષ' ઉદ્દેશો-૩ 'અંગચેષ્ટાભાષિત'નો મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૪ ''વેહાસનાદિમરણ'' 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે ઉદ્દેશા-૩ માં ગોચરી ગયેલા સાધુને ઠંડીથી શરીર કંપતા ગૃહસ્થને ખોટી શંકા થાય તો દૂર કરે. પણ યુવાન સ્ત્રીને ખોટી શંકા થાય અને ઉપસર્ગ કરે તો વેહાસનાદિ મરણ સ્વીકારવું. જો કોઈ કારણ ન હોય તો આપઘાત ન કરવો.

તે બતાવવા આ ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૨૪ :-**

***જે ભિક્ષુ ત્રણ વસ્ત્ર અને એક પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરે છે. તેને એવો વિચાર નથી હોતો કે હું ચોથું વસ્ત્ર યાચું. તે જરૂર હોય તો એષણીય વસ્ત્રની યાચના કરે અને જેવું વસ્ત્ર મળે તેવું ધારણ કરે. તે વસ્ત્ર ધુવે નહીં, ન રંગે કે ન ધોયેલ-રંગેલ વસ્ત્ર ધારણ કરે. એવાં હલકા વસ્ત્રો રાખે કે જેથી ગામ-જતાં રસ્તામાં સંતાડવા ન પડે. આ નિશ્ચિતરૂપે વસ્ત્રધારીની સામગ્રી છે.***

● **વિવેચન :-**

અહીં પ્રતિમાધારી કે જિનકલ્પીને 'અછિદ્રપાણિ' મુનિ જાણવા. તેને જ પાત્રનિર્યોગ યુક્ત પાત્ર તથા ત્રણ વસ્ત્રની ઓઘ ઉપધિ હોય છે. તેને ઔપગ્રહિક ઉપધિ હોતી નથી. તેમાં ઠંડીમાં અઢી હાથ લાંબા, એક હાથ પહોળા સુતરાઉ બે વસ્ત્રો અને ત્રીજું ઉનનું હોય છે. તેવા મુનિ ઠંડીમાં પણ બીજું વસ્ત્ર ન ઇચ્છે. જે ભિક્ષુ ત્રણ વસ્ત્રની મર્યાદાવાળા છે, તેઓ ઠંડી લાગે તો એક વસ્ત્ર ઓઢે, તો પણ ઠંડી સહન ન થાય તો બીજું વસ્ત્ર ઓઢે, છતાં સહન ન થાય તો બે સુતી વસ્ત્ર પર ઉની વસ્ત્ર ઓઢે. ઉનનું વસ્ત્ર સર્વથા બહારના ભાગે રાખે. ત્રણ વસ્ત્રો કેવા છે ?

પડતા આહારને ન પડવા દે તે પાત્ર. તેના ગ્રહણથી સાત પ્રકારનો પાત્રનિર્યોગ પણ લીધો. તેના વિના પાત્ર ન લેવાય. તે આ પ્રમાણે - પાત્ર, પાત્રબંધ, પાત્રસ્થાપન,

પાત્રકેસરિકા, પડલા, રજસ્ત્રાણ, ગુચ્છગ આ સાત પાત્રનિર્યોગ છે. તથા કલ્પ [વસ્ત્ર] ત્રણ અને રજોહરણ, મુહપત્તિ એ બાર પ્રકારે ઉપધિ છે. તે ધારણ કરનારને એવો વિચાર ન થાય કે મને શીતકાળે ત્રણ વસ્ત્રોથી ઠંડી દૂર થતી નથી માટે હું ચોથું વસ્ત્ર યાચું. આમ અધ્યવસાય નિષેધથી યાચનાનો પણ નિષેધ થયો.

જો ત્રણ કલ્પ ન હોય અને ઠંડી ઋતુ આવે તો આ મુનિ નિર્દોષ વસ્ત્રની યાચના કરે. - x - તેમાં ઉદ્દિષ્ટ, પહે, અંતર, ઉજ્જિતધર્મા એ ચાર વસ્ત્રની એષણા છે. તેમાં પાછલા બે નો અગ્રહ છે, બાકીના બે ગ્રાહ્ય છે. તેમાં કોઈ એકનો અભિગ્રહ હોય છે. યાચનાથી શુદ્ધ વસ્ત્રો મળે તો લે અને જેવાં લીધાં તેવા જ પહેરે, પણ તેને ધોવું વગેરે પરિકર્મ ન જ કરે. તે જ દર્શાવવા કહે છે—

વસ્ત્ર ન ધુવે, - x - ધોઈને રંગેલા વસ્ત્રો ન પહેરે, ગ્રામાંતર જતા વસ્ત્ર સંતાડ્યા વિના ચાલે. અર્થાત્ અંતપ્રાંત વસ્ત્ર ધારણ કરે જેથી સંતાડવા ન પડે. તેથી જ જિનકલ્પી અવમચેલિક છે - એટલે - પ્રમાણથી અને મૂલ્યથી અલ્પ વસ્ત્ર. આ પ્રમાણે વસ્ત્રધારી મુનિને ત્રિકલ્પવાળી કે બાર પ્રકારની ઔધિક ઉપધિ હોય છે. પણ બીજી ન હોય.

ઠંડી દૂર થતાં તે વસ્ત્રો પણ તજવાના છે, તે બતાવે છે—

• **સૂત્ર-૨૨૫ :-**

***મુનિ જાણે કે હેમંત [ઠંડી] ની ઋતુ વીતી ગઈ છે, ગ્રીષ્મઋતુ આવી છે, તો પહેલાંના જીર્ણ વસ્ત્રો પરઠવી દે. અથવા જરૂર હોય તો ઓછા કરે અથવા એક જ વસ્ત્ર રાખે કે અચેલક થઈ જાય.***

• **વિવેચન :-**

જો તે વસ્ત્રો બીજા શિયાળા સુધી ચાલે તેવાં હોય, તો બંને કાળે પડિલેહણા કરી ધારણ કરે. પણ જો જીર્ણ જેવાં થઈ ગયા હોય તો ત્યાગ કરે. - x - પછી તે સાધુ એમ જાણે કે નિશ્ચે શિયાળો ગયો અને ઉનાળો આવ્યો છે. ઠંડી દૂર થઈ છે. આ વસ્ત્રો પણ જીર્ણ થયા છે એવું જાણીને તે વસ્ત્રો તજી દે. જો બધાં જીર્ણ ન થયા હોય તો જે જીર્ણ હોય તે ત્યજે. પછી નિઃસંગ થઈને વિચરે. પણ જો શિશિર ઋતુ વીત્યા પછી ક્ષેત્ર, કાળ કે પુરુષને આશ્રીને ઠંડી વધુ લાગે તો શું કરવું ?

ઠંડી જતાં વસ્ત્રો ત્યાગે. અથવા - x - હિમ કે ઠંડો પવન હોય તો - x - ઠંડીની પરીક્ષા કરવા કાંઈક ઓઢે, કાંઈક બાજુએ રાખે. પણ ઠંડીની શંકાથી ત્યજી ન દે. અથવા ઓછા વસ્ત્રવાળો થઈ - x - બે વસ્ત્ર ધારણ કરે, ઠંડી જતાં બીજું વસ્ત્ર દૂર કરે, ક્રમશઃ ઠંડી જતાં માત્ર એક વસ્ત્ર રાખે અથવા તે પણ તજી અચેલક બની મુહપત્તિ અને રજોહરણ જ રાખે.

તે એક-એક વસ્ત્ર શા માટે તજે ? તે બતાવે છે—

• **સૂત્ર-૨૨૬ :-**

***લાઘવ ગુણની પ્રાપ્તિ થતા [વસ્ત્ર પરિત્યાગ કરે] તેથી તે મુનિને સહજતાથી [કાયકલેશ] તપની પ્રાપ્તિ થાય છે.***



• **વિવેચન :-**

લઘુનો ભાવ લાઘવ જેને હોય તે લાઘવિક છે. તેને ધારણ કરવા વસ્ત્રનો ત્યાગ કરે અથવા શરીર અને ઉપકરણકર્મમાં લાઘવતા પામીને વસ્ત્ર ત્યાગ કરે. એવા લાઘવિકને શું થાય તે કહે છે—

તે વસ્ત્ર પરિત્યાગી સાધુને તપની પ્રાપ્તિ થાય. કેમકે કાયક્લેશ એ તપનો ભેદ છે. કહ્યું છે કે, પાંચ કારણે શ્રમણ નિર્ગ્રન્થને અચેલકત્વ પ્રશસ્ત છે - અલ્પપડિલેહણા, વિશ્વાસ્યરૂપ, તપની અનુમતિ, પ્રશસ્ત લાઘવ અને વિપુલ ઇન્દ્રિય નિગ્રહ. ભગવંતે કહ્યું છે તે બતાવે છે—

• **સૂત્ર-૨૨૭ :-**

***જે આ ભગવંતે કહ્યું છે, તેના રહસ્યને સમજી સર્વ પ્રકારે સંપૂર્ણરૂપે સમત્વને સમ્યક્ પ્રકારે જાણે અને સેવન કરે.***

• **વિવેચન :-**

આ બધું વીર વર્ધમાન સ્વામીએ કહેલું છે, એમ જાણીને સર્વ પ્રકારે સર્વાત્મના સમ્યકત્વ કે સમત્વ ધારે અર્થાત્ સચેલ-અચેલ અવસ્થાની તુલનાને જાણી આસેવન-પરિજ્ઞાથી પાલન કરે. પણ જે સાધુ અલ્પસત્ત્વતાથી ભગવંતનો માર્ગ બરોબર ન જાણે, તો તે સાધુ હવે જે બતાવે છે, તેવા અધ્યવસાયવાળો થાય. તે કહે છે—

• **સૂત્ર-૨૨૮ :-**

***જે સાધુને એમ સમજાય કે હું શીતાદિ પરીષહોથી આક્રાંત થયો છું. હું તેને સહન કરવા અસમર્થ છું, તે સંયમધની પોતાની બુદ્ધિથી વિચારી, અકાર્ય નહીં કરતાં સંયમમાં જ સ્થિત રહે. જો સંયમજીવનની રક્ષાનો સંભવ ન હોય તો તપસ્વી માટે વૈહાસનાદિ મરણ શ્રેષ્ઠ છે. આ મરણ કોઈ કોઈ સ્વીકારે છે. આ મરણ પણ તે સામાયિક મરણ સમાન છે. આ પ્રકારે મૃત્યુ પામનાર કર્મોના અંત કરે છે. આ મરણ નિર્મોહતાનું સ્થાન છે, હિતકર-સુખકર-યોગ્ય-મોક્ષનું કારણ અને પરલોકમાં સાથે ચાલનાર છે, તેમ હું કહું છું.***

• **વિવેચન :-**

જે ભિક્ષુને મંદ સંહનનતાથી એવો અધ્યવસાય થાય કે હું રોગ આતંકથી, ઠંડી આદિ કારણે કે સ્ત્રી આદિના ઉપસર્ગથી મારે આ અવસરે શરીર ત્યાગવું એ જ શ્રેય છે, હું ઠંડી વગેરેનું દુઃખ, ભાવશીત સ્પર્શ કે સ્ત્રી આદિ ઉપસર્ગ સહન કરવા સમર્થ નથી. તેથી મારે ભક્તપરિજ્ઞાદિ ઉત્સર્ગ મૃત્યુ યોગ્ય છે. પણ આ અવસરે તેવું બની શકે તેમ નથી કેમકે તેટલો કાળ હું ઉપસર્ગ સહન કરી શકું તેમ નથી. - x - તો મારે વેહાનસ કે ગૃદ્ધપૃષ્ઠ અપવાદિક મરણ સ્વીકારવું જ યોગ્ય છે. પણ આ પાપસેવન યોગ્ય નથી.

તે સાધુ સંયમ રૂપ ધનવાળો છે. તેને સિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત થવા છતાં કોઈ સ્ત્રીના કટાક્ષનો ઉપસર્ગ સંભવ થતાં પણ તે ન સેવવાથી આવૃત્ત છે. અથવા વાયુ આદિથી થતો ઠંડો સ્પર્શ જે દુઃખદાયી છે, તેની ચિકિત્સા ન કરવાથી તે સંયમધની

સિદ્ધાંત પ્રાપ્ત જ્ઞાનથી આવૃત્ત છે. તેવા ઉપસર્ગમાં કે વાતાદિ વેદના ન સહન કરી શકવાથી તે શું કરે ? તે કહે છે—

જેથી ઘણો કાળ વાતાદિ વેદના ન સહી શકવાથી કે સ્ત્રીના ઉપસર્ગથી તે વિષભક્ષણ કે ફાંસો ખાવા છતાં મુક્ત ન થાય તો તે તપસ્વીએ - x - મરવું એ જ શ્રેય છે. જેમ કોઈ સાધુને સગાંએ સ્ત્રીવાળા ઓરડામાં પ્રવેશ કરાવ્યો, પ્રીતિવાળી પત્નીએ પ્રાર્થવા છતાં સાધુએ ધૈર્ય રાખ્યું, પણ ઉપાય ન મળવાથી તેણે ફાંસો ખાધો તેમ ફાંસો ખાવો, વિષ ભક્ષણ કરવું - x - આદિ યોગ્ય જ છે.

શંકા-ફાંસો ખાવો આદિ બાળમરણ છે, તે અનર્થને માટે છે. તો તેનો ઉપદેશ કેમ કર્યો ? - કારણ કે સિદ્ધાંતમાં કહ્યું છે - બાલ મરણે મરતો જીવ અનંત નૈરયિક ભવગ્રહણથી આત્માને સંયોજે છે - x - x - વારંવાર સંસાર ભ્રમણ કરે છે.

ઉત્તર - આર્હત્ ધર્મમાં આ દોષ નથી. મૈથુન સિવાય એકાંતે કોઈ દોષ નથી. બીજામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રીને જે પહેલા નિષેધ કર્યો હતો તે જ સ્વીકારાય છે. ઉત્સર્ગ પણ અગુણ માટે અને અપવાદ પણ ગુણ માટે થાય. દીર્ઘકાળ સંયમપાળીને સંલેખના વિધિ વડે ભક્તપરિજ્ઞા મરણ ગુણને માટે છે પણ સ્ત્રી આદિ ઉપસર્ગમાં વેહાનસાદિ મરણ - x - પણ ગુણવાળું છે - x - ઘણાં કાળ પર્યાયે ખપાવાતું કર્મ સાધુ આવા અવસરે થોડાં કાળમાં ખપાવે છે—

વેહાનસ આદિ મરણે મરનાર પણ - x - વિશેષ પ્રકારે અંતક્રિયા કરનાર છે. તેને તે અવસરે વેહાસનાદિ મરણ જ ઉત્સર્ગ માર્ગ છે. કેમકે આવા અપવાદિક મરણ વડે અનંતા સિદ્ધો પૂર્વે થયા અને થશે. ઉપસંહાર કરવા કહે છે, આ પૂર્વોક્ત વેહાસનાદિ મરણ મોહ રહિતને કર્તવ્યતાથી આશ્રયરૂપ છે, અપાય પરિહારથી હિતરૂપ છે. તથા જન્માંતરમાં સુખ આપનાર હોવાથી સુખરૂપ છે. કાળ પ્રાપ્ત થયો હોવાથી યુક્ત છે, કર્મક્ષય હેતુથી નિઃશ્રેયસ છે. પુણ્ય અર્જિત થવાથી આનુગામિક છે. તેમ સુધર્માસ્વામી કહે છે.

**અધ્યયન-૮ 'વિમોક્ષ' ઉદ્દેશો-૪ ''વેહાસનાદિમરણ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૫ ''ગ્લાનભક્તપરિજ્ઞા'' 卐

૦ ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહે છે. તેનો સંબંધ આ રીતે છે - ઉદ્દેશા-૪માં ગૃદ્ધપૃષ્ઠાદિ બાળમરણ બતાવ્યું. આ ઉદ્દેશામાં તેથી વિપરીત ગ્લાનભાવ પામેલા ભિક્ષુએ ભક્તપરિજ્ઞા મરણ સ્વીકારવું તે કહે છે.

આ સંબંધે આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૨૯ :-**

***જે ભિક્ષુએ બે વસ્ત્ર અને ત્રીજું પાત્ર રાખવાની મર્યાદા કરી છે તેને એવું થતું નથી કે હું ત્રીજું વસ્ત્ર યાચું. તે પોતાની કલ્પમર્યાદા અનુસાર એષણીય વસ્ત્ર યાચે - યાવત્ - તે એ સાધુની સામગ્રી છે. જ્યારે એ ભિક્ષુ જાણે કે હેમંતઋતુ ગઈ, ગ્રીષ્મ આવી તો જીર્ણવસ્ત્રોને પરઠવી દે અથવા જરૂર હોય તો વસ્ત્ર ધારણ કરે કે એકનો ત્યાગ કરે કે વસ્ત્રરહિત પણ થઈ જાય. એ રીતે લાઘવગુણ સાથે તપની પ્રાપ્તિ થાય છે. જે રીતે આ ભગવંતે કહ્યું છે તે સારી રીતે સમજી સંપૂર્ણ ભાવથી સર્વ અવસ્થામાં સમભાવ રાખે.***

***જે સાધુને એવું લાગે કે હું રોગથી નિર્બળ થયો છું. ભિક્ષા માટે અનેક ઘરોમાં જવા માટે અસમર્થ છું. એવું કહેતા સાંભળીને કોઈ ગૃહસ્થ સાધુ માટે સામેથી લાવીને આહારાદિ આપે તો સાધુ પહેલાં જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! સામેથી લાવેલ આહાર કે આ પ્રકારનો અન્ય કોઈ પદાર્થ મને ખાવો-પીવો ન કલ્પે.***

● **વિવેચન :-**

અહીં ત્રણ કલ્પ [વસ્ત્ર] સ્થિત સ્થવિરકલ્પી કે જિનકલ્પી હોય પણ બે વસ્ત્ર ધારણ કરનાર અવશ્ય જિનકલ્પી, પરિહાર વિશુદ્ધિક, યથાલંદિક કે પ્રતિમાધારી હોય. આ સૂત્રમાં બતાવેલ જિનકલ્પી વગેરે બે વસ્ત્રધારી હોય, વસ્ત્ર-શબ્દથી એક સુતરાઉ અને બીજુ ઉની વસ્ત્ર ધારી સંયમમાં રહેલ હોય [તેમ જાણવું.]

કેવા બે કલ્પ [વસ્ત્ર] ? ત્રીજું પાત્ર ધારણ કરેલ ઇત્યાદિ પૂર્વસૂત્ર પ્રમાણે - યાવત્ - તે ઠંડીથી પીડાયા સુધીનું જાણવું.

હું વાયુ આદિ રોગથી પીડિત, નિર્બળ હોવાથી ઘેર-ઘેર જવાને અસમર્થ છું. તથા ભિક્ષાચર્યાર્થે જવા અશક્ત છું. આવા ભિક્ષુ પાસે કોઈ ગૃહસ્થ - x - તેમને અશક્ત જોઈને અનુકંપા તથા ભક્તિથી કોમળ હૃદયવાળો બનીને જીવોની હિંસાદિથી બનાવેલ અશનાદિ લાવીને તે સાધુને આપે, ત્યારે ગ્લાન સાધુએ સૂત્રાર્થના અનુસારે જીવિત નહીં વાંછતા, મૃત્યુ સારું છે એમ વિચારીને શું કરવું ?

તે જિનકલ્પી આદિ ચારમાંથી કોઈએ પણ પહેલા વિચારવું કે ઉદ્ગમ આદિ કયા દોષથી આ દૂષિત છે ? તેમાં અભ્યાહૃત દોષ જાણીને તેનો નિષેધ કરવો. તે આ રીતે - હે આયુષ્યમાન્ ગૃહપતિ ! આ મારે સામેથી લાવેલ કે લવાયેલ અશનાદિ ખાવા-પીવાનું કે તેવું બીજું આધાકર્માદિ દોષથી દુષ્ટ ન કલ્પે. આ પ્રમાણે તે દાન આપતાં ગૃહસ્થને સમજાવે. પાઠાંતર મુજબ—

કોઈ ગૃહસ્થ તે સાધુ પાસે આવીને કહે કે, હું તમારા માટે અશન આદિ સામેથી લાવીને આપું. જો સાધુ પહેલાથી તે જાણે તો કહે કે, હે ગૃહપતિ ! મને, સામેથી લાવી આપેલ અશનાદિ કે બીજું કંઈ ન કલ્પે. આમ નિષેધ કરવા છતાં સમ્યગ્દૃષ્ટિ, પ્રકૃતિ ભદ્રક કે મિથ્યાદૃષ્ટિ કોઈ પણ એમ વિચારે કે, આ ગ્લાન સાધુ ભિક્ષા લેવા જવા અશક્ત છે, બીજાને કહી શકે તેમ પણ નથી માટે તેના નિષેધ છતાં હું કોઈ બહાને લાવીને આપીશ. એમ વિચારી લાવીને આપે તો સાધુ તેને અનેષણીય જાણીને તે ગૃહસ્થને ના પાડે. — વળી —

● **સૂત્ર-૨૩૦ :-**

***જે સાધુની એવી પ્રતિજ્ઞા હોય કે હું બીમાર થાઉં તો બીજા સાધુને સેવા***

*કરવાનું કહીશ નહીં પણ સમાન સામાચારીવાળા નીરોગી સાધુ કર્મનિર્જરાના ઉદ્દેશથી સ્વેચ્છાપૂર્વક મારી સેવા કરે તો હું સ્વીકારીશ અને જો હું સ્વસ્થ હોઉં તો બીજા સહધર્મી અસ્વસ્થ શ્રમણની સ્વેચ્છાપૂર્વક અને કર્મનિર્જરાર્થે સેવા કરીશ. બીજાઓ માટે આહારાદિ લાવીશ અને બીજા સાધુઓ લાવ્યા હોય તે સ્વીકારીશ. (૧)*

*બીજા સાધુ માટે આહારાદિ લાવીશ, પણ બીજા સાધુઓ લાવ્યા હોય તે લઈશ નહીં (૨). - હું બીજા સાધુઓ માટે નહીં લાવું પણ બીજા લાવ્યા હશે તે સ્વીકારીશ (૩). - હું બીજા માટે લાવીશ નહીં અને બીજા લાવ્યા હશે તે સ્વીકારીશ નહીં (૪).-*

*આ ચાર પ્રતિજ્ઞાઓમાંથી જે અંગીકાર કરી હોય તેનું પૂર્ણ રીતે પાલન કરે. એવા સાધુ શાંત, વિરત, વિશુદ્ધ લેશ્યાવાળા થઈ દેહનો ત્યાગ કરે પણ પ્રતિજ્ઞા ભંગ ન કરે. તેમ કરતા તેનું મરણ થઈ જાય તો તેનું મરણ અનશન પ્રાપ્ત મરણ સમાન છે. તે નિર્મોહપણાનું સ્થાન છે, હિતકર-સુખકર-યોગ્ય-કલ્યાણકર અને સાથે આવનાર છે. તેમ હું કહું છું.*

● **વિવેચન :-**

જે ભિક્ષુ પરિહાર વિશુદ્ધિક કે યથાલંદિક હોય તેને હવે કહેવાનાર આચાર હોય છે. તે આ પ્રમાણે— - x - હું બીજાએ કરેલી વૈયાવચ્ચની અભિલાષા રાખીશ. હું કેવો ? पडिण्णत – વૈયાવચ્ચ કરવાને બીજાએ કહેલો અર્થાત્ તેઓ કહે છે કે, અમે તમારી યથોચિત વૈયાવચ્ચ કરીએ, તે બીજા કેવા છે ? अपडिण्णत – ન કહેલા. હું કેવો છું ? ગ્લાન-વિકૃષ્ટ તપ વડે કર્તવ્યતામાં અશક્ત કે વાયુ આદિ ક્ષોભથી ગ્લાન.

બીજા કેવા છે ? અગ્લાન-ઉચિત કર્તવ્ય કરવાને સમર્થ. તેમાં પરિહાર વિશુદ્ધિકની અનુપારિહારિક [વૈયાવચ્ચ કરનાર]. તે કલ્પસ્થિત હોય કે બીજો હોય. જો તે વૈયાવચ્ચી પણ ગ્લાન હોય તો તે બીજાની સેવા ન કરે. એ પ્રમાણે યથાલંદિક સાધુનું પણ જાણવું. એટલું વિશેષ કે સ્થવિર કલ્પી તેની સેવા કરી શકે છે, તે બતાવે છે—

નિર્જરાને ઉદ્દેશીને સરખા કલ્પવાળા કે એક કલ્પમાં રહેલા બીજા સાધુઓથી કરાયેલી વૈયાવચ્ચને હું ઈચ્છીશ. જે આ ભિક્ષુનો આચાર છે, તે આચારને પાળતો ભક્તપરિજ્ઞા વડે પણ જીવિતને છોડે, પણ આચારનું ખંડન ન કરે. એ ભાવાર્થ છે.

તે જ પ્રમાણે અન્ય સાધર્મિક વડે કરાતું વૈયાવચ્ચ અનુજ્ઞાત છે. હવે બીજાની વૈયાવચ્ચ પોતે કરે તે બતાવે છે. - x - x - અને હું અપ્રતિજ્ઞપ્ત છું. જે બીજો પ્રતિજ્ઞપ્ત-વૈયાવચ્ચ ન કરવાને કહેવાયેલ ગ્લાનની હું અગ્લાન નિર્જરાર્થે તે સાધર્મિકની વૈયાવચ્ચ કરું. શા માટે ? તેના ઉપકારને માટે. તેથી આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને પણ ભક્તપરિજ્ઞા વડે પ્રાણોને છોડે. પણ પ્રતિજ્ઞા ખંડન ન કરે. એ ભાવ છે.

હવે આ પ્રતિજ્ઞા વિશેષ દ્વારથી ચઉભંગી કહે છે—



૧-કોઈ એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા ગ્લાન સાધર્મિકને આહાર આદિ લાવી આપીશ. બીજાની યથોચિત વૈયાવચ્ચ કરીશ. તથા બીજા સાધર્મિકે લાવેલ આહાર આદિ વાપરીશ. - x - એમ વૈયાવચ્ચ કરે.

૨-બીજા એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા માટે આહારાદિ લાવીશ પણ બીજાના લાવેલ આહાર આદિ વાપરીશ નહીં.

૩-ત્રીજા એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા માટે આહાર આદિ નહીં લાવું. પણ બીજાના લાવેલ આહાર આદિ વાપરીશ.

૪-ચોથા એવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા માટે આહાર આદિ નહીં લાવું તેમ બીજાના લાવેલ આહાર આદિ વાપરીશ પણ નહીં.

આ પ્રમાણે વિવિધ પ્રતિજ્ઞા લઈને ક્યાંય માંદો પણ થાય, તો પણ જીવિતનો ત્યાગ કરે પણ પ્રતિજ્ઞા ન લોપે. હવે આનો ઉપસંહાર કરવા કહે છે, ઉક્ત વિધિ વડે તત્ત્વજ્ઞાતા ભિક્ષુ શરીરાદિનો મોહ છોડીને યથાકીર્તિત ધર્મને જ બરોબર જાણીને આસેવન પરિજ્ઞા વડે પાળતો તથા લાઘવિકને ઈચ્છતો...ચોથા ઉદ્દેશામાં જે કહ્યું તે બધું અહીં જાણવું. તથા પોતે કષાયના ઉપશમથી શાંત છે અથવા અનાદિ સંસારના ભ્રમણથી શ્રાંત છે. તે સાવધાનુષ્ઠાનથી વિરત છે. અંતઃકરણની નિર્મળવૃત્તિથી તેજો આદિ લેશ્યાદિથી તે સુસમાહત લેશ્ય છે. આવો બનીને તે પૂર્વગૃહીત પ્રતિજ્ઞા પાલનમાં સમર્થ તે તપ કે રોગ વડે ગ્લાનભાવને પામેલ હોવા છતાં પ્રતિજ્ઞા લોપ ન કરતો શરીરના ત્યાગ માટે ભક્ત પ્રત્યાખ્યાન કરે.

ભક્તપરિજ્ઞામાં પણ કાળપર્યાય ન હોવા છતાં કાળ પર્યાય છે.

જેણે શિષ્યોને તૈયાર કર્યા હોય, સંલિખિત દેહવાળો હોય, તેનો જે કાળપર્યાય-મૃત્યુ અવસર પ્રશંસ્ય છે. ગ્લાનને પણ આવો જ અવસર છે. કેમકે બંનેમાં કર્મનિર્જરા સમાન છે. ઇત્યાદિ પૂર્વવત્.

**અધ્યયન-૮ ''વિમોક્ષ'' ઉદ્દેશો-૫ ''ગ્લાનભક્તપરિજ્ઞા''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૬ ''એકત્વભાવના-ઇંગિતમરણ'' 卐

૦ પાંચમો ઉદ્દેશો કહ્યો. હવે છઠ્ઠો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે— ઉદ્દેશા-૫ માં ગ્લાનતાથી ભક્ત પ્રત્યાખ્યાન કહ્યું. આ ઉદ્દેશામાં ધૃતિ સંહનનાદિ બળવાળો સાધુ એકત્વ ભાવના ભાવતો ઇંગિતમરણ કરે, તે બતાવે છે.

આ સંબંધે આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૩૧ :-**

*જે ભિક્ષુ એક વસ્ત્ર અને બીજું પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરે તેને એવો વિચાર હોતો નથી કે હું બીજા વસ્ત્રની યાચના કરું [તેને જરૂર હોય તો] એષણીય વસ્ત્રની યાચના કરે અને જેવું વસ્ત્ર મળે તેવું ધારણ કરે - યાવત્*

***- ગ્રીષ્મઋતુ આવી ગઈ છે એમ જાણી સર્વથા જીર્ણ વસ્ત્રને પરઠવી દે અથવા તે એક વસ્ત્રને રાખે કે અચેલક થઈ જાય. આ રીતે લાઘવગુણ પામે - યાવત્ - સમભાવ ધારણ કરે.***

**● વિવેચન :-**

આ સૂત્રનું વિવેચન ઉદ્દેશા-૫ મુજબ જાણવું. તે ભિક્ષુ અભિગ્રહ વિશેષથી એક પાત્ર અને એક વસ્ત્ર ધારણ કરતો પરિકર્મિત મતિ વડે લઘુકર્મતા વડે એકત્વ ભાવનાનો અધ્યવસાય થાય તે કહે છે—

**● સૂત્ર-૨૩૨ :-**

***જે ભિક્ષુને એમ થાય કે, હું એકલો છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી. તે ભિક્ષુ આત્માના એકાકીપણાને જાણી લાઘવ ગુણને પ્રાપ્ત કરીને તપની પ્રાપ્તિ કરે છે - યાવત્ - સમભાવ ધારણ કરે.***

**● વિવેચન :-**

જે સાધુને આવો વિચાર થાય કે, હું એકલો છું, સંસાર ભ્રમણ કરતાં પરમાર્થ દૃષ્ટિએ મને ઉપકાર કરનાર બીજો કોઈ નથી. હું પણ બીજાનું દુઃખ દૂર કરી શકતો નથી. પ્રાણીઓ પોતાના કર્મનું ફળ ભોગવવામાં જ સમર્થ છે. આ પ્રમાણે આ સાધુ પોતાના-અંતર્આત્માને સમ્યગ્ રીતે એકલો જાણે અને આ આત્માને નરકાદિ દુઃખોથી બચાવવા બીજું કોઈ શરણભૂત નથી એમ માનતો પોતાને જે જે રોગ આદિ દુઃખ દેનારા કારણો આવે, ત્યારે બીજાના શરણની ઉપેક્ષા કરતો ‘‘મેં કર્યું છે માટે મારે જ ભોગવવું’’ આવો વિચાર કરીને સમ્યગ્ રીતે સહન કરે છે.

તે કેવી રીતે સહન કરે તે કહે છે, લાઘવિય આદિ ચોથા ઉદ્દેશામાં વિવેચન કરાયું છે તે ‘‘સમત્ત્વપણું જાણવું’’ ત્યાં સુધીનો અર્થ કહેવો.

અહીં બીજા ઉદ્દેશામાં ઉદ્ગમ, ઉત્પાદન, એષણા બતાવી. તે આ પ્રમાણે - ‘‘હે આયુષ્યમાન્ શ્રમણ ! હું તમારા માટે અશન આદિ, વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ; પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વનો સમારંભ કરીને.....ઇત્યાદિ ઉદ્દેશા-૫ માં ગ્રહણ એષણા બતાવી. કદાચ તે એમ કહે ત્યારે બીજો [ગૃહસ્થ] અશનાદિને સામેથી લાવીને આપે ઇત્યાદિ વડે ગ્રાસએષણા બતાવી, તેને હવે વિશેષથી કહે છે—

**● સૂત્ર-૨૩૩ :-**

***તે સાધુ કે સાધ્વી અશનાદિ આહાર કરતા સ્વાદ લેવા માટે આહારને ડાબા જડબાથી જમણે જડબે ન લાવે કે જમણા જડબાથી ડાબા જડબે ન લાવે. આ રીતે સ્વાદ નહીં લેવાથી લાઘવગુણ પ્રાપ્ત થાય છે. તેનાથી તપની પ્રાપ્તિ થાય છે. માટે ભગવંત દ્વારા કહેલ તત્ત્વને સારી રીતે સમજી સમભાવ ધારણ કરવો.***

**● વિવેચન :-**

તે પૂર્વે વર્ણવેલ સાધુ કે સાધ્વી અશનાદિ આહાર ઉદ્ગમ ઉત્પાદન એષણા શુદ્ધ અને પ્રત્યુત્પન્ન ગ્રહણ એષણા શુદ્ધ ગ્રહણ કરીને અંગાર, ધૂમ આદિ વર્જીને



આહાર કરે, તે અંગાર અને ધૂમ રાગદ્વેષના કારણે થાય છે. તે રાગ-દ્વેષ સરસ-નીરસ આહારથી થાય છે. - x - તેથી રસ સ્વાદના નિમિત્તને તજવાનું બતાવે છે—

તે સાધુ આહાર કરતા ભોજનને ડાબી બાજુથી જમણી બાજુ કે જમણી બાજુથી ડાબી બાજુ સ્વાદ માટે લઈ ન જાય. કેમકે તે પ્રમાણે કરી સ્વાદથી રસની પ્રાપ્તિમાં રાગદ્વેષનું નિમિત્ત છે અને તેથી જ અંગાર તથા ધૂમ દોષ લાગે છે. તેથી જે કંઈ સ્વાદિષ્ટ હોય તેનો સ્વાદ ન કરવો. પાઠાંતરથી - ‘‘આહારમાં આદરવાળો, મૂર્છાવાળો, ગૃદ્ધ બનીને આહારને આમ તેમ ન ફેરવે’’ — તેમ કહેલ છે.

જડબામાં આમતેમ ન ફેરવવું માફક બીજે પણ સ્વાદ લેવો નહીં તે બતાવે છે. તે સાધુ ચારે પ્રકારે આહારને વાપરતો રાગદ્વેષ છોડીને ખાય, તે જ પ્રમાણે કોઈ નિમિત્તથી ડાબી જમણી બાજુ આહાર ફેરવવો પડે તે પણ સ્વાદ કર્યા વિના ફેરવે. જેથી આહારની લાઘવતાને પામી આસ્વાદ ન કરે. આ રીતે આસ્વાદના નિષેધથી અંત-પ્રાંત આહારનો સ્વીકાર પણ કહેલો છે. આ પ્રમાણે તે ભિક્ષુને તપની પ્રાપ્તિ થાય છે ઇત્યાદિ અર્થ પૂર્વવત્ જાણવો - યાવત્ - સમ્યક્ત્વ પામે.

તેમને અંત પ્રાંત આહાર ખાવાથી માંસ-લોહી ઓછા થવાથી હાડકાં જર્જરિત થવાથી ક્રિયામાં ખેદ થતાં કાયચેષ્ટાવાળા શરીરના પરિત્યાગની બુદ્ધિ થાય, તે બતાવે છે—

**● સૂત્ર-૨૩૪ :-**

***જે ભિક્ષુને એમ થાય કે, હવે આ શરીરને ટકાવવા હું અસમર્થ થઈ રહ્યો છું. તો તે અનુક્રમે આહારને ઓછો કરે, આહાર ઓછો કરી કષાયોને પાતળા કરે, તેમ કરીને શરીર વ્યાપાર નિયમિત કરી લાકડાંના પાટિયા સમાન નિશ્ચેષ્ટ થઈ, શારીરિક સંતાપરહિત થઈ પંડિતમરણને માટે ઉત્થિત થાય.***

**● વિવેચન :-**

એકત્વ ભાવના ભાવનાર સાધુને આહાર ઉપકરણમાં લાઘવપણું પ્રાપ્ત થયું હોય, તેને આવો અભિપ્રાય થાય છે. - x - x - કે હું સંયમ અવસરમાં લુખા આહાર કે રોગથી પીડાઈને ગ્લાનિ પામી અશક્ત થયો છું. લુખા આહાર કે તપથી શરીર અશક્ત થવાથી યોગ્ય રીતે આવશ્યક ક્રિયાદિ કરવામાં અશક્ત બની ગયો છું. આ અવસરે શરીર દરેક ક્ષણે નબળું પડતું હોવાથી તે ભિક્ષુ એક કે બે ઉપવાસ અથવા આયંબીલ તપ વડે આહારનો સંક્ષેપ કરે. પણ બાર વર્ષીય સંલેખના ગ્રહણ ન કરે. કેમકે ગ્લાનને તેટલો કાળ સ્થિતિ ન રહે. તેથી ટૂંકા કાળની અનુપૂર્વીવાળી દ્રવ્ય સંલેખનાર્થે આહારને રોકે. આવી દ્રવ્ય સંલેખના કરીને શું કરે ? તે કહે છે—

બે, ત્રણ, ચાર, પાંચ ઉપવાસ આદિનો અનુક્રમે તપ કરીને આહારનો સંક્ષેપ કરે, કષાયોને ઓછા કરીને - સર્વકાલ કષાયો ઓછા કરવા પણ સંલેખના અવસરે વિશેષથી ઓછા કરે - તેમ કરીને, સમ્યક્ પ્રકારે અર્ચાને-શરીરને સ્થાપન કરેલ મુનિ નિયમિત કાય વ્યાપારવાળો બને છે અથવા અર્ચા એટલે લેશ્યા, તે લેશ્યાને સમ્યક્ રીતે સ્થાપે એટલે કે અતિ વિશુદ્ધ અધ્યવસાયી બને. અથવા અર્ચા એટલે ક્રોધાદિ

અધ્યવસાયરૂપ જ્વાલાને શાંત કરવી. તેમ કરીને કર્મક્ષયરૂપ ફલક અથવા ફલક એટલે પાટીયું, તેની માફક - x - છોલીને ફલગાયવટ્ઠી બને. અથવા દુર્વચન વડે છોલાવા છતાં કષાય અભાવે ફલક માફક રહે. - x - આવો સાધુ પ્રતિદિન સાકાર ભક્ત પ્રત્યાખ્યાયી, બળવાન્, રોગ આવે મરણમાં ઉદ્યમી બની, શરીર સંતાપરહિત બની, ધૈર્યાદિથી યુક્ત મહાપુરુષે આચરેલ માર્ગે ઇંગિતમરણ સ્વીકારે. कथं-

● સૂત્ર-૨૩૫ :-

*ઉક્ત મુનિએ ગામ, નગર, ખેડ, કસબો, મડંબ, પાટણ, બંદર, આકર, આશ્રમ, સંનિવેશ, નિગમ કે રાજધાનીમાં પ્રવેશ કરીને ઘાસની યાચના કરવી, ઘાસ લઈને એકાંત સ્થાને જવું. ત્યાં ઇંડા, પ્રાણી, બીજ, લીલોતરી, ઝાકળ, પાણી, કીડીના દર, લીલફૂગ, ભીની માટી, કરોળિયાના જાળા આદિથી રહિત જમીનનું વારંવાર પડિલેહણ અને પ્રમાર્જન કરે. ઘાસની શચ્યા બનાવે. ત્યાં ઇંગિતમરણ સ્વીકારે.*

*તે સત્ય છે, તે સત્યવાદી, પરાક્રમી, સંસારથી તરેલા સમાન, 'કેમ કરીશ' એવા ડર અને નિરાશાથી રહિત, સારી રીતે વસ્તુના સ્વરૂપને જાણનાર, સાંસારિક બંધનોથી મુક્ત, શરીરમમત્વ ત્યાગીને અનેક પરીષહ ઉપસર્ગની અવગણના કરી, તથા સર્વજ્ઞપ્રણીત આગમમાં શ્રદ્ધા કરી આ ઘોર અનશનનું અનુપાલન કરે. આવું મરણ કાલપર્યાયની સમાન છે, - યાવત્ - અનુગામિક છે એમ હું કહું છું.*

● વિવેચન :-

બુદ્ધિ આદિ ગુણોનો ગ્રસે અથવા અઢાર કરો જ્યાં લેવાય, તે ગામ. જ્યાં કર ન હોય તે ન-કર [નગર]. ધૂળના ઢગલાથી કોટ બનાવ્યો હોય તે ખેટ. નાના કોટથી વીટાયેલું તે કર્બટ. અઢી ગાઉને આંતરે ગામ હોય તે મડંબ. પાટણ બે પ્રકારે-જેમકે જલ પત્તન તે કાનનદ્વીપ, સ્થળ પત્તન તે મથુરા. દ્રોણમુખ તે જળ-સ્થળ નિર્ગમ પ્રવેશ જેમકે ભરુચ. સોના ચાંદીની ખાણ તે આકર. તાપસ આદિનો મઠ તે આશ્રમ. યાત્રાર્થે મળેલા માણસોનો આવાસ તે સંનિવેશ. ઘણા વેપારીનો આવાસ તે નૈગમ. રાજાને રહેવાનું સ્થાન તે રાજધાની.

આ ગામ આદિ કોઈપણ સ્થાને જઈને ઘાસની યાચના કરે. શા માટે ? સંથારો કરવા માટે પ્રાસુક દર્ભ, વીરણ આદિ કોઈ ગામ આદિમાં જઈને તેના માલિકની આજ્ઞા લઈને સુકું ઘાસ લે, તે લઈને એકાંત ગિરિગુફામાં જઈ પ્રાસુક સ્થંડિલ ભૂમિ શોધે. કઈ રીતે ? તે કહે છે.

જ્યાં કીડી આદિના ઇંડા ન હોય, બેઇન્દ્રિય જીવો ન હોય, નીવાર આદિ બીજો ન હોય, લીલું ઘાસ દુર્વા આદિ ન હોય, તથા ઉપર કે અંદર ઠારનું પાણી પડેલું ન હોય, વરસાદનું કે નીચેનું પાણી ત્યાં પડેલું ન હોય, કીડીયારું-સેવાળ-તુર્તની પાણીથી પળાળેલી માટી - કરોળીયાનાં જાળાં રહિત નિર્દોષ જગ્યા હોય તેવી સ્થંડિલ ભૂમિમાં ઘાસ પાથરે.



કેવી રીતે ? તે ભૂમિને આંખ વડે બરોબર જોઈને રજોહરણ આદિ વડે પ્રમાર્જીને સંથારો પાથરે. પછી મળ-મૂત્ર માટેની ભૂમિને બરોબર જોઈને સંથારામાં પૂર્વાભિમુખ બેસીને હાથમાં રજોહરણ લઈ લલાટે સ્પર્શીને સિદ્ધને નમસ્કાર કરી, પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી - x - પાદપોપગમન અપેક્ષાથી - x - ઇંગિતમરણ આદરે.

જિનકલ્પી આદિ મુનિને બીજા કાળમાં પણ સાકાર પ્રત્યાખ્યાનનો સંભવ નથી, તો પ્રત્યાખ્યાન જેવા અંતિમ વખતે સાકારનો સંભવ ક્યાંથી હોય ? ઇત્વરકથિત પ્રત્યાખ્યાન રોગી શ્રાવક કરે. જેમકે - જો હું આ રોગથી પાંચ દિનમાં મૂકાઈશ તો ભોજન કરીશ, અન્યથા નહીં. તે આ ઇત્વર છે પણ ઇંગિત મરણ તો ધૈર્ય આદિ બળવાળો પોતાની મેળે જ પડખું ફેરવવું આદિ ક્રિયા કરનાર યાવજ્જીવ ચારે આહારનો ત્યાગ કરે છે. કહ્યું છે કે, ચારે આહારનું ગુરુ પાસે નિયમથી પ્રત્યાખ્યાન કરે, ઇંગિત ભાગમાં ચેષ્ટા પણ નિયમથી કરે. પડખું બદલે, કાયિક આદિ ક્રિયા પણ જાતે કરે, તે ધૈર્યાદિવાળો બીજા પાસે ન કરાવે.

પ્રશ્ન - તે ઇંગિત મરણ કેવું છે ? અને કોણ કરે ? તે કહે છે—

ઇંગિત મરણ સત્ પુરુષોનું હિત કરે છે, સત્ય છે - સદ્ગતિમાં જવામાં તે અવિસંવાદપણે હોવાથી તથા સર્વજ્ઞના ઉપદેશથી સત્ય-તથ્ય છે. તથા પોતે પણ સત્ય બોલનાર હોવાથી સત્યવાદી છે. યાવજ્જીવ યથોક્ત અનુષ્ઠાનાદિ યથા આરોપિત પ્રતિજ્ઞાનો ભાર ઉપાડવા સમર્થ હોવાથી સત્યવાદી છે. રાગદ્વેષરહિત છે. સંસાર સાગરને તર્યા છે. - x - રાગ આદિની વિકથા કોઈ રીતે ન કરવાનું નક્કી કરવાથી છિન્ન કથંકથ છે. અથવા ઇંગિત મરણ પ્રતિજ્ઞા કેવી રીતે પાર ઉતારીશ ? એવી કથા છેદી નાંખવાથી છિન્ન કથંકથ છે. - x -

તેણે અતિશયથી જીવાદિ પદાર્થોને જાણી લીધા છે માટે તે અતીતાર્થ કે આદત્તાર્થ છે. અથવા સમસ્તપણે અર્થો અતિક્રાંત કર્યા છે - x - તે ઉપરત વ્યાપારવાળો છે. - x - x - તે અનાતીત છે. તેણે સંસાર અનાદૃત કર્યો છે - તે સંસાર સમુદ્રનો પારગામી છે. આવો સાધુ ઇંગિત મરણ સ્વીકારે. પ્રતિક્ષણે ક્ષય પામતા ભિદુર શરીરનો મોહ છોડીને કર્મ સંબંધથી આવેલ ઔદારિક શરીરનો ત્યાગ કરે. તથા વિવિધ પરીષહ-ઉપસર્ગોને સહન કરે.

તેમ કરીને આ સર્વજ્ઞપ્રણીત આગમમાં વિશ્વાસ રાખીને અવિસંવાદના અધ્યવસાયપણાથી કાયર પુરુષોથી વિચારી પણ ન શકાય તેવું ભયાનક અનુષ્ઠાનરૂપ ઇંગિતમરણ પોતે સ્વીકાર્યું છે. જો કે તે તેણે રોગના કારણે સ્વીકાર્યું છે, તો પણ તેનો લાભ કાલપર્યાય આગત તુલ્ય જ છે. તે બતાવે છે - રોગ પીડાના કારણે મરણ સ્વીકાર્યું છતાં તેનો લાભ લાંબા કાળ જેટલો જ છે. તે કાલજ્ઞ સાધુને આ જ કાલપર્યાય છે. કર્મનો ક્ષય બંનેમાં સમાન જ છે. - x - x - ઇત્યાદિ પૂર્વવત્.

**અધ્યયન-૮ ''વિમોક્ષ'' ઉદ્દેશો-૬ ''એકત્વભાવના-ઇંગિતમરણ''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૐ અધ્યયન-૮ ઉદ્દેશો-૭ "પાદપોપગમન" ૐ

૦ છટ્ઠો ઉદ્દેશો કહ્યો. હવે સાતમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૬ માં એકત્વભાવના ભાવનાર ધૃતિ આદિ યુક્તનું ઇંગિતમરણ બતાવ્યું. અહીં તે જ એકત્વ ભાવના પ્રતિમાઓ વડે બતાવે છે - x - તથા વિશિષ્ટતર સંઘયણવાળા પાદપોપગમન પણ કરે. એ સંબંધથી આવેલ ઉદ્દેશકનું પહેલું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૨૩૬ :-**

***જે ભિક્ષુ અચેલ-કલ્પમાં સ્થિત છે, તેને એવો વિચાર હોય છે કે, હું તૃણ સ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, ડાંસ-મચ્છર સ્પર્શ સહન કરી શકું છું. એક કે અનેક પ્રકારની વિવિધરૂપ વેદનાને સહન કરી શકું છું. પણ લજ્જાના કારણે વસ્ત્રનો ત્યાગ કરવા અસમર્થ છું. એવા સાધુને કટિવસ્ત્ર [ચોલપટ્ટક] ધારણ કરવું કલ્પે છે.***

● **વિવેચન :-**

જે સાધુ પ્રતિમાધારી હોય અને અભિગ્રહ વિશેષથી અચેલપણે સંયમમાં રહેલ હોય, તે ભિક્ષુને આવો અભિપ્રાય થાય કે હું ધૃતિ આદિ યુક્ત હોવાથી વૈરાગ્ય ભાવનાથી ભાવિત અંતઃકરણવાળો છું અને આગમ વડે પ્રત્યક્ષીકૃત્ નારક, તિર્યંચ વેદના અનુભવ છે અને મોક્ષ રૂપ મોટું ફળ લેવું છે તેથી તૃણ સ્પર્શ તો મને કંઈજ દુઃખ દેનાર લાગતો નથી. તથા શીત, ઉષ્ણ, ડાંસ, મશક પરીષહ સહેવા પણ હું સમર્થ છું. એક કે અનેક જાતના અનુકૂળ-પ્રતિકૂળ વિવિધ સ્પર્શો પણ હું સહન કરી શકું છું. પરંતુ લજ્જાને કારણે ગુહ્યપ્રદેશ ઢાંકવાની જરૂર હોવાથી તે હું છોડવા ઇચ્છતો નથી.

આ સ્વાભાવિક લજ્જાથી અથવા સાધનના વિકૃત રૂપપણાથી તે સાધુને ચોળપટ્ટો પહેરવો કલ્પે છે. તે પહોળાઈમાં એક હાથ ચાર આંગળ અને લંબાઈમાં કેડ પ્રમાણ હોય તેવો એક [નંગ] રાખે. પણ જો તેવાં કારણો ન હોય તો અચેલપણે જ વિહાર કરે. અચેલપણે શીત આદિ સ્પર્શ સારી રીતે સહન કરે. તે બતાવે છે—

● **સૂત્ર-૨૩૭ :-**

***અથવા - અચેલકત્વમાં વિચરનાર સાધુ જો તૃણસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણ-સ્પર્શ, દંશ-મશગ સ્પર્શ અનુભવે, એક યા અનેક પ્રકારે કષ્ટો આવે તેને સારી રીતે સહન કરે, અચેલક સાધુ લાઘવતા પ્રાપ્ત કરે - યાવત્ - સમભાવ રાખે.***

● **વિવેચન :-**

એવું કારણ હોય તે સાધુ વસ્ત્ર ધારણ કરે. પોતે લજ્જા ન પામે તો અચેલ રહી સંયમ પાળે. સંયમમાં અ-ચેલપણે વિચરતા તેને તૃણસ્પર્શો દુઃખ આપે, ઠંડી-ગરમી-ડાંસ-મશકના સ્પર્શો દુઃખ દે. એક કે અનેક જાતના વિરૂપ સ્પર્શો ભોગવવા છતાં પોતે અચેલ રહી લાઘવપણું માને ઇત્યાદિ અર્થો પૂર્વે કહ્યા છે - યાવત્ - સમ્યક્ત્વને સારી રીતે જાણે. વળી પ્રતિમાધારી સાધુ જ વિશિષ્ટ અભિગ્રહ લે. તે આ



પ્રમાણે - હું બીજા પ્રતિમાધારી મુનિઓને કિંચિત્ આપીશ કે તેમના પાસેથી લઈશ. ઇત્યાદિ અભિગ્રહની ચઉભંગી કહે છે—

● **સૂત્ર-૨૩૮ :-**

***કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું બીજા મુનિઓને અશનાદિ લાવી આપીશ અને બીજા મુનિ દ્વારા લાવેલ અશનાદિ સ્વીકારીશ (૧).***

***કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી બીજા મુનિને આપીશ પણ તે મુનિ દ્વારા લાવેલ અશનાદિ સ્વીકારીશ નહીં (૨).***

***કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી આપીશ નહીં પણ બીજા મુનિ લાવ્યા હશે તો તેનો સ્વીકાર કરીશ (૩).***

***કોઈ મુનિને એવી પ્રતિજ્ઞા હોય કે હું અશનાદિ લાવી આપીશ નહીં કે બીજા મુનિએ લાવેલા સ્વીકારીશ પણ નહીં (૪).***

***પોતાના ઉપભોગ પછી વધેલા, વિધિપૂર્વક ગ્રહણ કરેલા, એષણીય અશનાદિ વડે પોતાના કર્મોની નિર્જરા માટે સમાન આચારવાળા સાધુની હું વૈયાવચ્ચ કરીશ અને બીજા મુનિઓના ઉપભોગ પછી વધેલા વિધિપૂર્વક લાવેલા એષણીય અશનાદિને તેઓએ નિર્જરાની અભિલાષાથી આપેલ હશે તો ગ્રહણ કરીશ. આવી પ્રતિજ્ઞા કરનાર મુનિને લઘુતા આવે છે, તપની પ્રાપ્તિ થાય છે - યાવત્ - મુનિ સમભાવ ધારણ કરે.***

● **વિવેચન :-**

*[આ સૂત્રની ચૂર્ણિમાં વિશેષ પાઠ તથા પાઠાંતર બંને જોવા મળે છે.]*

આ સૂત્રની વ્યાખ્યા પૂર્વે સૂત્ર-૨૩૦માં કરાયેલી જ છે. વૃત્તિકારશ્રી આરંભમાં સૂત્રનું સંસ્કૃત રૂપાંતર જ આપે છે. જે અત્રે ગુજરાતીમાં અપાયેલ હોવાથી નોંધેલ નથી. પછીથી જે વિશેષ કથન છે, તે અહીં નોંધેલ છે.

ઉક્ત ચારમાંનો કોઈ એક અભિગ્રહ ધારણ કરે અથવા કોઈ પહેલા ત્રણ અભિગ્રહને એક પદ વડે જ ગ્રહણ કરે. તે કહે છે - જે સાધુને એવો અભિગ્રહ હોય કે હું બીજાના પરિભોગ કરતા અધિક આહારને લઈશ કેમકે તે પ્રતિમાધારીને તેવું જ એષણીય છે. તે આ પ્રમાણે - પાંચ પ્રાભૃતિકામાં અગ્રહ છે, બેનો અભિગ્રહ છે તથા પોતાના માટે લીધેલા આહારમાંથી સાધર્મિક સાધુની વૈયાવચ્ચ નિર્જરાને માટે કરે. જો કે તે પ્રતિમાધારી હોવાથી એક સાથે ભેગા થઈને ન ખાય. પણ તેમનો અભિગ્રહ સમાન હોવાથી સાંભોગિક કહેવાય છે. તેથી તેવા સાધુના ઉપકરણ માટે તેમની વૈયાવચ્ચ કરું, આવો અભિગ્રહ કોઈ લે. - x -

અથવા તેમણે લાવેલ ગૌચરીમાંથી નિર્જરાને ઉદ્દેશીને સાધર્મિકે કરેલ વૈયાવચ્ચને સ્વીકારીશ. અથવા બીજાએ કરેલ બીજા સાધર્મિકની વૈયાવચ્ચની હું અનુમોદના કરીશ. - x - આ બધું શા માટે કરે ? કર્મની લઘુતા માટે. આ પ્રમાણે કોઈપણ અભિગ્રહ ધારણ કરેલ અચેલ કે સચેલ સાધુ શરીર પીડા હોય કે ન હોય પણ પોતાનું આયુષ્ય થોડું રહેલ જાણી ઉધતમરણ સ્વીકારે તે દર્શાવે છે—

● **સૂત્ર-૨૩૯ :-**

***જ્યારે મુનિને એમ થાય કે હવે હું આ શરીરને અનુક્રમથી ધારણ કરવામાં અસમર્થ છું. ત્યારે તે ક્રમશઃ આહારને ઓછો કરીને કષાયોને કૃશ કરે. શરીરના વ્યાપારનું નિયમન કરીને લાકડાના પાટિયાની જેમ સહનશીલ બની મૃત્યુ માટે ઉત્થિત થઈ, શરીર શુશ્રૂષાનો ત્યાગ કરી ગામ, નગર - યાવત્ - રાજધાનીમાં જઈને ઘાસની યાચના કરી - યાવત્ - સંથારો કરે. યોગ્ય સમયે ત્યાં બેસી શરીરનો, શરીરના વ્યાપારનો અને સૂક્ષ્મ હલનચલનનો ત્યાગ કરે.***

***તે સત્ય છે, તેને સત્યવાદી, પરાક્રમી, રાગદ્વેષરહિત, સંસાર પારગામી, ભય અને શંકાથી મુક્ત, જીવાદિ સ્વરૂપના જ્ઞાતા, સમસ્ત પ્રયોજનોથી રહિત મુનિ શરીરનો ત્યાગ કરી, વિવિધ પરીષહો અને ઉપસર્ગોની અવગણના કરી, ભગવદ્ વચન પર શ્રદ્ધા રાખી કાયરજનો દ્વારા આચરી ન શકાય તેવા પાદપોપગમન મરણને સ્વીકારે. આ મરણ કાળપર્યાયની સમાન છે, હિતકર છે - સુખકર છે - યોગ્ય છે - કલ્યાણકર છે આનુગામિક છે. આવા મરણને પ્રાપ્ત કરનાર [કર્મો ખપાવે છે] અંતક્રિયા કરનાર છે - તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

તે ભિક્ષુને આવો - કહેવાનાર - અભિપ્રાય થાય કે હું ગ્લાન થયો છું - યાવત્ - તૃણનો સંથારો કરે. પછી શું કરે ? તે કહે છે - આ અવસરે બીજે સ્થળે નહીં પણ તે જ સ્થાને સંથારામાં બેસીને સિદ્ધની સમક્ષ આપમેળે પાંચ મહાવ્રત ફરી આરોપે. પછી ચાર આહારનું પચ્ચક્ખાણ કરે. પછી પાદપોપગમન અનશન માટે શરીરને સ્થિર કરે. તેના આકુંચનપ્રસારણ, આંખ મીંચવી-ઉઘાડવી આદિ વ્યાપારોને રોકે. તથા 'ઇર્યા' તે સૂક્ષ્મ કાયા-વચન-મનના અપ્રશસ્ત યોગનું પણ પચ્ચક્ખાણ કરે. તે સત્ય-સત્યવાદી આદિ પદોનું વિવેચન પૂર્વે થયેલું છે. - x -

**અધ્યયન-૮ ''વિમોક્ષ'' ઉદ્દેશો-૭ ''પાદોપગમન''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૮ ઉદ્દેશો-૮ ''અનશન-મરણ'' 卐

૦ સાતમો ઉદ્દેશો કહ્યો. હવે આઠમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વોક્ત ઉદ્દેશામાં રોગાદિ સંભવે કાળપર્યાયે આવેલ ભક્ત પરિજ્ઞા, ઇંગિત કે પાદપોપગમન મરણ કરવું યુક્ત છે તે કહ્યું. અહીં અનુક્રમે વિહાર કરતા સાધુઓનું કાળપર્યાયે આવેલ મરણ કહે છે.

આ સંબંધ આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર કહે છે.

● **સૂત્ર-૨૪૦ :-**

***દીક્ષા ગ્રહણ આદિના અનુક્રમથી મોહરહિત મરણને પ્રાપ્ત કરી ધીર, સંયમી અને મતિમાન મુનિ સર્વ કૃત્ય-અકૃત્યને જાણી અદ્વિતીય એવી સમાધિનું***



***પાલન કરે.***

● **વિવેચન :-**

અનુક્રમે દીક્ષા, શિક્ષા, સૂત્રાર્થગ્રહણ, સ્થિર મતિ થયા પછી એકાકી વિહારત્વ સ્વીકારે અથવા આનુપૂર્વી તે સંલેખના ક્રમે ચાર-ચાર વર્ષનો તપ ઇત્યાદિ પૂર્વે બતાવેલ છે. ત્યારપછી જેનો-જેમાંથી કે જેનાથી મોહ દૂર થયો હોય તેવા મોહરહિતને અનુક્રમે ભક્તપરિજ્ઞા, ઇંગિત કે પાદપોપગમન અનશન કરવાના છે. તેમાં ક્ષોભાયમાન ન થાય, તેવા સંયમ ધનવાળા તથા હેયને છોડવું અને ઉપાદેયને ગ્રહણ કરનાર મતિમંત, તથા કૃત્ય અકૃત્ય જાણીને ભક્તપરિજ્ઞાદિ મરણ વિધાન ઉચિત છે. તેઓ ધૃતિ આદિ વિચારી અદ્વિતીય રીતે જાણીને સમાધિનું પાલન કરે.

● **સૂત્ર-૨૪૧ :-**

***ધર્મના પારગામી, તત્ત્વજ્ઞાતા મુનિ બાહ્ય અને અભ્યંતર તપને જાણી, અનુક્રમે શરીરત્યાગનો અવસર જાણી, સંલેખના સ્વીકારી શરીરના પોષણરૂપ આરંભને છોડી દે છે.***

● **વિવેચન :-**

જેના બે પ્રકારો છે તેવા બાહ્ય અભ્યંતર તપને જાણીને - પાળીને અથવા મોક્ષાધિકારમાં બે પ્રકારે વિમુક્તિ છે તેમાં બાહ્ય તે શરીર ઉપકરણ આદિ અને અભ્યંતર તે રાગાદિ છે. તેને હેયપણે જાણીને ત્યાગ કરીને આરંભથી દૂર થાય. કેમકે જ્ઞાનનું ફળ હેયનો ત્યાગ છે. તત્ત્વના જ્ઞાતા, શ્રુત-ચારિત્ર ધર્મના પારગ કે સમ્યગ્ જ્ઞાતા, ધર્મના સ્વરૂપને જાણીને પ્રવ્રજ્યા ક્રમે સંયમ પાળીને જાણે કે હવે મારા જીવવાથી કોઈ લાભ નથી. તેથી શરીરના મોક્ષનો અવસર મળ્યો છે તો હું કયા મરણે મરું ? એમ વિચારીને શરીર ધારણ કરવા માટે અન્ન-પાન ગવેષણારૂપ આરંભથી છૂટે અથવા આઠ ભેદવાળા કર્મથી છૂટે.

● **સૂત્ર-૨૪૨ :-**

***સંલેખના ધારક મુનિ કષાયોને પાતળા કરી, અલ્પાહારી બની ક્ષમાશીલ રહે. જો ગ્લાન થઈ જાય તો આહારનો સર્વથા ત્યાગ કરે.***

● **વિવેચન :-**

તે અભ્યુદ્યત મરણ માટે સંલેખના કરતો શ્રેષ્ઠ ભાવ સંલેખના કરે તે બતાવે છે - સંસારને આપનારા ક્રોધાદિ ચાર કષાયોને પાતળા કરતો થોડો જ આહાર કરે, તે બતાવે છે - થોડું ખાનારો, છટ્ઠ-અટ્ઠમ આદિ સંલેખનાના અનુક્રમે તપ કરતો પારણે પણ ઓછું ખાય. અલ્પ આહારથી ક્રોધ ઉદ્ભવે તો તેનો ઉપશમ કરે.

તુચ્છ માણસના દુષ્ટ વચનો સહે, રોગાતંકને બરોબર સહે, તે રીતે સંલેખના કરતો આહારને અલ્પ પ્રમાણમાં લેતાં તે ભિક્ષુ ગ્લાનતા પામે, ત્યારે આહાર ન કરે. આહાર સમીપે ન જાય, થોડા દિવસ ખાઈને સંલેખના કરીશ એવી ભાવના ન કરે.

● **સૂત્ર-૨૪૩ :-**

***સંલેખના સ્થિત મુનિ જીવવાની અભિલાષા ન કરે મરણની પ્રાર્થના ન***

***કરે. જીવન કે મરણ બે માંથી એકેમાં આસક્ત ન થાય.***

● વિવેચન :-

વળી સંલેખનામાં રહેલ મુનિ પ્રાણ ધારણરૂપ જીવિતને ન ચાહે તથા ભૂખની વેદનાથી કંટાળીને મરણની પ્રાર્થના ન કરે. જીવન કે મરણમાં સંગ [ધ્યાન] ન રાખે. તે સાધુ કેવા હોય ? કહે છે—

● સૂત્ર-૨૪૪ થી ૨૪૭ :-

***[૨૪૪] તે મધ્યસ્થ અને નિર્જરાપ્રેક્ષી મુનિ સમાધિનું પાલન કરે. અભ્યંતર અને બાહ્ય ઉપધિનો ત્યાગ કરી શુદ્ધ અધ્યાત્મ એષણા કરે.***

***[૨૪૫] તે પોતાના આયુષ્યના ક્ષેમમાં જરાપણ ઉપક્રમ જાણે તો સંલેખનાના મધ્યમાં જ પંડિત ભિક્ષુ જલ્દી પંડિત મરણને સ્વીકારે.***

***[૨૪૬] તે સાધક ગામ કે નિર્જન ભૂમિમાં જઈને સ્થંડિલ ભૂમિની પડિલેહણા કરે, તેને જીવ-જંતુ રહિત જાણીને તૃણ સંથારો બિછાવે.***

***[૨૪૭] ત્યાં આહારનો ત્યાગ કરી, તેના પર સૂવે. આવનાર પરીષહ-ઉપસર્ગને સહન કરે. મનુષ્યકૃત્ ઉપસર્ગોમાં પણ મર્યાદા ન ઓળંગે.***

● વિવેચન-૨૪૪ થી ૨૪૭ :-

[૨૪૪] રાગ-દ્વેષની મધ્યે રહે તે મધ્યસ્થ. અથવા જીવિત-મરણની આકાંક્ષા રહિત તે મધ્યસ્થ. નિર્જરાની અપેક્ષા રાખે તે નિર્જરાપ્રેક્ષી. આવો મધ્યસ્થ, નિર્જરા પ્રેક્ષી સાધુ જીવનમરણની આશંસા રહિત મરણસમાધિની અનુપાલના કરે અર્થાત્ કાલપર્યાય વડે આવેલા મરણ વખતે સમાધિસ્થ રહી પાલન કરે. અંદરના કષાયો તથા બહારના શરીરઉપકરણાદિ ત્યાગી અંતઃકરણ શુદ્ધ કરે. રાગદ્વેષ રહિત થાય.

[૨૪૫] વળી ઉપક્રમણ તે ઉપાય. તેવા કોઈ ઉપાયને જાણે. કોનો ઉપક્રમ ? આયુષ્યનું સમ્યક્પાલન, તેનો. તે આયુ કોના સંબંધી છે ? તે આત્માનું. અર્થાત્ આત્મા પોતાના આયુષ્યનો ક્ષેમથી પ્રતિપાલન માટે જે ઉપાયને જાણે તે તેને શીઘ્ર શીખવે. - x - તે સંલેખનાકાળમાં અર્ધ સંલેખનામાં જ શરીરમાં વાયુ આદિ કારણે શીઘ્ર જીવલેણ રોગ ઉત્પન્ન થાય તો સમાધિમરણને વાંછતો તેના ઉપશમના ઉપાયને એષણીય વિધિએ અભ્યંગાદિ કરે. ફરી સંલેખના કરે.

અથવા આત્માના આયુને જે કંઈ ઉપક્રમણ - x - ઉપસ્થિત થયું જાણે તો તે સંલેખના કાળ મધ્યે અવ્યાકુળ મતિવાળો બનીને શીઘ્ર જ ભક્ત પરિજ્ઞાદિ બુદ્ધિમાન સાધુ આદરે.

[૨૪૬] સંલેખના વડે શુદ્ધકાય બનીને મરણકાળ આવેલો જાણી શું કરે ? તે કહે છે, ગ્રામ શબ્દથી અહીં ઉપાશ્રય-વસતિ અર્થ લેવો. વસતિ જ સ્થંડિલ ભૂમિ છે, તેનું પડિલેહણ કરે અથવા ઉપાશ્રય બહાર ઉધાન, ગિરિગુફા કે અરણ્યમાં સંથારાની ભૂમિ જોઈને તે પ્રાણિરહિત જાણી, ગામ વગેરેથી યાચિત પ્રાસુક દર્ભ આદિ સુકા ઘાસમાં યથોચિત કાળને જાણનાર સાધુ સંથારો કરે.

[૨૪૭] ઘાસ પાથરીને શું કરે ? તે કહે છે - આહાર રહિત એવો અણાહારી





બને, યથા-શક્તિ, યથા-સમાધિ ત્રણ કે ચાર આહારનું પ્રત્યાખ્યાન કરી, પંચ મહાવ્રત ફરી આરોપે. પ્રાણી સમૂહને ખમાવે, સુખદુઃખમાં સમભાવ રાખે. પૂર્વે ઉપાર્જિત પુણ્યથી મરણ વડે ન ડરે. સંથારામાં પડખાં ફેરવે. દેહ મમત્વ ત્યાગી હોવાથી પરીષહ-ઉપસર્ગ આવે તેને સમ્યક્તયા સહન કરે. તેમાં મનુષ્યકૃત્ અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ ઉપસર્ગ આવતા મર્યાદાનું ઉલ્લંઘન ન કરે. પુત્ર સ્ત્રી આદિ સંબંધી આર્તધ્યાનને વશ ન થાય. પ્રતિકૂળ ઉપસર્ગો આવે તો ક્રોધથી હણાયેલો ન થાય - તે દર્શાવે છે.

● સૂત્ર-૨૪૮ થી ૨૫૦ :-

***[૨૪૮] તે સંથારા આરાધકનું કીડી આદિ ફરતા જંતુઓ, ગીધ આદિ ઉડતા પક્ષીઓ કે બિલમાં રહેનારા પ્રાણી માંસ ખાય કે લોહી પીએ તો પણ તે મુનિ તેમની હિંસા ન કરે કે દૂર ન કરે.***

***[૨૪૯] [તે આરાધક મુનિ વિચારે કે] આ પ્રાણીઓ મારા દેહની જ હિંસા કરે છે, જ્ઞાનાદિ ગુણોની નહીં. તે સ્થાનથી બીજે ક્યાંય ન જાય. આ સ્રવોથી દૂર રહી તૃપ્તિ અનુભવતો તે વેદના સહન કરે.***

***[૨૫૦] તે બાહ્ય અભ્યંતર ગ્રંથિને છોડી આયુષ્ય કાળનો પારગામી બને. અહીં સુધી ભક્તપરિજ્ઞાનું કથન કર્યું. હવે ઇંગિતમરણ કહે છે - આ ઇંગિતમરણ ગીતાર્થ સંયમી સાધકે ગ્રહણ કરવા યોગ્ય છે.***

● વિવેચન-૨૪૮ થી ૨૫૦ :-

[૨૪૮] સંસર્પન કરે તે કીડી, ક્રોષ્ટ્ર વગેરે પ્રાણી છે. ઊંચે ઉડનાર ગીધ વગેરે છે. નીચે રહેનાર બિલવાસી સાપ વિગેરે છે. આ રીતે વિવિધ પ્રકારના પ્રાણી તથા સિંહ, વાઘ આદિ આવીને માંસ ભક્ષણ કરે, ડાંસ મચ્છર આદિ લોહી પીએ તે સમયે તે જીવોને આહારાર્થે આવી જાણીને 'અવંતિસુકુમાર' માફક તેમને હણે નહીં, તેમ રજોહરણાદિ વડે દૂર કરીને તે પ્રાણીને ખાવામાં અંતરાય ન કરે.

[૨૪૯] વળી આવેલા પ્રાણી મારા દેહને હણશે, મારા જ્ઞાન, દર્શન, ચારિત્રને નહીં; તેમ વિચારી કાયાનો મોહ છોડેલ હોવાથી. તેમને ખાતાં અંતરાયના ભયથી પોતે ન રોકે, ભયને કારણે તે સ્થાનથી બીજે ન ખસે. કેવો બનીને ? પ્રાણાતિપાતાદિ આશ્રવો કે વિષય-કષાયાદિ વડે પૃથગ્ થઈ શુભ અધ્યવસાયવાળો બનીને તેમનાથી ખવાવા છતાં અમૃત આદિ વડે તૃપ્ત થયેલાની માફક તેઓએ કરેલી વેદનાને સહે.

[૨૫૦] વળી બાહ્ય અભ્યંતર ગ્રંથ તથા શરીર રાગાદિથી પોતે દૂર રહી તથા અંગ ઉપાંગ વગેરે જૈન આગમથી આત્માને ભાવતો ધર્મશુક્લ ધ્યાનમાં રક્ત બનીને મૃત્યુ કાલનો પારગામી બને એટલે જ્યાં સુધી છેવટના શ્વાસોચ્છ્વાસ હોય ત્યાં સુધી તેવી સમાધિ રાખે. - x - આ ભક્ત પ્રત્યાખ્યાન મરણથી મોક્ષ કે સ્વર્ગને પ્રાપ્ત કરે.

ભક્તપરિજ્ઞા કહી હવે શ્લોકાર્ધ વડે ઇંગિત મરણ કહે છે. જેમકે - પ્રકર્ષથી ગૃહિતતર તે પ્રગૃહીતતર છે. હવે કહેવાનાર ઇંગિતમરણ છે, તે ભક્તપ્રત્યાખ્યાન સદેશ નિયમથી જ ચાર આહારનું પ્રત્યાખ્યાન છે તથા ઇંગિત પ્રદેશમાં સંથારાની જગ્યામાં જ વિહાર લેવાથી વિશિષ્ટતર ધૃતિ આદિથી યુક્ત હોય તે જ પ્રકર્ષથી

ગ્રહણ કરે છે.

આ કોને હોય છે ? દ્રવ્ય-સંયમ જેને હોય તે દ્રવિક છે, તે જઘન્યથી નવ પૂર્વી હોય તેવા ગીતાર્થને હોય છે, બીજાને નહીં. અહીં ઇંગિતમરણમાં પણ સંલેખનામાં કહેલ તૃણ સંથારાદિ સમજવું. હવે બીજી વિધિ કહે છે—

● **સૂત્ર-૨૫૧ થી ૨૫૭ :-**

***[૨૫૧] જ્ઞાતપુત્ર મહાવીરે ઇંગિતમરણમાં વિશિષ્ટતા બતાવી છે. આત્મ વ્યાપાર સિવાય બીજા પાસે ત્રણ, ત્રણ યોગથી વૈયાવૃત્ત્ય ન કરાવે.***

***[૨૫૨] તે લીલોતરી પર ન સૂવે, શુદ્ધ ભૂમિ જાણીને સૂવે. પરિગ્રહ અને આહારનો ત્યાગી તે ભિક્ષુ પરિગ્રહો અને ઉપસર્ગોને સહન કરે.***

***[૨૫૩] નિરાહાર રહેવાથી ઇન્દ્રિયો શિથિલ બને તો પણ સમભાવમાં રહે. તે હલનચલન આદિ ક્રિયાઓ કરે તે નિંદનીય નથી, કેમકે તે અચલ છે અને સમાહિત છે.***

***[૨૫૪] ઇંગિત મરણ સ્થિત મુનિ શરીરની સુવિધા માટે નિયતભૂમિમાં જઈ અને પાછો ફરી શકે છે. પોતાના અંગોપાંગને સંકોચી કે પસારી શકે જો શરીરમાં શક્તિ હોય તો નિશ્ચેષ્ટ થઈને પણ રહે.***

***[૨૫૫] જો આ મુનિ બેઠા બેઠા થાકી જાય તો નિયત પ્રદેશમાં ચાલે, થાકી જાય તો બેસે, સીધા ઉભા રહે કે સીધા સૂઈ જાય. ઉભા ઉભા થાકી જાય તો અંતે બેસી જાય.***

***[૨૫૬] આવા અનુપમ મરણને સ્વીકારી મુનિ પોતાની ઇન્દ્રિયોને વિષયોથી નિવૃત્ત કરી સંયમમાં સ્થિર કરે. ટેકો લેવા જો પાટિયું રાખેલ હોય, તેમાં જીવજંતુ હોય તો તેને બદલીને નિર્દોષ પાટિયાની ગવેષણા કરે.***

***[૨૫૭] જે વસ્તુના અવલંબનથી પાપની ઉત્પત્તિ થાય. તેનું અવલંબન ન લે, પોતાના આત્માને પાપ વ્યાપારથી દૂર કરે અને આવતા પરીષહ-ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે.***

● **વિવેચન-૨૫૧ થી ૨૫૭ :-**

[૨૫૧] ઉક્ત ભક્તપરિજ્ઞા વિધિથી જુદો ઇંગિતમરણ વિધિ વિશેષ પ્રકારે ભગવંત વર્દ્ધમાનસ્વામીએ સમ્યક્ પ્રકારે પ્રાપ્ત કર્યો છે. [કહ્યો છે.] - x - આ ઇંગિતમરણમાં પણ પ્રવ્રજ્યા આદિનો વિધિ કહેવો. સંલેખના પણ પૂર્વવત્ જાણવી. ઉપકરણાદિ ત્યજીને, સંથારાની ભૂમિ પડિલેહી, આલોચના-પ્રતિક્રમણ કરી, પંચમહાવ્રત ઉચ્ચરી, ચાર આહારનો ત્યાગ કરી સંથારામાં બેસે. પણ આટલું વિશેષ કે - અંગ સંબંધી વ્યાપાર વિશેષ પ્રકારે તજે મન, વચન, કાયાથી કરવા, કરાવવા, અનુમોદવા રૂપે સ્વ વ્યાપાર સિવાયનું તજે. જરૂર પડે તો પડખું ફેરવવું, સ્થાન ફેર કે મૂત્રાદિ ક્રિયા માટે જાતે જ જાય. - સર્વથા પ્રાણિ સંરક્ષણ વારંવાર કરવું તે બતાવે છે—

[૨૫૨] હરિત એટલે દુર્વા, અંકુરાદિમાં ન સુવે. પણ નિર્દોષ જગ્યા જોઈને સુવે. તથા બાહ્ય અભ્યંતર ઉપધિ છોડીને અણાહારી બનીને પરિસહ, ઉપસર્ગોથી



સ્પર્શ પામેલો પણ સંથારામાં બેઠેલો રહી સહન કરે.

[૨૫૩] વળી આહારના અભાવે મુનિ ઇન્દ્રિયોથી ગ્લાન ભાવ પામે ત્યારે આત્માને સમતા ભાવમાં રાખે, આર્ત્તધ્યાન ન કરે. તથા જેમ સમાધિ રહે તેમ બેસે. તે આ પ્રમાણે - સંકોચથી ખેદ પામે તો હાથ વગેરે લાંબા કરે. તેથી પણ થાકે તો સ્થિરચિત્તે બેસે. અથવા મુકરર સ્થાનમાં ફરે. આ સ્વકૃત્ ચેષ્ટા હોવાથી નિંદવા યોગ્ય નથી. કઈ રીતે ? કહે છે—

અચળ તે સમાધિમાં રહે. તે ઇંગિત પ્રદેશમાં પોતાની મેળે શરીર ચલાવે. પણ ખેદથી કંટાળી અભ્યુદત્ત મરણથી ચલાયમાન ન થાય તેથી અચળ છે. તે ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં મનને સ્થાપે - ભાવથી નિશ્ચલ રહી ઇંગિત પ્રદેશમાં ચંક્રમણ આદિ કરે. તે બતાવે છે—

[૨૫૪] પ્રજ્ઞાપકની અપેક્ષાએ અભિમુખ જવું તે અભિક્રમણ છે. અર્થાત્ સંથારાથી દૂર જાય. તથા પ્રતીપ એટલે પાછો સંથારા તરફ આવે. નિયત દેશમાં ગમન-આગમન કરે. તથા નિષ્પન્ન કે નિષણ્ણ રહીને જેમ સમાધિ રહે તેમ ભુજા આદિને સંકોચે કે લાંબા કરે.

શા માટે ? તે બતાવે છે - શરીરની પ્રકૃતિના સાધારણ કારણથી અને કાયાના સાધારણપણાથી પીડા થતાં આયુષ્યના ઉપક્રમના પરિહારવડે પોતાની આયુની સ્થિતિ ક્ષય થવાથી મરણ થાય તેમને મહાસત્વપણાથી - શરીર પીડા થતાં ચિત્તમાં ખોટો ભાવ થાય [તે માટે]

શંકા - જેણે શરીરની સમસ્ત ચેષ્ટા રોકી છે, સૂકા લાકડા માફક અચેતન પડેલો છે, પ્રચુરપુન્ય સમૂહ એકઠો કર્યો છે, તે કાયા કેમ હલાવે ?

ઉત્તર - તેવો નિયમ નથી. શુદ્ધ અધ્યવસાયથી યથાશક્તિ ભાર વહન કરવા છતાં, તેની સમાન જ કર્મક્ષય છે. 'वा' શબ્દથી પાદપોપગમનમાં અચેતન માફક ઇંગિતમરણવાળો સક્રિય હોય તો પણ અક્રિય જ છે. અથવા અહીં પણ ઇંગિતમરણમાં અચેતનવત્ શુષ્ક કાષ્ઠવત્ સર્વ ક્રિયારહિત જેમ પાદપોપગમનવાળો હોય તેમ પોતે શક્તિ હોય તો નિશ્ચળ રહે.

[૨૫૫] એવું સામર્થ્ય ન હોય તો આ પ્રમાણે કરે - જો બેઠતા કે ન બેઠતા ગાત્રભંગ થાય તો ત્યાંથી ઉઠીને ફરે, સરળગતિએ નિયમિત ભાગમાં આવ-જા કરે અને થાકી જાય તો જેમ સમાધિ રહે તેમ બેસે કે ઉભો રહે. જો સ્થાનમાં ખેદ પામે તો બેસે કે પદ્માસને કે અર્ધપદ્માસને કે ઉત્કુટુક આસને બેસે અને થાકે તો સીધો બેસે. તેમાં પણ ઉંચું મોઢું રાખીને સુવે કે પડખું ફેરવે કે સીધો સુવે કે લગંડશાયી થાય. એ રીતે જેમ સમાધિ રહે તેમ કરે.

[૨૫૬] વળી, આ મરણ અપૂર્વ છે. તે સામાન્ય માણસને વિચારવું પણ દુર્લભ છે. તેવો મરણસાધક ઇન્દ્રિયોના પોતાના ઇષ્ટ અનિષ્ટ વિષયોથી રાગદ્વેષ ન કરતાં તેને સમ્યગ્ રીતે પ્રેરે. કોલા, ધુણ, કીડાનું સ્થાન તે કોલાવાસ કે ઉધઈનો સમૂહ ચોંટેલો જોઈને જે વસ્તુ હોય કે તેમાં નવી જીવાત ઉત્પન્ન ન થાય તેવું જોઈને ખુલ્લું

દેખાતું પોલાણ રહિત સ્થાન કે ફલક ટેકો લેવા માટે શોધે.

[૨૫૭] ઇંગિત મરણને આશ્રીને જે નિષેધ છે, તે કહે છે, આ અનુષ્ઠાનથી કે ટેકા વગેરેથી વજ્ર માફક ભારે કર્મ કે પાપથી દૂર રહે. તે ઘુણાવાળા લાકડાનો ટેકો વગેરે ન લે, તથા ઊંચી નીચી કાયાને કરતાં અથવા દુષ્પ્રણિહિત વચનયોગથી અને આર્ત્તધ્યાનાદિ મનોયોગથી પોતાના આત્માને દોષ લાગતો જાણીને તેનાથી દૂર રહે. અર્થાત્ પાપ ઉપાદાનરૂપ આત્માથી નિવર્તે-દૂર રહે.

તેમાં ધૈર્ય આદિ યુક્ત હોય તો શરીરની વૈયાવચ્ચ ન કરે. ચડતા શુભ ભાવના કંડકવાળો બની અપૂર્વ-અપૂર્વ ભાવ ધારાએ ચઢી સર્વજ્ઞ પ્રણીત આગમાનુસાર પદાર્થ સ્વરૂપ નિરૂપણમાં પોતાની મતિ સ્થિર કરીને આ શરીર આત્માથી જુદું છે, માટે તજવા યોગ્ય છે, એમ વિચારી બધાં દુઃખ સ્પર્શો તથા અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગ પરીષહોને તથા વાત, પિત્ત, કફના દ્વંદ્વ કે જુદા રોગો આવે તો મારે કર્મક્ષય કરવો હોવાથી મારે આ પૂર્વકૃત્ પાપ ભોગવવાં જોઈએ, એમ વિચારી દુઃખ સહે.

કેમકે મેં જે શરીરને ત્યાગ્યું છે, એને જ ઉપદ્રવ કરશે, પણ જે ધર્મઆચરણ કરવું છે તેને બાધા નહીં કરે, તેમ વિચારી દુઃખ સહે.

● **સૂત્ર-૨૫૮ થી ૨૬૩ :-**

***[૨૫૮] આ પાદપોપગમન અનશન ભક્તપરિજ્ઞા અને ઇંગિતમરણની અપેક્ષાએ વિશિષ્ટતર છે જે તેનું વિધિ સહ પાલન કરે છે, તે શરીરમાં તીવ્ર વેદના થવા છતાં પણ તે સ્થાનથી દૂર જતાં નથી.***

***[૨૫૯] પાદપોપગમન ઉત્તમધર્મ છે કેમકે પૂર્વોક્ત બંને મરણ કરતાં અધિક પ્રયત્નથી ગ્રાહ્ય છે. મુનિ નિર્દોષ ભૂમિને જોઈને પાદપોપગમનની વિધિનું પાલન કરે અને કોઈપણ અવસ્થામાં સ્થાનાંતર ન કરે.***

***[૨૬૦] નિર્જીવ સ્થાન અને પાટિયા આદિને પ્રાપ્ત કરી તેના પર મુનિ સ્થિત થાય. શરીરમમત્વનો સર્વથા ત્યાગ કરે અને વિચારે કે મારા શરીરમાં કોઈ પરીષહ નથી.***

***[૨૬૧] જાવજ્જીવ પરીષહ ઉપસર્ગો આવવાના જ. એમ જાણી, સંવૃત્ત શરીર ભેદને માટે પ્રાજ્ઞ ભિક્ષુ તેને સમભાવે સહન કરે.***

***[૨૬૨] મુનિ વિપુલ કામભોગને નશ્વર જાણી, તેમાં રાગ ન કરે. શાશ્વત મોક્ષને વિચારીને કોઈ પ્રકારે ઇચ્છા-નિદાન ન કરે.***

***[૨૬૩] આવા મુનિને કોઈ શાશ્વત વૈભવ માટે નિમંત્રણ કરે કે દિવ્ય માયા કરે, તો તેની શ્રદ્ધા ન કરે. તે મુનિ સમસ્તમાયાને દૂર કરીને સત્ય સ્વરૂપને સમજે.***

● **વિવેચન-૨૫૮ થી ૨૬૩ :-**

[૨૫૮] ઇંગિતમરણ અધિકાર કહ્યો. હવે પાદપોપગમન અનશન કહે છે - અનંતર કહેલ હોવાથી પહેલાં અહીં પ્રત્યક્ષ મરણ વિધિ કહે છે. તે 'આયતતર' છે. ફક્ત ભક્તપરિજ્ઞા નહીં ઇંગિતમરણ વિધિ કરતાં પણ આ આયતતર છે. - x - x



- અથવા ઉક્ત બંને કરતા અતિશય આત્ત છે, માટે આત્તતર અર્થાત્ પ્રયત્ન સાધ્ય છે. તે રીતે આ પાદપોપગમન મરણ વિધિ દૃઢતર છે. તેમાં પણ ઇંગિત મરણાનુસાર પ્રવ્રજ્યા, સંલેખનાદિ બધું જાણવું.

જો આ આયતતર છે તો શું કરવું ? તે કહે છે - જે ભિક્ષુ કહેલી વિધિએ જ પાદપોપગમન વિધિ પાળે તથા કાય વ્યાપાર છોડે કે મૂર્છા પામે કે મરણ સમુદ્ઘાત આવે કે શિયાળ, ગીધ આદિ લોહી-માંસ ખાય, તો પણ મહાસત્ત્વત્વથી, મહાફળ પ્રાપ્તિ જાણી; દ્રવ્ય અને ભાવથી તે સ્થાન વડે અને શુભ અધ્યવસાયથી ચલિત ન થાય.

[૨૫૯] વળી અંતઃકરણ નિષ્પન્ન હોવાથી આ પ્રત્યક્ષ ઉત્તમ મરણ વિધિ છે. તે પાદપોપગમન રૂપ મરણનો શ્રેષ્ઠ વિધિ છે. તેની ઉત્તમતાના કારણો દર્શાવે છે - x - x - ભક્ત પરિજ્ઞા અને ઇંગિતમરણરૂપ વિધિથી તે પ્રકર્ષે ગ્રાહ્ય છે. તેથી પાદપોપગમનને પ્રગૃહિતતર કહે છે. ઇંગિત મરણમાં જે કાય સ્પંદન છૂટ હતી, તે પણ અહીં નથી. જેમ ઝાડનું મૂળ જમીનમાં હોય તે બળાતું કે છેદાતું હોય તો પણ નિશ્ચેષ્ટ નિષ્ક્રિય રહે છે અને પડતું નથી. તેમ આવો સાધુ ચિલાતિપુત્ર માફક સ્થિર રહે છે, પણ પોતાના સ્થાનથી ખસતો નથી. એ જ હવે દર્શાવે છે—

અચિર સ્થાન તે સંથારાની ભૂમિ. તે પૂર્વોક્ત વિધિએ જોઈને તેમાં રહે. અહીં પાદપોપગમનના અધિકારથી 'વિહરણ'નો અર્થ વિધિપાલન કહ્યો. તેથી સ્થાનથી ખસે નહીં. બધાં ગાત્રના નિરોધમાં પણ સ્થિર રહે. આવો કોણ છે ? 'माहण' એટલે સાધુ. તે બેઠો હોય કે ઉભો હોય તો પણ શરીર કર્મ કર્યા વિના જેવી રીતે પહેલા કાયાને સ્થાપી હોય તેમ જ અચેતન માફક રહે, પણ ચાલે નહીં.

આ જ વાતને બીજી રીતે દર્શાવે છે—

[૨૬૦] અચેતન અર્થાત્ જીવરહિત. તેવી સંથારા ભૂમિ કે પાટીયું આદિ મેળવીને સમર્થ પુરુષ તેને કે કોઈ કાષ્ઠના ટેકે પોતાને સ્થાપે. પછી ચાર પ્રકારનો આહાર ત્યાગીને મેરુ પર્વત માફક નિષ્પ્રકંપ રહે. આલોચનાદિ કરી, ગુરુની આજ્ઞાપૂર્વક શરીરનો ત્યાગ કરે. - x - જો તેને કોઈ પરીષહ ઉપસર્ગ થાય તો ભાવના ભાવે કે, આ પરીષહ મારા દેહને થતાં નથી, કેમકે મેં દેહત્યાગ કર્યો છે. - x -

અથવા મારા દેહને પરીષહો નથી. કેમકે સારી રીતે સહેવાથી તે સંબંધી પીડાના ઉદ્વેગનો અભાવ છે. તેથી પરીષહોને કર્મશત્રુના જયમાં સહાયક માની તેને અપરીષહરૂપ જ ગણે.

[૨૬૧] આ પરીષહો ક્યાં સુધી સહેવા ? આખી જીંદગી સુધી આ પરીષહ-ઉપસર્ગો સહેવા. એમ જાણીને સહે અથવા મને જાવજ્જીવ પરીષહ-ઉપસર્ગ નથી એમ જાણીને સહે. અથવા જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી પરીષહ-ઉપસર્ગ પીડા છે, પછી ક્યાં છે ? મારે આ અવસ્થામાં ક્ષણવાર રહેવાનું હોવાથી આ પીડા અલ્પ માત્ર છે, તેમ જાણીને કાયાને બરાબર સંવરીને શરીર ત્યાગ માટે હું તૈયાર થયેલો છું, તેમ માનીને ઉચિત વિધાન વેદી મુનિ કાય-પીડાદાયી કષ્ટ સહન કરે.

[૨૬૨] આવા સાધુને જોઈને કોઈ રાજાદિ ભોગ માટે નિમંત્રણા કરે તે બતાવે

છે – શબ્દાદિ કામગુણો ભેદનશીલ છે, તે વિપુલ પ્રમાણમાં હોય તો પણ તેમાં રાગ ન કરે. - x - x - કદાચ રાજા પોતાની કન્યાનું દાન આદિ આપી લોભાવે, તો પણ તેમાં ગૃદ્ધ ન થાય. તથા ઇચ્છારૂપ લોભથી ચક્રવર્તી કે ઇન્દ્રત્વની અભિલાષારૂપ નિદાન વિશેષ પણ આ નિર્જરાપ્રેક્ષી મુનિ ન કરે. અર્થાત્ દેવ સમાન ચક્રવર્તીની ઋદ્ધિ જોઈને બ્રહ્મદત્ત માફક નિદાન ન કરે. આગમમાં પણ કહ્યું છે કે, આલોકની, પરલોકની, જીવિતની, મરણની, કામભોગની આશંસાથી તપ ન કરે.

વર્ણ એટલે સંયમ કે મોક્ષ. તે દુઃખે કરીને જણાય છે. અથવા પાઠાંતરથી 'ધ્રુવવન્ન' છે. ધ્રુવ એટલે અવ્યભિચારી. અથવા શાશ્વતી યશોકીર્તિ. તેને વિચારીને કામેચ્છા લોભને દૂર કરે.

[૨૬૩] વળી યાવજ્જીવ ક્ષય ન થવાથી અથવા પ્રતિદિન દેવાથી શાશ્વત અર્થ છે તેવા વૈભવ વડે કોઈ નિમંત્રણ આપે તો વિચારવું કે શરીરને માટે ધન ભેગું કરાય છે. પણ તે શરીર જ નાશવંત છે. [માટે ધન નકામું છે]. તથા દૈવી માયામાં શ્રદ્ધા ન કરવી. જો કોઈ દેવ પરીક્ષા માટે, શત્રુપણાથી, ભક્તિથી કે કૌતુક આદિથી વિવિધ ઋદ્ધિ બતાવી લલચાવે તો પણ તેને દેવમાયા જાણી શ્રદ્ધા ન કરે.

તેને તારે દેવમાયા જાણવી. અન્યથા આ પુરુષ એકદમ ક્યાંથી આવે ? આટલું બધું દુર્લભ દ્રવ્ય ! આવા ક્ષેત્ર, કાળ, ભાવે કોણ આપે ? - x - તથા કોઈ દેવી દિવ્યરૂપ કરીને લલચાવે તો પણ તેને જાણીને [ન લલચાય]. હે સાધુ ! તું આ બધી માયા કે કર્મબંધને જાણીને તેમાં ફસાતો નહીં - x - વળી–

● **સૂત્ર-૨૬૪ :-**

***સર્વ અર્થમાં મૂર્છિત ન થઈ, તે મુનિ જીવનની પાર પહોંચે છે. સહિષ્ણુતાને સર્વોત્તમ સમજી, ઉક્ત ત્રણ પંડિતમરણમાંથી કોઈ એકને હિતકર જાણી સ્વીકાર. તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

'સર્વ અર્થ' એટલે પાંચ પ્રકારના કામગુણો, તેના સંપાદક અથવા દ્રવ્યસમૂહ. તેમાં કે તેથી મૂર્છા ન પામતો આયુ પહોંચે ત્યાં સુધી સ્થિર રહે – આયુષ્ય પુદ્ગલોનો ક્ષય થાય ત્યાં સુધી રહે તે પારગ છે. તે યથોક્ત વિધિએ પાદપોપગમન અનશનમાં રહીને ચઢતા શુભભાવે પોતાના આયુકાળનો અંત કરે. આ પાદપોપગમન વિધિ સમાપ્ત કરતા ત્રણે મરણોના કાળ, ક્ષેત્ર, પુરુષ, અવસ્થાને વિચારીને યોગ્યતા પ્રમાણે કરે તે છેલ્લા બે પદમાં બતાવ્યું. પરીષહ-ઉપસર્ગજનિત દુઃખ વિશેષે સહે. તે ત્રણેમાં મુખ્ય જાણી મોહરહિત - x - x - થાય. - x - x -

**અધ્યયન-૮ ''વિમોક્ષ'' ઉદ્દેશો-૮ ''અનશનમરણ''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

નય વિચાર આદિ થોડું કહેવાયું છે. હવે કહેવાનારને જણાવે છે.



## 卐 અધ્યયન-૯ ''ઉપધાન શ્રુત'' 卐

● **ભૂમિકા :-**

આઠમું અધ્યયન કહ્યું. હવે નવમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે – પૂર્વે આઠ અધ્યયનોમાં જે અર્થ કહેવાયો તે તીર્થંકર વીર વર્ધમાનસ્વામીએ પોતે આચરેલો છે, તે નવમાં અધ્યયનમાં બતાવે છે. આઠમાં અધ્યયન સાથેનો તેનો સંબંધ આ પ્રમાણે – અભ્યુદ્યત મરણ ત્રણ પ્રકારે બતાવ્યું. તેમાં કોઈપણમાં રહેલો સાધુ અધ્યયન-૮-માં બતાવેલ વિધિએ અતિ ઘોર પરીષહ-ઉપસર્ગ સહન કરીને - x - ચાર ઘાતિકર્મનો નાશ કરી અનંત-અતિશય - x - સ્વ પર પ્રકાશક કેવળજ્ઞાન મેળવનાર ભગવંત વર્ધમાનસ્વામીને સમોસરણમાં બેઠેલા અને સત્વોના હિત માટે ધર્મદેશના કરતા હોય તેમ ધ્યાવે. તે માટે આ અધ્યયન કહે છે. આ સંબંધે આવેલા અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમ દ્વારમાં અધ્યયન અને ઉદ્દેશાનો અર્થાધિકાર છે. જેમાં અધ્યયન અર્થાધિકાર - x - અહીં બતાવે છે.

[નિ.૨૭૬] જ્યારે જે તીર્થંકર ઉત્પન્ન થાય છે, તે પોતાના તીર્થમાં આચારનો વિષય કહેવા છેલ્લા અધ્યયનમાં પોતે કરેલા તપનું વર્ણન કરે. એ બધાં તીર્થંકરોનો કલ્પ છે. અહીં ઉપધાન શ્રુત નામે છેલ્લું અધ્યયન છે. તેથી તેને ''ઉપધાન શ્રુત'' કહે છે.'' બધાં તીર્થંકરોને કેવલજ્ઞાન માફક તપ અનુષ્ઠાન સમાન છે કે ઓછું-વધતું ? તે શંકાનું નિવારણ કરવા કહે છે–

[નિ.૨૭૭ થી ૨૭૯] બધાં તીર્થંકરોનો તપ નિરુપસર્ગ કહ્યો છે. પણ વર્ધમાન સ્વામીનો તપ ઉપસર્ગ સહિત જાણવો. તીર્થંકર દીક્ષાથી ચાર જ્ઞાનવાળા થાય, દેવપૂજિત અને નિશ્ચયે મોક્ષગામી છે. તો પણ બલ, વીર્ય ગોપવ્યા વિના તપવિધાનમાં ઉદ્યમ કરે છે. તો બીજા સુવિહિત સાધુ મનુષ્યપણાને સોપક્રમ જાણ્યા પછી તપમાં યથાશક્તિ ઉદ્યમ કેમ ન કરે ?

અધ્યયન અર્થાધિકાર કહ્યો હવે ઉદ્દેશાનો અર્થાધિકાર કહે છે–

[નિ.૨૮૦] ૧-'ચર્યા'- ચરણ-ચરાય તે. વર્ધમાનસ્વામીનો વિહાર અહીં ઉદ્દેશા-૧-નો અર્થાધિકાર છે. ૨-'શય્યા'-ઉદ્દેશા-૨-માં શય્યા એટલે વસતિનું વર્ણન જે રીતે ભગવંત મહાવીર રહ્યા તે છે. ઉદ્દેશા-૩-માં 'પરીષહ' વર્ણન છે. માર્ગથી ભ્રષ્ટ ન થતાં સાધુએ નિર્જરાર્થે પરીષહોને સહન કરવા. તે માટે વર્ધમાનસ્વામીને થયેલા અનુકૂળ-પ્રતિકૂળ પરીષહોને અત્રે બતાવ્યા છે. ઉદ્દેશા-૪માં ભૂખની પીડામાં વિશિષ્ટ અભિગ્રહની પ્રાપ્તિમાં આહાર વડે ચિકિત્સા બતાવી અને તપચરણનો અધિકાર ચારેમાં છે.

નિક્ષેપો ત્રણ પ્રકારે – ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન. તેમાં ઓઘમાં અધ્યયન, નામમાં ઉપધાન શ્રુત છે. ઉપધાન અને શ્રુત દ્વિપદ નામ છે, તેમાં ઉપધાનના નિક્ષેપને કહે છે–

[નિ.૨૧૮] નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ઉપધાનના ચાર નિક્ષેપા છે, શ્રુતના પણ આ ચાર જ છે. તેમાં દ્રવ્યશ્રુત ઉપયોગરહિત છે અથવા દ્રવ્ય માટેનું કે

જૈનેતરનું શ્રુત તે દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત તે અંગ ઉપાંગમાં રહેલા શ્રુતમાં ઉપયોગ હોવો તે.

હવે નામ સ્થાપનાને છોડીને દ્રવ્યાદિ ઉપધાન બતાવે છે—

[નિ.૨૮૨] સમીપમાં રહીને કરાય તે ઉપધાન. દ્રવ્યસંબંધી હોય તે દ્રવ્ય ઉપધાન. જેમકે પથારીમાં સુખે સુવા માટે ટેકા લેવાનું ઓશીકું તે દ્રવ્ય ઉપધાન છે. ભાવ ઉપધાન તે જ્ઞાન, દર્શન, ચારિત્ર કે બાહ્ય અભ્યંતર તપ છે. કેમકે તેના વડે ચારિત્ર પરિણત ભાવવાળાને ઉપષ્ટંભન કરાય છે. તેથી અહીં જ્ઞાનાદિ ચારેનો અધિકાર છે.

ચારિત્રના આધાર માટે તપનું ભાવ ઉપધાન શા માટે કહે છે ?

[નિ.૨૮૩] - x - જેમ મેલું વસ્ત્ર પાણી વગેરેથી શુદ્ધ કરાય છે, તેમ જીવને પણ ભાવ ઉપધાનરૂપ બાહ્ય અભ્યંતર તપ વડે આઠે કર્મથી શુદ્ધ કરાય છે. અહીં કર્મક્ષયના હેતુ માટે ઉપધાન શ્રુતત્વથી તપનું ગ્રહણ કરેલ છે. તેના પર્યાયો જણાવે છે અથવા તપ અનુષ્ઠાન વડે અવધૂનનાદિ કર્મ ઓછા થવાના ઉપાય વિશેષને કહે છે—

[નિ.૨૮૪] તેમાં 'અવધૂનન' તે અપૂર્વકરણ વડે કર્મગ્રંથિના ભેદનું ઉપાદાન જાણવું. તે તપના કોઈપણ ભેદના સામર્થ્યથી આ ક્રિયા થાય છે. - x - 'ધૂનન' તે ભિન્ન ગ્રંથિવાળાને અનિવૃત્તિકરણ વડે સમ્યક્ત્વમાં રહેવું. 'નાશન' એટલે સ્તિબુક સંક્રમણ વડે એક કર્મપ્રકૃતિનું બીજી પ્રકૃતિમાં સંક્રમણ થવું. 'વિનાશન' એટલે શૈલેશી અવસ્થામાં સમસ્તપણે કર્મનો અભાવ કરવો. 'ધ્યાપન' એટલે ઉપશમ શ્રેણિમાં કર્મનું ઉદયમાં ન આવવું. 'ક્ષપણ' તે અપ્રત્યાખ્યાનાદિ ક્રમ વડે ક્ષપકશ્રેણિમાં મોહાદિનો અભાવ કરવો. 'શુદ્ધિ કર'. તે અનંતાનુબંધીના ક્ષય વડે ક્ષાયિક સમ્યકત્વ મેળવવું.

'છેદન' તે ઉત્તરોત્તર શુભ અધ્યવસાયમાં ચડીને 'સ્થિતિ' ઘટાડવી. 'ભેદન' તે બાદર સંપરાય અવસ્થામાં સંજ્વલન લોભના ખંડ ખંડ કરવા. 'ફેડણ'-તે ચોઠાણીયા રસવાળી અશુભ પ્રકૃતિને ત્રણ રસવાળી આદિ બનાવવી. 'દહન'-તે કેવલી સમુદ્ઘાત રૂપ ધ્યાન અગ્નિ વડે વેદનીય કર્મને ભસ્મ કરવું અને બાકીના કર્મને દોરડા માફક બનાવવું. 'ધાવન' તે શુભ અધ્યવસાયથી મિથ્યાત્વ પુદ્ગલોને સમ્યકત્વભાવે બનાવવા.

આ બધી કર્મ અવસ્થાઓ પ્રાયઃ ઉપશમ-ક્ષપક શ્રેણિ, કેવલિ સમુદ્ઘાત આદિના પ્રગટ કરવાથી પ્રગટ થાય છે. તે માટે તેનો આરંભ થાય છે. તેમાં ઉપશમશ્રેણિમાં પ્રથમ જ અનંતાનુબંધીની ઉપશમના કહેવાય છે. - x - તેમાં દર્શન સપ્તક એક વડે ઉપશમાય છે, તે કહે છે—

*[આ અને હવેનું વર્ણન કર્મગ્રંથ આધારિત હોઈ અહીં સંક્ષેપમાં કહેલ છે, જિજ્ઞાસુઓએ વૃત્તિ જોઈ, તેના વિશેષ જ્ઞાતા પાસેથી સમજવું.]*

ઉપરની ત્રણ લેશ્યા વિશુદ્ધ હોવાથી સાકાર ઉપયોગવાળો - x - અશુભ પ્રકૃતિને ઘટાડે છે અને શુભ પ્રકૃતિની વૃદ્ધિ કરે છે.



પ્રત્યેક અંતર્મુહૂર્ત્તના એવા ત્રણ કરણ કરે છે - યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ. - x - યથા પ્રવૃત્તકરણમાં દરેક સમયે અનંતગુણ વૃદ્ધિવાળી વિશુદ્ધિને અનુભવે છે. - x - અપૂર્વકરણમાં અપૂર્વ ક્રિયાને મેળવે છે. તેમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ, સ્થિતિબંધ એ પાંચે અધિકાર પૂર્વે ન હતા તે હવે છે, માટે અપૂર્વકરણ કહેવાય. પછી અનિવૃત્તિકરણ કરે. આ ત્રણ કરણ વડે અનંતાનુબંધી કષાયોને ઉપશમાવે.

ઉપશમ - અનિવૃત્તિકરણ વડે કર્મરજ શાંત થઈ જાય તે ઉપશમ. તે વખતે ઉદય, ઉદીરણા, સંક્રમ, નિધત્ત, નિકાચનારૂપ કરણ થતા નથી. તેમાં પ્રથમ સમયે થોડાં કર્મદલિકો ઉપશાંત થાય, પછી અંતર્મુહૂર્ત્તમાં વધતા ક્રમે બધું ઉપશાંત થાય. બીજા આચાર્યો આ વિષયમાં અનંતાનુબંધીની વિસંયોજના બતાવે છે.

*[જે મૂળ વૃત્તિથી જાણવી.]*

હવે દર્શનત્રિકની ઉપશમના કહે છે, તેમાં મિથ્યાત્વનો ઉપશમક મિથ્યાદૃષ્ટિ છે અથવા વેદક સમ્યગ્દૃષ્ટિ છે. પણ સમ્યક્ત્વ કે સમ્યગ મિથ્યાત્વનો વેદક તે જ ઉપશમક છે. મિથ્યાત્વનો ઉપશમ કરતો ઉપશાંત મિથ્યાત્વી અને ઉપશમ સમ્યગ્દૃષ્ટિ થાય છે ઇત્યાદિ. - x - x - *[હવે વૃત્તિમાં કરાયેલ સંપૂર્ણ વર્ણન કર્મગ્રંથ કે કર્મપ્રકૃતિના અભ્યાસી પાસે સમજવું સલાહભર્યુ છે. માત્ર ગુજરાતી અનુવાદથી પર્યાપ્ત અર્થ નહીં સમજાય માટે તે સમગ્ર અનુવાદ અહીં નોંધેલ નથી.]* - x - એ રીતે અનુક્રમે ઉપશાંત વીતરાગ થયા છે. - x - ત્યાંથી તે પડે છે.

એ રીતે - x - ઉપશમ શ્રેણિનું વર્ણન કર્યું. હવે ક્ષપકશ્રેણિને કહે છે. ક્ષપકશ્રેણિ આરંભક પહેલા ત્રણ કરણપૂર્વક અનંતાનુબંધી કષાયોને દૂર કરે છે. પછી મિથ્યાત્વને અને સમ્યગ્ મિથ્યાત્વને પણ ખપાવે છે. એ રીતે અનુક્રમે - x - ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ થાય છે. અપ્રમત્તગુણસ્થાન સુધી આ સાત પ્રકૃત્તિ ખપાવે છે. પછી જેને આયુષ્યનો બંધ થયો નથી તે કષાય અષ્ટકને ખપાવવા ત્રણ કરણ આરંભે છે. - x - આઠે કષાયોનો ક્ષય થાય છે. *[જો કે અહીં બે આચાર્યોના ભિન્ન ભિન્ન મત છે.]*

મોહનીય કર્મપ્રકૃત્તિ ખપાવ્યા બાદ જ્ઞાનવરણીયની, દર્શનાવરણીયની તથા યશકીર્તિ, ઉચ્ચગોત્ર મળી ૧૬ પ્રકૃત્તિનો બંધ વ્યવચ્છેદ કરે છે. પછી ક્ષીણ મોહી બનીને અંતર્મુહૂર્ત્તના અંતના છેલ્લા સમયમાં બાકી પ્રકૃતિ ખપાવીને - x - કેવળી બને છે. માત્ર સાતાવેદનીય કર્મને સયોગી ગુણસ્થાન સુધી બાંધે છે. જ્યારે અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહે ત્યારે કેવલી ભગવંતો વેદનીય કર્મ ઘણું વધુ બાકી છે તેમ જાણે તો તે બંનેની સ્થિતિ સમાન કરવા કેવલીસમુદ્ઘાત કરે છે.

કેવળી સમુદ્ઘાતનું વર્ણન [સંક્ષેપમાં] - પહેલા સમયે ઉંચે-નીચે (આત્મપ્રદેશને) દંડ આકારે ફેલાવે. બીજા સમયે તીર્છી દિશામાં લોકાંત પુરવા માટે કપાટ બનાવે. ત્રીજા સમયે ખૂણાઓ પૂરવા મન્થાન બનાવે, ચોથા સમયે આંતરા પુરવા નિષ્કુટ બનાવે. પછી ચાર સમયમાં ઉલટા ક્રમે આ યોગ વેપારને સંકેલે. પછી યોગ નિરોધ કરે.

યોગ નિરોધનું વર્ણન [સંક્ષેપમાં] - પહેલા બાદર મનોયોગને રોકે, પછી

બાદર વચનયોગ, પછી બાદર કાયયોગને રોકે. પછી સૂક્ષ્મ મનોયોગ અને સૂક્ષ્મ વચનયોગને રોકે. પછી સૂક્ષ્મકાય યોગને રોકતો અપ્રતિપાતિ નામક શુક્લધ્યાનના ત્રીજા ભેદને આરોહે અને એ રીતે છેલ્લે અનિવૃત્તિ નામના શુક્લધ્યાનના ચોથા પાયાને આરોહે. એ રીતે અયોગી કેવલી ભાવને પામે. ક્રમશઃ શેષ કર્મપ્રકૃતિઓને ખપાવે. *[કઈ કર્મપ્રકૃતિ કયા ક્રમે ખપાવે તે જાણવા વૃત્તિ જોવી અને વૃત્તિના અર્થને કર્મપ્રકૃતિના જાણકાર પાસે સમજવો હિતાવહ છે].* એ રીતે સંપૂર્ણ કર્મ ક્ષય કર્યા પછી શીઘ્રતાથી અસ્પર્શ ગતિએ એકાંતિક, આત્યંતિક, અનાબાધ લક્ષણવાળા સુખને અનુભવતો સિદ્ધિ સ્થાનમાં પહોંચે.

હવે ઉપસંહાર કરતા - x - બીજા જીવોને બતાવે છે કે—

[નિ.૨૮૪] આ પ્રમાણે ઉક્ત વિધિએ જ્ઞાનાદિ ભાવઉપધાન કે તપને વીર વર્ધમાનસ્વામીએ સ્વયં આદર્યો છે, તે બીજા પણ મુમુક્ષુ આદરે. એ પ્રમાણે ગાથાર્થ જાણવો.

## ૐ અધ્યયન-૯ ઉદ્દેશો-૧ "ચર્યા" ૐ

૦ હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહેવું જોઈએ. તે આ પ્રમાણે—

● **સૂત્ર-૨૬૫ :-**

***જે રીતે શ્રમણ ભગવન્ કર્મક્ષય માટે તૈયાર થયા. વસ્તુ સ્વરૂપ જાણી હેમંતઋતુમાં દીક્ષા લઈ તત્કાળ વિહાર કર્યો; એ સર્વ વૃત્તાંત મેં જેવું સાંભળેલ છે, તે તમને કહીશ.***

● **વિવેચન :-**

જંબૂસ્વામીએ પૂછતા આર્ય સુધર્માસ્વામી કહે છે, શ્રુત કે સૂત્ર મુજબ હું કહીશ. તે આ પ્રમાણે — તે શ્રમણ ભગવંત વીર વર્ધમાન સ્વામી ઉધત વિહાર સ્વીકારી, સર્વ અલંકાર ત્યાગ કરી, પંચમુષ્ટી લોચ કરી, ઇન્દ્રે મૂકેલ એક દેવદૂષ્ય ધારણ કરી, સામાયિકની પ્રતિજ્ઞા કરી, મનઃપર્યવજ્ઞાની થઈ આઠ પ્રકારના કર્મ ખપાવવા અને તીર્થ પ્રવર્તાવવા માટે તૈયાર થઈને; તત્વ જાણીને હેમંતઋતુમાં માગસર વદ-૧૦ના પશ્ચિમ દિશામાં સૂર્ય જતા [પાછલા પ્રહરે] દીક્ષા લઈને વિહાર કર્યો. કુંડગ્રામથી અન્તર્મુહૂર્ત્ત શેષ દિવસ રહેતા કર્મારગામે ભગવંત આવ્યા. પછી—

અનેક પ્રકારના અભિગ્રહ ધારણ કરીને ઘોર પરીષહ-ઉપસર્ગ સહન કરીને મહાસત્વપણે મ્લેચ્છોને પણ શાંતિ પમાડતા બાર વર્ષથી કંઈક વધુ છદ્મસ્થપણે મૌનવ્રતી થઈ તપ આદર્યો. - અહીં સામાયિક વ્રત ઉચ્ચરતા જ ઇન્દ્રે ભગવંત ઉપર દેવદૂષ્ય મૂક્યું. તેથી ભગવંતે પણ નિઃસંગ અભિપ્રાય વડે જ ધર્મોપકરણ વિના બીજા મુમુક્ષુથી ધર્મ થવો અશક્ય છે એ કારણે મધ્યસ્થવૃત્તિથી તે વસ્ત્ર ધારણ કર્યું. પણ તેના ઉપભોગની ઇચ્છાથી નહીં. આ જ વાત બતાવવા કહે છે—

● **સૂત્ર-૨૬૬ થી ૨૬૮ :-**

***[૨૬૬-] ભગવંતે એવું ન વિચાર્યું કે, હું હેમંતઋતુમાં આ વસ્ત્રથી શરીરને ઢાંકીશ. કેમકે ભગવંત જીવનપર્યંત પરીષહોને સહન કરનારા હતા.***



***ભગવંતનું [વસ્ત્ર ધારણ કરવું] તે તેમની અનુધર્મિતા જ હતી.***

***[૨૬૭-] દીક્ષા અવસરે ભગવંતને શરીરે લગાડાયેલ સુગંધી દ્રવ્યોને કારણે ભ્રમર આદિ આવીને તેમના શરીર પર ચઢી જતાં, ફરતા અને ડંખ મારતા હતા. આ ક્રમ ચાર માસ કરતા વધુ સમય ચાલ્યો.***

***[૨૬૮-] એક વર્ષ અને સાધિક એક માસ ભગવંતે વસ્ત્રનો ત્યાગ ન કર્યો. પછી વસ્ત્ર છોડીને તે અણગાર સર્વથા અચેલક થઈ ગયા.***

● **વિવેચન-૨૬૬ થી ૨૬૮ :-**

[૨૬૬-] ભગવંતે વિચારેલ કે, ઇન્દ્રે આપેલ આ વસ્ત્ર વડે મારા શરીરને ઢાંકીશ નહીં, શિયાળામાં તે વસ્ત્ર વડે શરીરનું રક્ષણ નહીં કરું કે લજ્જા માટે વસ્ત્ર ધારણ નહીં કરું. તે ભગવંત કેવા છે ? તે કહે છે—

તે ભગવંત પ્રતિજ્ઞાને પૂરી કરે છે અથવા પરીષહો કે સંસારનો પાર પામે છે. કેટલો કાળ ? જીવનપર્યન્ત. વસ્ત્ર શા માટે રાખે છે ? તે વસ્ત્ર ધારણ કરવાથી એમ બતાવ્યું કે - તે અનુધર્મીપણું છે. બીજા તીર્થંકરોએ તે આચરણા કરી છે. આગમમાં પણ કહ્યું છે કે—

પૂર્વે જે અનંતા તીર્થંકરો થયા, જેઓ હાલ છે અને ભાવિમાં થશે તે દીક્ષા લઈને ઉપધિવાળો ધર્મ શિષ્યને બતાવવો એ ધર્મનો માર્ગ છે એમ જાણી એક દેવદૂષ્ય સ્વીકારી દીક્ષા લેતા, દીક્ષા લે છે, દીક્ષા લેશે.

વળી કહ્યું છે કે, વસ્ત્રસહિત ધર્મના વિશેષપણાથી બીજા તીર્થંકરોએ શિષ્યના વિશ્વાસ માટે વસ્ત્ર ધારણ કર્યું છે, લજ્જાને માટે નહીં.

ભગવંતે દીક્ષા લીધી ત્યારે દેવતાએ સુગંધીનું વિલેપન કરેલું. તેની સુગંધથી ખેંચાઈને આવેલા ભમરાદિ જે પીડા આપી તે કહે છે—

[૨૬૭-] ચાર માસથી પણ અધિક સમય ભમરા આદિ ઘણાં પ્રાણીઓ આવીને શરીર પર ચડી ડંખ મારતા હતા અને માંસ લોહીના અર્થી બનીને કરડીને આમ-તેમ દુઃખ દેતા હતા. તે દેવદૂષ્ય ક્યાં સુધી રહ્યું ?

[૨૬૮-] ઇન્દ્રે આપેલ વસ્ત્ર તેર માસથી વધુ સમય ભગવંત તે વસ્ત્ર યુક્ત રહ્યા. તેનો ત્યાગ ન કર્યો. પછી વસ્ત્રનો ત્યાગ કરી, વોસિરાવીને તે અણગાર ભગવંત અચેલક રહ્યા. તે સુવર્ણવાલુકા નદીના પૂરમાં આવેલ કાંટામાં ભરાયુ અને બ્રાહ્મણે ગ્રહણ કર્યું. વળી—

● **સૂત્ર-૨૬૯ થી ૨૭૧ :-**

***[૨૬૯-] ભગવંત પૌરુષી અર્થાત્ આત્મ પ્રમાણથી તિર્યગ્ ભિત્તિએ માર્ગને ઉપયોગપૂર્વક જોતા ચાલતા હતા. આ રીતે તેમને ગમન કરતા જોઈને ભયભીત બનેલા બાળકો મારો મારો કહી કોલાહલ કરતા.***

***[૨૭૦-] ગૃહસ્થના સંસર્ગવાળા સ્થાનમાં રહેતા ત્યારે કામવિહ્વળ સ્ત્રીઓ ભોગની પ્રાર્થના કરતી. પણ ભગવંત તેને કલ્યાણ માર્ગમાં વિઘ્ન કરનાર જાણી, મૈથુન સેવન ન કરતા. આત્મામાં લીન બની ધ્યાન કરતા.***

*[૨૭૧-] ભગવંત ગૃહસ્થયુક્ત સ્થાને જાય તો તેનો સંપર્ક છોડીને ધ્યાનમાં જ લીન રહેતા હતા. કોઈ પૂછે તો પણ બોલતા નહીં. પોતાના માર્ગે ચાલતા. એ રીતે સરળ ચિત્તવાળા ભગવંત મોક્ષમાર્ગ ન ઉલ્લંઘતા.*

● વિવેચન :-

[૨૬૯-] પછી પુરુષ પ્રમાણ પૌરુષી અર્થાત્ આત્મપ્રમાણ માર્ગે જતાં ઇર્યા સમિત થઈ જાય. અહીં ધ્યાન એટલે ઇર્યાસમિતિપૂર્વક ચાલવું તે.

તે માર્ગ કેવો છે ? તિર્યગ્ ભિત્તિ એટલે ગાડાની ધુંસરી પ્રમાણે આગળ સાંકડો, આગળ જતાં પહોળો. કેવી રીતે જુએ છે ? આંખો વડે બરાબર ધ્યાન રાખીને જુએ. તેમને એ રીતે જતાં જોઈને કોઈ વખત બાળક, કુમાર આદિ ઉપસર્ગ કરે તે બતાવે છે — અહીં 'ચક્ષુ' શબ્દ દર્શનનો પર્યાય છે. તે દર્શન વડે જ ડરેલા એકઠા થયેલા ઘણાં બાળક આદિ ધૂળની મુઠી વગેરેથી હણી હણીને ચાળા પાડવા લાગ્યા. બીજા બાળકોને બોલાવીને કહ્યું, જુઓ આ નાગો મુંડીયો છે. આ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? એમ કોલાહલ કરે.

[૨૭૦-] વળી જેમાં સુવાય તે શયન-વસતિ. તેમાં કોઈ નિમિત્તથી ભેગા મળેલા ગૃહસ્થ કે અન્યદર્શની હોય, તે સ્થાને તેમને કોઈ સ્ત્રીઓ પ્રાર્થના કરે, ત્યારે તેને શુભ માર્ગમાં ભુંગળ સમાન જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગી મૈથુન ન સેવે શૂન્યગૃહમાં હોય ત્યારે ભાવ મૈથુન ન સેવે. આ પ્રમાણે તે ભગવંત પોતાના આત્મા વડે વૈરાગ્ય માર્ગે આત્માને દોરીને ધર્મધ્યાન કે શુક્લધ્યાન ધ્યાવે. તથા—

[૨૭૧-] જે કોઈ ઘરમાં રહે તે 'ગૃહસ્થો' છે. તેઓ સાથે કારણે ભેગા થતાં દ્રવ્યથી અને ભાવથી મિશ્ર ભાવ છોડીને તે ભગવંત ધર્મધ્યાન ધ્યાવે. તથા કોઈ નિમિત્તથી ગૃહસ્થ પૂછે કે ન પૂછે તેઓ ન બોલે. તેઓ પોતાના કાર્ય માટે જ જાય છે. તેઓ બોલાવે તો પણ ભગવંત મોક્ષ પથ કે પોતાના ધ્યાનને છોડતા નથી. તેઓ સંયમ અનુષ્ઠાનમાં વર્તતા હોવાથી ઋજુ છે. નાગાર્જુનીયા કહે છે, કોઈ ગૃહસ્થ પૂછે કે ન પૂછે, ભગવંત પોતે પાપમાં સંમતિ આપતા નથી. વળી—

● સૂત્ર-૨૭૨ થી ૨૭૪ :-

*[૨૭૨-] ભગવંત અભિવાદન કરનારને આશીર્વચન કહેતા ન હતા અને પુણ્યહીન લોકો દંડથી મારે કે વાળ ખેંચે તો તેમને શાપ આપતા ન હતા, પણ મૌન ધારણ કરીને રહેતા હતા.*

*[૨૭૩-] ભગવંત દુઃસહ કઠોર શબ્દાદિની પરવા ન કરતાં સંયમમાં પરાક્રમ કરતા હતા. તેમને કથા, નૃત્ય, ગીત, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ આદિમાં કંઈ આશ્ચર્ય કે કુતૂહલ થતું ન હતું.*

*[૨૭૪-] કોઈ વખતે પરસ્પર કામાદિ કથાઓમાં લીન લોકોને જોઈને જ્ઞાતપુત્ર મહાવીર હર્ષ કે શોક ન કરતા મધ્યમ ભાવમાં રહેતા. અનુકૂળ-પ્રતિકૂળ ભયંકર પરીષહ-ઉપસર્ગનું સ્મરણ ન કરી સંયમમાં વિચરતા.*



● વિવેચન-૨૭૨ થી ૨૭૪ :-

[૨૭૨-] હવે કહેવાતી વાત બીજાઓને સુકર નથી. સાધારણ પુરુષો માટે સરળ નથી. છતાં ભગવંતે કેમ આચર્યું ? તે બતાવે છે — કોઈ અભિવાદન કરે તો પણ કંઈ બોલતા નહીં. અભિવાદન ન કરનાર પર કોપતા નહીં અને પ્રતિકૂળ ઉપસર્ગ કરનાર પર વિરૂપ ભાવ ધરતા નહીં. જેમકે — અનાર્યદેશમાં વિચર્યા ત્યારે ભગવંતને તે અનાર્ય પાપીઓએ દંડા વડે માર્યા. વાળ ખેંચી દુઃખી કર્યા [તો પણ સમભાવમાં રહ્યા.] વળી—

[૨૭૩-] બીજા પાપીઓ કઠોર વચન વડે દુઃખ દેતા, તેને ગણકાર્યા વિના ભગવંત જગતના સ્વભાવને જાણીને, ચારિત્રમાં પરાક્રમ બતાવી સમ્યક્ રીતે સહન કરતા, આખ્યાત, ગીત, નૃત્યને કૌતુક માનતા નહીં, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ સાંભળીને વિસ્મયયુક્ત કે ઉત્સુક થતા ન હતા. -તથા-

[૨૭૪-] કોઈ પરસ્પર કથા કરતા હોય કે કદાગ્રહી હોય બે સ્ત્રી બીજાની કથામાં ગૃદ્ધ હોય, તે અવસરે ભગવંત મહાવીર હર્ષ છોડીને તે બધાની કથામાં મધ્યસ્થ રહીને જોતા. આ તથા બીજા અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ ઉપસર્ગો થતાં સહન ન થાય તેવા અતિશય દુઃખો આવે તો પણ તેને ન ગણતાં સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરતા. જ્ઞાત ક્ષત્રિયના પુત્ર વીર વર્ધમાનસ્વામી ભગવંત આ દુઃખોને સ્મરણમાં લાવતા નથી. અથવા ઘર એ શરણ છે, તે ન હોવાથી અશરણ અર્થાત્ સંયમમાં પરાક્રમ કરે છે.

એમાં આશ્ચર્ય શું છે કે ભગવંત અપરિમિત બળ, પરાક્રમી, પ્રતિજ્ઞા રૂપ મેરુ પર્વતે આરૂઢ થઈ પરાક્રમ કરે છે ? ભગવંતે દીક્ષા લીધી ન હતી ત્યારે પણ પ્રાસુક આહારથી નિર્વાહ કરેલો. ભગવંતના માતા-પિતા મૃત્યુ પામ્યા ત્યારે પ્રતિજ્ઞા પૂરી થઈ જાણી દીક્ષા લેવા તૈયાર થતાં જ્ઞાતિજનોએ કહ્યું કે, ઘા પર મીઠું છાંટવા જેવું કેમ કરો છો ? ત્યારે ભગવંતે વિચાર્યુ કે જો અત્યારે દીક્ષા લઈશ તો ઘણાં લોકો દુઃખી દુઃખી થશે. તેથી તેમણે પૂછયું કે, કેટલો કાળ ઘેર રહેવું ? તેઓએ કહ્યું, બે વર્ષ. ભગવંત કહે, ઠીક. પણ આહાર આદિ મારી ઇચ્છાએ કરીશ. મારી ઇચ્છા તોડવી નહીં. તેઓએ પણ વિચાર્યુ કે, આ રીતે પણ ભલે રહેતા. તેથી બધાં સંમત થયા.

ત્યારપછી ભગવંતે તે વચનને અનુસરીને સાધુવૃત્તિએ રહ્યા. પછી પોતાનો દીક્ષાનો અવસર જાણીને સંસારની અસારતા સમજી તીર્થપ્રવર્તન માટે ઉદ્યત થયા. તે દર્શાવે છે—

● સૂત્ર-૨૭૫ :-

*દીક્ષા પૂર્વે બે વર્ષથી કંઈક વધુ સમય ભગવંતે સચિત્ત જળનો ઉપભોગ ન કર્યો. ગૃહસ્થાવસ્થામાં પણ એકત્વભાવનાનું ચિંતન કરતા હતા. ક્રોધાદિ કષાયને શાંત કરી, સમ્યક્ત્વ ભાવનાથી ભાવિત થઈ રહેતા હતા. તેમના ઇન્દ્રિય અને મન શાંત હતા.*

● વિવેચન :-

ભગવંતે સાધિક બે વર્ષ સચિત્ત જળનો ભોગ ન કર્યો. પગ ધોવાદિ ક્રિયા

પણ પ્રાસુક જળ વડે જ કરી, જેમ જીવહિંસા ત્યાગી તેમ બીજા વ્રતો પણ પાળ્યા. તથા એકત્વ ભાવના ભાવિત અંતકરણવાળા બનીને ક્રોધજ્વાળા શાંત કરી તથા કાયાને ગોપવીને રહ્યા. તે ભગવંત છદ્મસ્થ કાળે સમ્યકત્વ ભાવના વડે ભાવિત અને ઇન્દ્રિયાદિ વડે શાંત હતા.

આવા ભગવંત ગૃહવાસમાં પણ સાવધ આરંભ ત્યાગી હતા, તો પછી દીક્ષા લીધા પછી નિસ્પૃહ કેમ ન હોય ? તે કહે છે—

● **સૂત્ર-૨૭૬ થી ૨૭૮ :-**

***[૨૭૬-] પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, લીલ-ફુગ, બીજ-હરિતકાય તથા અન્ય વનસ્પતિકાય અને ત્રસકાયને સર્વ પ્રકારે જાણીને—***

***[૨૭૭-] આ સર્વેમાં જીવ છે તે જોઈને, ચેતના છે તે જાણીને તેની હિંસાનો ત્યાગ કરીને ભગવંત વિચરવા લાગ્યા.***

***[૨૭૮-] સ્થાવર જીવ ત્રસરૂપે અને ત્રસજીવ સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. અથવા સંસારી જીવ સર્વે યોનિમાં ઉત્પન્ન થઈ શકે. અજ્ઞાની જીવ પોત-પોતાના કર્માનુસાર પૃથક્ પૃથક્ યોનિઓને ધારણ કરે છે.***

● **વિવેચન-૨૭૬ થી ૨૭૮ :-**

[૨૭૬,૨૭૭-] બંનેનો સંયુક્ત અર્થ આ પ્રમાણે — ભગવંત આ પૃથ્વીકાયાદિને સચિત્ત જાણીને તેનો આરંભ ત્યાગી વિચરે છે.

તેમાં પૃથ્વીકાય સૂક્ષ્મ-બાદર બે ભેદે છે. સૂક્ષ્મ સર્વત્ર છે. બાદર પણ મૃદુ અને કઠિન બે ભેદે છે. તેમાં મૃદુ પૃથ્વી શ્વેતાદિ પાંચ વર્ણની છે અને કઠિન પૃથ્વી શર્કરા, વાલુકાદિ ૩૬ ભેદવાળી છે. તે પૂર્વે કહ્યું છે અપ્‌કાય પણ સૂક્ષ્મ-બાદર બે ભેદે છે. સૂક્ષ્મ પૂર્વવત્ બાદર શુદ્ધોદકાદિ પાંચ ભેદે છે. તેઉકાય પણ પૂર્વવત્ છે પણ બાદરના અંગારાદિ પાંચ ભેદ છે. વાયુકાયમાં બાદર વાયુકાયના ઉત્કલિકાદિ પાંચ ભેદ છે.

વનસ્પતિના સૂક્ષ્મ-બાદર બે ભેદ છે. તેમાં સૂક્ષ્મ સર્વત્ર છે. બાદરના અગ્ર, મૂળ, સ્કંધ, પર્વ, બીજ, સંમૂર્છન એ છ ભેદ છે. તે દરેકના પ્રત્યેક અને સાધારણ એમ બે ભેદ છે. પ્રત્યેક વૃક્ષ, ગુચ્છાદિ બાર ભેદે અને સાધારણ અનેક પ્રકારે છે. તે અનેક ભેદે હોવા છતાં સૂક્ષ્મ વનસ્પતિ સર્વગત અને અતીંદ્રિય હોવાથી તેને છોડીને બાદર જ લીધી છે. તે આ પ્રમાણે - બીજઅંકુર ભાવરહિત પનકાદિ, અગ્રબીજાદિ, બાકી વનસ્પતિ.

૦ આ પ્રમાણે પૃથ્વી વગેરે ભૂતો છે, એમ જાણીને તથા તે સચેતન છે તેમ સમજીને ભગવંત મહાવીર તેના આરંભને છોડીને વિચર્યા.

પૃથ્વીકાય આદિના ત્રસ સ્થાવરપણે ભેદો બતાવીને હવે તેમનામાં પરસ્પર અનુગમન પણ છે, તે બતાવે છે—

[૨૭૮-] સ્થાવર તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ છે. તે ત્રસપણામાં બેઇન્દ્રિયાદિ રૂપે કર્મના વશથી જાય છે અને ત્રસજીવો - કૃમિ આદિ. કર્મને લીધે પૃથ્વીકાયાદિમાં જાય છે. બીજે પણ કહ્યું છે કે —



હે ભગવન્ ! આ જીવ પૃથ્વીકાય - યાવત્ - ત્રસકાયપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ? હા, ગૌતમ ! અનેકવાર પૂર્વે તેમ ઉત્પન્ન થયેલ છે.

અથવા બધી યોનિઓમાં - x - આ જીવ ઉત્પન્ન થયો છે. જીવ સર્વ યોનિક અને સર્વે ગતિમાં જનાર છે. તે જીવો બાળ છે. રાગદ્વેષથી વ્યાપ્ત થઈ સ્વકૃત કર્મો વડે, સર્વ યોનિ ભાજત્વથી રહેલા છે. કહ્યું છે—

આ લોકમાં વાળના અગ્રભાગ જેટલો પ્રદેશ માત્ર એવો નથી કે જ્યાં આ જીવે જન્મમરણની બાધા અનેકવાર પ્રાપ્ત કરી ન હોય. વળી તેવી શુદ્ધ રંગભૂમિ જગત્‌માં કોઈ નથી જ્યાં કર્મ શણગાર સજીને સર્વે સત્વો નાચ્યા નથી. ઇત્યાદિ—વળી—

● **સૂત્ર-૨૭૯ થી ૨૮૧ :-**

***[૨૭૯-] ભગવંતે વિચારપૂર્વક જાણ્યું કે-ઉપધિ વડે જીવો કર્મોથી લેપાઈને દુઃખ પામે છે. તેથી કર્મને સર્વથા જાણીને કર્મના કારણરૂપ પાપનો ત્યાગ કર્યો હતો.***

***[૨૮૦-] જ્ઞાની અને મેધાવી ભગવંતે બે પ્રકારના કર્મોને સારી રીતે જાણીને આદાનસ્રોત, અતિપાત સ્રોત અને યોગને સર્વ પ્રકારે સમજીને બીજા કરતા વિલક્ષણ ક્રિયાનું પ્રતિપાદન કર્યું છે.***

***[૨૮૧-] ભગવંતે સ્વયં નિર્દોષ અહિંસાનો આશ્રય લઈ બીજાને પણ હિંસા ન કરવા સમજાવ્યું. જેણે સ્ત્રીઓને સમસ્ત કર્મોનું મૂળ જાણી છોડી દીધી તે જ સાચા પરમાર્થદર્શી છે. ભગવંતે એવું જ કર્યું.***

● **વિવેચન-૨૭૯ થી ૨૮૧ :-**

[૨૭૯-] ભગવંત મહાવીરે જાણ્યું કે, દ્રવ્ય-ભાવ ઉપધિસહિત વર્તે તે સોપધિક કર્મથી લેપાઈ તે અજ્ઞાની કલેશને અનુભવે જ. અથવા સોપધિક અજ્ઞ સાધુ કર્મથી લેપાય છે, તેથી બધી રીતે કર્મ બંધાતું જાણીને ઉપધિનું કર્મ ત્યાગી દીધું. અર્થાત્ ઉપધિરૂપ પાપ કર્માનુષ્ઠાનનો ત્યાગ કર્યો.

[૨૮૦-] વળી - બે પ્રકારે કર્મ તે દ્વિવિધ કર્મ - ઇર્યાપ્રત્યય, સાંપરાયિક. તે બંનેને સર્વભાવજ્ઞ પ્રભુએ જાણી કર્મછેદન માટે સંયમ અનુષ્ઠાનરૂપ અનન્યસદેશી ક્રિયા બતાવી, જે અન્યત્ર ક્યાંય નથી. ભગવંત કેવા હતા ? જ્ઞાની-કેવળજ્ઞાન વાળા. વળી તેમણે બીજું શું કહ્યું ? જેના વડે નવા કર્મો લેવાય તે આદાન. અર્થાત્ ખોટું ધ્યાન. ઇન્દ્રિય વિકાર સંબંધી તે સ્રોત છે તે આદાન સ્રોત કહેવાય. તેને જાણીને તથા જીવહિંસારૂપ સ્રોત અને મૃષાવાદાદિને જાણીને તથા મન-વચન-કાયાના યોગરૂપ દુર્ધ્યાન તે સર્વ પ્રકારે કર્મબંધને માટે છે તેમ જાણીને સંયમ ક્રિયા બતાવી.

[૨૮૧-] આકુટ્ટિ એટલે હિંસા. અનાકુટ્ટિ એટલે અહિંસા. પાપને ઓળંગી ગયેલ હોવાથી તે નિર્દોષ છે. ભગવંતે પોતે તે સ્વીકારી અને બીજાને પણ હિંસા પ્રવૃત્તિથી દૂર રાખ્યા તથા જેમણે સ્ત્રીઓ સ્વરૂપથી તથા વિપાકથી જાણી છે તે 'પરિજ્ઞાતા' છે. તે સ્ત્રીઓ સર્વ કર્મ સમૂહો - પાપના ઉપાદાનરૂપ છે એવું જોયું છે તે જ યથાવસ્થિત સંસારસ્વભાવ જ્ઞાતા છે. અર્થાત્ સ્ત્રી સ્વભાવના પરિજ્ઞાનથી, તેનો

ત્યાગ કરનાર ભગવંત પરમાર્થદર્શી છે. મૂળગુણ બતાવી હવે ઉત્તરગુણ કહે છે—

● સૂત્ર-૨૮૨ :-

*આધાકર્મી આહારને કર્મબંધનું કારણ જાણી ભગવંત તેનું સેવન કરતા ન હતા. તે સંબંધી કોઈપણ પાપકર્મનું આચરણ ન કરતા ભગવંત પ્રાસુક આહાર જ ગ્રહણ કરતા હતા.*

● વિવેચન :-

કોઈ ગૃહસ્થ સાધુને પૂછીને કે પૂછ્યા વિના આધાકર્માદિ કંઈ કર્યુ હોય તો ભગવંત લેતા નહીં. કેમકે તે લેવાથી સર્વ પ્રકારે આઠ જાતના કર્મો બંધાય તે તેમણે જોયું છે. તે પ્રકારના બીજા દોષ પણ સેવતા નથી તે બતાવે છે — જે કંઈ પાપોનું ઉપાદાન કારણ છે તે ભગવંત ન કરતા પણ પ્રાસુક-નિર્દોષનો જ ઉપભોગ કરતા હતા. વળી—

● સૂત્ર-૨૮૩ :-

*ભગવંત બીજાના વસ્ત્રો વાપરતા ન હતા અને બીજાના પાત્રમાં ભોજન કરતાં ન હતા [કેમકે અચેલક અને કરપાત્રી હતા.] તેઓ અપમાનનો વિચાર કર્યા વિના દૈન્યરહિત થઈ ભોજનસ્થાનમાં ભિક્ષાર્થે જતા.*

● વિવેચન :-

ભગવંત પ્રધાન કે બીજાનું વસ્ત્ર વાપરતા નહીં, તથા બીજાના પાત્રમાં પણ ખાતા નહીં. તથા અપમાનને અવગણીને આહારને માટે - x - આહારપાક સ્થાનોમાં કોઈનું શરણ લીધા વિના-દીનતારહિત થઈ આ મારો કલ્પ છે એમ જાણી પરીષહો જીતવા માટે જતા.

● સૂત્ર-૨૮૪ :-

*ભગવંત અશન-પાનના પરિમાણને જાણતા હતા. રસ લોલુપ ન હતા. તે માટે પ્રતિજ્ઞા પણ ન કરતાં. આંખમાં રજ પડે તો પ્રમાર્જના ન કરતા. ચળ આવે તો શરીર ખંજવાળતા નહીં.*

● વિવેચન :-

ભગવંત આહારની માત્રા જાણતા હોવાથી માત્રાજ્ઞ છે. કયો આહાર ? ભાત વગેરે ખવાય તે 'અશન', દ્રાક્ષપાનક આદિ પીવાય તે 'પાન'. તેમાં લોલુપ ન હતા. વિગઈમાં આસક્ત ન હતા. ગૃહસ્થપણામાં પણ તેમને રસલોલુપતા ન હતી. - x - તથા રસના વિષયમાં પ્રતિજ્ઞા ન કરતા. જેમકે આજે સિંહકેસરા લાડુ જ લેવા. પણ અડદના બાકુળા લેવા તેવી પ્રતિજ્ઞા કરનારા. તથા આંખમાં પડેલ રજકણ આદિ દૂર કરવા આંખ પણ સાફ ન કરતા. ચળ આવે તો શરીરને કાષ્ઠાદિ વડે ખણતા નહીં.

● સૂત્ર-૨૮૫,૨૮૬ :-

*[૨૮૫-] ભગવંત ચાલતી વખતે તિર્છું કે પીઠ પાછળ જોતા ન હતા. કોઈ બોલાવે તો બોલતા નહીં, જયણાપૂર્વક માર્ગને જોતા ચાલતા.*

*[૨૮૬-] દેવદૂષ્ય-વસ્ત્ર છોડ્યા પછી શિશિર ઋતુમાં ભગવંત બંને બાહુ*





*ફેલાવીને ચાલતા પણ સંકોચીને ખભા પર રાખતા ન હતા.*

● વિવેચન-૨૮૫,૨૮૬ :-

[૨૮૫-] અહીં 'અલ્પ' શબ્દ અભાવ અર્થમાં છે. ભગવંત વિહારમાં તીરછી દિશામાં કે પીઠ પાછળ જોતા નથી. માર્ગે ચાલતા કોઈ પૂછે તો પણ બોલતા નથી. મૌન જ ચાલે છે. રસ્તે ચાલતાં પગ નીચે જીવોને પીડા ન થાય, તેની જ જયણા રાખતા હતા.

[૨૮૬-] વળી દેવદૂષ્ય વસ્ત્ર છોડ્યા બાદ શિયાળામાં માર્ગે ચાલતા ભગવંત બંને બાહુ ફેલાવીને ચાલતા. પણ ઠંડીથી પીડાઈને હાથને સંકોચતા ન હતા કે પોતાના ખભે હાથ મૂકીને ઉભા ન રહેતા.

હવે ઉપસંહાર કરતા કહે છે—

● સૂત્ર-૨૮૭ :-

*મતિમાન માહણ ભગવંત મહાવીરે આકાંક્ષા રહિત, નિષ્કામભાવે આ વિધિ અનુસરી, મુમુક્ષુઓ પણ તેને અનુસરે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

આ વિહારનો વિધિ બતાવ્યો. તે વર્ધમાનસ્વામી તત્ત્વજ્ઞાતા છે. કોઈ નિયાણું કર્યું નથી. ઐશ્વર્યાદિ ગુણયુક્ત છે. આ માર્ગ તેમણે આચર્યો છે. અન્ય મોક્ષાભિલાષી સાધુઓ સંપૂર્ણ કર્મક્ષય માટે આચરે છે. - x -

**અધ્યયન-૯ 'ઉપધાનશ્રુત' ઉદ્દેશો-૧ ''ચર્યા''નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૯ ઉદ્દેશો-૨ ''શય્યા'' 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વ ઉદ્દેશમાં ભગવંતની 'ચર્યા' કહી. તે માટે અવશ્ય કોઈ શય્યા-વસતિમાં રહેવું પડે. તે બતાવવા આ ઉદ્દેશો છે. તેનું સૂત્ર કહે છે—

● સૂત્ર-૨૮૮ :-

*[હે ભંતે !] 'ચર્યા'ની સાથે આપે એક વખત આસન અને શયન બતાવેલા. આપ મને તે શયન-આસન કહો જેનું સેવન ભગવંત મહાવીરે કરેલું.*

● વિવેચન :-

ચર્યામાં જે જે શય્યા, આસન વગેરે જરૂરના હોય તે શય્યા, ફલક આદિ વિશે જંબૂસ્વામીએ પૂછતા સુધર્માસ્વામીએ ભગવંતે સેવેલા શય્યા-આસન વર્ણવ્યા.

● સૂત્ર-૨૮૯ થી ૨૯૧ :-

*[૨૮૯-] ભગવંત ક્યારેક ખાલી ઘરોમાં, ધર્મશાળામાં કે પાણીની પરબોમાં, તો ક્યારેક દુકાનોમાં, લુહારની કોઢમાં કે ઘાસના બનાવેલા મંચોની નીચે રહેતા હતા.*

*[૨૯૦-] વળી ક્યારેક યાત્રીગૃહમાં, આરામગૃહમાં કે નગરમાં તો ક્યારેક શ્મશાનમાં, ખંડેરમાં કે વૃક્ષની નીચે રહેતા હતા.*

*[૨૯૧-] આ રીતે ભગવંત ઉક્ત શય્યા-સ્થાનોમાં તેર વર્ષથી કંઈક ઓછો સમય રહ્યા. મનને સ્થિર કરી, રાત-દિવસ અપ્રમત્ત બનીને સમાહિતપણે ધ્યાનમાં લીન રહ્યા.*

● વિવેચન-૨૮૯ થી ૨૯૧ :-

[૨૮૯-] ભગવંતને આહારના અભિગ્રહ માફક પ્રતિમા સિવાય પ્રાયઃ શય્યાનો અભિગ્રહ નથી. ફક્ત જ્યાં છેલ્લો પ્રહર થાય ત્યાંજ માલિકની આજ્ઞા લઈને રહેતા.

આવેશન - સર્વથા જ્યાં રહેવાય તે આવેશન-શૂન્યગૃહ છે. તથા સભા - ગામ, નગરાદિમાં ત્યાંના લોકો તથા આગંતુકોને સુવા માટે બનાવાયેલ ભીંતોવાળું મકાન. પ્રપા - પાણી પાવાનું સ્થાન. તે આવેશન, સભા, પ્રપામાં તથા દુકાન, પલિય - લુહાર, સુતરાદિના સ્થાનમાં, ઘાસના ઢગલામાં ઉપર લટકાવેલ માંચાની નીચે-ઉપર નહીં કેમકે માંચો પોલો હોય. ઉક્ત સ્થાનોમાં ભગવંતે વાસ કર્યો.

[૨૯૦-] વળી આગંતાર - પ્રસંગે આવેલા કે આવીને ત્યાં બેસે તે ધર્મશાળા, તે ગામ કે નગરની બહાર હોય તથા આરામગૃહમાં, શ્મશાન કે શૂન્યાગારમાં - x - કે ઝાડની નીચે ભગવંતે વાસ કર્યો.

[૨૯૧-] ઉક્ત શયન-વસતિમાં ત્રણ જગત્‌ને જાણનારા ભગવંતે ઋતુબદ્ધ કાળ કે ચોમાસામાં તપમાં ઉધત બનીને અથવા નિશ્ચલ મનવાળા થઈને વાસ કર્યો. કેટલો કાળ ? પ્રકર્ષથી તેરમાં વર્ષ સુધી, સમસ્ત રાત-દિવસ સંયમ અનુષ્ઠાનમાં ઉધમવાળા બનીને નિદ્રાદિ પ્રમાદરહિત તથા સમાધિત મનથી ધર્મ કે શુક્લધ્યાન કર્યું.

● સૂત્ર-૨૯૨, ૨૯૩ :-

*[૨૯૨-] ભગવંતે બહુ નિદ્રા લીધી ન હતી. પોતાના આત્માને જાગૃત રાખતા હવે હું સૂઈ જાઉં એ ભાવથી ભગવંત ક્યારેય ન સૂતા.*

*[૨૯૩-] ભગવંત નિદ્રા આવવા લાગે તો ઉભા થઈ જતા અને રાત્રે બહાર નીકળી મુહૂર્ત્ત પર્યન્ત ફરી નિદ્રા ઉડાડી પાછા ધ્યાનસ્થ થતાં.*

● વિવેચન-૨૯૨, ૨૯૩ :-

[૨૯૨-] ભગવંત પ્રમાદરહિત બનીને નિદ્રા પણ વધુ લેતા નથી. તે જ પ્રમાણે બાર વર્ષમાં અસ્થિક ગ્રામે વ્યંતરના ઉપસર્ગ બાદ કાયોત્સર્ગે રહીને અંતર્મુહૂર્ત્ત સુધી સ્વપ્નો દેખતાં સુધી એકવાર નિદ્રા કરેલી ત્યારપછી ઉઠીને આત્માને કુશળ અનુષ્ઠાનમાં પ્રવર્તાવેલ. અહીં થોડી શય્યા હતી. ત્યાં પણ હું સુઈશ એવું વિચારીને સુતા નથી.

[૨૯૩-] વળી તે ભગવંત જાણે છે કે આ પ્રમાદ સંસાર ભ્રમણ માટે છે એમ જાણીને પુનઃ અપ્રમત્ત થઈ સંયમ ઉત્થાન વડે ઉઠીને વિચરે છે. તેમ છતાં જો નિદ્રા પ્રમાદ થાય તો ત્યાંથી નીકળીને શિયાળાની રાત્રે ખુલ્લા સ્થાનમાં મુહૂર્ત્ત માત્ર નિદ્રા



પ્રમાદ દૂર કરવા ધ્યાને ઉભા રહ્યા.

● સૂત્ર-૨૯૪ થી ૨૯૭ :-

*[૨૯૪-] શૂન્યગૃહ આદિ વસતિમાં ભગવંતને અનેક પ્રકારે ભયંકર ઉપસર્ગો થતા હતા. સાપ આદિ પ્રાણી અને ગીધ આદિ પક્ષી પીડા આપતા.*

*[૨૯૫-] અથવા ચોર કે લંપટ તેમને કષ્ટો આપતા કે હાથમાં શસ્ત્ર લઈ ફરતા ગ્રામરક્ષકો પીડા પહોંચાડતા. ક્યારેક કામાસક્ત સ્ત્રી કે પુરુષો તેમને ઉપસર્ગ કરતા હતા.*

*[૨૯૬-] ભગવંતે આ લોક અને પરલોક સંબંધી અનેક પ્રકારના ભયંકર ઉપસર્ગો સહન કર્યા. અનેક પ્રકારની સુગંધ-દુર્ગન્ધ તથા પ્રિય-અપ્રિય શબ્દોમાં ભગવંત સમભાવથી રહ્યા.*

*[૨૯૭-] ભગવંતે સદા સમિતિયુક્ત બનીને અનેક પ્રકારના સ્પર્શોને સહન કર્યા. વિષાદ અને હર્ષને દૂર કરી ભગવંત બહુ બોલતા ન હતા.*

● વિવેચન-૨૯૪ થી ૨૯૭ :-

[૨૯૪-] જ્યાં ઉત્કુટુક આસન આદિથી આશ્રય લેવાય તેવા સ્થાનોમાં કે સ્થાનો વડે તે ભગવંતને ભયાનક એવા ઠંડી, તાપ આદિ કે અનુકૂળ-પ્રતિકૂળરૂપે ઘણા ઉપસર્ગો થયા. શૂન્યગૃહ આદિમાં સાપ, નોળીયા વગેરે ભગવંતનું માંસ ખાતા અથવા શ્મશાનમાં ગીધાદિ પક્ષી માંસ ખાતા.

[૨૯૫-] વળી 'कुचर' એટલે ચોર, પરદારાલંપટ આદિ કોઈ શૂન્યગૃહમાં ઉપસર્ગો કરતા. તથા ગામરક્ષક-કોટવાળાદિ ત્રિક કે ચોતરા પર ઉભેલા ભગવંતને હાથમાં રાખેલ ભાલા વગેરેથી પીડા આપતા હતા. તથા ઇન્દ્રિય વડે ઉન્મત્ત થયેલ સ્ત્રીઓ ભગવંતનું સુંદર રૂપ જોઈ એકાંતમાં ભોગની યાચના કરતી, પુરુષો પણ તેમને ઉપસર્ગો કરતા હતા.

[૨૯૬-] આ લોકના એટલે મનુષ્યે કરેલ દુઃખ સ્પર્શો તથા દેવ અને તિર્યંચે કરેલા ઉપસર્ગો; પરલોકના એટલે સ્વકર્મજન્ય દુઃખ વિશેષને ભગવંત સમતાથી સહન કરે છે. અથવા આ જન્મમાં જે દંડ પ્રહારાદિથી દુઃખ આપે છે તે તથા પરલોક સંબંધી ભયંકર વિવિધ ઉપસર્ગો કહે છે—

સુગંધીવાળા તે ફુલની માળા, ચંદન વગેરે. દુર્ગંધીવાળા તે કુથિત મડદાં વગેરે છે. તથા વીણા, વેણુ, મૃદંગાદિ જનિત મધુર શબ્દો અને ઉંટના બરાડા આદિ કાનમાં કઠોર લાગે તેવા અમનોજ્ઞ શબ્દો. આ બધામાં ભગવંત રાગદ્વેષરહિત થઈ તેને સહન કરે છે.

[૨૯૭-] સદા કાળ પાંચ સમિતિથી યુક્ત ભગવંત જે કંઈ દુઃખસ્પર્શો આવે ત્યારે સંયમમાં અરતિ લાવતા નથી અને ભોગોમાં રતિ લાવતા નથી. બંનેનો તિરસ્કાર કરી સંયમ અનુષ્ઠાનમાં વર્તે છે. પોતે કોઈ જીવને દુઃખ ન દેવું, એવા માહણ બનેલા, કોઈ નિમિત્ત જરૂર પડતા એક કે બે ઉત્તર આપતા પણ બહુ ન બોલતા થઈને વિચરે છે.

● સૂત્ર-૨૯૮,૨૯૯ :-

*[૨૯૮-] ભગવંત જ્યારે નિર્જન સ્થાનમાં સ્થિત હોય ત્યારે એકલા વિચરનાર ચોર, લંપટાદિ ભગવંતને પૂછતાં કે, તું કોણ છે ? અહીં શા માટે ઉભો છે ? ભગવંત કંઈ ઉત્તર ન આપે ત્યારે ક્રોધિત થઈ ભગવંતને પીટતા હતા. તો પણ ભગવંત પ્રતીકાર ન કરતા, સમાધિ-લીન રહેતા.*

*[૨૯૯-] ભગવંત અંતર-આવાસમાં સ્થિત હોય અને કોઈ પૂછે કે અંદર કોણ છે ? ભગવંત કહેતા હું ભિક્ષુ છું. પૂછનાર ક્રોધિત થઈ કહે કે, જલ્દી અહીંથી ચાલ્યો જા. ત્યારે ભગવંત ચાલ્યા જતા. અથવા માર-પીટ કરે તો ભગવંત આ ઉત્તમ ધર્મ છે એમ સમજી મૌન રહેતા.*

● વિવેચન-૨૯૮,૨૯૯ :-

[૨૯૮-] તે ભગવંત ૧૨ વર્ષ અને ૧૨ પખવાડિયા સુધી એકલા વિચરતા શૂન્યગૃહાદિમાં રહેતા ત્યારે લોકો પૂછતા કે તમે કોણ છો ? અહીં કેમ ઉભા છો ? ક્યાંથી આવ્યા છો ? એવું પૂછે ત્યારે પણ મૌન રહેતા. તથા દુરાચારી આદિ એકલા ભટકતા ત્યાં આવીને કોઈ વખત દિવસે કે રાત્રે પૂછતા. ભગવંત ઉત્તર ન આપે ત્યારે ક્રોધિત થઈ અજ્ઞાન દૃષ્ટિથી દંડ, મુષ્ટિ આદિથી મારીને અનાર્યપણું બતાવતા. ભગવંત સમાધિમાં રહી ધર્મ ધ્યાને ચિત્ત રાખી સારી રીતે સહેતા, પણ વૈર લેવાની ઇચ્છા ન રાખતા. તેઓ કેવી રીતે પૂછતા ? તે કહે છે—

[૨૯૯-] અહીં કોણ રહેલું છે ? એમ સંકેત કરીને દુરાચારી કે કામ કરનારા પૂછતા. ત્યાં નિત્ય રહેનારા દુષ્ટ માનસવાળા પણ પૂછતા. ત્યારે ભગવંત મૌન જ રહેતા. કોઈ વખત ઘણો દોષ થતો હોય તો ટાળવાને માટે કંઈક બોલતા. જેમકે હું ભિક્ષુ છું, ત્યારે તેઓ સંમતિ આપે તો ભગવંત ત્યાં રહેતા. પણ ઇચ્છામાં વિઘ્ન થતું જાણી તે કષાયિત, મોહાંધ બનીને વર્તમાન લાભ જોનાર એમ કહે કે, ''આ સ્થાનેથી જલ્દી નીકળ'' તો ભગવંત આ અપ્રીતિનું સ્થાન છે એમ જાણી તુરંત નીકળી જતા. અથવા ન પણ નીકળતા. પણ આ મારું ધ્યાન ઉત્તમ ધર્મ છે, આચાર છે એમ વિચારી તે ગૃહસ્થના કડવા વચન સહન કરી મૌન રહેતા, જે થવાનું હોય તે થાય એમ માની ધ્યાનથી ચલાયમાન ન થતાં.

● સૂત્ર-૩૦૦ થી ૩૦૨ :-

*[૩૦૦-] જ્યારે શિશિર ઋતુમાં ઠંડો પવન ફુંકાતો અને બધા પ્રાણીઓ ધ્રુજતા ત્યારે બીજા સાધુઓ પવનહીન બંધ સ્થાન શોધતા.*

*[૩૦૧-] હિમજન્ય શીત સ્પર્શ અતિ દુઃખદાયી છે એમ વિચારી કોઈ સાધુ વિચારતા કે કપડા-કામળીમાં ઘુસી જઈએ કે કાષ્ઠ જલાવીએ કે કામળી ઓઢી લઈએ. ઇત્યાદિ.*

*[૩૦૨-] આ રીતે ઠંડી સહન કરવી અસહ્ય જણાતી ત્યારે ભગવંત ઇચ્છારહિત થઈ કોઈ વૃક્ષાદિ નીચે ખુલ્લા સ્થાનમાં રહી ઠંડીને સમભાવે સહન કરીને પાછા અંદર આવી ધ્યાનમાં લીન બની જતાં*



● વિવેચન-૩૦૦ થી ૩૦૨ :-

[૩૦૦-] શિયાળાની ઋતુમાં કેટલાંક કપડાના અભાવે દંતવીણાની માફક કંપતા હોય છે. અથવા શીતજનિત દુઃખને અનુભવતા આર્ત્તધ્યાનને વશ થાય છે. તે શિયાળામાં બરફ જેવો ઠંડો પવન વાય છે. ત્યારે કેટલાંક સાધુ-અન્યતીર્થિકો ઘણી ઠંડી પડતા ઠંડીને દૂર કરવા ભડકા કરતા કે અંગારાની સગડી શોધતા, કામળાની યાચના કરતા અથવા પાર્શ્વનાથ તીર્થના ગચ્છવાસી સાધુ ઠંડીથી પીડાઈને વાયરા વિનાની ઘંઘશાળાદિ બંધ જગ્યા શોધતા હતા.

[૩૦૧-] વળી સંઘાટી શબ્દથી ઠંડી દૂર કરનારાં બે કે ત્રણ વસ્ત્રો ગ્રહણ કરતાં. તે સંઘાટીમાં અમે ઘુસી જઈએ તેમ ઠંડીથી પીડાયેલા વિચારતા અને તે સંઘાટી ધારણ કરતા. અન્ય ધર્મીઓ તો બાળવાના લાકડા શોધતા જેથી ઠંડી દૂર થઈ શકે. અથવા કામળો ઓઢીને રહેતા. કેમકે તે હિમસ્પર્શ તેઓને દુઃખે કરીને સહન થતો હતો. - x -

આવી સખત ઠંડીમાં યથોક્ત અનુષ્ઠાનવાળા - x - ભગવંત શું કરતા હતા ? તે દર્શાવે છે—

[૩૦૨-] આવી હિમવાત અને શીત સ્પર્શવાળી શિયાળાની ઋતુમાં સર્વાંગ પીડા થવા છતાં ઐશ્વર્યાદિ ગુણયુક્ત ભગવાન્ શીતસ્પર્શને સમભાવે સહન કરતા. તે ભગવંતને ઠંડી વિનાની વસતિની યાચના રૂપ પ્રતિજ્ઞા ન હતી. તેઓ ક્યાં ઠંડી સહન કરતા ?

ભીંતો અને છત વગરના સ્થાનમાં રહેતા તથા રાગદ્વેષ દૂર થવાથી શુદ્ધ આત્મદ્રવ્યવાળા અથવા કર્મગ્રંથિ દૂર થવાથી જેને સંયમ છે તેવા દ્રવિક એવા ભગવંત ઠંડી સહન કરતા. જો અતિ ઠંડી પડે તો ઢાંકેલા મકાનથી બહાર નીકળી કોઈ વાર રાત્રિમાં મુહૂર્ત્ત સુધી ત્યાં રહી રહી ફરી મકાનમાં પ્રવેશતા. શમિત કે સમ્યક્ કે સમપણે રહીને તે શીત સ્પર્શને સહન કરતા હતા.

હવે આ ઉદ્દેશાનો ઉપસંહાર કરતા કહે છે—

● સૂત્ર-૩૦૩ :-

*મતિમાન્ માહણ અપ્રતિજ્ઞ, કાશ્યપ, મહર્ષિ [ભગવંત] મહાવીરે આ [ઉક્ત] વિધિનું આચરણ કર્યું. બીજા મુમુક્ષુ સાધકો પણ આ વિધિનું પાલન કરે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

આ 'વિધિ' ઇત્યાદિ ઉદ્દેશા-૨ મુજબ જાણવું.

અધ્યયન-૯ ''ઉપધાન શ્રુત'' ઉદ્દેશો-૨ ''શય્યા''નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

## ॥ અધ્યયન-૯ ઉદ્દેશો-૩ ''પરીષહ'' ॥

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૨ માં ભગવંતની શય્યા [વસતિ] નું વર્ણન કર્યું. તેમાં રહેલા ભગવંતે જે પરીષહ-ઉપસર્ગો સહન કર્યા તે બતાવવા આ ઉદ્દેશો કહે છે. આ સંબંધ આવેલા ઉદ્દેશાનું સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૦૪ :-**

***ભગવંત મહાવીરે સદા સમભાવમાં રહી તૃણ-શીત-ઉષ્ણ સ્પર્શો ડાંસ મચ્છરોના ડંશો તથા વિવિધ પ્રકારના સ્પર્શ-દુઃખો સહ્યા.***

● **વિવેચન :-**

કુશ આદિ તૃણના સ્પર્શો, શીત સ્પર્શો તથા આતાપનાદિ કાળે થતાં ઉષ્ણ સ્પર્શો પીડતા. અથવા જતા એવા ભગવંતને તેજકાય જ હતો. તથા દંશ-મશકાદિ પરીષહ હતા. એવા વિવિધ સ્પર્શોને ભગવંત સમતાથી કે સમિતિ વડે સહન કરતા હતા.

● **સૂત્ર-૩૦૫ થી ૩૦૯ :-**

***[૩૦૫-] ભગવંત દુર્ગમ્ય લાઢ દેશની વજ્ર ભૂમિ અને શુભ્રભૂમિમાં વિચર્યા. ત્યાં તેમણે ઘણા તુચ્છ સ્થાનો અને કઠિન આસનો સેવ્યા.***

***[૩૦૬-] લાઢ દેશમાં ભગવંતે ઘણાં ઉપસર્ગો સહ્યા. ત્યાં આહાર લુખો-સુકો મળતો, ત્યાંના નિવાસી અનાર્યો ભગવંતને મારતા અને ત્યાંના કૂતરા ભગવંત ઉપર તૂટી પડતા અને કરડતા.***

***[૩૦૭-] ભગવંતને કરડતા કુતરાને ત્યાં કોઈક જ રોકતું. મોટેભાગે તો લોકો કૂતરાને છૂ-છૂ કરીને કરડવા પ્રેરિત કરતા હતા.***

***[૩૦૮-] ત્યાં આવા સ્વભાવવાળા ઘણાં લોકો હતા, ત્યાં ભગવંતે અનેકવાર વિચરણ કર્યું. ત્યાંના લોકો રુક્ષ ભોજી અને સ્વભાવથી ક્રોધી હતા. ત્યાં શાક્યાદિ શ્રમણ શરીર પ્રમાણ કે શરીરથી ચાર આંગળ લાંબી લાકડી લઈને વિચરતા હતા.***

***[૩૦૯-] આ રીતે લાકડી લઈને વિહાર કરવા છતાં તે અન્યતીર્થિક સાધુઓને કૂતરા કરડી ખાતાં. તેથી લાઢ દેશમાં વિચરવું મુશ્કેલ હતું.***

● **વિવેચન-૩૦૫ થી ૩૦૯ :-**

*અહીં વૃત્તિનો અર્થ નોંધેલ છે. ચૂર્ણિમાં રહેલ વિશિષ્ટ અર્થ જરૂર જોવો.*

[૩૦૫-] જેમાં દુઃખે ચરી શકાય તેવો દુશ્ચર 'લાઢ' નામે જનપદમાં ભગવંત વિચર્યા. તેના બે ભાગ છે. ૧-વજ્રભૂમિ, ૨-શુભ્રભૂમિ. તે બંને સ્થાને વિચર્યા. ત્યાં પ્રાંત વસતિ અર્થાત્ શૂન્યગૃહાદિમાં રહીને અનેક ઉપદ્રવો સહન કર્યા. તથા ધૂળના ઢગ, જાડી રેતી. માટીના ઢેફા તથા લાકડાંના જેવા તેવા આસને ભગવંત બેસતા હતા.

[૩૦૬-] તથા ઉક્ત બંને લાઢ ભૂમિમાં પ્રાયે લોકોના આક્રોશ તથા કૂતરાં કરડવા વગેરે ઘણાં પ્રતિકૂળ ઉપસર્ગો થયા તે બતાવે છે—



જનપદમાં થયેલ તે જાનપદ-અનાર્ય આચરણ કરતા લોકો. તેઓ દાંતથી કરડવું, ભારે દંડનો પ્રહાર આદિથી દુઃખ દેતા હતા. - x - ત્યાં ભોજન પણ લુખું, અંતપ્રાંત આપતા. અનાર્યપણાથી તેઓ સ્વાભાવિક ક્રોધી હતા. રૂના અભાવે ઘાસ વડે શરીર ઢાંકતા. ભગવંત પ્રતિ વિરૂપ આચરણ કરતા હતા અને ભગવંતની ઉપર કૂતરા છોડતા હતા.

[૩૦૭-] તે દેશમાં ભાગ્યેજ-હજારે એક દયાળુ જન હશે જે કરડવા આવેલા કૂતરાને અટકાવે. ઉલટું ભગવાનને લાકડી વગેરેથી મારીને કૂતરાને તેમના પર દોડાવવા છૂ-છૂ કરતા કે જેથી તે કૂતરા શ્રમણને કરડે. આવા જનપદમાં ભગવંત છ માસ સુધી રહ્યા.

[૩૦૮-] જ્યાં લોકોનો પૂર્વોક્ત સ્વભાવ છે ત્યાં ભગવંત વારંવાર વિચર્યા. તે વજ્રભૂમિમાં ઘણાં માણસો લુખ્ખુ ખાનારા હોવાથી ક્રોધી હતા. તેથી સાધુને જોઈને કદર્થના કરે છે. ત્યાં શાક્યાદિ અન્ય શ્રમણો હતા તેઓ શરીર પ્રમાણ કે તેથી ચાર આંગળ વધુ લાંબી નળી-લાકડી કૂતરાને રોકવા માટે હાથમાં રાખીને વિચરતા હતા.

[૩૦૯-] વળી લાકડી વગેરે સામગ્રી રાખવાથી શાક્યાદિ શ્રમણ વિચરી શકતા. - x - આ રીતે કૂતરાઓથી કરડાવાનો ડર તથા તેમને નિવારણ કરવાનું મુશ્કેલ હોવાથી લાઢ દેશમાં આર્યોને વિચરવું મુશ્કેલ હતું. આવા દેશમાં ભગવંત કઈ રીતે વિચર્યા ?

● **સૂત્ર-૩૧૦ :-**

***અણગાર ભગવંત પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરી, પોતાના શરીરની મમતાને છોડી, પરીષહોને સમભાવથી સહી, કર્મ નિર્જરાનું કારણ જાણી અનાર્યજનોના કઠોર શબ્દો સહન કર્યા.***

● **વિવેચન :-**

પ્રાણીઓ જેના વડે દંડાય તે દંડ, મન-વચન-કાયા સંબંધી છે. તે દંડને [હિંસાને] ભગવંતે છોડીને; કાયાનો પણ મોહ છોડીને તે ભગવંત નીચ લોકોના કઠોર વાક્યોને નિર્જરાનું કારણ માનીને સમભાવે સહન કર્યા.

દૃષ્ટાંત દ્વારા આ વાત બતાવે છે—

● **સૂત્ર-૩૧૧ થી ૩૧૬ :-**

***[૩૧૧-] જે રીતે સંગ્રામમાં અગ્રભાગે રહી હાથી યુદ્ધનો પાર પામે છે. તે રીતે ભગવંત મહાવીર ઉપસર્ગોના પારગામી થયા.***

***ક્યારેક લાઢ દેશમાં ભગવંતને રહેવા ગામ પણ મળતું નહીં.***

***[૩૧૨-] નિયત નિવાસ આદિનો સંકલ્પ નહીં કરનાર ભગવંત ભોજન કે સ્થાનની ગવેષણાના વિચારથી ગામ નજીક પહોંચે કે ન પહોંચે ત્યાં કેટલાંક અનાર્ય લોકો ગામથી બહાર નીકળી સામે જઈ ભગવંતને મારવા લાગતા અને કહેતા-અહીંથી ચાલ્યા જાઓ.***

***[૩૧૩-] તે લાઢ દેશમાં ભગવંતને કોઈ દંડાથી કે મુટ્ઠીથી કે ભાલા***

*આદિની અણીથી, તો કોઈ ઇંટ-પત્થર કે ઠીકરાથી મારતા હતા. તે અનાર્ય લોકો માર મારી કોલાહલ કરતા હતા.*

*[૩૧૪-] ક્યારેક તે લોકો ભગવંતનું માંસ કાપી લેતા, ક્યારેક ભગવંતને અનેક પ્રકારના કષ્ટ આપતા હતા. ક્યારેક ધૂળ ફેંકતા.*

*[૩૧૫-] ક્યારેક અનાર્ય લોકો ભગવંતને ઉંચે ઉપાડી નીચે નાખતા. આસન ઉપરથી પાડી દેતાં. પરંતુ શરીરની મમતાના ત્યાગી ભગવંત કોઈ પ્રતિકારની ભાવના ન રાખી તે દુઃખોને સહેતા હતા.*

*[૩૧૬-] જેમ કવચયુક્ત યોદ્ધો સંગ્રામના અગ્રભાગે રહીને શસ્ત્રો વડે વિદ્ધ થતા વિચલિત થતો નથી. તેમ સંવર કવચ પહેરેલ ભગવંત પરીષહોને સહતાં જરા પણ વિચલિત થતા ન હતા.*

**● વિવેચન-૩૧૧ થી ૩૧૬ :-**

[૩૧૧-] જેમ હાથી સંગ્રામમાં મોખરે રહીને શત્રુ સૈન્ય જીતીને તેની પાર જાય છે. તેમ ભગવંત મહાવીર ત્યાં લાઢ દેશમાં પરીષહ સેનાને જીતીને પાર ઉતર્યા. વળી લાઢ દેશમાં ગામો થોડા હોવાથી કોઈવાર કોઈ સ્થળે ગામ ન પણ મળતું. વળી—

[૩૧૨-] ભિક્ષાર્થે કે નિવાસ માટે જતા ભગવંત નિયત નિવાસાદિ પ્રતિજ્ઞારહિત હતા. ગામમાં પ્રવેશ થયો હોય કે ન થયો હોય તે લોકો ગામથી નીકળીને ભગવંતને કષ્ટ આપતા અને કહેતા કે આ સ્થાનથી દૂરના સ્થાને જાઓ. વળી—

[૩૧૩-] ભગવંત કદી ગામ બહાર રહેતા તો ત્યાં પણ અનાર્યો દંડ કે મુઠી કે ભાલાની અણીથી અથવા માટીના ઢેફા કે ઠીકરાથી મારી મારીને બીજાને કહેતા કે તમે જુઓ આ કોણ છે ? એ પ્રમાણે કોલાહલ કરતા.

[૩૧૪-] ક્યારેક તેઓ ભગવંત પર આક્રમણ કરી તેમનું માંસ કાપતા તથા બીજા પણ પ્રતિકૂળ પરીષહોથી ભગવંતને પીડતા અથવા ધૂળ વડે ઢાંકી દેતા હતા. વળી—

[૩૧૫-] કોઈ વખત ભગવંતને ઉંચે ઉંચકીને નીચે ફેંકતા, અથવા ગોદોહિક-ઉત્કુટુક-વીરાસનાદિથી ધક્કો મારી ભગવંતને પાડી દેતા. પણ કાયાને ત્યજી દીધેલ ભગવંત પરીષહ સહન કરવામાં લીન હતા. પરીષહ ઉપસર્ગકૃત દુઃખને સહેતા તેઓ દુઃખસહા હતા. દુઃખની ચિકિત્સા કરવાની પ્રતિજ્ઞાથી રહિત અપ્રતિજ્ઞ હતા. હવે દૃષ્ટાંત આપે છે—

[૩૧૬-] જેમ સંગ્રામના મોખરે શૂરવીર પુરુષ શત્રુના સૈન્યના ભાલા આદિથી ભેદાવા છતાં બખતર પહેરેલ હોવાથી ભંગ પામતા નથી, તેમ તે ભગવંત મહાવીર લાઢાદિ જનપદમાં પરીષહ શત્રુથી પીડા પામવા છતાં કઠોર પરીષહોના દુઃખોને મેરુ માફક નિષ્પ્રકંપ બનીને ધીરજ વડે સંવૃત અંગવાળા બની સહેતા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષ માર્ગે વિચરતા હતા. હવે ઉદ્દેશાનો ઉપસંહાર કરે છે—

**● સૂત્ર-૩૧૭ :-**

*મતિમાન્ માહણ ભગવંત મહાવીરે ઇચ્છારહિત થઈ ઉક્ત વિધિનું આચરણ કર્યું છે. અન્ય મુમુક્ષુ પણ આવું જ આચરણ કરે. - x -*



**● વિવેચન :-**

પૂર્વવત્ જાણવું.

**અધ્યયન-૯ "ઉપધાનશ્રુત" ઉદ્દેશો-૩ "પરીષહો"નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 અધ્યયન-૯ ઉદ્દેશો-૪ "આતંકિત" 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે - ઉદ્દેશા-૩-માં પરીષહ ઉપસર્ગ સહેવાનું બતાવ્યું. આ ઉદ્દેશામાં રોગ આતંક પીડા આવતાં તેની ચિકિત્સા છોડી દઈને રોગ ઉત્પન્ન થતાં તેને બરોબર સહેતા અને હંમેશાં તપ ચરણમાં ઉદ્યમ કરતાં તે બતાવશે.

આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે—

**● સૂત્ર-૩૧૮,૩૧૯ :-**

*[૩૧૮-] ભગવંત મહાવીર રોગ ન હોય ત્યારે પણ ઉણોદરી કરતા હતા. તેમને રોગ હોય કે ન હોય તેઓ ચિકિત્સાની ઇચ્છા ન રાખતા.*

*[૩૧૯-] દેહાધ્યાસથી રહિત ભગવંતે વિરેચન, વમન, તેલમર્દન, સ્નાન અને પગચંપી આદિ પરિકર્મ તથા દંત પ્રક્ષાલનનો ત્યાગ કર્યો હતો.*

**● વિવેચન :-**

*[ચૂર્ણિમાં પાઠાંતર કે અર્થ વૈશિષ્ટ્ય જોવા મળે છે તે જાણવું]*

[૩૧૮-] ઉક્ત શીત-ઉષ્ણ, દંશ-મશક, આક્રોશ-તાડના આદિ પરીષહો સહેવા શક્ય હતા. પણ ઉણોદરી મુશ્કેલ હતી. ભગવંત વાતાદિ ક્ષોભના અભાવે રોગમાં સપડાયા ન હોવા છતાં ઉણોદરી-ઓછું ખાવારૂપ તપ કરવા સમર્થ હતા. લોકો તો રોગ થાય ત્યારે તેના ઉપશમન માટે ઉણોદરી કરે, ભગવંત તો તેના અભાવમાં પણ ઓછું ખાતા અથવા ખાંસી, દમ વગેરે રોગથી પીડાયા ન હતા, છતાં ભાવિમાં ભાવરોગ રૂપ કર્મને દૂર કરવા માટે ઉણોદરી કરતા હતા.

પ્રશ્ન - શું ભગવંતને દ્રવ્ય રોગાંતક ન હતો ? તે ભાવરોગ કહ્યો.

ઉત્તર - ભગવંતને સ્વભાવથી જ ખાંસી, શ્વાસ આદિ રોગો ન હતા. શસ્ત્રના ઘા લાગવાથી થતાં રોગ બતાવે છે - ભગવંત કૂતરા કરડવાથી થતા પણ ખાંસી આદિથી ન થતા રોગોમાં પણ ચિકિત્સા કરતા ન હતા. દ્રવ્ય ઔષધની પીડા મટાડવા માટે ઇચ્છા પણ નહોતા કરતા.

[૩૧૯-] શરીરને બરાબર શોધવું તે વિરેચન. મીંઢળ વગેરેથી વમન - x - સહસ્રપાક તેલ આદિથી શરીરનું મર્દન. ઉદ્વર્તનાદિ વડે સ્નાન. હાથ-પગ દબાવવા આદિ કરતા ન હતા. આખું શરીર અશુચિથી ભરેલ છે તેમ જાણી દાંતણ આદિથી દાંત સાફ કરતા ન હતા.

● સૂત્ર-૩૨૦ થી ૩૨૪ :-

*[૩૨૦-] ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત ભગવંત અલ્પભાષી થઈ વિચરતા હતા. ક્યારેક શિયાળામાં છાયામાં બેસી ધ્યાન કરતા.*

*[૩૨૧-] ભગવંત ઉનાળામાં તાપ સન્મુખ ઉત્કટ આસને બેસતા અને આતાપના લેતા હતા. શરીર નિર્વાહ માટે તેઓ લુખા ભાત-બોરનું ચૂર્ણ તથા અડદના બાકળાનો આહાર કરતા હતા.*

*[૩૨૨-] ભગવંતે ઉક્ત ત્રણે વસ્તુ આઠ માસ સુધી વાપરી હતી. ભગવંતે ક્યારેક પંદર દિવસ તો ક્યારેક મહિના સુધી પાણી પણ તેવું જ પીધું.*

*[૩૨૩-] ભગવંત ક્યારેક બે માસથી અધિક સમય, ક્યારેક છ માસ સુધી પાણી પણ પીધું નહીં. રાત-દિવસ અપ્રતિજ્ઞ થઈ વિચર્યા. પારણે ભગવંત સદા નીરસ ભોજન કર્યું હતું.*

*[૩૨૪-] ભગવંત પોતાની સમાધિનો વિચાર કરી, નિષ્કામ ભાવથી ક્યારેક છટ્ઠ, અટ્ઠમ, ચાર કે પાંચ ઉપવાસ કરી પારણું કરતા હતા.*

● વિવેચન-૩૨૦ થી ૩૨૪ :-

[૩૨૦-] વળી ઇન્દ્રિયોના વિષયોમાં શબ્દાદિમાં મોહ ન પામતાં સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરે છે. તેથી વિરત છે. તથા જીવોના રક્ષક ભગવંત બહુ બોલનારા ન હતા - એક વખત પણ બોલે તેથી 'અબહુ' શબ્દ લીધો. નહીં તો 'અવાદી' શબ્દ લેત. કોઈ વખત શિયાળામાં ભગવંત ધર્મ કે શુક્લ ધ્યાનમાં સ્થિર રહેતા હતા.

[૩૨૧-] વળી ગ્રીષ્મ ઋતુમાં ભગવંત આતાપના લેતા તે બતાવે છે. ઉત્કુટુક આસને ભગવંત સૂર્યના તાપ સામે બેસતા અને ધર્મના આધારરૂપ દેહને લુખા કોદરા, બોરનું ચૂર્ણ, અડદ, પર્યુષિત કે સિદ્ધ માસા આદિથી નિભાવતા હતા. હવે કાળ અવધિ વિશેષથી બતાવે છે—

[૩૨૨-] કદાચ કોઈને શંકા થાય કે ઉક્ત ભાત, બોર ચૂર્ણ, અડદ સાથે મેળવીને ખાતા હશે ? તે દૂર કરવા કહે છે - તે ત્રણે સાથે, એકલા કે જેમ મળે તેમ ખાતા હતા. કેટલો કાળ આમ કર્યુ ? તે કહે છે—

આઠ માસ ઋતુબદ્ધ કાળ ભગવંતે આ રીતે નિર્વાહ કર્યો. તથા પાણી પણ અડધો માસ કે એક માસ તેવું જ પીધું.

[૩૨૩-] વળી બે માસથી અધિક અથવા છ માસથી પણ વધારે ભગવંતે પાણી પણ પીધા વિના રાત-દિવસ નિર્વાહ કર્યો. હું પાણી પીશ તેવી ઇચ્છા-પ્રતિજ્ઞા પણ ન કરી તથા કોઈવાર પર્યુષિત અન્ન પણ ખાઈ લેતા હતા.

[૩૨૪-] કોઈ વખત છટ્ઠ [ભક્ત] કરી પારણું કરતા - તે આ રીતે - પહેલે દિવસે એક વખત ખાય, પછી બે દિવસ ન ખાય [ઉપવાસ કરે], ચોથે દિવસે એક વખત ખાય. એ રીતે છ વખત ના ભોજનના ત્યાગથી છટ્ઠ થાય છે. એ રીતે દિવસની વૃદ્ધિથી અટ્ઠમ આદિ લેવું.



અથવા કોઈ વખત આઠ ભક્ત, દશ ભક્ત કે બાર ભક્ત ભોજન ન કર્યું. આ બધો તપ શરીરની સમાધિ રાખીને કરતા પણ ભગવંતને કદી મનની દીનતા ન થતી. તથા નિયાણું કરતા ન હતા.

● સૂત્ર-૩૨૫ :-

*હેય-ઉપાદેયને જાણીને ભગવંતે સ્વયં પાપ ન કર્યું, બીજા પાસે પણ ન કરાવ્યું અને પાપકર્મ કરનારને અનુમોદ્યા નહીં.*

● વિવેચન :-

ભગવંત મહાવીરે હેય-ઉપાદેયને જાણીને કર્મ-પ્રેરણ-સહિષ્ણુ બની જાતે પાપકર્મ કર્યું નહીં, બીજા પાસે પાપકર્મ કરાવ્યું નહીં, પાપકર્મ કરનારને અનુમોદન ન કર્યું. વળી—

● સૂત્ર-૩૨૬ થી ૩૩૦ :-

*[૩૨૬-] ભગવંત ગામ કે નગરમાં જઈ બીજા માટે બનાવેલ આહારની ગવેષણા કરતા હતા અને સુવિશુદ્ધ આહાર ગ્રહણ કરી આયતયોગથી સેવન કરતા હતા.*

*[૩૨૭-] ભિક્ષા લેવા જતાં ભગવંત રસ્તામાં ભૂખ્યા કાગડા વગેરે કે બીજા રસલોલુપ પક્ષીઓ જમીન ઉપર ભેગા થયેલા દેખાય તો—*

*[૩૨૮-] અથવા કોઈ બ્રાહ્મણ, શાક્યાદિ શ્રમણ, ભિખારી, અતિથી, ચાંડાલ, બિલાડી કે કૂતરાને માર્ગમાં બેઠેલા જોઈને—*

*[૩૨૯-] તેઓની [તે કાગડા આદિ, બ્રાહ્મણ આદિની] આજીવિકામાં વિચ્છેદ ન થાય, તેમને અપ્રીતિ ન થાય તે રીતે, ભગવંત ધીરે-ધીરે નીકળી; તેમની હિંસા ન થાય તે રીતે આહારની ગવેષણા કરતા.*

*[૩૩૦-] ભિક્ષામાં પ્રાપ્ત આહાર દૂધ-ઘીથી યુક્ત હોય કે રુક્ષ-સુકો હોય, શીત હોય કે અડદ-જુનું ધાન્ય-જવાદી હોય; તે પણ મળે કે ન મળે ભગવંત સમભાવ ધારણ કરતા હતા.*

● વિવેચન-૩૨૬ થી ૩૩૦ :-

[૩૨૬-] ભગવંત ગામ કે નગરમાં પ્રવેશીને આહાર શોધતા, તે બીજા માટે બનાવેલું અર્થાત્ ઉદ્ગમ દોષરહિત હોય તે તથા સુવિશુદ્ધ એટલે ઉત્પાદન દોષરહિત તથા એષણા દોષરહિત આહાર શોધતા. ભગવંત આયત એટલે સંયમ અને યોગ એટલે મન, વચન, કાયલક્ષણ. એવા 'આયતયોગ'-જ્ઞાન ચતુષ્ટય વડે - x - શુદ્ધ આહાર લાવીને ગૌચરીના પાંચ દોષ ટાળીને ગૌચરી વાપરતા હતા.

[૩૨૭-] વળી ભિક્ષા માટે નીકળેલ ભગવંતના માર્ગમાં ભૂખથી પીડાયેલા કાગડા તથા બીજા રસાર્થી-પાણીની ઇચ્છાવાળા કપોત-કબૂતર આદિ પ્રાણીઓ તથા ખાવાનું શોધવા માટે રસ્તામાં બેઠેલા હોય તેમને જમીન ઉપર બરોબર જોઈને તેમને ખાવા-પીવામાં અડચણ ન પડે તેવી રીતે હંમેશાં ધીમે ધીમે ગૌચરીને માટે ચાલે છે.

[૩૨૮-] અથવા બ્રાહ્મણને લાભ માટે ઉભેલો જાણીને તથા શાક્ય-આજીવક,

પરિવ્રાજક, તાપસ, નિર્ગ્રન્થાદિ શ્રમણમાંથી કોઈપણ હોય કે ગામના ભિખારી ઉદર ભરણાર્થે ભટકતા હોય કે અતિથિ-આગંતુક હોય તથા ચાંડાલ, બીલાડી, કૂતરું કે કોઈ આગળ ઉભું હોય—

[૩૨૯-] તો તેમની વૃત્તિને છેદ્યા વિના, મનથી દુષ્પ્રણિધાનને વર્જીને, તેમને લેશમાત્ર ત્રાસ ન થાય તે રીતે ભગવંત ચાલતા હતા. તથા બીજા કુંથવા આદિ જંતુની હિંસા ન થાય તે રીતે ગૌચરી-આહાર શોધતા હતા-ચાલતા હતા.

[૩૩૦-] દહીં વગેરેથી ભોજન ભીંજાવેલું હોય કે વાલ-ચણા આદિ સુકું હોય, ઠંડુ ભોજન હોય કે પર્યુષિત ભોજન તથા ઘણા દિવસના સીઝેલા જુના કુલ્માષ હોય, જુનું ધાન્ય કે ભાત વગેરે હોય અથવા જુનો સાથવો વગેરે હોય, ઘણાં દિવસનું ભરેલું ગોરસ અને ઘઉંના મંડક હોય તથા જવમાંથી બનેલ પુલાક હોય; આવો કોઈપણ આહાર મળે તો રાગ-દ્વેષરહિત થઈને વાપરતા તથા બીજો કોઈ આહાર મળે કે ન મળે પણ ભગવંત સંયમપૂર્વક વિચરતા. જો પર્યાપ્ત કે સારી ગૌચરી મળે તો અભિમાન ન કરતા અને ઓછી કે ખરાબ ગૌચરી મળે તો આપનારની જુગુપ્સા ન કરતા - વળી - તેવો આહાર મળે તો ખાઈને અને ન મળે તો ભૂખ્યા રહીને ભગવંત સારું ધ્યાન કરે છે. દુર્ધ્યાન કરતા નથી. કઈ અવસ્થામાં ધ્યાન કરે છે. તે કહે છે—

● સૂત્ર-૩૩૧ થી ૩૩૪ :-

***[૩૩૧-] ભગવંત મહાવીર ઉકડુ આદિ આસનોમાં સ્થિત અને સ્થિર ચિત્ત થઈને ધ્યાન કરતા હતા. ઉર્ધ્વ-અધો-તિર્છાલોકમાં સ્થિત દ્રવ્યાદિનું ધ્યાન કરતા સમાધિમાં સ્થિત રહેતા.***

***[૩૩૨-] ભગવંત કષાયરહિત, આસક્તિરહિત થઈ, શબ્દ અને રૂપમાં અમૂર્છિત થઈ ધ્યાન કરતા. છદ્મસ્થ હોવા છતાં સંયમમાં પ્રબળ પુરુષાર્થ કરતા ભગવંતે એક પણ વખત પ્રમાદ ન સેવ્યો.***

***[૩૩૩-] ભગવંતે આત્મશુદ્ધિ દ્વારા સ્વયં જ આયતયોગને પ્રાપ્ત કર્યો. માયાદિ કષાયોના વિજેતા બન્યા. જીવનપર્યંત સમિતિયુક્ત રહ્યા.***

***[૩૩૪-] અપ્રતિજ્ઞ, મતિમાન, માહણ, ભગવંતે આ વિધિનું વારંવાર આચરણ કરેલું છે, બીજા મુમુક્ષુ પણ આ રીતે આચરણ કરે.***

● વિવેચન-૩૩૧ થી ૩૩૪ :-

[૩૩૧-] ઉત્કુટુક, ગોદોહિક, વીરાસન આદિ અવસ્થામાં, મુખવિકારાદિ ચંચળ ચેષ્ટાને છોડીને ધર્મ કે શુક્લ ધ્યાન ધ્યાવે છે.

ત્યાં કયા ધ્યેયને ભગવંત ધ્યાવે છે ? તે કહે છે - ઉંચે, નીચે તથા તીર્છાલોકમાં જે જીવ તથા પરમાણું વગેરે વિદ્યમાન છે તેને દ્રવ્ય-પર્યાય, નિત્ય-અનિત્યાદિ રૂપપણે ધ્યાવે છે. તથા અંતઃકરણશુદ્ધિ-સમાધિને દેખતા અપ્રતિજ્ઞ થઈને ધ્યાવે છે.

[૩૩૨-] કષાયરહિતપણે-ક્રોધાદિથી ભ્રકુટી ચડાવ્યા વિના તથા ગૃદ્ધપણું દૂર કરીને, શબ્દ રૂપાદિમાં ઇન્દ્રિયાર્થે મૂર્છિત થયા વિના ધ્યાન કરે છે. મનને અનુકૂળમાં



રાગ નથી તેમ પ્રતિકૂળમાં દ્વેષ નથી કરતા. તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાયકર્મ હોવાથી છદ્મસ્થ હતાં, તો પણ વિવિધ સંયમાનુષ્ઠાનમાં પરાક્રમ બતાવીને કષાયાદિ પ્રમાદ એક વખત પણ ન કર્યો.

[૩૩૩-] તથા પોતે પોતાના આત્માથી તત્ત્વને જાણીને સંસારનો સ્વભાવ જાણનારા સ્વયંબુદ્ધ બની તીર્થ પ્રવર્તનાર્થે ઉદ્યમ કર્યો. કહ્યું છે કે, આદિત્યાદિ વિબુધોના સમૂહે કહ્યું કે, હે નાથ ! આ ત્રણ લોકમાં સારરૂપ અનુપમ જે શિવપદ છે - શીઘ્ર ભવભય છેદનાર છે તે તીર્થને આપ શીઘ્ર સ્થાપન કરો ! આ પ્રમાણે આવું વાક્ય તમારી સ્મૃતિ માટે કાને ન પડ્યુ હોત, તો આ નિયોગ કેવી રીતે થાત !

તથા તીર્થ પ્રવર્તનાર્થે ભગવંત કેવી રીતે ઉદ્યમ કર્યો તે કહે છે—

આત્મશુદ્ધિ વડે - પોતાના કર્મનો ક્ષયોપશમ તથા ક્ષય કરવા વડે સુપ્રણિહિત મન-વચન-કાયાના યોગો જે આયતયોગ છે તેને ધારણ કરી, વિષય કષાયાદિને ઉપશમાદિથી શીતીભૂત કરેલ તથા માયા રહિત ઉપલક્ષણથી ક્રોધાદિ રહિત બની યાવજ્જીવ ભગવંત પાંચ સમિતિએ સમિત તથા ત્રણ ગુપ્તિએ ગુપ્ત બનીને રહ્યા.

[૩૩૪-] શ્રુતસ્કંધ, અધ્યયન, ઉદ્દેશકની વ્યાખ્યા સમાપ્ત કરતા કહે છે - અનંતરોક્ત ''શસ્ત્રપરિજ્ઞા''થી આરંભીને જે બતાવ્યું તે અનુષ્ઠાન આસેવન પરિજ્ઞા વડે વર્ધમાન સ્વામીએ સેવેલ-આચરેલ છે તે ભગવંત ચાર જ્ઞાન વડે યુક્ત, અનેક પ્રકારે નિદાનરહિત થઈ આચરેલ છે. ઐશ્વર્યાદિ ગુણથી યુક્ત છે તેથી બીજા પણ મુમુક્ષુ ભગવદ્ આચીર્ણ મોક્ષ આપનાર માર્ગ વડે આત્મહિતને આચરતા વિચરે.

આ પ્રમાણે સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે, તે હું કહું છું જે વીર પ્રભુના ચરણની સેવા કરતાં મેં સાંભળેલ છે.

**અધ્યયન-૯ ''ઉપધાનશ્રુત'' ઉદ્દેશો-૪ ''આતંકિત''નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

આ પ્રમાણે સૂત્રાનુગમ તથા સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ સૂત્રસ્પર્શ નિર્યુક્તિ સહિત વર્ણવ્યો છે.

## 卐 અધ્યયન-૯નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ 卐

હવે નયોનું વર્ણન કરે છે - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નયો સામાન્યથી છે. તે સંમતિતર્ક વગેરેમાં લક્ષણથી અને વિધાનથી કહેલ છે. અહીં તે નયોને જ્ઞાન અને ક્રિયા બંને નયોમાં સમાવીને સમાસથી કહીએ છીએ.

આચારાંગ સૂત્રના અધિકારમાં જ્ઞાન અને ક્રિયા બે નયો સમાવિષ્ટ છે. જ્ઞાન-ક્રિયાની અધીનતાથી મોક્ષને માટે શાસ્ત્રપ્રવૃત્તિ છે. જ્ઞાન અને ક્રિયા પરસ્પર સંબંધથી જ વિવક્ષિત કાર્ય સિદ્ધિમાં સમર્થ છે. પણ એકલું જ્ઞાન કે એકલી ક્રિયા સમર્થ નથી.

૦ જ્ઞાન નયવાળાનો અભિપ્રાય આ પ્રમાણે છે - જ્ઞાન જ પ્રધાન છે. ક્રિયા

નહીં. કેમકે સમસ્ત હેય પદાર્થને ત્યાગવા, ઉપાદેયને સ્વીકારવા એ પ્રવૃત્તિ જ્ઞાનને આધીન છે. તેથી સુનિશ્ચિત કરેલા સમ્યગ્જ્ઞાનથી પ્રવૃત્ત અર્થક્રિયાનો અર્થી વિસંવાદ ન કરે.

કહ્યું છે કે, પુરુષોને જ્ઞાન ફળ દેનારું છે, ક્રિયા ફળદાયી નથી. મિથ્યા જ્ઞાનવાળો ક્રિયા કરવા જાય તો તેનું અયોગ્ય ફળ સાક્ષાત્ દેખાય છે. તથા વિષય વ્યવસ્થિતનું સમાધાન જ્ઞાનપૂર્વક થાય છે અને બધાં દુઃખોના નાશ જ્ઞાનથી જ થાય છે. જ્ઞાનનું જ અન્વયવ્યતિરેકપણું છે. જ્ઞાનનું જ પ્રધાનપણું છે.

જ્ઞાનના અભાવે અનર્થ દૂર કરવા પ્રવર્તે તો પણ અપાનતાથી પતંગીયા માફક અનર્થમાં જોડાય જાય છે. જ્ઞાન વડે બધાં અર્થો અને અનર્થોના સંશયોને વિચારીને યથાશક્તિ વિઘ્નોને દૂર કરે છે. આગમમાં પણ ''पढमं नाणं तओ दया'' કહ્યું છે. આ બધું ક્ષાયોપશમિક અને ક્ષાયિક બંનેને આશ્રીને પ્રધાન છે. કારણ કે—

દેવથી પૂજિત - x - ભવસમુદ્રના તટે રહેલ, દીક્ષા પ્રતિપન્ન, ત્રિલોક બંધુ, તપ-ચારિત્ર યુક્ત છતાં - x - x - કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ થતી નથી. માટે જ્ઞાન જ - x - મુખ્ય છે.

૦ ક્રિયાનયવાળા કહે છે - ક્રિયા જ આ લોક-પરલોકની ઇચ્છિત ફળની પ્રાપ્તિનું કારણ છે. તે જ યુક્તિયુક્ત છે. - x - x - પ્રવૃત્તિરૂપ ક્રિયા ન કરનારનું જ્ઞાન નિષ્ફળ જાય છે. જ્ઞાનનું અર્થપણું ક્રિયા સાથે છે. - x - x - અન્વય વ્યતિરેક પણ ક્રિયામાં સિદ્ધ થાય છે. જેમ સમ્યક્ ચિકિત્સા વિધિ જાણનાર પણ ઉપયોગ ક્રિયારહિત હોય તો રોગ દૂર ન થાય. કહ્યું છે - શાસ્ત્રો ભણવા છતાં ક્રિયા ન કરનાર મુર્ખા હોય છે. થોડું ભણેલ પણ ક્રિયા કરનાર વિદ્વાન્ છે. ઔષધ વિના શું રોગી નિરોગી બને ? પુરુષોને ક્રિયા જ ફળદાયી છે, જ્ઞાન નહીં કેમકે ભોગ્ય વસ્તુની જાણકારી હોય પણ ક્રિયા ન કરે તો ભોગ પામતો નથી.

- x - x - પરલોકનું સુખ વાંછનારે પણ તપ ચારિત્રની ક્રિયા જ કરવી, જિનવચન પણ તે જ કહે છે - ચૈત્ય, કૂળ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન, શ્રુત એ બધામાં પણ તેણે તપ અને સંયમમાં ઉધમ કરવાથી કર્યું જાણવું. માટે આ ક્રિયા જ સ્વીકારવી. કેમકે તીર્થંકરાદિએ પણ ક્રિયારહિત જ્ઞાનને અફળ કહ્યું છે. વળી કહ્યું છે કે—

ઘણાંએ સિદ્ધાંત ભણ્યો હોય, પણ ચારિત્રરહિત હોય તો શું કરી શકે ? લાખો દીવા હોય તો પણ અંધ શું કરી શકે ? - x - x - માત્ર ક્ષાયોપશમિક નહીં, ક્ષાયિક જ્ઞાનથી પણ ક્રિયા પ્રધાન છે. કેમકે - x - કેવળજ્ઞાન હોવા છતાં ધ્યાનરૂપ ક્રિયા વિના - x - ભવોપગ્રાહી કર્મોનો વિચ્છેદ ન થાય, મોક્ષ પ્રાપ્તિ પણ ન થાય - x - માટે ક્રિયા જ મુખ્ય છે.

આ પ્રમાણે જ્ઞાન વિના સમ્યક્ ક્રિયાનો અભાવ છે અને ક્રિયાના અભાવે અર્થસિદ્ધિ માટેનું જ્ઞાન વૈકલ્ય છે. આમ બંને નયો સાંભળી વ્યાકૂળ મતિ શિષ્ય પૂછે છે કે આ બંનેમાં સાચું શું ?



આચાર્ય કહે છે - x - x - જ્ઞાન અને ક્રિયાના અભિપ્રાય બંને એકબીજાના આધારે છે. સકલ કર્મના ઉચ્છેદરૂપ મોક્ષનાં કારણો છે. કેમકે નગર બળ્યું ત્યારે અંધ અને પંગુ મળી જવાથી બંને બચી ગયા. રથ પણ બંને પૈડાથી જ ચાલે છે. - x - x - x - આગમમાં પણ સર્વે નયોના ઉપસંહાર દ્વાર વડે આ જ અર્થ બતાવ્યો છે.

બધાં નયોનું વક્તવ્ય સાંભળીને બધા નયથી વિશુદ્ધ મંતવ્યને જ ચરણગુણ સ્થિત સાધુ માને. તેથી આ આચારાંગ સૂત્ર જ્ઞાન-ક્રિયારૂપ છે. તેને જાણેલ સમ્યગ્ માર્ગવાળા સાધુએ કુશ્રુત-કષાય-સંયોગ વિયોગ-હાસ્યાદિ યુક્ત ભયાનક સંસારને સાક્ષાત્ જોયેલ છે. તેવા સાધુએ સંસાર સમુદ્રથી પાર જવા માટે આચારાંગ સૂત્રમાં બતાવેલ જ્ઞાન-ક્રિયારૂપ વહાણ ધારણ કરવું. મુમુક્ષુએ - x - શાશ્વત - x - x - મોક્ષની ઇચ્છાવાળા બનીને આચારાંગ સૂત્રનો આધાર લેવો.

*૦ આ વૃત્તિની પ્રશસ્તિ આદિ મૂળ ટીકાથી જાણી લેવા.*

**આચારાંગ સૂત્રના શ્રુતસ્કંધ-૧ ''બ્રહ્મચર્ય''નો**
**મુનિ દીપરત્નસાગર કૃત્ સૂત્ર તથા ટીકાનુવાદ પૂર્ણ**

- x - x - x - x - x - x -

# ❀ શ્રુતસ્કંધ-૨-"આચારાગ્ર" ❀

## ૦ આરંભે કંઈક ૦

*આચારાંગ સૂત્રનો પહેલો શ્રુતસ્કંધ પૂરો થયો. તેમાં નવ અધ્યયનો હતા. [જો કે તેમાં સાતમું અધ્યયન વિચ્છેદ પામ્યું છે.] ઇત્યાદિ કથન પૂર્વે પણ થયું છે અને અહીં ભૂમિકામાં પણ થશે. વિભાગ અને પેટા વિભાગની દૃષ્ટિએ જોઈએ તો પહેલા શ્રુતસ્કંધમાં અધ્યયનો હતા, અધ્યયનોમાં ઉદ્દેશા હતા. તેમાં સૂત્રો હતા. તેથી ૧/૧/૧/૧ લખ્યું.*

*આ શ્રુતસ્કંધના વિભાગ-પેટા વિભાગમાં ભેદ છે. શ્રુતસ્કંધમાં ચાર ચૂલિકાઓ છે. ચૂલિકામાં અધ્યયનો પણ છે, અધ્યયનોમાં ઉદ્દેશા છે અને ઉદ્દેશામાં સૂત્રો છે. તેથી વિભાગીકરણ ૧/૧/૧/૧/૧ એવા પાંચ વિભાગોમાં થશે. સંક્ષેપમાં કહીએ તો શ્રુ./ચૂ./અ./ઉ./સૂ.*

● ભૂમિકા :-

અનાદિ અનંતકાળ રહેનારું, અનેક ગુણરત્નોથી ભરેલું. બધાં મતવાળાને સીધે રસ્તે લાવનાર તીર્થંકરે નમસ્કાર કરેલ એવું તીર્થ જયવંતુ વર્તે છે. *[અહીં અમારા 'આગમ' સંપાદનમાં ભૂલથી નિર્યુક્તિ-૨૮૫-લખાયું છે.]*

સદાચાર બતાવનારા અને નમેલા બધા દેવતાના મુકુટ રત્નોથી જેમના પગ પૂજિત છે. એવા શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ. *[અહીં અમારા 'આગમ' સંપાદનમાં ભૂલથી નિર્યુક્તિ-૨૮૬-લખાયું છે.]*

આચારાંગ સૂત્રરૂપ મેરૂપર્વતની ચૂલિકા સમાન આ ચૂલિકામાં જે થોડો વિષય આવેલ છે, તેને થોડામાં કહું છું. કેમકે હંમેશા કૃત્ય કરનાર ગુણવાન્ પુરુષ આરંભેલા ઇચ્છિત અર્થમાં બાકી રહેલી ક્રિયા કરવાથી જ અર્થ સિદ્ધિ પામે છે. *[અહીં અમારાથી ભૂલથી નિર્યુક્તિ-૨૮૭-લખાયું છે.]*

નવ અધ્યયનાત્મક "બ્રહ્મચર્ય" નામક પ્રથમ શ્રુતસ્કંધ કહ્યો હવે 'આચાર' સૂત્રના બીજા 'અગ્ર' શ્રુતસ્કંધને કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-પહેલા 'આચાર'ના પરિમાણને બતાવેલ છે - નવ બ્રહ્મચર્યવાળો, ૧૮,૦૦૦ પદવાળો, પાંચ ચૂલા સહિત પદાગ્ર વડે ઘણો ઘણો આ વેદ છે.

તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં નવ બ્રહ્મચર્ય અધ્યયનો કહ્યા. તેમાં પણ સમસ્ત વિવક્ષિત અર્થ કહ્યો નથી. કહેલો વિષય પણ સંક્ષેપથી કહ્યો છે. જેથી ન કહેવાયેલ વિષયને કહેવા માટે તથા સંક્ષેપથી કહેલા વિષયને વિસ્તારથી કહેવા માટે તેના અગ્રભૂત ચાર ચૂડાઓ ઉક્ત-અનુક્ત વિષયનો જ સંગ્રાહિક અર્થ બતાવે છે તેથી તે અર્થવાળો આ બીજો અગ્ર શ્રુતસ્કંધ છે. આ સંબંધે આવેલા આ સ્કંધને કહે છે—

નામ, સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને દ્રવ્ય અગ્ર કહે છે.

**[નિ.૨૮૮]** દ્રવ્ય અગ્ર બે પ્રકારે - આગમથી, નો આગમથી. ઇત્યાદિ કહીને તદ્વ્યતિરિક્ત દ્રવ્યાગ્ર ત્રણ પ્રકારે-સચિત્ત, અચિત્ત, મિશ્ર. તેમાં વૃક્ષ, ભાલા આદિનો અગ્રભાગ લેવો. અવગાહના અગ્ર જે દ્રવ્યના નીચલા ભાગને અવગાહે તે. જેમકે મનુષ્ય ક્ષેત્રમાં મેરૂને છોડીને બીજા પર્વતોની ઉંચાઈનો ચોથો ભાગ જમીનમાં અવગાઢ હોય છે - x -





આદેશઅગ્ર - આદેશ એટલે વ્યાપારની નિયોજના. અહીં અગ્ર શબ્દ પરિમાણવાચી છે. તેથી જ્યાં પરિમિત પદાર્થનો આદેશ અપાય તે આદેશાગ્ર છે. જેમકે ત્રણ પુરુષો વડે જે કૃત્ય કરાય છે કે તેમને જમાડે છે.

કાલઅગ્ર - અધિક માસ અથવા અગ્ર શબ્દ પરિમાણ વાચક છે. તેમાં અતીતકાલ અનાદિ છે, અનાગત કાળ અનંત છે - x -

ક્રમઅગ્ર - પરિપાટી વડે અગ્ર. તે દ્રવ્યાદિ ચાર ભેદે છે. તેમાં દ્રવ્ય અગ્ર તે એક અણુથી બે અણુ, બે અણુથી ત્રણ અણુ ઇત્યાદિ છે.

ક્ષેત્રઅગ્ર - એક પ્રદેશ અવગાઢથી બે પ્રદેશ અવગાઢ સુધી વગેરે.

કાલઅગ્ર - એક સમય સ્થિતિથી બે સમય સ્થિતિ સુધી વગેરે.

ભાવઅગ્ર - એક ગુણ કાળાશથી બે ગુણ કાળાશ વગેરે.

ગણનાઅગ્ર - સંખ્યા ધર્મ સ્થાન તે, દશગણું. જેમકે એક-દશ-સો.

સઞ્ચયઅગ્ર - સંચિત દ્રવ્યની ઉપર જે છે તે. - x -

ભાવઅગ્ર - ત્રણ ભેદે છે. પ્રધાનાગ્ર, પ્રભૂતાગ્ર, ઉપકારાગ્ર. તેમાં પ્રધાનાગ્ર સચિત્તાદિ ત્રણ ભેદે છે. સચિત્ત પણ દ્વિપદાદિ ત્રણ ભેદે છે. તેમાં દ્વિપદમાં તીર્થંકર, ચતુષ્પદમાં સિંહ, અપદમાં કલ્પવૃક્ષ છે. અચિત્તમાં વૈડૂર્યાદિ, મિશ્રમાં અલંકૃત્ તીર્થંકર છે. પ્રભૂતાગ્ર તે અપેક્ષા રાખનાર છે. જેમકે - જીવ, પુદ્ગલ, સમય, દ્રવ્ય, પ્રદેશ, પર્યવ - x - x - આ બધામાં એક પછી એક અગ્ર છે અને પર્યાયાગ્ર સૌથી અગ્ર છે.

ઉપકાર અગ્ર તો પૂર્વોક્ત વિસ્તારથી અને અનુક્ત પ્રતિપાદનથી ઉપકારમાં વર્તે છે. જેમકે-દશવૈકાલિકની ચૂડા અથવા આ આચાર શ્રુતસ્કંધની ચૂડા તે ઉપકાર અગ્રનો જ અધિકાર છે.

**[નિ.૨૮૯]** અહીં ઉપકાર અગ્રનો અધિકાર છે. કેમકે આ ચૂડાઓ 'આચાર'ની ઉપર વર્તે છે. 'આચાર'ના વિષયને વિશેષ ખુલાસાથી કહેવા આ ચૂડા છે. જેમ વૃક્ષ અને પર્વતને અગ્ર [ટોચ] હોય છે. શેષ અગ્રના નિક્ષેપાનું વર્ણન તો શિષ્યની મતિ ખીલવવા માટે છે. તથા તેને લીધે ઉપકાર અગ્ર સુખેથી સમજી શકાય છે. - x - x - x - આ ચૂલાઓ કોણે રચી ? શા માટે ? અથવા ક્યાંથી ઉદ્ધરી. તે કહે છે—

**[નિ.૨૯૦]** શ્રુત સ્થવિર, ચૌદ પૂર્વીએ આ ઉદ્ધરી છે. શા માટે ? શિષ્યના હિત માટે-અનુગ્રહ કરીને તેઓ સહેલાઈથી સમજે માટે રચી. ક્યાંથી ? 'આચાર' સૂત્રમાંથી બધો વિસ્તાર આચારાગ્રમાં કહ્યો. હવે જે જ્યાંથી લીધું છે, તે વિભાગ પાડીને કહે છે.

**[નિ.૨૯૧ થી ૨૯૪]** શ્રુતસ્કંધ-૧માં બીજા અધ્યયન 'લોકવિજય'ના ઉદ્દેશા-૫-માં સૂત્ર છે - सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए તેમાં આમ શબ્દથી હણવું આદિ ત્રણે કોટિ લીધી. ગંધ શબ્દથી બીજી ત્રણ કોટિ લીધી. આ છ એ અવિશુદ્ધિ કોટિ લીધી. તે આ પ્રમાણે - હણે, હણાવે, હણતાને અનુમોદે; રાંધે, રંધાવે, રાંધતાને અનુમોદે. તે જ અધ્યયનમાં બીજું સૂત્ર છે - "अदिस्समाणो कयविक्कएहिं" આ સૂત્રથી ત્રણ વિશોધિ કોટિ લીધી. તે આ પ્રમાણે - ખરીદે, ખરીદાવે, ખરીદતાને અનુમોદે.

તથા આઠમાં 'વિમોહ' અધ્યયનના બીજા ઉદ્દેશામાં આ સૂત્ર છે - 'भिक्खू परक्कमेज्जा चिट्ठेज्ज वा निसीएज्ज वा''...ઇત્યાદિ આ બધાંને આશ્રીને ૧૧ પિંડૈષણા રચી છે. તથા બીજા અધ્યયનના પાંચમાં ઉદ્દેશામાં આ સૂત્ર છે - ''से वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं उग्गहं च कडासणं'' તેમાં વસ્ત્ર, કંબલ, રજોહરણ લેવાથી વસ્ત્રૈષણા લીધી. પાત્રના ગ્રહણથી પાત્રૈષણા લીધી. અવગ્રહ શબ્દથી અવગ્રહ પ્રતિમા લીધી. કટાસન શબ્દથી શય્યા લીધી.

૦ તે જ પ્રમાણે પાંચમું અધ્યયન આવંતિ છે. તેના ચોથા ઉદ્દેશામાં સૂત્ર છે. गामाणुगामं दूइज्जमाणस्स दुज्जायं दुप्परिक्कंत० સૂત્રથી 'ઇર્યા' અધ્યયન લીધું. છઠ્ઠા 'ધૂત' અધ્યયનના પાંચમાં ઉદ્દેશામાં સૂત્ર છે - आइक्खइ विहयइ किट्टइ धम्मकामी તેનાથી 'ભાષાજાત' અધ્યયન રચ્યું છે. તેમ તું જાણ.

૦ તથા 'મહાપરિજ્ઞા' અધ્યયનના સાત ઉદ્દેશકો હતા. તે પ્રત્યેક-સાતથી સાત અધ્યયન લીધા. તથા શસ્ત્રપરિજ્ઞા અધ્યયનથી ભાવના અધ્યયન લીધું છે.

૦ તથા 'આચાર પ્રકલ્પ' તે નિશીથ સૂત્ર. તે પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી વસ્તુ છે, તેમાં ૨૦મું પાહુડ 'આચાર' નામે છે તેમાંથી રચેલ છે. આ રીતે બ્રહ્મચર્ય અધ્યયનોમાંથી 'આચારાગ્ર' રચેલ છે. એથી નિર્યૂહનના અધિકારથી જ તે શસ્ત્રપરિજ્ઞા અધ્યયનથી રચેલ છે તે કહે છે.

[નિ.૨૯૫] અવ્યક્ત દંડ નિક્ષેપો બતાવેલ છે. પ્રાણિઓને પીડારૂપ તે દંડ તેનો નિક્ષેપ-પરિત્યાગ અર્થાત્ સંયમ, તે શસ્ત્રપરિજ્ઞામાં ગુપ્ત રીતે કહ્યો હતો. તેથી તે સંયમને જ જુદા જુદા ભાગ પાડી આઠ અધ્યયનોમાં અનેક પ્રકારે વર્ણવ્યો છે એમ જાણવું. આ સંયમ સંક્ષેપથી કહેલો છે. તે વિસ્તારથી કહેવાય છે-તે બતાવે છે.

[નિ.૨૯૬,૨૯૭] અવિરતિના ત્યાગરૂપ એક પ્રકારનો સંયમ છે, તે બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદે છે અને મન-વચન-કાય યોગરૂપ ત્રણ ભેદે છે. ચાર યામરૂપ ચાર ભેદે અને પાંચ મહાવ્રતથી પાંચ ભેદે છે. રાત્રિભોજન ત્યાગ ઉમેરતા છ ભેદે છે. એ રીતે ભેદ કરતા ૧૮,૦૦૦ શીલાંગ ભેદ સુધી પરિમાણવાળો છે. આ સંયમ કેવો છે ? તે ત્યાં પ્રવચનમાં પાંચ મહાવ્રતરૂપ ભેદથી વર્ણવાય છે. તે કહે છે—

[નિ.૨૯૮] સંયમ પાંચ મહાવ્રતરૂપે વ્યવસ્થાપિત હોવાથી કહેવો, વિભાગ કરવો કે જાણવો સરળ છે. તેથી પાંચ મહાવ્રતો બતાવેલ છે, આ પાંચ મહાવ્રત અસ્ખલિત હોય તો ફળવાળા થાય છે. તેથી તેનું રક્ષણ કરવામાં પ્રયત્ન કરવો તે દર્શાવે છે—

[નિ.૨૯૯] તે મહાવ્રતોની એક-એકની વૃત્તિ સ્વરૂપ પાંચ-પાંચ ભાવનાઓ છે. તે બીજા ''અગ્ર'' શ્રુતસ્કંધમાં બતાવી છે. તેથી આ શસ્ત્રપરિજ્ઞા અધ્યયન અભ્યંતર કહ્યું. હવે ચૂડા-પરિમાણ કહે છે—

[નિ.૩૦૦] પહેલી ચૂડામાં પિંડૈષણાથી અવગ્રહ પ્રતિમા સુધી સાત અધ્યયનો છે. સપ્ત સપ્તૈક્કા [સાત સાતની એક-એક] એવી બીજી ચૂડા છે. ભાવના નામની ત્રીજી અને વિમુક્તિ નામથી ચોથી ચૂડા છે. આચારપ્રકલ્પ-નિશીથ નામે પાંચમી ચૂડા છે.



## ❀ શ્રુતસ્કંધ-૨ ચૂડા-૧ ❀

૦ ચૂડાનો નામાદિ નિક્ષેપ છ પ્રકારે છે. નામ-સ્થાપના સુગમ છે. દ્રવ્ય ચૂડામાં તદ્વ્યતિરિક્તમાં સચિત્તમાં કુકડાની ચૂડા, અચિત્તમાં મુગટની ચૂડા અને મિશ્રમાં મયૂરની કહી છે. ક્ષેત્ર ચૂડા લોક નિષ્કુટરૂપ છે. કાલ ચૂડા અધિક માસરૂપ છે. ભાવ ચૂડા આ 'ચૂડા' પોતે જ છે, કેમકે તે ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે, તે સાત અધ્યયનરૂપ છે—

## 卐 ચૂડા-૧, અધ્યયન-૧ - ''पिण्डैषणा'' 卐

બીજા શ્રુતસ્કંધની ચૂડા-૧નું અધ્યયન-૧ ''पिण्डैषणा'' છે. તેના ચાર અનુયોગદ્વાર છે - યાવત્ - નામ નિષ્પન્ન નિક્ષેપામાં પિંડૈષણા અધ્યયન છે. તેના નિક્ષેપદ્વારે સમગ્ર પિંડનિર્યુક્તિ અહીં કહેવી.

### 卐 ચૂડા-૧, અધ્યયન-૧ पिण्डैषणा-ઉદ્દેશો-૧ 卐

● **સૂત્ર-૩૩૫ :-**

***ભિક્ષા ગ્રહણ કરવાના ઉદ્દેશ્યથી કોઈ સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે અને તેઓ જાણે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રસજ પ્રાણી કે લીલફૂગ સંસક્ત છે, બીજ કે દુર્વાદિ લીલોતરીથી મિશ્રિત છે, સચિત્ત જલથી ભીના છે, સચિત્ત રજયુક્ત છે, તો તેવા પ્રકારના અશન, પાન, ખાદિમ, સ્વાદિમને - જો કે તે આહાર ગૃહસ્થના હાથમાં હોય કે પાત્રમાં સ્થિત હોય તેને અપ્રાસુક અને અનેષણીય માની મળવા છતાં પણ ગ્રહણ ન કરે.***

***કદાચ અસાવધાનીથી એવો આહાર ગ્રહણ થઈ ગયો હોય તો તે આહારને લઈને એકાંતમાં જાય, જઈને ઉદ્યાન કે ઉપાશ્રયમાં જ્યાં ઇંડા, પ્રાણિઓ, બીજો, હરિતકાય, ઓસ, જલ, ઉર્તિંગ, પંચવર્ણી લીલફૂગ, સચિત્ત જલવાળી માટી અને કરોળિયાના જાળાં આદિથી રહિત ભૂમિમાં તે સંસક્ત આહારથી તે આગંતુક જીવોને પૃથક્ કરીને તે મિશ્રિત આહાર શોધી-શોધીને પછી જયણાપૂર્વક ખાય કે પીએ.***

***જો તે ખાવા-પીવા સમર્થ ન હોય તો એકાંત સ્થાને જઈને ત્યાં બળેલી ભૂમિ, હાડકાનો ઢગ, લોઢાના કચરામાં, ફોતરાનો ઢગ, છાણનો ઢગલો કે તેવી જાતના કોઈ સ્થાનની વારંવાર પ્રતિલેખના કરી, વારંવાર પ્રમાર્જન કરી, યતનાપૂર્વક આહારને પરઠવે.***

● **વિવેચન :-**

જે કોઈ ભિક્ષાથી નિર્વાહ કરનાર ભાવભિક્ષુ-મૂલ ઉત્તર ગુણધારી વિવિધ અભિગ્રહ કરનાર સાધુ કે સાધ્વી હોય તે વેદનાદિ કારણે આહાર ગ્રહણ કરે છે તે આ પ્રમાણે - વેદના, વૈયાવચ્ચ, ઇર્યાસમિતિ માટે, સંયમપાલન માટે, જીવિત અર્થે અને ધર્મ ચિંતવન માટે. આ છ કારણોમાં કોઈપણ કારણે આહારનો અર્થી બનીને

ગૃહસ્થના ઘેર જાય. શા માટે ? મને અહીં ભિક્ષા મળશે એવી પ્રતિજ્ઞાથી. તે ત્યાં પ્રવેશીને અશનાદિ જાણે. કઈ રીતે ? તે કહે છે. 'રસજ' આદિ પ્રાણિ જોઈને તે જીવો હોય તો ગોચરી ન લે. તે જ પ્રમાણે - પનક હોય, બીજા આદિ સંસક્ત હોય, દુર્વા-અંકુરાદિ હોય, તેની સાથે મિશ્ર હોય, કાચા પાણીથી ભીંજાયેલ હોય કે સચિત્તરજથી ખરડાયેલ હોય.

આવા પ્રકારના અશુદ્ધ અશનાદિ ચાર પ્રકારનો આહાર દેનારના હાથમાં કે ગૃહસ્થના વાસણમાં હોય, તે સચિત્ત કે આધાકર્માદિ દોષથી દુષિત હોય, એવું જાણે તો તે ભાવભિક્ષુ મળવા છતાં પણ ન લે. આ ઉત્સર્ગ વિધિ છે. અપવાદે દ્રવ્યાદિ જાણીને ગ્રહણ કરે. તેમાં દ્રવ્યથી-તે દ્રવ્ય દુર્લભ હોય, ક્ષેત્ર-સાધારણ દ્રવ્ય લાભરહિત હોય, કાળ-દુકાળ હોય ભાવ-ગ્લાન આદિ હોય. ઇત્યાદિ કારણે ગીતાર્થ સાધુ ગોચરી લે.

વળી કોઈ વખત અજાણપણે જીવાતવાળું કે ઉન્મિશ્ર ભોજનાદિ લીધું હોય તો તેની વિધિ કહે છે - તે ભાવભિક્ષુ કદાચ અનાભોગથી કે સહસા સંસક્તાદિ આહાર ગ્રહણ કરે, આ અનાભોગ દેનાર-લેનાર એ બે પદ ભેદથી ચાર પ્રકારે છે. આવો અશુદ્ધ આહાર આવેલ જાણીને એકાંતમાં જાય, જ્યાં ગૃહસ્થ લોક દેખે કે આવે નહીં. આવું એકાંત સ્થળ અનેક પ્રકારનું હોય છે, તે બતાવે છે—

ઉધાન, ઉપાશ્રય. અહીં अथ શબ્દ અનાપાત વિશિષ્ટ પ્રદેશના સંગ્રહ માટે છે. અથવા 'वा' શબ્દથી શૂન્યગૃહાદિ લેવા. તે સ્થળ કેવા હોય ? અહીં 'अप्प' શબ્દ અભાવ વાચી છે. તેથી જ્યાં ઇંડા ન હોય, બીજ-હરિત-ઠાર-કાચું પાણી-ઉત્તીંગ અર્થાત્ ઘાસના અગ્રભાગે પાણીનાં બિંદુ-પનક (લીલ)-ભીંજાવેલી માટી-મર્કટ એટલે સૂક્ષ્મ જીવ કે કરોળીયાના જાળા. ઇત્યાદિ દરેક જીવથી રહિત એવા ઉધાનાદિ સ્થળે જઈને પૂર્વે લીધેલ આહારમાં જે જીવ મિશ્રિત હોય તે જોઈ-જોઈને અશુદ્ધ આહારને ત્યાગે અથવા ભવિષ્યમાં જીવ થાય તેવા સાથવો વગેરે હોય તેમાં જીવોને દૂર કરી, ખાવા જેવું બાકી રહ્યું હોય તે બરોબર જાણીને રાગદ્વેષ છોડીને ખાય કે પીએ. કહ્યું છે—

હે જીવ ! તું બેંતાલીશ ગોચરીના દોષના સંકટમાં પૂર્વે ઠગાયો નથી, તેમ હવે પણ ગોચરી કરતા રાગદ્વેષથી ઠગાતો નહીં.

રાગથી અંગાર દોષ લાગે છે, દ્વેષથી ધૂમ્ર દોષ લાગે છે, માટે રાગદ્વેષરહિત બની નિર્જરાની ઇચ્છા રાખી ગોચરી કરજે.

જે આહાર આદિ વધારે હોવાથી ખાવો કે પીવો શક્ય ન હોય કે અશુદ્ધ આહાર પૃથક્ કરવો અશક્ય હોય તો પરઠવવો જોઈએ. તેથી તે ભિક્ષુ તેવા આહારને લઈને એકાંતમાં જઈને પરઠવે. ક્યાં પરઠવે તે કહે છે-બળેલી ભૂમિ, હાડકાંનો ઢગલો, લોઢાના કાટનો ઢેર, તૂષનો ઢગલો, સૂકા છાણનો ઢેર આદિમાં કે તેવા કોઈ ઢગલામાં પૂર્વે બતાવેલ નિર્દોષ જગ્યામાં જઈને વારંવાર ચક્ષુ વડે પ્રમાર્જીને-જોઈને તથા રજોહરણથી પ્રતિલેખના કરીને પરઠવે.



અહીં પડિલેહણ-પ્રમાર્જના આશ્રિત સાત ભેદો થાય. જેમકે-૧-અપ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિત, ૨-અપ્રત્યુપેક્ષિત-પ્રમાર્જિત, ૩-પ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિત, તેમાં પણ જોયા વિના પ્રમાર્જના કરતો એક સ્થાનથી બીજા સ્થાને જતાં ત્રસ જીવોને વિરાધે છે અને જોઈને પૂંજ્યા વિના આવતા પૃથ્વીકાયાદિને વિરાધે છે. બીજા ચાર ભાંગા આ પ્રમાણે-૪-દુષ્પ્રત્યુપેક્ષિત-દુષ્પ્રમાર્જિત, ૫-દુષ્પ્રત્યુપેક્ષિત-સુપ્રમાર્જિત, ૬-સુપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રમાર્જિત, ૭-સુપ્રત્યુપેક્ષિત સુપ્રમાર્જિત. તેથી આ સાતમાં ભાંગામાં બતાવેલ રીતે સ્થંડિલ ભૂમિ જોઈને સાધુ શુદ્ધ અશુદ્ધ પુંજના ભાગો પરિકલ્પીને પરઠવે.

હવે ઔષધ વિષયનો વિધિ કહે છે—

● **સૂત્ર-૩૩૬ :-**

***તે સાધુ કે સાધ્વી ભિક્ષા માટે ગૃહસ્થના ઘેર પ્રવેશીને ઔષધિના વિષયમાં એમ જાણે કે આ પ્રતિપૂર્ણ છે, તેની યોનિ નષ્ટ થઈ નથી, તેના બે દળ કરેલ નથી, તેનું તિર્છું છેદન થયું નથી, તે જીવરહિત છે એવી અણ છેદાયેલી તરૂણ વનસ્પતિ કે મગ વગેરેની શીંગો શસ્ત્રપ્રહાર ન પામી હોય કે તોડીને કકડા કરેલ ન હોય, તેવી ફલીને અપ્રાસુક અને અનેષણીય જાણીને પ્રાપ્ત થાય તો પણ ગ્રહણ ન કરે.***

***તે સાધુ કે સાધ્વી - x - જો એમ જાણે કે તે ઔષધિ ખંડિત છે, તેના બે કે વધુ ટુકડા થયા છે, તેનું તિર્છું છેદન થયું છે, તે અચિત્ત છે. તે ઔષધિ તથા શીંગોને અચિત્ત તેમજ ભાંગેલી જોઈને અને એષણીય જાણી પ્રાપ્ત થાય ત્યારે ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

તે ભાવભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશીને ત્યાં શાલિ બીજાદિને આ પ્રમાણે જાણે કે તે સંપૂર્ણ છે - હણાયેલી નથી. અહીં દ્રવ્ય-ભાવની ચઉભંગી છે - દ્રવ્યકૃત્સ્ના તે શસ્ત્રથી ન હણાયેલ, ભાવકૃત્સ્ના તે સચિત્ત. તેમાં કૃત્સ્ના પદ વડે ચાર ભાંગામાંના પહેલા ત્રણ લેવા.

જીવનું સ્વપણું તે ઉત્પત્તિ સ્થાન પ્રત્યાશ્રય જેમાં છે તે સ્વાશ્રય છે અર્થાત્ અવિનષ્ટ યોનિવાળું છે. આગમમાં પણ કેટલીક ઔષધિ [અનાજ]નો અવિનષ્ટ યોનિકાળ બતાવ્યો છે. તે કહે છે - एतेसिणं० - આ સાલીની યોનિ કેટલો કાળ સચિત્ત છે ? વગેરે આલાપકો છે.

જ્યાં સુધી બે ફાડચાં ઉપરથી નીચે સુધી સરખાં ન કર્યા હોય, કંદલી કરેલી ન હોય એ દ્રવ્યથી કૃત્સ્ન છે, ભાવથી સચિત્ત હોય કે ન હોય. તે જ પ્રમાણે જીવરહિત ન હોય તે અવ્યવચ્છિન્ન તે ભાવથી કૃત્સ્ન છે તથા અપરિપક્વ મગ વગેરેની શીંગ, તેને જ વિશેષથી કહે છે. જીવથી અભિક્રાન્ત ન હોય અર્થાત્ સચેતન હોય, अमज्जिय અર્થાત્ નહીં ભાંગેલ અમર્દિત કે અવિરાધિત હોય.

આ પ્રમાણે આવો આહાર ખાવા યોગ્ય હોય, પણ તે અપ્રાસુક કે અનેષણીય જાણીને પ્રાપ્ત થાય તો પણ ગ્રહણ ન કરે. હવે તેથી ઉલટું સૂત્ર કહે છે-તે ભાવભિક્ષુ

તેવી ઔષધિનો અસંપૂર્ણ-દ્રવ્યથી ભાવથી અચિત્ત, વિનષ્ટ યોનિવાળી, દ્વિદલીકૃત તથા ફળી અચિત્ત થયેલી અને ભાંગેલી હોય અને તે પ્રાસુક અને એષણીય હોય અને ગૃહસ્થ આપે તો કારણ હોય તો સાધુ તેને ગ્રહણ કરે.

લેવા ન લેવાના અધિકારવાળા આહાર વિશેષને કહે છે—

● **સૂત્ર-૩૩૭ :-**

***સાધુ-સાધ્વી યાવત્ જે ઔષધિ [અનાજ] ના વિષયમાં એમ જાણે કે શાલિ આદિની પલંબ [ધાણી-મમરા] ઘણાં ફોતરાવાળી વસ્તુ કે અર્ધપક્વ કે ચૂર્ણ કે ચોખા-ચોખાના લોટ એકવાર આગમાં સેકાયેલો કે અર્ધ કાચો છે તો તેને અપ્રાસુક અને અનેષણીય માની મળે તો લે. પણ જો તેને બે-ત્રણ વખત સેકાયેલ અને પ્રાસુક તથા એષણીય જાણે તો ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

તે ભાવભિક્ષુ ગૃહસ્થને ઘેર પ્રવેશીને ઇત્યાદિ...પૃથક્ શાલી કે ઘઉંને સેકીને ધાણી બનાવે, તેમાં તુષ વગેરેની બહુ રજ હોય, ઘઉં વગેરે અર્ધપક્વ ભૂંજેલા હોય, એક તરફ સેકાયેલ તલ-ઘઉં વગેરે કે ઘઉંનું ચૂર્ણ શેક્યુ હોય અથવા શાલી-વ્રીહીને ચૂર્ણ કરેલ હોય કે કણકી આદિ હોય; આવું કોઈ પણ અનાજ એકવાર થોડું સેક્યું હોય, બીજા શસ્ત્ર વડે કુટેલું હોય પણ જો તે અપ્રાસુક અને અનેષણીય માનતો હોય તો પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે.

તેથી વિપરીત હોય તો ગ્રહણ કરે. એટલે અગ્નિ આદિથી વારંવાર સેક્યુ હોય કે પૂરેપૂરુ કુટ્યુ હોય, દુષ્પક્વાદિ દોષરહિત હોય અને તેને પ્રાસુક જાણે તો પ્રાપ્ત થતા ગ્રહણ કરે. ગૃહસ્થને ત્યાં જવાની વિધિ—

● **સૂત્ર-૩૩૮ :-**

***સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશવા ઇચ્છતા હોય ત્યારે અન્યતીર્થિકો કે ગૃહસ્થ સાથે અથવા પારિહારિક અપારિહારિક સાથે ભિક્ષાને માટે ગૃહસ્થના ઘેર પ્રવેશ ન કરે કે ન નીકળે. એ જ રીતે બહાર વિચારભૂમિ કે વિહારભૂમિમાં પ્રવેશતા કે નીકળતા અન્યતીર્થિક કે ગૃહસ્થ સાથે અથવા પારિહારિક અપારિહારિક સાથે વિચારભૂમિ કે વિહાર ભૂમિમાં ન પ્રવેશે કે ન નીકળે. - x - એ જ રીતે એક ગામથી બીજે ગામ ન જાય.***

● **વિવેચન :-**

તે સાધુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવા ઇચ્છે તો આ કહેવાનારા સાથે પ્રવેશ ન કરે, જે પ્રવેશ્યો હોય તેમની સાથે ન નીકળે. - x - તેમના નામ બતાવે છે :- અન્યતીર્થિક - લાલ કપડા કે રજવાળા બાવા વગેરે, ગૃહસ્થ-ભીખ ઉપર જીવનારા, બ્રાહ્મણ આદિ. તેમની સાથે પ્રવેશતા આ દોષો થાય છે. જેમકે તેઓ આગળ ચાલે અને સાધુ પાછળ જાય તો તેઓના કરેલ ઇર્યા પ્રત્યયનો કર્મબંધ લાગે અને પ્રવચનની લઘુતા થાય તથા તેઓને પોતાની જાતિનો અહંકાર થાય. જો સાધુ આગળ ચાલે તો તેઓને દ્વેષ ઉત્પન્ન થાય, જો દેનાર અભદ્રક હોય તો વસ્તુ



વહેંચીને આપે. તેથી દુષ્કાળ આદિમાં પૂરો આહાર ન મળતા નિર્વાહ ન થાય.

તે જ પ્રમાણે પરિહરણ તે પરિહાર. તે પરિહાર સહિત ચાલે તે પારિહારિક. એટલે પિંડદોષ ત્યાગથી ઉધતવિહારી અર્થાત્ સાધુ. તેના ગુણવાળા સાધુએ પાસત્થા, અવસન્ન, કુશીલ, સંસક્ત, યથાછંદ સાથે ગોચરી ન જવું. તેમની સાથે જતાં અનેષણીય ભિક્ષા ગ્રહણ-અગ્રહણ દોષ લાગે. જેમકે-અનેષણીય લે તો તેઓની પ્રવૃત્તિનો અનુજ્ઞાતા થાય ન લે તો તેમની સાથે અસંખડ આદિ દોષ લાગે. આ દોષો જાણી સાધુ ગૃહસ્થના ઘેર ગૌચરી માટે તેમની સાથે ન પ્રવેશે, ન નીકળે.

તેમની સાથે બીજે જવાનો પણ નિષેધ કરે છે - તે સાધુને બહાર ને સ્થંડિલ [વિચાર] ભૂમિ તથા સ્વાધ્યાય [વિહાર] ભૂમિ જવું હોય તો અન્યતીર્થિક આદિ સાથે દોષનો સંભવ હોવાથી ન જવું. જેમકે - સ્થંડિલ સાથે જતાં પાસુક જળ સ્વચ્છ, અસ્વચ્છ, ઘણું, થોડું હોય તેનાથી શુદ્ધિ કરતા ઉપઘાત સંભવે છે. સાથે સ્વાધ્યાય કરતા તેમને સિદ્ધાંત આલાપક ન રૂચે તો વિકથન કરે. - x - કલેશનો સંભવ થાય માટે તેવા સાથે સાધુએ જવું-આવવું નહીં.

તથા તે સાધુએ ગામ, નગરાદિમાં વિહાર કરતા અન્યતીર્થિક સાથે જતા દોષનો સંભવ હોવાથી ન જવું. કેમકે માત્રુ, સ્થંડિલ રોકતાં આત્મવિરાધના થાય અને વ્યુત્સર્ગમાં પ્રાસુક-અપ્રાસુકના ગ્રહણથી ઉપઘાત અને સંયમ વિરાધના થાય. એ પ્રમાણે ભોજનમાં પણ દોષ સંભવે છે. શિષ્યને કુમાર્ગે દોરે ઇત્યાદિ દોષ લાગે છે.

હવે તેમના દાનનો નિષેધ કરે છે—

● **સૂત્ર-૩૩૯ :-**

***તે સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશીને અન્યતીર્થિક કે ગૃહસ્થને તથા ઉગ્રવિહારી સાધુ શિથિલાચારીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર ન પોતે આપે કે ન બીજા પાસે અપાવે.***

● **વિવેચન :-**

તે સાધુ ગૃહસ્થના ઘેર પ્રવેશેલ હોય કે ઉપાશ્રયમાં રહેલ હોય તો દોષનો સંભવ હોવાથી અન્યતીર્થિ આદિને અશનાદિ પોતે ન આપે કે બીજા ગૃહસ્થ પાસે અપાવે નહીં. કેમકે તેમને આપતા જોઈને લોકો એવું માને કે આ સાધુઓ આવા અન્યદર્શનીની દાક્ષિણ્યતા રાખનારા છે. વળી તેમને ટેકો આપવાથી અસંયમ પ્રવર્તનાદિ દોષો જન્મે છે. પિંડાધિકારથી 'અનેષણીય' દોષ સંબંધી નિષેધ કહે છે—

● **સૂત્ર-૩૪૦ :-**

***સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષાને માટે પ્રવેશીને જાણે કે આ અશનાદિ "આ સાધુ નિર્ધન" છે એમ વિચારીને કોઈ એક સાધર્મિક સાધુ માટે પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વનો આરંભ કરીને તૈયાર કર્યો છે, ઉદ્દિષ્ટ છે, ખરીદ્યો છે, ઉધાર લીધો છે, છીનવેલો છે, બધાં સ્વામીની અનુજ્ઞા વિના આપેલ છે, સામો લાવે છે; તો તેવા પ્રકારના અશનાદિ ચાહે તે ગૃહસ્થે બીજા પુરુષને આધિન કરેલ હોય કે પોતે જ આપી રહ્યો હોય, ઘરથી બહાર લાવ્યો હોય કે અંદર***

*હોય, દાતાએ તેને પોતાનો કરીને રાખેલ હોય કે ન રાખેલ હોય, દાતા એ તેનો પરિભોગ કર્યો હોય કે ન કર્યો હોય, તેનું સેવન કર્યું હોય કે ન કર્યું હોય પરંતુ તેને અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે.*

*આ પ્રમાણે ઘણાં સાધર્મિક સાધુ, એક સાધ્વી, ઘણાં સાધ્વીને ઉદ્દેશીને બનાવેલ હોય, એ પ્રમાણે ચાર આલાપક કહેવા.*

● વિવેચન :-

તે સાધુ ગૃહસ્થને ઘેર ગયેલ હોય તે આવો આહાર ગ્રહણ ન કરે :- “જેની પાસે સ્વ-દ્રવ્ય નથી તે અસ્વ-નિર્ગ્રન્થ છે” એવા નિર્ગ્રન્થને કોઈ ભદ્રક ગૃહસ્થ જોઈને વિચારે કે - આ એક સાધુને ઉદ્દેશીને પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વનો સંરંભ-સમારંભ-આરંભ કરીને વહોરાવીશ. સંરંભ આદિનું સ્વરૂપ-સંકલ્પ કરવો તે સંરંભ, પરિતાપ કરનારો સમારંભ ઉપદ્રવ કરીને કરાય તે આરંભ.

આ પ્રમાણે સમારંભાદિ આચરીને આધાકર્મ કરે તે. એનાથી બધી અશુદ્ધ કોટિ લીધી. ક્રીત - મૂલ્ય આપીને લેવું, પામિચ્ચ - ઉછીનું લેવું, બળપૂર્વક છીનવવું, બધાં માલિકની સંમતિ વિનાનું હોય, ગૃહસ્થે લાવેલું. આવું વેચાતું વગેરે લાવીને આપે. આના દ્વારા સમસ્ત વિશુદ્ધિ કોટિ લીધી. તે આહાર ચારે પ્રકારનો હોય, આધાકર્માદિ દોષથી દોષિત હોય, તે જો ગૃહસ્થ આપે, તે બીજાએ કરેલું પોતે આપે કે પોતે જાતે કરીને આપે. ઘેરથી નીકળેલ કે ન નીકળેલ હોય. તે જ દાતાએ સ્વીકારેલ કે ન સ્વીકારેલ હોય. દાતાએ તે બહુ ખાધુ હોય કે ન ખાધું હોય અથવા થોડું ચાખ્યું હોય કે ન ચાખ્યું હોય.

આવું બધું હોય છતાં જો તે અપ્રાસુક અનેષણીય માલુમ પડે તો મળે છતાં ન લેવું. આ પહેલાં અને છેલ્લા તીર્થંકરના સાધુઓને અકલ્પનીય છે, પણ ૨૨-તીર્થંકરોના સાધુઓમાં જેને ઉદ્દેશીને કર્યું હોય તેને ન કલ્પે, બીજાને કલ્પે. આ પ્રમાણે ઘણાં સાધુને ઉદ્દેશીને બનાવેલું લેવું ન કલ્પે. એ પ્રમાણે સાધ્વી તથા સાધ્વીઓમાં જાણવું.

હવે બીજા પ્રકારે અવિશુદ્ધ કોટિને આશ્રીને કહે છે—

● સૂત્ર-૩૪૧ :-

*તે સાધુ-સાધ્વી યાવત્ જે આહારના વિષયમાં એમ જાણે કે આ અશનાદિ ઘણાં જ શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ કે વનીપક માટે ગણી ગણીને તેમને ઉદ્દેશીને પ્રાણી આદિ જીવોનો સમારંભ કરીને બનાવેલ છે - યાવત્ - સાધુ તે ગ્રહણ ન કરે.*

● વિવેચન :-

તે ભાવસાધુ ગૃહસ્થને ઘેર ગયેલ હોય ત્યાં અશનાદિ વિશે જાણે કે તે ઘણાં નિર્ગ્રન્થ-શાક્ય-તાપસ-ગૈરિક-આજીવિકરૂપ શ્રમણ, બ્રાહ્મણ, ભોજનના સમય પહેલાં જે મુસાફર આવે તે અતિથિ, કૃપણ-દરિદ્ર, વનીપક-ભાટ આદિને ઉદ્દેશીને બનાવેલ હોય એટલે બે-ત્રણ શ્રમણ, પાંચ-છ બ્રાહ્મણ એમ સંખ્યા ગણીને પ્રાણી આદિનો સમારંભ કરીને જે અશનાદિ તૈયાર કરેલ હોય તેને - x - અપ્રાસુક, અનેષણીય, આધાકર્મી જાણી મળવા છતાં પણ ન લે. હવે વિશોધિ કોટિ કહે છે—



● સૂત્ર-૩૪૨ :-

*સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘેર પ્રવેશીને જાણે કે તે અશનાદિ ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને ઉદ્દેશીને યાવત્ બનાવેલ છે. તે અશનાદિ બીજા પુરુષને સોંપેલ ન હોય, બહાર કાઢેલ ન હોય, નિશ્રામાં લીધેલ ન હોય, ભોગવેલ ન હોય, સેવેલ ન હોય; તો તેવું અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે. પણ એમ જાણે કે પુરુષાંતરકૃત્ છે, બહાર લાવેલ છે. દાતાએ સ્વીકારેલ છે, પોતે વાપર્યો-ભોગવ્યો-સેવ્યો છે, તો તેને પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે.*

● વિવેચન :-

તે સાધુ જાણે કે આ ભોજન ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, વણીપક, કૃપણને ઉદ્દેશીને બનાવેલું છે અને કોઈ ગૃહસ્થ પ્રાણાદિનો સમારંભ કરી લાવીને આપે, તે તેવા પ્રકારનું ભોજન તે જ પુરુષે પોતાના કબ્જામાં રાખેલું, બહાર ન કાઢેલું, ખાધા વિનાનું, સેવન ન કરેલું, અપ્રાસુક અને અનેષણીય આપતો હોય તો તે જાણીને મળવા છતાં સાધુ ન લે.

હવે તેનાથી ઉલટું સૂત્ર કહે છે - અહીં 'अथ' શબ્દ પૂર્વની અપેક્ષાએ અને પુનઃ શબ્દ વિશેષણાર્થે છે - પણ તે ભિક્ષુ એમ જાણે કે તે ભોજન બીજા માટે કરેલું છે, બહાર લાવેલ, પોતાનું કરેલ, તેણે ખાધું છે, વાપર્યું છે, પ્રાસુક છે, એષણીય છે; એમ જાણીને મળે તો લે. અર્થાત્ અવિશોધિકોટીવાળું ન કલ્પે, વિશોધિકોટિવાળું પુરુષાન્તર કૃત્ અને પોતાનું કરેલ હોય તો કલ્પે. વિશોધિકોટિનો અધિકાર કહે છે—

● સૂત્ર-૩૪૩ :-

*જે સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઘેર આહારને માટે પ્રવેશ કરવાની ઇચ્છાવાળા હોય તે એમ જાણે કે - આ કુલો [ઘરો] માં નિત્ય પિંડ અપાય છે, અગ્રપિંડ દેવાય છે, નિયત ભાગ દેવાય છે, અપાર્ધભાગ દેવાય છે તે પ્રકારના કુળોમાં નિત્ય દાન અપાય છે - ઘણા ભિક્ષુઓ આવે છે; એવા કુળોમાં આહારપાણીને માટે પ્રવેશ કે નિર્ગમન ન કરે.*

*આ ખરેખર સાધુ-સાધ્વીઓનો આચાર છે કે તે બધી વસ્તુઓમાં સમભાવી થઈ જ્ઞાનાદિની રક્ષા કરતા સંયમમાં યત્ન કરે - તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં જવાની ઇચ્છાવાળો આવા કુળોને જાણે-જેમકે-આ કુળોમાં નિત્ય પિંડ-પોષ અપાય છે. અગ્રપિંડ એટલે શાલિ-ઓદનાદિ પહેલા કાઢીને ભિક્ષા માટે અપાય છે તે અગ્રભિક્ષા. નિત્ય-ભાગ ભોજનનો અર્ધભાગ, ચોથો ભાગ અપાય છે તેવા પ્રકારના કુળો નિત્યદાન દેવાથી સ્વપક્ષ-પરપક્ષના સાધુઓનો નિત્ય પ્રવેશ હોય છે, તેનો ભાવાર્થ એ છે કે - સંયત વર્ગ અને બીજો ભિક્ષાચર વર્ગ, તે

બધાં ભિક્ષા માટે જતા હોય, તે બધાને દાન આપવા છકાયની વિરાધના કરી ભોજન તૈયાર કર્યું હોય; જો થોડું રાંધે તો બધાને અંતરાય થાય, માટે વધુ રાંધે. તેથી આવા સ્થાનમાં સાધુ ગોચરીને માટે ન જાય.

ઉપસંહાર કરતા કહે છે કે - આરંભથી જે કંઈ કહ્યું, તે ભિક્ષુને સમગ્ર જે ઉદ્‌ગમ, ઉત્પાદન, ગ્રહણએષણા, સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ કારણો વડે સમજીને સુપરિશુદ્ધ પિંડ સાધુઓએ લેવો. તે જ્ઞાનાચાર સમગ્રતા દર્શન, ચારિત્ર, તપ અને વીર્યાચાર સંપન્નતા છે અથવા સૂત્રમાં કહ્યા મુજબ જે સરસ, વિરસ આહાર મળે અથવા રૂપ, રસ, ગંધ, સ્પર્શ વડે સાધુ સમિત રહે અર્થાત્ પાંચ સમિતિથી સમિત થઈ શુભ-અશુભમાં રાગદ્વેષ રહિત બને. આવો સાધુ હિત સાધવાથી સહિત છે અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રથી સહિત છે. તે સંયમયુક્ત થાય.

આ પ્રમાણે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું કે, મેં ભગવંત પાસે સાંભળ્યું તે તમને કહું છું, સ્વેચ્છાથી નહીં. બાકી પૂર્વવત્.

**ચૂલિકા-૧ અધ્યયન-૧ પિંડ-એષણાના ઉદ્દેશક-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૨ 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૧માં પિંડનું સ્વરૂપ બતાવ્યું, અહીં તેની વિશુદ્ધકોટિ કહે છે.

**● સૂત્ર-૩૪૪ :-**

***તે સાધુ કે સાધ્વી આહાર અર્થે ગૃહસ્થને ઘેર પ્રવેશીને અશનાદિના વિષયમાં એમ જાણે કે આઠમના પૌષધના સંબંધમાં, પાક્ષિક-માસિક-દ્વિમાસિક-ત્રિમાસિક-ચાતુર્માસિક-પંચમાસિક-છમાસિક ઉપવાસના પારણાના સંબંધમાં, ઋતુ-ઋતુસંધી-ઋતુ પરિવર્તનના ઉપલક્ષ્યમાં*** [ચૂર્ણિકારના મતે નદી આદિના ઉપલક્ષ્યમાં] ***બનાવેલ છે અને અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને એક વાસણમાંથી, બે કે ત્રણ વાસણમાંથી કાઢીને અપાય છે, કુંભીના મુખમાંથી કે ગોળીમાંથી સંચિત કરેલ ગોરસાદિ પદાર્થો અપાય છે; તેવા પ્રકારના અશનાદિ પુરુષાંતરકૃત્ થયા નથી યાવત્ આસેવિત થયા નથી તો અપ્રાસુક, અનેષણીય જાણીને ગ્રહણ ન કરે.***

***જો પુરુષાંતરકૃત્ કે આસેવિત થયા જાણે તો પ્રાસુક જાણી લે.***

**● વિવેચન :-**

તે ભાવભિક્ષુ આવા પ્રકારનો આહાર છે તેમ જાણે, જેમકે - આઠમનો પૌષધોપવાસ તે અષ્ટમી પૌષધ ઉત્સવ તથા પાક્ષિકાદિથી ઋતુ પર્યન્તનો અને ઋતુ પરિવર્તનનો ઉત્સવ જાણે - જેમાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ આદિને એક 'પિઠરક'-વાસણમાંથી ભાત વગેરે અપાતા આહારને ખાતાં દેખીને કે બે, ત્રણ વાસણથી અપાતું



જાણે. આ વાસણ સાંકડા મુખની કુંભી હોય, દેઘડો હોય તેમાંથી અપાય. 'સંનિધિ' ગોરસ આદિ, 'સંચય'-ઘૃત-ગુડાદિ. આવો પિંડ અપાતો જાણીને પુરુષાંતર કૃતાદિ ન હોય તો અપ્રાસુક, અનેષણીય જાણીને મળતું હોય તો પણ ગ્રહણ ન કરે - પરંતુ - જો તેને પુરુષાંતરકૃત્ આદિ વિશેષણયુક્ત જાણે તો તે આહાર ગ્રહણ કરે.

હવે જે કુળોમાં ગૌચરી જવું કલ્પે તેનો અધિકાર કહે છે—

**● સૂત્ર-૩૪૫ :-**

***તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉગ્રકુલ, ભોગકુલ, રાજન્યકુળ, ક્ષત્રિય કુલ, ઇક્ષ્વાકુકુલ, હરિવંશકુળ, ગોપકુળ, વૈશ્યકુળ, ગંડકકુલ, કોટ્ટણકુલ, ગ્રામ રક્ષકકુલ, બુક્કસકુળ કે તેવા પ્રકારના બીજા અતિરસ્કૃત્ અનિંદિત કુળોમાં અશનાદિ આહાર છે, તેને પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે.***

**● વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાને માટે જવા ઇચ્છે તો આવા કુળો જાણીને પ્રવેશ કરે. જેમકે-ઉગ્ર એટલે આરક્ષક, ભોગ એટલે રાજાને પૂજવા યોગ્ય, રાજન્ય એટલે મિત્રસ્થાનીય, ક્ષત્રિય-રાષ્ટ્રકૂટાદિ, ઇક્ષ્વાકુ-ઋષભસ્વામીના વંશજ, હરિવંશ-અરિષ્ઠનેમિવંશ સ્થાનીય, એસિઅ-ગોષ્ઠ, વૈશ્ય-વણિજ, ગંડક-નાપિત, જે કામમાં ઉદ્‌ઘોષણાનું કામ કરે છે, કોટ્ટાગ-સુતાર, બુક્કસ-વણકર. તેવા કુલોમાં ગૌચરી જવું કે જ્યાં જવાથી લોકોમાં નિંદા ન થાય. વિવિધ દેશના શિષ્યોને સુખેથી સમજાય તે માટે પર્યાયાન્તરથી આ નામો કહ્યા છે.

ન નિંદવા યોગ્ય કુળોમાં ગૌચરી જાય એટલે ચર્મકાર કુલ, દાસી આદિ કુલમાં ગૌચરી ન જાય, પણ તેથી ઉલટું સારા કુળોમાં જ્યાં ગૌચરી પ્રાસુક અને એષણીય મળે તો ગ્રહણ કરે - તથા -

**● સૂત્ર-૩૪૬ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અશનાદિ માટે અહીં ઘણા લોકો એકઠા થયેલ છે, પિતૃ ભોજન છે કે ઇન્દ્ર-સ્કંદ-રુદ્ર-મુકુંદ-ભૂત-યક્ષ-નાગ-સ્તૂપ-ચૈત્ય-વૃક્ષ-પર્વત-ગુફા-કૂવા-તળાવ-દ્રહ-નદી-સરોવર-સાગર-આગર કે તેવા અન્ય પ્રકારના વિવિધ મહોત્સવ થઈ રહ્યા છે તેમાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકોને એક વાસણ કે બે વાસણ આદિમાંથી કાઢીને ભોજન પીરસાઈ રહ્યું છે.***

***તે જોઈને તે અશનાદિ પુરુષાંતર કૃત્ નથી તેમ જાણીને યાવત્ ગ્રહણ ન કરે. પરંતુ જો એમ જાણે કે જેમને આપવાનું હતું તે અપાઈ ગયું છે હવે તેમને ભોજન કરતા જોઈને અને ગૃહસ્થ પત્ની-બહેન-પુત્ર-પુત્રી-પુત્રવધૂ-ધાત્રી-દાસ-દાસી-નોકર કે નોકરાણી તે આહારને ભોગવી રહ્યા છે તો તેમને કહે કે, હે આયુષ્યમતી બહેન ! મને આ ભોજનમાંથી કંઈ આપશો ? સાધુ આમ કહે ત્યારે કોઈ અશનાદિ લાવીને આપે, તેવા અશનાદિ સાધુની યાચનાથી કે યાચના વિના આપે તો ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ આ પ્રકારનો આહારાદિ જાણે, તે પુરુષાંતર કૃત્ નથી આદિ વિશેષણયુક્ત અપ્રાસુક અનેષણીય જાણી ગ્રહણ ન કરે તે સંબંધ છે.

તેમાં સમવાય-મેળો, પિતૃપિંડ-મૃત ભોજન, ઇન્દ્રોત્સવ, કાર્તિકસ્વામી મહોત્સવ, - x - રુદ્રાદિ પૂજા - x - આવા વિવિધ મહોત્સવમાં જે કોઈ શ્રમણ, બ્રાહ્મણ આદિને આપવા ભોજન બનાવી અપાય છે, તેવું જાણી અપુરુષાંતરકૃતાદિ જાણી અપુરુષાંતરકૃતાદિ વિશેષણ વિશિષ્ટ આહારાદિ જાણી ગ્રહણ ન કરે. જો તે દાન બધાંને ન દેવાતું હોય, તો પણ ત્યાં ઘણા માણસો એકઠાં થયા હોય તો આવી સંખડીમાં પ્રવેશે નહીં. આ જ વાત કહે છે—

પરંતુ જો એવો આહાર જાણે કે જે શ્રમણાદિને આપવાનો હોય તેને અપાયો છે, ગૃહસ્થલોકોને ત્યાં ખાતાં જુએ, તો આહાર માટે ત્યાં જાય, તે ગૃહસ્થોના નામ જણાવતા કહે છે - ગૃહપતિની પત્ની આદિને પૂર્વે ખાતાં જુએ કે માલિકને જુએ તો તેમને ઉદ્દેશીને કહે, હે આયુષ્યમતિ ! ઇત્યાદિ મને જે કંઈ ભોજન તૈયાર હોય તે આપ. - x - ગૃહસ્થ લાવીને આપે. ત્યાં જનસમૂહ એકઠો થવાથી કે બીજા કારણથી સાધુ પોતાની મેળે યાચે કે યાચ્યા વિના ગૃહસ્થ આપે. તે પ્રાસુક, એષણીય જાણી લે. હવે અન્ય ગામની ચિંતાને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૪૭ :-**

***સાધુ કે સાધ્વી અડધા યોજન જેટલું દૂર સંખડી [જમણવાર] છે તેમ જાણે તો સંખડી નિષ્પન્ન આહાર લેવા જવાનો વિચાર ન કરે.***

***સાધુ-સાધ્વી પૂર્વ દિશામાં સંખડી છે તેમ જાણીને તેનો અનાદર કરી પશ્ચિમમાં જાય, પશ્ચિમમાં સંખડી જાણે તો પૂર્વ દિશામાં જાય. દક્ષિણમાં સંખડી જાણી ઉત્તરમાં જાય, ઉત્તરમાં જાણે તો દક્ષિણમાં આહાર માટે જાય.***

***તે સંખડી જ્યાં હોય - જે ગામ, નગર, ખેટ, કર્બટ, મડંબ, પટ્ટણ, આગર, દ્રોણમુહ, નૈગમ, આશ્રમ, સંનિવેશ યાવત્ રાજધાનીમાં સંખડી [જમણવાર] હોય; ત્યાં જવાનો વિચાર પણ ન કરે. કેવળી ભગવંતે કહ્યું છે કે, આ કર્મબંધનું કારણ છે. જો સાધુ સંખડીમાં જવાના વિચારથી જાય તો તેને આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, ક્રીતકૃત, પ્રામીત્ય, આચ્છેદ્ય, અનિસૃષ્ટ કે આહૃત આહાર સેવન કરવો પડે. કેમકે—***

***ગૃહસ્થો ભિક્ષુની સંખડીમાં આવવાની શક્યતાથી નાનામાંથી મોટા કે મોટામાંથી નાના દ્વાર બનાવશે. વિષમ સ્થાનને સમ કે સમ સ્થાનને વિષમ બનાવશે. હવાવાળા સ્થાનને નિર્વાત કે નિર્વાતને વાયુવાળા કરશે. ઉપાશ્રયની અંદર અને બહાર વનસ્પતિને કાપી-કાપી, છેદી-છેદીને તે સ્થાનમાં સંસ્તારક બિછાવશે. એ પ્રમાણે સાધુને અનેક દોષ લાગશે.***

***તેથી સંયમી નિર્ગ્રન્થ આ પ્રકારની પૂર્વ કે પશ્ચાત્ સંખડીમાં જવાની ઇચ્છા ન કરે. આ સાધુ-સાધ્વીનો આચાર છે યાવત્ તેમ હું કહું છું.***



● **વિવેચન :-**

તે ભિક્ષુ પ્રકર્ષથી અર્ધયોજન સુધીના ક્ષેત્રમાં જ્યાં પ્રાણીની વિરાધના થતી હોય તેવી સંખડી-અર્થાત્ જમણવારમાં જવાનો વિચાર ન કરે. જો ગામમાં અનુક્રમે ગૌચરી જતાં ત્યાં સંખડી છે તે જાણે તો શું કરે ?

તે ભિક્ષુ પૂર્વ દિશામાં સંખડી જાણે તો પશ્ચિમમાં ગોચરી જાય *[ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ]*. અર્થાત્ સંખડીનો અનાદર કરે. એટલે કે જ્યાં સંખડી હોય ત્યાં ન જાય. સંખડી ક્યાં ક્યાં હોય તે કહે છે - જેમકે -

ગામ-જ્યાં ઇન્દ્રિયોની પુષ્ટિ થાય કે જ્યાં કર લાગે તે. નગર-જ્યાં કર ન હોય તે. ખેટ-ધૂળીયા કિલ્લાયુક્ત. કર્બટ-કુનગર. મડંબ-અર્ધ યોજનમાં રહેલ ગામ. પત્તન-પાટણ આકર-ખાણ, દ્રોણમુખ-બંદર, નિગમ-વ્યાપારનું સ્થાન, આશ્રમ, રાજધાની-જ્યાં રાજા પોતે રહે, સંનિવેશ. આ સ્થાનોમાં સંખડી જાણીને સંખડીના હેતુથી આહારાર્થે જવું નહીં કેમકે કેવલીએ તેને કર્મ-ઉપાદાન કારણ કહ્યું છે. પાઠાંતરથી આદાનને બદલે 'આયતન' શબ્દ છે - એટલે કે - સંખડીમાં જવું તે દોષોનું સ્થાન છે. જે-જે સંખડીને ઉદ્દેશીને પોતે જાય, તો તે સ્થાને આમાંનો કોઈપણ દોષ લાગે છે—

આધાકર્મ, ઔદ્દેશિક, મિશ્ર, ક્રીત, ઉધતક, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત આમાંથી કોઈપણ દોષથી દોષિત ભોજન વાપરે, કેમકે જમણ કરનારો એવું ધારે છે કે, આવનાર સાધુને મારે કોઈપણ બહાને આપવું, એમ વિચારી આધાકર્માદિ દોષવાળું ભોજન બનાવે અથવા જે સાધુ લોલુપી થઈને જમણની બુદ્ધિએ ત્યાં જાય, તે આધાકર્મી ભોજન વાપરે છે. વળી સંખડી નિમિત્તે આવેલ સાધુ માટે વસતિ કેવી કરે ?

અસંયત-ગૃહસ્થ, તે શ્રાવક પ્રકૃતિભદ્રક હોય, તે સાધુને આવતા જાણીને તેમના નિમિત્તે સાંકડા દ્વારને મોટા કે મોટા દ્વારને સાંકડા કરાવે. સમ જગ્યાને સાગારિક આવવાના ભયથી વિષમ કરાવે, વિષમ હોય તે સાધુના સમાધાન માટે સમ બનાવે. શીતના ભયે હવાવાળા સ્થાનને નિર્વાત કરાવે, ઉનાળો હોય તો હવા રહિત સ્થાનને હવાવાળું બનાવે. ઉપાશ્રયના ચોકમાં લીલું ઘાસ છેદી-છેદી, ઉખેડી-ઉખેડીને ઉપાશ્રય રહેવા યોગ્ય બનાવે અથવા સુવાની જગ્યા સુધરાવે.

ગૃહસ્થ માને કે આ કાર્યને પોતાનું કર્તવ્ય માને. કેમકે સાધુ તો અકિંચન છે. વળી ગૃહસ્થ ન કરે તો સાધુ પોતે કરી લે. તેથી અનેક દોષ દુષ્ટ સંખડીને જાણીને નામકરણ કે લગ્નાદિ પુરઃસંખડી અને મૃતભોજનરૂપ પશ્ચાત્ સંખડી જાણીને સાધુ ન જાય. પરંતુ ગૃહસ્થે જગ્યા સુધારી રાખી હોય, જમણવારી પુરી થઈ હોય પછી વધેલો આહાર યાચીશું એવી બુદ્ધિથી સાધુ જાય.

એ રીતે સંખડીના જમણને ઉદ્દેશીને તેવા સ્થાને સાધુ વિહાર ન કરે. આ જ સાધુની સંપૂર્ણ સંયમશુદ્ધિ છે કે સંખડીનું સર્વથા વર્જન કરે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ॐ ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૩ ॐ

૦ બીજો ઉદ્દેશો કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૨-માં દોષનો સંભવ હોવાથી સંખડીમાં જવાનો નિષેધ કર્યો. હવે બીજા પ્રકારે તેમાં જવાના દોષોને બતાવે છે.

● **સૂત્ર-૩૪૮ :-**

***કદાચિત્ સાધુ કોઈ સંખડી [જમણવાર]માં જાય. ત્યાં અધિક ખાય કે પીએ. તેનાથી તે સાધુને દસ્ત કે વમન થાય, ભોજનનું બરાબર પરિણમન ન થાય અને વિશુચિકા આદિ રોગ કે શૂલાદિ આતંક ઉત્પન્ન થાય. માટે કેવલી ભગવંતે સંખડીને આતંકનું કારણ કહ્યું છે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ કોઈ વખત એકચર હોય, તે પુરઃ કે પશ્ચાત્ સંખડી-ભોજન ખાઈને તથા શીખંડ, દૂધ આદિ અતિ લોલુપતાથી રસગૃદ્ધિપૂર્વક ઘણાં ખાય તો ઝાડા કે ઉલટી થઈ શકે. અથવા અજીર્ણથી કોઢ આદિ કે જીવ લઈ લેનાર આતંક, શૂળ આદિ રોગ થાય. તેથી સર્વજ્ઞ ભગવંત કહે છે કે, સંખડીનું જમણ કર્મોપાદાન છે. આ આદાન કઈ રીતે થાય છે તે કહે છે—

● **સૂત્ર-૩૪૯ :-**

***સંખડીમાં જવાથી ગૃહસ્થ કે ગૃહસ્થ પત્ની, પરિવ્રાજક કે પરિવ્રાજિકા સાથે એક સ્થાને ભેગા થઈ નશીલા પીણા પીને, તે બહાર નીકળી ઉપાશ્રય શોધશે. ઉપાશ્રય ન મળતા તે ગૃહસ્થાદિ સાથે જ હળીમળીને રહી જશે. તેઓ અન્યમનસ્ક થઈ મત્ત બની પોતાને ભૂલી જશે. સાધુ પણ પોતાને ભૂલીને સ્ત્રી કે નપુંસક પર આસક્ત થઈ જશે. અથવા સ્ત્રી કે નપુંસક આસક્ત થઈને કહે છે કે, હે શ્રમણ ! આપણે બગીચા કે ઉપાશ્રયમાં રાત્રે કે સંધ્યાકાળે એકાંતમાં ભોગ ભોગવીશું. તે એકલો સાધુ તેમની ભોગ પ્રાર્થના સ્વીકારી પણ લે. આ બધું અકરણીય છે, તે જાણીને સંખડીમાં ન જાય. ત્યાં જવાથી કર્મબંધ થાય છે. તેથી સંયત નિર્ગ્રન્થ તેવી પૂર્વ કે પશ્ચાત્ સંખડીમાં જવાનું ન વિચારે.***

● **વિવેચન :-**

આ સંખડી સ્થાનમાં આવા અપાયો થાય છે. પરલોકમાં દુર્ગતિ ગમનાદિ થાય. તે ભિક્ષુ ગૃહપતિ, ગૃહપતિની સ્ત્રી, પરિવ્રાજક, પરિવ્રાજિકા સાથે એકચિત્ત થઈ તેમની સાથે લોલુપતાથી નશાકારક પીણું પીએ, નસો ચડતાં રહેવાનું સ્થાન યાચે, પણ જો ન મળે તો સંખડી સ્થાન નજીક ગૃહસ્થ કે પરિવ્રાજિકા સાથે એકમેક થઈ રહે. અન્યમન થઈ ઉન્મત્ત બનેલો ગૃહસ્થાદિ પોતાને ભૂલે અથવા સાધુ જાતને ભૂલી જાય અને પોતાને ગૃહસ્થ જ માની બેસે.

તે સ્ત્રી શરીર કે નપુંસકમાં મોહિત થાય. અથવા સ્ત્રી કે નપુંસક આવીને તે શ્રમણ સાથે એકાંત માટે પ્રાર્થના કરે. બગીચા કે ઉપાશ્રયમાં રાત્રે કે સંધ્યાકાળે



આવવા કહે. પોતાની ઇચ્છાને અનુસરવા કહે. પછી ગામની સીમમાં કે એકાંતમાં સ્ત્રીસંગ કે કુચેષ્ટા માટે વિજ્ઞપ્તિ કરે અને દુરાચારથી ભ્રષ્ટ થવા વખત આવે. માટે સંખડીમાં જવું અયોગ્ય છે માનીને સંખડીમાં ન જવું.

આ સંખડી કર્મ ઉપાદાનનું કારણ છે, તેમાં પ્રતિક્ષણે કર્મો એકઠા થાય છે, બીજા પણ કર્મબંધના કારણો ઉદ્‌ભવે છે. વળી ત્યાં પરલોક સંબંધી દુર્ગતિના પ્રત્યાપાયો પણ છે. માટે તેવી પુરઃ કે પશ્ચાત્ સંખડીમાં સાધુએ આહારાર્થે જવા ન વિચારવું.

● **સૂત્ર-૩૫૦ :-**

***તે સાધુ કે સાધ્વી કોઈ પ્રકારની સંખડી [જમણવાર] સાંભળીને, લક્ષ્યમાં રાખી ઉત્કંઠિત ચિત્તવાળા થઈને તે તરફ જલ્દીથી જશે અને વિચારશે કે નક્કી ત્યાં સંખડી છે. તે ભિન્ન ભિન્ન કુલોમાંથી સામુદાયિક ભિક્ષા લાવીને આહાર કરવાનો પરિશ્રમ નહીં કરે, પણ સંખડીનો સદોષ આહાર લાવીને કરશે. તે માયા સ્થાન સ્પર્શશે. સાધુએ આવું ન કરવું જોઈએ. પણ ભિક્ષા કાળે ઘણાં ઘરોથી દોષરહિત ભિક્ષા લાવીને [સાધુએ] આહાર કરવો જોઈએ.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ આગળ કે પાછળની કોઈપણ સંખડી બીજા પાસેથી કે જાતે સાંભળીને નિશ્ચય કરે કે ત્યાં અવશ્ય જમણ છે, તો ત્યાં ઉત્સુક બની અવશ્ય દોડે કે મને અદ્‌ભૂત ભોજન મળશે. તો ત્યાં ગયા પછી જુદા જુદા ઘરોથી સામુદાનીય એષણીય-આધાકર્માદિ દોષરહિત અને વેસિય - રજોહરણાદિ વેશ માત્રથી ઉપલબ્ધ ઉત્પાદનાદિ દોષરહિત એવો આહાર ગ્રહણ કરવાનું તેનાથી શક્ય નહીં બને.

તે ત્યાં માયા-કપટ પણ કરે. કેવી રીતે ? જુદા જુદા ઘેર ગૌચરી લેવાની પ્રતિજ્ઞા કરીને જાય પણ પૂર્વે કહ્યા મુજબ તેમ કરશે નહીં, તે સંખડીમાં જ જશે. [તેથી કહે છે-] સાધુ આલોક પરલોકના અપાય ભયને જાણીને સંખડી તરફ ન જાય. તે ભિક્ષુ કાળે સંખડીમાં જાય તો પણ જુદાજુદા સમયે જુદા જુદા ઘરોમાં જઈને સામુદાયિક પ્રાસુક આહાર-પાણી વેશમાત્રથી મળે તે ધાત્રિપિંડાદિ દોષરહિત આચાર ગ્રહણ કરી આહાર કરે. સંખડીને આશ્રીને વિશેષ કહે છે—

● **સૂત્ર-૩૫૧ :-**

***તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ગામ યાવત્ રાજધાનીમાં સંખડી-જમણવાર થશે, તો તે ગામ યાવત્ રાજધાનીમાં સંખડીમાં સંખડી લેવાનો વિચાર પણ ન કરે. કેવલી ભગવંતે કહ્યું છે કે, એમ કરવાથી કર્મબંધન થાય. તે જમણવારમાં ઘણી ભીડ થશે કે થોડા માટે ભોજન બનાવવા પર ઘણાં લોકો પહોંચી જશે તો ત્યાં પગથી પગ ટકરાશે, હાથથી હાથ-મસ્તકથી મસ્તકનું સંઘટ્ટન થશે. કાયાથી કાયાને વિક્ષોભ થાય, બીજા લોકો પણ સાધુને દંડથી, હાડકાથી, મુઠ્ઠીથી, ઢેફાથી, ઠીકરાથી પ્રહાર પણ કરે, તેમના પર સચિત્ત પાણી ફેંકે, ધૂળ વડે ઢાંકી દે, વળી તેને અનેષણીય જમવું પડે, બીજાને દેવાનું***

***વચ્ચેથી લેવું પડે. તેથી તે સંયમી નિર્ગ્રન્થ તે પ્રકારના જનાકીર્ણ કે હીન સંખડીમાં જવાનો વિચાર જ ન કરે.***

● **વિવેચન :-**

વળી તે ભિક્ષુ જો જાણે કે ગામ, નગર યાવત્ રાજધાનીમાં સંખડી થવાની છે. ત્યાં ચરક આદિ બીજા ભિક્ષાચરો હશે. તો ત્યાં સંખડીની બુદ્ધિએ સાધુ ન જાય. ત્યાં જવાથી લાગતા દોષો સૂત્રમાં કહે છે.

કેવલી ભગવંત કહે છે આ કર્મ ઉપાદાન છે - તે બતાવતા કહે છે - સંખડી ચરક આદિથી વ્યાપ્ત હશે. ૧૦૦ની રસોઈ હોય ત્યાં ૫૦૦ ભેગા થયા હશે. ત્યાં થોડી રસોઈને લીધે આવા દોષો થાય - પગ વડે બીજાનો પગ લાગશે. પાત્ર સાથે પાત્ર ભટકાશે. હાથથી હાથ અથડાશે. માથા સાથે માથું ટકરાશે. કાયા સાથે ચરક આદિની કાયા અથડાશે. તે વખતે ધક્કો વાગતા તે ચરક આદિ કોપતા ઝઘડો કરશે. પછી—

લાકડી, કેરીના ગોટલા, મુક્કા, માટીના ઢેફા, ઠીકરા આદિથી સાધુને ઘાયલ કરશે કે ઠંડા પાણીથી સિંચશે, ધૂળથી કપડાં બગાડશે. આ તો સંકડાશથી થતાં દોષો કહ્યા. ઓછી રસોઈને લીધે અનેષણીય આહારનો ભોગ થશે. કેમકે રાંધેલું થોડું અને ખાનાર વધુ છે. ત્યારે ગૃહપતિ પોતાનું નામ સાંભળીને ભિક્ષુને આવેલા ધારી તેમના માટે બીજી રસોઈ બનાવી આપશે. તેથી અનેષણીય પરિભોગ થશે.

અથવા દાતા બીજાને દેવા ઇચ્છતા હોય, તેની વચ્ચે સાધુ આવે તેનાથી તેઓને ન ગમે. આવા દોષો જાણીને સંયત નિર્ગ્રન્થ આવી સંખડીમાં - x - x - સંખડીની બુદ્ધિએ ન જાય. હવે સામાન્યથી પિંડની શંકાને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૫૨ :-**

***તે ભિક્ષુ યાવત્ એમ જાણે કે આ અશનાદિ નિર્દોષ છે કે સદોષ ? તેનું ચિત્ત આશંકાથી યુક્ત થાય, તેની ચિત્તવૃત્તિ અશુદ્ધ આહાર લેવાની થાય, તો એવો આહાર મળે તો પણ ન લે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુને ગૃહસ્થના ઘેર જઈ એષણીય આહારમાં પણ શંકા થાય. જેમકે- વિચિકિત્સા, જુગુપ્સા કે અનેષણીય છે તેવી શંકા. અથવા આ આહાર ઉદ્‌ગમ આદિ દોષયુક્ત છે એવી તેને લેશ્યાચિત્ત આશંકા થાય તો - x - x - તેવો આહાર મળવા છતાં ન લે. ‘‘જ્યાં શંકા થાય ત્યાં ન લેવું’’ એ વચનાનુસાર ગ્રહણ ન કરે.

હવે ગચ્છમાંથી નીકળેલા સાધુને આશ્રીને સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૫૩ :-**

***તે સાધુ કે સાધ્વી પોતાના બધાં ધર્મોપકરણ સાથે લઈને—***
***(૧) આહાર પ્રાપ્તિના ઉદ્દેશથી ગૃહસ્થના ઘેર પ્રવેશ કરે કે નીકળે.***
***(૨) બહાર વિહારભૂમિ કે વિચારભૂમિમાં પ્રવેશ કરે કે નીકળે.***
***(૩) એક ગામથી બીજે ગામ વિચરણ કરે.***





● **વિવેચન :-**

તે જિનકલ્પિકાદિ મુનિ ભિક્ષુગચ્છમાંથી નીકળી ગૃહસ્થને ઘેર ગૌચરી માટે જાય, તો પોતાના બધાં ધર્મોપકરણ સાથે લઈને તેના ઘરમાં પ્રવેશે કે નીકળે. તેના ઉપકરણ અનેક પ્રકારે છે.

તે જિનકલ્પી બે પ્રકારે છે - છિદ્રપાણિ, અછિદ્રપાણિ, અછિદ્રપાણિ મુનિને શક્તિ મુજબ અભિગ્રહ વિશેષથી રજોહરણ અને મુહપતિ એ બે જ ઉપકરણ હોય, કોઈને શરીર રક્ષણ માટે એક સુતરાઉ વસ્ત્રસહિત ત્રણ ઉપકરણ હોય. જો વધુ ઠંડીના કારણે ઉનનું વસ્ત્ર રાખે તો ચાર ઉપકરણ થાય. તેથી પણ ઠંડી સહન ન થાય તો બીજુ સુતરાઉ વસ્ત્ર રાખતા પાંચ ઉપકરણ થાય. છિદ્રપાણી જિનકલ્પીને તો સાત પ્રકારના પાત્ર નિર્યોગથી - બાર પ્રકારની ઉપધિ થાય. તેમાં પાત્ર, પાત્રબંધ, પાત્રસ્થાપન, પાત્રકેસરિકા, પડલા, રજસ્ત્રાણ, ગુચ્છા.

બીજે ક્યાંય જતા બધાં ઉપકરણ લઈને જવું તે કહે છે, ગામ આદિ બહાર સ્વાધ્યાયાર્થે કે સ્થંડિલ જાય તો પણ બધાં ઉપકરણ લઈને જાય. બીજે ગામ જાય તો પણ લઈને જાય. એ રીતે ત્રણ સૂત્રો કહ્યા.

હવે ગમનાભાવ નિમિત્ત કહે છે—

● **સૂત્ર-૩૫૪ :-**

***સાધુ કે સાધ્વી જો એમ જાણે કે ઘણાં વિશાળ ક્ષેત્રમાં વરસાદ વરસતો દેખાય છે, ઘણે દૂર સુધી ધુમ્મસ છે - ઝાકળ પડે છે, મોટા વંટોળ વડે ધૂળ ઉછળી રહી છે અથવા ઘણાં ત્રસ જીવો ઉડીને પડે છે; તો આ રીતે જાણીને સર્વે ધર્મ ઉપકરણ સહિત આહારાર્થે ગૃહસ્થના ઘરમાં ન પ્રવેશે કે ન નીકળે. વિહાર કે વિચારભૂમિમાં પ્રવેશ કે નિર્ગમન ન કરે. એક ગામથી બીજે ગામ વિચરણ ન કરે.***

● **વિવેચન :-**

તે [જિનકલ્પી] મુનિ એમ જાણે કે - અહીં ઘણાં લાંબા ક્ષેત્ર સુધી ઝાકળ કે ધુમ્મસ પડે છે કે વરસાદ વરસે છે અથવા વંટોળીયાને લીધે ઘણી ધૂળ ઉડે છે કે તીર્છા પતંગીયાદિ ઝીણા જંતુઓ ઉડીને પડી રહ્યા છે, તો તે સાધુ પૂર્વોક્ત ત્રણ સૂત્રમાં બતાવેલ ઉપધિ લઈને જાય કે આવે નહીં. તેનો પરમાર્થ એ છે કે—

આ સામાચારી છે કે સાધુ ગચ્છમાંથી નીકળે કે પ્રવેશે ત્યારે ઉપયોગ રાખે કે - જો વરસાદ, ઝાકળ આદિને જાણે તો જિનકલ્પી ન જાય. કેમકે તેમની શક્તિ છે કે તે છ માસ સુધી ઠલ્લો-માત્રુ રોકી શકે. જ્યારે સ્થવીરકલ્પી કારણે જાય તો બધી ઉપધિ લઈને ન નીકળે.

હવે અજુગુપ્સિત કુળમાં દોષ દેખાય તો જવાનો નિષેધ કહે છે—

● **સૂત્ર-૩૫૫ :-**

***તે સાધુ-સાધ્વી આ કુળોને જાણે - જેમકે - ક્ષત્રિય, રાજા, કુરાજા, રાજભૃત્ય કે રાજવંશસ્થના કુળ; આ કુળ-ઘરની બહાર કે અંદર જતા, ઉભતા,***

***બેસતા, નિમંત્રણ હોય કે ન હોય, ત્યાંથી પ્રાપ્ત અશનાદિ પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે.***

**● વિવેચન :-** *[ચૂર્ણિમાં વિશેષ પાઠ છે અને ભિન્ન અર્થ પણ છે. તે જોવો]*

તે ભિક્ષુ એવા કુલો જાણે, જેવા કે खत्तिय એટલે ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરેના કુળો. राईण - ક્ષત્રિયોથી અન્ય, કુરાજા-નાના રજવાડા, દંડપાશિક વગેરે, રાજવંશીયા-રાજાના મામા, ભાણેજ આદિના કુળોમાં સંપાતના ભયથી જવું નહીં. ત્યાં ઘરની અંદર કે બહાર રહેલા અથવા જતા-આવતા માણસોથી સાધુઓને નુકસાન થાય, માટે કોઈ ગૌચરીનું નિમંત્રણ કરે કે ન કરે, અશનાદિનો લાભ મળે તો પણ ન લે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' - ઉદ્દેશા-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૪ 卐

૦ ત્રીજો ઉદ્દેશો કહ્યો. હવે ચોથો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૩-માં સંખડી સંબંધી વિધિ કહી, અહીં પણ તેની વિધિ કહે છે.

**● સૂત્ર-૩૫૬ :-**

***જે સાધુ-સાધ્વી યાવત્ એમ જાણે કે અહીં માંસ કે મત્સ્યપ્રધાન ભોજન છે, અથવા માંસ કે મત્સ્યોના ઢગલા રાખેલ છે અથવા વિવાહ સંબંધી-કન્યાવિદાયનું-મૃત કે સ્વજન સંબંધી ભોજન થઈ રહેલ છે. તે નિમિત્તે ભોજન લઈ જવાઈ રહેલ છે, માર્ગમાં ઘણાં પ્રાણી, ઘણાં બીજ, ઘણી લીલોતરી, ઘણાં ઝાકળબિંદુ, ઘણું પાણી, ઘણાં જ કીડીયારા-કીચડ-લીલફુગ-કરોળીયાના જાળા આદિ છે; ત્યાં ઘણાં શ્રમણ-બ્રાહ્મણ-અતિથિ-કૃપણ-વનીપક આવ્યા છે - આવે છે - આવવાના છે. તેમની ઘણી જ ભીડ જામી છે. તેથી પ્રાજ્ઞ સાધુનો નિષ્ક્રમણ-પ્રવેશ મુશ્કેલ છે, ત્યાં વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા પ્રવૃત્તિ થઈ શકે તેમ નથી.***

***એવું જાણીને તેવા પ્રકારની પૂર્વ સંખડી કે પશ્ચાત્ સંખડીમાં જવાનો વિચાર સાધુ મનથી પણ ન કરે. પરંતુ જો સાધુ-સાધ્વી એમ જાણ કે અહીં માંસ કે મત્સ્યપ્રધાન ભોજન છે યાવત્ કોઈ ભોજન લઈ જવાઈ રહ્યું છે, પણ માર્ગમાં પ્રાણી, બીજ આદિ નથી, ઘણાં શ્રમણાદિ યાવત્ આવ્યા કે આવવાના નથી, પ્રાજ્ઞ સાધુને વાંચના, પૃચ્છનાદિ માટે ત્યાં અવકાશ છે તો એવું જાણીને પ્રાજ્ઞ સાધુ અપવાદ માર્ગે પૂર્વ સંખડી કે પશ્ચાત્ સંખડીમાં જવાનું વિચારી શકે છે.***

**● વિવેચન :-**

*[ચૂર્ણિમાં કેટલાંક પાઠાંતર અને કેટલાક પદોના વિશેષ અર્થ છે તે જોવા.]*

તે ભિક્ષુ કોઈ ગામ આદિમાં ભિક્ષાર્થે પ્રવેશે અને આવા પ્રકારની સંખડી જાણે તો ત્યાં જવાની પ્રવૃત્તિ કે વિચાર ન કરે. કેવી સંખડીમાં ન જવું તે કહે છે, જેમાં માંસપ્રધાન છે, પહેલા કે છેલ્લે માંસને જ રાંધવામાં આવે છે, કોઈ સ્વજનાદિ તેને અનુરૂપ જ કંઈ લઈ જતા હોય તેને જોઈને સાધુ ત્યાં ન જાય. તેના દોષો પછી કહેશે.



તે જ પ્રમાણે મત્સ્ય આદિ મુખ્ય હોય, માંસખલ હોય, જ્યાં સંખડી નિમિત્ત માંસ છેદીને સુકાવતા હોય કે સુકવેલાનો ઢગ કર્યો હોય કે મત્સ્યનો ઢગ હોય તથા વિવાહ પછી વહુના પ્રવેશે વરના ઘેર ભોજન હોય કે વહુને લાવતા તેણીના પિતાને ઘેર ભોજન હોય, મૃત ભોજન હોય કે યક્ષની યાત્રાદિ માટે ભોજન હોય, પરિવારના સન્માન કે ગોષ્ઠી-ભોજન હોય. આવી કોઈપણ સંખડી જાણીને, ત્યાં કોઈ સ્વજન નિમિત્તે કંઈપણ લઈ જવાતું જોઈને ત્યાં ભિક્ષા માટે ન જવું.

ત્યાં જવાથી સંભવતા દોષો કહે છે-ભિક્ષુના માર્ગમાં અનેક પતંગ આદિ પ્રાણિઓ, ઘણાં બધાં - બીજ, વનસ્પતિ, ઝાકળ, પાણી, ઉત્તિંગ, લીલફૂગ, ભીની માટી, કરોળીયાના જાળા હોય. ત્યાં જમણ જાણીને ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વણીપક આવ્યા-આવશે-આવે છે. ત્યાં ચરક આદિથી વસતિ વ્યાપ્ત છે. ત્યાં પ્રાજ્ઞ સાધુને જવું-આવવું ન કલ્પે. ત્યાં જનારને ગીત વાજિંત્રના સંભવથી સ્વાધ્યાયાદિ ક્રિયા ન થઈ શકે અને વાચના, પૃચ્છનાદિ પણ ન કલ્પે. તે ભિક્ષુને ત્યાં જતા-આવતા ઘણાં દોષ સંભવે. તેથી માંસાદિની મુખ્યતાવાળી સંખડીમાં સાધુએ જવું નહીં. હવે અપવાદ માર્ગ કહે છે—

તે ભિક્ષુ માર્ગમાં દુર્બળ થાય, બિમારીમાંથી ઉઠ્યો હોય, તપના આચરણથી ક્ષીણ થયો હોય કે સ્થાન ન મળે તો દુર્લભ દ્રવ્યનો અર્થી તે જો એમ જાણે કે - x - x - માર્ગમાં બીજ ઘાસ આદિ નથી, તો આવી અલ્પદોષવાળી સંખડી જાણીને માંસાદિ દોષ દૂર કરવામાં સમર્થ હોય તો કારણે ત્યાં જવા વિચારે.

પિંડ અધિકારમાં ભિક્ષા સંબંધિ વિશેષ કહે છે—

**● સૂત્ર-૩૫૭ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ પ્રવેશવાની ઇચ્છા કરે ત્યારે એમ જાણે કે દુઝણી ગાયો દોહાઈ રહી હોય, અશનાદિ રાંધવાની ક્રિયા ચાલુ હોય અથવા રાંધેલમાંથી કોઈ બીજાને અપાયુ નથી આ પ્રમાણે જાણીને ગૃહસ્થના ઘરમાં આહાર પ્રાપ્તિ અર્થે ન નીકળે કે ન પ્રવેશ કરે. કદાચ ગૃહસ્થના ઘેર સાધુ પહોંચી ગયા હોય તો ઉક્ત કોઈપણ કારણ જોઈને એકાંતમાં ચાલ્યા જાય, જ્યાં આવાગમન ન હોય, કોઈ જોતું ન હોય એવા સ્થાને ઉભા રહે. જ્યારે એમ જાણે કે દુઝણી ગાયો દોહાઈ ગઈ છે, ભોજન રંધાઈ ગયું છે કે તેમાંથી બીજાને અપાઈ ગયેલ છે, ત્યારે સંયમપૂર્વક આહારપાણી માટે નીકળે કે ગૃહસ્થને ત્યાં પ્રવેશ કરે.***

**● વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશવા ઇચ્છે ત્યારે એમ જાણે કે દુધાળી ગાયો અહીં દોહવાઈ રહી છે, ત્યારે તેમને દોહવાતી જોઈને તથા અશન આદિ ચતુર્વિધ

આહાર રંધાતો જોઈને કે પૂર્વે રાંધેલ ભાત બીજા કોઈને ન અપાયેલ જાણીને પ્રવર્તમાન અધિકરણાપેક્ષી પ્રકૃતિભદ્રક આદિ કોઈ ગૃહસ્થ સાધુને જોઈને શ્રદ્ધાવાળો થઈ ઘણું દૂધ તેમને આપું એવી બુદ્ધિથી વાછડાને પીડા આપે, દોહવાની ગાયને ત્રાસ પમાડે તો સાધુને સંયમ અને આત્મ વિરાધના થાય. અર્ધ પક્વ ભાતને જલ્દીથી પકાવવા યત્ન કરે, તેથી સંયમ વિરાધના થાય. તેમ જાણીને સાધુ ગૌચરી માટે ત્યાં ન જાય-ન નીકળે. તેવા સ્થળે શું કરવું તે કહે છે—

તે ભિક્ષુ ગો-દોહન આદિ જાણીને એકાંતમાં જ્યાં ગૃહસ્થ ન આવે કે ન દેખે ત્યાં ઉભો રહે. પછી જ્યારે જાણે કે ગાય દોહાઈ ગઈ છે વગેરે જાણી, પછી આહાર અર્થે નિષ્ક્રમણ કે પ્રવેશ કરે. આગળ કહે છે—

● **સૂત્ર-૩૫૮ :-**

*સ્થિરવાસ કરનાર કે માસકલ્પથી વિચરનાર કોઈ મુનિ, આગંતુક મુનિને કહે કે, આ ગામ નાનું છે, તેમાં પણ કેટલાંક ઘર સૂતક આદિ કારણે રોકાયેલા છે. આ ગામ મોટું નથી. તેથી હે પૂજ્ય ! આપ ભિક્ષાચરી માટે બીજે ગામ પધારો. માનો કે ત્યાં રહેતા કોઈ મુનિના પૂર્વ કે પશ્ચાત્ સંસ્તુત રહે છે. જેમકે - ગૃહસ્થ, ગૃહસ્થપત્ની, તેના પુત્ર-પુત્રી-પુત્રવધૂ-ધાત્રી-દાસ-દાસી-કર્મકર કે કર્મકરી.*

*જો કોઈ સાધુ એમ વિચારે કે મારા પૂર્વ કે પશ્ચાત્ સંસ્તુત એવા ઉક્ત ઘરોમાં પહેલા જ ભિક્ષા માટે પ્રવેશ કરીશ, જેથી મને અન્ન, રસમય પદાર્થ, દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, તેલ, મધુ, મદ્ય, માંસ, પૂડી, રાબ, માલપૂઆ કે શ્રીખંડ આદિ ઉત્તમ ભોજન મળશે. તે આહાર પહેલાંજ લાવી ખાઈ-પીને પાત્રને ધોઈ-લુંછીને સાફ કરીશ. પછી બીજા સાધુ સાથે આહાર માટે ગૃહસ્થના ઘેર પ્રવેશ કરીશ કે નીકળીશ.*

*આ રીતે તે માયા-કપટ કરે છે, તેમ કરવું ન જોઈએ. પરંતુ તે ભિક્ષુએ બીજા સાધુઓ સાથે ભિક્ષાકાળે ગૃહસ્થના ઘેર જઈ અનેક ઘરેથી શુદ્ધિપૂર્વક નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી આહાર કરવો જોઈએ. સાધુ-સાધ્વીનો આ જ આહાર ગ્રહણ કરવાનો આચાર છે.*

● **વિવેચન :-**

*[ચૂર્ણિમાં કોઈ સ્થાને પાઠાંતર જોવા મળેલ છે. અર્થમાં પણ કિંચિત્ ભિન્નતા છે. નિશીથસૂત્ર ઉદ્દેશક-૨-માં પણ આ સૂત્ર જેવો પાઠ છે.]*

ભિક્ષુક એટલે ભિક્ષણશીલ. - x - કેટલાંક સાધુ જંઘાબળ ક્ષીણ થવાથી એક ક્ષેત્રમાં રહ્યા હોય કે માસકલ્પ વિહારી હોવાથી રહ્યા હોય. તે સમયે કોઈ ગ્રામાનુગ્રામ વિચરતા પરોણા સાધુ ત્યાં આવે, ત્યારે પૂર્વ સ્થિત સાધુ કહે, આ ગામ નાનું છે - મોટું નથી અથવા ભિક્ષાદાનમાં તુચ્છ છે. સુતક આદિથી ઘર અટક્યા છે. તેથી ઘણું જ તુચ્છ છે. તેથી હે પૂજ્ય ! આપ નજીકના ગામોમાં ભિક્ષાચર્યાર્થે જજો. તો તેમ કરવું.



અથવા ત્યાં સ્થિત સાધુના પૂર્વના સગાં ભત્રીજા વગેરે કે પછીના સગાં શ્વશૂર કૂલ સંબંધી હોય તેને નામ પૂર્વક સૂત્રમાં જણાવ્યા છે. જેમકે-ગૃહપતિ આદિ. તેવા પ્રકારના પૂર્વ કે પશ્ચાત્ સગાને ત્યાં પહેલા ગૌચરી જાઉં તો ત્યાં - x - શાલિ-ઓદનાદિ, ઇન્દ્રિય અનુકૂલરસાદિ તથા દૂધ વગેરે હોય. જો કે સૂત્રમાં કહેલ દારુ-માંસની વ્યાખ્યા છેદ-સૂત્ર મુજબ કરવી અથવા કોઈ સાધુ અતિ પ્રમાદથી કે અતિ ગૃદ્ધ બનીને મદ્ય, દારુ, માંસ પણ લાવે તેથી સૂત્રમાં ઉલ્લેખ છે. - x - x - તે મેળવીને પહેલા ખાય-પીએ પછી પાત્ર ધોઈ, લુંછી સાફ કરી વસ્ત્ર વડે કોરું કરી, પછી ભિક્ષાકાળ થતાં શાંત ચેહેરે પરોણા સાધુ સાથે ગૃહસ્થને ઘેર આહારને માટે પ્રવેસીશ કે નીકળીશ એમ વિચારી માયા સ્થાનને સ્પર્શે છે. તેથી તેનો નિષેધ કરતા [ગુરુ] કહે છે કે સાધુએ આવું ન કરવું જોઈએ. તો સાધુ શું કરે ?

તે ભિક્ષુએ પરોણા ભિક્ષુ સાથે ભિક્ષા અવસરે ગૃહસ્થના ઘેર જઈને ત્યાં ઉંચ-નીચ કુળોમાંથી સામુદાનિક ઉદ્‌ગમાદિ દોષરહિત અને ફક્ત સાધુના વેશથી મેળવેલ ધાત્રિ-દૂત-નિમિત્તાદિ પિંડદોષરહિત ભિક્ષા લઈને પરોણા સાધુ સાથે ગ્રાસૈષણા દોષરહિત આહાર કરવો જોઈએ. આ તે ભિક્ષુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧ અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૪નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧ ઉદ્દેશો-૫ 卐

૦ ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે ઉદ્દેશા-૪-માં પિંડ ગ્રહણ વિધિ કહી. અહીં પણ તે જ કહે છે.

● **સૂત્ર-૩૫૯ :-**

*તે સાધુ-સાધ્વી યાવત્ એમ જાણે કે અગ્રપિંડ કઢાતું દેખાય છે, અગ્રપિંડ રખાતુ-લઈ જવાતું-વહેંચાતુ-ખવાતુ કે ફેંકાતુ જોઈને અથવા પહેલા [બીજા લોકોએ] જમી લીધું છે કે [કેટલાંક ભિક્ષાચર] પહેલાં લઈને જઈ રહ્યા છે. અથવા બીજા શ્રમણ, બ્રાહ્મણ આદિ અગ્રપિંડ લેવા જલ્દી જલ્દી આવી રહ્યા છે તે જોઈને કોઈ સાધુ એમ વિચારે કે તે ભોજન લેવા હું પણ જલ્દી જાઉં, તો તે માયા કરે છે - ''એવું ન કરવું.''*

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર જઈને એમ જાણે કે દેવતા માટે તૈયાર કરેલો ભાત વગેરેનો આહાર છે. તેમાંથી થોડો થોડો કાઢે છે તથા બીજા વાસણમાં નાંખે છે તે જોઈને કે દેવાયતનમાં લઈ જવાતું તથા થોડું થોડું બીજાને અપાતું જોઈને, બીજાથી ખવાતું કે દેવાયતનની ચારે દિશામાં ફેંકાતુ જોઈને; તથા પૂર્વે અન્ય શ્રમણાદિ આ અગ્રપિંડ ખાધો હોય, કે પૂર્વે - x - ગ્રહણ કરેલ હોય અને - x - ફરી પણ અમને મળશે એમ માની - x - શ્રમણાદિ જલ્દી જલ્દી તે અગ્રપિંડ લેવા જતા હોય. ત્યારે

આવું જોઈને કોઈ સાધુ એમ વિચારે કે હું પણ ત્યાં જલ્દી જાઉં, એમ કરતા તે ભિક્ષુ માયા સ્થાનને સ્પર્શે છે. તેથી તેણે આવું ન કરવું જોઈએ.

હવે ભિક્ષા-અટન વિધિ કહે છે—

● **સૂત્ર-૩૬૦ :-**

***તે સાધુ કે સાધ્વી ભિક્ષાર્થે જતા રસ્તામાં ટેકરા, ખાઈ, કોટ, તોરણદ્વાર, અર્ગલા કે અર્ગલા-પાશક હોય તો સામર્થ્ય હોવા છતાં તેવા માર્ગે ન ચાલે પણ બીજો માર્ગ હોય તો સંયમી સાધુ બીજા માર્ગે જાય, તે સીધા માર્ગે ન જાય. કેવલી કહે છે કે તે કર્મબંધનું કારણ છે.***

***તે વિષમ માર્ગે જતાં તે સાધુ લપસી જાય, ડગી જાય કે પડી જાય. લપસતા-ડગતા કે પડતા તેની કાયા મળ, મૂત્ર, કફ, લીંટ, વમન, પિત્ત, પરુ, વીર્ય કે લોહીથી ખરડાઈ જાય. કદાચ તેમ થઈ જાય તો તે સાધુ શરીરને સચિત્ત પૃથ્વીથી, ભીની માટીથી, સચિત્ત શીલાથી, સચિત્ત માટીના ઢેફાથી, ઉધઈવાળા કાષ્ઠથી, જીવયુક્ત કાષ્ઠથી, ઇંડા-પ્રાણી કે જાળાયુક્ત કાષ્ઠથી શરીરને લૂંછે નહીં, સાફ ન કરે, ન ખણે, ન ખોતરે, મર્દન ન કરે, ન તપાવે પરંતુ તે ભિક્ષુ પહેલા સચિત્ત રજથી રહિત તૃણ, પાન, કાષ્ઠ, કંકર આદિની યાચના કરે. યાચીને એકાંતમાં જાય. ત્યાં દગ્ધભૂમિ કે તેવા પ્રકારની અન્ય ભૂમિનું વારંવાર પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને યતનાપૂર્વક શરીરને ઘસે યાવત્ સ્વચ્છ કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર જવા મહોલ્લો, શેરી કે ગામમાં પ્રવેશતા માર્ગ જુએ. ત્યાં માર્ગમાં જતાં વચમાં સમાન ભૂભાગમાં કે ગ્રામાંતરમાં ક્યારા બનેલા જુએ અથવા ખાઈ, કોટ, પત્તન કે તોરણને જુએ. તથા અર્ગલા કે અર્ગલા પાશકને જુએ તો તેવા સીધા માર્ગે ન જાય. પણ સંયમી સાધુ બીજા માર્ગે જાય. - x - કેમકે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. સંયમ કે આત્મવિરાધના થાય.

તે વપ્રાદિ યુક્ત માર્ગે જતાં વિષમતાને કારણે કોઈ વખત કંપે, ઠોકર ખાય કે પડી જાય, તેમ થાય તો છકાયમાંથી કોઈપણ કાયને વિરાધે તથા તેનું શરીર મળ, મૂત્ર, બળખા, લીંટ, વમન, પિત્ત, પરુ, વીર્ય કે લોહીથી ખરડાય માટે તેવા માર્ગે ન જવું. બીજો માર્ગ ન હોય અને તે જ માર્ગે જવું પડે તો ઠોકર ખાતાં કાદવ વડે તેનું શરીર ખરડાય. તેથી આવું ન કરવું જોઈએ તે દર્શાવે છે—

તે સાધુ આવા અશુચિ-કાદવથી લિપ્ત શરીરનો વસ્ત્ર વિના પૃથ્વી સાથે સ્પર્શ ન કરે અથવા ભીની જમીન, ધૂળવાળી પૃથ્વી, સચિત્ત પત્થર, સચિત્ત માટીના ઢેફા, ઉધઈ કે જીવાદિ યુક્ત લાકડા કે કરોળીયાના જાળાનો એકવાર કે વારંવાર સ્પર્શ ન કરે - ગારો દૂર ન કરે. કાદવ ખોતરે નહીં, ઉદ્વર્તન ન કરે, સુકાયેલાને પણ ન ખોતરે એક કે અનેકવાર તાપ ન લે. તો શું કરે ? તે કહે છે—

તે ભિક્ષુ અલ્પ રજવાળું તૃણ આદિ યાચે. એકાંત અચિત્ત સ્થાને જઈને તેના વડે શરીરનો કાદવ દૂર કરે. બાકી સુગમ છે. - વળી -



● **સૂત્ર-૩૬૧ :-**

***તે સાધુ કે સાધ્વી ભિક્ષા લેવા જતા એમ જાણે કે માર્ગમાં દુષ્ટ મદોન્મત્ત સાંઢ, પાડો ઉભો છે, એ જ પ્રમાણે મનુષ્ય, અશ્વ, હાથી, સિંહ, વાઘ, દીપડો, રીંછ, તરચ્છ, અષ્ટાપદ, શિયાળ, બિલાડો, કૂતરો, વરાહ, સૂવર, લોમડી, ચિત્તો, ચિલ્લલક, સાપ આદિ માર્ગમાં રહેલા હોય તો તે સીધે રસ્તે ન જતા, બીજા રસ્તેથી જાય.***

***તે સાધુ-સાધ્વી ભિક્ષાર્થે માર્ગમાં જતા હોય ત્યારે વચ્ચે ખાડા, ઠૂંઠા, કાંટા, જમીનનો ઢોળાવ, તીરાડ, વિષમતા, કીચડ આદિ હોય તો તેવા માર્ગે નહીં ચાલતાં બીજા માર્ગે તે સંયમી જાય, સીધા માર્ગે ન જાય.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે જતાં રસ્તામાં ધ્યાન રાખે, ત્યાં જો એવું જાણે કે રસ્તામાં ગાય આદિ છે, મારકણો ગોધો હોવાથી રસ્તો બંધ છે, ઝેરી સાપ છે, [ઇત્યાદિ સૂત્ર મુજબ જાણવું.] માર્ગમાં તેમને રહેલા જોઈને જો બીજો રસ્તો હોય તો તે સીધા રસ્તે ન જાય કેમકે તેનાથી આત્મ વિરાધના સંભવે છે. અહીં 'विग' એટલે દીપડો, 'द्वीपीन' એટલે રીંછ ઇત્યાદિ જાણવા.

તથા તે ભિક્ષુ ભિક્ષાર્થે જતાં માર્ગમાં ધ્યાન રાખે કે વચમાં - x - ખાડો હોય, ઠુંઠુ-કાંટા-ઢોળાવ હોય, કાળી ફાટેલી માટી, ઉંચાનીચા ટેકરા કે કાદવ હોય તો ત્યાં આત્મ અને સંયમ વિરાધનાનો સંભવ રહે છે. તેથી બીજા માર્ગે જાય પણ સીધા માર્ગે ન જાય - તથા -

● **સૂત્ર-૩૬૨ :-**

***તે સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘરના દ્વારભાગને કાંટાની ડાળીથી ઢાંકેલ જોઈને પહેલાં ગૃહસ્વામીની અનુજ્ઞા લીધા વિના, પડિલેહણ અને પ્રમાર્જના કર્યા વિના દ્વાર ઉઘાડીને તેમાં પ્રવેશ કે નિષ્ક્રમણ ન કરે. પહેલા ઘરના સ્વામીની આજ્ઞા લે, પછી પડિલેહણ કરી-કરીને, પ્રમાર્જન કરી-કરીને યતનાપૂર્વક ખોલીને પ્રવેશ કરે અથવા નીકળે.***

● **વિવેચન :-**

*[આવું વર્ણન દશવૈકાલિક સૂત્ર અધ્યયન-૧-માં પણ છે.]*

તે ભિક્ષુ ભિક્ષાર્થે પ્રવેશતા ગૃહપતિના ઘરના દ્વાર ભાગને કાંટાની ડાળીઓ વડે ઢાંકેલ જોઈને તે ઘરના માલિકની અનુજ્ઞા લીધા વિના તથા આંખ વડે પડિલેહણ કર્યા વિના, રજોહરણથી પ્રમાર્જ્યા વિના દ્વાર ઉઘાડે નહીં, તેમાં પ્રવેશે નહીં કે નીકળે નહીં. તેના દોષો કહે છે - તેમાં ગૃહપતિને દ્વેષ થાય, વસ્તુ ખોવાય તો સાધુ પર શંકા જાય, ઉઘાડેલા દ્વારમાં પશુ વગેરે પ્રવેશે. એ રીતે સંયમ અને આત્મવિરાધના થાય. હવે કારણ હોય તો અપવાદ માર્ગ કહે છે—

તે ભિક્ષુ તે ઘરમાં જવા માટે ગૃહપતિનો અવગ્રહ યાચે. પડિલેહણ અને પ્રમાર્જન કરી બારણું ઉઘાડે. કહ્યું છે કે, જાતે દરવાજો ઉઘાડી ન પેસે, જો ગ્લાન આચાર્ય આદિને યોગ્ય કંઈ મળે, ત્યાં વૈદ્ય રહેતો હોય કે દુર્લભ દ્રવ્ય પ્રાપ્ત થાય કે ઓછી

ગૌચરી મળી હોય ઇત્યાદિ કારણો હોય તો બંધ બારણા પાસે ઉભો રહી શબ્દ કરે. અથવા યથાવિધિ ઉદ્ઘાટન કરીને પ્રવેશ કરે. ત્યાં પ્રવેશ્યા પછીની વિધિ કહે છે—

● સૂત્ર-૩૬૩ :-

*તે સાધુ કે સાધ્વી જો એમ જાણે કે તે [ગૃહસ્થને ઘેર] કોઈ શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુક કે અતિથિ પહેલાથી પ્રવેશેલ છે, તે જોઈને તેમની સામે કે જે દ્વારેથી તેઓ નીકળતા હોય તે દ્વારે ઉભા ન રહે. પરંતુ કોઈને પહેલાં આવેલા જાણીને એકાંત સ્થાનમાં ચાલ્યા જાય, એકાંતમાં જઈને મુનિ એવા સ્થાને ઉભા રહે કે જ્યાં બીજાનું આવાગમન ન હોય, બીજા જોઈ ન શકે. કદાચ કોઈ ગૃહસ્થ ત્યાં રહેલા સાધુને અશનાદિ લાવીને આપે અને કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આપ બધાં લોકો માટે આ આહાર મેં આપ્યો છે તો આપ સર્વે ખાઓ અથવા વહેંચી લો.*

*ગૃહસ્થનું આ કથન સાંભળીને સાધુ મૌન રહીને વિચારે કે આ આહાર મારો જ છે, તો તે માયા સ્થાનને સ્પર્શે છે, તેથી સાધુ એવું ન કરે. તે સાધુ આ આહાર લઈને જ્યાં શ્રમણ આદિ છે ત્યાં જાય, જઈને કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણો ! તમે જ આ અશનાદિ બધાં લોકો માટે આપેલ છે. તેથી બધા ખાયો કે વિભાગ કરો. તેમને એવું કહેતા સાંભળી જો બીજા એમ કહે કે હે શ્રમણ ! તમે જ બધાને આ અશનાદિ વહેંચી આપો.*

*ત્યારે વિભાગ કરતી વેળાએ સાધુ પોતાને માટે જલ્દી-જલ્દી સારુ-સારુ પ્રચૂર માત્રામાં સ-રસ, મનોજ્ઞ, સ્નિગ્ધ આહાર અને રુક્ષ આહાર ન રાખે. પણ તે આહારમાં અમૂર્છિત, અગૃદ્ધ, અનાસક્ત અનધ્યુપપન્ન થઈને અત્યંત સમાન ભાગ કરે. વિભાગ કરતી વેળા બીજા એમ કહે કે, હે શ્રમણ ! તમે તેનો વિભાગ ન કરો, આપણે બધા ભેગા થઈને ખાઈએ-પીએ. એવી રીતે ખાતા પણ સ-રસ યાવત્ રુક્ષ ભોજન જલ્દી ન ખાઈ જાય પણ તેમાં અમૂર્છિત યાવત્ અલોલુપ થઈ સમ માત્રામાં ખાય-પીએ.*

● વિવેચન :-

તે સાધુ ગામ આદિમાં ભિક્ષા માટે પ્રવેશતા એમ જાણે કે આ ઘરમાં પહેલાં શ્રમણ આદિ પ્રવેશેલ છે, તેમને પ્રવેશેલા જોઈને દાતા તથા લેનારને અપ્રીતિ કે અંતરાય ન થાય માટે તે બંને દેખે તેમ ઉભો ન રહે. તેમના નીકળવાના દ્વારે પણ તેમની અપ્રીતિ-અંતરાયભયથી ન ઉભે. પણ તે ભિક્ષુ તે ભિક્ષાર્થે આવેલ શ્રમણાદિથી એકાંતમાં જઈ કોઈ આવે નહીં કે જુએ નહીં ત્યાં ઉભો રહે. ત્યાં રહેલા ભિક્ષુને ગૃહસ્થ જાતે આવીને ચાર પ્રકારનો આહાર લાવીને આપે અને આપતા એમ કહે કે—

તમે ભિક્ષાર્થે ઘણાં લોકો આવ્યા છો, હું વ્યાકુળતાને કારણે આહારનો વિભાગ કરવા સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! હું આ ચતુર્વિધ આહાર તમને સર્વલોકો માટે આપેલ છે, હવે તમે પોતાની ઇચ્છા મુજબ તે આહારને ભેગા બેસી ખાઓ કે વહેંચી આપો, એમ કહી આપે. તો આવો આહાર ઉત્સર્ગથી ન લેવો. પણ



દુકાળ હોય કે લાંબો પથ હોય તો અપવાદથી કારણે ગ્રહણ કરે. પણ ગ્રહણ કરીને આ પ્રમાણે ન કરે—તે આહાર લઈને મૌનપણે એકાંતમાં જઈ વિચારે - મને એકલાને આ આહાર આપેલછે, - x - તો હું એકલો ખાઉં. આ રીતે માયા સ્થાનને સ્પર્શે. પણ સાધુએ આમ ન કરવું જોઈએ. તો શું કરવું ? તે કહે છે—

તે ભિક્ષુ તે આહાર લઈને બીજા શ્રમણાદિ પાસે જઈને તેમને તે આહાર દેખાડે, પછી કહે, હે શ્રમણ આદિઓ ! આ આહાર આપણા બધા માટે ભાગ પાડ્યા વિના સામટો આપેલ છે. તેથી બધાં ભેગા થઈને કે વહેંચીને વાપરો. સાધુ એમ કહે ત્યારે કોઈ શ્રમણાદિ કહે કે, હે આયુષ્યમાન્ ! તમે જ અમને વહેંચી આપો, તો સાધુ તેમ ન કરે. પણ કારણે કરે તો આ પ્રમાણે કરવું - પોતે વહેંચતા વર્ણાદિ ગુણયુક્ત ઘણું સારું શાક આદિ પોતે ન લે, તેમ લુખું પણ ન લે. બાકી સુગમ છે.

પણ-તે ભિક્ષુ આહારમાં મૂર્છિત થયા વિના, અગૃદ્ધપણે, મમતારહિત થઈને [આ બધા એકાર્થક શબ્દો અનાદર જણાવવા છે.] જે કંઈ હોય તે બધાંને સમભાગે વહેંચી આપે. - x - તે સાધુ વહેંચવા જાય ત્યારે કોઈ એમ કહે કે, હે આયુષ્યમાન્ ! તમે વહેંચો નહીં, આપણે બધાં સાથે બેસીને જમીએ-પીએ, તો તેમની સાથે ન જમવું. પણ પોતાના સાધુ હોય, પાસત્થા હોય કે સાંભોગિક હોય તે બધા સાથે આલોચના આપી જમવાની આ વિધિ છે. એટલે પોતે બધાને સરખું વહેંચી આપે. ઇત્યાદિ.

પૂર્વના સૂત્રમાં આલોક સ્થાન નિષેધ્યુ, હવે પ્રવેશ પ્રતિષેધ કહે છે.

● સૂત્ર-૩૬૪ :-

*તે સાધુ-સાધ્વી એમ જાણે કે કોઈ શ્રમણ, બ્રાહ્મણ, યાચક, અતિથિ પૂર્વે ગૃહસ્થના ઘેર પ્રવેશેલ છે, તો તે જોઈને તેઓને ઉલ્લંઘીને ઘરમાં દાખલ થવું નહીં, તેમ પાછળ રહી યાચના ન કરવી. પણ એકાંત સ્થાને જઈને જ્યાં કોઈ આવે નહીં કે જુએ નહીં તેવા સ્થાને રહેવું. જ્યારે તે એમ જાણે કે ગૃહસ્થે શ્રમણાદિને આહારદાનનો ઇન્કાર કર્યો છે કે આપી દીધું છે, તો તેમના પાછા ફરી ગયા પછી જ યતના સહિત તેણે પ્રવેશવું કે બોલવું. આ ખરેખર તે સાધુની ક્રિયા વિધિ છે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગામ આદિમાં પ્રવેશતા એવું જાણે કે આ ઘરમાં શ્રમણ આદિ પ્રવેશેલા છે, તો તે પૂર્વે પ્રવેશેલા શ્રમણ આદિ દેખીને તેને ઓળંગીને પોતે અંદર ન જાય, તેમ ત્યાં ઉભો રહીને ગૃહસ્થ પાસે ભિક્ષા ન માગે, પરંતુ એકાંતમાં જઈ કોઈ દેખે નહીં તેમ ઉભો રહે. પછી તે ગૃહસ્થ અંદરના ભિક્ષુને આપે અથવા ના પાડે, ત્યારે તે સાધુ ત્યાંથી નીકળી અંદર જઈ આહારની યાચના કરે. આ જ સાધુનો સંપૂર્ણ ભિક્ષુભાવ-સાધુપણું છે.

**ચૂલિકા-૧ અધ્યયન-૧ ''पिण्डैषणा'' - ઉદ્દેશા-૫નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૐ ચૂલિકા-૧ - અધ્યયન-૧ - ઉદ્દેશો-૬ ૐ

૦ પાંચમાં ઉદ્દેશા પછી છઠ્ઠો ઉદ્દેશ કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૫-માં શ્રમણાદિને અંતરાયના ભયથી ગૃહપ્રવેશ નિષેધ્યો. તેમ અહીં બીજા પ્રાણીઓના અંતરાયનો નિષેધ કહે છે—

● **સૂત્ર-૩૬૫ :-**

***તે સાધુ કે સાધ્વી [ગૌચરીએ જતાં] એમ જાણે કે રસાન્વેષી ઘણાં પ્રાણી આહારાર્થે એકત્રિત થયા છે-જેમકે - કુકડાની જાતિના, શૂકરજાતિના અથવા અગ્રપિંડ માટે કાગડા આદિ એકઠા થયેલા જોઈને સંયત સાધુ કે સાધ્વી અન્ય માર્ગ હોય તો સીધા તેમની સામે ન જાય.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે પ્રવેશતા એમ જાણે કે માર્ગમાં ઘણાં પ્રાણી રસના ઇચ્છુક થઈને પછી આહાર માટે કોઈ શેરી આદિમાં એકઠાં થઈ પડેલ છે, તેમને એ રીતે જોઈને સાધુ તેમની સામે ન જાય. તે પ્રાણીના નામ કહે છે - 'કુકડા'-શબ્દથી પક્ષીની જાતિ લીધી, 'સૂવર'-શબ્દથી ચતુષ્પદ જાતિ લીધી. 'અગ્રપિંડ'થી બહાર ફેંકેલ કાકપિંડ લીધું. તેમાં કાગડાને ખાતા જોઈને શક્તિ હોય ત્યાં સુધી સમ્યક્ ઉપયુક્ત સાધુ તે રસ્તે ન જાય, તે સીધા માર્ગે જતાં પ્રાણીને અંતરાય થાય છે. તેમને બીજે ખસતાં વધ પણ થાય. ગૃહસ્થના ઘેર પ્રવેશતા સાધુની વિધિ—

● **સૂત્ર-૩૬૬ :-**

***તે સાધુ-સાધ્વી યાવત્ ગૃહસ્થના ઘેર બારસાખનો વારંવાર સહારો લઈને ઉભા ન રહે. એ જ રીતે ગૃહસ્થના ગંદુ પાણી ફેંકવાના સ્થાને, આચમન સ્થાને, સ્નાન કે શૌચ જવાના સ્થાને કે જવા-આવવાના સ્થાને ઉભા ન રહે. વળી તે ઘરના સમારેલ ભાગને, દીવાલોની સંધિને, જલગૃહને; વારંવાર હાથ ફેલાવીને, આંગળી ચીંધીને, પોતે નીચે નમીને કે ઉંચુ મુખ કરીને મુનિએ અવલોકવા નહીં. ગૃહસ્થ પાસે આંગળી ચીંધીને યાચના ન કરે, આંગળીથી ભય દેખાડી ન યાચે, શરીરને આંગળી વડે સ્પર્શ કરીને કે ગૃહસ્થની પ્રશંસા કરીને ન યાચે. [કદાચ ગૃહસ્થ ન આપે તો] તેને કઠોર વચન ન કહે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર પ્રવેશતા આટલું ન કરે. જેમકે - તેના ઘરના બારશાખને વારંવાર અવલંબીને ઉભો ન રહે કેમકે તે જીર્ણ હોય તો પડી જાય, બરોબર જડેલ ન હોય તો ખસી જાય. તેથી સંયમ અને આત્મ વિરાધના થાય. તથા વાસણ ધોઈને પાણી ફેંકવાના સ્થાને, આચમનના પાણીના જવાને સ્થાને ન ઉભે કેમકે તેથી પ્રવચનનિંદા થાય. તથા સ્નાન કે શૌચ સ્થાને ન ઉભે - x - કહ્યું છે કે સ્નાન શૌચ કરતા ગૃહસ્થ જ્યાં દેખાય ત્યાં ન ઉભવું. કેમકે ત્યાં જોવાથી સ્ત્રી વગેરેના સંબંધીને શંકા જાય અને ત્યાં લજ્જાથી તે બરોબર શરીર સાફ ન કરી શકે



તેથી દ્વેષ થાય.

તે જ પ્રમાણે ગૃહસ્થના ઘરના ઝરોખા, ફાટ પડી હોય તે દુરસ્ત કરાવી હોય, ચોરે ખાતર પાડેલ સંધિ સ્થાન, જલગૃહ તરફ ન જુએ, વારંવાર હાથ લાંબો કરીને કે આંગળી ઉંચી કરીને કે શરીર ઉંચુ-નીચું કરીને પોતે ન જુએ કે બીજાને ન બતાવે. - x - તેથી ચોરીની શંકા જાય. વળી તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને ગૃહસ્થને આંગળી વડે ઉદ્દેશીને તથા આંગળી ચલાવીને ભય બતાવીને તથા ખરજ ખણીને તેમજ ગૃહસ્થને વચનથી સ્તુતિ કરીને યાચના ન કરે. તથા ગૃહસ્થ ન આપે તો તેને કડવા વચન ન કહે. જેમકે - તું યક્ષ માફક પારકાના ઘરનું રક્ષણ કરે છે. તારા નસીબમાં દાન ક્યાંથી ? તારી વાત જ સારી છે કૃત્યો નહીં. વળી તું ''નથી-નથી'', એવા બે અક્ષર બોલે છે, તેને બદલે તું ''આપ-આપ'' એમ કહે તો તારું કલ્યાણ થશે.

● **સૂત્ર-૩૬૭ :-**

***[ભિક્ષા માટે ગયેલ સાધુ-સાધ્વી] ત્યાં કોઈને ભોજન કરતા જુએ, જેમકે ગૃહસ્થ યાવત્ નોકરાણી. તો પહેલા વિચારીને કહે કે, હે આયુષ્યમાન્‌ભાઈ ! કે બહેન ! આમાંથી મને કંઈ ભોજન આપશો ? મુનિના એ પ્રમાણે કહેવાથી તે ગૃહસ્થ હાથ, થાળી, કડછી કે અન્ય પાત્ર સચિત્ત કે ઉષ્ણ જલથી એક કે અનેક વાર ધોવા લાગે તો સાધુએ પહેલાં જ તેને કહી દેવું જોઈએ કે, હે આયુષ્યમાન્ ભાઈ ! કે બહેન ! તમે તમારા હાથ વગેરેને ઠંડા કે ગરમ પાણીથી ધોશો નહીં. જો તમે મને ભોજન આપવા ઇચ્છતા હો તો એમ જ આપો. સાધુએ આમ કહેવા છતાં તે ગૃહસ્થ ઠંડા કે ગરમ પાણીથી હાથ વગેરે ધોઈને કે વિશેષ ધોઈને આપે—***

***તો આવા પૂરો કર્મવાળા હાથ આદિથી અશનાદિ લેવું તે અપ્રાસુક અને અનેષણીય છે યાવત્ તે લેવું ન જોઈએ. વળી જો સાધુ એમ જાણે કે પુરોકર્મથી નહીં પણ એમ જ હાથ વગેરે ભીના છે, તો પણ તે અશનાદિને અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે તેમજ એમ જાણે કે હાથ આદિ ભીના તો નથી પણ સસ્નિગ્ધ-સચિત્તરજ, ભીનાશ, માટી, ઓસ, હડતાલ, હિંગુલ, મનશીલ, અંજન, મીઠું, ગેરુ, પીળી માટી, સફેદ માટી, ગોપીચંદન, તાજો લોટ, તાજી કણકી, ચૂર્ણ આદિથી લિપ્ત છે તો પણ તેવા હાથ વગેરેથી અપાયેલ આહાર સાધુ ન લે.***

***પરંતુ જો એમ જાણે કે દાતાના હાથ સચિત્ત વસ્તુથી લિપ્ત નથી, પણ અચિત્ત લિપ્ત છે તો તે અશનાદિ પ્રાસુક જાણી યાવત્ લે.***

● **વિવેચન :-**

*[દશવૈકાલિક અધ્યયન-૫માં અને નિશીથ ચૂર્ણિમાં પણ આવું વર્ણન છે.]*

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશતા ગૃહસ્થ આદિ કોઈને જમતા જોઈને વિચારે કે આ ગૃહસ્થ કે તેની પત્ની યાવત્ નોકરાણી જમી રહ્યા છે. તો તેમનું નામ લઈને

યાચના કરે કે, હે આયુષ્યમાન્ ગૃહપતિ ! કે હે બહેન ! અથવા તેવું બીજું વચન બોલીને કહે કે, તમે જે રાંધ્યુ હોય તેમાંથી અમને કંઈ આપો. - x - x - તે ભિક્ષુને તેમ યાચના કરતા સાંભળીને બીજા કોઈ ગૃહસ્થ કદાચ હાથ, થાળી, કડછી કે બીજું કોઈ વાસણ કાચા પાણીથી કે અપ્રાસુક ઉષ્ણ પાણી વડે કે કાળ વીતી જતા સચિત્ત થયેલ ઉષ્ણ પાણી વડે એક વખત ધુએ કે વિશેષથી ધુએ ત્યારે તે જોઈને પહેલા સાધુ વિચારે પછી તેમનું નામ દઈને અટકાવે કે તમે એ રીતે હાથ વગેરે ન ધોશો. તો પણ જો તે ગૃહસ્થ સચિત્ત પાણીથી હાથ વગેરે ધોઈને આહાર આપે તો તેને અપ્રાસુક જાણી સાધુ ન લે.

વળી તે સાધુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને એમ જાણે કે, સાધુ માટે નહીં, પણ કોઈપણ કારણે પહેલા જ ધોવાની ક્રિયા કરી છે, હાથમાંથી પાણી ટપકી રહ્યું છે એવું જાણીને - x - x - ચારે પ્રકારનો આહાર અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે. વળી એમ જાણે કે—

પાણી ટપકતું નથી પણ હાથ કે વાસણ ભીના છે તો પણ સાધુ ન લે. એ પ્રમાણે ભીના હાથ હોય તો ન લે તથા સચિત્ત રજ, માટી આદિમાં સમજી લેવું. તેમાં 'उष' એટલે ક્ષારવાળી માટી, હડતાલ, હિંગલોક આદિ પ્રસિદ્ધ છે. આ બધી ખાણમાંથી નીકળતી સચિત્ત વસ્તુ છે. वर्णिका એટલે પીળી માટી, सेटिका તે ખડી, તુવરિકા, છડ્યા વિનાના ચોખાનું ચૂર્ણ, ઉપરના છોતરા, ખાંડેલ ચુરો વગેરેથી ખરડેલા હાથે આપે તો લે નહીં; પણ જો ખરડેલા ન હોય તો સાધુ ગોચરી લે.

પરંતુ જો એમ જાણે કે - x - તે જાતિના આહારાદિથી હાથ વગેરે ખરડાયેલ છે, તો પ્રાસુક અને એષણીય જાણીને ગ્રહણ કરે. અહીં આઠ ભાંગા [ભેદ] છે. તેમાં અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ વાસણ, તે જાતિના દ્રવ્ય વડે સંસૃષ્ટ ઇત્યાદિ - x - x - x - તો પ્રાસુક, એષણીય જાણી ગ્રહણ કરે.

● **સૂત્ર-૩૬૮ :-**

***તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર પ્રવેશી એવું જાણે કે કોઈ અસંયમી ગૃહસ્થે સાધુ નિમિત્તે ધાણી, મમરા, પોંક, ચાવલ આદિ [તૈયાર કર્યા છે.] તે સચિત્ત શિલા પર તથા બીજવાળી, વનસ્પતિવાળી યાવત્ જાળાવાળી શીલા પર કુટ્યા છે, કુટે છે અને કુટશે, ઝાટક્યા છે, ઝાટકે છે અને ઝાટકશે. આ પ્રકારે પૃથક્ કરેલ ચાવલ આદિને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ભિક્ષાર્થે ગૃહસ્થના ઘરમાં પ્રવેશતા જો એમ જાણે કે - ચોખા આદિના મમરા ઘણાં રજ [ફોતરા] વાળા છે અથવા અર્ધપક્વ ચોખા આદિના કણ વગેરે હોય, તેને ગૃહસ્થે સાધુને ઉદ્દેશીને સચિત્ત શિલા કે બીજવાળી, વનસ્પતિવાળી, ઇંડાવાળી યાવત્ કરોળીયાના જાળાવાળી શિલા ઉપર કુટેલા છે - કુટે છે કે કુટશે. - x - x - તે ધાણી મમરા આદિ સચિત્ત કે અચિત્ત હોય તેને સચિત્ત શિલા પર કુટીને સાધુ માટે ઝાટકીને આપ્યા છે - આપે છે કે આપશે. તેવું જાણીને તેવા પ્રકારનો પૃથુક આદિ આહાર મળે તો પણ ગ્રહણ ન કરે.



● **સૂત્ર-૩૬૯ :-**

***તે સાધુ-સાધ્વી ગૌચરી માટે ગૃહસ્થના ઘેર પ્રવેશતા એમ જાણે કે બિલ કે ઉદ્ભિજ મીઠું અસંયમી ગૃહસ્થે સાધુના નિમિત્તે સચિત્ત યાવત્ જાળા વાળી શિલા પર ભાંગેલ છે - ભાંગે છે કે ભાંગશે, પીસેલ છે - પીસે છે કે પીસશે તો તેવા મીઠાને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે.***

● **વિવેચન :-**

જો તે ભિક્ષુ એવું જાણે કે આ ખાણમાંથી ખણેલ મીઠું અથવા સિંધવ, સંચર આદિ તથા ઉદ્ભિજ - સમુદ્ર કિનારે ક્ષારના સંપર્કથી થતું મીઠું ઉપલક્ષણથી ક્ષાર સૂકવવાથી થતું, રૂમકાદિ મીઠું; આવું મીઠું શિલા પર ભેદીને કણીયા રૂપ કરેલ છે તથા સાધુ માટે ભેદે છે કે ભેદશે અથવા ચૂર્ણ જેવું કરવા પીસ્યુ છે, પીસે છે કે પીસશે તો એવું મીઠું ગ્રહણ ન કરે.

● **સૂત્ર-૩૭૦ :-**

***[ભિક્ષાર્થે ગયેલ] સાધુ કે સાધ્વી એમ જાણે કે અશનાદિ આહાર અગ્નિ પર રાખેલ છે, તો તેવા પ્રકારના અશનાદિને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે, કેવળી ભગવંત કહે છે કે, તે કર્મબંધનું કારણ છે, કેમકે ગૃહસ્થ સાધુના નિમિત્તે અગ્નિ પર રાખેલ આહારમાંથી થોડો ભાગ કાઢે છે કે તેમાં નાંખે છે, હાથ લુંછે કે વિશેષથી સાફ કરે, પાત્રને નીચે ઉતારે કે ચડાવે અને એ રીતે અગ્નિજીવની હિંસા કરે છે. હવે સાધુની એ જ પ્રતિજ્ઞા, એજ હેતુ, એ જ કારણ, એ જ ઉપદેશ છે કે તે અગ્નિ પર રાખેલ અશનાદિને હિંસાનું કારણ જાણી અપ્રાસુક હોવાથી ગ્રહણ ન કરે. આ જ સાધુનો ભિક્ષુ ભાવ છે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને ચતુર્વિધ આહાર અગ્નિ ઉપર રાખેલ, તેવા પ્રકારની જ્વાલા સાથે સંબદ્ધ હોય તો મળવા છતાં ગ્રહણ ન કરે. હવે તેનો દોષ કહે છે - કેવલી કહે છે આ કર્માદાન છે, તે જ પ્રમાણે ગૃહસ્થ ભિક્ષુને ઉદ્દેશીને ત્યાં અગ્નિ ઉપર રહેલ આહારને [બીજા વાસણમાં] નાંખે વધેલું પાછું નાંખે કે એક વખત હાથથી મસળીને શોધે કે પ્રકર્ષથી શોધે, તથા નીચે ઉતારે કે તીર્છું કરીને અગ્નિ જીવોને પીડે.

હવે ઉપરોક્ત સાધુની આ પ્રતિજ્ઞા છે, આ હેતુ - આ કારણ - આ ઉપદેશ છે કે અગ્નિ સંબદ્ધ ભોજન કે અગ્નિ ઉપર રહેલ ભોજન અપ્રાસુક અને અનેષણીય છે. આ પ્રમાણે જાણી મળવા છતાં તે આહાર ન લે. એ જ ખરેખર સાધુનો સમગ્ર ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧ - અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૬નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૐ ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૭ ૐ

૦ છટ્ઠા ઉદ્દેશા પછી સાતમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા-૬-માં સંયમ વિરાધના બતાવી અહીં સંયમ-આત્મા-દાતૃ વિરાધના વડે પ્રવચનની હીલના થાય તે બતાવે છે—

**● સૂત્ર-૩૭૧ :-**

*ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે પ્રવિષ્ટ સાધુ કે સાધ્વી જાણે કે અશન આદિ દીવાલ-સ્થંભ-મંચ-માળ-પ્રાસાદ-હવેલીની છત કે અન્ય તેવા પ્રકારના ઉંચા સ્થાને રાખેલ છે, તો એવા સ્થાનોથી લાવીને અપાતું અશનાદિ અપ્રાસુક જાણીને તેવો આહાર ગ્રહણ ન કરે. કેવલી કહે છે કે એ કર્મબંધનું કારણ છે. કેમકે ગૃહસ્થ સાધુના નિમિત્તે પીઠ, ફલક, નીસરણી કે ઉખલ આદિ લાવીને તેને ઉંચો કરીને ઉપર ચડશે. તેમ ઉપર ચડતા તે લપસે કે પડે. જો તે લપસે કે પડે તો તેના હાથ, પગ, ભુજા, છાતી, પેટ, મસ્તક કે શરીરનું કોઈ અંગ ભાંગે અથવા પ્રાણી-જીવ-ભૂત-સત્વની હિંસા કરશે, તેઓને ત્રાસ થશે, કચડાશે, અંગોપાંગ ટુટશે, ટકરાશે, મસળાશે, અથડાશે, ઘસાશે, સંતાપ પામશે, પીડાશે, કિલામણા પામશે, એક સ્થાનથી બીજા સ્થાને પડશે. તેથી આવા પ્રકારના માલોપહૃત અશનાદિ મળવા છતાં ગ્રહણ ન કરે.*

*ગૃહસ્થના ઘેર ગયેલ સાધુ-સાધ્વી જાણે કે આ અશનાદિ કોઠીમાંથી, ગૃહસ્થે સાધુ નિમિત્તે ઉંચા થઈને, નીચા નમીને, શરીર સંકોચી કે આડા પડીને આહાર લાવીને આપે તો તે અશનાદિ ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-** *[ચૂર્ણિમાં કિંચિત્ પાઠ ભેદ અને અર્થ વિશેષતા છે.]*

તે ભિક્ષુ ભિક્ષાર્થે પ્રવેશીને ચારે પ્રકારના આહાર વિશે જાણે કે તે સ્કંધ-અર્ધપ્રાકાર, પત્થર કે લાકડાનો સ્તંભ, તથા માંચડો કે શીકું કે પ્રાસાદ કે હવેલીતલ કે અન્ય તેવા પ્રકારના અધર સ્થાનમાં રાખેલો હોય, તે તેવા પ્રકારના આહારને માલાપહૃત જાણીને મળવા છતાં ગ્રહણ ન કરે. કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. તે આ પ્રમાણે—

ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને સાધુને દેવા માટે માંચી, પાટીયું, નીસરણી કે ઉંધી ઉખલ આદિ ઉંચે ટેકવીને તેના પર ચડીને આહાર લેવા જતાં લપસે કે પડે. ત્યાંથી તે લપસતા કે પડતાં હાથ વગેરે ભાંગે કે શરીર અથવા ઇન્દ્રિયો ટુટે. તથા [તેના લપસવા કે પડવાથી] પ્રાણી-ભૂત-જીવ-સત્વ હણાય કે ત્રાસ પામે. *[અહીં અભિહયાદિ પદો છે જે ઇર્યાપથિકી સૂત્ર મુજબ છે.]* તે જીવો સંશ્લેષ-સંઘર્ષ-સંઘટ્ટ પામે. આ પ્રમાણે થતાં તે જીવો પરિતાપ પામે, કિલામણા પામે, એક સ્થાનથી બીજે સ્થાન સંક્રમિત થાય.

આ પ્રમાણે જાણીને તે પ્રકારના માળા આદિથી લાવીને જો આહાર આપે તો તે મળવા છતાં ગ્રહણ ન કરે. અથવા તે સાધુ આહાર લેતાં આ પ્રમાણે જાણે કે માટીની કોઠીમાંથી કે જમીનમાં ખોદેલ અર્ધવૃત્તાકાર ખાડમાંથી તે ગૃહસ્થ સાધુને



ઉદ્દેશીને કાયાને ઉંચી નીચી કરીને, કુબ્જ થઈને તથા ખાડમાં નીચા નમીને કે તીર્છા પડીને આહાર લાવીને આપે, તો સાધુ તેવા પ્રકારના અધોમાલાહૃત આહાર મળવા છતાં ન લે.

હવે પૃથ્વીકાયને આશ્રીને કહે છે—

**● સૂત્ર-૩૭૨ :-**

*તે સાધુ-સાધ્વી યાવત્ એમ જાણે કે અશનાદિ આહાર માટી વડે લિપ્ત વાસણમાં છે, તો તેવા અશનાદિ મળવા છતાં ન લે. કેવલી ભગવંત તેને કર્મબંધનું કારણ કહે છે. કેમકે ગૃહસ્થ સાધુને આહાર આપવા માટીથી લિપ્ત વાસણને ખોલતા પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાય અને ત્રસકાયની હિંસા કરશે, ફરી લીંપીને પશ્ચાત્ કર્મ કરશે.*

*તેથી સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે માટીથી બંધ કરેલ ભાજન આદિમાંથી અપાતો આહાર મળવા છતાં ગ્રહણ ન કરે. તે ભિક્ષુ - x - x - જાણે કે અશનાદિ પૃથ્વીકાય પર રાખેલ છે, તો તેવા અશનને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે. - x - તે અશનાદિ અપ્કાય કે અગ્નિકાય પર રહેલ હોય તો પણ - x - ગ્રહણ ન કરે. કેવલી ભગવંતને તેને કર્મબંધનું કારણ કહે છે. કેમકે ગૃહસ્થ સાધુના નિમિત્તે અગ્નિને તેજ કરશે, લાકડા વગેરે બહાર કાઢશે, પાત્રને ઉતારીને આહાર આપશે તેથી સાધુ આવો આહાર અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહપતિના ઘરમાં પ્રવેશતા જો એમ જાણે કે - પિઠરક આદિ માટીથી લીંપીને રાખેલ હોય તેમાંથી કાઢી આહાર આપે તો પશ્ચાત્ કર્મના ભયે ચારે પ્રકારનો આહાર મળવા છતાં ગ્રહણ ન કરે. કેમકે કેવલીએ કહ્યું છે કે તેનાથી કર્મ આદાન થાય. તે જ દર્શાવે છે—

ગૃહસ્થ ભિક્ષુ નિમિત્તે માટીથી લિપ્ત વાસણમાંથી આહાર આપે તો તે વાસણ ખોલતા પૃથ્વીકાયનો સમારંભ કરે, તે જ કેવલી કહે છે તથા તેઉ-વાયુ-વનસ્પતિ-ત્રસકાયનો સમારંભ કરે, સાધુને આપ્યા પછીના કાળે બાકીના આહારની રક્ષાર્થે તે વાસણને લીંપીને પશ્ચાત્ કર્મ કરે. હવે ભિક્ષુની આ પૂર્વોપદિષ્ટા પ્રતિજ્ઞા છે, તે જ હેતુ - તે જ કારણ - તે જ ઉપદેશ છે કે તેવા પ્રકારે માટીથી લીંપેલ વાસણ ઉઘાડીને અશનાદિ આપે તો મળવા છતાં ગ્રહણ ન કરે.

તે ભિક્ષુ ગૃહસ્થના ઘરમાં પેસતા જાણે કે તે આહાર સચિત્ત પૃથ્વીકાય પ્રતિષ્ઠિત છે તો તેવો આહાર જાણીને પૃથ્વીકાય સંઘટ્ટનાદિ ભયથી મળવા છતાં અપ્રાસુક, અનેષણીય જાણી ગ્રહણ ન કરે. એ પ્રમાણે અપ્કાય અને અગ્નિકાય ઉપર રહેલ આહાર પણ મળવા છતાં ગ્રહણ ન કરે, કેમકે કેવલી તેને કર્મનું આદાન કહે છે - તે જ બતાવે છે—

ગૃહસ્થ ભિક્ષુ નિમિત્તે અગ્નિકાયને ઉલ્કાદિ વડે પ્રજ્વલિત કરે અગ્નિ ઉપર

સ્થાપેલ વાસણને આમતેમ ફેરવી આહાર આપે [તેથી તે જીવોને પીડા થાય] માટે સાધુની પ્રતિજ્ઞા છે કે તેવો આહાર ન લે.

*[૦ દશવૈકાલિક અધ્ય.૫-માં આ સૂત્રને મળતી ગાથા છે, પિંડ નિર્યુક્તિમાં પણ આવી ગાથા છે, જેની વૃત્તિ અવશ્ય જોવી.]*

● **સૂત્ર-૩૭૩ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ અશનાદિ અતિ ઉષ્ણ છે, ગૃહસ્થ સાધુ નિમિત્તે [તે આહારને] સુપડા-વિંઝણા-તાડપત્ર-પાન-શાખા-શાખાનો ટુકડો-મોરના પંખ-તે પંખનો બનેલ પંખો-વસ્ત્ર કે વસ્ત્રનો ટુકડા વડે અથવા હાથ કે મુખથી ફુંકે કે હવા નાંખે, તો સાધુ વિચારીને કહે કે, હે આયુષ્યમાન્ ! કે બહેન ! તમે આ અતિઉષ્ણ આહારને સુપડા યાવત્ ફુંકીને કે હવા નાંખીને મને દેવા ઇચ્છતા હો તો ન આપો.***

***એમ કહેવા છતાં ગૃહસ્થ સુપડા આદિ વડે યાવત્ હવા નાંખીને તે આહાર લાવીને આપે તો તેવા અશનાદિ અપ્રાસુક જાણી ન લે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને જો જાણે કે અતિ ઉષ્ણ ઓદનાદિને ગૃહસ્થ સાધુને નિમિત્તે ઠંડો કરવા માટે સુપડાથી, વીંઝણાથી, તાલવૃંતથી, મોરના પીંછાના પંખાથી તથા શાખાથી, શાખાભંગથી, પાંદડાથી તથા પીંછા કે પીંછાના સમૂહથી, વસ્ત્ર કે વસ્ત્રના છેડાથી, હાથથી કે મુખથી કે તેવા અન્ય સાધનથી, મુખવાયુ વડે ઠંડા કરે કે વસ્ત્રાદિ વડે હવા નાંખે; ત્યારે ભિક્ષુ પહેલાથી ઉપયોગ રાખીને તેમ કરતા ગૃહસ્થને જોઈને આમ કહે કે, હે અમુક ! કે હે બહેન ! તમે આવું ન કરો. જો મને આપવા ઇચ્છતા હો તો જેમ છે તેમ જ આપો. આ પ્રમાણે તે ભિક્ષુએ કહેવા છતાં તે ગૃહસ્થ સૂપડાં વડે કે યાવત્ મુખ વડે હવા નાંખીને તે આહાર લાવીને આપે, તો તેને અનેષણીય જાણી ન લે.

પિંડાધિકાર જ એષણાદોષને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૩૭૪ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અશનાદિ વનસ્પતિકાય પર રાખેલ છે, તો તેવા અશનાદિ મળવા છતાં ગ્રહણ ન કરે.***

***એવી જ રીતે ત્રસકાય પ્રતિષ્ઠિત આહાર પણ ગ્રહણ ન કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહપતિના ઘેર પ્રવેશતા જો એમ જાણે કે - તે ચતુર્વિધ આહાર વનસ્પતિકાય ઉપર રહેલો છે, તો ગ્રહણ ન કરે. આ પ્રમાણે ત્રસકાય સૂત્ર પણ જાણવું. અહીં વનસ્પતિકાય પ્રતિષ્ઠિત ઇત્યાદિથી 'નિક્ષિપ્ત' નામનો એષણાદોષ કહ્યો. એ રીતે બીજા પણ એષણા દોષો યથાસંભવ સૂત્રોમાં યોજવા. તે આ પ્રમાણે છે—

તેમાં ૧-આધાકર્માદિ વડે શંકિત, ૨-પાણી વગેરેથી મ્રક્ષિત, ૩-પૃથ્વીકાયાદિ પર રહેલ નિક્ષિપ્ત, ૪-બીજોરાદિ ઢાંકેલ-પિહિત, ૫-વાસણમાંથી તુષ આદિ ન આપવા





યોગ્ય સચિત્ત પૃથ્વી આદિ પર નાંખી તે વાસણ આદિથી આપે તે સંહત, ૬-બાલવૃદ્ધાથી-દાતા, ૭-સચિત્ત મિશ્ર-ઉન્મિશ્ર, ૮-દેય વસ્તુ બરોબર અચિત્ત ન થઈ હોય કે દેનાર-લેનારના ભાવ વિનાની હોય તે અપરિણત. ૯-ચરબી આદિથી લિપ્ત, ૧૦-છાંટા પાડતા વહોરાવે તે છર્દિત. હવે પાનક અધિકાર કહે છે—

● **સૂત્ર-૩૭૫ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જે આ પાણીને જાણે - જેમકે - લોટનું ધોવાણ, તલનું ધોવાણ, ચોખાનું ધોવાણ અથવા તેવા પ્રકારના બીજા ધોવાણ જે તુર્તના હોય, સ્વાદ બદલાયો ન હોય, અચિત્ત ન હોય, શસ્ત્ર પરિણત ન હોય, વિધ્વસ્ત ન હોય તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.***

***પરંતુ જો સાધુ એમ જાણે કે આ ધોવાણ લાંબા સમયનું છે, સ્વાદ બદલાયો છે, અચિત્ત છે, પરિણત છે, વિદ્ધત્થ છે તો ગ્રહણ કરે.***

***જો કોઈ પાણીના વિષયમાં જાણે કે - આ પાણી તલનું, તુષનું, જવનું, કાંજીનું કે ચોખાનું ધોવાણ છે, શુદ્ધ ઉકાળેલ છે અથવા અન્ય તેવા પ્રકારનું છે, તો તેવું પાણી જોઈને પહેલા જ કહી દે હે આયુષ્યમાન્ ! બહેન ! તમે આમાંથી કોઈ પાણી મને આપશો ? એમ કહેતા સાધુને કદાચ દાતા એમ કહે કે, તમે પોતે જ તમારા પાત્રથી કે પાત્ર ઉંચુ કરીને કે નમાવીને લઈ લો, તો એવું પ્રાસુક પાણી મળે તો તે સ્વયં લે અથવા બીજા આપે તો પણ ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પાણી માટે પ્રવેશતા જો એમ જાણે કે આ પાણી લોટનું ધોવાણ છે, તલનું ધોવાણ છે, અરણિકા આદિનું ધોવાણ છે તેમાં પ્રથમનાં બે તો પ્રાસુક છે, ત્રીજું-ચોથું મિશ્ર છે, તે કાલાંતરે પરિણત થાય છે, ચોખાનું ધોવાણ તેના ત્રણ અનાદેશ છે — (૧) પરપોટા થતા હોય, (૨) વાસણને લાગેલ બિંદુ શોષાઈ ગયા હોય, (૩) ચોખા રંધાઈ ગયા હોય. તેનો આદેશ એ છે કે, પાણી સ્વચ્છ થઈ ગયું હોય તો લેવાય. પણ સ્વ સ્વાદથી અચલિત, અવ્યુત્ક્રાંત, અપરિણત, અવિધ્વસ્ત, અપ્રાસુક પાણી ગ્રહણ ન કરે. તેનાથી વિપરીત હોય તો ગ્રહણ કરે.

પાનક અધિકારને વિશેષથી કહે છે - તે ભિક્ષુ - x - એવું પાણી જાણે કે તલનું કોઈ પ્રકારે પ્રાસુક કરાયેલ પાણી, તુષ કે જવનું ધોવાણ, ઓસામણ, સૌવીર, પ્રાસુક પાણી કે તેવા પ્રકારના બીજા દ્રાક્ષાદિના ધોવાણ વગેરે અચિત્ત પાણી જુએ તો ગૃહસ્થને કહે કે, હે ભાઈ ! હે બહેન ! જે કંઈ અચિત્ત પાણી હોય તે મને આપો. તે ગૃહસ્થ સાધુને એવું બોલતા સાંભળી કહે કે, હે શ્રમણ ! તમે આ પાણી પોતાના પાતરા, કાચલી કે કડાયું ઉંચકીને કે નમાવીને લઈ લો - x - તે એમ અનુજ્ઞા આપે ત્યારે સાધુ સ્વયં લે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક જાણીને લે.

● **સૂત્ર-૩૭૬ :-**

***તે સાધુ કે સાધ્વી પાણીના વિષયમાં જાણે કે - તે [અચિત] પાણી સચિત્ત પૃથ્વી યાવત્ જાળાયુક્ત પદાર્થ પર રાખેલ છે. અથવા સચિત્ત પદાર્થ યુક્ત***

*વાસણમાંથી કાઢીને રાખેલ છે, ગૃહસ્થે સાધુને દેવા માટે (સચિત્ત) ટપકતાં પાણીવાળા કે ભીના હાથે, સચિત્ત પૃથ્વી યુક્ત પાત્રથી કે સચિત્ત પાણી મેળવીને આપે તો તેવા પાણીને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. એ સાધુની સામાચારી છે.*

● વિવેચન :-

તે ભિક્ષુ જો એવું જાણે કે તે પાણી સચિત્ત પૃથ્વીકાયાદિ ઉપર આંતરારહિતપણે મુકેલું છે તથા કરોળીયાના જાળા આદિ યુક્ત બીજા વાસણમાંથી લઈને રાખેલું છે કે ગૃહસ્થે ભિક્ષુને નિમિત્તે જ પાણીના ગળતાં ટપકાં વડે કે સચિત્ત પૃથ્વી આદિથી ખરડાયેલ વાસણ કે ઠંડા પાણી સાથે મિશ્ર કરીને આપે છે તો તેવું પાણી અપ્રાસુક-અનેષણીય જાણી ગ્રહણ ન કરે. આ ભિક્ષુ-ભિક્ષુણીનો સમગ્ર ભિક્ષભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧ અધ્યયન-૧ ઉદ્દેશો-૮ 卐

૦ સાતમો ઉદ્દેશો કહ્યો. હવે આઠમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૭-માં 'પાનક' વિશે કહ્યું. અહીં પણ તે જ વિશેષથી કહે છે—

● સૂત્ર-૩૭૭ :-

*તે સાધુ કે સાધ્વી યાવત્ આવા પાનકને જાણે - જેમકે - આંબાનું પાણી, અંબાડગ, કોઠા, બીજોરા, દ્રાક્ષ, દાડમ, ખજૂર, નાળિયેર, કરીર, બેર, આંબળા કે આંબલીનું પાણી અથવા તે પ્રકારનું બીજું કોઈ પાણી જો ગોઠલી-છાલ કે બીજ સહિત હોય અને ગૃહસ્થ સાધુ નિમિત્તે ચાલણી વસ્ત્ર કે વાલકથી એક કે અનેક વાર મસળીને, છણીને અને બીજાદિ અલગ કરીને લાવીને આપે તો તેવા પ્રકારના પાનકને અપ્રાસુક જાણીને મળવા છતાં પણ ગ્રહણ ન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર પ્રવેશીને એવા પાણીને જાણે કે તે કેરીનું, અંબાડા, કોઠ, બીજોરુ, દ્રાક્ષ, દાડમ, ખજૂર, નાળિયેર, કેર, કોલ, આમળા કે આંબલીનું ધોવાણ છે - x - x - કે તેવું બીજું પાણી છે, તે ઠળિયા, કણુક-છાલ આદિ તથા બીજ સહિત વર્તે છે - x - એવા પાણીને ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને દ્રાક્ષ વગેરે ચુરીને કે વાંસની છાલથી બનાવેલ છાબડી કે વસ્ત્ર કે ગાયની પુંછના વાળના ચાલણા કે સુઘરીના માળા વડે ઠળીયો આદિ દૂર કરવા એકવાર મસળીને કે વારંવાર ચોળીને તથા ગાળીને સાધુ પાસે લાવીને આપે, તો આવું પાણી ઉદ્ગમ દોષથી દુષ્ટ જાણીને મળતું હોય તો પણ ન લે. આ ઉદ્ગમ દોષ આ પ્રમાણે છે—

૧-આધાકર્મ-સાધુ માટે સચિત્તનું અચિત્ત કરે કે અચિત્ત રાંધે, ૨-ઔદ્દેશિક-પોતાને માટે તૈયાર રસોઈ-લાડુ આદિને સાધુ માટે ફરી સંસ્કારિત કરે, ૩-પૂતિકર્મ-આધાકર્માદિ ભાગથી મિશ્ર, ૪-મિશ્ર-સાધુ અને ગૃહસ્થ માટે ભેગો આહાર રાંધે, ૫-સ્થાપના-સાધુ માટે ખીર આદિ રાખી મૂકે, ૬-પ્રાભૃતિકા-અવસરે સાધુ માટે આઘુ-



પાછું કરે, ૭-પ્રાદુષ્કરણ-સાધુ નિમિત્તે બારી ખોલી પ્રકાશ કરવો કે આહારને અજવાળામાં મૂકવો. ૮-ક્રીત-દ્રવ્યાદિથી વસ્તુ ખરીદે.

૯-પામિચ્ચ-સાધુ માટે કોઈ પાસે ઉછીનું લે, ૧૦-પરિવર્ત્ય-સાધુ માટે કોઈ એક વસ્તુ આપી બદલામાં બીજી લાવે, ૧૧-અભ્યાહત-ઘેરથી સાધુની વસતિમાં લાવીને આપે, ૧૨-ઉદ્ભિન્ન-છાણ વગેરેથી લીંપેલ વાસણ ખોલીને આપે, ૧૩-માલાહત-માળા આદિ પર રહેલ વસ્તુ નીસરણી આદિથી ઉતારીને આપે, ૧૪-આચ્છેદ્ય-નોકર આદિ પાસેથી છીનવીને આપે, ૧૫-અનિસૃષ્ટ-સમુદાય માટેનો આહાર તેમાંનો કોઈ એક જાતે આપે. ૧૬-અધ્યવપૂરક-પોતાના માટે રંધાતા અન્નમાં પછીથી સાધુ માટે ચોખા વગેરે ઉમેરે. આવા કોઈ દોષથી યુક્ત આહારને સાધુ ન લે.

ફરી પણ ભોજન-પાનને આશ્રીને કહે છે—

● સૂત્ર-૩૭૮ :-

*તે સાધુ કે સાધ્વી ધર્મશાળા, ઉધાનગૃહો, ગૃહસ્થના ઘર કે ભિક્ષુક આદિના મઠોમાં અન્ન કે પાનક કે અન્ય સુરભિ ગંધોને સુંઘી-સુંઘીને તેના આસ્વાદનની ઇચ્છાથી તેમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થઈ અહો ગંધ ! અહોગંધ ! કહે તો તે ગંધને ન સુંઘે.*

● વિવેચન :-

શહેરની બહારના ગૃહ [ધર્મશાળા] કે જ્યાં આવીને મુસાફરો રહે છે, તથા આરામઘરો કે ગૃહસ્થના ઘરો કે ભિક્ષુકાદિના મઠોમાં જ્યાં અન્ન-પાણીની સુગંધી ગંધોને સુંઘી-સુંઘીને તે ભિક્ષુ તેના સ્વાદની પ્રતિજ્ઞાથી મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત થઈને અહાહા ! શું સુગંધ છે ! એમ ગંધને સુંઘે નહીં. ફરી આહારને આશ્રીને કહે છે—

● સૂત્ર-૩૭૯ :-

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે, કમલકંદ, પલાશકંદ, સરસવની દાંડલી કે તેવા પ્રકારના અન્ય કાચા કંદ જે શસ્ત્ર પરિણત ન હોય તે કંદાદિને અપ્રાસુક જાણી દાતા આપે તો પણ ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે પીપર, પીપરચૂર્ણ, મરી, મરીચૂર્ણ, શ્રૃંગબેર, શ્રૃંગબેરચૂર્ણ કે તેવા પ્રકારની અન્ય કાચી વનસ્પતિ શસ્ત્ર પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ ફળના વિષયમાં એમ જાણે કે આંબો, અંબાડ, તાલ, વલ્લી, સુરભિ, સલ્લકીના ફળ તથા તેવા પ્રકારના કોઈ ફળ કાચા હોય શસ્ત્ર પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ કૂંપળના વિષયમાં એમ જાણે કે, પીંપળ, વડ, પિલુંખ, નંદીવૃક્ષ, શલ્લકીની કે તેવા પ્રકારની અન્ય કૂંપળ સચિત્ત હોય, શસ્ત્ર પરિણત ન હોય તો અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ કોમળફલના વિષયમાં એમ જાણે કે - શલાદ, કોઠા, દાડમ, બિલ્વ કે તેવા પ્રકારના અન્ય કોમળ ફળ જે સચિત્ત હોય, શસ્ત્ર*

*પરિણત ન હોય તો અપ્રાસુક જાણી મળે છતાં ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ ચૂર્ણના વિષયમાં જાણે કે, ઉંબર, વડ, પીપર, પીપળાનું કે તેવા પ્રકારનું અન્ય ચૂર્ણ સચિત્ત હોય, થોડું પીસેલ હોય, જેનું બીજ નષ્ટ ન થયેલ હોય તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

અર્થ સુગમ છે. 'સાલુક' એ જલજ કંદ છે, 'બિરાલિય' એ સ્થલજ કંદ છે. ઇત્યાદિ - x - x - ઝિંઝિરી એટલે વલ્લી, સુરભિ એટેલ શતગ્રુ આદિ. [*સરળ હોવાથી વૃત્તિકારે વિશેષ કહ્યું નથી. ચૂર્ણિમાં કેટલાંક વિશેષ કે ભિન્ન અર્થો છે, દશવૈકાલિક અધ્યયન-૫-માં આવા જ સૂત્ર પાઠો છે.*]

**● સૂત્ર-૩૮૦ :-**

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ત્યાં કાચી ભાજી, સડેલો ખોળ, મધ, મધ, ઘી નીચે જુનો કચરો છે, જેમાં જીવોની પુનઃ ઉત્પત્તિ થાય છે. તેમાં જીવો જન્મે છે, વૃદ્ધિ પામે છે, વ્યુત્ક્રમણ થતું નથી, શસ્ત્ર પરિણત નથી થતાં એ પ્રાણી વિધ્વસ્ત નથી. તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ જે એમ જાણે કે કાચાં પાન તે અરણિક તંદુલીય આદિ, તે અર્ધપક્વ કે અપક્વ હોય અથવા તેનો ખલ કર્યો હોય. - x - x - આ બધાં જુના હોય તો લેવા નહીં કેમકે તેમાં જીવો ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે, અવ્યુત્ક્રાંત, અપરિણત હોય. એ એકાર્થક શબ્દો છે. - x -

**● સૂત્ર-૩૮૧ :-**

*તે સાધુ કે સાધ્વી જાણે કે - શેરડીના ટુકડા, અંક કારેલા, કસેરુક, સિંઘોડા, પૂતિઆલુક કે તેવા પ્રકારની બીજી કોઈ વનસ્પતિ જે અપક્વ હોય, શસ્ત્રપરિણત ન હોય તો અપ્રાસુક જાણી ન લે.*

*તે સાધુ કે સાધ્વી જાણે કે - ઉત્પલ, ઉત્પલની દાંડી, પદ્મ, પદ્મની દાંડી, પુષ્કર કે તેના ટુકડા અથવા તેવા પ્રકારના બીજા કમળ સચિત્ત હોય તો અપ્રાસુક જાણીને મળવા છતાં ગ્રહણ ન કરે.*

**● વિવેચન :-**

ઉચ્છુમેરગ એટલે છોલેલી શેરડીના ટુકડા - x - ઇત્યાદિ વનસ્પતિ વિશેષ જલજ કે અન્ય તેવા પ્રકારની હોય તે શસ્ત્રથી હણાયેલ ન હોય તો ગ્રહણ ન કરવી. તે ભિક્ષુ જો એમ જાણે કે નીલોત્પલ, તેની નાલ, પદ્મકંદમૂળ, પદ્મકંદ ઉપરવર્તી લતા, પદ્મકેસર, પદ્મકંદ કે અન્ય તેવા પ્રકારની વનસ્પતિ શસ્ત્રથી હણાયેલ ન હોય તો ન લે.

**● સૂત્ર-૩૮૨ :-**

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અગ્રબીજ, મૂલબીજ, સ્કંધબીજ, પર્વબીજ અથવા અગ્ર, મૂળ, સ્કંધ, પર્વ-જાત અથવા અન્યત્ર નહીં પણ એ જ વૃક્ષો પર ઉત્પન્ન કંદલી ગર્ભ, કંદલી ગુચ્છ, નારિયેલનો ગર્ભ, ખજૂરનો ગર્ભ,*



*તાડનો ગર્ભ કે તેવી અન્ય વનસ્પતિ યાવત્ ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે શેરડી, છિદ્રવાળી પોલી-સડેલી, અંગાર, ફાટેલ છોતાવાળી, શિયાળ આદિની થોડી થોડી ખાધેલી શેરડી, નેતરનો અગ્રભાગ, કંદલી ગર્ભ કે અન્ય તેવા પ્રકારની કોઈ વનસ્પતિ શસ્ત્ર પરિણત ન હોય તો અપ્રાસુક જાણી ન લે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ એમ જાણે કે લસણ, લસણના પાન, લસણની દાંડી, લસણનો કંદ, લસણની છાલ કે તેવી કોઈ વનસ્પતિ છે તેને અપ્રાસુક અનેષણીય જાણીને મળે છતાં ન લે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે કુંભિમાં પકાવેલ અચ્છિય ફળ, તિંદુક, વેલુંક, શ્રીપર્ણી કે તેવા અન્ય પ્રકારના ફળ સચિત્ત હોય, શસ્ત્રથી પરિણત ન હોય તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ધાન્યના કણ, દાણાથી ભરેલ કુસકા, દાણાવાળી રોટલી, ચોખા, ચોખાનો લોટ, તલ, તલનો લોટ, તલપાપડી કે તે પ્રકારની અન્ય વસ્તુ શસ્ત્ર પરિણત ન હોય તો મળવા છતાં ગ્રહણ ન કરે. આ જ સાધુ સાધ્વીનો આચાર છે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ જો એવું જાણે કે જપાકુસુમાદિ અગ્રબીજ, જાઈ આદિ મૂળબીજ, સલ્લકી આદિ સ્કંધબીજ, ઇક્ષુ આદિ પર્વબીજ એ જ પ્રમાણે અગ્ર-મૂળ-સ્કંધ-પર્વ જાત તે તેમાંથી જ જન્મે છે, બીજેથી નહીં. કંદલીનો ગર્ભ તથા કંદલી સ્તબક ઇત્યાદિ. કંદલી આદિના મસ્તક સમાન જે કંઈ છેદવાથી તુર્ત જ ધ્વંસ પામે છે, તેવું બીજું પણ અશસ્ત્ર પરિણત હોય તે ન લે.

તે ભિક્ષુ જો એવું જાણે કે શેરડી, રોગ વિશેષથી છિદ્રવાળી, વિવર્ણી-થયેલ, છેદાઈ ગયેલ છાલ, વૃક કે શિયાળે થોડી ખાધેલ હોય - આવા છિદ્રાદિથી તે શેરડી પ્રાસુક થતી નથી તથા વેત્રાગ્ર, કંદલીનો મધ્ય ભાગ તથા બીજું પણ કાચું, શસ્ત્રથી પરિણત ન થયેલ લેવું નહીં.

આ પ્રમાણે લસણ સંબંધી પણ જાણવું, તેમાં ચોયગ એટલે લસણની બહારની છાલ, તે જ્યાં સુધી આર્દ્ર હોય ત્યાં સુધી સચિત્ત જાણવી.

અચ્છિય તે કોઈ વૃક્ષનું ફળ છે. તથા ટીંબરુ આદિ - x - x - કાચાં ફળોને પકવવા ખાડામાં નાખે, તે - x - x - પાકેલાં પણ સચિત્ત જાણવા, આ રીતે પકવે તે 'કુંભીપાક' કહેવાય. સાધુ તે ગ્રહણ ન કરે.

શાલિ વગેરેના કણ તે કણિકા છે, તેમાં કોઈ સચિત્ત યોનિ હોય તથા કણકી મિશ્રિત કુકસા ઇત્યાદિ - x - થોડું પકવેલ હોય તો સચિત્ત યોનિ સંભવે છે. શેષ સુગમ છે - આજ સાધુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૮નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૯ 卐

૦ આઠમો ઉદ્દેશો કહ્યો, હવે નવમો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે છે, ઉદ્દેશા-૮ માં અનેષણીય પિંડપરિહાર કહ્યો. અહીં પણ તે કહે છે—

● **સૂત્ર-૩૮૩ :-**

***અહીં પૂર્વાદિ ચારે દિશામાં કોઈ શ્રદ્ધાવાન્ ગૃહસ્થ યાવત્ કર્મચારિણીઓ હોય છે. તેઓ પહેલા એમ કહે છે - આ શ્રમણ, ભગવંત, શીલવાન્, વ્રતી, ગુણી, સંયમી, સંવૃત્ત, બ્રહ્મચારી અને મૈથુન ધર્મના ત્યાગી છે. તેમને આધાકર્મિક અશનાદિ આહાર ખાવો-પીવો કલ્પતો નથી. તેથી અમારા માટે જે આહાર બનાવેલો છે, તે બધો આહાર તેમને આપી દો. પછી આપણા માટે ફરી અશનાદિ બનાવી લઈશું. આવા વચનો સાંભળીને અને સમજીને એવા અશનાદિ અપ્રાસુક અને અનેષણીય જાણીને ગ્રહણ ન કરે.***

● **વિવેચન :-**

इह શબ્દ વાક્યના ઉપન્યાસ કે પ્રજ્ઞાપક ક્ષેત્રાશ્રયી છે. - x - પ્રજ્ઞાપકની અપેક્ષાઓ પૂર્વ આદિ દિશાઓ છે. તેમાં કેટલાંક શ્રદ્ધાળુઓ શ્રાવક કે પ્રકૃતિભદ્રક પુરુષો હોય છે. તે ગૃહસ્થ યાવત્ કામ કરનારી હોય. તેઓ પહેલાં આમ કહે છે. આ સાધુ ભગવંતો ૧૮,૦૦૦ ભેદે શીલવાળા, પાંચ મહાવ્રત અને છટ્ઠુ રાત્રિભોજન વિરમણ વ્રતધારી, પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ યુક્ત, ઇન્દ્રિય અને મનથી સંયમવાળા, આસ્રવદ્વાર બંધ કરનારા, નવવિધ બ્રહ્મગુપ્તિયુક્ત, અઢાર પ્રકારે બ્રહ્મચર્ય પાળનારા છે. તેઓને આધાકર્મી અશનાદિ ખાવા કે પીવા કલ્પતા નથી. તેથી આપણા માટે બનાવેલ અશનાદિ બધું તે સાધુને આપી દઈએ. આપણે પોતા માટે પછી બીજા અશનાદિ બનાવી લઈશું.

ત્યારે સાધુ પોતે આ વાત સાંભળે કે બીજા પાસેથી જાણે તો તેવા અશનાદિ પશ્ચાત્કર્મના ભયથી અપ્રાસુક અનેષણીય જાણી લે નહીં.

● **સૂત્ર-૩૮૪ :-**

***તે સાધુ કે સાધ્વી સ્થિરવાસ હોય કે એક ગામથી બીજે ગામ વિચરતા હોય, તે ગામ યાવત્ રાજધાનીમાં પહોંચે. તે ગામ કે રાજધાનીમાં તે સાધુના પૂર્વ પરિચિત કે પશ્ચાત્ પરિચિત રહેતા હોય. જેમકે ગૃહસ્થ યાવત્ કર્મચારિણી. તો આવા ઘરોમાં ભિક્ષાકાળ પૂર્વે આહારાર્થે આવે-જાય નહીં. કેમકે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. તેમને પહેલા આવેલા જોઈને ગૃહસ્થો સાધુ નિમિત્તે રસોઈની સામગ્રી એકઠી કરશે કે બનાવશે. હવે સાધુને પૂર્વોપદિષ્ટ મર્યાદા છે કે આવા ઘરોમાં આહાર-પાણી માટે ભિક્ષાના સમય પહેલાં પ્રવેશ કે નિષ્ક્રમણ ન કરે. [કદાચ ક્યારેક જવાનો પ્રસંગ આવે તો] - જ્યાં સંબંધીજનોનું આવાગમન ન હોય, કોઈ તેને દેખે નહીં તેવા એકાંત સ્થાને ઉભા રહે અને ભિક્ષાકાળે જ ત્યાં પ્રવેશ કરે. સ્વજનાદિથી ભિન્ન અન્યાન્ય ઘરોમાં સામુદાનિકરૂપે***



***એષણીય અને વેષમાત્રથી પ્રાપ્ત નિર્દોષ આહારની ગવેષણા કરીને તેવો આહાર કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ જો એમ જાણે કે ગામથી લઈને રાજધાની સુધીના આ ગામોમાં અમુક સાધુના કાકા વગેરે પૂર્વ પરિચિત અને સસરા વગેરે પશ્ચાત્ પરિચિત ત્યાં ઘરવાસ કરીને રહ્યા છે. તેમાં ગૃહપતિથી કર્મકરી સુધીના છે. તેવા પ્રકારના કુળોમાં આહાર પાણી માટે ન જવું - આવવું. ‘‘આવું હું નથી કહેતો’’ તેમ જણાવવા કહે છે કે, આ કેવલી ભગવંતે કહ્યું છે કે, તેથી અશુભકર્મ બંધાય છે - x - કેમકે તેઓ સાધુ માટે પહેલાથી વિચારીને ઉપકરણ તૈયાર કરાવી રાખે તેમાં અશનાદિ રંધાવી રાખે. તેથી સાધુ માટે પહેલાથી જ આ પ્રતિજ્ઞા કહી છે કે તેઓ સગાસંબંધીના ઘરોમાં ભિક્ષાકાળ પૂર્વે આહારાર્થે ન જાય.

ત્યારે શું કરવું ? તે કહે છે - તે સાધુ આ સ્વજનકુલોને જાણીને કોઈ સ્વજન ન જાણે તેવા એકાંતમાં ચાલ્યા જાય. જઈને સ્વજનાદિ જ્યાં ન આવે કે ન દેખે તેવા સ્થાને રહે. સ્વજનસંબંધી ગ્રામાદિમાં ભિક્ષાકાળે પ્રવેશ કરે, પ્રવેશીને સ્વજન સિવાયના બીજા ઘરોમાં ઉદ્ગમાદિ દોષરહિત તથા વેશમાત્રથી પ્રાપ્ત એવી ઉત્પાદનાદિ દોષરહિત ભિક્ષાની ગવેષણા કરી ગ્રાસૈષણા દોષરહિત આહારને વાપરે.

તે ઉત્પાદન દોષો આ પ્રમાણે છે—

૧-ધાત્રીપિંડ-અશનાદિ માટે દાતાના બાળકો રમાડે, ૨-દૂતીપિંડ-દૂતની માફક ગૃહસ્થનો સંદેશો લઈ જાય, ૩-નિમિત્ત-અંગુષ્ઠ કે પ્રશ્નાદિ નિમિત્ત કહી આહાર મેળવે, ૪-આજીવિકા પિંડ-જાતિ બતાવીને આહાર મેળવે, ૫-વણીમગપિંડ-દાતા જેનો ધર્મ પાળતો હોય તેની પ્રશંસા કરી ગોચરી લે, ૬-ચિકિત્સા-નાની મોટી ચિકિત્સા બતાવી ગોચરી લે, ૭ થી ૧૦-ક્રોધ, માન, માયા અને લોભ દ્વારા ગોચરી મેળવે. ૧૧-પૂર્વ પશ્ચાત્ સંસ્તવ પિંડ-ભિક્ષા દાનથી પૂર્વે કે પછી દાતાની સ્તુતિ કરી ગૌચરી મેળવે, ૧૨-વિદ્યાપિંડ-વિદ્યા વડે મેળવેલ આહાર. ૧૩-મંત્રપિંડ-મંત્રજાપ બતાવી ગોચરી મેળવે, ૧૪-ચૂર્ણપિંડ-વશીકરણાદિ માટે દ્રવ્યચૂર્ણ વડે ગોચરી મેળવે, ૧૫-યોગપિંડ-અંજનાદિથી આહાર મેળવે, ૧૬-મૂલપિંડ-જે અનુષ્ઠાનથી ગર્ભપાત આદિ થાય તેવા વિધાનથી આહાર મેળવે. આ સોળે દોષ સાધુથી ઉત્પન્ન થાય છે.

હવે ગ્રાસએષણાના દોષો કહે છે—

૧-સંયોજના-આહાર લોલુપતાથી દહીં, ગોળ આદિની સંયોજના કરે. ૨-પ્રમાણ-બત્રીશ કોળીયા પ્રમાણથી વધુ આહાર કરે, ૩-અંગાર-આહારના રાગથી આસક્તિપૂર્વક ખાય અને ચારિત્રને અંગારા માફક બાળે, ૪-ધુમ્ર-અંત પ્રાંત આહારના દ્વેષથી ચારિત્રને કાળુ કરે, ૫-કારણ-વેદના આદિ કારણ વિના આહાર કરે. આ પ્રમાણે વેશમાત્રથી પ્રાપ્ત આહારને ગ્રાસૈસણાદિ દોષરહિત થઈને આહાર કરે.

હવે કદાચ એવું થાય કે - ભિક્ષાકાળે પ્રવેશ્યા છતાં ગૃહસ્થ તે સાધુ માટે આધાકર્મિક અશનાદિ બનાવે. તો તે સાધુ મૌનપણે તેની ઉપેક્ષા કરે. શા માટે ? તે લેતાં જ હું પ્રત્યાખ્યાન કરીશ, એ પ્રમાણે માયા સ્થાનને સ્પર્શે. સાધુએ તેમ ન કરવું.

તો શું કરવું ? તે કહે છે, તે પહેલા ઉપયોગ રાખે અને આહારને તૈયાર થતો જોઈ એમ કહે, હે અમુક ભાઈ કે બહેન ! મને આધાકર્મિક આહાર ખાવો કે પીવો કલ્પતો નથી. તેથી તે માટે તમે યત્ન ન કરો. આમ કહેવા છતાં ગૃહસ્થ આધાકર્માદિ આહાર તૈયાર કરે તો તે મળવા છતાં પણ સાધુ ગ્રહણ ન કરે.

**• સૂત્ર-૩૮૫ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે અતિથિ માટે - માંસ કે મત્સ્ય ભૂંજાઈ રહ્યા છે, તેલના પુડલા બની રહ્યા છે તે જોઈને અતિશીઘ્રતાથી પાસે જઈને યાચના ન કરે. ગ્લાન સાધુ માટે આવશ્યક હોય તો જાય.***

**• વિવેચન :-**

તે સાધુ જો એમ જાણે કે માંસ કે મત્સ્ય અથવા તેલપ્રધાન પૂડાઓ તેને ત્યાં આવનારા મહેમાનો માટે તૈયાર થઈ રહ્યા છે - સંસ્કારાઈ રહ્યા છે, ત્યારે તેને જોઈને લોલુપતાથી જલ્દી જલ્દી - x - જઈને યાચના ન કરે. સિવાય કે ગ્લાનાદિના કાર્ય માટે જવું પડે.

**• સૂત્ર-૩૮૬ :-**

***તે સાધુ કે સાધ્વી કોઈપણ પ્રકારના ભોજનને ગ્રહણ કરીને સારો-સારો આહાર ખાઈને ખરાબ કે નિઃસ્વાદ આહાર પરઠવી દે તો તે માયાસ્થાનને સ્પર્શે છે, તેણે આમ ન કરવું જોઈએ. સારું કે ખરાબ બધું જ ખાવું જોઈએ, કંઈપણ પરઠવવું ન જોઈએ.***

**• વિવેચન :-**

તે ભિક્ષુ કોઈપણ જાતનું ભોજન ગ્રહણ કરીને સારું-સારું ખાઈ જાય અને દુર્ગંધી પદાર્થ ત્યજી દે - x - તો તે કપટ છે, તેવું ન કરવું જોઈએ. પણ સારું કે માઠું બધું ખાઈ લે પણ પરઠવે નહીં.

**• સૂત્ર-૩૮૭ :-**

***તે સાધુ કે સાધ્વી કોઈપણ જાતનું પાણી ગ્રહણ કરીને મધુર-મીઠું પાણી પીવે અને કસેલુ-અમનોજ્ઞ પાણી પરઠવી દે, તો માયાસ્થાનને સ્પર્શે છે, તે સાધુ એવું ન કરે. પુષ્પિત કે કાસાયિત બધું જ પાણી પી જાય તેમાંથી કિંચિત્ પણ ન પરઠવે.***

**• વિવેચન :-**

[ભોજન માફક] પાનકસૂત્ર પણ જાણવું, સારા વર્ણ-ગંધયુક્તને પુષ્પ કહેવાય તેથી વિપરીત કષાય કહેવાય. - x - સૂત્ર-૩૮૬ માફક આહારના ગૃદ્ધપણાથી સૂત્રાર્થની હાનિ અને કર્મબંધ થાય છે.

**• સૂત્ર-૩૮૮ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ ઘણાં ભોજનાદિને ગ્રહણ કરી લાવેલ હોય [અને આવશ્યકતાથી અધિક હોય તો] ત્યાં જે સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ તથા અપરિહારિક નિકટમાં હોય, તેમને પૂછયા કે નિમંત્રિત કર્યા વિના જો સાધુ***



***આહાર પરઠવે તો તે માયાસ્થાનને સ્પર્શે છે, સાધુએ તેમ ન કરવું. પરંતુ આહાર લઈને ત્યાં જાય, તેમને બતાવીને કહે હે શ્રમણો ! આ અશનાદિ ઘણાં વધુ છે, તે તમે વાપરો. તે એવું કહે ત્યારે બીજા સાધુ એમ કહે કે, હે શ્રમણ ! આ આહારમાંથી અમારાથી જેટલું ખાઈ-પી શકાશે તેટલું વાપરીશું, જો બધું વપરાશે તો બધું ખાઈશું-પીશું [તો આપી દે.]***

**• વિવેચન :-**

તે ભિક્ષુ ઘણું ભોજન પ્રાપ્ત થાય ત્યારે આચાર્ય, ગ્લાન, પરોણા આદિ માટે લાવેલ દુર્લભદ્રવ્યાદિ આપ્યા પછી પણ ઘણું વધી જવાથી ન ખવાય તો ત્યાં સાધર્મિકો, સાંભોગિકો, સમનોજ્ઞો, અપરિહારિકોને - x - નજીક હોવા છતાં તેઓને પૂછ્યા વિના પ્રમાદથી પરઠવી દે તો તે કપટ કરે છે, તેણે એમ ન કરવું, તો શું કરવું ? તે બતાવે છે - તે સાધુ તે વધારાનો આહાર લઈને તેઓની પાસે જાય, જઈને પહેલા આહાર બતાવે. પછી એમ કહે કે, હે શ્રમણો ! મારી પાસે આ અશનાદિ ઘણાં છે, હું તે ખાવા સમર્થ નથી, તમે કંઈ લેશો ? તે સાંભળી બીજા સાધુ કહે કે અમારાથી બને તેટલું ખાઈશું-પીશું, બધું ખવાય તો બધું વાપરીશું.

**• સૂત્ર-૩૮૯ :-**

***તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ અશનાદિ બીજાને ઉદ્દેશીને બહાર લાવેલ છે અને તેમણે મને આપવાની અનુમતિ આપી નથી અથવા અનિસૃષ્ટ છે તો તેવા અશનાદિ અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. પરંતુ જેના માટે તે આહાર પાણી લાવ્યા હોય તેમની આજ્ઞાથી આપે અથવા તેમનો ભાગ આપી દીધા પછી દાતા આપે તો તેને પ્રાસુક માનીને યાવત્ ગ્રહણ કરે, આ તે સાધુ-સાધ્વીની સામાચારી છે.***

**• વિવેચન :-**

તે ફરી જો આવો આહાર જાણે કે - ચાર, ભટ આદિને ઉદ્દેશીને ઘરમાંથી કાઢેલ છે, પણ તે આહારને ચાર, ભટ આદિએ સ્વીકારેલ નથી, તો તે બહુ દોષવાળો જાણીને ન લેવો. પણ જો તે આહાર તે માલિકે સ્વીકારી પોતાનો કર્યો હોય અને આપે તો ગ્રહણ કરવો. - x -

**ચૂલિકા-૧ અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૯નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ¤ ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૧૦ ¤

૦ નવમો ઉદ્દેશો કહ્યો. હવે દશમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ઉદ્દેશા-૯-માં પિંડગ્રહણવિધિ બતાવી. અહીં સાધારણાદિ પિંડ મેળવેલ વસતિમાં ગયેલ સાધુએ શું કરવું ? તે કહે છે—

● **સૂત્ર-૩૯૦ :-**

*કોઈ સાધુ એકલો બધાં સાધુ માટે સાધારણ આહાર લાવેલ હોય અને તે સાધર્મિકને પૂછ્યા વિના જેને-જેને ઇચ્છે તેને-તેને ઘણું ઘણું આપે તે માયા સ્થાનને સ્પર્શે છે. તેણે એમ ન કરવું જોઈએ. તે આહાર લઈને સાધુ ત્યાં જઈને એમ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણો ! અહીં મારા પૂર્વ કે પશ્ચાત્ પરિચિત છે. જેમકે - આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર કે ગણાવચ્છેદક છે. એઓને હું પર્યાપ્ત-પર્યાપ્ત આહાર આપું ? તેને એમ કહેતા સાંભળી સાધુને આચાર્યાદિ કહે, હે આયુષ્યમાન્ ! તમે તમારી ઇચ્છાનુસાર યથાપર્યાપ્ત આહાર આપો. એ પ્રમાણે તેમની આજ્ઞાનુસાર જેટલો દેવાની આજ્ઞા આપે તેટલે આહાર દેવો. જો તેઓ બધો આહાર દેવાની આજ્ઞા કરે તો બધો આહાર આપી દેવો.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ ક્યારેક બધા સાધુ માટે સામાન્ય આહાર આપેલ હોય - x - તે ગ્રહણ કરીને તે બધા સાધર્મિકોને પૂછ્યા વિના જેને જે રૂચે તેને તેવું પોતાની બુદ્ધિથી ઘણું ઘણું આપે, એ રીતે માયા કરે છે. માટે સાધુએ તેમ ન કરવું. અસાધારણ પિંડ મળતાં જે કરવાનું તે કહે છે—

તે સાધુ વેષમાત્રથી મેળવેલ પિંડ [આહાર] લઈને આચાર્ય પાસે જાય. જઈને એમ કહે કે, હે આયુષ્યમાન્ ! અહીં મારા પૂર્વ પરિચિત છે જેમની પાસે મેં દીક્ષા લીધી છે તેના સંબંધી અને પશ્ચાત્ પરિચિત-જેની પાસે શ્રુત ભણ્યો તેના સંબંધી અન્યત્ર રહ્યા છે, તેમના નામ બતાવે છે — ૧-આચાર્ય-અનુયોગધર, ૨-ઉપાધ્યાય-અધ્યાપક, ૩-પ્રવર્તક-વૈયાવચ્ચ આદિમાં યથાયોગ સાધુને પ્રવર્તાવે, ૪-સ્થવિર-સંયમ આદિમાં સીદાતા સાધુઓને સ્થિર કરે, ૫-ગણિ-ગચ્છાધિપ, ૬-ગણધર-આચાર્યકલ્પ-સમાન, ગુરુની આજ્ઞાથી સાધુગણને લઈને જુદા વિચરે તે. ૭-ગણાવચ્છેદક-ગચ્છના નિર્વાહના ચિંતક. આ બધાંને ઉદ્દેશીને આ પ્રમાણે કહે-હું આપની આજ્ઞાથી આ બધાંને શીઘ્ર શીઘ્ર આપું, આ પ્રમાણે સાધુની વિજ્ઞપ્તિથી આચાર્યાદિ જેટલી માત્રામાં આજ્ઞા આપે તેટલી માત્રામાં આપે અને બધાની આજ્ઞા આપે તો બધો આહાર આપે.

● **સૂત્ર-૩૯૧ :-**

*તે ભિક્ષુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન ગ્રહણ કરીને તે આહારને તુચ્છ ભોજનથી ઢાંકી દે અને એમ વિચારે કે આ મનોજ્ઞ આહાર દેખાડીશ તો આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પોતે જ લઈ લેશે. આ ઉત્તમ ભોજનમાંથી મારે કોઈને કંઈ નથી આપવું. એમ તે માયા સ્થાનને સ્પર્શે છે, સાધુએ આવું ન કરવું જોઈએ. પરંતુ મુનિ તે આહાર લઈને આચાર્યાદિ પાસે જાય, પાત્ર ખુલ્લુ રાખી હાથથી આહારને ઉંચા કરી ‘આ છે આ છે’ એમ કહીને બધો આહાર દેખાડે, કંઈ પણ ન છુપાવે.*

*કોઈ સાધુ કંઈ ભોજન લાવીને [માર્ગમાં] સારું-સારું ખાઈ લે અને વિવર્ણ તથા વિરસ આહાર આચાર્યાદિને દેખાડે તો તે માયા સ્થાનને સ્પર્શે છે. સાધુએ તેવું ન કરવું જોઈએ.*



● **વિવેચન :-**

‘સુગમ’ છે - x - શું કરવું તે બતાવે છે - તે ભિક્ષુ તે આહાર લઈને આચાર્ય પાસે જાય, જઈને બધું યથાવસ્થિત દેખાડે, કંઈ પણ ન છુપાવે. માયા સ્થાન પ્રતિષેધ કહે છે - રસ ગૃદ્ધિથી ભટકતા તે ભિક્ષુ કંઈ વર્ણાદિયુક્ત ભોજન મેળવે પછી સારું સારું ખાઈને અંતપ્રાંતાદિકને ઉપાશ્રયમાં લાવે તે પણ માયા-કપટ છે.

સાધુએ તેમ ન કરવું.

● **સૂત્ર-૩૯૨ :-**

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે શેરડીની ગાંઠનો મધ્ય ભાગ, શેરડીની ગંડેરી-ટુકડા-પૂછડું-શાખા કે ડાળી, મગ આદિની ભૂંજેલ ફળી કે ઓળા એ બધાં તથા એવા પ્રકારના કોઈ પદાર્થ જેમાં ખાવા યોગ્ય થોડું અને ફેંકી દેવા જેવું ઘણું હોય તો તે અપ્રાસુક જાણી ન લે.*

*સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે આ દળદાર ફળમાં ઘણી ગુટલી છે અને ઘણાં કાંટાવાળી મત્સ્ય વનસ્પતિ જેમાં ખાવું થોડું અને નાંખી દેવાનું વધુ હોય તેવા ફળ કે વનસ્પતિ અપ્રાસુક સમજી ન લે.*

*કોઈ ગૃહસ્થ સાધુ કે સાધ્વીને ઘણાં ગોઠલીવાળા દળ કે મત્સ્ય વનસ્પતિ માટે નિમંત્રણ આપે કે - હે આયુષ્યમાન્ શ્રમણ ! આપ આ બહુ ગોઠલીવાળા ફળને આપ લેવા ઈચ્છો છો ? આવા શબ્દો સાંભળી અને સમજીને મુનિ પહેલા જ કહી દે કે, હે આયુષ્યમાન્! કે બહેન! મને બહુ ગુટલીવાળા ફળ લેવા ન કલ્પે, દેવા ઇચ્છતા હો તો આ જેટલો ગર્ભ-સારભાગ છે તે મને આપો, ઠળીયા ન આપો. એમ કહેવા છતાં ગૃહસ્થ પોતાના પાત્રમાં ઠળિયાવાળા ગર્ભને લાવીને દેવા લાગે તો આવો ગર્ભ ગૃહસ્થના હાથમાં કે પાત્રમાં હોય તો અપ્રાસુક જાણી ન લે.*

*કદાચ ગૃહસ્થ જબરદસ્તીથી આપી દે તો હા-હૂં ન કરે, ધિક્કારે નહીં પણ તે લઈને એકાંતમાં જાય, જઈને ઉધાન કે ઉપાશ્રયમાં ઇંડારહિત યાવત્ જીવજંતુરહિત ભૂમિ જોઈને ગર્ભ કે મત્સ્ય વનસ્પતિ ખાઈને ઠળિયા તથા કાંટાને લઈને એકાંતમાં જાય, જઈને દગ્ધાદિ અચિત્તભૂમિમાં યાવત્ પ્રમાર્જન કરીને પરઠવી દે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ જો આવા પ્રકારનો આહાર જાણે કે - શેરડીના પર્વનો મધ્ય ભાગ, શેરડીની ગંડેરી, પીલેલી શેરડીના છોતરા, મેરૂક, સાંઠો, ટુકડો, મગ આદિની અચિત્ત ફળી, વલપાપડીની થાળી કે રાંધેલી ફલી આવી વસ્તુ ગ્રહણ કરી હોય જેમાં ખાવાનું થોડું અને ફેંકવાનું ઘણું હોય તે જાણીને ગ્રહણ ન કરે. આ પ્રમાણે ‘માંસ’ સૂત્ર પણ

જાણવું. માંસનું ગ્રહણ ક્યારેક લૂતાદિ ઉપશમનાર્થે વૈદ્યના ઉપદેશથી બાહ્ય પરિભોગથી સ્વેદ આદિ વડે જ્ઞાનાદિ ઉપકારકત્વથી ફલવાન્ જાણવું. બાહ્ય પરિભોગ અર્થે આનો ભોગ જાણવો. ખાવા માટે નહીં ને પદાતિ ભોગવત્ જાણવો. આ પ્રમાણે ગૃહસ્થ આમંત્રણાદિ વિધિ પુદ્‌ગલ સૂત્ર સુગમ છે. તે છેદસૂત્ર અભિપ્રાયથી ગ્રહણ કર્યું છે, કંટક આદિ પરઠવવાની વિધિ પણ સુગમ છે. *[આ અપવાદ સૂત્ર છે, દશવૈકાલિકમાં અધ્ય.૫-માં આવી ગાથા છે. માંસ-મત્સ્ય શબ્દ દ્વયર્થક છે. આ સૂત્ર બહુશ્રુત પાસે સમજવું.]*

● સૂત્ર-૩૯૩ :-

***તે સાધુ કે સાધ્વી યાવત્ [કોઈ ગ્લાન સાધુ માટે ખાંડ આદિની] યાચના કરે ત્યારે ગૃહસ્થ પોતાના પાત્રમાં વિટલૂણ કે ઉદ્‌ભિજ મીઠું લાવીને તેને વિભક્ત કરીને થોડો ભાગ કાઢીને દેવા લાગે તો તેવું મીઠું ગૃહસ્થના પાત્રમાં કે હાથમાં હોય ત્યારે જ તેને અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે. કદાચિત્ અજાણતા લેવાઈ જાય અને પછી થોડે દૂર જઈને ખ્યાલ આવે તો તેને લઈને ગૃહસ્થના ઘેર પાછા ફરીને તેને સાધુ પૂછે કે, હે આયુષ્યમાન્ ! તમે આ જાણીને આપ્યું કે અજાણતા ? જો તે એમ કહે કે મેં જાણી જોઈને નથી આપ્યું, અજાણતા આપેલ છે. હે આયુષ્યમાન્ ! તે આપને કામ આવે તો આપને સ્વેચ્છાએ આપું છું. આપ તે ઉપભોગ કરો કે પરસ્પર વહેંચી લો.***

***આ પ્રમાણે તે ગૃહસ્થે વસ્તુની અનુજ્ઞા આપી હોય, સમર્પિત કરી હોય તેને યતનાપૂર્વક ખાય કે પીએ. અથવા પોતે તે ખાવા કે પીવા સમર્થ ન હોય તો ત્યાં વસતા સાધર્મિક, સાંભોગિક, સમનોજ્ઞ અને અપરિહારિકને આપે અથવા ત્યાં કોઈ સાધર્મિક આદિ ન હોય તો વધારાનો આહાર યથા-વિધિ પરઠવી દે. આ જ સાધુ-સાધ્વીનો આચાર છે. [આ એષણાવિધિ વિવેક છે.]***

● વિવેચન :-

તે ભિક્ષુ ગૃહાદિમાં પ્રવેશે, કદાચ ગૃહસ્થ પાસે જઈને પાત્રમાં ગ્લાન આદિ અર્થે ખાંડ વગેરેને યાચે ત્યારે ગૃહસ્થ ભૂલથી ખાણમાં ઉત્પન્ન થયેલ કે સમુદ્રનું મીઠું આપી દે ત્યારે સાધુએ તપાસીને લેવું - x - x - તે પ્રકારે મીઠું છે એમ જાણે તો ગૃહસ્થના હાથમાં હોય ત્યાંજ તેને ના કહી દે. કદાચ સહસા આવી જાય અને દાતાને દૂર ગયો નથી તેમ જાણે તો તે ભિક્ષુ તે મીઠું લઈને તેની સમીપે જાય, તે મીઠું આદિ દેખાડી પૂછે કે - x - x - જાણીને આપ્યું કે અજાણતા ? ત્યારે - x - ગૃહસ્થ કહે કે પહેલા અજાણતા આપેલ, પણ હવે આપને ખપ હોય તો રાખો. આનો ઉપભોગ કરો. ત્યારે તેને સમનુજ્ઞાત સમનુસૃષ્ટ જાણી પ્રાસુક કે કારણવશાત્ અપ્રાસુકને પણ ખાય કે પીએ. જો વાપરવું શક્ય ન હોય તો સાધર્મિકને આપે. કોઈ ન હોય તો પૂર્વે કહેલ વિધિ મુજબ પરઠવે. આ સાધુનો ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૧૦નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧, ઉદ્દેશો-૧૧ 卐

૦ દશમો ઉદ્દેશો કહ્યો. હવે અગિયારમો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે- ઉદ્દેશા-૧૦-માં મળેલ પિંડનો વિધિ કહ્યો, તેને જ આ ઉદ્દેશામાં વિશેષથી કહે છે—

● સૂત્ર-૩૯૪ :-

***એક સ્થાને સ્થિર કે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને [કોઈ સાધુને] કહે, જે સાધુ ગ્લાન છે, તેને માટે આ મનોજ્ઞ આહાર લઈ લો, તે તેને આપજો, જો તે ગ્લાન સાધુ ન વાપરે તો તમે વાપરજો. તે મુનિ એમ વિચારે કે હું એકલો જ આ આહાર વાપરીશ અને તેને છુપાવી બિમાર મુનિને કહે કે, આ ભોજન લુખું છે, કડવું છે, તુરું છે, તીખું છે, ખાટું છે, મીઠું છે, બિમાર માટે યોગ્ય નથી. તો તે સાધુ માયાસ્થાનને સ્પર્શે છે, તેણે એમ કરવું જોઈએ નહીં, પણ જેવું ભોજન લાવેલ હોય, તેવું જ બિમારને બતાવે અને કહે, તીખાને તીખું, કડવાને કડવું, તુરુ હોય તો તુરુ વગેરે.***

● વિવેચન :-

ભિક્ષા માટે ફરે તે - ભિક્ષણશીલ એટલે સાધુ. કેટલાક સમાન આચારાદિવાળા સાધુ જે ત્યાં સ્થિરવાસ હોય કે બીજા ગામથી વિહાર કરતા આવ્યા હોય, તેમાં કોઈ સાધુ ગ્લાન થાય અને ભિક્ષા જનાર સાંભોગિક સાધુને મનોજ્ઞ ભોજનનો લાભ થતાં બીજા સાધુને કહે કે, આ મનોજ્ઞ ભોજન તમે લો અને તે માંદા સાધુને આપજો, જો તે ન ખાય તો તમે વાપરજો.

તે ભિક્ષુ બીજા ભિક્ષુ પાસેથી માંદા સાધુ માટે આહાર લઈને એમ વિચારે કે, આ હું એકલો ખાઈશ. એમ કરીને તે ગ્લાનને મનોજ્ઞ આહાર છુપાવીને કહે કે, આ આહાર તમને આપતા વાયુ આદિ રોગ વધી જશે. આ અપથ્ય છે તમારે ખાવા યોગ્ય નથી. સાધુ પાસે આહારનું પાત્ર મૂકી કહે કે, આ આહાર તમારે માટે સાધુએ આપેલ છે, પણ તે રૂક્ષ છે. તથા તીખો-કડવો-કષાયેલો-ખાટો-મધુર છે. તમને તેનાથી લાભ થાય તેમ નથી. એવી રીતે માયાકપટ કરે, તેણે આવું કરવું ન જોઈએ.

ત્યારે તેણે શું કરવું ? તે કહે છે—

જેવો આહાર હોય તેવો ગ્લાનને દેખાડે. અર્થાત્ માયા કપટનો ત્યાગ કરી જેવું હોય તેવું કહેવું. બાકી અર્થ સુગમ છે - તથા -

● સૂત્ર-૩૯૫ :-

***એક સ્થાને સ્થિર કે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ ભિક્ષામાં મનોજ્ઞ ભોજન પ્રાપ્ત કરીને [કોઈ સાધુને] કહે, ગ્લાન સાધુ માટે આ મનોજ્ઞ આહાર લઈ જાઓ, જો તે સાધુ ન વાપરે, તો તમે મને પાછો આપજો. ત્યારે લેનાર મુનિ કહે કે, જો કોઈ વિઘ્ન નહીં હોય તો આપને પાછો આપી જઈશ. [પછી પોતે ખાઈ જાય] તો તે કર્મબંધનું કારણ છે, માટે તેમ ન કરવું.***

● વિવેચન :-

તે સાધુ મનોજ્ઞ આહાર પ્રાપ્ત થતાં ત્યાં વસતા કે પરોણારૂપે આવેલ સમનોજ્ઞ

સાધુને માંદા સાધુને માટે કહે કે, આ મનોજ્ઞ આહાર માંદા સાધુને માટે લઈ જાઓ અને તે ન ખાય તો અમારી પાસે પાછું લાવજો. ત્યારે આહાર લેનાર સાધુ એમ કહે કે, જો કોઈ અંતરાય ન પડે તો પાછું લાવીશ. એમ પ્રતિજ્ઞા કરી આહાર લઈ ગ્લાન પાસે જાય, સૂત્ર-૩૯૪માં બતાવ્યા મુજબ ભોજનના રુક્ષાદિ દોષ દેખાડી ગ્લાનને ન આપીને પોતે જ લોલુપતાથી ખાઈ જાય, પછી આપનાર સાધુને કહે કે, મને વૈયાવચ્ચ કરતાં ગોચરી સમયે ન વાપરવાથી શૂળ ઉપડી. તેથી આહાર પાછો ન લાવ્યો. એ રીતે માયા-કપટ કરે. તેવું કપટ ન કરે, પણ ગ્લાનને આપે કે દાતાને પાછું આપે. હવે પિંડાધિકાર સાત પિંડૈષણાને આશ્રીને સૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૯૬ :-**

***સાધુ સાત ''पिण्डैषणा'' અને સાત પાનૈષણા જાણે. તે આ પ્રમાણે —***

***૧. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ પાત્ર - તે પ્રકારના અસંસૃષ્ટ હાથ કે પાત્ર હોય તો અશનાદિ સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો તેને પ્રાસુક જાણીને ગ્રહણ કરે તે પહેલી ''पिण्डैषणा''.***

***૨. સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ પાત્ર-હોવા તે બીજી ''पिण्डैषणा''.***

***૩. પૂર્વાદિ દિશામાં ઘણા શ્રદ્ધાળુ ગૃહસ્થ યાવત્ કર્મકારિણી રહે છે - તેમને ત્યાં વિવિધ વાસણો જેવા કે, થાળી, તપેલી, કથરોટ, સુપડા, ટોકરી, મણિજડિત વાસણોમાં પહેલાથી ભોજન રખાયેલ હોય, પછી સાધુ એમ જાણે કે, અલિપ્ત હાથ-લિપ્ત વાસણ, લિપ્ત હાથ-અલિપ્ત વાસણ છે તો તે પાત્રધારી કે કરપાત્રી પહેલા જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! તમે મને અલિપ્તહાથ-લિપ્તવાસણ કે લિપ્ત હાથ અલિપ્ત વાસણથી અમારા પાત્ર કે હાથમાં લાવીને આપે. તો તેવું ભોજન સ્વયં કે યાચીને મળે તો પણ અપ્રાસુક અને અનેષણીય સમજીને ન લે તે ત્રીજી ''पिण्डैषणा''.***

***૪. તે સાધુ યાવત્ જાણે કે, તુષરહિત મમરા યાવત્ ખાંડેલા ચોખા ગ્રહણ કરવાથી પશ્ચાત્ કર્મદોષ નથી, ફોતરા ઉડાડવા પડે તેમ નથી તો તેવા પ્રકારના મમરા યાવત્ ખાંડેલા ચોખા સ્વયં યાચે કે ગૃહસ્થ આપે તો પ્રાસુક અને એષણીય સમજી મળે તો લો. આ ચોથી ''पिण्डैषणा''.***

***૫. સાધુ યાવત્ જાણે કે, ગૃહસ્થે પોતા માટે શકોરા, કાંસાની થાળી કે માટીના વાસણમાં ભોજન કાઢેલ હોય, પછી સાધુ એમ જાણે કે તે પાણીથી ધોયેલ પણ હવે લિપ્ત નથી તો તેવા પ્રકારના આહારને યાવત્ અપ્રાસુક જાણી ગ્રહણ કરે. આ પાંચમી ''पिण्डैषणा''.***

***૬. તે સાધુ યાવત્ જાણે કે ગૃહસ્થ પોતા માટે કે બીજા માટે વાસણમાં ભોજન કાઢેલ હોય, પણ જેને માટે કાઢેલ છે તેણે ગ્રહણ કરેલ ન હોય, તેવા પ્રકારનું ભોજન ગૃહસ્થના પાત્ર કે હાથમાં હોય તે પ્રાપ્ત થવા પર પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે - આ છટ્ઠી ''पिण्डैषणा''.***

***૭. તે સાધુ યાવત્ પ્રતિજ્ઞા કરે કે, હું ફેંકી દેવા યોગ્ય આહાર યાચીશ. જે બીજા ઘણાં દ્વિપદ, ચતુષ્પદ, શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, વનીપક પણ ન ઇચ્છે. આવું ઉજ્ઝિતધર્મિય ભોજન સ્વયં યાચે કે બીજા આપે તો યાવત્ તેને ગ્રહણ કરે. આ સાતમી ''पिण्डैषणा''.***

***આ પ્રમાણે સાત पिण्डैषणा કહી. હવે સાત પાણૈષણા કહે છે. તેમાં આ પહેલી પાણૈષણા - અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ વાસણ. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું. ચોથી પાનૈષણામાં એટલું વિશેષ કે - તે સાધુ-સાધ્વી પાણીના વિષયમાં એમ જાણે કે તલ આદિનું ધોવાણ ગ્રહણ કર્યા પછી પશ્ચાત્ કર્મ ન લાગે તો તેવા પ્રકારના પાનક ગ્રહણ કરે.***



● **વિવેચન :-**

અથ શબ્દથી સાત पिण्डैषणा અને પાનૈષણાનો અધિકાર બતાવે છે. તેથી ભિક્ષુ આ સાત पिण्डैषणा અને પાનૈષણા જાણે - અસંસૃષ્ટા, સંસૃષ્ટા, ઉદ્ધડા, લેપરહિત, ઉગ્ગહિયા, પગ્ગહિયા અને ઉજ્ઝિતધર્મા.

સાધુના બે ભેદ - ગચ્છમાં રહેલ, ગચ્છથી નીકળેલ. ગચ્છવાસીને સાતે પિંડૈષણાનું ગ્રહણ કહ્યું, ગચ્છ નિર્ગતને પહેલી બે છોડી પાંચનું ગ્રહણ છે.

૧. અસંસૃષ્ટ હાથ, અસંસૃષ્ટ વાસણ, વાસણમાં દ્રવ્ય રહે કે ન રહે જો દ્રવ્ય ન રહે તો પશ્ચાત્ કર્મદોષ સંભવે છે, છતાં પણ ગચ્છમાં બાળ આદિની આકુળતાને કારણે તેનો નિષેધ નથી - x - બાકી સુગમ છે.

૨. સંસૃષ્ટ હાથ અને સંસૃષ્ટ વાસણ પણ સુગમ છે.

૩. પ્રજ્ઞાપક અપેક્ષાએ પૂર્વાદિ દિશામાં ગૃહસ્થ આદિ કેટલાંક શ્રદ્ધાળુ હોય છે, તેમને ત્યાં [સૂત્રાર્થમાં કહ્યા મુજબ] વાસણોમાં ભોજન રાખેલ હોય છે. - x - x - બાકી સુગમ છે. યાવત્ સાધુ ગ્રહણ કરે. અહીં સંસૃષ્ટ, અસંસૃષ્ટ, અવશેષ દ્રવ્ય એ આઠ ભંગો છે, તેમાં આઠમો ભંગ છે - લિપ્ત હાથ, લિપ્ત પાત્ર, વધેલું દ્રવ્ય. તે ગચ્છનિર્ગતને પણ કલ્પે, ગચ્છવાસીને તો સૂત્રઅર્થહાનિને કારણે બધા ભાંગા કલ્પે છે.

૪. અલ્પલેપા - તે લેપરહિત જાણવી. જેમકે - ચોખા વગેરે સેકવાથી ફોતરા નીકળી જાય તે - x - અહીં પશ્ચાત્કર્માદિનો અભાવ છે. વળી ફોતરા વગેરેનું ત્યજવાપણું નથી. એ જ રીતે વાલ-ચણા પણ કલ્પે.

૫. અવગૃહિતા - - x - ગૃહસ્થે પોતાના ખાવા માટે વાસણ કે હાથ ધોયા હોય તેવું વાસણ પાણીથી લિપ્ત દેખાય તો લેવું ન કલ્પે, પણ બહુ સુકાઈ ગયેલા શકોરા, કાંસાના વાસણ આદિમાં લેવું કલ્પે.

૬. પ્રગૃહીતા - પોતા કે બીજા માટે ચરુ કે હાંડી આદિમાંથી ચાટવા આદિથી લઈને બીજાને વસ્તુ આપી હોય તે બીજાએ ન લીધી હોય અથવા સાધુને અપાવી હોય તો પ્રગૃહીતા કહેવાય તે ગૃહસ્થના પાત્રમાં કે હાથમાં હોય તો યાવત્ ગ્રહણ કરે.

૭. ઉજ્ઝિતધર્મિકા - સુગમ છે. [સૂત્રાર્થ જુઓ.]

આ સાતે पिण्डैषणा પણ જાણવી. ભાંગાઓ યોજવા. માત્ર ચોથીમાં વિશેષતા

છે, સ્વચ્છ પાણીથી તેમાં અલ્પલેપપણું છે. કેમકે તેમાં સંસૃષ્ટ આદિનો અભાવ છે, પછીની ત્રણ પાણૈષણા વધુ-વધુ વિશુદ્ધ હોવાથી એવો જ ક્રમ છે. હવે આ બતાવેલા સૂત્રો વડે શું કરવું ? તે કહે છે.

● સૂત્ર-૩૯૭ :-

*આ સાત पिण्डैषणा તથા સાત પાનૈષણામાંથી કોઈપણ એક પ્રતિમાને ધારણ કરનાર મુનિ એવું ન કહે કે, આ બધાં સાધુઓએ મિથ્યારૂપથી પ્રતિમા અંગીકાર કરી છે, હું એકલો જ શુદ્ધ પ્રતિમાને વહન કરું છું. [પરંતુ તે એમ કહે કે-] જે આ સાધુ ભગવંતો આ પ્રતિમા સ્વીકારીને વિચરે છે અને જે હું પણ આ પ્રતિમાને સ્વીકારીને વિચરું છું તે બધાં જિનાજ્ઞામાં ઉધત્ છે તે અન્યોન્ય સમાધિસહ વિચરે છે. આ જે તે સાધુ-સાધ્વીની સમગ્રતા - સાધુપણું છે.*

● વિવેચન :-

આ રીતે આ સાત પિણ્ડૈષણા કે પાનૈષણામાંની કોઈ પણ પ્રતિજ્ઞા સ્વીકારનાર મુનિ એમ ન બોલે કે, બીજા સાધુઓ સમ્યક્ રીતે પિંડ-એષણાદિ અભિગ્રહો પાળતા નથી, હું એક જ બરાબર પાળું છું, તેથી મેં જ વિશુદ્ધ અભિગ્રહ કર્યો છે, આ કોઈએ નહીં. આ રીતે ગચ્છનિર્ગત્ કે ગચ્છવાસીને સમદૃષ્ટિએ જોવા. પણ ઉત્તરોત્તર પિંડ-એષણાના ધારકે ગચ્છવાસી સાધુએ પૂર્વ-પૂર્વની પિંડ-એષણાના ધારકને દૂષિત ન સમજવા. ત્યારે શું કરવું તે કહે છે—

આ જે સાધુઓ પિંડ-એષણાદિ વિશેષ અભિગ્રહો ધારણ કરીને ગામ-ગામ વિચરે છે અને હું જે પ્રતિજ્ઞાને ધારણ કરીને વિચરું છું. તેથી અમે બધાં જિનાજ્ઞામાં કે જિનાજ્ઞા વડે અભ્યુધત વિહાર કરનારા સંવૃત્ત છીએ. તેઓ બધાં એકબીજાને સમાધિ વડે જે ગચ્છમાં જેને સમાધિ બતાવી હોય તેને તે પાળે. કેમકે ગચ્છવાસીને સાતે પ્રતિજ્ઞા પાળવાની છે. ગચ્છનિર્ગતોને પહેલી બે સિવાયની પાંચનો અભિગ્રહ છે, તે વડે તેઓ પ્રયત્ન કરે, તે પ્રમાણે તે પાળીને વિચરતા હોય તે બધા જિનેશ્વરની આજ્ઞા ઉલ્લંઘતા નથી.

કહ્યું છે કે, ''કોઈ બે વસ્ત્ર, કોઈ ત્રણ, કોઈ ઘણાં વસ્ત્ર અને કોઈ વસ્ત્રરહિત વિચરે છે, તો પણ તે પરસ્પર નિંદા ન કરે કેમકે તે બધાં જિનાજ્ઞામાં છે.'' આ સાધુ-સાધ્વીનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે - કે પોતાના અભિમાનનું વર્જન કરવું.

ચૂલિકા-૧, અધ્યયન-૧ ''पिण्डैषणा'' ઉદ્દેશા-૧૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૧નો ટીકાનુવાદ પૂર્ણ 卐

- x - x - x - x - x - x - x - x - x -





## ❀ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૧, અધ્યયન-૨ ❀

૦ પ્રથમ અધ્યયન કહ્યું. હવે બીજું કહે છે. તેનો સંબંધ આ રીતે-અધ્યયન-૧-માં ધર્મના આધારરૂપ શરીરની પ્રતિપાલનાર્થે પહેલા પિંડગ્રહણ વિધિ કહી. તે પિંડ લઈને જ્યાં ગૃહસ્થો ન હોય તેવા સ્થાનમાં ભોજન કરવું. તેથી સ્થાનના ગુણ-દોષ બતાવવા આ બીજું અધ્યયન કહે છે. આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો કહેવા. તેમાં નામનિષ્પન્ન નિક્ષેપે 'શય્યૈષણા' નામ છે. તેનો નિક્ષેપો કરવામાં જ્યાં પિણ્ડૈષણા નિર્યુક્તિ સંભવે છે, ત્યાં પ્રથમ ગાથા વડે અને બીજી આ નિર્યુક્તિઓને યથાયોગ સંભવતી બીજી ગાથા વડે પ્રગટ કરીને ત્રીજી ગાથા વડે શય્યા શબ્દના છ નિક્ષેપાના વિચારમાં નામ સ્થાપના છોડીને નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૦૧] દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ એ ચાર પ્રકારે શય્યા છે. તેમાં દ્રવ્ય શય્યા અહીં પ્રસ્તુત છે. તે દર્શાવે છે. તે દ્રવ્યશય્યા કેવી છે ? સંયતોને યોગ્ય એવી શય્યા જાણવી જોઈએ. દ્રવ્યશય્યા કહે છે—

[નિ.૩૦૨] દ્રવ્યશય્યા ત્રણ પ્રકારે છે. સચિત્તા, અચિત્તા, મિશ્રા. તેમાં સચિત્તા-પૃથ્વીકાયાદિ, અચિત્તા-પ્રાસુક પૃથ્વી, મિશ્રા - અર્ધપરિણિત પૃથ્વી અથવા સચિત્તશય્યાનું વર્ણન નિર્યુક્તિકાર પોતે જ હવે કરે છે.

ક્ષેત્રશય્યા તે જે ગામ આદિમાં શય્યા કરાય તે.

કાળશય્યા તે જે ઋતુબદ્ધ કાળમાં શય્યા કરાય. દ્રવ્યશય્યા કહે છે.

[નિ.૩૦૩] દ્રવ્યશય્યાને એક દૃષ્ટાંતથી સમજાવે છે - *[સંક્ષેપમાં]*

એક અટવીમાં ઉત્કલ અને કલિંગ નામે બે ભાઈઓ હતા. તે ચોરી કરતા. તેમને વલ્ગુમતી નામે બેન હતી. ત્યાં ગૌતમ નામે નિમિત્તક આવ્યો વલ્ગુમતીએ કહ્યું આ આપણી પલ્લીનો વિનાશ કરશે, બહેનના કહેવાથી ભાઈઓએ તેને કાઢી મૂક્યો. નિમિત્તક તેના પર દ્વેષી બન્યો અને પ્રતિજ્ઞા કરી કે વસુમતીનું ઉદર ચીરીને હું તેમાં સુઈશ. આ જ કથામાં વૃત્તિકારે બીજા આચાર્યનો મત ટાંકીને પણ આ દૃષ્ટાંત રજૂ કરેલ છે - x - x - x - એ રીતે ગૌતમ વસુમતીના ઉદર પર સુતો તે સચિત્ત દ્રવ્યશય્યા.

[નિ.૩૦૪] હવે ભાવશય્યા કહે છે - તે બે પ્રકારે છે. કાયવિષયા અને છ ભાવવિષયા. તેમાં જે જીવ ઔદયિકાદિ ભાવમાં જે કાળે વર્તે તે તેની છ ભાવરૂપ ભાવશય્યા છે, કેમકે શયન તે શય્યાસ્થિતિ છે. તે જ પ્રમાણે જે જીવ સ્ત્રી વગેરેની કાયામાં ગર્ભપણે રહેલો છે તે જીવને સ્ત્રી વગેરેની કાયા ભાવશય્યા છે કેમકે સ્ત્રી આદિની કાયામાં સુખમાં, દુઃખમાં, સુતા, ઉઠતા તે જીવ તેની અંદર રહેલી બધી અવસ્થાવાળો થાય છે, માટે તે કાયસંબંધી ભાવશય્યા છે. અધ્યયનો બધો અધિકાર શય્યા સંબંધી છે, હવે ઉદ્દેશાર્થ અધિકાર બતાવવા કહે છે—

[નિ.૩૦૫] આ બધા એટલે ત્રણે ઉદ્દેશા જો કે શય્યા વિશુદ્ધિ કરનારા છે, તો પણ તે દરેકમાં કંઈક વિશેષ છે, તે હું કંઈક કહીશ.

[નિ.૩૦૬] તેમાં પહેલા ઉદ્દેશામાં વસતિના ઉદ્‌ગમ દોષો આધાકર્માદિ છે તથા ગૃહસ્થાદિ સંસર્ગથી અપાયો ચિંતવેલા છે. બીજા ઉદ્દેશામાં શૌચવાદિ બહુ પ્રકારના દોષો તથા શય્યા ત્યાગ બતાવ્યો છે એ આ અર્થાધિકાર છે.

[નિ.૩૦૭] ત્રીજા ઉદ્દેશામાં ઉદ્‌ગમાદિ દોષ ત્યાગી સાધુને જે છલના થાય તે દૂર કરવા પ્રયત્ન કરવો. તથા સ્વાધ્યાયને અનુકૂળ સમ-વિષમ આદિ ઉપાશ્રયમાં નિર્જરાર્થી સાધુઓએ રહેવું તે અધિકાર છે.

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૨ ''શય્યૈષણા'', ઉદ્દેશો-૧ 卐

૦ નિર્યુક્તિ અનુગમ કહ્યો. હવે સૂત્રાનુગમે સૂત્ર કહેવું જોઈએ—

● સૂત્ર-૩૯૮ :-

*તે સાધુ કે સાધ્વી ઉપાશ્રયની ગવેષણા કરવા ઇચ્છે તો ગામ યાવત્ રાજધાનીમાં પ્રવેશીને તે જાણે કે આ ઉપાશ્રય ઇંડા યાવત્ જાળાથી યુક્ત છે, તો તેવા પ્રકારના ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પણ જે ઉપાશ્રયને ઇંડા યાવત્ જાળાથી રહિત જાણે તે પ્રકારના ઉપાશ્રયનું સારી રીતે પડિલેહણ-પ્રમાર્જન કરી ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય કરે.*

*સાધુ-સાધ્વી એવા ઉપાશ્રયને જાણે કે કોઈ એક સાધુના નિમિત્તે ગૃહસ્થે પ્રાણી-ભૂત-જીવ-સત્વોનો સમારંભ કરી બનાવેલ છે, ખરીદેલ છે, ઉધાર લીધેલ છે, છિનવેલ છે, અનિસૃષ્ટ છે, અભિહૃત છે - x - આ પ્રકારનો ઉપાશ્રય પુરુષાંતર કૃત્ હોય કે અપુરુષાંતરકૃત્ યાવત્ તે અનાસેવિત હોય તો ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.*

*એ જ રીતે ઘણા સાધુ, એક સાધ્વી, ઘણા સાધ્વી [એવા ત્રણ આલાપકો જાણવા. આ ત્રણેમાં સાધુ સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.]*

*તે સાધુ કે સાધ્વી ઉપાશ્રય વિશે જાણે કે તે ઘણાં શ્રમણ, વનીપક આદિને ગણી-ગણીને તેઓના નિમિત્તે બનાવેલ છે ઇત્યાદિ પૂર્વ આલાપક મુજબ જાણવું યાવત્ સ્વાધ્યાયાદિ ન કરે.*

*તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ઉપાશ્રય ઘણાં શ્રમણાદિને ઉદ્દેશીને પ્રાણી આદિ હિંસા કરીને બનાવેલ છે તે પ્રકારનો ઉપાશ્રય અપુરુષાંતર કૃત્ યાવત્ અનાસેવિત છે, તો ત્યાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પરંતુ જો તે પુરુષાંતર કૃત્ છે એમ જાણે યાવત્ આસેવિત હોય તો તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરી ઉપયોગમાં લે.*

*તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય ગૃહસ્થે સાધુના નિમિત્તે બનાવેલ છે, કાષ્ઠાદિ લગાવી સંસ્કારેલ છે, વાંસ આદિથી બાંધેલ છે. આચ્છાદિત કરેલ છે, લીંપેલ છે, સંવારેલ-ઘસેલ-ચીકણો કરેલ છે, સુવાસિત કર્યો છે, તેવા પ્રકારનો ઉપાશ્રય અપુરુષાંતરકૃત્ યાવત્ અનાસેવિત હોય તો ત્યાં સ્થાન,*



*શય્યા, સ્વાધ્યાયાદિ ન કરે. પણ જો તે પુરુષાંતરકૃત્ યાવત્ આસેવિત હોય તો પ્રતિલેખના કરી ઉપયોગ કરે.*

● વિવેચન :-

*[ચૂર્ણિમાં અર્થમાં ક્યાંક ક્યાંક વિશેષતા જોવા મળી છે, કેટલાંક શબ્દોની નિશીથ ચૂર્ણિ, બૃહત્ કલ્પસૂત્ર વૃત્તિમાં પણ વ્યાખ્યા જોવા મળે છે.]*

તે ભિક્ષુ વસતિ શોધવાને ઇચ્છે તો ગામાદિમાં પ્રવેશે, પ્રવેશીને સાધુ યોગ્ય વસતિ શોધે. ત્યાં જો ઇંડાદિ યુક્ત ઉપાશ્રય જાણે તો ત્યાં વાસ વગેરે ન કરે તે બતાવે છે - અર્થ સુગમ છે. વિશેષ એ કે - સ્થાન એટલે કાયોત્સર્ગ, શય્યા-સંથારો, નિષીધિકા-સ્વાધ્યાય ભૂમિ - ન કરે તેનાથી વિપરીત હોય તો પડિલેહણ કરી સ્થાનાદિ કરે.

હવે ઉપાશ્રય સંબંધી ઉદ્‌ગમ વગેરે દોષો બતાવે છે - તે ભિક્ષુ એમ જાણે કે - કોઈ શ્રાવકે પ્રાણીહિંસા કરીને સાધુને ઉદ્દેશીને આ ઉપાશ્રય કરાવેલ છે, તે દર્શાવે છે - અર્હત્ પ્રણિત ધર્માનુષ્ઠાયી એક સાધુને આશ્રીને પ્રાણી સમારંભથી કરેલ છે, સાધુને ઉદ્દેશીને વેચાતો લીધેલ છે કોઈ પાસેથી ઉછીનો લીધો છે, નોકર પાસેથી બળજબરીથી પડાવેલ છે, સ્વામીની રજા વિના લીધો હોય ઇત્યાદિ - x - એવા ઉપાશ્રયમાં જ્યાં સુધી બીજો પુરુષ ન વાપરે ત્યાં સુધી સ્થાનાદિ ન કરે.

અહીં ચાર આલાપક જાણવા.

વળી પછીના બે સૂત્ર પિંડ-એષણાનુસાર જાણવા. - x - ભિક્ષુ એવો ઉપાશ્રય જાણે કે જે ગૃહસ્થે સાધુને આશ્રીને બનાવ્યો છે, કાષ્ઠાદિથી ભિંતો સંસ્કારી છે, વાંસની કાંબીથી બાંધેલ છે, ઘાસથી આચ્છાદિત કર્યો છે, છાણ આદિથી લીંપેલ છે, ખડી આદિથી ઘસેલ છે, કળી આદિથી લેપ કર્યો છે, જમીન સાફ કરી સંસ્કાર્યો છે, ધૂપ વડે દુર્ગંધ દૂર કરી છે, તો આવો ઉપાશ્રય કોઈ ગૃહસ્થે વાપરેલ ન હોય, સ્વીકારેલ ન હોય તો ત્યાં સ્થાન આદિ ન કરવા. પુરુષાંતરકૃત્ - આસેવિત હોય તો સ્થાનાદિ કરે.

● સૂત્ર-૩૯૯ :-

*તે સાધુ કે સાધ્વી એમ જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે ઉપાશ્રયના નાના દ્વારોને મોટા કર્યા છે [ઇત્યાદિ पिण्डैषणा અધ્યયન મુજબ જાણવું] આવો ઉપાશ્રય બીજા પુરુષે કામમાં લીધો ન હોય ત્યાં સુધી સાધુ યાવત્ ત્યાં સંથારો ન કરે, પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સંથારો કરે. એ જ રીતે વનસ્પતિ આદિ ઉખેડી બહાર લઈ જવાય છે તે જુએ તો તેવા ઉપાશ્રયમાં યાવત્ સ્થાનાદિ ન કરે, પણ જો કોઈએ તેને ઉપયોગમાં લીધો હોય તો યતનાપૂર્વક પડિલેહણ કરી યાવત્ સ્થાનાદિ કરે.*

*તે સાધુ કે સાધ્વી યાવત્ જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે પાણીથી ઉત્પન્ન કંદ, મૂલ, પાન, પુષ્પ, ફળ, બીજ કે વનસ્પતિ એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જઈ રહ્યા છે. તે ઉપાશ્રય અપુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ ન કરે, જો*

*પુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ કરે.*

*તે સાધુ કે સાધ્વી જાણે કે ગૃહસ્થ સાધુ નિમિત્તે બાજોઠ, પાટિયું, નિસરણી કે ખાંડણિયો એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે તો તેવા પ્રકારનો ઉપાશ્રય યાવત્ અપુરુષાંતરકૃત્ હોય તો ત્યાં સ્થાનાદિ ન કરે, પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સાધુ તેમાં સ્થાનાદિ કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ એવો ઉપાશ્રય જાણે કે તે ગૃહસ્થે સાધુ નિમિત્તે નાના દ્વારનું મોટું દ્વાર કરેલ છે, તેવા મકાનમાં ગૃહસ્થાદિ બીજું કોઈ ન વાપરે ત્યાં સુધી સાધુ તે સ્થાન ન વાપરે, પુરુષાંતરકૃત્ - આસેવિત હોય તો સાધુ તે ઉપાશ્રય વાપરે. આ બંને સૂત્રોમાં ઉત્તરગુણ કહ્યા છે. તે દોષથી દુષ્ટ હોવા છતાં બીજા પુરુષે સ્વીકાર્યા પછી કલ્પે, પણ મૂળગુણથી દુષ્ટ હોય તો પુરુષાંતરકૃત્ હોવા છતાં ન કલ્પે. મૂળગુણ દોષ આ છે - પીઠનો વાંસડો, બે ધારણ કરનારા તથા ચાર મૂળ વેલીઓ હોય એ રીતે સાધુ નિમિત્તે તૈયાર કરેલ વસતિ મૂલગુણ દુષ્ટા જાણવી.

તે ભિક્ષુ જો એવો ઉપાશ્રય જાણે કે ગૃહસ્થે સાધુ નિમિત્તે પાણીથી જન્મેલ કંદાદિ બીજે સ્થાને લઈ જાય છે કે બહાર ઢગલો કરે છે, તેવા મકાનમાં બીજા કોઈ આવીને ન રહે, ત્યાં સુધી સાધુ સ્થાનાદિ ન કરે. પુરુષાંતરકૃત્ થયા પછી કરે. આ પ્રમાણે અચિત્ત-નિઃસારણ સૂત્ર પણ જાણવું કેમકે તેમાં પણ ત્રસાદિ વિરાધના થવા સંભવ છે.

● સૂત્ર-૪૦૦ :-

*તે સાધુ કે સાધ્વી જાણે કે આ ઉપાશ્રય સ્થંભ, માંચડા, માળ, પ્રાસાદ, મંજીલ કે પ્રાસાદ તલ ઉપર અથવા કોઈ ઉંચા સ્થાને બનાવેલ છે તો અત્યંત ગાઢ કારણ વિના તે સ્થાને વાસ ન કરે, કદાચ ત્યાં રહેવું પડે તો ત્યાં પ્રાસુક શીતલ જળથી હાથ, પગ, આંખ, દાંત કે મુખ એક વખત કે વારંવાર સાફ ન કરે તથા મળ, મૂત્ર, કફ, લીંટ, ઉલટી, પીત, પરુ, લોહી કે શરીરના અન્ય ભાગેથી નીકળતી અશુચિનો ત્યાગ ન કરે. કેમકે કેવલી ભગવંતે તેને કર્મબંધનું કારણ કહ્યું છે. વળી સંભવ છે કે ઉપરથી ફેંકવા જતાં સાધુ લપસે કે પડે. લપસવા કે પડવાથી તેના હાથ યાવત્ મસ્તક કે શરીરનો અન્ય કોઈ ભાગ તૂટી જાય. તેમજ ત્યાં રહેલા પ્રાણિ આદિની હિંસા થાય યાવત્ મૃત્યુ થાય.*

*સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા પ્રકારના ઉંચા ઉપાશ્રયમાં સ્થાન, શયન, સ્વાધ્યાયાદિ ન કરવા.*

● વિવેચન :-

તે ભિક્ષુ જો એવા પ્રકારનો ઉપાશ્રય જાણે કે જે એક સ્તંભ પર હોય, માંચડા કે માળા પર હોય, બીજે મજલે હોય, ભોંયરાવાળું મકાન હોય, આ કે આવા પ્રકારના ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરે, પણ જો એવું કોઈ પ્રયોજન હોય તો ત્યાં રહેવું પડે - તે માટે શું કરે ? તે કહે છે—



ત્યાં ઠંડા પાણી વગેરેથી હાથ આદિ ન ધોવે, ત્યાંથી મળ-મૂત્રનો ત્યાગ ન કરે. કેવલી ભગવંત કહે છે કે, આત્મ અને સંયમ વિરાધનાથી તે કર્મબંધનું કારણ છે. તે ત્યાં મળમૂત્રાદિ ત્યાગ કરતો પડી જાય, પડતાં શરીરના કોઈ અવયવ કે ઇન્દ્રિય વિનાશ પામે છે તથા બીજા પ્રાણીને પીડા કે જીવની હાનિ થાય છે, ભિક્ષુની પૂર્વોપદિષ્ટ આ પ્રતિજ્ઞા છે કે તેવા ઉંચા ઉપાશ્રયમાં સ્થાન આદિ ન કરે. - પણ -

● સૂત્ર-૪૦૧ :-

*તે સાધુ કે સાધ્વી એમ જાણે કે આ ઉપાશ્રય સ્ત્રીઓ, બાળકો, ક્ષુદ્ર પશુ-પ્રાણીથી યુક્ત છે, પશુઓના ભોજન પાણીથી યુક્ત છે, તો આવા ગૃહસ્થ સંસર્ગવાળા મકાનમાં સ્થાન, શયન, સ્વાધ્યાય ન કરે. એમ કરતા કર્મબંધન થાય છે; ગૃહસ્થ સંસર્ગવાળી વસતિમાં સાધુને અલસગ, વિશૂચિકા, વમન કે બીજી કોઈ વ્યાધિ થાય કે તેવા કોઈ દુઃખ કે રોગાતંક ઉત્પન્ન થાય ત્યારે ગૃહસ્થ કરૂણાથી પ્રેરાઈને તે સાધુના શરીર પર તેલ, ઘી, માખણ કે ચરબીથી માલિશ કે મર્દન કરશે, સ્નાન કરાવશે, કલ્ક-લોધ્ર-વર્ણ-ચૂર્ણ કે પદ્મ આદિથી ઘસી-ઘસીને માલિશ કરશે, મસળશે-મર્દન કરશે. ઠંડા કે ગરમ પાણીથી પ્રક્ષાલન કરશે, સ્નાન કરાવશે, સિંચશે; લાકડાં પરસ્પર ઘસી અગ્નિ પ્રગટાવશે - પ્રજ્વલિત કરશે, આગ જલાવીને શરીરને સેકશે-તપાવશે. તેથી સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે તેવા પ્રકારના ગૃહસ્થયુક્ત ઉપાશ્રયમાં સાધુ-સાધ્વી સ્થાન, શય્યા, સ્વાધ્યાયાદિ ન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ વળી એવો ઉપાશ્રય જાણે કે જ્યાં સ્ત્રીઓ રહે છે તથા ત્યાં બાળકો રહે છે અથવા તે વસતિ સિંહ, કૂતરા, બિલાડા આદિ ક્ષુદ્ર પ્રાણી યુક્ત છે અથવા પશુ અને ભોજન-પાણી છે કે પશુના ભોજન-પાન ત્યાં રખાય છે, આવા ગૃહસ્થ આકુલ ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરે.

તેમાં આ દોષો છે - કર્મોનું ઉપાદાન થાય છે. કેમકે ભિક્ષુ ગૃહપતિના કુટુંબ સાથે વસતા ત્યાં ભોજનાદિ ક્રિયા નિઃશંક ન થાય, કોઈ વખત વ્યાધિ વિશેષ થાય તે દર્શાવે છે - હાથ-પગ આદિ સ્તંભન, લકવા, વિશૂચિકા, છર્દી આદિ વ્યાધિ તે સાધુને થાય, બીજા તાવ, પ્રાણ હરે તેવા શૂળ આદિ રોગ ઉત્પન્ન થાય; તેને તેવા રોગથી પીડાતા જોઈને ગૃહસ્થ કરુણા કે ભક્તિથી તે ભિક્ષુના શરીરને તેલ આદિથી અભ્યંગન કે મર્દન કરે. સુગંધી દ્રવ્યથી સ્નાન કરાવે, કર્ણ-લોધ્ર-વર્ણક-ચૂર્ણ-પદ્મક આદિ દ્રવ્ય વડે થોડું થોડું ઘસે, ચોળીને તેનું ઉદ્વર્તન કરે. પછી ઠંડા કે ઉના પાણીથી થોડું સ્નાન કરાવે કે વારંવાર સ્નાન કરાવી માથાને જલથી સિંચે, લાકડાથી લાકડા ઘસીને અગ્નિને બાળે, ભડકા કરે. તેમ કરીને સાધુની કાયાને એક કે અનેક વખત તપાવે.

સાધુને પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે આવા પ્રકારના ગૃહસ્થયુક્ત ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે.

● સૂત્ર-૪૦૨ :-

*ગૃહસ્થના સંસર્ગવાળા મકાનમાં રહેવું તે સાધુ માટે કર્મબંધનું કારણ છે,*

*કેમકે ગૃહસ્થથી માંડીને કર્મચારીણી આદિ પરસ્પર આક્રોશ કરતા હોય, કુવચન બોલતા હોય, એકબીજાને રોકતા હોય, ઉપદ્રવ કરતા હોય; આવું બધું જોઈને સાધુનું મન ઉંચું નીચું થઈ જાય અને મનમાં વિચારે કે આ લોકો ઝઘડે તો સારું અથવા ન ઝઘડે તો સારું યાવત્ મારે તો સારું કે ન મારે તો સારું. તેથી સાધુ માટે આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા ગૃહસ્થયુક્ત સ્થાનમાં સ્થાનાદિ ન કરે.*

● વિવેચન :-

ભિક્ષુને ગૃહસ્થયુક્ત વસતિમાં રહેવાથી કર્મોનું ઉપાદાન થાય. જેથી ત્યાં ઘણાં દોષો સંભવે છે તે કહે છે, આવી વસતિમાં ગૃહસ્થાદિ પરસ્પર આક્રોશ આદિ કરે, તેમ કરતા જોઈને સાધુનું મન ઉંચુ-નીચું થાય, તેમાં ઉંચુ એટલે આવું ન કરે, નીચું એટલે આવું કરે.

● સૂત્ર-૪૦૩ :-

*ગૃહસ્થ સાથે વાસ કરનાર સાધુને કર્મબંધ થાય. કેમકે ગૃહસ્થ પોતાના માટે અગ્નિકાય પ્રગટાવશે, પ્રજ્વલિત કરશે કે બુઝાવશે. તે જોઈ મુનિનું મન ઉંચુ-નીચું થશે. તે વિચારશે કે આ અગ્નિકાયને પ્રગટાવે-ન પ્રગટાવે, પ્રજ્વલિત કરે - ન કરે, ઠારે - ન ઠારે તો સારું. તેથી સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે, તેવા ઉપાશ્રયમાં ન રહે.*

● વિવેચન :-

આ પણ ગૃહસ્થ સાથે વસવાથી તે સ્વાર્થે અગ્નિ સમારંભ કરે તો સાધુનું મન ઉંચુ-નીચું થઈ શકે તે દર્શાવતું સૂત્ર છે.

● સૂત્ર-૪૦૪ :-

*ગૃહસ્થ સાથે નિવાસ કરનાર સાધુને કર્મબંધ થાય છે. કેમકે - ગૃહસ્થના કુંડલ, કંદોરો, મણિ, મોતી, હિરણ્ય, સુવર્ણ, કડા, બાજુબંધ, ત્રિસરો હાર, પ્રલંબ હાર, અર્ધહાર, એકાવલી, કનકાવલી, મુક્તાવલી, રત્નાવલી આદિથી સજ્જ તરુણી કે કુમારીને અલંકૃત્ - વિભૂષિત જોઈને સાધુનું મન ઉંચુ-નીચું થાય, વિચારે કે આ સુંદર લાગે છે - નથી લાગતી, ઉપભોગ્ય છે કે નથી. તે આવું બોલે, અનુમોદે. તેથી સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે યાવત્ ત્યાં વાસ ન કરે.*

● વિવેચન :-

ગૃહસ્થ સાથે વસતાં ભિક્ષુને આ દોષો લાગે છે - જેમકે અલંકાર પહેરેલી કન્યા જોઈને - x - આવી શોભન કે અશોભન મારી પત્ની હતી કે આ અલંકાર અથવા કન્યા શોભન કે અશોભન છે તેવું વચનથી બોલે તથા મનને શોભન કે અશોભનમાં ઉંચુ-નીચું કરે. તેમાં ગુણ એટલે રસના [દોષો] છે, હિરણ્ય-દીનારાદિ દ્રવ્ય, ત્રુટિત-તે મૃણાલિકા અને પ્રાલંબ એ આભરણ વિશેષ છે. બાકી સુગમ છે. - વળી -



● સૂત્ર-૪૦૫ :-

*સાધુ કે સાધ્વીને ગૃહસ્થ સાથે વસતાં કર્મબંધ થાય છે. જેમકે - અહીં ગૃહસ્થની પત્ની કે પુત્રવધૂ, પુત્રી, ધાત્રી, દાસી, નોકરાણી મુનિને જોઈને પરસ્પર વાર્તાલાપ કરશે કે જે આ શ્રમણ ભગવંત મૈથુન ધર્મથી વિરત છે, તેમને મૈથુન સેવન કે તેની અભિલાષા પણ ન કલ્પે. આવા સાધુ સાથે કોઈ સ્ત્રી મૈથુન સેવે તો તેણીને પુત્ર પ્રાપ્તિ થાય. જે ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, દેખાવડો અને વિજયી હોય. આવા પ્રકારની વાત સાંભળી સમજી તેમાંની કોઈ સ્ત્રી તે તપસ્વી ભિક્ષુને મૈથુન ધર્મ માટે પ્રલોભન આપી આકર્ષિત કરશે. તેથી સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે સાધુ તેવી વસતિમાં સ્થાન, શય્યા, સ્વાધ્યાય ન કરે, તે ભિક્ષુધર્મ છે.*

● વિવેચન :-

પૂર્વોક્ત ગૃહે વસતા ભિક્ષુને આ દોષ છે - ગૃહપતિની પત્ની આદિ એમ કહે કે, આ શ્રમણો મૈથુનથી વિરત છે. તેથી તેના દ્વારા જો પુત્ર થાય તો બળવાન્, દીપ્તિમાન્, રૂપવાન્, કીર્તિમાન્ થાય. આવું ધારીને તેમાંની કોઈ પુત્ર વાંછક સ્ત્રી આ શબ્દો સાંભળી તે સાધુને મૈથુનધર્મ સેવવા માટે આકર્ષિત કરે. આ દોષના ભયથી સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞાદિ છે કે આવી વસતિમાં સ્થાનાદિ ન કરવા. આ જ તેનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૨ 'શય્યૈષણા', ઉદ્દેશા-૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૨ ઉદ્દેશો-૨ 卐

૦ ઉદ્દેશો-૧ કહ્યો, હવે બીજો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૧-માં ગૃહસ્થયુક્ત વસતિના દોષ કહ્યા. તે વિશેષથી કહે છે.

● સૂત્ર-૪૦૬ :-

*કોઈ ગૃહસ્થ શૂચિ સમાચાર હોય, સાધુ તો સ્નાન ત્યાગી, [કોઈ] મોક પ્રતિમાધારી હોય, તે ગંધ ગૃહસ્થને દુર્ગંધ, પ્રતિકૂળ, અપ્રિય લાગે. તેમજ સાધુને કારણે ગૃહસ્થ પહેલા કરવાનું કાર્ય પછી, પછી કરવાનું કાર્ય પહેલાં કરે, વળી ભોજનાદિ કાર્ય કરે કે ન કરે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તે આવી વસતિમાં વાસ ન કરે.*

● વિવેચન :-

કેટલાંક ગૃહસ્થો શૂચિ સમાચારવાળા ભાગવત આદિના ભક્તો કે ભોગીઓ - ચંદન, અગરુ, કુંકુમ, કર્પુરાદિ સેવી હોય છે. ભિક્ષુઓ સ્નાન ન કરવાથી કે કાર્યવશાત્ મુત્રનો ઉપયોગ કરનારા હોવાથી તે ગંધવાળા કે દુર્ગન્ધ હોય છે. આ બધું તે ગૃહસ્થોને અનુકૂળ કે અભિમત હોતું નથી. તથા તે ગંધથી વિપરીત ગંધ હોય છે. - x - x - x -

તે ગૃહસ્થ સાધુ નિમિત્તે ભોજન અને સ્વાધ્યાય ભૂમિમાં સ્નાન આદિ પૂર્વે કરવાનું પછી કે પછી કરવાનું પહેલાં કરે છે. એમ આગળ પાછળ ક્રિયા થવાથી સાધુઓને અધિકરણ દોષ લાગે અથવા તે ગૃહસ્થો સાધુને કારણે પ્રાપ્ત કાળે પણ ભોજનાદિ ન કરે. તેથી અંતરાય અને મનોપીડાદિ દોષ સંભવે છે અથવા તે સાધુઓ ગૃહસ્થને કારણે પડિલેહણાદિ પછી, વિપરીત કે કાળ વીત્યા પછી કરે કે ન કરે. માટે સાધુની પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે - x - ત્યાં સ્થાનાદિ ન કરે.

**● સૂત્ર-૪૦૭,૪૦૮ :-**

*ગૃહસ્થ સાથે રહેનાર સાધુને કર્મબંધ થાય છે. ગૃહસ્થ પોતા માટે વિવિધ પ્રકારનું ભોજન બનાવેલ હશે. તે સાધુ નિમિત્તે પોતાની સાથે સાધુ માટે પણ અશનાદિ બનાવશે કે લાવશે. સાધુ તે ખાવા કે પીવાની ઇચ્છા કરશે. અથવા આહાર લોલુપ બની ત્યાં જ રહેશે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે સાધુ આવા સ્થાનમાં વાસ ન કરે.*

*ગૃહસ્થ સાથે રહેનાર મુનિને કર્મબંધ થાય છે. ગૃહસ્થ પોતા માટે વિવિધ પ્રકારના કાષ્ઠ પહેલાથી કાપી રાખે છે. પછી તે સાધુ નિમિત્તે વિવિધ પ્રકારે કાષ્ઠ કાપે, ખરીદે કે ઉધાર લે. લાકડા સાથે લાકડું ઘસીને આગ સળગાવે કે પ્રજ્વલિત કરે. આ જોઈ સાધુને અગ્નિનો આતાપ-પ્રતાપ લેવાની ઇચ્છા થાય, ત્યાં રહેવાની કામના કરે. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે સાધુ આવા સ્થાનમાં વાસ ન કરે.*

**● વિવેચન :-**

ગૃહસ્થ સાથે વસતા સાધુને આવાં કર્મબંધ થાય. ગૃહસ્થ પોતા માટે વિવિધ આહાર રાંધે, પછી સાધુના નિમિત્તે અશનાદિ રાંધે અથવા ભોજનના વાસણો આગળ મૂકે, તે જોઈને ભિક્ષુ તેને ખાવા-પીવા ઇચ્છે અથવા ત્યાં સાધુ રહેવા ઇચ્છે. શેષ પૂર્વવત્.

કાષ્ઠાગ્નિ સૂત્ર [૪૦૮] પણ આ સૂત્ર [૪૦૭] મુજબ જાણવું.

**● સૂત્ર-૪૦૯ :-**

*[ગૃહસ્થ સાથે એક વસતિમાં રહેનાર] સાધુ કે સાધ્વી મળ-મૂત્રની બાધા થતાં રાત્રે કે વિકાલે ગૃહસ્થના ઘરનું દ્વારભાગ ખોલશે, ત્યારે કોઈ ચોર ઘરમાં પ્રવેશી જાય, ત્યારે તે સાધુને એમ કહેવું ન કલ્પે કે ચોર પ્રવેશી રહ્યો છે કે નહીં, છુપાઈ રહ્યો છે કે નહીં, આવે છે કે નહીં, બોલે છે કે નથી બોલતો. તેણે ચોરી કરી કે બીજાએ કરી, આ ચોર છે કે તેનો સાથી છે, આ ઘાતક છે, આણે આ કાર્ય કર્યું છે; તે તપસ્વી સાધુ પર ગૃહસ્થને ચોર હોવાની શંકા થાય છે. તેથી સાધુનો એ પૂર્વોપદિષ્ટ આચાર છે કે ગૃહસ્થા યુક્ત સ્થાનમાં નિવાસ ન કરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ ત્યાં ગૃહસ્થ સંસક્ત વસતિમાં વસતા મળ આદિને કારણે વિકાલાદિમાં



વસતિનું દ્વાર ઉઘાડે. ત્યાં - x - ચોર પ્રવેશે, તેને જોઈને તે ભિક્ષુને એમ બોલવું ન કલ્પે - આ ચોર ઘરમાં પેસે છે. ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવું.] કેમકે તેથી તે ચોરને પીડા થાય, તે ચોરને સાધુ ઉપર દ્વેષ થતાં મારવા લાગે વગેરે દોષ છે. જો તે સાધુ ચોરને ન બતાવે તો ગૃહસ્થ તે ભિક્ષુને જ ચોર માનશે.

- ફરી વસતિ-દોષ કહે છે.

**● સૂત્ર-૪૧૦ :-**

*તે સાધુ-સાધ્વી યાવત્ જાણે કે ઘાસ કે પલાલના ઢેર, ઇંડા યાવત્ જાળા છે, તો તેવા ઉપાશ્રયમાં સ્થાન, શય્યા કે સ્વાધ્યાય ન કરે. પણ જો સાધુ-સાધ્વી જાણે કે ઘાસ આદિ નથી તો તે સ્થાને નિવાસ કરે.*

**● વિવેચન :-**

સુગમ છે. - x - હવે વસતિ પરિત્યાગનો અર્થાધિકાર કહે છે.

**● સૂત્ર-૪૧૧ :-**

*સાધુ-સાધ્વી ધર્મશાળા, ઉદ્યાનગૃહ, ગૃહસ્થના ઘર કે તાપસના મઠમાં જ્યાં વારંવાર બીજા-સાધુઓ આવતા હોય ત્યાં રહેવું નહીં.*

**● વિવેચન :-**

ગામ બહાર જ્યાં મુસાફરો આવતા-જતાં રહે તે ધર્મશાળા. ઉદ્યાન મધ્યનું ગૃહ, મઠ આદિ સ્થાનમાં વારંવાર બીજા સાધુ આવતા હોય તેવા સ્થાનમાં માસ કલ્પાદિ ન કરવો. હવે કાલાતિક્રાંત વસતિ દોષ—

**● સૂત્ર-૪૧૨ :-**

*જે ધર્મશાળાદિમાં જે સાધુ ઋતુબદ્ધ કાળ કે વર્ષાવાસ રહ્યા હોય ત્યાં જ ફરી નિવાસ કરે તો કાલાતિક્રમ દોષ લાગે છે.*

**● વિવેચન :-**

જે સાધુ ભગવંતો ધર્મશાળા આદિમાં શિયાળા-ઉનાળામાં માસકલ્પ કરીને કે ચોમાસું કરીને ત્યાંજ કારણ વિના ફરી રહે તો હે આયુષ્યમાન્ ! કાલાતિક્રમ દોષ સંભવે છે, તેમજ સ્ત્રી વગેરેની આસક્તિ કે સ્નેહથી ઉદ્‌ગમાદિ દોષનો સંભવ રહે, માટે આવું સ્થાન સાધુને ન કલ્પે. હવે ઉપસ્થાન દોષને બતાવે છે—

**● સૂત્ર-૪૧૩ :-**

*હે આયુષ્યમાન્ ! જે સાધુ ધર્મશાળાદિમાં ઋતુબદ્ધ કે વર્ષાવાસકલ્પ વીતાવે તેના કરતા બમણો-ત્રણગણો કાળ વ્યતીત કર્યા વિના ત્યાં ચોમાસું કે માસકલ્પ કરે તો તેને ઉપસ્થાન ક્રિયા દોષ લાગે.*

**● વિવેચન :-**

[સૂત્રાર્થમાં કહ્યા મુજબ જ વૃત્તિ છે.] તેથી આવા સ્થાનમાં રહેવું ન કલ્પે. હવે અભિક્રાંત વસતિ બતાવવા કહે છે—

**● સૂત્ર-૪૧૪ :-**

*આ જગત્માં પૂર્વાદિ દિશાઓમાં ગૃહપતિ યાવત્ નોકરાણી જેવા કેટલાંક*

*શ્રદ્ધાળુઓ હોય છે, તેઓએ સાધુના આચાર-વિચાર સારી રીતે સાંભળેલ હોતા નથી. તેઓ શ્રદ્ધા, પ્રીતિ, રુચિ રાખતાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને આશ્રીને રહેવા ગૃહસ્થો સ્થાનાદિ તૈયાર કરાવે છે. જેવા કે લુહારશાળા, આયતન, દેવકુલ, સભા, પરબ, દુકાન, વખાર, વાહનઘર, યાનશાળા, ચુનાનું કારખાનું, દર્ભશાળા, ચર્માલય, વલ્કલશાળા, કોલસાના કારખાના, લાકડાના કારખાના, સ્મશાનગૃહ, શૂન્યગૃહ, પર્વતીયગૃહ, પર્વતગુફાગૃહ, પાષાણ મંડપ કે ભવનગૃહો. જે સાધુ તેવા પ્રકારની લુહારશાળા યાવત્ ભવનગૃહોમાં નિવાસ કરે છે, હે આયુષ્યમાન્ ! તેને અભિકાંત ક્રિયા વસતિ કહેવાય છે.*

● **વિવેચન :-**

અહીં પ્રજ્ઞાપક આદિની અપેક્ષાએ પૂર્વાદિ દિશામાં શ્રાવકો કે પ્રકૃતિ ભદ્રક ગૃહસ્થાદિ રહે છે. તેઓએ સાધુના આચારાદિ જાણ્યા હોતા નથી કે સાધુનો આવો ઉપાશ્રય કલ્પે કે નહીં ? પણ વસતિદાનથી સ્વર્ગાદિ ફળ મળે તેમ ક્યાંકથી જાણીને તેની શ્રદ્ધાથી, પ્રીતિથી રુચિથી ઘણા સાધુ વગેરેને ઉદ્દેશીને ગૃહસ્થે ત્યાં આરામાદિ માટે યાનશાલા વગેરે પોતા માટે કરતા શ્રમણાદિ માટે મોટા કરાવ્યા હોય છે. આ સ્થાનોને નામ લઈને જણાવે છે. જેમકે - આદેશન તે લુહારશાળા, દેવકુલ પાસેના ઓરડા, દેવકુલ, ચાર વેદ ભણવાની શાળા, પાણી પીવાની પરબ, દુકાન, ઘંઘશાળા, રથ આદિ રાખવાનું સ્થાન, રથ આદિ બનાવાનું સ્થાન. ખડીનું પરિકર્મ થાય તે સ્થાન ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવા.]

આવા ગૃહો ચરક, બ્રાહ્મણાદિ દ્વારા પૂર્વે વપરાયા હોય, પછી સાધુ તેમાં ઉતરે તો હે આયુષ્યમાન્ ! તે અભિકાંત ક્રિયા વસતિ કહેવાય. આવા મકાનમાં અલ્પદોષ છે.

● **સૂત્ર-૪૧૫ :-**

*આ જગત્માં પૂર્વ આદિ દિશામાં રહેતા ગૃહસ્થ યાવત્ ઘણાં શ્રમણ, આદિને ઉદ્દેશીને વિશાળ મકાન બનાવે. જેમકે લુહાર શાળા યાવત્ ભવનગૃહ. જે સાધુ આવા ગૃહોમાં ઉતરે કે જ્યાં ચરકાદિ પરિવ્રાજક વગેરે કોઈ પહેલા રહ્યા ન હોય, તો તે અનભિક્રાન્ત ક્રિયા વસતિ કહેવાય.*

● **વિવેચન :-**

સુગમ છે. વિશેષ એ કે પૂર્વે ચરક આદિ કોઈ ત્યાં ઉતર્યા નથી, તો અનભિક્રાંતક્રિયા વસતિ કહેવાય. તેથી આવી વસતિ સાધુને માટે અકલ્પનીય છે. હવે ન ઉતરવા યોગ્ય વસતિ કહે છે—

● **સૂત્ર-૪૧૬ :-**

*આ જગત્માં પૂર્વ આદિ દિશામાં યાવત્ નોકરાણી રહે છે, તેઓને પહેલાથી એ જ્ઞાત હોય છે કે આ શ્રમણ ભગવંતો યાવત્ મૈથુનકર્મથી વિરમેલા છે. આ મુનિઓને આધાકર્મિક ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી, તેથી આપણે આપણા માટે જે લુહારશાળા યાવત્ ભવનગૃહ બનાવેલ છે, તે બધાં આ મુનિઓને રહેવા આપીશું, પછી આપણે આપણા માટે બીજી લુહારશાળા યાવત્*



*ગૃહો બનાવીશું, આવા તેમના વાર્તાલાપને સાંભળીને, સમજીને જે સાધુ તેવા પ્રકારની લુહારશાળા યાવત્ ગૃહોમાં નિવાસ કરે કે તેવી રીતે બીજાના આપેલા મકાનમાં રહે તો હે શિષ્ય ! તે વર્જ્યક્રિયા વસતિ છે.*

● **વિવેચન :-**

પ્રાયઃસુગમ છે. તેનો સમુદાય અર્થ આ પ્રમાણે - સાધુ આચારના જ્ઞાત ગૃહસ્થો પોતાના માટે બનાવેલ ગૃહાદિ સાધુને આપી, પોતા માટે બીજા કરે, તે કે તેવા બીજા ઉચ્ચ-નીચ ઘરો બીજા હોય, તે સાધુને અપાયા હોય, તો તે વર્જ્યક્રિયા વસતિ છે, તે સાધુને ન કલ્પે. હવે મહાવર્જ્ય વસતિ—

● **સૂત્ર-૪૧૭ :-**

*આ જગત્માં પૂર્વાદિ ચારે દિશામાં કેટલાંક શ્રદ્ધાળુ હોય છે. તેઓને સાધુના આચાર ગોચરનું જ્ઞાન હોતું નથી યાવત્ શ્રદ્ધાથી ઘણા શ્રમણ, બ્રાહ્મણ યાવત્ વનીપકની ગણના કરીને તેમના માટે તે ગૃહસ્થો મકાનો બનાવે છે - જેવા કે લુહારશાળા યાવત્ ભવનગૃહ. જે સાધુ તેવા પ્રકારના ગૃહોમાં નિવાસ કરે છે કે અન્યાન્ય પ્રદત્ત ગૃહોમાં રહે છે, તે મહાવર્જ્યક્રિયા વસતિ છે.*

● **વિવેચન :-**

પ્રાયઃસુગમ છે. વિશેષ એ કે શ્રમણાદિ માટે તૈયાર કરેલ જે વસતિમાં સ્થાનાદિ કરે તે મહાવર્જ્યા વસતિ કહેવાય. તેથી તે અકલ્પ્ય અને વિશુદ્ધિ કોટિ વસતિ કહેવાય. હવે સાવદ્ય નામક વસતિ કહે છે.

● **સૂત્ર-૪૧૮ :-**

*આ સંસારમાં પૂર્વાદિ દિશામાં કેટલાંક શ્રદ્ધાળુ રહે છે, જે શ્રદ્ધા, પ્રીતિ અને રુચિથી ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, વનીપકને ગણી-ગણીને તેમના માટે લુહારશાળા યાવત્ ભવનગૃહો બનાવે છે. જે સાધુ આવી લુહારશાળાદિમાં નિવાસ કરે કે અન્યાન્ય પ્રદત્ત ગૃહોનો ઉપયોગ કરે તે હે આયુષ્યમાન્ ! સાવદ્યક્રિયા વસતિ છે.*

● **વિવેચન :-**

પ્રાયઃસુગમ છે. વિશેષ એ કે પાંચ પ્રકારના શ્રમણોને કલ્પીને વસતિ બનાવેલ હોય તે શ્રમણો આ પ્રમાણે - નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરિક અને આજીવિક. તેમને માટે કરાયેલા સ્થાનાદિ સાવદ્યક્રિયા નામની વસતિ થાય. આ અકલ્પનીય અને વિશુદ્ધિકોટિ છે - હવે મહાસાવદ્ય નામની વસતિ કહે છે.

● **સૂત્ર-૪૧૯ :-**

*આ જગત્માં પૂર્વાદિ દિશામાં શ્રદ્ધાળુ રહે છે યાવત્ કેવળ રુચિ માત્રથી કોઈ એક શ્રમણવર્ગને ઉદ્દેશીને ગૃહસ્થો લુહારશાળા યાવત્ ગૃહો બનાવે છે. તેઓ ઘણાં જ પૃથ્વીકાય યાવત્ ત્રસકાયનો સમારંભ કરીને, વિવિધ પ્રકારના ઘણાં પાપકર્મો કરીને જેવા કે - આચ્છાદન, લેપન, બેઠક કે દ્વાર બંધ કરવા, શીત જળ નાંખવું, અગ્નિકાયને પૂર્વે પ્રગટાવવો આદિ. જે સાધુ આવા પ્રકારની*

***લુહારશાળા આદિમાં રહે કે અન્યાન્ય પ્રદત્ત સ્થાને રહે તે દ્વિપક્ષ કર્મને સેવે છે. હે આયુષ્યમાન્ ! તે મહાસાવધક્રિયા વસતિ છે.***

**● વિવેચન :-**

અહીં કોઈ ગૃહસ્થાદિ એક સાધુને ઉદ્દેશીને પૃથ્વીકાયાદિના સંરંભ, સમારંભ, આરંભમાંથી કંઈ કરીને તથા વિવિધ પાપકર્મ કૃત્યોથી જેવા કે છાદન, લેપન, સંથારા માટે બારણું ઢાંકવા માટે ઇત્યાદિ હેતુથી પહેલાં કાચું પાણી નાંખે, પ્રથમ અગ્નિ બાળે ઇત્યાદિ. આવી વસતિમાં સ્થાનાદિ કરતાં તે સાધુ બે પક્ષનું કર્મસેવન કરે. તે આ પ્રમાણે - [દ્રવ્યથી] સાધુપણું અને [ભાવથી] આધાકર્મિક વસતિના સેવનથી ગૃહસ્થત્વ. રાગ-દ્વેષ, ઇર્યાપથ-સાંપરાયિક, ઇત્યાદિ દોષોથી તે મહા સાવધ ક્રિયા નામની વસતિ થાય. હવે અલ્પક્રિયા વસતિ–

**● સૂત્ર-૪૨૦ :-**

***આ જગત્‌માં પૂર્વાદિ દિશામાં યાવત્ રુચિથી પોતાના માટે ગૃહસ્થો પૃથ્વીકાયાદિનો સમારંભ કરી મકાન બનાવે છે. જે મુનિ તેવા પ્રકારના લુહારશાળાદિ સ્થાનમાં રહે છે કે અન્યાન્ય પ્રદત્ત સ્વીકારે છે, તેઓ એક પક્ષી કર્મનું સેવન કરે છે. હે આયુષ્યમાન્ ! આ અલ્પસાવધ ક્રિયા વસતિ છે. આ તે સાધુનો સમગ્ર ભિક્ષુભાવ છે.***

**● વિવેચન :-**

સુગમ છે. અહીં અલ્પ શબ્દ અભાવવાચી છે. આ જ ભિક્ષુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે. ૧-કાલાતિક્રાંત, ૨-ઉપસ્થાન, ૩-અભિક્રાંત, ૪-અનભિક્રાંત, ૫-વર્જ્ય, ૬-મહાવર્જ્ય, ૭-સાવધ, ૮-મહાસાવધ અને ૯-અલ્પક્રિયા. એમ નવ વસતિ છે. તે નવ સૂત્રોમાં બતાવી. તેમાં અભિક્રાંત અને અલ્પક્રિયા બે વસતિ યોગ્ય છે. બાકીની અયોગ્ય છે.

**ચૂલિકા-૨, અધ્યયન-૨ ''શય્યૈષણા'' ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, અધ્યયન-૨, ઉદ્દેશો-૩ 卐

૦ ઉદ્દેશો-૨ કહ્યો. હવે ત્રીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ઉદ્દેશા બીજામાં અલ્પક્રિયાવાળી શુદ્ધ વસતિ બતાવી, અહીં પણ આદિ સૂત્રથી તેથી વિપરીત શય્યા બતાવે છે–

**● સૂત્ર-૪૨૧ :-**

***તે પ્રાસુક, ઉંછ, એષણીય ઉપાશ્રય સુલભ નથી અને આ સાવધકર્મોના કારણે નિર્દોષ વસતિ દુર્લભ છે - જેમકે - આચ્છાદન, લેપન, સંથારા ભૂમિને દ્વાર લગાવવા, 'પિંડપાત-એષણા'. [કદાચ ઉક્ત દોષરહિત ઉપાશ્રય મળી પણ જાય, તો પણ આવશ્યક ક્રિયા યોગ્ય ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. કેમકે–] તે સાધુ ચર્યારત, કાયોત્સર્ગરત, શય્યા સંસ્તારક અને પિંડપાત [આહાર-પાણી]***



***ગવેષણારત હોય છે. આ પ્રકારે મોક્ષપથ સ્વીકારેલ કેટલાંક સરળ અને નિષ્કપટ સાધુ માયા ન કરતા ઉપાશ્રયના યથાવસ્થિત ગુણ-દોષ ગૃહસ્થોને બતાવી દે છે–***

***કેટલાંક ગૃહસ્થો ઉત્ક્ષિપ્તપૂર્વા, નિક્ષિપ્તપૂર્વા, પરિભાઇયપૂર્વા, પરિભૂત્તપૂર્વા કે પરિઠ્ઠવિયપૂર્વા હોય છે. સાધુ આવા છળ-કપટને જાણીને તે દોષો ગૃહસ્થને સારી રીતે બતાવે. શું આમ કહેનાર મુનિ સમ્યક્ વક્તા છે ? હા તે મુનિ સમ્યક્ વક્તા છે.***

**● વિવેચન :-**

*[અહીં વિશેષ અર્થ માટે ચૂર્ણિ પણ જોવી.]*

અહીં કોઈ વખત કોઈ સાધુ વસતિ શોધવા કે ભિક્ષાર્થે ગૃહસ્થના ઘેર જતાં કોઈ શ્રદ્ધાળુ એમ કહે, આ ગામ પ્રચુર અન્ન-પાનયુક્ત છે, તેથી આપ આ ગામમાં વસતિ યાચીને રહો. - x - ત્યારે સાધુ કહે કે, પ્રાસુક અન્ન-પાણી દુર્લભ નથી, પણ તે જ્યાં ખવાય તેવો આધાકર્માદિરહિત ઉપાશ્રય દુર્લભ છે. 'ઉંછ' એટલે છાદનાદિ ઉત્તરગુણના દોષોથી રહિત-તે દર્શાવે છે–

'અહેસણિજ્જ' એટલે મૂળ-ઉત્તરગુણ દોષરહિતતાથી એષણીય વસતિ મળવી દુર્લભ છે. તે મૂળ-ઉત્તર ગુણો આ પ્રમાણે-પીઠનો વાંસ, બે ધારણ, ચાર મૂળ વેલી, આવું કોઈ સ્થાન ગૃહસ્થ પોતા માટે બનાવે તો મૂળ-ગુણ વિશુદ્ધિ જાણવી. વાંસને કપાવવા, ઠોકઠાક કરવી, દ્વાર ભૂમિને આચ્છાદન કે લેપન કરવું - આ પરિકર્મથી વિપ્રમુક્ત મૂળ-ઉત્તર ગુણોથી વિશુદ્ધ છે. ધોળેલ, ધૂપિત, વાસિત, ઉદ્યોતિત, બલિકૃત, ખુલ્લી મૂકેલ, સિંચિત, સંમૃષ્ટ એ વિશોધિ કોટીમાં ગયેલ વસતિ છે.

અહીં પ્રાયઃ સર્વત્ર સંભવિત ઉત્તરગુણોને દર્શાવે છે, આ વસતિ આ કર્મના ઉપાદાન કર્મો વડે શુદ્ધ થતી નથી તે બતાવે છે - દર્ભ આદિથી છાદિત હોય, છાણ આદિથી લેપિત હોય, સંસ્તારક તથા દ્વારને આશ્રીને મોટું-નાનું કર્યું હોય તથા કમાડને આશ્રીને દ્વાર બંધ કરવા તથા પિંડપાત એષણા આશ્રિત દોષો કહે છે, કોઈ સ્થાને રહેલ સાધુને ઘરનો માલિક આહાર લેવા નિમંત્રે, તેના ઘેર આહાર લેવાનો નિષેધ હોવાથી સાધુ ના પાડે તો ગૃહસ્થને દ્વેષ થાય. આવા કારણોથી ઉત્તરગુણોથી શુદ્ધ ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. સાધુએ શુદ્ધ ઉપાશ્રયમાં સ્થાનાદિ કરવા.

કહ્યું છે કે, મૂળ-ઉત્તરગુણ શુદ્ધ, સ્ત્રી-પશુ-નપુંસકથી વર્જિત વસતિ સર્વ કાળ સેવે અને દોષોને દૂર કરે. મૂળ-ઉત્તરગુણ શુદ્ધ વસતિ મળે તો પણ સ્વાધ્યાય આદિ ભૂમિયુક્ત ખાલી ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. તે દર્શાવે છે - તેમાં ભિક્ષા-ચર્યારત એટલે યોગ્ય વિહાર કરનારા, સ્થાનરત-કાયોત્સર્ગ કરનાર, નિષીધિકારત તે સ્વાધ્યાયી, શય્યા એટલે અઢી હાથ પ્રમાણ સંસ્તારક અથવા શયન તે શય્યા, તે માટે સંથારો તે શય્યા સંસ્તારક રત, તેમાં કોઈ ગ્લાનાદિ કારણે સૂતા હોય તથા ગૌચરી મળેથી ગ્રાસએષણારત છે.

આ પ્રમાણે કેટલાક સાધુઓ યથાવસ્થિત વસતિના ગુણ-દોષ બતાવનારા છે.

તેઓ ઋજુ છે, સંયમ કે મોક્ષપથને પામેલા છે તથા માયારહિત હોવાથી ઉત્તમ ગુણવાળા સાધુઓ છે. આ રીતે વસતિના ગુણ-દોષ બતાવીને સાધુ જાય, પછી નિર્દોષ વસતિ સાધુને આપવા યોગ્ય ન હોય તો શ્રાવકો સાધુ માટે વસતિ બનાવે અથવા પૂર્વકૃત્‌ને યોગ્ય બનાવે. પછી તે અથવા બીજા સાધુ આવતા કેટલાંક શ્રાવક છળ કરે અને કહે કે, આ દાનાર્થે કલ્પેલી વસતિ તમે ગ્રહણ કરો.

આવી વસતિ ગૃહસ્થે પૂર્વે સાધુને બતાવી 'અહીં ઉતરજો' તેમ કહ્યું હોય તો તે 'ઉત્ક્ષિપ્ત પૂર્વા' છે, જો એમ કહે કે, પૂર્વે અમારા રહેવા માટે બનાવી છે, તો 'નિક્ષિપ્ત પૂર્વા' છે, 'પરિભાઇયપૂર્વા' એટલે - અમે પહેલાં જ ભત્રીજા આદિ માટે રાખી છે તથા બીજા ગૃહસ્થ પણ રહ્યા છે કે અમે પહેલાંથી જ તેને તજેલ છે, તમારે જો ઉપયોગમાં ન આવે તો અમે તેને પાડી નાંખશું. ઇત્યાદિ રીતે કોઈ ગૃહસ્થ છલના કરે. તો સાધુએ ઠગાવું નહીં પણ તે દોષોને દૂર કરવા.

શું આવી છલનાના સંભવમાં પણ - x - ગૃહસ્થ સાધુને સમ્યક્‌ જ જવાબ આપશે અથવા સાધુ સમ્યક્‌ પ્રગટ કરનાર થશે ? હા, તે સમ્યગ્‌ પ્રકટ કર્તા જ થાય. હવે ચરક આદિ સાથે રહેવું પડે તો તે વિધિ કહે છે—

● સૂત્ર-૪૨૨ :-

***તે સાધુ-સાધ્વી એવા ઉપાશ્રયને જાણે કે, જે નાનો છે, નાના દ્વારવાળો છે, નીચો છે, સંનિરુદ્ધ છે, તો તેવા પ્રકારના ઉપાશ્રયમાં રાત્રે કે વિકાલે નીકળતા કે પ્રવેશતા પહેલા હાથ પ્રસારીને પછી સાવધાનીથી પગ મૂકી બહાર નીકળે. કેવળી કહે છે કે આવો ઉપાશ્રય કર્મબંધનું કારણ છે. જેમકે ત્યાં શ્રમણ, બ્રાહ્મણ આદિના છત્ર, પાત્ર, દંડ, લાકડી, આસન, નાલિકા, વસ્ત્ર, મૃગચર્મ, પડદો, ચર્મકોશ, ચર્મછેદનક અવ્યવસ્થિત, વિખરાયેલ અનિષ્કંપ અને ચલાચલ હોય છે. રાત્રિના કે વિકાલે ત્યાંથી નીકળતા કે પ્રવેશતા સાધુ ત્યાં લપસે કે પડે. લપસતા કે પડતા તેના હાથ-પગ ભાંગે અને જીવ આદિની યાવત્‌ હિંસા થાય. તેથી સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તેવા પ્રકારના ઉપાશ્રયમાં પહેલા હાથ પ્રસારી પછી પગ સંભાળીને યતનાપૂર્વક પ્રવેશવું કે નીકળવું.***

● વિવેચન :-

તે ભિક્ષુ એવો ઉપાશ્રય જાણે કે - આ વસતિ નાની છે, દ્વાર નાના છે, નીચા છે કે વસતિ ગૃહસ્થથી ભરેલી છે, - x - ત્યાં સાધુને ઉતરવાનું સ્થાન શય્યાતરે બીજા કેટલાક દિવસ રહેનારા ચરક આદિને આપેલ છે, અથવા તેઓ પૂર્વે સ્થિત છે, પછી સાધુને ઉપાશ્રય આપ્યો છે. ત્યાં કાર્યવશાત્‌ રહેલા રાત્રિ આદિમાં નીકળતા કે પ્રવેશતા ચરકાદિના ઉપકરણને ઉપઘાત ન થાય તેમ પહેલા હાથ ફેરવતા યતનાથી ગમન-આગમનાદિ ક્રિયા કરે. બાકી સરળ છે. - x - હવે વસતિ યાચના વિધિ કહે છે.

● સૂત્ર-૪૨૩ :-

***તે સાધુ સારી રીતે વિચારી ધર્મશાળાદિમાં સ્થાનની યાચના કરે, જે તે સ્થાનનો સ્વામી હોય કે અધિકારી હોય તેમની પાસે અનુજ્ઞા માંગતા કહે કે, હે આયુષ્યમાન્‌ ! આપ જેટલો કાળ અને ઉપાશ્રયના જેટલા ભાગની આજ્ઞા આપો તેટલો અમે નિવાસ કરીશું. આજ્ઞા આપનાર કહે કે, હે આયુષ્યમાન્‌ ! યાવત્‌ આપ રહો. ત્યારે મુનિ કહે કે, જેટલા સ્વધર્મી સાધુ આવશે તે પણ અહીં રહેશે, પછી અમે બધાં વિહાર કરીશું.***



● વિવેચન :-

તે ભિક્ષુ પૂર્વોક્ત ધર્મશાળાદિ ગૃહોમાં પ્રવેશીને વિચારે કે આ વસતિ કેવી છ ? તેનો સ્વામી કોણ છે ? ઇત્યાદિ વિચારી વસતિ યાચો. જે ઘરનો સ્વામી છે અથવા માલિકે નિયુક્ત કરેલ અધિકારી છે તેની પાસે ઉપાશ્રયની અનુજ્ઞા માંગે. તે આ રીતે - હે આયુષ્યમાન્‌ ! તમારી ઇચ્છાથી તમે આજ્ઞા આપો તો અમુક દિવસ આટલા ભાગમાં અમે રહીશું. ત્યારે કદાચ ગૃહસ્થ પૂછે કે તમે કેટલા દિવસ અહીં રહેશો ? ગૃહસ્થ પૂછે તો વસતિ પર્યુપ્રિક્ષક સાધુ એમ કહે કે, ખાસ કારણ વિના ઋતુબદ્ધ કાળમાં એક માસ અને વર્ષાવાસમાં ચાર માસ રહીશું. આમ કહે ત્યારે કદાચ ગૃહસ્થ કહે કે મારે તેટલો કાળ અહીં રહેવું નથી અથવા જગ્યા નથી ત્યારે સાધુ તેવું કારણ વિશેષ હોય તો કહે કે, જેટલો કાળ તમે અહીં રહો અથવા જ્યાં સુધી આ વસતિ તમારી પાસે હોય ત્યાં સુધી અમે રહીશું, પછી અમે વિહાર કરીશું. જો સાધુની સંખ્યા પૂછે, તો કહે કે, અમારા આચાર્ય સમુદ્ર જેવા છે, પરિમાણ નક્કી નથી. કાર્યાર્થે કેટલાંક આવે, કાર્ય પૂર્ણ થતા ચાલ્યા જાય, તેથી જેટલા હાજર હશે, તેટલા માટે આ યાચના છે અર્થાત્‌ સાધુ સંખ્યા ન કહેવી.

● સૂત્ર-૪૨૪ :-

***તે સાધુ-સાધ્વી જેના મકાનમાં રહે તેના નામ ગોત્ર પહેલાં જાણી લે. પછી તેમના ઘેર નિમંત્રણ મળે કે ન મળે તો પણ અશનાદિ આહાર જો અપ્રાસુક અને અનેષણીય જાણે તો યાવત્‌ ગ્રહણ ન કરે.***

● વિવેચન :-

અર્થ સુગમ છે. સાધુની આ સામાચારી છે - જો શય્યાતરના નામગોત્રાદિ જાણતા હોય તો પરોણા સાધુ સુખેથી આવી શકે. - વળી -

● સૂત્ર-૪૨૫ :-

***સાધુ સાધ્વી જો એવો ઉપાશ્રય જાણે કે, આ ગૃહસ્થના સંસર્ગવાળો છે, અગ્નિ, જળથી યુક્ત છે, તો પ્રજ્ઞાવાન્‌ સાધુ નિષ્ક્રમણ, પ્રવેશ યાવત્‌ ધર્મ અનુચિંતાર્થે આવા ઉપાશ્રયમાં સ્થાન, શય્યાદિ ન કરે.***

● વિવેચન :-

સૂત્રાર્થ અનુસાર જાણવું.

● સૂત્ર-૪૨૬ :-

***સાધુ-સાધ્વી એવો ઉપાશ્રય જાણે કે - ગૃહસ્થના ઘર વચ્ચે આવાગમનનો માર્ગ છે કે આવવા-જવામાં પ્રતિબંધ છે, તો પ્રજ્ઞાવાન્‌ સાધુ યાવત્‌ તેવા ઉપાશ્રયમાં સ્થાનાદિ ન કરે.***

● વિવેચન :-

જે ઉપાશ્રયમાં ગૃહસ્થના ગૃહ મધ્યે માર્ગ હોય ત્યાં બહુ અપાયનો સંભવ હોવાથી ત્યાં નિવાસ ન કરવો.

● સૂત્ર-૪૨૭ થી ૪૩૧ :-

*સાધુ-સાધ્વી જે ઉપાશ્રય વિશે જાણે કે અહીં ગૃહસ્થ યાવત્ નોકરાણીમાં [નીચે કહ્યા મુજબ છે] તો પ્રજ્ઞાવાન્ સાધુ યાવત્ ત્યાં નિવાસ ન કરે.*

*[૪૨૭-] તેઓ પરસ્પર ઝઘડાં યાવત્ મારપીટ કરે છે.*

*[૪૨૮-] પરસ્પર તેલ, માખણ, ઘી કે ચરબીથી શરીરનું માલીશ-મર્દન કર છે.*

*[૪૨૯-] પરસ્પર સ્નાન કરાવે છે કર્ક-લોધ્ર-ચૂર્ણ-પદ્મ આદિથી મસળે - રગળે - મેલ ઉતારે - પીઠી ચોળે છે.*

*[૪૩૦-] પરસ્પર શીતળ કે ઉષ્ણ જળથી સાફ કરે છે, ધુવે છે, સીંચે છે, સ્નાન કરાવે છે.*

*[૪૩૧-] નગ્ન થઈને સ્થિત છે, નગ્ન છૂપાયેલ છે, એકાંતમાં મૈથુન સેવન કરે છે. કે કોઈ ગુપ્ત વિચાર કરે છે.*

● વિવેચન-૪૨૭ થી ૪૩૧ :-

સુગમ છે. વિશેષ એ કે ત્યાં વસનારા રોજ ઝઘડે છે, તૈલાદિ અભ્યંગન કરે છે, કલ્કાથી ઉદ્વર્તન કરે છે, સ્નાન કરાવે છે ઇત્યાદિ. ત્યાં સાધુને સ્વાધ્યાયાદિમાં વિઘ્ન આવે માટે ત્યાં નિવાસ ન કરવો.

જ્યાં તે ગૃહમાં વસનારી સ્ત્રીઓ વસ્ત્રો કાઢીને રહે છે, ખાનગી એવા મૈથુનધર્મ વિષયે કંઈક રહસ્ય તથા રાત્રિના સંભોગની પરસ્પર વાત કરે છે, બીજા પણ અકાર્ય સંબંધી રહસ્ય ચિંતવે છે, તેવા પ્રકારના ઉપાશ્રયમાં સ્થાન આદિ ન કરવા કેમકે તેથી સ્વાધ્યાયમાં ક્ષતિ, ચિત્તમાં કુવાસના આદિ દોષો ઉત્પન્ન થાય છે. વળી—

● સૂત્ર-૪૩૨ :-

*સાધુ-સાધ્વી જે ઉપાશ્રયને [ગૃહસ્થ સ્ત્રી-પુરુષ આદિના] ચિત્રો વાળો જાણે ત્યાં પ્રાજ્ઞ સાધુ યાવત્ નિવાસ ન કરે.*

● વિવેચન :-

*[દશવૈકાલિક અધ્યયન-૮માં આવા પ્રકારનો જ પાઠ જોવા મળે છે.]*

સરળ છે. વિશેષ, તેમાં આ દોષ છે - ભિંત ચિત્રોના દર્શનથી સ્વાધ્યાયમાં વિઘ્ન થાય, તેવા ચિત્રમાં રહેલી સ્ત્રી આદિના દર્શનથી પૂર્વે ક્રીડા કરેલનું સ્મરણ થાય, ક્રીડા ન કરી હોય તેનું કૌતુક થાય.

હવે ફલહક આદિ સંસ્તારકને આશ્રીને કહે છે—

● સૂત્ર-૪૩૩ :-

*કોઈ સાધુ-સાધ્વી સંથારાની ગવેષણા કરવા ઇચ્છે અને જે સંસ્તારકને*





*ઇંડા યાવત્ કરોળીયાના જાળાથી યુક્ત જાણે, તેવા પ્રકારનો સંસ્તારક મળવા છતાં ગ્રહણ ન કરે. [૧] જો સાધુ-સાધ્વી તે સંસ્તારકને ઇંડા આદિથી રહિત જાણે પણ તે ભારે હોય તો પણ ગ્રહણ ન કરે [૨]. સાધુ-સાધ્વી સંથારાને ઇંડાદિથી રહિત અને હલકો જાણે તો પણ અપ્રાતિહારિક હોય તો ગ્રહણ ન કરે [૩]. સાધુસાધ્વી સંથારાને ઇંડાદિથી રહિત, હલકો, પ્રાતિહારિક જાણે તો પણ યોગ્ય રીતે બાંધેલ ન હોય તો ન ગ્રહણ કરે [૪]. પરંતુ જો સાધુસાધ્વી જાણે કે ઉક્ત ચારે દોષ નથી તો મળે ત્યારે ગ્રહણ કરે [૫].*

● વિવેચન :-

તે સાધુને જો સુવા માટે પાટિયું જોઈએ, તો તે સંબંધી પાંચ સૂત્ર છે. જેમકે પહેલા સૂત્ર મુજબ ઇંડાદિના કારણે સંયમ વિરાધના દોષ લાગે બીજામાં ભારે હોવાથી લેતા મુક્તા આત્મવિરાધના થાય. ત્રીજામાં - અપ્રતિહારત્વને લીધે તેને પરઠવવાનો દોષ. ચોથામાં - સાંધા બરાબર ન જોડ્યા હોવાથી પડી જવાનો દોષ. પાંચમાં મુજબ - x - x - સર્વ દોષરહિત હોવાથી તે સંથારો કલ્પે તે બતાવ્યું. હવે સંથારાને ઉદ્દેશીને અભિગ્રહ વિશેષ કહે છે—

● સૂત્ર-૪૩૪ :-

*ઉક્ત વસતિગત અને સંસ્તારકગત દોષોને ત્યાગીને સાધુ આ ચાર પ્રતિજ્ઞા વડે સંસ્તારકની એષણા કરવાનું જાણે - જેમાં પહેલી પ્રતિજ્ઞા આ છે—*

*સાધુ કે સાધ્વી જો સંથારાનો નામ ઉલ્લેખ કરી યાચના કરે જેમકે — ઇક્કડ, કઢિણ, જંતુક, પરગ, મોરગ, તૃણક, સોરગ, કુશ, કુર્ચક, પિપ્પલક કે પલાલગ; સાધુ આમાંનો જે સંથારો લેવો હોય તે પહેલા વિચારી લે અને કહે કે, હે આયુષ્યમાન્ ! મને આમાંનો કોઈ એક સંથારો આપો. આવા સંથારાની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ આપે તો પ્રાસુક-એષણીય જાણી લે.*

● વિવેચન :-

પૂર્વે બતાવેલા વસતિના અને સંથારાના દોષોને તજીને તથા હવે કહેવાનારા દોષોનો ત્યાગ કરી સંથારો લેવો તે કહે છે - તે ભાવભિક્ષુ એમ જાણે કે આ ચાર અભિગ્રહની પ્રતિજ્ઞા વડે સંથારો શોધે. તે આ રીતે—

ઉદ્દિષ્ટ, પ્રેક્ષ્ય, તેના ઘરનો, યથા સંસ્તૃત. તેમાં ૧-ઉદ્દિષ્ટમાં ફલહક આદિમાંથી કોઈ એક લઈશ, બીજો નહીં તે પ્રથમ. ૨-જેવો મનમાં પૂર્વે ધારેલ છે, તેવો આંખે દેખીશ તો જ લઈશ, અન્ય નહીં, ૩-તે પણ તે શય્યાતરના ઘરમાં હશે તો જ લઈશ, બીજેથી લાવીને સુઈશ નહીં. ૪-તે પણ સંસ્તારક ફલહક આદિ જેવો હશે તેવો જ વાપરીશ.

આ ચારમાંની પ્રથમ બે પ્રતિજ્ઞા ગચ્છ નિર્ગત સાધુને કલ્પતી નથી, પાછલી બેમાંથી કોઈ કલ્પે. ગચ્છવાસી સાધુને તો ચારે કલ્પે. તે સૂત્ર વડે કહે છે.

તેમાં આ પહેલી પ્રતિજ્ઞા છે. જેમકે - ઉદ્દેશી ઉદ્દેશીને ઇક્કડ આદિમાંથી

કોઈપણ લઈશ એવા અભિગ્રહધારી બીજું મળે તો પણ ન લે. બાકી સુગમ છે. વિશેષ એ કે - કઠિન તે વંશકાષ્ઠાદિ, જંતુક અને પરક એ તૃણ વિશેષ છે મોરગ-તે મોરના પીંછાથી બનેલ. ભીનાશ વાળા દેશ માટે આ સંથારા છે.

● **સૂત્ર-૪૩૫ :-**

*હવે બીજી પ્રતિજ્ઞા-સાધુ-સાધ્વી સંસ્તારકને જોઈને યાચના કરે. ગૃહસ્થ યાવત્ નોકરાણીને પહેલાથી વિચારીને કહે, હે આયુષ્યમાન્ ! કે બહેન ! આમાંથી મને કોઈ સંથારો આપશો ? યાવત્ ગ્રહણ કરે.*

*હવે ત્રીજી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી જે ઉપાશ્રયમાં રહ્યા હોય, ત્યાં જેવા સંથારા હશે, તેવા લઈશ. બીજાને ત્યાંથી નહીં. જેમકે ઇક્કડ યાવત્ પલાલ. તે મળે તો ગ્રહણ કરીશ નહીં મળે તો ઉક્કુડુ આદિ આસને રહીશ.*

● **વિવેચન :-**

અહીં પણ પૂર્વવત્ બધું કહેવું. વિશેષ એ કે આ સંથારો નજરે દેખે તો જ યાચના કરે. એ રીતે ત્રીજી પ્રતિજ્ઞા જાણવી. તેમાં વિશેષ એ કે ગચ્છ નિર્ગત કે ગચ્છવાસીને વસતિ દાતા જ સંથારો આપે તો ગ્રહણ કરે, તે ન મળે તો ઉત્કટુક આસને કે પદ્માસને બેસી રાત્રિ વીતાવે.

● **સૂત્ર-૪૩૬ :-**

*આ ચોથી પ્રતિજ્ઞા-સાધુ કે સાધ્વી પહેલાથી જ બીછાવેલા સંથારાની યાચના કરે. જેમ કે પૃથ્વીશિલા કે કાષ્ઠશિલા. એવો સંથારો મળે તો ગ્રહણ કરે, ન મળે તો ઉત્કટુક આસને કે પદ્માસને બેસે.*

● **વિવેચન :-**

સુગમ છે. વિશેષ એ કે શિલાદિ સંથારો પાથરેલ હોય તો જ સુવે.

● **સૂત્ર-૪૩૭ :-**

*આ ચારમાંની કોઈપણ પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર યાવત્ અન્યોન્ય સમાધિપૂર્વક વિચરે. [બીજાની નિંદા ન કરે.]*

● **વિવેચન :-**

આ ચારમાંની કોઈપણ પ્રતિજ્ઞા સ્વીકારનાર બીજી પ્રતિજ્ઞાવાળા સાધુની નિંદા ન કરે, કેમકે તે બધા જિનાજ્ઞા આશ્રીને સમાધિમાં વર્તે છે.

હવે પ્રાતિહારિક સંથારો પાછો આપવાની વિધિ કહે છે—

● **સૂત્ર-૪૩૮ :-**

*સાધુ-સાધ્વી સંથારો પાછો આપવા ઇચ્છે, પણ તે જાણે કે સંથારો ઇંડા યાવત્ જાળાવાળો છે, તો તેવો સંથારો પાછો ન આપે.*

● **વિવેચન :-**

સૂત્રાર્થ મુજબ જાણવું. વળી—

● **સૂત્ર-૪૩૯ :-**

*સાધુ-સાધ્વી સંથારો પાછો આપવા ઇચ્છે અને તેને ઇંડાદિથી રહિત જાણે તો પડિલેહણ-પ્રમાર્જન કરી, તપાવી, ખંખેરી જયણાપૂર્વક આપે.*

● **વિવેચન :-**

સુગમ છે. હવે વસતિમાં વસવાની વિધિ કહે છે—

● **સૂત્ર-૪૪૦ :-**

*સાધુ-સાધ્વી સ્થિરવાસ હોય, માસકલ્પી હોય કે ગામ ગામ વીચરતા હોય, તે પ્રાજ્ઞ સાધુ પહેલાથી મળ-મૂત્ર ત્યાગ ભૂમિ જોઈ રાખે. કેવલીનું કથન છે કે અપ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ કર્મબંધનું કારણ છે. સાધુ-સાધ્વીને રાત્રે કે વિકાલે મળ-મૂત્ર પરઠવતા પગ લપસે કે પડે. તે રીતે લપસતા કે પડતા હાથ-પગ આદિ ભાંગે અથવા પ્રાણિ આદિની હિંસા થાય. તેથી તેમનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે ભૂમિ પડિલેહવી.*

● **વિવેચન :-**

સુગમ છે. આ સાધુની સામાચારી છે કે વિકાલે પ્રશ્રવણાદિ ભૂમિનું પ્રત્યુપેક્ષણ કરે. હવે સંસ્તારક ભૂમિનો અધિકાર કહે છે—

● **સૂત્ર-૪૪૧ :-**

*સાધુ કે સાધ્વી શય્યા-સંસ્તારક ભૂમિની પ્રતિલેખના કરવા ઇચ્છે તો આચાર્ય, ઉપાધ્યાય યાવત્ ગણાવચ્છેદક, બાળ, વૃદ્ધ, શૈક્ષ, ગ્લાન કે અતિથિ સાધુ દ્વારા સ્વીકૃત્ ભૂમિ છોડીને કિનારે કે મધ્યસ્થાને, સમ કે વિષમ, હવાવાળી કે નિર્વાત ભૂમિમાં યતનાપૂર્વક પડિલેહણ-પ્રમાર્જન કરી-કરીને અત્યંત પ્રાસુક શય્યા-સંસ્તારકને બિછાવે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ આચાર્યાદિ સ્વીકૃત ભૂમિ છોડીને બીજી ભૂમિ પોતાના સંથારા માટે પડિલેહે. - x - x - x - હવે શયનવિધિ કહે છે.

● **સૂત્ર-૪૪૨ :-**

સાધુ-સાધ્વી સુવા ઇચ્છે તો અત્યંત પ્રાસુક શય્યા-સંસ્તારકે આરૂઢ થાય. તે સાધુ-સાધ્વી આરૂઢ થતાં પૂર્વે મસ્તકથી પગ સુધી શરીરને પૂંજીને યતનાપૂર્વક આરૂઢ થઈને પછી યતનાપૂર્વક શયન કરે.

● **વિવેચન :-**

સ્પષ્ટ છે. હવે સુતેલાની વિધિ કહે છે—

● **સૂત્ર-૪૪૩ :-**

*સાધુ કે સાધ્વી પ્રાસુક સંથારા પર શયન કરતી સમયે પરસ્પર હાથથી હાથ, પગથી પગ, શરીરથી શરીરની આશાતના ન કરવી, પણ આશાતના ન કરતા યતનાપૂર્વક પ્રાસુક સંથારા પર સુવું જોઈએ.*

*સાધુ કે સાધ્વી ઉચ્છ્વાસ લેતા કે નિશ્વાસ મુકતા, છીંક ખાતા, બગાસુ ખાતા, ઓડકાર ખાતા, વાયુનિસર્ગ કરતા પહેલેથી મુખ કે ગુદાને હાથ વડે ઢાંકે પછી યતનાપૂર્વક શ્વાસ લે યાવત્ વાતનિસર્ગ કરે.*

● વિવેચન :-

સૂત્રાર્થ મુજબ જાણવું. અહીં આ ભાવના છે - પોતાના પગથી હસ્તમાત્ર વ્યવહિત સંથારામાં સુવું. આ પ્રમાણે સુનારની નિઃશ્વસિતાદિ વિધિ સૂત્ર કહ્યું. - x - x - હવે સામાન્યથી શય્યાને આશ્રીને કહે છે–

● સૂત્ર-૪૪૪ :-

*સાધુ કે સાધ્વી કોઈ સમયે સમ કે વિષમ કે પવનવાળી કે નિર્વાત કે ધૂળવાળી કે ધૂળ વિનાની કે ડાંસ મચ્છરવાળી કે ડાંસ મચ્છર વિનાની કે જીર્ણશીર્ણ કે નવી સુદૃઢ કે ઉપસર્ગવાળી કે ઉપસર્ગરહિત કે કોઈ સમયે તેવા પ્રકારની શય્યા પ્રાપ્ત થાય તો પણ તેમાં રાગરહિત-સમભાવ ધારણ કરી રહેવું પણ લેશ માત્ર ગ્લાનિ લાવવી નહીં. આ જ સાધુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે, માટે તેઓ સદા જયણાથી વર્તે.*

● વિવેચન :-

સુખેથી સમજાય તેવું છે. તેવા પ્રકારની વસતિ વિદ્યમાન હોય તેમાંથી સમ-વિષમાદિ કોઈપણ વસતિ મળે તેમાં સમચિત્તે રહે. તેમાં દીનતાદિ ન કરે. આ જ તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે તેથી સદા તેમાં યત્ન કરે.

ચૂલિકા-૧, અધ્યયન-૨ "શય્યૈષણા, ઉદ્દેશા-૩નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ૦ અધ્યયન-૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ ૦



## ૦ શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૩ "ઈર્યા" ૦

૦ બીજું અધ્યયન કહ્યું, હવે ત્રીજું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૧-માં ધર્મ શરીરનું પાલન કરવા પિંડ બતાવ્યો. તે આ લોક પરલોકના અપાયના રક્ષણ માટે અવશ્ય વસતિમાં વાપરવો. તેથી બીજા અધ્યયનમાં વસતિનું સ્વરૂપ બતાવ્યું. હવે પિંડ તથા વસતિ શોધવા માટે ગમન કરવું, તે આ પ્રમાણે કરવું, આ પ્રમાણે ન કરવું, તે અહીં બતાવવાનું છે. આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર છે. તેમાં નિક્ષેપ, નિર્યુક્તિ, અનુગમમાં નામ નિક્ષેપાર્થે નિર્યુક્તિ–

[નિ.૩૦૮] નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ છ પ્રકારે ઈર્યાનો નિક્ષેપ છે. નામ-સ્થાપના છોડીને દ્રવ્ય ઈર્યા કહે છે–

[નિ.૩૦૯] દ્રવ્ય ઈર્યા સચિત્ત, અચિત, મિશ્ર એ ત્રણ ભેદે છે. ઈર્યા એટલે ગમન. સચિત્ત વાયુ કે પુરુષનું ગમન તે સચિત્ત દ્રવ્ય ઈર્યા. એ રીતે પરમાણું આદિ દ્રવ્યનું ગમન તે અચિતદ્રવ્ય ઈર્યા, રથ આદિનું ગમન તે મિશ્ર દ્રવ્ય ઈર્યા. ક્ષેત્ર ઈર્યા તે જે ક્ષેત્રમાં ગમન કરાય તે - x - કાળ ઈર્યા તે જે કાળમાં ગમન થાય તે.

હવે ભાવ ઈર્યા કહે છે.

[નિ.૩૧૦] ભાવ વિષય ઈર્યા બે પ્રકારે - ચરણઈર્યા, સંયમઈર્યા. તેમાં ૧૭ ભેદે સંયમાનુષ્ઠાન તે સંયમેર્યા. અથવા અસંખ્ય સંયમ સ્થાનમાં એક સંયમ સ્થાનથી બીજા સંયમ સ્થાને જવું તે. ચરણ ઈર્યા - તેમાં - x - ચરણ એટલે ગતિ કે ગમન.

તે શ્રમણનું ભાવગમન કેમ થાય ?

[નિ.૩૧૧] પ્રવચન, સંઘ, ગચ્છ, આચાર્યાદિ માટે પ્રયોજન આવતાં સાધુ ગમન કરે તે આલંબન અને વિહરણ યોગ્ય અવસર તે કાળ છે. માર્ગ એટલે લોકોએ પગ વડેલ ખુંદેલ, ત્યાં યુગ માત્ર દૃષ્ટિ રાખવી. તે આલંબન કાળ માર્ગ. તેમાં - x - ૧૬ ભંગો થાય છે. તેમાં જ પરિશુદ્ધ હોય તે જ પ્રશસ્ત છે.

[નિ.૩૧૨] ચાર કારણે સાધુનું ગમન શુદ્ધ થાય છે. દિવસે માર્ગ વડે યતનાથી જાય અથવા અકાલમાં પણ ગ્લાનાદિના આલંબને યતનાથી જતાં શુદ્ધ ગમન હોય છે. આવે માર્ગે સાધુએ યત્ન કરવો. નામ નિક્ષેપ કહ્યો.

[નિ.૩૧૩] આ અધ્યયનના ત્રણે ઉદ્દેશા જો કે ઈર્યા વિશુદ્ધિકારક છે, તે પણ ત્રણેમાં કંઈક વિશેષ છે. તે દરેકને યથાક્રમે કિંચિત્ કહીશ.

[નિ.૩૧૪] ઉદ્દેશો-૧ માં વર્ષાકાલાદિમાં સ્થાન ન લેવું તથા નિર્ગમ. શરત્ કાલાદિમાં વિહાર જેવો હોય તેવો કહે છે. તેમાં યતનાથી માર્ગે ચાલવું. ઉદ્દેશા-૨ માં નાવાદિમાં આરૂઢનું પ્રક્ષેપણ વર્ણવશે. પાણીમાં યતના રાખવી તથા જુદા જુદા પ્રશ્નમાં સાધુએ શું કરવું ? તે અહીં કહે છે.

[૩૧૫-] ઉદ્દેશા-૩-માં જો કોઈ પાણી આદિ સંબંધે પૂછે તો જાણવા છતાં અજાણ રહેવું તે અધિકાર છે. તથા ઉપધિમાં અપ્રતિબંધપણું રાખવું. કદાચ તે ચોરાઈ જાય તો સ્વજન કે રાજગૃહે ફરિયાદ ન કરવી.

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૩, ઉદ્દેશો-૧ 卐

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણોવાળું સૂત્ર ઉચ્ચારવું તે કહે છે—

● **સૂત્ર-૪૪૫ :-**

***સાધુ-સ્વામી જાણે કે વર્ષાકાળ આવ્યો, ઘણી વર્ષા થઈ, ઘણા જીવજંતુ ઉત્પન્ન થયા છે, ઘણાં બીજો ઉગ્યા છે, તે માર્ગ મધ્યે ઘણાં પ્રાણી, ઘણાં બીજ યાવત્ કરોળીયાના જાળા થયા છે, માર્ગે ચાલવું કઠિન છે, માર્ગ બરાબર દેખાતો નથી. એમ જાણીને ગામ-ગામ વિહાર ન કરવો, જયણાપૂર્વક વર્ષાવાસ વ્યતીત કરવું જોઈએ.***

● **વિવેચન :-**

મુખ્યત્વે વર્ષાઋતુ આવે અને વરસાદ વરસે ત્યારે સાધુએ શું કરવું ? અહીં વર્ષાકાળ અને વૃષ્ટિ આશ્રીને ચાર ભાંગા છે. તેમાં સાધુઓને આ જ સામાચારી છે એટલે અષાઢ ચોમાસુ આવ્યા પહેલાં ઘાસ, ફલક, ડગલ, ભસ્મ, માત્રકાદિનો પરિગ્રહ કરવો. કેમકે વધુ વર્ષા થતા ઇન્દ્રગોપક, બીચાવક, ગર્દભક આદિ ઘણાં પ્રાણી ઉત્પન્ન થાય છે. ઘણાં નવા બીજો અંકુરિત થાય છે. માર્ગે જતાં તે પ્રાણીઓ તથા બીજો યાવત્ જાળાથી માર્ગ વ્યાપ્ત હોય, તે કારણે માર્ગ શોધવો મુશ્કેલ પડે છે. સાધુ આ જાણી એક ગામથી બીજે ગામ ન જાય. તેથી સંયત સાધુ સમય જોઈને ચોમાસુ કરી લે. હવે તેનો અપવાદ કહે છે—

● **સૂત્ર-૪૪૬ :-**

***સાધુ-સાધ્વી જે ગામ યાવત્ રાજધાની વિશે એમ જાણે કે આ ગામ યાવત્ રાજધાનીમાં વિશાળ સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિ નથી, પીઠ, ફલક, શય્યા, સંસ્તારકાદિ સુલભ નથી, પ્રાસુક-એષણીય આહાર-પાણી સુલભ નથી, ઘણાં શ્રમણ, બ્રાહ્મણાદિ આવ્યા છે અને આવવાના છે, વસ્તી સઘન છે, સાધુ માટે ભિક્ષાટન, સ્વાધ્યાયાદિ માટે આવાગમન સુગમ નથી. તે જાણીને તે ગામ યાવત્ રાજધાનીમાં ચોમાસુ ન કરવું. પરંતુ સાધુ એમ જાણે કે આ ગામમાં વિશાળ સ્થંડીલભૂમિ અને સ્વાધ્યાય ભૂમિ છે, પીઠ-ફલકાદિ સુલભ છે, ભિક્ષા પ્રાસુક મલે છે, શ્રમણ-બ્રાહ્મણાદિની ભીડ નથી, આવાગમન સરળ છે. તો તેવા ગામ યાવત્ રાજધાનીમાં ચોમાસુ રહે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ યાવત્ એવા રાજધાનિ આદિ જાણે કે અહીં - x - મોટી સ્વાધ્યાય ભૂમિ તથા સ્થંડિલ ભૂમિ નથી, પીઠ ફલકાદિ સુલભ નથી, પ્રાસુક આહાર સુલભ નથી. એષણીય આહાર ન મળે - તે બતાવે છે - ઉદ્‌ગમાદિ દોષરહિત તે એષણીય, તે ન મળે. જે ગામ, નગરાદિમાં શ્રમણ, બ્રાહ્મણાદિથી - x - વસતિ આકીર્ણ છે. તે ભિક્ષાટન, સ્વાધ્યાય, ધ્યાન, સ્થંડિલાદિ કાર્યમાં જનસંકુલત્વથી આકીર્ણ છે. ત્યાં પ્રાજ્ઞ સાધુને પ્રવેશ-નિર્ગમન યાવત્ ચિંતનાદિક ક્રિયા ઉપદ્રવરહિત સંભવતી નથી.



તે જાણીને સાધુ ત્યાં ચોમાસુ ન કરે.

ઉક્ત સમસ્યાઓ ન હોય ત્યાં ચોમાસુ કરે. હવે વર્ષાકાળ પુરો થયા પછી ક્યારે ક્યાં જવું તે અધિકાર કહે છે—

● **સૂત્ર-૪૪૭ :-**

***સાધુ-સાધ્વી જાણે કે વર્ષાવાસના ચાર માસ વીતી ગયા છે, હેમંતઋતુના પણ પાંચ-દશ દિવસ વીતી ગયા છે, પણ માર્ગમાં ઘણાં પ્રાણી યાવત્ જાળા છે, ઘણાં શ્રમણ-બ્રાહ્મણનું આવાગમન થયું નથી, એમ જાણીને સાધુ ગામ-ગામ વિહાર ન કરે. પરંતુ જો એમ જાણે કે ચાર માસ પુરા થયા છે યાવત્ માર્ગમાં ઇંડા યાવત્ જાળા નથી, ઘણા શ્રમણ-બ્રાહ્મણનું આવાગમન થયું છે તેમ જાણે તો ગામ-ગામ વિહાર કરે.***

● **વિવેચન :-**

જો સાધુ જાણે કે ચોમાસા સંબંધી ચારે માસ પૂરા થયા છે અર્થાત્ કારતક ચોમાસુ પૂરું થયું છે, ત્યાં જો ઉત્સર્ગથી વૃષ્ટિ ન થઈ હોય તો પડવા દિને જ બીજે સ્થાને જઈ પારણું કરે, પણ જો વર્ષા હોય તો હેમંત ઋતુના પાંચ-દશ દિવસ ગયા પછી વિહાર કરે. તેમાં પણ જો માર્ગમાં ઇંડા યાવત્ જાળા હોય - x - બહું આવાગમન ન થયું હોય તો માગસર પૂનમ સુધી ત્યાં રહે, પછી તો ન જ રહે. તેથી વિપરીત સૂત્ર આ રીતે જ જાણવું. હવે માર્ગની યતનાનો અધિકાર કહે છે.

● **સૂત્ર-૪૪૮ :-**

***તે સાધુ-સાધ્વી ગામથી ગામ જતાં આગળ યુગમાત્ર ભૂમિ જોઈને ચાલે, માર્ગમાં ત્રસ આદિ પ્રાણીને જોઈને પગનો અગ્રભાગ ઉઠાવીને ચાલે કે પગ પાછો હટાવીને કે પગ તિર્છા કરીને ચાલે. બીજો માર્ગ હોય તો યતનાપૂર્વક બીજા માર્ગે જાય, સીધા માર્ગે ન જાય. એ જ પ્રમાણે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.***

***તે સાધુ-સાધ્વી ગામથી ગામ જતાં હોય અને માર્ગમાં પ્રાણી, બીજ, હરિતકાય, સચિત્ત પાણી કે માટી હોય તો બીજો માર્ગ મળતો હોય ત્યાં સુધી સીધા માર્ગે ન જાય. એ રીતે જયણાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ બીજે ગામ જતાં આગળ ચાર હાથ પ્રમાણ ગાડાના ધૂસરા આકારે ભૂ ભાગ દેખતો ચાલે, ત્યાં માર્ગમાં પતંગ આદિ ત્રસ જીવોને જુએ કે તે પગને કે પગના તળીયાને અડકે છે તો તેને ઓળંગીને ચાલે. આવા પ્રાણી પગ પાસે આવે ત્યારે પગ સંભાળીને મૂકે અથવા પગનો અગ્રભાગ ઉંચો કરીને કે પગને તીર્છો કરીને ચાલે. અન્ય માર્ગનો અભાવ હોય તો આ વિધિ છે, જો અન્ય માર્ગ હોય તો તે માર્ગે જ જાય, સીધા માર્ગે ગ્રામાંતરે ન જાય, એ સૂત્રનો સારાંશ છે.

● **સૂત્ર-૪૪૯ :-**

***સાધુ-સાધ્વી એકથી બીજે ગામ જતા માર્ગમાં જુદા જુદા સીમાવર્તી આદિ***

*સ્થળોમાં બનેલા ચોરના સ્થાનો, મ્લેચ્છો, અનાર્યોના સ્થાનો મળે તથા મુશ્કેલીથી આર્યોના આચાર સમજાવી શકાય, મુશ્કેલીથી અનાર્ય કર્મોથી હટાવી શકાય એવા અકાળે જાગવાવાળા અને અકાળે ખાવાવાળા પ્રદેશમાં થઈને જતા હોય ત્યારે અન્ય ગ્રામાદિમાં વિહાર થઈ શકે કે અન્ય જનપદ મળે તો તેવા મ્લેચ્છાદિ સ્થાનોમાં સાધુ ન વિચરે.*

*કેવલી કહે છે કે, તે કર્મબંધનું કારણ છે, અનાર્ય અજ્ઞાની લોક મુનિને આ ચોર છે, ચોરનો સહાયક છે, શત્રુ ગામથી આવે છે એમ કહીને સાધુને આક્રોશ કરશે યાવત્ મારશે અથવા તેના વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ છીનવી લેશ કે તોડી નાંખશે કે લુંટી લેશે કે ફેંકી દેશે. તેથી સાધુ-સાધ્વીનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે જ્યાં ચોર, અનાર્ય આદિના સ્થાન હોય ત્યાં થઈ વિહાર કરવાની ઇચ્છા ન કરે, પણ તે છોડીને યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગ્રામાંતર જતા એમ જાણે કે માર્ગે જતાં વચમાં વિવિધ પ્રકારના મહાદુષ્ટ ચોરોના સ્થાન છે, બર્બર શબર પુલિંદ આદિ મ્લેચ્છ પ્રધાન અનાર્ય લોકો જે સાડા પચીશ આર્ય દેશ છોડીને બીજા દેશોમાં રહેલા છે, તેઓ દુઃખેથી આર્ય સંજ્ઞા સમજે છે તથા કષ્ટથી આર્યધર્મ સમજે છે અને અનાર્ય સંકલ્પ છોડે છે, અકાળે ભટકનારા છે કેમકે અર્ધી રાત્રે પણ શિકારાદિ માટે જાય છે, અકાલે ભોજન કરે છે; માટે જ્યાં સુધી બીજા આર્ય-જનપદના ગામોમાં વિહાર શક્ય હોય ત્યાં સુધી તેવા અનાર્ય દેશોના ક્ષેત્રોમાં જવાનો વિચાર સાધુ ન કરે. કેમકે કેવલીએ તેને કર્મ ઉપાદાનનું કારણ કહ્યું છે.

ત્યાં જવાથી - x - સંયમ વિરાધના અને આત્મવિરાધના સંભવે છે તે બતાવે છે - મ્લેચ્છાદિ આ પ્રમાણે બોલે કે, આ ચોર છે, જાસુસ છે, તેના ગામથી આવેલો છે એમ કહી વચનથી આક્રોશ કરે, દંડ વડે તાડન કરે અને જીવ પણ લઈ લે. વસ્ત્રાદિ ખૂંચવી લે. સાધુને કાઢી મૂકે. - x - સાધુએ આવા મ્લેચ્છ સ્થાનોમાં ન જવું પણ સારા માર્ગે વિહાર કરવો.

● **સૂત્ર-૪૫૦ :-**

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા માર્ગમાં એમ જાણે કે આ પ્રદેશ રાજા વગરનો, ઘણાં રાજાવાળો, યુવરાજ જ હોય તેવો, બે રાજાવાળો, બે રાજ્યોમાં વેર હોય તેવો કે વિરોધીનું રાજ્ય હોય તેવો છે તો બીજા માર્ગેથી જાય પણ આવા પ્રદેશની વચ્ચેથી ન જાય. કેવલી કહે છે કે તે કર્મબંધનું કારણ છે, ત્યાંના અજ્ઞાની લોકો-'આ ચોર છે' ઇત્યાદિ સૂત્ર-૪૪૯ મુજબ જાણવું, તેથી મુનિ તે દેશ છોડી નિરુપદ્રવ માર્ગે જાય.*

● **વિવેચન :-**

સરળ છે. अराजा - રાજા મૃત્યુ પામ્યો હોય, યુવરાજ-અભિષેકરહિત.



● **સૂત્ર-૪૫૧ :-**

*એક ગામથી બીજે ગામ જતાં સાધુ-સાધ્વીને માર્ગમાં લાંબી અટવી આવે તો તેણે જાણવું જોઈએ કે આ અટવી એક-બે-ત્રણ-ચાર કે પાંચ દિવસમાં પાર કરી શકાશે કે નહીં ? જો બીજો માર્ગ હોય તો આવી અનેક દિવસે પાર કરી શકાય તેવી અટવીમાં થઈને ન જાય. કેવલી કહે છે કે ત્યાંથી જવું તે કર્મબંધનું કારણ છે, ત્યાં જતા વચ્ચે વાસ કરવો પડે તો પ્રાણી, લીલફુગ, બીજ, હરિત, સચિત્ત પાણી-માટી આદિથી વિરાધના થાય. સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે યાવત્ આવી અટવીમાં વિહાર ન કરે, પણ બીજા માર્ગોથી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ ગ્રામાંતર જતા એમ જાણે કે માર્ગમાં જતાં મને કેટલાંક દિવસ લાગશે, ત્યારે આવા માર્ગને જાણીને જો બીજો વિહાર માર્ગ હોય તો આવા સ્થાનેથી જવાનો વિચાર ન કરે. - x - હવે નાવ-ગમન વિધિ કહે છે.

● **સૂત્ર-૪૫૨ :-**

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતા જાણે કે માર્ગમાં નૌકાથી પાર કરી શકાય તેટલું પાણી છે, પણ જો તે નૌકા ગૃહસ્થે સાધુના નિમિત્તે ખરીદેલી, ઉધાર લીધેલી કે નૌકા બદલે નૌકા લીધી છે. સ્થળમાંથી જળમાં ઉતારેલી છે કે જલમાંથી સ્થળમાં કાઢી છે, ભરેલી નૌકાનું પાણી ઉલેચી ખાલી કરી છે કે ફસાયેલીને બહાર ખેંચી કાઢી છે; એવા પ્રકારની નૌકા ઉપર, નીચે કે તીર્છી ચાલવાવાળી હોય, તે પછી એક યોજન-અર્ધયોજન કે તેનાથી ઓછી-વધુ જવાવાળી હોય તો પણ સાધુ-સાધ્વી તે નૌકામાં ન બેસે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે આ નૌકા સામે પાર જવાની છે, તો પોતાના ઉપકરણ લઈને એકાંતમાં જાય, જઈને ઉપકરણોનું પડિલેહણ કરે, કરીને તે એકત્ર કરે, એકત્ર કરીને મસ્તકથી પગ સુધી સંપૂર્ણ શરીરનું પ્રમાર્જન કરે, પછી આહારના સાગારી પચ્ચક્ખાણ કરે, પછી એક પગ જલમાં અને એક પગ સ્થળમાં રાખી યતનાપૂર્વક નૌકા પર ચઢે.*

● **વિવેચન :-**

સૂત્રાર્થ મુજબ જ જાણવું. હવે કારણે નાવ આરોહણ વિધિ કહે છે—

● **સૂત્ર-૪૫૩ :-**

*સાધુ-સાધ્વી નૌકા પર ચઢે ત્યારે નૌકાના આગલા ભાગમાં ન બેસે, પાછલા ભાગમાં ન બેસે, મધ્ય ભાગે ન બેસે. નૌકાના બાજુના ભાગને પકડી-પકડીને, આંગળી ચીંધી-ચીંધીને, શરીરને ઉંચુ-નીચું કરીને ન જુએ.*

*જો નાવિક નૌકામાં ચઢેલ સાધુને કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ નૌકાને આગળ ખેંચો કે પાછળ ખેંચો, ચલાવો કે દોરડાઓ ખેંચો. આ સાંભળી મુનિ લક્ષ ન આપે પણ ઉપેક્ષા ભાવ ધરી મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! નૌકાને આગળ પાછળ ખેંચવામાં કે દોરડાથી નૌકાને સારી રીતે બાંધવામાં કે દોરડાથી ખેંચવામાં સમર્થ ન હોય તો નૌકાનું દોરડું લાવી આપો, અમે પોતે જ નૌકાને આગળ-પાછળ ખેંચી લેશું, દોરડાથી સારી રીતે બાંધીશું અને પછી ખેંચીશું. સાધુ નાવિકના આ વચનને ન સ્વીકારે પણ મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ નાવને તમે હલેસા-પાટીયા-વાંસ-વળી-ચાટવા આદિથી ચલાવો. સાધુ નાવિકના આ વચનને ન સ્વીકારે પણ ઉપેક્ષાભાવે મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે કે, નાવમાં ભરાયેલ પાણીને હાથ-પગ-વાસણ કે પાત્રથી નૌકાના પાણીને ઉલેચીને બહાર કાઢો. સાધુ નાવિકના તે કથનને ન સ્વીકારે પણ ઉપેક્ષાભાવે મૌન રહે.*

*નૌકામાં બેઠેલ મુનિને નાવિક કહે, આ નાવમાં થયેલ છિદ્રને હાથ, પગ, ભુજા, જાંઘ, પેટ, મસ્તક, કાયા, ઉપકરણ, વસ્ત્ર, માટી, કુશપત્ર કે કમલપત્રથી બંધ કરી દો; સાધુ તેના આ કથનને ન સ્વીકારે, મૌન રહે.*

*સાધુ-સાધ્વી નૌકાના છિદ્રમાંથી પાણી ભરાતું જોઈને, તે પાણીથી નૌકાને હાલકડોલક થતી જોઈને નાવિક કે કોઈની પાસે જઈને એમ ન કહે કે, હે આયુષ્યમાન્ ગાથાપતિ ! તારી આ નાવના છિદ્રમાંથી પાણી ભરાઈ રહ્યું છે, નાવ ડૂબી રહી છે, આ પ્રકારે મન કે વચનને આગળ-પાછળ ન કરીને સાધુ વિચરણ કરે. પોતાના શરીર કે ઉપકરણની મૂર્છા ન કરીને તથા પોતાની લેશ્યાને સંયમ બાહ્ય પ્રવૃત્તિમાં ન રોકીને, પોતાના આત્માને એકત્વ ભાવમાં લીન કરીને સમાધિ સ્થિત થઈ, વ્યુત્સર્ગ કરે.*

*નૌકામાં બેઠેલ મુનિનો આ આચાર બતાવ્યો, તેનું સમ્યક્ પાલન કરી પછી યતનાપૂર્વક નૌકામાંથી ઉતરે. મુનિ આ વિધિનું સારી રીતે પાલન કરતો વિચરે. તેમ હું કહું છું.*

**● વિવેચન :-**

*[નિશીથ ચૂર્ણિમાં પણ આવા પાઠ જોવા મળે છે.]*

સ્પષ્ટ છે. નાવના અગ્ર ભાગે ન બેસે જેથી ખલાસીને ઉપદ્રવ ન થાય. બીજા લોકોને ચડવા પહેલાં પોતે ન ચઢે, કેમકે તેથી પ્રવર્તન અધિકરણ દોષ ન લાગે. તેમાં રહીને કોઈના કહેવાથી નાવ-પ્રવૃત્તિ ન કરે, ન કરાવે. વિશિષ્ટ અધ્યવસાયપૂર્વક વિધિ પાળે, તે ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૩, ‘‘ઈર્યા’’ ઉદ્દેશા-૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ચૂલિકા-૧, અધ્યયન-૩ - ઉદ્દેશો-૨

૦ ઉદ્દેશો-૧- કહ્યો, હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૧-માં નાવમાં બેઠેલ સાધુની વિધિ કહી, અહીં પણ તે જ કહે છે, આ સંબંધે આવેલા આ ઉદ્દેશાનું પહેલું સૂત્ર કહે છે—

**● સૂત્ર-૪૫૪ :-**

*નૌકામાં રહેલ કોઈ નૌકારૂઢ મુનિને કહે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે આ છત્ર યાવત્ ચર્મછેદનકને પકડો, આ વિવિધ પ્રકારના શસ્ત્રોને ધારણ કરો અથવા આ બાળકને પાણી આપો. મુનિ તેમ ન કરે, મૌન રહે.*

**● વિવેચન :-**

— સૂત્રાર્થ મુજબ જાણવું - નાવિકના કહ્યા પ્રમાણે ન કરવાથી તો ક્રોધી થઈને સાધુને નાવમાંથી ફેંકી દે તો શું કરવું ? તે કહે છે—

**● સૂત્ર-૪૫૫ :-**

*નૌકામાં રહેલ કોઈ વ્યક્તિ, નૌકામાં બેઠેલ કોઈ બીજાને કહે કે, આ શ્રમણ નાવનો ભાર વધારનાર છે, તેને બાહુથી પકડી પાણીમાં ફેંકી દો, આવા શબ્દ સાંભળીને-સમજીને તે જો વસ્ત્રધારી હોય તો શીઘ્ર ભારે વસ્ત્ર અલગ કરી હળવા વસ્ત્રો ધારણ કરે, તેમજ મસ્તકાદિ પર લપેટી લે.*

*હવે જો મુનિ જાણે કે આ અજ્ઞાની ક્રૂરકર્મા લોકો અવશ્ય મને બાહુ પકડીને પાણીમાં ફેંકશે, તો મુનિ પહેલાં જ કહી દે, હે આયુષ્યમાન્ ગૃહસ્થો ! મને બાહુથી પકડી નાવમાંથી પાણી ન ફેંકો, હું જાતે જ નાવથી પાણીમાં ઉતરી જઉં છું. મુનિ એમ કહે તો પણ તે જલ્દીથી બળપૂર્વક બાહુ પકડી પાણીમાં ફેંકી દે તો મુનિ હર્ષ કે શોક ન કરે, સંકલ્પ-વિકલ્પ ન કરે, તે અજ્ઞાનીજનનો વધ કે ઘાત કરવા તૈયાર ન થાય, શાંત ચિત્તે ગભરાયા વિના સમાધિપૂર્વક યતનાથી પાણીમાં પ્રવેશ કરે.*

**● વિવેચન :-**

તે-ગૃહસ્થ સાધુને ઉદ્દેશીને બીજાને કહે કે, આ સાધુ કામ કર્યા વિના માત્ર ભાંડ કે ઉપકરણ વડે બોજારૂપ છે. તેને - x - પકડીને ફેંકી દો. આવા શબ્દો સાંભળીને કે કોઈ પાસેથી જાણીને તે ગચ્છવાસી કે ગચ્છ નિર્ગત મુનિ હોય તે તુર્ત બોજાવાળા નકામા વસ્ત્ર ઉતારીને જરૂર જોગ હલકા વસ્ત્રાદિ શરીરે વીંટી લે, માથે બાંધી લે. આ રીતે ઉપકરણ વીંટી લીધેલ સાધુ સુખેથી, નિર્વ્યાકુળતાથી પાણીમાં તરે છે. પછી ધર્મોપદેશના વડે સાધુનો આચાર સમજાવે છતાં ગૃહસ્થો પાણીમાં નાંખવા તૈયાર થાય તો ઇત્યાદિ સુગમ છે. હવે પાણીમાં પડેલાની વિધિ કહે છે—

**● સૂત્ર-૪૫૬ :-**

*સાધુ-સાધ્વી પાણીમાં તણાતા હોય ત્યારે હાથથી હાથ, પગથી પગ કે શરીરથી શરીરનો સ્પર્શ ન કરે. પરસ્પર ન સ્પર્શતા યતનાપૂર્વક પાણીમાં તણાય.*

*તે સાધુ પાણીમાં તણાતા ઉપર-નીચે જવાની ક્રિયા ન કરે. એમ પણ ન વિચારે કે આ પાણી મારા કાન-આંખ-નાક-મુખમાં પ્રવેશ ન કરે. પણ યતનાપૂર્વક પાણીમાં તણાય. સાધુ જો પાણીમાં તણાતા થાકી જાય તો જલ્દીથી વસ્ત્ર પાત્રાદિ ઉપધિ છોડી દે કે નિસ્સારને ફેંકી દે-આસક્તિ ન રાખે. જો જળાશયના કિનારે પહોંચી જાય તો જ્યાં સુધી શરીર પાણીથી ભીંજાયેલ રહે ત્યાં સુધી યતનાપૂર્વક કિનારે સ્થિર રહે. તે સાધુ પાણીથી ભીંજાયેલ શરીરને લુંછે નહીં, પૂંજે નહીં, દબાવે નહીં, સૂકાવે નહીં, મસળે નહીં, ઘસે નહીં, તપાવે નહીં પરંતુ જ્યારે સાધુને પ્રતીતિ થાય કે હવે શરીર સુકાઈ ગયું છે ત્યારે શરીર લુંછે-પૂંજે-યાવત્ તડકામાં તપાવે અને ત્યારબાદ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ પાણીમાં પડ્યા પછી અપ્કાય જીવના રક્ષણ માટે હાથ આદિ વડે હાથ આદિને ન સ્પર્શે પણ સંયત થઈ પાણીમાં તરે. પાણીમાં તરતા ડૂબકી ન લગાવે. બાકી સુગમ છે. જો તે પાણીમાં તરતા થાકી જાય તો પોતાની ઉપધિ કે તેનો ભાગ ત્યાગ કરે. ઉપધિમાં આસક્ત ન થાય. જો સમર્થ હોય તો ઉપધિ સહિત જળને પાર કરે. પાણી ટપકતાં શરીરે કિનારે ઉભો રહે અને ઇર્યાવહી પડિક્કમે. પણ શું ન કરે તે સ્પષ્ટ છે. વિશેષમાં આ સામાચારી છે કે ભીના વસ્ત્રો-શરીર નીતરી ન જાય ત્યાં સુધી કિનારે ઉભા રહે. પણ ચોર આદિના ભયથી જવું પડે તો કાયાને સ્પર્શ કર્યા વિના લાંબા હાથ રાખી ચાલ્યા જવું.

● સૂત્ર-૪૫૭ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતાં બીજા સાથે વાતો કરતા ન જાય. પણ યતના પૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

સરળ છે. બીજા સાથે વિશેષ વાતચીત કરતા ન ચાલે. - x -

● સૂત્ર-૪૫૮ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા માર્ગમાં જાંઘ સુધીના પાણીમાં ઉતરવાનું હોય તો પહેલા માથાથી પગ સુધી શરીરને પ્રમાર્જે. પ્રમાર્જીને એક પગ જળમાં અને એક પગ સ્થળમાં રાખી યતનાપૂર્વક આર્યજનોચિત વિધિથી જળમાં ચાલે. આ રીતે ચાલતા તે સાધુ હાથથી હાથને યાવત્ ન સ્પર્શતા-[અપ્કાયની વિરાધના ન કરી] યતનાપૂર્વક જંઘા સુધીના પાણીમાં ચાલે. સાધુ-સાધ્વી એ રીતે ચાલતા શરીરની સાતાને માટે કે દાહ ઉપશાંત કરવા માટે ઉંડા અને વિશાળ જળમાં શરીરને ન ઝબોળે પણ યતનાપૂર્વક જંઘા સુધીના પાણીમાં ચાલે. જ્યારે એમ જાણે કે કિનારો આવીગયો છે ત્યારે યતનાપૂર્વક પાણીમાંથી નીકળી શરીર ભીનું હોય ત્યાં સુધી કિનારે રહે. તે સાધુ ભીંજાયેલા શરીરને સ્પર્શે નહીં, રગડે નહીં, પૂંજે નહીં, મસળે નહીં ઇત્યાદિ પણ જ્યારે શરીર સૂકાયું છે તેમ જાણે પછી સ્પર્શે યાવત્ તાપમાં ઉભા*



*રહીને શરીરને તપાવે. પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

● સૂત્ર-૪૫૯ :-

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા હોય અને પગ કીચડથી ખરડાઈ જાય તો તેને સાફ કરવા ઉન્માર્ગમાં જઈ સચિત્ત વનસ્પતિ છેદન કે લીલા પાન ભેગા કરી કે કચડીને, ઉખેડીને, મસળીને પગ સાફ ન કરે. જે આ રીતે જલ્દીથી વનસ્પતિ વડે પગની માટી સાફ કરે છે, તે માયા સ્થાનને સ્પર્શે છે, માટે સાધુએ તેમ ન કરવું. તે પહેલાથી જ વનસ્પતિરહિત માર્ગ જુએ [શોધે], તે માર્ગે જ યતનાપૂર્વક વિચરે.*

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતાં જાણે કે માર્ગમાં ટેકરા, ખાઈ, કિલ્લો, તોરણ, અર્ગલા, ખાડા, ગુફા, દરાદિ હોય અને બીજો માર્ગ સારો હોય તો સીધા માર્ગે ન જાય, પણ તે માર્ગે યતનાપૂર્વક જાય, કેવલી ભગવંતે વિષમ માર્ગે જતાં કર્મબંધનનું કારણ બતાવેલ છે. વિષમ માર્ગે જતા લપસી કે પડી જવાથી તે વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લતા, વેલ કે ઘાસને પકડીને કે તેનું અવલંબન લઈને ઉતરશે. જે યોગ્ય નથી. વિશેષ કારણે તે જ માર્ગે જવું પડે તો યતનાપૂર્વક વૃક્ષ, વેલ આદિનો સહારો લેતો અથવા કોઈ પથિક જતો હોય તો તેના હાથનો સહારો લઈ યતનાપૂર્વક ચાલે એ રીતે સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરે.*

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતા હોય ત્યારે માર્ગમાં જવ, ઘઉં આદિ ધાન્યોના ઢેર હોય, ગાડા કે રથ હોય, સ્વ કે પર શાસકની સેનાના વિવિધ પડાવથી માર્ગ રોકાયેલો હોય તો બીજા માર્ગે યતનાપૂર્વક જાય પણ સીધા માર્ગે ન જાય. કેમકે સેનામાંથી કોઈ કહે કે, હે આયુષ્યમાન્ ! આ સાધુ સેનાના ગુપ્ત ભેદ લઈ રહ્યા છે માટે હાથ પકડી તેને હટાવો અને કોઈ બીજા હાથ પકડી ખસેડી મૂકે, તો મુનિ પ્રસન્ન કે અપ્રસન્ન ન થાય યાવત્ પોતાના ચિત્તને સમાધિયુક્ત રાખી ગ્રામાનુગ્રામ વિચરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ નદી પાર ઉતરે તે વખતે જો ઉન્માર્ગે જઈને ગારથી ખરડેલા પગે લીલા ઘાસને છેદીને કે વાંકુ વાળીને તથા ખેંચી કાઢીને પોતાના પગ સાફ કરવાના ઇરાદાથી વનસ્પતિને દુઃખ દે તો એ કપટનું નિંદિત કાર્ય છે, માટે તેમ ન કરવું

શેષ સુગમ છે.

સાધુને વિહાર કરતા માર્ગમાં કિલ્લો આદિ જોવા મળે તો બીજા માર્ગે જાય પણ તે સીધા માર્ગે ન જાય કેમકે ત્યાં જતા ખાડા આદિમાં પડતા સચિત્ત વૃક્ષાદિને પકડે તે અયુક્ત છે. જો કારણે તે જ માર્ગે જવું પડે તો જતા ક્યાંક પડે તેમ હોય તો વેલી આદિનો પણ સહારો લે અને આવતા પથિકનો હાથ માગીને યતનાપૂર્વક જાય.

તે ભિક્ષુને ગ્રામાંતર જતા ઘઉં આદિ ધાન્યના ગાડાં કે સૈન્યના પડાવ આદિ હોય તો ત્યાં ઘણાં અપાયનો સંભવ છે તેથી બીજો માર્ગ સંભવતો હોય તો તે માર્ગે ન જાય. બાકી સુગમ છે.

● **સૂત્ર-૪૬૦ :-**

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ જતા હોય ત્યારે માર્ગમાં કોઈ પથિક મળે અને સાધુને પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ ગામ યાવત્ રાજધાની કેવા છે ? અહીં ઘોડા, હાથી, ભિક્ષાજીવી મનુષ્યો કેટલા છે ? અહીં ભોજન, પાણી, મનુષ્યો, ઘઉં આદિની પ્રચૂરતા છે કે અલ્પતા છે ? આવા પ્રશ્નો પૂછે તો સાધુ તેનો ઉત્તર ન આપે. વગર પૂછ્યે કંઈ ન કહે. આ સાધુ-સાધ્વીનો આચાર છે, તેનું યતનાપૂર્વક પાલન કરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુને માર્ગે ચાલતા પથિક મળે તો ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૩ "ઈર્યા" ઉદ્દેશા-૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૩, ઉદ્દેશો-૩ 卐

૦ બીજો ઉદ્દેશો કહ્યો, હવે ત્રીજો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે. ઉદ્દેશા-૨ માં ગમનવિધિ કહી, અહીં પણ તે કહે છે. તે સંબંધનું સૂત્ર—

● **સૂત્ર-૪૬૧ :-**

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વી માર્ગમાં કોઈ ટેકરા યાવત્ ભૂમિગૃહ, કૂટાગાર કે પ્રાસાદ, ભૂગૃહ, વૃક્ષ નીચે બનેલ ઘર, પર્વતગૃહ, વૃક્ષ, ચૈત્યસ્તૂપ, ચૈત્યસ્થળ, લુહારશાળા યાવત્ ભવનગૃહને હાથ ઉંચા-નીચા કરી, આંગળી ચીંધી, નીચે ઝૂકી કે ઉંચા થઈને ન જુએ પણ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.*

*સાધુ-સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા હોય ત્યારે માર્ગમાં કચ્છ, ઘાસની વીડ, તળેટી, નદી આદિથી ઘેરાયેલ પ્રદેશ, નિર્જલ પ્રદેશ, નિર્જનભૂમિ, ગહન દુર્ગમવન, ગહન દુર્ગમ પર્વત, પર્વત પરનું દુર્ગમ સ્થાન, કૂવો, તળાવ, દ્રહ, નદી, વાવડી, પુષ્કરિણી, દીર્ધિકા, ગુંજાલિકા, સરોવર, સારપંક્તિ, સરસરપંક્તિ આદિને હાથ ઉંચા કરી કરીને યાવત્ તાકી-તાકીને ન જુએ.*

*કેવલીએ ઉક્ત કથનોને કર્મબંધનું કારણ કહેલ છે. પૂર્વોક્ત સ્થળોને આ રીતે જોવાથી ત્યાં રહેલા મૃગ, પશુ, પક્ષી, સાંપ, સિંહ, જલચર, સ્થલચર, ખેચર કે સત્વો ત્રાસ પામશે, રક્ષા માટે ખેતરની વાડી કે ઝાડીનો આશ્રય લેવા ઇચ્છશે, આ શ્રમણ અમને ભગાડવા ઇચ્છે છે એમ સમજશે. માટે સાધુનો પૂર્વોલ્લેખિત આચાર છે કે હાથ ફેલાવી-ફેલાવી ન જુએ ઇત્યાદિ, પરંતુ યતનાપૂર્વક આચાર્ય-ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુને ગ્રામાનુગ્રામ ચાલતા માર્ગમાં જુએ - જેમકે - ખાઈ, કોટ, પર્વત



ઉપરિગૃહ ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવા યાવત્ આ સ્થાનોને ન જોવા, ન દેખાડવા. તેમાં દોષો આ છે કે - ત્યાં આગ લાગે કે ચોરી થાય તો સાધુ ઉપર શંકા આવે અથવા સાધુને અજિતેન્દ્રિય જાણે, ત્યાં રહેલ પક્ષીનો સમુદાય ત્રાસ પામે. આ દોષ ભયથી યતનાપૂર્વક જ વિચરે.

તથા તે ભિક્ષુ ગ્રામાન્તર જતાં આવું બને, જેમકે - નદી નજીકના નિમ્ન પ્રદેશો કે મૂળા-વાલોરની વાટિકા, અટવીમાં ઘાસ માટે રાજકૂલે રોકેલ ભૂમિ, ખાડાઓ, નદીથી વેષ્ટિત ભૂમિ ભાગ, નિર્જલ પ્રદેશ કે અરણ્ય ક્ષેત્ર, દીર્ઘ-ગંભીર-કુટિલ-શ્લક્ષ્ણ જળાશય, સરોવર, પરસ્પર સંલગ્ન ઘણાં સરોવરો, ઇત્યાદિ હાથ વડે ન દર્શાવે કે ન જુએ. તે કર્મોપાદાનનું કારણ છે, કેમકે ત્યાં રહેલા પક્ષી, મૃગાદિ ત્રાસ પામે. ત્યાં રહેલાને સાધુ વિશે શંકા થાય તેથી - x - આચાર્ય, ઉપાધ્યાયાદિ ગીતાર્થ સાથે વિચરે.

હવે આચાર્યાદિ સાથે જતા સાધુની વિધિ કહે છે—

● **સૂત્ર-૪૬૨ :-**

*આચાર્ય ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ હાથ વડે હાથની યાવત્ આશાતના ન કરતા યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.*

*આચાર્ય ઉપાધ્યાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુને માર્ગમાં પથિક મળે અને તે પથિક એમ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? ક્યાં જઈ રહ્યા છો ? ત્યારે આચાર્ય કે ઉપાધ્યાય સામાન્ય કે વિશેષથી ઉત્તર આપે અને આચાર્ય ઉપાધ્યાય ઉત્તર આપતા હોય ત્યારે વચ્ચે સાધુએ ન બોલવું પણ યતનાપૂર્વક દીક્ષામાં વડીલોના ક્રમથી તેમની સાથે વિચરણ કરે.*

*રત્નાધિક [દીક્ષા વડીલ] સાથે ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ તેમની સાથે હાથ વડે હાથથી યાવત્ આશાતના ન કરતા યતનાપૂર્વક વિચરે કોઈ પથિક મળે અને ઉક્ત પ્રશ્નો પૂછે તો રત્નાધિક ઉત્તર આપે અને રત્નાધિક ઉત્તર આપતા હોય ત્યારે સાધુ વચ્ચે ન બોલતા વિચરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ આચાર્યાદિ સાથે વિચરતા તેમને હાથ વગેરેનો સ્પર્શ ન થાય એટલું અંતર રાખી ચાલે તથા તે વખતે પથિકે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આચાર્યાદિને અતિક્રમીને ન આપે કે તે વખતે વચ્ચે પણ ન બોલે પણ યુગમાત્ર દૃષ્ટિ રાખી યતનાપૂર્વક યથા રત્નાધિક વિચરે. આ જ વિધિ રત્નાધિક સાથે ચાલતા પણ [સૂત્રાર્થ મુજબ] જાણવી. વળી—

● **સૂત્ર-૪૬૩ :-**

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને તે પથિક એમ પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે માર્ગમાં કોઈ મનુષ્ય, સાંઢ, પાડો, પશુ, પક્ષી, સર્પ કે જલચર જોયા છે ? તો કહો - દેખાડો. ત્યારે સાધુ ન ઉત્તર આપે, ન દેખાડે. તેના કથનનું સમર્થન ન કરતા મૌન રહે. જાણવા*

*છતાં હું જાણું છું એમ ન કહે. એ રીતે યતનાપૂર્વક વિચરે.*

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને તે પથિક એમ પૂછે કે માર્ગમાં તમે જળમાં ઉત્પન્ન થતાં કંદ, મૂળ, છાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, લીલોતરી કે એકત્ર કરાયેલ જળ અથવા અગ્નિ જોયા ? સાધુ તેનો ઉત્તર ન આપે, મૌન રહે યાવત્ ગ્રામાનુગ્રામ વિચરે.*

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને એમ પૂછે કે માર્ગમાં તમે ઘઉં, જવ આદિના ઢેર યાવત્ સૈન્યના પડાવ જોયા ? સાધુ તેનો ઉત્તર ન આપતા યાવત્ ગ્રામાનુગ્રામ વિચરે.*

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં કોઈ પથિક મળે અને પૂછે કે આ ગામ યાવત્ રાજધાની કેટલા મોટા છે ? તો સાધુ તેનો ઉત્તર ન આપતા મૌન રહે યાવત્ યતનાપૂર્વક વિચરે.*

*ગ્રામાનુગ્રામ જતા સાધુ-સાધ્વીને કોઈ પથિક મળે અને પૂછે કે આ ગામ યાવત્ રાજધાની કેટલા દૂર છે ? સાધુ ઉત્તર ન આપતા યાવત્ વિચરે.*

**● વિવેચન :-**

જતાં એવા તે ભિક્ષુને સામે આવતો કોઈ મુસાફર પૂછે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! માર્ગમાં આવતા તમે કોઈ માણસ આદિને જોયા ? તે આવું પૂછે ત્યારે મૌનપણે તેની ઉપેક્ષા કરે ? અથવા જાણવા છતાં નથી જાણતો એમ કહે. - x - x - x - આ પ્રમાણે કંદ, મૂલ આદિ, ઘઉં, આદિ સંબંધી સૂત્રો પણ જાણવા, તથા ગામનું અંતર આદિ સૂત્રો જાણવા.

**● સૂત્ર-૪૬૪ :-**

*ગ્રામાનુગ્રામ વિચરણ કરતા સાધુ-સાધ્વીને માર્ગમાં ઉન્મત્ત સાંઢ, સાપ યાવત્ ચિત્તા આદિ હિંસક પશુ સામે આવતા દેખાય તો તેમનાથી ડરીને બીજા માર્ગે ન જાય, માર્ગ છોડી ઉન્માર્ગે ન ચાલે, ગહન વન કે દુર્ગમાં પ્રવેશ ન કરે, વૃક્ષ પર ન ચડે, મોટા-વિશાળ જળાશયમાં શરીર ન છુપાવે, વાડમાં ન છુપાય, સેનાદિ કોઈ શરણ કે શસ્ત્રની ઇચ્છા ન કરે. પરંતુ આત્મએકત્વભાવમાં લીન બની, સમાધિમાં સ્થિર રહી યાવત્ યતનાપૂર્વક એક ગામથી બીજે ગામ વિચર કરે.*

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વી જાણે કે માર્ગમાં લાંબી અટવી છે અને આ લાંબી અટવીમાં ઘણાં ચોર એકઠા થઈને ઉપકરણ ચોરવાની બુદ્ધિથી આવે-જાય છે, ત્યારે તેમનાથી ડરીને ઉન્માર્ગે ન જાય - યાવત્ સમાધિ ભાવમાં સ્થિર રહે પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુને ગ્રામાંતર જતા માર્ગમાં ઉન્મત્ત થયેલ બળદ કે સાપ તથા સિંહ, વાઘ યાવત્ ચિત્તાને કે તેના બચ્ચાને જુએ કે ક્રૂર શિયાળને જુએ તેના ભયથી ઉન્માર્ગે ન જાય [આદિ સૂત્રાર્થ પ્રમાણે જાણવું.] પણ ઉત્સુકતા વિના, અવિમનસ્ક થઈ યતનાપૂર્વક જવું. આ વિધિ ગચ્છનિર્ગત સાધુ માટે જાણવી. ગચ્છવાસીએ તો





સાપ વગેરેને બાજુએ ટાળીને નીકળવું.

આ રીતે દીર્ઘ અટવીવાળું સૂત્ર સૂત્રાર્થ મુજબ જાણવું.

**● સૂત્ર-૪૬૫ :-**

*સાધુ કે સાધ્વી એક ગામથી બીજે ગામ જતા હોય ત્યારે માર્ગમાં ચોરો એકઠા થઈને આવે અને તેઓ કહે કે, હે આયુષ્યમાન્ શ્રમણ ! આ વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ અમને આપી દો કે અહીં રાખી દો. ત્યારે સાધુ તે ન આપે, ન મૂકે. જો તે બળપૂર્વક લઈ લે તો સાધુ તેને પાછા લેવા તેઓની સ્તુતિ કરી યાચના ન કરે, હાથ જોડીને ન માંગે, કરુણતાથી ન માંગે, પણ ધર્મનો ઉપદેશ આપી યાચના કરે અથવા મૌન કરી ઉભા રહે. ચોરોને જે કરવું હોય તે કરે. ચોરો આક્રોશ કરે યાવત્ મારી નાંખવા પ્રયાસ કરે અથવા સાધુના વસ્ત્ર આદિ છીનવી લે યાવત્ તોડી-ફોડીને ફેંકી દે તો પણ ચોરોના આ કાર્યની ગામમાં ચર્ચા ન કરે, રાજાને ફરિયાદ ન કરે કે બીજા કોઈ પાસે જઈને પણ ન કહે કે, હે આયુષ્યમાન્ ગાથાપતિ ! આ ચોરોએ અમારા ઉપકરણાદિ આક્રોશાદિ કરીને લૂંટી લીધા છે અથવા યાવત્ તોડીફોડીને ફેંકી દીધા છે.*

*આવા કુવિચારો સાધુ મનથી પણ ન કરે કે વચનથી ન બોલે, પણ નિર્ભય, નિર્દ્વન્દ્વ અને અનાસક્ત થઈ યાવત્ સમાધિમાં સ્થિર રહે અને પછી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરણ કરે.*

*આ જ સાધુ-સાધ્વીનો ઈર્યા સંબંધી આચાર છે, સમતાયુક્ત થઈ, સાવધાની સહિત તેમાં પ્રવૃત્તિ કરે. તેમ હું કહું છું.*

**● વિવેચન :-**

તે ભિક્ષુને ગ્રામાન્તર જતાં ચોરો ઉપકરણ માંગે તો આપવા નહીં બળજબરીથી લેવા જાય તો ભૂમિ પર મૂકી દે. ચોરે લઈ લીધેલા ઉપકરણ વંદન કરી કે દીનતાપૂર્વક ન યાચે, પણ ગચ્છવાસી મુનિ ધર્મકથનપૂર્વક યાચે અથવા મૌનપણે ઉપેક્ષા કરે. ચોરો પોતાના કર્તવ્ય મુજબ વચનથી આક્રોશ કરે, દંડ વડે તાડના કરે યાવત્ જીવ લે, વસ્ત્રાદિ છીનવીને ફેંકી દે તો પણ તે વાત ગામમાં, રાજાને કે ગૃહસ્થને ન કરે, મન કે વચનથી પણ આ દુર્ભાવ ન ધરે. આ જ ભિક્ષુનો ભિક્ષુભાવ છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૩ "ઈર્યા" ઉદ્દેશા-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૩નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦

- x - x - x -x - x - x -x - x - x -

## ૐ ચૂલિકા-૧, અધ્યયન-૪ "ભાષાજાત" ૐ

૦ ત્રીજું અધ્યયન કહ્યું, હવે ચોથું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૩-માં પિંડવિશુદ્ધિ માટે ગમનવિધિ બતાવી. ત્યાં જતા માર્ગમાં આવું બોલવું કે ન બોલવું તે બતાવશે. આ સંબંધે આવેલા 'ભાષાજાત' અધ્યયનના ચાર અનુયોગદ્વારો છે. તેમાં નિક્ષેપ નિર્યુક્તિ અનુગમમાં ભાષાજાત શબ્દોના નિક્ષેપા માટે નિર્યુક્તિકાર કહે છે—

**[નિ.૩૧૬-]** જે રીતે વાક્યશુદ્ધિ અધ્યયનમાં વાક્યનો નિક્ષેપ કર્યો છે, તે રીતે ભાષાનો પણ કરવો. પણ 'जात' શબ્દનો છ પ્રકારે નિક્ષેપો આ પ્રમાણે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે, દ્રવ્યજાત આગમથી-નો આગમથી. તેમાં વ્યતિરિક્તને નિર્યુક્તિકાર અડધી ગાથાથી કહે છે. તે ચાર પ્રકારે છે - ઉત્પત્તિજાત, પર્યવજાત, અંતરજાત અને ગ્રહણજાત.

તેમાં (૧) ઉત્પત્તિ જાત - જે દ્રવ્યો ભાષાવર્ગણાની અંદર પડેલા, કાયયોગથી ગ્રહણ કરેલા, વાગ્યોગ વડે નિસૃષ્ટ અને ભાષારૂપે ઉત્પન્ન થાય તે. અર્થાત્ જે દ્રવ્ય ભાષાપણે ઉત્પન્ન થાય તે.

(૨) પર્યવજાત - તે જ વાચા વડે નિસૃષ્ટ ભાષા દ્રવ્યો વડે જે વિશ્રેણીમાં રહેલા ભાષા વર્ગણાની અંદર રહેલાં નિસૃષ્ટ દ્રવ્યના પરાઘાત વડે ભાષાપર્યાયપણે જે ઉત્પન્ન થાય તે....(૩)... અંતરજાત-જે દ્રવ્યો અંતરાલે સમશ્રેણિમાં જ નિસૃષ્ટ દ્રવ્યની સાથે મિશ્રિત ભાષા પરિણામને ભજે તે. (૪) ગ્રહણજાત-વળી જે દ્રવ્યો સમશ્રેણિ વિશ્રેણિમાં રહેલા ભાષાપણે પરિણમેલા કર્ણ-શષ્કુલીના વિવરમાં પ્રવેશેલા ગ્રહણ કરાય છે, તે દ્રવ્યથી અનંતપ્રદેશવાળા છે, ક્ષેત્રથી અસંખ્યપ્રદેશ અવગાઢ છે, કાળથી એક, બે, ત્રણથી અસંખ્યાત સમય સુદીની સ્થિતિવાળા છે, ભાવથી વર્ણગંધરસ સ્પર્શવાળા છે, તે આવા દ્રવ્યોને ગ્રહણજાત કહ્યા છે. દ્રવ્યજાત કહ્યું.

ક્ષેત્રજાત સ્પષ્ટ હોવાથી નિર્યુક્તિકારે કહેલ નથી. તે આ પ્રમાણે, જે ક્ષેત્રમાં ભાષાજાતનું વર્ણન ચાલે કે જેટલું ક્ષેત્ર સ્પર્શ કરે તે ક્ષેત્રજાત. આ પ્રમાણે 'કાળજાત' જાણવું. 'ભાવજાત' તો તે જ ઉત્પત્તિ પર્યવ અંતર્‌ગ્રહણ દ્રવ્યો સાંભળનારના કાનમાં જણાય કે આ શબ્દ છે એવી બુદ્ધિ ઉત્પન્ન કરે.

પણ અહીં અધિકાર દ્રવ્યભાષાજાત વડે છે, કેમકે દ્રવ્યની પ્રધાન વિવક્ષા છે. દ્રવ્યનો વિશિષ્ટ અવસ્થા ભાવ છે, તે માટે ભાવભાષાજાતનો પણ અધિકાર છે. હવે ઉદ્દેશાના અર્થાધિકાર માટે કહે છે—

**[નિ.૩૧૭-]** જો કે બંને પણ ઉદ્દેશા વચનશુદ્ધિકારક છે, તો પણ તેમાં વિશેષતા છે. પ્રથમના ઉદ્દેશામાં વચનવિભક્તિ છે. તેથી એકથી માંડીને સોળ પ્રકારના વચનનો વિભાગ છે તથા આવું વચન બોલવું કે ન બોલવું તેનું વર્ણન છે. બીજા ઉદ્દેશામાં ક્રોધાદિ ઉત્પત્તિ જેમ ન થાય તેમ બોલવું. તે 'ઉત્પત્તિ' વર્ણન છે.



## ૐ ચૂલિકા-૧, અધ્યયન-૪ "ભાષાજાત", ઉદ્દેશો-૧ ૐ

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું જોઈએ—

● **સૂત્ર-૪૬૬ :-**

*સાધુ-સાધ્વી આ વચનના આચાર સાંભળી અને સમજીને, પૂર્વ મુનિ દ્વારા અનાચીર્ણ અનાચારોને જાણે, જે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી વાણી પ્રયોગ કરે છે, જાણીને કે જાણ્યા વિના કઠોર વચનો બોલે છે, આવી ભાષાને સાવધ કહે છે. વિવેકપૂર્વક સાવધ ભાષાનો ત્યાગ કરે. મુનિ ધ્રુવ અને અધ્રુવ ભાષાને જાણે અને તેનો ત્યાગ કરે.*

*અશન આદિ મળ્યું છે કે નથી મળ્યું, આહાર વાપર્યો છે કે નથી વાપર્યો. તે આવ્યો છે અથવા નથી આવ્યો, તે આવે છે અથવા નથી આવતો, તે આવશે અથવા નહીં આવે, તે અહીં પણ આવ્યો હતો કે આવ્યો ન હતો, તે અહીં અવશ્ય આવે છે કે કદી નથી આવતો, તે અહીં અવશ્ય આવશે કે કદી નહીં આવે [આવી ધ્રુવ ભાષાનો ત્યાગ કરવો.]*

*મુનિ સારી રીતે વિચારી ભાષાસમિતિયુક્ત નિષ્ઠાભાસી બની, સંયત થઈને ભાષા પ્રયોગ કરે - જેમકે - એકવચન, દ્વિવચન, બહુવચન, સ્ત્રીલિંગ, પુંલિંગ, નપુંસકલિંગ-વચન, અધ્યાત્મ કથન, ઉપનીત વચન, અપનીત વચન, ઉપનીતઅપનીત વચન, અપનીતઉપનીત વચન, અતીત વચન, વર્તમાન વચન, અનાગત વચન, પ્રત્યક્ષ વચન, પરોક્ષ વચન.*

*તેને એકવચન બોલવાનું હોય તો એક વચન જ બોલે યાવત્ પરોક્ષ વચન બોલવાનું હોય તો પરોક્ષ વચન જ બોલે. આ પુરુષ છે, આ સ્ત્રી છે, આ નપુંસક છે, આ તે છે કે કોઈ અન્ય છે એવી રીતે વિચારપૂર્વક નિશ્ચય થઈ જાય પછી ભાષાદોષ ટાળી સમિતિયુક્ત થઈને સંયત ભાષા બોલે.*

*મુનિએ ચાર પ્રકારની ભાષા જાણવી જોઈએ - સત્યા, મૃષા, સત્યામૃષા અને જે સત્ય નથી - મૃષા નથી - સત્યામૃષા નથી તે અસત્યામૃષા નામની ચોથી ભાષાજાત છે. હવે હું કહું છું કે જે અતીત-વર્તમાન-અનાગત અરિહંત ભગવંતો છે, તે બધાંએ આ જ ચાર ભાષાના ભેદ કહ્યા છે - કહે છે અને કહેશે. પ્રરૂપ્યા છે - પ્રરૂપે છે અને પ્રરૂપશે. આ બધાં ભાષા-દ્રવ્ય અચિત્ત છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત છે, ચય ઉપચય અને વિવિધ પરિણામધર્મી છે.*

● **વિવેચન :-**

તે ભાવભિક્ષુને અંતઃકરણમાં નિષ્પન્ન, इदम् - પ્રત્યક્ષવાચી શબ્દથી હવે કહેવાનાર વાણીસંબંધી આચારને સાંભળીને તથા જાણીને ભાષા સમિતિ વડે ભાષા [વચન] બોલે એ પ્રમાણે સંબંધ જાણવો.

તેમાં જેવી ભાષા ન બોલવી જોઈએ તે દર્શાવે છે - કહેવાનાર - સાધુને ન બોલવા યોગ્ય, પૂર્વના સાધુ દ્વારા અનાચીર્ણ ભાષાને સાધુ જાણે - તે આ રીતે -

જેમકે કોઈ ક્રોધથી વિવિધ વચન બોલે - જેમકે - તું ચોર છે, દાસ છે. તથા માનથી બોલે કે હું ઉત્તમ જાતિનો છું, તું હીનજાતિ છે, માયથી બોલે કે હું માંદો છું, બીજાનો સાવધ સંદેશ કોઈ ઉપાય વડે કહીને મિથ્યાદુષ્કૃત્ કરે - આ તો મારાથી ઉતાવળે બોલાઈ ગયું. લોભથી બોલે કે આ વચન બોલવાથી હું કંઈક મેળવીશ તથા કોઈનો દોષ જાણતા હોય તેનો દોષ ઉઘાડવા વડે કઠોર વચન બોલે કે અજાણપણે બોલે. આ બધાં ક્રોધાદિ વચન સાવધ-સપાપ હોવાથી વર્જવા, વિવેકી બની સાધુ આવા સાવધવચન ન બોલે. તથા કોઈ સાથે સાધુએ બોલતાં નિશ્ચયાત્મક વચન ન બોલવા કે નક્કી વરસાદ આદિ થશે, એ જ રીતે અધ્રુવ પણ જાણવું.

તથા કોઈ સાધુ ભિક્ષાર્થે કોઈ જ્ઞાતિ કે કુલમાં પ્રવેશતા જોઈને તેને ઉદ્દેશીને બીજા સાધુ આવું બોલે કે આપણે ખાઈ લઈએ, તે અશનાદિ પ્રાપ્ત કરીને જ આવશે અથવા તેને માટે રાખી મૂકો, તે કંઈપણ લીધા વિના જ આવશે, એ રીતે ત્યાંજ ખાઈને કે ખાધા વિના જ આવશે. આવા નિશ્ચય વચનો ન બોલે તથા આવા નિશ્ચય વચનો પણ ન બોલે - કોઈ રાજાદિ આવ્યો છે કે નથી જ આવ્યો અથવા આવે છે કે નથી જ આવવાનો અથવા આવશે કે નહીં જ આવશે. આ રીતે પત્તન, મઠ આદિમાં પણ ત્રણે કાળ યોજવા. આ બધાંનો સાર એ કે જે અર્થને પોતે બરાબર ન જાણે ત્યાં આ 'એમ જ છે' એવું ન બોલવું.

સામાન્યથી સાધુને બધે સ્થાને આ ઉપદેશ છે કે વિચારીને સારી રીતે નિશ્ચય કરીને અથવા શ્રુત ઉપદેશ વડે પ્રયોજન હોય ત્યારે નિશ્ચયાત્મક બનીને ભાષાસમિતિ વડે કે રાગદ્વેષ છોડીને સોળ વચનની વિધિ જાણી ભાષા બોલે. જે ભાષા બોલવાની છે તે સોળ વચન વિધિ કહે છે—

૧-એકવચન-વૃક્ષ, ૨-દ્વિવચન-બે વૃક્ષ, ૩-બહુવચન-વૃક્ષો, ૪-સ્ત્રીવચન-વીણા, કન્યા, ૫-પુંવચન-ઘટ, પટ, ૬-નપુંસકવચન-દેવકુલ, પીઠ. ૭-અધ્યાત્મવચન-આત્મામાં રહેલું તે અધ્યાત્મ, તેના પરિહારથી અન્ય બોલવા જતાં સત્ય બોલી જાય. ૮-ઉપનીતવચન-પ્રશંસા. જેમકે - રૂપવતી સ્ત્રી. ૯-અપનીત વચન-નિંદા-કુરૂપ સ્ત્રી.

૧૦-ઉપનીતઅપનીત વચન-કંઈક પ્રશંસા કરી કંઈક નિંદા કરે - આ સ્ત્રી સુંદર છે પણ કુલટા છે. ૧૧-અપનીતઉપનીત વચન-પૂર્વથી ઉલટું - આ સ્ત્રી કુરૂપ છે પણ શીલવતી છે. ૧૨-અતીત વચન-કર્યુ. ૧૩-વર્તમાનવચન-કરે છે. ૧૪-અનાગતવચન-કરશે. ૧૫-પ્રત્યક્ષવચન-આ દેવદત્ત છે. ૧૬-પરોક્ષવચન-તે દેવદત્ત છે.

આ પ્રમાણે સોળ વચનો છે, આ સોળમાંથી ભિક્ષુ એક વિવક્ષામાં એકવચન જ બોલે. યાવત્ પરોક્ષ વચન વિવક્ષામાં પરોક્ષ વચન જ બોલે. તથા સ્ત્રી વગેરે જોઈને આ સ્ત્રી જ છે ઇત્યાદિ જેવું હોય તેવું બોલે.

આ પ્રમાણે નિશ્ચિત્ય, નિષ્ઠાભાષી થઈ સમિતિ વડે સમપણે સંયત જ ભાષા બોલે તથા પૂર્વોક્ત અને હવે પછી કહેવાતા ભાષાગત દોષ સ્થાનોને છોડીને ભાષા બોલે. તે ભાષા ચાર પ્રકારની ભાષાઓ જાણે.

૧-સત્યભાષાજાત-અવિતથ વચન-ગાયને ગાય, ઘોડાને ઘોડો કહે. ૨-મૃષા-



સત્યથી ઉલટું-ગાયને ઘોડો કે ઘોડાને ગાય કહે. ૩-સત્યમૃષા-થોડું સત્ય થોડું અસત્ય-ઘોડા પર જતા દેવદત્તને ઉંટ પર જાય છે તેમ કહે. ૪-અસત્યામૃષા-સાચું પણ નહીં-જુઠું પણ નહીં તેવી-આમંત્રણ, આજ્ઞા.

પોતાની બુદ્ધિથી નથી કહ્યું તે જણાવે છે - હું જે કહું છું તે બધું અતીત અનાગત, વર્તમાન તીર્થંકરે કહ્યું છે - કહે છે - કહેશે. આ બધાં ભાષા દ્રવ્ય અચિત્ત છે [ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.] અહીં વર્ણાદિથી શબ્દનું મૂર્તપણું બતાવ્યું, અમૂર્ત એવા આકાશાદિને વર્ણાદિ ન સંભવે તથા ચયોપચય ધર્મથી શબ્દનું અનિત્યત્વ બતાવ્યું. કેમકે શબ્દ દ્રવ્યનું વિચિત્રપણું સિદ્ધ થાય છે. હવે શબ્દોનું કૃતકત્વ બતાવે છે—

● **સૂત્ર-૪૬૭ :-**

***સાધુ-સાધ્વીએ જાણવું જોઈએ કે બોલ્યા પહેલાની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે.***

***સાધુ-સાધ્વી જાણે કે - આ જે ભાષા સત્યા, મૃષા, સત્યમૃષા, અસત્યામૃષા છે, તેમાંથી પણ સાવધ, સક્રિય, કર્કશ, કટુ, નિષ્ઠુર, કઠોર, આસ્રવજનક, છેદનકારી, ભેદનકારી, પરિતાપનકારી, ઉપદ્રવકારી, ભૂતોપઘાતિક ભાષા સત્ય હોવા છતાં બોલવાની ઇચ્છા ન કરે.***

***સાધુ-સાધ્વીએ જાણવું જોઈએ કે સૂક્ષ્મબુદ્ધિથી વિચારતા જે ભાષા સત્ય હોય અને જે ભાષા અસત્યામૃષા હોય એવી ભાષા અસાવધ યાવત્ પ્રાણીઓનો ઘાત કરનારી ન હોય, તેવી જ ભાષા બોલવા ઇચ્છે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ આ પ્રમાણે શબ્દને જાણે કે ભાષા દ્રવ્ય વર્ગણાઓનો વાક્યોગ નિસરવાથી પૂર્વે જે ભાષા હતી તે વાક્યોગ નિસરવાથી જ ભાષા છે. ભાષા દ્રવ્યભાષા છે. તે તાલુ, ઓઠ આદિના વ્યાપારથી પૂર્વે જે શબ્દ ન હતા તે તે નિષ્પન્ન થતાં પ્રગટ જ કૃતકત્વ બતાવ્યું - x - x - બોલાયા પછી ભાષા નાશ પામતી હોવાથી ભાષણોત્તર કાળે અભાષા છે. - x - x - x -

હવે ચારે ભાષામાં ન બોલવા યોગ્ય ભાષા કહે છે - સત્યા, મૃષા, સત્યામૃષા, અસત્યામૃષા તેમાં મૃષા અને સત્યામૃષા તો બોલવા યોગ્ય નથી, પણ સત્યાભાષા કર્કશાદિ દુર્ગુણવાળું ન બોલવું, તે બતાવે છે.

અવધ સહિત વર્તે તે સાવધ, ક્રિયા સહિત - અનર્થદંડની ક્રિયા વર્તે તે, કર્કશા-ચાવેલા અક્ષરવાળી, કટુકા-ચિત્ત ઉદ્વેગકારી, નિષ્ઠુર-ઠપકારૂપ, પરુષા-બીજાના મર્મ ઉઘાડવારૂપ, કર્માશ્રવકારી, છેદન યાવત્ અપદ્રાવણકારી, જીવોને ઉપતાપકારી આવી ભાષા સત્ય હોય તો પણ ન બોલવી.

હવે બોલવાની ભાષા કહે છે - તે ભિક્ષુ આ પ્રમાણે જાણે કે જે ભાષા સત્ય છે. કુશાગ્ર બુદ્ધિ વડે વિચારીને મૃષા પણ સત્ય ભાષા બને, જેમકે મૃગને જોવા છતાં શિકારી પાસે અપલાપ કરે. - x - x - . જે અસત્યામૃષા ભાષા છે તે આમંત્રણી,

આજ્ઞાપની આદિ છે. તેવી ભાષા અસાવધ, અક્રિય યાવત્ અભૂતોપઘાતિની છે, તેને મનથી વિચારીને સાધુએ હંમેશા બોલવી.

● સૂત્ર-૪૬૮ :-

*સાધુ-સાધ્વી કોઈ પુરુષને બોલાવે ત્યારે બોલાવવા છતાં તે ન સાંભળે તો આમ ન કહે, હે હોલ !, ગોલ, ચાંડાલ, કુજાતિ, દાસિપુત્ર, કૂતરા, ચોર, વ્યભિચારી, કપટી કે, હે જૂઠા ! અથવા તું આવો છે, તારા મા-બાપ આવા છે. આવા પ્રકારની ભાષા સાવધ, સક્રિય યાવત્ ભૂતોપઘાતિક છે તેથી વિચારી સમજી સાધુ આવી ભાષા ન બોલે.*

*સાધુ કોઈ પુરુષને બોલાવે ત્યારે અને બોલાવવા છતાં તે ન સાંભળે ત્યારે એમ કહે કે, હે અમુક !, હે આયુષ્યમાન્ !, આયુષ્યમાનો, શ્રાવક, ઉપાસક, ધાર્મિક કે હે ધર્મપ્રિય ! આ પ્રકારની અસાવધ યાવત્ અહિંસક ભાષાનો વિચારપૂર્વક બોલે.*

*સાધુ-સાધ્વી કોઈ સ્ત્રીને બોલાવે ત્યારે કે બોલાવતા ન સાંભળે ત્યારે આમ ન કહે, હે હોલી ! હે ગોલી ! આદિ પૂર્વવત્.*

*સાધુ-સાધ્વી કોઈ સ્ત્રીને બોલાવે ત્યારે કે બોલાવતા ન સાંભળે ત્યારે આમ કહે, હે આયુષ્યમતી ! હે ભગિની ! ભવતી, ભગવતી, શ્રાવિકા, ઉપાસિકા, ધાર્મિકા કે હે ધર્મપ્રિયા ! આવી અસાવધ ભાષા બોલે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કોઈ માણસને બોલાવે કે બોલાવે ત્યારે તે ન સાંભલે તે આવું ન બોલે, હે હોલ ! ગોલ ! દેશાંતરમાં આ બંને અપમાનસૂચક શબ્દો છે. તથા વૃષલ ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવા.] આવી ભાષા યાવત્ ન બોલવી પણ તેથી વિપરીત ભાષા બોલવી તે કહે છે - x - x - હે અમુક ! હે આયુષ્યમાન્ ! ઇત્યાદિ ભાષા બોલે. આ જ પ્રમાણે સ્ત્રીને આશ્રીને બે સૂત્ર પ્રતિષેધ-વિધિના જાણવા. ફરી અભાષણીય કહે છે.

● સૂત્ર-૪૬૯ :-

*સાધુ-સાધ્વી આ પ્રમાણે ન બોલે કે, હે નભોદેવ !, હે ગજદેવ !, હે વિદ્યુત્ દેવ !, હે પ્રવૃષ્ટ દેવ !, હે નિવૃષ્ટ દેવ ! વરસાદ વરસે કે ન વરસે, ધાન્ય નિપજે કે ન નિપજે, રાત્રિ પ્રકાશવાળી થાઓ કે ન થાઓ, સૂર્ય ઉગે કે ન ઉગે, રાજા જય પામો કે ન પામો, આવી ભાષા ન બોલે.*

*સાધુ-સાધ્વી પ્રયોજન હોય તો અંતરિક્ષ, ગુહ્યાનુચરિત, સંમૂર્છિમ જલ વરસે છે કે મેઘ વરસે છે કે વાદળા વરસી ચૂક્યા છે [એવી ભાષા બોલે]. આ તે સાધુ-સાધ્વીનો ભાષા સંબંધી આચાર છે, જે સર્વ અર્થ વડે, સમિત થઈ, સહિત થઈ સદા યતનાપૂર્વક પાળે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ આવી અસંયત ભાષા ન બોલે. જેમકે હે નભોદેવ ! હે ગર્જતો દેવ !



હે વિદ્યુત દેવ ! આદિ. તથા વરસાદ પડો કે ન પડો ઇત્યાદિ [સૂત્રાર્થ મુજબ] આવી દેવાદિ ભાષા ન બોલે. કારણે તે પ્રજ્ઞાવાન્ સાધુ સંયત ભાષા વડે અંતરિક્ષ આદિ ભાષા બોલે. આ તે ભિક્ષુની સમગ્રતા અર્થાત્ ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૪ "ભાષાજાત" ઉદ્દેશા-૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧ અધ્યયન-૪ ઉદ્દેશો-૨ 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો, હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે-ગત ઉદ્દેશામાં વાચ્ય-અવાચ્યનું વિશેષપણું બતાવ્યું. અહીં પણ તે જ બાકીનું કહે છે - આ સંબંધે આવેલા ઉદ્દેશાનું પહેલું સૂત્ર–

● સૂત્ર-૪૭૦ :-

*સાધુ-સાધ્વી જેવા પ્રકારનું રૂપ જુએ ત્યાં તેને એવું જ ન કહે જેમકે - ગંડરોગીને ગંડી, કુષ્ઠને કોઢીયો, યાવત્ મધુમેહના રોગીને મધુમેહી કહેવો. હાથ કપાયેલાને હાથકટ્ટો, એ રીતે લંગડો, નકટો, કાનકટો, હોઠકટો ઇત્યાદિ. આવા જેટલા પ્રકાર છે તેમને એવા જ પ્રકારે બોલાવતા તે વ્યક્તિ દુઃખી કે કુપિત થાય છે. તેથી આવા પ્રકારની ભાષાથી તેમને બોલાવવાનો વિચાર પણ ન કરે.*

*સાધુ-સાધ્વી કોઈ પ્રકારના રૂપ જુએ અને બોલવાનું પ્રયોજન હોય તો ઓજસ્વીને ઓજસ્વી, તેજસ્વીને તેજસ્વી, યશસ્વીને યશસ્વી એ રીતે વર્ચસ્વી, અભિરૂપ, પ્રતિરૂપ, પ્રાસાદીય કે દર્શનીય કહે; આ પ્રમાણે જે જેવા છે તેને તેવા પ્રકારે સૌમ્યાભાષાથી સંબોધિત કરે તો તે કુપિત ન થાય, તેથી સાધુ-સાધ્વીએ આવા પ્રકારની સૌમ્ય ભાષા બોલવી જોઈએ.*

*સાધુ-સાધ્વી કોઈ પ્રકારના રૂપને જુએ - જેમકે - કોટ યાવત્ ગૃહાદિ, તો પણ તે એમ ન કહે - સારું બનાવ્યું, સુષ્ઠુકૃત, સાધુકૃત, કલ્યાણકારી, કરણીય, આવા પ્રકારની સાવધભાષા યાવત્ ન બોલે.*

*સાધુ-સાધ્વી કોઈ પ્રકારના રૂપ જુએ - જેમકે - કોટ યાવત્ ગૃહાદિ. ત્યારે પ્રયોજનવશાત્ એમ કહે કે, આરંભ, સાવધ કે પ્રયત્ન કરીને બનાવેલ છે. તે પ્રસાદયુક્ત હોય તો પ્રાસાદિક, એ રીતે દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ કે આવા પ્રકારની અસાવધ ભાષા યાવત્ સાધુ બોલે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કોઈ રૂપ જેમકે - ગંડીપદ, કુષ્ઠી આદિ જુએ તો પણ તેનું નામ લઈ તે વિશેષણથી ન બોલાવે જેમકે - ગંડરોગીને ગંડી અથવા જેના પગ અને પીંડીમાં શૂન્યતા હોય તેને ગંડી, કહી ન બોલાવે. - x - યાવત્ મધુ જેવું મૂત્ર વારંવાર આવે તેને મધુમેહી કહી ન બોલાવે. ધૂત અધ્યયનમાં આ બધાં રોગનું વર્ણન છે, તે

જાણવા. એ રીતે હાથ-પગ આદિ છેદાયેલાને ઠુંઠો, લંગડો આદિ કહી ન બોલાવે, તેમ બોલવાથી તે કોપે છે - x - માટે તે ભાષા ન બોલે.

તેવાને કઈ રીતે બોલાવે, તે કહે છે - તે ભિક્ષુ જો ગંડીપદાદિ વ્યાધિ-ગ્રસ્તને જુએ તો તેને બોલાવવા તેના કોઈ સારા ગુણને જુએ, તેને ઉદ્દેશીને હે ઓજસ્વી !, હે તેજસ્વી ! ઇત્યાદિ કહી બોલાવે. - x - x -

તથા તે ભિક્ષુ જો આવા રૂપોને જુએ, જેમકે - કોટ યાવત્ ગૃહ તો પણ જોઈને એમ ન કહે - આ સારું કર્યું, ભોજન કર્યું, કલ્યાણકારી છે, કરવાલાયક છે. આ પ્રકારની બીજી પણ અધિકરણને અનુમોદનારી સાવધ ભાષા ન બોલે છતાં જરૂર પડે તો સંયતભાષાથી બોલે જેમકે આ મહારંભથી કરેલ છે. સાવધકૃત્ છે, પ્રયત્નકૃત્ છે, પ્રાસાદીયાદિ છે એમ અસાવધ ભાષા બોલે.

● સૂત્ર-૪૭૧ :-

*સાધુ-સાધ્વી અશનાદિ આહાર તૈયાર જોઈને એમ ન કહે કે, સુંદર બનેલ છે, સારી રીતે બનેલ છે, શોભન બનેલ છે, કલ્યાણકર છે, કરણીય છે સાધુ આવી સાવધ ભાષા યાવત્ ન બોલે. પણ સાધુ અશનાદિ આહાર જોઈ આ રીતે બોલે કે, આરંભ કરી, સાવધ વ્યાપાર કરી, પ્રયત્ન કરી બનાવેલ છે, તે ભદ્ર હોય તો ભદ્ર કહે, તાજા હોય તો તાજો કહે એ રીતે રસવાળો, મનોજ્ઞ, આવા પ્રકારે અસાવધ ભાષા બોલે.*

● વિવેચન :-

આ પ્રમાણે અશન આદિ વિષયે પ્રતિષેધક બે સૂત્રો જાણવા. ऊसढ એટલે વર્ણગંધાદિયુક્ત. ફરી પણ અભાષણીય કહે છે—

● સૂત્ર-૪૭૨ :-

*સાધુ-સાધ્વી કોઈ મનુષ્ય, બળદ, પાડો, મૃગ, પશુ, પક્ષી, સર્પ કે જલચરને પુષ્ટકાય જોઈને એમ ન બોલે કે આ પુષ્ટ, મેદવાળો, ગોળમટોળ, વધ્ય કે પકાવવા યોગ્ય છે, આ પ્રકારની સાવધભાષા યાવત્ ન બોલે.*

*સાધુ-સાધ્વી મનુષ્ય યાવત્ જલચરને પુષ્ટકાય જોઈને પ્રયોજન હોય તો એમ કહે કે, આ પુષ્ટકાય છે, ઉપચિતકાય છે, સ્થિર સંઘયણી છે, માંસ-લોહી સંચિત છે, ઇન્દ્રિય પરિપૂર્ણ છે. આવી અસાવધ ભાષા યાવત્ બોલે.*

*સાધુ-સાધ્વી વિવિધ પ્રકારની ગાયો જોઈને એમ ન કહે કે, આ ગાયો દોહવા યોગ્ય છે, વાછડા દમન યોગ્ય છે, નાના છે, વાહ્ય છે, રથ યોગ્ય છે આવા પ્રકારની સાવધ ભાષા યાવત્ ન બોલે. પરંતુ તે સાધુ વિવિધ પ્રકારની ગાયો જોઈને એમ કહે કે, આ બળદ યુવાન છે, આ ધેનુ છે, દુઝણી છે, આ વાછડો નાનો છે - મોટો છે, મોટા શરીરવાળો છે, ભારવહન યોગ્ય છે. આવા પ્રકારની નિરવધ ભાષા વિચારપૂર્વક બોલે.*

*સાધુ-સાધ્વી ઉધાન, પર્વત કે વનમાં જઈને મોટા વૃક્ષો જોઈ એમ ન કહે કે, તે પ્રાસાદ યોગ્ય છે અથવા તોરણ, ગૃહ, પાટ, અર્ગલા, નાવ, હોડી, દ્રોણ,*



*બાજોઠ, છાબડા, હલ, કુલિય,, એરણ કે આસન બનાવવા યોગ્ય છે. અથવા શય્યા, યાન કે ઉપાશ્રય બનાવવા યોગ્ય છે આવા પ્રકારની સાવધ યાવત્ જીવોપઘાતી ભાષાન બોલે.*

*સાધુ-સાધ્વી ઉધાનાદિમાં જઈને પ્રયોજનવશાત્ બોલવું પડે તો એમ બોલે કે, આ વૃક્ષો જાતિવંત છે, લાંબા, ગોળ, વિસ્તારવાળા, શાખા-પ્રશાખાવાળા, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. આવી અસાવધ ભાષા બોલે.*

*સાધુ-સાધ્વી અતિ માત્રામાં લાગેલ, વન્યફળોને જોઈને એમ ન બોલે કે, આ ફળ પાકી ગયા છે, પકાવીને ખાવા યોગ્ય, તોડવા યોગ્ય, કોમળ કે વિદારણ યોગ્ય છે. આવા પ્રકારની સાવધભાષા યાવત્ ન બોલે.*

*સાધુ-સાધ્વી અતિ માત્રામાં લાગેલ વન્યફળ-આંબાને જોઈને એમ કહે કે, આ વૃક્ષ ફળોનો ભાર સહન કરવા અસમર્થ છે, પ્રાયઃ નિષ્પન્ન થઈ ચૂક્યા છે, ઘણાં ફળો થયા છે, પૂરા પાક્યા નથી, એવી અસાવધ ભાષા બોલે.*

*સાધુ-સાધ્વી ઘણી માત્રામાં ઉત્પન્ન ધાન્યાદિ જોઈને એમ ન બોલે કે, પાકી ગઈ છે, કાચી છે, છાલવાળી છે, લણવા યોગ્ય છે, ભુંજવા યોગ્ય છે, ખાવા યોગ્ય છે, એમ ન બોલે. પરંતુ તેને જોઈને એમ બોલે કે, અંકુરિત થઈ છે, સ્થિર થયેલ છે, વધી ગઈ છે, બીજ પડેલ છે, બહાર નીકળી આવી છે, કણયુક્ત થઈ છે. આવા પ્રકારની અસાવધ ભાષા યાવત્ બોલે.*

● વિવેચન :-

તે ભિક્ષુ ગાય વગેરેને પુષ્ટકાય જોઈને એમ ન કહે કે, આ સ્થૂળ, પ્રમેદુર, વૃત્ત, વધ્ય, વાહ્ય, રાંધવા યોગ્ય કે દેવતાના બળીને યોગ્ય છે. એ પ્રમાણે આવી અન્ય પ્રકારની સાવધ ભાષા ન બોલે. ભાષણ વિધિ—

તે ભિક્ષુ ગાય આદિને પુષ્ટકાય જોઈને એમ કહે કે, આનું શરીર વૃદ્ધિ પામેલ છે ઇત્યાદિ સુગમ છે તથા તે ભિક્ષુ વિવિધ પ્રકારની ગાય જોઈને એમ ન કહે કે, આ ગાય દોહવા યોગ્ય છે કે દોહવાનો કાળ થયો છે. આ ગોધો વહન યોગ્ય કે રથયોગ્ય છે. આવી સાવધ ભાષા ન બોલે.

કારણ હોય તો શું બોલે ? - વિવિધ પ્રકારની ગાયને જોઈને એમ કહે કે, આ ગાય યુવાન છે, રસવતી છે, સંવહન છે એવી નિરવધ ભાષા બોલે.

તે ભિક્ષુ ઉધાન આદિમાં જતાં મોટા વૃક્ષો જોઈને એમ ન કહે કે, આ વૃક્ષો મહેલ બનાવવા યોગ્ય છે, આવી સાવધ ભાષા ન બોલે. તો શું કહે ? તે બતાવે છે - તેવા ઉધાનાદિમાં જતા ભિક્ષુ એમ બોલે કે, આ વૃક્ષો૦ ઇત્યાદિ એવી અસાવધ ભાષા યતનાપૂર્વક બોલે. - વળી -

તે સાધુ ઘણાં ફળવાળા વૃક્ષોને જોઈને એમ ન કહે કે, આ ફળો પાકી ગયા છે, ગોટલી બંધાઈ છે, ખાડામાં નાખી કોદ્રવાદિ ઘાસથી પકાવી ખાવા યોગ્ય છે, પાકી ગયા હોય તોડવા યોગ્ય છે કેમકે હવે વધુ વખત રહી શકે તેમ નથી. કોમળ બીજવાળા છે, - x - બે ટુકડા કરવા યોગ્ય છે ફળસંબંધી આવી સાવધ ભાષા સાધુ

ન બોલે. તો કેવી ભાષા બોલે ? તે ભિક્ષુ ઘણાં ફળવાળા વૃક્ષને જોઈને કહે કે, અતિભારથી ફળને ધારણ કરવા સમર્થ નથી, ઘણાં ફળો નિર્વર્તિત થયા છે, બહુ પાકી જવાથી ગ્રહણ કાળઉચિત થયા છે, બીજ બંધાયેલ ન હોવાથી કોમળ જણાય છે, આવા પ્રકારના આ આંબા છે, એવા પ્રકારની અનવદ્ય ભાષા બોલે.

તે ભિક્ષુ ઘણાં પાકેલા ધાન્યાદિ જોઈ એમ ન બોલે કે પાકી, નીલી, આર્દ્ર, છાલવાળી, લણવા-રોપવા યોગ્ય, પચન યોગ્ય, પૃથક્ કરવા યોગ્ય છે એવી સાવદ્ય ભાષા ન બોલે. પણ - x - x - x - અસાવદ્ય ભાષા બોલે.

● **સૂત્ર-૪૭૩ :-**

***સાધુ-સાધ્વી તેવા પ્રકારના શબ્દોને સાંભળીને પણ તે વિષયમાં એમ ન બોલે કે, આ સુશબ્દ છે, દુઃશબ્દ છે. આ સાવદ્ય ભાષા ન બોલે.***

***સાધુ-સાધ્વી તેવા શબ્દો સાંભળીને બોલવું પડે તો સુશબ્દને સુશબ્દ અને દુશબ્દને દુશબ્દ એવા પ્રકારે અસાવદ્ય ભાષા યાવત્ બોલે.***

***એ જ પ્રમાણે રૂપના વિષયમાં આ કૃષ્ણ છે, ગંધમાં આ સુગંધ છે, રસમાં આ તિક્ત છે, સ્પર્શમાં આ કર્કશ છે ઇત્યાદિ જાણવું.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ શબ્દો સાંભળીને એમ ન બોલે કે શોભન કે અશોભન, માંગલિક કે અમાંગલિક શબ્દ આદિ ન બોલે. પણ - x - પ્રજ્ઞાપના વિષયમાં યથાવસ્થિત જેમ હોય તેમ કહે. જેમકે સુશબ્દ. એ રીતે રૂપાદિમાં જાણવું.

● **સૂત્ર-૪૭૪ :-**

***સાધુ-સાધ્વી ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરી, વિચારપૂર્વક નિષ્ઠાભાષી, નિસમ્મભાષી, અતુરિયભાષી, વિવેકભાષી અને સમિત થઈ સંયતભાષા બોલે. આ સાધુ-સાધ્વીનો ભાષા સંબંધી આચાર છે, તેમાં યત્ન કરે તેમ હું કહું છું.***

● **વિવેચન :-**

સૂત્રાર્થ મુજબ વિવેચન જાણવું.

**ચૂલિકા-૧, અધ્યયન-૪ ''ભાષાજાત'' ઉદ્દેશા-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૪નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ 卐



## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૫ ''વસ્ત્રૈષણા'' ૦

૦ ચોથા અધ્યયન પછી પાંચમું શરૂ કરીએ છીએ તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૪માં ભાષાસમિતિ કહી. તેના પછી એષણા સમિતિ હોય. તે વસ્ત્રને આશ્રીને કહે છે. આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર ઉપક્રમ આદિ છે, તે ઉપક્રમમાં અધ્યયન અર્થાધિકારે વસ્ત્રૈષણા બતાવી. ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર બતાવે છે–

[નિ.૩૧૮] પહેલા ઉદ્દેશામાં વસ્ત્રગ્રહણવિધિ બતાવી છે, બીજામાં રાખવાની વિધિ કહી છે. નામનિષ્પન્ન નિક્ષેપામાં વસ્ત્રૈષણા છે, તેમાં વસ્ત્રના નામાદિ ચાર પ્રકારે નિક્ષેપા છે, તેમાં નામ-સ્થાપના સુગમ છે. દ્રવ્યવસ્ત્ર ત્રણ પ્રકારે - એકેન્દ્રિય નિષ્પન્ન-રૂમાંથી બનેલ, વિકલેન્દ્રિય નિષ્પન્ન-ચીનાંશુક આદિ, પંચેન્દ્રિય નિષ્પન્ન-કંબલરત્નાદિ. ભાવવસ્ત્ર તે ૧૮,૦૦૦ શીલાંગ. પણ અહીં દ્રવ્ય વસ્ત્રૈષણા અધિકાર છે, તે નિર્યુક્તિકારે બતાવેલ છે. વસ્ત્ર માફક પાત્રનો - x - x - ચાર પ્રકારે નિક્ષેપ છે. જે નિર્યુક્તિની અડધી ગાથામાં કહ્યો છે, તેમાં દ્રવ્યપાત્ર - એકેન્દ્રિયાદિ નિષ્પન્ન છે, ભાવપાત્ર તો સાધુ પોતે જ ગુણધારી છે. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર બોલવું જોઈએ. તે આ છે–

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૫ - ઉદ્દેશો-૧ 卐

● **સૂત્ર-૪૭૫ :-**

***સાધુ-સાધ્વી વસ્ત્રગ્રહણ કરવા ઇચ્છે તો તે વસ્ત્ર વિશે જાણે કે, આ વસ્ત્ર-જંગિક, ભંગિક, સાનિક, પોત્રક, ક્ષૌમિક કે તૂલકૃત્ અથવા તેવા પ્રકારનું વસ્ત્ર મુનિ ગ્રહણ કરે. જો સાધુ તરુણ, યુગવાન્, બળવાન્, નિરોગી, સ્થિર સંઘયણી હોય તો એક જ વસ્ત્ર ગ્રહણ કરે, બીજું નહીં પણ સાધ્વી ચાર સંઘાટી ધારણ કરે. તે-એક બે હાથ પહોળી, બે ત્રણ-ત્રણ હાથ પહોળી, એક ચાર હાથ પહોળી. એવા પ્રકારનું વસ્ત્ર ન મળે તો ગ્રહણ કર્યા પછી સીવી લે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ વસ્ત્ર શોધવા ઇચ્છે ત્યારે આવું વસ્ત્ર જાણે [લે] :- જંગિક - ઉંટ આદિના ઉનનું બનેલ, ભંગિક-વિકલેન્દ્રિયની લાળનું બનેલ, સાણય-શણ વૃક્ષની છાલનું બનેલ, પોત્તગ-તાડ આદિના પત્રનું બનેલ, ક્ષૈમિક-કપાસમાંથી બનેલ, તૂલકૃત-આકડાના તૂલનું બનેલ, તેમજ આવા અન્ય વસ્ત્ર ધારણ કરે. સાધુ કેટલા વસ્ત્ર ધારણ કરે ? તે કહે છે–

તેમાં જે સાધુ યુવાન છે, સમર્થ, અરોગી, દૃઢકાય-દૃઢધૃતિ છે આવો સાધુ શરીરના રક્ષણ માટે એક વસ્ત્ર ધારણ કરે, બીજું નહીં. બીજું વસ્ત્ર આચાર્યાદિ માટે રાખે પણ પોતે ઉપભોગ ન કરે. જે બાળ, દુર્બળ, વૃદ્ધ કે અલ્પશક્તિવાળા છે, તે સમાધિ રહે તેમ બે વગેરે વસ્ત્રો પણ ધારણ કરે. જિનકલ્પી પોતાની પ્રતિજ્ઞા મુજબ અપવાદરહિત ધારણ કરે.

સાધ્વી ચાર વસ્ત્રો રાખે. એક-બે હાથ પરિમાણનું તે ઉપાશ્રયમાં ઓઢીને બેસે. બે-ત્રણ હાથ પહોળાં હોય તેમાંનું એક ઉજળું ભિક્ષાકાળે ઓઢે, બીજુ સ્થંડિલ અવસરે ઓઢે, ચોથું વસ્ત્ર ચાર હાથનું તે સમોસરણ આદિમાં આખાં શરીરને ઢાંકવા માટે રાખે. જો તેવું વસ્ત્ર ન મળે તો પછી એક વસ્ત્ર બીજા સાથે સાંધીને ઓઢે.

*૦ સ્થાનાંગ, બૃહત્કલ્પ આદિમાં પણ આ પ્રકારના સૂત્ર છે.*

● **સૂત્ર-૪૭૬ :-**

***સાધુ-સાધ્વી વસ્ત્ર યાચના માટે અર્ધયોજન ઉપરાંત જાય નહીં.***

● **વિવેચન :-**

ભિક્ષુ વસ્ત્ર લેવા માટે અડધા યોજનથી દૂર જવા વિચાર ન કરે.

● **સૂત્ર-૪૭૭ :-**

***સાધુ-સાધ્વી જો વસ્ત્રના સંબંધે એમ જાણે કે આ વસ્ત્ર એક સાધુને ઉદ્દેશીને પ્રાણ આદિ હિંસા કરીને બનાવેલ છે તો ન લે. ઇત્યાદિ*** पिण्डैषणा ***અધ્યયન મુજબ જાણવું, એ જ રીતે ઘણાં સાધુ, એક સાધ્વી, ઘણાં સાધ્વી તથા ઘણાં શ્રમણ-બ્રાહ્મણ સંબંધી સૂત્રો 'પિण्डैषणा' મુજબ જાણવા.***

● **વિવેચન :-**

બંને સૂત્ર આધાકર્મી ઉદ્દેશી છે - पिण्डैषणा અધ્યયનવત્ જાણવા. હવે ઉત્તર ગુણને આશ્રીને કહે છે—

● **સૂત્ર-૪૭૮ :-**

***સાધુ-સાધ્વી એમ જાણે કે આ વસ્ત્ર ગૃહસ્થે સાધુ નિમિત્તે ખરીદેલ, ધોયેલ, રંગેલ, સાફસૂફ કરેલ, મુલાયમ કરેલ કે ધૂપિત કરેલ છે; તે પ્રકારનું વસ્ત્ર પુરુષાંતરકૃત્ ન થયું હોય તો યાવત્ ગ્રહણ ન કરે. પરંતુ જો તે પુરુષાંતરકૃત્ હોય તો યાવત્ સાધુ ગ્રહણ કરે.***

● **વિવેચન :-**

સાધુને ઉદ્દેશીને ગૃહસ્થે ખરીદ્યુ હોય, ધોયું હોય ઇત્યાદિ વસ્ત્ર જ્યાં સુધી બીજા પુરુષે વાપરેલ ન હોય ગ્રહણ ન કરે; વાપરેલ ગ્રહણ કરે.

● **સૂત્ર-૪૭૯ :-**

***સાધુ-સાધ્વી એવા વિવિધ પ્રકારના વસ્ત્રોને જાણે જે બહુ-મૂલ્ય હોય, જેવા કે - આજિનક, શ્લક્ષ્ણ, શ્લક્ષ્ણકલ્યાણક, આજક, કાયક, ક્ષૌમિક, દુકુલ, પટ્ટ, મલય, પતુન્ન, અંશુક, ચીનાંશુક, દેશરાગ, અમિલ, ગર્જલ, સ્ફટિક, કોયબ, કંબલ તથા અન્ય પ્રકારના તેવા બહુમૂલ્ય વસ્ત્ર પ્રાપ્ત થવા છતાં પણ પ્રાપ્ત થાય ત્યારે વિચારશીલ સાધુ તે ગ્રહણ ન કરે.***

***સાધુ-સાધ્વી ચર્મનિષ્પન્ન ઓઢવાના વસ્ત્ર વિશે જાણે - જેમકે - ઔદ્ર, પેષ, પેષલ, કૃષ્ણ-નીલ-ગૌર હરણના ચામડાના બનેલા, સ્વર્ણ ખચિત સ્વર્ણ જેવી કાંતિવાળા, સ્વર્ણપટ્ટયુક્ત, સ્વર્ણતાર જડિત, સ્વર્ણસ્પર્શિત, વાઘ કે ચિત્તાના ચર્મથી મઢેલ, આભારણમંડિત કે આચરણ ચિત્રિત કે તેવા પ્રકારના અન્ય કોઈ***



***ચર્મના ઓઢવાના વસ્ત્રો મળે તો ન લે.***

● **વિવેચન :-**

*[આચાર અને નિશીથ ચૂર્ણિમાં આ શબ્દનો અર્થમાં ભેદ છે.]*

તે ભિક્ષુ વળી બહુમૂલ્ય વસ્ત્ર જાણે, જેમકે - ઉંદર આદિના ચર્મના બનેલા, વર્ણ-છવિના કારણે સૂક્ષ્મ, સુંદર, [સૂક્ષ્મ અને મંગલમય], કોઈ ઠંડા દેશમાં બકરાંના કિંમતી વાળમાંથી બનાવેલ વસ્ત્ર, ઇન્દ્રનીલવર્ણના કપાસથી નિષ્પન્ન, સામાન્ય કપાસ, ગૌડ દેશમાં બનેલ વિશિષ્ટ કપાસ, પટ્ટસૂત્ર નિષ્પન્ન, મલય દેશોત્પન્ન, વલ્કલતંતુ નિષ્પન્ન આદિ વિવિધ દેશ પ્રસિદ્ધ વસ્ત્ર. તે બહુ મૂલ્ય વસ્ત્ર હોય તો આલોક પરલોકના અપાય જાણી મળે તો પણ સાધુ તેને ગ્રહણ ન કરે.

તે ભિક્ષુ વળી આવા ચર્મ નિષ્પન્ન વસ્ત્રોને જાણે. જેમકે - સિંધુ દેશના માછલાના સૂક્ષ્મ ચર્મથી નિષ્પન્ન, સિંધુ દેશના જ કોઈ પશુના ચર્મથી બનેલ, તેના જ ચામડાના સૂક્ષ્મ રોમમાંથી બનેલ, મૃગચર્મ, સુવર્ણ રસથી લિપ્ત, સુવર્ણની કાંતિ જેવા, સુવર્ણ રસના પટ્ટ કરેલ, સુવર્ણ રસથી સ્તબક બનાવી સુંદર બનાવેલ, સુવર્ણ સ્પૃષ્ટાદિ વસ્ત્ર, વ્યાઘ્રચર્મ, વ્યાઘ્રચર્મથી ચિત્રિત આભરણ પ્રધાન, ગિરિ-વિડકાદિ વિભૂષિત કે તેવા અન્ય બહુમૂલ્ય ચર્મ વસ્ત્રો મળવા છતાં ગ્રહણ ન કરે

- હવે વસ્ત્રગ્રહણ વિધિ—

● **સૂત્ર-૪૮૦ :-**

***ઉપરોક્ત દોષના સ્થાનો તજીને ચાર પ્રતિજ્ઞાથી વસ્ત્ર યાચે—***

***૧. પહેલી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી જાંગિક યાવત્ તૂલકૃત્ વસ્ત્રોમાંથી કોઈ એક પ્રકારના વસ્ત્રનો સંકલ્પ કરે, તે જ પ્રકારના વસ્ત્રની યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો પ્રાસુક હોય તો ગ્રહણ કરે.***

***૨. બીજી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી વસ્ત્ર જોઈને યાચના કરે. ગૃહસ્થથી માંડીને દાસી આદિને ત્યાં વસ્ત્ર જોઈને કહે, હે આયુષ્યમાન્ ! આ વસ્ત્રોમાંથી મને કોઈ વસ્ત્ર આપશો ? તેવા વસ્ત્રને સ્વયં માંગે અથવા ગૃહસ્થ આપમેળે આપે તો પ્રાસુક, એષણીય જાણી ગ્રહણ કરે.***

***૩. ત્રીજી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી મનમાં એવી ધારણા કરે કે મને ગૃહસ્થનું [પહેરેલું કે ઓઢેલું] અંતરિજ્જ કે ઉત્તરિજ્જ વસ્ત્ર પ્રાપ્ત થશે તો લઈશ, તેવા પ્રકારના વસ્ત્રની માંગણી પોતે કરે કે માગ્યા વિના ગૃહસ્થ સ્વયં આપે તો નિર્દોષ જાણી ગ્રહણ કરે.***

***૪. ચોથી પ્રતિજ્ઞા - સાધુ-સાધ્વી એવી ધારણા કરે કે નકામું વસ્ત્ર પ્રાપ્ત થશે તો લઈશ. જેને અન્ય ઘણાં શ્રમણ યાવત્ વનીપક પણ લેવા ન ઇચ્છે, તેવા ફેંકી દેવા યોગ્ય વસ્ત્રની સ્વયં યાચના કરે અથવા ગૃહસ્થ સ્વયં આપે તો નિર્દોષ જાણી ગ્રહણ કરે.***

***આ ચારે પ્રતિજ્ઞા*** पिण्डैषणा ***અધ્યયન મુજબ જાણવી.***

***પૂર્વોક્ત એષણાનુસાર વસ્ત્ર યાચનાકર્તા મુનિને કદાચ કોઈ ગૃહસ્થ કહે,***

*હે આયુષ્યમાન્ શ્રમણ ! તમે જાઓ, એક માસ કે દશ કે પાંચ દિવસ બાદ કે કાલે અથવા પરમ દિવસે પધારજો, ત્યારે અમે કોઈ વસ્ત્ર આપશું. આવા શબ્દો સાંભળીને, સાધુ પહેલાથી વિચાર કરીને કહી દે કે, અમને આવા સંકેત વચન સ્વીકારવા ન કલ્પે. જો તમે વસ્ત્ર આપવા ઇચ્છતા હો તો હમણાં જ આપી દો.*

*તે સાધુ આમ કહે તો પણ તે ગૃહસ્થ એમ કહે, હમણાં જાઓ. પછી તમને કોઈ વસ્ત્ર આપીશું, ત્યારે મુનિ તુરંત કહી દે કે, આ પ્રકારની અવધિ પણ અમારે ન કલ્પે. આમ સાંભળી જો તે ગૃહસ્થ ઘરના કોઈ સભ્યને કહે કે, લાવો-આ વસ્ત્ર આપણે શ્રમણને આપીએ, આપણા માટે પ્રાણી આદિનો આરંભ કરી નવું બનાવી લઈશું. આવા શબ્દો સાંભળી વિચારી તે વસ્ત્રને અપ્રાસુક યાવત્ જાણી ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી એમ કહે કે, તે વસ્ત્ર લાવો, તેને સ્નાનાદિકમાં વપરાતા સુગંધિત દ્રવ્યો વડે સુગંધિત કરીને સાધુને આપીશું. આવા શબ્દો સાંભળી, વિચારી સાધુ પહેલા જ કહી દે કે, આ વસ્ત્રને સ્નાનીય પદાર્થથી યાવત્ પ્રઘર્ષિત ન કરો, આપવું હોય તો સીધું આપો. તેમ છતાં ગૃહસ્થ સ્નાન દ્રવ્યોથી યાવત્ સુગંધિત કરીને આપે તો સાધુ તે પ્રકારના વસ્ત્રને અપ્રાસુક જાણી યાવત્ ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી કહે કે, લાવો આ વસ્ત્રને ઠંડા કે ગરમ પાણીથી ધોઈને આ શ્રમણને આપીએ. આ શબ્દો સાંભળીને સાધુ કહી દે કે, તમે આ વસ્ત્ર ઠંડા કે ગરમ પાણીથી ધોશો નહીં, આપવું હોય તો એમ જ આપો ઇત્યાદિ યાવત્ સાધુ તે ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી કહે કે, વસ્ત્ર લાવો, આપણે તેમાંથી કંદ કે યાવત્ લીલોતરી કાઢીને સાધુને આપીશું. આ શબ્દ સાંભળીને યાવત્ સાધુ કહે કે, તમે કંદને યાવત્ દૂર ન કરો, મને આવું વસ્ત્ર લેવું ન કલ્પે. સાધુ એમ કહે તો પણ જો ગૃહસ્થ યાવત્ સાફ કરીને આપે તો તેવા પ્રકારનું વસ્ત્ર અપ્રાસુક જાણીને યાવત્ સાધુ ગ્રહણ ન કરે.*

*કદાચ ગૃહસ્વામી સાધુને વસ્ત્ર કાઢીને આપે તો સાધુ લેતા પહેલા કહે કે, હું તમારી સમક્ષ આ વસ્ત્રને ચારે બાજુથી જોઈ લેવું કેમકે કેવલીએ પ્રતિલેખન કર્યા વિના વસ્ત્ર લેવું તે કર્મબંધનું કારણ કહ્યું છે. કદાચ વસ્ત્રના છેડે કુંડલ, સૂત્ર, ચાંદી, સોનું-મણી યાવત્ રત્નાવલી અથવા પ્રાણી, બીજ કે લીલોતરી હોય તો સાધુનો આ પૂર્વોક્ત આચાર છે કે વસ્ત્ર પડિલેહવું.*

**● વિવેચન :-**

હવે પછી કહેવાતાં આયતનોને ઉલ્લંઘીને ભિક્ષુ ચાર અભિગ્રહ વિશેષ થકી વસ્ત્ર શોધવાનું જાણે – ૧-ઉદ્દિષ્ટ-પ્રાક્સંકલ્પિત વસ્ત્ર યાચીશ, ૨-પ્રેક્ષિત-જોયેલું વસ્ત્ર યાચીશ, બીજું નહીં, ૩-પરિભુક્ત-શય્યાતરે - x - x - વાપરેલ વસ્ત્ર લઈશ, ૪-ઉત્સૃષ્ટ-ફેંકી દેવા જેવું વસ્ત્ર યાચીશ. - x - આ ચારે પ્રતિજ્ઞાની વિધિ પિંડૈષણા



માફક જાણવી.

કદાચિત્ - x - અનન્તર ઉક્ત વસ્ત્રૈષણા વડે વસ્ત્ર શોધતા સાધુને ગૃહસ્થ કહે કે, હે શ્રમણ ! તમે મહિનો આદિ ગયા પછી હું વસ્ત્રાદિ આપીશ. તેની આ વાત ન સાંભળે. બાકી સુગમ છે - x - x - x - *[સૂત્રાર્થમાં કહ્યા મુજબ બધું જાણવું.]* - x - x - સાધુની આ પૂર્વોપદિષ્ટ પ્રતિજ્ઞા છે કે તે વસ્ત્રને જોઈને-પડિલેહીને ગ્રહણ કરે - વળી -

**● સૂત્ર-૪૮૧ :-**

*સાધુ-સાધ્વી જે વસ્ત્રને ઇંડા યાવત્ જાળા સહિત જુએ તો તેવા વસ્ત્રને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. સાધુ-સાધ્વી જે વસ્ત્રને ઇંડા યાવત્ જાળારહિત જાણે પણ પ્રમાણમાં પર્યાપ્ત ન હોય, અસ્થિર, અધ્રુવ, અધારણીય, દાતાની રુચિરહિત જાણે, તો અપ્રાસુક હોવાથી ગ્રહણ ન કરે.*

*સાધુ-સાધ્વી તે વસ્ત્રને ઇંડા યાવત્ જાળારહિત, પ્રમાણયુક્ત, સ્થિર, ધ્રુવ, ધારણીય, દાતાની દેવાની ઇચ્છાયુક્ત અને અનુકૂળ જાણી તે પ્રકારના વસ્ત્રને પ્રાસુક જાણી ગ્રહણ કરે. સાધુ-સાધ્વી મારું વસ્ત્ર નવું નથી એમ વિચારી – (૧) બહુ કે થોડા સુગંધિત દ્રવ્યથી યાવત્ પ્રઘર્ષિત ન કરે, (૨) બહુ કે થોડા ઠંડા અથવા ગરમ પાણીથી યાવત્ ધોવે નહીં, (૩) મારા વસ્ત્ર દુર્ગન્ધી છે એમ વિચારીને બહુ કે થોડા સુગંધી દ્રવ્યોથી કે ઠંડા-ગરમ પાણીથી તે વસ્ત્રોને ઉત્સિંચિતાદિ ન કરે.*

**● વિવેચન :-**

તે ભિક્ષુ જો વસ્ત્રને ઇંડાદિ સહિત જાણે તો તે ગ્રહણ ન કરે, પણ જો તે ભિક્ષુ એવું વસ્ત્ર જાણે કે જે ઇંડા યાવત્ જાળારહિત છે પણ નાનું હોવાથી અભીષ્ટ કાર્ય માટે અસમર્થ છે તથા જીર્ણ, થોડા કાળની અનુજ્ઞાવાળું, અપ્રશસ્ત પ્રદેશવાળું - ખંજનાદિ કલંકવાળું છે તો ન લે. - x - x - x - લક્ષણથી હીન ઉપધિ જ્ઞાન, દર્શન, ચારિત્રને હણે છે, તેથી હીન વસ્ત્ર ન લે તથા પ્રશસ્યમાનવાળું હોય પણ તે આપતાં દાતાનું મન નારાજ થતું હોય તો સાધુને લેવું ન કલ્પે. આ અનલ આદિ ચારના સોળ ભાંગા છે. તેમાં પહેલા પંદર અશુદ્ધ છે, સોળમો એક જ શુદ્ધ છે.

માટે સૂત્રમાં કહે છે–

તે ભિક્ષુ ચારે પદે વિશુદ્ધ વસ્ત્ર જાણે તો મળે ત્યારે ગ્રહણ કરે.

તે ભિક્ષુ મારું વસ્ત્ર નવું નથી એમ જાણે - ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ સમજવું. - x - x - આ પાઠ જિનકલ્પીને આશ્રીને છે, સ્થવિરકલ્પીને એટલું વિશેષ છે કે - લોકનિંદા નિવારવા તથા તેલ દૂર કરવા યતનાથી પ્રાસુક પાણી આદિ વડે ધુવે પણ ખરા. ધોયેલાને સુકવવાની વિધિ કહે છે–

**● સૂત્ર-૪૮૨ :-**

*સાધૂ-સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો તે વસ્ત્રને જીવજંતુવાળી યાવત્ ભૂમિ પર સૂકવે નહીં. સાધુ-સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો વસ્ત્રને સ્તંભ,*

*દરવાજા, ઉખલ, સ્નાન-ચોકી કે કોઈ બીજા ઉંચા સ્થાન ઉપર કે જે દુર્બદ્ધ, દુર્નિક્ષિપ્ત, અનિષ્કંપ, ચલાચલ હોય તો યાવત્ ત્યાં ન સૂકવે. સાધુ-સાધ્વી વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો દીવાલ, નદીતટ, શિલા, ઢેફા કે તેવા કોઈ સ્થાને યાવત્ ન સૂકવે. સાધુ-સાધ્વી વસ્ત્રને સ્તંભ, મંચ, માળા, પ્રાસાદ, હર્મ્યતલ કે તેવા કોઈ ઉંચા સ્થાને યાવત્ ન સૂકવે.*

*સાધુ-સાધ્વી તે વસ્ત્રને લઈને એકાંતમાં જાય, જઈને દગ્ધ યાવત્ બીજી કોઈ અચિત્ત ભૂમિનું પડિલેહણ તથા પ્રમાર્જન કરી - કરીને વસ્ત્રને થોડું કે વધુ સૂકવે. આ તે સાધુ-સાધ્વીનો સંપૂર્ણ આચાર છે, તેનું પાલન કરીને સંયમમાં યતનાવાન્ બને.*

● વિવેચન :-

તે ભિક્ષુ અવ્યવહિત ભૂમિ પર વસ્ત્ર ન સૂકવે. તે ભિક્ષુ વસ્ત્ર સૂકવવા ઇચ્છે તો થાંભલા આદિ પર ન સૂકવે તે ચંચળ આદિ હોય તો વસ્ત્ર પડવાનો ભય રહે છે. તેમાં गिहेलुक એટલે ઉંબર આદિ જાણવું. એ જ રીતે ભિત, શિલા, સ્કંધ, મંચાદિ પર પણ વસ્ત્ર પડવાના ભયે ન સૂકવે. જો સૂકવવા હોય તો તે વસ્ત્ર લઈ નિર્જીવભૂમિને ચક્ષુ વડે જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને સૂકવે. આ તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૫ ''વસ્ત્રૈષણા'', ઉદ્દેશા-૧નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૫ - ઉદ્દેશો-૨ 卐

૦ પહેલો ઉદ્દેશો કહ્યો, હવે બીજો કહે છે. તેનો સંબંધ આ રીતે - ઉદ્દેશા-૧-માં વસ્ત્રગ્રહણવિધિ કહી, હવે તે પહેરવાની વિધિ કહે છે - x -

● સૂત્ર-૪૮૩ :-

*સાધુ-સાધ્વી એષણા સમિતિ મુજબ વસ્ત્ર યાચે, જેવા ગ્રહણ કર્યા હોય તેવા જ ધારણ કરે, તેને ધુએ નહીં કે રંગે નહીં કે ન ધોએલ-રંગેલ વસ્ત્ર ધારણ કરે, વસ્ત્રોને ગોપન ન કરીને ગ્રામ આદિમાં વિચરે. તે નિસ્સાર વસ્ત્રધારી કહેવાય. આ જ વસ્ત્રધારી મુનિનો સંપૂર્ણ આચાર છે.*

*સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘેર જવા ઇચ્છે તો બધાં કપડાં સાથે ગૃહસ્થના ઘેર પ્રવેશે કે નીકળે. એ જ રીતે સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિમાં જતા કે ગામ-ગામ વિચરતા બધાં વસ્ત્રો સાથે રાખે. ઘણો વરસાદ વરસતો જોઈ સાધુ તેવું જ આચરણ કરે જેવું ''पिण्डैषणा'' અધ્યયનમાં કહ્યું છે. વિશેષ એ કે અહીં બધાં વસ્ત્ર સાથે લઈ જાય તેમ સમજવું.*

● વિવેચન :-

તે સાધુ અપરિકર્મ વસ્ત્રોને યાચે, જેવાં લીધાં હોય તેવા પહેરે. પણ તેમાં કંઈ ન કરે જેમકે તે વસ્ત્રો ધોવે નહીં, રંગે નહીં કે બકુશપણાથી ધોઈને રંગેલા વસ્ત્ર





ધારણ ન કરે કે તેવા વસ્ત્ર લે નહીં. તેવા ન ધોયેલા - ન રંગેલા વસ્ત્ર ધારણ કરી ગ્રામાંતર જતાં વસ્ત્ર ગોપવ્યા વિના સુખેથી વિચરે કેમકે તે અસાર વસ્ત્રધારી હોય. આ જ વસ્ત્રધારી ભિક્ષુનો સંપૂર્ણ ભિક્ષુભાવ છે - કે તે આવા વસ્ત્રો ધારણ કરે. આ સૂત્ર જિનકલ્પીને આશ્રીને છે, છતાં તે સ્થવિરકલ્પીને પણ લાગુ પડે છે, તેમાં કોઈ વિરોધ નથી.

- x - x - હવે પાછું દેવાના વસ્ત્ર સંબંધી વિધિ કહે છે—

● સૂત્ર-૪૮૪ :-

*કોઈ સાધુ મુહૂર્ત આદિ નિયત કાલ માટે પ્રાતિહારિક વસ્ત્રની યાચના કરે યાવત્ એક, બે, ત્રણ, ચાર, પાંચ દિવસ રહી પાછો ફરે ત્યારે કદાચ તે વસ્ત્ર ફાટી જાય, તો જેણે તે વસ્ત્ર આપેલ છે તે સાધુ આ ફાટેલા વસ્ત્રને ગ્રહણ ન કરે, લઈને બીજાને ન આપે, ઉધાર ન આપે, અદલાબદલી ન કરે, બીજા પાસે જઈને એમ પણ ન કહે કે, હે શ્રમણ ! તમે આ વસ્ત્રને ગ્રહણ કરવા કે પહેરવા ઇચ્છો છો ? તે દૃઢ વસ્ત્રને ટુકડા કરી પરઠવે નહીં તેવું વસ્ત્ર સાંધેલું પણ પોતે ગ્રહણ ન કરે, પણ લઈ જનાર મુનિને જ આપી દે.*

*તે એકાકી સાધુ ઉપરોક્ત વાત સાંભળીને વિચારે કે જે સાધુઓ તેવા પ્રકારના વસ્ત્રોને મુહૂર્તકાળ યાવત્ એકાદિ પાંચ દિવસ સુધી લઈ જઈ કોઈ ગામ આદિથી પાછા ફરે ત્યારે તે ફાટેલ વસ્ત્ર ન પોતે લે યાવત્ તે વસ્ત્ર લઈ જનારને જ પરત કરી દે. આ રીતે બહુવચનનો આલાવો જાણવો.*

*કોઈ મુનિ એમ વિચારે કે હું મુહૂર્ત આદિનું કહી વસ્ત્રની યાચના કરીશ, એક, બે યાવત્ પાંચ દિવસ ગ્રામાંતર જઈને આવીશ. વસ્ત્ર બગાડી દઈશ તેથી તે લેશે નહીં, વસ્ત્ર મારું થશે, તે માયા કપટ છે, સાધુ તેમ ન કરે.*

● વિવેચન :-

તે કોઈ સાધુ બીજા સાધુ પાસે મુહૂર્તાદિ કાળ માટે પ્રાતિહારિક વસ્ત્ર યાચે, યાચીને એકલો જ ગ્રામાન્તર જઈ ત્યાં એકથી પાંચ દિવસ રહીને આવે, ત્યાં એકલો હોવાથી તે વસ્ત્ર બગડે કે ફાટે, ત્યારે તે વસ્ત્ર પાછું આપે તો પણ તેના પૂર્વના સ્વામીએ પાછું લેવું નહીં ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. પણ જો કોઈ સાધુ એકલા ક્યાંક જતા હોય તો તેને તેવું વસ્ત્ર આપે. પણ તે વસ્ત્રનો સ્વામી પોતે આવું વસ્ત્ર પોતે ન વાપરતા લઈ જનારને જ પાછું આપે અથવા બીજા કોઈ એકલા જનારને આપે.

આ જ પ્રમાણે બહુવચનમાં જાણવું. બાકી સૂત્રાર્થ મુજબ જાણવું.

● સૂત્ર-૪૮૫ :-

*સાધુ-સાધ્વી સુંદર વર્ણવાળા વસ્ત્રને વિવર્ણ કે વિવર્ણ વસ્ત્રને સુંદર વર્ણવાળું ન કરે. મને બીજું વસ્ત્ર મળશે એમ વિચારી પોતાના જૂના વસ્ત્ર બીજાને આપે, ન ઉધાર લે કે વસ્ત્રની પરસ્પર અદલા-બદલી ન કરે. કોઈ બીજા સાધુને એમ પણ ન કહે કે હે શ્રમણ ! તમે મારું વસ્ત્ર લેવા કે પહેરવા ઇચ્છો છો ? તે વસ્ત્ર ટકાઉ હોય તો એ વસ્ત્ર બીજાને સારુ નથી દેખાતું એમ વિચારી*

*ટુકડા કરી પરઠવે નહીં.*

*માર્ગમાં સામે આવતા ચોરોને દેખીને તે વસ્ત્રની રક્ષા માટે તેમનાથી ડરીને ઉન્માર્ગે ન જાય. પણ નીડરતાપૂર્વક ધીરજથી યતનાસહિત એક ગામથી બીજે ગામ તે જ માર્ગે જાય.*

*સાધુ-સાધ્વી એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હોય અને જાણે કે માર્ગમાં અટવીમાં ઘણાં ચોરો વસ્ત્ર લૂંટવા એકઠા થઈ રહ્યા છે. તો તેનાથી ભયભીત થઈ ઉન્માર્ગે ન જતા યાવત્ ગામ-ગામ વિચરે.*

*ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ-સાધ્વીને માર્ગમાં લુંટારા સામે મળે અને કહે કે, આ વસ્ત્ર લાવો, મને આપી દો, મૂકી દો ઇત્યાદિ ઇર્યા અધ્યયનમાં કહ્યા મુજબ જાણવું. ફર્ક એ કે અહીં તે વસ્ત્રના વિષયમાં જાણવું.*

*આ સાધુ-સાધ્વીનો વસ્ત્ર સંબંધી આચાર છે, તેના પાલનમાં તેઓ સદા યતનાવાન્ થઈ વિચરે - તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ સુંદર વસ્ત્રોને ચોર આદિના ભયથી અસુંદર ન કરે, ઉત્સર્ગથી તો તેવા વસ્ત્ર ગ્રહણ જ ન કરવા જોઈએ, ગ્રહણ કર્યા હોય તો પરિકર્મ ન કરે. એ જ રીતે અસુંદર વસ્ત્રને સુંદર ન કરે. આદિ સુગમ છે. - x - x - તે ભિક્ષુને માર્ગમાં જો કોઈ ચોર વસ્ત્ર લઈ લેવાની ઇચ્છાથી સામા મળે તો ઇત્યાદિ બધું 'ઇર્યા' અધ્યયન મુજબ જાણવું તે સાધુનો ભિક્ષુભાવ છે.

ચૂલિકા-૧, અધ્યયન-૫ ''વસ્ત્રૈષણા'', ઉદ્દેશા-૨ નો
મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

### ૦ ચૂલિકા-૧, અધ્યયન-૫ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ ૦

- x - x - x - x - x - x -



## ❀ ચૂલિકા-૧ અધ્યયન-૬ ''પાત્રૈષણા'' ❀

● ભૂમિકા :-

પાંચમાં અધ્યયન પછી છટ્ઠુ કહે છે, તેનો સંબંધ આ રીતે - અધ્યયન-પહેલામાં પિંડવિધિ કહી, તે આગમોક્ત વિધિએ વસતિમાં આવીને વાપરવું. તેથી બીજામાં વસતિ વિધિ બતાવી. તે શોધવા ત્રીજામાં ઈર્યાસમિતિ બતાવી. પિંડ માટે નીકળેલ કેમ બોલે - તે જણાવવા ચોથું ભાષા સમિતિ કહ્યું. તે માટે પડલા જોઈએ તેથી પાંચમામાં વસ્ત્રૈષણા કહી. પિંડ લેવા પાત્ર જોઈએ, તેથી અહીં પાત્રૈષણા કહે છે. પાત્રના ચાર અનુયોગદ્વાર છે. તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપામાં પાત્રૈષણા અધ્યયન છે, તેનો નિક્ષેપો અને અર્થાધિકાર પૂર્વના અધ્યયનમાં જ ટુંકાણમાં બતાવવા નિર્યુક્તિકારે કહેલ છે.

### 卐 ચૂલિકા-૧, અધ્યયન-૬, ઉદ્દેશો-૧ 卐

૦ હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહે છે—

● સૂત્ર-૪૮૬ :-

*સાધુ-સાધ્વી પાત્ર ગ્રહણ કરવા ઇચ્છે તો આ ત્રણ પ્રકારના પાત્ર સ્વીકારે. તુંબ પાત્ર, કાષ્ઠ પાત્ર, માટી પાત્ર. આ પ્રકારનું કોઈ એક પાત્ર તરુણ યાવત્ દૃઢ સંઘયણવાળો સાધક રાખે-બીજું નહીં. તે સાધુ અર્ધયોજનથી આગળ પાત્ર લેવા જવાનો મનથી પણ વિચાર ન કરે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે એક સાધર્મિક સાધુને ઉદ્દેશીને પ્રાણી આદિની હિંસા કરીને આ પાત્ર બનાવેલ છે. ઇત્યાદિ ચાર આલાવા ''पिण्डैषणा'' અધ્યયન મુજબ જાણવા. પાંચમાં આલાવામાં ઘણાં શ્રમણ, બ્રાહ્મણ આદિને ગણી-ગણીને બનાવવામાં આવેલ હોય ઇત્યાદિ. આવું પાત્ર ગ્રહણ ન કરે.*

*સાધુ-સાધ્વી જાણે કે ગૃહસ્થે ભિક્ષુ નિમિત્તે ઘણાં શ્રમણ-બ્રાહ્મણને ઉદ્દેશીને પાત્ર બનાવેલ છે ઇત્યાદિ વસ્ત્રૈષણા અધ્યયનથી જાણવું.*

*સાધુ-સાધ્વી જાણે કે આ પાત્ર વિવિધ પ્રકારના અને મહામૂલ્યવાન્ છે જેમકે - લોઢુ, રાંગ, તાંબુ, શીશું, ચાંદી, સોનું, પીત્તળ, પોલાદ, મણિ, કાચ, કાંસુ, શંખ, શૃંગ, દાંત, વસ્ત્ર, પાષાણ કે ચર્મના પાત્ર છે અથવા તેવા વિવિધ પ્રકારના મૂલ્યવાન્ પાત્ર છે તો તેને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે.*

*સાધુ-સાધ્વી જાણે કે આ પાત્રાને મૂલ્યવાન્ લોખંડ યાવત્ ચામડાનું બંધન કે તેવું મૂલ્યવાન્ અન્ય કોઈ બંધન હોય તો યાવત્ ગ્રહણ ન કરે.*

*સાધુ - આ દોષ સ્થાનોને ત્યાગી પાત્ર ગ્રહણની ચાર પ્રતિજ્ઞા જાણે.*

*૧. સાધુ તુંબ, કાષ્ઠ કે માટીમાંથી કોઈ એક પ્રકારનું પાત્ર નામોલ્લેખ કરીને સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો યાવત્ ગ્રહણ કરે.*

*૨. સાધુ પાત્રને જોઈને યાચના કરે. ગૃહસ્થના ઘેર જઈ ગૃહસ્થથી દાસીપર્યંત પહેલા કોઈ પાસે પાત્ર જોઈને કહે કે, હે આયુષ્યમાન્! શું મને*

*આમાંથી આ એક પાત્ર આપશો ? જેવું કે તુંબ, કાષ્ઠ કે માટીપાત્ર. તે પાત્ર સ્વયં યાચે અથવા ગૃહસ્થ આપે તો યાવત્ ગ્રહણ કરે.*

*૩. સાધુ જો એવું પાત્ર જાણે કે તે ગૃહસ્થ દ્વારા ઉપભુક્ત છે અથવા તેમાં ભોજન કરાઈ રહ્યું છે. તે પાત્ર સ્વયં યાચે યાવત્ ગ્રહણ કરે.*

*૪. સાધુ જો ઉજ્જિતધર્મ પાત્ર યાચે યાવત્ જે અન્ય ઘણાં શ્રમણાદિ લેવા પણ ન ઇચ્છે તો તેવું પાત્ર સ્વયં યાચે યાવત્ ગ્રહણ કરે.*

*આ ચારમાંથી કોઈ એક પ્રતિજ્ઞા લે. શેષ पिण्डैषणा મુજબ જાણવું.*

*આ રીતે પાત્રૈષણાપૂર્વક યાચના કરતા જોઈને કોઈ ગૃહસ્થ કહે કે, હે શ્રમણ ! તમે એક માસ પછી આવજો ઇત્યાદિ કથન વસ્ત્રૈષણા મુજબ જાણવું. વળી કોઈ ગૃહસ્થ કહે કે, હે આયુષ્યમાન્ ! બહેન ! તે પાત્ર લાવો આપણે તેના પર તેલ, ઘી, માખણ કે ચરબીથી લેપન કરીને આપીએ કે શીતલજલ વડે ધોઈને કે કંદાદિ ખાલી કરીને આપીએ ઇત્યાદિ સર્વ કથન વસ્ત્રૈષણા મુજબ જાણવું યાવત્ સાધુ તે ગ્રહણ ન કરે.*

*કોઈ ગૃહસ્વામી સાધુને એમ કહે, હે શ્રમણ ! તમે મુહૂર્ત માત્ર ઉભા રહો. અમે ત્યાં સુધી અશનાદિ તૈયાર કરીને પાત્ર ભરીને આપીએ. કેમકે ખાલી પાત્ર આપવું ઠીક નથી. ત્યારે તે સાધુ પહેલાથી જ કહી દે કે, હે આયુષ્યમાન્ ! હે બહેન ! મને આધાકર્મી અશનાદિ લેવું કલ્પે નહીં. માટે તમે સામગ્રી ભેગી કરશો નહીં કે અશનાદિ પકાવશો નહીં. આપવું હોય તો મને ખાલી પાત્ર જ આપો. આવું કહેવા છતાં ગૃહસ્થ અશનાદિ સામગ્રી એકઠી કરી, તૈયાર કરી ભોજન-પાન સહિત પાત્ર આપે તો તેવા પ્રકારના પાત્રને અપ્રાસુક અને અનેષણીય જાણી યાવત્ ગ્રહણ ન કરે.*

*કદાચ કોઈ ગૃહસ્થ પાત્રને લાવીને આપે તો પહેલા સાધુ કહે કે, તમારી સામે આ પાત્ર અંદર-બહારથી હું પડીલેહીશ. પડીલેહ્યા વિના પાત્ર લેવું તેને કેવલીએ કર્મબંધનું કારણ કહ્યું છે. સંભવ છે કે પાત્રમાં પ્રાણી, બીજ, હરિત હોય માટે સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે પાત્ર પડિલેહવું. ઇત્યાદિ સર્વે આલાવા વસ્ત્રૈષણા મુજબ જાણવા. ફર્ક માત્ર એ કે જો પાત્ર તેલ, ઘી, માખણ, ચરબી, સુગંધિત દ્રવ્ય કે અન્ય તેવા પ્રકારના દ્રવ્યથી લિપ્ત હોય તો એકાંતમાં જાય. નિર્દોષ સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન-પ્રમાર્જન કરે અને ત્યાં યતનાપૂર્વક પાત્રને સાફ કરે. આ સાધુ-સાધ્વીનો પાત્ર સંબંધી આચાર છે. જેને સદા યતનાવાન્ થઈ પાળે. તેમ હું કહું છું.*

● વિવેચન :-

તે ભિક્ષુ પાત્ર શોધવા ઇચ્છે તો આ પ્રમાણે જાણે. જેમકે - તુંબડા આદિ પાત્ર. તેમાં સ્થિર સંહનનાદિ યુક્ત હોય તે એક પાત્ર ધારણ કરે. આ જિનકલ્પી માટે છે. સ્થવિરકલ્પી તો માત્રક એવું બીજું પાત્ર પણ ધારણ કરે. તેમાં સંઘાટક હોય ત્યારે એકમાં આહાર અને બીજામાં પાણી લે. અથવા આચાર્ય વગેરે માટે અશુદ્ધ [માત્રુ



આદિ] માં કામ લાગે.

से भिक्खु ઇત્યાદિ સૂત્રો સુગમ છે. - x - x - પ્રતિમા ચતુષ્ટય સૂત્રો પણ વસ્ત્રૈષણા વત્ જાણવા. તેમાં ત્રીજી પ્રતિજ્ઞામાં संगइय એટલે પરિભુક્ત પ્રાયઃ, वेजयंतिय એટલે બે-ત્રણ પાત્રમાં ક્રમથી ભોજન કરાતુ હોય તે પાત્ર. *[જો કે ચૂર્ણિમાં આ બંને શબ્દનો અર્થ જુદો છે.]*

શેષ સર્વ વૃત્તિ સૂત્રાર્થમાં જણાવેલા અર્થનો સારાંશ માત્ર છે.

**ચૂલિકા-૧, અધ્યયન-૬, ''પાત્રૈષણા'', ઉદ્દેશા-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૬ ઉદ્દેશો-૨ 卐

૦ ઉદ્દેશા-૧ સાથેનો સંબંધ આ પ્રમાણે - ગયા સૂત્રમાં પાત્ર નિરીક્ષણ બતાવ્યું, અહીં પણ તેની શેષ વિધિ કહે છે. આ સંબંધે આવેલ સૂત્ર—

● સૂત્ર-૪૮૭ :-

*ગૃહસ્થને ઘેર આહાર-પાણી લેવા જતાં પહેલા સાધુ-સાધ્વી પાત્રને બરાબર જુએ, તેમાં કોઈ જીવજંતુ હોય તો સાવધાનીથી એક બાજુ મૂકી દે. ધૂળની પ્રમાર્જના કરે. પછી આહારાદિ માટે નીકળે કે ગૃહસ્થના ઘેર પ્રવેશે. કેવલી કહે છે કે, તેમ ન કરવું તે કર્મબંધનું કારણ છે, કેમકે પાત્રમાં પ્રાણિ, બીજ, હરિતકાય હોય તો તે પરિતાપ પામે. તેથી મુનિનો પૂર્વોપદિષ્ટ આચાર છે કે પહેલાથી પાત્રને જોઈને, રજ પ્રમાર્જીને યતનાપૂર્વક ભિક્ષાર્થે નીકળે.*

● વિવેચન :-

તે ભિક્ષુ ગૃહસ્થના ઘેર ગૌચરી જતા પહેલા પાત્રાને બરોબર તપાસે તેમાં પ્રાણીને જુએ તો તુરંત તેનો ત્યાગ કરે. તથા રજની પ્રમાર્જના કરી યતનાપૂર્વક નીકળી ગૃહસ્થને ઘેર જાય, આ પણ પાત્ર વિધિ જ છે. કેમકે અહીં પણ સમ્યક્ પ્રત્યુપ્રેક્ષણ-પ્રમાર્જનાદિ પાત્ર સંબંધી વિચાર જ છે. પાત્ર પ્રત્યુપેક્ષણ વિના આહાર ગ્રહણથી કર્મબંધ થાય, તેમ કેવલી પણ કહે છે. કેમકે પાત્રામાં બેઇન્દ્રિયાદિથી જીવો તથા બીજ કે રજ હોવાનો સંભવ છે, તેવા પાત્રમાં આહાર લેવાથી કર્મબંધ થાય છે માટે સાધુનો આચાર છે કે પાત્ર પૂંજી-પ્રમાર્જી ગૃહસ્થને ત્યાં જવું.

● સૂત્ર-૪૮૮ :-

*ગૃહસ્થને ઘેર ગયેલ સાધુ-સાધ્વી આહારાદિ યાચે ત્યારે ગૃહસ્થ ઘરમાંથી સચિત્ત પાણી પાત્રમાં લઈને સાધુને આપવા આવે ત્યારે તે પાત્ર તેનાં હાથમાં કે પાત્રમાં હોય તો અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. કદાચ અસાવધાનીથી ગ્રહણ કરી લે તો જલ્દીથી તે પાણીને પાછું આપી દે. અથવા સ્નિગ્ધ ભૂમિમાં તે પાણીને પરઠવી પાત્રને એક તરફ મૂકી દે. તે સાધુ ભીના અને સ્નિગ્ધ પાત્રને લુંછે કે સુકાવે નહીં. જ્યારે પાત્ર સ્વયં નીતરી જાય પછી તે પાત્રને યતનાપૂર્વક*

*સાફ કરે યાવત્ સુકાવે.*

*સાધુ-સાધ્વી ગૃહસ્થના ઘેર જાય તથા સ્થંડીલ કે સ્વાધ્યાય ભૂમિ જાય અથવા ગ્રામાનુગ્રામ વિચરે ત્યારે પાત્ર સાથે રાખે.*

*તીવ્ર કે થોડો વરસાદ થતો હોય ઇત્યાદિ વસ્ત્રૈષણામાં જણાવ્યા મુજબ પાત્ર સંબંધે પણ જાણવું. વિશેષ એ કે અહીં પાત્ર કહેવું. આ તે સાધુ-સાધ્વીનો આચાર છે. તેનું સર્વ અર્થથી પાલન કરે - એમ હું કહું છું.*

● વિવેચન :-

*[ચૂર્ણિ અને વૃત્તિમાં અહીં મહત્ત્વનો ભેદ છે. ચૂર્ણિકારે પાત્ર-ગ્રહણ સંબંધે વ્યાખ્યા કરી છે, વૃત્તિકારે પાનક ગ્રહણ સંબંધે વ્યાખ્યા કરી છે. અમે 'પાત્રૈષણા' હોવાથી ચૂર્ણિ મુજબ સૂત્રાર્થની નોંધ કરી છે.]*

- અહીં વૃત્તિનો અનુવાદ અમે કર્યો નથી. કેમકે ચૂર્ણિકારના મત મુજબ સૂત્રાર્થમાં 'પાત્ર' મુખ્ય છે. વૃત્તિનો અર્થ 'પાનક'ને આશ્રીને છે.

ચૂલિકા-૧, અધ્યયન-૬ ''પાત્રૈષણા'', ઉદ્દેશા-૨નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૬, ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦

- x - x - x - x - x - x -



## ૦ ચૂલિકા-૧, અધ્યયન-૭ ''અવગ્રહ પ્રતિમા''

૦ છટ્ઠુ અધ્યયન કહ્યું, હવે સાતમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર આદિ એષણા અવગ્રહને આશ્રીને થાય છે - x - તેથી આ સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગ દ્વાર છે. તેમાં ઉપક્રમમાં આ અર્થાધિકાર છે કે સાધુએ આ પ્રમાણે વિશુદ્ધ અવગ્રહ લેવો. નામ નિષ્પન્ન નિક્ષેપામાં 'અવગ્રહ પ્રતિમા' એવું નામ છે. તેમાં અવગ્રહના નામ, સ્થાપના સુગમ હોવાથી છોડીને દ્રવ્યાદિ નિક્ષેપ નિર્યુક્તિમાં કહે છે—

[નિ.૩૧૯] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ચાર પ્રકારનો અવગ્રહ છે અથવા સામાન્યથી પાંચ પ્રકારનો અવગ્રહ છે. તે આ પ્રમાણે—

૧. દેવેન્દ્ર અવગ્રહ - લોક મધ્યવર્તિ રૂચકથી દક્ષિણાર્ધ ભૂમિનો.
૨. રાજાનો અવગ્રહ - ચક્રવર્તી આદિનો ભરતાદિ ક્ષેત્ર વિષયક.
૩. ગૃહપતિ અવગ્રહ - ગામનો મહત્તર-પટેલનો ગામ-પાટક સંબંધી.
૪. સાગારિક અવગ્રહ - શય્યાતરનો ઘંઘશાલાદિ વિષયક.
૫. સાધર્મિક અવગ્રહ - માસકલ્પાદિ સ્થિત સાધુનો વસતિ વિષયક.

આ પ્રમાણે પાંચ પ્રકારનો અવગ્રહ વસતિ આદિ લેતા યથા અવસર અનુજ્ઞા લેવા યોગ્ય છે. હવે પહેલા કહેલ દ્રવ્યાદિ અવગ્રહ બતાવે છે—

[નિ.૩૨૦] દ્રવ્ય અવગ્રહ ત્રણ ભેદે છે. સચિત્ત-શિષ્યાદિ, અચિત્ત-રજોહરણ, મિશ્ર-રજોહરણ સહિત શિષ્ય. ક્ષેત્ર અવગ્રહ પણ સચિત્તાદિ ત્રણ પ્રકારે છે અથવા ગામ, નગર, અરણ્ય ભેદે છે. કાલ અવગ્રહ ઋતુબદ્ધ અને વર્ષાકાળ એ બે ભેદે છે. હવે ભાવ અવગ્રહ બતાવે છે—

[નિ.૩૨૧] ભાવ અવગ્રહ બે પ્રકારે છે. મતિ અવગ્રહ, ગ્રહણ અવગ્રહ, મતિ અવગ્રહ બે પ્રકારે છે - અર્થાવગ્રહ, વ્યંજનાવગ્રહ. અર્થાવગ્રહ ઇન્દ્રિય, નોઇન્દ્રિય ભેદે છ પ્રકારે છે. વ્યંજનાવગ્રહ ચક્ષુ ઇન્દ્રિય અને મનને છોડીને ચાર ભેદે છે. તે બધાએ ભેદથી મતિ-ભાવ અવગ્રહ દશ પ્રકારે છે.

[નિ.૩૨૨] હવે ગ્રહણ અવગ્રહ કહે છે - અપરિગ્રહી સાધુ જ્યારે પિંડ, વસતિ, વસ્ત્ર, પાત્ર લેવા વિચારે ત્યારે તે ગ્રહણ ભાવાવગ્રહ છે તેમાં કઈ રીતે મને શુદ્ધ વસતિ આદિ, પ્રાતિહારિક કે અપ્રાતિહારિક મળે તે માટે યત્ન કરવો.

પહેલા દેવેન્દ્રાદિ પાંચ પ્રકારનો અવગ્રહ કહ્યો. તે આ ગ્રહણાવગ્રહમાં જાણવો. આ પ્રમાણે નામ નિષ્પન્ન નિક્ષેપો થયો.

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૭ ઉદ્દેશો-૧ 卐

● સૂત્ર-૪૮૯ —

*દીક્ષા લેતી વખતે સંયમાર્થી કહે છે, હું શ્રમણ થઈશ, અનગાર, અકિંચન, અપુત્ર, અ-પશુ અને પરદત્તભોજી થઈ પાપકર્મ કરીશ નહીં. એ રીતે ઉદ્યત થઈ કહે છે, હે ભદંત ! હું સર્વ પ્રકારના અદત્તાદાનનો ત્યાગ કરું છું. તે શ્રમણ ગામ*

***યાવત્ રાજધાનીમાં પ્રવેશ કરે ત્યારે સ્વયં અદત્ત ગ્રહણ ન કરે, બીજા પાસે અદત્ત ગ્રહણ ન કરાવે, અદત્ત ગ્રહણ કરવાવાળાની અનુમોદના ન કરે. જેમની સાથે પ્રવ્રજિત થઈને રહે છે, તેઓના છત્ર યાવત્ ચર્મ છેદનકને તેમની પહેલા અવગ્રહ-અનુજ્ઞા લીધા વિના, પડિલેહણ-પ્રમાર્જન કર્યા વિના સામાન્ય કે વિશેષથી ગ્રહણ ન કરે. પૂર્વેથી તેમનો અવગ્રહ યાચી અનુજ્ઞાપૂર્વક પૂંજી-પ્રમાર્જીને યતનાપૂર્વક લે.***

● **વિવેચન :-**

શ્રમ પામે તે શ્રમણ-તપસ્વી. તે હું આ રીતે બનું તે દર્શાવે છે. અગ એટલે વૃક્ષ, તેનાથી જે બને તે ઘર. તે ન હોય તે અનગાર-ગૃહપાશત્યાગી. અકિંચન-જેની પાસે કંઈ નથી તે - નિષ્પરિગ્રહી. અપુત્ર-સ્વજનાદિ રહિત-નિર્મમ. અપશુ-દ્વિપદ ચતુષ્પદાદિરહિત તથા પરદત્તભોજી થઈ હું પાપકર્મ નહીં કરું એવી પ્રતિજ્ઞાવાળો થાય તે દર્શાવે છે - જેમકે—

હે ભદંત ! હું સર્વથા અદત્તાદાનનું પચ્ચક્ખાણ કરું છું. દંતશોધન માત્ર પણ બીજાએ આપેલ નહીં લઉં. આ પ્રતિજ્ઞાથી બીજા શાક્યાદિમાં શ્રમણત્વ નથી તે કહ્યું. આવો અકિંચન શ્રમણ - x - અદત્ત લે નહીં - x - જે સાધુ સાથે દીક્ષા લીધી હોય કે રહ્યા હોય તેમના ઉપકરણ પણ તેમની આજ્ઞા વિના ન લે, તે બતાવે છે. જેમકે—

છત્ર-જે ઢાંકે તે. વર્ષા-કલ્પ આદિ અથવા કારણિક. જેમકે કોંકણ દેશાદિમાં અતિવૃષ્ટિ સંભવ હોવાથી છત્રક પણ લે. યાવત્ ચર્મછેદનક પણ આજ્ઞારહિત અને પડિલેહણ કર્યા વિના ન લે. - x - પૂર્વે તેની આજ્ઞા લઈ ચક્ષુથી જોઈ, રજોહરણથી પ્રમાર્જી એક કે અનેકવાર ગ્રહણ કરે.

● **સૂત્ર-૪૯૦ :-**

***સાધુ-સાધ્વી જોઈ-વિચારીને ધર્મશાળા આદિમાં અવગ્રહની યાચના કરે. તે સ્થાનના સ્વામી કે અધિષ્ઠાતાની આજ્ઞા લે - હે આયુષ્યમાન્ ! આપની ઇચ્છાનુસાર જેટલો સમય અને જેટલા ક્ષેત્રમાં રહેવા આજ્ઞા આપો. તે પ્રમાણે રહીશું યાવત્ તે અવધિમાં અમારા કોઈ સાધર્મિક આવશે તો તે પણ રહેશે ત્યારપછી વિહાર કરીશું. તે સ્થાનમાં રહ્યા પછી જે કોઈ સંભોગી કે સમાન સામાચારીવાળા સાધુ વિહાર કરીને પધાર્યા હોય ત્યારે પોતાના લાવેલ અશનાદિ માટે તેઓને નિમંત્રણ કરે, પણ બીજા મુનિ દ્વારા કે મુનિ માટે લાવેલ અશનાદિ માટે નિમંત્રણ ન કરે.***

● **વિવેચન :-**

તે ભિક્ષુ ધર્મશાળાદિમાં પ્રવેશી વિચાર કરીને સાધુ વિહાર યોગ્ય ક્ષેત્ર જુએ. પછી અવગ્રહ-વસતિ આદિ યાચે. આ યાચના ગૃહસ્વામી કે તેણે નિયુક્ત કરેલ પાસે કરે - ક્ષેત્રાવગ્રહ યાચે. કઈ રીતે ? હે ગૃહપતિ ! તમારી ઇચ્છા પ્રમાણે તમે જેટલો કાળ અનુજ્ઞા આપો, જેટલી જગ્યા આપો તેટલો કાળ તે વસતિમાં અમે રહીએ ઇત્યાદિ. તે અવધિમાં કોઈ સાધર્મિક સાધુ આવે તો તેમના માટે પણ આ અવગ્રહ આપશો, પછી અમે વિચાર કરીશું.



અવગ્રહ ગ્રહણ કર્યા પછી - ત્યાં કેટલાક પરોણા એક સામાચારીવાળા ઉદ્યુક્ત વિહારી સાધુ-અતિથિ આવે તેમને પૂર્વના મોક્ષાભિલાષી સાધુ ઉતરવા દે તથા આપમેળે આવેલા પણ હોય. તેમને અશનાદિ લાવીને નિમંત્રણા કરે - કે મેં લાવેલ આ અશનાદિ તમે ગ્રહણ કરો. જો કે બીજાએ લાવેલા અશનાદિ માટે નિમંત્રણા ન કરે. - x - x -

● **સૂત્ર-૪૯૧ :-**

***આજ્ઞા પ્રાપ્ત કરી ધર્મશાળા આદિમાં રહેલ સાધુ ત્યાં રહેલા કે આવતા સાધર્મિક, અન્ય સાંભોગિકને પોતે લાવેલ પીઠ, ફલક, શય્યા-સંસ્તારકાદિ માટે તેઓને આમંત્રિત કરે. પરંતુ બીજા મુનિ દ્વારા કે મુનિ કે લાવેલા પીઠ, ફલક આદિ માટે આમંત્રિત ન કરે.***

***ધર્મશાળાદિમાં યાવત્ અનુજ્ઞા લઈને રહેલ હોય અને તે સ્થાનમાં કોઈ ગૃહસ્થ કે ગૃહસ્થપુત્ર આદિ પાસેથી સોય, કાતર, કાન ખોતરણી, નેરણી આદિ ઉપકરણ પોતા માટે યાચીને લાવેલ હોય તો તે અન્ય સાધુને ન આપે - ન લે. પણ કાર્ય પૂર્ણ થયે જ્યાંથી લાવેલ હોય તે ગૃહસ્થને ત્યાં જાય અને હાથ લાંબો કરી તે વસ્તુ ભૂમિ પર રાખે અને કહે કે, આ વસ્તુ તમારી છે. પરંતુ તે વસ્તુ પોતાના હાથે ગૃહસ્થના હાથ પર ન રાખે.***

● **વિવેચન :-**

બધું પૂર્વ સૂત્ર મુજબ જાણવું. વિશેષ એ કે, સાંભોગિકને પીઠ, ફલકાદિ માટે નિમંત્રણ આપે. - x - x - વળી એક સાધુને આશ્રીને યાચિત સોય વગેરે બીજા સાધુને ન આપે પણ જેમની પાસે લીધા હોય તેમને પાછા સોંપે.

● **સૂત્ર-૪૯૨ :-**

***સાધુ-સાધ્વી એવા અવગ્રહને જાણે — (૧) જે સચિત્ત પૃથ્વી યાવત્ જાળાથી યુક્ત હોય તો તેવા પ્રકારનો અવગ્રહ ગ્રહણ ન કરે. (૨) જે સ્થાન સ્થંભ આદિ પર ઉંચે હોય અને બરાબર બાંધેલ હોય તો યાવત્ ન યાચે. (૩) જે સ્થાન કાચી દીવાલ આદિ ઉપર હોય તો યાવત્ ન યાચે. (૪) જે સ્થાન સ્થંભ આદિ પર કે તેવા અન્ય ઉચ્ચસ્થાને હોય તો યાવત્ ન યાચે. (૫) જે સ્થાન ગૃહસ્થયુક્ત, અગ્નિ કે જલયુક્ત, સ્ત્રી-બાળક-પશુના ભોજન પાનથી યુક્ત હોય, બુદ્ધિમાન સાધુ માટે ત્યાં આવાગમન યાવત્ ધર્માનુયોગ ચિંતન માટે યોગ્ય ન હોય તો આવા સ્થાનને યાવત્ ન યાચે.***

***સાધુ-સાધ્વી એવા સ્થાનને જાણે કે (૬) જેમાં આવાગમનનો માર્ગ ગૃહસ્થના મકાનની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે, તો પ્રાજ્ઞ સાધુ યાવત્ તેવા સ્થાનને ન યાચે. (૭) જે સ્થાને ગૃહપતિ યાવત્ દાસી પરસ્પર આક્રોશ કરતા હોય, તેલ આદિ મર્દન, સ્નાનાદિ, ઠંડા કે ગરમ પાણીથી ગાત્રસિંચન કરતા હોય કે નગ્ન થઈ ક્રીડા કરતાં હોય ઇત્યાદિ કથન શય્યા-અધ્યયન માફક જાણવું. માત્ર શય્યાને સ્થાને અવગ્રહ કહેવું. (૮) જે સ્થાન વિકૃતિકારક***

*ચિત્રોથી ચિત્રિત હોય યાવત્ આવા સ્થાનની પ્રાજ્ઞ સાધુ યાચના ન કરે. આ સાધુ-સાધ્વીનો અવગ્રહ સંબંધી આચાર છે, તેનું સંપૂર્ણ પાલન કરી સાધુ સંયમમાં યતનાવાત્ બને.*

● **વિવેચન :-**

સચિત્ત પૃથ્વીસંબંધી - x - ઇત્યાદિ - x - અવગ્રહ જાણી તે ગ્રહણ ન કરે. વગેરે શય્યા અધ્યયન મુજબ જાણે. માત્ર શય્યાને બદલે અવગ્રહ કહેવું.

**ચૂલિકા-૧, અધ્યયન-૭ ''અવગ્રહપ્રતિમા'' ઉદ્દેશો-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૧, અધ્યયન-૭, ઉદ્દેશો-૨ 卐

૦ ઉદ્દેશો-૧ કહ્યો. હવે બીજો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વના ઉદ્દેશામાં અવગ્રહ બતાવ્યો. અહીં પણ તેનું બાકીનું જ કહે છે—

● **સૂત્ર-૪૯૩ :-**

*સાધુ ધર્મશાળાદિ સ્થાનમાં અવગ્રહ યાચે, તે સ્થાના સ્વામીને યાચના કરતા કહે કે, હે આયુષ્યમાન્ ! આપની ઇચ્છાનુસાર જેટલો સમય - જેટલા ક્ષેત્રમાં રહેવાની આપ અનુજ્ઞા આપો તેમ રહીશું. યાવત્ અમારા સાધર્મિક સાધુ આવશે તો યાવત્ તે પણ આ અવધિમાં રહેશે. ત્યારપછી અમે વિહાર કરીશું. અવગ્રહ લીધા પછી શું કરે ? ત્યાં જે શ્રમણ, બ્રાહ્મણ આદિના છત્ર યાવત્ ચર્મછેદનક આદિ હોય તેને અંદરથી બહાર ન કાઢે કે બહારથી અંદર ન લઈ જાય. સૂતેલા શ્રમણાદિને જગાડે નહીં કે તેઓની સાથે અપ્રિતિજનક કે પ્રતિકૂળ વર્તન કરે નહીં.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ જે ધર્મશાળાદિમાં ઉતરેલ હોય, ત્યાં પૂર્વે બીજા પણ બ્રાહ્મણ આદિ ઉતરેલ હોય અને કારણે સામાન્ય ઉપભોગવાળા તે સ્થાને ઉતરવું પડે તો બ્રાહ્મણ આદિના છત્રાદિને અંદરથી બહાર ન લઈ જાય ઇત્યાદિ-સૂત્રાર્થમાં લખ્યા મુજબ જાણવું. - x - x -

● **સૂત્ર-૪૯૪ :-**

*તે સાધુ-સાધ્વી આમ્રવનમાં રહેવા ઇચ્છે તો ત્યાંના જે સ્વામી કે વનપાલ હોય, તેની પાસે અવગ્રહ યાચતા કહે, આપની ઇચ્છા હોય યાવત્ ત્યાં સુધી અહીં રહીશું. આ રીતે અનુજ્ઞા મેળવી નિવાસ કર્યા પછી શું કરે ? - (૧) જો સાધુ કેરી ખાવા ઇચ્છે, પણ તે. એમ જાણે કે આ કેરીઓ ઇંડા યાવત્ જીવજંતુ યુક્ત છે, તો તેવી કેરીને અપ્રાસુક જાણી ન લે.*

*(૨) સાધુ-સાધ્વી એમ જાણે કે આ કેરી ઇંડા યાવત્ જીવજંતુથીરહિત છે પણ તે તિર્છી કાપેલ નથી, ટુકડા કરેલ નથી તો તેને અપ્રાસુક જાણી ન લે.*

*(3) સાધુ-સાધ્વી જાણે કે આ કેરી ઇંડા યાવત્ જીવજંતુથીરહિત છે અને તીર્છી કાપેલ તથા ટુકડા કરેલ છે તો તેને પ્રાસુક જાણી ગ્રહણ કરે.*



*(૪) સાધુ-સાધ્વીને કેરીનો અડધો ભાગ, ચીર, છાલ, રસ, ટુકડા આદિ ખાવા કે પીવાની ઇચ્છા થાય પણ તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત હોય તો ન લે; જો તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત ન હોય પણ છોલેલ કે સુધારેલ ન હોય તો તેને ગ્રહણ ન કરે પરંતુ તે ઇંડા યાવત્ જાળાથી યુક્ત ન હોય, છોલેલ તથા સુધારેલ પણ હોય તો અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ કરે.*

*તે સાધુ-સાધ્વી શેરડીના વનમાં રહેવા ઇચ્છે તો તેના માલિકની અનુજ્ઞા લઈને યાવત્ ત્યાં રહે. ત્યાં રહ્યા પછી શેરડી ખાવા કે પીવા ઇચ્છે તો પહેલા જાણી લે કે શેરડી ઇંડા યાવત્ જાળાથી યુક્ત નથી ને ? તીર્છી આદિ છેદાયેલ છે કે નહીં ? ઇત્યાદિ ત્રણે સૂત્રો ઉપર મુજબ જાણવા.*

*તે સાધુ-સાધ્વી શેરડીનો મધ્યભાગ, તેની ગાંઠ, છાલ, રસ, ટુકડા ખાવા કે પીવા ઇચ્છે તો ઇંડાદિ યુક્ત અશુદ્ધ જાણે તો ગ્રહણ ન કરે, શેરડીનો મધ્યભાગ આદિ ઇંડાદિ યુક્ત ન હોય પણ તીર્છું છેદેલ ન હોય તો પણ ગ્રહણ ન કરે. પરંતુ જો ઇંડાદિરહિત હોય, તીર્છી છેદાયેલ હોય તો અપ્રાસુક જાણી ગ્રહણ કરે.*

*તે સાધુ-સાધ્વી લસણના વનમાં જાય તો ઉક્ત ત્રણે આલાવા જાણવા. વિશેષ એ કે ત્યાં 'લસણ' કહેવું. કોઈ સાધુ-સાધ્વીને લસણ, લસણનો કંદ, લસણની છાલ કે ટુકડા, લસણના પાન, લસણનો રસ આદિ ખાવા કે પીવાની ઇચ્છા થાય યાવત્ તે જાણે કે તે ઇંડાદિથી યુક્ત છે તો ગ્રહણ ન કરે. એ રીતે ઇંડાદિ યુક્ત ન હોય પણ ટુકડા કે છેદન કર્યા વિનાનું હોય તો પણ ગ્રહણ ન કરે પણ ઇંડાદિરહિત હોય, છેદન-ભેદન થયેલ હોય તો પ્રાસુક અને એષણીય જાણી ગ્રહણ કરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ કદાચ આમ્રવનમાં ગૃહસ્થ પાસે અવગ્રહ યાચીને રહે અને કારણે આંબો ખાવાને ઇચ્છે તો ઇત્યાદિ સર્વ વિવેચન સૂત્રાર્થ મુજબ જાણવું. આમાં જે કથન ન સમજાય તે નિશીથ સૂત્રના સોળમાં ઉદ્દેશાથી જાણવું. *[આચારાંગ ચૂર્ણિ માં આ સૂત્ર વિશે વિશેષ સ્પષ્ટતા છે આગાઢ કારણે લસણ લે તો તેનું પ્રાયશ્ચિત્ત પણ ''નિશીથ''માં છે.]*

● **સૂત્ર-૪૯૫ :-**

*સાધુ-સાધ્વી ધર્મશાળાદિમાં અવગ્રહ ગ્રહણ કરીને ગૃહસ્થ કે ગૃહસ્થ-પુત્રાદિના સંબંધ ઉત્પન્ન થતા દોષોથી બચે અને સાધુ આ સાત પ્રતિજ્ઞા થકી અવગ્રહ ગ્રહણ કરવાનું જાણે. તેમાં પહેલી પ્રતિજ્ઞા આ પ્રમાણે—*

*૧. સાધુ ધર્મશાળાદિમાં વિચાર કરીને અવગ્રહ યાચે યાવત્ વિચરે.*

*૨. હું બીજા ભિક્ષુઓ માટે ઉપાશ્રયની આજ્ઞા માંગીશ અને તેઓ દ્વારા યાચેલા ઉપાશ્રયમાં રહીશ, તે બીજી પ્રતિજ્ઞા.*

*3. હું બીજા ભિક્ષુ માટે અવગ્રહ યાચીશ, પણ તેઓએ યાચેલા સ્થાનમાં રહીશ નહીં, તેમ કોઈ સાધુ અભિગ્રહ કરે એ ત્રીજી પ્રતિજ્ઞા.*

*૪. હું કોઈ સાધુ માટે અવગ્રહ યાચીશ નહીં, પણ તેમના યાચેલા સ્થાનોમાં રહીશ તેવો કોઈ સાધુ અભિગ્રહ કરે એ ચોથી પ્રતિજ્ઞા.*

*૫. કોઈ સાધુ અભિગ્રહ કરે કે હું મારા માટે અવગ્રહ યાચીશ, પણ બીજા બે, ત્રણ, ચાર, પાંચ સાધુ માટે યાચના નહીં કરું, તે પાંચમી પ્રતિજ્ઞા.*

*૬. કોઈ સાધુ અભિગ્રહ કરે કે હું જેના અવગ્રહની યાચના કરીશ તેના જ અવગ્રહમાં જો તૃણ વિશેષ સંસ્તારક મળી જશે તો ઉપયોગ કરીશ નહીં તો ઉત્કટુક આસનાદિ દ્વારા રાત્રિ વ્યતીત કરીશ, તે છટ્ઠી પ્રતિજ્ઞા.*

*૭. સાધુ જે સ્થાનની અનુજ્ઞા લે તે સ્થાનમાં પૃથ્વીશિલા, કાષ્ઠશિલા, પરાળાદિ આસનો હશે તેના પર આસન કરીશ, અન્યથા ઉત્કટુક આસન દ્વારા રાત્રિ વ્યતીત કરીશ એ સાતમી પ્રતિજ્ઞા.*

*આ સાતમાંથી કોઈપણ પ્રતિજ્ઞા સ્વીકારે આદિ* पिण्डैषणा *મુજબ જાણો.*

● વિવેચન :-

તે ભિક્ષુ ધર્મશાળાદિમાં અવગ્રહ ગ્રહણ કરીને ત્યાં રહેતા ગૃહસ્થો આદિ પૂર્વે બતાવેલ અને હવે પછી બતાવનારા કર્મોપાદાનના કારણોનો ત્યાગ કરીને અવગ્રહ ગ્રહણ કરવાનું જાણે. તે ભિક્ષુ સાત પ્રતિજ્ઞા વડે અવગ્રહ ગ્રહણ કરે. પ્રથમ બે પ્રતિજ્ઞાનો અર્થ સૂત્રાર્થ મુજબ જાણવો. વિશેષ એ કે - પહેલી પ્રતિજ્ઞા સામાન્ય છે, બીજી પ્રતિજ્ઞા ગચ્છવાસી ઉદ્યુક્ત વિહારી સાધુને હોય, તેઓ સાંભોગિક કે અસાંભોગિક કોઈપણ માટે અન્યોન્ય વસતિ યાચે.

ત્રીજી પ્રતિજ્ઞામાં બીજા માટે અવગ્રહ યાચના કહી - x - આ પ્રતિજ્ઞા અહાલંદિક સાધુ માટે છે, તે સૂત્ર-અર્થ ભણતા હોવાથી આચાર્ય માટે મકાન છે. ચોથી પ્રતિજ્ઞામાં - x - બીજાએ યાચેલ અવગ્રહમાં રહેવાનું કથન છે. આ અભિગ્રહ ગચ્છમાં રહી અભ્યુદ્યત વિહારી જિનકલ્પાદિ માટે અભ્યાસ કરનાર માટે છે. પાંચમી પ્રતિજ્ઞા - x - જિનકલ્પીની છે. છટ્ઠી પ્રતિજ્ઞા - x - x - જિનકલ્પી આદિની છે. સાતમી પણ એ જ પ્રમાણે છે. બાકીનું આત્મોત્કર્ષ વર્જનાદિ પિંડ-એષણાવત્ જાણવું.

● સૂત્ર-૪૯૬ :-

*મેં સાંભળેલ છે કે આયુષ્યમાન્ ભગવંતે આમ કહ્યું છે, અહીં સ્થવિર ભગવંતે પાંચ પ્રકારના અવગ્રહ કહ્યા છે. દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, સાગારિક અને સાધર્મિકનો. આ સાધુ-સાધ્વીનો સમગ્ર આચાર છે.*

● વિવેચન :- સૂત્રાર્થ મુજબ જ જાણવું.

ચૂલિકા-૧, અધ્યયન-૭ ‘‘અવગ્રહપ્રતિમા’’ ઉદ્દેશા-૨નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

**૦ ચૂલિકા-૧, અધ્યયન-૭ નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦**

- x - x - x - x - x - x -

**૦ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૧નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦**



## ૦ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૨ ‘‘સાત સપ્તિકા’’ ૦

૦ સાતમું અધ્યયન કહ્યું, તે કહેતા પ્રથમ ચૂલા કહી. હવે બીજી ચૂલિકા કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ચૂલા-૧માં વસતિ અવગ્રહ બતાવ્યો. તેમાં કેવા સ્થાનમાં કાયોત્સર્ગ, સ્વાધ્યાય, મળ-મૂળ ત્યાગ આદિ કરવો તે બતાવવા આ બીજી ચૂડા-ચૂલિકા છે. આ ચૂલામાં સાત અધ્યયન છે, તે નિર્યુક્તિકાર બતાવે છે—

## 卐 ચૂલિકા-૨, અધ્યયન-૧ ‘‘સ્થાનસપ્તિકા’’ 卐

[નિ.૩૨૩] આ ચૂલિકાના સાતે અધ્યયનોમાં ઉદ્દેશા નથી. તેમાં પહેલું અધ્યયન સ્થાન નામે છે, તેની વ્યાખ્યા કરે છે.

આ સંબંધે આવેલ આ અધ્યયનના ચાર અનુયોગ દ્વારો છે. તેમાં ઉપક્રમમાં આ અર્થાધિકાર છે - સાધુએ કેવા સ્થાનમાં આશ્રય લેવો, નામ નિષ્પન્ન નિક્ષેપામાં સ્થાન એ નામ છે, તેના નામાદિ ચાર નિક્ષેપા છે. તેમાં અહીં દ્રવ્યને આશ્રીને ઉર્ધ્વસ્થાન વડે અધિકાર છે, તે નિર્યુક્તિકાર કહે છે.

બીજું અધ્યયન નિશીથિકા છે, તેનો નિક્ષેપ છ પ્રકારે છે, તે તેના સ્થાનમાં કહીશું.

● સૂત્ર-૪૯૭ :-

*સાધુ-સાધ્વી કોઈ સ્થાનમાં રહેવા ઇચ્છે તો ગામ યાવત્ રાજધાનીમાં પ્રવેશીને જે સ્થાનને જાણે કે - તે સ્થાન ઇંડા - યાવત્ કરોળીયાના જાળાથી યુક્ત છે, તે પ્રકારના સ્થાનને અપ્રાસુક અને અનેષણીય જાણી ગ્રહણ ન કરે. શેષ વર્ણન જલોત્પન્ન કંદ પર્યન્ત શય્યા અધ્યયન સમાન જાણવું.*

*સાધુઓએ સ્થાનના દોષો ત્યાગી ચાર પ્રતિજ્ઞાઓનો આશ્રય લઈ કોઈ સ્થાનમાં રહેવાની ઇચ્છા કરવી તે પ્રતિજ્ઞા આ પ્રમાણે—*

*૧. હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત દિવાલાદિનો સહારો લઈશ હાથ-પગનું આકુંચન-પ્રસારણ કરીશ, મર્યાદિત ભૂમિમાં ભ્રમણ કરીશ.*

*૨. હું અચિત્ત સ્થાનમાં રહીશ, કાયાથી અચિત્ત દિવાલાદિનો સહારો લઈશ, હાથ-પગનું પ્રસારણાદિ કરીશ, પણ ભ્રમણ નહીં કરું.*

*૩. હું અચિત્ત સ્થાનમાં રહીશ, અચિત્ત દિવાલાદિનો સહારો લઈશ નહીં. હાથ-પગનું સંકોચન-પ્રસારણ કરીશ પણ ભ્રમણ નહીં કરું.*

*૪. હું અચિત્ત સ્થાનમાં રહીશ પણ દિવાલાદિનું અવલંબન, હાથ-પગનું પ્રસારણાદિ કે મર્યાદિત ભૂમિમાં ભ્રમણ નહીં કરું.*

*તથા કાયોત્સર્ગ દ્વારા શરીરનો સારી રીતે નિરોધ કરીશ, કાયાનું મમત્વ તજીશ. કેશ-દાઢી-નખ-મૂછને વોસિરાવી દઈશ, એ રીતે એક સ્થાને રહીશ.*

***આ ચારમાંથી કોઈ એક પ્રતિજ્ઞાને સ્વીકારીને યાવત્ બધાં પ્રત્યે સમાન ભાવ રાખી વિચરીશ. કોઈને કંઈ કહીશ નહીં.***

***એ જ સાધુ-સાધ્વીનો સમગ્ર આચાર છે, તેનું પાલન કરી સંયમમાં યતના રાખે.***

**● વિવેચન :-**

પૂર્વોક્ત ભિક્ષુ જો સ્થાનમાં રહેવા ઇચ્છે તો તે ગ્રામાદિમાં પ્રવેશ કરે, પ્રવેશીને ઉર્ધ્વસ્થાનાદિ અર્થે સ્થાનને શોધે. તે જો ઇંડા યાવત્ કરોળીયાના જાળાવાળું અપ્રાસુક મળે તો પ્રાપ્ત થવા છતાં ગ્રહણ ન કરે એ પ્રમાણે બીજા પણ સૂત્રો ''શય્યા'' માફક સમજી લેવા. - x -

હવે પ્રતિજ્ઞાને આશ્રીને કહે છે, પૂર્વોક્ત અને હવે પછી કહેવાનાર દોષવાળા સ્થાનો છોડીને ચાર અભિગ્રહ વિશેષને ક્રમથી કહે છે—

પહેલી પ્રતિજ્ઞા - કોઈ ભિક્ષુ એવો અભિગ્રહ લે કે હું અચિત્ત સ્થાને રહીશ તથા કાયા વડે અચિત્ત ભીંત આદિનો ટેકો લઈશ, પરિસ્પન્દ - હાથ-પગનું આકુંચનાદિ કરીશ, ત્યાં જ થોડા પગલા વિહરવા રૂપ સ્થાનનો આશ્રય કરીશ.

બીજી પ્રતિજ્ઞામાં આકુંચન, પ્રસારણ આદિ ક્રિયા કરીશ ટેકો લઈશ પણ પાદ વિહરણ નહીં કરું.

ત્રીજી પ્રતિજ્ઞામાં આકુંચન પ્રસારણ કરીશ પણ પાદ વિહરણ કે ટેકો લેવાનું નહીં કરું.

ચોથીમાં આ ત્રણે નહીં કરું. ચોથી પ્રતિજ્ઞાધારક સાધુ આવો થાય—

પરિમિત કાલ માટે કાયાના મમત્વનો ત્યાગી, પોતાના વાળ, દાઢી-મૂછ, રોમ, નખ આદિના મમત્વનો ત્યાગી, સમ્યક્ નિરુદ્ધ સ્થાને રહીને કાયોત્સર્ગ કરતા મેરુ વત્ નિષ્પ્રકંપ બને.

કોઈ તેના વાળ વગેરે ખેંચે તો પણ સ્થાનથી ચલિત ન થાય. અન્ય પ્રતિમાધારીને હલકો ન માને, પોતે અહંકારી ન બને કે તેવા કોઈ વચન ન બોલે.

**ચૂલિકા-૨, સપ્તિકા-૧ ''સ્થાન''નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૨ ''નિષિધિકા'' 卐

૦ પહેલી કહીને હવે બીજી સપ્તિકા કહે છે. સંબંધ આ રીતે - પૂર્વની [સપ્તિકા] અધ્યયનમાં 'સ્થાન' બતાવ્યું. તે કેવું હોય તો સ્વાધ્યાય યોગ્ય થાય ? તે સ્વાધ્યાય ભૂમિમાં શું કરવું ? શું ન કરવું ? આ સંબંધે આ અધ્યયન આવેલું છે. એના ચાર અનુયોગદ્વાર છે. તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપે ''નિષિથિકા'' એવું નામ છે, તેના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ છ પ્રકારે નિક્ષેપા છે. નામ, સ્થાપના પૂર્વવત્ છે. દ્રવ્ય નિષીથનો આગમથી જ્ઞ શરીર ભવ્યશરીર છોડીને જે દ્રવ્ય પ્રચ્છન્ન હોય તે છે. ક્ષેત્ર નિશીથ તે બ્રહ્મલોકના રિષ્ઠ વિમાનની પાસે કૃષ્ણરાજીઓ જે ક્ષેત્રમાં છે તે, કાળનિશીથ તે કૃષ્ણ રાત્રિ અથવા જે કાળ નિશીથનું વર્ણન ચાલે તે, ભાવનિશીથ તે નોઆગમથી આ અધ્યયન કેમકે તે આગમનો એક દેશ છે.

**● સૂત્ર-૪૯૮ :-**

***તે સાધુ-સાધ્વી પ્રાસુક સ્વાધ્યાય ભૂમિમાં જવા ઇચ્છે અને તે નિષિથિકા [સ્વાધ્યાય ભૂમિ] ને જાણે કે તે જીવજંતુ યુક્ત છે તો તેવી ભૂમિને અપ્રાસુક જાણી ગ્રહણ ન કરે. પણ જો તે પ્રાણ, બીજ યાવત્ જાળા વગરની ભૂમિ જાણે તો પ્રાસુક સમજી ગ્રહણ કરે. ઇત્યાદિ શય્યા અધ્યયન મુજબ*** उदगप्रसूत ***પર્યન્ત જાણી લેવું.***

***સ્વાધ્યાય ભૂમિમાં બે ત્રણ ચાર કે પાંચના સમુહમાં સાધુઓ જવા ઇચ્છે તો, ત્યાં પરસ્પર કાયાને આલિંગન આદિ તથા ચુંબન કે દાંત અને નખથી છેદન ન કરે. આ સાધુ સાધ્વીનો આચાર છે. જે સર્વ અર્થથી સહિત થઈ, સમિત થઈ, સદા પ્રયત્નપૂર્વક પાળે અને પોતાના માટે શ્રેયસ્કર માને.***

***તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

તે ભાવભિક્ષુ જો વસતિની અયોગ્યતાને લીધે બીજી સ્વાધ્યાય ભૂમિમાં જવા ઇચ્છે, તે ભૂમિ જો જીવજંતુ યુક્ત જાણે તો અપ્રાસુક જાણીને ગ્રહણ ન કરે ઇત્યાદિ - x - x - શય્યા અધ્યયન મુજબ જાણવું.

ત્યાં જઈને શું કરે ? તે વિધિ કહે છે - ત્યાં બે, ત્રણ કે વધુ સાધુ જાય પછી પરસ્પર ગાત્ર સંસ્પર્શ ન કરે, જેનાથી મોહ ઉદય પામે તેવી ચેષ્ટા ન કરે, કંદર્પપ્રધાન ઓષ્ઠ ચુંબનાદિ ક્રિયા ન કરે. એ તે ભિક્ષુનો ભિક્ષુભાવ છે કે પરલોકના પ્રયોજન વડે યુક્ત તથા પાંચ સમિતિથી જીવનપર્યન્ત સંયમ અનુષ્ઠાનમાં યત્ન કરે અને એ જ શ્રેયસ્કર છે તેમ માને. એ પ્રમાણે હું કહું છું.

**ચૂલિકા-૨, સપ્તિકા-૨ ''નિષિધિકા'' ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ✠ ચૂલિકા-૨, સપ્તિકા-૩ - "ઉચ્ચારપ્રસ્રવણ" ✠

૦ હવે ત્રીજી સપ્તિકા કહીએ છીએ. તેનો સંબંધ આ પ્રમાણે - પૂર્વે 'નિષીધિકા' બતાવી. ત્યાં કેવી ભૂમિ ઉપર સ્થંડીલ, માત્રુ કરવું તે બતાવે છે. નામ નિષ્પન્ન નિક્ષેપે 'ઉચ્ચારપ્રસ્રવણ' નામ છે. તેનો નિરુક્તિ અર્થ નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૨૪-] उच्चार એટલે શરીરમાંથી પ્રબળતા થકી દૂર કરે કે મેલ સાફ કરે તે અર્થાત વિષ્ઠા તથા પ્રકર્ષથી શ્રવે તે-મૂત્ર કે એકિકા. આ બંને કઈ રીતે કરે તો સ્થંડિલ શુદ્ધિ થાય ? તે હવેની ગાથામાં કહે છે—

[નિ.૩૨૫-] છ જીવનિકાયના રક્ષણ માટે ઉધત-સાધુ હવે કહેવાતા સ્થંડિલમાં અપ્રમત્તપણે ઉચ્ચાર-પ્રશ્રવણ કરે. - x - હવે સૂત્ર કહે છે.

● સૂત્ર-૪૯૯ :-

*તે સાધુ-સાધ્વી મળ-મૂત્રની તીવ્ર બાધા ઉત્પન્ન થાય ત્યારે પોતા પાસે પાદપ્રોંછનક ન હોય તો બીજા સાધુ પાસે માંગી મળ-મૂત્ર ત્યાગે.*

*સાધુ-સાધ્વી જો જીવજંતુવાળી આદિ ભૂમિ જાણે તો યાવત્ તેવી ભૂમિમાં મળ-મૂત્ર વિસર્જન ન કરે. પણ સાધુ-સાધ્વી એમ જાણે કે આ સ્થંડિલ ભૂમિ જીવજંતુ આદિથી રહિત છે તો તે ભૂમિમાં મળમૂત્ર ત્યાગે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે - આ સ્થંડિલભૂમિ કોઈ ગૃહસ્થે એક સાધુને ઉદ્દેશીને અથવા અનેક સાધુ એક સાધ્વી કે અનેક સાધ્વીને ઉદ્દેશીને અથવા ઘણાં શ્રમણાદિને ગણી ગણીને તેમને આશ્રીને પ્રાણિ આદિનો સમારંભ કરીને યાવત્ બનાવેલી છે, તો તેવી સ્થંડિલ ભૂમિ પુરુષાંતરકૃત્ યાવત્ બહાર કાઢેલી કે ન કાઢેલી હોય કે અન્ય તેવા કોઈ દોષથી યુક્ત હોય તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*સાધુ-સાધ્વી એવી સ્થંડિલ ભૂમિને જાણે કે જે ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, વનીપક, અતિથિને ઉદ્દેશીને પ્રાણ-ભૂત-જીવ-સત્વનો આરંભ કરી યાવત્ બનાવી છે, તે ભૂમિ પુરુષાંતરકૃત્ યાવત્ કામમાં લેવાઈ નથી તો તે કે તેવા પ્રકારની અન્ય ભૂમિમાં મળ-મૂત્ર ત્યાગ ન કરે. પણ જો એમ જાણે કે પુરુષાંતરકૃત્ યાવત્ ઉપભૂક્ત છે તો ત્યાં મળ-મૂત્ર ત્યાગે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે તે ભૂમિ સાધુ માટે કરેલ, કરાવેલ, ઉધાર લીધેલ, છત કરેલ, ઘસેલ, કોમળ કરેલ, લિંપેલ, ધૂપેલ કે અન્ય કોઈ આરંભ કરેલ છે તો તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*સાધુ-સાધ્વી જાણે કે ગૃહસ્થ અથવા તેના પુત્રો કંદ યાવત્ વનસ્પતિને અંદરથી બહાર અને બહારથી અંદર લઈ જાય છે તો તેવી કે તેવા અન્ય પ્રકારની ભૂમિમાં મળ-મૂત્ર ન ત્યાગે.*

*સાધુ-સાધ્વી એમ જાણે કે તે સ્થંડિલ ભૂમિ પીઠ, મંચ, માળા, અગાસી કે પ્રાસાદ પર છે તો તે ભૂમિમાં યાવત્ મળમૂત્ર ન ત્યાગે.*





*સાધુ-સાધ્વી સચિત્ત-સ્નિગ્ધ-સરજસ્ક પૃથ્વી પર, સચિત્ત શિલા-ઢેફું-ઉધઈવાળા કાષ્ઠ કે જીવ પ્રતિષ્ઠિત ભૂમિ યાવત્ કરોળીયાના જાળાવાળી ભૂમિ પર કે તેવી અન્ય ભૂમિ પર મળ-મૂત્ર ન ત્યાગે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કદાચ મળ-મૂત્ર કરવા પ્રબળતાથી પીડાતો હોય તો પોતાના પાદપ્રોંછનક [પાત્રક, માત્રક] માં સમાધિ માટે મળ-મૂત્ર કરે પણ પોતાના ન હોય તો બીજા સાધુ પાસે યાચે, પ્રતિલેખના કરી - x - સમાધિ પામી મળ-મૂત્ર ત્યાગે. એમ કહીને મળ-મૂત્ર ન રોકવા કહ્યું.

વૃત્તિનું શેષ સર્વ કથન સૂત્રાર્થ અનુસારે જાણવું.

● સૂત્ર-૫૦૦ :-

*સાધુ-સાધ્વી એવી સ્થંડિલ ભૂમિને જાણે કે ગૃહસ્થ કે તેના પુત્રોએ—*

*(૧) કંદ યાવત્ બીજને અહીં ફેંક્યા છે, ફેંકે છે કે ફેંકશે તો તેવી કે તેવા પ્રકારની બીજી ભૂમિમાં મળ-મૂત્રનો ત્યાગ ન કરે.*

*(૨) શાલી, ઘઉં, મગ, અડદ, કુલત્થા, જવ, જવારા આદિ વાવ્યા છે, વાવે છે કે વાવશે તો તેવી ભૂમિમાં મળ-મૂત્ર ત્યાગ ન કરે.*

*(૩) સાધુ-સાધ્વી જાણે કે આ સ્થંડિલ ભૂમિ પર ઉકરડો છે, ઘણી ફાટેલી કે પોલી જમીન છે, ઠુંઠા કે ખીલા ગાડેલા છે, કિલ્લો છે, ઉંચી-નીચી ભૂમિ છે ત્યાં તેમજ તેવા પ્રકારની અન્ય ભૂમિમાં મળ-મૂત્ર ન ત્યાગે.*

*(૪) જ્યાં મનુષ્યને રાંધવાના સ્થાન હોય, ભેંસ-બળદ-અશ્વ-કુકડા-મરઘા-લાવક-બતક-તેતર-કબૂતર-કપિંજલના સ્થાન છે, તો તે કે તેવા અન્ય પ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર ન ત્યાગે.*

*(૫) જ્યાં વેહાયસ, ગૃદ્ધપૃષ્ઠ, વૃક્ષપતન, પર્વતપતન, વિષભક્ષણ, અગ્નિપતન કે તેવા અન્ય પ્રકારના મૃત્યુ સ્થાન હોય ત્યાં મળાદિ ન ત્યાગે.*

*(૬) જ્યાં બગીચો, ઉધાન, વન, વનખંડ, દેવકુલ, સભા કે પરબ હોય ત્યાં કે તેવા અન્ય સ્થાનમાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*(૭) જ્યાં અટારી, કિલ્લા અને નગરની વચ્ચેનો માર્ગ, દ્વાર, ગોપુર કે અન્ય તેવા પ્રકારની સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર વિસર્જન ન કરે.*

*(૮) જ્યાં ત્રણ કે ચાર માર્ગ મળતા હોય, ચોરો-ચૌટો કે ચતુર્મુખાદિ હોય, તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળત્યાગ ન કરે.*

*[आचारांग चूर्णि માં અહીં દક્માર્ગ, દક્પથ ઇત્યાદિ શબ્દો પણ છે.]*

*જ્યાં કોલસા પાડવાની, સાજીખાર પકવવાની, મૃતકને બાળવાની, મૃતકની સ્તૂપિકા, મૃતક ચૈત્યની કે તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનો ત્યાગ ન કરે.*

*જ્યાં નદીના તટસ્થાન, કાદવના સ્થાન, પવિત્ર જલપ્રવાહસ્થાન પાણીની ક્યારીઓ કે તેવા પ્રકારના અન્ય સ્થાને મળ-મૂત્ર ન ત્યાગે.*

*જ્યાં માટીની નવી ખાણ, નવી ગોચરભૂમિ, નવી ચરગાહ, ખાણ કે તેવા પ્રકારની અન્ય સ્થંડિલ ભૂમિમાં સાધુ મળ ત્યાગ ન કરે.*

*જ્યાં ડાળ પ્રધાન શાકના ક્ષેત્ર, પાન પ્રધાન ભાજીના ક્ષેત્ર, ગાજરના ક્ષેત્ર, હસ્તાંકુર વનસ્પતિ કે તેવી અન્ય ભૂમિમાં મળત્યાગ ન કરે.*

*અશન-શણ-ધાવડી-કેતકી-આમ્ર-અશોક-નાગ-પુન્નાગ-કે-ચુલક વનમાં કે તેવા અન્ય પત્ર-પુષ્પ-ફળ-બીજ કે વનસ્પતિયુક્ત સ્થંડિલ ભૂમિમાં સાધુ-સાધ્વી મળ-મૂત્રનું વિસર્જન ન કરે.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ એવા પ્રકારની સ્થંડિલ ભૂમિ જાણે કે જ્યાં ગૃહપતિ આદિ કંદ-બીજાદિ ફેંકવાની ક્રિયા ત્રણે કાળમાં કરતા હોય ત્યાં આ લોક પરલોકના અપાયના ભયથી ઉચ્ચારાદિ ન કરે. તથા જ્યાં શાલિ આદિ વાવ્યા હોય, વાવતા હોય કે વાવે ત્યાં પણ મળ વિસર્જન ન કરે. વળી - x - કચરાના ઢગ, ઘાસ, સૂક્ષ્મ ભૂમિરાજી, પિચ્છલ, ઠુંઠા, કડચ, મોટી ખાડ, દરી, પ્રદુર્ગ આદિ સ્થાન સમ કે વિષમ હોય ત્યાં આત્મ વિરાધના કે સંયમ વિરાધનાના સંભવથી મળાદિ ન તજે.

વળી તે ભિક્ષુ - x - ચુલ્લા હોય, ભેંસાદિ માટેનું ભોજન થતું હોય કે તે જ્યાં રખાતા હોય ત્યાં લોક વિરુદ્ધ, પ્રવચન ઉપઘાતાદિ ભયથી મળ-મૂત્ર ત્યાગ ન કરે. તથા જ્યાં લોકો ફાંસો ખાઈને મરતા હોય, ગીધ આદિના ભક્ષણ માટે લોહી વ્યાપ્ત શરીરે સુતા હોય, ઝાડ માફક સ્થિર થઈ અનશન વડે ઉભા રહેતા હોય કે ઝાડ અથવા પર્વતથી પડતા હોય, વિષભક્ષણ કે અગ્નિ પ્રવેશ સ્થાન હોય ત્યાં મળત્યાગ ન કરે.

એ રીતે બગીચાના દેવકૂલ આદિ, અટ્ટાલિકાદિ, ત્રિક ચતુષ્ક આદિ, સ્મશાનાદિ સ્થાને ભિક્ષુ મળ-મૂત્રાદિ ત્યાગ ન કરે

વળી જ્યાં તીર્થસ્થાને લોકો પુણ્યાદિ અર્થે સ્નાનાદિ કરતા હોય, પંકિલ પ્રદેશે લોકો ધર્માર્થે આળોટતા હોય, પરંપરાથી જે પવિત્ર સ્થાન મનાતા હોય કે તળાવના જળમાં પ્રવેશવાનો માર્ગ હોય, પાણીની નીક હોય ત્યાં સાધુ-સાધ્વી મળ-મૂત્ર ત્યાગ ન કરે. શેષ કથન સૂત્રાર્થ મુજબ જાણવું. સ્થંડિલ કઈ રીતે જાય ?

● **સૂત્ર-૫૦૧ :-**

*તે સાધુ-સાધ્વી સ્વપાત્ર કે પરપાત્ર લઈને એકાંત સ્થાનમાં જાય જ્યાં કોઈનું આવાગમન ન હોય, કોઈ જોતું ન હોય, પ્રાણી કે કરોળીયાના જાળા ન હોય એવા બગીચા કે ઉપાશ્રયમાં જઈને યતનાપૂર્વક મળમૂત્ર વિસર્જન કરે. ત્યારપછી તે પાત્ર લઈને જ્યાં કોઈ જોતું ન હોય યાવત્ આવાગમન ન હોય તેવા એકાંત સ્થાનમાં જઈને તેવા બગીચા કે દગ્ધ સ્થંડિલ ભૂમિ કે તેવી અન્ય અચિત્ત સ્થંડિલ ભૂમિમાં યતનાપૂર્વક મળ-મૂત્ર વોસિરાવે.*

*આ તે સાધુનો આચાર છે, તેને સદા પાળે.*



● **વિવેચન :-**

તે ભિક્ષુ પોતાના કે બીજાના પાત્રકને ગ્રહણ કરીને જ્યાં કોઈ જોતું ન હોય કે આવાગમન ન હોય ત્યાં જઈ મળ-મૂત્ર પરઠવે ઇત્યાદિ.

**ચૂલિકા-૨, સપ્તિકા-૩ “ઉચ્ચાર પ્રસ્રવણ” ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૪ “શબ્દસપ્તક” 卐

૦ ત્રીજી સપ્તિકા પછી ચોથા સપ્તકને કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે પહેલીમાં ‘સ્થાન’, બીજીમાં ‘સ્વાધ્યાયભૂમિ’ ત્રીજીમાં ઉચ્ચારાદિ વિધિ કહી. તે ત્રણેમાં રહેલ સાધુ જે અનુકૂળ પ્રતિકૂળ શબ્દો સાંભળે તો તેમાં રાગદ્વેષ ન કરે. આ સંબંધથી આવેલ આ સપ્તક [-અધ્યયન] નું નામ નિષ્પન્ન નિક્ષેપે શબ્દસપ્તક એવું નામ છે. તેના નામ-સ્થાપનાને છોડીને દ્રવ્ય નિક્ષેપ દર્શાવવા નિર્યુક્તિકાર ગાથાર્ધ જણાવે છે.

[નિ.૩૨૬-] નોઆગમથી દ્રવ્ય વ્યતિરિક્તમાં શબ્દપણે જે ભાષા દ્રવ્યો પરિણત થયા છે, તે અહીં લેવા, ભાવશબ્દ એટલે આગમથી શબ્દમાં ઉપયોગ હોય અને નોઆગમથી અહિંસાદિ લક્ષણ જાણવું કેમકે હિંસા, જૂઠ આદિથી વિરતિ લક્ષણ-ગુણોથી પ્રશંસા પામે છે. કીર્તિ તે જેમકે ભગવંત ૩૪ અતિશયોથી યુક્ત અધિકરૂપ સંપદ પામતા લોકમાં અર્હન્ એવી ખ્યાતિ પામે તે છે. હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહે છે.

● **સૂત્ર-૫૦૨ :-**

*સાધુ-સાધ્વી મૃદંગ, નંદી, ઝલ્લરી કે તેવા કોઈ પ્રકારના શબ્દોને તથા વિતત આદિ શબ્દોને કાનથી સાંભળવાના ઉદ્દેશથી જવાનો વિચાર પણ ન કરે. સાધુ-સાધ્વી કાનમાં પડતા શબ્દોને સાંભળે છે. જેવા કે - વીણા, સિતાર, શરણાઈ, તુનક, ઢોલ, તંબૂરો, ઢંકુણ કે તેવા અન્ય તત. આ શબ્દોને સાંભળવા તે સ્થાને જવા ન વિચારે.*

*સાધુ-સાધ્વીને કાનમાં પડતા શબ્દો જેવા કે - તાલ, કંસતાલ, મંજિરા, ગોધિકા, વાંસની ખપાટનું વાજિંત્ર તથા તેવા પ્રકારના બીજા શબ્દો. આ શબ્દો સાંભળવાની ઇચ્છાથી ત્યાં જવા ન વિચારે. એ જ રીતે શંખ, વેણુ, વાંસડી, ખરમુખી, પિરિપિરિકાના શબ્દો કે તેવા બીજા શુષિર શબ્દો થતાં હોય ત્યાં સાંભળવાની ઇચ્છાથી સાધુ-સાધ્વી ન જાય.*

● **વિવેચન :-**

તે ભિક્ષુ જો વિતત, તત, ઘન, શુષિરરૂપ ચાર પ્રકારના શબ્દોને સાંભળે, તો તે સાંભળવાની ઇચ્છાથી તે તરફ ન જાય. શેષ વૃત્તિ કથન સૂત્રાર્થમાં નોંધ્યા મુજબ જાણવું. આ ચાર સૂત્રનો સમુદિત અર્થ છે.

● સૂત્ર-૫૦૩ :-

*સાધુ-સાધ્વી નીચે મુજબના કોઈ શબ્દ સાંભળે તો ત્યાં જવા ન વિચારે—*

*(૧) ક્યારી, ખાઈ, સરોવર, સાગર, સરોવર પંક્તિ કે તેવા અન્ય શબ્દો. કે અન્ય તેવા પ્રકારના કલકલ શબ્દો. (૨) જળાશય, ગુફા, ગહન ઝાડી, વન, વનદુર્ગ, પર્વત, પર્વત દુર્ગ કે તેવા પ્રકારના અન્ય સ્થળોમાં થતાં શબ્દો. (૩) ગામ, નગર, રાજધાની, આશ્રમ, પટ્ટણ, સંનિવેશ કે તેવા પ્રકારના અન્ય સ્થાનોમાં થતા શબ્દો. (૪) આરામ, ઉધાન, વન, વનખંડ, દેવકુલ, સભા, પાણીની પરબ કે તેવા બીજા સ્થાને થતાં શબ્દો.*

*(૫) અગાસી, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર કે તેવા વિવિધ સ્થાનોમાં થતા શબ્દો. (૬) ત્રિક, ચતુષ્ક, ચૌટા, ચતુર્મુખ કે તેવા અન્ય સ્થાનોમાં થતા શબ્દો. (૭) ભેંસ, બળદ, અશ્વ, હાથી યાવત્ કપિંજલના સ્થાન કે અન્ય તેવા પ્રકારના સ્થાને થતાં શબ્દો. (૮) ભેંસોનું યુદ્ધ યાવત્ કપિંજલનું યુદ્ધ સ્થાન કે તેવા અન્ય સ્થાને થતાં શબ્દો. (૯) લગ્નાદિના ગીતો તથા અશ્વ કે હસ્તિયુગલ સ્થાનો કે તેવા અન્ય સ્થાનોમાં થતાં શબ્દો.*

*ઉક્ત શબ્દોને સાંભલવાની ઇચ્છાથી ત્યાં જવાનો સંકલ્પ ન કરે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કદાચ કોઈપણ જાતના શબ્દોને સાંભળે, જેવા કે - વપ્ર એટલે ક્યારા વગેરેના શબ્દો, ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.

● સૂત્ર-૫૦૪ :-

*સાધુ-સાધ્વી હવે કહેવાનાર શબ્દો સાંભળી, ત્યાં જવા ન વિચારે.*

*(૧) કથા-કથન, તોલ-માપ, ઘોડા-દોડ, મહાન્ નૃત્ય-ગીત - વાજીંત્ર-તંત્રી-તલ-તાલ-ત્રુટિત-તુરી આદિના શબ્દો થતાં હોય તેવા સ્થાનો.*

*(૨) ઝઘડો, બળવાના શબ્દો, રાષ્ટ્રનો વિપ્લવ, બે રાજ્યના વિરોધથી થતાં શબ્દો, ઉપદ્રવના શબ્દો, બે રાજ્યોની યુદ્ધ ભૂમિના શબ્દો કે અન્ય તેવા પ્રકારના સ્થળે થતાં શબ્દો.*

*(૩) વસ્ત્રાભૂષણોથી અલંકૃત્, ઘણાં લોકોથી ઘેરાયેલી નાની બાલિકાને લઈ જવાતી જોઈને કે કોઈ એક પુરુષને વધ માટે લઈ જવાતો જોઈને કે અન્ય તેવા પ્રકારની કોઈ યાત્રાદિના થતાં શબ્દો.*

*(૪) વિવિધ પ્રકારના મહાશ્રવના સ્થાનો જેવા કે ઘણાં - ગાડી, રથો, મ્લેચ્છો, સીમાવર્તી લોકો તથા તેવા બીજા આશ્રવ સ્થાનોના શબ્દો.*

*(૫) વિવિધ પ્રકારના ઉત્સવો કે જ્યાં સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો, બાળકો કે તરુણો આભૂષણોથી વિભૂષિત થઈ ગાતા-વગાડતા-નાચતા-હસતા-રમતા-ક્રીડા કરતા-વિપુલ અશનાદિ ખાતાં કે વહેંચતા, આપ-લે કરતા, સાંભળતા કે તેવા પ્રકારના મહોત્સવમાં થતાં શબ્દો.*

*ઉક્ત શબ્દો સાંભળવા જવાનો સાધુ મનમાં પણ સંકલ્પ ન કરે.*



*સાધુ-સાધ્વી આ લોક કે પરલોક સંબંધી, શ્રુત કે અશ્રુત, દૃષ્ટ કે અદૃષ્ટ, ઇષ્ટ કે કાંત શબ્દોમાં આસક્ત ન થાય, રાગ ન કરે. મોહિત ન થાય કે લોલુપતા ધારણ ન કરે, તે સાધુનો સમગ્ર આચાર છે, તેને પાળે.*

● વિવેચન :-

તે ભિક્ષુ કથાનક સ્થાનો તથા પ્રસ્થકાદિ માન, નારાચાદિ ઉન્માન અથવા માનોન્માન તે અશ્વાદિના વેગની પરીક્ષા, તે સ્થાનો તથા મોટા અવાજે થતાં નૃત્યાદિના સ્થાનો સાંભળવાની ઇચ્છાથી ન જાય. - x - x - ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.

વિશેષ એ કે - મહા આશ્રવ સ્થાન અર્થાત્ પાપ ઉપાદાનના સ્થાનો.

ઉક્ત બધાં સ્થાને શ્રવણની ઇચ્છાથી ન જાય, તે બધાંના ઉપસંહાર અર્થે કહે છે - તે ભિક્ષુ આલોક-પરલોકના ભયથી ડરેલ. આ લોક એટલે મનુષ્યાદિ કૃત્, પરલોક-પરમાધામી કૃત્. ઇત્યાદિમાં તે રાગાદિ ન કરે ઇત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. આ બધામાં સર્વત્ર આ દોષ છે—

જો તેમ ઇન્દ્રિયોને કબ્જામાં ન રાખી શબ્દો સાંભળવા જાય તો સ્વાધ્યાયાદિ ન થાય, તથા રાગ-દ્વેષ સંભવે છે. આ પ્રમાણે બીજા પણ આલોક પરલોક સંબંધી દુઃખો જાણીને સ્વબુદ્ધિથી વિચારવા.

**ચૂલિકા-૨, સપ્તિકા-૪ ''શબ્દ'' ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

##卐 ચૂલિકા-૨, સપ્તિકા-૫ ''રૂપ'' 卐

૦ ચોથા સપ્તક પછી પાંચમું કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - આ પૂર્વે શ્રવણ ઇન્દ્રિયને આશ્રીને રાગ-દ્વેષની ઉત્પત્તિનો નિષેધ કર્યો. તેમ અહીં ચક્ષુઇન્દ્રિય આશ્રીને નિષેધે છે. એ સંબંધથી આવેલ આ અધ્યયન [સપ્તક] ના નામ નિષ્પન્ન નિક્ષેપે 'રૂપસપ્તક' નામ છે. તે રૂપના ચાર નિક્ષેપ છે. નામ-સ્થાપના છોડીને દ્રવ્ય ભાવ નિક્ષેપો નિર્યુક્તિકાર અર્ધગાથાથી કહે છે - *[આચારાંગ ચૂર્ણિ માં 'રૂપ'ને ચોથું અને 'શબ્દ'ને પાંચમું સપ્તક કહેલું છે. નિર્યુક્તિ ગાથા બંનેની એક જ છે.]*

**[નિ.૩૨૭]** *નિર્યુક્તિ-૩૨૬ અને ૩૨૭ એક જ છે. ક્રમ ભૂલથી બેવડાયો છે.*

નો આગમથી તદ્દ્રવ્ય વ્યતિરિક્તમાં પરિમંડલાદિ પાંચ સંસ્થાનો છે. ભાવ 'રૂપ' બે પ્રકારે છે. વર્ણથી અને સ્વભાવથી તેમાં વર્ણથી પાંચે વર્ણો છે. સ્વભાવ 'રૂપ' તે અંદરમાં રહેલા ક્રોધાદિથી વશ થઈને ભ્રકુટી ચડાવવી, કપાળમાં સળ પાડી આંખ લાલ કરી અનુચિત વચન બોલવા અને તેથી વિપરીત પ્રસન્ન થઈને રાગના વચન બોલવા. કહ્યું છે કે, ક્રોધીને આંખ લાલ અને પ્રસન્ન થયેલાની કમળ જેવી શ્વેત, દુઃખી જીવની મીંચાયેલા જેવી અને જવા ઇચ્છનારની આંખો ઉત્સુક હોય.

● **સૂત્ર-૫૦૫ :-**

***સાધુ-સાધ્વી કદાચ કોઈ રૂપને જુએ, જેમકે - ગ્રથિત, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ, કાષ્ઠકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ, મણિકર્મ, દંતકર્મ, પત્રછેદનકર્મ અથવા વિવિધ વેષ્ટિમરૂપ કે તેવા અન્ય પ્રકારના વિવિધ પદાર્થના રૂપોને જોવા માટે જવાનો વિચાર મનથી પણ ન કરે. બાકી બધું 'શબ્દ'ના વિષયમાં જે કહેવાયું છે, તે અહીં પણ સમજી લેવું. તેમાં ચાર આતોધ વાદ્ય ન લેવા.***

● **વિવેચન :-**

તે ભાવ ભિક્ષુ ગૌચરી આદિ કારણે ફરતા વિવિધ પ્રકારના કેટલાંક રૂપો જુએ. જેમકે - ફૂલો વડે ગુંથેલ સ્વસ્તિકાદિ, વસ્ત્રાદિથી બનેલ પુતળી આદિ, અમુક ચીજો પુરીને બનાવેલ પુરુષાદિ આકૃતિ, વસ્ત્રાદિ સીવીને બનાવેલ સંઘાતિમ, રથાદિ કાષ્ઠકર્મ, પુસ્ત-લેપ્ય કર્મ, ચિત્રકર્મ, વિચિત્ર મણિથી નિર્મિત સ્વસ્તિકાદિ, દાંતની પુતળી આદિ, પાંદડા છેદી બનાવેલ ઇત્યાદિ અનેક મનોહર વસ્તુઓ જોઈને આંખો વડે જોવા જવાની ઇચ્છા મનથી પણ ન કરે. એ પ્રમાણે ચાર પ્રકારના વાદ્ય સિવાય બધું શબ્દ સપ્તક મુજબ જાણવું. કેવલ 'શબ્દ'ને બદલે 'રૂપ'ની ઇચ્છાથી એમ સમજવું.

**ચૂલિકા-૨, સપ્તક-૫ ''રૂપ''નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૬ - ''પરક્રિયા'' 卐

૦ હવે પાંચમાં પછી છટ્ઠી સપ્તિકા કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - ગત બે અધ્યયનોમાં રાગદ્વેષની ઉત્પત્તિના નિમિત્તોનો પ્રતિષેધ કહ્યો. તે જ વાત અહીં બીજા પ્રકારે કહે છે, તે સંબંધે આવેલ આ અધ્યયનનો નામ નિષ્પન્ન નિક્ષેપે 'પરક્રિયા' એવું આદાનપદ નામ છે. તેમાં 'પર' શબ્દના છ પ્રકારના નિક્ષેપને દર્શાવવા નિર્યુક્તિકાર અડધી ગાથા વડે કહે છે

**[નિ.૩૨૮ અડધી-]** 'પર' શબ્દનો નિક્ષેપ છ પ્રકારે છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્યાદિ 'પર' એક-એક છ પ્રકારે છે - તે આ પ્રમાણે—

૧-તત્ પર, ૨-અન્ય પર, ૩-આદેશ પર, ૪-ક્રમ પર, ૫-બહુ પર, ૬-પ્રધાન પર. તેમાં (૧) દ્રવ્ય પર તે જ રૂપે વર્તમાનમાં વિદ્યમાન છે, જેમ એક પરમાણુથી બીજો પરમાણું જુદો છે. (૨) અન્ય પર તે અન્યરૂપે પર છે. જેમકે એક અણુથી બે અણુ-ત્રણ અણુ આદિ. (૩) આદેશ પર - આજ્ઞા કરાય તે આદેશ. જેમકે નોકરાદિને કોઈ કાર્યમાં જોડવા તે. (૪) ક્રમ પર - ચાર પ્રકારે છે - દ્રવ્યથી ક્રમપર એક પ્રદેશિક દ્રવ્યથી બે પ્રદેશિક દ્રવ્ય આદિ, ક્ષેત્રથી ક્રમ પર એકપ્રદેશ-અવગાઢથી દ્વિપ્રદેશાવગાઢ આદિ, કાળથી ક્રમ પર એક સમય સ્થિતિથી બે સમય સ્થિતિ આદિ, ભાવથી ક્રમ પર એક ગુણ કૃષ્ણથી બે ગુણ આદિ.



(૧) બહુ પર - બહુપણે પર એટલે એકથી બીજુ બહુ હોય તે. જેમકે - જીવ સૌથી થોડા છે, તેથી પુદ્‌ગલો અનંતગુણા છે. તેથી સમય, દ્રવ્યના પ્રદેશો અને દ્રવ્યના પર્યાયો અનંત તથા વિશેષાધિક છે. (૬) પ્રધાન પર - બે પગવાળામાં તીર્થંકર, ચોપગામાં સિંહ અને અપદમાં અર્જુન, સુવર્ણ, ફણસાદિ છે આ પ્રમાણે ક્ષેત્ર, કાળ, ભાવ - પર પણ 'તત્ પર' આદિ છ ભેદે સ્વબુદ્ધિએ યોજવા. સામાન્યથી જંબૂદ્વીપ કરતા પુષ્કરાદિ ક્ષેત્ર પર છે, કાળથી વર્ષાકાળથી શરત્‌કાળ, ભાવથી ઔદયિકથી ઔપશમિકાદિ પર છે.

હવે સૂત્રાનુગમમાં સૂત્ર કહેવું જોઈએ. તે આ પ્રમાણે છે—

● **સૂત્ર-૫૦૬ :-**

***સાધુ-સાધ્વી બીજા દ્વારા પોતા માટે કરાતી કર્મજનક ક્રિયાની ઇચ્છા ન કરે કે બીજા પાસે કહીને પણ ન કરાવે.***

***કદાચ કોઈ ગૃહસ્થ (૧) પગને થોડા કે વધુ સાફ કરે તો મુનિ તે સાફ કરાવવાની ઇચ્છા ન કરે. તેમજ સાફ કરવાનું પણ ન કહે.***

*[આવી કઈ-કઈ પર ક્રિયા છે કે જે મુનિ ઇચ્છે નહીં અને કરાવે પણ નહીં તેનો નિર્દેશ નીચે ક્રમથી કરેલ છે. તે બધામાં ''ન ઇચ્છે - ન કરાવે'' જોડવું.]*

***(૨) કોઈ સાધુના પગ દબાવે કે તેલ આદિથી મર્દન કરે.***

***(૩) કોઈ સાધુના પગને ફૂંક મારવા માટે સ્પર્શે કે રંગે.***

***(૪) કોઈ સાધુના પગને તેલ, ઘી કે ચરબી ચોપડે, મસળે કે મર્દન કરે.***

***(૫) કોઈ સાધુના પગને લોધ્ર, કર્ક, ચૂર્ણ કે વર્ણથી ઉબટન કે લેપ કરે.***

***(૬) કોઈ સાધુના પગને ઠંડા કે ગરમ પાણીથી પખાળે કે ધુવે.***

***(૭) કોઈ સાધુના પગને કોઈ વિલેપન દ્રવ્યથી આલેપન-વિલેપન કરે.***

***(૮) કોઈ સાધુના પગને કોઈ પ્રકારનાં ધૂપથી ધૂપિત કે સુવાસિત કરે.***

***(૯) કોઈ સાધુના પગમાં લાગેલ કાંટાને કાઢે કે શુદ્ધ કરે.***

***(૧૦) કોઈ સાધુના પગમાં લાગેલ લોહી કે પરુ કાઢે કે શુદ્ધ કરે.***

***— આ જ પ્રમાણે હવે કાયાના સંબંધમાં આ સૂત્રો કહે છે. તેમાં પણ કોઈ સાધુની કાયાને.....સાધુ મનથી તે ન ઇચ્છે કે ન બીજાને કહીને કરાવે. એ પ્રમાણે બધામાં સમજી લેવું. તેવા સાત સૂત્રો છે—***

***કાયાને—(૧) થોડી કે વધુ સાફ કરે, (૨) દબાવે કે મર્દન કરે, (૩) તેલ,ઘી આદિ ચોપડે કે મસળે, (૪) લોધ્ર, કર્કાદિથી ઉબટન કે લેપન કરે, (૫) ઠંડા કે ગરમ જળથી પખાળે કે ધુવે, (૬) વિશિષ્ટ વિલેપનથી આલેપન-વિલેપન કરે, (૭) કોઈ પ્રકારના ધૂપથી ધૂપિત કે સુવાસિત કરે.***

***આજ પ્રમાણે હવે કાયાના ઘાવના સંબંધમાં સાત સૂત્રો છે. તેમાં પણ કોઈ સાધુના શરીરના ઘાવને...સાધુ મનથી ન ઇચ્છે કે બીજાને કહીને ન કરાવે. એ પ્રમાણે સાતે સૂત્રોમાં જોડી દેવું—***

***કાયાના ઘાવને — (૧) થોડા કે વધુ સાફ કરે, (૨) દબાવે કે મર્દન કરે,***

*(૩) તેલ, ઘી આદિ ચોપડે કે મસળે, (૪) લોધ્ર, કર્ક આદિથી ઉબટન કે લેપ કરે. (૫) ઠંડા કે ગરમ જળથી પખાળે કે ધુવે, (૬) શસ્ત્રથી થોડું કે વધુ છેદન કરે, (૭) શસ્ત્રથી છેદન કરી તેમાંથી લોહી કે પરુ કાઢે.*

*કદાચ કોઈ ગૃહસ્થ સાધુના શરીરમાં થયેલ વ્રણ, ગંડ, અર્શ, પુલક કે ભગંદરને — (૧) થોડું કે વધુ સાફ કરે યાવત્ (૬/૭) શસ્ત્રથી થોડું કે વધુ છેદન કરી લોહી કે પરુ કાઢે [આ છ એ સૂત્રો કાયાના ઘાવ પ્રમાણે છે. માત્ર ૬ અને ૭ સૂત્ર ભેગા છે.] તે સાધુ ન ઇચ્છે કે ન કરાવે.*

*કોઈ ગૃહસ્થ સાધુના શરીરનો મેલ ઉતારે, પરસેવો સાફ કરે તથા આંખ-કાન-દાંત-નખનો મેલ કાઢે કે સાફ કરે તથા લાંબા-વાળ, રોમ, ભ્રમર, કાંખ કે ગુહ્યભાગના વાળ કાપે કે સંવારે, વાળમાંથી જૂ કે લીખ કાઢે કે શોધે તો સાધુ તેવું મનથી ન ઇચ્છે, ન કહીને કરાવે.*

*કોઈ ગૃહસ્થ સાધુને ખોળામાં કે પલંગમાં સુવડાવીને તેના પગને સાફ કરે ઇત્યાદિ સૂત્રો પૂર્વે પગના વિષયમાં કહ્યા મુજબ જાણવા.*

*કોઈ ગૃહસ્થ સાધુને ખોળામાં કે પલંગમાં સુવડાવી હાર, અર્ધહાર, આભરણ, મુગટ, માળાદિ પહેરાવે તેને સાધુ ન ઇચ્છે, ન કહીને કરાવે.*

*કોઈ ગૃહસ્થ સાધુને આરામ કે ઉધાનમાં લઈ જઈને તેના પગને સાફ કરે તો સાધુ તે ઇચ્છે નહીં કે કરાવે નહીં.*

*આ પ્રમાણે સાધુની અન્યોન્ય-પરસ્પર ક્રિયામાં પણ આ સૂત્રો જાણવા.*

● **વિવેચન :-** *[આ સૂત્ર જેવું કથન 'નિશીથ' સૂત્રમાં પણ આવે છે.]*

પર એટલે પોતા સિવાયનું બીજું કોઈ. તેની કાય-વ્યાપાર રૂપ ચેષ્ટા તે ક્રિયા. તે પરક્રિયા કોઈ સાધુ ઉપર કરે તો તે ક્રિયા કર્મબંધનું કારણ જાણીને તેને મનથી પણ ન ઇચ્છે. તેમ વચન કે કાયાથી પણ ન કરાવે. આ પરક્રિયાને ખુલાસાથી સમજાવે છે. સાધુના નિષ્પ્રતિકર્મ શરીરની કોઈ અન્ય [ગૃહસ્થ] ધર્મશ્રદ્ધાથી પગ ઉપર લાગેલી ધૂળ વગેરે દૂર કરે ઇત્યાદિ તેનું સાધુ આસ્વાદન ન કરે કે વચન-કાયાથી પ્રેરણા ન કરે.

શેષ સર્વ કથન સૂત્રાર્થ મુજબ જાણવું. વૃત્તિકારે પણ તેનો સંક્ષેપ જ કર્યો છે. વળી સૂત્રકારે અતિદેશ કરતા કહ્યું છે કે આ રજપ્રમાર્જનાદિ ક્રિયા સાધુએ પરસ્પર પણ ન કરવી. આ પ્રમાણે અન્યોન્યક્રિયા જાણવી.

● **સૂત્ર-૫૦૭ :-**

*કદાચ કોઈ ગૃહસ્થ શુદ્ધ વચનબળ - [વિધા કે મંત્રશક્તિથી] કે અશુદ્ધ વચનબળથી સાધુની ચિકિત્સા કરે અથવા કોઈ ગૃહસ્થ બીમાર સાધુની ચિકિત્સા સચિત્ત કંદ, મૂળ, છાલ કે હરિતકાય ખોદી કાઢીને કે ખોદી કઢાવીને કરવા ઇચ્છે તો સાધુ તેને મન-વચન-કાયાથી ન ઇચ્છે - ન કરાવે. કેમકે આવી કટુ વેદના પ્રાણી, ભૂત, જીવ, સત્વને પહોંચાડેલ વેદનાનું ફળ છે.*

*આ જ સાધુના આચારની પૂર્ણતા છે, તેને સમિતિયુક્ત થઈ પાળે, સંયમમાં યતનાવાન્ બને અને તેમાં જ પોતાનું શ્રેય માને. એમ હું કહું છું.*



● **વિવેચન :-**

કોઈ ગૃહસ્થ તે સાધુને શુદ્ધ કે અશુદ્ધ મંત્રાદિ સામર્થ્યથી રોગ શાંત કરે કે કે બિમાર સાધુની ચિકિત્સાર્થે સચિત્ત કંદ-મૂળાદિ પોતે ખોદીને કે બીજા પાસે ખોદાવીને ચિકિત્સા કરવા ઇચ્છે તેને સાધુ મનથી ન ઇચ્છે પણ આવી ભાવના ભાવે કે - જીવ પૂર્વકૃત્ કર્મના ફળનો ભાગી છે, બીજા પ્રાણીઓને શરીર-મન સંબંધી પીડા આપીને પોતે ફરીથી દુઃખ ભોગવશે કેમકે પ્રાણી, ભૂત, જીવ, સત્વો હાલ પોતાના પૂર્વે કરેલા કર્મોના વિપાકને ભોગવી રહ્યા છે. કહ્યું છે કે—

હે સાધુ ! તારે આ દુઃખવિપાક સહેવો જોઈએ, સંચિત કર્મોનો નાશ થતો નથી. તે સમજીને જે-જે દુઃખ આવે તેને સમ્યક્ રીતે સહન કર. સત્ અસત્‌નો બીજો વિવેક તારે ક્યાંથી હોય.

**ચૂલિકા-૨, સપ્તિકા-૬ ''પરક્રિયા''નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## 卐 ચૂલિકા-૨, સપ્તિકા-૭ ''અન્યોન્યક્રિયા'' 卐

૦ છટ્ઠા પછી આ સાતમી સપ્તિકા કે અધ્યયન છે. તેનો સંબંધ આ પ્રમાણે - અધ્યયન-૬ માં સામાન્યથી પરક્રિયાનો નિષેધ કર્યો. અહીં ગચ્છનિર્ગતને આશ્રીને અન્યોન્ય ક્રિયા નિષેધે છે. એ સંબંધે આવેલા આ અધ્યયનનું નામનિક્ષેપથી ''અન્યોન્યક્રિયા'' નામ છે. તેમાં અન્યના નિક્ષેપાને માટે નિર્યુક્તિકાર પાછલી અડધી ગાથા કહે છે—

[નિ.૩૨૮ અડધી-] 'અન્ય' શબ્દના નામ આદિ છ પ્રકારે નિક્ષેપ છે. તેમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય-અન્ય ત્રણ પ્રકારે છે — (૧) તદ્ અન્ય, (૨) અન્ય અન્ય, (૩) આદેશ અન્ય. તેને ''દ્રવ્ય પર'' મુજબ જાણવું. અહીં પરક્રિયા અને અન્યોન્યક્રિયા ગચ્છવાસીને માટે જયણા રાખવી. ગચ્છનિર્ગતને તો તેનું પ્રયોજન નથી તે નિર્યુક્તિકાર દર્શાવે છે.

[નિ.૩૨૯-] યતનાપૂર્વક ગૃહસ્થ જે કરે તેનો અહીં જયણાએ અધિકાર છે. પણ જે નિષ્પ્રતિકર્મ છે તેને માટે તો અન્યોન્ય કરણ અયુક્ત જ છે. સપ્તિકા નિર્યુક્તિ પુરી થઈ. હવે સૂત્ર કહે છે—

● **સૂત્ર-૫૦૮ :-**

*સાધુ-સાધ્વી પરસ્પર પોતાના વિષયમાં કર્મબંધના કારણભૂત કરાતી ક્રિયાને મનથી પણ ન ઈચ્છે, વચન-કાયાથી ન કરાવે.*

*સાધુ પરસ્પર એકબીજા સાધુના પગની પ્રમાર્જનાદિ કરે તો [જેના પગનું પ્રમાર્જન થઈ રહ્યું છે તે] સાધુ મનથી પણ તે ક્રિયાનું આસ્વાદન ન કરે કે વચન-કાયાથી કરવાનું ન કહે. શેષ વર્ણન સપ્તિકા-૬-'પરક્રિયા' અનુસાર જાણવું. આ સાધુ-સાધ્વીના આચારની પૂર્ણતા છે. સમિતિયુક્ત થઈને સાધુએ*

*તેનું પાલન કરી સંયમમાં પરાક્રમ કરવું જોઈએ. તેમ હું કહું છું.*

● વિવેચન :-

અન્યોન્ય એટલે પરસ્પર ક્રિયા..પગ વગેરેનું પ્રમાર્જન આદિ બધું પૂર્વે કહેવાયું છે. - x - પોતાને માટે કર્મબંધ કરાવનારી આ ક્રિયાનું આસ્વાદન ન કરવું ઇત્યાદિ પૂર્વવત્ જાણવું - x -

ચૂલિકા-૨, સપ્તિકા-૭ ''અન્યોન્યક્રિયા'' ટીકાસહિત અનુવાદ પૂર્ણ

- x - x - x - x - x - x -

**સપ્તિકા-૧ થી ૭ રૂપ [અધ્યયન-૮ થી ૧૪] ચૂલિકા બીજીનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ ચૂલિકા-૩ - ''ભાવના'' ❀

૦ બીજી ચૂલા કહી, હવે ત્રીજી કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે — આ 'આચાર' સૂત્રનો વિષય આરંભથી શ્રી વર્ધમાનસ્વામીએ અર્થથી કહ્યો. તેમના ઉપકારીપણાથી તેમની વક્તવ્યતા કહેવા તથા પંચમહાવ્રતધારી સાધુ પિંડ, શય્યા આદિ લેવા તે બતાવ્યુ તેમના મહાવ્રત પાલન માટે ભાવનાઓ બતાવી તે સંબંધથી આ ચૂલા આવેલી છે. તેના ચાર અનુયોગદ્વારો છે. તેમાં ઉપક્રમ અંતર્ગત્ આ અર્થાધિકાર કે અપ્રશસ્ત ભાવના ત્યાગીને પ્રશસ્ત ભાવના ભાવવી.

નામ નિષ્પન્ન નિક્ષેપામાં 'ભાવના' એ નામ છે. તેના નામાદિ ચાર પ્રકારે નિક્ષેપ છે. તેમાં નામ સ્થાપના સુગમ છે. દ્રવ્યાદિ નિક્ષેપ માટે નિર્યુક્તિકાર પોતે કહે છે.—

[નિ.૩૩૦-] નોઆગમથી દ્રવ્યભાવના વ્યતિરિક્તમાં જાઈ આદિના ફૂલો રૂપ દ્રવ્યથી તેલ વગેરે દ્રવ્યમાં જે વાસના લાવે તે દ્રવ્ય ભાવના છે. તથા શીતમાં ઉછરેલો શીત સહે, ઉષ્ણવાળો ઉષ્ણતા સહે વ્યાયામ કરનારો કાયકષ્ટ સહે ઇત્યાદિ અન્ય દ્રવ્ય વડે દ્રવ્યની જે ભાવના તે દ્રવ્યભાવના. ભાવસંબંધી પ્રશસ્ત-અપ્રશસ્ત ભેદે બે પ્રકારની છે. તેમાં પ્રથમ અપ્રશસ્તા ભાવભાવનાને આશ્રીને કહે છે—

[નિ.૩૩૧-] જીવહિંસા, મૃષાવાદ, અદત્ત, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ એ નવમાં પ્રથમ શંકાથી અને પછી વારંવાર નિષ્ઠુર થઈને નિઃશંકપણે વર્તે, તે અપ્રશસ્ત ભાવના. કહ્યું છે કે—

જીવહિંસાદિ પાપો પહેલા ડરીને છુપાં કરે છે, પછી તે લોકો કુટેવ ન છુટવાથી અપેક્ષા વિચારી કુયુક્તિ લગાડીને જાહેર પાપ કરે છે, પછી નિઃશંક થઈને લજ્જા છોડીને નવા નવા પાપ કરે છે. પછી પાપના અભ્યાસથી હંમેશાં પાપમાં જ રમણ કરે છે - હવે પ્રશસ્ત ભાવના કહે છે—

[નિ.૩૩૨-] દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વૈરાગ્યાદિમાં જે જેવી પ્રશસ્ત ભાવના છે, તેને પ્રત્યેકને લક્ષણથી કહીશ. દર્શનભાવના કહે છે.

[નિ.૩૩૩-] તીર્થંકર-ભગવંત, પ્રવચન-દ્વાદશાંગ ગણિપિટક તથા પ્રાવચની-આચાર્યાદિ યુગપ્રધાન, અતિશય ઋદ્ધિવાળા - કેવલિ મનઃપર્યવ અવધિજ્ઞાની ચૌદ પૂર્વધર તથા આમર્ષૌષધિ આદિ પ્રાપ્ત ઋદ્ધિ આદિનું બહુમાન કરવા સામે જઈને દર્શન કરવા. તેમના ગુણોની પ્રશંસા કરવી, ગંધ વડે પૂજન, સ્તોત્ર વડે સ્તવના તે દર્શન ભાવના. આ દર્શનભાવના વડે નિરંતર ભાવતા દર્શન શુદ્ધિ થાય છે. - વળી -

[નિ.૩૩૪,૩૩૫-] તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષા-ચારિત્ર, જ્ઞાનોત્પત્તિ, નિર્વાણ ભૂમિ તથા દેવલોકભવન, મેરુપર્વત તથા નંદીશ્વરદ્વીપાદિ, પાતાળ ભવનોમાં જે શાશ્વતા ચૈત્યો-પ્રતિમાઓ છે તેને હું વંદુ છું.

અષ્ટાપદ, ઉજ્જયંતગિરિ, દશાર્ણ કૂટવર્તી તથા તક્ષશિલામાં ધર્મચક્રમાં તથા અહિછત્રાનગરીમાં જ્યાં ધરણેન્દ્રે પાર્શ્વનાથનો મહિમા કર્યો તથા રથાવર્ત્ત પર્વત જ્યાં

વજસ્વામીએ પાદપોપગમન અનશન કર્યું તથા જ્યાં વર્ધમાનસ્વામીને આશ્રીને ચમરેન્દ્રે ઉત્પાત કર્યો; આ બધા સ્થાનોમાં યથાસંભવ અભિગમન, વંદન, પૂજન, કીર્તનાદિ ક્રિયા કરવાથી દર્શનશુદ્ધિ થાય છે. - વળી-

[નિ.૩૩૬,૩૩૭-] પ્રવચનવિદોમાં આ ગુણપ્રત્યયિક અર્થો છે—

જેમ આ બીજગણિત આદિમાં પાર પામેલો. આ અષ્ટાંગ નિમિત્તમાં પાર પામેલો તથા દૃષ્ટિવાદમાં ઉક્ત જુદી જુદી યુક્તિ કે દ્રવ્યસંયોગના હેતુને જાણે. તથા સમ્યગ્દૃષ્ટિ-અવિપરીત દર્શનવાળા હોય, તેને દેવોથી પણ ચલાયમાન કરવા શક્ય નથી. તથા અવિતથ જ્ઞાનવાળા પવિત્ર આચાર્યાદિના ગુણોની પ્રશંસા કરતાં દર્શન શુદ્ધિ થાય છે.

તે જ પ્રમાણે બીજા પણ આચાર્યાદિના ગુણ માહાત્મ્ય વર્ણવતા તથા પૂર્વ મહર્ષિના નામોત્કીર્તન કરતા, તેઓની સુર-નરેન્દ્ર એ કરેલ પૂજાદિની કથા કરતા તથા પ્રાચીન ચૈત્યોને પૂજતા, ઇત્યાદિ ક્રિયા કરતા તેમના ગુણોથી વાસિત થતાં દર્શન વિશુદ્ધિ થાય છે. આ પ્રશસ્તા દર્શનવિષયા ભાવના છે.

જ્ઞાનભાવનાને આશ્રીને કહે છે—

[નિ.૩૩૮ થી ૩૪૦-] જ્ઞાનની ભાવના તે જ્ઞાન ભાવના. તીર્થંકરનું જ્ઞાન-પ્રવચન-યથાવસ્થિત બધા પદાર્થોનું વર્ણન. તે જ્ઞાન વડે મોક્ષના પ્રધાન અંગ એવું અધિગમ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. કારણ કે તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન. જીવાદિ નવ પદાર્થ તે તત્ત્વ છે, આ તત્ત્વો જ્ઞાનના અર્થીઓએ સમ્યક્ જાણવા યોગ્ય છે. તે પરિજ્ઞાન આ આર્હત્ પ્રવચનમાં ઉપલબ્ધ છે. વળી આ આર્હત્ પ્રવચનમાં પરમાર્થરૂપ કાર્ય મોક્ષ છે. તે મોક્ષની ક્રિયા સિદ્ધિમાં પ્રકૃષ્ટ ઉપકારક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. કારક એટલે સમ્યગ્દર્શનાદિનો અનુષ્ઠાતા સાધુ ક્રિયાસિદ્ધિ તે મોક્ષની પ્રાપ્તિ, તેને જ દર્શાવે છે - બંધ એટલે કર્મબંધન, તેનાથી મુક્તિ અર્થાત્ કર્મનો ક્ષય. તે અહીં જ છે, શાક્યાદિ દર્શનમાં નથી. એ પ્રમાણે જ્ઞાનને ભાવતા જ્ઞાનભાવના થાય છે.

આઠ પ્રકારના કર્મપુદ્ગલોથી જીવ દરેક પ્રદેશે બંધાયેલ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધના હેતુ છે. આઠ પ્રકારની કર્મવર્ગણા એ બંધન છે. ચાર ગતિવાળા સંસારમાં ભ્રમણ કરતા સુખ-દુઃખ અનુભવવા તે તેનું ફળ છે. આ બધું જિનવચનમાં જ કહ્યું છે. અથવા બીજા જે કંઈ સુભાષિત વચનો છે તે જિનપ્રવચનમાં જ કહ્યા છે. તે જ્ઞાનભાવના છે. વળી સંસારનું વિચિત્ર સ્વરૂપ પણ જિનેન્દ્રોએ કહ્યું છે.

મને વિશિષ્ટતર જ્ઞાન થશે તે જ્ઞાનભાવના કરવી એટલે જ્ઞાનનો અભ્યાસ કરવો. આદિ શબ્દથી એકાગ્રચિત્ત વગેરે ગુણો જ્ઞાનથી થાય છે. વળી અજ્ઞાની જે કર્મ કરોડો વર્ષે ખપાવે તે જ્ઞાની શ્વાસોશ્વાસમાં ખપાવે એ ભાવના ભાવવી. આવા કારણથી જ્ઞાન ભણવું. તેથી જ્ઞાનનો સંગ્રહ થાય, નિર્જરા થાય, ભૂલાય નહીં અને સ્વાધ્યાય થાય. જ્ઞાનભાવનાથી નિત્ય ગુરુકૂલવાસ થાય તે કહે છે - જ્ઞાનનો ભાગી



થાય, દર્શન-ચારિત્રમાં સ્થિર થાય. આથી ગુરુકુલવાસ ન મૂકનારા ધન્ય છે. આવી જ્ઞાનવિષયા ભાવના છે - હવે ચારિત્રભાવનાને આશ્રીને કહે છે—

[નિ.૩૪૧,૩૪૨-] પહેલા વ્રતની ભાવના-અહિંસાદિ લક્ષણ ધર્મ શ્રેષ્ઠ છે. બીજા વ્રતની ભાવના - આ આર્હત્ પ્રવચનમાં સત્ય છે તેવું બીજે નથી. ત્રીજા વ્રતની ભાવના - અદત્ત વિરતિ અહીં જ શોભે છે. ચોથા વ્રતમાં - નવગુપ્તિ ગુપ્ત બ્રહ્મચર્ય અહીં જ છે. પાંચમાં વ્રતમાં - પરિગ્રહ વિરતિ અહીં જ સર્વોત્તમ છે. તથા બાર પ્રકારનું તપ અહીં જ શોભે છે.

વૈરાગ્ય ભાવના - સાંસારિક સુખની જુગુપ્સારૂપ છે. અપ્રમાદ ભાવના-મદ્યાદિ પ્રમાદથી કર્મબંધ ઉપાદાનરૂપ છે માટે સેવવું નહીં. એકાગ્ર ભાવના-જ્ઞાન-દર્શન-ચારિત્રયુક્ત એક જ મારો આત્મા શાશ્વત છે. બાકીના સર્વે સંયોગ લક્ષણરૂપ બાહ્ય ભાવો છે. ઇત્યાદિ ભાવના ચારિત્રને ટેકો આપે છે. હવે આગળ તપોભાવના કહીશ.

[નિ.૩૪૩-] વિગઈરહિતપણે તપ વડે મારો દિવસ કઈ રીતે અવન્ધ્ય થાય ? હું કયો તપ કરવા સમર્થ છું ? કયા દ્રવ્યથી મારો તપ-નિર્વાહ થશે ? આવું ચિંતવવું તેમાં ઉત્સર્ગથી દ્રવ્યમાં વાલ, ચણા, ક્ષેત્રથી સ્નિગ્ધ કે રૂક્ષ, કાળથી શીત કે ઉષ્ણ, ભાવથી હું અગ્લાન છું માટે તપ કરું. એ રીતે દ્રવ્યાદિ વિચારણા કરી યથાશક્તિ તપ કરવો. - x - x -

[નિ.૩૪૪-] અનશનાદિ તપમાં બળ કે વીર્ય ન ગોપવતા ઉત્સાહ રાખવો અને લીધેલ તપનું પાલન કરવું. કહ્યું છે - તીર્થંકર ચાર જ્ઞાની છે, દેવપૂજિત છે, નિશ્ચે સિદ્ધિ પામે છે. તો પણ બળ-વીર્ય ગોપવ્યા વિના સર્વ શક્તિએ તપોદ્યમ કરે છે. તો પછી બીજા સાધુઓ અનેક વિઘ્નવાળા મનુષ્ય ભવમાં દુઃખના ક્ષય માટે શા માટે ઉદ્યમ ન કરે ? આવી તપ ભાવના કરવી. એ રીતે સંયમમાં ઇન્દ્રિય-નોઇન્દ્રિય નિગ્રહરૂપ, સંઘયણ તે વજ્રઋષભાદિમાં તપનો નિર્વાહ થઈ શકે તેવી ભાવના ભાવવી.

વૈરાગ્ય ભાવનામાં - x - અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, સંસાર, કર્માશ્રવ, સંવર, નિર્જરણ, લોકવિસ્તર, સ્વાખ્યાત ધર્મ અને તત્વચિંતન તથા બોધિની દુર્લભતા ભાવના ભાવવી.

ભાવના અનેક પ્રકારે છે, પણ અહીં ચારિત્ર ભાવના અધિકાર છે—

● **સૂત્ર-૫૦૯** :- *વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.*

***તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં પાંચ ઘટનાઓ થઈ. જેમકે - ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં — (૧) ચ્યવ્યા, ચ્યવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. (૨) એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં સંહારાયા. (૩) જન્મ્યા. (૪) મુંડ થઈ, ગૃહત્યાગી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા. (૫) સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાઘાત, નિરાવરણ, અનંત, અનુત્તર, શ્રેષ્ઠ કેવલજ્ઞાન અને કેવલદર્શન પામ્યા અને સ્વાતિ નક્ષત્રમાં પરિનિર્વાણ પામ્યા.***

● **સૂત્ર-૫૧૦** :- *વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.*

***શ્રમણ ભગવંત મહાવીર આ અવસર્પિણીમાં સુષમસુષમ આરો, સુષમ***

આરો અને સુષમદુષમ આરો વ્યતીત થયા પછી દુષમસુષમ આરો ઘણો વીત્યા પછી ૭૫ વર્ષ સાડા આઠ માસ બાકી રહ્યા ત્યારે જે આ ગ્રીષ્મ ઋતુનો ચોથો માસ, આઠમો પક્ષ-અષાઢ સુદ, તે અષાઢ સુદ છટ્ઠી તિથિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે મહાવિજય સિદ્ધાર્થ પુષ્પોત્તરવર પુંડરીક દિક્સ્વસ્તિક વર્ધમાન મહાવિમાનથી ૨૦ સાગરોપમ આયુ પાળીને આયુ-સ્થિતિ-ભવનો ક્ષય કરી આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભારતવર્ષમાં દક્ષિણાર્ધ ભરતમાં દક્ષિણ બ્રાહ્મણકુંડપુર સંનિવેશમાં કોડાલગોત્રના ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધર ગોત્રીયા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં સિંહની માફક ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. હું ચ્યવીશ તે જાણે છે, હું ચ્યવ્યો તે જાણે છે પણ કાળની સૂક્ષ્મતાથી હું ચ્યવું છું તે જાણતા નથી. ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર હિતાનુકંપક દેવે 'આ જીત આચાર છે' એમ વિચારી, જે તે વર્ષાકાળનો ત્રીજો માસ, પાંચમો પક્ષ-આસો વદ, તે આસોવદની તેરમી તિથિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે ૮૨ રાત્રિ દિવસ વીત્યા બાદ ૮૩મી રાત્રિનો પર્યાય વર્તતા દક્ષિણબ્રાહ્મણકુંડપર સંનિવેશથી ઉત્તરક્ષત્રિયકુંડપુર સંનિવેશમાં જ્ઞાતક્ષત્રિય કાશ્યપગોત્રીય સિદ્ધાર્થક્ષત્રિયની પત્ની વાશિષ્ઠગોત્રીયા ત્રિશલાક્ષત્રિયાણીના અશુભ પુદ્ગલોને હટાવીને, શુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરીને કુક્ષિમાં ગર્ભને સંહર્યો અને જે ત્રિશલાક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભ હતો તેને દક્ષિણમાહણકુંડપુર સંનિવેશમાં કોડાલગોત્રિય ઋષભદત્તની જાલંધરગોત્રિયા દેવાનંદાની કુક્ષિમાં સંહર્યો.

શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનયુક્ત હતા. સંહરણ થશે તે જાણતા હતા, સંહરાઉં છું તે જાણતા ન હતા, સંહરાયો તે જાણતા હતા.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે કાળે તે સમયે અન્યદા કોઈ સમયે ત્રિશલા ક્ષત્રિયાણીને નવ માસ પૂર્ણ થયા અને સાડા સાત રાત્રિ-દિવસ વ્યતીત થતાં જે તે ગ્રીષ્મનો પહેલો માસ, બીજો પક્ષ-ચૈત્રસુદ, તે ચૈત્ર સુદ-૧૩ના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગે વિઘ્નરહિત આરોગ્યપૂર્ણ એવા શ્રમણ ભગવંત મહાવીરને જન્મ આપ્યો.

જે રાત્રિએ ત્રિશલા ક્ષત્રિયાણીએ શ્રમણ ભગવંત મહાવીરને સુખપૂર્વક જન્મ આપ્યો, તે રાત્રિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અને દેવીઓના ઉપર નીચે આવાગમનથી એક મહાન્ દિવ્ય દૈવોદ્યોત, દેવસંગમ, દેવ કોલાહલ, કલકલનાદ વ્યાપી ગયો.

જે રાત્રિએ ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવંત મહાવીરને જન્મ આપ્યો તે રાત્રિએ ઘણાં દેવ-દેવીઓ એક મહાન્ અમૃત વર્ષા, ગંધ-ચૂર્ણ-પુષ્પ-હિરણ્ય-રત્નની વર્ષા કરી.

જે રાત્રે ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવંત મહાવીરને જન્મ આપ્યો તે રાત્રિએ ભવનપત્યાદિ દેવ-દેવીઓએ ભગવંત મહાવીરનું સૂચિકર્મ અને તિર્થંકર



અભિષેક કર્યો.

જ્યારથી ભગવંત મહાવીર ત્રિશલાક્ષત્રિયાણીના કુક્ષિમાં ગર્ભરૂપે પધાર્યા, ત્યારથી તે કુળ વિપુલ ચાંદી, સોનું, ધન, ધાન્ય, માણેક, મોતી, શંખ, શિલા, પ્રવાલથી અતિ અતિ વૃદ્ધિ પામ્યું, ત્યારે શ્રમણ ભગવંત મહાવીરના માતા-પિતાએ આ વાત જાણીને દસ દિવસ વીત્યા બાદ શૂચિભૂત થઈને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવ્યા, કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન, સંબંધીઓને આમંત્રણ આપ્યું. આપીને ઘણાં શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, વનીપક, ભિક્ષુ, દુઃખીજન આદિને ભોજન કરાવ્યું - સુરક્ષિત રખાવ્યું - આપ્યું - વહેંચ્યું, યાચકોને દાન આપ્યું - વહેંચ્યું - વિતરીત કર્યું. તેમ કરીને મિત્ર, જ્ઞાતિજન આદિને જમાડ્યા. જમાડીને તેઓની સમક્ષ નામકરણ સંબંધે કહ્યું કે—

જ્યારથી આ બાળક ત્રિશલાક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભરૂપે આવેલ છે, ત્યારથી આ કુળ વિપુલ ચાંદી, સોનું, ધન, ધાન્ય, શંખ, શિલા, પ્રવાલ આદિથી અતિ અતિ વૃદ્ધિ પામેલ છે, તેથી આ બાળકનું 'વર્ધમાન' નામ થાઓ. [એ રીતે 'વર્ધમાન' નામ રાખ્યું.]

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર પાંચ ધાત્રી દ્વારા પાલન કરાવા લાગ્યા. તે આ પ્રમાણે – ક્ષીરધાત્રી, મજ્જન ધાત્રી, મંડનધાત્રી, ખેલાવણધાત્રી, અંકધાત્રી. એ રીતે તેઓ એક ખોળાથી બીજા ખોળામાં સંહત થતા રમ્ય મણિમંડિત આંગણમાં રમતા, પર્વતીય ગુફામાં રહેલ ચંપકવૃક્ષની જેમ ક્રમશઃ વૃદ્ધિ પામ્યા.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને વિજ્ઞાન થયું, બાલ્યભાવ છોડી યુવાન થયા. મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના - શબ્દ, સ્પર્શ-રસ-રૂપ-ગંધ-કામભોગોને ભોગવતા વિચરવા લાગ્યા.

● **સૂત્ર-૫૧૧ :-** વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.

શ્રમણ ભગવંત મહાવીર કાશ્યપગોત્રીય હતા. તેના ત્રણ નામ આ પ્રમાણે હતા – (૧) માતાપિતાએ પાડેલ 'વર્ધમાન'. (૨) સહજ ગુણોને કારણે 'શ્રમણ' (૩) ભયંકર ભય-ભૈરવ તથા અચેલાદિ પરીષહ સહેવાને કારણે દેવોએ રાખેલ નામ "શ્રમણ ભગવંત મહાવીર."

શ્રમણ ભગવંત મહાવીરના કાશ્યપગોત્રીય પિતાના ત્રણ નામ આ પ્રમાણે – સિદ્ધાર્થ, શ્રેયાંસ, યશસ્વી, શ્રમણ ભગવંત મહાવીરના વાશિષ્ઠ ગોત્રિયા માતાના ત્રણ નામ આ પ્રમાણે - ત્રિશલા, વિદેહદિન્ના, પ્રિયકારિણી.

તેમના કાકા કાશ્યપ ગોત્રિય હતા તેનું નામ - સુપાર્શ્વ. મોટા ભાઈનું નામ નંદિવર્ધન. મોટી બેનનું નામ સુદર્શના.

ભગવાન્ મહાવીરની પત્ની કૌડિન્ય ગોત્રીયા હતી, તેનું નામ યશોદા. તેમની પુત્રી કાશ્યપ ગોત્રીયા હતી તેમના બે નામ - અનવદ્યા અને પ્રિયદર્શના. ભગવંત મહાવીરની દોહિત્રી કૌશિક ગોત્રની હતી તેના બે નામ - શેષવતી, યશસ્વતી.

● **સૂત્ર-૫૧૨ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે]*

શ્રમણ ભગવંત મહાવીરના માતા-પિતા પાર્શ્વનાથના અનુયાયી શ્રમણોપાસક હતા. તેઓ ઘણાં વર્ષો શ્રમણોપાસક પર્યાય પાળીને છ જીવનિકાયની રક્ષા માટે આલોચના, નિંદા, ગર્હા, પ્રતિક્રમણ કરીને યથાયોગ્ય ઉત્તરગુણ પ્રાયશ્ચિત્ત લઈને દર્ભના સંથારે બેસીને ભક્ત પ્રત્યાખ્યાન કરી, અંતિમ મારણાંતિક સંલેખના કરી શરીર કૃશ કરીને મૃત્યુ અવસરે કાળ કરી અચ્યુત સ્વર્ગે દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય કરી ચ્યવીને મહાવિદેહ વર્ષમાં ચરમ ઉચ્છ્વાસે સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત થઈ બધાં દુઃખોનો અંત કરશે.

● **સૂત્ર-૫૧૩ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.]*

તે કાળે તે સમયે જ્ઞાત, જ્ઞાતપુત્ર, જ્ઞાતકુલોત્પન્ન, વિ-દેહ, ત્રિશલા માતાના પુત્ર, વિદેહજાત્ય, વિદેહસૂમાલ એવા શ્રમણ ભગવંત મહાવીર ૩૦ વર્ષ સુધી ઉદાસીન ભાવે ગૃહ મધ્યે રહી, માતાપિતા આયુષ્યપૂર્ણ કરી દેવલોકને પ્રાપ્ત થયા પછી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ જાણી હિરણ, સુવર્ણ, સેના, વાહનનો ત્યાગ કરી, ધન-ધાન્ય-કનક-રત્નાદિ બહુમૂલ્ય દ્રવ્યોનું દાન આપી, વહેંચણી કરી, પ્રગટરૂપે દાન દઈ, યાચકોને દાનનો વિભાગ કરી, વર્ષીદાન દઈ શીતઋતુના પ્રથમ માસના પ્રથમ પક્ષે-માગસર વદ દશમીએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગે ભગવંતે અભિનિષ્ક્રમણ-દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા કરી.

● **સૂત્ર-૫૧૪ થી ૫૧૯ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.]*

તીર્થંકરોનું અભિનિષ્ક્રમણ-દીક્ષા વર્ષ પછી થાય, [તે પૂર્વે એક વર્ષ] સૂર્યોદયથી દ્રવ્યદાન થાય છે. પ્રતિદિન સૂર્યોદયથી એક પ્રહર પર્યન્ત - જ્યાં સુધી પ્રાતરાશ [નાસ્તો] ન કરે ત્યાં સુધી - અન્યૂન એક કરોડ આઠ લાખ સુવર્ણ મુદ્રાનું દાન અપાય છે. એ રીતે એક વર્ષમાં ૩૮૮ કરોડ, ૮૦ લાખ સુવર્ણ મુદ્રાનું દાન ભગવાન્ આપે છે.

કુંડલધારી વૈશ્રમણ દેવ અને મહાન્ ઋદ્ધિવાળા લોકાંતિક દેવ પંદર કર્મભૂમિમાં થતાં તીર્થંકરોને પ્રતિબોધ કરે છે.

બ્રહ્મ દેવલોકમાં આઠ કૃષ્ણરાજિઓના મધ્યમાં આઠ પ્રકારના લોકાંતિક દેવોના અસંખ્યાત વિસ્તારવાળા વિમાનો છે. આ લોકાંતિક દેવો ભગવંત વીર જિનવરને બોધિત કરે છે - હે અર્હન્ દેવ! સર્વ જગત્‌ના હિત માટે તીર્થ પ્રવર્તન કરો.

● **સૂત્ર-૫૨૦ :-** *[વિવેચન સૂત્ર-૫૩૫ને અંતે.]*

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરનો અભિનિષ્ક્રમણ અભિપ્રાય જાણીને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવ-દેવીઓ પોતપોતાના રૂપ-વેશ અને ચિહ્નોથી યુક્ત થઈ, સર્વ ઋદ્ધિ-દ્યુતિ-સેના સમૂહની સાથે પોત-પોતાના યાન વિમાનો પર આરૂઢ થાય છે, થઈને બાદર પુદ્‌ગલોનો ત્યાગ કરી, સૂક્ષ્મ પુદ્‌ગલો ગ્રહણ કરી ઉંચે ઉડે છે, ઉડીને ઉત્કૃષ્ટ, શીઘ્ર, ચપળ, ત્વરિત દિવ્ય દેવગતિથી





નીચે ઉતરતા-ઉતરતા તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રોને ઓળંગતા જંબૂદ્વીપ નામક દ્વીપે આવ્યા. આવીને ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશે આવ્યા. ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશના ઇશાન ખૂણાની દિશામાં વેગપૂર્વક ઉતર્યા.

ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્રે ધીમે ધીમે યાન વિમાનને રોક્યું. રોકીને ધીમે ધીમે વિમાનથી નીચે ઉતર્યા, ધીમે ધીમે એકાંતમાં ગયા, જઈને મહાન્ વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો. સમુદ્‌ઘાત કરીને એક મહાન્ વિવિધ મણિ, કનક, રત્નોથી જડિત, શુભ-સુંદર-મનોહર દેવછંદક વિકુર્વ્યુ.

તે દેવછંદકના મધ્ય ભાગે એક મહાન્ પાદપીઠ યુક્ત વિવિધ મણિ-રત્ન-સુવર્ણ જડેલ શુભ-સુંદર-કમનીય સિંહાસન વિકુર્વ્યુ. વિકુર્વીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આ-દક્ષિણ પ્રદક્ષિણા કરી. કરીને ભગવંતને વંદન-નમસ્કાર કર્યા.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને લઈને જ્યાં દેવછંદક છે ત્યાં આવ્યા. ધીમે ધીમે સિંહાસનમાં પૂર્વાભિમુખ બેસાડ્યા. બેસાડીને ધીમે ધીમે શતપાક, સહસ્રપાક તેલથી ભગવંતના શરીરને માલિશ કર્યો, ગંધયુક્ત કાષાયિક વસ્ત્રથી શરીરને લૂછયું. લૂંછીને શુદ્ધ જળથી સ્નાન કરાવ્યું, કરાવીને શરીર પર એક લાખ મૂલ્યવાળા ત્રણ પટને લપેટીને સાધેલ ગોશીર્ષ રક્ત ચંદનનું લેપન કર્યું. કરીને ધીમા શ્વાસના વાયરે ઉડી જાય તેવા, શ્રેષ્ઠ નગર-પાટણમાં નિર્મિત, કુશળ નર પ્રશંસિત, ઘોડાના મુખના ફીણ સમાન સ્વચ્છ, મનોહર, ચતુર કારીગરો દ્વારા સુવર્ણ તારોથી ખચિત, હંસલક્ષણ બે વસ્ત્રો પહેરાવ્યા. પહેરાવીને હાર, અર્ધહાર, વક્ષસ્થળ-આભૂષણ, એકાવલી, લટકતી માળા, કંદોરો, મુગટ, રત્નમાલાદિ પહેરાવ્યા. પહેરાવીને ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ માળા વડે કલ્પવૃક્ષ સમાન શૃંગાર કર્યો. શણગારીને—

શક્રેન્દ્રએ બીજી વખત મહાન્ વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, કરીને એક મહાન્ ચંદ્રપ્રભા નામક અને હજાર પુરુષ દ્વારા વહન કરવા યોગ્ય શિબિકાની રચના કરી. તે શિબિકા ઈહામૃગ, વૃષભ, અશ્વ, નર, મગર, પક્ષી, વાનર, હાથી, રુરુ, સરભ, ચમરી, ગાય, વાઘ, સિંહ, વનલતા ઇત્યાદિ વિવિધ ચિત્રોથી ચિત્રિત હતી. વિદ્યાધર યુગલના યંત્ર યોગે કરી યુક્ત હતી. તેમાંથી હજારો તેજરાશિઓમાં ઝળહળતા કિરણો રોશની ફેલાવી રહ્યા હતા. રમણીય સુંદર રૂપથી અદ્‌ભૂત બની હતી. ઝગમગતી, હજારો રૂપોની સંપન્ન, દેદીપ્યમાન, અત્યંત દેદીપ્યમાન અને અનિમેષ દૃષ્ટિથી દેખવા લાયક હતી. તે શિબિકામાં મોતીના ઝુમરો ઝુલી રહ્યા હતા. તપનીય સુવર્ણના તોરણો લટકી રહ્યા હતા. મોતીઓની માળા, હાર, અર્ધહાર આદિ આભૂષણોથી શોભિત અને અતિ દર્શનીય હતી. તેના પર પદ્મલતા, અશોકલતા, કુંદલતાના ચિત્રો હતા તથા અન્યોન્ય વિવિધ લતાઓના ચિત્રોથી શોભિત હતી, શુભ, સુંદર, કાંતરૂપ હતી. તેનો અગ્રભાગ અનેક પ્રકારની પંચવર્ણી મણિયુક્ત ઘંટાઓ અને પતાકાઓથી શોભિત હતી. પ્રાસાદીય,

દર્શનીય, સુરૂપ હતી.

● સૂત્ર-૫૨૧ થી ૫૨૪ :- [વિવેચન સૂત્ર-૫૩૫ને પછી જોવું.]

જરા મરણથી મુક્ત જિનવર માટે જલ અને સ્થળમાં ઉત્પન્ન દિવ્ય ફૂલોની માળાઓથી શણગારેલી શિબિકા લાવવામાં આવી..તે શિબિકાની મધ્યમાં જિનવર માટે પાદપીઠ સહિત એક મહામૂલ્ય સિંહાસન હતું..

તે સમયે ભગવંત મહાવીરે શ્રેષ્ઠ આભૂષણ ધારણ કરેલા. યથાસ્થાને દિવ્યમાળા અને મુગટ પહેરેલા હતા, લાખ સુવર્ણમુદ્રાવાળું વસ્ત્ર યુગલ પહેરેલ હતું. જેનાથી પ્રભુ દેદીપ્યમાન શરીરવાળા લાગતા હતા.

તે ભગવંત છઠ્ઠ ભક્તની તપસ્યાથી યુક્ત, સુંદર અધ્યવસાયવાળા, વિશુદ્ધ લેશ્યાવાળા હતા. તેઓ ઉક્ત શિબિકામાં આરૂઢ થયા.

● સૂત્ર-૫૨૫ થી ૫૩૧ :- [વિવેચન સૂત્ર-૨૩૫ને અંતે જોવું.]

ભગવંત સિંહાસને બિરાજીત થયા પછી શક્રેન્દ્ર અને ઇશાનેન્દ્ર બન્ને બાજુ ઉભા રહી મણિ અને રત્નોથી યુક્ત વિચિત્ર દંડવાળા ચામર ઢોળવા લાગ્યા.. જેમના રોમકૂપ હર્ષથી વિકસિત થતા હતા તેવા મનુષ્યોએ ઉલ્લાસવશ થઈ પહેલા શિબિકા ઉપાડી. ત્યારપછી સુર, અસુર, ગરુડ અને નાગેન્દ્ર આદિ દેવોએ શિબિકા વહન કરી.. તે શિબિકાને પૂર્વ તરફ વૈમાનિક દેવે, દક્ષિણ તરફ અસુર દેવો, પશ્ચિમે ગરૂડ દેવો અને ઉત્તરે નાગેન્દ્ર દેવોએ ઉપાડીને વહન કર્યું.....

પુષ્પોથી વનખંડ અને શરદઋતુમાં કમળોથી સરોવર શોભે તેમ દેવગણોથી ગગનતલ શોભતું હતું. જેમ સરસવ, કણેર કે ચંપક વન ફૂલોના સમૂહથી શોભે તેમ દેવગણથી આકાશ શોભતું હતું...ઉત્તમ ઢોલ, ભેરી, ઝલ્લરી, શંખાદિ લાખો વાદ્યોથી આકાશ અને પૃથ્વીમાં અતિરમણીય ધ્વનિ થવા લાગ્યો. દેવો તત, વિતત, ઘન, શુષિર એ ચાર પ્રકારના વાજિંત્રો વગાડવા લાગ્યા અને સેંકડો પ્રકારના નૃત્ય કરવા લાગ્યા.

● સૂત્ર-૫૩૨ :- [વિવેચન સૂત્ર-૫૩૫ને પછી જોવું.]

તે કાળે તે સમયે હેમંતઋતુનો પહેલો માસ પહેલો પક્ષ-માગસર વદની દશમી તિથિએ સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્તે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગે પૂર્વગામિની છાયા થતા, બીજી પોરિસી વીતતા, નિર્જલ છઠ્ઠ ભક્ત સહિત, એક વસ્ત્ર ધારણ કરી, સહસ્રપુરુષવાહિની ચંદ્રપ્રભા શિબિકામાં દેવ-મનુષ્ય-અસુરની પર્ષદા દ્વારા લઈ જવાતા ઉત્તર ક્ષત્રિય કુંડપુર સંનિવેશની ઠીક મધ્યમાંથી થઈને જ્યાં જ્ઞાતખંડ ઉધાન હતું ત્યાં આવ્યા. આવીને ભૂમિથી હાથ પ્રમાણ ઉંચે ધીમે ધીમે સહસ્રવાહિની ચંદ્રપ્રભા શિબિકા સ્થિર કરી.

ભગવંત તેમાંથી ધીમે ધીમે નીચે ઉતર્યા. ઉતરીને ધીમે-ધીમે પૂર્વ દિશામાં મુખ કરી સિંહાસને બેઠા, આભરણ-અલંકાર ઉતાર્યા. ત્યારે વૈશ્રમણ દેવ ઘૂંટણીયે ઝુકી ભગવંત મહાવીરના આભરણાદિને હંસલક્ષણ વસ્ત્રમાં આભૂષણ-અલંકાર ગ્રહણ કરે છે.



ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર ડાબા હાથે ડાબી તરફના, જમણા હાથે જમણી તરફના વાળનો પંચમુષ્ટિક લોચ કરે છે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર ભગવંત મહાવીર સમક્ષ ગોદોહિક આસને બેસીને હીરમય થાળમાં થાળમાં કેશ ગ્રહણ કરે છે, કરીને ‘ભગવન્ ! આપની આજ્ઞા હોજો’ એમ કહીને તે કેશને ક્ષીર સમુદ્રમાં પધરાવે છે.

ત્યારે શ્રમણ ભગવંતે યાવત્ લોચ કરીને સિદ્ધોને નમસ્કાર કર્યા. કરીને “આજથી મારે સર્વ પાપકર્મ અકરણીય છે” એમ પ્રતિજ્ઞા કરી સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું. તે સમયે દેવો અને મનુષ્યોની પર્ષદા ચિત્રવત્ બની ગઈ.

● સૂત્ર-૫૩૩,૫૩૪ :- [વિવેચન સૂત્ર-૫૩૫ને પછી જોવું.]

જે સમયે ભગવંત મહાવીરે ચારિત્ર ગ્રહણ કર્યું. તે સમયે શક્રેન્દ્રની આજ્ઞાથી દેવ, મનુષ્ય, વાદ્યોના અવાજ બંધ થઈ ગયા..

ભગવંત ચારિત્ર અંગીકાર કરીને અહર્નિશ સમસ્ત પ્રાણિ અને ભૂતોના હિતમાં સંલગ્ન થઈ ગયા.

બધાં દેવો એ સાંભળીને રોમાંચયુક્ત થઈ ગયા.

● સૂત્ર-૫૩૫ :-

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને ક્ષાયોપશમિક સામાયિક ચારિત્ર સ્વીકારતા મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી અઢીદ્વીપ અને બે સમુદ્રમાં રહેલા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય વ્યક્ત મનવાળા જીવોના મનોગત ભાવ જાણવા લાગ્યા.

ત્યારપછી દીક્ષિત થયેલા શ્રમણ ભગવંત મહાવીરે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધી આદિને વિસર્જિત કર્યા. કરીને આવા પ્રકારે અભિગ્રહ ગ્રહણ કર્યો. - બાર વર્ષ સુધી શરીરની મમતા ત્યાગી, દેહાસક્તિ છોડી, દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગો આવશે તે સર્વેને હું સમ્યક્ રીતે સહન કરીશ, ખમીશ, અધ્યાસિત કરીશ.

આ પ્રતિજ્ઞા અંગીકાર કરીને શ્રમણ ભગવંત મહાવીર દેહનું મમત્વ ત્યાગી, એક મુહૂર્ત્ત દિવસ શેષ રહેતા કુમારગ્રામ પહોંચ્યા, ત્યારપછી શરીર મમતાના ત્યાગી ભગવંત અનુત્તર આલય અને વિહાર વડે ઉત્કૃષ્ટ સંયમ-તપ-બ્રહ્મચર્ય-ક્ષમા-મુક્તિ-ગુપ્તિ-સમિતિ-સ્થિતિ-સ્થાન-ક્રિયાથી સુચરિત ફલ નિર્વાણ અને મુક્તિ માર્ગ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

એ રીતે વિચરતા દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી જે કોઈ ઉપસર્ગો ઉત્પન્ન થયા તે સર્વે ઉપસર્ગોને અનાકુળ, અવ્યથિત, અદીન મનથી, મન-વચ-કાય ગુપ્ત થઈ સમ્યક્ સહન કર્યા, ખમ્યા, શાંતિ અને ધૈર્યથી ઝેલ્યા.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને આ રીતે વિચરણ કરતા બાર વર્ષ વીત્યા. તેરમું વર્ષ ચાલી રહ્યું હતું. તેમાં ગ્રીષ્મઋતુનો બીજો માસ, ચોથો પક્ષ..વૈશાખ સુદની દશમીને દિને સુવ્રત નામના દિવસે, વિજય મુહૂર્ત્તમાં ઉત્તરા

*ફાલ્ગુની નક્ષત્રના યોગે પૂર્વગામિની છાયા થતાં અંતિમ પ્રહરે જૃંભિકગામ નગરની બહાર ઋજુવાલિકા નદીના ઉત્તરપટ્ટ પર શ્યામાક ગાથાપતિના કાષ્ઠકરણ ક્ષેત્રમાં ઉપર જાનુ અને નીચે મસ્તક રાખીને ધ્યાનરૂપી કોઠામાં રહેતા ભગવંતને વૈયાવૃત્ય ચૈત્યના ઇશાન ખૂણામાં શાલ વૃક્ષની સમીપે ઉક્કુડુ ગોદોહિક આસને આતાપના લેતા નિર્જળ છટ્ઠ ભક્ત સહિત, શુક્લ ધ્યાનમાં વર્તતા, નિવૃત્તિ અપાવનાર, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાઘાત, નિરાવરણ, અનંત, અનુત્તર કેવલજ્ઞાન દર્શન ઉત્પન્ન થયા.*

*તે ભગવંત હવે અર્હન્, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વભાવદર્શી, દેવ-મનુષ્ય-અસુરના પર્યાયોને જાણવા લાગ્યા. જેવાકે - આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, ભુક્ત, પીત, કૃત, પ્રતિસેવિત, પ્રકટ કર્મ, ગુપ્તકર્મ, બોલેલું, કહેલું, મનો માનસિક ભાવો તથા સર્વલોકમાં સર્વ જીવોના સર્વ ભાવોને જોતા અને જાણતા વિહરવા લાગ્યા.*

*જે દિવસે શ્રમણ ભગવંત મહાવીરને નિવૃત્તિ આપનાર સંપૂર્ણ યાવત્ જ્ઞાન ઉત્પન્ન થયું તે દિવસે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવ-દેવીઓના આવવા-જવાથી યાવત્ કોલાહલ મચી ગયો.*

*ત્યારપછી ઉત્પન્ન શ્રેષ્ઠ જ્ઞાન-દર્શન ધર શ્રમણ ભગવંત મહાવીર પોતાના આત્મા અને લોકને જાણીને પહેલાં દેવોને ધર્મ કહ્યો, પછી મનુષ્યોને કહ્યો.*

*ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમાદિ શ્રમણોને ભાવના સહિત પાંચ મહાવ્રત અને છ જીવનિકાયનું સ્વરૂપ સમજાવ્યું. કહ્યું, પ્રરૂપણા કરી.*

● **વિવેચન :-**

*— સૂત્ર-૫૦૯ થી ૫૩૫ને અંતે વૃત્તિકારે અલ્પ વૃત્તિ નોંધી છે.*
*— આ જ સૂત્રોનો વિષય કલ્પસૂત્રમાં થોડા વિસ્તારથી નોંધાયેલ છે.*
*— આ સૂત્રોમાં આવતા પાઠોમાં પાઠાંતરો અને વિશેષ અર્થ પણ મળે છે.*

તે કાળ એટલે દુષમસુષમાદિ, તે સમય એટલે વિવક્ષિત વિશિષ્ટ કાળ ત્યારે ઉત્પત્તિ આદિ થયા એ સંબંધ. ઇત્યાદિ - x - x - સર્વવાત સૂત્રાર્થમાં પ્રગટપણે કહેવાઈ છે. માટે તેનું પુનરાવર્તન કરેલ નથી.

હવે પાંચે મહાવ્રતની પ્રત્યેકની પાંચ પાંચ ભાવનાઓ કહે છે—

● **સૂત્ર-૫૩૬ :-**

*હે ભગવંત ! પહેલા મહાવ્રતમાં હું સર્વ પ્રાણાતિપાતનો ત્યાગ કરું છું. તે-સૂક્ષ્મ, બાદર, ત્રસ કે સ્થાવર [કોઈ પણ જીવની] જીવનપર્યન્ત મન, વચન, કાયાથી સ્વયં હિંસા કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં કે હિંસા કરનારની અનુમોદના કરીશ નહીં. હે ભગવંત હું તેનું પ્રતિક્રમણ-નિંદા-ગર્હા કરું છું. તે પાપાત્માને વોસિરાવું છું. આ વ્રતની પાંચ ભાવનાઓ છે—*

*(૧) મુનિએ ઇર્યાસમિતિયુક્ત રહેવું જોઈએ, ઇર્યાસમિતિથી રહિત નહીં. કેવલી ભગવંત કહે છે કે ઇર્યાસમિતિ રહિત મુનિ પ્રાણિ, ભૂત, જીવ, સત્વોને*



*હણે છે, ધૂળથી ઢાંકે છે, પરિતાપ આપે છે, કચળે છે, નિષ્પ્રાણ કરી દે છે તેથી મુનિએ ઇર્યાસમિતિ યુક્ત રહેવું, ઇર્યાસમિતિ રહિત નહીં.*

*(૨) જે મનને જાણે છે તે મુનિ છે, જે મન પાપકારી, સાવધ, ક્રિયાયુક્ત, આસ્રવકારી, છેદકારી, ભેદકારી, દ્વેષકારી, પરિતાપકારી, પ્રાણાતિપાત અને ભૂત ઉપઘાતકારી છે તેવું મન કરવું નહીં. મનને સારી રીતે જાણી પાપરહિત રાખે તે નિર્ગ્રન્થ છે.*

*(૩) જે વચનને જાણે તે નિર્ગ્રન્થ. જે વચન પાપકારી, સાવધ યાવત્ ભૂત ઉપઘાતિક હોય તે ન બોલવું. જે વચનના દોષોને જાણી પાપરહિત વચન બોલે તે નિર્ગ્રન્થ છે.*

*(૪) આદાન-ભાંડ-માત્ર નિક્ષેપ સમિતિયુક્ત છે તે નિર્ગ્રન્થ છે. કેવલી કહે છે કે જે આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિરહિત હોય છે, તે નિર્ગ્રન્થ પ્રાણી, ભૂત, જીવ, સત્વોનો ઘાત યાવત્ પીડા કરે છે. તેથી જે આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા સમિતિથી યુક્ત છે, તે જ નિર્ગ્રન્થ છે. સમિતિથી રહિત નહીં.*

*(૫) જે આલોકિત પાન ભોજન ભોજી છે તે જ નિર્ગ્રન્થ છે અનાલોકિત પાન ભોજન ભોજી નહીં. કેવલી ભગવંત કહે છે કે જોયા વિના આહાર પાણી વાપરનાર સાધુ પ્રાણાદિનો ઘાત કરે છે યાવત્ પીડા કરે છે. તેથી આલોકિત પાન ભોજન ભોજી છે તે જ નિર્ગ્રન્થ છે, અનાલોકિતપાન ભોજન ભોજી નહીં.*

*આ ભાવનાઓથી પહેલા મહાવ્રતને સમ્યક્ રીતે કાયાએ સ્પર્શિત, પાલિત, તીરિત, કિર્તિત, અવસ્થિત અને આજ્ઞાને અનુરૂપ આરાધિત થાય છે. હે ભગવન્ ! આ પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત છે.*

● **વિવેચન :-**

*[આ સૂત્રની ચૂર્ણિમાં થોડો અધિક પાઠ છે, તે જોવો.]*

ઈરણ – જવું તે ઇર્યા, તેની સમિતિ, ઉપયોગપૂર્વક આગળ યુગમાત્ર ભૂ ભાગ પ્રતિ દૃષ્ટિ રાખી જનાર. પણ અસમિત ન થાય. કેવલીએ તેને કર્મબંધનું કારણ કહ્યું છે. જવાની ક્રિયામાં અસમિત જ પ્રાણીને પગ વડે તાડન કરે છે, તથા બીજે પાડે છે, પીડા આપે છે, જીવિતથી જુદા કરે છે, - x - તે પહેલી ભાવના.

બીજી ભાવનામાં મનથી દુષ્પ્રણિહિતતા ન કરવી, તે કહે છે - મનથી સાવધ ક્રિયા કર્માશ્રવકારી છે, તથા છેદનભેદનકર આદિ - x - પ્રકૃષ્ટ દોષ છે. તેથી પ્રાણીને પરિતાપકારી આદિ ન થવું. ત્રીજી ભાવના - જે વાણી દુષ્પ્રસક્તા છે પ્રાણીને અપકારી છે, તે ન બોલવી. ચોથી ભાવના સાધુએ સમિત થઈને આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ પાળવી. પાંચમી ભાવના પ્રત્યુપ્રેક્ષિત અશન આદિ જ ખાવા. તેમ ન કરતા દોષનો સંભવ છે. - x - x -

● **સૂત્ર-૫૩૭ :-**

*હવે બીજા મહાવ્રતનો સ્વીકાર કરું છું - સર્વ મૃષાવાદરૂપ વચનદોષનો ત્યાગ કરું છું, તે ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી સ્વયં જૂઠ ન બોલે, બીજાને*

જૂઠ ન બોલાવે, જૂઠ બોલનારને અનુમોદે નહીં. ત્રણ કરણ અને મન, વચન, કાયારૂપ ત્રણ યોગથી હે ભગવંત ! તેને હું પ્રતિક્રમુ છું યાવત્ વોસિરાવું છું. તેની આ પ્રમાણે પાંચ ભાવનાઓ છે. તે આ પ્રમાણે—

૧-વિચારીને બોલે તે નિર્ગ્રન્થ, વગર વિચાર્યે બોલે તે નહીં. કેવલીએ કહ્યું છે કે - વગર વિચાર્યે બોલનાર સાધુ મૃષાવાદના દોષને પામે છે. તેથી વિચારીને બોલનાર તે નિર્ગ્રન્થ છે, વણવિચાર્યુ બોલનાર નહીં.

૨-ક્રોધને જાણનાર મુનિ ક્રોધશીલ ન હોય. કેવળી કહે છે ક્રોધ પ્રાપ્ત ક્રોધી મૃષા વચન બોલે છે, માટે ક્રોધને જાણે તે નિર્ગ્રન્થ ક્રોધી ન થાય.

૩-લોભને જાણે તે નિર્ગ્રન્થ છે, તેથી સાધુ લોભી ન બને. કેવલી કહે છે કે લોભ પ્રાપ્ત લોભી અસત્ય બોલે છે. તેથી મુનિએ લોભના સ્વરૂપને સમજી અને લોભી ન બનવું.

૪-ભયને જાણે તે નિર્ગ્રન્થ છે, તેથી સાધુએ ભયભીત ન થવું. કેવળી કહે છે કે, ભય પ્રાપ્ત બીકણ મૃષા વચન બોલે છે. જે ભયના સ્વરૂપને જાણે તે નિર્ગ્રન્થ છે, ભયભીત થયેલો નહીં.

૫-હાસ્યને જાણે તે નિર્ગ્રન્થ છે માટે સાધુએ હાસ્ય કરનાર ન થવું. કેવલી કહે છે હાસ્યપ્રાપ્ત મૃષાવાદ સેવે છે હાસ્યના સ્વરૂપને જાણનાર નિર્ગ્રન્થ છે, હંસી-મજાક કરનારો નહીં.

આ બીજા મહાવ્રતને સમ્યક્ રીતે કાયાથી સ્પર્શિત કરે યાવત્ આજ્ઞાનો આરાધક થાય છે. હે ભગવન્ ! આ બીજું મહાવ્રત છે.

● વિવેચન :-

[ચૂર્ણિમાં ભાવનાના ક્રમમાં ભિન્નતા જોવા મળે છે.]

બીજા વ્રતની ભાવના કહે છે - તેમાં પહેલી વિચારીને બોલનાર થવું તેમ ન કરતા દોષનો સંભવ છે, બીજી ભાવનામાં ક્રોધ સદા પરિત્યાજ્ય છે કેમકે ક્રોધાંધ મિથ્યા પણ બોલે. ત્રીજી ભાવનામાં લોભજય કરવો. તેમાં પણ મૃષાવાદહેતુ-કારણ છે. ચોથી-પાંચમીમાં ભય-હાસ્ય ત્યાગ કહ્યો.

● સૂત્ર-૫૩૮ :-

[આ સૂત્રમાં ઘણાં પાઠાંતર છે, ચૂર્ણિમાં વિશેષ પાઠ પણ છે.]

હે ભગવંત ! ત્રીજા મહાવ્રતના સ્વીકારમાં હું સમસ્ત અદત્તાદાનનો ત્યાગ કરું છું. તે અદત્તાદાન. ગામ, નગર કે અરણ્યમાં હોય, અલ્પ કે બહુ, અણુ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત હોય; હું સ્વયં અદત્ત લઈશ નહીં, બીજા પાસે અદત્ત લેવડાવીશ નહીં, અદત્ત લેનારની અનુમોદના કરીશ નહીં. જીવનપર્યન્ત યાવત્ તે વોસિરાવું છું. તેની પાંચ ભાવનાઓ આ પ્રમાણે—

૧-વિચારીને મિત અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ, વિચાર્યા વિના સાધુ અવગ્રહની યાચના ન કરે. કેવળી કહે છે - વિચાર્યા વિના અવગ્રહ યાચક મુનિ અદત્તનો ગ્રાહક થાય. અણ વિચાર્યો અવગ્રહ યાચવો નહીં.



૨-અનુજ્ઞાપૂર્વક પાન-ભોજન ભોજી નિર્ગ્રન્થ કહેવાય, અનુજ્ઞારહિત પાન-ભોજન કરનાર નહીં. કેવલી કહે છે - અનુજ્ઞારહિત પાન-ભોજન ભોજી નિર્ગ્રન્થ અદત્ત ભોજી છે. તેથી તે આજ્ઞાયુક્ત પાન-ભોજન ભોજી નિર્ગ્રન્થ કહેવાય છે, આજ્ઞારહિત આહાર-પાણી કરનાર નહીં.

૩-નિર્ગ્રન્થ ક્ષેત્ર અને કાળના પ્રમાણપૂર્વક અવગ્રહ ગ્રહે. કેવળી કહે છે - મર્યાદાપૂર્વક અવગ્રહની યાચના ન કરનાર અદત્ત સેવી છે, તેથી નિર્ગ્રન્થ ક્ષેત્ર, કાળની મર્યાદાપૂર્વક અવગ્રહ ગ્રહણ કરે.

૪-સાધુ વારંવાર પરિમાણનું ધ્યાન રાખી અવગ્રહ ગ્રહણ કરનારા હોય. કેવલી કહે છે - નિર્ગ્રન્થ વારંવાર પરિમાણનું ધ્યાન રાખીને અવગ્રહ ન ગ્રહે તો અદત્તાદાનનો દોષ લાગે. તેથી નિર્ગ્રન્થે એક વખત અવગ્રહ અનુજ્ઞા ગ્રહ્યા પછી વારંવાર અવગ્રહાનુજ્ઞા ગ્રહણશીલ થવું જોઈએ.

૫-સાધર્મિક પાસે વિચારપૂર્વક અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ છે, વિના વિચારે યાચનાર નહીં. કેવલી કહે છે - સાધર્મિક પાસે વિચાર્યા વિના મિત અવગ્રહ યાચનાર અદત્ત ગ્રહણ કરે છે. તેથી સાધર્મિક પાસે પણ વિચારીને પરિમિત અવગ્રહ યાચે તે નિર્ગ્રન્થ છે, વિના વિચારે નહીં.

આ રીતે આ પાંચ ભાવનાપૂર્વક ત્રીજા મહાવ્રતની સમ્યક્ યાવત્ આજ્ઞાપૂર્વક આરાધના થાય છે. હે ભગવંત ! આ ત્રીજું મહાવ્રત છે.

● વિવેચન :-

ત્રીજા વ્રતમાં આ પ્રથમ ભાવના છે - વિચારીને શુદ્ધ અવગ્રહ યાચવો. બીજી ભાવના-આચાર્યની અનુજ્ઞાથી ભોજનાદિ કરવા. ત્રીજી-અવગ્રહ ગ્રહણ કરતા નિર્ગ્રન્થ સાધુએ પરિમિત જ અવગ્રહ ગ્રહણ કરવો. ચોથી ભાવનામાં-નિરંતર અવગ્રહ પરિમાણ રાખવું. પાંચમીમાં-વિચારીને સાધર્મિક સંબંધી પરિમિત અવગ્રહ ગ્રહણ કરવો.

● સૂત્ર-૫૩૯ :-

હું ચોથા મહાવ્રતમાં સર્વ મૈથુનનો ત્યાગ કરું છું. દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુનનો હું સ્વયં સેવું નહીં ઇત્યાદિ સર્વે અદત્તાદાન મુજબ કહેવું યાવત્ હું વોસિરાવું છું. તેની આ પાંચ ભાવનાઓ છે—

૧-મુનિએ વારંવાર સ્ત્રી સંબંધી કથા કરવી ન જોઈએ. કેવલી કહે છે - વારંવાર સ્ત્રી કથા કરવાથી સાધુની શાંતિમાં ભંગ, શાંતિમાં વ્યાઘાત અને શાંતિરૂપ કેવલિ પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. માટે સાધુએ વારંવાર સ્ત્રીઓ સંબંધી વાર્તાલાપ ન કરવો.

૨-સાધુએ સ્ત્રીઓની મનોહર, મનોરમ ઇન્દ્રિયોને સામાન્ય કે વિશેષથી જોવી નહીં. કેવલી કહે છે કે સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયોને જોવાથી-નિહાળવાથી સાધુની શાંતિમાં બાધા થાય છે, શાંતિનો ભંગ થાય છે યાવત્ ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી સાધુ સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયો ન જુએ, ન તેનો વિચાર કરે.

૩-મુનિએ સ્ત્રીઓ સાથે પહેલા કરેલી રતિ કે કામક્રિડાનું સ્મરણ કરવું

*ન જોઈએ. કેવલી કહે છે - નિર્ગ્રન્થને સ્ત્રીઓ સાથે પૂર્વ કરેલ રતિ કે ક્રીડાના સ્મરણથી તેની શાંતિનો ભંગ યાવત્ ધર્મથી ભ્રંશ થાય છે માટે સાધુ સ્ત્રીઓ સાથેની પૂર્વરત કે પૂર્વક્રીડાનું સ્મરણ ન કરે.*

*૪-સાધુ અતિમાત્રામાં પાન-ભોજન ભોજી ન બને, પ્રણિતરસ ભોજન ભોજી ન બને. કેવલી કહે છે કે અતિ માત્રામાં પાન-ભોજન કરનાર અને પ્રણિતરસ ભોજન કરનાર સાધુની શાંતિનો ભંગ યાવત્ ધર્મથી ભ્રંશ થાય છે. માટે જે અતિમાત્રામાં ભોજન કે પ્રણિતરસ ભોજન નથી કરતો તે જ નિર્ગ્રન્થ છે.*

*૫-મુનિએ સ્ત્રી, પશુ, નપુંસકના સંસર્ગવાળા શય્યા, આસનનું સેવન ન કરવું જોઈએ. કેવલી કહે છે - સ્ત્રી, પશુ, નપુંસકવાળા શયન, આસનનું સેવન કરનાર મુનિ શાંતિનો ભંગ યાવત્ ધર્મ ભ્રંશ કરે છે. માટે નિર્ગ્રન્થ સ્ત્રી-પશુ-નપુંસકયુક્ત શય્યા અને આસન સેવે નહીં.*

*આ ભાવના વડે ચોથા મહાવ્રતને સમ્યક્પણે કાયાથી સ્પૃષ્ટ કરી યાવત્ આરાધિત થાય છે. આ મૈથુન વિરમણ રૂપ ચોથું મહાવ્રત છે.*

● વિવેચન :-

*— આચારાંગ ચૂર્ણિ, આવશ્યકાદિમાં પાંચ ભાવનામાં ક્રમમાં ફેરફાર છે.*

ચોથા વ્રતમાં પહેલી ભાવના-સ્ત્રીસંબંધી કથા ન કરવી, બીજી - તેની મનોહર ઇન્દ્રિયો ન અવલોકવી, ત્રીજી-પૂર્વની ક્રીડા સ્મરણ ન કરવી, ચોથી-અતિ માત્રામાં ભોજન-પાન ન લેવા, પાંચમી-સ્ત્રી, પશુ, પંડકરહિત વસતિમાં રહેવું.

● સૂત્ર-૫૪૦ :-

*હવે પાંચમાં મહાવ્રતમાં સર્વ પરિગ્રહનો ત્યાગ કરું છું. તે પરિગ્રહ થોડો કે બહુ, સ્થૂળ કે સૂક્ષ્મ, સચિત્ત કે અચિત્ત હોય તે સ્વયં ગ્રહણ કરું નહીં, બીજા પાસે ગ્રહણ કરાવું નહીં કે પરિગ્રહ ગ્રહણ કરતા બીજાનું અનુમોદન કરું નહીં યાવત્ તેને વોસિરાવું છું. તેની પાંચ ભાવનાઓ આ પ્રમાણે—*

*૧-કાનથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દો સાંભળે છે, પણ તે મનોજ્ઞ અમનોજ્ઞ શબ્દોમાં આસક્ત ન થાય, રાગ ન કરે, મોહિત ન થાય, ગૃદ્ધ ન થાય, તલ્લીન ન થાય, વિવેકનો ત્યાગ ન કરે. કેવલી કહે છે નિર્ગ્રન્થો મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દોમાં આસક્તિ યાવત્ વિવેક ભૂલવાથી પોતાના શાંતિને નષ્ટ કરે છે, ભંગ કરે છે અને કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે. કાનમાં પડતા-શબ્દો ન સાંભળવા શક્ય નથી, પણ તેના શ્રવણથી ઉત્પન્ન થતા રાગ-દ્વેષનો ભિક્ષુ ત્યાગ કરે. તેથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ શબ્દો સાંભળી તેમાં રાગ ન કરે.*

*૨-ચક્ષુ વડે જીવ મનોજ્ઞ અમનોજ્ઞ રૂપને જુએ છે. સાધુ આ મનોજ્ઞ, અમનોજ્ઞ રૂપમાં આસક્ત ન થાય યાવત્ વિવેકનો ત્યાગ ન કરે, જેથી તેને શાંતિભંગ યાવત્ ધર્મભ્રંશ ન થાય. ચક્ષુના વિષયમાં આવતા રૂપને ન જોવું તે શક્ય નથી, પણ ભિક્ષુ તે વિષયમાં રાગદ્વેષ ન કરે. બાકી પૂર્વવત્.*

*૩-જીવ નાસિકા દ્વારા મનોજ્ઞ, અમનોજ્ઞ ગંધ ગ્રહણ કરે છે. તે મનોજ્ઞ, અમનોજ્ઞ ગંધમાં આસક્ત ન થાય, યાવત્ વિવેક ત્યાગ ન કરે. કેવલી કહે છે કે મનોજ્ઞ-અમનોજ્ઞ ગંધમાં આસક્ત થનાર યાવત્ વિવેક ભૂલનાર સાધુ પોતાની શાંતિનો ભંગ કરે છે યાવત્ ધર્મભ્રષ્ટ થાય છે. નાકના વિષયમાં આવેલ ગંધ ગ્રહણ ન કરવી તે શક્ય નથી. પણ ભિક્ષુ તેમાં થતા રાગદ્વેષનો ત્યાગ કરે. બાકી પૂર્વવત્.*



*૪-જીભથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ રસને આસ્વાદે છે. આ મનોજ્ઞ, અમનોજ્ઞ રસમાં આસક્ત યાવત્ વિવેક ભ્રષ્ટ ન થાય. કેવલી કહે છે - સાધુ મનોજ્ઞ, અમનોજ્ઞ રસમાં આસક્ત યાવત્ વિવેકભ્રષ્ટ થતા શાંતિનો ભંગ યાવત્ ધર્મભ્રષ્ટ કરે છે. જીભના વિષયમાં આવતા રસનું આસ્વાદન ન કરે તે શક્ય નથી પણ તેમાં થતા રાગ-દ્વેષનો ભિક્ષુ ત્યાગ કરે. બાકી પૂર્વવત્.*

*૫-સ્પર્શથી જીવ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શને સેવે છે, આ મનોજ્ઞામનોજ્ઞ સ્પર્શમાં આસક્ત ન થાય યાવત્ વિવેક ત્યાગ ન કરે. કેવલી કહે છે - સાધુ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્પર્શમાં આસક્ત આદિ થતા શાંતિનો ભંગ, શાંતિમાં બાધા અને કેવલી પ્રરૂપિત ધર્મનો ભંજક થાય છે. સ્પર્શના વિષયમાં આવેલા સ્પર્શોનો અનુભવ ન થવો શક્ય નથી પણ તેમાં રાગદ્વેષ ન કરવો. બાકી પૂર્વવત્.*

*આ ભાવના વડે પાંચમાં મહાવ્રતમાં સમ્યક્ રીતે અવસ્થિત ભિક્ષુ આજ્ઞાનો આરાધક થાય છે. આ પાંચમું પરિગ્રહ વિરમણ મહાવ્રત છે.*

*આ પાંચ મહાવ્રતની પચીશ ભાવનાથી સંપન્ન અણગાર યથાશ્રુત, યથાકલ્પ, યથામાર્ગ તેનો કાયાથી સમ્યક્ પ્રકારે સ્પર્શ કરી, પાલન કરી, પાર પમાડી, કીર્તન કરી આજ્ઞાનો આરાધક થાય છે.*

● વિવેચન :-

*આચારાંગ ચૂર્ણિ આદિમાં પાઠ ભેદ, ક્રમભેદ આદિ જોવા મળે છે.*

શ્રોત્રાદિ પાંચને આશ્રીને શબ્દાદિ પાંચમાં મનોજ્ઞ, અમનોજ્ઞ વિષયમાં રાગ, ગૃદ્ધતા આદિ ન કરવા. બાકી સુગમ છે.

**શ્રુતસ્કંધ-૨, 'ભાવના' નામક અધ્યયન-૧૫-રૂપ ચૂલિકા-૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ થયો.**

## ❁ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૪ "વિમુક્તિ" ❁

૦ ત્રીજી ચૂલિકારૂપ 'ભાવના' નામક અધ્યયન કહ્યું, હવે ચોથી ચૂલિકારૂપ 'વિમુક્તિ' નામક સોળમું અધ્યયન કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે - આ પૂર્વે મહાવ્રત ભાવના કહી, અહીં પણ અનિત્ય ભાવના કહે છે. આ સંબંધથી આવેલ આ અધ્યયનના ચાર અનુયોગ દ્વારો છે. તેમાં ઉપક્રમ અંતર્ગત્ અર્થાધિકાર દર્શાવવા નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૪૫-] આ અધ્યયનમાં અનિત્યત્વ, પર્વત, રૂપ્ય, ભુજગત્વ અને સમુદ્ર એ પાંચ અધિકાર છે. તે યથાયોગ્ય સૂત્રમાં જ કહીશું. નામનિષ્પન્ન નિક્ષેપે 'વિમુક્તિ' નામ છે, તેના નામ આદિ નિક્ષેપ ઉત્તરાધ્યયન સૂત્રમાં વિમોક્ષ અધ્યયનમાં બતાવ્યા પ્રમાણે જાણવા. નિર્યુક્તિકાર કહે છે—

[નિ.૩૪૬-] જે મોક્ષ છે તે જ વિમુક્તિ છે, તેના મોક્ષવત્ નિક્ષેપ છે. અહીં ભાવવિમુક્તિનો અધિકાર છે, ભાવ-વિમુક્તિ દેશ અને સર્વ બે ભેદે છે. દેશથી સાધુથી માંડીને ભવસ્થ કેવલી પર્યન્ત અને સર્વ વિમુક્ત તો આઠ કર્મના ક્ષય થવાથી સિદ્ધો જ છે. સૂત્રાનુગમે હવે સૂત્ર કહે છે—

● સૂત્ર-૫૪૧ :-

*સંસારના પ્રાણીઓને અનિત્ય આવાસની જ પ્રાપ્તિ થાય છે, સર્વશ્રેષ્ઠ આ પ્રવચન સાંભળીને-વિચારીને જ્ઞાની ગૃહ-બંધનને વોસિરાવે તથા અભીરુ બની આરંભ પરિગ્રહનો ત્યાગ કરે.*

● વિવેચન :-

જેમાં રહેવાય તે આવાસ, એટલે મનુષ્યાદિ ભવ કે તેનું શરીર. તેને પ્રાણી મેળવે છે. ચારે ગતિમાં જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ત્યાં અનિત્ય ભાવને પામે છે. આ પ્રમાણે જિનેન્દ્રનું અનુત્તર વચન સાંભળીને વિચારે કે - આ પ્રવચનમાં અનિત્યત્વ આદિ બતાવેલ છે. તે જ દર્શાવે છે. આ સાંભળી-વિચારીને વિદ્વાન પુત્ર, પત્ની, ધન, ધાન્યાદિ રૂપ ગૃહપાશનો ત્યાગ કરે. કઈ રીતે ? સાત પ્રકારના ભયથી રહિત થઈ, પરિસહ ઉપસર્ગથી ન ડરતો સાવધ અનુષ્ઠાન અને બાહ્યાભ્યંતર પરિગ્રહ તજે.

● સૂત્ર-૫૪૨ :-

*તેવા પ્રકારનો ભિક્ષુ અનંતકાય પ્રતિ સંયત, અનુપમ જ્ઞાની તથા આહારાદિની એષણા કરનારને મિથ્યાદૃષ્ટિ અનાર્ય અસભ્ય વચનથી પીડા પહોંચાડે છે, જેમ રણભૂમિમાં અગ્રેસર હાથીને શત્રુસેના પીડે છે.*

● વિવેચન :-

અનિત્યત્વાદિ ભાવના ભાવેલો સાધુ, ગૃહબંધન છોડેલો, આરંભ પરિગ્રહ તજેલો અનંતકાય-એકેન્દ્રિયાદિની સમ્યગ્ યતના કરવાથી, અનન્ય સદૃશ જિનાગમના સારને પામેલો, શુદ્ધ આહારાદિ વડે વર્તતો એવો ભિક્ષુ, મિથ્યા દૃષ્ટિ પાપોપહત આત્માના અસભ્ય વચનોથી વ્યથા પામે-પીડા પામે અને માટીના ઢેફા વડે સંગ્રામગત



હાથી જેમ બાણ વડે હણાય તેમ હણાય...

● સૂત્ર-૫૪૩ :-

*તેવા પ્રકારના લોકો વડે કઠોર શબ્દો તથા શીતોષ્ણાદિ સ્પર્શોથી પીડિત જ્ઞાની ભિક્ષુ પ્રશાંત ચિત્તથી સહન કરે. જેમ વાયુના વેગથી પર્વત કંપતો નથી, તેમ સંયમી મુનિ પરીષહ ઉપસર્ગોથી ચલિત ન થાય.*

● વિવેચન :-

અનાર્ય પ્રાયઃ લોકો વડે કદર્થિત, એટલે તે પુરુષો કડવા કઠોર વચન વડે આક્રોશ કરે શીતોષ્ણાદિ દુઃખ ઉત્પન્ન કરે, તો પણ મુનિ તેને સમભાવે સહન કરે, કેમકે જ્ઞાની સમજે છે કે - આ મારા પૂર્વકૃત્ કર્મોનો વિપાક છે એમ માનતો અકલુષિત અંતઃકરણવાળો થઈને વાયુ વડે ન કંપતા ગિરિની માફક સ્થિર રહે. હવે રૂપ્યનું દૃષ્ટાંત—

● સૂત્ર-૫૪૪ :-

*અજ્ઞાનીજનો દ્વારા અપાતા કષ્ટોને સમભાવે સહેતા મુનિ ગીતાર્થ સાથે વસે અને ત્રસ-સ્થાવર બધાને દુઃખ અપ્રિય છે, તેમ જાણીને કોઈ જીવોને સંતાપ ન આપે. બધું સહે તે મુનિને સુશ્રમણ કહેલ છે.*

● વિવેચન :-

પરિસહ-ઉપસર્ગોને સહેતો કે ઇષ્ટ-અનિષ્ટ વિષયોની ઉપેક્ષા કરતો માધ્યસ્થભાવ ધારીને ગીતાર્થ સાધુ સાથે વસે. કઈ રીતે ? અશાતા વેદનીય કે દુઃખથી પીડાતા ત્રસ-સ્થાવર જીવોને ન પીડતો આશ્રવદ્વાર બંધ કરીને પૃથ્વીવત્ પરીષહ ઉપસર્ગોને સહેનાર, સમ્યગ્ રીતે ત્રણ જગત્‌ના સ્વભાવને જાણનાર છે માટે તે સુશ્રમણ કહેવાય છે.

● સૂત્ર-૫૪૫ :-

*અવસરજ્ઞ, અનુત્તર ધર્મપદ પ્રતિપણત, તૃષ્ણા ત્યાગી, ધર્મધ્યાની, સાવધાન, તપ તેજથી અગ્નિશિખા સમાન તેજસ્વી મુનિના તપ, બુદ્ધિ અને યશની વૃદ્ધિ થાય છે.*

● વિવેચન :-

કાળને જાણનાર, નમેલો, પ્રધાન એવા ક્ષાંત્યાદિ ધર્મપદોને જાણીને આવો મુનિ તૃષ્ણાને દૂર કરીને, ધર્મધ્યાનમાં ઉપયોગ રાખતા અગ્નિશિખા માફક તપ-તેજથી તપ, બુદ્ધિ અને યશથી વૃદ્ધિ પામે છે.

● સૂત્ર-૫૪૬ :-

*પ્રાણી માત્રના રક્ષક, અનંત જિનોએ સર્વદિશામાં સ્થિત જીવોની રક્ષાના સ્થાનરૂપ મહાવ્રતોની પ્રરૂપણા કરી છે, તે મહાવ્રતો ઘણાં કઠિન છતાં કર્મનાશક છે, જેમ પ્રકાશ અંધકારનો નાશ કરે છે તેમ આ મહાવ્રત ઉર્ધ્વ-અધો-તિર્છી દિશાને પ્રકાશિત કરે છે.*

● વિવેચન :-

સર્વે પણ એકેન્દ્રિયાદિ ભાવદિશાને વિશે રક્ષણ સ્થાનરૂપ વ્રતોને અનંતજ્ઞાનાત્મ

કે નિત્યપણે રાગદ્વેષને જિતનાર જિને પ્રરૂપેલા છે. આ વ્રતો કાયર પુરુષથી ન પળાય તેવા, અનાદિ કર્મોને દૂર કરવામાં સમર્થ છે. જેમ અગ્નિ ઉપર, નીચે, તીર્છી દિશા પ્રકાશિત કરે છે તેમ કર્મરૂપી અંધકાર દૂર કરવાથી ત્રણે દિશાને પ્રકાશિત કરે છે.

હવે ઉત્તરગુણોને કહે છે—

**● સૂત્ર-૫૪૭ :-**

***સાધુએ રાગાદિ નિબંધજનક ગૃહપાશથી બદ્ધ ગૃહસ્થાદિ સાથે સંસર્ગ ન રાખવો, સ્ત્રીઓમાં આસક્ત ન થવું, પૂજા પ્રતિષ્ઠાની કામના ન કરવી.***

**● વિવેચન :-**

કર્મો વડે કે રાગદ્વેષના કારણરૂપ ગૃહપાશથી બદ્ધ ગૃહસ્થ કે અન્ય તીર્થિક સાથે સંગ ન કરે તે ભિક્ષુ સંયમાનુષ્ઠાયી થાય, તથા સ્ત્રીનો સંગ ન કરતો પૂજનને તજે-સત્કાર અભિલાષી ન થાય. આ જન્મમાં અને સ્વર્ગાદિમાં એ રીતે મનોજ્ઞશબ્દાદિ વડે ન સ્વીકારાય તે કટુ વિપાક કામગુણદર્શી પંડિત છે.

**● સૂત્ર-૫૪૮ :-**

***તથા વિમુક્ત, જ્ઞાનપૂર્વક આચરણ કરનાર, દુઃખ સહન કરનાર ભિક્ષુના પૂર્વકૃત્ કર્મમલ અગ્નિ દ્વારા ચાંદીના મેલની જેમ શુદ્ધ થાય છે.***

**● વિવેચન :-**

તે પ્રકારે મૂળ-ઉત્તરગુણધારિત્વથી વિમુક્ત થયેલ તથા સદ્ અસદ્‌વિવેક રૂપ પરિજ્ઞા વડે ચાલનાર, જ્ઞાનપૂર્વક ક્રિયાકારી તથા સંયમમાં ધૃતિમાન્, અસાતા વેદનીયથી ઉદીર્ણ દુઃખને સમ્યક્ સહે, ખેદ ન કરે, તેને ઉપશમાવવા વૈદ્યનું ઔષધ ન શોધે, આવા ભિક્ષુના પૂર્વકૃત્ કર્મ દૂર થાય છે.

કઈ રીતે ? અગ્નિ વડે ચાંદીની માફક. - x -

**● સૂત્ર-૫૪૯ :-**

***જેમ સર્પ જીર્ણ ત્વચાને તજે તેમ મૂલ-ઉત્તરગુણ ધારી ભિક્ષુ પરિજ્ઞા-સિદ્ધાંતમાં વર્તે છે, આશંસા રહિત થઈ, મૈથુનથી વિરત થઈ વિચરે, તે દુઃખશય્યાથી મુક્ત થાય છે.***

**● વિવેચન :-**

તે મૂલ-ઉત્તરગુણધારી ભિક્ષુ પિણ્ડૈષણા અધ્યયનમાં બતાવેલા અર્થ પ્રમાણે પરિજ્ઞા-સિદ્ધાંતમાં વર્તે છે. તથા આ લોક-પરલોકની આકાંક્ષા રહિત તથા મૈથુનથી વિરમી, ઉપલક્ષણથી બીજા પણ મહાવ્રતધારી એવો ભિક્ષુ જેમ સાપ કાંચળી ઉતારીને નિર્મળ થાય, તેમ મુનિ પણ નરકાદિ દુઃખશય્યાથી મુક્ત થાય છે.

**● સૂત્ર-૫૫૦ :-**

***અપાર જળ પ્રવાહવાળા સમુદ્રને ભૂજા વડે પાર કરવો દુસ્તર છે તેમ સંસાર સમુદ્રને પાર કરવો દુસ્તર છે, તેથી સંસારના સ્વરૂપને જાણીને, ત્યાગ કરનાર પંડિત મુનિ કર્મોનો અંત કરનાર કહેવાય છે.***



**● વિવેચન :-**

તીર્થંકર કે ગણધર કહે છે, સંસાર સમુદ્ર માફક ભુજા વડે તરવો કઠિન છે. કેવો સમુદ્ર ? ઓઘરૂપ. તેમાં દ્રવ્ય ઓઘ તે જળ પ્રવેશ, ભાવ ઓઘ તે આસ્રવ દ્વારો તથા મિથ્યાત્વાદિ અપાર જળ. તે કારણે દુસ્તરત્વ કહ્યું. આવા સંસારસમુદ્રને જ્ઞપરિજ્ઞા વડે જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કર. સદસદ વિવેકજ્ઞ મુનિ આ રીતે કર્મનો અંત કરે છે.

**● સૂત્ર-૫૫૧ :-**

***જે પ્રકારે મનુષ્યે કર્મ બાંધેલ છે, જે પ્રકારે તેમાંથી મુક્તિ કહી છે. તે રીતે બંધ-મોક્ષને જે જાણે છે, તે જ મુનિ કર્મોનો અંત કરનાર કહેવાય.***

**● વિવેચન :-**

જે પ્રકારે મિથ્યાત્વ આદિથી પ્રકૃતિ, સ્થિતિ આદિથી કર્મ આત્મસાત્ થાય છે, તેને આ સંસારમાં મનુષ્યો સમ્યગ્ દર્શનાદિ વડે તોડે છે તે જ મોક્ષ કહ્યો છે. આ રીતે બંધ-મોક્ષનું સ્વરૂપ સમ્યક્ રીતે જાણીને તે પ્રમાણે વર્તનાર કર્મનો અંત કરનાર મુનિ કહેવાય છે.

**● સૂત્ર-૫૫૨ :-**

***આ લોક અને પરલોકમાં કે બંનેમાં જેને કોઈ બંધન નથી તથા જે નિરાલંબી અને ક્યાંય પ્રતિબદ્ધ નથી, તે સાધુ સંસારમાં ગર્ભાદિ પર્યટનથી મુક્ત થાય છે. તેમ હું કહું છું.***

**● વિવેચન :-**

આ લોક, પરલોક અને બંને લોકમાં જેને જરા પણ બંધન નથી તે આ લોક, પરલોકની આકાંક્ષા રહિત ક્યાંય પ્રતિબદ્ધ નથી અથવા શરીરી છે, તે સંસારમાં ગર્ભાદિ પર્યટનથી મુકાય છે. - x -

**ચૂલિકા-૪ - વિમુક્તિનો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ થયો.**

૦ અનુગમ કહ્યો. હવે નયો કહે છે - તે જ્ઞાન-ક્રિયા નયોમાં અવતરે છે. તેમાં જ્ઞાનનય કહે છે - જ્ઞાન જ આલોક, પરલોકના અર્થને આપે છે. - x - x - જ્ઞાનના વિષયમાં યત્ન કરવો એવો જે ઉપદેશ તે નય એ જ્ઞાનનય છે તેવો અર્થ જાણવો.

ક્રિયાનય કહે છે, પુરુષને ક્રિયા જ ફળદાયી કહી છે, જ્ઞાનને ફળદાયી માનેલ નથી, કેમકે સ્ત્રી, ભક્ષ્ય, ભોગનો જ્ઞાતા જ્ઞાનથી સુખી થતો નથી. તથા શાસ્ત્રોને ભણવા છતાં લોકો મૂર્ખ થાય છે, પણ જે ક્રિયાવાન્ પુરુષ છે તે વિદ્વાન્ છે. શું સંચિત કરેલા ઔષધના જ્ઞાનમાત્રથી રોગરહિત કરે છે તથા ગ્રાહ્ય-ગ્રાહકનો અર્થ જાણવા છતાં ક્રિયાના અભ્યાસને માટે પ્રયત્ન કરવો જોઈએ તે ક્રિયા નય.

હવે પ્રત્યેકને આશ્રીને આ પરમાર્થ કહે છે - જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ છે. આગમમાં પણ કહ્યું છે કે - સર્વે પણ નયોની બહુવિધ વક્તવ્યતાને છોડીને સર્વનય

વિશુદ્ધ એ છે જે ચરણગુણ સ્થિત સાધુ છે. ચરણ એટલે ક્રિયા, ગુણ તે જ્ઞાન. તેનાથી યુક્ત સાધુ મોક્ષ સાધના માટે યોગ્ય છે, તે તાત્પર્યાર્થ છે.

**આચારાંગ શ્રુતસ્કંધ-૨ 'આચારાગ્ર'નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

'આચાર' સૂત્રની ટીકા કરતા મને જે પુન્ય પ્રાપ્ત થાય તે મને મોક્ષના એક હેતુ માટે થાઓ. તેના વડે કર્મોની અશુભ રાશિ દૂર થાઓ અને લોકને ઉચ્ચ આચાર માર્ગ પ્રવણ થાઓ.

[નિ.૩૪૭-] પૂજ્ય 'આચાર' સૂત્રની ચોથી ચૂલાની આ નિર્યુક્તિ છે. પાંચમી 'નિશીથ' નામની ચૂલા તેના પછી હું કહીશ.

[નિ.૩૪૮] પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયનના અનુક્રમે સાત, છ, ચાર, ચાર, પાંચ, આઠ, આઠ, ચાર ઉદ્દેશા વડે જાણવા. *[નોંધેલા ઉદ્દેશા અને અહીં અપાયેલ ઉદ્દેશાની સંખ્યામાં ભેદ છે.]*

[નિ.૩૪૯-] અગિયાર, ત્રણ, ત્રણ, બે, બે, બે, બે, ઉદ્દેશથી અને બાકી એકસરા અધ્યયનો જાણવા.

—— x ----- x ---

૦ આ ઉપરાંત સાત મહાપરિજ્ઞા નિર્યુક્તિ વૃત્તિને અંતે આપી છે. તેની કોઈ વૃત્તિ કે વિવરણ નોંધાયેલ નથી. તેથી અમે પણ છોડી દીધેલ છે.

**(૧) ''આચાર'' નામક પહેલા અંગસૂત્રનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

• ભાગ-૨ પૂરો થયો •

- x - x - x - x - x - x -



# આચાર-સૂત્ર

## આગમ-૧, અંગસૂત્ર-૧

ભાગ-૧-માં
શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧ થી ૫
તથા
ભાગ-૨-માં
શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૬ થી ૯
તથા શ્રુતસ્કંધ-૨

## આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |